ॐ

श्री विष्णवे नमः ॥

श्रीकृष्णद्वैपायन महर्षि वेदव्यास प्रणीत

श्रीविष्णुपुराण.

सचित्र गुजराती भाषांतर

भाषांतर कर्त्ता अने छपावी प्रसिद्ध कर्ता

सुरत निवासी

ज्योतिर्विद् गौरीशंकर मंछाशंकर

रेक (रायेकवाल)

(जातकचंद्रिकानुं भाषांतर कर्त्ता.)

यत्रादौ भगवांश्चराचरगुरुर्मध्ये तथांते च स
ब्रह्मज्ञानमयोऽच्युतोऽखिलजगन्मध्यांतसर्ग प्रभुः ॥
तच्छ्रुण्वन्पुरुषः पवित्रपरमं भक्त्या पठंश्चापि यत्
प्राप्नोत्यस्ति न तत्समस्तभुवनेष्वेकांतसिद्धिर्हरिः ॥ १ ॥

विष्णुपुराण.

संवत १९६८ शके १८३३ इ० सन १९१२.

मूल्य रु० [redacted]. ७५

પુસ્તક મળવાનું ઠેકાણું—

ભાષાંતર કર્તા—જોશી ગૌરીશંકર મંછાશંકર,

ઠે—મહીધરપરા દાળગીયાના મોહોલ્લામાં

મુ. સુરત.

હાલ મુકામ—દાદીશેઠ અગીયારી લેન નં. ૧૧૪–૧૧૬

શેઠ પરશોતમ હરજી મુળજીના માળામાં

બીજે માળે મુંબઇ.

સર્વ જાણીતા બુકસેલરોને ત્યાંથી મળશે.

આ શ્રીવિષ્ણુપુરાણ મુંબઇ નં૦ ૯૩ ચીચપોકલી પરેલરોડપર લેડી નૉર્થકોટ હિંદુ ઓર્ફનેજ, કે. એન. સેલર પ્રેસમાં ભાણજી દેવચંદ મહેતાએ છાપ્યું છે. અને સુરતમાં મહીધરપરા દાળગીયાના મોહોલ્લામાં જોશી ગૌરીશંકર મંછાશંકરે પ્રગટ કર્યું છે.

(ઇ. સ. ૧૮૬૭ ના ૨૫ મા એકટ પ્રમાણે રજીસ્ટર કરવામાં આવ્યું છે.)

यदनुग्रहतो जंतुः सर्वदुःखातिगो भवेत् ॥
तमहं सर्वदा वंदे श्रीमद्वल्लभनंदनम् ॥ १ ॥

श्रीमन् महानुभाव श्रीमद्वल्लभकुळकमलदिवाकर
आचार्यरत्न गोस्वामी श्री १०८

श्रीगोकुळनाथजी महाराज.

આપશ્રીનો સ્વધર્મપ્રત્યે અસીમ પ્રેમ, આપશ્રીની વિદ્વતા અને
દૂરદર્શિતા, જેથી સંપૂર્ણ વૈષ્ણવવર્ગ ચકિત થઇ રહ્યો છે,
વિદ્વાનોપ્રત્યે આપશ્રીની ગુણજ્ઞતા, આપશ્રીની ઔદાર્યવૃત્તિ-
તથા દયા, ધર્મોન્નતિ માટે સદ્વિચાર તથા સતત્
પ્રયાસ, શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રણીત અચલ નિયમોનું
આપથી થતું સેવન અને વૈષ્ણવ સંપ્રદાયના ભક્ત
જનો પ્રત્યે આપની અપૂર્વ વાત્સલ્ય દૃષ્ટિ,
જેથી સ્મરણ થતાંજ હૃદયમાં અદ્ભુત
ભક્તિભાવ ઉદ્ભવે છે; વગેરે સર્વોત્કૃષ્ટ
સદ્ગુણોથી આકર્ષાઇને ભવદીય
કૃપાકાંક્ષી ભાષાંતરકર્ત્તા શ્રી
પરમાત્માના અંશભૂત મ-
હર્ષિ વેદવ્યાસ પ્રણીત
શ્રી વિષ્ણુ પુરાણનું
આ ગુજરાતી ભાષાંતર
ભક્તિભાવથી આ-
દરપૂર્વક આપ-
શ્રીને સમર્પેછે.

પ્રસ્તાવના.

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यंति यत् सूरयः॥
तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गोऽमृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥१॥

આ અખિલ જગત્ને વિષે દરેક પ્રાણિ ઐહિક તથા પારલૌકિક સુખને માટે એક સરખો પ્રયત્ન કરી રહ્યા છે, પણ ઐહિક સુખ તે સુખ નથી પરંતુ સુખનો ભાસછે ખરૂં સુખ તો પારલૌકિકજ છે અને તે મોક્ષ છે. પારલૌકિક સુખ કયા સાધનથી મળે છે? એ પ્રશ્નનું નિરાકરણ ષટ્ શાસ્ત્રો ભિન્નભિન્ન રીતે કરે છે; પરતું સર્વનો આશય 'ધર્માચરણથી વરતવું' એજ છે. શ્રુતિ પણ કહે છે કે **धर्मे सर्वं प्रतिष्ठितम्** ॥ માટે ધર્મથી ચાલવું એજ શ્રેયસ્કર છે અર્થ, કામ, તથા ભોગ વગેરે ધર્મને આધિન રહીને છે. કહ્યું છે કે—**परित्यजेदर्थकामौ यौ स्यातां धर्मवर्जितौ** ॥ ધર્મથી વર્જીત કરાયલા અર્થ અને કામનો ત્યાગ કરવો. આ ઉપરથી 'ધર્મનું જ્ઞાન કેમ થાય?' એ પ્રશ્ન સહજ ઉદ્ભવે છે. ધર્મના નિધિ તથા પ્રમાણ રૂપ વેદ ઉપનિષદ્, સ્મૃતિ અને પુરાણ છે. ષટ્શાસ્ત્રે મોક્ષના જે સાધનો નિર્દિષ્ટ કર્યા છે તેમાં પરમાત્માના પદને પ્રાપ્ત કરવામાં સાધારણ જનને પણ સુગમ અને તેથી કરીને સર્વોત્તમ સાધન ભક્તિશિવાય અન્ય નથી અને તે ભક્તિના સાધન રૂપ શ્રીવિષ્ણુપુરાણ છે શ્રીવિષ્ણુપુરાણ અઢાર પુરાણોમાં ત્રીજું પુરાણ છે પુરાણોની ઉત્પત્તિ વિષે શ્રીમદ્ભાગવતમાં નિચે મુજબ કહ્યું છે.

પરમાત્માના અંશાવતાર મહર્ષિવેદ વ્યાસ એક સમયે સરસ્વતિના તટ ઉપર બેસી વિચાર કરવા લાગ્યા કે ભવિષ્યમાં કલિયુગના મહાત્મ્યથી પ્રજાની શક્તિ ક્ષિણ થઇ જશે તથા લોકો ધૈર્ય વગરના, મંદભાગ્યવાળા, અલ્પાયુષિ થશે તથા સ્વધર્મ નિષ્ઠ અથવા ધર્મ ઉપર આત્યંતિક શ્રદ્ધાવાળા પુરૂષો ઘણા થોડા થશે. એ પ્રકારે જ્ઞાન ચક્ષુથી જોઇ સર્વનું કલ્યાણ શી રીતે થાય? લોકો ધર્મના તત્વ શીરીતે જાણે? તેઓ ધર્મના તત્વને જાણ્યા શિવાય ઈષ્ટ હેતુ શીરીતે સાધ્ય કરી શકશે? કારણ કે વેદમાં કહેલાં ધર્મતત્વો લૌકિક દ્રષ્ટિવડે લુખાં જણાવાથી મનુષ્યોને તેમાં કંટાળો આવશે, એમ વિચાર કરી કૃપણવત્સલ વેદ વ્યાસે મંદમતિવાળા પુરૂષો પણ યોગ્ય રીતે અધ્યયન કરી ઇષ્ટહેતુ પ્રાપ્ત કરી શકે તેવી રીતે વેદના વિભાગ કરી પૈલમુનિ આદિ પોતાના ચાર શિષ્યોને શીખવ્યા. તેઓએ તે વેદની અનેક સંહિતાઓ કરી તેનો વિસ્તાર કર્યો. હવે જેને વેદનો અધિકાર નથી એવા સ્ત્રી, શુદ્રાદિના કલ્યાણને માટે વાર્તાના રૂપમાં ધર્મતત્વના જ્ઞાનને ઉત્તમ પ્રકારે સમજી શકાય તથા સર્વને તે વાંચવામાં રસ પડે એ હેતુથી વ્યાસેમનોહર વાણિથી અઢાર પુરાણો તથા ભારત રચ્યાં છે.

પુરાણનું મહત્વ ઘણે પ્રકારે સિદ્ધ થાય છે પૂર્વથી એટલે વેદકાળથી પ્રમાણ ગ્રંથોમાં પુરાણની ગણના કરી છે એટલુંજ નહીં પણ **इतिहासपुराणं पंचमं वेदानां वेदम्.** એ પ્રમાણે સામવેદના છાંદોગ્યઉપનીષદમાં કહ્યું છે, તેમજ સ્મૃતિમાં પણ અનેક ઠેકાણે લખેલું છે

મનુસ્મૃતિના ત્રીજા અધ્યાયના ૨૩૨ મા શ્લોકમાં કહ્યું છે.–**स्वाध्यायं श्रावयेत्पित्र्ये धर्मशास्त्राणि चैव हि ॥ आरण्यानिनीतिहासांश्च पुराणान्यखिलानि च ॥** વિષ્ણુ સ્મૃતિમાં–**पुराणं मानवो धर्मः सांगो वेदश्चिकित्सितं ॥ आज्ञा सिद्धानि चत्वारि न हातव्यानि हेतुभिः ॥** અત્રિ સ્મૃતિમાં—**इतिहास पुराणाभ्यां वेदंसमुपबृंहयेत् ॥** એ પ્રકારે પુરાણના વિષયમાં ઘણે ઠેકાણે લખેલું છે ઉપર જે પ્રમાણે આપ્યાં તેના કરતાં વિશેષ પિષ્ટપેષણ કરવું નિરર્થક છે.

પુરાણનો ઉદ્દેશ મુખ્યત્વે કરીને ધર્મનો બોધ કરી તેનું રક્ષણ કરવાનો છે તેથી ધર્મ સંબંધિ વિવેચન પુરાણોમાં વિશેષ કરવામાં આવ્યું છે અન્યગ્રંથોમાં પણ ધર્મનું નિરીક્ષણ કરેલ છે પરંતુ મનુષ્યને ઇતિહાસ અને પુરાણ વાંચવાથી ધાર્મિક વિષયમાં જેટલો બોધ થાય છે તેટલો અન્યગ્રંથોથી સત્વર બોધ થવો અશક્ય છે. એટલામાટે અલ્પજ્ઞને માટે તો પુરાણનો બોધજ સર્વોત્તમ છે પુરાણમાં વેદાંત વિષયનું પણ અત્યુત્તમ જ્ઞાન આપેલું છે. પ્રાચિન મહર્ષિઓ વારંવાર એવોજ બોધ આપે છે કે પોતાના જીવિતનો એવો સદુપયોગ કરવો કે વ્યવહાર કુશળ તથા વિચારશીળ મનુષ્ય એમ નહીં માને કે આ જીવન કષ્ટદાયિ અને વ્યર્થ છે. આવા વિચારને દ્રઢ કરવા અને બુદ્ધિને સન્માર્ગે દોરવવા માટે દરેક ભારત વાસીજનોએ પુરાણ વાંચવા શ્રેયસ્કર છે. એમ સમજી સંસ્કૃત ભાષાનું જ્ઞાન ન હોવા છતાં ધર્મના તત્વને જાણવાની ઇચ્છાવાળાને માટે થોડામાં વિશેષ જ્ઞાનથાય એવા શ્રીવિષ્ણુપુરાણનું સરળ ગુજરાતી ભાષાંતર કરી જનસમૂહની સમક્ષ મુકી કૃતાર્થ થાઉં એવી ઇચ્છાથી મારી અલ્પમતિ પ્રમાણે શ્રીવિષ્ણુપુરાણનું ભાષાંતર કર્યું છે.

પુરાણમાં ઘણુંકરીને પાંચવિષયનું વર્ણન કરેલું હોય છે તે સંબંધી કૂર્મ પુરાણમાં કહ્યું છે–**सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वंतराणि च ॥ वंशानुचरितं चेति पुराणं पंचलक्षणम ॥** સર્ગ, (સૃષ્ટિની ઉત્પત્તિ) પ્રતિસર્ગ, (બ્રહ્માની સૃષ્ટિ જેવી મરિચિ આદિની સૃષ્ટિ,) મન્વંતરની કથા, રાજાઓના વંશ અને તેના ચરિત્રો, એ પુરાણના પાંચલક્ષણ છે. પુરાણ ના જે પાંચ લક્ષણ કહેવાય છે તે પાંચે લક્ષણનું યથાસ્થિત પ્રતિપાલન આ પુરાણમાં કર્યું છે ઐતિહાસિક દ્રષ્ટિથી જોતાં હમણાના લોકોને આ પુરાણ અત્યંત મહત્વનું છે. ક્ષત્રિ ઓનો મૂળવંશ કયાંથી ઉત્પન્ન થયો ? તેમાં કોણકોણ રાજાઓ થયા ? તેણે કેવાં કેવાં પરાક્રમો કર્યાં ? વગેરે બાબતોનું વર્ણન આ શ્રીવિષ્ણુપુરાણના ચોથા અંશમાં ઉત્તમ પ્રકારે કર્યું છે. કેટલાક ગ્રંથોમાં શ્રીવિષ્ણુપુરાણની શ્લોક સંખ્યા ૨૩૦૦૦ ની કહી છે; પરંતુ હમણા તેટલા મળતા થતા નથી; હાલમાં લગભગ સાતહજાર જેટલા ઉપલબ્ધ છે એટલામાંજ શ્રીવેદવ્યાસે એવો સારો સમાવેશ કર્યો છે કે એ વાંચવાથી ધર્મના તત્વો ઉત્તમ પ્રકારે સમજી શકાય.

શ્રીવિષ્ણુ પુરાણના છ ભાગ છે તેને અંશ કહે છે; તેમાં પ્રથમ અંશમાં વિશ્વની ઉત્પત્તિનું કથન, ભગવદ્ભકત ધ્રુવ તથા પ્રહ્લાદના ચરિત્ર અને પૃથુરાજાના ચરિત્રનું સર્વોત્કૃષ્ટ પ્રકારે વર્ણન કર્યું છે. બીજા અંશમાં ભૂગોળ અને ખગોળાનું વિસ્તાર પૂર્વક વિવેચન કર્યું છે. ત્રીજા અંશમાં વર્ણાશ્રમના ધર્મો ઉત્તમ પ્રકારે કહ્યા છે. ચોથા અંશમાં ભૂતકાળ, ભવિષ્યકાળ તથા વર્ત્તમાનકાળના સૂર્યવંશી અને ચંદ્રવંશી રાજાઓના વંશ તેમજ તેના ચરિત્રોનું કથન કર્યું છે. પાંચમા અંશમાં શ્રીકૃષ્ણના જન્મથી આરંભ કરી, પૂતના, કેશી, ધેનુક, કંસ, આદિનો નાશ કરી છેવટે યાદવાસ્થળી કરાવી ઉદ્ધવને સદુપદેશ આપી પોતે સ્વધામ પધાર્યા ત્યાં સુધીનું શ્રીકૃષ્ણના ચરિત્રોનું સર્વોત્તમ પ્રકારે વર્ણન કર્યું છે અને છઠ્ઠા અંશમાં ચાર પ્રકારના પ્રલયનું વર્ણન કર્યું છે એ-કંદર ૧૨૬ અધ્યાય છે. અને શ્લોક સંખ્યા ૭૦૦૦ કરતાં વિશેષ છે.

આ પ્રમાણે મહર્ષિ કૃષ્ણદ્વૈપાયને છ અંશમાં ધાર્મિક જનોને યોગ્ય ઉત્તમ પ્રકારના ધર્મનું વિવેચન એવી સરળ રીતે કર્યું છે કે તે સામાન્ય મનુષ્યો પણ સહજમાં સમજી શકે.

આ સ્થળે મારે રા. રા. મંછાશંકર જીવણરામ વકીલ બી. એ. એલ એલ. બી. જેઓશ્રીની પ્રેરણાથી તથા બીજી અનેક પ્રકારની કીંમતી સલાહ અને દ્રવ્ય વગેરેની મદદથીજ આ શ્રીવિષ્ણુ પુરાણના ગ્રંથનું યથામતિ ભાષાંતર તથા આગળ જ્યોતિષનું શ્રી જાતકચંદ્રિકા નામનું પુસ્તક પ્રસિદ્ધ કરવામાં જે મને મદદ આપેલ છે તે માટે તેમનો ઉપકાર માની કૃતાર્થ થાઉછું.

દરેક મનુષ્ય ભૂલને પાત્ર છે માટે " **गच्छतः स्खलनंक्वापि भवत्येव प्रमादतः ॥ हसंति दुर्जना स्तत्र समादधति साधवः** ચાલનાર મનુષ્યનું પ્રમાદથી અવશ્ય પડવું થાય છે, તેમાં દુર્જન પુરૂષો હાસ્ય કરે છે અને સાધુ પુરૂષો તેનું સાંત્વન કરે છે " એ ન્યાયનું અનુકરણ કરી મારા ભાષાંતરમાં કોઇ જગ્યા ઉપર ભ્રમ પ્રમાદથી સ્ખલન થયેલું લાગે તે વાંચનારે સુધારી લેવું એવી મારી નમ્રવિનંતિ છે. આ મારા કરેલા પ્રયત્નમાં હું કેટલો સફળ થયોછું તેનો નિર્ણય કરવાનું કામ વાંચક વર્ગનેજ સોંપુછું

આ ગ્રંથ કોઇ સ્વદેશોત્કર્ષાભિલાષિ વિદ્યાવ્યાસક્ત વ્યક્તિને સમર્પણ કરવાની ઇચ્છા હતી તેપણ પરમાત્માની કૃપાથી સફળ થઇ છે મુંબઇના વિદ્યાવિલાસિ ધર્મ ધુરંધર ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રી ગોકુળનાથજી મહારાજને વિનંતિ કરતાં ઉત્સાહ પૂર્વક સમર્પણનો સ્વીકાર કરવા સંમતિ આપી માટે શુદ્ધ અંતકરણ પૂર્વક એઓશ્રીનો હું આભાર માનુંછું.

આ શ્રીવિષ્ણુ પુરાણનું ગુજરાતી ભાષાંતર વાંચી ધર્માચરણ પાળી પવિત્ર થવાનો લાભ સર્વ લોકોને મળે અને ભક્તિરસથી શ્રીકૃષ્ણ પરમાત્માને વિષે અચળ પ્રેમ સ્થાપન કરવાને વાંચક વૃંદ સામર્થ્યવાન થાય એવી મારી તે પરમ કૃપાળુ પ્રત્યે પ્રાર્થના છે.

સંવત ૧૯૬૮ શકે ૧૮૩૩
માઘ શુકલ વસંત પંચમી.
તા. ૨૪–૧–૧૨.

લી. જોશી ગૌરીશંકર મંછાશંકર
સુરતવાલા.

મુંબઇના મોટા મંદિરના અધીશ્વર મહાનુભાવ શ્રીમદ્વલ્લભકુળ કમલદિવાકર આચાર્યરત્ન શ્રીગોસ્વામી શ્રી ૧૦૮ શ્રીગોકુળનાથજી મહારાજનું સંક્ષિપ્ત જીવનચરિત્ર.

यद्यदा चरति श्रेष्ठस्तत्त्त देवे तरोजनः ॥ सयत्प्रमाणकुरुते लोकस्तदनु वर्त्तते ॥

શ્રેષ્ઠ પુરૂષો જેજે આચરણ કરે છે તેતે આચરણ બીજા સાધારણજન પણ કરે છે (મોટા પુરૂષ) જે કરે છે તે પ્રમાણ ગણાય છે તેને અનુસરી લોકો વર્ત્તે છે. ૨૧

શ્રીમદ્ભગવદ્ગીતા.

ધર્મપ્રધાન ભારતભૂમિ ધર્મની વિવિધતાથી હાલ છિન્નભિન્ન થઇ ગઇ છે. વિવિધ ધર્મોની અંદર પણ ભિન્નભિન્ન સંપ્રદાયો, પંથો નીકળી પડયા છે તે સઘળાનો હેતુ અંતે મોક્ષપદની પ્રાપ્તિ કરવાનોજ છે પણ પ્રત્યેક ધર્મ તથા સંપ્રદાયે સૂચવેલા માર્ગોમાં ઘણીજ ભિન્નતા દ્રષ્ટિએ પડે છે. વખતો વખત કેટલાક ધર્માભિમાની મનુષ્યો ધર્મના લક્ષ્ય બિંદુ ઉપરથી દ્રષ્ટિ ખસી જવાથી પોતપોતાના મતની શ્રેષ્ઠતા પ્રતિપાદન કરવા તથા અન્યમતોની અવગણના કરવા તત્પર થાય છે આ સર્વ સંપ્રદાયો તથા મતોનું લક્ષ્ય એકજ એટલે મોક્ષ છે પરંતુ તેની પ્રાપ્તિ માટે જે જે સાધનો સૂચવવામા આવ્યાં છે તેમાં શ્રી વૈષ્ણવ સંપ્રદાયે સૂચવેલાં સાધન અલ્પ પ્રયાસથી લક્ષ્યને પ્રાપ્ત કરાવનાર તથા શારીરિક અથવા માનસિક વ્યથાની કિલષ્ટતાથી દૂર છે. સાધારણ જનસમાજને અર્થે તેજ સાધન મોક્ષ પ્રાપ્તિ માટે વધારે અનુકુળ છે.

શ્રી નારદ મુનિએ **'सात्वस्मिन्परम प्रेमरूपा'** એ સૂત્રથી પ્રભુને વિષે અત્યંત પ્રેમ એજ ભક્તિ છે તેમ સાધિત કર્યું છે. ભક્તિના આ યથાર્થ સ્વરૂપનું દિગ્દર્શન કરાવનાર પુષ્ટિરૂપ ભક્તિ માર્ગનો બોધ કરનાર શ્રીમદ્વલ્લભાચાર્યનું પ્રાકટય લૌકિક વ્યવહાર માત્રનું ભાન રાખનાર મનુષ્યોનુ કલ્યાણ અર્થે થયું. ધર્મનું શિક્ષણ આપવું તેની વૃદ્ધિ સારૂ ઉપાયો યોજવા તથા કાર્યો કરવા એ આચાર્યોનો ધર્મ છે. જો આધર્મ યથાસ્થિત પળાય તો સ્વમતાનુયાયિ મનુષ્યોના ધાર્મિક, નૈતિક અને આર્થિક જીવન ઉપર આચાર્યો સહજ શાસનથી થતી અસર કરતાં પણ ગૂઢ અને ચિરસ્થાયી અસર કરી શકે છે. શ્રીમદ્વલ્લભાચાર્યે આચાર્ય ધર્મનું સારી રીતે પ્રતિપાલન કર્યું હતું અને તેના પરિણામમાં આજે તેમના પ્રાકટયને લગભગ સાડાચાર શદ્દી થઈ છે છતાં તેના અનુયાયિઓ લાખોની સંખ્યાથી ગણાય છે અને તેના હાલ વિદ્યમાન સ્વરૂપોનો વૈભવ બીજા કોઈ પણ મતના આચાર્યને ઇર્ષ્યાનું કારણ થઇ પડે એમ છે.

શ્રીમદ્વલ્લભાચાર્ય પુષ્ટિ માર્ગનું સ્થાપન કરી અજ્ઞાન લોકોને ધર્મ માર્ગે દોરવી હમેશા ધર્માચાર્યો તથા વિદ્વાનો સાથે શાસ્ત્રચર્ચા કરીને શુદ્ધાદ્વૈત સિદ્ધાંત સ્થાપન કરતા હતા. તેમની વાકચાતુરી એવી તો યુકિતવાળી હતી કે ભલભલા વિદ્વાનો પણ તેમની આવી અગાધ શકિત જોઇ આશ્ચર્ય પામતા એટલુંજ નહી પણ તેમના મતાનુયાયિ થતા હતા. ત્યારપછી પોતે દેશેદેશ ફરી દિગ્વિજય કરી વૈષ્ણવ માર્ગનું પ્રતિપાદન કર્યું છે તથા પૃથ્વી પ્રદક્ષિણા કરતી વખતે કેટલાક મોટા મોટા રાજારાણાઓ અને શ્રીમંતોને પોતાના શિષ્ય બનાવી શુદ્ધાદ્વૈત સંપ્રદાયની ઘણી સારી વૃદ્ધિ કરી છે.

એવી રીતે કેટલોક સમય ગયા પછી પોતાને સન્યાસ ગ્રહણ કરવાની ઇચ્છા થઇ. આ સંસારના સર્વ મિથ્યામોહનો ત્યાગ કરી એકાંતમાં શ્રી હરિનું ભજન કરી ઉપરામ પામવું યોગ્ય છે, આમ વિચારી, પોતે સન્યાસ ગ્રહણ કરી શ્રીકાશિમાં નીવાસ કર્યો. ત્યાંના ભગવા વસ્ત્ર ધારી પરંતુ કામક્રોધાદિને વશ થયેલા માત્ર નામ ધારી સન્યાસીઓને સન્યાસનું ખરૂં સ્વરૂપ કેવું છે તે દેખાડી આપ્યું. સન્યાસ લીધા પછી કેટલાક દિવસ સુધી મૈાન અને નિરાહાર રહ્યા હતા. પોતાના પિતા શ્રીમદ્વલ્લભાચાર્યજી સન્યાસ ગ્રહણ કરી ગંગા કીનારે બેઠા છે એવા સમાચાર જ્યારે તેમના પુત્રો શ્રીગોપીનાથજી તથા શ્રીવીઠ્ઠલનાથજીએ જાણ્યા તે વખતે તે બન્ને પોતાના પિતા પાસે આવી હાથ જોડી નમ્ર વિનંતિ કરવા લાગ્યા કે " મહારાજ! આપ સ્વધામ પધારો છો તો હવે અમારે કેવી રીતે વર્ત્તવું? આપ આજ્ઞા કરો તેવી રીતે વર્ત્તીએ " આ પ્રમાણે સાંભળી ભક્તવત્સલ શ્રીમદ્વલ્લભાચાર્યજીએ મુનિવૃત ધર્યું હતુ છતાં પોતાના પુત્રોને નીચે પ્રમાણેના સાડા ત્રણ શ્લોકથી ઉપદેશ કર્યો :—

बहिर्मुखा यदा यूयं भविष्यथ कथंचन ॥
तदा कालप्रवाहस्था देह चित्तादयोप्युत ॥१॥
सर्वथा भक्षयिष्यंति युष्मानितिमतिर्मम ॥
न लौकिकः प्रभुः कृष्णो मनुते नैव लौकिकम् ॥ २ ॥
भावस्तत्राप्यस्मदीयः सर्वस्वं चैहिकश्चसः ॥
परलोकश्च तेनायं सर्वभावेन सर्वथा ॥ ३ ॥
सेव्यः स एव गोपीशो विधास्यत्यखिलं हितम् ॥

ભાવાર્થ—હે પુત્રો ! જ્યારે તમે કોઇ પણ રીતે બહિર્મુખ (ઇશ્વરમાંથી મન ઉઠાડી સંસારિક વિષયોમાં આસક્ત થયેલા) થશો, ત્યારે કાળના પ્રવાહમાં તણાતાં તમારાં શરીર અને ચિત્ત આદિ પણ સર્વથા તમારૂં ભક્ષણ કરશે અર્થાત્ તમને વશ કરશે એમ હું માનુ છું. શ્રીકૃષ્ણ પ્રભુ લૌકિક રાજા જેવા નથી, માટે તે લૌકિકભાવને અર્થાત્ ઉપરના ભાવને માનતા નથી ; તેથી તેમના ઉપરતો આ લોક તથા પરલોક સંબંધી સર્વસ્વરૂપભાવ રાખવો ; અને એ ભાવ વડે ગોપીના પતિ શ્રીકૃષ્ણનીજ ભક્તિ કરવી અને એજ આપણું કલ્યાણ કરશે.

કહેવાય છે કે શ્રીવલ્લભાચાર્ય આટલો ઉપદેશ કરી રહ્યા કે તરત તેમની ભક્તિથી પ્રસન્ન થઇ શ્રીકૃષ્ણ પરમાત્માએ પ્રગટ થઇને કહ્યું કે :—

मयि चेदस्ति विश्वासः श्रीगोपीजनवल्लभे ॥
तदा कृतार्था यूयं हि शोचनीयं न कर्हिचित् ॥ १ ॥
मुक्तिर्हित्वान्यथारूपं स्वरूपेण व्यवस्थितिः ॥

ભાવાર્થ—શ્રી ગોપીજનને પ્રિય એવો જે હું તે મારી ઉપર જો તમને શ્રદ્ધા હોય તો તમે ખરેખર કૃતાર્થછો અને તમારે કોઇ પણ પ્રકારનો શોક કરવો નહીં. અન્યથા સ્વરૂપનો એટલે દેહાભિમાનનો ત્યાગ અને સ્વસ્વરૂપથી રહેવું તેનું નામજ મુક્તિ છે.

ઉપર પ્રમાણે પુત્રોને ઉપદેશ આપ્યા પછી ચાળીશમે દિવસે મધ્યાહ્ન સમયે સર્વ લોકોની સમક્ષ, ગંગાના પ્રવાહમાં પોતાનો દેહ ત્યાગ કરી એ મહાત્મા પરલોકમાં પધાર્યા. એમણે આચાર્ય પદ ખરેખર શોભાવ્યું છે.

શ્રી વિઠ્ઠલનાથજીનું ઉપનામ શ્રી ગુંસાઇજી હતું તેમના વંશને હાલ પણ શ્રી ગુંસાઇજીના બાળક કહેવાય છે તેમાંથી સ્વકીય વંશને અધિક તર શોભાવનાર એક સ્વરૂપ હમણા

શ્રીમુંબઈના વૈષ્ણવોની સંપ્રદાયના મોટા મંદિરની ગાદી ઉપર વિરાજમાન છે આ ટુંક જન્મ ચરિત્રના વિષય શ્રીગોકુળનાથજી મહારાજ છે.

રાજપુતાના પ્રાંતમાં જોધપુર રાજ્યની પાસે ચાપાસેની નામનું એક સ્થાન છે. ત્યાં શ્રીમદ્વલ્લભસંપ્રદાયની પીઠ અને એક મંદિર છે. જોધપુર રાજ્યના રાજાઓ એ પીઠના આચાર્યોને ગુરૂ તરીકે માની તેના શિષ્ય વંશપરંપરાથી થતા આવે છે. એ ચાપાસેની સ્થાનમાં ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રીદ્વામોદરલાલજી મહારાજ નિવાસ કરતા હતા. એમના પૂર્વજો મહા વિદ્વાન હોવાથી તે મહારાજશ્રીની પણ વિદ્યાધ્યયનમાં અતીશય રૂચી હતી. રાત દિવસ તેઓ વિદ્વાનોની સાથે ધર્મની ચર્ચાજ કરતા હતા. શ્રીદ્વામોદરલાલજી મહારાજની એવી ઇચ્છા હતી કે મારે ત્યાં જો પુત્ર સંતાન થાય તો હું તેને ઘણી સારી રીતે સુશિક્ષિત કરી કર્ત્તવ્યપરાયણ પૂર્ણ આચાર્ય બનાવું. તેમની આ પ્રકારની સદ્બુદ્ધિના યોગે ભગવાનની કૃપાથી તેઓની ઇચ્છા પૂર્ણ થઇ સંવત ૧૯૪૩ ના ભાદરવા સુદ ૧૨ (વામનદ્વાદશી) ને દિવસે શુભ મુહૂર્ત્તમાં શ્રીમદ્વલ્લભકુળ ભૂષણ મહારાજ શ્રી ગોકુળનાથજીનું પ્રાકટય થયું.

જન્મ થતાં વિદ્વાન્ જ્યોતિઃશાસ્ત્રિઓએ લગ્ન કાઢી જન્મ કુંડલી મુકી જ્યોતિષના મહાન્ ગ્રંથોમાંથી ફળાદેશનું અવલોકન કરી કહ્યું કે આ બાળક મહારાજ અત્યંત તેજસ્વી, ઇંદ્રિયજીત પ્રભાવશાળી, કાંતિમાન્, મનોહર અને સકલ ગુણ સંપન્ન ઘણાજ વિદ્વાન થશે.

શ્રીગોકુળનાથજીમહારાજ કંઈક મોટા થયા પછી ચાપાસેનીથી કોઇ કારણસર મુંબઇ પધાર્યા; એ વખતે અહિંના મોટા મંદિરના અધીશ્વર ગોસ્વામી ૧૦૮ શ્રીજીવનલાલજી મહારાજ ગોલોક વાસી થયા હતા. એમના વહુજી મહારાજ વિદ્યમાન્ હતાં. મંદીરનું કાર્ય સંરક્ષકો દ્વારા ચાલતું હતું, સંરક્ષોની એક સંસ્થા હતી તેમાં ભારતમાર્ત્તંડ શીઘ્રકવી શતાવધાની વેદાંત ભટ્ટાચાર્ય સ્વર્ગવાસિ પંડીત શ્રી ગટ્ટુલાલજી, રા. રા. સદ્ગત્ શેઠ ચતુર્ભુજ મોરારજી રા. રા. શેઠ ત્રીભુવનદાસ વરજીવનદાસ, રા. રા. શેઠ દ્વારકાદાસ ઉદ્ધવજી આદિ સભ્યો હતા. તે સમયે શ્રી ગોકુળનાથજીની ઉમ્મર ૭ વર્ષની હતી. એઓશ્રી અત્રે પધાર્યા છે એમ ઉક્ત સંરક્ષકોએ જાણી શ્રીગોકુનાથજીને એ ગાદીના આચાર્યપદ ઉપર સ્થાપન કરવાની ઇચ્છા કરી આગળ એ સંરક્ષકોએ શ્રીગોકુળનાથજીના પિતા ગોસ્વામી શ્રીદ્વામોદરલાલજીની સાથે પત્ર વ્યવહાર કર્યો અને એમને અનેક પ્રકારના પત્રથી પ્રસન્ન કરી આ બાલક મહારાજ શ્રીને અહિંના મોટા મંદિરની ગાદીના અધિષ્ઠાતા બનાવ્યા.

વૈષ્ણવોના અનુરોધથી ૭ વર્ષના બાળક મહારાજ મદ્રાસ પધાર્યા, ઉપર આપણે કહી ગયા છીયે કે એ મહારાજના પિતા શ્રીમદ્ગોસ્વામી શ્રીદ્વામોદરલાલજી પહેલેથીજ વિચારમાં હતા કે એમને મારા અથવા પૂર્વજોના સરખા વિદ્વાન્ બનાવવા. તેથી શ્રીગોકુળનાથજી મદ્રાસ પહોંચ્યા કે તરત પોતાના સંબંધી શ્રીયુત્ ત્રિવિક્રમલાલજીને પત્ર લખી સ્વઇચ્છા પ્રકટ કરી. શ્રીત્રિવિક્રમલાલજી ગોકુળમાં રહેતા હતા. એઓ ઉત્તમ વિદ્વાન કવિ અને ચતુર રાજનીતિજ્ઞ હતા. શ્રીદ્વામોદરલાલજીનો પત્ર વાંચી તેઓએ શ્રી ગોકુળનાથજી મહારાજને શિક્ષણ આપવાને માટે એક વિદ્વાન પંડિતને મોકલવાનો વિચાર કર્યો. તે વખતે ગોકુળની પાઠશાળામાં મહાન્ સમર્થ, વેદશાસ્ત્ર સંપન્ન, નંદકુમાર પાઠક અધ્યાપક હતા. એ પંડિત જીએ કાશીના પ્રસિદ્ધ પંડિત સખારામજી ભટ્ટ, મહામોહોપાધ્યાય શ્રી ચિત્રધર મિશ્ર આદિ મોટા મોટા વિદ્વાનોનિ પાસે અભ્યાસ કરી વ્યાકરણ, દર્શન શાસ્ત્રાદિનું ઉત્તમ જ્ઞાન સંપાદન કર્યું હતું. એમને સુયોગ્યજોઇ ગોસ્વામી શ્રીદ્વામોદરલાલજી મહારાજના સંબંધી શ્રી ત્રિવિક્રમલાલજીએ શ્રીગોકુળનાથજી મહારાજને અધ્યયન કરાવવા માટે એ પંડિતજીને ઉપયુક્ત સમજી ગોકુળથી મદ્રાસ મોકલ્યા. ગોસ્વામી શ્રી દ્વામોદરલાલજી પંડીત નંદકુમારજીની શિક્ષણપદ્ધતિ

જોઈ પ્રસન્ન થયા અને માસિક પગાર રૂા. ૫૦) આપવા કરી રાખ્યા. એ માસિક પગાર કરતાં વિશેષ અનેક પ્રકારે પંડિતજીને પ્રસન્ન કરતા હતા. પંડિતજીને જેવા યોગ્ય સમજ્યા હતા એવીજ યોગ્યતાથી શ્રીગોકુળનાથજી મહારાજને શિક્ષણ આપવાનો આરંભ કર્યો. થોડા વખતમાંજ મહારાજને લઘુકૌમુદી ભણાવી સીધ્ધાંત કૌમુદીનો આરંભ કરાવ્યો. વિદ્યારંભથીજ આ પ્રકારની મહારાજશ્રીની ચમત્કારી બુધ્ધિ જોઈ સર્વ લોક ઘણા ચકીત થયા અને સર્વનો એવો વિચાર થયો કે આ બુધ્ધિશાળી મહારાજશ્રીને શીઘ્રતાથી યજ્ઞોપવીત સંસ્કાર કરાવ્યો હોયતો સારૂં કહેવાય એમ સમજી ગર્ભાષ્ટમ વર્ષમાં શ્રી ગોકુળનાથજી મહારાજને શુધ્ધ વૈદિક પધ્ધતિને અનુસાર મદ્રાસમાં યજ્ઞોપવીત ધારણ કરાવ્યું.

યજ્ઞોપવીત સંસ્કાર થયા પછી મહારાજ શ્રી દિનપર દીન અધિક તેજસ્વી થવા લાગ્યા અને ઉત્તમ ગુણોથી મહારાજ શ્રી વિભૂષિત થતા ચાલ્યા. એમના પિતા શ્રીદામોદરલાલજી એમને સંસારી બાધાઓથી રક્ષણ કરવાની ચિંતા કરવા લાગ્યા; પરંતુ પંડીતજી નંદકુમારજીની શિક્ષા શૈલીથી મહારાજશ્રી ઘણો સંતોષ પામ્યા અને શ્રીગોકુળનાથજી મહારાજના આચરણ આદિના નિરીક્ષણનો ભાર પણ પંડીતજીને માથેજ નાંખ્યો. એ પ્રમાણે શુધ્ધ આચરણથી રહીને સારું શીક્ષણ પ્રાપ્ત કરતાં કરતાં મહારાજશ્રીની ૧૫ વર્ષની ઉમ્મર થઇ. આટલા સમયમાં મહારાજ શ્રી સિધ્ધાત કૌમુદી, સમાપ્ત કરી હતી. ૧૫ વર્ષની ઉમ્મરે શ્રીમત્ મહારાજશ્રીના વિવાહ મુંબઈમાં મોટી ધામ ધુમથી થયા. મહારાજશ્રીને અને તેમની સહ ધર્મિણી એ બન્નેને પરસ્પર અતુલનીય પ્રીતિ હતી. એ પ્રમાણે સુખ યુક્ત દિવસ નિગમન કરતાં ૧૭ વર્ષની વયે શુભ નામ સંવત ૧૯૬૧ ના શ્રાવણ કૃષ્ણ નોમને દિવસે મહારાજશ્રીને ત્યાં સદ્‌ગુણી મહાભાગ્ય પુત્ર રત્નનો જન્મ થયો એ બાળક મહારાજશ્રીનું ગીરધરલાલજી નામ ધારણ કર્યું. તે સમયે એક અદ્‌ભૂત અચિંતનીય આનંદનો દિવસ હતો એટલે તે દિવસે આનંદકંદ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી સંબંધી દધિકંદન મહોત્સવ થઇ રહ્યા હતો છતાં ફરીથી તેજ દિવસે શ્રીગિરધરલાલજીનો જન્મોત્સવ નિમિત્ત ગોસ્વામી શ્રીદામોદરલાલજી મહારાજે દધિકંદન ઉત્સવ કરાવ્યો. શેખર, ભાષ્યાદિવ્યાકરણનું અધ્યયન પરિપૂર્ણ કરી આગળ બે વર્ષમાં પાતાંજલ યોગસૂત્ર. સાંખ્ય કૌમુદી, ભક્તિ સૂત્ર તથા શાસ્ત્રદીપિકા વગેરેનું અધ્યયન કર્યું ત્યારપછી શ્રીયુત્ પંડિત આનંદમિશ્રજીને થોડો સમય પોતાની પાસે રાખી દિનકરી સહિત ન્યાય શાસ્ત્રનું અધ્યયન કર્યું.

આ પ્રકારે અધ્યયન કરી તથા શુધ્ધ આચરણનું સેવન કરી સર્વનાં માન તથા પ્રીતિ-સંપાદન કર્યા વિદ્વાનોની જે જે સભામાં પોતે જતા હતા ત્યાં ત્યાં તેમની વિદ્યા ચાતુરી, તથા શુધ્ધ ચરિતાવળીના પ્રભાવથી મોટા મોટા વિદ્વાન પંડિતો પણ મુગ્ધ થઇ જતા હતા. ઘણા દિવસ સુધી મદ્રાસ નિવાસ કર્યા પછી પોતે મુંબઇ પધાર્યા, અહીં આવી બાલ્યાવસ્થાના સહચર વર્ગોમાં મળી સાત સ્વરૂપની હવેલીમાં " સ્વધર્મ વિવર્ધિની " નામની એક સભા સ્થાપન કરી. મુંબઈના મોટા મંદિરના દિવાનખાનામાં ઉકત સભાનું અધિવેશન હજુ સુધી દરેક એકાદશીએ થાય છે. સંસ્કૃતમાં પારાંગત થયા છતાં પણ મહારાજશ્રીનો પોતાની હીંદી ભાષા ઉપર એવોને એવોજ પ્રેમ છે. અનેક સભામાં સમાજમાં પોતે મધુર અને પ્રભાવશાલી હિંદી ભાષામાં ભાષણ આપેછે. મુંબઇમાં મહારાજશ્રીનાં વકતૃત્વનું પ્રથમ દર્શન શેઠ ચતુરભુજ મોરારજીના મકાનમાં થયું બીજો પ્રસંગ ધી લેડી નોર્થકોટ હિંદુ ઑર્ફનેજમાં પ્રાપ્ત થયો હતો મહારાજ શ્રી વિદ્વાન્ છે એટલુંજ નહિં પણ તેની સાથે અનેક કળાઓમાં પણ ઘણા પ્રવીણ છે.

ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રી ગોકુલનાથજી મહારાજ જેવા વિદ્વાન્ અને શુદ્ધાચરણ સંપન્ન છે તેવા એમના હાથથી સમયાનુકૂળ લોકોપયોગી તથા ધાર્મિક કાર્યો પણ થઈ રહ્યાં છે એઓશ્રીએ સંસ્કૃત વિદ્યાલય, પુસ્તકાલય અને ઔષધાલય, એવી ત્રણ સંસ્થાઓનું સ્થાપન કર્યું છે, ઔષધાલયમાં લોકોને મફત ઔષધ અપાય છે. વિદ્યાલયના બે વિભાગ કરી એકમાં વૈષ્ણવ ધર્મનું શિક્ષણ અને બીજામાં બ્રહ્મચારી આદિ છાત્ર વર્ગને અન્ન, વસ્ત્ર તથા પુસ્તક આદિ દરેકચીજ અપાઈ નિયમસર કાર્ય થયા કરે છે.

મહારાજશ્રીના ઔદાર્યાદિ ગુણ પણ અસીમછે. મહારાજશ્રીની દયાનો અનુપમ પરિચય એક વખત ગોકુળમાં મળ્યો. એક સમય એવો પણ હતો કે શ્રીકૃષ્ણ ભગવાન સ્વયં ગોકુલની ગાયોને વનોપવનમાં ચરાવતા ચરાવતા ફરતા હતા. એજ ગાયો આજ ભુખી અને તરશી કસાઈયોના હાથમાં વેચાય છે. એવું કાળનું પરિવર્તન થઈ ગયું છે. ગોકુળમાં ગોકૂળની આવી દુર્દશા શ્રીમન્ ગોકુળનાથજી મહારાજ જોઈ ન શકયા ગોપાળ ગોપાળની વહાલી ગાયોને દુઃખિત જોઈ મહારાજશ્રીનું અંતઃકરણ અનુકંપાથી દ્રવિત થઇ ગયું અને નેત્રમાં અશ્રુ ભરાઈ આવ્યાં તે પ્રસંગે પોતે બોલ્યા. " ગોકુળમાં ગાયોનું કોઇ દિવસ પ્રાધાન્ય પણ હતું, જે ગોકુળની ગાયોના નામથી સ્વયં ભગવાન ગોપાલ નામથી પ્રસિદ્ધ થયાછે એ ગોકુળમાં હું ગોકુળનાથથી ગાયોનું કષ્ટ જોવાતું નથી, ગોરક્ષાને માટે અહીં શીઘ્રતાથી પ્રબંધ થવો જોઇએ " એ પ્રમાણે કહી મહારાજશ્રીએ ગોકુળના રહીશોને બોલાવી ત્યાં ગૌશાળાનો પ્રબંધ કરી ગૌશાળાના ખરડામાં પોતે રૂા. ૧૦૦૦૦) દશહજાર તેજ વખતે ભરી આપ્યા અને આગળ ઉપર અધિક દ્રવ્યની જરૂર પડવાથી ફરી મુંબઈથી મોકલ્યા હતા.

થોડા દિવસ પછી મહારાજશ્રી પોતાના સહધર્મિણી વહુજી મહારાજશ્રીની પ્રકૃતિ બગડવાથી મદ્રાસ પધાર્યા. મદ્રાસ ઇલાકાના નિવાસીઓમાં ગોભક્તિ પોતાને ન્યૂન માલૂમ પડી અને ગાયોની દુર્દશા જોઇ મહારાજશ્રીએ ત્યાં પણ ગૌશાળા બનાવવાનો પ્રબંધ કર્યો એમના એ પ્રબંધથી મદ્રાસના ગવર્નર સાહેબ તથા એક જજ મહાશય ઘણાજ પ્રસન્ન થયા. ભાગ્યવશાત્ મહારાજશ્રીનાં વહુજી ત્યાં ગોલોકવાસી થયાં મહારાજશ્રી આ વિયોગથી ચલાયમાન્ ન થતાં ત્યાં બે પુણ્ય કાર્યો સિદ્ધ કર્યાં એક અન્નક્ષેત્ર તથા બીજી ગૌશાળા, એનું સ્થાપન કરી પોતાના વહુજી મહારાજશ્રીનું નામ તે સંસ્થાઓ સાથે જોડી અનંતકાળ જીવિત કર્યું. આ અન્નક્ષેત્ર તથા ગૌશાળામાં મહારાજશ્રીએ રૂા. ૧૦૦૦૦) દશ હજારનો ખર્ચ કરેલ છે.

સંવત ૧૯૫૬ માં લેડી નોર્થકોટ હિંદુ ઑર્ફનેજનું સ્થાપન થયું આ પરોપકારી સંસ્થાના સ્થાપકોમાં અગ્રગણ્ય સ્તંભરૂપ રા૦ રા૦ શેઠ રતનશી મુળજી જે. પી. તથા શેઠ કેશવજી નથુ સેલર જે. પી. છે એમના વંડેજ એ સંસ્થાનું અસ્તિત્વ છે આ તથા અન્ય અનેક ધાર્મિક નૈતિક તથા પારલૌકિક હેતુઓને સિદ્ધ કરનારી સંસ્થાઓના તેઓ પ્રાણરૂપ છે તેમણે ઉપરિનિર્દિષ્ટ સંમેલનનું અધ્યક્ષપદ સ્વીકારવાને મહારાજશ્રીને વિનતિ કરી અને તે મહારાજશ્રીએ પોતાના નિત્ય પરિચિત ઔદાર્યથી સ્વીકારી તે સંમેલનમાં પોતાના વચનામૃતથી સર્વને સંતુષ્ટ કર્યા એટલુંજ નહી પણ નમાયાં નબાપાં બાળકો ઉપર અત્યંત વાત્સલ્યભાવ દર્શાવી તે પધરામણીમાં થયેલી ભેટની કુલ રકમ ઉપરાંત પોતે અન્ય રકમ ધી લેડી નૉર્થકોટના કાયમના દ્રવ્યસંગ્રહમાં આપી દીધી.

એતો મોટી મોટી સંસ્થાઓની વાત કરી પરંતુ નિરંતર ધર્મકાર્યમાં તત્પર રહી પવિત્રતથી વ્યવહાર ચલાવી ગોબ્રાહ્મણ પ્રતિપાલ એ વિશેષણને મહારાજશ્રીએ બરાબર સિદ્ધ કરી આપ્યું છે.

હમણા થોડા સમય ઉપર ગૌરક્ષાનિમિત્ત વિલાયત ડેપ્યુટેશન લઇ જનારાઓને શ્રીગોકુળનાથજી મહારાજે રૂા. ૫૫૧) આપ્યા હતા. સર્વથી અધિક પ્રશંસાની વાતતો એ છે કે સ્વાર્થના ભોગે પણ જો પરમાર્થ થતો હોય તો તે કરવાને માટે પોતે બીલકુલ આનાકાની કરતા નથી "**परोपकाराय सतां विभूतयः**" એ વાક્યનું મહારાજશ્રીએ યથાર્થ રીતે પાલન કર્યું છે.

વે૦ શા૦ સં૦ પંડીત નટ્ટકુમારજીના શિક્ષણથી શ્રીગોકુળનાથજી મહારાજ સુશિક્ષિત તથા શુદ્ધા ચરણ સંપન્ન થયા. માટે એ પંડિતજીને મહારાજશ્રીએ ભલી રીતથી સન્માનિત કર્યા છે. શિષ્યાવસ્થામાં પંડિતજીનું જે પ્રકારે સન્માન કરતા હતા તેમ અદ્યાપિ પર્યંત ચાલુજ રાખ્યું છે પંડિતજીની જીવિકાનો પ્રબંધ પૂર્વવત્ કાયમ રાખ્યો છે. ગુરૂ-શિષ્ય તથા ઉપકાર પ્રત્યુપકારના ધર્મો આપણા શાસ્ત્રમાં જે પૂર્વના આચાર્યો લખી ગયા છે તેનો આ ઉત્તમ દાખલો છે.

સંસ્કૃત વિદ્યાલય, પુસ્તકાલય તથા ઔષધાલયની પ્રતિષ્ઠા, ગોકુળ તથા મદ્રાસમાં ગૌશાલા, તે ઉપરાંત મદ્રાશમાં અન્ન ક્ષેત્રનું સ્થાપન તથા વિલાયત લઇ જતા ગૌરક્ષાન। ડેપ્યુટેશન ફંડને મદદ, ઓર્ફનેજને મદદ અને અન્ય સુકાર્યોમાં અવિદિત દ્રવ્યોત્સર્ગ. એ સર્વ મહારાજશ્રીના વિદ્યાવ્યસન, ઔદાર્ય, મહતા આદિ સદ્ગુણોનું આપણને ભાન કરાવી સકલ આચાર્ય કુલાગ્રણી ગુરૂગણ પ્રધાન આચાર્યશ્રી આપણે શિરે વિરાજમાન છે એવું અભિમાન ઉત્પન્ન કરાવી છેવટે સ્વધર્મ પ્રત્યે આપણી આસ્થા સુદ્રઢ કરાવે છે.

ગોસ્વામીશ્રી ૧૦૮ ગોકુળનાથજી મહારાજે અસીમ પરિશ્રમ લઈ વિદ્યાધ્યયન કરી શુદ્ધ આચરણોથી શ્રીમદ્વલ્લભ કુળની ખ્યાતિ દિગંતોમાં વિસ્તારી દીધી છે એટલુંજ નહીં પણ આદરણીય આચરણોથી પોતાના સંપ્રદાય પ્રદીપમાં સ્નેહ વૃદ્ધિ કરી તેને વધુ પ્રદીપ્ત કર્યો છે મહારાજશ્રીને એ પ્રમાણે દિન પરદિન અધિક નિર્મળ યશસ્વી બનાવી આ ભારત દેશનો ઉદ્ધાર કરે તેમજ એમના ચિરંજીવી બાળકો પણ એમને અનુસરી અધિક યશસ્વી થાય એજ મારીશ્રી જગદીશ્વર પ્રતિ પ્રાર્થના છે

પ્રીય વાંચકો ! તમને મારી નમ્ર વિનતી છે કે એક વખત ગોસ્વામીશ્રી ૧૦૮ શ્રી ગોકુલનાથજી મહારાજનાં દર્શન કરી પવીત્ર થાઓ અને તેમના સદ્બોધવડે તમારો ઉદ્ધાર કરો.

મોહમયી.
માઘ શુકલ વસંત પંચમી સં૦ ૧૯૬૮
વિક્રમાર્ક

ભાષાંતર કર્તા.

વિષયાનુક્રમણીકા.

અધ્યાય	વિષય	પ્રષ્ઠ

અંશ ૧ લો.

૧ મંગળાચરણ પુરાણ સંબંધી મૈત્રેયે પરાશરને પુછેલો પ્રશ્ન ... ૧
૨ વિષ્ણુસ્તુતિ તથા બ્રહ્મનિરૂપણ ... ૪
૩ સૃષ્ટિના વિષયમાં બ્રહ્મશક્તિનું વિવરણ તથા આયુઃકથન... ... ૯
૪ કલ્પના અંત પછી સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ તથા સનકાદિકોની સ્તુતિથી વરાહ અવતારનું વર્ણન ૧૨
૫ દેવ, ઋષિ, દૈત્ય, મનુષ્ય, પશુ, પક્ષી, સ્થાવર અને બ્રાહ્મણાદિ વર્ણની સૃષ્ટિનું વર્ણન ... ૧૬
૬ બ્રાહ્મણ આદિ વર્ણના કર્મ તથા વેદની નિંદા કરનારને દુષ્ટ ફળ. ૨૦
૭ બ્રહ્મદેવે કરેલી માનસ સૃષ્ટિ, રૂદ્રાદિસૃષ્ટિ, અને પ્રલયનું વર્ણન ... ૨૩
૮ ભૃગુની તથા લક્ષ્મિની ઉત્પત્તિ ... ૨૬
૯ ઇંદ્ર પ્રત્યે દુર્વાસાનો શ્રાપ, વિષ્ણુની આજ્ઞાથી દેવોએ કરેલું સમુદ્રમંથન તેમાંથી લક્ષ્મિની ઉત્પત્તિ અને ઇંદ્રે કરેલી લક્ષ્મિની સ્તુતિ ૨૮
૧૦ દક્ષની કન્યાઓની સૃષ્ટિનું વર્ણન. ૩૮
૧૧ ધ્રુવાખ્યાન ૩૯
૧૨ ધ્રુવને વર પ્રાપ્તિ ૪૪
૧૩ વેન રાજાનું ચરિત્ર, પૃથુરાજાની ઉત્પત્તિ અને પૃથ્વીનું દોહન ... ૫૧
૧૪ સમુદ્ર જળમાં પ્રચેતાઓએ કરેલી તપશ્ચર્યા ૫૮
૧૫ પ્રચેતાથી વાર્ક્ષિ કન્યામાં દક્ષની ઉત્પત્તિ કંડુમુનિનું ચરિત્ર અને દક્ષની મૈથુન ધર્મથી ઉત્પન્ન થયેલી સૃષ્ટિનું વર્ણન ૬૨
૧૬ મૈત્રેયે પ્રહ્લાદ ચરિત્ર સંબંધી પરાશરને પુછેલા પ્રશ્ન ૭૨

અધ્યાય	વિષય	પ્રષ્ઠ

૧૭ પ્રહ્લાદ ચરિત્ર ૭૪
૧૮ દૈત્યના પુરોહિતે પ્રહ્લાદનો નાશ કરવા ઉત્પન્ન કરેલી કૃત્યા અને તે કૃત્યાથી પુરોહિતનું મરણ, તેને પ્રહ્લાદે પાછો સજીવન કર્યો તે. ૮૦
૧૯ પ્રહ્લાદે કરેલી વિષ્ણુની સ્તુતિ ... ૮૪
૨૦ ભગવાને નૃસિંહરૂપે હિરણ્યકશિપુનો કરેલો નાશ ૯૦
૨૧ કશ્યપના વંશનું વર્ણન ... ૯૩
૨૨ પરમાત્માની ચાર પ્રકારની વિભૂત્તિઓનું વર્ણન ૯૫

અંશ ૨ જો.

૧ પ્રિયવ્રત રાજાની કથા ૧
૨ ભૂમંડળનું વર્ણન ૩
૩ ભારત વર્ષનું વર્ણન ૭
૪ પ્લક્ષાદિ દ્વિપનું વર્ણન ... ૯
૫ સાત પાતાળનું વર્ણન ... ૧૪
૬ નરકનું વર્ણન ૧૬
૭ સૂર્યાદિગ્રહ તથા સપ્તલોકના સ્થાનનું કથન ૨૦
૮ જ્યોતિશ્ચક્રની સંસ્થા, કાળમાન અને ગંગાની ઉત્પત્તિનું વર્ણન. ૨૩
૯ વૃષ્ટિનું કારણ તથા પરમાત્માની શિશુમાર આકૃતિનું વર્ણન ... ૩૧
૧૦ સૂર્યના રથના સાતગણનું વર્ણન ૩૩
૧૧ સૂર્યના રથમાં રહેનારી વેદત્રયિ પરમાત્માની શક્તિ તથા સપ્તગણોના કાર્ય... ... ... ૩૪
૧૨ ચંદ્રાદિ ગ્રહના રથઆદિનું વર્ણન, અને વિષ્ણુમહાત્મ્યનું કથન ... ૩૬
૧૩ જડભરતથી સૌવીર રાજાને થયેલું તત્વજ્ઞાન ૪૦
૧૪ સૌવીર રાજાએ જડભરતને આત્મજ્ઞાન સંબંધી પુછેલો પ્રશ્ન ... ૪૭

૧૫ ઋભુ તથા નિદ્દાધનો સંવાદ ... ૫૦
૧૬ ઋભુએ નિદ્દાધને કરેલો આત્મજ્ઞાનનો ઉપદેશ ૫૩

અંશ ૩ જો.

૧ મન્વંતરનું કથન ૧
૨ સાવર્ણિઆદિ મન્વંતરનું કથન તથા કલ્પનું પરિમાણ ... ૪
૩ અઠ્ઠાવિસ દ્વાપર યુગમાં અઠ્ઠાવિસવેદ વ્યાસ થયા તેના નામ ૭
૪ વેદવ્યાસનું મહાત્મ્ય અને વેદના વિભાગ ૯
૫ યજુર્વેદની શાખાના વિભાગ તથા યાજ્ઞવલ્ક્યે કરેલી સૂર્યની ઉપાસના ૧૧
૬ સામવેદ તથા અથર્વેદની શાખાના વિભાગ અઢાર પુરાણ તથા ચૌદ વિદ્યાના નામ ૧૩
૭ યમ ગીતા ૧૫
૮ વિષ્ણુ પૂજાની ફળશ્રુતિ તથા ચાતુર્વર્ણ્યના ધર્મ ... ...
૯ આશ્રમના ધર્મ ૨૨
૧૦ જાતકર્માદિ સંસ્કાર, કન્યાના લક્ષણ તથા વિવાહના આઠ ભેદ ... ૨૪
૧૧ ગ્રહસ્થના સદાચારનું વર્ણન ... ૨૬
૧૨ ગ્રહસ્થાશ્રમના કર્મનું વિવરણ ... ૩૪
૧૩ વૃદ્ધિશ્રાદ્ધ, પ્રેતકર્મ અને આશૌચનિર્ણય ૩૭
૧૪ શ્રાદ્ધનો પ્રકાર, તેનું ફળ, અને પિતૃગીતા ૩૯
૧૫ શ્રાદ્ધમાં ભોજન કરનાર બ્રાહ્મણના લક્ષણ અને યોગિની પ્રશંસા ... ૪૨
૧૬ શ્રાદ્ધમાં ઉપયોગી દ્રવ્યનું વર્ણન ૪૫
૧૭ નગ્ન લક્ષણ તથા માયામોહની ઉત્પત્તિ ૪૭
૧૮ અસુરોને માયામોહે કરેલો ઉપદેશ ચાર્વાક, બૌદ્ધ આદિ ધર્મની ઉત્પત્તિ અને શતધનુ રાજાનું આખ્યાન ૫૦
અગત્યની સૂચના... ... ... ૫૧

અંશ ૪ થો.

૧ વંશમાં બ્રહ્મ, દક્ષ, મનુની ઉત્પત્તિ, પુરૂરવાનો જન્મ અને રૈવતની પુત્રી રેવતીનું આખ્યાન ... ૧
૨ ઇક્ષ્વાકુની ઉત્પત્તિ, ઇક્ષુત્સ્થવંશ, ધુંધુમાર વંશ, માંધાતાની ઉત્પત્તિ સૌભરિનું આખ્યાન તેના વિવાહ અને તેનાં વૈરાગ્યનું વર્ણન ૬
૩ સર્પવિષ વિનાશક મંત્ર માંધાતાનો વંશ તથા સગરની ઉત્પત્તિ ... ૧૩
૪ સગરના સાઠ હજાર પુત્રોનો કપિલ મુનિએ કરેલો નાશ, ભગીરથ રાજા ગંગાને પૃથ્વી ઉપર લાવ્યા તે તથા રામઆદિના ચરિત્ર ... ૧૬
૫ નિમિયજ્ઞમાં વસિષ્ઠએ તથા નિમિએ પરસ્પર આપેલા શ્રાપ તથા તેની ફરીથી ઉત્પત્તિ, સીતાનો જન્મ તથા કુશધ્વજનો વંશ ... ૨૧
૬ ચંદ્રવંશ કથન, તારા હરણ, તથા ત્રણ પ્રકારના અગ્નિની ઉત્પત્તિ ૨૩
૭ પુરૂ વંશ, જન્હુની ઉત્પત્તિ તથા જમદગ્નિ અને વિશ્વામિત્રનો જન્મ ૨૭
૮ આયુનો વંશ, ધન્વંતરિની ઉત્પત્તિ અને તેના વંશનું વર્ણન ... ૨૯
૯ દૈત્ય સાથે રજી રાજાનું યુદ્ધ અને ક્ષત્રવૃદ્ધની વંશાવલી ... ૩૧
૧૦ નહુષ વંશ તથા યયાતિનું આખ્યાન ૩૨
૧૧ યદુવંશ તથા કાર્તવિર્યની ઉત્પત્તિ ૩૪
૧૨ ક્રોષ્ટુનો વંશ, જ્યામઘનું ચરિત્ર અને તેના વંશનું કથન ... ૩૬
૧૩ સત્વતનો વંશ, સ્યમંતકમણિનું તથા ગાંદિનિનું આખ્યાન ... ૩૮
૧૪ શિનિ, અંધક તથા શ્રુતશ્રવાના વંશનું વર્ણન ૪૬
૧૫ શિશુપાળની મુક્તિનું કારણ, શ્રી કૃષ્ણના જન્મની કથા અને યદુવંશની સંખ્યાનું પરિમાણ... ૪૮
૧૬ તુર્વસુનોવંશ ૫૧
૧૭ દ્રુહ્યુનો વંશ... ... ... ૫૧
૧૮ અનુનો વંશ તથા કર્ણની ઉત્પત્તિ. ૫૨
૧૯ જનમેજયનો વંશ અને ભરત આદિની ઉત્પત્તિ ૫૩
૨૦ જન્હુ અને પાંડુના વંશનું કથન. ૫૫
૨૧ પારક્ષતનો વંશ, તથા ભવિષ્યકાળના રાજાના વંશનું વર્ણન ૫૮
૨૨ ઇક્ષ્વાકુવંશના ભવિષ્યના રાજાઓ ૫૮

૨૩ બ્રહદ્રથવંશના ભવિષ્યના રાજાઓ ૫૯
૨૪ પ્રદ્યોતવંશના ભવિષ્ય રાજાઓ, નંદવંશ, સૈારવંશ, કાણ્વાયન આદિ ભવિષ્યમાં થનારા રાજાઓ, કળીપ્રાદુર્ભાવ તેના પ્રભાવથી રાજાઓના આચરણ અને પૃથ્વીગીતા. ૬૦


અંશ ૫ મો.

૧ વસુદેવ દેવકીના વિવાહ બ્રહ્માની પાસે પૃથ્વીનું જવું, વિષ્ણુની સ્તુતિ, અને કંસ વધનો વિષ્ણુએ કરેલો સ્વીકાર ૧
૨ યોગમાયાનો યશોદાના ગર્ભમાં અને વિષ્ણુનો દેવકીનાં ગર્ભમા પ્રવેશ તથા દેવતાઓએ કરેલી દેવકીની સ્તુતિ ૬
૩ શ્રીકૃષ્ણ જન્મ, વસુદેવ તેને ગોકુળમાં મુકી ત્યાંથી યોગમાયાને લઇ આવશે અને યોગમાયાનો વધ કરતા તેણે કંસને કરેલી વાત ૭
૪ વસુદેવ દેવકીનો બંધન છુટકો ... ૯
૫ પૂતના વધ ૧૧
૬ શ્રીકૃષ્ણ બળરામના નામકરણ સંસ્કાર બાળલીલા શકટભંજન. ૧૨
૭ કાલીયદમન ૧૫
૮ ધેનુકાસુરનો વધ ૨૦
૯ પ્રલંબા સુરનો વધ ૨૧
૧૦ ગોવર્ધન પૂજા ૨૩
૧૧ ગોવર્ધન ધારણ ૨૬
૧૨ ઇંદ્ર તથા શ્રીકૃષ્ણનું મળવું ... ૨૮
૧૩ રાસક્રીડાનું વર્ણન ૩૦
૧૪ અરિષ્ટાસુરવધ ૩૪
૧૫ કંસની પાસે નારદે કહેલું કૃષ્ણ સંબંધી વૃતાંત ૩૫
૧૬ કેશી દૈત્યનો વધ ૩૬
૧૭ અક્રૂરનું ગોકુળમાં આવવું ... ૩૮
૧૮ કૃષ્ણ અક્રૂરનો સંવાદ યમુના જળમા અક્રૂરે કરેલી સ્તુતી શ્રીકૃષ્ણ બળદેવનું મથુરામાં આવવું ... ૪૧
૧૯ ધોબીનો વધ અને માળીને વરદાન ૪૪
૨૦ કુબ્જા અનુગ્રહ, ધનુષ્યભંગ, રક્ષકોનો નાશ, કુવળયા પીડનો વધ, મલ્લ નાશ તથા કંસ વધ... ૪૬
૨૧ ઉગ્રસેનનો રાજ્યાભિષેક ... ૫૨
૨૨ જરાસંધનો પરાજય ... ૫૪
૨૩ કાળયવનનો નાશ ૫૫
૨૪ બળદેવનું વૃંદાવનમાં જવું ... ૫૯
૨૫ બળરામને વારૂણિનો લાભ અને યમુનાનું આકર્ષણ ૬૦
૨૬ રૂકિમણી હરણ ૬૨
૨૭ પ્રદ્યુમ્ન હરણ, પ્રદ્યુમ્નને માયાવતીનો મેળાપ અને શંબરનો વધ ૬૩
૨૮ રૂકમી વધ ૬૫
૨૯ નરકાસુરનો નાશ ૬૭
૩૦ પરિજાતનું હરણ, ... ૬૯
૩૧ સોળ હજાર સ્ત્રીઓસાથે શ્રીકૃષ્ણના વિવાહ ૭૪
૩૨ શ્રીકૃષ્ણની સંતતી અને ઉષાને સ્વપ્નનું વૃત્તાંત ૭૫
૩૩ અનિરૂદ્ધના ઉષાસાથે વિવાહ હરિ, હરનું યુદ્ધ અને બાણાસુરના બાહુ છેદન ૭૭
૩૪ પૌંડ્રક તથા કાશિરાજનો નાશ ... ૮૦
૩૫ સાંબે કરેલું લક્ષ્મણાનું હરણ, કૌરવોનો નાશ કરવા બળરામે કરેલું હસ્તીનાપુરનું આકર્ષણ... ૮૩
૩૬ દ્વિવિદ વાનરનો વધ ૮૫
૩૭ યાદવ કુળનો નાશ, શ્રીકૃષ્ણ, બળરામનું સ્વધામ પધારવુ ... ૮૭
૩૮ અર્જુનની શક્તિનો નાશ, વ્યાસે તને કરેલો ઉપદેશ, પાંડવોએ પરિક્ષતને કરેલો રાજ્યાભિષેક ૯૧

અંશ ૬ ઠ્ઠો.

૧ કલિયુગમાં મનુષ્યની સ્થીતિનું વર્ણન ૧
૨ કલિયુગમા થોડા ધર્મમા અધિક લાભ ૫
૩ નૈમિત્તિક પ્રલય ૮
૪ પ્રાકૃત પ્રલય... ... ... ૧૦
૫ અધ્યાત્માદિ ત્રિવિધ દુઃખ, વર્ણન ૧૩
૬ કોશધ્વજનું આખ્યાન અને ખાંડિક્યએ કહેલું ધેનુ વધનું પ્રાયશ્ચિત ૧૮
૭ કેશિધ્વજે ખાંડિક્યને કરેલો બ્રહ્મજ્ઞાનોપદેશ... ... ... ૨૧
૮ વિષ્ણુપુરાણ શ્રવણ કરવાનું ફળ ૨૭

ઇતી સમાપ્ત.



मैत्रेय अने पराशर संवाद.

Shree Vishnu.



श्रीविष्णु.

Shree Vishnu resting on Shesh (Cobra)



शेषशायी भगवान.

ॐ विष्णवेनमः

ॐ नमो भगवते वासुदेवाय.

महर्षिवेदव्यासप्रणीत.

श्री विष्णुपुराणनुं गुजराती भाषांतर.

अंश पहेलो.

अगजाननपद्मार्कं गजाननमहर्निशं ॥ अनेकदंतभक्तानामेकदंतमुपास्महे ॥ १ ॥ या कुन्देन्दुतुषारहारधवला या शुभ्रवस्त्रावृता या वीणावरदंडमंडितकरा या श्वेतपद्मासना ॥ या ब्रह्माच्युतशङ्करप्रभृतिभिर्देवैः सदा वंदिता सा नः पातुसरस्वतीभगवतीनिःशेषजाड्यापहा ॥ २ ॥ नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ॥ देवीं सरस्वतीं व्यासं ततो जयमुदीरयेत् ॥३॥ किरीटकेयूरमहार्हनिष्कैर्मण्युत्तमालंकृतसर्वगात्रम् । पीतांबरं कांचनचित्रनद्धमालाधरं केशवमभ्युपैमि ॥ ४ ॥ मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिम् ॥ यत्कृपा तमहं वंदे परमानंदमाधवम् ॥ ५ ॥ स जयति निरुपमबोधःश्रीधरकारुण्यपूर्णेंदुः ॥ विलसति यदुदयवर्धितधीवार्धौतत्वरत्नश्रीः ॥ ६ ॥ धीश्रीनिदानं गुणरत्नराजितं पराशर ज्ञानसुधांबुधिंभजे ॥ हृद्योहरेर्विष्णुपुराण कौस्तुभो यस्मादभूद् व्यास विधिश्चविश्ववृक् ॥ ७ ॥ अखंडमंडलाकारं व्याप्तं येनचराचरं तत्पदंदर्शितंयेन तस्मै श्रीगुरवेनमः ॥ ८ ॥ ॐ नमो भगवते वासुदेवाय ॥ एवं ध्यात्वा जपेन्मंत्रं द्वादशाक्षरमुत्तमं ॥ श्रीकृष्णस्यप्रसादाद्वै अचिरात् सिद्धिमाप्स्यति ॥ ९ ॥

अध्याय पेहेलो.

जितं ते पुंडरीकाक्ष नमस्ते विश्वभावन ॥
नमस्तेऽस्तु हृषीकेश महापुरुष पूर्वज ॥ १ ॥

भावार्थः—हे पुंडरीकाक्ष ! तमारो जय थाओ, हे जगत्ने उत्पन्न करनार ईश्वर तमने नमस्कार हो, हे सर्व इंद्रिओना स्वामी, (सर्व प्राणीमात्रना शरीरने विषे निवास करनार), हे महापुरुष अर्थात् सृष्टिनी उत्पत्ति अगाउ स्वतः उत्पन्न

થએલા હે પરમાત્મન્ આપને અમારા નમસ્કાર હજો. ૧. જે સત્સ્વરૂપ અને અવિનાશી બ્રહ્મ છે, તે ઇશ્વર સત્વ, રજ અને તમોગુણના ક્ષોભથી ઉત્પન્ન થએલા જે જગત્ની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ એઓનો જે ઠેકાણે લય છે, તેમજ જે માયા, બુદ્ધિ, વિગેરે વિશ્વની ઉત્પત્તિમાં કારણભૂત થનારા જે પુરૂષ છે તે (સર્વ જગત્માં વ્યાપ્ત રહેલા પરમાત્મા) વિષ્ણુ અમને જ્ઞાન, ઐશ્વર્ય અને મોક્ષ આપો. ૨.

હવે પરાશર ઋષિ ગુરૂ આદિ શિષ્ટ પુરુષોમાં ભક્તિ એજ પુરૂષાર્થનું સાધન છે એમ દેખાડવા માટે મૈત્રેયને નિમિત્તરૂપ કરી વિષ્ણુતત્વને પ્રતિપાદન કરનાર વિષ્ણુ પુરાણનો આરંભ કરે છે.

વિશ્વના ઈશ, સર્વવ્યાપક વિષ્ણુને તથા બ્રહ્માદિ દેવોને પ્રણામ કરીને તેમજ ગુરુના ચરણકમળમાં મસ્તક નમાવી વેદ જેવું આ વિષ્ણુપુરાણ કહું છું. ૩ એક સમય પૂર્વે વેદ, વેદાંગ, (ઋક્, યજુ, સામ, અથર્વ એ ચાર વેદ અને શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદસ્ અને જ્યોતિષ એ વેદાંગ) ઇતિહાસ (મહાભારત આદિ) પુરાણ અને ધર્મશાસ્ત્રાદિ, તત્વને જાણનાર સુખથી બેઠેલા, શ્રેષ્ઠ મુનીઓમાં સર્વોત્તમ પદ ભોગવનાર વસિષ્ઠ મુનીના પૌત્ર પરાશર ઋષિને અભિવંદન કરીને મૈત્રેય ઋષિ પ્રશ્ન કરે છે. ૪. ૫. હે ગુરુ! મેં આપની પાસે સમગ્ર વેદ, વેદના તમામ અંગ, ધર્મશાસ્ત્ર આદિનું અનુક્રમે અધ્યયન કર્યું છે. ૬. હે મુનીશ્રેષ્ઠ, તમારી પ્રસન્નતાવડે કરીને મેં અતી પરિશ્રમ લઇ સર્વ શાસ્ત્રનું અધ્યાયન કર્યું છે એમ વિદ્વાન લોકો કહે છે એટલુંજ નહિ પણ જે સઘળા શાસ્ત્રનો દ્વેષ કરનાર છે તે પણ એમજ કહે છે. ૭ હે ધર્મજ્ઞ, આ જગત્ કેવા પ્રકારે ઉત્પન્ન થયું? તથા કેવા પ્રકારે ઉત્પન્ન થશે? ઇત્યાદિ તમામ વર્ણન તમારાથી સાંભળવાની મારી ઇચ્છા છે. ૮. હે બ્રહ્મન, તે પ્રમાણે આ ચરાચર જગત્, કોનામાં વસી રહ્યું છે? તથ શેમાંલીન થયું છે? કયાં લય પામવાનું છે? ૯. પંચમહાભુતના પ્રમાણ? દેવ, પિતૃ આદિની ઉત્પત્તિ? સમુદ્ર, પર્વત, અને પૃથ્વીનું સ્થાન? તથા સુર્યચંદ્રની સ્થિતિ અને પ્રમાણ? તેમજ હે મુનિવર! દેવ, પિતૃઆદિનો વંશ? મનુઓ? મન્વંતરો? ૧૦.૧૧. કલ્પ? તથા ચાર ચાર યુગોનો કલ્પના કરેલા કલ્પોના ભેદ? પ્રલયનુ. સ્વરૂપ? યુગો (કૃત, ત્રેતા, દ્વાપર, કલી,) ના અંતસમયે થનારી સ્થિતિ? ૧૨. તેમજ હે મહામુની! દેવ, ઋષિ અને રાજાઓના ચરિત્ર, તથા શ્રી વેદવ્યાસે વેદની શાખાના વિભાગ કેવા કેવા પ્રકારે કીધા છે તે સર્વપ્રકાર? બ્રાહ્મણાદિ ચારે વર્ણોના ધર્મ? આશ્રમ, (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, વિગેરે વર્ણોએ બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, અને સંન્યાસ,) કેવા પ્રકારે ગ્રહણ કરવા તેનું કેવે પ્રકારે વર્ણન? હે

વસિષ્ઠના પૌત્ર! (પરાશર) તમારાથી સાંભળવાની મારી ઈચ્છા છે. ૧૩. ૧૪. હે બ્રહ્મનીષ્ઠ મહામુની! તમો મારા ઉપર કારૂણ્યાભિમુખ અંતઃકરણ અર્પણ કરો કે જેથી કરીને તમારી પ્રસન્નતા વડે આ સઘળું હું જાણી શકું. ૧૫.

પરાશર કહે છે.—હે ધર્મજ્ઞમૈત્રેય! મારા પિતામહ વસિષ્ઠજીએ જે મને કહ્યું હતું. તે તેં સારી રીતે મ્હને સ્મરણ કરાવ્યું. ૧૬. પૂર્વે એક સમયે વિશ્વામિત્ર ઋષીના કહેવાથી એક રાક્ષસે મ્હારા પિતાનું ભક્ષણ કીધું. એ પ્રમાણે વાત સાંભળી મને અતીશય ક્રોધ ચડયો. ૧૭. તેથી તમામ રાક્ષસોનો નાશ કરવાને માટે મેં એક યજ્ઞનો પ્રારંભ કર્યો. અને તેજ યજ્ઞમાં સેંકડોબંધ રાક્ષસોને ભસ્મીભૂત કરી દીધા. ૧૮. એ પ્રમાણે ભસ્મ થઈ ગયેલા રાક્ષસોમાં કેટલાક બાકી રહ્યા હતા તેટલામાં મારા પિતામહ ભગવાન વસિષ્ઠજીએ ત્યાં આગળ પધારી આ પ્રમાણે મને કહ્યું. ૧૯. હે બાળક! અતીરાય ક્રોધ ન કર, અધુના આ યજ્ઞ કરવો મુકી દે, તારા પિતા મરણ પામ્યા તેમાં આ નિરપરાધીઓનો શો વાંક? કારણ કે તારા પિતાનું પ્રારબ્ધજએ પ્રમાણે હશે. ૨૦. આવો ક્રોધ અજ્ઞાનીઓના હૃદયમાં વાસ કરે છે પણ જ્ઞાનીઓને આ પ્રમાણે ક્રોધ હોય નહિં, માટે હે બાળક! કોઈ, કોઈને મારતું નથી. પણ મનુષ્યો પોતાનું કરેલું કર્મ તેનેજ ભોગવે છે. ૨૧. હે બાળક! મનુષ્યોએ મહાન્ કષ્ટથી સંચય કરેલા યશ, તથા તપશ્ચર્યા આદિનો નાશ કરવામાં પાપી ક્રોધજ કારણભૂત છે. ૨૨. એટલા માટેજ શ્રેષ્ઠ મુનિઓ સ્વર્ગ તથા મોક્ષના પ્રતિબંધરૂપી ક્રોધનો પરિત્યાગ કરે છે. તો તુ ક્રોધને વશ થઈશ નહિં. ૨૩. હે બાળક! આ રાક્ષસોનો અપરાધ નથી, છતાં તેઓને બાળી ભસ્મ કીધા. તે હવે થયું તે થયું પણ હવે પછી તેઓનો નાશ કરીશ નહીં; અને યજ્ઞ કરવો બંધ કર, કારણ કે ક્ષમા એજ સત્યવાદી મનુષ્યોનુ ખરૂં બળ છે. ૨૪. એ પ્રમાણે પરમભાગવદીય મારા પિતામહ વસિષ્ઠજીએ મને સારો રીતે સમજણ આપી તેજ વખતે તેના વચનના ગૌરવથી મારો ક્રોધ પાણીના પ્રવાહની માફક એકદમ વહી ગયો, અને હું જે રાક્ષસનાશક યજ્ઞ કરતો હતો તેનાથી નિવૃત્ત થયો અર્થાત્ તેમનું વચન માન સહિત સ્વિકાર્યું. ૨૫. તેજ વખતે મુનિ મંડળમાં ઉચ્ચ પદવી પ્રાપ્ત કરનાર ભગવાન વસિષ્ઠજી મારા ઉપર ઘણાજ પ્રસન્ન થયા, એટલામાં તે ઠેકાણે બ્રહ્મદેવના (માનસ) પુત્ર પુલસ્ત્ય મુનિ પ્રગટ થયા. ૨૬ હે મૈત્રેય! મારા પિતામહ વસિષ્ઠજીએ તેમનું માનસહિત પૂજન કરી તેમને સારૂં આસન બેસવા આપ્યું. તેને માન સહિત સ્વિકારી પુલહ ઋષીના જ્યેષ્ઠ બંધુ મહાભાગ્યશાલી પુલસ્ત્ય ઋષિ આ પ્રમાણે મને કહેવા લાગ્યા. ૨૭ હે પુત્ર! મ્હોટાના વચન ઉપર વિશ્વાસ રાખી રાક્ષસોનો વધ કરતાં તું

ગટકયો છે. જોકે તારો અપરાધ તેઓએ કર્યો હતો છતાં તેં ક્ષમા રૂપી શસ્ત્ર ધારણ કર્યું તેથી મારા મનમાં ઘણોજ આનંદ થયો છે, તને સઘળા શાસ્ત્રોનું જ્ઞાન થશે. ૨૮. હે ભાગ્યશાલી! તારા અતીશય ક્રોધથી પણ મારા દૈત્યકુળનો નાશ થયો નથી, માટે હું તને એક મહાન્ વરદાન આપું છું. ૨૯. કે તું પુરાણ અને સંહિતાનો કર્ત્તા થઇશ, તેમજ દેવતાઓનું ખરૂં રહસ્ય શું છે? તે તું રહેલાઈથી સમજી શકીશ. ૩૦ એજ પ્રમાણે પરમાર્થનો માર્ગ તું સારા રીતે સાધીશ. હે વત્સ! પ્રવૃત્તિ સંજ્ઞક (આ લોક અને પરલોકની કામનાની ઇચ્છાવાળા કર્મો) તથા નિવૃત્તિસંજ્ઞક (આ લોક અને પરલોકની ઈચ્છારહિત) કર્મોમાં મારી પ્રસન્નતા વડે અજ્ઞાન રહિત નિશ્ચળ બુદ્ધિ તું પ્રાપ્ત કરીશ. ૩૧. પરાશર કહે છે હે મૈત્રેય! ત્યાર પછી મારા દાદા ભગવાન્ વસિષ્ઠ મુનિએ કહ્યું કે, હે પુત્ર જે પ્રમાણે પુલસ્ત્ય ઋષિએ કહ્યું છે તેજ પ્રમાણે તને પ્રાપ્તથશે. ૩૨. આ પ્રમાણે પુલસ્ત્ય મુનિ અને ભગવાન્ વસિષ્ઠ મુનિ બન્ને ઉત્કૃષ્ટ બુદ્ધિવાળા પુરૂષોએ જે પ્રમાણે કહ્યું હતું તે સઘળું તારા પ્રશ્નથી મારા સ્મરણમાં આવ્યું. ૩૩. હે મૈત્રેય! તેં મારી પાસે આવીને પ્રશ્ન કર્યો છે જથી કરીને તને તમામ પુરાણ અને સંહિતા યથામતિપ્રમાણે કહું છું તે તું એકાગ્ર મનથી શ્રવણ કર. ૩૪, વિશ્વવ્યાપક જે વિષ્ણુ તેનાથીજ આ વિશ્વ ઉત્પન્ન થયું છે, વિષ્ણુમાંજ સ્થિતિ છે, તથા એજ વિષ્ણુ આ જગત્નો સ્થિતિ સંયમના કર્તા છે, અને એજ પરમાત્મા વિષ્ણુ જગત્ સ્વરૂપ કહેવાય છે. ૩૫.

विष्णोः सकाशादुद्भूतं जगदत्रैव च स्थितं ॥
स्थितिसंयमकर्तासौ जगतोस्य जगच्च सः ॥ ३५ ॥

ઇતશ્રી વિષ્ણુપુરાણના પહેલા અંશનો પહેલો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય બીજો.

पराशर उवाच ॥ अविकाराय शुद्धाय नित्याय परमात्मने ॥
सदैकरूपरूपाय विष्णवेसर्व जिष्णवे ॥ १ ॥

પરાશર કહે છે.—વિકાર ન હોવાથી જેનું શરીર સર્વદા એકજ પ્રકારનું છે, જે નિર્દોષ, અવિનાશી અને અચીંત્ય ઐશ્વર્યથી સઘળા કર્તા, કારણ આદિને

---

* બીજા અધ્યાયમાં પહેલા અધ્યાયમાં પુછેલા પ્રશ્નોનું નિરાકરણ, તથા પરમાત્માની સ્તુતિ, પુરાણોનો ક્રમથી ઉપક્રમ અને મહદાદિ તત્વનો સૃષ્ટિક્રમ વિગેરે કહેવામાં આવશે.

જીતવાનો જેનો સ્વભાવ છે. જે બ્રહ્માનું સ્વરુપ ધારણ કરી જગત્ને ઉત્પન્ન કરે છે. વિષ્ણુનું સ્વરુપ ધારણ કરી જગતનું રક્ષણ કરે છે, શંકરનું સ્વરૂપ ધારણ કરી જગત્નો સંહાર કરે છે. અને અખિલ વિશ્વમાં વાસ કરી રહ્યા છે, એવા પ્રકાશમાન તેમજ પ્રણવસ્વરૂપથી જગત્નો ઉદ્ધાર કરનાર વિશ્વવ્યાપક પરમાત્મા વિષ્ણુને મારા નમસ્કાર હો. ૧—૨. એકાનેક સ્વરૂપવાળા, સ્થૂળ સૂક્ષ્મમય, કાર્યકારણભૂત, અને મુક્તિ આપનાર વિષ્ણુને મારા પ્રણામ હજો. ૩ આ જગત્ની ઉત્પત્તિ, સ્થિતિ, અને નાશના કારણભૂત પરમ ઉત્કૃષ્ટ જગન્મય પરમાત્મા વિષ્ણુને મારા પ્રણામ હજો. ૪. વિશ્વાધાર, અતીશય સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ, તેમજ સર્વ પ્રાણીઓના નિયંતા, તેઓમાં નિવાસ કરનાર, અવિનાશી, પુરૂષોત્તમ, જ્ઞાનસ્વરૂપ, વસ્તુતઃ અત્યંત નિર્મળ (શુદ્ધ સત્સ્વરુપ) પરમાત્મા અને આ દૃશ્યમાન્ જગત્ એકજ સ્વરૂપ છે એવો ભ્રમ થવાથી જે ભ્રમાત્મક દ્રષ્ટિ છે તેજ દૃશ્ય પદાર્થરૂપી છે એમ કહે છે એવીજ સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરનાર અચ્યુત, ઐશ્વર્ય સંપન્ન અવિનાશી એવા વિશ્વવ્યાપક પરમેશ્વરને નમસ્કાર કરીને. ૫-૬—૭. પૂર્વે દક્ષાદિ મુનિઓએ પ્રશ્ન કરવાથી ભગવાનની નાભિકમળમાંથી ઉત્પન્ન થએલા બ્રહ્માએ તેઓને આ ' વિષ્ણુપુરાણ ' શ્રવણ કરાવ્યું હતું. ૮. દક્ષાદિ મુનિઓએ નર્મદાના તટ ઉપર પુરૂકુત્સ નામના રાજાને સંભળાવ્યું. તે રાજાએ સારસ્વત નામના ઋષિને શ્રવણ કરાવ્યું. અને તે ઋષિએ મને યથાર્થ કહિ બતાવ્યું હતું. ૯. જે વિષ્ણુ પરથકી પણ પર (શ્રેષ્ટ) આત્મસંસ્થિત પરમાત્મા રૂપ, વર્ણ આદિ નિર્દેશરહિત, અખિલ જગત્ને વિષે વાસ કરનાર, સ્વરૂપાદિ નામરહિત છે. ૧૦. વળી **અસ્તિ** (છે.) **જાયતે** (ઉત્પન્ન થાય છે.) **વર્દ્ધતે** (વૃદ્ધિ પામે છે.) **વિપરિણમતે** (પરિણામ પામે છે.) **અપક્ષીયતે** (ક્ષય પામે છે.) અને **નશ્યતિ** (નાશ પામે છે.) એ ૬ અવસ્થાપૈકી નાશ, ક્ષય, પરિણામ (રૂપાંતર) વૃદ્ધિ અને ઉત્પત્તિ એ પાંચ અવસ્થા થી રહિત હોવાથી જેને નિરંતર માત્ર એકજ અવસ્થા જે **અસ્તિ** (છે.) તે પરમાત્માને માટે રહી તેથી તેને છે. એટલુંજ કહેવામાં આવે છે. અર્થાત્ સર્વદા છે એમનો નાશજ નથી. માત્ર એટલુંજ કહેવાય છે. ૧૧. એ અવિનાશી પરમાત્મા સર્વત્ર ઠેકાણે વાસ કરી રહ્યા છે, અને સર્વ, પરમાત્મામાં વસી રહ્યું છે એટલા માટેજ વિદ્વાન પુરૂષો વાસુદેવ એ પ્રમાણે એમનું નામ આપે છે. ૧૨. એજ પરબ્રહ્મ અવિનાશી, ઉત્પત્તિરહિત, અખંડ, પરિણામરહિત એક સ્વરૂપ, જેમાં અવિદ્યા કે માયાનો લેશ પણ નથી માટે તે નિર્મળ એમ કહેવાય છે. ૧૩. વ્યક્ત, (મહદાદિ) અવ્યકત, (માયા) પુરૂષ (વેદોકત દક્ષણાદિ કર્ત્તા) અને કાળ એ ચતુર્વિધ સ્વરૂપવાળા જે છે તેજ બ્રહ્મ છે. ૧૪. હે દ્વિજ ! પરબ્રહ્મના ચાર રૂપ જે આગળ કહી ગયા તેમાંથી પુરૂષ એ પહેલું સ્વરુપ, વ્યકત અને અવ્યક્ત એ બીજું અને ત્રીજું

સ્વરૂપ, અને ચોથું સ્વરૂપ કાળ છે. ૧૫. પુરૂષ, વ્યક્ત, અવ્યકત, અને કાળ, અનુક્રમે ઉત્પત્તિ, સ્થિતિ, પ્રાગટય, અને નાશમાં, કારણભૂત છે. એ ચારેમાં જે શ્રેષ્ઠ વસ્તુ છે તેનું જ્ઞાનીલોક અવલોકન કરે છે. એજ વિશ્વવ્યાપક પરમાત્માનું પરમપદ અથવા પરમરૂપ એમ કહેવાય છે. ૧૬–૧૭ હે મૈત્રેય ! પ્રથમ કહ્યા પ્રમાણે પ્રધાન આદિ ચાર સ્વરૂપ સૃષ્ટિ, સ્થિતિ, પ્રલય આદિના ઉદ્ભવ તેમજ પ્રકાશના હેતુ રૂપ ગણાય છે. જે પ્રમાણે બાળકો પોતાની રમતમાં રાજા આદિરૂપ ધારણ કરે છે પણ વસ્તુતઃ તે તેની ક્રીડાજ છે તે પ્રમાણે પુરૂષ, વ્યકત, અવ્યકત, તથા કાળ એ તમામ પરમાત્માની ક્રીડાજ છે એમ સમજ. ૧૮ મહાન્ મુનિવરો કાર્ય કારણ શકિતયુક્ત અને સદૈકરૂપ, 'અવ્યકતને' કારણ પ્રધાન અને સૂક્ષ્મ પ્રકૃતિ કહ્યા કરે છે. ૧૯. તે અવિનાશી, અક્ષય, અનન્યાશ્રય, ઈયત્તા રહિત, અજર, નિશ્ચળ, શબ્દ સ્પર્શ રહિત, રૂપ આદિથી હીન. ૨૦ ત્રિગુણ, (સત્વ, રજ, અને તમો ગુણવડે યુકત) અનાદિ, અને જગતની ઉત્પત્તિનું સ્થાન, તથા કાર્યોનુ લય સ્થાન છે. સૃષ્ટિની ઉત્પત્તિ અગાઉ તથા આત્યંતિક પ્રલયની પછી સર્વ એમને વિષે વ્યાપ્ત થયું હતું. ૨૧. હે મૈત્રેય! નિરંતર બ્રહ્મનીષ્ઠ વેદને જાણનારા બ્રહ્મવાદિઓ જે આગળ કહી ગયા તે પ્રમાણે પ્રધાન તત્વને પ્રતિપાદન કરનારૂં વૃત્તાંત નીચે પ્રમાણે કહે છે. ૨૨. પૂર્વે જ્યારે આજગતનો પ્રલય થયો ત્યારે, દિવસ, રાત્રી આકાશ, ભૂમિ, અંધકાર, પ્રકાશ, વિગેરે બીજી કોઇપણ વસ્તુ ન્હોતી પરંતુ શ્રોત્રાદિ ઇંદ્રિયોના જ્ઞાનમાં પણ જેનું પ્રત્યક્ષપણું નથી એવા પ્રધાન અને પુરૂષજ તે વખતે હતા. ૨૩. હે વિપ્ર! પ્રધાન અને પુરૂષ એ બન્ને ઉપાધિરહિત વિષ્ણુથી જુદા છે. જગતની ઉત્પત્તિ વખતે એ બે રૂપ પરસ્પર એકત્ર થાય છે અને પ્રલયને સમયે જુદા થાય છે તેનું નામ 'કાળ' એ પ્રમાણે કહેવામાં આવે છે. ૨૪. પૂર્વકાળમાં જે પ્રલય થયો હતો તે વખતે આ સઘળું જગત પ્રકૃતિના સ્થાનમાં લય પામીને રહ્યું હતું માટે કરીને તે પ્રલયને પ્રાકૃત પ્રલય એવું નામ આપવામાં આવ્યું. ૨૫. હે દ્વિજ! કાળ અનાદિ છે અર્થાત્ ઉત્પત્તિથી, રહિત છે તેમજ અનંત છે, માટે આ જગતની ઉત્પત્તિ સ્થિતિ, અને નાશ, નિયમ પ્રમાણે થયા કરે છે. અર્થાત્ પ્રવાહરૂપે વર્ત્યાજ કરે છે. ૨૬. હે મૈત્રેય! પ્રલય કાલમાં ગુણસામ્ય (સત્વ, રજ, અને તમો ગુણની નિષ્ક્રીયાવસ્થા) થાય છે અને પ્રકૃતિથી પુરૂષ જુદા હોય છે ત્યારે કાળ રૂપ પરમાત્માનું સ્વરૂપ પૂર્વે કહ્યા પ્રમાણે (પ્રકૃતિ અને પુરૂષનો સંયોગ) રહે છે. ૨૭. ત્યાર પછી જગતને ઉત્પન્ન થવાનો સમય આવે છે ત્યારે પરમાત્મા પરબ્રહ્મ ભગવાન, સર્વ પ્રાણીમાત્રમાં નિવાસ કરનાર, સર્વના અધિષ્ઠાતા, સર્વ પ્રાણીઓના આત્મા, સર્વ જગતના મૂળસ્વરૂપ, પાતકના સમુદ્રનો નાશ કરનાર, પરમેશ્વર

પોતાની ઇચ્છા શક્તિથી પરિણામી તથા અપરિણામી પ્રકૃતી તથા પુરૂષમાં પ્રવેશ કરી તેઓના મધ્યમાં ક્ષોભ કરો સૃષ્ટિ ઉત્પન્ન કરે છે. ૨૮–૨૯ જે પ્રમાણે ગંધ પોતાને સંનિધિમાત્રથીજ અંતઃકરણના ક્ષોભનું કારણભૂત થાય છે તે પ્રમાણે પરમાત્મા પણ ઉપકાર બુદ્ધિથી પ્રધાન અને પુરૂષ એ બન્નેના મધ્યમાં ક્ષોભ ઉત્પન્ન કરતા નથી પણ એના (પરમાત્માના) સંનિધિમાત્રથીજ તેમાં ક્ષોભ ઉત્પન્ન કરે છે. ૩૦ હે બ્રહ્મન્! ખરૂં જોતાં તો પરમાત્મા જતેજ ક્ષોભક અને ક્ષોભ્ય છે.સત્વ, રજ, અને તમોગુણની સામ્ય અવસ્થા તેમજ તેનો ક્ષોભ એ બન્ને યુક્ત થવાથી તે પરમાત્માજ પ્રધાનપણે રહે છે. ૩૧ બ્રહ્મા આદિ સર્વ નિયંતાના પણ નિયંતા જે સર્વવ્યાપક પરમાત્મા તે મહદાદિ સૂક્ષ્મ અને તેનો પંચમહાભૂતાદિ વિકાર તથા બ્રહ્મા, વિષ્ણુ વિગેરેના વ્યક્ત સ્વરૂપ પણ એજ પરમાત્મા છે. ૩૨ હે દ્વિજોત્તમ! ત્યારપછી વિશ્વની ઉત્પત્તિ વખતે પુરૂષસાથે જોડાઇગયેલા પ્રધાનથીજ મહત્તત્વ ઉત્પન્ન થયું. ૩૩ તે ઉત્પન્ન થયેલા મહત્તત્વને પ્રધાન તત્વએ આવૃત્ત કીધું, એ મહત્તત્વ ત્રણ પ્રકારના છે. સાત્વિક, રાજસ્ અને તામસ્ એ ત્રણ પ્રકારના મહત્તત્વ જે પ્રમાણે ફળમાં રહેલા બીજની ઉપર ત્વચા વિંટાઇલી છે તે પ્રમાણે ગુણસામ્ય (પ્રધાન તત્વ) વડે મહત્તત્વ આવૃત્ત છે. ૩૪ મહત્તત્વથી વૈકારીક, (સાત્વિક) તૈજસ, (રાજસ) અને પંચમહાભૂતાદિ (તામસ) એ ત્રણ પ્રકારના અહંકારની ઉત્પત્તિ થઇ. ૩૫ જે પ્રમાણે પ્રધાનત્તત્વથી મહત્તત્વ આવૃત્ત થએલું છે. તેપ્રમાણે પંચમહાભૂત ઇન્દ્રિયોનું કારણભૂત થનાર તે અહંકાર મહત્તત્વથી આવૃત થયો છે. ૩૬. ત્યારપછી બીજા રૂપને પ્રાપ્ત કરનાર તામસ અહંકારથી શબ્દ તન્માત્રાની ઉત્પત્તિ થઇ. અને શબ્દ તન્માત્રાથી આકાશ ઉત્પન્ન થયું કે જેનો શબ્દ ગુણ છે. એ બન્નેને તામસ અહંકારે આવૃત્ત કીધાં છે. ૩૭. વિકાર પામનાર આકાશથકી સ્પર્શ તન્માત્રાની ઉત્પત્તિ થઇ, અને તેનાથકી બળવાન વાયુ ઉત્પન્ન થયો. એ વાયુનો ગુણ સ્પર્શ છે. ૩૮. આકાશ અને વાયુને સ્પર્શતન્માત્રાએ આવૃત્ત કીધા છે. તે વાયુનું સ્વરૂપ ભિન્ન થવાથી અર્થાત્ રૂપાંતર પ્રાપ્ત કરનારવાયુ થકી રૂપ તન્માત્રાનો ઉત્પત્તિ થઇ. અને તેનાથી તેજ ઉત્પન્ન થયું. તેનો ગુણરૂપ છે તેને રૂપતન્માત્રાએ આવૃત્ત કીધું. ૩૯.–૪૦. અગ્નિના ક્ષોભથી રસતન્માત્ર, તે રસતન્માત્રાથી જળ, તેમાં રસ એ ગુણ સમાએલો છે. એને રસતન્માત્રાએ આવૃત્ત કીધું. ૪૧. જળના વિકારથી ગંધતન્માત્રની ઉત્પત્તિ થઇ એ ગંધતન્માત્ર થી પૃથ્વી થઈ, જે પૃથ્વીનો ગુણ ગંધ છે. ૪૨. એ પ્રમાણે દરેક મહાભૂતાદિમાં શબ્દતન્માત્રાદિક અંશ હોવાથી તે દરેકને તન્માત્ર એ પ્રમાણે કહેવામાં આવે છે. ૪૩. તે અવિશેષતન્માત્ર, વિશેષણોથી રહિત હોવાથી અર્થાત્ શાંત (સુખજનક) ઘોર (દુઃખજનક) અને મૂઢ (મોહ ઉત્પન્ન કરનાર) તેને અવિશેષ કહ્યા છે. ૪૪.

એ પંચતન્માત્રા અને પંચમહાભૂતની ઉત્પત્તિ તામસ અહંકારથી થએલી છે. તૈજ તેજસ અહંકારથી દશ ઈંદ્રિઓ અને તેના દેવતાઓ ઉત્પન્ન થયા, સાત્વિક અહંકારથી મન, (અર્થાત, મન, બુદ્ધિ, અહંકાર, અને ચિત્ત એ ચાર અંશોથી વેંહેચાએલું અંતઃકરણ,) અને ચંદ્રમા, બ્રહ્મા, રૂદ્ર, તથા ક્ષેત્રજ્ઞ, એ ચાર મનના વૈકારિક દેવતા છે. ૪૫-૪૬ હે મૈત્રેય! એ દશ ઈંદ્રિઓના નામ આ પ્રમાણે છે. કાન, નાક, આંખ, જીહા, ત્વચા, એ પાંચ જ્ઞાનેંદ્રિઓ, શબ્દાદિ ગ્રહણ કરવાને બુદ્ધિયુક્ત છે. પાયુ (ગુદા) ઉપસ્થ, (જનનેંદ્રિય) હાથ, પગ, અને વાણી એ પાંચ કર્મેંદ્રિઓ કહે વાય છે. એઓ વિસર્ગ, (મળ, મુત્રાદિ ત્યાગ) ગ્રહણ કરવું. ગમન કરવું, અને ભાષણ કરવું, વિગેરે પાંચ કર્મ કરવાનું જ્ઞાન હોવાથી તે કર્મેંદ્રિઓ કહેવાય છે. ૪૭ આકાશ, વાયુ, તેજ, જળ, પૃથ્વી, એ પાંચ ઉત્તરોત્તર શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ એ ગુણોથી યુકત થએલા છે. ૪૮. એ પંચમહાભૂત, સુખજનક, દુઃખજનક, અને મોહકારક છે. એમાં આટલું વિશેષ હોવાથી તેને વિશેષક કહેવામાં આવે છે. ૪૯ આ પ્રમાણે મહદાદિ સૃષ્ટિનું કથન કરીને તેનાથી થએલી બ્રહ્માંડ સૃષ્ટિને કહે છે. એ રીતે તેઓ નાનાપ્રકારનું સામર્થ્ય ધરાવે છે તેઓ ભિન્ન શાકત યુક્ત છે છતાં એ વિલક્ષણ સ્વભાવનો એકત્ર ભાવ થયા વગર અથવા પરસ્પરની સહાય થયા વગર પ્રજોત્પાદક શક્તિમાં તે ઓ અસમર્થ છે. ૫૦ અન્યોઅન્ય સંયોગ તથા પરસ્પરના આશ્રયથી સંપૂર્ણ ઐકયતાવડે પીંડ અવસ્થાને પ્રાપ્ત થઈને મહત્તત્વથીમહાભૂત સુધિના તમામ તત્વોમળી પુરૂષના અધિષ્ઠાનથી અને પ્રધાનના અનુગ્રહથી તેઓએ એક અંડ તૈયાર કર્યું. ૫૧-૫૨-હે મૈત્રેય! બ્રહ્મ રૂપ વિષ્ણુના ઉત્તમસ્થાનભૂત, જળના પરપોટા જેવું વર્તુલાકાર (ચારે બાજુથી સરખુ) પાણીમાં રહેનારૂં ઈંડુ મહત્તત્વાદિની સહાયથી ક્રમપ્રમાણે વધતું ગયું. ૫૩ જેનું સ્વરૂપ વસ્તુતઃ અવ્યાહત છે છતાં વિશ્વવ્યાપક પરમાત્મા વ્યક્ત રૂપે થઈને બ્રહ્મ સ્વરૂપે તેમાં રહ્યા. ૫૪. તેમાં રહેલું જે ગર્ભવેષ્ટન તેનોજ મેરૂ થયો. તથા તેમાં બીજું જરાયુ રૂપ વેષ્ટન તેના સર્વ પર્વતો થયા, અને ગર્ભમાં જે જળ હતું તેના સમુદ્ર થયા. ૫૫ હે મૈત્રેય! એ અંડમાં, પર્વત, દ્વીપ, સમુદ્ર, નક્ષત્ર, ગ્રહ, તેજ, દેવ, દૈત્ય, અને મનુષ્યાદિ સર્વ ઉત્પન્ન થયા. ૫૬ એકએકથી દશગણા વધારે હોનારા, જળ, વાયુ, આકાશ, અને ભૂતાદિ (તામસ અંહકાર) એ સધળાનો ઉત્તરોત્તર દશ ગણો પટ એ અંડમાં બંધાતો ગયો. ૫૭ હે બ્રહ્મન્! જળઆદ્વિ પાંચ આવરણોઓ સહવર્તમાન મહતત્વરૂપ આવરણ અવ્યકતથી આવૃત્ત થયું એ પ્રકારે પ્રકૃતિ મુખો

૧ દિશા, વાયુ, સુર્ય, પ્રચેતા, અશ્વિનીકુમાર, અગ્નિ, ઈંદ્ર, ઉપેંદ્ર, મિત્ર, અને પ્રજાપતિ, એ દશ ઈંદ્રિઓના અધિષ્ઠાન છે.

થએલા સાત આવરણથી જે પ્રમાણે નાલીએરની અંદર જે બોજ અને તેની ઉપર જમ છાલ વિંટાએલો છે તે પ્રમાણે બ્રહ્માંડ સાત પ્રાકૃત આવરણથી ઢંકાએલું છે. ૫૮. વિશ્વેશ્વર પરમાત્મા પોતેજ રજોગુણનો સ્વીકાર કરી તે અંડમાં બ્રહ્મદેવના રૂપથી ઉત્પન્ન થઇને આ જગતની નાનાપ્રકારનો સૃષ્ટિ નિર્માણ કરવામાં પ્રવૃત્ત થયા. ૫૯. અપરીમિત છે પરાક્રમતે જેમનું એવા શ્રી વિષ્ણુ તે સત્વગુણનો સ્વીકાર કરી પોતે નિર્માણ કરેલા વિશ્વના પ્રલયપર્યંત સૃષ્ટિનું પ્રત્યેક યુગોમાં પાલન કરે છે. ૬૦. હે મૈત્રેય! પ્રલયને અંતે જેના અંગમાં તમોગુણનો વૃદ્ધિ થઈછે એવા રુદ્રરૂપ ધારણ કરનાર જનાર્દન તમામ પ્રાણીઓનું ભક્ષણ કરે છે. ૬૧. તમામ પ્રાણીમાત્રનું ભક્ષણ કરી સઘળા જગત્ને કેવળ સમુદ્રમય કરીને પરમેશ્વર શેષનાગરૂપ પલંગને વિષે શયન કરે છે, અને ફરી જાગૃત થઈ બ્રહ્માનું સ્વરૂપ ધારણ કરી જગત્ને નિર્માણ કરે છે. ૬૨. એજ પરમાત્મા આ જગત્નો ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ એવા પ્રત્યેક કર્મોમાં, બ્રહ્મા, વિષ્ણુ, અને રૂદ્ર એ ત્રણ સંજ્ઞા ધારણ કરે છે. ૬૩. સર્વ ઐશ્વર્યસંપન્ન વિષ્ણુ સૃષ્ટા હોવાથી પોતે પોતાને ઉત્પન્ન કરે છે, પાલક થઈ પોતે પોતાનું પાલન કરે છે, અને સંહર્ત્તા થઇ પોતે પોતાનો સંહાર કરે છે. ૬૪. ક્રમકે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, સર્વ ઇંદ્રિઓ અને અંતઃકરણ વિગેરે સર્વ જગત્ એ પોતેજ છે. ૬૫ સર્વ પ્રાણીમાત્રના અધિપતિ, પરમાત્મા વિષ્ણુ છે તે પરમાત્મા કારણને લઇને ઉપયોગી પ્રાણીની ઉત્પત્તિ પાલન અને નાશ કરે છે. ૬૬. એજ સૃજય છે, એજ સર્ગકર્તા, એજ પાલન કર્તા, અને એજ ભક્ષણ કર્તા છે. તથા એજ પરમાત્મા બ્રહ્માદિ અવસ્થાની અશેષ મૂર્તિ છે. એટલા માટે વિષ્ણુ વરિષ્ઠ (સર્વથીશ્રેષ્ઠ) વરદ, (વરદાન આપનાર) અને વરેણ્ય, (પ્રાર્થના કરવાલાયક) કહેવાય છે ૬૭.

स एव सृज्यः स च सर्गकर्त्ता स एव पात्यत्ति च पाल्यतेद्यः ॥
ब्रह्माद्यवस्थाभि रशेषमूर्तिर्विष्णुर्वरिष्ठो वरदो वरेण्यः ॥ ७ ॥
इतिश्री विष्णुपुराणे प्रथम अंशे द्वितीयो अध्याय संपूर्ण. २

---

*અધ્યાય ૩ જો.

मैत्रेयउवाच ॥ निर्गुणस्याप्रमेयस्य शुद्धस्याप्यमलात्मनः ॥
कथं सर्गादिकर्तृत्वं ब्रह्मणोह्युपपद्यते ॥ १ ॥

ભાવાર્થ–મૈત્રેય પુછે છે—નિર્ગુણ, પરિમાણશૂન્ય, શુદ્ધ, અને રાગદ્વેષાદિ દોષોથી રહિત, બ્રહ્મા સર્ગ કેવી રીતે ઉત્પન્ન કરે છે? ૧.

---

* આ ત્રીજા અધ્યાયમાં વિષ્ણુભગવાનથી સૃષ્ટિ કેવીરીતે ઉત્પન્ન થઇ, તથા કાષ્ઠાથી (૧૫૬ નિમેષની એક કાષ્ઠા) આરંભ.કરી દ્વીપરાર્ધના અંત સુધીના કાળનું પ્રમાણ વિગેરે બાબતો કહેવાશે.

પરાશર કહે છે—હે તપસ્વીઓમાં શ્રેષ્ઠ મૈત્રેય! જેની પ્રત્યેક પદાર્થની શક્તિ અતર્કય જ્ઞાનની વિષયી ભૂત છે. (જે જ્ઞાનમાં તર્ક ન ચાલે તેને અતર્કય જ્ઞાન કહે છે.) જેમ ઉષ્ણતા અગ્નીની સ્વાભાવિક શક્તિ છે તેમ વ્યાપક પરમેશ્વરની અજ્ઞેય શક્તિ છે. તે આ વિશ્વ ઉત્પન્ન કરવામાં કારણભૂત છે. ૨. હે મૈત્રેય! પરમાત્મા સૃષ્ટિ ઉત્પન્ન કરવામાં કેવી રીતે પ્રવર્તમાન થયા તે તું શ્રવણ કર. આ અખિલ જગત્‌ના પિતામહ બ્રહ્મા તે પોતે સ્વયંપ્રકાશ નારાયણ છે. ત્યારે તે નિત્ય (ઉત્પત્તિ રહિત) છે છતાં ઉત્પન્ન થયા એમ કેમ સંભવે? ઈત્યાદિ જે વાણી છે તે ઔપચારિક માત્ર છે. ૩. તે બ્રહ્માનું આયુષ્ય પોતાના માનથી સો વર્ષનું છે. એનું નામ 'પર' તે અને તેનો અર્ધો ભાગ એમ બે મળી પરાર્ધ એવી સંજ્ઞા આપવામાં આવી છે. ૪ હે પાપરહિત! આગળ હું તને વિષ્ણુનું કાળસ્વરૂપ કહિ ગયો છું તે પ્રમાણે બ્રહ્મા, સ્થાવર, જંગમ, પ્રાણીઓનું તથા પૃથ્વી, પર્વત, સમુદ્ર, વિગેરે ચરાચરનું પરિમાણ શ્રવણ કર. ૫–૬. હે મુનિવર! પંદર નિમેષ (સ્વાભાવિક રીતે આંખની પાંપણોનું ઉઘડવું અને બંધ થવું થાય છે. તે નિમેષ) ની એક કાષ્ટા; ત્રીશ કાષ્ટાની એક કળા; ત્રીશ કળાનો : એક મુહૂર્ત, ત્રીશ મુહૂર્તનો એક અહોરાત્ર, (દીવસ અને રાત્ર મળી) એવા ત્રીશ દીવસનો જેમાં શુકલ, અને કૃષ્ણ એવા બે પક્ષવાળો એક માસ થાય. એવા છ માસની એક અયન. (ઉત્તરાયન તથા દક્ષિણાયન) બે અયનનું એક વર્ષ થાય છે. તેમાં દક્ષિણાયનના છ માસની દેવતાઓની રાત્રિ, અને ઉત્તરાયના છ માસનો દેવતાઓનો દિવસ કહેવાય છે. ૭–૮–૯. એવા દેવતાઓના બાર હજાર વર્ષ પુરા થાય ત્યારે, સત્યયુગ, ત્રેતા, દ્વાપર, અને કલીયુગ, એવા ચાર યુગ પુરા થાય છે. તેનો વિભાગ તને કહું છું તે તું સાંભળ. ૧૦. સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, અને કલીયુગ, એ ચાર યુગના અનુક્રમે ચાર હજાર, ત્રણ હજાર, બે હજાર, અને એક હજાર, એવા વર્ષોના પ્રમાણ પંડીતો કહે છે. ૧૧. પ્રત્યેક યુગની સંધ્યાનું પરિમાણ અને સંધ્યાંશનું પરિમાણ અનુક્રમે આગળ તથા પાછળ છે. અને તેના વર્ષાનુક્રમ પ્રમાણ યુગ પ્રમાણે ચાર, ત્રણ, બે, એક, એપ્રમાણે છે અને તેનું પ્રમાણ સો વર્ષનું આપવામાં આવ્યું છે. (એટલે સત્યયુગની સંધ્યાના ચારસો વર્ષ અને પછી સંધ્યાંશના ચારસો વર્ષ મળી ૮૦૦ વર્ષ ઉપર જણાવેલા ૪૦૦૦ વર્ષમાં ઉમેરવાથી, ૪૮૦૦[૧], વર્ષ સત્યયુગના, ૩૬૦૦[૨], વર્ષ ત્રેતાયુગના, ૨૪૦૦[૩], વર્ષ દ્વાપરયુગના, અને ૧૨૦૦[૪], વર્ષ કલીયુગના એમ કરી દેવતાના ૧૨૦૦૦, વર્ષ પુરા થાય ત્યારે મનુષ્યની એક ચોકડી

૧ સત્ય યુગના દેવતાના ૪૮૦૦ વર્ષ ત્યારે મનુષ્યના ૧૭૨૮૦૦૦ વર્ષ. ૨ ત્રેતાયુગના દેવતાના ૩૬૦૦ વર્ષ ત્યારે મનુષ્યના ૧૨૯૬૦૦૦ વર્ષ. ૩ દ્વાપર યુગના દેવતાના ૨૪૦૦ વર્ષ. ત્યારે મનુષ્યના ૮૬૪૦૦૦ વર્ષ. ૪ કલીયુગના દેવતાના ૧૨૦૦ વર્ષ ત્યારે મનુષ્યના ૪૩૨૦૦૦ વર્ષ થાય. ૫એ પ્રમાણે દેવતાના ૧૨૦૦૦ વર્ષ પુરા થાય ત્યારે આપણા ૪૩૨૦૦૦૦ તેંતાળીશ લાખ વીશ હજાર

પુરો થાય છે.) ૧૨. હે મૈત્રેય! સંધ્યા અને સંધ્યાંશમાં રહેલા કાળને યુગ કહેવામાં આવે છે. જેનાં નામ કૃત, ત્રેતા, દ્વાપર, અને કલી એવાં છે તેને ચતુર્યુગ એવું નામ આપ્યું છે. એવા એવા એક હજાર ચતુર્યુગ પુરા થાય ત્યારે બ્રહ્માનો એક દિવસ થયો, એમ કહેવાય છે ૧૩–૧૪. એ પ્રમાણે બ્રહ્માના એક દિવસમાં ચૌદ મનુ બદલાય છે. તેના કાળનું પરિમાણ કહું છું તે તું શ્રવણ કર. ૧૫. સપ્તઋષી, દેવ, ઈંદ્ર, મનુ અને તેના પુત્ર, રાજા, તે પૂર્વના કલ્પ પ્રમાણે એકજ વખતે ઉત્પન્ન થાય છે અને એકી વખતે લય પામે છે. ૧૬. જ્યારે એકોતેર ચોકડી પુરી થાય ત્યારે એક મનુ બદલાય છે. અને તે વખતે દેવતા વિગેરેનો કાળ પણ પુરો થાય છે. ૧૭. એ પ્રમાણે એક મન્વંતરે દેવતાઓના ૮૫૨૦૦૦ વર્ષે પૂરા થાય છે. ૧૮. હે મૈત્રેય! મનુષ્યોના માન પ્રમાણે ૩૦૬૭૨૦૦૦૦ ત્રીશ કરોડ સડસઠ લાખ વીસ હજાર વર્ષે એક મન્વંતર બદલાય છે. ૧૯–૨૦. આ પ્રમાણે ચૌદ મન્વંતર બદલાય ત્યારે બ્રહ્માનો એક દિવસ (બાર કલાક) પૂરો થાય, તેના છેવટમાં જેનું બ્રહ્મા કારણ છે એવો નૈમિત્તિક પ્રલય થાય છે. ૨૧. તે વખતે ભૂર્લોક, ભુવર્લોક, અને સ્વર્ગલોક એ ત્રણે લોક બળીને ભસ્મ થઈ જાય છે. તથા મહર્લોકમાં વસનારાઓ તાપની પીડાથી જન લોકમાં ચાલ્યા જાય છે. ત્રણે લોકનું ભક્ષણ કરી પુષ્ટિ પામેલા બ્રહ્મદેવ નારાયણરૂપે કેવળ સમુદ્ર રૂપ થઇ ગયેલા ત્રૈલોક્યમાં શેષરુપી શૈય્યાઉપર નિદ્રા કરે છે. ૨૨, ૨૩. ત્યાર પછી જન લોકમાં વાસ કરનાર યોગીજનોથી ધ્યાન કરાએલા બ્રહ્મા જેટલા પ્રમાણનો દિવસ હતો તેટલા પ્રમાણની રાત્રિ જ્યારે પુરી થાય છે ત્યારે જાગ્રત થઇ ફરીથી જગત્ ઉત્પન્ન કરે છે. ૨૪. એ અનુક્રમે દિવસ, માસ, વર્ષ પુરૂં થાય છે. અને એવા સો વર્ષનું બ્રહ્માનું આયુષ્ય છે. ૨૫. હે મૈત્રેય! એ પ્રમાણે બ્રહ્મદેવનો એક પરાર્ધ પુરો થયો અને તેની છેવટમાં પાદ્મ નામનો મહા કલ્પ પ્રગટ થઇ ગયો છે. હમણા બીજા પરાર્ધમાં પ્રથમ વારાહ કલ્પનો આરંભ થયો છે. ૨૬, ૨૭.

द्वितीयस्य परार्द्धस्य वर्त्तमानस्य वैद्विज ॥
वाराह इति कल्पोयं प्रथमः परिकल्पितः ॥ २७ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પ્રથમ અંશે તૃતીયો અધ્યાય સંપૂર્ણ.

વર્ષ પુરા થાય છે તેને એક ચોકડો કહે છે. ૬ એવી એક હજાર ચોકડીના ૪૩૨૦૦૦૦૦૦૦ ચાર અબજ અને બત્રીશ કરોડ વર્ષ મનુષ્યના જાય ત્યારે બ્રહ્માનો એક દીવસ પુરો થાય છે જ્યારે બ્રહ્માનો એક દીવસ પુરો થાય ત્યારે પ્રલય થાય ને દુનીયાનો નાશ થાય, પાછી એટલા વર્ષની રાત્રી જાય તે વખતે બ્રહ્મા ઊંઘમાંથી ઉઠી પાછી સૃષ્ટી પેદા કરે છે. એવો એક દીવસ, એવા ત્રીશ દીવસનો મહીનો અને એવા બાર માસનું વર્ષ અને એવા સો વર્ષનું બ્રહ્માનું આયુષ્ય જાણવું.

* અધ્યાય ૪ થો.

મૈત્રેયઉવાચ ॥ બ્રહ્મા નારાયણાખ્યોઽસૌ કલ્પાદૌ ભગવાન્યથા ॥
સસર્જ સર્વભૂતાનિ તદાચક્ષ્વ મહામુને ॥ ૧ ॥

મૈત્રેય પ્રશ્ન કરે છે—હે મહામુનિ! આ નારાયણ નામ ધારણ કરનાર ભગવાન્ બ્રહ્મદેવે જે પ્રમાણે કલ્પના આદિમાં સર્વ પ્રાણીમાત્રને ઉત્પન્ન કર્યા તે સઘળું મને કહો ૧.

પરાશર કહે છે.—પ્રજાપતિના અંશ નારાયણ સ્વરૂપ ભગવાન્ બ્રહ્માએ જે પ્રકારે દેવોની તથા પ્રજાની સૃષ્ટિ ઉત્પન્ન કરી તે તું મારાથી શ્રવણ કર. ૨. પાદ્મકલ્પના અંતમાં અથવા તેમની રાત્રિમાં શયન કરી જાગ્રત થયા પછી તેમનામાં રહેલા સત્વ ગુણની વૃદ્ધિ થઇ ત્યારે તેઓએ (બ્રહ્માએ) તમામ લોકને શૂન્યમય જોયા. ૩. જે સર્વથી શ્રેષ્ઠ, પર, અચિંત્ય, સકલ ઐશ્વર્યથી યુક્ત તથા જે તમામ પ્રાણીઓની ઉત્પત્તિમાં કારણભૂત છે, અનાદિ છે, તેજ બ્રહ્મ સ્વરૂપ નારાયણ છે. ૪. જગત્ની ઉત્પત્તિ તથા નાશમાં કારણભૂત, બ્રહ્મસ્વરૂપી સ્વયંપ્રકાશ નારાયણ છે એમ પંડિત લોકો એ વિષયમાં એક શ્લોકનું ઉદાહરણ આપે છે કે, નાર એટલે જળ તે જળ પરમેશ્વર થકી ઉત્પન્ન થયું છે. જે વખતે આ સૃષ્ટિનો ઉદ્ભવ થયો તે વખતે આ જળ પરમાત્માનું અયન (આધાર, આશ્રય, વસતિસ્થાન) થયું હતું, માટે સર્વ શક્તિમાન્ પરમાત્માને 'નારાયણ' એ પ્રમાણે પંડિત લોકો કહે છે. ૫. ૬. તમામ જગત્ જળમય થઈ ગયું છે અને પૃથ્વી પણ જળમાં ગરકાવ થઇ ગઇ છે એમ જાણી પરમાત્માએ તેનો ઉદ્ધાર કરવાની ઇચ્છા કરી. ૭. તેણે જે પ્રમાણે કલ્પના આદિમાં મત્સ્ય, કૂર્મ, આદિ અવતાર ધારણ કર્યા હતા તે પ્રમાણે આ વખતે એક નવું વરાહ સ્વરૂપ ધારણ કર્યું. ૮. કે જે સ્વરૂપ વેદમય તથા યજ્ઞમય છે અને તેટલામાટેજ તેઓ સર્વ સૃષ્ટિની સ્થિતિમાં કારણભૂત થઈને રહ્યા છે. વળી તેનું શરીર વિકાર રહિત છે તથા સર્વ વિશ્વાત્મક થઈને તમામ લોકોના તેઓ અધિપતિ કહેવાય છે. ૯ જે વખતે જનલોકમાં રહેલા સનકાદિ (સનક, સનંદન, સનાતન, અને સનત્કુમાર) સિદ્ધ પુરૂષોએ ભગવાનની સ્તુતિ કરી તે વખતે પોતે પોતાના આધાર રૂપ (પૃથ્વી) ધારણ કરવા પ્રવૃત્ત થએલા પ્રભુ જળમાં પ્રવેશ કરી ગયા. ૧૦. જ્યારે પાતાળલોકની પણનીચે આવેલા પરમાત્માને વસુંધરાએ (પૃથ્વી) જોયા ત્યારે ભક્તિથી નમ્ર થઈ નમસ્કાર કરી તે સ્તુતિ કરવા તત્પર થઇ. ૧૧.

* આ ચોથા અધ્યાયમાં પૃથ્વી અને સનકાદિકોની સ્તુતિથી ભગવાનનો વરાહ અવતાર થશે તથા આ લોકના વિભાગનું નિરૂપણ વિગેરેની કથા કહેવામાં આવશે.

પૃથ્વી સ્તુતિ કરે છે—હે શંખ અને ગદા ધારણ કરનાર! સર્વ પ્રાણી ઓના આધાર રૂપ પરમાત્મા! તમને મારા નમસ્કાર છે. હે પરમેશ્વર! તમે મારો આ જળથી ઉદ્ધાર કરો. કારણ કે પૂર્વે તમેજ મારો ઉદ્ધાર કર્યો હતો. ૧૨ હે વિષ્ણુ! પૂર્વે તમારા પ્રતાપથીજ હું આવી હતી, તેમજ હું અને બીજા આકાશાદિ મહાભૂતો નિરંતર તમારા પ્રતાપથીજ પરિપૂર્ણછીએ. કારણકે તમેજ અમારૂં ઉપાદાન કારણ છો. ૧૩ હે પરબ્રહ્મરૂપે થનારા પુરૂષોત્તમ્! તમને નમસ્કાર કરૂં છું. પ્રધાન અને વ્યક્તિના સ્વરૂપથી કાળ રૂપ કહેવાતા હે પરમેશ્વર! તમને નમસ્કાર છે. ૧૪ સૃષ્ટિની ઉત્પત્તિ આદિ કાળમાં બ્રહ્મા. વિષ્ણુ, અને રૂદ્ર, રૂપને ધારણ કરી તમામ પ્રાણી માત્રને નિર્માણ કરનાર; પાલન કરનાર; અને નાશ કરનાર; પણ તમેજ છો. ૧૫ હે ગોવિંદ! સંહાર વખતે તમામ લોકનું ભક્ષણ કરી સમુદ્રમય કરી દીધેલાં જગતમાં વિદ્વાન લોકોને ધ્યાન કરવા યોગ્ય તમેજ શયન કરી ગયા હતા. ૧૬ તમારૂં જે ખરૂ સ્વરૂપ છે તેનું જ્ઞાન કોઈને થતું નથી. દેવતાઓ પણ તમારા અવતારિક સ્વરૂપનુંજ પૂજન કરે છે. ૧૭ મોક્ષની ઇચ્છા રાખનાર તમારૂં પૂજન અને ધ્યાન વિગેરે કરી મોક્ષપામે છે, કેમકે સર્વ શક્તિમાન્ પરમાત્માનું આરાધન કર્યા વગર કયો મનુષ્ય મોક્ષપામે? અર્થાત્ કોઇ નહી. ૧૮ હે ઇશ્વર! જે કંઇ મન, અને ચક્ષુ આદિથી ગ્રાહ્ય છે અને બુદ્ધિ આદિક વડે જેના વિભાગ ઠેરવેલા છે, એવું તમામ તમારૂંજ સ્વરૂપ છે. ૧૯ હે પ્રભુ! મને ઉત્પન્ન કરવામાં કારણ ભૂત તમે છો. તમે મારા આધાર છો માટે મેં તમારો આશ્રય કર્યો છે અને તેથી લોકો મને માધવી (પરમેશ્વરની) એ નામથી કહે છે. ૨૦ હે અખિલ જ્ઞાનમય! તમારો જય થાઓ, હે સ્થૂલ રૂપ! તમારો જય થાઓ, હે અવિનાશી! તમારો જય થાઓ, હે અનંત! તમારો જય થાઓ, હે પ્રધાન રૂપ! તથા હે મહદાદિ વ્યક્ત રૂપ! તમારો જય થાઓ. ૨૧ સર્વવિશ્વરૂપ હોવાથી વિશ્વના દરેક ઉત્કૃષ્ટ અનેનિકૃષ્ટ પદાર્થ જેનો આત્મા છે એવા હે યજ્ઞનાયક પુણ્યરૂપ પરમેશ્વર! તમારો જય થાઓ. હે અનઘ યજ્ઞપતિ! યજ્ઞ, વષટ્કાર, ઓંકાર, અને અગ્ની સ્વરૂપ તમે છો. ૨૨ તથા તમે વેદ, વેદના અંગરૂપ, યજ્ઞપુરૂષ, અને સુર્યાદિ ગ્રહો તારા, નક્ષત્ર, આદિ અખિલ વિશ્વરૂપ છો. ૨૩. હે પુરૂષોત્તમ! મૂર્ત્ત અમૂર્ત્ત, દ્રશ્ય, અદ્રશ્ય, જે કંઈ કહ્યું હોય અથવા ન કહ્યું હોય તે સઘળું હે પરમેશ્વર! તમેજ છો. તમારા વગરનું આ જગતમાં કોઈપણ સ્થાન બાકી નથી. એ બધી તમારી વિભૂતિને હું વારંવાર પ્રણામ કરૂં છું. ૨૪.

પરાશર કહે છે—હે મૈત્રેય! એ પ્રમાણે પૃથ્વીએ વરાહ ભગવાનની સ્તુતિ કરી તે વખતે પરમેશ્વરે સામવેદના સ્વરથકી ઘર્ઘર ગર્જના કરી. ૨૫. ત્યારપછી પોતાની દાઢવડે પૃથ્વીનેં ઉંચકી જેના નેત્ર ફુટ પદ્મના સરખા છે, તથા જેનો વર્ણ

નીલકમળના સરખો છે. એવા વરાહ રૂપ ધારણ કરનાર પરમાત્મા જાણે કોઈ મોટો નીલ પર્વત લાવ્યા ન હોય શું? એ પ્રમાણે પૃથ્વીને લઈ ઉપર આવ્યા. ૨૬. ઉપર આવનાર પરમાત્માના શ્વાસથી ઉછળતા જળ વડે જનલોકમાં નિવાસ કરનાર અત્યંત તેજસ્વી તથા જેનાથી સઘળા પાપ દૂર રહે છે એવા પવિત્ર સનકાદિ મુનિઓનું પ્રક્ષાલન થયું. અર્થાત્ ભગવાનના મુખનો શ્વાસ વેદરૂપ હોવાથી તેઓ નિર્મળ થયા. ૨૭. જળ થકી ભીંજાએલા પરમ સમર્થ મહાવરાહ પોતાના બળથી પૃથ્વીને ધારણ કરી તેના વેદમય શરીરથી જળનો ભાગ અલગ થવાથી અત્યંત પ્રીતિભાવના મુંસવાટા મારતા ભગવાનને મુનિઓ જોવા લાગ્યા. ૨૮. તે વરાહ ભગવાનની ખરીના અગ્રભાગથી ચૂર્ણ થએલા પાતાળમાં સઘળું જળ જવા લાગ્યું અને જનલોકમાં જેઓ નિરંતર વાસ કરનાર યોગીઓ છે તે તેના શ્વાસથી ચળાયમાન થયા. ૨૯. તે વખતે જનલોકમાં રહેનાર સનકાદિ મુનિઓ ભક્તિથી નમ્ર થઇ આનંદપૂર્ણ અંતઃકરણથી પૃથ્વીને ધારણ કરનાર, ગંભીર નેત્રવાળા વરાહ સ્વરૂપ પરમાત્માની સ્તુતિ કરે છે ૩૦

હે બ્રહ્માદિ દેવોના ઇશ કેશવ! શંખ, ચક્ર, ગદા અને ખડ્ગને ધારણ કરનાર હે પ્રભુ! તમારો જય થાઓ. આ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશમાં કારણભૂત થનાર ઈશ્વર બ્રહ્મરૂપ તે તમે છો, પરમપદ આપનાથી જુદું નથી. ૩૧. હે યૂપદંષ્ટ્ર! (સ્તંભનાસરખી સ્થળ દાઢીવાળા) પરમેશ્વર! તમે યજ્ઞપુરૂષ છો, તમારા ચરણ કમળમાં વેદ છે, તમારી દંતપંકિતમાં યજ્ઞ છે, તમારા મુખમાં અગ્નીનું સ્થાન છે. તેમજ તમારી જીભ છે તે અગ્નીનું રૂપ છે, અને તમારા કેશ છે તે દર્ભ કહેવાય છે. એટલા માટેજ આપ યજ્ઞરૂપ કહેવાઓ છો. ૩૨. હે મહાત્મન્! તમારા બે નેત્ર રાત તથા દિવસ છે. તમારું મસ્તક સર્વના આધારભૂત બ્રહ્મપદ છે. તમારી શટાકલાપ (સ્કંધના કેશ) વેદના સૂકત છે, અને તમારો નાસિકા હોમદ્રવ્ય છે. ૩૩. હે દેવ! તમારું મુખ સ્રુચ નામનું યજ્ઞપાત્ર છે. તમારો ગંભીર શબ્દ સામવેદનો નાદ છે. તમારું શરીર હોમશાળાનો પૂર્વભાગ છે. સર્વ યજ્ઞો એ તમારી દ્વાદશ સંધિઓ છે. તમારા કર્ણ શ્રૌત તથા સ્માર્ત નામના ધર્મ છે. એવા હે સનાતનાત્મન્ ભગવાન્! પ્રસન્ન થાઓ પ્રસન્ન થાઓ. ૩૪. હે અવિનાશી વિશ્વરૂપ! તમારા ચરણમાં પૃથ્વી વ્યાપ્ત છે. જગતના ઉત્પાદક તથા પાલક પણ તમે જ છો, એમ અમે જાણીએ છીયે. તેમજ આ સઘળા સ્થાવર, જંગમાત્મક વિશ્વનાનાથ પણ તમે જ છો. માટે હે પરમેશ્વર! તમે પ્રસન્ન થાઓ. ૩૫ હે જગન્નાથ! તમે પોતાની દાઢ ઉપર ધારણ કરેલું આ અખિલ ભૂમંડળ, જેમ કોઈ કમળ વનનો નાશ કરનાર ગજેંદ્રના દાંત ઉપર લાગેલું કાદવવાળું એકાદ કમળ પત્ર હોય નહિ શું. એવું દેખાય છે. ૩૬ હે પ્રભુ! પૃથ્વી અને આકાશનો મધ્ય ભાગ તમારા શરીરમાં વ્યાપ્ત થયો છે. તમારો પ્રકાશ સર્વ વિશ્વને વ્યાપ્ત કરવામાં સમર્થ છે. તેથીજ હે પ્રભુ! તમારા યોગવડે વિશ્વનું

કલ્યાણ થાય છે. ૩૭ હે જગત્પતિ ! તમે એકજ છો, તમારા વગર આ જગત્માં કંઈ નથી આ ચર અને અચર જગત્ જે વ્યાપ્ત થયું છે તે માત્ર તમારો મહીમા છે. ૩૮ તમે જ્ઞાનાત્મા છો. આ સાકાર વિશ્વ દેખાય છે, તે તમારું જ્ઞાન સ્વરૂપ છે, પરંતુ અજ્ઞાની લોક જગત્ને ભૂતમય દેખે છે. એવો યોગ નહિં જાણનાર મૂર્ખ લોક ભ્રાંતિ છે એમ કહે છે. ૩૯ અજ્ઞાની મનુષ્ય આ જગત્ કેવળ જ્ઞાન સ્વરૂપ હોવા છતાં, જડ પદાર્થ રૂપ માની મોહરૂપ સંસાર સાગરમાં ભમ્યા કરે છે. ૪૦ પરંતુ હે ઇશ્વર ! જે શુદ્ધ અંતઃકરણનો જ્ઞાની છે તે આ સર્વ જગત્ જ્ઞાન-રૂપી તમારૂંજ સ્વરૂપ છે એમ સમજે છે. ૪૧ હે અપરિમિત શરીર વાળા ! હે સર્વાત્મન્ ! હે કમળ સરખા નેત્ર વાળા ! પ્રસન્ન થાઓ, અને જગત્ની ઉત્પત્તિ થવા માટે આ પૃથ્વીને ઉપર કાઢી અમને શાંતિ આપો. ૪૨ હે ગોવીંદ ભગવાન ! તમે સત્વગુણથી પરિપૂર્ણ છો, માટે હે કમળનેત્ર ! જગત્ની ઉત્પત્તિ થવા સારૂ આ પૃથ્વીને ઉપર લાવી અમને શાંતિ આપો. ૪૩ હે કમળેક્ષણ ! જગત્ને ઉપકાર કરનારી જગત્ની ઉત્પત્તિ કરવાના વિષયમાં તમારી પ્રવૃત્તિ થાઓ. હે પરમેશ્વર ! અમે તમને નમસ્કાર કરીએ છીએ. માટે અમને સુખ આપો ૪૪ પરાશર કહે છે એપ્રમાણે સનકાદિ દેવોએ પૃથ્વીને ધારણ કરનાર પરમાત્માની સ્તુતિ કરી તે વખતે પૃથ્વીને જળમાંથી બહાર કાઢી મહાસમુદ્ર ઉપર મુકી. ૪૫. હે મૈત્રેય ! તે પૃથ્વી સમુદ્રની ઉપર નૌકાપ્રમાણે રહેલી છે. અને તેના દેહનો અતીશય વિસ્તાર હોવાછતાં સમુદ્રમાં બુડીજતી નથી. ૪૫ ત્યાર પછી અનાદિ પરમેશ્વરે પૃથ્વીને સરખી કરી તે ઉપર યથાવિભાગ પ્રમાણે પર્વતની રચના કીધી. ૪૭ જેની ઇચ્છા કોઈ વખત નિષ્ફળ થતી નથી એવા પરમાત્માએ પૂર્વ કલ્પને-અંતે દગ્ધ થઈ ગયેલા તમામ પર્વતોને પોતાના સામર્થ્યથી આ પૃથ્વી ઉપર નિર્માણ કર્યા. તદનંતર યોગ્ય પ્રકારે પૃથ્વીના સપ્તદ્વીપ રૂપ વિભાગ કરી ભૂ આદિચાર લોકની પૂર્વપ્રમાણે યોજના કરી. ૪૯ પછી બ્રહ્માનું રૂપ ધારણ કરનાર અને રજોગુણથી યુક્ત થએલા ચતુર્મુખવાળા ભગવાન્ શ્રીહરી સૃષ્ટિ ઉત્પન્ન કરવાતત્પર થયા. ૫૦ પ્રાણીમાત્રની ઉત્પત્તિમાં પરમાત્મા નિમિત્ત માત્ર છે, કારણકે પરમાત્માની સૃજ્ય શક્તા છે તેજ ઉત્પન્ન કરવાનું મુખ્ય કારણ છે. ૫૧ હે મુનિશ્રેષ્ઠ મૈત્રેય ! સૂક્ષ્મ અવસ્થામાં થનારો આવિશ્વરૂપ વસ્તુ પોતાનો પરિણામ શક્તિમાં સ્થૂળરૂપ છે. એમ હોવાથી એક પરમાત્મારૂપ નિમિત્ત કારણ કહિને બીજા કોઈની અપેક્ષા હોતિ નથી. ૫૨.

निमित्तमात्रमुत्त्वैकं नान्यत्किंचिदपेक्ष्यते ॥
नीयते तपसां श्रेष्ठ स्वशक्त्या वस्तु वस्तुताम् ॥ ५२ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પ્રથમ અંશે ચતુર્થો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૫ મો.*

मैत्रेयउवाच ॥ यथा ससर्ज देवोसौ देवर्षिपितृदानवान् ।
मनुष्यतिर्यग्वृक्षादीन्भूव्योमसलिलौकसः ॥ १ ॥

મૈત્રેય પ્રશ્ન કરે છે—હે દ્વિજ ! આ બ્રહ્મરૂપ ધારણ કરનાર પરમેશ્વરે, દેવ, ઋષિ, મનુ પિતૃ, દાનવો, મનુષ્યો, પશુ, પક્ષી, વૃક્ષઆદિ વિગેરે તમામ પૃથ્વી, આકાશ, અને જળનાં પ્રાણીઓને જે પ્રકારે ઉત્પન્ન કર્યા તે આપ કથન કરો. ૧. તેમજ તેઓના જેવાગુણ, સ્વભાવ, રૂપ વિગેરે સૃષ્ટિની આદિમાં બ્રહ્માએ જે ઉત્પન્ન કર્યું હોય તે પણ મને વિસ્તારથી કહો. ૨.

પરાશર કહે છે—હે મૈત્રેય ! જેપ્રમાણે બ્રહ્મસ્વરૂપ પરમેશ્વરે દેવાદિકને ઉત્પન્ન કર્યા તેહું તને કહું છું તે તું સાવધાન થઈ શ્રવણકર. ૩ પૂર્વ સમયમાં કલ્પના આદિભાગમાં જેવી સૃષ્ટિ હતી તેવી ઉત્પન્ન કરવાનો વિચાર કરતા હતા એટલામાં અજ્ઞાનથી તમોમય સર્ગ ઉત્પન્ન થયો. અર્થાત્, તમ, મોહ, મહામોહ, તામિસ્ર. અ પાંચ પ્રકારની તમોમય સૃષ્ટિ ઉત્પન્ન થઈ. એ ઉત્પન્ન થએલી પાંચ પ્રકાર ની તમોમયસૃષ્ટિ અવિદ્યા કહેવાય છે. ૪. ૫. જેને પોતાના વિષયનું, અથવા શબ્દાદિ બાહ્ય વિષયનું, અને સુખાદિક આંતરવિષયનું જ્ઞાન નથી, એવી પાંચ પ્રકારની સ્થાવર સૃષ્ટિ બ્રહ્માનાધ્યાનમાત્રથી ઉત્પન્ન થઈ. ૬ જગત્માં પ્રથમસ્થાવર સૃષ્ટિ ઉત્પન્ન થઇ માટે તે મુખ્ય કહેવાય છે. આ સૃષ્ટિ પુરૂષાર્થ વિષયમાં પ્રયત્ન કરનારો નથી, એમ જાણીને બ્રહ્મા ફરીથી બીજી સૃષ્ટિના વિષયમાં વિચાર કરવા લાગ્યા. ૭ તે વિચાર કરેછે એટલામાં તિર્યક્સ્રોત્ સૃષ્ટિ ઉત્પન્ન થઈ એને તિર્યક્સ્રોત્ કહેવાનું કારણ એ છે કે તે આહાર, સંચાર જીવિત્, એટલે કોઇ પણ પદાર્થનું ભક્ષણ કરેછે તેની તેના ઉદરમાં અવળી ગતી થાય છે. ૮ આ સૃષ્ટિમાં તમોગુણ અધિક હોવાથી કુમાર્ગે ગમન કરનાર અને અજ્ઞાનમાં જ્ઞાનમાનનાર પશુ પક્ષી વિગેરે કહેવાય છે. ૯ એઓના સર્વ કર્મ તથા જ્ઞાન અહંકારયુક્ત અઠ્ઠાવિશ પ્રકારના છે. અને તેના અંતરમાં જ્ઞાન હોય છે પણ પરસ્પર વિષયોમાં તેને જાત્યાદિ જ્ઞાન બાલકુલ નથી. ૧૦. આ સૃષ્ટિ પણ પુરૂષાર્થ સાધનારી નથી. એ પ્રમાણે જોઇને બ્રહ્માફરીથી વિચાર કરે છે એટલામાં ઉર્ધ્વસ્રોતનામની ત્રીજી સૃષ્ટિ ઉત્પન્ન થઈ, એ સૃષ્ટિ અત્યંત શાંત અને સાત્વિક છે. ૧૧. તે ઉર્ધ્વ સૃષ્ટિમાં લોકોને સુખવિષય ઉપર ઘણો પ્રેમ હોય છે. તેને બહારનું અને અંદરનું કોઈ પણ પ્રકારનું અજ્ઞાન

* આ પાંચમા અધ્યાયમાં અવિદ્યાની મુખ્ય સૃષ્ટિ, તથા પશુ, પક્ષી, મનુષ્યઆદિ તમામ-પ્રાણીઓની અપરા સૃષ્ટિનું વર્ણન કરવામાં આવશે.

હોતું નથી. અર્થાત્ તેને બન્ને પ્રકારનું જ્ઞાન હોય છે. ૧૨. આ ઉત્પન્ન થએલા ત્રીજો સર્ગ દેવસર્ગ કહેવાય છે. તેને પરિપૂર્ણ જ્ઞાન હોવાથી બ્રહ્મા તેની ઉપર ઘણાજ પ્રસન્ન થયા. ૧૩. આગળ બતાવેલા મુખ્યાદિ ત્રણ સર્ગમાં કોઈપણ પુરૂષાર્થ સાધક નથી એમ જોઈ બ્રહ્માએ પુરૂષાર્થ સાધન કરનારી બીજી ઉત્તમ સૃષ્ટિ ઉત્પન્ન કરવાનો વિચાર કીધો. ૧૪. પરમાત્માનું ચીંતન કરનાર બ્રહ્મા, એ પ્રમાણે વિચાર કરે છે એટલામાં પુરૂષાર્થ સાધક અર્વાક્સ્રોત નામની નવી સૃષ્ટિ ઉત્પન્ન થઈ. ૧૫. એ સૃષ્ટિ અવ્યક્ત (માયા) થી નિર્માણ થઈ છે. તેની આહારની ગતી અધોમુખ હોવાથી એનું અર્વાક્સ્રોત એવું નામ આપ્યું છે. એઓના મધ્યમાં સત્વગુણનો પ્રકાશ પૂર્ણતા પામ્યો છે, તથા તમોગુણ પણ ઘણો છે, અને રજોગુણ પણ એનામાં અધિક છે. ૧૬. એટલા કારણ માટે તેઓ ઘણું દુઃખ ભોગવે છે, તથા વારંવાર તેઓ કર્મ કરે છે. એને બહારનું તથા અંદરનું જ્ઞાન હોવાથી મનુષ્ય સૃષ્ટિ કહે છે. એજ સૃષ્ટિ પુરૂષાર્થ સાધન કરનારી છે. ૧૭. હે મૈત્રેય ! તને આ છ પ્રકારની સૃષ્ટિ કહી બતાવી. પહેલી મહત્તત્વની સૃષ્ટિ બ્રહ્માથી થઇ છે. ૧૮. બીજી મહાભૂતની સૃષ્ટિ તન્માત્રથી ઉત્પન્ન થઈ છે. ત્રીજી ઇંદ્રિઓની સૃષ્ટિ વૈકારિક અહંકારથી થઈ છે. ૧૯. એ ત્રણ પ્રકારની સૃષ્ટિને પ્રાકૃત સર્ગ કહે છે, જે અજ્ઞાન પ્રકૃતિથી ઉત્પન્ન થયો છે. ચોથી મુખ્ય સૃષ્ટિ છે. સર્વ સ્થાવર પદાર્થને મુખ્ય કહે છે. ૨૦. પાંચમી તિર્યક્સ્રોત સૃષ્ટિ પશુ પક્ષી આદિ પ્રાણિઓમાં કારણભૂત છે. છઠ્ઠી ઉર્ધ્વસ્રોત સૃષ્ટિ દેવસર્ગની કહેવાય છે. ૨૧. તથા અર્વાક્સ્રોતની જે સૃષ્ટિ છે, તે સાતમી કહેવાય છે, તેને મનુષ્ય સૃષ્ટિ કહે છે. અને આઠમી અનુગ્રહ નામની સાત્વિક અને તામસો સૃષ્ટિ છે. ૧૯–૨૨. આ આઠ સૃષ્ટિઓમાંની છેવટની પાંચ સૃષ્ટિ વૈકૃત સૃષ્ટિ કહેવાય છે, કારણ કે તે વિકારથી થએલી છે અને પહેલી ત્રણ પ્રાકૃત સૃષ્ટિ કહેવાય છે. એ પ્રકારે પ્રાકૃતના ત્રણ પ્રકાર અને વૈકૃતના પાંચ પ્રકાર મળી આઠ પ્રકારની અને કૌમાર નામની એક સૃષ્ટિ મળી નવ પ્રકારની સૃષ્ટિ છે, એમ જાણવું. ૨૩ હે મૈત્રેય ! આ પ્રમાણે બ્રહ્મદેવની નવ સૃષ્ટિ તને કહી, તેમાં પ્રાકૃત અને વૈકૃત એ બે સૃષ્ટિ જગતનું મૂળ કારણ છે. આ તમામ સૃષ્ટિ, વિશ્વને ઉત્પત્તિ કરનાર પરમેશ્વરનીજ છે. એ પ્રમાણે જાણવું. હે મૈત્રેય ! હવે બીજું તારે શું સાંભળવું છે તે મને કહે. ૨૪.

મૈત્રેય પ્રશ્ન કરે છે—હે ઋષિશ્રેષ્ઠ મુનિ ! આ તો તમે દેવાદિનો સર્ગ સંક્ષેપથી કહ્યો; પણ મારે તો વિસ્તારથી સાંભળવાની ઈચ્છા છે, માટે આપ તમામ ઉત્પત્તિ કથન કરો. ૨૬.

પરાશર કહે છે—હે મૈત્રેય! પૂર્વે દેવથી આરંભ કરી સ્થાવરના અંત સુધીની તમામ પ્રજાઓ પર તેના સારા માઠાં કર્મથી જે બળવાન સંસ્કાર થયો હતો, તેનો

પ્રલયકાળમાં સંહાર થાય છે છતાં તદ્દન નાશ થતો નથી, એટલા માટે જ્યારે બ્રહ્મા સૃષ્ટિ કરવા તત્પર થયા, ત્યારે તેનાથી સ્થાવર, તિર્યક્ યોનિ, મનુષ્ય, અને દેવ, એ ચાર સૃષ્ટિ ઉત્પન્ન થઈ, તે બ્રહ્માની માનસસૃષ્ટિ કહેવાય છે. ૨૬–૨૭ તદનંતર દેવ, અસુર, પિતૃ, અને મનુષ્ય, એ ચાર પ્રકારની અંભસ્ નામની સૃષ્ટિ નિર્માણ કરવાની ઇચ્છાથી બ્રહ્મદેવે પોતાનું શરીર જોડયું. એ પ્રમાણે જ્યારે બ્રહ્માએ સૃષ્ટિ ઉત્પન્ન કરવા મન લગાડયું, ત્યારે (ઉત્પન્ન થનારા પ્રાણીઓના પ્રારબ્ધથી) તેનાં અંગમાં તમોગુણની વૃદ્ધિ થઇ તેથી બ્રહ્માની જાંઘમાંથી અસુર ઉત્પન્ન થયા. ૨૮–૨૯. હે મૈત્રેય! ત્યાર પછી બ્રહ્માએ પોતાના શરીરમાંથી તમોગુણનો અંશ કાઢો નાંખ્યો. તે કાઢી નાંખેલા તમોગુણના અંશથી વિભાવરી (રાત્રીરૂપ સ્ત્રી) ઉત્પન્ન થઇ. ૩૦. ત્યાર પછી બ્રહ્માએ સાત્વિક શરીરનો અંગિકાર કર્યો અને સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઇચ્છા કરી; તે વખતે તેમને સંતોષ થયો. તેથી તેના મુખથી જેમાં સત્ત્વગુણ અધિક છે એવા દેવ અને બ્રાહ્મણો ઉત્પન્ન થયા. ૩૧. ફરીથી બ્રહ્માએ પોતાના સાત્વિક શરીરનો ત્યાગ કર્યો તેથી સત્વગુણ પૂર્ણ દિવસ થયો. એટલા માટે રાત્રીએ અસુર બળવાન અને દિવસે દેવતાઓ બળવાન થાય છે. ૩૨ ફરીથી બ્રહ્માએ સાત્વિક સ્વરૂપ ધારણ કર્યું અને પોતે સૃષ્ટિના પિતા છે એમ માન્યું. તે વખતે તેના પાંસાથી પિતૃઓ ઉત્પન્ન થયા. આ પ્રમાણે પિતૃઓની સૃષ્ટિ ઉત્પન્ન થતાં બ્રહ્માએ પોતાના શરીરનો ત્યાગ કર્યો, તેથી દિવસ અને રાત્રીના અંતવર્તિ સમય (સંધ્યા) ની ઉત્પત્તિ થઇ ૩૩–૩૪. હે મૈત્રેય! તદનંતર બ્રહ્માએ રજોગુણના અંશથી પરિપૂર્ણ બીજું શરીર ઉત્પન્ન કીધું. તે શરીરમાંથી રજોગુણથી યુક્ત મનુષ્યો ઉત્પન્ન થયા ૩૫. બ્રહ્માએ તે શરીરનો પણ ત્યાગ કર્યો તેથી તે શરીરનો સુંદર પ્રકાશ થયો, તેને પહેલી સંધ્યા એટલે પ્રાતઃકાળ એમ કહે છે. માટે પ્રાતઃકાળમાં મનુષ્યો બળવાન અને સંધ્યાકાળમાં પિતૃઓ બળવાન થાય છે ૩૬–૩૭. હે મૈત્રેય! ત્રિગુણાત્મકજ્યોત્સ્ના, રાત્રી, દિવસ, અને સંધ્યા એ ચાર સત્વાદિ ગુણનો આશ્રય કરનાર બ્રહ્માના શરીર છે ૩૮. ત્યાર પછી બ્રહ્માએ રજોગુણના અંશથી બીજું શરીર ધારણ કર્યું. તેનાથી ક્ષુધા અને ક્રોધ ઉત્પન્ન થયા. ૩૯. એ બ્રહ્માએ ક્ષુધાથી વ્યાપ્ત થઈ ક્ષુધાથી કૃશ થયેલા પ્રાણીઓને અંધકારમાં ઉત્પન્ન કર્યા; તેઓ રૂપ વગરના તથા ઘણા વાળવાળા હતા. તે બધા બ્રહ્માનું ભક્ષણ કરવા તેમની પાછળ દોડયાં. તેમાંથી જેઓને બ્રહ્માએ "અરે એમ ન કર આ સૃષ્ટિનું રક્ષણ કર" એમ કહ્યું તે રાક્ષસો થયા, અને બીજા લોકો "અમે ખાઈએ છીએ એપ્રમાણે કહ્યું" તે યક્ષ કહેવાયા. ૪૦–૪૧. આવા પ્રકારની અપ્રિય સૃષ્ટિ જોઇને બ્રહ્માના કેશ ગળી પડયા અને ફરી પાછા તેમના મસ્તક ઉપર જઇને રહ્યા. ૪૨. તે સર્પણ શીરપર ચઢવાથી તેઓનું સર્પ એવું નામ પડયું, અને જેઓ

મસ્તક ઉપરથી ગળી પડયા, તેઓ અહિ કહેવાયા. ત્યાર પછી બ્રહ્માને ક્રોધ ચડયો. તેથી તેણે ક્રોધ કરનાર પ્રાણી ઉત્પન્ન કર્યા. ૪૩. તેઓ રંગે પીળા, સ્વભાવે ઉગ્ર, અને માંસ ખાનાર હતા. તેઓને ભૂત એવું નામ આપવામાં આવ્યું. તદન તર બ્રહ્માની વાણી શ્રવણ કરવાથી ગંધર્વ એ નામના પ્રાણી ઉત્પન્ન થયા. ૪૪ હે મૈત્રય ! એ લોકો ગાયન કરતા કરતા જન્મ્યા માટે તેઓ ગંધર્વ એ નામથી એ ળખાયા ત્યારપછી બ્રહ્મા પૂર્વ સંસ્કારને અનુસરી સ્વચ્છંદતાથી ફરીથી સૃષ્ટિ ઉત્પન્ન કરવામાં પ્રવૃત્ત થયા ૪૫. બાદ પોતાની ઇચ્છા શક્તિપ્રમાણે વયથી પક્ષી, વક્ષથી મેષ, (ઘેટાં) અને મુખથી અજાને ઉત્પન્ન કર્યા ૪૬. ઉદરથી ગર્દભ, બે પાંસાથી ગાયો, તથા પગથકી ઘોડા, હાથી, તીડ, રોઝ, મૃગ, ઊટ ખચ્ચર, ઘણા શીંગડાવાળા હરણ (સાબર) અને બીજી પશુ જાતી બ્રહ્માએ ઉત્પન્ન કરી. તથા બ્રહ્માએ પોતાના શરીરના રૂંવાટાથી ફળ અને મૂળવાળી આષધો ઉત્પન્ન કરી. ૪૭. ૪૮. હે મૈત્રય ! કલ્પના આરંભમાં બ્રહ્માએ પશુ અને ઔષધો ઉત્પન્ન કરી ત્રેતા યુગના આરંભમાં યજ્ઞમાં તે પશુ તથા ઔષધીની યોજના કરી. ૪૯. ગાય, બકરાં, ઘેટાં, ઘોડા, ખચ્ચર, અને ખર, એટલા ગ્રામ્ય પશુ જાણવા. હવે બીજા અરણ્યમાં રહેનાર પશુઓનાં નામ કહું છું તે તું શ્રવણ કર, ૫૦. માંસ ખાનાર વાઘ આદિ શ્વાપદ, સાબર વિગેરે બેખરીવાળા, હાથી, વાનર, એ ચાર, પાંચમા પક્ષીઓ, છઠ્ઠા કાચબા વિગેરે જળમાં ઉત્પન્ન થનારા પ્રાણીઓ, સાતમા જળરૂપ અને ઘો વિગેરે એ સર્વ અરણ્યક, એટલે અરણ્યમાં રહેનારા છે. ૫૧. બ્રહ્માને ચાર દિશાના ચાર મુખ છે. તેમાં પ્રથમ પૂર્વ દિશાના મુખથી તેમણે ગાયત્રી છંદ, ઋગ્વેદ, ત્રિવૃત્ નામનો ઋચાનો સમુદાય, રથંતર નામનો સામવેદનો ભાગ અને યજ્ઞોમાં અગ્નિષ્ટોમ નામનો યજ્ઞ વિગેરે ઉત્પન્ન કીધાં. ૫૨. દક્ષિણમુખથકી, યજુર્વેદ, ત્રિષ્ટુપ્ છંદ, પંચદશ નામનો ઋક્સમૂહ, બૃહત્સામ નામનો સામવેદનો ભાગ, અને ઉક્થ નામનો યજ્ઞ, વિગેરે ઉત્પન્ન કર્યા. ૫૩. પોતાના પશ્ચિમ મુખથી, સામવેદ, જગતીછંદ, સપ્તદશ નામનો ઋક્સમૂહ, વૈરૂપ નામનો સામવેદનો ભાગ, અને અતિરાત્ર નામને યજ્ઞ વિગેરે ઉત્પન્ન કર્યાં ૫૪. પોતાના ચોથા ઉત્તરમુખથી, અથર્વેદ, એકવીશ નામનો ઋક્સમૂહ, આપ્તોર્યામા નામનો યજ્ઞ, અનુષ્ટુપ્છંદ, અને વૈરાજ નામનો સામવેદનો વિભાગ વિગેરે ઉત્પન્ન કર્યા. ૫૫. એ શીવાય બીજા કેટલાક નાના મોટા પ્રાણીઓ બ્રહ્માએ પોતાના અવયવોથી ઉત્પન્ન કર્યા. એ પ્રકારે કલ્પના આરંભમાં દેવ, અસુર, મનુષ્ય અને પિતૃઓની સૃષ્ટિ નિર્માણ કરી. પછી યક્ષ, પિશાચ, ગંધર્વ અપ્સરાનો સમુદાય. તથા કિન્નર, રાક્ષસ, પશુ, પક્ષી, મૃગ, અને સર્પ આદિ ઉત્પન્ન કીધાં. ૫૬–૫૭. હે મૈત્રય ! હમણા જે અવિનાશી, તથા નાશવંત, સ્થાવર, અને જંગમ પદાર્થવાળી સૃષ્ટિ જોવામાં આવે છે એ સઘળું સર્વ શક્તિમાન પરમે-

શ્વર જગત્‌ના આદિકર્તા બ્રહ્માએ નિર્માણ કીધું છે. ૫૮. એ પ્રમાણે જ્યારે જ્યારે સૃષ્ટિ ઉત્પન્ન કરવામાં આવી છે ત્યારે ત્યારે પૂર્વ સૃષ્ટિમાં જેઓએ જેવા કર્મ અંગીકાર કર્યા હતા તેવાંજ કાર્ય પ્રત્યેક સૃષ્ટિમાં તેઓને પ્રાપ્ત થયાં. ૫૯ પૂર્વ કર્મના સંસ્કારપ્રમાણે, ધર્મ, અધર્મ, હિંસા, અહિંસા, ક્રોમળ, ક્રુર, અને ખરાપણું અથવા ખોટાપણું વિગેરેની પ્રાપ્તી થયા કરે છે. માટેજ તેઓને તેવાં ધર્મો રૂચે છે. ૬૦. નેત્રાદિ ઇન્દ્રિઓ, શબ્દાદિ વિષયો, પંચમહાભૂત, નાનાપ્રકારના શરીરો તેનો ઉપયોગ અને તેની વ્યવસ્થા વિગેરે સઘળું સર્વ શક્તિમાન્ પરમેશ્વર બ્રહ્માએ ઉત્પન્ન કર્યું છે. ૬૧. તે પ્રમાણે દેવાદિકના નામો, તેની આકૃતી, તેનાથી થયેલાં કર્મોના અવાંતર ભેદ તે પણ તેમણે વેદના વાક્યઉપરથી કર્યા છે. ૬૨. યજ્ઞોના નિયોગને યોગ્ય એવા સર્વ ઋષિઓના નામ જે પ્રમાણે વેદમાં કહ્યા છે તે પ્રમાણે તેઓએ કીધાં છે. ૬૩. હે મૈત્રેય ! જેપ્રમાણે વર્ષા બદલાતાં વસંતઆદિ ઋતુઓનાં ચિન્હો બદલાયછે અને પ્રત્યેક વર્ષમાં તેના તેજ હોય છે, તે પ્રમાણે પ્રત્યેક કલ્પમાં દેવાદિ પ્રાણી, અને તેઓના કર્મો વિગેરે પૂર્વના કલ્પપ્રમાણે થયા કરે છે ૬૪. એપ્રમાણે પ્રત્યેક કલ્પની શરૂઆતમાં ઉત્પન્ન કરવા યોગ્ય શકિતથી સૃષ્ટિ કરવાના વિષયમાં પ્રવૃત્ત થએલા બ્રહ્મા સૃજ્ય શકિતથી યુકત થઇ વારંવાર સૃષ્ટિ ઉત્પન્ન કરે છે. ૬૫

करोत्येवंविधां सृष्टिं कल्पादौ स पुनः पुनः ॥
सिसृक्षाशक्तियुक्तोऽसौ सृज्यशक्तिप्रचोदितः ॥ ६५ ॥
इतिश्री विष्णुपुराणे प्रथम अंशे पंचमो अध्याय संपूर्ण.

---

* અધ્યાય ૬ ઠ્ઠો.

मैत्रेय उवाच ॥ अर्वाक्स्रोतस्तु कथितो भवता यस्तु मानुषः ॥
ब्रह्मन् विस्तरतो ब्रूहि ब्रह्मा तमसृजद्यथा ॥ १ ॥

મૈત્રેય પુછે છે–હે બ્રહ્મન્ ! આપે મને અર્વાકસ્રોત નામના મનુષ્યોની કથા કહી, એ સૃષ્ટિ બ્રહ્માએ કેવે પ્રકારે ઉત્પન્ન કરી, તેમજ બ્રાહ્મણ આદિ ચાર વર્ણો તથા સત્વાદિ ત્રણ ગુણો કેવે પ્રકારે ઉત્પન્ન કર્યા, અને બ્રહ્માદિકના કર્મો કેવા પ્રકારના છે એ મને વિસ્તારપૂર્વક કહી બતાવો ૧–૨.

પરાશર કહે છે–હે બ્રાહ્મણ શ્રેષ્ઠ મૈત્રેય ! પરમાત્માનું ધ્યાન કરનાર બ્રહ્મા

---

* આ છઠ્ઠા અધ્યાયમાં અર્વાકસ્રોતના સ્વર્ગ, તેનું વર્ણન, તેનાં કર્મ, અને સત્વાદિગુણોની ભાવનાથી દેવલોકમાં થનારી ગતી વિગેરે બાબતો કહેવાશે.

જ્યારે જગત્ ઉત્પન્ન કરવાની ઇચ્છા કરતા હતા તેવખતે તેના મુખથી સત્વગુણમય પ્રજા ઉત્પન્ન થઇ. ૩. એપ્રમાણે બ્રહ્માના વક્ષઃસ્થળથી રજોગુણમય પ્રજા ઉત્પન્ન થઈ તથા ઉરૂસ્થળથી રજોગુણ અને તમોગુણથી યુક્ત એવી પ્રજા ઉત્પન્ન થઈ. ૪. હે મૈત્રેય ! ત્યાર પછી બ્રહ્માએ પોતાના ચરણથી તમોગુણ જેમાં પ્રધાન છે એવી બીજી પ્રજા ઉત્પન્ન કરી. એ પ્રકારે ઉક્તપ્રજાના ચાર વર્ણ કહેવાય છે. મુખ, વક્ષઃસ્થળ, ઉરૂ, અને ચરણ, એએાથી ઉત્પન્ન થએલી પ્રજા તે અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય, અને શૂદ્ર, એ નામથી ઓળખાય છે. ૫–૬. હે મહાભાગ ! બ્રહ્માએ યજ્ઞની નિષ્પત્તિ માટે એ ચાર વર્ણ ઉત્પન્ન કરી છે, કારણ કે એ ચાર વર્ણ યજ્ઞના ઉત્કૃષ્ટ સાધનભૂત છે. ૭. જગત્ના કલ્યાણ માટે યજ્ઞજ કારણભૂત ગણાય છે. કારણકે યજ્ઞથી દેવતાઓ પ્રસન્ન થઇને વૃષ્ટિ આદિ વડે લોકોનું પોષણ કરે છે ૮. પોતાના ધર્મમાં તત્પર શુદ્ધ આચરણવાળા, સન્માર્ગે ચાલનાર સત્પુરૂષો યજ્ઞ કરે છે. ૯. હે મુનિ ! મનુષ્ય, યજ્ઞવડે સ્વર્ગ તથા મોક્ષને પ્રાપ્ત કરે છે, એટલુંજ નહિં પણ જે માણસને જેવા પદની ઇચ્છા થાય તેવા પદને તે સ્વતઃ પ્રાપ્ત કરે છે. ૧૦. હે મુનિવર ! બ્રહ્માએ ચાતુર્વર્ણ્યની વ્યવસ્થા માટે પોતાના મુખ આદિ સ્થાનથી ઉત્પન્ન કરેલી તે પ્રજા ઉત્તમ પ્રકારે શ્રદ્ધાવાન્ અને સદાચારમાં આસક્ત થઇ ૧૧. પોતાની ઇચ્છાનુસાર જગ્યામાં નિવાસ કરી રહેવાથી તેઓને કોઇપણ પ્રકારની પીડા થતી નથી. તેઓ અંતઃકરણ શુદ્ધ રાખી. સર્વ પ્રકારના સત્કર્માનુષ્ઠાનમાં તત્પર રહે છે જેથી તેને કંઇપણ ઉપદ્રવ થતો નથી અને એટલામાટેજ બ્રહ્માએ તેઓને ઉત્પન્ન કર્યા છે. ૧૨. તેઓનું (મનુષ્યનું) અંતઃકરણ પવિત્ર તથા મન શુદ્ધ થવાથી પરમાત્મા-સંબંધી શુદ્ધ જ્ઞાન તેઓને થાય છે. એ જ્ઞાનદ્વારા વૈષ્ણવાખ્ય પદ અર્થાત્ જેને બ્રહ્મપદ કહીએ છીએ તે પદને પમાય છે. ૧૩. હે મૈત્રેય! પૂર્વે મેં તને જે કાળરૂપ પરમેશ્વરનો અંશ કહ્યો છે. તે પ્રથમ અતી બળવાન નહીં પણ ક્રમપ્રમાણે ઉત્તરોત્તર બળવાન. થનારા અધર્મના કારણભૂત, અજ્ઞાન તથા લોભનું ઉત્પત્તિસ્થાન તેમજ પાતકોનું મુખ્ય કારણ દ્વેષાદિકનો પ્રજા ઉપર સંચાર કરે છે. ૧૪. ૧૫. હે મૈત્રેય ! આગળ કહ્યાપ્રમાણે રાગ દ્વેષાદિના કારણને લીધે સહજસિદ્ધિ, (થોડે પ્રયાસે પ્રાપ્ત થાય એવી સિદ્ધિ) તથા રસોલ્લાસ, ત્રાસ, આદિ અષ્ટ મહાસિદ્ધિઓ ધીમે ધીમે ઓછી થવા લાગી અને પાપનો વધારો થતો ગયો, તેથી તે સઘળી પ્રજાને શીતોષ્ણાદિ દ્વંદ્વ દુઃખોએ ઘેરી લીધી તેથી કરીને તે પ્રજાપીડા ભોગવવા લાગી, ૧૬–૧૭. હે મહામુનિ મૈત્રેય! ત્યારપછી પોતાને ચોર અથવા શત્રુની પીડા નહિં થાય એટલા માટે પોતાને રહેવાના સ્થાનને ઘાટીઝાડી, પર્વત અને જળથી વેષ્ટિત કરી તથા કૃત્રિમ દુર્ગ, પુર, શેહેર, ગામ, ઇત્યાદિની વ્યવસ્થા કરી પોતાને ટાઢ, તાપ, વગેરેથી પીડા ન થાય માટે કરેલાં નગરોમાં તેઓએ (વાસ્તુશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે) યથા

રીતિએ ઘર બનાવ્યાં. ૧૮–૧૯. એ પ્રમાણે ટાઢ, તાપ વીગેરેથી બચાવની યથાર્થ પ્રકારે તજવીજ કર્યા પછી તે પ્રજા પોતાની આજીવિકાના સાધનો, પોતાને હાથે પ્રાપ્ત થનારા શીલ્પાદિ કર્મો, તથા કષ્ટથી ફળ આપનારી કૃષિ (ખેતી) વીગેરે કર્મ કરવા લાગ્યા. ૨૦. હે મુનિ ! વ્રીહિ (મોટું ભાત) યવ, ઘઉં, નાનું ભાત, તલ, દાળ, કાંગ, દેવધાન્ય, કોદ્રા, ચણા, અડદ, મગ, મસૂર, એક જાતની ધોળીશીંગ, કળથી, તુવેર, અને શણ, એ સત્તર ગ્રામ્ય ઔષધીની જાત છે. ૨૧–૨૨. બીજી ચૌદ ઓષધી ગ્રામ્યારણ્ય કહેવાય છે; અને તે યજ્ઞકાર્યમાં કામ આવે છે. તેના નામ. ૨૩. મોટું ભાત, જવ, ઘઉં, નાનું ભાત, તલ, અડદ, દાળ, કળથી, શામો, બડ, જંગલી તલ, શ્વેતગુંજા, વાંશનાભી, એ ચૌદ ગ્રામ્યારણ્ય ઓષધી યજ્ઞને માટે છે ૨૪-૨૫-૨૬ યજ્ઞ એજ તેનો મુખ્ય હેતુ છે. 'પ્રજા' એ કાર્ય અને 'યજ્ઞ' એ પ્રજાનું પરમકારણ છે. માટે કાર્ય કારણ જાણનાર સુજ્ઞ લોક યજ્ઞ કરે છે. ૨૭. હે મુનિસત્તમ! જે મનુષ્ય દરરોજ યજ્ઞ કરે છે તે તેને અત્યંત ઉપકારક થાય છે. અને તેનાથી થનારા તમામ પાપો નષ્ટ થાય છે. ૨૮. હે મહામતિ! જેના અંતઃકરણમાં એ કાળરૂપ પાપ બીંદુ નીવૃદ્ધિ થાય, તે મનુષ્યનું મન યજ્ઞ કરવામાં પરોવાતું નથી. ૨૯. વેદ વિષયમાં વાદ કરનાર, વેદ તથા યજ્ઞાદિ કર્મોની નિંદા કરનાર, તેમજ યજ્ઞમાં વ્યાઘાત કરનાર, ૩૦. પ્રવૃત્તિમાર્ગનો ઉપદેશ કરનાર, વેદની નીંદા કરનાર, દુરાત્મા નઠારા આચરણવાળા, કુટીલ અંતઃકરણવાળા, અને દુષ્ટ હોય છે. ૩૧. એ પ્રમાણે પ્રજાની સૃષ્ટિ કૃષ્યાદિ કર્મથી તેની આજીવિકા થવા માંડી છે એમ જોઈને બ્રહ્માએ પોતપોતાનાં સ્થાનપ્રમાણે અને પોતપોતાના ગુણપ્રમાણે મર્યાદાનું સ્થાપન કર્યું. ૩૨. હે મુનિવર ! બ્રાહ્મણ આદિ ચાર વર્ણો તથા બ્રહ્મચર્યાદિ ચાર આશ્રમોની અને પરિપૂર્ણ રીતે ધર્મની વ્યવસ્થા કરી. તે પ્રમાણે ઉત્તમ રીતિવડે ધર્મનું પાલન કરવાને બ્રાહ્મણોને ઠરાવ્યા. ૩૩. સ્વધર્મક્રિયાનું આચરણ કરનાર બ્રાહ્મણને પ્રાજાપત્ય અર્થાત્ બ્રહ્માના સત્યલોકની પ્રાપ્તિ થાય છે. તે પ્રમાણે સ્વધર્મનીષ્ટ, યુદ્ધમાં પાછો ન હઠનાર ક્ષત્રીને ઇન્દ્રલોકની પ્રાપ્તિ થાય છે. ૩૪. સ્વધર્માચરણ કરનાર વૈશ્યને મરૂત્ નામના દેવલોકની પ્રાપ્તિ થાય છે. સેવારૂપ પોતાના ધર્મનું સેવન કરનાર શૂદ્રને ગંધર્વ લોકની પ્રાપ્તિ થાય છે. ગુરૂકુળમાં વાસ કરનાર બ્રહ્મચારીને ઉર્ધ્વરેતા (જેનું વીર્ય સ્ખલિત થયું નથી.) એવા અઠ્ઠાવીસ હજાર મુનિઓના જનલોકની પ્રાપ્તિ થાય છે. વાનપ્રસ્થાશ્રમનું સેવન કરનારને સપ્તર્ષિલોક (તપલોક) ની પ્રાપ્તિ થાય છે. ગ્રહસ્થાશ્રમનું રૂડે પ્રકારે સેવન કરનારને સત્યલોક, સન્યાસિઓને બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે. ૩૫–૩૬–૩૭. સાકારની ઉપાસના કરનાર યોગીઓને ઉત્કૃષ્ટ એવા વિષ્ણુલોકની પ્રાપ્તિ થાય છે: એકાંતમાં વાસ કરનાર અહર્નીશ પરબ્રહ્મનું ધ્યાન કરનાર યોગીઓને પરમપદની

પ્રાપ્તિ થાય છે, એ પરમપદ કેવળ જ્ઞાની લોકોનેજ દ્રષ્ટી ગોચર થાય છે. અને જે કોઇ દ્વાદશાક્ષર (ॐ नमो भगवते वासुदेवाय) નો જપ અહર્નીશ કરી તેનુંજ ચિંતન કરે છે તેને અક્ષય્યપદની પ્રાપ્તિ થાય છે. ૩૮. વળી સૂર્ય, ચંદ્ર, આદિ ગ્રહો તો ત્યાંથી પાછા ફર્યા છે પરંતુ દ્વાદશાક્ષર મંત્રનો જપ કરનારની અદ્યાપિ સુધી પુનરાવૃત્તિ થઈ નથી. ૩૯. તામિસ્ર, અંધતામિસ્ર, મહા રૌરવ, રૌરવ, અસિપત્રવન, ઘોર, કાળસુત્ર અને અવીચિમત્ નામના ભયંકર નર્કને વિષે વેદની નીંદા કરનારા, યજ્ઞનો નાશ કરનારા, અને પોતાના ધર્મનો ત્યાગ કરનારાઓ જાય છે.૪૦–૪૧.

विनिंदकानां वेदस्य यज्ञव्याघातकारिणाम् ॥
स्थानमेतत्समाख्यातं स्वधर्मत्यागिनश्चये ॥ ४१ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પ્રથમ ૨પંશે ષષ્ઠોઽધ્યાય સંપૂર્ણ.

---

*અધ્યાય ૭ મો.

पराशरउवाच॥ ततोभिध्यायतस्तस्य जज्ञिरे मानसीः प्रजाः ॥
तच्छरीरसमुत्पन्नैः कार्यैः स्वैः कारणैः सह ॥ १ ॥

પરાશર કહે છે–હે મૈત્રેય ! ફરીથી બ્રહ્માએ ધ્યાન કીધું તે વખતે તેમના શરીરમાંથી દેહેંદ્રિયેસહવર્તમાન માનસ પ્રજા ઉત્પન્ન થઈ. ૧. તે બુદ્ધિમાન્ બ્રહ્મદેવના અવયવોથી ત્રૈગુણ (સાત્વિક, રાજસ, અને તામસ) વિષયવાળા દેવ આદિ તથા વેદ આદિ, અને સ્થાવરાન્ત ક્ષેત્રજ્ઞ વિગેરેની ઉત્પત્તિ થઇ. તે મેં તને આગળ કહી બતાવ્યું. એ પ્રમાણે ચરાચર જગત્ ઉત્પન્ન થયું. ૨–૩. જ્યારે તે બુદ્ધિશાળી બ્રહ્માની સર્વ પ્રજા (પુત્ર, પુત્રાદિ અનુક્રમથી) વૃદ્ધિ ન પામી, ત્યારે તેણે પોતાનાં શરીરથી ભગુ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, અંગીરા, મરીચિ, દક્ષ, અત્રિ, અને વસિષ્ટ એ નામના માનસ પુત્રો ઉત્પન્ન કર્યા. ૪–૫. આ નવ પુત્રો બ્રહ્મરૂપ કહેવાયું છે. એવું પુરાણમાં નિશ્ચયપૂર્વક કથન કર્યું છે. તેમજ પૂર્વે બ્રહ્માએ ઉત્પન્ન કરેલા સનંદનાદિ મુનિઓ આ લોકમાં આસકિત વગરના. ૬. સંતતીની અપેક્ષારહિત, તથા ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થવાથી તેઓના મનમાં વિષયવાસના અને મત્સર બોલકુલ ઉદ્ભવ પામ્યા ન હોતા. ૭. આપ્રમાણે પ્રજાની વૃદ્ધિ કરવાને માટે ઉત્પન્ન કરેલા સનંદનાદિ પુત્રોને પ્રજાની ઉત્પત્તિ વિષયમાં ઇચ્છા વગરના જાણી મહાત્મા બ્રહ્માને ત્રણ લોકને બાળીને ભસ્મ કરે એવો સમર્થ ક્રોધ ચઢયો. ૮. હે મૈત્રેય ! બ્રહ્માના ભયંકર

* આ સાતમા અધ્યાયમાં સૃષ્ટિની વૃદ્ધિ થવા માટે માનસપુત્રની ઉત્પત્તિનું કથન કરાશે તથા પોતાના પુત્રાદિકથી દૈહીક સૃષ્ટિનો વિસ્તાર કહી બતાવવામાં આવશે.

ક્રોધથી ઉત્પન્ન થએલી જ્વાળાઓએ ત્રણે લોકને પ્રકાશમાન કર્યા. ૯. તે વખતે ક્રોધથી ભૃકુટી ચડવાથી વક્રતા પ્રાપ્ત કરનાર બ્રહ્માના લલાટથી જેની કાંતિમધ્યાન્હના સૂર્ય સરખી પ્રખર છે એવો રૂદ્ર ઉત્પન્ન થયો. ૧૦. એનું અર્ધું શરીર પુરૂષનું અને અર્ધું સ્ત્રીનું છે અને તે અત્યંત ભયંકર તથા સ્થૂળ છે. એપ્રમાણે તેને જોઇ બ્રહ્માએ કહ્યું, હે પુત્ર! તું તારા શરીરના સ્ત્રી તથા પુરૂષરૂપ જુદા જુદા વિભાગ કર. એપ્રમાણે કહી તેઓ અંતર્ધ્યાન થઈ ગયા. ૧૧. ત્યાર પછી બ્રહ્માના કહ્યાપ્રમાણે રૂદ્રએ પોતાના શરીરના એક સ્ત્રી તથા એક પુરૂષ એવા બે ભાગ કીધા. તેમાં પુરૂષરૂપ જે વિભાગ છે તેના અગીયાર ભેદ કીધા. ૧૨. તેમાં કોઇ ભેદ શાંત છે. કોઇ ભેદ ઉગ્ર છે. તેજ પ્રમાણે કોઇ ગોરવર્ણવાળી તો કોઇ કૃષ્ણવર્ણવાળી એવી સ્ત્રીઓના પણ અગીયાર ભેદ કર્યા છે ૧૩. તદનંતર પોતાના સાત્વિક અંશથી પોતાની જાણે બીજી પ્રતિમાજ ન હોય શું! તે પ્રમાણે તેના જેવા સામર્થવાન્ પ્રજાનું રક્ષણ કરવા માટે સ્વાયંભુવ નામના મનુ ઉત્પન્ન કર્યા. ૧૪. તેના અર્ધા શરીરથી ઉત્પન્ન થએલી સ્ત્રીનું નામ શતરૂપા છે તેણે તપ આદિ વડે પોતાના પાપ નષ્ટ કર્યા. જેનાં પાપ નાશ પામ્યા છે એવી શતરૂપાને સ્વાયંભુવ મનુએ પોતાની સ્ત્રી છે એમ જાણી તેનો અંગીકાર કર્યો. ૧૫. હે મૈત્રેય! ત્યારપછી શતરૂપાને સ્વાયંભુવ મનુથી પ્રિયવ્રત, તથા ઉત્તાનપાદ નામના બે પુત્ર, તેમજ ઉત્કૃષ્ટ રૂપ, ગુણવાળી, પ્રસૂતિ, અને આકૂતિ નામની બે કન્યાઓ ઉત્પન્ન થઈ. ૧૬. એ બે કન્યામાંથી મનુએ પ્રસૂતિ નામની કન્યા દક્ષપ્રજાપતીને આપી, અને આકૂતિ નામની કન્યા રૂચી નામના રૂષીને આપી. ૧૭. રૂચીએ આકૂતીનો સ્વીકાર કર્યા પછી તે બન્નેથી દક્ષિણા નામની સ્ત્રી અને યજ્ઞ નામનો પુરૂષ એવું જોડું ઉત્પન્ન થયું. ૧૮. યજ્ઞ પુરૂષથી દક્ષિણા નામની સ્ત્રીને વિષે બાર પુત્રો થયા, તે સ્વાયંભુવ મન્વંતરને વિષે યામ એ નામના પ્રખ્યાત દેવતાઓ થયા. ૧૯. હે મૈત્રેયા! હવે દક્ષપ્રજાપતિથી પ્રસૂતિ નામની સ્ત્રીને વિષે ચોવીશ કન્યાઓ ઉત્પન્ન થઇ તેના નામ મારાથી શ્રવણ કર. ૨૦. શ્રદ્ધા, લક્ષ્મી, ધૃતિ, તુષ્ટિ, પુષ્ટિ, મેધા, ક્રિયા, બુદ્ધિ, લજ્જા, વપુ, શાંતિ, સિદ્ધિ, અને કીર્ત્તિ, આ તેર દક્ષપ્રજાપતીની કન્યા, ૨૧. તે વિવાહને માટે ધર્મએ પોતાની પત્નીરૂપે ગ્રહણ કરી, અનેખ્યાતિ, સતી, સંભૂતિ, સ્મૃતિ, પ્રીતિ, ક્ષમા, સન્નતિ, અનસૂયા, ઉર્જા, સ્વાહા, અને સ્વધા, એ બાકી રહેલી અગીયાર કન્યા છે. ૨૨–૨૩. હે મૈત્રેય! એ દક્ષની અગીયાર કન્યાનું અનુક્રમે ભૃગુ, ભવ, મરીચિ, અંગીરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, અત્રિ, વસિષ્ઠ, વન્હિ, અને પિતૃ, આદિ ઋષિવરોએ તેનું, પાણી ગ્રહણ કર્યું. ૨૪–૨૫. ધર્મની તેર સ્ત્રીઓમાં શ્રદ્ધાથી કામ, લક્ષ્મીથી દર્પ, ધૃતીથી નિયમ, તુષ્ટિથી સંતોષ, પુષ્ટિથી લોભ, ૨૬. મેધાથી શ્રુત, ક્રિયાથી દંડ, નય, અને વિનય, એ ત્રણ પુત્રો, બુદ્ધિથી બોધ, લજ્જાથી વિનય, વપુથી વ્યવસાય

નામના પુત્રો થયા. ૨૭. તથા શાંતિથી ક્ષેમ, સિદ્ધિથી સુખ, અને કીર્ત્તિથકી યશ, એ નામના પુત્રો થયા. આ સઘળા કામ આદિ પુત્રો ધર્મના છે. ૨૮. એમાં પ્રથમ કામદેવ નામના પુત્રથી રતિનામની સ્ત્રીને વિષે હર્ષ નામનો પુત્ર થયો, એ ધર્મનો પૌત્ર કહેવાય છે. અધર્મથી હિંસા નામની સ્ત્રીને વિષે અનૃત નામનો પુત્ર થયો. ૨૯. અને નિકૃતિ, (ઠગાઇ) નામની કન્યા ઉત્પન્ન થઈ. એ બન્નેનો સ્ત્રી પુરૂષનો સંબંધ જોડાયો. તેનાથી ભય, અને નરક નામના પુત્ર, તથા માયા અને વેદના નામની બે કન્યા થઈ. તેમાંથી માયા એ ભયની સ્ત્રી અને વેદના એ નરકની સ્ત્રી કહેવાઈ. ૩૦. ભયથકી માયાને વિષે પ્રાણીઓનો નાશ કરનાર મૃત્યુ નામે પુત્ર થયો. અને નરકથી વેદનાને વિષે દુઃખ નામનો પુત્ર થયો. મૃત્યુથકી વ્યાધી, જરા, શોક, તૃષ્ણા, અને ક્રોધ વિગેરે પુત્રો ઉત્પન્ન થયા. ૩૧. એ સઘળા દુઃખોત્તરા એ નામથી પ્રસિદ્ધ થયા. કારણકે એ સર્વના સ્વભાવ અધર્મના જેવા છે. એઓને સ્ત્રી અથવા પુત્ર કંઇ નથી; માટે તેઓ ઉર્ધ્વરેત (બ્રહ્મચારી) છે. ૩૨. હે મુનિવરાત્મજ ! એ સઘળા વિશ્વવ્યાપક પરમાત્માનું ભયંકર સ્વરૂપ છે અને તે નિરંતર આ જગતના પ્રલયમાં કારણભૂત છે. ૩૩. હે મહાભાગ ! દક્ષ, મરીચિ, અત્રિ તથા ભૃગુ આદિ આ જગત્‌ની ઉત્પત્તિમાં કારણભૂત છે. ૩૪. મનુ, અને મનુપુત્રરાજઓને પરાક્રમ એજ તેઓનું દ્રવ્ય છે. એ સન્માર્ગમાં તત્પર અને શૂરવીર રાજઓ નિરંતર જગત્‌નું પાલન કર્ત્તા છે. ૩૫.

મૈત્રેય પ્રશ્ન કરે છે—હે બ્રહ્મન્ ! તમોએ મને નિત્યસૃષ્ટિ, નિત્યસ્થિતિ, નિત્યપ્રલય, વિગેરે જે કથા કહી છે તેના સ્વરૂપનું યથાર્થ વર્ણન કરો. ૩૬.

પરાશર કહે છે—હે મૈત્રેય ! અચિંત્ય સ્વરૂપી સર્વ શક્તિમાન્ પરમેશ્વર પોતાના નાનાપ્રકારના (દક્ષાદિ, મન્વાદિ) સ્વરૂપથી આજગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ, અવિચ્છિન્ન રીતિથી કર્યા કરે છે. ૩૭. હે દ્વિજ ! નૈમિત્તિક, પ્રાકૃતિક આત્યંતિક અને નિત્ય, એવા ચાર પ્રકારના સર્વ પ્રાણીઓના પ્રલય છે. ૩૮. જ્યારે જગત્‌પતિ પરમેશ્વર શયન કરે છે, ત્યારે બ્રાહ્મ નામનો નૈમિત્તિક પ્રલય કહેવાય છે. તમામ બ્રહ્માંડ પ્રકૃતિમાં લય પામે છે, તે પ્રાકૃતિક પ્રલય કહેવાય છે. ૩૯. પરમાત્માનું જ્ઞાન થયા પછી યોગીલોકોનો પરમાત્માને વિષે લય થાય છે, તે આત્યંતિક પ્રલય કહેવાય છે. ૪૦. હે મૈત્રેય ! મહાપ્રલય પછી પ્રકૃતિથકી જે મહત્તત્વાદિની ઉત્પત્તિ થાય છે, તે પ્રાકૃત સૃષ્ટિ કહેવાય છે. બ્રહ્માનો દિવસ પુરો થતાં અવાંતર પ્રલય પછી જે સૃષ્ટિ થાય છે, તેને દૈનંદિન નામની સૃષ્ટિ કહે છે. ૪૧. હે મુનિસત્તમ ! નિરંતર પ્રાણીઓની ઉત્પત્તિ થાય છે, તેને પુરાણ જાણનાર પંડિત લોકો નિત્યસર્ગ કહે છે. ૪૨. ભગવાન ભૂતભાવન વિષ્ણુ એ પ્રકારે સર્વના શરીરને વિષે નિવાસ કરી જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કર્યા કરે છે. ૪૩. હે

મૈત્રેય ! આ જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશના કારણભૂત પરમેશ્વરની શક્તિ સઘળા પ્રાણીઓમાં અવિચ્છિન્ન નિરંતર વાસ કરે છે. ૪૪. જે મનુષ્ય ત્રણ ગુણથી યુક્ત થઈ પરમાત્માની ત્રિગુણાત્મક શક્તિનો અતિક્રમ કરે છે, તેનેજ પરમપદ પ્રાપ્ત થાય છે અને તેની પુનરાવૃત્તિ થતી નથી. ૪૫.

गुणत्रयमयं ह्येतद्ब्रह्म शक्तित्रयं महत् ॥
योतियाति स यात्येवं परं नावर्तते पुनः ॥ ४५ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પ્રથમ અંશે સપ્તમો અધ્યાય સંપૂર્ણ.

*અધ્યાય ૮ મો.

पराशरउवाच ॥ कथितस्तामसः सर्गो ब्रह्मणस्ते महामुने ॥
रुद्रसर्गं प्रवक्ष्यामि तन्मे निगदतः शृणु ॥ १ ॥

પરાશર કહે છે—હે મહામુનિ ! મેં તને બ્રહ્માનો તામસ સર્ગ કહી બતાવ્યો. હવે રૂદ્રનો સર્ગ હું તને કહું છું તે તું શ્રવણ કર. ૧. કલ્પના આરંભમાં મારાજેવો એક પુત્ર હોય તો સારૂં એમ બ્રહ્મા વિચાર કરતા હતા, એટલામાં એના ખોળામાં નીલલોહિત વર્ણવાળો એક પુત્ર ઉત્પન્ન થયો ૨. હે દ્વિજસત્તમ ! તે સારા સ્વરથી રૂદન કરતો, આમ તેમ દોડતો જન્મ્યો તે રૂદન કરતા કુમારને બ્રહ્માએ પુછયું હે પુત્ર ! તું શામાટે રૂદન કરે છે ? તે વખતે તેણે બ્રહ્માને કહ્યું, ૩. કે મારૂં નામ શું છે તે કહો ! ત્યારે બ્રહ્માએ કહ્યું કે તારૂં નામ "રૂદ્ર" તારે હવે રૂદન કરવું નહીં ધીરજ ધર. ૪. એપ્રમાણે બ્રહ્માએ કહ્યું છતાં તેણે ફરીથી સાત વખત રૂદન કર્યું. તેથી બ્રહ્માએ તેને બીજા સાત નામો આપ્યા, અર્થાત્ એક આગળનું ને આ સાત મળી તેના આઠ ભેદ થયા. ૫. બ્રહ્માએ તેને નામ, સ્થાન, સ્ત્રી, પુત્ર વિગેરે આપ્યા. તેના નામ ભવ, શર્વ, ઈશાન, પશુપતિ, ભીમ, ઉગ્ર, અને મહાદેવ, એ સાત અને પ્રથમનું 'રૂદ્ર' મળી આઠ નામ થયા. એપછી અનુક્રમે તેના સ્થાનની કલ્પના બ્રહ્મા કરે છે ૬–૭. સૂર્ય, જળ, પૃથ્વી, વાયુ, અગ્નિ, આકાશ, દિક્ષા-પામેલા બ્રાહ્મણ અને ચંદ્ર, આ આઠ સ્થાન તેને નિવાસ કરવાને આપ્યાં. ૮. હે મૈત્રેય! રૂદ્રાદિ આઠ નામ ધારણ કરનાર રૂદ્રની આઠ મૂર્તિની અનુક્રમે, સુવર્ચલા, ઉમા, વિકેશી, અપરા, શીવા, સ્વાહા, દિશા, દિક્ષા, અને રોહિણી વિગેરે સ્ત્રીઓ કહેવાય છે, ૯. સૂર્યાદિ સ્થાન, રૂદ્રાદિ નામ, તથા સુવર્ચલાદિ તેની સ્ત્રી વિગેરે યથાક્રમથી તેના પુત્રના નામ કહું છું તે તું શ્રવણ કર. ૧૦. જેના પુત્ર અને પૌત્રાદિથી આ જગત્ પરિપૂર્ણ છે. શનૈશ્ચર, શુક્ર, મંગળ, મનોજવ, સ્કંદ, (કાર્ત્તિક સ્વામી) સ્વર્ગ, સંતાન, અને

* આ આઠમા અધ્યાયમાં રૂદ્રનો સર્ગ, વિષ્ણુની શક્તિથી વ્યાપ્ત આચરાચર જગત્ તથા લક્ષ્મીનો તેની સાથે કેવો સંચાર છે વિગેરે કથા કહેવાશે.

બુધ,એ આઠ રૂદ્રાદિના પુત્ર કહેવાયા. રૂદ્રની સતી નામની સ્ત્રી દક્ષપ્રજાપતિની પુત્રી હતી. ૧૧. ૧૨. તે સતી દક્ષના કોપથી પોતાના શરીરનો ત્યાગ કરી મેના નામની હીમાલયની સ્ત્રીને વિષે તેની કન્યાને રૂપે ઉત્પન્ન થઈ, ૧૩ તે સ્ત્રી પોતાના ઉપરજ આસકત છે એમ જોઈ ભગવાન્ રૂદ્રએ તેની સાથે વિવાહ કર્યો. હવે ભૃગુથી ખ્યાતિ નામની સ્ત્રીને વિષે ધાતા, અને વિધાતા એ નામના બે દેવતા, અને લક્ષ્મી નામની એક કન્યા ઉત્પન્ન થઇ. એ લક્ષ્મી દેવના દેવ નારાયણ વિષ્ણુની પત્નિ થયાં. ૧૪,

મૈત્રેય કહે છે—હે ભગવન્! પૂર્વે અમૃતને માટે જ્યારે સમુદ્ર મંથન કર્યું, તે વખતે લક્ષ્મી સમુદ્રમાંથી નીકળી એમ મેં સાંભળ્યું છે. અને તમે એમ કહો છો કે ભૃગુથી ખ્યાતિ નામની સ્ત્રીને વિષે ઉત્પન્ન થઇ એ શી રીતે ઘટે? ૧૫.

પરાશર કહે છે—હે મૈત્રેય! જે પ્રકારે સર્વ પ્રાણીમાત્રમાં નિવાસ કરનાર વિષ્ણુ છે તે પ્રકારે તેની સ્ત્રી જગન્માતા લક્ષ્મી અવિનાશી, નિત્ય, અને સર્વમાં નિવાસ કરનારી છે. ૧૬. વિષ્ણુ અર્થ છે; ને લક્ષ્મી વાણી છે. વિષ્ણુનય; છે ને તે નીતિ છે. હરિ બોધ; ને તે બુદ્ધિ છે, વિષ્ણુ ધર્મ; ને તે સત્ક્રીયા છે. ૧૭. વિષ્ણુ સ્રષ્ટા છે; ને લક્ષ્મી સૃષ્ટિ છે. વિષ્ણુ ભૂધર છે; ને લક્ષ્મી ભૂમિ છે. ભગવાન્ સંતોષ છે; અને લક્ષ્મી શાશ્વતી તુષ્ટિ છે. ૧૮. શ્રી ઇચ્છા છે; ને ભગવાન કામ છે. વિષ્ણુ યજ્ઞ; ને લક્ષ્મી દક્ષિણા છે. લક્ષ્મી આઘાહૂતિ; ને વિષ્ણુ પુરોડાશ છે. ૧૯. હે મુનિ! વિષ્ણુ યજ્ઞશાળાનો પૂર્વ ભાગ; ને લક્ષ્મી પત્નિશાળા છે. વિષ્ણુ યૂપ; ને લક્ષ્મી ચિતિ છે. લક્ષ્મી સમિધ; ને ભગવાન કુશ છે. ૨૦ ભગવાન હુતાશન છે; અને લક્ષ્મી સ્વાહા છે. વિષ્ણુ શીવ; અને લક્ષ્મી પાર્વતિ છે. વિષ્ણુ સૂર્ય; અને લક્ષ્મી પ્રભા છે. ૨૧. ૨૨. વિષ્ણુ પિતૃગણ છે; અને લક્ષ્મી અક્ષય પુષ્ટિ આપનારી સ્વધા છે. લક્ષ્મી દ્યૌ (વિસ્તાર પામેલું આકાશ) છે; અને વિષ્ણુ ગગનમંડળ છે. શ્રીધર શશાંક (ચંદ્ર) છે; અને લક્ષ્મી તેની કાંતિ છે. વિષ્ણુ સર્વગામી વાયુ છે; અને લક્ષ્મી જગત્ની ચેષ્ટા તથા ધારણશક્તિ છે. ૨૩. ૨૪. હે મૈત્રેય! વિષ્ણુ સમુદ્ર છે; અને લક્ષ્મી ભરતી છે. મધુસૂદન ઈંદ્ર છે; અને લક્ષ્મી ઈંદ્રાણી છે. ૨૫ વિષ્ણુ સાક્ષાત્ યમરાજ છે; ને લક્ષ્મી તેની ધુમોર્ણા છે. વિષ્ણુ કુબેર છે; અને લક્ષ્મી તેની ઋદ્ધિ નામની સ્ત્રી છે. ૨૬. હે વિપ્રેંદ્ર! કેશવ વરૂણ છે; અને લક્ષ્મી તેની સ્ત્રી ગૌરી છે. શ્રી દેવસેના છે; અને હરિ દેવસેનાપતિ છે. ૨૭, વિષ્ણુ ઉદ્યોગ છે. ને લક્ષ્મી શક્તિ છે. વિષ્ણુ નિમેષ (આંખનું ઉઘડવું વિંચાવું) છે; અને લક્ષ્મી કાષ્ટા છે. વિષ્ણુ મુહૂર્ત્ત છે; અને લક્ષ્મી કળા છે. ૨૮. સર્વ પ્રાણીમાત્રમાં નિવાસ કરનાર જગન્નિયંતા વિષ્ણુ દીપ છે; અને લક્ષ્મી તેની કાંતી છે. વિષ્ણુ વૃક્ષ છે; અને લક્ષ્મી લતા છે. ૨૯. વિષ્ણુ દિવસ છે; અને લક્ષ્મી રાત્રી છે. વિષ્ણુ વર છે; અને લક્ષ્મી વધૂ છે. ૩૦ વિષ્ણુનદ છે; અને લક્ષ્મી નદી છે. વિષ્ણુ ધ્વજ છે; અને લક્ષ્મી પતાકા છે. લક્ષ્મી તૃષ્ણા; છે અને જગત્ના સ્વામી નારાયણ લોભ છે. વિષ્ણુ કામદેવ છે; અને લક્ષ્મી રતિ છે.

૩૧. ૩૨. હે મૈત્રેય! ઘણું કહેવાથી શું ફળ છે સંક્ષેપમાં હું તને એટલું જ કહું છું કે દેવ, પશુ, પક્ષી, અને મનુષ્ય વિગેરેમાં જે પુરૂષ છે. તે વિષ્ણુ સ્વરૂપ છે, અને જે સ્ત્રી છે. તે લક્ષ્મી સ્વરૂપ છે; એ બે શીવાય કંઈ નથી. ૩૩.

देवतिर्यङ्मनुष्यादौ पुंनाम्नि भगवान्हरिः ॥
स्त्रीनाम्नि लक्ष्मीर्मैत्रेय नानयोर्विद्यतेपरम् ॥ ३३ ॥
ઇતિશ્રી વિષ્ણુપુરાણે પ્રથમ અંશે અષ્ટમો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૯ મો.

पराशरउवाच ॥ इदं शृणु हि मैत्रेय यत्पृष्टोहमिह त्वया ॥
श्रीसंबद्धं मयाप्येतच्छ्रुतमासीन्मरिचितः ॥ १ ॥

પરાશર કહે છે—હે મૈત્રેય! તેં જે પ્રકારે લક્ષ્મીના જન્મ વિષયનો પ્રશ્ન પુછયો છે, તેનું વૃત્તાંત મેં મરિચીથકી સાંભળ્યું છે તે હું તને કહું છું તે એકચીત્તથી શ્રવણ કર. ૧. એક દિવસ શંકરના અંશભૂત દુર્વાસા નામના મુનિ પૃથ્વી ઉપર ફરતા હતા તે વખતે તેણે એક અરણ્યમાં કોઇ વિદ્યાધરીના હાથમાં સંતાનક નામના કલ્પવૃક્ષના પુષ્પની સર્વોત્તમ સુગંધીદાર માળા જોઈ. ૨. તે માળાએ પોતાની સુવાસથી આખા અરણ્યને સુગંધમય કર્યું હતું. તેથી કરીને તે જંગલમાં વાસ કરનાર તમામ ચરાચર પ્રાણી તે સુગંધમાં તલ્લીન બની ગયાં હતાં. ૩. આવા પ્રકારની સુંદર માળા જોતાંજ ઉન્મત્તવૃત્ત ધારણ કરનાર તે દુર્વાસા ઋષિએ તે સુગંધીમાળા વરારોહ વિદ્યાધરની વધૂપાસે માગી. ૪. જ્યારે દુર્વાસાએ તે માળા માગી તેજ વખતે તે કૃશાંગી, વિશાળનયના વિદ્યાધરીએ તેને પ્રણામ કરી અત્યંત આદરપૂર્વક પોતાની માળા તેમને અર્પણ કરી. ૫. હે મૈત્રેય! એપ્રમાણે ઉન્મત્તવ્રતધારી તે મુનીએ પ્રાપ્ત થએલી સુંદર માળાને પોતાના ગળામાં ધારણ કરી. ત્યારપછી નીયમ પ્રમાણે પૃથ્વી ઉપર ફરવા લાગ્યા. ૬. એટલામાં ત્રણ લોકના અધીપતિ ભગવાન ઈંદ્રને તમામ દેવગણોએ સહવર્તમાન મદોન્મત્ત થએલા ઐરાવત હાથી ઉપર આરોહણ થઈ પોતાની સન્મુખ આવતો જોયો. ૭. તે ઈંદ્રને દેખતાં દુર્વાસાઋષિએ, પોતાની સુગંધથી ભ્રમરોને ઉન્મત્ત બનાવનારી તે માળા પોતાના મસ્તકઉપરથી ઊતારી જેમ કોઈ ગાંડો માણસ ચેષ્ટા કરે તે પ્રમાણે તે ઋષિએ સુગંધીમાળા ઈંદ્ર ઉપર ફેંકી. ૮. ઈંદ્ર રાજાએ તે માળા એકદમ લઈને પોતાના ઐરાવતના મસ્તક ઉપર મૂકી. હે મૈત્રેય!

* આ નવમા અધ્યાયમાં દુર્વાસા ઋષિના શાપથી ઇંદ્રને ત્યાંની તથા ત્રૈલોક્ય રાજ્ય લક્ષ્મીનો નાશ થશે બાદ દેવો એ સ્તુતિ કરવાથી પરમેશ્વર સમુદ્રમંથન કરવાની આજ્ઞા આપશે અને પરથી લક્ષ્મીની ઉત્પતિ થશે વિગેરે કથા કહેવામાં આવશે.

ઐરાવતના મસ્તક ઉપર રહેલી તેં સુગંધીમાળા કૈલાસ પર્વતના ઉપરના ભાગમાં વિહાર કરતી ભાગીરથી ગંગાસમાન શોભવા લાગી. ૯. મદથી આંધળા થએલા ઐરાવતે સુગંધથી આકર્ષાઈ પોતાની સુંઢવતી તે માળાની સુગંધ ગ્રહણ કરી તે સુગંધીમાળા પૃથ્વી ઉપર જોરથી ફેંકી દીધી. ૧૦. હે મૈત્રેય! આ પ્રમાણે કૃત્ય થવાથી ઋષિઓમાં શ્રેષ્ઠ તે દુર્વાસાને અત્યંત ક્રોધ ચડયો, તે ક્રોધવડે દેવેંદ્રને શાપ દીધો. ૧૧. હે ઈંદ્ર! તું તારા ઐશ્વર્યના મદથકી દુષ્ટ થયો છે, અને અત્યંત ગર્વીષ્ટ બની ગયો છે કે મેં આપેલી સુગંધીમાળા કેવળ લક્ષ્મીને રહેવાનું સ્થાન હોવાથી મેં તને આપી છતાં તેનો તેં સ્વીકાર કર્યો નહિ તેમજ "મહારાજ આ આપનો પ્રસાદ છે" એવા અક્ષર પણ તેં તારા મુખમાંથી કાઢયા નહિ. તથા તે પહેલાં તેં મને નમસ્કાર પણ કીધા નહિં. તેમ માળા મળ્યા પછી તને આનંદ થયો જોઇયે તે પણ થયો નહિં, હશે! એમ છતાં આ માળા તારે તારા મસ્તક ઉપર મૂકવી જોઈએ તે પણ તેં મૂકી નહિં. ૧૨-૧૩. હે મૂઢ! મેં આપેલી માળાને તું અધીક ન સમજ્યો! લક્ષ્મીના મદથી તેં એને તુચ્છ ગણી! જે લક્ષ્મીને લીધે તને ઘણું માન આવ્યું છે તે તારી ત્રૈલોક્ય લક્ષ્મીનો નાશ થશે. ૧૪ હે ઈંદ્ર! તું મને બીજા બ્રાહ્મણો જેવો માને છે? માટેજ તે ગર્વિષ્ટપણાથી મારૂં અપમાન કીધું? ૧૫. હે ઈંદ્ર! જેને અર્થે આ અમુલ્ય માળા મેં તને અર્પણ કરી તે માળા તેં ભૂમિ ઉપર ફેંકી દીધી? તેથી તારી ત્રૈલોક્ય રાજ્ય લક્ષ્મીથી તું ભ્રષ્ટ થઈશ. ૧૬ હે ઈંદ્ર! જેના ક્રોધથી આ તમામ ચરાચર જગત્ પણ ભયભીત થાય છે. તેનો પણ તેં વિચાર કર્યાવગર અતિ ગર્વીષ્ટ થઈ મારૂં અપમાન કીધું? ૧૭.

પરાશર કહે છે—હે મૈત્રેય! દુર્વાસામુની આ પ્રમાણે ક્રોધીત થયા છે એમ જાણી ઈંદ્ર ઐરાવત હાથી ઉપરથી નીચે ઊતરી તેને પ્રસન્ન કરવા માટે તે પુણ્યશીળ મહાત્મા દુર્વાસાની સ્તુતિ કરવા તત્પર થયો અર્થાત્ સ્તુતિ કરી. ૧૮. એપ્રમાણે ઈંદ્ર શાંતતા ધારણ કરી નમસ્કારપૂર્વક વિનંતિ કરતો હતો તે વખતે દુર્વાસા મુનિ ઈંદ્રને આપ્રમાણે કહેવા લાગ્યા. ૧૯. હે ઈંદ્ર! મારૂં અંતકરણ દયાળુ નથી. તેથી ક્ષમા પણ મને ભજતી નથી. ક્ષમાવાળા અને દયાળુ મુનિઓ તો જુદા છે હું તો દુર્વાસા છું સમજ્યો? ૨૦. ગૌતમાદિ ઋષિઓએ તને આગળથી ગર્વમય બનાવી દીધો છે પણ હું તો અક્ષમાનું સર્વસ્વ છું એમ સમજ? ૨૧. પરમદયાળુ વસિષ્ઠાદિ મહર્ષિઓએ તારા ગુણ ગાઈ ગાઈને તને અહંકારી બનાવી દીધો છે માટેજ તેં મારૂં અપમાન કીધું છે. ૨૨. હે ઈંદ્ર! આ વિશ્વમાં એવો કોણ છે કે જે મારા ક્રોધના આવેશથી થરથરતો જટાકલાપ અને વક્રભ્રકુટીવાળા મુખ સામું જોઇને ભય ન ધરે? ૨૩. શતક્રતુ! અતીશય કહેવાથી શું? હમણા તને એટલું જ કહું છું કે તને ક્ષમા કરીશ નહીં. વારંવાર જે તું કહ્યા કરે છે એ કેવળ વિડંબના છે. ૨૪.

પરાશર કહે છે—હે મૈત્રેય! આપ્રમાણે બોલીને દુર્વાસામુની ત્યાંથી ચાલતા થયા, અને ઈંદ્રરાજા પણ ઐરાવત ઉપર બેસી દેવોના નિવાસસ્થાન અમરાવતીમાં ગયો. ૨૫. તે દિવસથી ઈંદ્ર અને ત્રણ લોક લક્ષ્મી વગરના થયા. તે વખતે તમામ ઔષધીઓ પણ નષ્ટ ભ્રષ્ટ થઈ ગઈ, તથા તમામ લતાઓ ક્ષીણ થઇ ગઇ. ૨૬. યજ્ઞનો નાશ થયો, તપસ્વીઓએ તપ કરવાનું મુકી દીધું, તથા દરેક મનુષ્યોએ દાન ધર્મ વિગેરેનો ત્યાગ કર્યો, અર્થાત્ તેઓનું તેમાં મન લાગ્યું નહી. ૨૭. હે દ્વિજોત્તમ! સર્વ લોક સત્વવગરના તથા સ્વલ્પ વિષયોમાં અભિલાષી થવા લાગ્યાં. ૨૮. જ્યાં સત્વ અર્થાત્ ધૈર્ય છે ત્યાંજ લક્ષ્મીનો વાસ છે. ધીરજ લક્ષ્મીની પાછળ છે. જે લક્ષ્મીવગરનો છે તેનામાં ધીરજ ક્યાંથી હોય? અને ધૈર્યવગર સઘળા ગુણ પણ ક્યાં થી હોઈ શકે? ૨૯. જ્યારે ગુણનો નાશ થાય છે ત્યારે મનુષ્યમાં વાસ કરનાર બળ શૌર્યાદિકનું નામ સરખું પણ રહેતું નથી. અને જેનામાં બળ તથા શૌર્ય નથી તેનો પરાજય પણ વારંવાર થયા કરે છે. ૩૦. જ્યારે મનુષ્ય નષ્ટશ્રી થાય છે ત્યારે અપમાન પામે છે એ અપમાનના યોગથી તેની બુદ્ધિ નષ્ટ થાયછે. એપ્રમાણે જ્યારે ત્રણે લોક સત્વ વગરના થયા અને તેમની સંપત્તિ તમામ નષ્ટ થઇ ગઇ. તે વખતે એવા સમયનો લાભ લઇ દૈત્ય અને દાનવો એકઠા થઈ દેવતા ઉપર સ્વારી કરી સ્વર્ગ લેવાનો ઉદ્યોગ કરવા લાગ્યા. ૩૧. અનંતર લોભથી ઘેરાયલા લક્ષ્મીથી શૂન્ય સત્વહીન દૈત્યોએ શ્રીહીન નીઃસત્વ દેવો સાથે યુદ્ધ કરી તેઓનો પરાજય કર્યો. ૩૨. એપ્રમાણે પરાજય પામેલા ઈંદ્રાદિ દેવતાઓ અગ્નીને આગળ કરી પિતામહ બ્રહ્માને શરણે ગયા. ૩૩. બ્રહ્માની પાસે જઇને આગળ જે જે બીના બની હતી તે સઘળી યથાવત્ દેવતાઓએ બ્રહ્માને કહી સંભળાવી. ૩૪.

બ્રહ્મા કહે છે—હે દેવતાઓ! તમે સઘળા પરાપરેશ, અસુરાર્દન (દૈત્યોનો નાશ કરનાર) ઉત્પત્તિ, સ્થિતિ અને નાશના કારણભૂત, જેની ઈચ્છા અપ્રતિબંધ છે, તથા જે બ્રહ્માદિનું પાલન કરનાર, સર્વ વિશ્વમાં વ્યાપી રહેલા, મર્યાદા અને પરાજયથી રહિત છે. ૩૫. તથા કાર્ય, પદાર્થ, પ્રકૃતિ તથા પુરૂષના કારણભૂત, અને પોતાને શરણે આવનારના દુઃખોનો નાશ કરનાર, એવા પરમાત્મા વિષ્ણુને આપણે બધાશરણે જઇએ. તે આપણા સર્વનું કલ્યાણ કરશે. ૩૬. એપ્રમાણે તમામ લોકોના પિતામહ બ્રહ્માએ દેવતાઓને સંમતી આપી તે દેવતાઓની સાથે ક્ષીરસમુદ્રના ઉત્તર કીનારા ઉપર ગયા. ૩૭. તે ક્ષીરસમુદ્ર ઉપર ગયા પછી પોતાનો અભિપ્રાય જણાવનારી પવિત્ર વાણીથી સઘળા દેવતાઓ સહિત બ્રહ્માથી કીડીપર્યંતના તમામ પ્રાણીઓનું પાલન કરનાર ભગવાન શ્રી વિષ્ણુની સ્તુતિ કરવા લાગ્યા. ૩૮.

બ્રહ્મા કહે છે—જે સર્વ સ્વરૂપ તથા સર્વના નિયંતા થઈ જન્મ મરણથકી રહીત છે. જે સર્વ લોકના આધારભૂત, પૃથ્વીને ધારણ કરનાર, સ્વયંપ્રકાશ અને

ભેદથી રહીત છે. ૩૯. જે સર્વ સુક્ષ્મથી પણ અતી સુક્ષ્મ છે તથા જે સર્વ સ્થૂળથી પણ અતી સ્થૂળ છે, એવા શ્રીનારાયણને અમે પ્રણામ કરીએ છીએ. ૪૦. જેને વિષે સમસ્ત બ્રહ્માંડ સમાયેલું છે, હું, અને મારી સાથે આ સર્વ વિશ્વ જેનાથી ઉત્પન્ન થયું છે, જે સર્વ રૂપ તથા સર્વ પદાર્થથી પણ શ્રેષ્ટ પદાર્થ છે. ૪૧. હે ઈશ્વર! તમે પરથકી પણ પર અને પરમાત્મ સ્વરૂપ છો. મોક્ષની ઈચ્છાવાળા યોગીઓ તમારા સ્વરૂપનું વારંવાર ધ્યાન કરે છે. ૪૨. જે પરમાત્મામાં સત્વાદિ પ્રાકૃત ગુણો નથી. તથા સર્વ પવિત્ર વસ્તુમાં પણ પવિત્ર, એવા આદ્દિપુરૂષ અમારા ઉપર પ્રસન્ન થાઓ. ૪૩. જે નિર્ગુણ ઈશ્વરની શક્તિ, કળા, કાષ્ટા, નિમેષ, આદિ કાળના અવયવોમાં વિષયીભૂત થયેલી નથી, અથવા જેની શક્તિની મર્યાદા નથી, એવા ભકતના સંકટ દૂર કરનાર પરમેશ્વર અમારા ઉપર પ્રસન્ન થાઓ. ૪૪. જે નિર્ગુણ છે છતાં મનુષ્યો તેને માયાના નિયંતા છે એમ કેવળ આચારથીજ કહે છે એવા સર્વ પ્રાણીવર્ગના આત્મા, તથા વિશ્વવ્યાપક પરમાત્મા અમારાઉપર પ્રસન્ન થાઓ. ૪૫ જે મહત્તત્વનું કારણ છે, જે કાર્ય છે, જે કારણ હોનાર પ્રકૃતિના કારણભૂત છે. તથા કાર્યના પણ કાર્ય રૂપ છે એવા પરમેશ્વરને હું નમસ્કાર કરૂં છું. ૪૬. ૪૭. જે પંચમહાભૂતરૂપી કારણના પણ કારણ થઈને તેના (અહંકારના) કારણનું કારણ (મહત્તત્વરૂપ) સત્વ, રજ, અને તમોગુણરૂપ, જે કારણ છે તેના કારણભૂત એવા પરમેશ્વરને પ્રણામ કરૂં છું. ૪૮. જે (જીવરૂપ હોવાથી) ભોક્તા, (તથા શરીરાદિ જડરૂપ હોવાથી) ભોજ્ય છે. તેમજ સ્રષ્ટા સૃજ્ય, કાર્ય, અને કર્મના કર્ત્તા છે, એવા પરમાત્માના ચરણમાં અમે નમન કરીએ છીયે. ૪૯. જે અતિશ્રેષ્ઠ, શુધ્ધ, જ્ઞાનસ્વરૂપ, તથા નિત્ય હોઇ નાશથકી રહીત છે તથા સ્થૂળથી ભિન્ન અને નિર્વિકાર છે, જે અનિર્વચનીય હોવાથી તે સ્થૂળપણ નથી અને સૂક્ષ્મ પણ નથી માટે તેને કોઈ પણ વિશેષણ લાગુ પડતું નથી તે સર્વકાળ પવિત્ર એવું પરમાત્માનું શ્રેષ્ઠપદ છે તે પરમપદને અમે વારંવાર નમસ્કાર કરીયે છીયે. ૫૦–૫૧. જે બ્રહ્માંડમાં વાસ કરનારી પરમાત્માની શક્તિના અયુતાયુત અંશવાળા વિનાશ રહિત જગદ્વિશ્વરને અમે પ્રણામ કરીયે છીયે. ૫૨. દેવગણ, ઋષિગણ. હું, (બ્રહ્મા) અને શંકર સહવર્તમાન કોઈ પણ ઈશ્વરના પરમ પદને જાણતા નથી. એવા પરમપદને અમારા નમસ્કા છે. ૫૩. નિરંતર યોગાભ્યાસ કરનારા મુનિલોકો પ્રણવનું ચીંતન કરી જેના પાપ તથા પુણ્યરૂપ કર્મબંધન છુટી ગયાં છે તેઓ પરમાત્માના પદને જુવે છે. જે પરમાત્માની શક્તિના બ્રહ્મા, વિષ્ણુ, અને શીવ એવા ત્રણ રૂપ છે. એની પૂર્વે કોઇ પણ ઉત્પન્ન થયું નથી એવા તે વિશ્વવ્યાપક પરમાત્માના પદને અમારા નમસ્કાર છે. ૫૪–૫૫. હે સર્વેશ્વર! સર્વ પ્રાણીઓમાં જીવરૂપે નિવાસ કરનાર તથા સર્વના આશ્રયભૂત હોનારા પરમાત્મા અમારી ઉપર પ્રસન્ન થાઓ, અમે તમારા ભકત છીયે, માટે હે વિષ્ણુ! પ્રસન્ન થઇ અમને દર્શન આપો. ૫૬.

પરાશર કહે છે—આ પ્રમાણે બ્રહ્માએ સ્તુતિ કર્યા પછી દેવતાઓ નમસ્કાર કરીને કહેવા લાગ્યા. હે પ્રભુ! અમારા ઉપર પ્રસન્ન થઇ અમને દર્શન આપો. ૫૭. હે સર્વ પ્રાણીઓમાં વાસ કરનાર ભગવાન! તમારૂં શ્રેષ્ટ પદ એવું છે કે જેનું જ્ઞાન બ્રહ્માને પણ નથી એવા આપના પરમપદને નમસ્કાર કરીએ છીયે. ૫૮. આપ્રમાણે બ્રહ્માએ તથા દેવતાઓએ સ્તુતિ કર્યા બાદ ઇંદ્રાદિ દેવતાના ગુરૂ બૃહસ્પતિ જેમાં અગ્ર ભાગે છે એવા દેવર્ષિઓ સ્તુતિ કરવા લાગ્યા. ૫૯. જે આદ્દિ પુરૂષ હોવાથી સર્વના પૂર્વજ રૂપ છે, તથા યજ્ઞ, અને ધ્રુજય છે. વાણી અને મનનો જ્યાં પ્રવેશ થતો નથી એવા હોવાથી આપને કોઇ પણ વિશેષણ લાગુ પડતું નથી. તથા સર્વ જગત્ના ઉત્પન્ન કરનાર જે બ્રહ્મા તેના પણ જે ઉત્પાદક છે તે પરમેશ્વરને અમે નમન કરીએ છીએ. ૬૦. હે યજ્ઞ સ્વરૂપ ધારણ કરનાર! ભૂત ભવિષ્ય પ્રાણીઓના નિયંતા! અમે તમારે શરણે આવ્યા છીયે માટે તમે પ્રસન્ન થાઓ અને અમને વરદાન આપો. ૬૧. હે નાથ! આ બ્રહ્મા, તમામ રૂદ્રગણે સહવર્ત્તમાન શંકર, સર્વ આદિત્યે સહવર્ત્તમાન સૂર્ય, ગણ સહિત અગ્ની, અશ્વનીકુમાર, વસુ ગણ, મરૂત્ગણ, સાધ્યલોક, વિશ્વેદેવા, અને સર્વના અધિપતી દેવેંદ્ર આદિ આ દેવતાઓના સમૂહને દૈત્યની સેનાએ પરાજીત કર્યા છે, માટે કરીને અમે તમારા શરણમાં આવી તમને વારંવાર નમસ્કાર કરીએ છીયે. ૬૨–૬૩–૬૪.

પરાશર કહે છે—હે મૈત્રેય! એપ્રમાણે દેવતાએ જ્યારે સ્તુતિ કરી તે વખતે શંખ, ચક્રાદિ આયુધ ધારણ કરનાર પરમાત્મા તેઓની સન્મુખ પ્રગટ થયા. જેના શરીરની આકૃતિ અલૌકિક છે, જોનારના નેત્રને પણ એકાએક મીચાવીદ્દે એવું જેનું તેજ છે, એવા પરમેશ્વરને જોતાંજ તેઓનું અંતઃકરણ આનંદથી ઉભરાઇ ગયું. અને તેની તરફ નેત્ર સ્થીર થઇ ગયાં. પ્રથમ નમસ્કાર કર્યા હતાં છતાં પુનઃ નમસ્કાર કર્યા. પછી બ્રહ્માને આગળ કરી કમળ નયન પરમાત્માની એક ચિત્તે સ્તુતિ કરવા લાગ્યા. ૬૫–૬૬–૬૭.

દેવતાઓ કહે છે—હે ભગવન્ નમોનમઃ, જીવ અને ઇશ્વર આદિના ભય રહિત જે શુદ્ધ બ્રહ્મ છે તે તમે છો, તે પ્રમાણે બ્રહ્મા, શંકર, ઇંદ્ર, અગ્નિ, વાયુ, વરૂણ, સૂર્ય, યમ, વસુ, મરૂત, સાધ્ય, વિશ્વદેવ, અને ગણ, એ સર્વ તમારૂં સ્વરૂપ છે, ૫૮, હે જગતોત્પાદક! આ દેવતાઓનો સમૂહ તમારી પાસે આવ્યો છે તે પણ તમેજ છો, કારણ કે તમે સર્વ ઠેકાણે વાસ કરી રહ્યા છો ૫૯. યજ્ઞ તમે છો, વષટ્કાર તમે છો, ૐકાર તમે છો અને સર્વ લોકોના અધિપતી પણ તમેછો, હે સર્વ સ્વરૂપ! વારંવાર તમને શું કહીયે જે કંઇ જાણ્યું અજાણ્યું છે એ સર્વ તમે છો, તમારા યોગથી આ જગત્ પરિપૂર્ણ છે. ૭૦. હે વ્યાપક! દૈત્યોએ પરાભવ કરવાથી અમે દુઃખી થઇ તમારી પાસે આવ્યા છીયે માટે હે પ્રભુ! પ્રસન્નથાઓ, અને તમારા પરાક્રમથી અમારૂં રક્ષણ કરો. ૭૧.

હે ભગવન્! જ્યાં સુધી પ્રાણિ તમારે શરણે આવતો નથી ત્યાં સુધી તેને પીડા, ઈચ્છા, મોહ, અને દુઃખ, એ સર્વ કાયમ રહે છે; અને તમારૂં શરણ ગ્રહણ કરે છે કે તત્કાળ પીડા આદિ નાશ પામે છે. કારણ કે તમો સર્વ પાપને નાશ કરનારા છો. ૭૨. હે પરમાત્મન્! અમે તમારે શરણે આવ્યા છીયે. અમારા ઉપર કૃપા કરો; અને હે તેજસ્વી! તમારા સામર્થ્યવડે અમો સઘળાનું પાલન કરો. ૭૩.

પરાશર કહે છે—હે મૈત્રેય! આ પ્રમાણે બ્રહ્માદિ દેવોએ ભગવાનની સ્તુતિ કરી, પછી અખિલ વિશ્વવ્યાપક પરમાત્મા પ્રસન્ન દ્રષ્ટિવડે આ પ્રમાણે કહે છે. ૭૪. હે દેવતાઓ! તમારા તેજની હું વૃદ્ધિ કરીશ; તે પહેલાં હું તમને જે પ્રકારે કહું છું તે પ્રકારે તમે કરો. ૭૫. તમો સઘળા દૈત્યોને સાથે લઇ તમામ પ્રકારની ઔષધીઓને સમુદ્રમાં નાંખી દો; તથા મંદરાચળ પર્વતની રવઇ અને વાસુકી નાગના નેત્રાં કરી, મારી સહાયતાથી અમૃતને માટે સમુદ્ર મંથન કરો. ૭૬. તમે દૈત્યોની પાસે જઇને કહેજો, કે, "આ કામમાં જો તમે અમને મદદ કરશો તો તેમાંથી નીકળનાર ફળના આપણે અર્ધા ભાગીદાર થઇશું." એ પ્રકારે તમે તેઓને સમજાવજો. ૭૭. હે દેવતાઓ! સમુદ્ર મંથન કરવાથી જે અમૃત નીકળશે તેનું તમે પાન કરજો, એ અમૃતનું પ્રાશન કરવાથી તમે બળવાન અને અમર થશો. ૭૮. અને તમારા શત્રુ રાક્ષસોને અમૃત નહિં મળે એવી હું યુક્તિ કરીશ; કેમકે અમૃત ન મળેથી તેઓ માત્ર ક્લેશનાજ ભાગી થશે. ૭૯.

પરાશર કહે છે—એ પ્રમાણે દેવના દેવ પરમાત્માએ કહ્યું તે વખતે સઘળા દેવો દૈત્યની પાસે આવ્યા; અને પરમાત્માના વચનને અનુસરી દેવ અને દૈત્યો મળી અમૃતને માટે પ્રયત્ન કરવા લાગ્યા. ૮૦. તદનંતર દેવ, દૈત્ય, અને દાનવોએ નાના પ્રકારની ઔષધીઓ એકઠી કરીને, શરદૃઋતુના નિર્મળ આકાશ સરખા પવિત્ર ક્ષીર સમુદ્રના જળને વિષે નાંખી દીધી. ૮૧. પછી મંદરાચળ પર્વતની રવઇ કરી અને વાસુકીનાગના નેત્રાં કરી અમૃતને માટે સમુદ્ર મંથન કરવાનો આરંભ કર્યો. ૮૨. તે વખતે ભગવાને દેવતાઓને વાસુકીનાગના પુંછડા તરફ રાખ્યા, તથા દૈત્ય અને દાનવોને વાસુકીનાગના મુખ તરફ રાખ્યા. ૮૩. તેથી કરીને અપરિમિત કાંતિવાળા વાસુકીનાગના મુખથકી નીકળનાર શ્વાસોશ્વાસરૂપિ અગ્નિ, (ઝેર) થકી દૈત્યોની કાંતિ નષ્ટ થઇ, તેથી તેઓ તેજ વગરના થયા. ૮૪. તેમજ વાસુકીના મુખથકી નીકળનારા શ્વાસોશ્વાસરૂપી વાયુએ તમામ મેઘમંડળને હલાવી નાંખ્યું. અને પુંછડા આગળ રહેનાર દેવતાઓની ઉપર ટુટી પડયા તેથી દેવતાઓનું પોષણ થયું ને તેઓ તેજવાળા થયા. ૮૫. હે મૈત્રેય! ક્ષીરસાગરમાં મંદરાચળ પર્વત ફરતો હતો, તે વખતે શ્રી પરમાત્માએ કૂર્મનું સ્વરૂપ ધારણ કર્યું, અને તે પર્વતની નીચે તેના આધાર-

ભૂત થઇને રહ્યા. ૮૬. એજ ભગવાન આ તરફ એટલે દેવ તરફ ચક્ર, ગદા, આદિ આયુધ ધારણ કરીને રહ્યા અને બીજા રૂપથી દૈત્ય તરફ પણ રહ્યા. ત્યાર પછી નાગરાજ વાસુકી રૂપી નેત્રાંથી પુનઃ સમુદ્ર મંથન કરવું શરૂ કર્યું. ૮૭. હે મૈત્રેય ! દેવ અને દૈત્યથી અદ્રષ્ટ રૂપ ધારણ કરી જગદીશ્વર પર્વતની ઉપર બિરાજમાન થયા. ૮૮. તે સર્વ સામર્થ્યવાન્ પરમેશ્વરે પોતાના તેજથી વાસુકીનાગનું અને બીજા પ્રકારના સામર્થ્યથી દેવતાઓનું પોષણ કર્યું. ૮૯. એ પ્રમાણે દેવ અને દાનવો ક્ષીર સમુદ્રનું મંથન કરતા હતા, તે વખતે તેમાંથી દેવતાઓને પૂજનીય અને હોમ દ્રવ્યના સ્થાનભૂત એવી કામધેનુ ઉત્પન્ન થઇ. ૯૦. હે મૈત્રેય ! તે સમયે દેવ, અને દૈત્ય એ બન્નેને આનંદ થયો. તેઓના અંતઃકરણ તે કામધેનુએ આકર્ષણ કરી લીધાં. કામધેનુને જોતાંજ તેઓ ચકીત (સ્તબ્ધ) થઈ ગયાં. ૯૧. અરે ! આ શું છે ? એવો વિચાર આકાશમાં સિદ્ધગણો કરે છે; તે વખતે જેની દ્રષ્ટિ મદથી આકુળ વ્યાકુળ થઇ ગઇ છે. એવી મદીરા દેવી તે ક્ષીર સાગરમાંથી ઉત્પન્ન થઈ. ૯૨. ત્યારબાદ ફરીથી મંથન કરવા માંડયું ત્યારે તે ક્ષીર સમુદ્રમાંથી દેવતાઓની સ્ત્રીઓને પ્રફુલ્લિત કરનાર અને પોતાની સુવાસથી તમામ જગત્ને સુગંધમય કરનાર પારિજાત નામનું વૃક્ષ ઉત્પન્ન થયું. ૯૩. તદનંતર પોતાના સર્વોત્કૃષ્ટ સ્વરૂપ તથા ગુણોથી ભરપુર અત્યંત આશ્ચર્યકારક અપ્સરાઓનો સમૂહ તે ક્ષીર સમુદ્રમાંથી ઉત્પન્ન થયો. ૯૪. ત્યાર પછી તે ક્ષીર સાગરમાંથી ચંદ્ર ઉત્પન્ન થયો, તેને મહાદેવજીએ ગ્રહણ કર્યો. તેની પાછળ વિષ (ઝેર) ઉત્પન્ન થયું, તે સર્પોએ ગ્રહણ કર્યું. ૯૫. હે મૈત્રેય ! તદનંતર જેણે શ્વેત વસ્ત્રધારણ કર્યાં છે અને અમૃતથી પરિપૂર્ણ ભરેલો કુંભ જેના કર કમળને વિષે છે એવા ધન્વંતરી તે ક્ષીર સમુદ્રમાંથી ઉત્પન્ન થયા. ૯૬. હે મૈત્રેય ! તે વખતે તમામ ઋષિગણોએ સહવર્ત્તમાન સઘળા દેવ, દૈત્ય, અને દાનવોના અંતઃકરણમાં સ્વસ્થતા પ્રાપ્ત થઈ, અને તેઓને ઘણો મોટો આનંદ થયો. ૯૭. ત્યારબાદ સ્ફુરાયમાન કાંતિવાળા કમળના મધ્યમાં વાસ કરનાર અને હાથમાં કમળને ધારણ કરનારી લક્ષ્મી દેવી તે ક્ષીર સમુદ્રમાંથીજ ઉત્પન્ન થઈ. ૯૮. તે લક્ષ્મીને જોતાંજ આનંદ યુકત થએલા ઋષિઓએ શ્રી સૂક્તથી તેની સ્તુતિ કરી. તથા વિશ્વાવસુઆદિ ગંધર્વોએ તેના મુખ આગળ ગાયન કરવું શરૂ કર્યું. ૯૯. હે બ્રહ્મન્ ! ધૃતીચીઆદિ અપ્સરાઓએ તેના મોં આગળ નૃત્ય કરવા માંડયું. તેને સ્નાન કરાવવા માટે ગંગાઆદિ નદીઓ જળ લઈને પ્રાપ્ત થઈ. ૧૦૦. અને મોટા દીગ્ગજોએ સુવર્ણપાત્રમાં રહેલા પવિત્ર જળવડે સર્વ લોકોની મહેશ્વરી લક્ષ્મી દેવીને સ્નાન કરાવ્યું. ૧૦૧. હે મૈત્રેય ! ક્ષીર (દુધ) ના સરખી સફેદ અને કોઇ દીવસ ન કરમાય એવી કમળની માળા સમુદ્રએ અર્પણ કરી, ત્યાર પછી દેવતાઓના શિલ્પી વિશ્વકર્માએ તેના શરીર ઉપર અલંકારો પહેરાવી,

તેને વિભૂષિત કરી. ૧૦૨. આ પ્રમાણે સ્નાન કરી, દિવ્ય કમળ માળા, દિવ્યવસ્ત્રો અને સર્વોત્કૃષ્ટ અલંકારોથી સુશોભિત તે લક્ષ્મી સર્વ દેવ દૈત્યો વિગેરેની સમક્ષ વિષ્ણુ ભગવાનના વક્ષઃસ્થળ પાસે આવી. ૧૦૩. અને શ્રીહરીના વક્ષઃસ્થળ ઉપર આરોહણ થઇ, હે મૈત્રેય ! વિષ્ણુના વક્ષઃસ્થળ ઉપર વિરાજમાન થએલી લક્ષ્મીને જોઇ દેવતાઓને ઘણો આનંદ થયો. ૧૦૪. અને વિષ્ણુથી પરાઙ્મુખ રહેનારા વિપ્રચિત્તિ-આદિ દૈત્યવર્ગનો લક્ષ્મીએ ત્યાગ કીધો તેથી તેઓ અત્યંત ખેદ પામવા લાગ્યા. ૧૦૫. ત્યાર પછી તે બળવાન્ દૈત્યોએ અમૃતનો કળશ, હાથમાં ઝાલીને ઉભેલા ધન્વંતરી પાસેથી છીનવી લીધો. આ પ્રમાણે અમૃતનો કળશ ગયો જોઇ દેવતાઓ શોકાતુર થયા તે જોઈ સામર્થ્ય સંપન્ન શ્રી વિષ્ણુએ સ્ત્રી સ્વરૂપ (મોહિની સ્વરૂપ) ધારણ કરી પોતાની માયા જાળથી દૈત્યોને મોહ પમાડી તેની પાસેથી યુક્તિ કરી તે અમૃત પૂર્ણ કમંડળ લઈને દેવતાઓને અર્પણ કર્યું. ૧૦૬. ૧૦૭. તદનંતર ઈંદ્રાદિ દેવતાઓએ અમૃતનું પાન કર્યું. તે વખતે દૈત્યવર્ગ પોતાના આયુધો લઇને દેવોની સામે યુદ્ધ કરવાને આવ્યા. ૧૦૮. પણ અમૃત પ્રાશન કરવાથી બળવાન થયેલા દેવતાઓએ દૈત્ય સેનાનો એકદમ નાશ કર્યો અને બાકી રહેલા દૈત્યો દિશાઓમાં અને પાતાળમાં નાશી ગયા. ૧૦૯ તે વખતે દેવતાઓને ઘણો આનંદ થયો અને શંખ, ચક્ર, ગદા, આદિ ધારણ કરનાર તે સ્વયંપ્રકાશ વિષ્ણુની સ્તુતિ, નમન વિગેરે કરી, આગળ પ્રમાણે સ્વર્ગનું પાલન કરવા લાગ્યા. ૧૧૦. હે મૈત્રેય ! સૂર્યની કાંતિ ઉજ્વળ થવાથી તે પોતાને માર્ગે પડયા, નક્ષત્રોએ પણ પોતપોતાના માર્ગનું ગ્રહણ કર્યું. ૧૧૧. અગ્નિ ઉત્કૃષ્ટ કાંતિમાન થયાથી પ્રથમ પ્રમાણે જ્વલન કરવા લાગ્યો. સર્વ પ્રાણીઓની ધર્મ માર્ગે બુદ્ધિ થઇ. સઘળું જગત લક્ષ્મીથી પરિપૂર્ણ થઈ ગયું. અને દેવનો રાજા ઈંદ્ર પણ પાછો લક્ષ્મીવાન્ થયો. ૧૧૨. ૧૧૩. અને સ્વર્ગને ગ્રહણ કરી દેવતાઓ ઉપર રાજ્ય કરવા લાગ્યો પછી સિંહાસના રૂઢ થઇ તે ઈંદ્ર લક્ષ્મીની આ પ્રમાણે સ્તુતિ કરવા તત્પર થયો. ૧૧૪.

ઈંદ્ર કહે છે—જે સર્વ પ્રાણીમાત્રની જનની, કમળથી ઉત્પન્ન થએલી, જેના નેત્ર પ્રફુલ્લ કમળના સરખા શોભાયમાન છે, અને જેને વિષ્ણુ ભગવાનના વક્ષઃસ્થળનો આશ્રય છે, એવી લક્ષ્મીદેવીને હું સાષ્ટાંગ નમસ્કાર કરૂંછું. ૧૧૫. હે માતા ! તું સિદ્ધિ, તું સ્વધા, તું સ્વાહા, આ લોકને પવિત્ર કરનાર પણ તુંજ છે, તેમ તું સંધ્યા, રાત્રી, પ્રકાશ, ઐશ્વર્ય, બુદ્ધિ, અને વાણીની શક્તિ સરસ્વતિ પણ તું છે. ૧૧૬—હે દેવી ! કર્મ મિમાંસારૂપ યજ્ઞવિદ્યા, સાકારોપાસનારૂપ મહા વિદ્યા, મંત્ર શાસ્ત્રાદિ ગુહ્ય વિદ્યા, અને મોક્ષરૂપ ફળ આપનારી બ્રહ્મવિદ્યા એ પણ તું છે. ૧૧૭. ત્રણ વિદ્યા, તર્ક શાસ્ત્ર વાર્તા, શિલ્પશાસ્ત્રાદિ, રાજનીતિ, દંડનીતિ, એ પણ તું છે. હે દેવી ! તું પોતાના સુંદર અને ઉગ્ર સ્વરૂપથી આ જગતને પૂર્ણ કરેછે. ૧૧૮. યોગ

વડે ચિંતવન કરવામાં શકય, અને યજ્ઞાત્મક, દેવના દેવ વિષ્ણુના વક્ષઃસ્થળમાં નિવાસ કરવા યોગ્ય તારા શીવાય બીજી કઈ સ્ત્રી શકતીમાન થાય? ૧૧૯. પૂર્વે તેં આ જગત્નો ત્યાગ કર્યો હતો તેથી આ જગત્ નષ્ટ પ્રાય થઇ ગયું હતું તેને તેં અધુના ઉત્પન્ન થઇ પાછું વૃદ્ધિંગત કર્યું છે. ૧૨૦. હે લક્ષ્મી! તારી કૃપાદ્રષ્ટિ વડે મનુષ્યને સ્ત્રી, પુત્ર, ગૃહ, મિત્ર, ધન, અને ધાન્ય મળે છે. ૧૨૧. હે દેવી! જેની ઉપર તારી કૃપાદ્રષ્ટિ થાયછે તેને શરીરનું આરોગ્ય, શત્રુ પક્ષનોક્ષય, ઐશ્વર્ય (વૈભવ) મળવું બીલકુલ કઠણ નથી. ૧૨૨. હે દેવી! તું આ જગત્ની માતા છે, અને વિષ્ણુ આ જગત્ના પિતા છે. તું અને વિષ્ણુવડે આ સ્થાવર, જંગમાત્મક વિશ્વ વ્યાપ્ત થયેલું છે. ૧૨૩. હે સર્વપાવનિ દેવી! તું અમારા ધાન્યનો કોઠાર, અમારો ભંડાર, અમારૂં શરીર, અને અમારી સ્ત્રી વિગેરેનો ત્યાગ કરીશ નહિં. ૧૨૪. સર્વ દેવના દેવ! પરમાત્મા વિષ્ણુના વક્ષઃસ્થળમાં નિવાસ કરનાર હે દેવી! તું અમારા પુત્ર, મિત્ર, પશુ, અને અલંકાર વિગેરેને છોડી કયાંય પણ જઇશ નહિં. ૧૨૫. હે અમલા! ધીરજ, સત્યતા, બાહ્ય તથા આભ્યંતરની શુદ્ધિ, અને શીલ આદિ સદ્ગુણોનો જે મનુષ્ય ત્યાગ કરેછે તેનો તું પણ તત્કાળ ત્યાગ કરે છે. ૧૨૬. અને જે ઠેકાણે તું તારી કૃપાદ્રષ્ટિથી અવલોકન કરેછે તે આગળ કદાપી દુર્ગુણી હશે તો પણ તત્કાળ તેનામાં શીલ વિગેરે તમામ સદ્ગુણો, કુલીનપણું, અને ઐશ્વર્ય વિગેરે પ્રાપ્ત થાય છે એવો તારો પ્રભાવ બળવત્તર છે. ૧૨૭. હે દેવી? જે મનુષ્ય ઉપર તારી કૃપાદ્રષ્ટિ છે; તે મનુષ્ય સ્તુતિપાત્ર, ગુણવાન્, ધાન્યવાન, કુલીન બુદ્ધિશાળી, શૂરવીર, અને પરાક્રમી ગણાય છે. ૧૨૮. હે વિષ્ણુવલ્લભે! જગત્જનની એવી તું જેનાથી પરાંમુખ થઇછે તેના શીલ આદિ તમામ સદ્ગુણોને પણ દુર્ગુણ રૂપ થઈ જતા જરા વિલંબ લાગતો નથી. ૧૨૯. હે દેવી! બ્રહ્માની રસના (જીભ) પણ તારા ગુણનું વર્ણન કરવા સમર્થ નથી તો મારા સરખા શી રીતે કરી શકે? હે કમળાક્ષી! તું પ્રસન્ન થા, અને કદી પણ અમારો ત્યાગ કરીશ નહિં. ૧૩૦.

પરાશર કહે છે—હે મૈત્રેય! એ પ્રમાણે જ્યારે ઇંદ્રરાજાએ સ્તુતિ કરી તે વખતે સર્વ પ્રાણીના મધ્યમાં નિવાસ કરનારી તે લક્ષ્મી આનંદ યુકત થઈ. અને સર્વ દેવતાઓના સાંભળતાં આ પ્રમાણે કહેવા લાગી. ૧૩૧.

લક્ષ્મી કહે છે—હે દેવેંદ્ર! હું તારા સ્તોત્રથી પ્રસન્ન થઈ છું અને તને વરદાન આપવા આવી છું, માટે તારી મરજીમાં આવે તે વરદાન મારી પાસે માંગી લે. ૧૩૨.

ઇંદ્ર કહે છે—હે દેવી! તું મને વરદાન દેવા યોગ્ય ધારે છે અને જો તું વરદાન આપવાજ આવી હોય તો "આ ત્રણલોકનો કદી પણ તું ત્યાગ કરીશ નહિં" એ મહારૂં મુખ્ય વરદાન છે. અને હે સમુદ્રકન્યકે! મારા કરેલા "આ સ્તોત્રથી જે તારી સ્તુતી કરે તેનો પણ તું કદી ત્યાગ કરીશ નહિં" એવું બીજું વરદાન મને આપ. ૧૩૩-૧૩૪

લક્ષ્મી કહે છે—હે દેવેંદ્ર ! તેં જે સ્તોત્રથી મારૂં આરાધન કીધું, તેથી હું સંતુષ્ટ થઇ છું " હું ત્રણ લોકનો ત્યાગ કદી કરીશ નહિં " એ વર હું તને આપું છું તે પ્રમાણે જે કોઈ મનુષ્ય પ્રાતઃકાળમાં અને સાયંકાળમાં તારા કરેલા સ્તોત્રથી મારૂં સ્તવન કરશે તેનો પણ હું કદી ત્યાગ કરીશ નહિં. ૧૩૫. ૧૩૬.

પરાશર કહે છે—હે મૈત્રેય ! પૂર્વે સ્તોત્રરૂપી આરાધનાથી પ્રસન્ન થએલી લક્ષ્મીએ તે દેવેંદ્રને ઉપરના બે વરદાન આપ્યાં. ૧૩૭. હે મૈત્રેય ! જે લક્ષ્મી પૂર્વે ભૃગુ થકી ખ્યાતિ નામની સ્ત્રીને વિષે ઉત્પન્ન થઈ હતી, તે લક્ષ્મી આ વખતે દેવ અને દૈત્યના યત્નથી અમૃત માટે કરેલા મંથનથી સમુદ્રમાંથી ઉત્પન્ન થઈ. ૧૩૮. હે મૈત્રેય ! જગતના ઈશ દેવોના અધિપતિ વિષ્ણુએ જ્યારે જ્યારે સૃષ્ટિ ઉપર અવતાર ધારણ કર્યા છે, તે તે વખતે તેની સહધર્મિણી લક્ષ્મીએ પણ અવતાર ધારણ કર્યા છે. ૧૩૯ જે વખતે વિષ્ણુએ વામન અવતાર ધર્યો હતો તે વખતે લક્ષ્મી કમળમાંથી ઉત્પન્ન થઈ હતી. તથા ભગવાને પરશુરામ અવતાર ધર્યો તે વારે લક્ષ્મી પૃથ્વી રૂપે થઈ. ૧૪૦ જ્યારે તેણે રામાવતાર લીધો તે વારે લક્ષ્મી સીતારૂપે થઈ, અને ભગવાને જ્યારે કૃષ્ણ અવતાર ધર્યો, તે વારે તે લક્ષ્મી રૂક્મણીરૂપે થઇ એ પ્રમાણે વિષ્ણુના અન્ય અવતારોમાં પણ લક્ષ્મીએ પોતે અવતાર ધારણ કરી તેમની સહાયભૂત થઇ છે. ૧૪૧ જ્યારે વિષ્ણુ દેવરૂપ ધારણ કરે છે ત્યારે, તે દેવીરૂપે થાય અને જ્યારે ભગવાન મનુષ્યરૂપે પ્રગટ થાય ત્યારે તે મનુષ્ય થાય છે. અર્થાત્ ભગવાને જે જે અવતારો ધર્યા હશે તે તે અવતારોમાં તેને યોગ્ય અવતાર લક્ષ્મીએ ધર્યા હશે. ૧૪૨. હે મૈત્રેય ! આ લક્ષ્મીના જન્મનું વૃત્તાંત જે કોઈ શ્રવણ કરે છે અથવા પાઠ કરે છે તેના ઘરમાંથી ત્રણ પેઢી સુધી લક્ષ્મી જશે નહિ. ૧૪૩. તથા જેના ઘરમાં લક્ષ્મીની સ્તુતિ પઠન થશે તેના ઘરમાં કલેશની મૂળ ભૂત હોનારી અલક્ષ્મી કદી પણ રહેશે નહિં. ૧૪૪. હે મૈત્રેય ! તેં જે મને પ્રશ્ન કર્યો હતો કે " પ્રથમ લક્ષ્મી ભૃગુની પુત્રી થઈ અને ફરીથી સમુદ્રમાંથી કેમ ઉત્પન્ન થઇ ? " એ વૃતાંત મેં તને કહી બતાવ્યું. ૧૪૫. એ પ્રમાણે સર્વ પ્રકારના ઐશ્વર્યની પ્રાપ્તિ કરાવવામાં કારણીભૂત લક્ષ્મીની ઈંદ્રએ કરેલી સ્તુતિનો જે કોઇ મનુષ્ય નિરંતર પાઠ કરશે તેના ઘરમાં અલક્ષ્મી કદિ વાસ નહિં કરે અને શ્રેષ્ટ દશ વિધી લક્ષ્મી વડે તેનું ઘર હમેશાં પરિપૂર્ણ રહેશે. ૧૪૬.

इति सकल विभूत्य वाप्तिहेतु स्तुतिरियमिंद्रमुखोद्गता हि लक्ष्म्याः ॥
अनुदिनमिह पठ्यते नृभिर्यै र्वसति न तेषु कदाचिदप्यलक्ष्मीः॥१४६॥

ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે પ્રથમ અંશે નવમો અધ્યાય સંપુર્ણ.

* અધ્યાય ૧૦ મો.

मैत्रेयउवाच ॥ कथितं मे त्वया सर्वं यत्पृष्टोसि महामुने ॥
भृगुसर्गा त्प्रभूत्येष सर्गो मे कथ्यतां पुनः ॥ १ ॥

મૈત્રેય પ્રશ્ન કરે છે—હે ઋષિ શ્રેષ્ટ! મેં જે આપને પ્રશ્ન કર્યા હતા તે સઘળા તમે મને કહી બતાવ્યા. હવે ભૃગુથી ઉત્પન્ન થએલો વંશ મને કહી બતાવો. ૧.

પરાશર કહે છે—હે મૈત્રેય! ભૃગુની ખ્યાતિ નામની સ્ત્રીને વીષે વિષ્ણુની સ્ત્રી લક્ષ્મી તથા ધાતૃ, અને વિધાતૃ નામના પુત્ર જન્મ્યા. ૨. મેરૂએ આયતિ અને નયતિ એ નામની પોતાની બે કન્યાઓ અનુક્રમે ધાતૃ અને વિધાતૃને આપી. તેનાથી તેને પ્રાણ અને મૃકંડ નામના બે પુત્ર થયા. ૩. મૃકંડને માર્કંડ નામના પુત્ર થયા. તેનો પુત્ર વેદશિરા નામનો થયો. હવે પ્રાણના પુત્ર કહું છું તે શ્રવણ કર. ૪. પ્રાણનો પુત્ર દ્યુતિમાન્, તેનો પુત્ર રાજવાન્ નામનો થયો, હે ભાગ્યશાળી મૈત્રેય! તે રાજવાનથી વંશનો વિસ્તાર થયો છે. ૫. મરીચિની સંભૂતિ નામની સ્ત્રીને વિષે પૌર્ણમાસ નામનો પુત્ર થયો, તેને મહાત્મા વિરજા, અને સર્વગ, નામના બે પુત્રો થયા. ૬. એ સર્વગના પુત્રનો વિસ્તાર હું તને વંશના કથન સમયે કહીશ. અંગીરા થકી સ્મૃતિ નામની સ્ત્રીને વિષે કેટલાક પુત્ર અને સીનિવાલી (ચૈાદશ યુક્ત અમાશ) કુહૂ, (પડવા યુક્ત અમાસ,) રાકા, (ચૈાદશ યુક્ત પુનેમ) અને અનુમતી, (પડવા યુક્ત પુનેમ) વિગેરે ચાર કન્યાઓ ઉત્પન્ન થઈ. અત્રિ થકી અનુસયાને વિષે સેામ, દુર્વાસા, અને દત્તાત્રેય, એ નામના ત્રણ પુત્રો થયા. પુલસ્ત્યની પ્રીતિ નામની સ્ત્રીને વિષે દંભોલી નામનો પુત્ર થયો, એ પૂર્વ જન્મમાં સ્વાયંભુવ મન્વંતરને વિષે અગસ્ત્ય એ નામથી પ્રખ્યાત હતો. પુલહ નામના પ્રજાપતિને ક્ષમા નામની સ્ત્રીને વિષે કર્દમ, વરીયાન્, અને સહિષ્ણુ એવા ત્રણ પુત્રો થયા ક્રતુની સન્નતિ નામની સ્ત્રીને વિષે વાલખીલ્ય નામના અહર્નીશ ઉર્ધ્વરેતા, (બ્રહ્મચારી) દેદિપ્યમાન સૂર્યના સરખા તેજસ્વી અને અંગુષ્ટ માત્ર જેનું પ્રમાણ છે, એવા સાઠ હજાર પુત્રો ઉત્પન્ન થયા. ૭–૮–૯–૧૦–૧૧–૧૨. હે મૈત્રેય! વસિષ્ઠની ઉર્જા નામની સ્ત્રીને વિષે રજ, ગાત્ર, ઉર્ધ્વબાહુ, સવન, અનઘ સુતપા, અને શુક્ર, એ નામના સાત પુત્રો થયા, એ સાત પવિત્ર મુનિ કહેવાય છે. બ્રહ્માના મોટા પુત્ર અભિમાની અગ્નીદ્વિથી સ્વાહા નામની સ્ત્રીને વિષે પાવક, પવમાન અને પવિત્ર જલાશી, એ નામના અત્યંત તેજસ્વી ત્રણ પુત્રો ઉત્પન્ન થયા.

* આ દશમા અધ્યાયમાં દક્ષની કન્યાઓની સૃષ્ટિનું વર્ણન કરવામાં આવશે.

૧૩. ૧૪. ૧૫. તેના વંશમાં દરેકને પંદર, પંદર એવા પીસ્તાળીશ પુત્રો થયા છે, તે, પાવક આદિ ત્રણ, અને તેના પિતા, એમ કરી ઓગણપચાશ અગ્ની કહેવાય છે. હે મૈત્રેય! મેં તને આગળ બ્રહ્માથી ઉત્પન્ન થએલા પિતૃઓની કથા કહી છે. ૧૬–૧૭. તેમાં જે અગ્ની હોવાથી તે અગ્નીષ્વાત્તા નામના કહેવાય છે. અને જે સાગ્ની છે તે બર્હિષદ નામના કહેવાય છે. તે પિતૃઓની સ્વધા નામની સ્ત્રીમાં મેના અને વૈધારણી નામની બે કન્યાઓ ઉત્પન્ન થઈ ૧૮. તે બન્ને કન્યાઓ બ્રહ્મવાદિની અને યોગિની થઈ ઉત્કૃષ્ટ જ્ઞાનસંપન્ન તથા સર્વ સદ્ગુણથી પરિપૂર્ણ થઇ છે, ૧૯ એ પ્રમાણે દક્ષ પ્રજાપતિની કન્યાઓનો વંશ મેં તને સંભળાવ્યો. જે કોઇ શ્રદ્ધાવાન મનુષ્ય એનું સ્મરણ કરશે તે કદાપી પુત્ર વગરનો રહેશે નહિં. ૨૦.

इत्येषा दक्ष कन्यानां कथितापत्यसंततिः ॥
श्रद्धावानू संस्मरेन्नेताननपत्यो न जायते ॥ २० ॥

ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે પ્રથમ અંશે દશમો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૧૧ મો.

पराशर उवाच ॥ प्रियव्रतोत्तानपादौ मनोः स्वायंभुवस्य तु ।
द्वौ पुत्रौ सुमहावीर्यौ धर्मज्ञौ कथितौ तव ॥१ ॥

પરાશર કહે છે—હે મૈત્રેય! સ્વાયંભુવ મનુના ધર્મિષ્ટ મહા પરાક્રમી પ્રિયવ્રત, અને ઉત્તાનપાદ એ નામના બે પુત્રની કથા તને કહી છે. ૧. તેમાંથી ઉત્તાનપાદ નામના રાજાને સુરૂચી નામની સ્ત્રીને વિષે પિતાને અત્યંત વહાલો ઉત્તમ નામનો પુત્ર થયો. ૨. એને સુનીતિ નામની બીજી સ્ત્રી હતી તેની ઉપર એનો બીલકુલ પ્રેમ ન હોતો. એ સુનીતિ રાણીને ધ્રુવ નામનો પુત્ર થયો. ૩. એક દિવસ પોતાનો ભાઈ ઉત્તમ સિંહાસન ઉપર બેઠેલા પિતાના ખોળામાં બેઠો હતો, તે જોઈ ધ્રુવને પણ તેના ખોળામાં બેસવાની ઈચ્છા થઇ. ૪. તે વખતે સુરૂચિ રાજાની સમીપમાં હોવાથી તેની પ્રીતિમાં ભંગ થવારૂપ ભયને લીધે પોતાના ખોળામાં બેસવાની ઉત્કંઠાથી પ્રેમપૂર્વક પાસે આવેલા ધ્રુવને રાજાએ જરાપણ અનુમોદન આપ્યું નહિ. ૫. પોતાનો પુત્ર ઉત્તમ

* આ અગીયારમાં અધ્યાયમાં સુનીતિનો પુત્ર ધ્રુવ અત્યંત બાલ્યાવસ્થામાં હતો છતાં પોતાની સાવકી માના વચનથી વનમાં જશે અને ત્યાં મુનિઓના ઉપદેશથી પરમાત્માનું તે આરાધન કરશે એ કથા કહેવામાં આવશે.

એના પિતાના ખોળામાં બેઠો છે અને પોતાની સોકનો પુત્ર ધ્રુવ તેના પિતાના ખોળામાં બેસવાની ઉત્કંઠા ધરાવે છે, એમ જોઇ સુરૂચિ ધ્રુવને આ પ્રમાણે કહેવા લાગી. ૬. હે વત્સ! તું મારે પેટે જન્મ્યો નથી, તારો જન્મ બીજી સ્ત્રીમાં થયો છે, માટે તું રાજાના ખોળામાં બેસવા નિષ્ફળ ઈચ્છા કરે છે એ તારે શા કામની? ૭. હે વિચાર વગરના! જે તું અત્યંત શ્રેષ્ઠ સ્થાન ઉપર બેસવાની ઇચ્છા કરે છે તે તને બીલકુલ મળશે નહિં. તુંએ રાજાનો પુત્ર છે તે ખરૂં પણ તે શા કામનું? કારણ કે તને મેં મારા ગર્ભમાં ધારણ કર્યો નથી તેથી તું રાજાના ખોળામાં બેસવાને અધિકારી નથી. ૮. સર્વ રાજાઓના આશ્રયભૂત (ચક્રવર્ત્તી) સ્થાનરૂપ એ રાજ્યાસન કહેવાય, એની ઉપર બેસવાને મારો પુત્ર ઉત્તમજ યોગ્ય છે. માટે તું શા માટે તારા આત્માને કષ્ટ આપે છે. ૯. મારા પુત્ર પ્રમાણે તને શા માટે મોટી આશા જોઇએ? કેમકે તારો જન્મ સુનીતિથી થયો છે એ શું તનેમાલમ નથી? (અર્થાત્ તને જો એ સ્થાનની ઇચ્છા હોય, તો તપ વડે હરિનું આરાધન કરી ફરીથી મારે વિષે જન્મ લે). ૧૦.

પરાશર કહે છે—હે મૈત્રેય! એ પ્રમાણે પોતાની સાવકી માતાના મુખથકી થએલા સંભાષણ શ્રવણ કરતાંજ ધ્રુવજીએ પોતાના પિતાનો ત્યાગ કરી ક્રોધ પામેલો પોતાની માતા પાસે આવ્યો. ૧૧. અતીશય ક્રોધ વડે જેના અધર ફરકે છે એવા પોતાના પુત્રને જોઇ સુનીતિ તેની પાસે જઈ ધ્રુવજીને પોતાના ખોળામાં બેસાડી પ્રેમપૂર્વક કહે છે. ૧૨. હે વત્સ! તું શામાટે આટલો કોપ કરે છે? તારૂં કોણે અપમાન કર્યું? તારો કોણે અપરાધ કીધો? શું તારા પિતાના સ્વભાવને કોઇ નથી જાણતા? ૧૩. આ પ્રમાણે પોતાની માતાના વચન સાંભળી ધ્રુવજીએ ક્રોધ દુર કર્યો. અને સાવકી માતાએ રાજાના દેખતાં જે ગર્વિષ્ટ ભાષણ કર્યું હતું, તે સર્વ પોતાની માતાને કહી બતાવ્યું. ૧૪. દુઃખથી નિસાસા મુકતાં મુકતાં પોતાના પુત્રએ કહેલું વૃત્તાંત સાંભળી સુનીતિને ઘણું ખોટું લાગ્યું. અને તેના મુખમાંથી ઉષ્ણ શ્વાસોશ્વાસ નિકળવા માંડયો, તેથી તેનાં નેત્ર કરમાઈ ગયા. તે એકાએક દીન માણસના જેવી થઈ પોતાના પુત્રને કહેવા લાગી. ૧૫.

સુનીતિ કહે છે—હે પુત્ર! સુરૂચીએ જે કહ્યું છે તે સત્ય છે, તારૂં ભાગ્ય થોડું છે, કારણકે જે ભાગ્યશાળી હોયછે તેને તેના શત્રુઓ આ પ્રમાણે કહેતા નથી. ૧૬. હે વત્સ! તારે ખોટું લગાડવાનું કંઇ પણ કારણ નથી. પૂર્વ જન્મમાં તેં જે કંઇ કીધું હશે, તેનો નાશ કરવા કોણ સમર્થ છે? અને પૂર્વ જન્મમાં તેં કંઈ સંચય કીધું નથી, તો આ જન્મમાં તને ક્યાંથી મળશે? ૧૭. જે પુણ્યવાન હશે તેને રાજ્ય સિંહાસન, છત્ર, શ્રેષ્ઠ ઘોડા, અને સર્વોત્તમ હાથી વિગેરે મળશે, એમ વિચાર કરી તું શાંત થા. ૧૮. પૂર્વ જન્મમાં સુરૂચીએ પુણ્ય કર્યું હશે, માટે રાજાની તેના ઉપર

અત્યંત પ્રીતિ છે. અને હું પુણ્ય રહિત હોવાથી કહેવા માત્ર રાજાની સ્ત્રી છું ૧૯. તે પ્રમાણે સુરૂચીનો પુત્ર ઉત્તમ પણ ઘણો પુણ્યશાળી છે, કારણ કે તે તેનો પુત્ર થયો છે. અને હે ધ્રુવ! તું સ્વલ્પ પુણ્ય યુકત છે માટે મારો પુત્ર થયો છે. ૨૦. તથાપિ હે પુત્ર! તારે દુઃખ ધરવું એ યોગ્ય નથી. કારણ કે બુદ્ધિમાન મનુષ્ય પોતાને જેટલું પ્રાપ્ત થયું હોય તેટલાથીજ સંતુષ્ટ રહેછે. ૨૧. જો તને સુરૂચીના વચનથી બોહું લાગ્યું હોય તો જેનાથી ઘણું ફળ મળે છે એવા પુષ્કળ પુણ્ય સંચય કરવામાં યત્ન કર. ૨૨. હે વત્સ! સુશીળ તથા ધર્માત્મા થા; સર્વ પ્રાણીઓને મિત્ર સમાન ગણી તેનું કલ્યાણ કરવામાં તત્પર થા; એટલે તારામાં પાત્રતા આવશે, જેમ જળ નીચી જમીનમાં ગમન કરે છે, તેમ જયાં પાત્રતા છે ત્યાંજ સંપતિ જાય છે. ૨૩.

ધ્રુવ કહે છે—હે માતા! મારૂં અંતઃકરણ દુષ્ટ વચનોથી ભેદાઈ ગયું છે. માટે તારા વચન જો કે શાંતિને આપનારાં છે, છતાં મારા હૃદયમાં ટકી શકતાં નથી. ૨૪. તેથી હવે હું એવો યત્ન કરીશ કે જેના યોગથી આ જગત્માં પૂજનીય અને સર્વોત્કૃષ્ટ સ્થાન મને પ્રાપ્ત થાય. ૨૫. હે માતા! સુરૂચી રાજાની માનીતિ રાણી છે, મેં એના ઉદરથી જન્મ લીધો નથી, હું તારા ઉદરથી વૃદ્ધિ પામેલો છું છતાં મારૂં પરાક્રમ કેવું છે તે તું જો જે. ૨૬. સુરૂચીએ ગર્ભમાં ધારણ કરેલો એવો મારા ભાઈ ઉત્તમને મારા પિતા તરફથી રાજ્યાસન ભલે પ્રાપ્ત થાય મારી જરાપણ એમાં ઇચ્છા નથી. ૨૭. હે માતા! બીજાના આપેલા સ્થાનની મારે અપેક્ષા નથી. પણ જે સ્થાને મારા પિતાએ ન જઈ શકે એવું અવિનાશી સ્થાન મારે મારા તપો બળવડે મેળવવાની ઇચ્છા છે. ૨૮.

પરાશર કહે છે—એ પ્રમાણે પોતાની માતા સાથે સંભાષણ કરી ધ્રુવજી ઘરમાંથી બહાર નીકળ્યો; અને તે નગરમાંથી પણ બહાર નિકળી ત્યાંથી થોડે દુર એક વનમાં આવ્યો. ૨૯. ધ્રુવને જવાની અગાઉ પ્રાપ્ત થએલા જેણે કૃષ્ણ મૃગ ચર્મ ધારણ કરેલાં છે; તથા દર્ભાસન ઉપર બેઠેલા એવા સપ્ત ઋષિઓને ધ્રુવજીએ જોયા. ૩૦. તે રાજપુત્રએ સર્વને નમસ્કાર કર્યા; અને પોતાના હાથવડે તેમના ચરણનો સ્પર્શ કરી વીનયથી નમ્રથઈ આ પ્રમાણે કહે છે. ૩૧. હે ઋષિ સત્તમ! હું ઉત્તાનપાદ રાજાનો પુત્ર છું, મારો જન્મ સુનીતિ રાણીથી થયો છે મને કંઈક ઉદ્વેગ થવાથી આપની પાસે આવ્યો છું. ૩૨.

ઋષિઓ કહે છે—હે નૃપનંદન! હજુ તું ઘણો નાનો બાળક છે; પાંચ વર્ષની તારી ઉમ્મર છે; તારા પિતા રાજા વિદ્યમાન છે; માટે તને કંઈ ઉદ્વેગ હોય એમ અમને લાગતું નથી. ૩૩. તારે કોઇ પ્રકારની ચીંતા નથી; કારણ કે તારા પિતા હજુ જીવતા છે. તેમજ હે બાળક! તારે ઇષ્ટ વસ્તુનો વિયોગ થયો હોય એમ પણ લાગતું નથી કેમકે તું હજુ નાદાન છે. ૩૪. તથા

તાજા શરીરમાં કંઈ રોગ હોય એવું પણ અમને માલમ પડતું નથી. તો તને શું દુઃખ છે? તેનું ખરું કારણ અમને કહી બતાવ. ૩૫.

પરાશર કહે છે—એ પ્રમાણે ઋષિઓના વચન સાંભળ્યાં પછી ધ્રુવને સુરૂચીએ જે જે વચનો કહ્યાં હતાં, તે તમામ ઋષિઓને કહી સંભળાવ્યાં. તે સાંભળી ઋષિયો પરસ્પર કહેવા લાગ્યા. ૩૬. અહો!! શું ક્ષત્રિઓનું તેજ? અરે! આતો હજુ નાદાન છે; છતાં પોતાની સાવકી માતાના વચન તે સહન ન કરી શકયો? એ વાત અદ્યાપિ સુધી એના મનમાંથી ખસી નથી. ૩૭. હે ક્ષત્રીય વંશજ! તને જે ખેદ થયો છે તેમાં તારે શી ઈચ્છા છે? એ કહેવાનું જો તને ઠીક લાગતું હોય તો અમને કહે. ૩૮. હે તેજસ્વી! તારા મનમાં કંઈક બોલવાની ઈચ્છા છે; એમ અમને તારા મુખ ઉપરથી માલમ પડે છે. અમારે તને કેવા પ્રકારની સહાય કરવાની છે તે અમને કહે. ૩૯.

ધ્રુવ કહે છે—હે સર્વોત્તમ બ્રાહ્મણો! મને દ્રવ્યની કે રાજયની ઇચ્છા નથી. હું એક એવા સ્થાનની ઈચ્છા કરૂં છું, કે જે સ્થાનનો પૂર્વે કોઇએ પણ ઉપભોગ કર્યો ન હોય. ૪૦. હે મુનિસત્તમ! એ કાર્યમાં મારે શું કરવું? એ સર્વોત્તમ સ્થાન મને કેવે પ્રકારે મળે? તે મને યથાર્થ આપ કથન કરો. એટલીજ હું આપની સહાય માગું છું. ૪૧.

મરીચિ કહે છે—હે રાજપુત્ર! જેણે શ્રીવિષ્ણુનું પુજન કર્યું નથી, તે મનુષ્યને એવા પ્રકારનું સર્વોત્તમ સ્થાન પ્રાપ્ત થવું અશક્ય છે. માટે તું શ્રીવિષ્ણુની આરાધના કર. ૪૨.

અત્રિ કહે છે—પરથી પર એવા પરમ પુરૂષ જનાર્દન જેની ઉપર પ્રસન્ન થાયછે, તેને એ અક્ષય્ય સ્થાન પ્રાપ્ત થાય છે. એ હું તને સત્યતા પૂર્વક કહું છું ૪૩.

અંગીરા કહે છે—હે રાજપુત્ર! જ્યારે તું પોતાને ઉત્કૃષ્ટસ્થાન મેળવવાની ઈચ્છા કરેછે તો જે નિર્વિકાર, અવિનાશી પરમાત્માના ઉદરમાં આ અખિલ બ્રહ્માંડ વાસ કરે છે, તે વિષ્ણુનું પુજન કર. ૪૪.

પુલસ્ત્ય કહે છે—આ વિશ્વમાં અત્યંત શ્રેષ્ઠ સ્થાન છે, તે પરબ્રહ્મ વેદ સ્વરૂપ પરમાત્મા વિષ્ણુનું આરાધન કરે છે, તેનેજ મળેછે. માટે તું એ વિષ્ણુની આરાધના કર. ૪૫.

ક્રતુ કહે છે—જેને મિમાંસા આદિ શાસ્ત્રમાં યજ્ઞ પુરૂષ કહે છે. અને યોગ શાસ્ત્રમાં જેને પરમ પુરૂષ કહે છે. એવા જનાર્દન ઇશ્વર પ્રસન્ન થાય તો આ વિશ્વમાં કંઇ પણ પ્રાપ્ત કરવા અશકય નથી. ૪૬.

પુલહ કહે છે—હે સુવ્રત! જે જગતના અધિપતિનું પુજન કરવાથી ઇંદ્રને

ઇંદ્રપદ મળ્યું છે, તે યજ્ઞ નાયક વિષ્ણુનું તું આરાધન કર, જેથી તને તારા ઈષ્ટ સ્થાનની પ્રાપ્તિ થશે. ૪૭.

વસિષ્ઠ કહે છે–મનુષ્યો વિષ્ણુનું આરાધન કરવાથી ત્રણ લોકની અંદર જે ઉત્તમોત્તમ સ્થાનની ઈચ્છા કરે છે તે પણ તેને પ્રાપ્ત થાય છે, તો તને એ સ્થાન મળવામાં શું આશ્ચર્ય છે. ૪૮.

ધ્રુવ કહે છે–મહારાજ હું આપના ચરણમાં નમસ્કાર કરૂં છું. મારે વિષ્ણુ દેવની આરાધના કરવી; એ મને તમોએ કહ્યું; પણ તે દેવને સંતોષ કરવાને માટે મારે કયા મંત્રનો જપ કરવો? ૪૯. અને મારે એ પરમાત્માનું આરાધન કેવે પ્રકારે કરવું? તે મને રૂડે પ્રકારે કહી બતાવો; કે તે પ્રમાણે હું કરૂં. ૫૦.

ઋષિ કહે છે–હે રાજપુત્ર! આરાધના કરવામાં તત્પર હોનાર મનુષ્યો એ તે વિષ્ણુની આરાધના કેવે પ્રકારે કરવી; તે તમામ પ્રકાર મારી પાસેથી તું શ્રવણ કર. ૫૧. વિષ્ણુની આરાધના કરનારા પુરૂષે પ્રથમ પોતાના અંતઃકરણમાંથી બાહ્ય વિષયોનો ત્યાગ કરવો, અને ત્યાર પછી તે સર્વ જગત્‌ના આધારરૂપ પરમેશ્વરમાં નિશ્ચય મન લગાડવું. ૫૨. હે રાજપુત્ર! એ પ્રમાણે એકાગ્ર અંતઃકરણ કરી પરમાત્માને વિષે તલ્લીન થઈ, અને ધૈર્ય ધારણ કરી જે મંત્રનો જપ કરવાનો છે, તે મંત્ર હું તને કહું છું તે શ્રવણ કર. ૫૩. "**हिरण्यगर्भ पुरुष प्रधानाव्यक्तरूपिणे ॥ ॐ नमोवासुदेवाय शुद्धज्ञानस्वभाविने॥**" એટલે જે હિરણ્યગર્ભ રૂપ, પુરૂષ રૂપ, અને અવ્યક્ત પ્રધાન રૂપ છે, તે શુદ્ધ જ્ઞાનાત્મક ઉપાધિ રહિત તથા ૐ કાર સ્વરૂપ વાસુદેવને મારા પ્રણામ હજો. ૫૪. તારા દાદા સ્વાયંભુવ મનુએ પૂર્વે આ મંત્રનો જપ કર્યો હતો. તેથી તેઓ વિષ્ણુને પ્રસન્ન કરવા સફળ થયા હતા. વિષ્ણુએ એની ઉપર પ્રસન્ન થઈ ત્રૈલોક્ય દુર્લભ અભિષ્ટ વસ્તુ જે ઐશ્વર્ય તે તેઓને આપ્યું; તે સર્વને અશક્ય છે. તે પ્રમાણે તું પણ એ મંત્રનો જપ કરી એ પરમાત્મા-ગોવિંદને પ્રસન્ન કર તે તારી મન કામના પૂર્ણ કરશે. ૫૫. ૫૬.

ददौ यथाभिलषितामृद्धिं त्रैलोक्यदुर्लभाम्
तथा त्वमपि गोविंदं तोषयैतत्सदा जपन् ॥ ५६ ॥

ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે પ્રથમ અંશે એકાદશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૧૨ મો.

પરાશર ઉવાચ ॥ નિશમ્યૈતદશેષેણ મૈત્રેય નૃપતેઃ સુતઃ ॥
નિર્જગામ વનાત્તસ્માત્પ્રણિપત્ય સ તાનૃષીન્ ૧

પરાશર કહે છે—હે મૈત્રેય! એ પ્રમાણે રાજપુત્ર ધ્રુવજીએ ઋષિઓના મુખથી સઘળું સાંભળીને ઋષિઓને નમસ્કાર કરી તે વનમાંથી ચાલી નીકળ્યા. ૧. ત્યાર પછી તે ધ્રુવ પોતાના આત્માને કૃત કૃત્ય માનીને યમુનાના કીનારા ઉપર આવેલા પવિત્ર મધુ વનમાં જઈ નિવાસ કર્યો. ૨. એ વનને વિષે મધુ નામનો દૈત્ય રહેતો હતો. માટે એ વન મધુવનના નામથી ઓળખાયું; અને એ યમુના તીર સર્વ ભૂમંડળમાં પ્રસિદ્ધ થયું. ૩. પૂર્વે શત્રુઘ્નએ મધુદૈત્યનોપુત્ર લવણાસુર જે અત્યંત બળીષ્ટ હતો તેનો નાશ કરીને ત્યાં આગળ મથુરા નામની નગરી વસાવી ૪. કે જ્યાં સર્વ દુઃખના નાશ કરનાર પરમેશ્વરનું સાન્નિધ્ય છે. તે સઘળા પાપના સમૂહને નાશ કરનાર પવિત્ર યમુના તીર ઉપર રાજપુત્ર ધ્રુવજીએ તપશ્ચર્યા કરવાનો આરંભ કર્યો. ૫. તેણે ત્યાં આગળ મરિચીઆદિ ઋષિના આપેલા ઉપદેશ પ્રમાણે પોતાના અંતઃકરણમાં વાસ કરનાર અને સર્વ દેવના અધિપતિ જે વિષ્ણુ તેનું ધ્યાન કરવા માંડ્યું. ૬. હે મૈત્રેય! આ પ્રમાણે તે અનન્ય ભાવથી ધ્યાન કરે છે, તે વખતે સર્વ પ્રાણીમાત્રમાં નિવાસ કરનાર ભગવાન શ્રી હરી વિરાટ સ્વરૂપ ધારણ કરી તેના અંતઃકરણમાં ઉત્પન્ન થયા. ૭. તે યોગી ધ્રુવજીના હૃદયમાં શ્રી વિષ્ણુ પરમાત્મા નિવાસ કરવાથી સર્વ પ્રાણી માત્રને ધારણ કરનારી પૃથ્વી તેનો ભાર સહન કરવાને સમર્થ થઈ નહિં. ૮. જયારે ધ્રુવજી પોતાના ડાબા પગ ઉપર ઉભા રહ્યા ત્યારે પૃથ્વી વામ ભાગે અર્ધી નમી ગઇ. અને જ્યારે જમણા પગ ઉપર ઉભા રહ્યા ત્યારે બીજી તરફ અર્ધ નમી ગઈ. ૯. તે પોતાના પગના અંગુઠા ઉપર જે વખતે ઉભા રહ્યા તે વખતે પર્વતો સહવર્ત્તમાન તમામ ભૂમંડળ ચળાયમાન થયું. ૧૦. નદી, ધરા, અને સમુદ્ર ક્ષોભ પામવા લાગ્યા. હે મૈત્રેય! એ પ્રમાણે તમામ ભૂમંડળમાં જયારે ગડબડાટ થયો ત્યારે દેવતાઓના મનમાં અત્યંત અસ્વસ્થતા ઉત્પન્ન થઈ. ૧૧. તે સમયે આકુળ વ્યાકુળ થએલા યામ નામના દેવતાઓએ ઈંદ્રની સાથે મસલત કરી ધ્રુવજીને ધ્યાનમાંથી ભંગ કરવાનો આરંભ કર્યો. ૧૨. હે મહામુનિ! જેનો સ્વભાવ દૈત્યના જેવો છે એવો કુષ્માંડ ગણ (ઉપદેવ) દેવેંદ્રએ સહવર્ત્તમાન ત્યાં આવી અનેક પ્રકારના

* આ બારમા અધ્યાયમાં ધ્રુવજી મધુવનમાં આવી મુનીઓના ઉપદેશ પ્રમાણે હરીની આરાધના કરશે ત્યાં તેને દેવતાઓ વિઘ્ન કરશે, ત્યાર પછી ભગવાન તેને દર્શન આપી અવીચળ પદ આપશે. એ કથા કહેવાશે.

સ્વરૂપ ધારણ કરી ધ્રુવને સમાધિમાંથી ભંગ કરવા લાગ્યા. ૧૩. તે સમયે માયામયી ધ્રુવની માતા સુનીતિ તેની આગળ અત્યંત આકુળ વ્યાકુળ થઇ જેના નેત્ર આંસુથી પરિપૂર્ણ છે એવી, ઘણા દયામણે મુખે તેને કહેવા લાગી. ૧૪. હે બાળક ! આ તપ કરવાની હઠ છોડી દે, એ અત્યંત ભયંકર છે, કારણ કે એ તપથી તારૂં શરીર કેવું શુસ્ક થઈ ગયું છે, હે પુત્ર ! તું મને ઘણી મહેનતે અને ઘણા ઘણા પ્રકારના મનોરથવડે પ્રાપ્ત થયો છે. ૧૫. મારી શોકના વચન ઉપરથી દીન અને અનાથ આ તારી માતાને એકલી મુકવી તને યોગ્ય નથી. હે બાળક ! મને તારા વગર બીજા કોઈનો આધાર નથી. એક તારોજ આધાર છે. ૧૬. પાંચ વર્ષનો બાળક કયાં ? અને આ ભયંકર તપશ્ચર્યા કયાં ? આ તારી હઠ નિષ્ફળ છે. આનાથી તારા મનમાં કષ્ટ થાય છે માટે હે પુત્ર ! આ હઠ તું છોડી દે. ૧૭. હે પુત્ર ! આ તારી ઉમ્મર હમણા રમવાની છે, ત્યાર પછી ભણવાનો વખત, ભણ્યા પછી સર્વ સુખ વૈભવ ભોગવવાનો વખત, અને ત્યાર પછી છેવટે આ શરીર તપશ્ચર્યા માટેજ યોગ્ય છે. ૧૮. હે પુત્ર ! આ તારે અનેક પ્રકારની રમત ગમત કરવાનો સમય છે, તે મુકી તું શામાટે તારા શરીરને ક્ષીણ કરનારી તપશ્ચર્યા કરવામાં તત્પર થયો છે ? ૧૯. મને સંતુષ્ટ કરવી એ તારા સરખા પુત્રનો ઉત્કૃષ્ટ ધર્મ છે. માટે હું તને જે પ્રમાણે કહું છું તે પ્રમાણે તારી વયને યોગ્ય કાર્ય કરવા તત્પર થા, દુરાગ્રહનો ત્યાગ કર, મોહ છોડી દે, આ તપથી નિવૃત્ત થા. હે પુત્ર ! જો તું આજને આજ આ તપ કરવાનું છોડશે નહિં તો હું તારી સમક્ષ મારો પ્રાણ ત્યાગ કરીશ. ૨૦. ૨૧.

પરાશર કહે છે—હે મૈત્રેય ! એ પ્રમાણે અતીશય વિલાપ કરનારી સુનીતિ તરફ તે ધ્રુવની દ્રષ્ટિ હતી છતાં વિષ્ણુને વિષે તેનું અંતઃકરણ એકાગ્ર થયેલું હોવાથી તેની માતાને તેણે દીઠી નહીં. ૨૨. હે પુત્ર ! હે પુત્ર ! આ ભયંકર વનમાં આ ક્રુર રાક્ષસો હાથમાં ઉઘાડા શસ્ત્ર લઇ અહિં આવે છે માટે અહિંથી દુર ભાગો. એ પ્રમાણે કહી એની માતા સુનીતિ ત્યાંથી ચાલી ગઇ. ત્યાર પછી જેનાં હાથમાં ઉઘાડાં શસ્ત્ર છે એવા રાક્ષસોના મુખમાંથી અગ્ની જવાળાઓ પ્રગટ થઈ ૨૩–૨૪. તે રાક્ષસોએ રાજપુત્ર આગળ દેદીપ્યમાન શસ્ત્ર ફેરવી અત્યંત ભયંકર કીકીયારી કરવા લાગ્યા, અને જેણે પોતાના મુખમાં અગ્નીજ્વાળારૂપી કોળીયા ગ્રહણ કર્યાછે એવા સેંકડો શીયાળવા તે યોગનીષ્ટ બાળકને ભય ઉત્પન્ન કરવા ચારે તરફ વિંટલાઈ વળ્યા. ૨૫–૨૬. તદનંતર રાક્ષસો એનો વધ કરો ! મારો ! કાપો ! કાપી નાખો ! ખાઓ ! ખાઉં ! ઇત્યાદિ બકવાટ કરવા લાગ્યા. એ પળમાં તો ત્યાં ધમસાણ ધુમરાણ, કોળાહળ મચી રહ્યો. એ રાક્ષસોમાં કેટલાક સિંહમુખા, કેટલાક ઉંટમુખા, અને કેટલાક મગરના જેવા મુખવાળા હતા. એ રાક્ષસોએ તે

બાળકને ભય ઉત્પન્ન કરવા માટે અનેક પ્રકારની ચેષ્ટાઓ કરી વિંટલાઈ વળ્યા. ૨૭–૨૮. પરંતુ એ રાક્ષસોના નાદ વિગેરે પોતાના અંતઃકરણમાં વિરાટરૂપે વાસ-કરનાર શ્રી પરમાત્મામાં ચિત્ત આસક્ત કરનાર તે ધ્રુવજીને કંઈ પણ દ્રષ્ટિગોચર થયું નહિં. ૨૯. એ રાજપુત્રનું અંતઃકરણ એકાગ્ર હોવાથી તેને પરમાત્માના દર્શન શીવાય બીજું કંઇ પણ દેખાતું ન હોતું. ૩૦. તદનંતર તે તમામ માયાવિ પ્રકાર નષ્ટ થયો. અને ધ્રુવની પાસે પોતાનું બળ ચાલેલું ન હોવાથી તે દેવતાઓ ભયથી અત્યંત ગભરાવા લાગ્યા. ૩૧. ધ્રુવજીના તપના પ્રભાવથી તાપ પામેલા દેવતાઓ સર્વ જગતના ઉત્પાદક, આદ્યંત રહિત, તથા રક્ષણ કરવામાં સમર્થ એવા શ્રી હરીને શરણે જઇ કહેવા લાગ્યા. ૩૨.

દેવતાઓ કહે છે—હે દેવનાદેવ! હે જગન્નાથ! હે પરમેશ્વર! હે પુરૂષોત્તમ! ધ્રુવજીના તપો બળથી તપ્ત થએલા અમે તમારા શરણમાં આવ્યા છીયે. ૩૩. હે દેવ! જે પ્રમાણે પ્રત્યેક દિવસે દિવસે ચંદ્રમા વૃદ્ધિ પામિને પૂર્ણ થાયછે તે પ્રમાણે આ બાળક ધ્રુવ તપવડે નિરંતર વૃદ્ધિ પામવા લાગ્યો છે. ૩૪. હે જનાર્દન! તે ઉત્તાનપાદ રાજાના પુત્રની તપશ્ચર્યાથી અમને ઘણો ભય લાગે છે. તેથી તમારા શરણમાં આવ્યા છીએ, માટે તેને તપથી નિવૃત્ત કરો. એને ઇંદ્રપદની આશા છે કીંવા સૂર્યપદ, કુબેર, વરૂણ, અથવા ચંદ્ર, એઓના અધિકાર મેળવવા તેને અભિલાષા છે. કે શું છે? તે અમને ખબર પડતી નથી. ૩૬. હે ઈશ્વર! પ્રસન્ન-થાઓ, પ્રસન્ન થાઓ, અને એ ઉત્તાનપાદ રાજાના પુત્ર ધ્રુવને તપશ્ચર્યા કરતાં અટકાવી અમારા હૃદયમાંથી શૂળ કાઢી નાંખો. ૩૮.

શ્રી ભગવાન કહે છે—હે દેવો! તે ધ્રુવને ઇંદ્રપદની, સૂર્યપદની, કુબેર, વરૂણ, વિગેરેના અધિકારની બીલકુલ ઈચ્છા નથી. તે જે ફળની ઇચ્છા કરે છે તે ફળ હું તેને આપીશ. ૩૮. હે દેવતાઓ! તમો શોક રહિત થઇ નિશ્ચીંતપણે તમારે સ્થાનકે જાઓ, તપ કરવામાં આસક્ત થએલા તે બાળકની પાસે જઇ હું તેને તપ કરવાથી નિવૃત્ત કરૂં છું. ૩૯.

પરાશર કહે છે—એ પ્રમાણે સર્વ દેવના દેવ વિષ્ણુએ વચન કહ્યા પછી તે ઇંદ્રાદિ તમામ દેવતાઓ તેને નમસ્કાર કરી પોત પોતાના સ્થાન પ્રત્યે ગયા. ૪૦. ત્યાર પછી ધ્રુવના અંતઃકરણની પૂર્ણ એકાગ્રતાથી સંતુષ્ટ થએલા સર્વાત્મા ભગવાન વિષ્ણુ **ચતુર્ભુજ** સ્વરૂપ ધારણ કરી ધ્રુવ સમીપ આવી કહે છે. હે ઉત્તાન પાદના પુત્ર! તારૂ કલ્યાણ થાઓ. હું તારા તપોબળથી સંતુષ્ટ થઇ. તને વરદાન આપવા આવ્યો છું. સર્વોત્કૃષ્ટ નિયમ ધારણ કરનાર હે ધ્રુવ! તું મારી પાસે વર માગ! ૪૧. ૪૨. તું બાહ્ય વિષયોમાં નિરિચ્છ થઈ તેં તારૂં અંતઃકરણ મારે

વિષે જડી દીધું છે, માટે હું તારા ઉપર ઘણોજ પ્રસન્ન થયો છું. તો તને જે ઈષ્ટ હોય તે સર્વોત્તમ વર માગી લે. ૪૩.

પરાશર કહે છે—એ પ્રમાણે સર્વેશ્વર ભગવાનનું વચન સાંભળી ધ્રુવજીએ પોતાના નેત્ર ઉઘાડયાં, અને આગળ ધ્યાન કરતી વખતે જેવું ભગવાનનું સ્વરૂપ જોયું હતું તેવું પ્રત્યક્ષ સ્વરૂપ પોતાની સમક્ષ જોયું. ૪૪. હાથમાં શંખ, ચક્ર ગદા, શાર્ઙ્ગ નામનુ ધનુષ અને ઉત્કૃષ્ટ ખડ્ગ, તથા મસ્તક ઉપર મુગટને ધારણ કરનાર વિષ્ણુને જોઈ ધ્રુવજીએ અત્યંત ભક્તીપૂર્વક પોતાનું મસ્તક પૃથ્વી ઉપર નમાવ્યું. (અર્થાત્ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.) ૪૫. તેનાં શરીર ઉપર રૂવાંટા ઉભા થયા, અંતઃકરણમાં ભય થવા લાગ્યો, અને પરમાત્માની સ્તુતિ કરવાની ઇચ્છા કરી. અનંતર "શું બોલીને એમની સ્તુતિ કરૂં તથા કેવા વાક્યોથી એમની સ્તુતિ થતી હશે!" એ વિષયમાં તે આકુળ વ્યાકુળ થઈ ચિંતા કરવા લાગ્યો. જ્યારે કંઈ પણ સમજ્યું નહીં ત્યારે તેને (વિષ્ણુને) શરણે જઈ આ પ્રમાણે બોલ્યો. ૪૬. ૪૭.

ધ્રુવ કહે છે—હે ભગવન્! જો તમે મારા તપ વડે સંતોષ પામ્યા હો તો મને તમારી સ્તુતિ કરવાની ઇચ્છા થઈ છે; તે સ્તુતિ કરતાં મને આવડે એવો વર આપો. ૪૮. હે દેવ! વેદ, વેદના અર્થ જાણનાર બ્રહ્મા પણ જેની ગતી જાણતા નથી. તો તમારૂં સ્તવન કરવા મારા સરખો બાળક કયાંથી સમર્થ થઇ શકે? છતાં હે ઈશ્વર! તમારી ભક્તિથી નમ્ર થયેલું મારૂં મન તમારી સ્તુતિ કરવા પ્રવૃત્ત થયું છે. માટે એ વિષયમાં મને બુદ્ધિ આપો, કે મારાથી તમારી સ્તુતિ થઈ શકે? ૪૯—૫૦.

પરાશર કહે છે—હે મૈત્રેય! તે ઉત્તાનપાદના પુત્ર ધ્રુવ આ પ્રમાણે બોલી હાથ જોડી ઉભો રહ્યો, તે વખતે જગત્પતિએ શંખના અગ્ર ભાગથી તેને સ્પર્શ કર્યો, તેથી તે રાજપુત્રના મુખની કાંતિ બદલાઈ ગઇ અને પ્રસન્ન થઇ નમ્ર વાણીથી તે વિશ્વ પાલક પરમેશ્વરની સ્તુતિ કરવા તત્પર થયો ૫૧—૫૨.

ધ્રુવ કહે છે—પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મન, પાંચ જ્ઞાનેંદ્રિઓ, પાંચ કર્મેંદ્રિયો, મહત્તત્વ, અહંકાર, અને મૂળ પ્રકૃતિ એ જેનું સ્વરૂપ છે તે પરમાત્માના ચરણમાં હું પ્રણામ કરૂં છુ. ૫૩. જે નિર્વિકાર, શુદ્ધ, સૂક્ષ્મ, અખિલ જગતને વ્યાપ્ત કરનાર, મૂળ પ્રધાન પુરૂષથી પણ પર અને સત્વાદિગુણ જન્ય જે કર્મ તેમાં સાક્ષીભૂત હોનાર જે સ્વરૂપ છે તે જગદીશ્વરને મારા પ્રણામ છે. ૫૪. જે ભૂ આદી પંચમહાભૂત, જેનો ગંધ આદિગુણ, બુદ્ધિ, અહંકાર આદિતત્વ, અને પ્રધાન તથા પુરૂષ આદિથી પર છે એવા જે સર્વ વિશ્વના નાયક

બ્રહ્મરૂપી નિર્વિકાર આત્મસ્વરૂપ પરમાત્માને શરણે છું. ૫૫. ૫૬. હે સર્વાત્મન્! જેનું સ્વરૂપ વિશાળ, અને સર્વ જગતને પુષ્ટ કરનાર હોવાથી જેને બ્રહ્મ કહેછે તે યોગીઓને ચિંતન કરવામાં શકય છે. એ પરમાત્મસ્વરૂપને મારા નમસ્કાર છે. ૫૭. હે પુરૂષોત્તમ! જે સર્વવ્યાપક પુરૂષને હજારો મસ્તક છે, હજારો નેત્રો છે, હજારો ચરણ છે, અને જે બ્રહ્માંડને વ્યાપ્ત કરી તેના ઉપર પોતાની દશ આંગળીઓ આવરણો સહિત રહેલી છે. ૫૮. અને જે ભૂત, (થઈ ગયેલું) તથા ભવિષ્ય, (જેથનાર છે.) એ સર્વ તમે છો. તમારાથકી બ્રહ્માંડ, બ્રહ્મા, મનુ, તથા તેના અધિષ્ઠાતા વિગેરે નિર્માણ થયા છે. ૫૯. એટલા માટે તમે જગત્ની નીચે, ઉપર, તથા તિર્યકભાગમાં અતિરિક્ત, (અધિક) છો. હે ધાતા! આ વિદ્યમાન્ જગત્ તમારા થકી નિર્માણ થયું છે. પૂર્વે તમારામાં હતું, અને ભવિષ્યમાં તમારાં થકી ઉત્પન્ન થશે. ૬૦. આ સઘળું જગત્ ત્વદ્રૂપાધાર બ્રહ્માંડના અંતર્ભાગે વાસકરી રહ્યું છે. ૬૧ જેમાં સર્વ પ્રકારનું હોમ દ્રવ્ય અર્પણ કરવામાં આવે છે તે યજ્ઞ, પૃષ્ઘદાજ્ય, (દહીં યુકતઘી,) અને દ્વિધા પશુઓ, (ગ્રામવાસી તથા જંગલી એવા બે પ્રકારના પશુઓ) તમારાથી ઉત્પન્ન થયા છે. તથા ઋક્ યજુ, સામ, અથર્વવેદ, અને ગાયત્રી આદિછંદો, અશ્વ, એક દાંતવાળા પ્રાણીઓ, ગાય, બકરાં, ઘેટાં, અને મૃગ આદિપ્રાણીઓ, એ તમામ તમારા થકી ઉત્પન્ન પામ્યા છે. ૬૨. ૬૩. તમારા મુખ થકી બ્રાહ્મણ, બાહુ થકી ક્ષત્રિ, ઉરૂ થકી વૈશ્ય, અને તમારા પગ થકી શૂદ્ર ઉત્પન્ન થયા છે. ૬૪. હે વિશ્વંભર! તમારા નેત્રથી સૂર્ય, પ્રાણ થકી વાયુ, મનથી ચંદ્ર, ઉદરના મધ્ય ભાગમાં વહેનારી સુષુમ્ણા નાડી થકી પ્રાણ મુખથી અગ્ની, નાભીથી આકાશ, મસ્તકથી સ્વર્ગ, કર્ણથી દીશાઓ, અને ચરણથી પૃથ્વી ઉત્પન્ન થએલી છે, અર્થાત્ આ સઘળું જગત્ તમારા થકી ઉત્પન્ન થયું છે એમ હું માનું છું. ૬૫, ૬૬. જે પ્રકારે મોટું વડ વૃક્ષ ઉત્પન્ન થતાં, પહેલાં પોતાના બીજમાં વાસ કરે છે. તે પ્રકારે પ્રલય થયા પછી આ વિશ્વ કારણીભૂત એવા તમારે વિષે વાસ કરે છે. ૬૭. જે પ્રમાણે બીયાંમાંથી વૃક્ષનો અંકુર જહાર નીકળ, વૃદ્ધિ પામી વિસ્તાર પામે છે. તે પ્રમાણે આ સૃષ્ટિના આરંભમાં તમારા થકી આ જગત્ ઉત્પન્ન થઈ વિસ્તાર પામે છે. ૬૮. જેવી રીતે કદલીવૃક્ષ; તેના પત્ર તથા ત્વચાથી ભિન્ન નથી, તેવી રીતે આ જગત્ તમારાથી ભિન્ન નથી. જેમ કાર્ય કારણમાં છે તેમ વિશ્વ તમારામાં છે. એ સ્વાભાવિક દ્રષ્ટિથી દેખાય છે. કેમકે તમે વિશ્વાધાર છો. ૬૯. હે ભગવન્! આત્મસુખને પ્રકાશ કરનારી, જગત્ને નિર્માણ કરનારી, અને તમારા થકી અભિન્ન, એવી જે શકિત તે સર્વ વિશ્વના અધિષ્ઠાન ભૂત એવા તમારામાં છે. તમે ગુણ રહિત છો, માટે વિષય જન્ય સુખ, અને વિષય વિયોગે થયેલું દુઃખ, એવાં સુખ દુઃખ ઉત્પન્ન કરનારી



ધ્રુવને વિષ્ણુ દર્શન અને વરપ્રદાન.



ધ્રુવ તપ.

શકિત તે તમારા નિર્ગુણ સ્વરૂપમાં નથી. ૭૦. પ્રથક્ પ્રથક્ થનારા અને એક રૂપ થનારા પંચ મહાભૂતના કારણ રૂપ જે તન્માત્ર સંજ્ઞક, પ્રભૂત, ભૂતભૂત, અને ભૂતાત્મા છો, માટે તમને નમસ્કાર કરૂં છું. ૭૧. વ્યકત, (વિશ્વ) પ્રધાન (પ્રકૃતિ-માયા) પુરૂષ, (જીવ) વિરાટ્, (બ્રહ્માંડ) સમ્રાટ, (સાર્વભૌમ મનુ) અને સ્વરાટ્, (બ્રહ્માત્મા) એ છ સ્વરૂપમાં પુરૂષ (જીવ) રૂપ અક્ષય હોવાથી સર્વના અંતઃકરણમાં પ્રકાશ કરો છો. ૭૨. તમે સર્વત્ર, સર્વભૂત, અને સર્વ પ્રકારના રૂપ ધારણ કરનાર, તમારાથી સઘળું અને સર્વથી તમે અર્થાત્ સર્વ કાર્યોનું ઉપાદાન કારણ પણ આપજ છો, એવા હે સર્વાત્મા ! હું તમને નમસ્કાર કરૂં છું. ૭૩. હે સર્વેશ ! તમે સર્વ સ્વરૂપ, તથા સર્વના નિયંતા છો કેમકે સર્વ પ્રાણી માત્રમાં તમે વાસ કરનાર છો. હવે તમને વધારે શું કહું ? મારા અંતકરણમાં જે કંઇ છે તે સર્વ આપ જાણોછો. ૭૪. હે સર્વાત્મન્ ! હે સર્વ પ્રાણીમાત્રનાઈશ ! હે સર્વને નિયમમાં રાખનાર ! હે સર્વ પ્રાણીઓની ઉત્પત્તિમાં કારણભૂત ! હે પરમેશ્વર ! તમે સર્વ પ્રાણીઓના મનોરથને જાણોછો, તમારાથી કંઇ અજાણ્યું નથી. ૭૫. હે નાથ ! તમારી સ્તુતિ કરવાની જે મારી ઈચ્છા હતી તે આપે સફળ કરી. તેમજ મારી તપશ્ચર્યા પણ સફળ થઈ. કારણ કે આપના મને દર્શન થયાં. ૭૬.

ભગવાન કહેછે—હે રાજપુત્ર ધ્રુવ ! તને તપશ્ચર્યાનું ફળ મળ્યું જ છે એમ સમજ કારણકે મેંતને દર્શન આપ્યું; મારૂ દર્શન કદાપી નિષ્ફળ થતું નથી. હું જે માણસને દ્રષ્ટિ ગોચર થાઉં છું તે માણસની તમામ ઇચ્છા પરિપૂર્ણ થાય છે. માટે હે ધ્રુવ ! તને જે ઈષ્ટ વસ્તુની અભિલાષા હોય તે 'વર' મારી પાસેથી માંગી લે, તું જે કહીશ તે હું તને આપીશ. ૭૭. ૭૮.

ધ્રુવ કહેછે—હે ભગવન્ ! હે સર્વ પ્રાણીમાત્રના ઈશ્વર ! તમે સર્વના હૃદયમાં બીરાજમાન છો. તો હે પ્રભો ! મારે શી ઇચ્છા છે તે મારા અંતઃકરણની આપને ખબર નથી શું ? અર્થાત્ અપનાથી કંઇ પણ છુપું નથી. ૮૯ તો પણ હે દેવેશ્વર ! મારૂં દુર્વિનીત અંતઃકરણ એક અત્યંત દુર્લભ વસ્તુની ઈચ્છા કરે છે. તે હું આપને કહું છું. ૮૦ હે જગત્ શ્રેષ્ટ ! તમે જેની ઉપર પ્રસન્ન થાઓ છો તેને શું દુર્લભ છે તમે પ્રસન્ન થયા કે એવી કઈ વસ્તુ છે કે જે ન મળી શકે ! હે પ્રભુ ! આ ઈંદ્ર જે ત્રણલોકનો ઉપયોગ કરે છે; તે કેવળ તમારી પ્રસન્નતા નુંજ ફળ છે. ૮૧. મારી સાવકીમાતાએ મને કહ્યું કે તું મારા ઉદરમાંથી જન્મ્યો નથી; તેથી તને આ રાજ્યાસન યોગ્ય નથી; એ પ્રમાણે કટુ વચન બોલી. ૮૨. એટલા કારણ માટે હે પ્રભુ ! સર્વજગતના આધાર ભૂત, સઉથી ઉત્તમોત્તમ, અને અવિનાશી, એવું શ્રેષ્ઠ સ્થાન તમારી પ્રસન્નતાથી મને મળે; એવી મારી ઇચ્છા છે તે પૂર્ણ કરો. ૮૩.

ભગવાન કહેછે—હે બાળક ! જે સ્થાનની તું ઈચ્છા કરે છે તે સ્થાન અવશ્ય તને પ્રાપ્ત થશે. કારણ કે તેં મને આ જન્મમાં સંતુષ્ટ કર્યો છે એટલુંજ નહિં પણ તેં તારા પૂર્વ જન્મમાં પણ મને સંતુષ્ટ કર્યો છે. ૮૪. તું પૂર્વ જન્મમાં એક બ્રાહ્મણ હતો; તારી બુદ્ધી મારે વિષે એકાગ્ર થઇ હતી, તું તારા માતા પિતાની સેવા કરી પોતાના ધર્મનું સર્વોત્કૃષ્ટ રીતે પાલન કરતો હતો. ૮૫. કેટલોક વખત ગયા પછી યૈાવન અવસ્થામાં સર્વ પ્રકારના વિલાસમાં સંપન્ન, તરૂણવય, અને અત્યંત સ્વરૂપવાન, એવા એક રાજપુત્રનીસાથે મીત્રતા થઈ. ૮૬. તેની સાથે મીત્રતા થવાથી; અને તેનું દુર્લભ આશ્વર્ય જોઇને તારા મનમાં એવી ઇચ્છા થઈ હતી કે હું પણ આના જેવો રાજપુત્ર થાઉં તો કેવું સારૂં ? ૮૭. તદનંતર હે ધ્રુવ ! ઉત્તાનપાદ રાજાના ગૃહને વિષે તારો જન્મ થયો; અને તને તારી ઈચ્છા પ્રમાણે રાજપુત્ર પણ પ્રાપ્ત થયું. ૮૮. હે બાલક ! તારો સ્વાયંભુવમનુના કુળમાં જે જન્મ છે તે ખરેખર સર્વ કરતાં અતિ ઉત્તમ છે. પરંતુ જેનાથી મને સંતોષ મળે છે તેનેજ આવાં સારાં સ્થાન આપું છું. ૮૯. હે પુત્ર ! જે મનુષ્ય મારેવિષે મન આસક્ત કરી મારૂં આરાધન કરવામાં તત્પર રહે છે તેઓને તત્કાળ મોક્ષ મળે છે તો સ્વર્ગાદિ સુખ મળે તેમાં શું આશ્ચર્ય ! ૯૦. હે ધ્રુવ ! તું મારી પ્રસન્નતાવડે ત્રૈલોક્ય કરતાં પણ સર્વોત્કૃષ્ટ સ્થાન કે જે સર્વ તારા, ગૃહોનું આશ્રય સ્થાન છે તે તને પ્રાપ્ત થશે એમાં કંઇ પણ સંશય નથી. ૯૧. હે ધ્રુવ ! સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, બૃહસ્પતિ, શુક્ર, શની, ઇત્યાદિ ગૃહોના, તમામ નક્ષત્રોના, સપ્તઋષિઓના અને વિમાનમાં ફરનારા દેવતાઓના ઉર્ધ્વ ભાગમાં હોનારૂં સર્વોત્તમ ધ્રુવસ્થાન મેં તને આપ્યું. ૯૨. ૯૩. કેટલાક દેવતાઓ ચારયુગ સુધી આયુષ્ય ભોગવે છે, કેટલાક મન્વંતર સુધીનું આયુષ્ય ભોગવે છે. પરંતુ મેં તને એક કલ્પ પર્યંતનું આયુષ્ય આપ્યું છે. ૯૪. અતિ પવિત્ર તારી માતા સુનીતી પણ એક 'તારા' નું સ્વરૂપ ધારણ કરી એટલા સમય સુધી વિમાનમાં સ્થિત થઈ તારી સમીપમાં નિવાસ કરશે. ૯૫. જે કોઇ મનુષ્ય નિરંતર પ્રાતઃકાળ અને સાયંકાળમાં એકાગ્ર અંતઃકરણ કરી તારૂં કીર્તન કરશે તથા તારા યશનું ગાન કરશે તેને મહત્ પુણ્ય પ્રાપ્ત થશે. ૯૬.

પરાશર કહે છે—હે મૈત્રેય ! એ પ્રમાણે દેવના દેવ જનાર્દન વિષ્ણુથકી વર મેળવ્યા પછી ધ્રુવજીએ તે અવિચળ સ્થાનઉપર આરોહણ કર્યું. ૯૭. તેની માનવૃદ્ધિ, મહિમા, અને ઐશ્વર્યઆદી નિહાળીને દેવાસુરાચાર્ય (શુક્ર) તે વિષયમાં એક શ્લોક બોલ્યા કરે છે. ૯૮. અહો ! આની તપશ્ચર્યાનું કેવું બળ છે ! અને કેવું ફળ મેળવ્યું છે ! કે સપ્તઋષિમંડળ પણ તેને આગળ કરી પોતાના સ્થાનમાં રહ્યા છે. ૯૯. જેણે પોતાના ઉદરમાં ધ્રુવને ધારણ કર્યો છે, એવી ઉત્કૃષ્ટ આધારભૂત ધ્રુવની માતાએ ત્રણ લોકની આશ્રયતા પ્રાપ્ત

કરી, સ્થીર, અને પરમસ્થાનમાં નિવાસ કર્યો. તે ધ્રુવની માતા સુનીતિનો મહિમા વર્ણન કરવા આ ભૂમંડળમાં કોણ સમર્થ છે? ૧૦૦ ૧૦૧. હે મૈત્રેય! જે કોઈ મનુષ્ય પ્રતિદીન ધ્રુવનુ આ સ્વર્ગારોહણ (અવિચળ પદ મલ્યું તે) કીર્તન તથા તેનો જે કોઇ પાઠ કરેછે તે સઘળા પાપમાંથી મુકત થઇ સ્વર્ગ લોકમાં નિવાસ કરેછે. ૧૦૨. તથા સ્વર્ગમાં અને પૃથ્વી ઉપર તે સ્થાનભ્રષ્ટ થશે નહી અને સર્વ પ્રકારના કલ્યાણયુકત થઈ દીર્ઘ કાળ સુધી જીવિત રહે છે. અર્થાત્ તે ઘણું આયુષ્ય ભોગવે છે. ૧૦૩.

स्थानभ्रंशं न चाप्नोति दिवि वा यदि वा भुवि ॥
सर्वकल्याणसंयुक्तो दीर्घकालं स जीवति ॥ १०३ ॥

ઇતી શ્રી વિષ્ણુપુરાણે પ્રથમ અંશે દ્વાદશો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૧૩ મો.

पराशर उवाच ॥ ध्रुवाच्छिष्टिं च भव्यं च भव्याच्छंभु व्यजायत ॥
शिष्टेराधत्त सुच्छाया पंचपुत्रानकल्मषान् ॥ १ ॥

પરાશર કહે છે—કલ્યાણ સંપન્ન ધ્રુવ થકી તેની શંભુ નામની સ્ત્રીને વિષે શિષ્ટિ, અને ભવ્ય, નામના બે પુત્ર થયા, શિષ્ટિથી સુચ્છાયા નામની સ્ત્રીને વિષે રિપુ, રિપુંજય, વિપ્ર, વૃકલ, અને વૃકતેજા, એ નામના પાપ રહિત પાંચ પુત્રો થયા. રિપુની બૃહતિ નામની સ્ત્રીને વિષે અત્યંત તેજસ્વી ચાક્ષુષ નામનો પુત્ર થયો. ૧–૨. ચાક્ષુષથી વરૂણના વંશમાં ઉત્પન્ન થએલી અરણ્ય નામના બુદ્ધિમાન પ્રજાપતિની પુષ્કરિણી નામની કન્યાને વિષે મનુ ઉત્પન્ન થયા. ૩. હે દ્વિજશ્રેષ્ટ! વૈરાજ નામના પ્રજાપતિની કન્યા નડ્વલાને વિષે મનુ થકી મહા પરાક્રમી દશ પુત્રો થયા. તેના નામ, ઉરૂ, પુરૂ, શતદ્યુમ્ન, તપસ્વી, સત્યવાન્, શુચી, અગ્નીષ્ટુત, અતિરાત્ર, તથા સુદ્યુમ્ન એ નવ, અને દશમો અભિમન્યુ, એવા નામના દશ પુત્ર થયા. તે મહા-પરાક્રમી હતા. ઉરૂ થકી આગ્નેયી નામની સ્ત્રીને વિષે મહા કાંતિવાન છ પુત્રો ઉત્પન્ન થયા. ૪–૫–૬. તે, અંગ, સુમનસ, ખ્યાતિ, ક્રતુ, અંગીરા, અને ઉષિજ, એ નામના છ પુત્રો જન્મ્યા. અંગથકી સુનીથા નામની સ્ત્રીને વિષે વેન નામનો એકજ પુત્ર થયો. ૭. હે મહામુનિ! ઋષિઓએ પ્રજાને માટે એ વેન રાજાના જમણા

---

* * આ તેરમા અધ્યાયમાં ધ્રુવના વંશમાં થએલા વેનરાજા બ્રાહ્મણોના કોપ થકી નાશ પામશે અને તેના શરીરના મંથનથી પ્રથુરાજા ઉત્પન્ન થશે તથા તેના ચરિત્રનું વર્ણન કરવામાં આવશે.

હાથનું મંથન કર્યું. તેથી તેના હાથમાંથી વૈન્ય નામનો અત્યંત બુદ્ધિમાન પુત્ર ઉત્પન્ન થયો હતો. ૮. એ વૈન્ય પ્રથુ નામથી પ્રખ્યાત થયા. તથા, તેણે પ્રજાઓનું કલ્યાણ કરવા માટે પૂર્વે પૃથ્વીનું દોહન કર્યું હતું. ૯.

મૈત્રેય કહે છે— હે મુનિસત્તમ! શ્રેષ્ઠ ઋષિઓએ વેન રાજાના જમણા હાથનું શામાટે મંથન કર્યું? કે જેમાંથી મહાપરાક્રમી પૃથ્વીપતિ પૃથુરાજાનો જન્મ થયો? તે મને કહો. ૧૦.

પરાશર કહે છે—મૃત્યુની પહેલી પુત્રી સુનીથા નામની હતી. તે અંગ-રાજાને આપી તેનાથી એ વેન રાજાનો જન્મ થયો છે. ૧૧. હે મૈત્રેય! મૃત્યુની પુત્રીનો પુત્ર એ વેન રાજા હોવાથી તેનામાં પોતાના માતામહના દુષ્ટ સ્વભાવને લીધે તે (વેન) પણ દુષ્ટ સ્વભાવનો થયો હતો. ૧૨. જે વખતે પરમશ્રેષ્ઠ ઋષિઓએ તેને રાજ્યાભિષેક કરી રાજગાદિ ઉપર બેસાડયો, તે વખતે પોતે રાજા થવાથી પૃથ્વી ઉપર આ પ્રકારે દાંડી પીટાવી. ૧૩. "કે આ પૃથ્વી ઉપર કોઇ પણ માણસે યજ્ઞ, યાગ, (હોમ) કરવા નહિં, કોઇને દાન આપવું નહિં, તેમ કોઈપણ પ્રકારનો હોમ કદાપી કરવો નહિં, હું જ યજ્ઞપતિ પ્રભુછું; મારા શીવાય યજ્ઞ વિગેરેનો ઉપભોગ કરનાર બીજો કોણ છે?" ૧૪. હે મૈત્રેય! ત્યારપછી તેણે આ પ્રકારે આજ્ઞા કરવાથી સર્વ ઋષિઓ તેનીપાસે આવ્યા, અને તે રાજાનું સન્માન્ કરી શાંતિ પૂર્વક મનોહર રીતિએ તેને કહેવા લાગ્યા. ૧૫.

ઋષિઓ કહે છે—હે રાજન્! અમે જે તને કહીએ છીએ તે તું શ્રવણ કર. તારા રાજ્ય તથા શરિરના કલ્યાણ માટે અને પ્રજાનું સર્વોત્કૃષ્ટ હિત થાય માટે દીર્ઘસત્ર નામના યજ્ઞ વડે સર્વ દેવતા દેવ અને યજ્ઞના અધિપતિ જે વિષ્ણુ તેનું અમે પૂજન કરીએ છીએ તેમાં તારૂ પણ કલ્યાણ થશે તેનો જે કંઇ અંશ છે તે તને મળશે. (રાજા ન્યાય વડે પૃથ્વીનું પાલન કરે છે તો તેને પ્રજાના પુણ્યમાંથી છઠ્ઠો ભાગ મળે છે.) ૧૬. ૧૭. હે રાજન્! અમારા યજ્ઞ વડે સર્વ સામર્થ્યવાન્ યજ્ઞરૂપ પરમાત્મા વિષ્ણુ પ્રસન્ન થવાથી તારા સર્વ મનોરથ પરિપૂર્ણ થશે. ૧૮. જેના રાજ્યમાં યજ્ઞેશ્વર હરીનું યજ્ઞવડે પૂજન કરવામાં આવે છે તે રાજાને તમામ પ્રકારની ઇચ્છા ફલીભૂત થઇ શ્રેષ્ઠ ફળ પ્રાપ્ત થાય છે. ૧૯.

વેન કહે છે—મારા કરતાં એવો બીજો કોણ અધીક છે? મારૂં પૂજન કરવાનું યોગ્ય છતાં બીજા દેવનું શા માટે પુજન કરવું જોઇયે? તમારા મત પ્રમાણે જે યજ્ઞેશ્વર હરી છે તે કોણ છે? ૨૦. બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, ઈંદ્ર, વાયુ, યમ, સૂર્ય અગ્ની, વરૂણ, ધાતા, (એ નામના બે દેવતાઓ) પૂષા, પૃથ્વી, અને એ શીવાય બીજા શાપ દેનારા તથા અનુગ્રહ કરનારા દેવતાઓ, એ સઘળા રાજાના શરીરમાં

નિવાસ કરી રહ્યા છે; કેમકે રાજા સર્વ દેવમય કહેવાય છે. ૨૧. ૨૨. હે દ્વિજગણ! એમ જાણી મેં તમને જે આજ્ઞા કરી છે તે પ્રમાણે તમે વિચાર કરી તે આજ્ઞાનું પાલન કરો; તમારે દાન આપવું નહિં, હોમ કરવો નહિં, તેમ યજ્ઞ પણ કરવા નહિ ને કરાવવા નહિં. ૨૩. જે પ્રમાણે સ્ત્રીએ પોતાના પતિની સેવા કરવી એ તેનો ધર્મ છે; તે પ્રમાણે મારી આજ્ઞાનું પાલન કરવું એ તમારો ધર્મ છે. ૨૪.

ઋષિઓ કહે છે—હે મહારાજ! ધર્મનો નાશ ન થવો જોઇએ; કારણ કે આ સર્વ જગત્ યજ્ઞમાં હોમાનારા દ્રવ્યનું સામર્થ્ય છે; જો ધર્મનો નાશ થશે તો આ સર્વ જગત્નો નાશ થશે માટે ધર્મ કરવામાં તું અમને અનુમોદન આપ. ૨૫.

પરાશર કહે છે—આ પ્રમાણે મહર્ષિઓ એ વેન રાજાને નમ્રતાપૂર્વક વારંવાર ઘણું કહ્યું છતાં તે ઋષિઓને તેણે અનુમોદન આપ્યું નહિં. ૨૬. તે વખતે જેઓને ઘણો ક્રોધ ઉત્પન્ન થયો છે એવા ઋષિઓ પરસ્પર આ પ્રમાણે કહેવા લાગ્યા "મારો! એ પાપીનો નાશ કરો, જે અધર્મીએ યજ્ઞના અધિપતી પરમપુરૂષ પ્રકાશમય અને આદ્યંત રહિત, પ્રભુ શ્રી વિષ્ણુની નિંદા કરી છે માટે એ અધમ, દુરાચરણી પૃથ્વીપતિ રાજા થવાને યોગ્ય નથી." ૨૭. ૨૮. એ પ્રમાણે કહીને ભગવાનની નિંદા કરનાર તે દુરાચરણી વેનરાજા ભગવાનની નિંદા કરવાથી પ્રથમથીજ મરેલા સરખો હતો તેનો મંત્રેલા કુશથી નાશ કીધો. ૨૯. ત્યાર પછી તે ઋષિઓએ ચારે તરફથી ધૂળ ઉડતી જોઇ પોતાની પાસે રહેલા લોકોને પુછવા લાગ્યા કે અરે! આશું છે.? ૩૦ તે લોકોએ તે ઋષિઓને કહ્યું કે રાજ્યમાં કોઈ પણ રાજા ન હોવાને લીધે ઉધ્ધત સ્વભાવવાળા લોકોએ ચૌર્ય કર્મનો અંગીકાર કરી ધનવાન લોકોના ધનનો હરણ કરવાનો આરંભ કર્યો છે. ૩૧. હે ઋષિવરો! પર દ્રવ્યનું અપહરણ કરનાર ચોર લોકોનો સમૂહ વધારે હોવાથી તેઓ ઘણા વેગવાળા થયા છે. માટે તેનાથી ઉડેલી આટલી બધી ધૂળ આપણને માલમ પડે છે. ૩૧. હે મૈત્રેય! ત્યાર પછી તે વેન રાજાને સંતતિ ન હોવાથી રાજ્યગાદિ ભોગવવાને માટે કોને નીમવો? તેનો વીચાર કરવા તમામ ઋષિઓ એક ઠેકાણે મળી વિચાર કરી પ્રયત્ન પૂર્વક તેના ઉરૂ (જાંગ) નું મંથન કીધું તેમાંથી એક પુરૂષ ઉત્પન્ન થયો. ૩૩. એની કાંતિ બળી ગયેલા સ્થંભ સરખી ઘણી કાળી હતી, તથા શરીરે ઠીંગણો અને આકુળ વ્યાકુળ થઇ તે સર્વ બ્રાહ્મણોને કહેવા લાગ્યો, હે બ્રાહ્મણો! હું શું કરૂ? ત્યારે બ્રાહ્મણોએ કહ્યું "નિષીદ" (બેસ) તે ઉપરથી તેનું નામ નિષાદ પડયું. ૩૪. ૩૫. હે મૈત્રેય! ત્યાર પછી એનાથી જે પ્રજા ઉત્પન્ન થઈ તે નિષાદ (ભિલ) ને નામે ઓળખાઈ અને એ સઘળા વિંધ્યગિરિ ઉપર જઇ પાપકર્મી થઈ રહ્યા. એ પ્રમાણે આ નિષાદ રૂપે તે રાજાનું જે કંઇ પાપ હતું તે બહાર નીકળી ગયું તેથી વેન પાપ-નાશન એ નામથી ઓળખાવા લાગ્યો, ૩૬. ૩૭. તદનંતર તે ઋષિઓએ તેના

જમણા હાથનું મંથન કર્યું, તેથી પ્રકાશમાન શરીરવાળો પ્રતાપી પૃથુ નામનો પુત્ર પેદા થયો. ૩૮. તેનું શરીર દેદીપ્યમાન હોવાથી તે સાક્ષાત્ બળતા અગ્ની જેવો દેખાતો હતો. હે મૈત્રેય ! તે સમયે આજગવ નામનું આદ્ય ધનુષ્ય, ઉત્તમ પ્રકારના દિવ્ય બાણ અને કવચ, આકાશમાંથી તેની સમક્ષ આવીને પડયાં. એ પૃથુના જન્મથકી દરેક પ્રજાને આનંદ પ્રાપ્ત થયો. ૩૯. ૪૦. એ પ્રકારે બલીષ્ટ પુત્ર ઉત્પન્ન થવાથી વેનરાજા સ્વર્ગવાસી થયો, કારણ કે તે મહા પ્રતાપી પુથુરાજાએ પુંનામના નર્કથી ઉદ્ધાર કર્યો. ૪૧. હે મૈત્રેય ! સઘળી નદીઓ અને સમુદ્ર અનેક પ્રકારના શ્રેષ્ટ રત્નો અને અભિષેક કરવાને માટે ઉત્તમ જલ લઇ તેની સન્મુખ આવ્યા. ૪૨. તથા આંગીરસ સહવર્ત્તમાન દેવતાઓની સાથે ભગવાન બ્રહ્મદેવ અને સર્વ પ્રકારના સ્થાવર તથા જંગમ પ્રાણીઓ ત્યાં આગળ આવી નરનાથ પૃથુને અમૃતાભિષેક કર્યો. તે પૃથુના જમણા હાથમાં ચક્રનું ચીન્હ જોવાથી એ ભગવાનનો અંશ ભૂત છે એમ સમજી બ્રહ્માએ પૃથુરાજાને નમસ્કાર કર્યા અને પરમસંતોષ પામ્યા. ૪૩–૪૫. હે મૈત્રેય ! જેના હાથમાં ચક્રનું ચીન્હ હોય છે, તે ચક્રવર્તી રાજા થાય છે એ તારે નક્કી સમજવું. એ ચક્રવર્તીનો પ્રભાવ દેવતાઓ પણ ઉલ્લંઘન કરી શકતા નથી. એવા એ મહાપરાક્રમી પૃથુરાજાને ધર્મ જાણનારાઓએ સાર્વભૌમ પદ ઉપર શાસ્ત્રવિધિ પ્રમાણે અભિષેક કર્યો. ૪૬–૪૭. તેના પિતાથી અપરંજીત થયેલી પ્રજાના અંતઃકરણમાં તેણે અલૈકિક પ્રીતિ ઉત્પન્ન કરી. પ્રજાનો એની ઉપર અત્યંત પ્રેમ હોવાથી " રાજા " એવું તેનું નામ પડયું. ૪૮. જ્યારે તેને સમુદ્રમાં જવાની ઇચ્છા થાય તે વખતે સમુદ્ર પણ સ્તંભિત થતો હતો; અને વનયાત્રા કરવા જતા ત્યારે મોટા મોટા પર્વતો પણ તેમને માર્ગ આપતા હતા, કોઈપણ તેની આજ્ઞાનો ભંગ કરી શકતું ન હોતું. ૪૯. એ પૃથુરાજાના સમયમાં પૃથ્વી ખેડયા વગર માત્ર ચિંતન કરવાથી ધાન્ય આપવા લાગી અર્થાત્ મનમાં જે ધાન્યનું ચીંતન કરે તે ધાન્ય તેની સન્મુખ આવવા લાગ્યું. ગાય કામદુધા, હતી, (એટલે પોતે જે વસ્તુની ઈચ્છા કરે તે વસ્તુ એ કામદુધા ગાય તેની સમક્ષ હાજર કરે છે) એ પ્રમાણે તેમને સર્વ વસ્તુઓ મળવાલાગી. ૫૦. તે પૃથુરાજાએ ઉત્પન્ન થતાંજ જેના પિતા બ્રહ્મા છે એવો પૈતામહ નામનો યજ્ઞ કર્યો અને તે યજ્ઞમાંથી સોમરસ કાઢવાને દીવસે જ્યાંથી તે રસ નીકળે છે ત્યાંથી અત્યંત બુદ્ધિમાન્ સૂત નામનો પુત્ર ઉત્પન્ન થયો. ૫૧. અને તે યજ્ઞમાંથી બુદ્ધિમાન્ માગધ નામનો પુત્ર ઉત્પન્ન થયો. તે વખતે સઘળા ઋષિઓએ તે બન્નેને કહ્યું કે તમે આ પ્રતાપી વૈન્ય પ્રથુરાજાની સ્તુતિ કરો. કારણકે તમને એજ કાર્ય યોગ્ય છે અને રાજા પણ સ્તુતિપાત્ર છે. ૫૨. આ પ્રમાણે ઋષિઓએ કહ્યા પછી તે બને જણા એ હાથ જોડી તે સવ બ્રાહ્મણોને કહેવા લાગ્યા. મહારાજ ! આ રાજાને ઉત્પન્ન

થવાને ઝાઝી વાર થઈ નથી, એ રાજાના ગુણ અને કર્મ અમે જાણતા નથી; તેમજ હજુ એની કીર્ત્તિ પણ વિસ્તાર પામીનથી તો અમે એની કયા વચનથી સ્તુતિ કરીયે ! તે અમને કહો. ૫૪.–૫૫.

ઋષિઓ કહે છે.—આ અતિબળવાન અને ચક્રવર્ત્તિ રાજા થઈ આગળ ઘણા કઠણ મહા ભારત કર્મો કરનાર છે; તથા એના શરીરથી જે ગુણો ઉત્પન્ન થવાના છે. તે વિષયમાં તમે એની સ્તુતિ કરવાનો આરંભ કરો ! ૫૬.

પરાશર કહે છે.–હે મૈત્રેય ! આ પ્રમાણે મુનિઓના વચન સાંભળી પૃથુ રાજાને ઘણો સંતોષ થયો,–મનમાં કહેવા લાગ્યા કે માણસો સદ્‌ગુણી હોય તોજ તે સ્તુતિપાત્ર ગણાય છે. અને આ બન્ને પુરૂષો મારા ગુણની સ્તુતિ કરવાના છે માટે એના સ્તોત્રમાં જે જે ગુણોનું વર્ણન કરવામાં આવશે તેને ગુણોને યોગ્ય આચરણ મારા મનમાં લક્ષ પૂર્વક ધરીશ અને એ પ્રમાણે સદ્‌ગુણથી વર્તિશ, તથા જે કંઈ ત્યાગ કરવા જેવું હશે તેના ત્યાગ કરવા માં પણ હું વિલંબ કરીશ. નહિં. ૫૭–૫૮–૫૯. ત્યારપછી સૂત અને માગધ એ બન્ને જણાઓ તે બુદ્ધિમાન્ વૈન્ય પૃથુરાજાના હાથથી ભવિષ્યમાં થનારા કર્મના અનુરોધ પ્રમાણે મધ્યમ અને મધુર સ્વરથી ઉત્તમ પ્રકારે સ્તુતિ કરવા લાગ્યા. ૬૦.

આ નરનાથ સત્ય ભાષણ કરનાર, દાનશીલ, સત્ય પ્રતિજ્ઞાવાળા, મર્યાદાથી રહેનાર, સર્વજનો સાથે મિત્રતા રાખનાર ક્ષમાવાન્ પરાક્રમી અને દુષ્ટ પુરૂષોને દંડ આપનાર, થશે. ૬૧. ધર્મને જાણનાર, બીજાએ કરેલા ઉપકારને સારી રીતે જાણનાર, દયાળુ, પ્રીય ભાષણ કરનાર, સભ્ય પુરૂષોનું સન્માન કરનાર, યજ્ઞમાં પ્રીતિ રાખનાર, વેદ તથા બ્રાહ્મણોનું રક્ષણ કરનાર, તથા અત્યંત કોમળ અંતઃકરણવાળા થશે. ૬૨. શત્રુ તથા મિત્રમાં સમાન દ્રષ્ટિવાળા થઇ તે વ્યવહારમાં કુશળ થશે, આ પ્રમાણે સૂત તથા માગધે એને સ્તુતિરૂપે કહેલા તમામ ગુણો પોતાના અંતઃકરણમાં ધારણ કર્યા; અને તે પ્રકારે કર્મ કરવા લાગ્યા. અને પૃથ્વીનું રૂડે પ્રકારે પાલન કર્યુ. ૬૩. ૬૪. એ પૃથુરાજાએ જેમાં પુષ્કળ દક્ષિણા અપાય છે. એવા અનેક પ્રકારના યજ્ઞો કર્યા. વેનરાજાનો ઋષિ લોકોએ વધ કરવાથી પૃથ્વી રાજા વગરની થઇ તે વખતે તમામ ઔષધીઓને પૃથ્વી ગળી ગઇ હતી. તેથી તમામ પ્રજાની સ્થીતિ ઘણી હાનીકારક થઈ ગઇ; કારણ કે ઉપજીવિકાનું સાધન જે ઔષધીઓ હતી તેનો નાશ થયો હતો. તેથી પ્રજા ભૂખથી પીડાવા લાગી; અને પૃથુરાજા પાસે આવી. તે પૃથુરાજાએ સર્વને આવવાનું પુછતાં તેઓ પૃથુરાજાને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૬૫. ૬૬.

પ્રજા કહે છે.–હે નૃપશ્રેષ્ઠ પ્રજાનાથ ! જે વખતે આ દેશમાં કોઈ પણ

પ્રજા ન હતો, તે વખતે આ પૃથ્વી તમામ ઔષધીઓનું ભક્ષણ કરી ગઇ હતી, તેથી સર્વ પ્રજા ક્ષીણ થવા લાગી છે. ૬૭. હે મહારાજ ! વિધાતાએ આપને હમારા વૃત્તિદાતા પ્રજા પાલક બનાવ્યા છે. અને તમારે અમને તૃપ્ત કરી શાંત કરવા હોય તો ઉપ જીવીકાનું સાધન જે ઔષધી છે તે અમને આપો. ૬૮.

પરાશર કહે છે—આ પ્રમાણે પૃથુરાજાએ સાંભળી પોતાનું અજગવ નામનું દીવ્ય ધનુષ અને ઉત્કૃષ્ટ બાણ ધારણ કરી ક્રોધથી પૃથ્વીની પાછળ દોડવા લાગ્યા. ૬૯. તે વખતે તેનાથી ભય પામેલી પૃથ્વી ગાયનું સ્વરૂપ ધારણ કરી નાશવા લાગી. ભયભીત થયેલી પૃથ્વી બ્રહ્મલોક આદિ સર્વ ઠેકાણે રક્ષણને માટે ગઇ. ૭૦. તે ભૂતધારિણી પૃથ્વી જ્યાં ગઈ ત્યાં ત્યાં હાથમાં ધનુષ ધારણ કરેલા પૃથુરાજાને જોવા લાગી. ૭૧. તદનંતર પૃથુરાજાના ભયથકી પૃથ્વી અતીશય કંપવા લાગી અને તેના બાણથી પોતાના રક્ષણને માટે ઈચ્છા કરવા લાગી. જેનું પરાક્રમ અતિ વિશાળ છે એવા પૃથુરાજાની સ્તુતિ કરવા તત્પર થઇ. તે બોલી. ૭૨. હે નરેંદ્રનાથ ! મારો વધ કરવાને તું અતીશય ઉદ્યોગી થયો છે પરંતુ સ્ત્રી વધ કરવાનું મહા પાપ છે તે શું તું નથી જાણતો ?

પ્રથુ કહે છે—હે દુષ્ટ કારિણી! એક પ્રાણીનો વધ કરવાથી અનેક પ્રાણીઓના પ્રાણ બચતા હોય અને એ સર્વનું કલ્યાણ થતું હોય તો ત્યાં તેવા એક પ્રાણીનો વધ કરવો એ પુણ્યપ્રદ ગણાય છે. ૭૪.

પૃથ્વી કહે છે—હે નૃપશ્રેષ્ટ ! તમે પ્રજા ઉપર ઉપકાર કરવા રૂપ કારણથી જો મારો વધ કરશો તો તમારી પ્રજાને આધાર કોનો છે ! કારણ કે તમારી તમામ પ્રજા મારી ઉપર નિવાસ કરી રહી છે. ૭૫.

પ્રથુ કહે છે—હે વસુધે ! જો તું મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરશે તો આ બાણથી તારો વધ કરી મારા યોગબળથી હું પૃથ્વીનું રૂપ ધારણ કરી મારી પ્રજાને હું ધારણ કરીશ. ૭૬. આ પ્રમાણે સાંભળી પૃથ્વી ભયભીત થઇ અતીશય કંપવા-લાગી અને પછી તે રાજાને નમસ્કાર કરી ફરીથી આ પ્રમાણે કહેવા લાગી. ૭૭.

પૃથ્વી કહે છે—કોઈ પણ કાર્ય ઉપાય કરવાથી તત્કાળ સિદ્ધ થાય છે, માટે હું તમને જે ઉપાય બતાવું તે પ્રમાણે જો તમારી ઇચ્છા હોયતો કરો. ૭૮. હે નરનાથ ! સઘળી સર્વોત્કૃષ્ટ ઔષધીનું મેં ભક્ષણ કર્યું છે; અને તે મારા શરીરમાં મેં ગુપ્ત રાખી છે; જો તમારી ઇચ્છા હોયતો હું તમને તે ઔષધીઓ દૂધ રૂપે અર્પણ કરીશ. ૭૯. હે ધર્મશ્રેષ્ટ ! પ્રજાના કલ્યાણ માટે મને વત્સ (વાછરડા) આપો; જે વત્સના યોગથી મારા અંતઃકરણમાં સ્નેહ ઉત્પન્ન થઇ અને મારામાંથી દૂધરૂપ ઔષધીઓ નીકળશે. ૮૦. હે વીર ! એ સર્વોત્કૃષ્ટ ઔષધીનું બીજરૂપ

દૂધ મારી ચારે તરફ સરખી રીતે પોંચાડવાનું સહેલાઈથી બનીશકે માટે પ્રથમ મારાઉપર જે ઉંચાનીચા ટેકરા છે તેને ખોદી નાંખી મને સમાન કરો. ૮૧.

પરાશર કહેછે—એ પ્રમાણે પૃથ્વીએ કહ્યા પછી તે પૃથુરાજાએ પોતાના બાણવડે પૃથ્વી ઉપરના હજારો પર્વતોને તોડી બાજુએ કર્યા. તેથી એક ઠેકાણે પર્વતો રહ્યા છે. ૮૨. પૂર્વે બ્રહ્માએ જ્યારે સૃષ્ટિ ઉત્પન્ન કરી તે વખતે પૃથ્વી સરખી નહતિ. તેથી તેનીઉપર ગામ, શહેર, કૃષી ઈત્યાદિની કશી વ્યવસ્થા પણ નહોતી. ૮૩. તે પ્રમાણે ધાન્ય પણ પાકતું નહોતું, ગાયનું રક્ષણ પણ થતું નહોતું, તેમ વ્યાપાર વિગેરેની પણ કશી વ્યવસ્થા નહોતિ; હે મૈત્રેય! એવી દરેક પ્રકારની વ્યવસ્થા પૃથુ રાજાએ કરી. અર્થાત્ પૃથ્વીને સમાન કરી યોગ્ય સ્થાનમાં પ્રજાઓના રહેવાના સ્થાન વિગેરેની સઘળી વ્યવસ્થા કરી. પછી રાજાઓએ રાજમહેલમાં તથા પ્રજાઓએ ઘર આદીમાં પોત પોતાની મેળે વસવાટ કીધો. ૮૪. ૮૫. આગળ પ્રજાનો આહાર કંદ, ફળ, મુળ, વિગેરેનો હતો. તેમાં જ્યારે ઔષધીઓ નાશ પામી તે વખતે તે કંદ, ફળ, વિગેરે મહા કષ્ટથી કવચિત્ પ્રાપ્ત થતું હતું. ૮૬. ત્યારપછી પૃથ્વીનાથ પૃથુરાજાએ સર્વશક્તિસંપન્ન સ્વાયંભુવમનુને વાછરડો કરી પોતાના હાથમાં પૃથ્વીનું દોહન કર્યું. ૮૭. તે દોહોવાથી ઉત્પન્ન થએલું જે દૂધ તે સર્વ પ્રાણીઓને કલ્યાણ કરનાર ધાન્ય કહેવાય છે; પ્રજાવર્ગ અદ્યાપિ પર્યંત એ અન્નથી પોતાનું જીવન ધારણ કરે છે. ૮૮. એ પ્રમાણે પૃથુએ પૃથ્વીને પ્રાણનું દાન અર્પણકરેલું હોવાથી તે તેનો પિતા થયો. એ પ્રમાણે સર્વ પ્રાણીમાત્રને ધારણ કરનારી ભૂમીને પૃથ્વી, (પૃથુની પુત્રી) એવું નામ પ્રાપ્ત થયું છે. ૮૯. ત્યારપછી * દેવ, ઋષિ, દૈત્ય, રાક્ષસ, પર્વત, ગંધર્વ, સર્પ, યક્ષ, પિતૃ, અને વૃક્ષ

* દેવતાઓએ ઇંદ્રને વત્સ કરી સુવર્ણ પાત્રમાં અમૃત અને પરાક્રમ રૂપ બળનું દોહન કર્યું; ઋષિઓએ બૃહસ્પતિને વત્સ કરી ઈંદ્રિયરૂપ પાત્રનેવિષે વેદનું દોહન કર્યું; દૈત્યોએ પ્રહલાદને વત્સ કરી લોહ પાત્રને વિષે સુરાનું દોહન કર્યું. ગંધર્વલોકોએ વિશ્વાવસુને વત્સ કરી પદ્મપાત્રને વિષે વાઙ્મય માધુર્ય તથા સૌંદર્યનું દોહન કર્યું. પિતરોએ અર્યમણાને વત્સ કરી અપક્વ માટીના પાત્રને વિષે પિત્રના અન્નનું દોહન કર્યું; સિદ્ધ લોકોએ કપિલને વત્સ કરી આણિમાદિ અષ્ટસિદ્ધિ તથા વિદ્યાધરોએ આકાશમાં ફરવાની વિદ્યાનું દોહન કર્યું. માયાવિ લોકોએ મયાસુરને વત્સ કરી સંકલ્પ માત્રથી ઉત્પન્ન થનારી માયાનું દોહન કર્યું: યક્ષ, રક્ષભૂત, પિશાચ આદિઓએ રૂદ્રને વત્સ કરી કપાલ પાત્રને વિષે રક્તનું દોહન કર્યું. સર્પ નાગ આદિએ તક્ષકને વત્સ કરી મુખપાત્રને વિષે વિષનું દોહન કર્યું. પશુઓએ નંદિને વત્સ કરી અરણ્યપાત્રને વિષે તૃણનું દોહન કર્યું. વ્યાઘ્ર આદિઓએ સિંહને વત્સ કરી પોતાના કલેવર રૂપ પાત્રને વિષે માંસનું દોહન કીધું; પક્ષીઓએ ગરૂડને વત્સ કરી પોતાના પાત્રમાં કીટ ફળઆદિનું દોહન કર્યું. વનસ્પતિઓએ વટને વત્સ કરી પોતાના દોહને વિષે રસમય પયનું દોહન કર્યું. પર્વતોએ હીમાચળને વત્સ કરી પોતાના શીખરને વિષે ધાતુઓનું દોહન કર્યું. એ પ્રકારે સઘળાઓએ પોત પોતાના પાત્રને વિષે પ્રથક્ પ્રથક્ પય કામદુધા પૃથ્વીમાંથી દોહન કર્યું.

એ સઘળાઓએ પોતાની ઇચ્છા પ્રમાણે પૃથ્વીનું દોહન કર્યું, તે વખતે જુદી જુદી પ્રકારના દોહોનારા અને વાછરડા વિગેરેએ પોત પોતાના વર્ગમાં પોતાની ઇચ્છિત વસ્તુને દોહોવા લાગ્યા. ૯૦. ૯૧. હે મૈત્રેય! એ પ્રમાણે જેઓએ પૃથ્વીનું દોહન કર્યું તે પૃથ્વી શ્રી વિષ્ણુના પાદતલથી પ્રગટ થએલી સર્વની માતા, સર્વની ઉત્પત્તિમાં કારણભૂત, સર્વને આધાર રૂપ અને સર્વનું પોષણ કરનારી છે. ૯૨. એ પ્રમાણે સર્વ પ્રકારના અલૌકિક સામાર્થ્યવડે સંપન્ન વેનરાજાના પરાક્રમી પુત્ર પૃથુરાજા પ્રજાઓનું મનરંજન કરનાર પહેલો રાજા થયો. ૯૩. જે કોઇ મનુષ્ય વેનના પરાક્રમી પુત્ર પૃથુના જન્મનું વૃત્તાંત પઠન કરશે, તેના સઘળા પાપ નાશ પામશે, અને પૃથુના કીર્ત્તનનું શુભ ફળ આ જન્મમાંજ મળશે. ૯૪. આ પૃથુના જન્મનું ઉત્તમ વૃત્તાંત જે મનુષ્ય શ્રવણકરશે તેનું દુઃસ્વપ્ન શાંત થશે. ૯૫.

दुःस्वप्नोपशमं पुंसां शृण्वतां चैतदुत्तमं ॥
प्रथो र्जन्मप्रभावश्च करोति सततं नृणाम् ॥ ९५.

इति श्री विष्णु पुराणे प्रथम अंशे त्रयोदशो अध्याय संपूर्ण.

---

* અધ્યાય ૧૪ મો.

पराशर उवाच ॥ पृथोः पुत्रौ तु धर्मज्ञौ जज्ञातेंतर्धिपालितौ ॥
शिखंडिनीहविर्धानमंतर्धानात् व्यजायत ॥ १ ॥

પરાશર કહે છે—પૃથુરાજાને મહાપરાક્રમી ધર્મજ્ઞ, અંતર્દ્ધિ તથા પાલિત એ નામના બે પુત્રો થયા. એ અંતર્દ્ધિ પાછળથી અંતર્ધાન નામથી ઓળખાયો. તે અંતર્ધાનથી શિખંડિની નામની સ્ત્રીને વિષે હવિર્ધાન નામના પુત્ર થયો. ૧. હવિર્ધાનથી અગ્નિવંશમાં ઉત્પન્ન થયેલી (આગ્નેયિ) ધિષણા નામની સ્ત્રીને વિષે પ્રાચિનબર્હિ, શુક્ર, ગય, કૃષ્ણ, વ્રજ અને અજીન એ નામના છ પુત્રો થયા. ૨. એઓમાં ભગવાન પ્રાચિનબર્હિ મોટા હોવાથી તે પ્રજાના અધિપતિ થયા. અને તે પ્રાચિનબર્હિએ પ્રજાની ઉત્તમ પ્રકારે અભિવૃદ્ધિ કરી. હે મુને! એણે ચારે તરફ યજ્ઞનું અનુષ્ઠાન કરીને દર્ભનો પ્રસાર કર્યો હતો. અર્થાત્ યજ્ઞવડે તમામ ઠેકાણે પૃથ્વી ઉપર દર્ભ વેરેલા હતા તથા તે દર્ભનો અગ્ર ભાગ પુર્વદીશા તરફ હતો માટે એ રાજાનું નામ પ્રાચિનબર્હિ પડ્યું. ૪. તે પ્રાચિનબર્હિએ મોટી તપશ્ચર્યા કર્યા પછી સમુદ્રની

---

* આ ચૌદમા અધ્યાયમાં ધ્રુવના વંશમાં પ્રચેતાઓની ઉત્પત્તિ તથા તે પ્રચેતાએ સમુદ્રમાં જઇ તપ કરી ભગવાનને પ્રશ્ન કરી પ્રજાવૃદ્ધિ કરવામાં યુક્ત થશે એ કથા કહેવાશે.

કન્યા સવર્ણા સાથે તેનો વિવાહ થયો. ૫. તે પ્રાચિનબર્હિરાજાથકી સમુદ્રિસવર્ણા ને વિષે દશ પુત્રો ઉત્પન્ન થયા. તેઓ સઘળા પ્રચેતાના નામથી ઓળખાયા. તે સઘળા ધનુર્વિદ્યામાં પારંગત હતા. અને તેઓ એકજ ધર્માચારી હોવાથી તેઓએ સમુદ્ર જળમાં દશ હજાર વર્ષ સુધી મહાન તપશ્ચર્યા કરી હતી. ૬. ૭.

મૈત્રેય કહે છે—હેમહામુનિ? તે સર્વ મહાત્મા પ્રચેતાઓએ સમુદ્ર જળમાં તપ શા માટે કર્યું? તે મને કહો. ૮.

પરાશર કહે છે—અતીશય બુદ્ધિશાળી તે પ્રચેતાના પિતા પ્રાચીનબર્હિએ બ્રહ્મા ની આજ્ઞાથી તેઓની પાસે જઇને કહ્યું કે હે પુત્રો! દેવના અધિપતિ બ્રહ્માએ મને આજ્ઞા કરી છે કે તારે 'પ્રજાની વૃદ્ધી કરવી જોઈએ' ત્યારે મેં કહ્યું 'બહુ સારૂં' ૯. ૧૦. એ પ્રમાણે ઉત્તર આપી તમારી પાસે આવ્યો છું; માટે હે પુત્રો! તમે મને સંતોષ થાય તેમ પ્રજાની વૃદ્ધિ કરો, કારણ કે આપણા પિતામહ બ્રહ્માની આજ્ઞાનું પાલન કરવું એ આપણો ધર્મ છે. ૧૧. હે મૈત્રેય! એ પ્રમાણે પોતાના પિતા પ્રાચિનબર્હિનું વચન શ્રવણ કરી તે પ્રચેતાઓએ તેને 'બહુ સારૂં' એવો ઉત્તર આપી આ પ્રમાણે પુછવા લાગ્યા. ૧૨.

પ્રચેતાઓ પુછે છે—હે તાત! જે કર્મ કરવાથી અમારામાં પ્રજાની વૃદ્ધિ કરવાનું સામર્થ પ્રાપ્ત થાય તે કર્મ સંપૂર્ણ રીતે અમને કહેવાની આપે કૃપા કરવી. ૧૩.

પ્રાચિનબર્હિ કહે છે—વર પ્રદાનકરનાર શ્રી વિષ્ણુનું આરાધન કરવાથી મનુષ્યને ઇચ્છેલા ફળ નિઃસંદેહ પ્રાપ્ત થાય છે. એ શિવાય બીજો ઉપાય નથી. હે પુત્રો! વારંવાર તમને શું કહું? ૧૪. એટલા માટે તમે જો ફળ મેળવવાની ઇચ્છા કરતા હો તો તમારે પ્રજાવૃદ્ધિનાકારણને માટે સર્વ પ્રાણી માત્રના ઉત્પાદક અને પાપના સમુહને બાળી નાંખનાર શ્રી વિષ્ણુની આરાધના એક ચિત્તથી કરવી ૧૫. કારણ કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થની ઇચ્છા કરનાર મનુષ્યએ તે અનાદિ ભગવાન પુરૂષોત્તમ શ્રી હરિનું જ આરાધન કરવું. ૧૬. હે પુત્રો! જેની આરાધનાના પ્રભાવથી પૂર્વે બ્રહ્માએ સૃષ્ટિ ઉત્પન્ન કરી હતી, માટે તે અચ્યુતની આરાધના કરવાથીજ તમારામાં પ્રજા વૃદ્ધિ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થશે. ૧૭.

પરાશર કહે છે—હે મૈત્રેય! એ પ્રમાણે તેમના પિતાએ કહ્યું તે વખતે તે પ્રચેતા નામના દશ પુત્રો સમુદ્રના જલમાં નિમગ્ન થઈ સર્વ જગતના અધિપતિ તથા સર્વ લોક પરાયણ નારાયણમાં એકાગ્ર ચિત્ત ધારણ કરી દશ હજાર વર્ષ સુધી તપશ્ચર્યા કરી. ૧૮. ૧૯. તેઓએ જળમાં રહીને સ્તુતિ કરનાર મનુષ્યોને ઈચ્છિત ફળ આપનાર શ્રી હરિમાં એકાગ્ર ચિત્ત ધારણ કરી પરમાત્માની સ્તુતિ કરવા લાગ્યા. ૨૦.

મૈત્રેય કહેછે—હે મુનિશ્રેષ્ઠ! તે પ્રચેતસોએ સમુદ્રજળમાં રહીને એકાગ્ર મનથી જે સ્તુતિ કરી હતી; તે પુણ્યદાયક સ્તવનનું મારી પાસે કથન કરો. ૨૧.

પરાશર કહેછે—હે મૈત્રેય ! સમુદ્રના જળમાં નિવાસ કરનારા તે પ્રચેતસોએ પોતાનું અંતઃકરણ પરમાત્માને વિષે તલ્લીન કરી શ્રી વિષ્ણુની જે સ્તુતિ કરી છે તે તું મારાથી શ્રવણ કર. ૨૨.

પ્રચેતસો સ્તુતિ કરેછે—જે સર્વ જગત્માં શ્રેષ્ઠ અધિપતિ થઈ સર્વ જગત્ની ઉત્પત્તિ, સ્થિતિ, અને નાશના કારણભૂત છે; તથા જે અશેષ જગત્ની આદિ જ્યોતિરૂપ, અનૂપમ, અનંતર, અપારવત્ અશેષ સ્થાવર અસ્થાવરના કારણ ભૂત પરમાત્માને અમે નમસ્કાર કરીયે છીયે. ૨૩. ૨૪. જે પરમેશ્વર વસ્તુતઃ રૂપ રહિત છે છતાં જેનું દિવસ એ મુખ્ય રૂપ છે; અને રાત્રિ તથા સંધ્યા એ તેનું અવાંતર રૂપ છે; એવા કાળ રૂપ પરમાત્માને અમે નમસ્કાર કરીયે છીયે. ૨૫. દેવતા અને પિતૃ લોકો જેનું સુધારુપે ભોજન કરેછે, તથા સર્વની ઉપજીવિકામાં સાધનભૂત ઔષધીઓનાપતિ સર્વ વિશ્વના પ્રાણભૂત એવા સોમાત્મક પરમેશ્વરને અમે નમસ્કાર કરીયે છીયે. ૨૬. જેનું સ્વરૂપ અત્યંત પ્રખર હોવાથી પોતાના પ્રકાશ વડે આકાશને પ્રકાશિત કરી અંધકારનો નાશ કરેછે; તેમજ ઉષ્ણકાળ, શીતકાળ અને વર્ષાકાળ આદિમાં જે કારણભૂત છે; એવા સૂર્ય સ્વરૂપ પરમાત્માને અમે નમન કરીએ છીએ . ૨૭. આપના કઠીનપણાથી જે સર્વ વિશ્વને ધારણ કરેછે; અને જે કાર્યરૂપ સઘળા પદાર્થમાં અધિક વિશાળ, શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ આદિના આશ્રયભૂત તથા સર્વવ્યાપક ભૂમિ સ્વરૂપ પરમાત્માને અમે નમસ્કાર કરીયે છીયે. ૨૮. જે શોણિતરૂપ હોવાથી જગત્ના ગર્ભનું આધાર સ્થાન કહેવાય છે. અને વીર્યરૂપ હોવાથી સર્વ જગત્ના બીજરૂપ છે; એવા જળરૂપ વિષ્ણુને અમે નમન કરીયે છીયે. ૨૯. જે હોમદ્રવ્યના ભક્ષણ કરનાર હોવાથી સર્વ દેવ તથા પિતૃઓના આપેલા અન્નનું ભક્ષણ કરેછે; તે દેવ અને પિતૃઓના મુખરૂપ છે, એવા અગ્નિરૂપ શ્રી હરિને અમારા નમસ્કાર છે. ૩૦. જે પરમેશ્વર શરીરમાં પ્રાણ આદિ પાંચ પ્રકારના સ્વરુપ ધારણ કરી નિરંતર ચલનાદિ વ્યાપાર કરેછે; તથા આકાશ જેનું ઉત્પત્તિ સ્થાન છે; એવા વાયુસ્વરૂપ પરમાત્માને અમો નમસ્કાર કરીયે છીયે. ૩૧. જે સઘળા મહાભૂતોને અવકાશ આપે છે; તથા જેમાં કાર્ય રૂપી અસંખ્ય પ્રતિમાઓ વાસ કરેછે; તે આકાશરૂપ પરમાત્માને અમે નમસ્કાર કરીયે છીયે. ૩૨. જે તમામ ઇંદ્રિઓના આધારભૂત છે; તથા ઈંદ્રિઓમાં શબ્દાદિ વિષયો રૂપે વાસ કરનાર તમામ જગત્ના ઉત્પાદક શ્રી કૃષ્ણને અમે નમસ્કાર કરીયે છીએ. ૩૩. જે સ્થૂળ દેહાત્મક હોવાથી નાશવંત અને (પંચ પ્રાણ, દશ ઇંદ્રિઓ, મન બુદ્ધિ, વિગેરે) સૂક્ષ્મ દેહાત્મક હોવાથી ચીરસ્થાયિ છે તથા જે ક્ષરાક્ષર ઇંદ્રિયોના વિષયને અહર્નીશ ગ્રહણ કરેછે; એવા જ્ઞાનના સાધનભૂત વિશ્વાત્માને અમો નમન કરીયે છીયે. ૩૪. જે ઈંદ્રિયોએ ગ્રહણ કરેલા શબ્દાદિ

વિષયો જીવને વિષે અર્પણ કરે છે એવા અંતઃકરણરૂપ પરમાત્માને અમો નમસ્કાર કરીયે છીયે. ૩૫. જે અનંતમાં સર્વ વિશ્વવ્યાપ્ત છે; જેના થકી તે વિશ્વ ઉત્પન્ન થયું છે; તેમજ પ્રલય કાળમાં જે સર્વ જગત્‌ના લયનું સ્થાન છે; એવા ત્રિગુણાત્મક પ્રકૃતિ સ્વરૂપ પરમેશ્વરને અમે નમસ્કાર કરિયે છીયે. ૩૬. જે પરબ્રહ્મ વસ્તુતઃ નિર્ગુણ હોવાને લીધે શુદ્ધ કહેવાયછે છતાં ભ્રાંતિથી સગુણ હોય એમ દેખાય છે; એવા જીવરૂપ પરમાત્માને અમે નમસ્કાર કરીએ છીયે. ૩૭ જે વિકાર રહિત, જન્મથી શૂન્ય; સ્વભાવથી શુદ્ધ, નિર્ગુણ, નિર્મળ, એવા પરબ્રહ્મ પરમાત્માના પરમપદને અમે વારંવાર નમસ્કાર કરિયે છીયે. ૩૮. જે હ્રસ્વ પણ નથી; દીર્ઘ પણ નથી; સ્થૂળ નથી; સૂક્ષ્મ નથી; જે સર્વમાં અગ્રભાગી છે; જેને રજોગુણ આદિથી થનારી ક્રીયાનો સ્પર્શ નથી; તથા જેમાં સ્નેહની છાયા પડેલી છે; જે શરીર વગરના છે ૩૯. જે કોઈપણ ચીજમાં આસક્ત નથી; જે જીવાત્મક નથી; તેમજ જે આકાશાદિ મહાભૂતાત્મક નથી; તથા જેમાં શબ્દાદિ ગુણ પણ નથી; તથા જેને નેત્ર, કાન, નાસિકા, વાણી વિગેરે ઇંદ્રિયો નથી, જેને મન નથી; ૪૦ તથા જે નિશ્ચલ છે; તેમજ જેને નામ, ગોત્ર, મુખ, તથા તેજ પણ નથી; સંબંધ રહિત; ભય વગરના ભ્રાંતિ રહિત, સ્તુતિ કરવા યોગ્ય, જરા મરણ આદિ વિકારથી શૂન્ય, નિર્દોષ, શબ્દ રહિત; અમૃત, અવ્યક્ત, સઘળા પ્રપંચથી ભિન્ન, સર્વ શક્તિમાન્, તથા જે અજ્ઞાનાદિથી આવૃત્ત નથી; અને જેને પૂર્વાપરનો ભાવ નથી; એવું શ્રી વીષ્ણુનું પરમપદ છે. ૪૧–૪૨ જે માયા આદિ ઉપાધીથી શૂન્ય હોવાને લીધે પોતે સ્વભાવથી ઐશ્વર્ય સંપન્ન નિરાધાર છે, અને જે વાણી તથા દ્રષ્ટિથી અગોચર છે; એવું ઈશત્વગુણવત્ સર્વભૂતસંશ્રય વિષ્ણુનાપરમપદને નમન કરીયે છીયે. ૪૩.

પરાશર કહેછે—હે મૈત્રેય! આ પ્રમાણે પ્રચેતસોએ શ્રીપરમેશ્વરમાં એકાગ્ર મન કરી તે સમુદ્રનાજળમાં દશ હજાર વર્ષ સુધી તપ કર્યું. ૪૪ ત્યાર પછી જેની કાંતિ વિકાસ પામેલા નીલકમળના સરખી છે એવા શ્રીવિષ્ણુ પ્રસન્ન થઇ પ્રચેતસોને સમુદ્રના જળમાં દર્શન આપ્યાં. ૪૫. ગરૂડ ઉપર વિરાજમાન થયેલા શ્રી વીષ્ણુને જોઈ તે પ્રચેતાઓએ અત્યંત ભક્તિભાવવડે મસ્તક નમાવી પરમાત્માને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ૪૬. ત્યાર પછી ભગવાન્ શ્રી વિષ્ણુએ તે પ્રચેતાઓને કહ્યું કે "હું તમારી ઉપર પ્રસન્ન થયો છું માટે તમને જે ઈચ્છા હોય તે મારી પાસેથી વરદાન માગો" આ પ્રમાણે જ્યારે ભગવાને તે પ્રચેતાઓને કહ્યું, ત્યારે તેઓએ વરદાન આપનાર પરમેશ્વરને પ્રણામ કર્યા. અને તે પ્રચેતાઓને તેના પિતા પ્રાચિનબર્હિએ પ્રજાની વૃદ્ધિ કરવાની જે આજ્ઞા કરી હતી તે સર્વ વાત તેમને નિવેદન કરી. ૪૭–૪૮. પછી ભગવાન શ્રી હરી તેઓને અભિષ્ટ વરદાન

આપી તત્કાળ અંતરધ્યાન થઇ ગયા. અને તે પ્રચેતસો પોતાનો મનોરથ સફળ થયેલો માની તે સમુદ્રના જળમાંથી બહાર નિકળ્યા. ૪૯.

स चापि देवस्तं दत्वा यथाभिलषितं वरम् ॥
अंतर्धानं जगमाशु ते च निश्चक्रमुर्जलात् ॥४९॥
ઇતિશ્રો વિષ્ણુ પુરાણે પ્રથમ અંશે ચતુર્દશો અધ્યાય સંપુર્ણ.

* અધ્યાય ૧૫ મો.

पराशर उवाच ॥ तपश्चरत्सु पृथिवीं प्रचेतस्सु महीरुहाः ॥
अरक्ष्यमाणामावव्रुर्बभूवाथ प्रजाक्षयः ॥१॥

પરાશર કહેછે—હે મૈત્રેય! જે વખતે પ્રચેતસો તપશ્ચર્યા કરવાને ગયા તે વખતે પૃથ્વીનું રક્ષણ કરનાર કોઇ ન હોવાથી વૃક્ષોથી તમામ જગત્ આચ્છાદિત થઇ ગયું હતું ને તેથી પ્રજા નષ્ટપ્રાય થઇ ગઇ હતી. ૧. પૃથ્વી ઉપર વાયુ પણ વાઈ શકતો ન હોતો, તથા અકાશ વૃક્ષોથી ઢંકાઈ ગયું હતું. અને સઘળી પ્રજા દશ હજાર વર્ષ સુધી ચલન આદિ વ્યાપાર કરવામાં અસમર્થ થઇ હતી. ૨. સમુદ્રના જળમાંથી બહાર નિકળતાં, તે પ્રચેતસોએ આવા પ્રકારે પ્રજાનો અંત થતો જોયો તેથી તે પ્રચેતસોને અત્યંત ક્રોધ ચડયો, એ ક્રોધવડે તેઓએ પોતાના મુખમાંથી અગ્નિ અને વાયુને ઉત્પન્ન કર્યા. ૩. તેમના મુખમાંથી નિકળતા વાયુએ તમામ વૃક્ષોને ઉખેડી સુકાવી નાંખ્યા અને અગ્નિએ તે વૃક્ષોને બાળીને ભસ્મ કર્યા, તેથી તમામ વૃક્ષો નષ્ટ પ્રાય થઈ ગયા. ૪. આ પ્રમાણે વૃક્ષોનો નાશ થતો હતો, તેમાંથી માત્ર કેટલાક વૃક્ષ અવશેષ રહ્યા છે, એમ જોઇ તે વૃક્ષના રાજા સોમ તે પ્રચેતસો પાસે આવી આ પ્રમાણે કહેવા લાગ્યા. હે રાજન્! આપનો કોપ શાંત કરો, અને મારૂં વચન શ્રવણ કરો. હું તમારી અને વૃક્ષોની વચ્ચે સંધી કરાવવા આવ્યો છું. ૫–૬. મેં આગળથી ભવિષ્યનો વિચાર કરી આ અત્યંત સ્વરૂપવાળી તથા તમામ સ્ત્રીઓમાં રત્ન સરખી વાર્ક્ષ્યેથી (વૃક્ષનીકન્યા) નામની કન્યાને મેં મારા સુધામય કીરણોથી વૃદ્ધિંગત કરી છે. ૭. હે મહાભાગ! આ મારિષા નામની મારા ભાગ્યશાળી વૃક્ષની કન્યા તમારા વંશને વધારવાવાળી તમારી પત્નિ રૂપ છે એ હું નિશ્ચયથી કહું છું. ૮. વળી અર્ધ તમારા તેજથી અને અર્ધ મારા તેજથી એના ઉદરમાં વિદ્વાન્ દક્ષ ઉત્પન્ન થશે. ૯. એ મારા સોમવંશથી અને તમરા વીર્યરૂપ અગ્નીના

* આ પંદરમા અધ્યાયમાં પ્રચેતસોથી વાર્ક્ષિ નામની સ્ત્રીમાં દક્ષનો જન્મ થશે અને તે દક્ષ આ સૃષ્ટિને ઉત્પન્ન કરશે વિગેરે આખ્યાન કહેવામાં આવશે.

યોગથી તે મહાન્ તેજસ્વી અગ્નિસરખા થઈને પ્રજાની વૃદ્ધિ કરશે. ૧૦. પૂર્વે વેદ જાણનારાઓમાં શ્રેષ્ઠ એક કંડુ નામના ઋષી હતા. તે ગૌતમી નદીના સુંદર કીનારા ઉપર અતીશય તીવ્ર તપશ્ચર્યા કરતા હતા. ૧૧. તે મુનિના અંગમાં પ્રબળ મનોવિકાર ઉત્પન્ન કરવામાટે દેવતાઓના રાજા ઇંદ્રએ પ્રમ્લોચા નામની એક ઉત્કૃષ્ટ અપ્સરા તેની સમીપ મોકલી. તે મંદ મંદ હાસ્ય કરનારી અપ્સરા તે ઋષિ પાસે આવી તેમના અંતઃકરણમાં અતીશય વિકાર ઉત્પન્ન કર્યો. ૧૨. ઇંદ્રિયોના વિકારથી ક્ષોભ પામેલા (વિષયાસક્ત) કંડુ મુનિએ તે પ્રમ્લોચાની સાથે મંદરાચળ પર્વતની ગુફામાં સોથી અધિક વર્ષો સુધી નીવાસ કર્યો. ૧૩. ત્યારપછી એક દીવસ તે અપ્સરા મહાત્મા કંડુ મુનિને આ પ્રમાણે કહેવા લાગી, હે મુનિશ્રેષ્ઠ ! મારે સ્વર્ગ તરફ પ્રયાણ કરવાની ઇચ્છા છે માટે આપ પ્રસન્ન થઈ મને જવાની અજ્ઞા આપો. ૧૪. આ પ્રકારે જ્યારે તે સ્ત્રીએ કહ્યું તે વખતે તેમાં અત્યંત આસક્ત થયેલા ઋષિ બોલ્યા; હે ભદ્રે ! તું થોડા દિવસ અહિં રહે. ૧૫. એવું વચન સાંભળી તે સુંદર સ્ત્રીએ ફરીથી સો વર્ષ સુધી તેની સાથે રહીને વિષય સુખનો આનંદ આપ્યો. ૧૬. ત્યાર પછી ફરીથી કહેવા લાગી મહારાજ આજ્ઞા આપો મારે સ્વર્ગ લોકમાં જવું છે. ફરીથી ઋષિએ કહ્યું કે હજુ થોડા દિવસ રહો. ૧૭. ફરીથી સો વર્ષથી અધિક કાળ વિષય સુખમાં ચાલ્યો ગયો ત્યાર બાદ તે સુમુખી પ્રેમથી હાસ્ય કરતી બોલી, હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! હવે તો મને જવાની આજ્ઞા આપો ? ૧૮. એ પ્રમાણે જ્યારે તે અપ્સરા બોલી તે વખતે વિશાળ નેત્રવાળી સ્ત્રીને પ્રેમ પૂર્વક આલિંગન આપી તેની પ્રત્યે ઋષિ આ પ્રમાણે બોલ્યા. "હે સુભ્રુ ! ક્ષણવારતો બેસ ! જવાનું તો સદાને માટે છે" એ પ્રકારે મુનીનું વચન શ્રવણ કરી તે મનમાં વિચાર કરવા લાગી કે જો હું એના કહ્યા પ્રમાણે નહિં કરૂં તો મને શાપ આપશે; એવા ભયથી તે અપ્સરા પાછી બસો વર્ષ સુધી ઋષિની પાસે રહીને તેની આજ્ઞા માન્ય કરી. ૧૯. ૨૦. એવી રીતે જ્યારે જ્યારે એ સ્ત્રી સ્વર્ગપ્રત્યે જવાની ઇચ્છા કરે ત્યારે ત્યારે તે ઋષિ તેને બેસો બેસો એ શીવાય બીજું કંઈ પણ કહેતા નહોતા. ૨૧. શાપના ભયથી નિરંતર બીજાની મરજી પ્રમાણે ચાલવું એવો તેનો સ્વભાવ હોવાથી તથા સ્ત્રીઓ જો કદાપી કામીપુરૂષની પ્રાર્થનાનો ભંગ કરે છે તો તેને જે પીડા થાય છે તેની આને ખબર હોવાથી એ ચતુર સર્વગુણ સંપન્ન તે પ્રમ્લોચા અપ્સરાએ મુનીનો ત્યાગ ન કર્યો. ૨૨. ઋષિવર્યનું અંતઃકરણ મદનથી અત્યંત આકર્ષણ કર્યું હતું. માટે તેની સાથે રાત્રી અને દિવસ રમણ કરતાં નવા નવા પ્રેમ ઉત્પન્ન થવા લાગ્યા. ૨૩. કેટલોક સમય વિત્યા પછી એક દિવસ મોટી ત્વરાથી તે ઋષિ પોતાની પર્ણશાળામાંથી બહાર નિકળ્યા તે વખતે પ્રમ્લોચાએ "આપ ક્યાં જાઓ છો ?" એવો પ્રશ્ન કર્યો. ૨૪. તે સમયે ઋષિ બોલ્યા "હે પ્રિયે ! હમણા દિવસ અસ્ત થવા આવ્યો છે અર્થાત્ સંધ્યાકાળ થયો છે

તેથી મારે સંધ્યોપાસના કરવી જોઈએ તે જો હું ન કરું તો મારાં કર્મનો લોપ થાય." ૨૫. એવું તેનું વચન શ્રવણ કરી પ્રમ્લોચા આશ્ચર્ય પામી હાસ્ય કરતી બોલી આહા!! સર્વ ધર્મશાસ્ત્રના જાણનાર મહારાજ! શું આપ આજેજ સંધ્યાકાળ આવી એમ દેખો છો? ખરું છે નાથ! ઘણા વર્ષ પુરા થાય ત્યારે આપનો એક દિવસ થાય એ પ્રમાણે સાંભળી કયો માણસ આશ્ચર્ય પામ્યા વગર રહે. ૨૬. ૨૭. મુનિ બોલ્યા; હે ભદ્રે! આજે પ્રાતઃકાળમાંજ આ પવિત્ર નદીના તટ ઉપર આવતી મેં તને જોઈ છે અને હે કૃશાંગી! તે વખતે તું મારા આશ્રમમાં આવી તથા હમણાં સંધ્યાકાળ થવા આવ્યો છે જો, દિવસ થોડો બાકી રહ્યો છે. એમ છતાં તું મારી મશ્કરી શા માટે કરે છે? એમાં સત્ય વચન શું છે? તે મને કહી બતાવ? ૨૮. ૨૯. પ્રમ્લોચા બોલી! હે બ્રહ્મન્! 'પ્રાતઃકાળમાં આવી છું' એ તમારું વચન સત્ય છે કંઈ ખોટું નથી પરંતુ તે પ્રાતઃકાળને આજે સેંકડો વર્ષો વીતિ ગયાં છે. ૩૦.

સોમ કહેછે—એ પ્રમાણે તેનું વચન શ્રવણ કર્યા પછી તે મુનીને અરે! "મારાં કર્મનો લોપ થયો" એ પ્રકારે ઘણો ભય ઉત્પન્ન થયો. એ ભયથી તે વિશાળલોચનાને કહે છે હે ભીરૂ! કહે જોઇએ તારી સાથે વિષય સુખ ભોગવતાં કેટલોક કાળ વિત્યો છે? ૩૧.

પ્રમ્લોચા કહેછે—હે મહારાજ! નવસો સત્યાસી વર્ષ; છ માસ; અને ત્રણ દિવસ; એટલો સમય વિત્યો છે. ૩૨.

મુનિ કહેછે—હે ભીરૂ! શું એ તું સત્ય કહે છે કે મશ્કરી કરે છે? મને તો એમજ લાગે છે કે તારી સાથે માત્ર હું એકજ દિવસ રહ્યો છું. ૩૩.

પ્રમ્લોચા કહેછે—હે મહારાજ! તમારા સરખા સન્માર્ગે અનુવર્ત્તન કરનારાની પાસે મારે ખોટું બોલવાની શી જરૂર છે? વળી આજ તમે પોતાના કર્ત્તવ્યકર્મ કરવાની ઈચ્છાવાળા થઇને પુછો છો. ૩૪.

સોમ કહેછે—હે નૃપનંદના! આ પ્રકારે તે અપ્સરાનું ભાષણ સાંભળીને અરે! "મને ધીઃફ્ છે! મને ધીક્કાર છે!" એમ વારંવાર બોલી પોતે પોતાની નીંદા કરવા લાગ્યા. ૩૫.

મુનિ કહેછે—મારી તપશ્ચર્યા નષ્ટથઈ; બ્રહ્મવાદીનું ધન તથા વિવેક નાશ પામ્યા; મને મોહ ઉત્પન્ન કરાવવા માટે કોણે આ સ્ત્રી ઉત્પન્ન કરી હશે! ૩૬. ક્ષુધા, તૃષ્ણા, શોક, મોહ, જરા, અને મૃત્યુ, એ છ ઉર્મીઓનું અતિક્રમણ કરનાર મેં મારા મનનો જયકરી તે પરબ્રહ્મના માર્ગને હું જાણતો હતો; પરંતુ ધીક્કાર હજો એવા મદનરૂપી દુષ્ટ ગ્રાહને કે મારી બુદ્ધિનું હરણ કરી મારા માર્ગને નષ્ટ કરી નાખ્યો છે. ૩૭. તેમજ આ સ્ત્રીસંગરૂપ નરક ગ્રામના માર્ગવડે વેદ વિદ્યાની પ્રાપ્તિમાં સાધનભૂત મારા બ્રહ્મચર્યાદિવ્રતનો પણ નાશ થયો છે. આ

પ્રમાણે પોતાના અંતઃકરણમાં પોતાની નિંદા કરીને તે ઋષિ પોતાની પાસે બેઠેલી અપ્સરાને આ પ્રકારે કહેવા લાગ્યા. ૩૯. હે પાપીની! તારે જ્યાં જવાની ઇચ્છા હોય ત્યાં જા; તેં તારી હાવભાવ રૂપ ચેષ્ટાવડે મારામાં મનોવિકાર ઉત્પન્ન કરી ઈંદ્ર રાજાનું કાર્ય કરવું હતું તે તેં કીધું. ૪૦. હે સ્ત્રી! તારી સાથે ગાઢ સંબંધ બંધાયલો હોવાથી હું તને મારા ક્રોધરૂપ અગ્નીવડે બાળીને ભસ્મ કરતો નથી. કારણ કે સજ્જન સાથે કોઈ પણ માણસ સાત પગલાં ચાલે છે તે તેનો મિત્ર થાય છે. તો તું મારી સાથે ઘણા વર્ષો સુધી રહી છે. ૪૧. અરે પણ એમાં તારો શું દોષ? તારા ઉપર મારે શામાટે ક્રોધ કરવો? તારા કરતાં તો મારામાં અધિક દોષ છે, કેમકે મેં મારી ઈંદ્રિયોનો નિગ્રહ ન કરતાં છુટી મુકી દીધી. ૪૨. હે સ્ત્રી! તેં ઈંદ્રનો મનોરથ સફળ કરવાને માટે મારા તમામ તપનો નાશ કરી નાંખ્યો છે, તેથી તું કેવળ અકલ્યાણ એવી ભયંકર મોહની પેટીરૂપ છે. માટે તને ધીક્કાર છે. ૪૩.

સોમ કહેછે—આ પ્રમાણે ઋષિ તે સુંદર સ્ત્રીને કહેછે તે વખતે તેના શરીરમાંથી પરસેવો નીકળ્યો અને તેને ઘણો કંપ થયો. ૪૪. તેનું શરીર પરસેવાના જળથી ભીંજાઇ ગયું હતું અને તે ઘણી કાંપતી હતી તે વખતે તે મુનિસત્તમ "જા, જા, અહિંથી ચાલી જા" એ પ્રમાણે ક્રોધથી બોલ્યા. ૪૫. મુનિએ આ પ્રકારે તિરસ્કાર કરવાથી તે અપ્સરા તેના આશ્રમમાંથી નિકળીને સ્વર્ગમાં જવાને માટે અંતરીક્ષ માર્ગે ગમન કરવા લાગી. તે વેળા તેના શરીરમાંથી નિકળતો પરસેવો વૃક્ષનાં પાંદડાઉપર પડયો. ૪૬. જેનું શરીર કોમળ હોવાથી કાંતિ સહેજ રાતી છે એવા વૃક્ષના અગ્રભાગમાં ઉગનાર પલ્લવો ઉપર તે અપ્સરા પોતાના શરીરમાંથી નીકળતા પરસેવાને નાંખતી હતી; તે એક વૃક્ષઉપરથી બીજા ઉપર અને બીજા ઉપરથી ત્રીજા ઉપર એમ પ્રત્યેક વૃક્ષ ઉપર ચાલતી હતી. ૪૭. ઋષિએ તેના શરીરમાં સ્થાપન કરેલો ગર્ભ તેના શરીરમાંના રૂંવાટામાંથી પરસેવારૂપે બહાર નીકળ્યો. ૪૮. તે ગર્ભને વૃક્ષએ ગ્રહણ કર્યો; તથા વાયુએ તે સઘળા ગર્ભના બીંદુને એકઠાં કર્યા; અને મેં મારા અમૃતમય કીરણોથી તેનું પોષણ કર્યું; તેથી તે ગર્ભ ધીમે ધીમે વધવા લાગ્યો. ૪૯. એ પ્રમાણે વૃક્ષાગ્રરૂપી ગર્ભાશયમાંથી ઉત્પન્ન થએલી આ મારિષા નામની સુંદર સ્ત્રી છે; આ તમામ વૃક્ષો તમને એ સુંદર કન્યા અર્પણ કરે છે માટે તમારો ક્રોધ શાંત કરો. ૫૦. એ પૂર્વે કહેવા પ્રમાણે કંડુ મુનિની પુત્રી વૃક્ષથી ઉત્પન્ન થયેલી પ્રમ્લોચા નામની અપ્સરાની કન્યા તથા તેના અવયવોને વાયુએ એકઠા કર્યા. માટે તે વાયુની કન્યા અને મેં મારા કીરણોથી તેને પુષ્ટિ આપી માટે મારી કન્યા પણ કહેવાય છે. ૫૧. હે મૈત્રેય! એ પ્રમાણે સોમ મારીષાનું વૃત્તાંત કહીને ફરીથી તે રાજપુત્રોને કહેવા લાગ્યા. હે રાજપુત્રો! પોતાનું તપ નાશ પામવાથી તે કંડુ ઋષિ પુરૂષોત્તમ નામના

વિષ્ણુના એક સ્થાનમાં ગયા. ૫૨. અને ત્યાં તે મહાયોગીએ અંતઃકરણથી પરબ્રહ્મ શ્રીવિષ્ણુના સ્તોત્રનો જપ કર્યો. હાથ ઉંચા કરી અને એકાગ્ર બુદ્ધિ ધારણ કરી ઉભા રહીને શ્રીપરમાત્માનું આરાધન કરવા તત્પર થયા. ૫૩–૫૪.

પ્રચેતાઓ કહેછે,—જે જપવડે કંડુઋષિએ પરમાત્માનું આરાધન કર્યું તે ઋષિનું ઉત્કૃષ્ટ સ્તવન (સ્તોત્ર) સાંભળવાની અમારી સંપૂર્ણ ઈચ્છા છે. કારણકે સ્તવનથી પરમાત્મા એની ઉપર પ્રસન્ન થયા. ૫૫.

સોમ કહેછે—જ્યાં આગળ જવાથી પ્રાણીઓને પુનઃ જન્મ મરણનો ફેરો થતો નથી. જે સંસારમાર્ગનું સમાપ્તિસ્થાન છે; તથા જે સંસાર સાગરમાંથી તરી ગયા નથી તેઓને તે સંસાર સાગરમાંથી તારનાર, પરથીપર; (આકાશ આદિથી પણ અનંત) સત્ય સ્વરૂપ અથવા પરમાર્થ પરમાનંદ છે; જે પુરૂષ કેવળ વેદમાર્ગ-નિષ્ટ હોયછે તેને તેની પ્રાપ્તી કરાવેછે, કારણ કે તેઓ પરમાત્માથી ભીન્ન હોનારા સંસારથી અતીશય દુર રહેછે. અને આપણને જેનો આત્મા પ્રમાણે ભાસ થાયછે; તે ઇંદ્રિઓ તથા દેહઆદિથી પર છે; તે પરમાત્મા ભક્તજનોનું પાલન કરી તે અભીષ્ટ વસ્તુનું વરદાન આપી તેના મનોરથ પરિપૂર્ણ કરેછે; તે પરમાત્મા આ વિશ્વના કારણભૂત તથા પંચ મહાભૂતના કારણ; પંચતન્માત્રાનું સ્વરૂપ; તેનું કારણ અહંકાર; તેનું કારણ મહત્તત્વ; અને એ સઘળાનું કારણ છેવટ પ્રકૃતિ છે; તેના જે પ્રવર્ત્તક પરમાત્મા છે (અર્થાત્ આ વિશ્વની જે કાર્ય પરંપરા છે, તે પણ તે પરમાત્માજ છે) પ્રકૃતિ આદિથી ઉત્પન્ન થનારાં જે મહત્તત્વાદિ કાર્ય તેનાં જે પ્રત્યેક કાર્યો તે તેનું (પરમાત્માનું) સ્વરૂપ છે. તે ધર્મ, તે ક્રીયા, તે કર્ત્તા, અને તે પોતે સ્વરૂપ ધારણ કરી સર્વ વિશ્વનું પાલનકર્ત્તા છે. ૫૬. ૫૭. તે પરબ્રહ્મ નિષ્ક્રીય છે છતાં સર્વના નિયંતા છે અને તે નિર્વિકાર હોવાથી સર્વસ્વરૂપી છે. તેના સ્વ-રૂપનો કદાપી ક્ષય થતો નથી, તે સર્વ વ્યાપક છે, એ અચ્યુત બ્રહ્મ છે છતાં અવિ-નાશી, નિર્વિકાર, અનાદિ, અક્ષય, વૃદ્ધિ આદિ તમામ અવસ્થાથી રહિત છે. ૫૮. જ્યારે શ્રી વિષ્ણુ અવિકારી, અવિનાશી અને અનાદિ એવા પુરૂષોત્તમ છે એ સત્ય છે ત્યારે મારા રાગ આદિ દોષનો પણ નાશ થવો જોઈએ ૫૯. સોમ કહેછે, આ પ્રમાણે પરબ્રહ્મનામક સ્તવનનો જપ કરીને તેણે ઉત્તમ પ્રકારે શ્રી ભગવાનનું આરા-ધન કર્યું. અને તેના યોગથી તેને સર્વોત્કૃષ્ટ યોગ સિદ્ધિ પ્રાપ્ત થઇ. ૬૦. હે પ્રચે-તસો ! આ મારિષા પૂર્વજન્મમાં કોણ હતી એ હું તમને કહું છું, કારણ કે એ કહે-વાથી એની સાથે વિવાહ જોડવાના સંબંધમાં તમારા મનમાં કંઇક પ્રેમ ઉત્પન્ન થાય. ૬૧. હે સત્પુરૂષો ! આ કન્યા પૂર્વજન્મમાં એક રાજાની સ્ત્રી હતી; એને કંઇ પણ સંતતી થયા વગર એનો સ્વામી સ્વર્ગવાસી થયો; ત્યાર પછી એ સાધ્વી સ્ત્રીએ શ્રી વિષ્ણુ ભગવાનને પોતાની ભક્તિવડે સંતુષ્ટ કર્યા. ૬૨. તેણે શ્રીવિષ્ણુનું

આરાધન કર્યું તે વખતે તેને ભગવાને દર્શન આપ્યું, અને "વર માગ" એમ કહ્યું; તે વખતે તે પોતાનો જે મનોરથ હતો તે કેહવા લાગી. ૬૩. હે ભગવન્ જગત્પતિ! બાલ્યાવસ્થામાં વૈધવ્ય પ્રાપ્ત થવાથી મારો જન્મારો વૃથા ગયો છે; એવા પ્રકારની હું ભાગ્યહીન નિષ્ફળ છું. ૬૪. હે અધોક્ષજ! આપના પ્રસાદવડે મને પ્રત્યેક જન્મમાં શ્રેષ્ટ પતિ મળે; તથા પ્રજાપતિના સરખો (સર્વ જગત્ની ઉત્પતિમાં કારણ-ભૂત) પુત્ર પ્રાપ્ત થાય. ૬૫. તેમજ આપની પ્રસન્નતાથી હું અયોનિજા (ગર્ભમાં ઉત્પતિ ન થાય) થાઉં, અને સ્વરૂપ સંપત્તિ વિગેરેથી સંપન્ન થઈ મારું દર્શન દરેકને પ્રીતિ ઉપજાવનારું થાય એવી મારી નમ્ર વિનંતિ છે. ૬૬.

સોમ કહેછે—દેવતાઓના ઇશ હૃષિકેશ વરદાતા પરમેશ્વર, તે વિનય-પૂર્વક પ્રણામ કરનારી રમણીને ઉઠાડીને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૬૭.

દેવ કહે છે—આવતા જન્મમાં તને મહા પરાક્રમી, પ્રખ્યાત, ઉત્કૃષ્ટ કર્મ કરનાર એવા દશ પતિ પ્રાપ્ત થશે. તેમજ હે સાધ્વી! અત્યંત બળવાન્ અતી-શય પરાક્રમી, અને ગુણોથી બ્રહ્માના જેવો એક મહાત્મા પુત્ર તને પ્રાપ્ત થશે. તથા એ તારો પુત્ર આ જગત્માં સર્વ વંશની ઉત્પત્તિ કરનારો થશે અને એનીજ સંતતિથી આ ત્રણ લોક ભરાઇ જશે. તે પ્રમાણે મારા પ્રસાદથી કોઇના ગર્ભમાં રહ્યા વગર તારો જન્મ થશે, અને તું રૂપવાન્ તથા સદ્ગુણી થઈ સર્વ મનુષ્યોમાં પ્રેમ ઉત્પન્ન કરનારી તથા પતિવૃતા થશે. હે રાજપુત્રો! આ પ્રમાણે વિશાળ નેત્રવાળી સ્ત્રી સાથે ભાષણ કરી શ્રી હરિ અંતર્ધ્યાન થઈ ગયા, અને તે સ્ત્રી આ મારિષા નામથી ઉત્પન્ન થઈ. તે તમારી પત્નિ છે. ૬૮. ૬૯. ૭૦. ૭૧. ૭૨.

પરાશર કહેછે—હે મૈત્રેય! ત્યારપછી તે પ્રચેતસગણોએ સોમના કહેવાથી ક્રોધનો ત્યાગ કરી તે વૃક્ષની પાસેથી ભાર્યારૂપે તે મારિષા નામની સ્ત્રીનો સ્વિકાર કર્યો, ૭૩. એ દશ પ્રચેતાવડે મારિષાના ગર્ભથી મહાયોગી દક્ષ પ્રજાપતિ જન્મ્યા. જે પ્રથમ બ્રહ્માના પુત્ર થયા હતા. ૭૪. હે મૈત્રેય! બ્રહ્માની સરજેલી સૃષ્ટિની વૃદ્ધિ કરવાને માટે અને પોતાની પ્રજા ઉત્પન્ન કરવાને માટે બ્રહ્માએ સૃષ્ટિના વિષયમાં કરેલી આજ્ઞાનું માન રાખી એકાગ્ર મનથકી વર્તનારા તે દક્ષએ ઘણા પુત્રો ઉત્પન્ન કર્યા; તે પ્રમાણે સ્થાવરજંગમ વિશ્વ તથા બેપગવાળા, ચારપગવાળા પ્રાણીઓ વિગેરે ઉત્પન્ન કર્યા. ૭૫. ૭૬. દક્ષ પ્રજાપતિએ એ પ્રકારે માનસિક સૃષ્ટિ ઉત્પન્ન કરી, ત્યારપછી તેઓએ સ્ત્રીઓ (કન્યાઓ) ઉત્પન્ન કરી. તેમાંથી દશ ધર્મને આપી; તેર કશ્યપને આપી અને કાળનું જ્ઞાન થવાને માટે સતાવીશ કન્યા ચંદ્રમાને આપી; તે કન્યાઓથી દેવ, દૈત્ય, નાગ, ગાય, પક્ષી, ૭૮. ગાંધર્વ, અપ્સરા, અને દાનવો આદિ ઉત્પન્ન થયા. હે મૈત્રેય! ત્યાર પછી સઘળી પ્રજા મૈથુન ધર્મથી ઉત્પન્ન થઈ છે. ૭૯. તે પહેલાં અત્યંત

તપોનિષ્ઠ ઋષિઓમાં જેની તપોવૃદ્ધિ અધિક છે. એવા મુનિવરો સંકલ્પ, દર્શન અને સ્પર્શ માત્રથી પ્રજા ઉત્પન્ન કરતા હતા. ૮૦.

મૈત્રેય કહે છે—હે મહામુનિ ! આ દક્ષ પૂર્વે બ્રહ્માના જમણા અંગુઠાથી ઉત્પન્ન થયા હતા. એમ મેં સાંભળ્યું છે. તો પુરીથી એ પ્રચેતાઓના પુત્ર કેવી રીતે થયા. ૮૧. હે બ્રહ્મન્ ! વળી મારા મનમાં એક મોટો સંશય છે કે એ દક્ષ ચંદ્રની કન્યા મારિષાનો પુત્ર થાય છે એટલે ચંદ્રમાનો દૌહિત્ર (પુત્રીનોપુત્ર) છે. એ ચંદ્રમાનો પુરીથી તે દક્ષ સસરો થયો, એ કેમ ઘટે ? ૮૨.

પરાશર કહેછે—હે મૈત્રેય ! પ્રાણીઓમાં ઉત્પત્તિ અને નાશ એ બન્ને ધર્મ નિત્ય (પ્રવાહરૂપે અવિચ્છન્ન) રહેલા છે. આ વિષયમાં દિવ્ય દ્રષ્ટિવાળા ઋષિઓ મોહ પામતા નથી. ૮૩. એ દક્ષ આદિ ઋષિગણ પ્રત્યેક યુગમાં જન્મ પામ્યા કરે છે, અને વારંવાર તેનો લય થયા કરે છે, એટલામાટે તે વિષયમાં જ્ઞાનીઓને મોહ થતો નથી. ૮૪. હે મૈત્રેય ! પ્રથમ એ લોકોમાં જ્યેષ્ટપણું અનેકનિષ્ટપણું નહોતું. પરંતુ અધિક તપશ્ચર્યા કરવી એજ મુખ્ય હતું. એ તપરૂપ સામર્થ્યજ જ્યેષ્ટપણાનું કારણભૂત હતું. ૮૫.

મૈત્રેય કહેછે—હે બ્રહ્મન્ ! દેવ, દાનવ, ગંધર્વ, સર્પ, રાક્ષસ વીગેરેની ઉત્પત્તિ શી રીતે થઇ ? તે સઘળું મને વિસ્તારપૂર્વક કથન કરો. ૮૬.

પરાશર કહેછે—હે મહાન્ બુદ્ધિશાળી ! પૂર્વે બ્રહ્માએ દક્ષ પ્રજાપતિને પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા આપી. ત્યારપછી એ દક્ષએ જે પ્રકારે સર્વ પ્રજા ઉત્પન્ન કરી તે મારાથકી શ્રવણ કર. ૮૭. તે દક્ષ પ્રજાપતિએ પ્રથમ દેવ, ઋષિ, ગંધર્વ, સર્પ અને રાક્ષસ વિગેરેને પોતાના મનથી ઉત્પન્ન કર્યા. ૮૮. હે દ્વિજ ! જ્યારે દક્ષ પ્રજાપતિની તે માનસિક પ્રજા પુત્ર પૌત્રાદિ અનુક્રમથી વૃદ્ધિ ન પામી ત્યારે તેણે ઉત્પત્તિને માટે વિચારપૂર્વક મૈથુન ધર્મથી પ્રજા ઉત્પન્ન કરવાની ઇચ્છા કરી. વીરણ નામના પ્રજાપતિની પુત્રી તપસ્વિની લોકધારિણી અસિકની નામની મોટી કન્યાસાથે વિવાહ કર્યો. ત્યાર પછી સૃષ્ટિ ઉત્પન્ન કરવાને માટે તે વીર્યવાન્ દક્ષ પ્રજાપતિએ તે અસિકની નામની પોતાની સ્ત્રીને વિષે પાંચ હજાર પુત્રો ઉત્પન્ન કર્યા. ૮૯. ૯૦. ૯૧. તે સઘળાઓ પ્રજા અભિવૃદ્ધિ કરવાની ઇચ્છા કરે છે, એમ જાણી પ્રીય ભાષણ કરનાર દેવર્ષિ નારદ તેઓની પાસે આવી આ પ્રમાણે કહેવા લાગ્યા. ૯૨. હે મહા બળવાન્ હર્યશ્વગણો ! તમારો એવો પ્રયત્ન દેખાય છે કે તમે લોકો પ્રજા ઉત્પન્ન કરશો, તો એટલા માટે હું તમને કહું છું તે પ્રથમ શ્રવણ કરો. ૯૨. હે બાલીશાઃ ! તમે નિશ્ચય મુર્ખ જેવા છો; કારણકે તમને આ પૃથ્વીના નીચેના ભાગની, ઉપરના ભાગની અને અંદરના ભાગની બીલકુલ ખબર નથી; તો તમે શી રીતે પ્રજા ઉત્પન્ન કરી શકશો ? ૯૪. જ્યારે તમને નીચે ઉપર અને અંદર એ સર્વ વિષયો (તત્વ-

વિચાર)ની ખબર નથી ત્યારે તમે કેવી રીતે ભૂ (લીંગ શરીર)નો અંત જાણી શકશો. તમે આ પૃથ્વીનો સર્વ પ્રકારનો અંત કેમ જોતા નથી. અર્થાત્ તત્વજ્ઞાન જાણવાને માટે તમે શા માટે પ્રયત્ન કરતા નથી? ૯૫.

પરાશર કહેછે—એ પ્રમાણે તેઓ નારદનું વચન સાંભળી તત્કાળ સર્વ દીશાઓમાં ચાલ્યા ગયા. જેમ નદીઓ સમુદ્રમાં જઇ પાછી આવતી નથી તેમ તેઓ પણ હજુ સુધી આવ્યા નથી. ૯૬. આ પ્રકારે હર્યશ્વનામના પુત્રોનો નાશ થયા પછી પ્રચેતાના પુત્ર મહાન્ સામર્થ્યવાન્ દક્ષએ તે વીરણનામના પ્રજાપતિની કન્યા અસિક્નીને વિષે ફરીથી એક હજાર પુત્રો ઉત્પન્ન કર્યા. ૯૭. તેઓનું નામ સબળાશ્વ હતું. નારદજીએ તેઓને પણ પ્રજાવૃદ્ધિ કરવાની અભિલાષાવાળા જોઇને પૂર્વોક્ત વચન કહ્યું. નારદજીનું વચન સાંભળ્યા પછી તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે હે ભાઇઓ! આપણને મહર્ષિ નારદજી સત્ય કહે છે. માટે આપણા બંધુ જે માર્ગે ગયા છે તે માર્ગે આપણને પણ જવું ઉચિત છે, એમાં જરા પણ સંશય નથી. પૃથ્વીનું પ્રમાણ જોઇને પછી આપણે પ્રજા ઉત્પન્ન કરવાનું મન કરીએ. ૯૮. ૯૯. આ પ્રમાણે કહીને તેઓ સઘળા જ્યાં પોતાના ભાઇઓ ગયા હતા તે માર્ગે (મોક્ષ માર્ગે) પોતે પણ ગયા. જેમ સમુદ્રમાં ગયેલી નદી પાછી ફરતી નથી તેમ તેઓ પણ હજુ સુધી પાછા ફર્યા નથી. ૧૦૦. હે મૈત્રેય! મોક્ષમાર્ગે ગયેલા હર્યશ્વોને શોધવા સબળાશ્વો ગયા હતા તેઓ પણ નાશ પામ્યા. માટે બુદ્ધિશાળી માણસે જે ગયું છે તેની શોધ કરવી નહીં. ૧૦૧. એવી રીતે પોતાના પુત્રો નષ્ટ થયા છે એમ જાણી તે મહા ભાગ્યશાળી દક્ષ પ્રજાપતિને અત્યંત ક્રોધ ઉપજ્યો અને નારદજીને શાપ આપ્યો. ૧૦૨. હે મૈત્રેય! ત્યારપછી સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઈચ્છાવાળા તે જ્ઞાન સંપન્ન દક્ષપ્રજાપતિએ પોતાની અસિક્ની નામની પત્નિને વિષે સાઠ કન્યાઓ ઉત્પન્ન કરી એવું મેં સાંભળ્યું છે. ૧૦૩. તેમાંથી દશ કન્યા ધર્મને આપી; તેર કન્યા કશ્યપને આપી; સત્તાવીશ કન્યા ચંદ્રને આપી તથા ચાર કન્યા અરિષ્ટનેમિને આપી. ૧૦૪. બે કન્યા બહુપુત્રને આપી; બે કન્યા અંગિરાને આપી અને બે કન્યા વિદ્વાન્ કૃશાશ્વને અર્પણ કરી. તે કન્યાઓના નામ તું મારાથી સાંભળ. ૧૦૫. અરૂંધતિ, વસુ, જ્યામી, લંબા, ભાનુ, મરૂત્વતિ, સંકલ્પા, મુહુર્ત્તા, સાધ્યા અને વિશ્વા. આ દશ કન્યા ધર્મની ભાર્યા કહેવાઈ. ૧૦૬. એ દશ ધર્મની સ્ત્રીના સંતાનોના નામ કહું છું તે શ્રવણ કર. વિશ્વાને વિશ્વેદેવ નામનો પુત્ર થયો; સાધ્યાને સાધ્ય નામના દેવ થયા. ૧૦૭. મરૂત્વતિને મરૂત્વંત નામનો પુત્ર થયો. વસુને અષ્ટવસુ નામના પુત્રો થયા. ભાનુને ભાનુ નામનો પુત્ર થયો. મુહૂર્તાને મુહૂર્ત્ત નામનો પુત્ર થયો. ૧૦૮. લંબાને ઘોષ નામનો પુત્ર થયો, યામિને નાગવીથી નામનો પુત્ર થયો, પૃથ્વી ઉપર હોનારા તમામ ચરાચર પ્રાણી અરૂંધતિથી ઉત્પન્ન થયા. ૧૦૯. સંકલ્પાના ગર્ભથી સર્વાત્મા

(સર્વ વસ્તુ વિષયનો) સંકલ્પ નામનો પુત્ર થયો. અનેક પ્રકારના તેજ રૂપ જેનું બળ છે એવા અગ્ની આદિ દેવને આઠ વસુ કહેવામાં આવે છે. ૧૧૦. એ આઠ વસુના નામ તથા તેના વંશનો વિસ્તાર કહું છું તેનું શ્રવણ કર. આઠ વસુઓના નામ; આપ, ધ્રુવ, સોમ, ધર, અગ્ની વાયુ, પ્રત્યૂષ અને પ્રભાસ એવા પ્રકારના આઠ નામ છે. તેમાં આપ નામના વસુને વૈતંડય, શ્રમ, શાંત અને ધ્વની એ ચાર પુત્રો થયા. ૧૧૧. ૧૧૨. સર્વ લોકના સંહાર કરનાર ભગવાન કાળ એ ધ્રુવના પુત્ર છે. જેના યોગથી દરેક પ્રાણીઓ કાંતિ ધારણ કરે છે તે વર્ચસ્ નામનો સોમનો પુત્ર છે. ૧૧૩. ધરથી મનોહર નામની સ્ત્રીને વિષે દ્રવિણ, હવન કરવાના હોમદ્રવ્યને ધારણ કરનાર, શિશિર પ્રાણ અને રમણ, એ નામના પુત્રો ઉત્પન્ન થયા. ૧૧૪. અનિલ (વાયુ) ની શીવાનામની સ્ત્રીને વિષે મનોજવ તથા અવિજ્ઞાતગતિ એ નામના બે પુત્ર થયા. ૧૧૫. અગ્નીનોપુત્ર કુમાર શરસ્તંબમાંથી ઉત્પન્ન થયો છે તેની પછી શાખ, વિશાખ અને નૈગમેય એ નામના તેના ત્રણ ભાઈ ઉત્પન્ન થયા છે. એ કૃત્તિકાના પુત્ર હોવાથી કાર્ત્તિકેય એ નામથી ઓળખાયા. ૧૧૬. પ્રત્યૂષને વિદ્વાન દેવલ ઋષી નામના પુત્ર થયા. દેવલને ક્ષમાવંત તથા મનીષિણ નામના બે પુત્ર થયા. ૧૧૭. સ્ત્રીઓમાં સર્વોત્તમ ધણીજ સુંદર બૃહસ્પતિને એક બેહેન હતી જે મદનનો દ્વેષ કરનારી હતી, એણે યોગ સિદ્ધિ સારી મેળવેલી હોવાથી તેનું વિષયમાં બીલકુલ ચિત્ત ન હોતું અને તે આ જગત્માં ભ્રમણ કરતી. ૧૧૮. તે સ્ત્રી આઠ વસુઓમાં પ્રભાસનામના છેલ્લા વસુની ભાર્યા થઇ. તેને વિષે મહાભાગ્યશાળી વિશ્વકર્મા નામના પ્રજાપતિ ઉત્પન્ન થયા. ૧૧૯. તેઓએ હજારો શિલ્પીઓને ઉત્પન્ન કર્યા. તે શિલ્પીઓમાં શ્રેષ્ટ એવા વિશ્વકર્મા જેણે સઘળા દેવના આભૂષણો કર્યા, તથા દેવોના વિમાનો બનાવ્યાં; તેમજ તમામ માણસો પણ પોતાના કાર્યમાં તે શિલ્પનો ઉપયોગ કરે છે. ૧૨૦. ૧૨૧. તેના ચાર પુત્રો થયા તેના નામ અજૈકપાદ, અહિર્બુધ્ન્ય, ત્વષ્ટા અને પરાક્રમી રૂદ્ર. ત્વષ્ટાને પોતાને મહાયશસ્વી વિશ્વરૂપ નામનો પુત્ર થયો. ૧૨૨. હે મૈત્રેય! હર, બહુરૂપ. ત્રયંબક, અપરાજીત, વૃષાકપિ, શંભુ, કપર્દી, રૈવત, મૃગવ્યાધ, શર્વ અને કપાલી એ ત્રિભુવનના અધિપતિ અગીયાર રૂદ્ર કહેવાય છે. તે અત્યંત સામર્થ્યવાન્ રૂદ્રના અસંખ્ય સ્વરૂપ આ સૃષ્ટિમાં પ્રસિદ્ધ છે. ૧૨૩. ૧૨૪. (એ પ્રમાણે ધર્મની દશ પત્નિનો વંશ કહ્યો. હવે કશ્યપનો વંશ કહું છું તે સાંભળ) હે ધર્મજ્ઞ ! અદિતિ, દિતિ, દનુ, અરિષ્ટા, સુરસા, વસા, સુરભી, વિનતા, તામ્રા, ક્રોધવશા, ઈરા, કદ્રુ અને મુનિ એ તેર કશ્યપની સ્ત્રીનો વંશ મારા થકી શ્રવણ કર. ૧૨૫. પૂર્વે ચાક્ષુષનામના મન્વંતરમાં તુષિત નામના દેવતાઓ હતા. જ્યારે વૈસ્વત નામનો મન્વંતર ઘણો સમીપ આવતો ગયો ત્યારે ચાક્ષુષ મનુના અંતમાં તે સારી કીર્ત્તિવાળા સઘળા દેવતાઓ એક ઠેકાણે એકઠા થઇને એક

બીજા આ પ્રમાણે કહેવા લાગ્યા. ૧૨૬. ૧૨૭. હે દેવતાઓ ! સત્વર અહીંથી ચાલો. આપણે સઘળા અદિતિને વિષે આવતા વૈવસ્વત મન્વંતરમાં જન્મ લઈએ; એ આપણને ઘણું શ્રેયસ્કર થશે. ૧૨૮. એ પ્રમાણે પરસ્પર ભાષણ કરી ચાક્ષુષ મન્વંતરના અંતભાગમાં અને વૈવસ્વત મનુના આરંભમાં તેઓ દક્ષની કન્યા અદિતિને વિષે કશ્યપથકી ઉત્પન્ન થયા. ૧૨૯. તેમાં પ્રથમ વિષ્ણુ તથા ઈંદ્ર ઉત્પન્ન થયા; ત્યારપછી અર્યમા, ધાતા, ત્વષ્ટા, પૂષા, વિવસ્વાન, સવિતા, મિત્ર, વરૂણ, અંશ, ભગ, અતિતેજા અને આદિત્ય તેઓ અદિતિના પુત્રો થયા. તેથી આદિત્ય એ નામથી ઓળખાયા. ૧૩૦. ૧૩૧. જે પૂર્વે ચાક્ષુષ મન્વંતરમાં ' તુષિત' નામના દેવ કહેવાતા હતા તે આ વૈવસ્વત મન્વંતરમાં બાર 'આદિત્ય' કહેવાયા. ૧૩૨. અત્યંત શ્રેષ્ઠ વ્રત ધારણ કરનાર ચંદ્રની સત્તાવિશ સ્ત્રીઓ આગળ કહી છે. તેને અતી કાંતિમાન પુત્રો થયા. ૧૩૩. અરિષ્ટનેમીની સ્ત્રીને વિષે સોળ પુત્રો થયા. વિદ્વાન બહુપુત્રને વિદ્યુત્રૂપ ચાર પુત્રો (કપીલા, લોહિતા, પિતા, સિતા.)થયા. ૧૩૪. અંગિરાની સ્ત્રીથકી બ્રહ્મર્ષિઓએ સત્કાર કરેલા મંત્રાભિમાની દેવતાઓ ઉત્પન્ન થયા. તથા દેવર્ષિ કૃશાશ્વને દેવતાઓના આયુધના અભિમાની પુત્રો ઉત્પન્ન થયા. ૧૩૫. હે મૈત્રેય ! એ તમામ દેવગણો હજાર યુગને અંતે ફરીથી જન્મ પામેછે. તેમાંના તેત્રીશ (અગીયાર રૂદ્ર, આઠ વસુ, બાર આદિત્ય એક પ્રજાપતિ અને વષટ્કાર) દેવતાઓ પોતાની ઈચ્છાથી ઉત્પન્ન થાયછે. ૧૩૬. હે મૈત્રેય ! જે પ્રકારે આ જગત્માં સૂર્યનો ઉદય તથા અસ્ત થયા કરેછે, તે પ્રકારે એ દેવતાઓની પણ ઉત્પત્તિ અને લય થયા કરેછે. ૧૩૭. એ પ્રમાણે સર્વ દેવતાઓ પ્રત્યેક યુગમાં ઉત્પન્ન થાયછે. દિતિને કશ્યપથકી બે પુત્રો થયા એવું મેં સાંભળ્યું છે. ૧૩૮. એક હિરણ્યકશિપુ અને બીજો હિરણ્યાક્ષ છે. એ કોઈથી જીતાય નહિ એવા છે. તથા સિંહિકા નામની કન્યા થઈ હતી તે વિપ્રચિત્તિને આપી. ૧૩૯. હિરણ્યકશિપુને પ્રસિદ્ધ યશસ્વી અનુહ્લાદ, હ્લાદ, બુદ્ધિમાન્ પ્રહ્લાદ, સંહ્લાદ એ નામના મહાપરાક્રમી દૈત્ય વંશની વૃદ્ધિ કરનાર એવા ચાર પુત્રો થયા. તેઓના મધ્યમાં શ્રીવિષ્ણુને વિષે પોતાનું મન જોડી શ્રેષ્ઠ ભક્તિ કરનાર મહા ભાગ્યશાળી પ્રહ્લાદ સર્વ ઉપર સમાન દ્રષ્ટિ રાખનાર અને જીતેંદ્રીય હતો. હે વિપ્ર! દૈત્યરાજ હિરણ્યકશિપુએ તેના અંગ ઉપર અગ્નિ પ્રદિપ્ત કર્યો હતો. છતાં તેના હૃદયમાં શ્રી વિષ્ણુ બીરાજમાન હતા, તેથી તે પ્રહ્લાદને અગ્નિ બાળી શકયો નહિં. દૈત્યના પાશથી બંધાયેલા પ્રહ્લાદને મહા સમુદ્રમાં નાંખવાથી તેને કંપ થયો, તેથી સમસ્ત પૃથ્વી કંપાયમાન્ થઈ હતી. સર્વ ઠેકાણે વિષ્ણુ છે એવી બુદ્ધિ ધારણ કરનાર પ્રહ્લાદનું શરીર પર્વતના સરખું કઠણ થએલું હોવાથી દૈત્યરાજના અનેક પ્રકારના શસ્ત્રપાતથી પણ નાશ થયું નહિં. મુખમાંથી વિષમય શ્વાસોશ્વાસ લેનાર અત્યંત તેજસ્વી મહાન્સર્પો તે તેજસ્વી પુરૂષનો

નાશ કરવાને શક્તિવાન્ થયા નહિં. તેની ઉપર મોટા પર્વતો નાંખવાથી જેનું શરીર પર્વત નીચે દબાયું છે છતાં શ્રી પુરૂષોત્તમ નામનું સ્મરણ કરી શ્રી વિષ્ણુ રૂપ કવચ ધારણ કરી પોતાનો પ્રાણ ત્યાગ કરી શકયો નહિં. તે દૈત્યરાજ હિરણ્યકશિપુએ તે બાળકને ઉંચે સ્વર્ગમાંથી નીચે પૃથ્વી ઉપર ફેંકયો હતો, પણ તે પ્રહ્લાદની પાસે જઈને પૃથ્વીએ હળવેથી ઝીલી લીધો. તેના હૃદયમાં શ્રીમન્નારાયણ નિવાસ કરતા હતા. તેથી દૈત્યરાજે તેની ઉપર દેહને શોષિ લેનાર સંશોષક નામનો વાયુ તેની ઉપર છોડયો પણ તે પાસે જતાં નિર્બળ થઇ ગયો તથા તે દૈત્યરાજે તેની ઉપર મહામદોન્મત્ત દિગ્ગજો છોડયા પરંતુ તેઓ તે પ્રહ્લાદના વક્ષસ્થળ પાસે જતાંજ દંતભંગ તથા મદનાશ વિગેરે ફળ લઇ આવ્યા. આગળ દૈત્યના પુરોહિતે ઉત્પન્ન કરેલી કૃત્યા શ્રી વિષ્ણુમાં જેનું ચિત્ત લાગી રહયું છે એવા તે પ્રહ્લાદનો અંત આણી શકી નહિં. અતિશય માયાવિ શંબરાસુરરાક્ષસની હજારો માયા તેની ઉપર છોડી પણ સઘળી માયાને શ્રી વિષ્ણુએ પોતાના સુદર્શન ચક્રવડે નાશ કરી દીધી. અને તે મત્સર રહિત જ્ઞાનવાન્ પુરૂષ પ્રહ્લાદને તે દૈત્યરાજે પોતાને ત્યાં રસોઇ કરનાર પાસે અન્નમાં વિષ નંખાવી ખવરાવ્યું, છતાં એ વિષ તે નિર્વિકારપણે પ્રાશન કરી ગયો. એ પ્રમાણે તે મહાત્મા પ્રહ્લાદનુ અંતઃકરણ સર્વ પ્રાણીમાં તથા દરેક ચીજ ઉપર સમાન છે. ૧૪૦. ૧૫૩. જે પ્રમાણે પોતાના આત્માને જાણે તેજ પ્રમાણે પારકા ઉપર પણ તેવીજ પ્રીતિ રાખે શત્રુને તથા મિત્રને સમાન ભાવથી જોનાર ધર્મ, સત્ય તથા શૌચાદિમાં તત્પર રહેનાર સર્વ સદ્ગુણના ભંડારરૂપ તે મહાત્મા પ્રહ્લાદ સાધુ પુરૂષની ઉપમાને યોગ્ય હતા. ૧૫૪. ૧૫૫.

उपमानमशेषाणां साधुनां यः सदाभवत् ॥ १५५ ॥

ઇતિશ્રી વિષ્ણુ પુરાણે પ્રથમ અંશે પંચદશો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૧૬ મો.

मैत्रेय उवाच॥ कथितो भवतां वंशो मानवानां महामुने ॥
कारणं चास्य जगतो विष्णुरेव सनातन : ॥ १ ॥

મૈત્રેય કહેછે—હે મહામુનિ ! તમે મને મનુષ્યનો (ઉત્તાનપાદ આદિ) વંશ કહી બતાવ્યો. તેમજ આ જગતનું વર્ણન પણ આપે કર્યું. ૧. પરંતુ હમણા આપ જે કહી ગયા કે દૈત્યમાં શ્રેષ્ટ પ્રહ્લાદને અગ્નીએ ભસ્મ કર્યો નહિ. શસ્ત્રના પ્રહાર

---

* આ સોળમા અધ્યાયમાં પ્રહ્લાદનુ આશ્ચર્ય ઉત્પન્ન કરનારૂં ચરિત્ર શ્રવણ કરવાને તેના વિસ્તારપૂર્વક પ્રશ્નનું વર્ણન કરી બતાવવામાં આવશે.

કર્યા છતાં તેણે ત્યાગ કીધો નહિ. ૨. દોરડાથી બાંધી તેને સમુદ્રમાં નાંખવાથી તે પ્રહ્લાદના ઉછાળા મારવાથી પૃથ્વી હાલવા લાગી હતી. ૩. પ્રથમ પર્વતો એના શરીર ઉપર નાંખ્યા. અર્થાત્ તેને પર્વતની નીચે દબાવ્યો છતાં તેનું મૃત્યુ ન થયું. વિગેરે તે બુદ્ધિમાન્ પ્રહ્લાદનું મહાત્મ્ય આપ ઘણી પ્રકારે કથન કરી ગયા છો. ૪. હે મુનિ! જે મહાન્ તેજસ્વી પ્રહ્લાદનું આવા પ્રકારનું ચરિત્ર છે તે વિષ્ણુભક્તનો અતુલ પ્રભાવ સાંભળવાની હું ઇચ્છા કરું છું. ૫. હે મુનિ! દૈત્યોએ તેની ઉપર શસ્ત્ર પ્રહાર શા માટે કર્યા? શા હેતુથી એ ધર્મને વિષે તત્પર એવા પ્રહ્લાદને સમુદ્રના જળમાં નાંખ્યો? કેવી રીતે તેને પર્વતની નીચે દબાવ્યો? શા માટે તેને સર્પોની પાસે ડંશ કરાવ્યો? કયા કારણોથી તેને પર્વતના શીખર ઉપરથી નીચે નાંખી દીધો? શામાટે તેને અગ્નીમાં નાંખ્યો? શા હેતુથી તેને દિગ્ગજોના દાંત નીચે ચગદાવ્યો? શામાટે અસુરોએ તેના ઉપર શરીર શોષક વાયુનો પ્રયોગ કીધો? ૬. ૭. ૮. હે મુનિ! દૈત્યગુરૂએ તેની ઉપર શામાટે પોતાની કૃત્યા મોકલી? શંબરાસુરે પોતાની માયાનો પ્રયોગ તેની ઉપર શા કારણથી કર્યો? અને હે મહામુનિ! દૈત્યના રસોઈઆએ તે મહાત્માનો નાશ કરવા માટે હળાહળ નામનું વિષ શા કારણથી તેને જમવાના અન્નમાં નાખ્યું? કે જે હલાહલ વિષ હતું છતાં તે બુદ્ધિશાળીને પચીગયું? ૯–૧૦. હે મહાભાગ્યશાળી! એ સઘળાં મહાત્મા પ્રહ્લાદના મહાત્મ્ય સૂચક ચરિત્રો શ્રવણ કરવાની મારી ઇચ્છા છે. ૧૧. દૈત્યલોકો તેનો નાશ કરી શકયા નહિ. એ વિષયમાં મને કંઈ આશ્ચર્ય નથી કારણ કે જેનું ચિત્ત પરમાત્મા વિષ્ણુને વિષે જોડાયલું છે તેનો વિનાશ કરવાને કોણ શકિતમાન્ છે? ૧૨. એ ધર્મ વિષયમાં તત્પર થઈ હમેશ વિષ્ણુની આરાધના કરતો હતો (એવા પુરૂષનો સ્વેહેજમાં દ્વેષ નથી કરી શકાતો) તેની સાથે તે દૈત્યના વંશમાં ઉત્પન્ન થયો હતો. એમ પોતાનાજ વંશના દૈત્યો સાથે દ્વેષ થવો અતી કઠણ છે. ૧૩. માટે તે મત્સર રહિત, ધર્માત્મા, મહાભાગ્યશાળી પ્રહ્લાદ ઉપર જે દૈત્યોએ પ્રહાર કર્યા હતા તે સવિસ્તર મને કહો. ૧૪. મહાત્મલોક શત્રુ હોય છતાં આવા ગુણવાન સાધુપુરૂષ ઉપર પ્રહાર કરતા નથી. તો આ પ્રહ્લાદ પોતાના વંશનો છે છતાં શામાટે તેની ઉપર આ પ્રમાણે ત્રાસ વરતાવ્યો? ૧૬. હે મુનિસત્તમ! એ સઘળું વિસ્તાર પૂર્વક મને કહો કારણ કે તે દૈત્યરાજ પ્રહ્લાદનું પુન્ય ચરિત્ર આદ્યંત સાંભળવાની મારી ઇચ્છા છે. ૧૬.

तदेतत्कथ्यता सर्वं विस्तरान्मुनिपुंगव ॥
दैत्येश्वरस्य चरितं श्रोतुमिच्छाम्यशेषतः ॥ १ ॥

ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે પ્રથમ અંશે સોડશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૧૭ મો.

पराशर उवाच ॥ मैत्रेय श्रूयतां सम्यक् चरितं तस्य धीमतः ॥
प्रह्लादस्य सदोदारचरितस्य महात्मनः ॥ १ ॥

પરાશર કહે છે—હે મૈત્રેય ! સર્વોત્કૃષ્ટ શુદ્ધ આચરણવાળા જ્ઞાનસંપન્ન પ્રહ્લાદનું ચરિત્ર ઉત્તમ પ્રકારે શ્રવણ કર. ૧. પૂર્વે બ્રહ્માના વરદાનથી મદોન્મત્ત થયેલા દિતિના પુત્ર હિરણ્યકશિપુએ ત્રણ લોક પોતાના સ્વાધીનમાં લીધાં. ૨. એ દૈત્યરાજ પોતે સ્વર્ગનો અધિપતિ થઇ ઈંદ્રપદ ભોગવવા લાગ્યો. તથા પોતે સૂર્ય, વાયુ, અગ્નિ, વરૂણ, ચંદ્ર, કુબેર અને યમ, એ સઘળાનું અધિપતીપણું ગ્રહણ કર્યું તેમજ યજ્ઞોમાં દેવતાઓનો હવિર્ભાગ પોતે ભક્ષણ કરવા લાગ્યો. ૩. ૪. હે મુનિશ્રેષ્ઠ, એ દૈત્યના ભયથકી તમામ દેવતાઓ સ્વર્ગનો ત્યાગ કરી, પૃથ્વી ઉપર મનુષ્ય સ્વરૂપ ધારણ કરી આમ તેમ ફરવા લાગ્યા. ૫. એવી રીતે ત્રણ ભૂવનને જીતિ ત્રૈલોક્યના ઐશ્વર્યથી અહંકારી થયેલો તે હિરણ્યકશિપુ ગંધર્વ લોકોની સ્તુતિ સાંભળતાં પોતાને પ્રીય વિષયોનો ઉપભોગ કરવા લાગ્યો. ૬. જે સમયે તે અદ્ભૂત સામાર્થ્યવાન હિરણ્યકશિપુ મદ્યપાન કરવામાં આસક્ત થતો હતો તે વખતે તેની સમીપમાં તમામ સિદ્ધ, ગાંધર્વ, પ્રન્નગ, (નાગ) વિગેરે તેની સેવા કરવામાં તત્પર રહેતા હતા. ૭. કેટલાક વાજાં વગાડતા હતા, કેટલાક ગાયનો ગાતા હતા, અને કેટલાક સિદ્ધ લોકો તેની પાસે આનંદયુક્ત વદને જય જય ધ્વની કરતા હતા. ૮. સ્ફાટીક તથા અભ્રકથી જડીત સુંદર તે રાજ્યમંદીરમાં અપ્સરાઓ નૃત્ય કરતી હતી. તેમાં આનંદયુક્ત પ્રીતિપૂર્વક એ અસુર મદ્યપાનાદિ કરતો હતો. ૯. તે હિરણ્યકશિપુનો પુત્ર મહાભાગ્યશાળી પ્રહ્લાદ નામે હતો. તે બાળક પોતાના ગુરૂને ત્યાં રહી જે બાળકોને ભણવા યોગ્ય સઘળા પાઠ તે ભણતો હતો. ૧૦. એક વખતે તે ધર્માત્મા પ્રહ્લાદ પોતાના ગુરૂ સાથે મંદિરાનું પાન કરવામાં આસક્ત તે દૈત્યરાજની પાસે ગયા. ૧૧. પિતાના ચરણમાં નમસ્કાર કરનાર પુત્રને જોઇ તે હિરણ્યકશિપુએ પોતાના તેજસ્વી પુત્રને ઉઠાડી તેની પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યો. ૧૨.

હિરણ્યકશિપુ કહેછે—હે પુત્ર ! આટલા દિવસ સુધી નિરંતર મહેનત કરી તું જે જે શીખ્યો છે તેમાંથી એકાદ સર્વોત્તમ પાઠ બોલી જા. ૧૩.

પ્ર૦—હે તાત ! જે મારા મનમાં સર્વોત્કૃષ્ટ વાણી છે તે આપની આજ્ઞાથી કહું છું આપ એકાગ્ર મનથી શ્રવણ કરો. ૧૪. આદિ, મધ્ય, અંત, જન્મ વૃદ્ધિ, નાશ, અને

* આ સત્તરમા અધ્યાયમાં પ્રભુ ભક્ત પ્રહ્લાદની કીર્તિનું વર્ણન તથા તેના તરફથી દૈત્યબાળકોને અપાતું ભક્તિનું શિક્ષણ વિગેરે કહેવામાં આવશે.

ક્ષય, વિગેરે સર્વ કારણના કારણ એવા અચ્યુત શ્રીવિષ્ણુને હું પ્રણામ કરૂં છું. ૧૫.

પરાશર કહેછે—આ પ્રકારનું ભાષણ સાંભળી જેના નેત્ર ક્રોધથી રાતા-ચોળ થઈ ગયાં છે તથા અધરોષ્ટને કંપાવતો અસુર પ્રહ્લાદજીના ગુરૂ તરફ જોઇને આ પ્રમાણે કહેવા લાગ્યો. ૧૬. હે બ્રહ્મબંધુ! આ તેં શું કર્યું? હે દુર્બુદ્ધિવાળા! તેં મારી અવજ્ઞા કરી આ બાળકને શત્રુની સ્તુતિવાળુ અયોગ્ય વિષયનું અધ્યયન કરાવ્યું? ૧૭.

ગુરૂ કહેછે—હે દૈત્યેશ્વર! આપને કોપ કરવાનું કંઈ પણ કારણ નથી, કારણકે તમારો પુત્ર જે કહેછે તે મારૂં શીખવેલું નથી, મેં એને આવો ઉપદેશ આપ્યો નથી. ૧૮.

હિરણ્યકશિપુ કહેછે—હે પુત્ર! કહે જોઇએ આવું ઉલટું તને કોણે શીખવ્યું? 'આ મારો ઉપદેશ નથી' એમ જે તારા ગુરૂ કહેછે તે શું ખરૂં છે? ૧૯.

પ્ર૦ કહેછે—હૃદયમાં વાસ કરનાર શ્રી વિષ્ણુજ આ સર્વ જગતના શાસ્તા છે! હે તાત! તે પરમાત્મા વગર કોણ કોને શાસન કરી શકે છે? ૧૦.

હિરણ્યક૦—હે દુષ્ટબુદ્ધિવાળા! આ જગતનો અધીપતિ એવો હું તે મારી આગળ ડર્યા વગર વારંવાર જે વિષ્ણુનું નામ તું બોલે છે એવો વિષ્ણુ કોણ છે? ૨૧.

પ્ર૦ કહેછે—યોગીજનોને ચીંતવન કરવામાં શકય એવું જેનું શ્રેષ્ઠ પદ વાણીથી પણ અગોચર છે. જેનાથકી આ જગત્ ઉત્પન્ન થયું છે અને જે પોતે વિશ્વ-રૂપ છે તે પરમેશ્વર તે વિષ્ણુ કહેવાય છે. ૨૨.

હિરણ્યક૦—અરે હે મુર્ખ? મારા શીવાય બીજો પરમેશ્વર તારો કોણ છે? તું મરવાની ઈચ્છા કરીને વારંવાર એનું નામ કહ્યા કરે છે. ૨૩.

પ્ર૦ કહેછે—હે તાત! તે વિષ્ણુ કેવળ મારા એકનાજ અંતઃકરણમાં છે એમ નથી પરંતુ તે બ્રહ્મભૂત વિષ્ણુ તમામ પ્રજાના તથા તમારા પણ ઉત્પાદક, પાલક, અને પરમેશ્વર છે. માટે આપ પ્રસન્ન થાઓ કોપ શા માટે કરો છો? ૨૪.

હરણ્યક૦—એવો કોણ દુષ્ટ બુદ્ધિવાળો અને પાપી એના હૃદયમાં પેઠો છે કે જેનાથી એનું ચિત્ત આકર્ષાઈ આવા પ્રકારનું દુષ્ટ ભાષણ કરે છે? ૨૫.

પ્ર૦ કહેછે—તે વિષ્ણુ કેવળ મારા એકના હૃદયમાં નથી પરંતુ સર્વલોકોના હૃદયમાં રહીને આક્રમણ કરેછે. પિતા! તે સર્વજ્ઞ શ્રી વિષ્ણુ મારા તથા આપ આદિ સર્વ લોકોને તમામ પ્રકારની ક્રીયા કરવાના વિષયમાં પ્રવૃત કરે છે. ૨૬.

હિરણ્ય ક૦—અરે લઇ જાઓ આ દુષ્ટને અહિંથી! એને ગુરૂને ત્યાં લઇ જઈ શીક્ષા કરો! કયા દુર્બુદ્ધિએ આ છોકરાને શત્રુની સ્તુતિ કરવાનું શીખવાડયું છે. ૨૭.

પરાશર કહેછે—આ પ્રમાણે બોલી તે દૈત્યરાજે પોતાના અનુચર દ્વારા તેને ગુરૂને ત્યાં પોંહોંચાડયો, અને તે પણ ત્યાં જઇને ગુરૂની સેવામાં તત્પર રહી વિદ્યા શીખવા લાગ્યો. ૨૮. એવી રીતે કેટલોક વખત ગયા પછી તે દૈત્યરાજ હિરણ્યકશિપુ-

એ તેને બોલાવી ફરીથી પુછ્યું હે પુત્ર ! કોઇક સારી ગાથા બોલ. ૨૯.

પ્ર૦—જેનાથી પ્રકૃતી અને પુરૂષ તથા જેનાથી આ ચરાચર જગત્ ઉત્પન્ન થયું છે એવા તમામ વિશ્વના કારણભૂત હોનારા વિષ્ણુ મારી ઉપર પ્રસન્ન થાઓ. ૩૦.

હિરણ્ય ક૦—અરે ! ઠાર મારો આ દુષ્ટને ! એને જીવતો રાખવાથી કંઈ પણ ફળ નથી. કારણ કે એ મારા પક્ષનો નાશકરનાર કુળમાં અંગારારૂપ ઉત્પન્ન થયો છે. ૩૧.

પરાશર કહેછે—આ પ્રકારે તેણે આજ્ઞા કરી તે વખતે હજારો દૈત્યો હાથમાં મોટા મોટા આયુધો લઈ તેનો નાશ કરવાને તત્પર થયા. ૩૨.

પ્ર૦ કહેછે—હે દૈત્ય ગણ ! જેવા વિષ્ણુ મારામાં છે તેવા તમારામાં અને આ શસ્ત્રોમાં પણ છે એ સત્ય હશે ત્યાંસુધી આ આયુધો મને ત્રાસદાયક થશે નહિં. ૩૩.

પરાશર કહેછે—ત્યાર પછી દૈત્યોના અસંખ્ય શસ્ત્રોના પ્રહારથી જેને કિંચિત્ માત્ર પણ દુઃખ થયું નથી અને પુરીથી તે બળવાન્ શરીરે હૃષ્ટપુષ્ટ હોય એવો શક્તિવાન્ થયો. ૩૪.

હિરણ્ય ક૦—હે દુર્બુદ્ધે! તું શત્રુ પક્ષની સ્તુતિ ન કર. હું તને અભયદાન આપું છું. હવે પછી આવી મૂઢ બુદ્ધિ ધારણ કરીશ નહીં. ૩૫.

પ્ર૦ કહેછે—હે તાત! સર્વ પ્રકારના ભય દુર કરનાર અનંત પરમાત્મા મારા હૃદયમાં હોવાથી મને શું ભય છે? એ પરમાત્માનું સ્મરણ કરવા માત્રથીજ જન્મ મરણાદિ સઘળા ભય નાશ પામે છે. ૩૬.

હિરણ્ય ક૦—હે સર્પગણ! આ દુર્બુદ્ધિવાળા નઠારે માર્ગે લાગેલા પ્રહ્લાદને તમે તમારી વિષમય જવાળાથી અને દિપ્તમાન મુખથી દંશ કરો. ૩૭.

પરાશર કહેછે—આ પ્રમાણે તે દૈત્યરાજની આજ્ઞા થતાં કુહક, તક્ષક અને અંધક વિગેરે અતિશય વિષવાળા સર્પો તેને દંશ કરવા લાગ્યા. ૩૮. પરંતુ શ્રીકૃષ્ણને વિષે આસક્ત તથા પરમાત્માના સ્મરણથી આનંદ મગ્ન થયેલા પ્રહ્લાદને પોતાના શરીરે સર્પ દંશ કરે છે છતાં તેને બીલકુલ ખબર પડી નહીં. ૩૯.

સર્પ કહેછે—હે દૈત્યેશ્વર! અમારી દાઢ ભાંગી ગઇ, મસ્તકનું મણી ફુટી ગયું, પ્રણામાં દાહ ઉત્પન્ન થયો અને હૃદયમાં કંપ થયો છતાં એની ચામડી લગાર પણ ભેદાઇ નહીં માટે અમને કોઈ બીજા કાર્યની આજ્ઞા કરો. ૪૦.

હિરણ્ય ક૦—હે દિગ્ગજો ! તમે સંકટ દંત મિશ્ર (પરસ્પરના દાંતમાં દાંત મેળવી) અમારા શત્રુપક્ષીઓ અમારી પાસે મોકલેલા આ દુષ્ટ પ્રહ્લાદનો નાશકરો. કારણકે જેમ અરણીમાંથી ઉત્પન્ન થએલો અગ્ની અરણીને બાળેછે તેમ એ મારાથી ઉત્પન્ન થયોછે છતાં તે મારો નાશ કરવામાં કારણભૂત છે. ૪૧. ત્યારપછી પર્વતના શીખર સરખા જેના દંત છે એવા તે દિગ્ગજોએ તે બાળકને નીચે પૃથ્વી ઉપર નાંખી

પોતાના તીક્ષ્ણદાંતોવડે ઘણોજ પીડિત કર્યો. ૪૨. પરંતુ શ્રી વિષ્ણુનું સ્મરણ કરવાથી તે હજારો હાથીઓના દાંત તેના વક્ષઃસ્થળનો સ્પર્શ થતાંજ ભાંગીગયા. ત્યારપછી તે બાળક પોતાના પિતાને આ પ્રકારે કહેવાલાગ્યો. ૪૩. વજ્રના અગ્રભાગ જેવા આ દિગ્ગજોના કઠોર દાંત ભાંગીને ચુરેચુરા થઈ ગયા તે મારૂં સામર્થ્ય નથી કીંતુ મોટા મોટા સંકટોના સમૂહને નાશ કરનાર શ્રીવિષ્ણુના સ્મરણનો એ પ્રતાપ છે. ૪૪.

હિરણ્યકશ્યપ—હે દિગ્ગજો! તમે હવે દુરથાઓ. હે દૈત્યો! તમે અગ્ની સળગાવો. હે વાયુ! તું તારા બળથી એને પ્રદીપ્તકરી આ પાપીને બાળીને ભસ્મ કર. ૪૫.

પરાશર કહેછે—ત્યારપછી પોતાના રાજાની આજ્ઞા સાંભળી અસુરોએ પ્રહ્લાદને મોટાકાષ્ટોના ઢગલામાં ઢાંકીદીધો અને તેને અગ્ની લગાડી બાળવા લાગ્યા. ૪૬

પ્રહ્લાદ કહે છે—હે તાત! વાયુથી વૃદ્ધિ પામેલો અગ્ની મને બાળી શકતો નથી એટલુંજ નહીં પણ મારી ચારે પાસ કમળ હોય નહી શું? એમ અત્યંત શીતળતા છવાઇ રહી છે. ૪૭. પરાશરમુનિ બોલ્યા; ત્યારપછી ઉત્કૃષ્ટ વક્તા મહાત્મા ભાર્ગવના પુત્ર (શંણ્ડામર્ક આદિ) પુરોહિત દૈત્યેશ્વરની સ્તુતિ પૂર્વક શીતળવાણીથી કહેવા લાગ્યા. ૪૮. હે રાજન્! આ બાલક પુત્ર ઉપર કોપ ન કરો તમારે દેવતાઓ ઉપર કોપ કરવો ઉચીત છે, અને ત્યાં તમારો કોપ સફળ થશે. ૪૯. હે રાજન્! અમે તમારા બાલકને એવું શીક્ષણ આપીશું કે જેથી તે તમારા શત્રુઓનો નાશ કરવા તૈયાર થાય. ૫૦ હે દૈત્ય રાજ! બાળક પણ તમામ દોષનું સ્થાન છે એટલા માટે તમારે આ બાલક ઉપર ક્રોધ કરવો ઉચીત નથી. ૫૧. એમ કરતાં જો અમારા કહેવાથી એ વિષ્ણુના પક્ષનો ત્યાગ નહિં કરે તો અમે નીશ્ચય એનો નાશ કરવાને માટે હિંસ્ત્રા (કૃત્યા) ઉત્પન્ન કરશું. ૫૨.

પરાશર કહે છે.—આ પ્રમાણે પુરોહિતે જ્યારે પ્રાર્થના કરી ત્યારે તે દૈત્ય રાજે પોતાના પુત્રને મારી નાંખવા માટે દૈત્યોને આપ્યો હતો તેની પાસેથી પાછો બોલાવ્યો અર્થાત્ તેને અગ્નીમાંથી બહાર કઢાવ્યો. ૫૩. ત્યાર પછી ગુરૂને ઘેર નીવાસ કરનાર તે દૈત્ય બાળકને ગુરૂજી શીક્ષણ આપી અન્ય સ્થળે જાય તે વખતે વિશ્રાંતિના સમયમાં બીજા દૈત્યના બાળકોને પાસે બોલાવી વારંવાર આ પ્રમાણે શીખવવા લાગ્યો. ૫૪.

પ્રહ્લાદ કહે છે.—હે દૈતેય! અર્થાત્ હે દિતિના પુત્રના પુત્રો! હું તમને એક પરમાર્થ સાધક વાત કહું છું તે શ્રવણ કરો; એ અસત્ય છે એવું તમારે સમજવું નહીં. કારણ કે લોભ આદિમાં વશ થઇને હું તમને ખોટું સમજાવતો નથી. ૫૦. પ્રથમ સર્વ પ્રાણી માત્રનો જન્મ, પછી બાલ્યાવસ્થા, તદનંતર યૌવન અવસ્થા, અને છેવટે દિવસે અવ્યાહત રૂપથી વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે. ૫૬. હે દૈત્યેશ્વરાત્મજ ગણો! ત્યાર પછી સર્વ જંતુ મૃત્યુ પ્રાપ્તકરેછે એ સઘળું અમને અને તમને પ્રત્યક્ષ દેખાય છે. ૫૭. જે મરણ પામેછે; તે ફરીથી

જન્મ પામે છે એમ વારંવાર જન્મ મરણ પામ્યા કરેછે; એમાં કાંઈ પણ સંદેહ નથી, શાસ્ત્રમાં કહ્યું છે કે ઉપાદાન (કારણ) વગર ઉત્પત્તિ (કાર્ય) થતી નથી. ૫૮. પુનર્જન્મ પ્રાપ્ત કરનાર ગર્ભાદિ જેટલી અવસ્થા છે એ સઘળી દુઃખમય સમજવી. મૂઢ લોકો નાના બાળક પ્રમાણે અજ્ઞાનવડે બુદ્ધિ ઢંકાયેલી હોવાથી ક્ષુધા તથા તૃષાની શાંતિ અને શીત આદિની શાંતિને સુખરૂપ સમજે છે પરંતુ વસ્તુતઃ તો તે દુઃખ રૂપજ છે. ૫૯. ૬૦. (કેટલાક પ્રસંગમાં દુઃખને પણ સુખ માનવામાં આવે છે) દ્રષ્ટાંત તરીકે જેનું અંગ અત્યંત દ્રઢ છે એવા મનુષ્યને શારીરીક શ્રમ કરવાથી તેને સુખ થાયછે એ પ્રકારે જેનાં નેત્ર ભ્રાંતિ રૂપ પડલથી ઢંકાયેલા છે એવા કામી પુરુષોને પ્રહાર (કામ ક્રીડાના સમયમાં પ્રણય કોપીતરમણીઓએ કરેલો નૂપુર યુક્ત પગનો પ્રહાર) પણ ખરેખરૂં જોતાંતો તે દુઃખદાયક છે છતાં ભ્રાંતિથી તેને સુખમય સમજે છે. ૬૧. (કામીઓના સુખની નીંદા કરતા કહે છે) કફ આદિ મલીન પદાર્થથી છવાંયેલું આ શરીર ક્યાં ? અને કાંતિ, શોભા, શુંદરતા, સુગંધ અને સૌંદર્યાદિ ગુણ ક્યાં ? ૬૨. માંસ, રુધીર, પરૂ, વિષ્ટા મુત્ર, સ્નાયુ, મજ્જા. અને હાડકાંથી બનેલા આ દેહમાં જો પ્રીતિમાન્ હોયતો એ મૂઢ પ્રાણીની નર્ક ઉપર પણ પ્રીતિ થશે એમ સમજવું. ૬૩. (વસ્તુતઃ સુખ દુઃખનું સાધન કોઇ પણ પદાર્થમાં નથી તે કારણથી પ્રાપ્ત થાય છે.) જેમ ઠંડીમાં અગ્ની, તૃષામાં જળ, અને ક્ષુધામાં અન્ન, એ આપણા સુખના હેતુ રૂપ છે પણ તેનું જ્યારે ઉલટાપણુ થાયછે ત્યારે એજ આપણને દુઃખકારક થઇ પડે છે, એટલે ઉષઃકાળમાં અગ્ની, તરશ ન લાગી હોય છતાં જળ પીવું, અને અજીર્ણમાં અન્ન, એ દુઃખકારક કહેવાય છે. ૬૪. હે દૈત્ય પુત્રો ! પ્રાણી સુખને માટે જે જે કાર્યો કરે છે તે તે કાર્યોનું તેના અંતઃકરણમાં દુઃખરૂપ થાય છે. ૬૫. તેમજ પ્રાણી જેટલા પરિમાણથી મનની પ્રીય વસ્તુની સાથે સંબંધ બાંધે છે તેટલા પરિણામનું તેના હૃદયમાં દુઃખ થાય છે. ૬૬. એક વખત સંબંધ જોડાયા પછી જો તે દુર જાય છે છતાં તે સંબંધ તુટી શકતો નથી. લોકો વિદેશમાં રહીને પણ પોતાના ઘરમાં રહેલી ધનાદિ વસ્તુઓમાંથી તેનું મન દુર કરી શકતા નથી, અને તેના ઘરમાંની વસ્તુનો નાશ, દાહ, અથવા ચોરી થાય છે તો જાણે પોતાનોજ નાશ થયો હોય નહીં શું ? એવી સ્થીતિ થાય છે પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે મનમાં રહેલી વસ્તુનો નાશ થતો નથી; પણ એ પુરૂષ તે વસ્તુના નાશને લીધે શોક કરે છે. એટલા માટે મનુષ્યે કોઈ વસ્તુ ઉપર પ્રીતિ કરવી નહિં. ૬૭. આ જન્મમાં, મરનાર મનુષ્યને યમયાતનાનું મોટું દુઃખ છે, અને પાછું ગર્ભમાં પ્રવેશ કરતી વખતે તેને મહાન્ કષ્ટ વેઠવું પડે છે. ૬૮. ગર્ભમાં સુખ છે એમ જો તમને લેશ માત્ર પણ ખબર હોય તો મને કહો. હે બાળકો ! આ તમામ જગત્ એ પ્રકારે દુઃખમય છે. ૬૯ એવી રીતે અત્યંત દુઃખમય ભવસાગરમાં એક

પરમાત્મા વિષ્ણુજ ઉત્કૃષ્ટ આધારરૂપ છે. એ હું તમને સત્ય કહું છું. ૭૦. અમે બાળક હોવાથી વિષ્ણુની ભક્તિ કરવામાં અનધિકારી છીયે? એમ તમારે સમજવું નહી. કારણ કે દેહમાં દેહિ (આત્મા) શાશ્વત (નિત્ય) છે; અને વૃદ્ધ, તારૂણ્ય, જન્મ, મરણ, આદિ ધર્મ દેહને છે આત્માને નથી. (માટે બાળકો તમે અધિકારી છો.) ૭૧. ઈશ્વર ભજનમાં વિલંબ કરવો યોગ્ય નથી. 'હું બાળક છું' હમણા પોતાની ઇચ્છા પ્રમાણે વર્તું છું પણ જ્યારે મારી યુવાવસ્થા આવશે ત્યારે હું કલ્યાણકારી કામ કરવાનો યત્ન કરીશ. યુવાવસ્થામાં મનમાં એમ થાય છે કે હું તો હજુ જુવાન છું માટે વૃદ્ધાવસ્થા આવશે ત્યારે મારા કલ્યાણને માટે યત્ન કરીશ, એમ કરતાં જ્યારે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે પોતે આ પ્રકારે શોક કરે છે અરે હું વૃદ્ધ થયો છું મારાથી કંઈ થતું નથી મારી સઘળી ઈંદ્રિયો બેહેર મારી ગઇ છે. મારા અંગમાં સામર્થ્ય નથી માટે હું મંદ બુદ્ધિવાળો શું કરીશ. જ્યારે મારામાં શક્તી હતી તે વખતે હું કંઈ ન કરી શકયો તો અત્યારે મારાથી શું થઇ શકશે? આ પ્રમાણે બોલતાં બોલતાં અંતઃકરણ દુરાશાથી ભરાઇ ગયું છે એવા વિષયાસક્ત મનુષ્ય પોતાનું જીવન એ પ્રકારે વ્યતીત કરે છે પણ પોતાના કલ્યાણ તરફ કદી પણ દ્રષ્ટિ કરતો નથી. ૭૨. ૭૩. ૭૪. અજ્ઞાની લોક બાલ્યાવસ્થા રમતમાં ગુમાવે છે, તરૂણ અવસ્થા વિષય સુખમાં વ્યતિત કરે છે અને વૃદ્ધા અવસ્થા અશક્તીને લીધે વ્યર્થ જાય છે. ૭૫. એટલા માટે વિવેકી પુરૂષ બાલ્યાવસ્થાથીજ કલ્યાણ પ્રાપ્તી કરવાનો યત્ન કરે છે. બાલ્ય, યોવન, અને વૃદ્ધ, આદિ દેહના ધર્મ સાથે પોતાને કોઇ પણ પ્રકારનો સંબંધ નથી એમ સમજવું. ૭૬. આ મારૂં કહેવું તમને અસત્ય ન લાગતું હોય તો મારી પ્રસન્નતાને માટે આ સંસારરૂપ બંધનમાંથી છોડાવનાર શ્રીવિષ્ણુનું સ્મરણ કરો. ૭૭. એ વિષ્ણુનું સ્મરણ કરવામાં આપણને શું મહેનત પડે છે? કારણકે એનું સ્મરણ કરવાથી આપણને શુભફળ મળે છે, તથા આપણા તમામ પાપ નાશ પામે છે. ૭૮. સર્વ વ્યાપક વિષ્ણુમાં તમારી બુદ્ધિ જડીત કરો; અને સઘળા પ્રાણીમાં મીત્રબુદ્ધિ રાખો, એમ કરવાથી તમારા સઘળા કલેશ નાશ પામશે. ૭૯. જ્યારે આ સઘળું જગત્ ત્રિવિધ તાપથી (અધ્યાત્મ, અધિભૂત, અને અધિદૈવિક) પિડીત થાય ત્યારે શોક કરનાર પ્રાણીઓ ઉપર કયો શાણો પુરૂષ દ્વેષભાવ ઉત્પન્ન કરે? ૮૦. સર્વ પ્રાણીઓ ધન વિદ્યા આદિથી પરિપૂર્ણ હોય છે અને હું કનીષ્ટ સ્થીતિમાં છું. તોપણ એ વિષયમાં આનંદિત રહેવું યોગ્ય છે કારણકે દ્વેષનું ફળ હાની છે. તથા કોઇ પ્રાણીના હૃદયમાં વૈર ઉત્પન્ન થવાથી આપણી સાથે દ્વેષ કરે તો આપણે એમ જાણવું કે "એ અત્યંત મોહથી વ્યાપ્ત થયો છે;" એમ સમજી જ્ઞાની મનુષ્યે તેનો વિચાર કરવો. ૮૧.૮૨. હે દૈત્ય પુત્રો! મેં દ્વેશનો નાશ કરનારી રીત કહી છે. પરંતુ ઉત્તમ પ્રકારના લોકોની પરામર્શ રીતી મારાથી શ્રવણ કરો. ૮૩. આ સર્વ જગત્

સર્વ સ્વરૂપ પરમાત્માનો વિસ્તાર છે. એટલા માટે જ્ઞાનવાન મનુષ્યોએ બુદ્ધિથી સર્વ પ્રાણી માત્રને આત્મવત્ જાણવા. ૮૪. માટે હું અને તમે સઘળાએ 'અમે રાક્ષસ છીયે' એ ભાવનો ત્યાગ કરી આપણે એવા પ્રકારનો યત્ન કરીયે કે જેથી નિવૃતિ (મુકિત) મળે. ૮૫. જે મનુષ્ય શ્રીવિષ્ણુને અંતઃકરણમાં જડીભૂત કરે છે તેને અગ્ની, સૂર્ય ચંદ્ર પર્જન્ય, વાયુ, વરૂણ, સિદ્ધ, રાક્ષસ, યક્ષ, દૈત્યરાજ, સર્પ, કીન્નર, મનુષ્ય; અને પશુ, વિગેરે નષ્ટ કરી શકતા નથી. ૮૬. ૮૭. તથા માનસિક દોષ, જવર આદિરોગ, અતિસાર, પ્લીહા, ગુલ્મ આદિ રોગ તેમજ દ્વેશ, ઇર્ષ્યા મત્સર, પ્રીતી અને લોભ આદિ તે મનુષ્યનો નાશ કરી શકતા નથી ૮૮. કેશવ જેના હૃદયમાં સ્થિત છે તેના સઘળા પાપ નાશ પામી તેને અંત્યત નિર્મળ અને નિત્ય મુકિત મળેછે. ૮૯. હે દૈત્યપુત્રો! આપણે આ સારવગરના સંસાર (વારંવાર દેવતિર્યક, મનુષ્ય આદિ દેહથી જન્મ મરણ) ચક્રના ફેરામાં સંતુષ્ટ થવું નહિ, પણ સર્વમાં સમદ્રષ્ટિ રાખો. હું તમને સત્ય કહુંછું કે સર્વમાં સમાન દ્રષ્ટિ રાખવી એજ વિષ્ણુની આરાધના છે. એ વિષ્ણુ પ્રસન્નથવાથી આ જગત્માં બીજું શું દુર્લભ છે? અર્થાત્ વિષ્ણુ જેની ઉપર પ્રસન્ન થાયછે તેને આ જગતમાં સર્વ વસ્તુ પ્રાપ્તથાય છે. ધર્મ, અર્થ, અને કામ વિગેરે તો તુચ્છ છે. તેમ મોક્ષને માટે પણ પ્રાર્થના ન કરવી. કારણ કે એ મોક્ષફળ તો યાચના કર્યા વગરજ આપે છે. માટે તમે એ અનંત બ્રહ્મરૂપ તરૂનો આશ્રય કરશો. તો અવશ્ય સર્વ થકી શ્રેષ્ટફળ નિઃસંશય પ્રાપ્ત કરશો. ૯૧.

तस्मिन्प्रसन्ने किमिहास्त्यलभ्यं धर्मार्थकामैरलमल्पकामे ॥
समाश्रिताद्ध्रुमतरोरनंतान्निःसंशयं प्राप्स्यथ वै महत्फलम् ॥

ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે પ્રથમ અંશે સપ્તદશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૧૮ મો.

पराशर उवाच ॥ तस्यैवं दानवाश्रेष्टां दृष्ट्वा दैत्यपतेर्यथात् ॥
आचचख्युः स चोवाच सूदानाहूय सत्वरः ॥ १ ॥

પરાશર કહેછે—આ પ્રમાણે દાનવોએ પ્રહ્લાદની આવી ચેષ્ટા જોઇને ભયથકી દૈત્યપતિ હિરણ્યકશિપુને તેઓએ સઘળું વૃત્તાંત કહ્યું તે દૈત્યરાજે પોતાના રસોઇઆને બોલાવી તેને આ પ્રમાણે કહે છે. ૧.

* આ અઢારમા અધ્યાયમાં દૈત્યરાજના પુરોહિતે પ્રહ્લાદનો નાશ કરવા કૃત્યા ઉત્પન્નકરી પણ તેનો નાશ ન થતાં તે પુરોહિત મરાયો અને ફરીથી તેણે પાછો તેને સજીવન કર્યો એ કથા કહેવામાં આવશે.

હિરણ્યકશિપુ કહેછે—હે રસોઇ કરનારાઓ ! મારા આ દુષ્ટ બુદ્ધિવાળા પુત્રએ બીજાઓને પણ કુમાર્ગનો ઉપદેશ દીધો છે માટે એ દુષ્ટને વિલંબ ન કરતાં જલ્દીથી મારીનાખો. ૨. એના જેટલા જમવાના પદાર્થ છે તે સઘળામાં ઝેર નાંખી એકદમ એ પાપીને નષ્ટકરો. એમાં કોઈપણ પ્રકારનો તમારે વિચાર કરવો નહિં.

પરાશર કહેછે—એ પ્રમાણે દૈત્યરાજની આજ્ઞા સાંભળી રસોઇ કરનારે એ મહાત્મા પ્રહ્લાદને ઝેર આપી મારવાનો પ્રયત્ન કર્યો. ૪. હે મૈત્રેય! એ પ્રહ્લાદ પણ ઘોર હલાહલ વિષને અનંત નામના ઉચ્ચારથી અભિમંત્રિત કરી અન્નની સાથે ભક્ષણ કરી ગયા. ૫. અને ખાધેલુ વિષ અનંત નામનો ઉચ્ચાર કરવાથી નિર્વીર્ય થયેલું તે વિષ વિકાર રહિત થઇ પાચન થઇ ગયું અને પોતે પ્રસન્ન ચિત્તવાળા થયા. ૬. આ રીતે ભયંકર વિષને પણ તેણે પચાવી દીધું છે એમ જાણી તે રસોઈ કરનારા ભયભીત થઈ દૈત્યરાજ પાસે જઈ પ્રણામ કરી આ પ્રમાણે કહેવા લાગ્યા. ૭. હે દૈત્યરાજ! અમે આપની આજ્ઞા પ્રમાણે ભયંકર વિષ આપ્યું હતું, પરંતુ તે આપના પુત્ર પ્રહ્લાદે અન્નની સાથે ભક્ષણ કરી એ તમામ વિષ પાચન કરી દીધું છે. ૮.

હિરણ્ય કo—હે દૈત્યના પુરોહિતગણ ! હે ગોરમહારાજ ! આ વખતે ઉતાવળ કરો, જલ્દી કરો, આ પુત્રનો નાશ કરવાને માટે ત્વરાથી કૃત્યા ઉત્પન્ન કરો વિલંબ ન લગાડો. ૯.

પરાશર કહેછે—આ પ્રમાણે દૈત્યરાજનું વચન સાંભળી તે પુરોહિત પ્રહ્લાદની પાસે જઇ શાંતિપૂર્વક સામ અને વિનયવાળા વચનોથી તેને સમજાવવા લાગ્યા. ૧૦.

પુરોહિત કહેછે—હે આયુષ્મન ! તું આ ત્રણ લોકમાં પ્રસિદ્ધ બ્રહ્માના કુળમાં ઉત્પન્ન થયેલા દૈત્યના અધિપતિ હિરણ્યકશિપુનો પુત્ર છે. ૧૧. તારે દેવગણ અનંત અથવા બીજા કોઇપણ દેવ સાથે શું પ્રયોજન છે? તેના થકી તને શું પ્રાપ્ત થાય એમ છે? આ તારા પિતા સર્વ લોકોના આશ્રયભૂત છે અને તું પણ એજ પ્રમાણે થશે. ૧૨. એટલા માટે હમણા તું શત્રુના સ્તુતિયુક્ત વચનનો ત્યાગ કર. પિતાની આજ્ઞા પ્રમાણે વરતવું એ પુત્રનો ધર્મ છે કારણકે પિતા એ સર્વ ગુરૂ મધ્યે શ્રેષ્ટ કહેવાય છે. ૧૩.

પ્ર૦ કહે છે.—હે મહાભાગ ! તમે જે પ્રમાણે કહો છો તેજ પ્રમાણે છે. મરિચીનું કુળ સર્વ લોકોમાં શ્રેષ્ટ છે. એ આ ત્રણ લોકમાં કોણ ના કહે છે? ૧૪. તેમ મારા પિતાનું આચરણ આ સર્વ ચરાચર જગતમાં ઉત્કૃષ્ટ પ્રકારનું છે, એ પણ મને ખબર છે, એ તમારૂં વચન સત્ય છે. મિથ્યા નથી. ૧૫. તેમજ પિતા સર્વ ગુરૂઓના મધ્યમાં ઉત્તમ પ્રકારના ગુરૂ છે; એમ જે તમે કહ્યું તે વિષયમાં પણ મને જરાએ સંશય નથી. ૧૬. પિતા એ ગુરૂ છે. માટે પ્રયત્ન પૂર્વક તેનું સ-

ન્માન કરવું. એની સમીપમાં કોઈપણ પ્રકારનો અપરાધ કરીશ નહી. એવી મારી ધારણા છે. ૧૭. હવે અનંતનું નામ દેવાથી શું થાય છે.? એ જે આપે કહ્યું તે અયોગ્ય છે. કોણ કહે છે કે અનંત ભગવાનના નામસ્મરણનું વચન અર્થવત્ (યથાર્થ) નથી ? ૧૮ આપ્રમાણે બોલી પોતાના ગુરૂ છે, મોટા છે, એમ તેમની ગૌરવતા જાળવી તે પ્રહલાદે મૌન ધારણ કર્યું ૧૯. પરંતુ ગુરૂનાં આવા વચન 'અનંતથી શું થાય છે' સાંભળી તેનાથી મૌન ન રહેવાયું અને ફરીથી હસીને બોલ્યા 'અનંતથી શું મળે એમ છે' ઠીક છે મહારાજ ! સાબાશ છે તમને કે આપ આવા વચન બોલો છો- ધન્ય છે આપને ધન્ય છે મહારાજ ' અનંતથી શું થાય છે ' એમ જે આપને જાણવાની ઇચ્છા હોય તો તમે તમારા મનમાં ખેદ ન કરતાં એ અનંતનું રહસ્ય મારાથી શ્રવણ કરો. ૨૦ ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ, એ ચાર પ્રકારના પુરૂષાર્થ કહેવાય છે. એ ચારે પુરૂષાર્થ અનંતથી પ્રાપ્ત થાય છે. એવા અનંતને ' એનાથી શું થાય છે,' એવું વૃથા ભાષણ આપ શામાટે કરો છો ? ૨૧. મરિચીઆદિ મહાત્માને, દક્ષ આદિ સત્પુરૂષોને, અને બીજા ઋષિઓને એ અનંત થકી ધર્મ, અર્થ, તથા કામની પ્રાપ્તિ થઈ છે. અને બીજા કેટલાક પુરૂષોને એ અનંતની પ્રસન્નતાવડે જ્ઞાન, ધ્યાન, અને સમાધીથી તત્વજ્ઞાન સંપાદન કરી ફડે પ્રકારે મોક્ષ પામ્યા છે. ૨૨. ૨૩. એ પરમાત્માની જે એકાગ્ર મન કરી આરાધના કરે છે; તેને સંપત્તિ, ઐશ્વર્ય, મહાત્મ્ય, જ્ઞાન, સંતતિ, કર્મ, અને મુક્તિ પ્રાપ્ત થાય છે. અને એજ પરમાત્મા સંપત્તિ આદિના મૂળ કારણભૂત છે. ૨૪. હે દ્વિજગણ ! જે પરમાત્માથી ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ, આદિ પુરૂષાર્થ સિદ્ધ થાય છે એવા પરમાત્માને આપ, 'અનંતથી શું થાય છે' એમ જે કહો છો એ વિષયનો જરા વિચારતો કરો? એમાં અધિક કહેવાથી શું ? કારણ કે તમે મારા ગુરૂ છો. તમે સારૂં અથવા નઠારૂં જે યોગ્ય લાગે તે કહો, હું અલ્પજ્ઞ છું, મારામાં થોડોજ વિવેક છે. ૨૫. ૨૬.

પુરોહિત કહે છે—હે બાલક ! તને આ લોઢા અગ્નીમાં નાંખીને બાળી મુકતા હતા તે વખતે મેં તારી વ્હાર કરી એ અગ્નીમાંથી તને બચાવ્યો કે હવે પછી 'આ બાલક આમ નહિં બોલે' પરંતુ તું એવો નિર્બોધ છે કે આવિ તારી દુષ્ટ બુદ્ધિ નો હજુ સુધિ તેં ત્યાગ કર્યો નથી તે વખતે અમે ન સમજ્યા કે આવિ દુષ્ટ બુદ્ધિ પાછળથી પણ રહેશે. તેમ હજુ સુધિ તું તારો દુરાગ્રહ છોડતોજથી હે દુષ્ટ બુદ્ધિ ! અમારા કહેવાથી જો તું તારો દુરાગ્રહ નહિ છોડે તો અમે તારો નાશ કરવાને માટે કૃત્યા ઉત્પન્ન કરીશું. ૨૭. ૨૮.

પ્રહ્લાદ કહે છે—કોણ કોને મારે છે ? અને કોણ કોને બચાવે છે ? અસત્ અને સત્ આચરણ કરનાર આત્માથકી આત્માનો નાશ અને રક્ષણ થયા કરે છે અર્થાત્ પ્રાણીઓનો નાશ તથા રક્ષણ એ આત્માને આધિન છે. ૨૯.

પરાશર કહે છે—આ પ્રમાણે પ્રહ્લાદનું ભાષણ સાંભળી તે દૈત્યરાજના પુરોહિતે કોપાયમાન થઇ તેજની જવાળામાંથી પ્રકાશમાન કૃત્યા ઉત્પન્ન કરી. ૩૦. તે અત્યંત ભયંકર આકૃતિવાળી કૃત્યા પૃથ્વી ઉપર પોતાના પગ અફાળતી પ્રહ્લાદની પાસે આવી અને તેણે ક્રોધથી તેના વક્ષઃ સ્થળમાં ત્રિશૂળનો પ્રહાર કર્યો. તે દિપ્તિમાન ત્રિશૂળ તેના વક્ષઃસ્થળનો સ્પર્શ કરતાં ટુકડે ટુકડા થઈને પૃથ્વી ઉપર પડ્યું. ૩૧. ૩૨. જેના હૃદયમાં સમર્થ શ્રીહરિ ભગવાન્ નિવાસ કરે છે તેની ઉપર કદાપિ વજ્ર પડ્યું હોય તેના પણ કટકા થઈ જાય છે તો આ ત્રિશૂળની શી વાત ? ૩૩. પાપી પુરોહિતોએ નિષ્પાપ પ્રહ્લાદની ઉપર જે કૃત્યાનો પ્રયોગ કર્યો હતો. તે કૃત્યા ત્યાંથી પાછી ફરી તે પુરોહિતની પાસે આવી તેનો નાશ કરી પોતે પણ નષ્ટપ્રાય થઈ ગઈ. ૩૪. તે પુરોહિત કૃત્યાથી બળી ગયા છે એમ જોઇ બુદ્ધિમાન્ પ્રહ્લાદ હે કૃષ્ણ રક્ષણ કરો ! હે અનંત રક્ષણ કરો ! આ પ્રમાણે બોલતાં બોલતાં તેની રક્ષા કરવાને માટે પ્રહ્લાદ તેની તરફ દોડ્યો અને આ પ્રકારે પરમાત્માની સ્તુતિ કરવા લાગ્યો. ૩૫.

પ્રહ્લાદ કહેછે—હે સર્વ વ્યાપક જગત્ગુરૂ ! હે જગતને ઉત્પન્ન કરનાર ! હે જનાર્દન ! મંત્રથી ઉત્પન્ન થયેલા આ દુઃસહ અગ્નિ થકી બ્રાહ્મણોનું રક્ષણ કરો. ૩૬. જો સર્વવ્યાપિ જગત્ગુરૂ શ્રીવિષ્ણુ સર્વ પ્રાણી માત્રમાં નિવાસ કરતા હોય તો આ સર્વ પુરોહિત જીવતા થજો. ૩૭. મેં જે પ્રકારે વિષ્ણુને સર્વગત્ સમજીને અગ્નિથી મારી રક્ષા મેળવી છે તે પ્રકારે શત્રુપક્ષને લીધે પણ હું એ વિષ્ણુનું ચિંત્વન કરૂં છું. એ વિષયમાં મારામાં જો પાપ બુદ્ધિ ન હોય તો આ બ્રાહ્મણો જીવતા થાઓ. ૩૮. જેઓ મને મારવાને માટે આવ્યા હતા, જેઓએ મને વિષ આપ્યું હતું, જેઓએ મને અગ્નિમાં નાખ્યો હતો, જેઓએ હાથીયોદ્વારા મારો આઘાત કરાવ્યો હતો, અને જેઓએ મને સર્પદંશ કરાવ્યો હતો. એ સઘળા ઉપર મારીસમાન દ્રષ્ટિછે તથા મિત્રભાવથી વર્ત્યોછું. કોઇનું નઠારૂં થાય એવી કલ્પના પણ મેં કરી નથી. એ જો સત્ય હોય તો તે સત્યતાને લીધે આ દૈત્યોના પુરોહિત જીવતા થાઓ. ૩૯ ૪૦.

પરાશર કહેછે—આ પ્રમાણે કહીને તેનો સ્પર્શ કરતાની સાથે સંઘળા પુરોહિત પીડારહિત થઇને સજીવન થયા અને આનંદમય (સ્નેહપૂર્ણ) ભાવથી વિનયપૂર્વક એ સઘળા કહેવા લાગ્યા. ૪૧.

પુરોહિત કહેછે—હે વત્સ ! તું દીર્ઘાયુ થા, તથા અકુંઠિત બળ, પરાક્રમ વિગેરેથી યુક્તથા, અને પુત્ર, પૌત્ર, ધન, અને ઐશ્વર્યથી સંપન્નથા. ૪૨.

પરાશર કહેછે—હે મહામુનિ ! પુરોહિતલોકોએ આ પ્રકારે ભાષણ કર્યા પછી તે દૈત્યરાજ હિરણ્યકશિપુ પાસે જઇને જે વૃતાંત થયું હતું તે સઘળું તેને સવિસ્તર કહિ સંભળાવ્યું. ૪૩.

पराशर उवाच ॥ इत्युक्तातं ततोगत्वा यथावृत्तं पुरोहिताः ॥
दैत्यराजाय सकलमाचचख्युर्महामुने ॥ ४३ ॥

ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે પ્રથમ અંશે અષ્ટાદશો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૧૯ મો.

पराशर उवाच ॥ हिरण्यकाशिपुः श्रुत्वातांकृत्यां वितथी कृताम् ॥
आहूयपुत्रं पप्रच्छ प्रभावस्यास्यकारणम् ॥ १ ॥

પરાશર કહેછે—તે ગુરૂની મોકલેલી કૃત્યા પણ નિષ્ફળ ગઇ એમ સાંભળી તે હિરણ્યકશિપુ પોતાના પુત્રને બોલાવી એનામાં આવો પ્રભાવ સાથી પ્રાપ્ત થયો છે તેનું કારણ પુછવા લાગ્યો. ૧.

હિરણ્યકશિપુ કહેછે—હે પ્રહ્લાદ ! તું અત્યંત પ્રભાવશાલી છે, તારી-આ કેવા પ્રકારની ચેષ્ટા છે? શું તેં એ ક્રિયા મંત્રાદિ સાધનથી પ્રાપ્ત કરી છે? કે એ તારામાં સ્વાભાવિક છે ? ૨.

પરાશર કહેછે—પોતાના પિતાએ આ પ્રકારે પ્રશ્ન કર્યા પછી તે અસુર પુત્ર પ્રહ્લાદ પોતાના પિતાના ચરણમાં વંદન કરી કહેવા લાગ્યો. ૩.

પ્ર૦ કહેછે—હે તાત ! આ મારો પ્રભાવ મંત્રાદિ સાધનથી સિદ્ધ નથી, તથા સ્વાભાવિક પણ નથી, પરંતુ જેના જેના હૃદયમાં અચ્યુત પરમાત્મા નિવાસ કરે છે તે તે પુરૂષોનો એ સામાન્ય પ્રભાવ છે. ૪. જેવા આપણે છૈયે તેવા અન્ય છે તથા તેનું અનીષ્ટ થશે એ મારૂંજ થયું એમ જે સમજે છે તેને અનીષ્ટ પ્રાપ્તિનું કારણ જે પાપાગમ છે તે કોઈ દીવસ પ્રાપ્ત થતું નથી. ૫. જે પુરૂષ મન, વાણી, અને કર્મવડે બીજાને પીડા કરે છે તેનું તે કાર્ય પાપના બીજરૂપ છે અને તેને એ પરપીડારૂપ બીજથી ઉત્પન્ન થયેલું અત્યંત દુઃખરૂપ ફળ પ્રાપ્ત થાય છે. ૬. સર્વ પ્રાણી માત્રમાં તથા મારામાં નિવાસ કરનાર કેશવનું હું ધ્યાન કરૂંછું. હું કોઈનું પણ અનીષ્ટ થાય એવી ઈચ્છા કરતો નથી. તેમ કોઈનુ ખરાબ થાય એવું કામ પણ કરતો નથી. તથા વચનથી પણ કોઈને અનીષ્ટ કહેતો નથી. જ્યારે હું અહ-નીશ શુભ ચીંતવન કરૂં છું તો પછી મને દૈવી, તથા ભૂતોત્પન્ન શારિરિક અને માનસિક વિગેરે દુઃખ ક્યાંથી ઉત્પન્ન થાય ! ૮. એ પ્રમાણે જે જ્ઞાની છે તેણે સર્વ

---

* આ આગણીશમાં અધ્યાયમાં પ્રહ્લાદને સમુદ્રમાં નાંખી તેની ઉપર મોટા મોટા પર્વતો નાંખી તેના નાશનું વર્ણન તથા પરમાત્માની સ્તુતિ વિગેરે બાબતો કહેવામાં આવશે.

પ્રાણીમાત્રમાં શ્રીવિષ્ણુ વાસ કરી રહ્યા છે એમ જાણી તમામ પ્રાણીમાત્રમાં અનન્ય ભાવથી પ્રેમ કરવો. ૯.

પરાશર કહેછે—એ પ્રકારે સાંભળી પોતાના મંદિરના અગ્રભાગમાં બેઠેલા તે દૈત્યરાજ હિરણ્યકશિપુનું મુખ ક્રોધથી અંધકાર પ્રમાણે કૃષ્ણવર્ણ થયું અને તે પોતાના અનુચર રાક્ષસોને બોલાવી તેની પ્રત્યે આ પ્રમાણે કહે છે. ૧૦. આ દુરાત્માને સો યોજન ઉંચા પ્રાસાદ ઉપરથી નીચે ફેંકી દો. તેમજ આના અવયવો શીલાથી છીન્ન ભીન્ન કરી પર્વતના પ્રષ્ટભાગપર નાંખી દો. ૧૧. આ પ્રમાણે તેની આજ્ઞા સાંભળી તે દૈત્ય કીંકરોએ તે બાળકને ઘણા બળ પૂર્વક નીચે નાંખી દીધો. એ બાળક પણ પોતાના હૃદયમાં વિષ્ણુનું ધ્યાન કરતો કરતો નીચે આવવા લાગ્યો. ૧૨. તમામ જગત્માં નિવાસ કરનાર વિષ્ણુને વિષે ભક્તિમાન્ તે પ્રહ્લાદ પૃથ્વી ઉપર જેવો પડે છે એટલામાં જગદ્ધાત્રી પૃથ્વીએ તેને ધીમે રહીને ઝીલી લીધો. ૧૩. તેથી તેના હાડકા છિન્ન ભિન્ન થવા પામ્યા નહિં. એને કોઈપણ પ્રકારની પીડા થઈ નથી એમ જોઈ તે હિરણ્યકશિપુ માયાવિઓમાં શ્રેષ્ટ શંબરાસુરને બોલાવી આ પ્રમાણે કહે છે. ૧૪.

હિરણ્ય ક૦—હું આ દુરાચારી પુત્રને કોઈ પ્રકારથી મારી શક્યો નહિં. તમે સઘળી માયાઓ જાણો છો માટે તમારી માયાવડે આ બાળકનો નાશ કરો. ૧૫.

શંબરાસુર કહેછે—હે દૈત્યરાજ! મારી માયાના બળથકી હમણા એનો નાશ કરૂં છું. મારી માયાનો પ્રભાવ કેવો છે તે આપ જુવો. સેંકડો, હજારો, અને કરોડો માયાને હું જાણું છું. ૧૬.

પરાશર કહેછે—ત્યાર પછી તે દુષ્ટબુદ્ધિવાળા શંબરાસુરે સર્વ ઠેકાણે સમાન દ્રષ્ટિ રાખનાર તે પ્રહ્લાદ ઉપર તેનો નાશ કરવા માટે પોતાની માયાઓ રચી. ૧૭. હે મૈત્રેય! તે શંબરાસુરના વિષયમાં પણ મત્સરરહિત થઈ પ્રહ્લાદજીએ પોતાનું અંતઃકરણ એકાગ્ર કરી શ્રીવિષ્ણુનું સ્મરણ કર્યું. ૧૮. તે વખતે તેના રક્ષણને માટે ભગવાન શ્રીહરિની આજ્ઞા થકી ઉત્તમ પ્રકાશમાન્ સુદર્શનચક્ર ત્યાં પ્રાપ્ત થયું. ૧૯. એ બાળકના દેહનું રક્ષણ કરનાર તે સત્વરગામી સુદર્શનચક્રએ સંબરાસુરની હજારો માયાનો અનુક્રમે નાશ કરી દીધો. ૨૦. એવી રીતે તે માયાનો નાશ થયા પછી હિરણ્યકશિપુએ સંશોષક નામના વાયુને આજ્ઞા કરી કે હે વાયુ! મારી આજ્ઞાથી આ દુરાત્મા પ્રહ્લાદનો સત્વર નાશ કરો. ૨૧. 'જેવી આપની આજ્ઞા' એ પ્રમાણે ઉત્તર આપી થોડો શીતળ, ઘણો ગરમ, અને અત્યંત દુઃસહ એવા સંશોષક વાયુએ તેને શુષ્ક કરવા તેના શરીરનું શોષણ કરવા માંડયું. ૨૨. પોતાના શરિરમાં વાયુ પ્રવેશ થયો છે એમ જાણી તે દૈત્ય બાળકે પોતાના અંતઃકરણમાં શેષરૂપ પરમાત્માનું ધ્યાન કર્યું. ૨૩. તેથી તેના હૃદયમાં વાસ કરનાર તે શેષરૂપ શ્રીહરિએ ક્રોધિત થઇ તે સંશોષક વાયુનું ભક્ષણ કર્યું એ પ્રમાણે એ વાયુનો પણ નાશ થયો.

૨૪. એવી રીતે તમામ સંબરાસુરની માયા તથા વાયુ નષ્ટ થવાથી તે મહા જ્ઞાની પ્રહ્લાદ પોતાના ગુરૂને ઘેર ગયા. ૨૫. ત્યારપછી એ ગુરૂ તે બાળક પ્રહ્લાદને શુક્રાચાર્યએ બનાવેલી રાજ્યકૂળ આપનારી રાજનીતિ ભણાવવા લાગ્યા. ૨૬. પ્રહ્લાદ નીતિશાસ્ત્રમાં સંપન્ન પંડિત થયા છે એમ જ્યારે ગુરૂ સમજ્યા તે વખતે એ રાજા પાસે ગયા અને કહ્યું કે આ બાળક ઘણી સારી રાજનીતિ શીખ્યા છે. ૨૭.

આચાર્ય કહેછે—હે દૈત્યપતિ! તમારા પુત્રને નીતિશાસ્ત્રનું યથાર્થ જ્ઞાન સંપાદન કરાવ્યું છે. શુક્રાચાર્ય જે રાજનીતિ કહી ગયા છે તે તમારો પુત્ર રૂડે પ્રકારે શીખ્યો છે. ૨૮.

હિરણ્યકશિપુ કહેછે—હે પ્રહ્લાદ! પોતાનો અભ્યુદય, હાની, અને મધ્યમ સ્થિતીમાં રાજાએ પોતાના મિત્રની સાથે, શત્રુની સાથે અને મધ્યસ્થ (નહિં શત્રુ કે નહિં મીત્ર) ની સાથે કેવી રીતે વર્તવું? ૨૯. તેમજ મંત્રી, અમાત્ય, બાહ્યઅધિકારી, આત્મવર્ગ, અનુચર, પ્રજાવર્ગ, જીત મેળવી વશ કરેલા રાજાઓ, અને બીજા કેટલાક અનાચાર કરનારાઓ સાથે રાજાએ કેવું વર્તન રાખવું? ૩૦. સંધી વિગ્રહ આદિમાં કોણ કોની સાથે વાત કરવામાં યોગ્ય છે તથા કોણ અયોગ્ય છે? દુર્ગ કેવા કરવા? મહા અરણ્યવાસી મ્લેચ્છ અને ભીલ્લ આદિકોને કેવી રીતે વશ કરવા? તેમજ ગુપ્ત શત્રુઓનો પ્રતિકાર વિગેરે શી રીતે કરવો? ૩૧. એ અને બીજું જે તેં અધ્યયન કર્યું હોય તે મને કહે, કેમ કે આ વિષયમાં તારી બુદ્ધિ કયાં સુધી છે એ તારામનનો ભાવ જાણવાની મારી ઇચ્છા છે. ૩૨.

પરાશર કહેછે—ત્યારપછી વિનયરૂપ આભૂષણ ધારણકરનાર તે પ્રહ્લાદજી પોતાના પિતાના ચરણમાં પ્રણામકરી હાથજોડી દૈત્યેંદ્રને આ પ્રમાણે કહેવા લાગ્યો.૩૩.

પ્ર૦ કહેછે—મને ગુરૂજીએ જે શીખવ્યું છે તે હું શીખ્યો છું, એમાં જરા સંશય નથી. પરંતુ મારી સમજ પ્રમાણે એ સઘળી રાજનીતિ ખરિ નથી. મીત્ર આદિને વશ કરવા માટે શામ, દામ, ભેદ, અને દંડ એ ચાર ઉપાય કહ્યા છે. પરંતુ પિતાજી! આપ ક્રોધ કરશો નહિં હું તમને જે સત્ય છે તે કહું છું મને મિત્ર અથવા શત્રુ કોઈપણ દેખાતા નથી. તો મારે એ ઉપાય ગ્રહણ કરી શું કરવું છે? હે મહાબહો! જે સાધ્ય નથી તો સાધનની શી જરૂર છે? ૩૪. ૩૫.૩૬. હે તાત! પરમાત્મા શ્રીહરિ સર્વ ભૂતાત્મક સર્વ જગતના અધિપતી સર્વ ઠેકાણે નિવાસ કરી રહ્યા છે તો અમુક શત્રુ અને અમુક મીત્ર, એવો ભેદભાવ શા માટે જોઇએ? ૩૭. ભગવાન શ્રીવિષ્ણુ તમારામાં, મારામાં અને સર્વ જગતમાં વિદ્યમાન્ છે તો મારા સઘળા મિત્રજ છે. હું શત્રુ રૂપ કોઇને ગણતોજ નથી. અવિદ્યા (અજ્ઞાન)રૂપી ઉદ્યોગથી ભરેલાં નીતિશાસ્ત્રનો વિસ્તાર કરવામાં શું ફળ છે? હે તાત! ઉત્તમ (નિષ્કામ આત્મવિદ્યા) વિષયમાં યત્ન કરવો એજ યોગ્ય છે. ૩૯. અજ્ઞાનથી અવિદ્યામાં વિદ્યા બુદ્ધિ પ્રાપ્ત થાય છે. હે તાત!

હે અસુરેશ્વર ! શું બાળકો પતંગીયા (આગીયા) ને જોઇ આ અગ્ની છે એમ નથી માનતા ? ૪૦. જે કર્મ બંધનનું કારણ નથી તેજ ખરૂં કર્મ છે અને એજ વિદ્યા છે કે જેના યોગથી આપણને મોક્ષની પ્રાપ્તિ થાય છે. બીજા કર્મો કેવળ શ્રમનું કારણ છે અને બીજી વિદ્યા શિલ્પકળાનું ચાતર્યમાત્ર છે. ૪૧. હે મહાભાગ ! આ સઘળું સાર વગરનું છે એમ જાણી હું તમને પ્રણામપૂર્વક ઉત્તમ પ્રકારનો સાર કહું છું તે આપ શ્રવણ કરો. ૪૨. આ જગત્માં રાજ્ય પ્રાપ્તિની ઇચ્છા કોને નથી ? તેમ કયા પુરૂષને દ્રવ્યની ઇચ્છા નથી ? પરંતુ રાજ્ય, અને દ્રવ્ય, એ બન્ને પૂર્વના કર્મ પ્રમાણે જેને જેટલું મળવાનું હોય તેટલું તેને મળે છે. અથાત્ (ઇચ્છા અને ઉદ્યોગ કરવાથી વધારે તથા ન કરવાથી ઓછું મળે છે એમ નથી) ૪૩. તમામ લોકો મહત્વ ઐશ્વર્ય મેળવવાને માટે ઉદ્યોગ કરે છે પરંતુ ઉદ્યોગ મનુષ્યના ઐશ્વર્યનું કારણ નથી પણ ભાગ્ય એજ ઉન્નતિનું કારણ છે. ૪૪. હે પ્રભુ ! જડ (ચેષ્ટા રહિત) અવિવેકી અને અનીતિવાળાના પુણ્ય કર્મમાં યત્ન કરવો અને જેઓને મોક્ષની ઇચ્છા હોય તેઓએ સર્વ ઉપર સમાનદ્રષ્ટિ રાખવી. ૪૬. કારણ કે દેવ, મનુષ્ય, પશુ, પક્ષી, વૃક્ષ, અને સર્પ, વિગેરે તમામ અનંત શ્રીહરિનું સ્વરૂપ છે. ૪૭. એ પ્રમાણે જાણી સર્વ સ્થાવર, જંગમ, જગત્ને, પોતાની સામાન જાણવું એ ઉચીત છે કેમકે આ જગત્ વિશ્વરૂપ ધારણ કરનાર શ્રી વિષ્ણુનું સ્વરૂપ છે. ૪૮. એ પ્રમાણે જેને જ્ઞાન પ્રાપ્ત થાય છે તેની ઉપર ભગવાન અનાદિ અચ્યુત પરમેશ્વર પ્રસન્ન થાય છે એ પરમાત્મા જેની ઉપર પ્રસન્ન થયા તેના સઘળા દુઃખ પણ નાશ પામે છે. ૪૯.

પરાશર કહેછે—હિરણ્યકશિપુએ આ પ્રકારે સાંભળી અત્યંત ક્રોધ કરી સિંહાસન ઉપરથી ઉઠી પુત્ર પ્રહ્લાદના વક્ષઃસ્થળ (છાતી) ઉપર પ્રહાર કર્યો. ૫૦. અને પોતાના પુત્રનું ભાષણ અસહ્ય હોવાથી ક્રોધવડે જાણે બળતો હોય નહિં શું ? તેમ હમણા સર્વ જગત્નો સંહાર કરશે એવી ભ્રાંતિથી તેણે ક્રોધથી હાથવડે હાથ દબાવી દૈત્યોને આ પ્રમાણે કહેવા લાગ્યો. ૫૧.

હિરણ્ય કશ—હે વિપ્રચિત્તિ ! હે રાહુ ! હે બળ ! આને દ્રઢતાપૂર્વક નાગપાશથી બાંધી મહાસમુદ્રમાં ફેંકીદો. જરા વિલંબ ન કરો. ૫૨. એમ નહિં કરશો. તો આ સર્વ લોક, દૈત્ય, અને દાનવ, આ મુર્ખ દુરાત્માના અનુયાયિ બનશે. ૫૩. મેં તથા અન્ય જનોએ ઘણીવાર ના કહી છતાં આ પાપી શત્રુની સ્તુતિ કરે છે માટે એનો વધ કરવો એજ કલ્યાણકારક છે. ૫૪.

પરાશર કહે છે—ત્યારપછી તે દૈત્યોએ પોતાના રાજાની આજ્ઞા માન્ય કરી તરત પ્રહ્લાદને નાગપાશથી બાંધી સમુદ્રના જળમાં ફેંકી દીધો. ૫૫. જળમાં પડેલા પ્રહ્લાદ જ્યારે હાલતા હતા ને વખતે મહાસમુદ્ર ચંચળ તથા ક્ષોભીત થઈ ખળભળવા લાગ્યો. ૫૬. હે મહા બુદ્ધિશાળી મૈત્રેય ! ક્ષોભિત સમુદ્ર જળથી

આ તમામ ભુલોંક બુડી જવા લાગ્યો, અર્થાત્ પૃથ્વી જળમય થઈ ગઈ છે એમ જોઇ હિરણ્યકશિપુ દૈત્યોને આ પ્રમાણે કહેવા લાગ્યો. ૫૭. હે દૈત્યગણ ! તમે સમુદ્રમાં જરાપણ છીદ્ર ન રહેવા પામે એમ પર્વતોને નાંખી, એ દુર્બુદ્ધિ પ્રહ્લાદને અંદર પુરી નાંખો. ૫૮. એને અગ્નિ બાળી શકતો નથી, શસ્ત્રથી નાશ પામતો નથી, અથવા સર્પ, વાયુ, વિષ, કૃત્યા, માયા, અને દિગ્ગજોથી પણ એનો ક્ષય થયો નહિં તેમજ ઉંચા પ્રાસાદ ઉપરથી નીચે નાંખ્યો છતાં એનો નાશ ન થયો. આ બાળક ઘણો દુષ્ટ મનનો છે. માટે એને જીવાડવાથી કંઈપણ ફળ નથી. ૫૯. ૬૦. એને સમુદ્રના જળમાં પર્વતની નીચે એક હજાર વર્ષ સુધી દબાવી નાખશો તો એ દુર્બુદ્ધિ પ્રાણ ત્યાગ કરશે. ૬૧. ત્યારપછી તેના કહેવા પ્રમાણે એ દૈત્ય દાનવોએ મહાજળમાં પડેલા પ્રહ્લાદ ઉપર મોટા મોટા પર્વતો નાંખી એક હજાર યોજનનો સમુદ્ર ઢાંકી દીધો. ૬૨. ત્યાં એ મહા બુદ્ધિશાળી પ્રહ્લાદ પોતાના આન્હિક ભોજન આદિના સમયમાં એકાગ્ર અંતઃકરણ કરી શ્રી વિષ્ણુની સ્તુતિ કરવા લાગ્યો. ૬૩.

પ્રહ્લાદ કહેછે—હે પુંડરીકાક્ષ ! તમને નમસ્કાર કરું છું. હે પુરૂષોત્તમ ! તમને નમસ્કાર કરું છું. હે સર્વલોકમાં આત્મસ્વરૂપે નિવાસ કરનાર ! તમને નમસ્કાર કરું છું. હે તીક્ષ્ણ ચક્ર ધારણ કરનાર તમને નમસ્કાર કરું છું. ૬૪. ગૌ બ્રાહ્મણનું હિત કરનાર બ્રહ્મણ્યદેવને નમસ્કાર કરું છું. જગત્નું કલ્યાણ કરનાર કૃષ્ણને નમસ્કાર કરું છું. ગોવીંદને નમસ્કાર કરું છું. ૬૫. બ્રહ્મદેવનું સ્વરૂપ ધારણ કરી જગત્ને ઉત્પન્ન કરનાર, જગત્ની સ્થીતિમાં પાલન કરનાર વિષ્ણુ, અને કલ્પને અંતે નાશ કરનાર રૂદ્ર, એવી ત્રીમૂર્ત્તીને નમસ્કાર કરું છું. ૬૬. હે અચ્યુત ! દેવ, યક્ષ, રાક્ષસ, નાગ સિદ્ધ, ગાંધર્વ, કિન્નર, પિશાચ, દૈત્ય, મનુષ્ય, પશુ, પક્ષી, વૃક્ષાદિ સ્થાવર, કીડી, અને સર્પ, આદિ પ્રાણીઓ, તથા ભૂમી, જળ, અગ્ની, આકાશ, વાયુ, શબ્દ. સ્પર્શ રસ, રૂપ, ગંધ, મન, બુદ્ધિ, આત્મા, (અહંકાર,) કાળ, અને સત્વાદિ ત્રણ ગુણ, એ સર્વનું મૂળકારણ તમે છો, અને એ તમામ પદાર્થ પણ તમે છો. ૬૭. ૬૮. ૬૯. વિદ્યા, અવિદ્યા સત્ય, અસત્ય, વિષ, અને અમૃત, એ સર્વ તમારી વિભૂતીછે. વેદમાં કહેલુ પ્રવૃત્તિ સંજ્ઞક અને નિવૃત્તિ સંજ્ઞક કર્મ પણ તમેજ છો. ૭૦ હે વિષ્ણુ ! તમે સર્વ કર્મના ભોક્તા છો તથા સર્વ કર્મના સાધન અને સર્વ કર્મના ફળરૂપ પણ તમે છો. ૭૧, હે પ્રભુ ! મારામાં, અન્ય પ્રાણીઓમાં, અને તમામ ભૂવનમાં તમારા ઐશ્વર્ય ગુણ સૂચક વ્યાપ્તિ છે. ૭૨. યોગીન્નો તમારૂં ધ્યાન કરે છે. યજ્ઞ કરનારાઓ તમારી પૂજા કરે છે. દેવ, અને પિતૃનું રૂપ ધારણ કરનાર તમે છો તેમ હવ્યકવ્યના ભોક્તા પણ તમે છો. ૭૩. હે ઇશ ! આ બ્રહ્માંડ તમારૂં સ્થુળ રુપછે. એમાં દેખાનારું આ જગત્ આપનું સૂક્ષ્મ રૂપ છે તેમાં પણ, જરાયુ, સ્વેદજ, ઉદ્ભિજ, અને અંડજ, વિગેરે પ્રાણીઓ આપનું અત્યંત સૂક્ષ્મ સ્વરૂપ છે. ૭૪. એના મધ્યમાં તમારા ઘણા સૂક્ષ્મરૂપ અંતરા-

ત્મારૂપે આપ છો. તેનાથી ભીન્ન અને સ્થૂળ સૂક્ષ્મ આદિ વિશેષણથી અગોચર જે કંઈ અચીંત્ય પરમાત્મ સ્વરૂપ છે એવા અનીર્વચનીય પારમાર્થીક પુરૂષોત્તમ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું. ૭૫. હે સર્વાત્મન્! હે સુરેશ્વર! સર્વ પ્રાણીઓના મધ્યમાં સત્વાદિ ત્રણ ગુણનો આશ્રય કરનારી તમારી અપરા અર્થાત્ જડશક્તિ છે, એ શાશ્વત પ્રકૃતિને હું નમસ્કાર કરૂં છું. ૭૬. જે વાણી અને મન એ બન્નેથી અગોચર અવિશેષણ અર્થાત્ જાતી, ગુણ આદિ વિશેષણ રહિત કેવળ જ્ઞાનશક્તિ ઉપર અનુમાન કરી જાણવામાં આવનારી તમારી પરા(ચિત્ શક્તિ) નામની ઈશ્વરી શક્તિને હું નમસ્કાર કરૂં છું. ૭૭. જે પરમાત્મા વગર કંઈ નથી અને જે અખિલ જગત્ વગર સૃષ્ટિ, સ્થિતિ, પ્રલયના કર્ત્તા છે એવા પ્રણવસ્વરૂપ વાસુદેવને હું નિરંતર પ્રણામ કરૂં છું. ૭૮. જેનું નામ, રૂપ ન હોવાથી જે અદ્વિતીય છે, અને જે અસ્તિત્વ માત્રથી પ્રાપ્ત થાય છે. એવા મહાત્માને હું વંદન કરૂં છું. ૭૯. જે દેવતાઓને આપના પારમાર્થીક સ્વરૂપનું જ્ઞાન ન હોવાથી તેઓ તમારા મત્સ્યાદિ અવતારોના સ્વરૂપનું અર્ચન કરે છે એવા પરમાત્માને હું વારંવાર પ્રણામ કરૂં છું. ૮૦. જે ઈશ્વર તમામ જગત્ના અંતઃકરણમાં વાસ કરી તેઓના શુભાશુભ કર્મનું અવલોકન કરે છે. તે સર્વસાક્ષી (જ્ઞાતા) ભૂત પરમેશ્વર શ્રીવિષ્ણુને હું વંદન કરૂં છું. ૮૧. આ જગત્ જેનાથી જુદું નથી, એવા શ્રીહરિ મારા ઉપર પ્રસન્ન થાઓ. જેના થકી આ તમામ જગત્ ઉત્પન્ન થયું છે એવા નિર્વિકાર ધ્યાન કરવા યોગ્ય શ્રીવિષ્ણુને હું નમસ્કાર કરૂં છું. ૮૨. જે અવિનાશી અને અક્ષય પરમાત્મા આ વિશ્વમાં ઓતપ્રોત થઈને રહ્યા છે તે તમામ જગત્ના આધારભૂત શ્રીહરિ મારી ઉપર પ્રસન્ન થાઓ. ૮૩. સર્વને નમસ્કાર કરૂં છું. જેને વિષે આ વિશ્વ છે. જેના થકી આ વિશ્વ ઉત્પન્ન થયું છે, જે સર્વ વિશ્વરુપ છે, અને જેને વિષે આ અખિલ વિશ્વ લય પામે છે, તે પરમાત્માને હું વારંવાર નમસ્કાર કરૂં છું. ૮૪. જે અનંત સર્વત્ર વર્ત્તમાન છે તેથી હું પણ સર્વ સ્વરૂપથી વિદ્યમાન્ છું મારાથકી આ સર્વ વિશ્વ ઉત્પન્ન થયું છે, અને સનાતનરૂપ હું તે મારેવિષેજ આ તમામ વિશ્વ છે. ૮૫. સૃષ્ટિની પહેલાં અક્ષય, સદોદિત એકરૂપ હોનાર, અને આત્મસંશ્રય અર્થાત્ કેવળ પોતાનાજ આશ્રય ઉપર રહેનાર પરમાત્મા હું છું. સૃષ્ટિના આરંભમાં બ્રહ્મ એવું નામ ધારણ કરનાર હું છું, અને સૃષ્ટિના અંતમાં પરમ પુરૂષરૂપ પરમાત્મા પણ હુંજ છું. ૮૬.

अहमेवाक्षयो नित्यः परमात्मात्मसंश्रयः ॥
ब्रह्मसंज्ञोहमेवाग्रे तथांते च परः पुमान् ॥ ८६ ॥

ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે પ્રથમ અંશે એકોનવિંશો અધ્યાય સંપૂર્ણ.

ત્મારૂપે આપ છો. તેનાથી ભીન્ન અને સ્થૂળ સૂક્ષ્મ આદિ વિશેષણથી અગોચર જે કંઈ અચીંત્ય પરમાત્મ સ્વરૂપ છે એવા અનીર્વચનીય પારમાર્થીક પુરૂષોત્તમ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું. ૭૫. હે સર્વાત્મન્! હે સુરેશ્વર! સર્વ પ્રાણીઓના મધ્યમાં સત્વાદિ ત્રણ ગુણનો આશ્રય કરનારી તમારી અપરા અર્થાત્ જડશક્તિ છે, એ શાશ્વત પ્રકૃતિને હું નમસ્કાર કરૂં છું. ૭૬. જે વાણી અને મન એ બન્નેથી અગોચર અવિશેષણ અર્થાત્ જાતી, ગુણ આદિ વિશેષણ રહિત કેવળ જ્ઞાનશક્તિ ઉપર અનુમાન કરી જાણવામાં આવનારી તમારી પરા(ચિત્ શક્તિ) નામની ઈશ્વરી શક્તિને હું નમસ્કાર કરૂં છું. ૭૭. જે પરમાત્મા વગર કંઈ નથી અને જે અખિલ જગત્ વગર સૃષ્ટિ, સ્થિતિ, પ્રલયના કર્ત્તા છે એવા પ્રણવસ્વરૂપ વાસુદેવને હું નિરંતર પ્રણામ કરૂં છું. ૭૮. જેનું નામ, રૂપ ન હોવાથી જે અદ્વિતીય છે, અને જે અસ્તિત્વ માત્રથી પ્રાપ્ત થાય છે. એવા મહાત્માને હું વંદન કરૂં છું. ૭૯. જે દેવતાઓને આપના પારમાર્થીક સ્વરૂપનું જ્ઞાન ન હોવાથી તેઓ તમારા મત્સ્યાદિ અવતારોના સ્વરૂપનું અર્ચન કરે છે એવા પરમાત્માને હું વારંવાર પ્રણામ કરૂં છું. ૮૦. જે ઈશ્વર તમામ જગત્ના અંતઃકરણમાં વાસ કરી તેઓના શુભાશુભ કર્મનું અવલોકન કરે છે. તે સર્વસાક્ષી (જ્ઞાતા) ભૂત પરમેશ્વર શ્રીવિષ્ણુને હું વંદન કરૂં છું. ૮૧. આ જગત્ જેનાથી જુદું નથી, એવા શ્રીહરિ મારા ઉપર પ્રસન્ન થાઓ. જેના થકી આ તમામ જગત્ ઉત્પન્ન થયું છે એવા નિર્વિકાર ધ્યાન કરવા યોગ્ય શ્રીવિષ્ણુને હું નમસ્કાર કરૂં છું. ૮૨. જે અવિનાશી અને અક્ષય પરમાત્મા આ વિશ્વમાં ઓતપ્રોત થઈને રહ્યા છે તે તમામ જગત્ના આધારભૂત શ્રીહરિ મારી ઉપર પ્રસન્ન થાઓ. ૮૩. સર્વને નમસ્કાર કરૂં છું. જેને વિષે આ વિશ્વ છે. જેના થકી આ વિશ્વ ઉત્પન્ન થયું છે, જે સર્વ વિશ્વરુપ છે, અને જેને વિષે આ અખિલ વિશ્વ લય પામે છે, તે પરમાત્માને હું વારંવાર નમસ્કાર કરૂં છું. ૮૪. જે અનંત સર્વત્ર વર્ત્તમાન છે તેથી હું પણ સર્વ સ્વરૂપથી વિદ્યમાન્ છું મારાથકી આ સર્વ વિશ્વ ઉત્પન્ન થયું છે, અને સનાતનરૂપ હું તે મારેવિષેજ આ તમામ વિશ્વ છે. ૮૫. સૃષ્ટિની પહેલાં અક્ષય, સદ્દોદિત એકરૂપ હોનાર, અને આત્મસંશ્રય અર્થાત્ કેવળ પોતાનાજ આશ્રય ઉપર રહેનાર પરમાત્મા હું છું. સૃષ્ટિના આરંભમાં બ્રહ્મ એવું નામ ધારણ કરનાર હું છું, અને સૃષ્ટિના અંતમાં પરમ પુરૂષરૂપ પરમાત્મા પણ હુંજ છું. ૮૬.

अहमेवाक्षयो नित्यः परमात्मात्मसंश्रयः ॥
ब्रह्मसंज्ञोहमेवाग्रे तथांते च परः पुमान् ॥ ८६ ॥

ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે પ્રથમ અંશે એકોનવિંશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૨૦ મો.

पराशर उवाच ।। एवंस चिंतयन् विष्णुमभेदेनात्मनो द्विज ।।
तन्मयत्वमवापाऽयं मेने चात्मानमच्युतम् ।। १।।

પરાશર કહેછે—હે મૈત્રેય ! એ પ્રમાણે પોતાની અભેદ બુદ્ધિ પ્રમાણે શ્રીવિષ્ણુનું ધ્યાન કરતાં કરતાં તે અતીશય તન્મય બનીગયેા અને પોતેજ શ્રીવિષ્ણુ છે એમ સમજવા લાગ્યેા. ૧. અવિનાશી અને અનંત પરમેશ્વર તે હુંજ છું એમ પોતાના દેહનું ભાન પણ ભુલી ગયેા હતેા. પરમેશ્વર વગર બીજું કંઇ જાણી શકયેા નહિં એવું એ પ્રહ્લાદે ધ્યાન કર્યું હતું. ૨. આવી તેની ભાવનાના યેાગથી તેના તમામ પાપનેા ક્ષય થઇ અનુક્રમે અંતઃકરણની શુદ્ધિ થઇ તેનેવિષે જ્ઞાનસ્વરૂપ શ્રી વિષ્ણુ પ્રગટ થયા. ૩. હે મૈત્રેય ! પ્રહ્લાદ અસુરના યેાગ પ્રભાવથી વિષ્ણુમય થવાથી તેના નાગપાશ રૂપ બંધન તત્કાળ નષ્ટપ્રાય થઇ ગયાં. ૪. અને એ મહાસાગર ક્ષેાભિત થવાથી તેમાં વાસકરનાર મકરાદિ જળચર પ્રાણીઓ આમતેમ ભ્રમણ કરવા લાગ્યા તથા તરંગયુક્ત સમુદ્ર ચંચળ થવાલાગ્યેા અને મેાટા મેાટા અરણ્ય તથા પર્વતેાએ સહવર્ત્તમાન પૃથ્વી પણ ડેાલવા લાગી. ૫. ત્યારપછી મહા બુદ્ધિમાન્ પ્રહ્લાદ પેાતાના ઉપર દૈત્યેાએ નાંખેલા પર્વતના સમૂહને ફેંકીદઈ બહાર નીકલ્યેા. ૬. ત્યારપછી આકાશ આદિ ચિન્હેાથી યુક્ત આ જગત્ને જોઈ ' હું પ્રહ્લાદ છું ' એમ ફરીથી પેાતાના અંતઃકરણમાં સમજ્યેા. ૭. અને જેણે પેાતાની વાણી, શરીર અને મન વિગેરેનેા નિગ્રહ કર્યેા છે એવા તે બુદ્ધિમાન્ પ્રહ્લાદ એકાગ્ર અંતઃકરણવડે અવ્યગ્ર મન, વચન અને શરીરથી તે અનાદિ પરમાત્માની ફરીથી સ્તુતી કરવા લાગ્યેા. ૮

પ્રહ્લાદ સ્તુતિ કહેછે—હે પરમાર્થ જ્ઞાન સ્વરૂપ ! સૃષ્ટિ, સ્થિતિ, પ્રલય આદિના કર્ત્તા તમને નમસ્કાર કરૂંછું. હે અર્થ ! (દ્રશ્યરૂપ) તમને પ્રણામ કરૂંછું. હે સ્થૂળ (જાગ્રતદ્રશ્ય રૂપ) તમને નમસ્કાર કરૂંછું. હે સૂક્ષ્મ ! (સ્વપ્નદર્શન રૂપ !) તમને નમન કરૂંછું. હે ક્ષર ! (કાર્ય કારણ રૂપ !) તમને નમસ્કાર છે, હે અક્ષર ! તમને નમસ્કાર છે, હે વ્યકત ! હે અવ્યકત ! હે કલાતીત ! (નિરવયવ) હે સકલ ! (સાવયંવ) હે ઇશ ! (નિયામક) હે નિરંજન ! (નિર્લેપ) તમને પ્રણામ કરૂંછું. ૯. હે ગુણાંજન ! (પેાતાની સત્તા અને પ્રકાશથી સઘળા ગુણને રમાડનાર) હે ગુણાધાર ! હે નિર્ગુણાત્મક ! હે ગુણસ્થિર ! હે મૂર્ત્ત ! (પૃથ્વી, અપ, તેજ,) હે અમૂર્ત્ત ! (વાયુ આકાશ) હે મહામૂર્તિ ! હે સૂક્ષ્મમૂર્તિ હે સ્ફુટ ! (ભક્તેાની સાનીધ્ય દેખાનારૂં પ્રકાશ સ્વરૂપ) હે અસ્ફુટ ! (બીજાના પક્ષમાં અપ્રકાશસ્વરૂપ) આપને હું નમસ્કાર કરૂંછું. ૧૦. હે કરાલરૂપ ! (ભયંકર) તમને નમસ્કાર કરૂંછું. હે સૌમ્ય રુપ ! હે આત્મ સ્વરૂપ !

* આ વીશમા અધ્યાયમાં સમાધીગત પ્રહ્લાદના તમામ કર્મ બંધન નષ્ટ થયા પછી ભગવાન્ ત્યાં પ્રગટ થઈ એને વરદાન આપી અંતર્ધ્યાન થઈ જશે એ કથા કહેવામાં આવશે.

હે વિદ્યા અવિદ્યામય ! (સત્ય મિથ્યા જ્ઞાન સ્વરૂપ) હેઅચ્યુત ! હેસત્ અસત્ રૂપ (પ્રત્યક્ષ, અપરોક્ષ) સદ્‌ભાવ ! હે સદસદ્ ભાવભાવન્ ! (કાર્યકારણના પાલક) તમને હું નમસ્કાર કરૂંછું. ૧૧. હે નિત્યાનિત્યપ્રપંચાત્મન્ ! (કાર્ય કારણમાં પ્રપંચ રૂપ વસ્તુતઃ પ્રપંચ વગરના) તમને નમસ્કાર કરૂંછું. હે અમલાશ્રિત ! (જ્ઞાનીયોના આશ્રિત) હે એક ! હે અનેક ! હે વાસુદેવ ! હે આદિકારણ ! આપને નમસ્કાર કરૂંછું. ૧૨. જે સ્થૂળ, સૂક્ષ્મ, પ્રકટ (પ્રકાશિત) અને પ્રકાશ (ચિદ્રુપહેતુ) છે. જે સર્વ પ્રાણીમાત્રરૂપ છે અનેજે સર્વ પ્રાણીમાત્રથી જુદા છે. જેનાથી આ જગત્ ઉત્પન્ન થયું છે છતાં એ જગત્‌ના કારણ નથી તે પરમાત્માને હું પ્રણામ કરૂંછું. ૧૩.

પરાશર કહેછે—જે વખતે પ્રહ્‌લાદ પરમાત્માને વિષે એકાગ્ર અંતઃકરણ કરી આ પ્રકારે સ્તુતિ કરતો હતો તે વખતે દેવના દેવ પિતાંબર ધારણ કરનાર શ્રીહરી ત્યાં પ્રગટ થયા. ૧૪. હેદ્વિજ ! એ પરમાત્માને જોતાંજ સંભ્રમ સહિત ઉભો થઇ ગદ્‌ગદ વાણીથી 'વિષ્ણુને નમસ્કાર કરૂં છું' એ પ્રકારે વારંવાર કહેવા લાગ્યો. ૧૫. હે શરણાગતના દુઃખના નાશ કરનાર ! હે કેશવ ! મારી ઉપર પ્રસન્ન થાઓ. અને હે અવિનાશી ! મારા ઉપર કૃપા દ્રષ્ટિ રાખી મને વારંવાર દર્શન આપી પવિત્ર કરો. ૧૬.

શ્રી ભગવાન કહેછે—અનન્ય ભાવથી તેં મારી ભક્તિ કરી છે તેથી હું તારી ઉપર પ્રસન્ન થયો છું. માટે હે પ્રહ્‌લાદ ! તારે જે ઇચ્છા હોય તે 'વરદાન' મારી પાસે માગ ૧૭.

પ્રહ્‌લાદ કહેછે—હે નાથ! હે અચ્યુત ! જે જે હજારો યોનિમાં હું અવતાર ધારણ કરૂં છું તે તે દેહવડે તમારે વિષે મારી એકાંતિક ભક્તિ પ્રાપ્ત થાય. ૧૮. જેમ અજ્ઞાની મનુષ્યો વિષય ભોગમાં અત્યંત દ્રઢ પ્રિતી રાખે છે તેમ તમારા સ્મરણમાં આસક્ત હોનાર મારિ દ્રઢ પ્રીતિ મારા અંતઃકરણમાંથી દુર ન થઇ શકે. ૧૯.

શ્રી ભગવાન કહેછે—હે પ્રહ્‌લાદ! મારે વિષે જે તારી ભક્તિ થઇછે તે અન્ય જન્મમાં પણ એવીને એવીજ રહેશે. હવે જેવી તારી ઇચ્છા હોય તેવું 'વરદાન' મારી પાસેથી માગીલે. ૨૦.

પ્ર૦ કહેછે— હે દેવ ! હું તમારી સ્તુતિ કરવાને તત્પર થયો તે વખતે મારા પિતાએ મારી ઉપર દ્વેષ કર્યો હતો તેથી તેને જે પાપ થયું હોય તેનો એકદમ નાશ કરો. ૨૧. એની આજ્ઞાથી મારી ઉપર શસ્ત્રોના પ્રહાર થયા હતા, મને અગ્નીમાં નાંખ્યો હતો, સર્પોએ દંશ કર્યો હતો, મારા ખાવાના અન્નમાં વિષ નાંખ્યુ હતું. ૨૨. મને બાંધીને સમુદ્રમાં નાંખ્યો હતો, તથા મોટા મોટા પર્વતોવડે મને ઢાંકી દીધો હતો, અને તમારી ભક્તિ કરવાથી મારી ઉપર જે એણે અત્યાચાર કર્યા છે તેનાથી પાતક થયું હોય તે હે પ્રભુ ! આપની કૃપાવડે મારા પિતા તે પાપમાંથી જલ્દી છુટી જાય. ૨૩. ૨૪.

શ્રી ભગવાન કહેછે—હે પ્રહ્‌લાદ ! મારી પ્રસન્નતાવડે તારા સર્વ મનોરથ

સિદ્ધ થશે. હે અસુરબાળક! તને એક બીજું વરદાન આપું છું તે અભિષ્ટ વરદાન મારી પાસેથી માંગી લે. ૨૫.

પ્રહ્લાદ કહેછે—હે ભગવાન્! આપના આ વરદાનથીજ હું કૃત કૃત્ય થયો છું. કારણકે તમારી કૃપાવડે આપમાં મારી અચળ ભક્તિ પ્રાપ્ત થશે. ૨૬. સર્વ જગત્ના કારણભૂત હોનાર આપને વિષે જેની દ્રઢ ભક્તિ છે તેને ધર્મ, અર્થ અને કામનું શું પ્રયોજન છે? કારણકે મુક્તિ તો આપના હાથમાંજ છે. ૨૭.

શ્રી ભગવાન કહેછે—જે કારણ માટે તારૂં અંતઃકરણ મારામાં નિશ્ચળ ભક્તિયુક્ત થયું છે, તે મારી પ્રસન્નતાવડે તને સર્વોત્કૃષ્ટ નિર્વાણપદ (મોક્ષપદ) પ્રાપ્ત થશે. ૨૮.

પરાશર કહેછે—હે મૈત્રેય! વિષ્ણુ એ પ્રમાણે વરદાન આપી તેના દેખતાંજ અંતર્ધ્યાન થયા. અને એ પ્રહ્લાદજીએ પણ ફરીથી તેના પિતાના ચરણમાં મસ્તક નમાવિ નમસ્કાર કર્યા. ૨૯. હિરણ્યકશિપુ એ પિડીત પુત્રનું મસ્તક સુંઘી તથા આલીંગન કરી આંખોમાં આંસુ ભરી બોલ્યો 'હે બાળક તું હજુ જીવતો છે'? ૩૦. ત્યારપછી અસુરેશ્વર એની ઉપર પ્રસન્ન થયો. અને પોતે કરેલા અસત્ વ્યવહારથી પશ્ચાત્તાપ કરવા લાગ્યો. તથા એ ધર્મજ્ઞ પ્રહ્લાદ પોતાના ગુરુની અને પિતાની સેવા કરવા લાગ્યો. ૩૧. હે મૈત્રેય! ત્યારપછી વિષ્ણુએ નૃસિંહસ્વરુપ ધારણ કરી એ હિરણ્યકશિપુનો જયારે નાશ કર્યો, ત્યારે એ પ્રહ્લાદ તમામ દૈત્યોનો રાજા થયો. ૩૨. ત્યારપછી ઉપભોગના યોગથી પ્રારબ્ધકર્મનો ક્ષય કરનારી રાજ્યલક્ષ્મી, ઐશ્વર્ય અને ઘણા પુત્ર પૌત્રાદિથી પરિપૂર્ણ ભોગ ભોગવી જયારે એના પ્રારબ્ધ કર્મનો ક્ષય થયો તે વખતે ભગવાનના ધ્યાનવડે તેને મોક્ષની પ્રાપ્તિ થઇ. ૩૩. ૩૪. હે મૈત્રેય! જે વિષયમાં તેં મને પ્રશ્ન કર્યો હતો તે ભગવદ્ભક્ત મહાજ્ઞાની પ્રહ્લાદ આ પ્રકારનો પ્રભાવ સંપન્ન હતો. ૩૫. જે મનુષ્ય આ મહાત્મા પ્રહ્લાદનું ચરિત્ર શ્રવણ કરશે તેના સઘળા પાપ નાશ પામશે. એમાં જરાપણ સંશય નથી. ૩૬. હે મૈત્રેય! જે મનુષ્ય આ પ્રહ્લાદ ચરિત્રનો પાઠ કરે છે અથવા શ્રવણ કરે છે તેના અહોરાત્ર કરેલાં પાતકોનો નિઃસંશય નાશ થાય છે. ૩૭. હે દ્વિજ! પૂર્ણિમા, અમાવાસ્યા, અષ્ટમી અથવા દ્વાદશી આટલા દિવસોએ જે મનુષ્ય પ્રહ્લાદ ચરિત્રનો પાઠ કરશે તેને ગોદાનના ફળની પ્રાપ્તિ થશે. ૩૮. જે પ્રકારે પ્રહ્લાદને સઘળા સંકટમાંથી શ્રી હરીએ બચાવ્યો હતો તેમ સર્વદા પ્રહ્લાદ ચરિત્રનું શ્રવણ કરે છે તેનું પણ એ શ્રી હરિ રક્ષણ કરે છે. ૩૯.

प्रह्लादं सकलापत्सु यथा रक्षितवान् हरिः ॥
तथा रक्षति यस्तस्य शृणोति चरितं सदा ॥३९॥

इति श्री विष्णु पुराणे प्रथम अंशे वीशमो अध्याय संपूर्ण.

* અધ્યાય ૨૧ મો.

पराशर उवाच ॥ संह्लादपुत्रश्चायुष्मान् शिबिर्बाष्कल एवच ॥
विरोचनस्तु प्राह्लादिर्बलिर्जज्ञे विरोचनात् ॥१॥

પરાશર કહેછે—સંહ્લાદને આયુષ્માન્, શિબિ, બાષ્કલ, એ નામના પુત્રો થયા. અને પ્રહ્લાદને વિરોચન નામનો પુત્ર થયો. તે વિરોચનને બલી નામનો પુત્ર થયો. ૧. એ પ્રજાના અધિપતિ બનીને સો પુત્રો થયા તેમાં બાણાસુર સર્વથી મોટો હતો. હિરણ્યકશિપુના ભાઈ હિરણ્યાક્ષને ઉત્કુર, શકુની, ભૂતસંતાપન, મહાનાભ, મહાબાહુ અને કાળ એ નામના ઘણા બળવાન પુત્રો થયા. ૨. ૩. કશ્યપની દનુ નામની સ્ત્રીનેવિષે, દ્વિમૂર્ધા, શંકર, અયોમુખ, શંકુશીરા, કપીલ, શંબર, મહાબાહુ, એકચક્ર, મહાબળ, તારક, સ્વર્ભાનુ, વૃષપર્વા, મહાબળવાન પુલોમા અને પરાક્રમી વિપ્રચિત્તિ એ નામના પુત્રો જન્મ્યા. ૪. ૫. એ સર્વ 'દનુપુત્ર' એ નામથી પ્રખ્યાત છે. એઓમાં સ્વર્ભાનુને પ્રભા નામની કન્યા અને વૃષપર્વાને શર્મીષ્ઠા નામની કન્યા થઇ. ૬. ઉપદાનવી અને હયશીરા એ નામની બે કન્યા પરમ રુપવતી પ્રસિદ્ધ છે. વૈશ્વાનરની બે કન્યા પુલોમા અને કાળકા એ નામની થઇ, એ બે મહાભાગ્યશાળી કન્યા કશ્યપની સ્ત્રીઓ થઇ. એના ગર્ભથકી દાનવોમાં શ્રેષ્ટ એવા સાઠહજાર પુત્રો થયા. ૭. ૮. કશ્યપના એ સઘળા પુત્રો પૌલોમ, અને કાળકેય એ નામથી પ્રસિદ્ધ થયા. એ શીવાય બીજા કેટલાક મહા પરાક્રમી અને અતીશય નિર્દય દાનવો ઉત્પન્ન થયા છે. ૯. હિરણ્યકશિપુની બેન સિંહિકાને વિષે દનુપુત્ર વિપ્રચિત્તિથકી વ્યંશ, શલ્ય, બળવાન, નભ, મહાબળ, વાતાપિ, નમુચી, ઇલ્વલ, ખસ્રમ, અંજક, નરક, કાળનામ, અતીશય પરાક્રમી સ્વર્ભાનુ (રાહુ) અને મહા બળવાન ચક્રયોધી, એ નામના પુત્રો થયા. એ સઘળા દનુના વંશની વૃદ્ધિ કરનાર દાનવમાં શ્રેષ્ટ થયા છે. ૧૦. ૧૧. ૧૨. અને એનાથકી સેંકડો પુત્ર અને હજારો પૌત્રો ઉત્પન્ન થયા છે. અત્યંત તપશ્ચર્યાના યોગથી જેનું અંતઃકરણ સંસ્કારી (આત્મજ્ઞાની) થયું છે એવા પ્રહ્લાદ દૈત્યના વંશમાં નિવાતકવચ નામના દૈત્યગણ ઉત્પન્ન થયા. ૧૩. કશ્યપની તામ્રા નામની સ્ત્રીને વિષે શુકી, શ્યેનિ, ભાસિ, સુગ્રીવિ, શુચી, અને ગ્રધ્રીકા એ નામની મહા સત્વસંપન્ન છ કન્યાઓ ઉત્પન્ન થઈ. એમાં શુકી નામની કન્યાથકી શુક (પોપટ) અને કાગડાઓ ઉત્પન્ન થયા. ૧૪. ૧૫. શ્યેની થકી શેન ઉત્પન્ન થયા, ભાસિથકી ભાસ નામના પક્ષી થયા, ગ્રધ્રીકાથી ગીધ થયા, સુચીથી જળચારી પક્ષી ઉત્પન્ન થયા, અને સુગ્રીવી થકી અશ્વ, ગર્દભ, તથા ઉંટ ઉત્પન્ન થયા. એ સર્વ તામ્રાનો વંશ કહેવાય છે. વિનતા થકી ગરુડ, તથા

* આ એકવીશમા અધ્યાયમાં ફરીથી કશ્યપના વંશનું નિરૂપણ કરવામાં આવશે. કે જેમાં પોતાની માતાના પવિત્રપણાને લીધે વાયુએ તેનું પુત્રપણું સ્વીકાર્યું, એ કથા કહેવાશે.

અરુણ એ નામના ઘણા પરાક્રમી, બળવાન પુત્ર પ્રસિદ્ધ છે. ૧૬. ૧૭. તેમાં સુપર્ણ (ગરુડ) પક્ષીયોમાં શ્રેષ્ટ, ભયંકર, અને સર્પનું ભક્ષણ કરનાર છે. હે બ્રહ્મન્! સુરસાના ગર્ભ થકી ઘણા તેજસ્વી, અનેક મસ્તકવાળા આકાશમાં ફરનાર, અને મહા પ્રભાવશાળી એક હજાર સર્પ ઉત્પન્ન થયા. કદ્રુ થકી બલીષ્ટ એક હજાર સર્પ ઉત્પન્ન થયા. ૧૮. ૧૯. હે બ્રહ્મન્! એ અને અનેક મસ્તકવાળા એ સઘળા ગરુડને આધિન છે. તેઓમાં શેષ, વાસુકી, તક્ષક, શંખ, શ્વેત, મહાપદ્મ, કંબલ, અશ્વતર, ઐલાપત્ર, નાગ, કર્કોટક, અને ધનંજય. ૨૦. ૨૧. એ સઘળા તથા બીજા અનેક સર્પોમાં ભયંકર દંશનશીલ સર્પ, સ્વભાવથી ક્રુર અને વિષ થકી યુક્ત ઉત્પન્ન થયા છે. ક્રોધવશા સ્ત્રીથકી દંષ્ટ્રિણ રાક્ષસ, તથા સર્પ અને માંસ ભક્ષણ કરનાર સ્થળચર જળચર પક્ષીઓ ઉત્પન્ન થયા છે. ક્રોધવશાથકી મહા બળવાન પીશાચગણ પણ ઉત્પન્ન થયા. સુરભીથકી ગાય, ભેંસની ઉત્પત્તિ થઈ. ૨૨. ૨૩. ઈરા નામની સ્ત્રીથકી વૃક્ષ, લતા, વેલી, સર્વ પ્રકારના ઘાસ વિગેરે ઉત્પન્ન થયા. ખસા નામની સ્ત્રીથકી યક્ષ, રાક્ષસ, મુનિ, અને અપ્સરાઓ ઉત્પન્ન થઇ. ૨૪. અત્યંત સત્વગુણી અરીષ્ટાથકી ગંધર્વ ઉત્પન્ન થયા. એ સઘળા સ્થાવર, જંગમ કશ્યપનો વંશ કહેવાય છે. ૨૫. એ સઘળાઓને સેંકડો પુત્રો અને હજારો પૌત્રો ઉત્પન્ન થયા હતા. હે મૈત્રેય! આ પ્રમાણે અહીં વર્ણવેલી તમામ સૃષ્ટિ સ્વારોચીષ નામના મન્વંતરનેવિષે થઈ ગઈ છે. ૨૬. વૈવસ્વત નામના મન્વંતરનેવિષે વરુણે કરેલા મોટા યજ્ઞમાં હોમ કરનાર બ્રહ્માએ તે વખતે જે પ્રકારની પ્રજા ઉત્પન્ન કરી તે હું તને કહું છું. ૨૭. પિતામહ બ્રહ્માએ પ્રથમ જે સપ્તઋષિઓને મનથકી ઉત્પન્ન કર્યા હતા. તે સમયે એ માનસ પુત્રોની પોતે પોતાના પુત્ર પ્રમાણે કલ્પના કરી. ૨૮. હે સાધુશ્રેષ્ટ! પૂર્વે ગંધર્વ, સર્પ, દેવ અને દાનવ, એઓમાં પરસ્પર કલેશ થવાથી દિતિના તમામ પુત્રો નાશ પામ્યા. ત્યારપછી દિતિ કશ્યપ મુનીને પ્રસન્ન કરવા લાગી. ૨૯. દિતિએ સર્વોત્તમ પ્રકારે આરાધન કરવાથી પ્રસન્ન થઇ તે ઋષિવર કશ્યપે તેને વરદાન માંગવાનું કહ્યું. તે વખતે તેણે અત્યંત બળવાન પરાક્રમી ઈંદ્રનો વધ કરી શકે એવો એક સમર્થ પુત્ર માંગ્યો. હે મુનિસત્તમ! તે સમયે એ ઋષિવરે પોતાની પત્નિને આ પ્રકારે 'વરદાન' આપ્યું. ૩૦. ૩૧. કશ્યપમુનિ અત્યંત ઉગ્ર વરદાન આપી તેને આ પ્રમાણે કહેવા લાગ્યા. "જો તું શ્રીવિષ્ણુનું આરાધન કરી ઈંદ્રિયોનો નિગ્રહ કરી પવિત્રતા રાખી સો વર્ષ સુધી ગર્ભ ધારણ કરશે તો તારો પુત્ર ઈંદ્રનો વધ કરશે." કશ્યપમુની આ પ્રમાણે બોલી તે દીવ્ય સ્ત્રી દિતિ સાથે સંગમ કર્યો. ૩૨. ૩૩. તે દિતિએ પણ ઉત્તમ પ્રકારે પવિત્રતા ધારણ કરી ગર્ભ ધારણ કર્યો. ત્યાર પછી દેવતાઓના રાજા ઈંદ્રે આ ગર્ભ મારા વધને માટે ધારણ કરેલો છે એમ જાણી નમ્રતાપૂર્વક અને સેવાપરાયણ દિતિની પાસે આવ્યો અને તેના નિયમ ભંગરૂપ છીદ્ર તપાસવા લાગ્યો. ૩૪. ૩૫. એમ કરતાં કરતાં નવાણું વર્ષ પર્યંત તે દિતિ પોતાના નિયમમાં સાવધાન

રહી. ત્યારપછી એક દીવસ તે દિતિ પોતાના પગ ધોયા વગર શયન ઉપર સુતી હતી. આ પ્રમાણે છીદ્ર જોઇ ઈંદ્ર વજ્ર લઈ તેના ઉદરમાં સૂક્ષ્મરૂપે પેઠો, અને તે ગાઢ નિંદ્રામાં હતી તે વખતે પોતાના વજ્રવડે તે મહાગર્ભના સાત કટકા કર્યા. જે વખતે ઈંદ્ર વજ્ર થકી તેના કટકા કરતો હતો તે વખતે તે ગર્ભ અત્યંત દારુણ શબ્દથી રૂદન કરવા લાગ્યો. ઈંદ્રએ તેને 'રુદન ન કરો. એમ વારંવાર કહ્યું. ૩૬. ૩૭. ૩૮. તે ગર્ભના સાત કટકા થયા છે છતાં ફરીથી ક્રોધ કરી તે ઈંદ્રએ અરિ વિદારણ વજ્રવડે એક એક કટકાના સાત સાત કટકા કર્યા. ૩૯. ત્યારપછી એ સઘળા મરુત્ નામના અત્યંત વેગવાળા દેવતાઓ થયા. આગળ ઈંદ્રએ તેને કહ્યું હતું કે 'મારોદ્ગી' અર્થાત્ રુદન ન કરો, એટલાજ માટે એ મરુત્ નામથી પ્રખ્યાત થયા. એ ઓગણપચાશ દેવ વજ્ર ધારી ઈંદ્રને સહાય કરનારા થયા. ૪૦.

मरुतोनाम देवास्ते बभूवुरतिवेगिनः ॥
यदुक्तं वै मघवता तेनैव मरुतोऽभवन् ॥
देवा एकोनपंचाशत्सहाया वज्रपाणिनः ॥ ४० ॥

ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે પ્રથમ અંશે એકવીશમો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૨૨ મો.

पराशरउवाच ॥ यदाभिषिक्तः स पृथुः पूर्वं राज्ये महर्षिभिः ॥
ततः क्रमेण राज्यानि ददौ लोक पितामहः ॥ १॥

પરાશર કહે છે—પૂર્વે મહર્ષિઓએ પૃથુરાજાને રાજ્ય ઉપર અભિષેક કર્યો ત્યાર પછી લોક પિતામહે (બ્રહ્માએ) અનુક્રમથી (એક પછી એક એમ સઘળાને) રાજ્ય આપ્યું છે. ૧. બ્રહ્માએ નક્ષત્ર, ગ્રહ, બ્રાહ્મણ, સર્વ પ્રકારની વેલી, યજ્ઞ, અને તપશ્ચર્યા; એઓના રાજ્ય ઉપર સોમની સ્થાપના કરી. ૨. કુબેરને રાજાઓના અધિપતિ કર્યા. જયના રાજ્ય ઉપર વરુણને બેસાડયા, વિષ્ણુને આદિત્ય ગણના અધિપતી બનાવ્યા, અને અગ્નીને વસુગણોના રાજ્યના પતિ કર્યા. ૩. દક્ષને પ્રજાપતિઓના રાજા બનાવ્યા ! ઈંદ્રને મરુત્ના પ્રભુ બનાવ્યા, પ્રહ્લાદને દૈત્ય તથા દાનવોના અધિપતિ કર્યા. ૪. પિતૃઓના રાજ્ય ઉપર ધર્મરાજ યમને અભિષેક કર્યો. ઐરાવતને અસંખ્ય ગજેંદ્રનો રાજા કર્યો. ૫. ગરુડને તમામ પક્ષીઓનો રાજા બનાવ્યો. દેવતાઓનો રાજા ઈંદ્ર કહેવાયો. ઉચ્ચૈઃશ્રવાને તમામ ઘોડાઓનો અધિપતિ બનાવ્યો. શંકરના વાહન વૃષભને ગાય અને બળદનો રાજા કર્યો. ૬. શેષને નાગના રાજા કર્યા, સિંહને

આ બાવીસમાં અધ્યાયમાં આસૃષ્ટિને વિષે પૃથુ આદી રાજાઓએ કેવી રીતે પૃથ્વી ઉપર રાજ્ય કર્યું તે તથા ભગવાનની વિભૂતિનું વર્ણન વિગેરે કથા કહેવામાં આવશે.

મૃગનો ઇશ્વર બનાવ્યો અને વનસ્પતિઓના રાજ્ય ઉપર પ્લક્ષ. (પીપળા) નો અભિષેક કર્યો. ૭. હે મૈત્રેય ! પ્રજાઓનાપતિ બ્રહ્માએ એ પ્રકારે સર્વ રાજ્યના વિભાગ કરીને દિક્પાલોને સઘળી દીશાઓમાં સ્થાપન કર્યા. ૮. તેણે વૈરાજ નામના પ્રજાપતિનો કાંતિમાન્ પુત્ર સુધન્વાને પૂર્વ દીશાના દીક્પાલ બનાવ્યા. ૯. કર્દમ નામના પ્રજાપતિનાપુત્ર શંખપદને દક્ષણ દીશામાં અભિષેક કર્યો ૧૦. રજસ નામના પ્રજાપતિના પુત્ર અક્ષય નામના મહાત્મા કેતુમંતને પશ્ચિમ દીશાના રાજ્ય ઉપર અભિષેક કર્યો. ૧૧. અને પર્જન્ય નામના પ્રજાપતિના પુત્ર શત્રુઓ વડે પરાજીત થવામાં અશક્ય એવા હિરયણ્યરોમાને ઉત્તર દીશામાં રાજ્યાભિષેક કર્યો. ૧૨. એ સઘળા અદ્યાપિ સુધિ આ સાત દ્વીપવાળી તથા અનેક નગરોથી યુક્ત તમામ પૃથ્વીનું પોતાના પ્રદેશના વિભાગ પ્રમાણે ધર્મપ્રમાણે પરીપાલન કરેછે. ૧૩ હે મુનિ સત્તમ ! એ સઘળા તથા બીજા પણ જે રાજાઓછે તે તમામ જગતૂનું પાલન કરવામાં પ્રવૃત્ત થયેલા મહાત્મા વિષ્ણુની વિભૂતિ સ્વરુપ કહેવાયછે. ૧૪. હે દ્વિજોત્તમ! પૂર્વે થઇ ગયા, અને હવે પછી જે થવાના છે એવા તમામ પ્રાણીઓ તે સર્વના અધિપતિ શ્રીવિષ્ણુના અંશભૂત છે. ૧૫. જે દેવતાના અધિપતિ, દૈત્યોના રાજા, દાનવ, તથા રાક્ષસના શાસ્તા, જે પશુ પક્ષીઓના પતિ, જે મનુષ્યના રાજા, જે સર્પ, તથા નાગના સ્વામી, જે વૃક્ષોનું પાલન કરનાર છે, જે પર્વતોના સ્વામી, અને જે ગ્રાહોના અધિપતિ છે, જે પૂર્વે થઇ ગયા છે. હમણા જે વિદ્યમાન છે. અને ભવિષ્યમાં જે થવાના છે એ સઘળા સર્વભૂત વિષ્ણુના અંશ થકી ઉત્પન્ન થયા છે એમ જાણવું. ૧૬–૧૭–૧૮. કારણકે હે મહાપ્રાજ્ઞ ! પાલન કરવામાં સમર્થ આ વિશ્વના નિયંતા અને સર્વ જગતની સ્થિતિમાં પ્રવૃત્ત થયેલા એ સર્વેશ્વર શ્રી હરિ શીવાય બીજો કોઇ નથી. ૧૯. ૨૦. રજ સત્વ આદિ ગુણનો આશ્રય કરનાર સનાતન પરમાત્મા ઉત્પત્તિના સમયમાં જગત્ ઉત્પન્ન કરે છે, સ્થિતિકાળમાં તેનું પાલન કરે છે, અને પ્રલય કાળમાં તેનો સંહાર કરેછે. ૨૧. એ જનાર્દન સૃષ્ટિના વિષયમાં ચતુર્વિભાગ પાલન વિષયમાં ચતુર્ધા સ્વરુપ ધારણ કરનાર અને અંતકાળમાં ચતુર્ભેદ યુક્ત થઇને પ્રલય કરે છે. ૨૨. એ અવ્યક્ત મૂર્તિમાન્ એક અંશથકી બ્રહ્મા થાય છે, બીજા અંશથી મરિચીઆદિ પ્રજાપતિ થાય છે. ૨૩. એનો ત્રીજો અંશ કાળ કહેવાયછે. અને તમામ પ્રાણિમાત્ર તેનો અવશેષ રહેલો ચોથો અંશ કહેવાય છે. એ પ્રમાણે રજોગુણનો આશ્રય કરનાર વિષ્ણુ સૃષ્ટિ કાળમાં ચાર પ્રકારે રહે છે. ૨૪. સ્થિતિ કાળમાં એક અંશથી વિષ્ણુ સ્વરુપ ધારણ કરી સત્વગુણવડે સૃષ્ટિનું પાલન કરે છે બીજા અંશ થકી મન્વાદિ સ્વરુપ ધારણ કરેછે. ત્રીજા અંશ થકી કાળ સ્વરુપ ધારણ કરે છે અને ચોથા અંશથી સર્વપાણીમાત્રમાં વાસ કરી. ક્રીડા કરે છે. ૨૫. ૨૬. તથા ભગવાન, અજ, વિષ્ણુ પ્રલયકાળમાં ફરીથી તમોવૃત્તિનો આશ્રય કરી એક અંશથકી રુદ્ર સ્વરુપ ધારણ કરે છે. ૨૭. બીજા અંશથકી, અગ્ની, યમ, આદિ

સ્વરુપથી રહે છે, તથા ત્રીજે અંશ કામ સ્વરુપ હોય છે, અને ચોથા અંશવડે સર્વ પ્રાણીમાત્ર રુપે રહે છે. ૨૮. હે બ્રહ્મન્! એ પ્રમાણે જગત્નો નાશ કરનાર એ મહાત્મા વિષ્ણુના પ્રત્યેક કલ્પમાં આ ચાર પ્રકારના વિભાગ કલ્પેલા છે. ૨૯. બ્રહ્મા, દક્ષ આદિ પ્રજાપતિ અને આ અખિલ વિશ્વ એ સર્વ પરમાત્મા વિષ્ણુની જગત્ ઉત્પન્ન કરવાની હેતુભૂત વિભૂતિ છે. ૩૦. હે દ્વિજ! વિષ્ણુ, મન્વાદિ, કાળ અને સર્વપ્રાણી માત્ર સ્થિતિ નિમિત્તરુપ શ્રી હરિની વિભૂતિ છે. ૩૧. રુદ્ર, કાળ, યમ, અને સર્વજંતુ. એ ચાર પ્રકારની જનાર્દનની પ્રલયનાહેતુ ભૂત વિભૂતી છે. ૩૨. હે મૈત્રેય! જગત્ના આરંભમાં તથા મધ્યમાં એ પ્રમાણે પ્રલય પર્યંત બ્રહ્મા, મરિચિ આદિ માનસ પુત્ર, અને તમામ પ્રાણી આ સૃષ્ટિ ઉત્પન્ન કર્યા કરે છે. ૩૩. તેઓમાં સર્વના આરંભમાં બ્રહ્મા સૃષ્ટિ ઉત્પન્ન કરેછે; ત્યાર પછી મરિચિ આદી તેના પુત્રો પ્રજાને ઉત્પન કરેછે, તથા બીજા પ્રાણીઓતો દરેક ક્ષણે પ્રજા ઉત્પન્ન કરેછે. ૩૪. હે મૈત્રેય! કાળ વગર એકલા બ્રહ્મા સૃષ્ટિ ઉત્પન્ન કરી શકતા નથી, તેમજ દક્ષ આદી તમામ પ્રજાપતી તથા સઘળા પ્રાણીઓ પણ એ કાળની સહાયતા વગર સ્વતંત્ર પણે સૃષ્ટિ ઉત્પન્ન કરી શકતા નથી. ૩૫. હે મૈત્રેય! સૃષ્ટિનું પાલન કરવાના વિષયમાં એ દેવોના દેવ વિષ્ણુના ચાર વિભાગ કહ્યા છે. તે પ્રમાણે પ્રલય કાળમાં પણ જાણવું. ૩૬. હે દ્વિજ! જે કોઇ પ્રાણી જે કંઈ નીર્માણ કરે છે એ ઉત્પન્ન થયેલી વસ્તુના વિષયમાં તે ઉત્પન્ન કરનાર સાક્ષાત શ્રીહરિની મૂર્ત્તિ કહેવાય છે. ૩૭ હે મૈત્રેય! અથવા જે કોઇ પ્રાણી સ્થાવર જંગમ પ્રાણીનો વધ કરેછે તે પ્રાણી પણ સંહાર કરનાર જનાર્દનનું રૂદ્ર સ્વરૂપ કહેવાય છે. ૩૮. સર્વના ઈશ્વર જનાર્દન છે. એ પ્રમાણે જગત્ના સૃષ્ટા. જગત્ના પાલક, અને જગત્નો નાશ કરનાર પણ એજ વિષ્ણુ છે. એનું પરમપદ નિર્ગુણછે, ગુણપ્રવૃતિ અર્થાત્ સત્ત્વ, રજ, અને તમો ગુણના ક્ષોભથી જગત્ની ઉત્પત્તિ, સ્થિતિ, અને નાશના સમયમાં આ પ્રકારે ત્રીધા અર્થાત્ બ્રહ્મા, વિષ્ણુ અને શીવ સ્વરુપથી સૃષ્ટ્યાદિ ત્રણ પ્રકારની ક્રીયા કરવામાં પ્રવૃત્ત થાય છે ૩૯. ૪૦. તેનું મુખ્ય કારણ પરમાત્માનું સ્વરુપ અનૂપમ, નિગુર્ણ, મહત્ અને પોતાના અનુભવથી સમજાય એવું છે. તથા તત્વ જ્ઞાનમ્ય છે, એમ છતાં એ સ્વરુપના ચાર પ્રકાર છે. ૪૧.

મૈત્રેય કહેછે—આપે જે પરમપદની કથા કહી તે બ્રહ્મ સંજ્ઞક પરમાત્માના ચાર પ્રકાર મને ન્યાય પૂર્વક યોગ્ય રીતિથી કહો. ૪૨.

શ્રી પરાશર કહેછે—હે મૈત્રેય! દરેક વસ્તુ સિદ્ધ કરવાના જે કારણ તેને સાધન કહે છે. અને જે વસ્તુ સિદ્ધ કરવાનો પોતાનો મત હોય છે તેને સાધ્ય કહેછે. ૪૩. મોક્ષની ઈચ્છા કરનાર યોગીયોને યોગવડે પોતાનું અભિષ્ટ સિદ્ધ (મુક્તિ) કરવાને પ્રાણાયામ આદિ યોગ એ સાધન છે. અને પરબ્રહ્મ સાધ્ય છે. કે જેમાં લીન થવાથી

પ્રીથી આ સંસાર ચક્રમાં જન્મ મરણ પ્રાપ્ત થતું નથી. ૪૪. હે મુની ! સાધનનું આશ્રય ભૂત અર્થાત્ તે સંબંધી શુદ્ધ પદાર્થ વિષયનું જે જ્ઞાન છે તે જ્ઞાન યોગીઓને મુક્તિનું કારણ છે. એ પરબ્રહ્મનો પ્રથમ ભેદ (પ્રથમ અંશ) છે. ૪૫. હે મહામુની ! કલેશમાંથી મુક્ત થવાને માટે યોગાભ્યાસ કરનાર યોગીયો સાધ્ય જે બ્રહ્મછે. તેના ચરણ કમળને વિષેજ લક્ષ રાખવું, એ બ્રહ્મ વિષયનું જે વિશેષ જ્ઞાન છે એ પરબ્રહ્મનો બીજો અંશ (ભેદ) જાણવો. ૪૬. * સાધ્ય અને સાધન એ ઉભયના વિભાગ વગરનું (ઐક્ય) જે અદ્વૈત જ્ઞાન અર્થાત્ હું બ્રહ્મ છું એ પ્રકારનું જે જ્ઞાન છે તેપર બ્રહ્મનો ત્રીજો ભેદ કહેવાય છે. ૪૭. આ ત્રણ પ્રકારના જ્ઞાનમાંથી જે વિશેષ અર્થાત્ હું દેહાદિથી જુદો છું. (હું સચ્ચીદાનંદ બ્રહ્મ છું; એ પ્રકારનું જે જ્ઞાન થવું તે) તેનો પરિત્યાગ કરવાથી જે આત્મ સ્વરુપનો સાક્ષાત્કાર થાય છે એ ચતુર્થભેદ કહેવાય છે. ૪૮. એ તદ્રુપ ક્રિયા રહિત, અનિર્વચનીય, વિભાગ શૂન્ય, દ્રષ્ટાંતરહિત, સ્વપ્રકાશ, કેવળ સત્તારુપ, બીજા થકી ભિન્નતા દર્શાવનાર ધર્મથી રહિત, રાગ દ્વેષાદિથી શૂન્ય, અભય, શુદ્ધ, અતર્ક્ય અને આશ્રય વગરનું જ્ઞાન છે. ૪૯. ૫૦. હે દ્વિજ ! આત્મજ્ઞાનનો નિરોધ કરી અર્થાત્ અવિદ્યાનો નાશ કરી યોગિઓ આ ચતુર્થજ્ઞાન સ્વરુપ બ્રહ્મમાં લય પામે છે. તેઓને સંસારરુપ ક્ષેત્રમાં બીજપણું પ્રાપ્ત થતું નથી. અર્થાત્ કર્મ વિષયમાં તેની વાસના નાશ પામે છે, અવિદ્યારુપ કામ્ય કર્મનો અભાવ થવાથી તેનો પુનર્જન્મ થતો નથી. ૫૨. નિર્મળ, નિત્ય, વ્યાપક, અક્ષય, અને સર્વ પ્રકારના ભેદથી રહિત વિષ્ણુ એ નામનું પરમપદ એવા પ્રકારનું છે. ૫૨. પોતાના પુણ્ય, પાપ, અને કલેશનો નાશ થવાથી અત્યંત પવિત્ર થયેલા યોગીઓ પરબ્રહ્મને પામે છે કે જે ઠેકાણે ગયા પછી પુનઃ આ સંસારમાં આવતા નથી. ૫૩ એ બ્રહ્મના બે રુપ છે, એક મૂર્ત અને બીજું અમૂર્ત્ત જે વિનાશી છે તે મૂર્ત્ત કહેવાય છે અને જે અવિનાશી છે તે અમૂર્ત કહેવાય છે, એ બે ક્ષર (વિનાશી) અને અક્ષર (અવિનાશી) રૂપથકી તમામ પ્રાણીઓમાં સ્થિત છે. ૫૪. અક્ષર એ પરબ્રહ્મ છે; અને ક્ષર એ સંપૂર્ણ જગત્ છે. એક સ્થાનમાં રહેલા અગ્નીની પ્રભા જે પ્રકારે વિસ્તારીણિ છે એ પ્રમાણે પરબ્રહ્મની શક્તિ આ અખિલ જગત્ છે. ૫૫. હે મૈત્રેય ! જે પ્રકારે અગ્નીની પાસે તથા દુર જેવી રીતે તેના પ્રકાશમાં અધિક તથા અલ્પ એમ બે પ્રકારના ભેદ છે તેમ એ બ્રહ્મની શક્તિમાં પણ ભેદ છે. ૫૬. હે મૈત્રેય ! બ્રહ્મા, વિષ્ણુ, શીવ, અને બ્રહ્મ, એ પરબ્રહ્મની મુખ્ય શક્તિ છે. તેનાથી દેવગણ ન્યૂન છે, તેનાથી દક્ષ આદિ પ્રજાપતિ ન્યૂન છે. ૫૭. †

* પંચ દશીના તત્વ વિવેક નામના પ્રથમ પરિચ્છેદનો અભ્યાસ કરનારને સાધ્ય, સાધન, અથવા જીવ, બ્રહ્મનું વિસ્તારપૂર્વક જ્ઞાન મળશે.

† અવિદ્યા આવરણની અલ્પતા અને અધિકતા પ્રાપ્ત કરે છે. એટલા માટે બ્રહ્માદિના મધ્યમાં શ્રેષ્ઠતા અને ન્યૂનતા કહી છે.

તેનાથી મનુષ્ય, પશુ, મૃગ, પક્ષી, કીડા, આદિ ન્યૂન છે, અને તેનાથી પણ વૃક્ષ, ગુલ્મ, વિગેરે અત્યંત ન્યૂન છે. ૫૮. હે મુનિશ્રેષ્ટ! એ પ્રમાણે આ તમામ જગત્ ઉપાધીવડે આવિર્ભાવ, તિરોભાવ, જન્મ, અને નાશ વિગેરેથી યુક્ત છે છતાં પણ યથાર્થપણે જોતાં આ જગત્ અક્ષર અને નિત્ય (બ્રહ્મ) રૂપ છે. ૫૯. સર્વ શક્તિમાન્ વિષ્ણુ અપર બ્રહ્મનું સ્વરૂપ છે. અર્થાત્ શ્રેષ્ટ મૂર્ત્ત સ્વરુપ છે. કે જે સ્વરૂપનું યોગીઓ સમાધિની અગાઉ યોગના આરંભમાં ધ્યાન કરે છે. ૬૦. હે મુનિ! યોગીઓનું મન પરમાત્માને વિષે એકાગ્ર થવાથી સાલંબન (ધ્યેય વિષ્ણુ એ સહિત) મહાયોગમાં સ્થિત થાય છે, અર્થાત્ યોગીઓને સમાધિ પ્રાપ્ત થાય છે. ૬૧. હે મહાભાગ! બ્રહ્માદિ સર્વ શક્તિમાં શ્રી હરિ એજ પરબ્રહ્મની મુખ્ય શક્તિ છે કારણકે તે મૂર્ત્તિ પરબ્રહ્મની સાથે નિકટ સંબંધ ધરાવે છે અને સર્વમય (સંપૂર્ણ બ્રહ્મરૂપ છે.) અર્થાત્ બ્રહ્માદિ કરતાં પણ એ શ્રેષ્ટ છે. એ વિષ્ણુમાં આ જગત્ ઓતપ્રોત છે અર્થાત્ સુતરમાં સુતર રહિ જેમ વસ્ત્ર થયું છે એ પ્રમાણે વિષ્ણુમાં જગત્ અને જગતમાં વિષ્ણુ ગુંથાયેલા છે. ૬૨. ૬૩. હે મુનિ ! એ વિષ્ણુથી આ જગત્ ઉત્પન્ન થયું છે તથા એમાં સ્થિત છે અને એજ જગત્રુપ છે. કાર્ય કારણાત્મક ઈશ્વર વિષ્ણુ, પુરૂષ-પ્રકૃતિમય આ અખિલ જગત્ને ભૂષણ રુપ તથા શાસ્ત્ર રૂપથી ધારણ કરે છે. ૬૯.

મૈત્રેય કહેછે—શ્રીભગવાન વિષ્ણુ ભૂષણ તથા અસ્ત્રરુપથી આ અખિલ જગત્ને ધારણ કરે છે એ કૃપા કરી મને કહો. ૬૫.

પરાશર કહે છે—હું અપ્રમેય અને સર્વ શક્તિવાન્ શ્રી વિષ્ણુને નમસ્કાર કરી જે પ્રકારે મને વસિષ્ટ મુનિએ કહ્યુંછે તે પ્રકારે તને કહુંછું. ૬૬. ભગવાન શ્રી હરી નિર્લેપ (ધર્મ તથા અધર્મથી રહિત) અગુણ, (સત્વાદિગુણ વગરના) આ જગત્ને તથા નિર્મળ આત્માને અર્થાત્ શુદ્ધ ક્ષેત્રજ્ઞ પુરૂષને કૈસ્તુભમણી પ્રમાણે ધારણ કરે છે. ૬૭. પ્રધાન (પ્રકૃતિ) શ્રી વત્સરૂપથી અનંતના શરીરને આશ્રિત છે, બુદ્ધિ માધવની ગદારૂપથી રહેલી છે. ૬૮. ઈશ્વર તામસ અહંકારને શંખરૂપે ધારણ કરે છે, રાજસ અહંકારને શાર્ઙ્ગ ધનુષરૂપે ધારણ કરે છે. ૬૯. સામર્થ્ય સ્વરૂપ અને વાયુથી પણ અત્યંત વેગવાળા સાત્વિક અહંકારરૂપ મનને વિષ્ણુ પોતાના હાથમાં રહેલા ચક્ર રૂપથી ધારણ કરે છે. ૭૦. હે દ્વિજ! ગદાધરની પંચરૂપા અર્થાત્ મોતી માણેક, મરકત, ઈંદ્રનીલ, અને હીરા સરખા વર્ણ વાળી જે વૈજયંતિ નામની માળાછે; એ પંચમહાભૂત, તથા પંચતન્માત્રાની પંકતી જાણવી. ૭૧. તેમજ પંચજ્ઞાનેંદ્રિ, તથા પંચકર્મેંદ્રિ, વિગેરે સર્વ ઈંદ્રીઓ છે તેને જનાર્દન વિષ્ણુ પોતાના અસંખ્ય બાણ સ્વરૂપથી ધારણ કરે છે. ૭૨. અચ્યુત જે અત્યંત નિર્મળ ખડ્ગ ધારણ કરે છે તે અવિદ્યારૂપ મ્યાનમાં રહેનાર વિદ્યામય જ્ઞાનછે એમ સમજવું. ૭૩. હે મૈત્રેય! પુરૂષ, પ્રધાન, (પ્રકૃતિ) બુદ્ધિ, અહંકાર, ભૂતગણ, મન, સઘળી ઈંદ્રિઓ,

વિદ્યા, અને અવિદ્યા, એ તમામ શ્રી હરિના આશ્રયભૂત કહેવાય છે. ૭૪. એ રૂપ રહિત પરમાત્મા વિષ્ણુ પ્રાણીઓના કલ્યાણને માટે માયિક સ્વરૂપ ધારણ કરી અસ્ત્ર, અને આભૂષણના રૂપવડે તમામને ધારણ કરે છે. ૭૫. માટે પુંડરીકાક્ષ પરમેશ્વર એ પ્રકારે વિકારવાળા પ્રકૃતિ, પુરૂષ, અને અખિલ જગત્ને ધારણ કરે છે. ૭૬. હે મૈત્રેય ! જે વિદ્યા, અવિદ્યા, સત્, અસત્, અવ્યય વિગેરે છે; એ તમામ પ્રાણીઓના અધિપતિ શ્રીવિષ્ણુને વિષે છે. ૭૭. કળા, કાષ્ટા, નિમેષ, દિવસ ઋતુ, અયન, અને વર્ષઆદિ કાળ સ્વરુપ અવિનાશી વિષ્ણુ પણ અપરહરિ અર્થાત્ હરિનું બીજું સ્વરુપ છે. ૭૮. હે મુનિ સત્તમ ! ભૂર્લોક, ભુવર્લોક, મહર્લોક, જનલોક, તપલોક, અને સત્યલોક એ સાતલોક પણ વિષ્ણુ સ્વરુપ છે. ૭૯. પૂર્વે ઉત્પન્ન થનારાના પણ પૂર્વજ લોકાત્મમૂર્તિ હરિ પોતે પણ સર્વ વિદ્યાના આધાર રુપથી રહ્યા છે. ૮૦ તે સર્વેશ્વર અનંત શ્રીવિષ્ણુ વસ્તુતઃ મૂર્તિમાન્ નથી પરંતુ દેવ. મનુષ્ય, પશુ, આદિ અનેક પ્રકારના સ્વરુપ ધારણ કરિને રહ્યા છે. ૮૧. ઋક્, યજુઃ, સામ, અને અથર્વ વેદ, ઇતિહાસ. (મહાભારત આદિ) ઉપવેદ, (આયુર્વેદાદિ) વેદાંત, ઉપનિષદ, સંપૂર્ણ વેદાંગ, મનુઆદિએ કરેલા તમામ મિમાંસાદિ ધર્મશાસ્ત્ર. અનુવાદ, (કલ્પસૂત્ર) સઘળા પુરાણ, શ્રોત્રને આકર્ષણ કરનારી કાવ્યરુપ ઉક્તિ, અને સંગીત, એ તમામ શબ્દ મૂર્ત્તિધારી મહાત્મા વિષ્ણુનું શરીર છે. ૮૨ ૮૩. ૮૪.'હું હરિછું આ સર્વ જગત્ જનાર્દન છે એ વિષ્ણુ વગર અન્ય કાર્ય કારણ કંઈ નથી' અથાત્ સાકાર, નિરાકાર આદિ જે પદાર્થનો સમૂહ છે એ સર્વ વિષ્ણુનું સ્વરૂપ છે. ૮૫. અથવા આ પૃથ્વીતલ ઉપર તથા બીજે કોઈ ઠેકાણે જે કંઈ સાકાર અથવા નિરાકાર વસ્તુ છે એ સર્વ વિષ્ણુનુંજ સ્વરૂપ છે એમ સમજવું. ૮૫. 'હું હરિ છું આ સર્વ જગત્ જનાર્દન છે એ વિષ્ણુ વગર અન્ય કાર્યકારણ કંઈ નથી ' એ પ્રકારે જેનું મન રહે છે તેના શરીરમાં શારિરીક, રાગદ્વેષ, આદિદ્વંદ્વોગ ઉત્પન્ન થતા નથી. ૮૬. હે દ્વિજ ! 'વિષ્ણુ પુરાણ' નો આ પ્રથમ અંશ તને શ્રવણ કરાવ્યો કે જે સાંભળવાથી શ્રોતાજન તમામ જાતના પાપમાંથી મુકત થાય છે. ૮૭. બાર વર્ષ સુધી કાર્તિક માસમાં પુષ્કર તીર્થને વિષે સ્નાન કરવાથી જે ફળ મળે છે તે ફળ મનુષ્યોને આ **'વિષ્ણુ પુરાણ'** શ્રવણ કરવાથી મળે છે. ૮૮. હે મૈત્રેય જે પુરુષ દેવ, ઋષિ, પિતર, ગંધર્વ, અને યક્ષ વિગેરેની ઉત્પત્તિ શ્રવણ કરે છે તેને દેવાદિગણ વરદાન આપ્યા કરે છે. ૮૯.

देवर्षिपितृगंधर्वयक्षादीनां तु संभवम् ॥
भवंति शृण्वतः पुंसो देवाद्या वरदा मुने ॥ ८९ ॥

ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે પ્રથમ અંશે બાવીશમો અધ્યાય સંપૂર્ણ.
ઇતિ પ્રથમ અંશ સમાપ્ત.

ॐ श्री विष्णवेनमः ॥

श्री विष्णु पुराणनुं गुजराती भाषांतर.

* अंश बीजो.

§ अध्याय १ लो.

मैत्रेय उवाच ॥ भगवन्सम्यगाख्यातं ममैतदखिलं त्वया ॥
जगतां सर्ग संबंधि यत्पृष्टोसि मया गुरो ॥ १ ॥

મૈત્રેય કહેછે—હે ગુરુ ! મેં તમને જગત્ની સૃષ્ટિ સંબંધી જે પ્રશ્ન કર્યા હતો તેજ પ્રમાણે તે વિષયનું વૃત્તાંત આપે મને ઉત્તમ પ્રકારે કહિ બતાવ્યું. ૧. તેમજ પહેલા અંશમાં આપે જગત્ની સૃષ્ટિ સંબંધી જે કહ્યું તેમાંથી કાંઇ પણ ભાગ રહી ગયો હોય તે હે મુનિવર ફરીથી મને સાંભળવાની પરમ ઉત્કંઠા છે. ૨. સ્વાયંભુવ મનુના પ્રિયવ્રત અને ઉત્તાનપાદ એવા બે પુત્રમાંથી ઉત્તાનપાદના ધ્રુવંનું ચરિત્ર તો તમે કહ્યું પરંતુ હે મહારાજ આપે પ્રિયવ્રત રાજાની સંતતી કહેલી નથી માટે તે સાંભળવાની મારી ઈચ્છા છે અને તે આપ પ્રસન્ન થઇ તે સઘળું કહેવા ને યોગ્ય છો. ૩. ૪.

પરાશર કહેછે—કર્દમની કન્યા નામની પુત્રી સાથે પ્રિયવ્રત રાજાનો વિવાહ થયો. તેને સમ્રાટ્ અને કુક્ષી નામની બે કન્યા તથા બીજા દશ પુત્રો થયા છે. ૫. મહા વિદ્વાન્ અત્યંત વીર્યવાન્, વિનયસંપન્ન, તે પુત્રો પોતાના પિતા પ્રિયવ્રત રાજાને ઘણાજ પ્રિય હતા, તેમનાં નામ હું તને કહુંછું તે તું શ્રવણ કર. ૬. આગ્નીધ્ર, અગ્નિબાહુ, વપુષ્મન્, ધુતિમાન્, મેધા, મેધાતિથી, ભવ્ય, સવન, અને પુત્ર, એ નવ અને જેનું નામ અન્વર્થ છે એવો તેજસ્વી જ્યોતિષ્માન્ નામનો દશમો પુત્ર હતો. પ્રિયવ્રત રાજાના તે પુત્રોમાંથી બળ અને વીર્યથી પ્રસિધ્ધ થનારા મેધા; અગ્નિબાહુ અને પુત્ર, આ ત્રણ પુત્રો જન્માંતરનું જ્ઞાન મેળવી યોગ વિષયમાં તત્પર હતા, તેથી હે મહાભાગ ! તેઓએ રાજય તરફ લક્ષ આપ્યું નથી. ૭. ૮. ૯. હે મૈત્રેય ! તેઓ નિરંતર સર્વ પદાર્થમાં મમત્વ રહિત હતા. અને ફળની ઇચ્છા રાખ્યા

---

* આ બીજા અંશમાં બાકી રહેલી સૃષ્ટિનું તેમજ ભૂગોળ અને જ્યોતિશ્ચક્રની સ્થિતિ પ્રસંગ વશાત વર્ણન કરવામાં આવશે.

§ આ પહેલા અધ્યાયમાં પ્રિયવ્રત રાજાની કથા અને તેના વંશના પ્રસ્તાવથી જેમાં ભૂગોળ રહેલું છે તેનું યથાસ્થિત વર્ણન કરવામાં આવશે.

શિવાય યોગ્ય પ્રકારે કર્મ કરતા હતા. ૧૦. હે ઋષીશ્રેષ્ટ ! બાકી રહેલા તે સાત પુત્રોને સાત દ્વીપ વહેંચી આપ્યા. ૧૧. તે પ્રિયવ્રત રાજાએ પોતાના તે સાત પુત્રોમાં ના આગ્નીધ્રને જંબુદ્વીપ, મેધાતિથીને પ્લક્ષ દ્વીપ, જયોતિષ્માન્‌ને કુશ દ્વીપ, દ્યુતિમાન્‌ને ક્રૌંચ દ્વીપ, ભવ્યને શાકદ્વીપ, અને સવ ને પુષ્કર દ્વીપ આપી, દરેકને તે તે દ્વીપનો રાજ્યાભિષેક કર્યો. ૧૨. ૧૩. ૧૪. ૧૫.

હે ઋષિવર્ય ! જંબુદ્વીપના અધિપતિ આગ્નીધ્રને પ્રજાપતિના જેવા નાભિ, કિંપુરુષ, હરિવર્ષ ઇલાવ્રત, રમ્ય, હિરણ્યવાન, કુરુ, ભદ્રાશ્વ, અને સત્કર્મશીલ કેતુમાલ, નામના નવ પુત્રો થયા. ૧૬. ૧૭. અને તેઓ સઘળા રાજા થયા હે મૈત્રેય! તે પુત્રોને જંબુદ્વીપના કયા કયા ભાગ આપ્યા છે, તે તું સાંભળ. ૧૮. તે આગ્નીધ્ર રાજાએ નાભિને દક્ષિણ દિશામાં આવેલો હિમવર્ષ નામનો ભાગ આપ્યો. કિંપુરુષને હેમકુટવર્ષ આપ્યો. હરિવર્ષને નૈષધવર્ષ આપ્યો. મેરૂ જેના મધ્યમાં છે એવો ઇલાવર્ત ઇલાવર્તને આપ્યો. નીલપર્વતવાળો રમ્યકવર્ષ રમ્યને આપ્યો. તેની ઉત્તરે આવેલો શ્વેતદ્વીપ હિરણ્યવાન્‌ને આપ્યો. તેની ઉત્તરે આવેલો શૃંગલદ્વર્ષ કુરૂને આપ્યો. મેરૂની પૂર્વે આવેલો ભદ્રાશ્વવર્ષ ભદ્રાશ્વને આપ્યો, અને કેતુમાલને ગંધમાદન નામનો દ્વીપ આપ્યો. એ પ્રમાણે આગ્નીધ્ર રાજાએ પુત્રોને ભાગ વહેંચી આપ્યા. ૧૯. ૨૦. ૨૧. ૨૨. ૨૩. હે મૈત્રેય! આ વર્ષોમાં તે રાજાએ પોતાના પુત્રોને રાજ્યાભિષેક કર્યો; અને ત્યારબાદ તેઓ તપશ્ચર્યા કરવા સારૂ અત્યંત પવિત્ર એવા શાલગ્રામ નામના વનમાં ગયા. હે મહામુનિ મૈત્રેય! તે કિંપુરુષ વિગેરે આઠ વર્ષમાં સ્વભાવ થકીજ વગર પ્રયાસે અત્યંત સુખ અને પુર્ણફળની પ્રાપ્તિ થાય છે. ૨૪. ૨૫. તેમજ તે ઠેકાણે અપમૃત્યુ જરા તથા મરણનો ભય નથી. તે ઠેકાણે ધર્મ અને અધર્મ બન્નેનો વાસ નથી; તેમ તે ઠેકાણે ઉત્તમ, મધ્યમ, અને કનિષ્ઠ એવા મનુષ્યોમાં ભેદ નથી. ૨૬. તેમજ તે આઠ વર્ષમાં કૃતાદિયુગોમાં થતારી સ્થિતી પણ નથી. હે મૈત્રેય! હિમ નામના વર્ષમાં જે મહાત્મા નાભિનો વાસ છે, તે નાભિ રાજાએ મરુદેવી નામની સ્ત્રી વિષે ઋષભ નામનો પુત્ર ઉત્પન્ન કર્યો. અને તે ઋષભથી સો પુત્ર ઉત્પન્ન થયા. તેમાં ભરત જયેષ્ટ પુત્ર હતા. ૨૭. ૨૮. તે મહાભાગ નાભિરાજા ન્યાયપૂર્વક રાજ્ય કરી અનેક પ્રકારના યજ્ઞ કરી પોતાના મોટા પુત્ર ભરતને રાજ્યાભિષેક કરી પોતે તપ કરવા સારૂ પુલસ્ત્ય ઋષિના આશ્રમ પ્રત્યે ગયા. ત્યાં આગળ વાનપ્રસ્થાશ્રમની વિધિ પ્રમાણે તે રાજાએ યોગ્ય રીતે જ્યારે તપ કરવા માંડયું, તે વખતે તપમાં આસક્ત થવાથી તેનું શરીર ઘણુજ કૃશ થયું અને કેવળ આંતરડા તથા હાડકાં શરીરમાં દેખાવા લાગ્યા. ૨૯. ૩૧. ત્યારબાદ તે દિગંબર થઇ પોતાના મોઢામાં પથ્થરનો ગોળ મુકી શ્વાસ નિરોધ કરી સ્વર્ગ પ્રત્યે ગયો, અને તેજ વખતથી તે હિમના ખંડનું નામ ભારતવર્ષ પડયું કારણ કે જે

વખતે ભરતને તેના પિતાએ રાજ્યાભિષેક કર્યો હતો, તેજ વખતે તેના નામથી આ ખંડ પ્રસિદ્ધ થયો હતો. તે ભરતને અત્યંત ધર્મનિષ્ઠ સુમતિ નામનો પુત્ર થયો. ૩૨. ૩૩. ભરત રાજાએ ઉત્તમ પ્રકારે રાજ્ય કર્યું અને ઉત્તમ યજ્ઞો પણ કર્યા હતા. ત્યારપછી તે ભરતરાજાએ પોતાના પુત્રને રાજ્ય આપી શાલ-ગ્રામ નામના વનમાં જઈ યોગાભ્યાસે કરી પોતાનો પ્રાણ ત્યાગ કર્યો. અને યોગીઓના ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયા. ૩૪. ૩૫. હે મૈત્રેય ? ભરતનું ચરિત્ર તને આગળ કહિ સંભળાવીશ ભરતના પુત્ર સુમતિથી ઇંદ્રદ્યુમ્ન નામનો પુત્ર થયો, તેનાથી પરમેષ્ઠી નામનો પુત્ર થયો, તેનાથી પ્રતિહાર નામનો પુત્ર થયો, અને તેનો પ્રતિહર્તા નામનો પ્રખ્યાત પુત્ર થયો, તેને ભુવ નામનો પુત્ર થયો, તેનાથી ઉદ્ગીથ નામનો પુત્ર થયો, તેને પ્રસાર નામનો પુત્ર થયો, પ્રસારથી પૃથુ, પૃથુથી નક્ત, અને નક્તથી ગય નામનો પુત્ર થયો, ૩૬. ૩૭. ૩૮. ગયનો પુત્ર નર, અને નરથી વિરાટ્ થયો, વિરાટ્થી મહાવીર્ય, મહાવીર્યથી ધીમાન, ધીમાન્થી મહાન્ત, મહાન્તનો મનસ્યુ, મનસ્યુથી ત્વષ્ટા, ત્વષ્ટાથી વિરજ, વિરજથી રજ, રજથી શતજીત્ નામનો પુત્ર થયો, હે મૈત્રેય ! તે શતજીતને સો પુત્ર થયા કે જેમાં વિશ્વજ્યોતિ મુખ્ય કહેવાય છે. તે સો પુત્રોથી આ પ્રજા વૃદ્ધિ પામી, અને તેઓએ આ નવ વિભાગવાળું ભારત વર્ષ શોભાવ્યું, તેના વંશજોએ એકોતેર યુગ સુધી રાજ્ય કર્યું હતું. હે મૈત્રેય ! આ વરાહકલ્પમાં પુર્વે જે સ્વયંભુવ મનુ આ મનવંતરનો અધિપતિ હતો તેની આ સંતતિ કહિ કે જેનાથી આ જગત પરિપૂર્ણ થયું છે. ૩૯. ૪૦. ૪૧. ૪૨. ૪૩. ૪૪.

एष स्वायंभुवः सर्गो येनेदं पूरितं जगत् ।
वाराहे तु मुने कल्पे पूर्वमन्वंतराधिपः ॥ ४४ ॥

ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે દ્વિતીય અંશે પ્રથમોઽધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૨ જો.

मैत्रेय उवाच—कथितो भवता ब्रह्मन्सर्गः स्वायंभुवो हि मे ।
श्रोतुमिच्छाम्यहं त्वत्तः सकलं मंडलं भुवः ॥ १ ॥

મૈત્રેય૦—હે બ્રહ્મન્ પરાશર ! આપે સ્વાયંભુવ મનુના વંશની ઉત્પત્તિ કહિ. તો પણ મારે તમારા થકી સઘળા ભૂમંડલનું વૃત્તાંત સાંભળવાની ઇચ્છા છે, એટલા માટે, હે મુનિ ! જેટલા સમુદ્ર જેટલા દ્વિપ, જેટલા પર્વત, જેટલાં વન, જેટલી નદી,

---

* આ બીજા અધ્યાયમાં પ્રિયવ્રતના ચરિત્ર કહેવામાં સૂચિત કરેલું ભૂમણ્ડલના ક્રમનું વર્ણન પ્રશ્નોત્તરથી કહેવામાં આવશે.

અને દેવ આદિકનાં જટલાં નગર છે તે અને તે સઘળાનું પ્રમાણ તેમજ તેઓને કોનો આધાર છે, તથા આ ભૂમણ્ડલ ઉપર કોણ કયે ઠેકાણે વિદ્યમાન છે, તે સઘળું જે પ્રમાણે હોય તે પ્રમાણે આપ કહેવા યોગ્ય છો. ૧. ૩.

પરાશર૦—હે મૈત્રેય ! આ સઘળું તને સંક્ષેપથી કહું છું તે શ્રવણ કર. કારણ કે આ જગત્નો વિસ્તાર સો વર્ષે પણ કહિ શકાય એમ નથી. ૪. હે મૈત્રેય! જંબુ, પ્લક્ષ, શાલ્મલી, કુશ, ક્રૌંચ, શાક અને પુષ્કર, એ સાત દ્વિપ છે. એ દ્વિપો લવણ, ઇક્ષુરસ સુરા, ઘી, દધિ, દુધ, અને જળ, વિગેરેના સાત સમુદ્રોથી વિંટાયેલા છે. ૫. ૬. હે મૈત્રેય ! આ સર્વ દ્વીપમાં જંબુદ્વીપ મધ્યમાં આવેલો છે, અને તે જંબુદ્વીપના મધ્યમાં મેરુ નામનો સોનાનો પર્વત છે. ૭. તે પર્વતનો પૃથ્વીની બહારનો ભાગ ચોર્યાશી હજાર યોજન ઉંચો હોઈને પૃથ્વીની અંદર સોળ હજાર યોજન વિસ્તૃત થઈ રહેલો છે. અને તેના શિરોભાગ ઉપર બત્રીશ હજાર યોજન વિસ્તાર પામેલો છે. ૮. અને મૂળના સમીપનો વિસ્તાર સોળ હજાર યોજનનો છે. આ પર્વત ભૂમિરુપ કમળમાં કર્ણિકા પ્રમાણે આવી રહેલો છે. ૯. એની દક્ષિણે હિમાલય, હિમકુટ, અને નિષધ નામના પર્વતો છે. અને ઉત્તરે નીલ, શ્વેત, અને શૃંગ નામના ભારતાદિક વર્ષ સૂચવનારા પર્વતો છે. ૧૦. એઓમાં નિષધ અને નીલ નામના પર્વતો એક એક લાખ યોજન લાંબા હોઇને સર્વના મધ્યમાં છે. બીજા પર્વતો એક કરતાં એક દશ દશ ગણા ઓછા છે. આ સઘળા પર્વતો બે હજાર યોજન ઉંચા તથા તેટલાજ વિસ્તારવાળા છે. ૧૧. હે મૈત્રેય ! મેરૂની દક્ષિણે ભારત વર્ષ અને તેની આગળ કિંપુરુષવર્ષ તેની પેલી તરફ હરિવર્ષ એ ત્રણ છે. ૧૨. મેરુની ઉત્તરે પ્રથમ રમ્ય, ત્યારબાદ હિરણ્મય અને ભારત વર્ષની પેઠે અત્યંત છેવટે કુરુવર્ષ છે. ૧૩. હે દ્વીજ શ્રેષ્ટ મૈત્રેય ! એ વર્ષોમાં પ્રત્યેક વર્ષનો વિસ્તાર નવ નવ હજાર યોજનનો છે. તેઓમાં મધ્યમાં ઈલાવૃત વર્ષ છે, અને તેમાં સુવર્ણમય મેરુ નામનો પર્વત આવી રહેલો છે. ૧૪. મેરુની ચારે દિશા તરફ નવ નવ હજાર યોજન વિસ્તારવાળો ઈલાવ્રત નામનો વર્ષ છે. તેના મધ્યમાં ચાર પર્વતો છે. આ પર્વતો મેરુ પર્વતના આધારની માફક આવી રહેલા છે. એવી રચના હોવાથી તેઓ પ્રત્યેક દશ હજાર યોજન ઉંચા છે એમાંથી મંદરાચલ પૂર્વ તરફ, ગંધમાદન દક્ષિણ તરફ, વિપુલ પશ્ચિમ તરફ, અને સુપાર્શ્વ ઉત્તર તરફ છે. ૧૫. ૧૬. તે ચાર પર્વતો ઉપર કંદબ. જાંબુડો. પીપળો અને વડ આ ચાર વૃક્ષો ધ્વજાકાર રુપ દેખાય છે. અને તેની ઉંચાઈ અગીયાર હજાર યોજન છે. ૧૭. હે મૈત્રેય! જાંબુડાનું વૃક્ષ તે જબુદ્વીપના નામનું કારણ છે અર્થાત્ તે દ્વીપમાં જાંબુડાનું વૃક્ષ હોવાથી તેનું નામ જંબુદ્વીપ પડેલું છે. તે જાંબુડાને મોટાં હાથીનાં જેવડાં ફળો આવી તે ફળો પર્વતની ચારે દિશાએ પડી ભાંગી જઈ તેમાંથી રસ નીકળે છે તેની જંબુ નામની નદી વહે છે. અને તેનું પાણી તે દેશના રહેવાસીઓ પીએ છે. ૧૮.૧૯. તે જલનું

પાન કરવાથી જેઓનું અંતઃકરણ સ્વસ્થ થયું છે તેઓને પરસેવો, દુર્ગંધી, વૃદ્ધાવસ્થા અને ઇંદ્રિયોની ક્ષીણતા વિગેરે પ્રાપ્ત થતાં નથી. ૨૦. તે દેશમાં સુખકારક વાયુથી સુકાઈ ગયેલી નદીના તીર ઉપરની મૃત્તિકાને જાંબુવૃક્ષનાં ફળના રસનો સંયોગ હોવાથી સિદ્ધ લોકોનાં આભૂષણમાં સાધનરૂપ સુવર્ણ પેદા થાય છે. ૨૧. હે મુનિશ્રેષ્ટ! તે મેરૂની પૂર્વ દિશાએ ભદ્રાશ્વ અને પશ્ચિમે કેતુમાલ નામનાં બે વર્ષ છે, અને તેઓના મધ્યમાં ઇલાવૃત્ત નામનો વર્ષ છે. ૨૨. મેરૂની પૂર્વે ચૈત્રરથ, દક્ષિણે ગંધમાદન, પશ્ચિમે વૈભ્રાજ, અને ઉત્તરે નંદન નામનાં વનો છે. તથા દેવતાઓને ઉપભોગ કરવાને યોગ્ય અરૂણોદ, મહાભદ્ર, અસિતોદ, અને માનસ આ ચાર સરોવરો છે. ૨૩. ૨૪. મેરૂની પૂર્વે શીતાંત, ચક્રમુજ, કુરરી, માલ્યવાન, વૈકંક ઇત્યાદિ કેસર પર્વત છે. જે પ્રમાણે કમળની મધ્યમાં બારીક તંતુઓ છે તે પ્રમાણે તે નાના પર્વતો મેરૂના મધ્યમાં છે માટેજ તેઓને કેસરપર્વત એ નામથી ઓળખે છે. ૨૫. તેની દક્ષિણે ત્રિકૂટ, શિશિર, પતંગ, રૂચક, નિષધ, ઇત્યાદિ કેસરપર્વતોછે, તે પ્રમાણે પશ્ચિમે શિખિવાસ, વૈદૂર્ય, કપિલ, ગંધમાદન, નીરૂધિ વિગેરે કેસરપર્વતો છે આ કેસરપર્વતો મેરુપર્વતના જઠરના મધ્ય ભાગમાં રહેલા છે. ૨૬. ૨૭. મેરુની ઉત્તરે શંખકૂટ, રૂષભ, હંસ, નાગ, અને કાલંજર નામના કેસરપર્વતો છે. હે મૈત્રેય! મેરૂના ઉપર આકાશમાં ચૌદ હજાર યોજન વિસ્તીર્ણ બ્રહ્માની મહાનગરી છે. ૨૮. ૨૯. અને તેની ચારે તરફ પૂર્વ દિશા તથા અગ્નિઆદિ ખુણાઓમાં ઇંદ્રાદિક લોકપાલોની પ્રસિદ્ધ આઠ નગરીઓ છે. ૩૦. વિષ્ણુના ચરણમાંથી નીકળેલી ગંગાનદી ચંદ્ર મંડળને પ્રક્ષાલન કરી સ્વર્ગથી બ્રહ્માના નગરમાં પડે છે. ૩૧. બ્રહ્માના નગરમાં પડેલી તે ગંગાનદીના સીતા, અલકનંદા, ચક્ષુ, અને ભદ્રા એવા ચાર વિભાગ ત્યાંથી પડે છે. ૩૨. તેઓમાંથી સીતા અંતરીક્ષ માર્ગે ગમન કરે છે અને પર્વતો ઉપર થઇને પુર્વ દિશાના ભદ્રાશ્વ નામના વર્ષમાં જઇને ત્યાં થકી સમુદ્રને મળે છે. ૩૩. તે પ્રમાણે હે મૈત્રેય! અલકનંદા પણ સાત પ્રકારે વિભક્ત થઈ દક્ષિણે ભારત વર્ષમાં આવી ત્યાં આગળના સમુદ્રને મળે છે. ૩૪. ચક્ષુ નદી મેરુની પશ્ચિમ દિશાએ સઘળા પર્વતને ઓળંગીને કેતુમાલ નામના વર્ષમાં જઇને ત્યાંના સમુદ્રને મળે છે. ૩૫. તેમજ હે મુનિવર! ભદ્રા નામની નદી ઉત્તર તરફના સર્વ પર્વત અને ઉત્તર કુરૂ નામના દેશને પણ ઉલ્લંઘન કરી ઉત્તર સમુદ્રમાં જઇને મળે છે. ૩૬. હે મૈત્રેય! માલ્યવાન્ અને ગંધમાદન એ બે પર્વતોની લંબાઈ નીલ અને નિષધ એ બે પર્વતો સુધીની છે, અને તેઓના મધ્યમાં કર્ણિકાનો આકાર ધારણ કરનાર મેરુ આવી રહેલો છે. ૩૭ આ પૃથ્વીની મર્યાદાના પર્વતોની બહાર આવેલા ભારત, કેતુમાલ, ભદ્રાશ્વ અને કુરુ એ ચાર વર્ષો આ પૃથ્વીરૂપ જાણે કમળનાં પત્ર હોય નહિં શું? એમ આવેલાં છે. ૩૮. જઠર અને દેવકૂટ પૂર્વ તરફના મર્યાદા પર્વત છે.

તેની દક્ષિણોત્તર લંબાઈ નીલ અને નિષધ પર્વત સુધીની છે. ૩૯. ગંધમાદન અને કૈલાસ એ બન્ને પૂર્વ પશ્ચિમ લાંબા છે, એની લંબાઈ એંશી યોજન છે, અને તેઓ સમુદ્ર સુધી ગયેલા છે, એઓ દક્ષિણ દિશાના મર્યાદા પર્વત હોય એમ લાગે છે. ૪૦. મેરુની પશ્ચિમે નિષધ અને પારીપાત્ર નામના મર્યાદા પર્વત પૂર્વ તરફના પર્વતની પ્રમાણે આવી રહેલા છે. તેની લંબાઈ દક્ષિણોત્તર હોઇને તેઓ નીલ અને નિષધ પર્વત સુધી લાંબા છે. ૪૧. ત્રિશૃંગ અને જારુધિ એ ઉત્તર તરફના વર્ષ પર્વત હોય એમ પ્રસિદ્ધ છે. એ પૂર્વ પશ્ચિમ લાંબા હોઇને સમુદ્ર પર્યંત ગયેલા છે. હે મુનિવર! એ પ્રમાણે મેરુની ચારે બાજુઓની દરેક દિશાઓમાં તેના જઠરાદિક અવયવોની પેઠે હોનારા જેઓમાં બબે પર્વતો છે તે મર્યાદા પર્વત મેં તને કહી બતાવ્યા, હે મૈત્રેય! મેરુની ચારે બાજુએ હોનારા શીતલ આદિ કેસર પર્વતો પણ સંભળાવ્યા. તે પર્વતોના મધ્ય ભાગમાં અત્યંત મનોહર સિદ્ધાદિ દેવોએ આશ્રય કરેલો છે. ૪૨. ૪૫. હે મુનિવર! આ ભાગમાં લક્ષ્મી, વિષ્ણુ, અગ્નિ, સૂર્ય, ઈત્યાદિ દેવોનાં સુંદર શોભાયમાન અરણ્ય અને નગરો છે. ૪૬. ત્યાં નર અને કિંનર એઓથી સેવન કરાયેલાં ઉત્કૃષ્ટ વિશ્રાંતિ સ્થાન છે. તે પર્વતના સુંદર મધ્ય ભાગમાં ગંધર્વ, યક્ષ, રાક્ષસ, દૈત્ય અને દાનવ, રાત્રિ દિવસ ક્રીડા કરે છે. હે મૈત્રેય! ધર્મનિષ્ટ લોકોના વસવાના સ્થાનરૂપ આ પ્રદેશ પૃથ્વીઉપર કેવળ સ્વર્ગરૂપ છે. ૪૭. ૪૮. પાપનું આચરણ કરનારા પુરુષો સેંકડો વર્ષ સુધી જન્મ ધારણ કરે છે, છતાં પણ ત્યાં જવા પામતા નથી. હે મૈત્રેય! હયગ્રીવનુંસ્વરૂપ ધારણ કરનાર વિષ્ણુ આ ભદ્રાશ્વમાં રહે છે, કેતુમાલમાં વરાહરૂપે રહે છે, ભારત વર્ષમાં કૂર્મ રૂપે રહે છે, અને સનાતન શ્રી હરિ કુરુવર્ષમાં મત્સ્યરૂપે રહે છે. ૪૯. ૫૦. હે મૈત્રેય! સર્વસ્વરૂપ, સર્વના ઇશ્વર, સર્વના આધારભૂત અને સર્વના આત્મભૂત, શ્રીહરિ પોતે વ્યાપક સ્વરૂપથી સર્વ ઠેકાણે રહે છે. ૫૧. હે મુનિશ્રેષ્ઠ મૈત્રેય! કિંપુરુષાદિ જે આઠ વર્ષ છે તેઓમાં શોક, શ્રમ, ઉદ્વેગ, ક્ષુધા; બીક, આદી બીલકુલ નથી. ૫૨. ત્યાં આગળ પ્રજાને કોઈ પણ પ્રકારનો તાપ નથી. અને સ્વાસ્થ્ય યુક્ત સર્વ પ્રકારના દુઃખ રહિત તે પ્રજાઓ છે. તેઓ દશ બાર હજાર વર્ષ સુધી અખંડ આયુષ્ય હોય છે, તેના ઉપર મેઘ જળ વૃષ્ટિ કરતો નથી. ત્યાં આગળ જે જળ છે તે સર્વ પૃથ્વીમાંથીજ ઉપર આવે છે. તેમ તે દેશોમાં કૃત આદિયુગોની કલ્પના પણ કરવામાં આવતી નથી. હે મૈત્રેય! આ તમામ વર્ષોમાં પ્રત્યેકને સાત સાત કુલ પર્વત છે અને તેમાંથી નીકળતી હજારો નદીઓ છે. ૫૩. ૫૫.

सर्वेस्वेतेषु वर्षेषु सप्त सप्त कुलाचलाः ॥
नद्यश्च शतशस्तेभ्यः प्रसृता या द्विजोत्तम ॥ ५५ ॥

इति श्री विष्णु पुराणे द्वितीय अंशे द्वितीयोध्याय संपूर्ण.

* અધ્યાય ૩ જો.

पराशर उवाच–उत्तरं यत्समुद्रस्य हिमाद्रेश्चैव दक्षिणम् ॥
वर्षतद्भारतं नाम भारती यत्र संततिः ॥१॥

૫રાશર૦—જે સમુદ્રની ઉત્તરે અને હિમાલયની દક્ષિણે છે તથા જ્યાં ભરત રાજાની પ્રજા વાસ કરે છે તેને ભારત વર્ષ કહે છે. હે મુનિશ્રેષ્ઠ મૈત્રેય! એનો વિસ્તાર નવ હજાર યોજનનો છે, સ્વર્ગ અને મોક્ષની ઇચ્છાવાળાને ધાર્મિક કૃત્ય કરવાની એ શ્રેષ્ઠ જગ્યા છે. મહેંદ્ર, મલય, સહ્ય, શક્તિમાન્, ઋક્ષ, વિંધ્ય અને પારિપાત્ર એવા આ વર્ષમાં સાત પર્વત છે. ૨. ૩. હે મૈત્રેય! અહિંથીજ મનુષ્યો સ્વર્ગમાં જયછે, અને અહિંથીજ મોક્ષને પામે છે. તેમજ અહિંથી પોત પોતાના કર્મ પ્રમાણે મનુષ્યો, પશુ, પક્ષીઓ વિગેરે તિર્યક્ યોનિમાં અને નરકમાં જાય છે. ૪. આ સ્થાનમાંથી મનુષ્યો સ્વર્ગ, મોક્ષ, ભૂર્લોક અને નરકમાં જાય છે. કારણ કે આ ભારત વર્ષ શિવાય બીજા વર્ષોમાં કર્મ કરવાની શાસ્ત્રની આજ્ઞા નથી. તેમજ કર્મ વગર સ્વર્ગાદિકની પ્રાપ્તિ થવી પણ અશક્ય છે. ૫. હમણાં આ ભારત વર્ષનાં નવ વિભાગ તને કહું છું તે તું સાંભળ. ઐંદ્રદ્વીપ, કશેરુમાન, તામ્રવર્ણ, ગભસ્તિમાન્, નાગદ્વીપ, સૌમ્યદ્વીપ, ગંધર્વદ્વીપ, વારુણદ્વીપ, અને છેવટનો સમુદ્રથી વિંટાયેલો આ નવમો દ્વીપ કહેવાય છે. ૬. ૭. જેની પૂર્વ દિશામાં કિરાત અને જેની પશ્ચિમ દિશામાં યવન લોકો રહેછે. અને મધ્યમાં પોત પોતાની જાતિના વિભાગ પ્રમાણે યજ્ઞ યુદ્ધ, વ્યાપાર અને સેવા ઉપર આજીવિકા ચલાવનાર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર, આ ચાર વર્ણો રહે છે. તે દ્વીપની દક્ષિણ ઉત્તર લંબાઈ એક હજાર યોજનની છે. ૮. ૯. હે મૈત્રેય! આ ભારત વર્ષમાં વેદ-સ્મૃતિ વિગેરે નદીઓ પારિપાત્ર પર્વતમાંથી નીકળી છે. નર્મદા સુરસા, વિગેરે નદીઓ વિંધ્ય પર્વતમાંથી નીકળી છે, ગોદાવરી, ભીમરથી, કૃષ્ણા, અને વેણી, એ પાપને નાશ કરનારી નદીઓ સહ્યાદ્રિ પર્વતમાંથી નીકળી છે. તાપી, પયોષ્ણી અને નિર્વિંધ્યા એ ઋક્ષ પર્વતમાંથી નીકળી છે. કૃતમાલા અને તામ્રપર્ણી મલયાચલ પર્વતમાંથી નીકળી છે. ત્રિસામા અને ઋષિકુલ્યા વિગેરે નદીઓ મહેંદ્રપર્વતમાંથી નીકળેલી છે. ઋષિકુલ્યા અને કુમારી નદીઓ શક્તિમાન્ નામના પર્વતમાંથી નીકળી છે. શતદ્રુ અને ચંદ્રભાગા હિમાલયના ચરણમાંથી નીકળેલી છે. આવી નદીઓ તથા ક્ષુદ્ર નદીઓ હજારો છે. ૧૦. ૧૪. આ નદીઓના તીરપર કુરૂ પાંચાલ અને મધ્યમ દેશમાં રહેનાર લોક અને પૂર્વ દિશામાં રહેનાર તેમ કામરૂપ વિગેરે દેશમાં રહેનાર લોકો

* આ ત્રીજા અધ્યાયમાં ભારતવર્ષમાંની નદીઓ તથા પર્વતોના જેવાં જેવાં સ્થાન છે તેમજ લોકના જેવા વિભાગ છે. તે વિગેરેનું વર્ણન કરી બતાવવામાં આવશે.

રહે છે. ૧૫. પુંડ્ર, મગધ, કાલિંગ વગેરે સઘળા દક્ષિણાત્ય તેમજ અપરાંત, સૌરાષ્ટ્ર, શૂર, આભીર, અર્બુદ કારૂષ, માલવ અને પારિપાત્ર પર્વત ઉપર રહેનારા તેમજ સૌવીર, સિંધુ, હૂણ, શાલ્વ, અને શાલક આદિ દેશોમાંના લોક તથા મદ્ર, આરામ, અંબષ્ટ અને પારસીકાદિ સઘળાલોકો એ નદીઓના જળનું પાન કરી આનંદથી પોતાના પરિવાર સહિત તે નદીઓની સમીપ નિવાસ કરેછે. ૧૬. ૧૭. હે મૈત્રેય ! આ ભારત વર્ષમાં કૃત, ત્રેતા, દ્વાપર અને કલિ આ ચાર યુગો છે અને તે બીજે કોઇ ઠેકાણે નથી, આ ઠેકાણે ઋષિઓ તપ કરેછે. યાજ્ઞિક લોકો યજ્ઞ કરેછે. અને આજ દ્વીપમાં પરલોક પ્રાપ્ત કરવાને માટે આદરપૂર્વક દાન પણ આપવામાં આવે છે. આ જંબુ દ્વીપમાં રહેનારા લોકો યજ્ઞરૂપ પરમાત્મા શ્રી વિષ્ણુનું યજ્ઞ યાગથિ નિરંતર આરાધન કરેછે; અને બીજા દ્વીપમાં સૂર્ય, ચંદ્રાદિનું અર્ચન કરે છે. ૧૯. ૨૧. હે મુનીવર! આ જંબુ દ્વીપમાં ભારતવર્ષજ શ્રેષ્ટ છે, કારણકે આ દ્વીપ પરલોકમાં સાધનભૂત કર્મ કરવાનું શ્રેષ્ટ સ્થાન છે, અને બીજા વર્ષો તો કેવળ વિલાસનાંજ સ્થાનછે. ૨૨. હે મૈત્રેય ! પ્રાણીને કરોડો જન્મ ધારણ કર્યા પછી પોતાના પુણ્ય બળથી કવચિતજ મનુષ્ય જન્મ, ભારત વર્ષમાં મળી શકે છે. ૨૩. દેવતા લોકો આ પ્રકારે ગીત ગાયા કરે છે કે જે પુરૂષ સ્વર્ગ અને મોક્ષમાં કારણભૂત આ ભારતવર્ષ નામના ભૂભાગમાં ઉત્પન્ન થાય છે તે દેવત્વથી મુકત થઇ અમારા થકી ઘણાજ પુણ્યવાન્ કહેવાય છે. તેઓ કર્મ ભૂમિ ઉપર અવતરી ફળની અભિલાષાનો ત્યાગ કરી કરેલાં તમામ કર્મ પરબ્રહ્મ રૂપ પરમેશ્વરને અર્પણ કરી જે લોકો અત્યંત નિર્દોષ હોય છે તેજ લોકો અનંતમાં લીન થાય છે. અમને જે કર્મથી સ્વર્ગપ્રાપ્તિ થઇ છે તે કર્મનો ક્ષય થવાથી અમારે કયા વર્ષમાં (ખંડ) જન્મ ધારણ કરવો પડશે તે અમે જાણતા નથી. જેઓ ભારત વર્ષમાં જન્મ મેળવી કેવળ ઇન્દ્રિયોમાં આસકત થયા નથી, તેઓનેજ ખરેખરો ધન્યવાદ છે. આવા અર્થની દેવતાઓ પણ વારંવાર સ્તુતિ કર્યા કરે છે. હે મૈત્રેય ! એ પ્રમાણે નવ વર્ષ (ખંડ) થી યુક્ત લક્ષ યોજનના વિસ્તારવાળા જંબુદ્વીપનું વર્ણન તને કહ્યું. આના બાહ્ય ભાગમાં એક લાખ યોજનવાળો ગોળાકારે ક્ષીરસમુદ્ર તેની ચોતરફ વિંટાઈને રહેલો છે. ૨૪. ૨૫. ૨૬. ૨૭. ૨૮.

जंबुद्वीपं समावृत्य लक्षयोजनविस्तरः ।
मैत्रेय वलयाकारः स्थितः क्षारोदधिर्बहिः ॥ २८ ॥

ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે દ્વિતીય અંશે તૃતીય અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૪ થો.

पराशर उवाच–क्षारोदेन यथा द्वीपो जंबुसंज्ञोऽभिवेष्टितः ।
संवेष्टयक्षारमुदधिं प्लक्ष द्वीपस्तथास्थितः ॥ १ ॥

પરાશર૦—જે પ્રમાણે જંબુદ્વીપ ક્ષીરસમુદ્રથી વિંટાયેલો છે તે પ્રમાણે પ્લક્ષદ્વીપ પણ ક્ષીરસમુદ્રને વિંટાઇને રહેલો છે. હે મૈત્રેય! જંબુદ્વીપનો વિસ્તાર એક લાખ યોજન છે અને પ્લક્ષદ્વીપ જંબુદ્વીપથી બે ગણો વધારે છે. ૧. ૨. સપ્તદ્વીપના અધિપતિ મેધાતિથીને સાત પુત્રમાં મોટો શાન્તભવ નામનો પુત્ર થયો હતો. તેનાપછી શિશિર મુખોદય, આનંદ, શિવ, ક્ષેમક અને ધ્રુવ એ નામના સાત પુત્રો થયા. તે સાતે પ્લક્ષદ્વીપના અધિપતિ થયા હતા. ૩. ૪. આ દ્વીપમાં શાંતભવ-નામનો પહેલો ખંડ છે અને શિશિર, મુખોદય, આનંદ, શિવ, ક્ષેમક અને ધ્રુવ આ છ મળી સાત ખંડો છે, તેમજ હે મુનિવર! તે ખંડની સમાન વિભાગ કરનારા પર્વતો પણ સાત છે, તેઓનાં નામ હું તને કહું છું, તે તું શ્રવણ કર. ગોમેદ, ચંદ્ર, નારદ, દુંદુભિ, સોમક, સુમના, અને વૈભ્રાજ, એઓ સઘળા વર્ષ પર્વત કહેવાય છે. ૫. ૭. આ રમણીય ખંડોમાં તથા તેના વર્ષપર્વતોમાં દેવ, ગાંધર્વ આદિ સહ-વર્તમાન સઘળી પવિત્ર પ્રજા સર્વકાળ વાસ કરે છે. તે ખંડમાં પવિત્ર દેશ છે. ત્યાંનાજ લોકો દીર્ઘાયુષી કહેવાય છે. તેઓને માનસિક દુઃખ તથા રોગ હોતાં નથી. કારણકે તે દ્વીપ સદા સુખદાયક છે. હે મૈત્રેય! તે ખંડમાં સમુદ્રને મળનારી નદીઓ સાતજ છે. જેઓનું શ્રવણ માત્ર કરવાથી સઘળા પાપો નાશ પામે છે, એવી તે નદીઓનાં નામ તને કહું છું તે શ્રવણ કર. અનુતપ્તા, શિખી, વિપાશા, ત્રિદિવા, ક્રતુ, અમૃતા, અને સુકૃતા આ સાત નદીઓ છે. એ પ્રમાણે આ મુખ્ય મુખ્ય પર્વતો અને નદીઓ તને કહી બતાવી. એ પ્રમાણે આ પ્રદેશમાં હજારો નાની નદીઓ તથા પર્વતો છે. ૮.–૧૨. આ તમામ પ્રદેશમાંના લોકો આનંદપૂર્વક તે નદીઓના જળનું પ્રાશન કરે છે. હે મૈત્રેય! ત્યાં રહેનારા લોકોની ક્ષય તથા વૃદ્ધિ થતી નથી તે સાતે ખંડોમાં કૃતત્રેતાદ્વિયુગોની સ્થિતિ નથી. હે મહામનિ મૈત્રેય! ત્યાં આગળ તો નિરંતર ત્રેતાયુગ પ્રમાણેજ કાળ પ્રવર્ત્તે છે. ૧૩.૧૪. હે મૈત્રેય! પ્લક્ષદ્વીપથી શાકદ્વીપ પર્યંતના લોકો કોઇ પણ વ્યાધિથી ન પીડાતાં પાંચહજાર વર્ષનું આયુષ્ય ભોગવે છે. ૧૫. આ પાંચ દ્વીપમાં વર્ણ અને આશ્રમોના વિભાગને યોગ્ય ધર્મ છે. તે ઠેકાણે પણ ચારજ વર્ણ છે, તે તને કહું છું તે તું શ્રવણ કર. ૧૬. હે મુનીશ્વર! જેઓ આર્યક, કુરવ,

* આ ચોથા અધ્યાયમાં પ્લક્ષાદિ દ્વીપોનું વર્ણન તથા તેના પર્વતો અને નદીઓનું વર્ણન તથા કલ્પના તેમજ ક્ષારોદાદિ સમુદ્રનું વર્ણન કરવામાં આવશે.

વિવિંશ, અને ભાવિ નામના લોકો છે, તેઓ અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર કહેવાય છે. ૧૭. જંબુદ્વીપમાં જેવડો જાંબુડો છે તેવાજ પ્રમાણનું આ દ્વીપમાં ઘણું મોટું એક વૃક્ષ છે. હે બ્રહ્મ શ્રેષ્ઠ! તેનું નામ પ્લક્ષ છે, એ પ્રમાણેના નામવાળું વૃક્ષ હોવાથી તે દ્વીપનું પ્લક્ષ એવું નામ પડેલું છે. તે ઠેકાણે આર્યકાદી વર્ણ પોતાના ઉત્પાદક સર્વ સ્વરૂપી સર્વના ઈશ્વર ભગવાન્ સોમનું સ્વરૂપ ધરનાર શ્રીહરિનું આરાધન કરે છે. આ પ્લક્ષ દ્વીપને તેના જેટલાજ પરિમાણથી ગોળ દેખાનારો ઇક્ષુરસોદ નામનો સમુદ્ર વીંટીને રહેલો છે. એ પ્રમાણે હે મૈત્રેય! મેં તને પ્લક્ષ દ્વીપનું વૃત્તાંત સંક્ષેપમાં કહિ બતાવ્યું. હવે શાલ્મલીનું વર્ણન કહું છું, તે શ્રવણ કર. ૧૮. ૨૧. એ શાલ્મલી દ્વીપના અધિપતિ વપુષ્માન્ કહેવાય છે. તેના પુત્રનાં નામ શ્રવણ કર. કારણ કે તેઓનાં નામ ઉપરથીજ આ દ્વીપનાં ખંડોના નામ પડેલાં છે. ૨૨. હે મુનિશ્રેષ્ઠ! શ્વેત, હરિત, જીમૂત, રોહિત, વિદ્યુત્, માનસ અને સુપ્રભ, એ તેના પુત્રોનાં નામ છે. તે દ્વીપનાં સાત ખંડના નામ પણ તેજ છે. ૨૩. પ્લક્ષ દ્વીપની ચારે તરફ્ હોનાર ઇક્ષુરસોદ નામના સમુદ્રને તેનાથી બેવડા શાલ્મલી દ્વીપનું વેષ્ટન છે, તેમાં સાત પર્વત છે, તેના ઉપર રત્ન ઉત્પન્ન થાય છે, આ પર્વતોથી ખંડના ભાગ માલુમ પડે છે. તે પર્વતોના નામ કહું છું તે શ્રવણ કર કુમુદ, ઉન્નત, સુબલાહક, જેમાં ઘણી સારી ઔષધિઓ પાકે છે એવો દ્રોણ, કંક, મહિષ, અને સર્વોત્તમ કકુદ્માન્ એવા સાત પર્વતો છે. હવે નદીઓનાં નામ કહું છું તે શ્રવણ કર. ૨૪. ૨૭. યોગી, તોયા, વિતૃષ્ણા, ચંદ્રા, શુક્લા, વિમોચની અને નિવૃત્તિ, આ સાત નદીઓ કહેવાય છે. એઓના સ્મરણથીજ પાપ નષ્ટ થઈ જાય છે. ૨૮. શ્વેત, લોહિત, જીમૂત, હરિત, વિદ્યુત, માનસ અને સુપ્રભ એ નામના સાત વર્ષ ચાર પ્રકારના વર્ણ વિભાગથી યુક્ત છે. હે મૈત્રેય! આ શાલ્મલી દ્વીપમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્ર આ ચાર વર્ણ અનુક્રમે કપિલ, અરૂણ, પીત, અને કૃષ્ણ આ ચાર પ્રકારના જુદા જુદા વર્ણથી યુક્ત છે, તેઓ યજ્ઞ કરનારા હોવાથી તમામ પ્રાણીઓના આત્મા સર્વ પ્રકારના યજ્ઞોના કારણભૂત વાયુ સ્વરૂપ ધારણ કરનાર શ્રી વિષ્ણુનું તેઓ ઘણાજ ઉત્કૃષ્ટ પ્રકારના યજ્ઞવડે આરાધના તથા પૂજન કરવામાં તત્પર રહે છે ૨૯. ૩૨. આ અત્યંત મનોહર દ્વીપમાં સર્વકાળ દેવતાઓ સાન્નિધ્ય રહે છે. અને આ દ્વીપમાં શાલ્મલી નામનું સુખદાયક મહાન્ વૃક્ષ છે. આ દ્વીપ તેના જેટલાજ પરિમાણવાળા સુરોદ નામના સમુદ્રથી ચારે બાજુએ વીંટાએલો છે ૩૩. ૩૪. શાલ્મલી દ્વીપથી બમણા વિશાળ કુશદ્વીપથી આ સુરોદ નામનો સમુદ્ર ચારે બાજુએથી વીંટાયેલો છે. આ કુશદ્વીપનો રાજા જ્યોતિષ્માન્ નામનો છે. એ રાજાને પણ સાત પુત્ર થયા છે, તેનાં નામ સાંભળ, ઉદ્ભી, વેણુમાન્, વૈરથ, લંબન, ધૃતિ, પ્રભાકર અને કપિલ એ તેઓનાં નામ છે. એ નામથીજ આ

દ્વીપના વર્ષોનાં નામ પડેલાં છે. તે વર્ષ સમુહમાં દૈત્ય દાનવો એ સહવર્તમાન મનુષ્યો અને તેજ પ્રમાણે દેવ ગંધર્વ યક્ષ અને કિન્નર પુરૂષો વાસ કરે છે. ૩૫. ૩૮. હે મુનિવર ! તેમાં દમી,શુષ્મી, સ્નેહ, અને મંદેહ, એ નામની ચાર જાતી છે. તે અનુક્રમે બ્રાહ્મણાદિ વર્ણ કહેવાય છે. કારણ કે તેઓ બ્રાહ્મણને કરવાના કહેલાં કર્મો કરે છે. તે કુશદ્વીપમાં સર્વવર્ણ પોતાને સંસારબંધનથી છુટવાને માટે બ્રહ્માનું રૂપ ધારણ કરનાર શ્રીવિષ્ણુનું આરાધાન કરી સંસારરુપ ફળ આપનાર અહંકારનો નાશ કરે છે. વિદ્રુમ, હેમશૈલ, ઘુતિમાન્, પુષ્પવાન, કુશેશય, હરિ, અને સાતમો મંદરાચળ એવા સાત પર્વતો છે. તે પ્રમાણે નદીઓ પણ સાતજ છે તેઓનાં નામ હું અનુક્રમે કહું છું તે તું એકચિત્તથી શ્રવણ કર ૩૯. ૪૨. ધૂતપાપા, શિવા, પવિત્રા, સંમતિ, વિદ્યુત્ અંભા, અને મહી, એ તમામ નદીઓ પાપને નાશ કરનારી છે. એનાથી કેટલીક બીજી નાની પણ છે અને પર્વતો પણ હજારો છે. આ કુશ-દ્વીપમાં દર્ભનો મોટો પેટ છે માટે તેના નામથીજ આ દ્વીપને કુશદ્વીપ એમ કહે છે. આ કુશદ્વીપ તેના જેટલાજ પ્રમાણવાળા ઘૃતોદ નામના સમુદ્રથી વીંટાયેલો છે. અને તે ઘૃતોદ સમુદ્ર ક્રૌંચ નામના દ્વીપથી વીંટાયેલો છે. ૪૩. ૪૫. હે મહાભાગ મૈત્રેય! હવે ક્રૌંચના મોટા દ્વીપનું વર્ણન સાંભળ આનો વીસ્તાર કુશદ્વીપ કરતાં બમણો છે. તે ક્રૌંચદ્વીપના અધિપતિ મહાત્મા ઘુતિમાન્ ને સાત પુત્રો થયા છે તે દ્વીપમાં તે રાજાએ તેઓનાં નામથી સાત વર્ષ કીધાં છે. કુશલ, મંદગ, ઉષ્ણ, પીવર, અંધ-કારક, મુની, અને, દુંદુભિ, એ નામના સાત પુત્રો છે. હે મૈત્રેય ! આ દ્વીપમાં દેવ અને ગંધર્વથી સેવન કરાયેલા અતીશય મનોહર મર્યાદા પર્વતો છે. તેઓનાં નામ શ્રવણ કર ૪૬. ૪૯. ક્રૌંચ, વામન, અંધકારક, દેવાવૃત, પુંડરીક, દુદુંભી અને મહાશૈલ, આ સાત પર્વત, અને એના નામથીજ બીજા અવાંતર દ્વીપ છે. આ દ્વીપો પરસ્પર એક બીજાથી બેવડા વિસ્તાર પામેલા છે. રમ્ય અને સર્વોકૃષ્ટ મર્યાદા પર્વતોપર દેવ ગણોએ સહવર્તમાન તમામ પ્રજા નિર્ભયપણે વાસ કરે છે. ૫૦. ૫૨. હે મુનીવર ! અહીં આગળ પુષ્કર ,પુષ્કલ, ધન્ય, અને તિગ્મ, એવા ચાર જાતિભેદ છે, તે અ-નુક્રમે બ્રાહ્મણાદિ વર્ણ કહેવાય છે ૫૩.હે મૈત્રેય! એ ઠેકાણે તે લોકો જે નદીના જળનું પ્રાશન કરે છે. તે તને કહું છું તે તું સાંભળ. એ નદીઓમાં સાત મુખ્ય કહેવાય છે. બીજી ક્ષુદ્ર નદીઓ ત્યાં આગળ ઘણીજ છે. ૫૪. ગૌરી કુમુદ્વતી, સંધ્યા, રાત્રી, મનોજવા, ખ્યાતિ અને પુંડરીકા, આ સાત વર્ષ નદીઓ છે. તે દ્વીપમાંની પુષ્કરાદિ વર્ણ યજ્ઞના સમીપ ભાગમાં યજ્ઞનું રુદ્રસ્વરૂપ ધારણ કરનાર પરમાત્મા ભગવાનનું આરાધન કરે છે. ૫૫. ૫૬. એ પ્રમાણે ક્રૌંચના પ્રમાણવાળો દધિમંડોદ નામનો સમુદ્ર તેની ચારે બાજુએ વિટાયેલો છે, હે મહાજ્ઞાની ! તે દધિમંડોદક નામના સમુદ્રને ક્રૌંચદ્વીપના વિસ્તારથી બમણા વિસ્તારવાળા શાકદ્વીપે વીંટયો છે. ૫૮. તે શાકદ્વીપના અધિપતિ

ભવ્ય મહાત્માને પણ સાત પુત્રો છે. તે પુત્રોને તેણે તે દ્વીપના વિભાગો આપેલા છે. જલદ, કુમાર સુકુમાર, મણીવક, કુસુમોદ, મોદાદ્રી, અને મહાદ્રુમ, એવા નામના સાત પુત્રો છે. એઓનાં નામથીજ તે વર્ષોના (ખંડ) નામ પડેલાં છે. તે ખંડોના વિભાગ પાડનાર મર્યાદા પર્વતો પણ છે. હે મૈત્રેય! તેઓનાં નામ સાંભળ. ઉદયગિરી, જલાધાર, રૈવતક, શ્યામ, ગીરિ, આંબિકેય, અને રમ્ય આવા સાત પર્વત શ્રેષ્ટ કેસરી છે. તે દ્વીપમાં સિદ્ધ અને ગંધર્વથી સેવન કરાયેલા, અને જેના ઉપર વાયુનો સ્પર્શ થવાથી અત્યંત આહ્લાદ ઉદ્ભવે છે. એવો શાક નામનું તરુવર છે. તે દ્વીપમાં ચાર પ્રકારના વર્ણથી યુકત એવા પવિત્ર દેશો છે. ૫૯. ૬૪. તેમજ આ દ્વીપમાં સુકુમારી, કુમારી. રેણુકા, ઈક્ષુ, ધેનુકા, અને ગભાસ્તિ; એવી સાત નદીઓ છે. જે તમામ પ્રકારના પાપનો ભય નાશ કરનારી અત્યંત પવિત્ર છે, તેમજ ત્યાં આગળ બીજી નાની નદીઓ પણ હજારો છે. ૬૫. ૬૬. તથા ત્યાં આગળ પર્વતો પણ હજારો છે. સ્વર્ગ સુખનો ઉપયોગ કરી પુણ્ય ક્ષીણ થયા બાદ સ્વર્ગથી આ ભૂમી ઉપર પુણ્યના અવશેષ અંશથી જન્મ પામી જલદ આદી વર્ષોમાં (ખંડોમાં) વાસ કરનારી પ્રજા આનંદિત થઇ આ નદીઓના જલનું પાન કરે છે. ૬૭. તે સાત દેશમાં ધર્મ આચરણમાં કદી પણ અંતર પડતો નથી કોઈનો કોઈ સાથે સ્પર્શ પણ હોતો નથી. તેમજ માણસોની મર્યાદાનુ પણ ઉલ્લંઘન થતું નથી. ૬૮. મગ, માગધ, માનસ, અને મંદગ, આવા ચાર વર્ણ છે. તેમાંથી મગ બ્રાહ્મણ છે. માગધ ક્ષત્રિય, છે માનસ વૈશ્ય, છે અને મદંગ એ શુદ્ર કહેવાયછે. હે મૈત્રેય! શાકદ્વીપમાંની તે ચાર વર્ણ ઈંદ્રિય અને વાણીનો નિગ્રહ કરી શાસ્ત્રમાં કહેવા પ્રમાણે કર્મ કરી સુર્ય રુપ ધારણ કરનાર શ્રી વિષ્ણુનું આરાધન કરે છે. હે મૈત્રેય ! તે શાકદ્વીપને તેના જેટલો વર્તુલાકારે ક્ષીરોદ નામનો સમુદ્ર ચારે બાજુએ વીંટાઇ રહેલો છે. તેમજ તે ક્ષીર સમુદ્રને તેનાથી બમણા પુષ્કર નામના દ્વીપે ચારે બાજુથી વીંટેલો છે આ પુષ્કર દ્વીપના રાજા સવનને મહાવીર અને ધાતકી એ નામના બે પુત્રો થયા, તે દ્વીપમાં એ બેના નામથી અંકિત થયેલા બે વર્ષ (ખંડ) છે તેઓમાં એક મહાવીર અને બીજો ધાતકીખંડ એવા નામે પ્રખ્યાત છે. ૬૯ ૭૪.

હે મહાભાગ ! આ દ્વીપમાં પ્રખ્યાત, મધ્યભાગમાં ગોળાકાર એવો એકજ માનસોત્તર નામનો મર્યાદા પર્વત આવેલો છે. ૭૫. આ પર્વત પચાસ હજાર યોજન ઉંચો અને તેટલોજ વિશાળ છે. અને તે તમામ ઠેકાણેથી વર્તુલાકાર છે. આ વર્તુલાકાર પર્વત પુષ્કર દ્વીપની બરોબર મધ્ય ભાગ ઉપર જાણે વિભાગ કરતો ન હોય? એમ માલુમ પડે છે. તે પર્વતે એપ્રમાણે વિભાગ કરવાથી તે દ્વીપના બે ખંડ થયા છે. ૭૬. ૭૭. તે દરેક ખંડો ગોળાકારે આવેલા છે. તે બન્ને ના મધ્ય ભાગમાં તે પર્વત છે. ત્યાં આગળ માણસો દશ હજાર વર્ષ સુધી જીવે છે.

૭૮. તેઓ નિરોગી, શોકવગરના, અને રાગદ્વેષથી રહિત છે. તથા તેઓનામાં અધમ અને ઉત્તમ એવા પ્રકારના ભેદો પણ નથી. તેમજ ત્યાં કોઈ કોઇને વધ્ય નથી. તેમ વધ કરનારા પણ નથી. ત્યાં ઇર્ષ્યા, અસુયા, ભય, રોગ, દ્વેષ, લોભ, અને કામાદિ શત્રુઓ નથી. તે માનસ નામનો વર્તુલાકાર પર્વતના બાહ્ય પ્રદેશમાં મહાવીર, અને તેના અંતર ભાગમાં દેવ દાનવ ઈત્યાદિકોથી સેવન કરાયેલો ધાતકી ખંડ છે. આ પુષ્કરદ્વીપમાં સત્ય અને અસત્ય એવા બે ભેદો નથી. ૭૯. ૮. બન્ને ખંડથી યુકત હોનાર તે દ્વીપમાં નદી તથા અન્ય પર્વતો પણ નથી. ત્યાં આગળ તમામ મનુષ્યનો પોષાક એક સરખો હોવાથી તે આકારે પ્રત્યક્ષ દેવના સરખા છે. અર્થાત્ બધા લોકો દેવમય છે. ૮૧. એ ઠેકાણે બ્રાહ્મણાદિક વર્ણ તથા બ્રહ્મચર્યાદિ આશ્રમનો જે આચાર અને બીજા ધાર્મિક કામ્ય આચાર વિગેરે નથી. તે ત્રયી, વાર્તા, દંડનીતી શુશ્રષાથી રહિત એવા આ બે ખંડ ભૂમીઉપર ઉત્તમ પ્રકારનું સ્વર્ગજ છે. પુષ્કર દ્વીપમાંના મહાવીર અને ધાતકી નામના બે ખંડમાં કોઇ પણ વખતે વૃદ્ધત્વ તથા રોગ જઈ શકતા નથી માટે કરીને ત્યાનો વખત તમામને સુખદાયક છે. આ પુષ્કરદ્વીપમા બ્રહ્માને રહેવાનું એક વડનું ઝાડ છે. ત્યાં દેવ અને દાનવાદિકોથી પૂજા પામેલા બ્રહ્મા વાસ કરે છે. ૮૨. ૮૬. તે પુષ્કરદ્વીપ તેના જેટલાજ વિશાળ અને તેજ પ્રમાણે વર્તુલાકાર સ્વાદુદક નામના સમુદ્રથી વેષ્ટિત થયેલો છે. હે મૈત્રેય ! એ પ્રમાણે આ પૃથ્વીઉપર સાત સમુદ્રથી વિંટાયેલા સાત દ્વીપ છે. અને તમામ દ્વીપો તથા સમુદ્રો એક બીજાથી બમણા છે. ૮૭. ૮૮. તેમજ તમામ સમુદ્રમાં પાણી એક સરખું છે. તેમાં ન્યુનત્વ તથા આધિક્ય કદાપિપણ થતું નથી. ૮૯. જે પ્રમાણે તપેલીમાં રહેલું જળ અગ્નિનો સ્પર્શ થવાથી ઉપર આવવા ત્વરા કરે છે, અર્થાત્ ઉભરાવા માંડે છે, તેજ પ્રમાણે હે ઋષિવર ! ચંદ્રની અભિવૃદ્ધિ જોઇને તેનો પ્રકાશના સ્પર્શથી તે સમુદ્રમાં પાણી પણ ઉભરાવા માંડે છે. ૯૦ વસ્તુતઃ તે પાણી ઓછું તેમ વધારે નથી પરંતુ શુદ્ધ અને કૃષ્ણપક્ષમાં ચંદ્રના ઉદય વખતે ભરતી થતાં વધે છે. અને ઓટ થતાં ઓછું થઇ જાય છે. ૯૧. હે મુનિવર ! સમુદ્રમાં પાણીની થનારી વૃદ્ધિ અને હ્રાસ પંદરસો આંગળ હોય એમ જોવામાં આવે છે. હે મૈત્રેય ! આ પુષ્કરદ્વીપમાં તમામ પ્રજા આપોઆપ પ્રાપ્ત થયેલા છ રસવાળા અન્નનું ભક્ષણ કરે છે. સ્વાદુદકસમુદ્રની પાછળ તેનાથી બમણો વિસ્તારવાળો કોઈપણ વાસ માણસોનો નથી માટે તમામ પ્રકારના પ્રાણીઓથી રહિત એ સુવર્ણ ભુમિ છે. ૯૨. ૯૪. તેની આગળ દશહજાર યોજન વિસ્તારવાળો લોકાલોક નામનો પર્વત છે. અને એની ઉંચાઇ દશ હજાર યોજન છે. ૯૫ તેની પેલી બાજુ અંધકાર ચારે તરફથી પર્વતને વીંટાઈ રહેલો છે. તે અંધકાર બ્રહ્માંડના કટાહને વીંટાઇ વળેલો છે. ૯૬, હે ઋષી મૈત્રેય ! આ બ્રહ્માંડનો કટાહ (અતંગોળ) દ્વીપ, સમુદ્ર, અને પર્વતોથી યુકત

હોનાર આ તમામ પૃથ્વીનો વિસ્તાર પચાસ કરોડ યોજન છે. ૯૭. હે મૈત્રેય ! આ પૃથ્વી તમામનું પાલન કરનારી, સર્વને ધારણ કરનારી, તમામ પ્રાણીઓનાં ગુણથી અધિક હોવાથી વિધાત્રી અને તમામની આધાર ભૂત છે.

सोयं धात्री विधात्री च सर्वभूत गुणाधिका ॥
आधार भुता सर्वेषां मैत्रेय जगता मिति ॥ ९८ ॥
ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે દ્વિતીય અંશે ચતુર્થો અધ્યાય સંપુર્ણ.

---

* અધ્યાય ૫ મો.

पराशर उवाच—विस्तार एषकथितः पृथिव्या भवतो मया ॥
सप्ततिस्तु सहस्राणि द्विजोच्छ्रायोऽपिकथ्यते ॥१ ॥

પરાશર૦—હે મૈત્રેય ! મેં તને પૃથ્વીનો વિસ્તાર કહ્યો. એ પ્રમાણે પૃથ્વીની ઉંચાઇ લગભગ સત્તર હજાર યોજન છે. હે મુનિવર ! પૃથ્વીના અર્ધા ભાગમાં દશ હજાર યોજનં ઉંચા એવાં સાત પાતાળ એકની નીચે એક એમ આવી રહેલાં છે. તેઓના નામ. અતળ, વિતળ નિતળ ગભસ્તિમાન્ (રસાતળ) મહાતળ, સુતળ (તલાતલ) અને પાતાળ છે. ૧. ૩ જ્યાં આગળની પૃથ્વી સફેદ કૃષ્ણ પીળી તથા ઘોળી રેતીથી તેમ પથ્થર તથા સુવર્ણથી. અને ઉત્તમ પ્રકારનાં મંદિરોથી સુશોભિત છે, તે પાતાલમાં દાનવ અને દૈત્યોની સેંકડો જાતીઓ નીવાસ કરે છે. તેમજ હે મૈત્રેય ! ત્યાં આગળ સર્પોની પણ મોટી મોટી જાતિઓ રહે છે. ૪. આ પાતાળ સ્વર્ગથી પણ અધિક રમણીય છે. નારદજીએ પાતાળમાં ફરી સ્વર્ગે ગયા બાદ દેવતાઓને કહ્યું કે જ્યાં આગળ નાગોને સુશોભિત કરનાર આભૂષણોમાં આહ્લાદકારક શુભ્ર અને ઉત્તમ પ્રકારની કાંતિથી યુકત એવાં રત્નો છે, એવા તે પાતાળની બરોબરી કરનાર કોણ છે ? ૫. ૬. દૈત્ય અને દાનવોની સુંદર કન્યાઓએ ચારે બાજુથી સુશોભિત કરેલા પાતાળ લોકમાં કયા મુકત પામેલા પુરુષના અંતઃકરણમાં પ્રીતિ ઉત્પન્ન થતી નથી ? જે ઠેકાણે દિવસે સુર્યનાં કિરણો ઉષ્ણ પડતાં નથી, અને રાત્રિએ ચંદ્રનાં કિરણો શીતળતા આપતાં નથી પણ માત્ર પ્રકાશજ કરે છે, તે શિવાય બીજું કાંઈ પણ તેઓથી થતું નથી. ૭૮. જે પાતાળમાં ભક્ષ્ય ભોજ્ય અને મહાપાન આદિનું સેવન કરવાને લીધે આનંદમાં મગ્ન થઈ ગયેલા દૈત્યા દિકોને ગયેલા કાળનું બીલકુલ

---

* આ પાંચમા અધ્યાયમાં પૃથ્વીની નીચે રહેલાં સાત પાતાળનું, સાત ભૂમિકાના ભેદ પ્રમાણે રહેલા આ ભૂગોળનું વર્ણન કરવામાં આવશે કે જે અનંત શેષના મસ્તક ઉપર આણની માફક આવેલું છે.

જ્ઞાન હોતું નથી. આ પાતાળમાં સંચાર કરનારા દૈત્ય દાનવો અને સર્પ લોકો, તેમજ સુંદર પ્રકારની નદીઓ, કમળોથી સુશોભિત શ્રેષ્ઠ તાળાવો; કોયલની મધુરધ્વનિ, મનોહર વસ્ત્ર, રમણીય આભૂષણ, અંગેલગાડવાના સુંગંધી લેપ, વીણા, વાંસળી, મૃદંગ આદિ વાદ્ય, સરણાઇ અને અત્યંત ભાગ્યવાળા પુરૂષોથી ઉપભોગમાં લેવાય એવી બીજી પણ વસ્તુઓનો ઉપભોગ લેવાય છે. ૯. ૧૨. આ પાતાળના અધોભાગમાં દૈત્ય દાનવોથી પણ જેના ગુણ ગાવા અશક્ય છે એવા શેષ નામના વિષ્ણુની તપોમય મૂર્તિ છે. દેવ અને દાનવોથી પૂજા કરાયેલા જે દેવને સિદ્ધ લોકો અનંત કહે છે. તેજ સ્પષ્ટ દેખાનારા સ્વસ્તિકરૂપ પવિત્ર ભૂષણોથી યુકત હોનારા અને હજારો મસ્તકથી બીરાજમાન એવા શેષ કહેવાય છે. જે પોતાની ફણામાં રહેનારા હજારો રત્નોવડે દિશાઓ પ્રકાશિત કરી આ જગત્‌ના કલ્યાણને માટે તમામ દૈત્યોને પરાક્રમ વગરના કરી નાંખે છે. ૧૩. ૧૫. મદ્યપાન કરવાથી ઉત્પન્ન થયેલા મદવડે જેના ડોળા ફરી ગયેલા છે. અને સર્વકાળ એકજ કુંડળ અને કિરીટ ધારણ કરનારા જે શેષ તે પોતેજ શેષ હોવાથી, કુંડલાદિકમાં રત્નોનો પ્રકાશ અગ્નિ પ્રમાણે હોવાથી એકાદ શ્વેત પર્વતની પેઠે દેખાય છે. ૧૬. નીલ વર્ણવાળા વસ્ત્રનું પરિધાન કરનાર અને મદિરામદથી ચઢી ગયેલા જે સર્પરાજ સફેદ હારથી સુશોભિત થયેલા હોવાથી ભાગીરથીના પ્રવાહથી યુકત ઉંચા કૈલાસ પર્વત પ્રમાણે દેખાય છે. ૧૭. જેના એક હાથમાં લાંગુલ નામનું આયુધ છે, અને જેણે પોતાના બીજા હાથમાં મુસળ ધારણ કર્યું છે, એવા કાંતિરૂપ વારૂણી નામના દેવતાથી જે નાગાધિપતિ સેવન કરાયેલા છે. ૧૮. પ્રલયકાળ વખતે જેના મુખમાંથી વિષમય અગ્નિની જવાળાથી દેદિપ્યમાન થનારા સંકર્ષણ સ્વરૂપ રૂદ્ર જેના મુખમાંથી નીકળી. સ્વર્ગ, મૃત્યુ, અને પાતાળ એ ત્રણે લોકોને ભક્ષણ કરી જાય છે, તે તમામ દેવતાઓથી પૂજન પામેલા સર્પાધિરાજ શેષ પાતાળના મૂળમાં પોતાના મસ્તકવડે સંપૂર્ણ ભૂમંડળ ધારણ કરીને રહ્યા છે. તેનું બળ, તેનો પ્રભાવ, તેનું સૌંદર્ય, અને તેના આકારનું વર્ણન કરવામાં તથા જાણવામાં મહાન સમર્થ દેવતાદિકો પણ સમર્થ નથી. ૧૯. ૨૧. ફણામાંના રત્નોના કિરણોથી લગાર રાતી થયેલી આ સંપૂર્ણ પૃથ્વી જેના મસ્તક ઉપર પૃથ્વીની માળા પ્રમાણે રહી છે. એવા તે નાગરાજનું વર્ણન કોણ કરી શકનાર છે. ૨૨. મદના મદની ખુમારીવાળા જેના ડોળા છે એવા અનંત જે વખતે બગાસું ખાય છે તે વખતે પર્વત, જળ, અને અરણ્ય એ સહવર્તમાન આ તમામ ભૂમંડળ ડોલવા માંડે છે. ગંધર્વ, અપ્સરાઓ, સિદ્ધ, કિન્નર, સર્પ અને ચારણથી પણ એના ગુણનો પાર ગણાતો નથી માટેજ તે નાગાધિપતિને અનંત એવું નામ આપવામાં આવ્યું છે. ૨૩. ૨૪. નાગની સ્ત્રીઓએ પોતાના હાથથી લગાડેલું ચંદન જેના શ્વાસોશ્વાસરૂપ વાયુથી ઉડી જઈ પૂર્વ વિગેરે દિશાઓના એકાદ વસ્ત્ર પ્રમાણે દેખાવ આપે છે. ૨૫. અત્યંત

પ્રાચીન ગર્ગાચાર્યે જેનું આરાધન કરી નક્ષત્રાદિકોનું તથા શકુનશાસ્ત્રમાં કહેલા ફળનું જ્ઞાન સંપાદન કરેલું છે. તે શેષ નાગ પોતાના મસ્તક ઉપર ધારણ કરેલી આ પૃથ્વી, દેવ, દૈત્ય, અને મનુષ્યાદિ લોક સમુદાયને ધારણ કરે છે. ૨૬. ૨૭.

तेनेयं नागवर्येण शिरसा विधृता मही ॥
बिभर्ति मालां लोकानां सदेवा सुरमानुषाम् ॥ २७ ॥

ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે દ્વિતીય અંશે પંચમો અધ્યાય. સંપૂર્ણ.

* અધ્યાય ૬ ઠ્ઠો.

पराशर उवाच—ततश्चनरकान्विप्र भुवोधः सलिलस्य च ।
पापिनो येषुपात्यंते तांच्छृणुष्व महामुने ॥ १ ॥

પરાશર૦—હે મુનિશ્રેષ્ટ મૈત્રેય! તે પાતાળની આગળ પૃથ્વીની દક્ષિણે આવેલા તમો ગર્તોદક નામના જળની નીચે જેઓમાં પાપી લોકોને નાંખવામાં આવે છે. એવાં નરકો છે. તેનું વર્ણન સાંભળ. ૧. રૌરવ, સૂકર, રોધ, તાલ, વિશસન, મહાજ્વાલ, તપ્તકુંભ, સવન, વિમોહન, રુધિરાંધ, વૈતરણી, કૃમિશ, કૃમિભોજન, અસિપત્રવન, કૃષ્ણ, લાલાભક્ષ, દારુણ, પૂયવહ, પાપ, વન્હિજ્વાલ, અધઃશિરા, સન્દંશ, કૃષ્ણસૂત્ર, તમ, અવીચિ, શ્વભોજન, અપ્રતિષ્ટ, અને બીજું અવીચી, પાછું બીજું એક એવાજ પ્રકારનું અત્યંત દુઃસહ છે. જેઓમાં પાપ કર્મમાં આસકત થયેલા પુરુષો પડે છે. શસ્ત્ર અગ્નિઆદિકના યોગથી ભયંકર ભય ઉત્પન્ન કરનાર નરક યમરાજાના રાજ્યમાં છે, ૨. ૬. ખોટી સાક્ષી આપનાર, ન્યાયાસન ઉપર બેસી પક્ષપાતથી અયોગ્ય ભાષણ કરનાર (અન્યાય કરનાર) અને બીજા પ્રકારના અસત્ય ભાષણ કરનારાઓ તે રૌરવ નામના નરકમાં પડેછે. હે મૈત્રેય! ગર્ભપાત કરનાર, નગરોનો નાશ કરનાર, ગાયને મારી નાખનાર, શ્વાસને રોકીને પ્રાણ ઘાત કરનાર પુરુષોને ઘોર નામના નરકમાં જવું પડેછે. ૭.૮. મદીરાનું પાન કરનાર, બ્રાહ્મણનો વધ કરનાર, સુવર્ણની ચોરી કરનાર, અથવા તેઓનો સંગ કરનાર સુકર નામના નરકમાં જાયછે. ૯. ક્ષત્રિય અને વૈશ્યનો વધ કરનાર, ગુરુની સ્ત્રી સાથે ગમન કરનાર, તાલ નામના નરકમાં જાયછે. અને પોતાની બેન સાથે ગમન કરનાર અને રાજપુત્રોનો વધ કરનાર પાપીજન તપ્તકુંભ નામના નરકમાં પડે છે. ૧૦. પોતાની સ્ત્રી પારકાને વેચનાર, કારાગૃહના રક્ષકોનો નાશ કરનાર, ઘોડાઓને વેચનાર અને

* આ છઠ્ઠા અધ્યાયમાં ભૂલોકની નીચેનો પ્રસંગ ચાલતો હોવાથી, નરકને વિષે ભોગવાતિ તીવ્રયાતનાનું વર્ણન અતલ આદિકોનું સુખ સાંભળનારને વૈરાગ્ય ઉત્પન્ન થવા માટે કહેવામાં આવશે.

પોતાના ભક્તોનો ત્યાગ કરનાર તમિસ્રલોહ નામના નરકમાં પડેછે. ૧૧. પોતાની છોકરી અને પોતાની પુત્રવધુ સાથે સંગમ કરનાર, ગુરુનું અપમાન કરનાર અને બીજાની નિંદા કરનાર; નીચ માણસને યમદુત મહાજવાલ નરકમાં નાંખે છે. ૧૨. વેદની નિંદા કરનાર, દ્રવ્ય લઇને વેદ શીખવનાર, નિષિદ્ધસ્ત્રી સાથે સંભોગ કરનાર, દુરાચારી સવનનામના ભયંકર નરકમાં જાય છે. ચોરી કરનાર, કુળમાં અથવા દેશમાં ચાલતી રીતીને દુષણ કરનાર, વિમોહક નામના નરકમાં પડે છે. દેવ, બ્રાહ્મણ અને પિતૃઓનો દ્વેષ કરનાર, સારાં રત્નોને બગાડનાર, કૃમિભક્ષ નામના નરકમાં પડે છે. શાસ્ત્ર નીષિદ્ધ યજ્ઞ કરનાર પણ કૃમિભક્ષ નામના નરકમાં પડે છે. જે અધમ માણસ પિતૃ, દેવ અને અતિથીઓને છોડીને એકલો અન્ન ભક્ષણ કરે છે તે લાલા ભક્ષક નામના નરકમાં પડે છે. બાણ બનાવનાર, તથા વેધકરનાર, તેમજ કર્ણિનામનું બાણ કરનાર અને તરવાર વિગેરે શસ્ત્ર બનાવનાર પુરૂષ વિશસન નામના નરકમાં જાય છે. નઠારા પ્રકારનાં દાનો લેનારા મનુષ્યો અધોમુખ નરકમાં પડે છે. ૧૫.૧૭. યજ્ઞયાગ કરવાનો જેઓને અધિકાર નથી એવાઓ પાસે યજ્ઞયાગ કરાવનાર, નક્ષત્રની ગણના કરી તેનાજ ઉપર ઉપજીવિકા ચલાવનાર, સાહસ કામ કરનાર, પરિવારને છોડીને એકલોજ મિષ્ટાન્ન જમનાર પૂયવહ નામના નરકમાં જાય છે. તેમજ હે મૈત્રેય ! લાખ, માંસ, રસ, તલ, અને મીઠું વિગેરેને વેચનાર બ્રાહ્મણ પણ તેજ નરકમાં જાય છે. ૧૮. ૧૯. બિલાડી, કુકડો, બકરાં, શ્વાન, અને આકાશમાં ઉડનાર પક્ષિઓનું પાલન કરનાર માણસ પણ તેજ નરકમાં જાય છે. ૨૦. રંગ ઉપરજ ઉપજીવિકા કરનાર (રંગારો અથવા અંગને રંગ લગાવી તેના ઉપર નિર્વાહ કરનાર નાટકી વિગેરે) કોળી, વર્ણસંકર (ધણીજીવતાં જારપુરૂષથી ઉત્પન્ન થયેલો) ભોજન કરનાર ઝેર ઘાલનાર, મનમાં દ્વેષ કરનાર, પોતાની સ્ત્રીએ જારકર્મથી મેળવેલા દ્રવ્ય ઉપર આજીવિકા ચલાવનાર, ધનલોભથીજ અમાવાસ્યાદિ પર્વ દિવસે પોતાને ત્યાં અથવા બીજાને ત્યાં શ્રાદ્ધાદિ કર્મ કરાવનાર, ઘરને બાળનાર, મિત્રને મારીનાંખનાર, શકુન બતાવી ઉપજીવિકા કરનાર, તમામ ગામના યજ્ઞયાગાદિક કર્મ કરાવનાર (ધામોટ), સોમવલ્લીને વેચનાર નરાધમ રૂધિરાંધ નામના નરકમાં પડે છે. ૨૧.૨૨. મધમાખીઓને રહેવાના સ્થળનો ભંગ કરનાર, ગામોને ઉધ્વસ્ત કરનાર, વૈતરણી નામક નરકમાં જાય છે. અને પુરૂષના વિર્યનું પ્રાશન કરનાર, ગામ, ખેતર વિગેરેની સીમાનો નાશ કરનાર, અપવિત્ર વસ્તુ ધારણ કરનાર, લોકને ફસાવી તેના ઉપર નિર્વાહ કરનાર, કૃષ્ણ નામક નરકમાં જાય છે. જે વિનાકારણ અરણ્ય જંગલ વિગેરેનો નાશ કરી મેદાન કરી નાંખે છે તે અસિપત્રમાં પડે છે. ૨૩.૨૪. બકરા ઉપર ઉપજીવિકા ચલાવનાર, પારધી વન્હિજવાલા નામના નરકમાં પડે છે. તેમજ હે મૈત્રેય ! જે લોક કાચા પદાર્થ ભઠ્ઠીમાં ઘાલી બાળી નાંખે છે. તેઓને પણ યમદૂત તેજ નરકમાં

ગણડાવી દેછે. ૨૫. આરંભ કરેલાં વૃતોનો વચમાંથીજ લોપ કરનાર, પોતાના બ્રહ્મચાર્યાદિઆશ્રમમાંથી ભ્રષ્ટ થનાર. સંદંશ નામના નરકમાં પડે છે. ૨૫. દિવસે નિંદ્રામાં જે બ્રહ્મચારી પુરૂષનુંવીર્ય સ્ખલન પામેછે તે અને જેઓ પોતાના પુત્રપાસેથી વિદ્યા શીખે છે, તેઓ શ્વભોજ્જન નામના નરકમાં પડે છે. ૨૭. હે મૈત્રેય! જેઓમાં પાપ કરનાર લોક યાતના પામી વારંવાર કલેશ પામેછે. આગળ ઉપર વર્ણવેલા અને બીજાં સેંકડો નરકો છે. ૨૮. તેમજ જેવાં અહિં આગળ કહેલાં પાપો છે. તેવાંજ બીજાં નરકમાં પતન પામનાર પુરૂષો જેનુ ફળ ભોગવે છે. એવાં બીજાં હજારો પાપો છે. ૨૯ હે મૈત્રેય! જે માણસ ક્રિયા થકી, શબ્દથી, અને મનથી પોતાના વર્ણ અને આશ્રમ વિરૂદ્ધ કર્મ કરે છે. તેવો પુરુષ નરક ગામી થયા વગર રહેતો નથી. ૩૦ તે નરકમાં પડનાર માણસનું મસ્તક નીચે અને પગ ઉપર હોય છે. તેને સ્વર્ગમાં વાસકરતા દેવો જુએ છે. દેવતાઓ પણ પોતાનું માથું નીચું કરી નરકમાં પડનાર તમામ પ્રાણીઓને જુએ છે. એ પ્રમાણે નરકમાં દુષ્કર્મનું ફળ ભોગવી પૂર્વ પ્રમાણે અસંખ્ય પ્રાણીઓ વૃક્ષાદિ સ્થાવરપદાર્થના જન્મમાં જાય છે. ત્યાર બાદ અનુક્રમે જલચર, પક્ષી, પશુ, મનુષ્ય, ધર્મનિષ્ઠપુરૂષ, દેવ અને મુક્તએઓના જન્મમાં જાય છે. ઉપરના ક્રમ પ્રમાણે જાય છે એમ કંઈ નિયમ નથી પણ કદાપિ પુણ્યનું જોર અધિક હોવાથી એકદમ ઉંચો જન્મ પ્રાપ્ત થાય છે. હે મૈત્રેય! એઓમાંથી છેવટનો મુક્તલોક પર્યંત એક પછી એક પોતપોતાના નિયમથી હજારહજાર પટ અધિક હોય છે. અર્થાત્ કોટયાવધિ પ્રાણિઓમાંથી એકાદ પ્રાણિ મુક્ત દશાને પામે છે. ૩૧. ૩૩. હે મૈત્રેય! જેટલા પ્રાણિઓ સ્વર્ગમાં જાય છે તેટલાંજ નરકમાં જાય છે. પાતક કરનાર મનુષ્ય પ્રાયશ્ચિત ન કરવાથી નરકમાં જાય છે. ૩૪. જેવાં જેવાં પાપોને જેવાં જેવાં પ્રાયશ્ચિતો યોગ્ય છે તેવાં તેવાં પ્રકારના પ્રાયશ્ચિતનું ઉત્કૃષ્ટ સ્મરણ કરી તે ઋષિવરોએ પોતાની સ્મૃતિમાં કહ્યું છે. ૩૫. હે મૈત્રેય! મનુ આદિ પ્રાયશ્ચિત જાણનાર સ્મૃતિકારોએ મોટા પાપનું મોટું અને નાના પાપનું નાનું પ્રાયશ્ચિત વિધિપુર્વક બતાવ્યું છે. ૩૬. હે મૈત્રેય! તપો કૃચ્છ્રાદિરુપી અને યજ્ઞાદિ કર્મરૂપી જેટલાં પ્રાયશ્ચિતો છે તે સઘળાઓમાં શ્રી કૃષ્ણનું સ્મરણજ ઉત્કૃષ્ટ પ્રાયશ્ચિત છે. ઉપાય કર્યાબાદ જે માણસને મનથકી પશ્ચાતાપ થાય છે. તેને શ્રી હરિસ્મરણ એજ એક ઉત્કૃષ્ટ પ્રાયશ્ચિત છે. પ્રાતઃકાળમાં, રાત્રીમાં, સંધ્યાકાળમાં, અને મધ્યાન્હ સમયમાં શ્રી નારાયણનું સ્મરણ કરનાર પુરૂષ તત્કાળ તમામ પાપથી છુટે છે. ૩૮. ૩૯. શ્રી વિષ્ણુનો ઉત્કૃષ્ટ પ્રકારના સ્મરણથી જેના પાપ સમુહ નાશ પામ્યો છે. તે મોક્ષને પામે છે. તેને વારંવાર સ્વર્ગની પ્રાપ્તિ એક વિઘ્ન સમાન ભાસે છે? કારણકે તે સ્વર્ગથી સંસારની નિવૃતિ થવી અસંભવિત છે. ૪૦. જપ હોમ ઇત્યાદિ કરતી વખતે હે મૈત્રેય! જેનું અંતઃકરણ કેવળ વિષ્ણુમાં હોય છે, તેને હોમાદિકથી પ્રાપ્ત

થનાર ઈંદ્રત્વ વિગેરે તમામ ફળ વિઘ્નરુપ લાગે છે. જે ફરીથી સંસાર ચક્રમાં પાડનારૂં સ્વર્ગગમન ક્યાં? અને મુક્તિરૂપ કલ્પતરૂના બીજરૂપ વાસુદેવનો જપ ક્યાં? ૪૧. ૪૨. માટેજ કહેવાનું કે આ પૃથ્વી ઉપર અહોરાત્ર શ્રી વિષ્ણુનું સ્મરણ કરવાથી તમામ પાપોનો નાશ થઇ જવાથી શુદ્ધ થયેલો માનવી કદાપિ પણ નરકમાં જતો નથી. ૪૩. (નરકમાં પ્રાણિઓને દુઃખ પડે છે અને સ્વર્ગમાં સુખ મળે છે એવો કાંઈ નિયમ નથી) તેમજ જે વસ્તુથી મન આનંદ પામે છે તેજ સ્વર્ગ અને જ્યાં મનને આનંદ થતો નથી અર્થાત્ જેનાથકી મનને દુઃખ થાય છે તેજ નરક કહેવાય છે. તાત્પર્ય કે સ્વર્ગમાં પ્રાણિઓને દુઃખ પડયું તો તે નરક અને નરકમાં પ્રાણિઓને સુખ થયું હોય તો તે સ્વર્ગ. નરકમાં સુખનો અનુભવ થવો અશકય છે એમ નથી કારણકે જેને માટે એકજ વસ્તુ સુખ દુઃખ ઇર્ષ્યોત્પત્તિ અને કોપ એમાં કારણભૂત છે; તે દ્રષ્ટાંતથી કહે છે એકાદ અત્યંત પ્રિય પદાર્થ સમીપ હોવાને લીધે તે સુખકારક મનાય છે. તો તેજ પદાર્થનો વિયોગ પુનઃ દુઃખમાં કારણરૂપ નીવડે છે. તેટલા માટે કોઈ પણ વસ્તુ કેવળ દુઃખરુપજ ક્યાંથી હોઈ શકે. ૪૪. ૪૫. એકજ પદાર્થ આનંદનું કારણભૂત થાય છે ત્યારબાદ તેજ પદાર્થ પુનઃ દુઃખમાં કારણરૂપ નીવડે છે તેજ ફરીથી ક્રોધમાં હેતુભૂત થાય છે. અને તેજ પદાર્થ ફરીથી સંતોષમાં સાધનભૂત થાય છે. માટે એજ પ્રમાણે સુખની પણ સ્થિતિ છે ૪૬. માટે કોઈ પણ પદાર્થ કેવળ દુઃખાત્મક નથી તેમજ સુખ સ્વરુપ પણ નથી. કારણકે સુખ અને દુઃખ કેવળ અંતઃકરણના પરિણામ કાર્ય છે. (માટે સ્વર્ગ અને નરક અર્થાત્ સુખ અને દુઃખ કેવળ અંતઃકરણની સ્થિતિ પર રહેલા હોવાથી તેઓ મિથ્યા રૂપેછે) જ્ઞાન એજ શ્રેષ્ઠ અને બ્રહ્મરૂપી છે તેજ જ્ઞાન; તે વિષયમાં કલ્પનાથયેથી સંસારરૂપ બંધમાં કારણ રૂપ થાય છે. આ સંપૂર્ણ વિશ્વ કેવળ જ્ઞાન સ્વરૂપી છે. જ્ઞાનથી સર્વોત્તમ બીજું કાંઇ નથી, માટે હે મૈત્રેય! વિદ્યા (બ્રહ્મજ્ઞાન) અવિદ્યા (અજ્ઞાન) એ જ્ઞાનનાજ વિપરીત અને સ્વરુપ એવાં બે સ્વરુપ છે એમ નક્કી સમજ. ૪૯ હે મૈત્રેય! એ પ્રમાણે મેં તને આ તમામ ભૂમંડલ પાતાળ અને નરકનું કથન કરી બતાવ્યું તેમજ પૃથ્વી ઉપરના સમુદ્ર, પર્વત, દ્વીપ, ખંડ, અને નદીઓનું પણ સંક્ષેપમાં કથન કર્યું. હવે તને સાંભળવાની શી ઇચ્છા છે? તે કહે. ૫૦. ૫૧.

समुद्राः पर्वताश्चैव द्वीपवर्षाणि निम्नगाः ॥
संक्षेपात्सर्वमाख्यातं किं भूयः श्रोतुमिच्छसि ॥ ५१ ॥

ઇતિ શ્રી વિષ્ણુપુરાણે દ્વિતીય અંશે ષષ્ઠો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૭ મો.

मैत्रेय उवाच—कथितं भवता ब्रह्मन्ममैतदखिलं त्वया ॥
भुवर्लोकादिकाँ ल्लोका श्रोतुमिच्छाम्यहं गुरो ॥ १ ॥

મૈત્રેય૦—હે બ્રહ્મન! આપે મને આ તમામ ભૂતલનો વિષય કહ્યો. હે ગુરો! હવે ભુવર્લોકાદી જે પૃથ્વીના ઉર્ધ્વ ભાગમાં છે તે લોકોની સ્થીતિ સાંભળવાની મારી ઇચ્છા છે, માટે તે અને સુર્યાદિ ગ્રહોને રહેવાનાં સ્થાન અને તેનું પ્રમાણ આ વિષયમાં મારો પ્રશ્ન છે, માટે તે જે પ્રમાણે હોય તે પ્રમાણે મને કહો. ? ૧. ૨.

પરાશર૦—સુર્ય અને ચંદ્રના તેજથી જેટલો પ્રદેશ પ્રકાશિત થાય છે તેટલાને સમુદ્ર અરણ્ય અને નદીઓ યુકત પૃથ્વી કહે છે. ૩. હે મૈત્રેય! પૃથ્વીનો વ્યાસ અને પરિધ એ ઉભયનું જેટલું પ્રમાણ છે તેટલુંજ આકાશના વર્તુલનું પ્રમાણ છે. પૃથ્વીથી ઉર્ધ્વ ભાગમાં એક લાખ યોજન ઉપર સુર્યમંડળ અને સુર્યની એક લાખ યોજન ઉપર ચંદ્રમંડળ છે. ૪-૫ ચંદ્રના ઉર્ધ્વ ભાગ ઉપર બરોબર એક લાખ યોજન ઉપર આ તમામ નક્ષત્રમંડળ પ્રકાશિત રહ્યાં છે. હે મૈત્રેય! આ નક્ષત્ર મંડળથી બે લાખ યોજન ઉપર બુધ નામનો ગ્રહ પ્રકાશે છે. અને તેના ઉર્ધ્વ ભાગમાં તેટલાજ અંતર ઉપર શુક્ર નામનો ગ્રહ છે. શુક્રના ઉર્ધ્વ ભાગમાં તેટલાજ અંતર ઉપર મંગળ નામનો ગ્રહ છે અને મંગળના ઉર્ધ્વ ભાગમાં બે લાખ યોજન ઉપર દેવગુરુ છે. શની નામનો ગ્રહ બ્રહસ્પતિથી ઉર્ધ્વ ભાગમાં બે લાખ યોજન ઉપર છે અને હે મૈત્રેય! તેની ઉપર એક લાખ યોજન ઉપર સપ્તર્ષિમંડળ છે ૬. ૭. ૮. ૯. સપ્તર્ષિમંડળના ઉર્ધ્વ ભાગમાં એક લાખ યોજન ઉપર તમામ જ્યોતિશ્ચક્ર છે. મધ્ય ભાગમાં પશુને બાંધવાના એક ખીલારૂપ ધ્રુવજી છે. ૧૦ હે મૈત્રેય! આ ત્રૈલોકયની ઉંચાઇ કેટલી છે તે તને કહિ. આ તમામ કર્મફળનો ઉપયોગ કરવાની જગ્યા છે તમામ કર્મોમાત્ર આ ભારત વર્ષમાંજ છે. ૧૧ ધ્રુવની ઉપર એક કરોડ યોજન ઉપર જ્યાં આગળ એક કલ્પ પર્યંત આયુષ્ય છે એવા લોક છે તેને મહર્લોક કહે છે. હે મૈત્રેય! તેના ઉર્ધ્વ ભાગમાં બે કરોડ યોજનને અંતરે જે ઠેકાણે અંતઃકરણથી પવિત્ર એવા બ્રહ્માનાપુત્ર સનકાદિ વિગેરે રહે છે એને જનલોક કહે છે. ૧૨. ૧૩. મહર્લોકથી જનલોક જેટલા અંતર ઉપર છે તેનાથી ચાર ગણા અંતર ઉપર જનલોકથી તપલોક છે. જ્યાં આગળ સંતાપ વગરના વૈરાજનામના દેવો રહે છે. ૧૪. અને તેનાથી છ ગણા (બાર કરોડ) અંતર ઉપર સત્યલોક છે કે જેમાં ફરીથી જેઓનું મૃત્યુ નથી એવા

* આ સાતમા અધ્યાયમાં ગ્રહોનું તથા તેના માનનું, ભુવર્લોકની સ્થિતિનું, તેમજ બાહ્ય અને આભ્યંતરના દશ આવરણનું વર્ણન કરવામાં આવશે.

પુનર્મૃત્યુ રહિત લોક રહે છે. એ સત્યલોકને બ્રહ્મલોક પણ કહે છે. ૧૫. જે ઠેકાણે માણસો પગથી જાવ આવ કરે છે એવા પૃથ્વીરૂપ પદાર્થને ભૂર્લોક એવું નામ આપ્યું છે. એનો વિસ્તાર કેટલો છે તે મેં તને કહ્યો છે છતાં ફરીથી કહું છું. ૧૬. હે મુનિશ્રેષ્ટ! ભૂમિ અને સ્વર્ગ એ બેના મધ્ય ભાગમાં રહેનારો સિદ્ધાદિક દેવ અને ઋષિઓએ સેવન કરેલો જે બીજો લોક છે તેને ભુવર્લોક કહે છે. ૧૭. સૂર્ય અને ધ્રુવ એ બન્નેના મધ્ય ભાગમાં ચૌદ નિયુત (૧૪૦૦૦૦૦) યોજનનું અંતર છે તે લોકને લોકોના સ્થાન વિષયમાં વિચાર કરનાર સ્વર્ગલોક કહે છે. ૧૮. આજ ત્રણ લોક કહેવાય છે. તેને 'કૃતક' (અકૃત્રિય—નાશ અને જન્મ રહિત) કહે છે. કૃતક અને અકૃત એ બન્નેના મધ્ય ભાગમાં મહર્લોક છે એમ શ્રુતિ પણ કહેછે. આ લોક કલ્પના અંતકાલમાં શુન્ય થઇ જાય છે. પરંતુ સમુળગો નાશ પામતો નથી. ૧૯. ૨૦. હે મૈત્રેય! એ પ્રમાણે સાતલોક અને સાત પાતાળ મેં તને કહિ સંભળાવ્યાં. આ તમામ બ્રહ્માંડનોજ વિસ્તાર કહેવાય છે. ૨૧. જે પ્રમાણે કોઠાના મધ્ય ભાગમાં હોનાર બીજ તેના ઉપરની છાલમાં ચોતરફથી વ્યાપ્ત છે, તે પ્રમાણે આ તમામ જગત્ ઉભા, આડા, નીચે, ઉપર, તમામ બાજુથી બ્રહ્માંડના કવચથી વેષ્ટિત છે. ૨૨. હે મૈત્રેય! આ બ્રહ્માંડ તેનાથી દશ ગણા વધારે જળથી બાહ્યભાગે વીંટાયેલ છે. આ તમામ જલ સમૂહ બાહ્યભાગે અગ્નિથી વેષ્ટિત છે, ૨૩. હે મૈત્રેય! તે અગ્નિ વાયુથી અને વાયુ આકાશથી વેષ્ટન પામ્યો છે. આકાશ ભૂતાદિનામક અહંકારથી અને તે અહંકાર મહત્તત્વથી વિંટાયેલ છે. ૨૪. બ્રહ્માંડ કટાહથી તે મહત્તત્વ પર્યંતના આ સાત પદાર્થ ઉત્તરોત્તર દશ દશ ગણા અધિક છે. પ્રધાન (પ્રકૃતિમાયા) એ મહત્તત્વને આવૃત કરીને રહેલું છે. ૨૫. તે પ્રધાન અનંત હોવાથી તેનું બીલકુલ પરિમાણ નથી, તે અનંત એવા પ્રધાનની પ્રમાણની ગણના કરવામાં આવતી નથી કારણ કે તેઓ વ્યાપક છે. હે મૈત્રેય! તે પરાપ્રકૃતિ સર્વ પદાર્થમાં કારણભૂત તથા દરેક અત્યંત છેવટનું મુળતત્વ છે. તેમાં આ બ્રહ્માંડના સરખા હજારો સહસ્ત્રાવધિ અને અયુતવધિ અથવા કોટિશત કોટયાવધિ બ્રહ્માંડો છે. ૨૭. હે મૈત્રેય! જે પ્રમાણે લાકડામાં અગ્નિ અથવા તલમાં તેલ વ્યાપક છે તે પ્રમાણે વ્યાપક ચૈતન્ય સ્વરૂપ સ્વયંપ્રકાશ અને આત્મા જે પુરૂષ તે પ્રધાનમાં છે. ૨૮. હે મહાબુદ્ધિવાન્! પ્રધાન અને પુરુષ એ બન્ને વિષ્ણુશકિતનો આશ્રય કરીને રહ્યાં છે. તેને સર્વ પ્રાણીઓના આત્મભૂત શ્રી વિષ્ણુ જ્ઞાનરૂપી શકિતએ આવૃત કરી લીધેલા છે. તેનો પરસ્પર વિયોગ થવો અથવા સંયોગ થવો તે બંન્નેમાં તે શકિત કારણભૂત છે. હે મૈત્રેય! તે શકિત જગત્ની ઉત્પત્તિ વખતે તેના ક્ષોભમાં કારણભૂત છે. જે પ્રમાણે જળબિંદુથી મુકત થનાર વાયુ આ જળના બિંદુમાં હોનારૂં શીતપણું પોતાનામાં ધારણ કરે છે તે પ્રમાણે વિષ્ણુની શકિત પ્રધાન પુરુષરૂપી જળનેજ ધારણ કરેછે. ૨૯.૩૧ હે મૈત્રેય! જે પ્રમાણે

મૂળથી પ્રણગા પર્યંતનો મધ્યભાગ અને ફણગાએ સહવર્તમાન તમામ વૃક્ષ મૂળ બીજથકી ઉત્પન્ન થાય છે, અને તે વૃક્ષથકી ફરીથી બીજું વૃક્ષ ઉત્પન્ન થાય છે તથા તેનાથકી ફરી પાછું બીજું વૃક્ષ ઉત્પન્ન થાય છે. અને તેજ વૃક્ષરૂપ પદાર્થમાં કારણભૂત હોનાર તત્વોથી વ્યાપ્ત હોય છે તે પ્રમાણે પ્રથમ પ્રકૃતિથી પંચમહાભૂત પર્યંતના તમામ તત્વો ઉત્પન્ન થાય છે. અને તેનાથી દેવાદિક પ્રાણિરૂપોની ઉત્પત્તિ થાય છે. તેના થકી પુત્ર ઉત્પન્ન થાય છે, તે પુત્ર થકી અન્ય (બીજા) અનેક પુત્રો ઉત્પન્ન થાય છે. ૩૨. ૩૪. બીજથકી વૃક્ષનિર્માણ થયેલું હોવાથી જે પ્રમાણે વૃક્ષનો ક્ષય થતો નથી તે પ્રમાણે પ્રાણથકી બીજે પ્રાણ ઉત્પન્ન થવાથી પ્રાણીઓનો નાશ થતો નથી ૩૫. તેમજ જે પ્રમાણે આકાશ, કાળ, આદિતત્વો કેવળ સાંનિધ્યથીજ વૃક્ષનિ ઉત્પત્તિમાં કારણભૂત છે તે પ્રમાણે પરિણામ ન પામતાં ભગવાન્ શ્રી હરિ કેવળ સાંનિધ્યથીજ આ વિશ્વમાં કારણભૂત છે. ૩૬. હે મૈત્રેય! જે પ્રમાણે ભાતના બીજમાં તેનું મૂળ, નાળ, પત્ર, અંકુર, કાંડ, કળી, ફુળ, દુધ, ભાત, ચોખા, અને કણી ઉગ્યા પહેલાંજ હોય છે અને સાધનોની સામગ્રી મળતાં આપો આપજ પ્રકટ થાય છે તે પ્રમાણે કર્માદિકા મધ્યે દેવાદિકોનાં શરીર પૂર્વે હતાંજ પણ તે વિષ્ણુની શક્તિનો સંયોગ થતા વધવા લાગ્યાં. જેનાથી આ તમામ જગત્ ઉત્પન્ન થયું છે. જે જગદ્રુપ છે, જેને વિષે આ જગત્ રહ્યું છે, અને જેમાં તે લીન થવાનું છે, તે શ્રી હરિ પરબ્રહ્મ છે. ૩૭ ૪૦. જેના સંમેલનથી આ સ્થાવર જંગમાત્મક તમામ વિશ્વ ઉત્પન્ન થાય છે તે પૂર્વોકત બ્રહ્મ સૂર્યાદિકાથી અત્યંત શ્રેષ્ઠ તેજ છે. પ્રકૃતિ આદિ સત્પદાર્થ, અને કાર્યરુપ અસત્પદાર્થ, એવા તમામનું ઉત્કૃષ્ટ પ્રકારનું આશ્રય સ્થાન પણ એજ છે. ૪૧. તે વિષ્ણુજમૂળ પ્રકૃતિરૂપ છે અને વ્યકતરૂપ પણ એજ છે. તેમ આ જગત્ પણ વિષ્ણુ સ્વરુપ છે. આ જગત્ તેને વિષેજ લય પામેછે અને તેને વિષેજ રહે છે, એ તમામ ક્રિયાના કર્ત્તા છે, તેને ઉદ્દેશીનેજ યજ્ઞ કરવામાં આવે છે, યજ્ઞસ્વરૂપ યજ્ઞની ક્રિયા તેનું ફળ તેમજ સ્રુચ વિગેરે યજ્ઞના પાત્ર, અને દ્રવ્ય પણ શ્રી વિષ્ણુજ છે, શ્રી હરિથી વ્યતિરિકત કંઈ નથી. ૪૨. ૪૩.

कर्ता क्रियाणां स च इज्यते क्रतुः स एव तत्कर्मफलं च तस्ययत् ।
स्रुगादि यत्साधनमप्यशेषतो हरेर्न किंचिद्व्यतिरिक्तमस्ति वै ॥ ४३ ॥

ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે દ્વિતીય અંશે સપ્તમો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૮ મો.

व्याख्यातमेतद्ब्रह्मांडसंस्थानं तव सुव्रत ॥
ततः प्रमाणसंस्थाते सूर्यादीनां शृणुष्वमे ॥ १ ॥

પરાશર કહેછે—હે સુવ્રત મૈત્રેય! મેં તને બ્રહ્માંડની સંસ્થાનું વર્ણન યથાર્થ રીતે કર્યું હવે સૂર્યાદિ ગ્રહોની પ્રમાણ સંસ્થા શ્રવણ કર. ૧ હે મૈત્રેય! સૂર્યના રથની લંબાઈ નવ હજાર યોજન અને તેનાથી બમણો લાંબો તેનો ઇષા દંડ છે, દોઢ કરોડ ને સાત લાખ યોજનથી વધારે તે ઘોડાને જોડવાનો આંક છે. અને તેની લગોલગ બે ચક્ર આવેલાં છે. ૨. ૩. આ ચક્ર વર્ષરૂપ કહેવાય છે. જે ચક્રનો મધ્ય ભાગ છે તેને એકથી એક ઉંચા ત્રણ ગોળાકાર ભાગ છે. પૂર્વાન્હ, મધ્યાન્હ, અને અપરાન્હ એ ત્રીનાભીશિષ્ટ સંવત્સર (પરિવત્સરાદિ પાંચ આરા શલાકા યુક્ત) છે. વસંન્ત આદિ છ ઋતુ રૂપ નેમી (ચક્રનો ઘેરાવો) છે, એ સંવત્સરમય અક્ષય ચક્રમાં સંપૂર્ણકાળચક્ર તથા જ્યોતિષચક્ર રહેલા છે. હે મૈત્રેય! આ રથનો બીજો અક્ષ પીસતાળીસ હજાર પાનસો યોજનનો છે. અક્ષનું જે પ્રમાણ છે તે ધુસરીના બન્ને અર્ધનું પ્રમાણ છે. ધુસરીનો અર્ધ ભાગ અને પૂર્વે કહેલો રથનો નાનો અક્ષ એ ધ્રુવના આધાર પ્રમાણે રહેલા છે. ૪. ૫. ૬. બીજા મોટા અક્ષને આધારે હોનાર પૂર્વોક્ત ચક્ર તે દક્ષિણ દિશામાં આવેલા માનસાચળ પર્વત ઉપર છે. સાત છંદ (વૃત) એ સૂર્યના રથના ઘોડા છે. તેઓનાં નામ શ્રવણ કર. ગાયત્રી. (છ અક્ષર) બૃહતિ, (નવ અક્ષર) ઉષ્ણિક્, (સાત અક્ષર) જગતી, (બાર અક્ષર) ત્રિષ્ટુપ્, (અગીયાર અક્ષર) અનુષ્ટુપ્, (આઠ અક્ષર) અને પંક્તિ (પાંચ અક્ષર) એ પ્રમાણે આ સાત છંદ (વૃત) સૂર્યના સાત ઘોડા છે. ૭. ૮. એ માનસાચળ પર્વતની ઉપર પૂર્વ દિશાએ ઈંદ્રની, દક્ષિણે યમરાજની, પશ્ચિમે વરૂણની, અને ઉત્તરે સોમની નગરી આવેલી છે; આ નગરોનાં નામ શ્રવણ કર. વરવોકસારા (અમરાવતી) ઈંદ્રની નગરી; સંયમની યમરાજની નગરી; મુખ્યા વરૂણની નગરી; અને વિભાવરી સોમની નગરી કહેવાય છે. ૯. ૧૦. હે મૈત્રેય! જ્યોતિશ્ચક્ર (ગ્રહનક્ષત્રાદિ મંડળ) એ સહવર્તમાન્ ભગવાન્ સૂર્ય દક્ષિણ દિશામાં ગયા એટલે તે ધનુષમાંથી નીકળતા બાણ પ્રમાણે અતિશય શીઘ્રતાથી ગમન કરવા માંડે છે અને ત્યારબાદ દક્ષિણે હોનારી ઈંદ્ર આદિ દેવોની નગરીમાં હોનાર પ્રાણીઓના દિવસ અને રાત્રિઓની વ્યવસ્થામાં ભગવાન્ સૂર્યજ કારણ છે. તેમજ ત્યાં રહેનારા યોગી

* આ આઠમા અધ્યાયમાં જ્યોતિશ્ચક્રની સંસ્થા અને શ્રી વિષ્ણુના ચરણના પ્રસંગથી ગંગાનું પધારવું વિગેરે બાબતો કહેવાશે.

લોકના દુઃખના નાશમાં કારણભૂત એવો દેવયાન (પરબ્રહ્મની પાસે જવાનો) માર્ગ પણ એજ છે. કારણકે જે વિરક્ત યોગી હોય છે તે સૂર્યમંડળમાંથીજ પરબ્રહ્મની પાસે જાય છે એમ શ્રુતિ કહે છે. ૧૧. ૧૨. હે મૈત્રેય! સૂર્ય નિરંતર તમામ દ્વીપમાં દિવસના મધ્યમાં અને મધ્ય રાત્રીની સન્મુખ થાય છે. (અર્થાત્ જ્યાં મધ્ય રાત્રી હોય છે ત્યાંના ½ પૃથ્વીના અંતર ઉપર સૂર્ય રહે છે.) તેમજ હે મૈત્રેય! તમામ દિશાઓમાં પણ સૂર્યોદય અને સૂર્યાસ્ત એક બીજાની સન્મુખ થાય છે. (અર્થાત્ જે દિશાએ સૂર્યોદય હોય છે તેના થકી સન્મુખ ½ ભૂમંડળ ઉપર હોનારી દિશામાં સુર્યાસ્ત થાય છે) લોકો જે ઠેકાણે રાત્રી પુરી થયા પછી સૂર્યને દેખે છે તે લોકો સૂર્યોદય માને છે અને જ્યાં સૂર્ય અદ્રશ્ય થાય છે તે સ્થાનના લોકો સૂર્યનો અસ્ત થયો એમ માને છે. ૧૩. ૧૪. ૧૫. પરંતું સૂર્યનો અસ્ત (નાશ) અથવા ઉદય (ઉત્પત્તિ) કદાપિ થતો નથી, કારણ કે તેતો સર્વકાળ અસ્તિત્વજ ભોગવે છે. સૂર્યનું દૃષ્ટિએ પડવું અને દ્રષ્ટિથી બહાર રહેવું, એજ તેનો ઉદય અને અસ્ત છે. ૧૬. માનસોત્તર પર્વત ઉપર પૂર્વાદિ દિશાઓમાં રહેનારી ઈંદ્રાદિકોની નગરી ઉપર સૂર્ય રહીને ત્રણ નગરી અને બે ખુણાને પોતાના કિરણોથી સ્પર્શ કરે છે અને આ અગ્નિયાદિ ખુણા ઉપર હોવાથી ત્રણ ખુણા અને તેઓના મધ્યે હોનાર બે નગરને સ્પર્શ કરે છે. ૧૭. * સૂર્ય એ પ્રમાણે ઉદય પામ્યા પછી મધ્યાન્હકાળ સુધી ઉત્તરોત્તર વૃદ્ધિ પામનાર કિરણોથી પ્રકાશિત થાય છે અને ત્યારબાદ (મધ્યાન્હકાળે જે ભૂમિ ઉપર એનું કિરણ પહોંચે છે તેની પૂર્વ બાજુ કિરણો કમી થવા માંડે છે) હ્રાસ પામનાર કિરણોથી યુકત થયેલા સૂર્ય નારાયણ અસ્ત થવાની શરૂઆત કરે છે. (અસ્ત પામે છે.)૧૮. સૂર્યના ઉદય અને અસ્તના યોગથી પૂર્વ અને પશ્ચિમ દિશા માલમ પડે છે (અર્થાત્ જે દેશોમાં જ્યાં સુર્ય ઉગે છે તેને તે દેશની પૂર્વ દિશા અને જે ઠેકાણે અસ્ત પામે છે તેને તેની પશ્ચિમ દિશા કહે છે.) ૧૯. એનો પ્રકાશ તેના મંડળથકી જેટલો આગળ હોય તેટલોજ પાછળ અને ડાબી જમણી બન્ને બાજુએ હોય છે. માત્ર દેવતાઓના પર્વત મેરુની ઉર્ધ્વ ભાગમાં હોનારી બ્રહ્મ સભામાં તેનો પ્રકાશ પડતો

---

* જ્યારે ઈંદ્રપુરીમાં મધ્યાન થાય ત્યારે ચંદ્રલોકમાં અસ્તથાય, ઈશાન ખુણામાં ત્રીજો પ્રહર, અગ્ની ખુણામાં પહેલો પ્રહર અને દક્ષણ દિશામાં સૂર્યોદય થાય છે. એ પ્રમાણે જ્યારે દક્ષણદિશામાં મધ્યાન થાય ત્યારે ઈંદ્રપુરીમાં અસ્ત, અગ્ની ખુણામાં ત્રીજો પ્રહર, નૈરૂત ખુણામાં પ્રથમ પ્રહર અને પશ્ચિમ દિશામાં સૂર્યોદય થાય છે. જ્યારે પશ્ચિમમાં મધ્યાન્હ થાય છે ત્યારે દક્ષણમાં અસ્ત, નૈરૂતમાં ત્રીજો પ્રહર, વાવ્યમાં પ્રથમ પ્રહર અને ચંદ્રલોકમાં સૂર્યોદય થાય છે. જ્યારે ચંદ્રલોકમાં મધ્યાન્હ થાય છે ત્યારે પશ્ચિમમાં અસ્ત, વાવ્યમાં ત્રીજો પ્રહર, ઈશાનમાં પ્રથમ પ્રહર, અને ઈંદ્રલોકમાં (પૂર્વમા) સૂર્યોદય થાય છે. જ્યારે અગ્ની ખુણામાં મધ્યાન્હ થાય છે, ત્યારે ઈશાનમાં અસ્ત, પૂર્વમાં ત્રીજો પ્રહર, દક્ષણમાં પ્રથમ પ્રહર, અને નૈરૂત્ય ખુણામાં સૂર્યોદય થાય છે એમ જાણવું.

નથી. ૨૦. સૂર્યના જે કિરણો બ્રહ્મસભા પાસે જાય છે તે; તે સભાના કિરણોથી ખંડિત થઇ પાછાં પડે છે. મેરુ પર્વત સર્વ દ્વીપ તથા ખંડોની ઉત્તરમાં છે તથા લોકાલોક પર્વત એ સર્વની દક્ષિણમાં છે. માટે તમામ ભૂમંડળની ઉત્તરે હોનારી બ્રહ્મસભાને વિષે (સૂર્યના પ્રકાશ કરતાં અતિ ઉજવળ પોતાના પ્રકાશથી યુકત હોવાને લીધે) સર્વકાળ દિવસજ હોય છે. અને સૂર્યના પ્રકાશનો અભાવ હોવાથી રાત્રિ પણ થાય છે. બ્રહ્મસભા ઉત્તરે છે એમ કહેવાનું કારણ એ કે તે મેરૂની ઉત્તરે છે અને મેરુ સર્વની ઉત્તરે છે. ૨૧. ૨૨. સૂર્ય અસ્ત પ્રત્યે જવા માંડે એટલે રાત્રીમાં તેની કાંતિ અગ્નિમાં પ્રવેશ કરે છે માટે રાત્રિએ અગ્નિ ઘણોજ પ્રકાશ આપે છે. ૨૩. તે પ્રમાણે હે મૈત્રેય! દિવસે અગ્નિનો $\frac{1}{4}$ ભાગ સૂર્યમાં પ્રવેશ કરે છે, અગ્નિના સંયોગથી સૂર્ય ઘણોજ પ્રકાશિત થાય છે. ૨૪. સૂર્યનું પ્રકાશ સ્વરુપ અને અગ્નિનું ઉષ્ણરુપ એ બે એકમેકમાં પ્રવેશિત થઈ રાતદિવસ વૃદ્ધિંગત થયા કરે છે. ૨૫. મેરૂની દક્ષિણે અને ઉત્તરે અર્ધા ભૂગોળ ઉપર ક્રમથી સૂર્ય અસ્ત પામતાં અને ઉદય પામતાં અનુક્રમે ત્યાં થકી પ્રકાશશીલ દિવસ અને અંધકારમય રાત જલમાં પ્રવેશ કરે છે (અર્થાત્ જ્યાં આગળ સૂર્યોદય થાય છે ત્યાં રાત્રી જલમાં પ્રવેશ કરે છે અને જ્યાં અસ્ત થાય છે ત્યાં દિવસ જળમાં પ્રવેશ કરે છે દિવસે રાત્રીનો જળમાં પ્રવેશ થવાથી તે જળ લગાર રક્તતા ધારણ કરે છે સૂર્યનો અસ્ત થવાથી જ્યારે દિવસ જળમાં પ્રવેશ કરે છે ત્યારે તે જળ લાગલુંજ સફેદ દેખાવા માંડે છે. ૨૬. ૨૭. એ પ્રમાણે જ્યારે સૂર્ય આકાશમાં જાય છે ત્યારે તેની સામાન્યગતિ એક મુહુર્તમાં $\frac{1}{30}$ હોય છે. હે મૈત્રેય! કુંભારના ચકને છેવટે રહેનાર એકાદ પદાર્થ પ્રમાણે પૃથ્વીની ચારે તરફ સૂર્ય પોતાના ઉદયથી દિવસ અને અસ્તથી રાત્રિ કરે છે હે મૈત્રેય! ઉત્તરાયણના આરંભમાં સુર્ય મકરરાશિ પ્રત્યે જાય ત્યારપછી કુંભરાશી પ્રત્યે પછી મીનરાશીમાં એ પ્રમાણે એક રાશી થકી બીજી રાશીમાં ગતિ કરે છે. ૨૮. ૩૦. આ ત્રણ રાશિ ભોગવ્યા પછી તે સૂર્યને વૈષુવત્ત ગતિ પ્રાપ્ત થાય છે તે વખતે દિવસ અને રાત્રિ સરખાં થાય છે. ત્યારબાદ રાત્રિ ઓછી થતી જાય છે અને પ્રતિદિન દિવસ વધતો જાય છે. ૩૧. પછી મેષ રાશી, વૃષભ રાશીનું આક્રમણ કરી મિથુન રાશીના અંતમાં ઉત્તરાયનની શેષ સીમાપર ગયા પછી કર્કરાશીમાં જઇ દક્ષિણાયન કરે છે. ૩૨. જેમ કુંભારના ચાકની છેવટે રહેનાર પદાર્થ જલદીથી નિવૃત્ત થાય છે તેમ સૂર્ય દક્ષિણાયનમાં વાયુના અત્યંત વેગથી દિવસભર ચાલી ચાલીને નિવૃત્ત થાય છે. ૩૩. હે મૈત્રેય ! દક્ષિણાયનમાં સૂર્યની ગતિ અત્યંત શીઘ્ર હોવાથી રાત્રિએ અઢાર મુહુર્તમાં દિવસ જેટલાજ નક્ષત્રને ઉલ્લંઘન કરી તે સૂર્ય (કોઈ દ્વીપમાં) દિવસે બાર મુહુર્તમાં (૨૪ ઘટીકા) સાડાતેર નક્ષત્ર (અરધું આકાશ) ગમન કરે છે. કુંભારના ચાકના મધ્ય ભાગે હોનાર પદાર્થ જે પ્રમાણે મંદ મંદ ચાલે છે તે પ્રમાણે

ઉત્તરાયનમાં સૂર્ય મંદ ગતિથી ગમન કરે છે, અથાત્ ધીમે ધીમે ચાલે છે. ૩૪.૩૬. તેથી ઘણી વખતે થોડી પૃથ્વીનું આક્રમણ કરે છે. ઉત્તરાયનની છેવટે જે અઢાર મુહૂર્તનો દિવસ હોય છે તે વખતે સૂર્ય મંદ ગતિથી ગમન કરે છે. ૩૭. એ વખતે રાત્રિએ બાર મુહૂર્તમાં દિવસ જેટલાજ નક્ષત્રમાં ગમન કરનાર તે સૂર્ય આ દિવસમાં સાડાતેર નક્ષત્ર ચાલે છે. ૩૮. જે પ્રમાણે ચક્રનો મધ્યભાગ અતિ મંદ ફરે છે અને તેના ઉપર (ચક્રના મધ્યભાગે) હોનાર માટીનો ગોળો પણ તેટલોજ મંદ ફરે છે તે પ્રમાણે તમામ જયોતિશ્ચક્રના મધ્યભાગમાં હોનાર ધ્રુવ પણ અત્યંત મંદગતિથી ભ્રમણ કરે છે. ૩૯. જેમ કુંભારના ચાકનું મધ્ય છિદ્ર જ્યાં છે ત્યાંનું ત્યાંજ ફરે છે તેમ ધ્રુવ પણ જ્યાં છે ત્યાંનો ત્યાંજ ફર્યા કરે છે. ૪૦ દક્ષિણ અને ઉત્તર એ બન્ને દિશાના મધ્યમાં ગોળ આકારે ગમન કરનાર સૂર્યની દિવસે અને રાત્રીએ મંદ અને શીઘ્ર ગતિ હોય છે, જે અયનમાં દિવસે મંદ ગતિ હોય છે તો તે અયનમાં રાત્રિએ શીઘ્ર ગતિ થાય છે અને જે વખતે દિવસે શીઘ્ર ગતિ હોય છે. તે વખતે રાત્રિએ મંદ ગતિ થાય છે. ૪૧. ૪૨. હે મૈત્રય ! સાંભળ, અહોરાત્રમાં સર્વ રાશિચક્ર ભોગવનાર આ સૂર્યનો માર્ગ આક્રમણ કરવાનું પ્રમાણ એકજ છે. તે રાત્રિએ ૭ રાશિ ભોગવે છે. અને દિવસે પણ ૭ રાશિ ભોગવે છે. રાશિના આકારની લંબાઇ પ્રમાણે દિવસનું દીર્ઘપણું અને હ્રસ્વપણું પ્રાપ્ત થાય છે તેમજ રાશિના પ્રમાણ અનુસાર રાત્રિને દીર્ઘતા અને લઘુતા પ્રાપ્ત થાય છે ૪૩. ૪૫. દિવસ અને રાત્રિની દીર્ઘતા અને હ્રસ્વતા તે રાત્રિના ભોગથીજ થાય છે. ઉત્તરાયનમાં તે વખતે રાત્રિએ ભોગવવાની રાશિનું પ્રમાણ થોડું હોવાથી સૂર્યની ગતિ રાત્રિએ ઉતાવળી છે. અને દિવસે તે મંદ હોય છે અને દક્ષિણાયનમાં તેનાથી ઉલટું છે ૪૬. ૪૭. રાત્રિને ઉષા અને દિવસને વ્યુષ્ટિ કહે છે. ઉષા અને વ્યુષ્ટિ એ બન્નેના સંધિકાળને સંધ્યા કહે છે. ૪૮. અત્યંત દુઃસહ અને ભયંકર એવો સંધ્યાકાળ પ્રાપ્ત થતાં મદ્દેહ નામનો ભયંકર રાક્ષસ સૂર્યને ભક્ષણ કરવાની ઇચ્છા કરે છે. ૪૯. હે મૈત્રેય ! તેનું શરીર અક્ષય રહો અને હંમેશાં તેનું મરણ થાઓ, એવો પ્રજાપતિએ તે રાક્ષસને શ્રાપ આપેલો છે. ૫૦. એટલાજ કારણ માટે તેની સાથે સૂર્યને ભયંકર યુદ્ધ થાય છે. હે દ્વિજશ્રેષ્ઠ ! ત્યાર પછી બ્રાહ્મણો પ્રણવસ્વરૂપી અને ગાયત્રી મંત્રથી અભિમંત્રિત કરેલું અર્ઘ્ય જલ આપે છે તેથી તે પાણી વજ્ર પ્રમાણે થઈ તેનાથી તે દુષ્ટ રાક્ષસ બળી જાય છે. ૫૧. ૫૨. તેમજ અગ્નિ હોત્રના હોમના "सूर्यो ज्योतिः" એ મંત્રથી જે પહેલી સમંત્રક આહુતિ આપવામાં આવે છે તેના યોગથી તે સૂર્ય હજારો કિરણોથી યુક્ત થઈ પાછો પ્રકાશમાન થાય છે ૫૩. ૐ ઋક્, કાર યજુ, અને સામ, એ ત્રણ વેદનું સ્વરૂપ છે તેમ તે વાણિના અધિપતિ વિષ્ણુસ્વરૂપ છે માટે તે ૐકારના કેવળ ઉચ્ચારણ માત્રથી તે રાક્ષસનો નાશ થઇ જાય છે. ૫૪. નિર્વિકાર અને ચૈતન્ય-

ત્મક જે તેજ; તત્સ્વરૂપ હોનાર જે સૂર્ય તે શ્રીવિષ્ણુનો ઉત્કૃષ્ટ અંશ છે અને ૐકાર એ વિષ્ણુનો વાચક હોઇને તેજથી તે રાક્ષસનો નાશ કરવામાં ઉત્કૃષ્ટ પ્રકારે પ્રવૃત્ત કરનારો છે. ૫૫. ૐકારથી રાક્ષસના વધ માટે પ્રેરણા કરાયેલું અને દેદિપ્યમાન થયેલું તેજ મંદેહ નામના પાપરૂપ રાક્ષસને બાળી નાંખે છે. ૫૬. એટલા માટે સંધ્યાવંદન કર્મમાં કદાપિ અંતર પડવા ન દેવો કારણકે જે સંધ્યાવંદન કરતો નથી તે સૂર્યની હત્યા કરનારો છે. ૫૭ ત્યારપછી બ્રાહ્મણોથી અને સૂર્યમંડળ સમીપ રહેનાર વાલખીલ્યનામક ઋષિથી રક્ષણ કરાયેલા જગતનું પાલન કરવામાં ઉદ્યુકત થયેલા ભગવાન્ સૂર્ય માર્ગ ક્રમણ કરવા માંડે છે. ૫૮. ડોળાની પાંપણ હલાવવામાં જે વખત લાગે છે તેને નિમેષ કહે છે, પંદર નિમેષ એટલે એક કાષ્ઠા, ત્રીશ કાષ્ઠાની એક કળા, ત્રીશ કળાનું એક મુહૂર્ત, અને ત્રીશ મુહૂર્તનો એક અહોરાત્ર કહે છે (દક્ષિણાયન અને ઉત્તરાયનમાં) પ્રાતઃ સંગવ ઇત્યાદિ દિવસના પાંચ ભાગે સહવર્ત્તમાન અનુક્રમે દીવસનો ક્ષય અને વૃદ્ધિ થાય છે. તોપણ (અર્ધોદય પૂર્વે અને અર્ધાસ્ત પછી) એક મુહૂર્ત પર્યંત હોનારી સંધ્યાજ માત્ર દિવસનો ક્ષય અને વૃદ્ધિ એ બન્ને વેળાએ સરખી છે. જે વખતે દિવસ અને રાત્રી સરખા પ્રમાણમાં હોય તે વખતે સૂર્યોદય પછી પ્રથમ ત્રણ મુહૂર્ત પર્યંત જે ગતી હોય તેને પ્રાતઃકાળ કહે છે. એ સ્નાનનો મુખ્ય કાળ છે. આ કાળ દિવસનો પાંચમો ભાગ કહેવાય છે. ૫૯. ૬૧. પ્રાતઃકાળ પછી ત્રણ મુહૂર્ત પર્યંત સંગવકાળ, સંગવકાળ પછી ત્રણ મુહૂર્ત પર્યંત મધ્યાન્હકાળ, મધ્યાન્હકાળથી ત્રણ મુહૂર્ત સુધીના કાળને વિદ્વાન લોકો અપરાન્હ કાળ કહે છે. અપરાન્હકાળ પછીના કાળને સાયંકાળ કહે છે. ૬૨. ૬૩. પંદર મુહૂર્તમાંના દિવસના ત્રણ મુહૂર્તનેજ સાયંકાળ કહે છે. વિષુવર સમયે પંદર મુહૂર્તનો દિવસ થાય છે. ૬૪. દક્ષિણાયન અને ઉત્તરાયનમાં દિવસનો ક્ષય અને વૃદ્ધિ થાય છે. જે વખતે રાત્રી નાની હોય તે વખતે દિવસ રાત્રીનું ભક્ષણ કરે છે. અને જે વખતે દિવસ નાનો હોય તે વખતે રાત્રી દિવસનું ભક્ષણ કરે છે. ૬૫. શરદ્ ઋતુમાં સૂર્ય તુલા રાશિમાં ગયો હોય અને વસંત ઋતુમાં જ્યારે મેષ રાશીમાં ગયો હોય ત્યારે વિષુવત્ સંક્રમણ થાય છે. તે સંક્રમણમાં દિવસ અને રાત્રી સરખા પ્રમાણમાં હોય છે. ૩૬. સૂર્ય કર્ક રાશિમાં જાય તે વખતે દક્ષિણાયન કહેવાય છે. અને મકર રાશીમાં ગયેલા સૂર્યને ઉત્તરાયન કહે છે. હે મૈત્રેય! મેં તને જે ત્રીશ મુહૂર્તનો અહોરાત્ર કહ્યો તેવા તેવા પંદર અહોરાત્રનો એક પક્ષ થાય છે. ૬૭. ૬૮. બે પક્ષને એક માસ, બે સૈાર માસ મળીને એક ઋતુ, ત્રણ ઋતુનો એક અયન, બે અયન મળીને એકવર્ષ, એવી સંજ્ઞા છે. ૬૯. પાછળ કહી ગયા પ્રમાણે જે ચંદ્ર, સૈાર, સાંવન, અને નક્ષત્ર, એ ચાર પ્રકારના મહિનાથી ભિન્ન થયેલું વરસના સંવૃત્સરાદિક પાંચ ભેદને પુગ એવું નામ આપવામાં આવ્યું છે. સંવત્સર, પરિવત્સર,

ઇડાવત્સર, અનુવત્સર, ઉદ્વાવત્સર, વિગેરે ભેદો કહેલા છે. આ કાળને યુગ એવી સંજ્ઞા આપી છે. શ્વેતદ્વીપની ઉત્તરે શ્રંગવાન્ નામનો જે પ્રસિદ્ધ પર્વત છે. તેને જેને માટે શ્રંગવાન્ (શિખરયુકત) કહે છે, એના ત્રણ પ્રકાર છે, તે દક્ષિણ, ઉત્તર, અને મધ્ય હોનાર વિષુવત્ એવા નામના ત્રણ ભાગ કહેવાય છે. ૭૦. ૭૩. શરદ્ઋતુ અને વસંત ઋતુમાં સૂર્ય વિષુવત્ નામના શિખર ઉપર ગમન કરે છે. હે મૈત્રેય! મેષ અને તુલા સંક્રાંતિના આરંભમાં વિષુવત્ નામના શિખર ઉપર થનાર અંધકારનો નાશ કરનાર સૂર્ય તે વખતે રાત્રિ અને દિવસ બન્નેને સરખા કરે છે, માટેજ તે વખતે દિવસ અને રાત્રિ પંદર પંદર મુહૂર્તની હોયછે. હે મૈત્રેય! વિષુવત્ સંક્રમણમાં જ્યારે સૂર્ય કૃત્તિકાના પ્રથમ ભાગમાં હોય છે તે વખતે ચંદ્ર નિઃસંશયપણે વિશાખાના ચોથા અંશમાં જાય છે. ૭૪. ૭૬. તેમજ જે વખતે સૂર્ય વિશાખાના ત્રીજા તથા ચોથા અંશમાં જાય છે. તે વખતે ચંદ્ર કૃત્તિકાના અંતમાં હોય છે એમ સમજવું. ૭૭. આ કાળને મહાવિષુવ નામનો કાળ કહે છે, તેવખતે તમામ માણસોએ ઇન્દ્રિયોનો નિગ્રહ કરી, દેવ બ્રાહ્મણ અને પિતૃઓને દાન આપવાં, કારણ કે 'વિષુવ' એ દાનને માટેજ નિર્માણ કરાયેલું દેવાદિકોનું મુખ છે; માટે વિષુવકાળમાં દાન આપનાર મનુષ્ય કૃતકૃત્ય થાય છે. ૭૮.૭૯. દિવસ, રાત્રિ, અર્ધમાસ, કલા, કાષ્ઠા, અને ક્ષણ એ કાળના ભેદ છે, સિનીવાલી અને કુહુ એ બન્ને અમાસના, અને રાકા તથા અનુમતિ એ પુર્ણિમાના ભેદ છે. ૮૦. આ મહિનો સૌરપક્ષ કહેવાય છે. માધ, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ, અને આષાઢ એ ઉત્તરાયન તેમજ શ્રાવણ, ભાદરવો, આશ્વિન, કાર્તિક, માગશર, અને પોષ, એ દક્ષિણાયન કહેવાય છે. હે મૈત્રેય! મેં જે તને પૂર્વે લોકાલોક નામનો પર્વત કહ્યો છે તેની ઉપર ચાર લોકપાલો નિવાસ કરે છે. ૮૧. ૮૨. હે મૈત્રેય! તેઓમાંથી પ્રથમ સુધામા બીજા કર્દમ નામના પ્રજાપતિનો પુત્ર શંખપાલ ત્રીજો હિરણ્યરોમા અને ચોથો કેતુમાન્ નામનો છે. તે શીતોષ્ણાદિ અભિમાન, આધિનતા આસક્તિ અને સુખદુઃખના જ્ઞાનથી રહિત આ લોકપાલ લોકાલોક પર્વત ઉપર ચાર દિશાએ રહેલા છે. ૮૩. ૮૪. અગસ્તની ઉત્તર તરફ અને અજવીથી (મૂળ, પૂ૦ ષાઢા, ઉ૦ ષાઢા) ની દક્ષિણ તરફ, વૈશ્વાનર પથની બહારના ભાગમાં અગ્નિહોત્ર ગ્રહણ કરનારા મહાત્મા ઋષિઓ વાસ કરે છે. ૮૫એ લોકો પ્રવૃત્તિ માર્ગને અનુસાર વેદની સ્તુતિ કરી કાળાંતરે યજ્ઞનો નાશ થાય છે તે વખતે યજ્ઞાનુષ્ઠાનમાં પ્રવૃત્ત થઇ કર્મ કર્યા પછી એ સઘળા દક્ષિણ માર્ગમાં નિવાસ કરે છે. તે લોક નષ્ટ થયેલા માર્ગને પુનઃ સજીવન કરી પ્રત્યેક યુગમાં વેદની સ્થાપના કરે છે. ૮૬. ૮૭. વંશની વૃદ્ધિ, તપશ્ચર્યા, વર્ણાશ્રમનું પરિપાલન અને શાસ્ત્રપ્રવર્તનરૂપ હેતુથી તે પ્રાચિન ઋષિઓ પોતાના પુત્રના ઘરમાં અપત્યરૂપે ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે વારંવાર ઉત્પન્ન થનાર તે લોક પ્રલય

કાળ સુધી સૂર્યની દક્ષિણ તરફનો માર્ગ આક્રમણ કરી (આશ્રય કરી) ચંદ્ર એને નક્ષત્રોમાં જ્યાં સુધી હોય છે ત્યાં સુધી તેઓ સઘળા વાસ કરે છે. ૮૮. ૯૦. નાગ-વીથીની ઉત્તર તરફનો સપ્તઋષિની દક્ષિણ તરફનો અથવા સૂર્યનો ઉત્તર તરફનો જે માર્ગ છે તેને દેવયાન કહેછે. ૯૧. આ ઠેકાણે ઇન્દ્રિયનો નિગ્રહ કરનાર, પવિત્ર, બ્રહ્મચારી અને યોગીલોકો વાસ કરેછે તેઓ સંતતિનો તિરસ્કાર કરેછે, તેથી તેઓએ મૃત્યુને પણ જીતેલું છે. માટેજ તેઓ અત્યંત બ્રહ્મચર્યથી રહેનાર અઠ્યાશી હજાર ઋષિઓ (અન્ય શરીર પ્રાપ્ત ન કરતાં) પ્રલય કાળ પર્યંત સૂર્યના ઉત્તર માર્ગમાં વાસ કરેછે. તેઓએ લોભનો ત્યાગ કરી, મૈથુનને વર્જ્ય કરી, ઇચ્છા અને દ્વેષ છોડી, પ્રજાને ઉત્પન્ન કરનાર કામદેવને પણ બાળી દીધો છે, તેઓ એકવાર ત્યાગ કરેલી વિષય વાસનાને પુનઃઅંગીકાર કરતા નથી. શ્રવણાદિક ઇન્દ્રિયોના શબ્દાદિક વિષયને દોષ દૃષ્ટિથી નિહાળે છે અને તમામ કારણોથી પવિત્ર થયેલા તે યોગીલોક અમૃતત્વને (મોક્ષત્વને) પામેલા છે. ૯૨. ૯૫. બ્રહ્માના એક દિવસ સુધીનું જે રહેવું છે તેને અમૃતત્વ કહેવામાં આવેછે કેમકે જ્યાં સુધી ત્રૈલોક્ય છે ત્યાં સુધી હોનાર જે કાળ તે (મોક્ષનું કારણ હોવાથી) તેને અપુનર્મરણ (ફરીથી મરણ રહિત) કહેછે ૯૬. હે મૈત્રેય ! બ્રહ્મહત્યા એ પાપની અને અશ્વમેધ એ પુણ્યની અવધિ છે. તે બન્નેના ફળ કલ્પનાં અંત પર્યંત મળે છે. ૯૭, હે મૈત્રેય ! ધ્રુવ જેટલા પ્રદેશ ઉપર રહ્યા છે તે પ્રદેશ પર્વતનો જે પૃથ્વીનો ભાગ તે કલ્પના અંત સમયે ક્ષય પામી જાયછે. ૯૮. સપ્તર્ષિના ઉર્ધ્વ ભાગની ઉત્તરે જે ઠેકાણે ધ્રુવ વાસ કરેછે તે આકાશમાં અત્યંત તેજસ્વી હોનાર શ્રી વિષ્ણુનું ત્રીજું સ્થાન છે. ૯૯. જેઓએ પોતાના દોષ રૂપી કાદ-વનું ક્ષાલન કીધું છે. (મનનો નિગ્રહ કર્યો છે) તે યોગીલોકના પુણ્ય અને પાપનો ક્ષય થયા પછી રહેવાને માટે શ્રીવિષ્ણુ પદ શ્રેષ્ઠ સ્થાન છે. પુણ્ય અને પાપની નિવૃત્તિ થવાથી જેઓમાં જન્મ પામવાના તમામ કારણો નષ્ટ પામેલાં છે તે સત્પુરુષ જે ઠેકાણે જાયછે અને જ્યાં શોકનું નામ પણ નથી એવું શ્રેષ્ટ શ્રીવિષ્ણુનું સ્થાનછે ૧૦૦. ૧૦૧. શ્રીવિષ્ણુ સમાન સામર્થ્યના યોગથી ઘડાયેલો જે યોગ તેનાથી દીપ્ત-માન અને સર્વલોકના સાક્ષીભૂત ધર્મ ધ્રુવ વિગેરેનો જ્યાં વાસ છે તેજ શ્રીવિષ્ણુનું પરમ સ્થાન છે. હે મૈત્રેય ! પુર્વે ઉત્પન્ન થયેલું અને આગળ થનાર આ ચરાચર જગત્ જેમાં ઓતપ્રોત થઈને રહ્યું છે તેજ શ્રી હરિનું મુખ્ય પદ જાણવું. જે આકાશમાં હોનાર અને શ્રીવિષ્ણુમાં અંતઃકરણથી લીન પામેલાં યોગીજનના જાણે વિકાસિત નેત્ર હોય ? અને જેઓએ આત્મ અનાત્મ વિવેકરુપ જ્ઞાનથી અવલોકન કીધું છે તેજ શ્રીહરિ પરમપરમેશ્વરનું મુખ્ય સ્થાન કહેવાય છે. ૧૦૨. ૧૦૪. હે મૈત્રેય ! તે શ્રીવિષ્ણુ પદમાં આકાશરૂપી ખળામાં મધ્ય મેઢીભૂત (રૂધિર ધારા) હોનાર તે કાંતિવાળો ધ્રુવ પોતેજ નિશ્ચલપણે રહેલો છે. એ ધ્રુવને આધારે તમામ તારાઓ તથા

તારાઓને આધારે મેઘ રહેલો છે અને મેઘને વિષે તમામ વૃષ્ટિ વ્યાપી રહી છે. હે મૈત્રેય ! વૃષ્ટિથી જળ અને જળથકી તમામ ઔષધિઓ ઉત્પન્ન થઇ અને તેના યોગથી તમામ દેવાદિકોનું પોષણ તથા તૃપ્તિ થાય છે. ૧૦૫. ૧૦૬. ત્યારબાદ ઘૃતરૂપી આહુતિના યોગથી પોષણ પામેલા તે દેવતાઓ લોકોને પોષણ પામવા સારૂ વૃષ્ટિમાં કારણભૂત થાય છે. ૧૦૭. સારાંશ કે એ પ્રમાણે નિર્મળ સ્વરૂપી ત્રણે લોકના આધારભૂત અને તેઓની અભિવૃદ્ધિ કરનાર એવું તે શ્રીવિષ્ણુ સ્થાનજ છે. ૧૦૮. હે મૈત્રેય ! તમામ પાપોને હરણ કરનારી, અને સ્નાન કરનારી દેવતાઓની સ્ત્રીઓના અંગે લગાડેલા કેસરના સંપર્કથી કેસરવર્ણવાળી ગંગા નદી પણ શ્રીવિષ્ણુના ચરણથી ઉત્પન્ન થઈ છે. ૧૦૯. વામનરૂપ ધારણ કરનાર શ્રીવિષ્ણુના ડાબા પગના અંગુઠાના નખથી પ્રવાહરૂપે નીકળેલી નદીને ધ્રુવ ભક્તિ પુર્વક પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે. તેમજ જેની જટા જળની લહેરીની પંક્તિ ઉપર તરંગમય થઇ ગઈ છે એવા પ્રણાયામવિષે તત્પર રહેનાર સપ્તર્ષિ તે નદીમાં વાસ કરે છે. તથા અખંડ જળ પ્રવાહથી વારંવાર પ્રક્ષાલિત થયેલું ચંદ્રમંડળ અત્યંત વિપુલ કાંતિથી યુક્ત થાય છે. ૧૧૦. ૧૧૨. જે નદી ચંદ્રમંડળથી નીકળી મેરૂ પર્વતના વિશાળ પૃષ્ઠ ભાગ ઉપર પડી જગત્ને પાવન કરવાને માટે ચોગરદમ ગમન કરે છે. ૧૧૩. જે વસ્તુતઃ એકજ રુપ છે છતાં ચોગરદમ જનાર પ્રવાહના સ્વરૂપથી જેના ચાર ભેદ થયેલા છે એટલે સીતા, અલકનંદા, ચક્ષુ, અને ભદ્રા એ નામથી અંકિત થયેલી છે. જેનો દક્ષિણ તરફનો અલકનંદા નામનો પ્રવાહ સોથી અધિક વર્ષ સુધી શ્રી શંકરે પ્રેમથી પોતાના મસ્તક ઉપર ધારણ કરી રાખ્યો છે. ૧૧૪. ૧૧૫. જે નદી એ શંકરના જટા કલાપમાંથી નીકળીપૃથ્વી તલ ઉપર આવી સગર રાજાના પુત્રોના ચુર્ણ થયેલા હાડકાને પ્રક્ષાલન કરી તેને સ્વર્ગમાં પહોંચાડયા છે. હે મૈત્રેય ! જેના જળમાં સ્નાન કરનાર મનુષ્યોના પાતક તત્કાળ નાશ પામે છે. અને અપૂર્વ પુણ્ય પ્રાપ્ત કરે છે. ૧૧૬. ૧૧૭. હે મૈત્રેય ! જેથી શ્રદ્ધાવાન્ પુરુષે પિતૃઓને અર્પણ કરેલું તર્પણ રુપ જળ તેને ત્રણ વરસ સુધી અતિશય દુર્લભ તૃપ્તિ આપે છે. ૧૧૮ જેના તીર ઉપર મોટા યજ્ઞોવડે યજ્ઞાધિપતિ શ્રી વિષ્ણુનું આરાધન કરી રાજા વિગેરે લોકોએ આ લોકમાં પણ અત્યંત સર્વોત્તમ પ્રકારનું ઐશ્વર્ય સંપાદન કરેલું છે. જેના જળમાં સ્નાન કરવાથી પાપનો ક્ષય થાયછે અને જેના જળમાં સ્નાન કરવાથી શુદ્ધ અંતઃકરણ વાળા યતિઓ મુકત થઇ ગયા છે. ૧૧૯. ૧૨૦. હંમેશાં પોતાના નામનું શ્રવણ, પોતાની ઇચ્છા, પોતાનું અવલોકન, અથવા પોતાનો સ્પર્શ કરનારને તેમજ પોતાના જળનું પ્રાશન કરનારને, પોતાના જળમાં સ્નાન કરનારને, તે સરિતા પવિત્ર કરવામાં તત્પર થાય છે. ૧૨૧. સો યોજનના અંતર ઉપર રહિને જે મનુષ્ય ગંગા ગંગા એવા નામનો ઉચ્ચાર કરે છે તેના ત્રણે

જન્મના પાપ તે ગંગા નાશ કરે છે, તે ગંગા ત્રણે લોકને પવિત્ર કરવાને માટે જ્યાંથી ઉત્પન્ન થઈ છે તે શ્રી વિષ્ણુનું ત્રીજું સ્થાન કહેવાય છે. ૧૨૨. ૧૨૩.

यतः सा पावनार्थाय त्रयाणां जगतामपि ।
समुद्भूता परं तत्तु तृतीयं भगवत्पदम् ॥ १२३.

ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે દ્વિતીય અંશે અષ્ટમો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૯ મો.

पराशर उवाच—तारामयं भगवतः शिशुमाराकृति प्रभो ॥
दिवि रूपं हरेर्यत्तु तस्य पुच्छे स्थितो ध्रुवः ॥१॥

પરાશર—હે મૈત્રેય ! આકાશમાં તારાસમૂહના રૂપથી શિશુમારના આકારની જે શ્રી વિષ્ણુની આકૃતિ છે તેના પુછડાને વિષે ધ્રુવ રહ્યો છે. ૧. આ ધ્રુવ પોતે ફરે છે અને સૂર્ય ચંદ્ર ઇત્યાદિ ગ્રહોને પણ ફેરવે છે. એ ધ્રુવની ચારે તરફ ચક્રકાર પ્રમાણે નક્ષત્રો ફરે છે. ૨. કેમકે સૂર્ય, ચંદ્ર, તારા અને ગ્રહો સહિત તમામ નક્ષત્રો વાયુ મંડળ રુપી બંધનથી ધ્રુવને વિષે બંધાએલાં છે. ૩. આકાશમાં શિશુમાર રૂપી આકારનાં નક્ષત્રાદિકોનાં જે સ્વરુપ મેં તને કહ્યાં તે તમામ તેજના વસતિ સ્થાન અને ક્ષીર સાગરના જળમાં વાસ કરનાર શ્રી હરિના આધાર ભૂત હોય એમ મનાય છે ૪. ઉત્તાનપાદ રાજાનો પુત્ર તમામ પ્રજાના અધિપતિ શ્રી વિષ્ણુનું આરાધન કરવાથી તે તારા રૂપે શિશુમારના પુચ્છમાં જઇને રહ્યો છે. ૫ સર્વ સાક્ષી શ્રી વિષ્ણુ શિશુમાર રૂપથી સર્વ ગ્રહોના તથા ધ્રુવના આધાર ભૂત છે. તેમજ સૂર્ય પણ ધ્રુવના આધારથી રહ્યા છે. હે મૈત્રેય ! દેવ, દૈત્ય અને મનુષ્ય આદિ આ તમામ જગતના કારણો ઉપર સુર્યનોજ આધાર હોય એમ માનવામાં આવે છે. તેનું કારણ હું તને કહું છું. તે તું એકાગ્ર ચિત્તથી શ્રવણ કર. ૭. સૂર્ય છ રસમય જળનું આઠ મહિના સુધી આકર્ષણ કરી તે જળને ફરીથી ચાર માસ સુધી પૃથ્વી ઉપર વરસાવે છે. તે વૃષ્ટિ થકી અન્ન, અને અન્નથકી તમામ જગત્ ઉત્પન્ન થાય છે. ૮. સૂર્ય પોતાના પ્રખર કિરણોવડે આ પૃથ્વી ઉપરથી જળનું આકર્ષણ કરી તેનાથી ચંદ્રનું પોષણ કરે છે. ત્યાર બાદ ચંદ્ર વાયુ નાડી રૂપી નળીથી આકાશમાં હોનાર વાયુ અગ્નિ અને ધુમાડા રૂપી વાદળામાં તે જળને ફેંકે છે તે જળ વાદળામાંથી ગળી પડતું નથી માટે તેને અભ્ર (વાદળ) કહે છે. ૯. ૧૦. આકાશમાં હોનારું તે જળ

* આ નવમા અધ્યાયમાં તમામ ગ્રહોનો આધાર ધ્રુવમાં છે તે કહેવામાં આવશે. અને પરમાત્માની શિશુમાર આકૃતિનું વર્ણન કરવામાં આવશે.

કાળથી ઉત્પન્ન કરેલાં સંસ્કારથી યુક્ત થઇ નિર્મળ થાય છે. પછી વાયુના હલાવવાથી તે નીચે પડવા માંડે છે. ૧૧. હે મૈત્રેય ! નદીઓ સમુદ્ર અને પૃથ્વીમાં રહેનારૂં અને મનુષ્યથી ઉત્પન્ન થનારૂં આ ચાર પ્રકારનું જળ સૂર્ય પોતાના તરફ ખેંચીલેછે. ૧૨. સૂર્ય આકાશ ગંગામાંથી પાણી આકર્ષણ કરી લઈ તે અભ્ર સમૂહમાં ન જવા દેતાં તત્કાળ કિરણોના યોગથી પૃથ્વી ઉપર ફેંકે છે. ૧૩. હે દ્વિજશ્રેષ્ઠ મૈત્રેય ! તે જળના સ્પર્શ માત્રથી પાપરૂપી કાદવ ધોવાઈ પવિત્ર થએલ માણસો નરકમાં પ્રયાણ કરતા નથી. તે જળના સ્પર્શને દિવ્ય (સ્વર્ગ સાધક) સ્નાન કહેછે. ૧૪. સૂર્યના કિરણોથી સ્પર્શ પામેલું જળ અભ્ર(વાદળ) વિના આકાશમાંથી પડે છે તેને સૂર્યે પોતાના કિરણોદ્વારા ફેંકેલું 'આકાશ ગંગાનું જળ' એમ કહેવામાં આવે છે. ૧૫. સૂર્ય કૃત્તિકાદિ વિષમ નક્ષત્રમાં હોવા છતાં તેના કિરણથી સ્પર્શ પામેલું જળ આકાશમાંથી નીચે પડે છે, તે દિગ્ગજોએ ફેંકી દીધેલું ગંગાજળ છે. ૨૬. સૂર્ય રોહિણી આદિ સમ નક્ષત્રોમાં હોવાથી તેણે ફેંકેલું જળ આકાશમાંથી પડે છે. તેને સૂર્ય કિરણોથી આકર્ષણ કરી લઈ તત્કાળ ફેંકી દે છે. ૧૭. હે મહામુનિ મૈત્રેય ! મેઘોએ વરસાવેલું જળ તમામ પ્રાણિઓની ઉપજીવિકાને માટે ઔષધિનું પોષણ કરે છે. તેના અંગમાં જે પોષક શક્તિ છે તેનું કારણ તે અમૃતજળ છે. મેઘ જળથી અતિશય ધાન્યરુપી ઔષધિના સમુહને તમામ વૃદ્ધિ પામેલા કર્મ સમૃદ્ધિમાં સાહાયભૂત માને છે. કારણકે તે ઔષધિના યોગથી શાસ્ત્રજ્ઞ મનુષ્યો શાસ્ત્રોક્ત રિતિએ હમ્મેશ યજ્ઞ કરી દેવોનું પોષણ કરે છે. કારણકે યજ્ઞમાં હોમાયેલું હવ્ય એજ દેવોનું અન્ન છે. ૧૮. ૨૧. એ પ્રમાણે યજ્ઞ, વેદ, બ્રાહ્મણાદિક ચાર વર્ણો તમામ દેવ સમૂહ, પશુ, અને ઇતર પ્રાણી વર્ગ તે તમામ અન્ન ઉત્પન્ન કરનાર વૃષ્ટિના આધાર રુપે છે. વૃષ્ટિ અન્નને ઉત્પન્ન કરે છે અને વૃષ્ટિને સૂર્ય ઉત્પન્ન કરે છે. ૨૨. ૨૩. હે મુનિશ્રેષ્ઠ ! સૂર્યને ધ્રુવનો આધાર, ધ્રુવને તારારુપ શિશુમારનો આધાર અને શિશુમારને શ્રીવિષ્ણુનો આશ્રય છે. ૨૪. તમામ પ્રાણિઓને જીવાદિરૂપે ધારણ કરનાર, સર્વના આદિભૂત સનાતન શ્રી નારાયણ તે શિશુમારના અંતઃકરણમાં રહેલો છે. ૨૫.

हृदि नारायणस्तस्य शिशुमारस्य संस्थितः ॥
विभर्ता सर्वभूतानामादिभूतः सनातनः ॥ २५ ॥

ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે દ્વિતીય અંશે નવમો અધ્યાય સંપુર્ણ.

* અધ્યાય ૧૦ મો.

पराशर उवाच–अशीतिमंडलशतं काष्ठयोरंतरं द्वयोः ॥
आरोहणावरोहाभ्यां भानोरह्नेन या गतिः ॥१॥

પરાશર કહે છે—હે મૈત્રેય! ઉત્તરાયણમાં આરોહણ અને દક્ષિણાયનમાં અવરોહણ એ યોગથી એક વર્ષમાં સૂર્યનું જ્યાં જ્યાં ગમન થાયછે; તેવાં દક્ષિણ અને ઉત્તર દિશામાં એકસો એંશી મંડળો છે. ૧. એમાંથી જે રથ ચાલે છે તેમાં દરેક મહીને જુદા જુદા આદિત્ય, દેવતા, ઋષિ, ગંધર્વ, અપ્સરા, યક્ષ, સર્પ અને રાક્ષસો વસે છે. ૨. હે મૈત્રેય! એ રથમાં ધાતા (સૂર્ય) નામના આદિત્ય, ઋતુસ્થળા અપ્સરા, પુલસ્ત્યઋષિ, વાસુકિસર્પ, રથકૃતયક્ષ, હેતિરાક્ષસ, અને તુંબરૂગંધર્વ એ સાત માસાધિકારીઓ ચૈત્રમાસમાં સૂર્યના રથમાં સર્વદા નિવાસ કરે છે. ૩. ૪. અર્યમા આદિત્ય, પુલહઋષિ, રથૌજા યક્ષ, પુંજીકસ્થલા અપ્સરા, પ્રહેતિરાક્ષસ, કચ્છ અને નીર સર્પ, નારદ ગંધર્વ, એઓ વૈશાખ માસમાં સૂર્યના રથમાં વાસ કરે છે. હવે જ્યેષ્ટ માસના અધિકારીઓના નામ શ્રવણ કર. ૫. ૬. મિત્રઆદિત્ય, અત્રિઋષિ, તક્ષક સર્પ, પૌરૂષેય રાક્ષસ, મેનકાઅપ્સરા, હાહા ગંધર્વ, રથસ્વન યક્ષ, એઓ જ્યેષ્ટ માસમાં સૂર્યના રથમાં નિવાસ કરે છે. ૭. વસિષ્ઠ ઋષિ, વરુણ આદિત્ય, સહજન્ય ઉપનામ ધારણ કરનાર રંભા નામની અપ્સરા, હુહુ ગંધર્વ, બ્રુધ રાક્ષસ, રથચીત્ર યક્ષ, તથા એજ નામનો સર્પ એઓ આષાઢ માસમાં સૂર્યના રથમાં વાસ કરે છે. ૮. ઈંદ્ર આદિત્ય, વિશ્વાવસુ ગંધર્વ, સ્રોત યક્ષ, એલાપત્ર સર્પ, અંગીરાઋષિ, પ્રમ્લોચા અપ્સરા, સર્પ રાક્ષસ, એઓ શ્રાવણ માસમાં સૂર્યના રથમાં નિવાસ કરે છે. ૯. વિવસ્વાન્ આદિત્ય, ઉગ્રસેન ગંધર્વ, ભૃગુઋષિ, આપુરણ યક્ષ, અનુલોચા અપ્સરા, શંખપાલ સર્પ, વ્યાઘ્ર રાક્ષસ એઓ ભાદ્રપદ માસમાં સૂર્યના રથમાં વાસ કરે છે. ૧૦. પૂષા આદિત્ય, સુરુચી ગંધર્વ, વાત રાક્ષસ, ગૌતમ ઋષિ, ધનંજય સર્પ, સુષેણ યક્ષ, ઘૃતાચી અપ્સરા, એઓ આસો માસમાં સૂર્યના રથમાં નિવાસ કરે છે. ૧૧. વિશ્વાવસુ ગંધર્વ, ભરદ્વાજ ઋષિ, પર્જન્ય આદિત્ય, ઐરાવત સર્પ, વિશ્વાચી અપ્સરા, સેનજીત્ યક્ષ, સેનજીત્ રાક્ષસ, એઓ કાર્તિક માસમાં સૂર્યના રથમાં નિવાસ કરે છે. ૧૨ અંશુ આદિત્ય, કાશ્યપઋષિ, તાર્ક્ષ્યયક્ષ, મહાપદ્મ સર્પ, ઉર્વશી અપ્સરા, ચૈત્રસેન ગંધર્વ, વિદ્યુત્ રાક્ષસ, એઓ માગશર માસમાં સૂર્યના રથમાં નિવાસ કરે છે. ૧૩. ઋતુ ઋષિ, ભગ સૂર્ય, ઉર્ણા ગંધર્વ, સ્ફૂર્જ રાક્ષસ, ક-

* આ દશમા અધ્યાયમાં સૂર્યના ચક્રની ગતીથી અયનક્રમ, અને પ્રત્યેક મહીને મહીને વાસ કરનાર સાત સાત ગણોનું નીરૂપણ વીગેરેની કથા કહેવામાં આવશે.

કોટિક સર્પ, અરિષ્ટનેમીયક્ષ, પૂર્વચિત્તી નામની શ્રેઠ અપ્સરા, એ સાત અધિકારીઓ હે મૈત્રેય! તમામ લોકોને પ્રકાશિત કરવા માટે પોષ માસમાં સૂર્યના રથમાં નિવાસ કરે છે. ૧૪. ૧૫. ત્વષ્ટાઆદિત્ય, જમદગ્નિ રૂષિ, કંબલસર્પ, તિલોત્તમા અપ્સરા, બ્રહ્માપેત રાક્ષસ, ઋતજીત્ યક્ષ, ધૃતરાષ્ટ્ર ગંધર્વ, એ સાત અધિકારીઓ માધ માસમાં સૂર્યના રથમાં નિવાસ કરે છે. હવે ફાગણ માસના અધિકારીઓના નામ મારાથી તું શ્રવણ કર. ૧૬. ૧૭. વિષ્ણુઆદિત્ય, અશ્વતર સર્પ, રંભા અપ્સરા, સૂર્યવર્મા ગંધર્વ, સત્યજીત્ યક્ષ, વિશ્વામિત્ર રૂષિ, યજ્ઞાપેત રાક્ષસ, એઓ ફાગણ માસમાં સૂર્યના રથમાં વાસ કરે છે. ૧૮. હે મૈત્રેય! એ પ્રમાણે તે બાર માસમાં વિષ્ણુશક્તિથી પોષણ પામેલા આ બાર સપ્તક સૂર્યના મંડલમાં નિવાસ કરે છે. ૧૯. એઓમાંથી રૂષિઓ સૂર્યની સ્તુતિ કરે છે; ગંધર્વો તેની આગળ ગાયન કરે છે; અપ્સરાઓ નૃત્ય કરે છે; રાક્ષસો સૂર્યની પાછળ ચાલે છે, ૨૦. સર્પો તેનો રથ વહન કરે છે. યક્ષો રાશ ધારણ કરે છે; તે પ્રમાણે તમામ વાલખિલ્ય રૂષિઓ સૂર્યની ચોતરફ વિંટલાઇ વળે છે. ૨૧. હે મૈત્રેય! આ ઉપર વર્ણવેલો સપ્તકનો સમૂહ પોતપોતાના સમયાનુસાર સૂર્ય મંડળમાં વસી શીત, ઉષ્ણ અને જળવૃષ્ટિમાં કારણભૂત થાય છે. ૨૨.

सोऽयं सप्तगणः सूर्यमंडले मुनिसत्तम ॥
हिमोष्णवारिवृष्टीनां हेतुः स्वसमयागतः ॥ २२ ॥

ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે દ્વિતીય અંશે દશમો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૧૧ મો.

मैत्रेय उवाच—यदेतद्भगवानाह सगणः सप्तको रवेः ॥
मंडले हिमतापादेः कारणं तन्मया श्रुतम् ॥ १ ॥

મૈત્રેય કહેછે—હે ભગવન્! સૂર્યમંડળમાં વાસ કરનાર ને સપ્તક ગણ શીત અને ઉષ્ણતા વિગેરેમાં કારણ ભૂત છે. એમ જે તમે કહ્યું તે મેં સાંભળ્યું. ૧. હે ગુરૂ! શ્રી વિષ્ણુની શક્તિથી જેઓનું શરીર ધારણ કરાયલું છે એવાં ગંધર્વ, સર્પ, રાક્ષસ, રૂષિ, વાલખિલ્ય, અને યક્ષ એના સૂર્યના રથમાંહેના ક્રમો મેં સાભળ્યાં પરંતુ હે મુનિશ્રેષ્ટ! આદિત્યના ક્રમો કયાં છે એ તમે કહ્યાં નથી. ૨. ૩. જો સપ્તકનો સમૂહજ વરસાદ, શીત અને ઉષ્ણતા વિગેરેને વરસાવે છે, તો એમાં સૂર્યનું

* આ અગીયારમા અધ્યાયમાં ગણ તરીકે સપ્તક રહે છે છતાં પણ વિષ્ણુનો અંશ પ્રવેશવાથીજ સૂર્યનું વૃષ્ટિના હેતુમાં પ્રાધાન્ય છે તેનું વર્ણન કરવામાં આવશે.

એવું ક્યું કાર્ય છે કે જે યોગથી સૂર્યથી વૃષ્ટિ થાય છે એમ કહેવાય છે. ૪. તેમજ જો ઉદય, મધ્ય અને અસ્ત એ ક્રમ જો આ સાત જણાઓનુંજ હોય તો "સૂર્ય ઉગ્યો, સૂર્ય મધ્યે આવ્યો અને સૂર્ય અસ્ત થયો" એ પ્રમાણે લોકો શામાટે બોલેછે? ૫.

પરાશર૦—હે મૈત્રેય! તું જે વિષયમાં પ્રશ્ન કરે છે તે હું તને કહું છું. જો સૂર્યના રથ ઉપર પૂર્વોક્ત સપ્તકનો સમૂહ નિવાસ કરે છે તેમાં સૂર્યનુંજ પ્રાધાન્ય અધિક છે એમ માનવું. ૬. કારણકે શ્રી વિષ્ણુની ઋક્, યજુ અને સામ એ વેદત્રય રુપી શક્તિ છે તેજ શક્તિ સૂર્યના રૂપથી પ્રકાશિત છે. અને તમામ જગત્નાં પાપનો તે નાશ કરે છે. હે મૈત્રેય! જગત્ની સ્થિતીમાં તપ્ત અને પાલન કરવામાં ઉદ્યોગી હોનાર શ્રી વિષ્ણુજ આ વેદત્રયરૂપી (ઋક્) યજુ અને સામ, થઇને સૂર્યના અંતર ભાગમાં નિવાસ કરે છે. ૬રેક મહિનાઓમાં જે જે સૂર્ય હોય છે, તેના ૬રેકમાં વેદત્રય સ્વરુપી શ્રીવિષ્ણુની શક્તિ વાસ કરે છે. ૮. ૯. સૂર્યમંડળમાં પૂર્વાન્હ કાળામાં ઋગ્વેદ મધ્યાન્હ કાળમાં યજુર્વેદ, અને સાયંકાળમાં બહદ્રથાદિ ભેદથી યુકત સામવેદ પ્રકાશમાન થાય છે ૧૦. આ ઋક્ યજુ અને સામ નામની વિષ્ણુની શક્તિ તેની મૂર્ત્તિ છે અને તે ૬રેક માસમાં સૂર્યમંડળમાં નિવાસ કરે છે. ૧૧. સૂર્યના મંડળમાં હોનારી તે વેત્રદય રુપી શક્તિ કેવળ શ્રી વિષ્ણુનીજ છે એમ નથી કારણકે બ્રહ્મા વિષ્ણુ અને રુદ્ર એ ત્રણે વેદત્રયી સ્વરુપ છે. ૧૨. માટેજ ઋગ્વેદ સ્વરુપી બ્રહ્મા સૃષ્ટિ ઉત્પન્ન કરે છે. યજુર્વેદ સ્વરુપ શ્રી વિષ્ણુ સૃષ્ટિનું પાલન કરે છે. અને સામદેવ સ્વરુપી શ્રી રૂદ્ર આસૃષ્ટિના લયમાં કારણભૂત છે માટેજ તે સામવેદનો ધ્વનિ અપવિત્ર (અનધ્યાય કારક) છે. ૧૩. એ પ્રમાણે સૂર્યમાં પોતાના સપ્તકમાં રહેનાર વેદત્રયરૂપી શ્રી વિષ્ણુની સાત્વિક શક્તિ પ્રધાન પણે વાસ કરી રહેલી હોય છે. ૧૪. તે શક્તિવડે અધિષ્ઠિત થનાર સૂર્ય પોતાના કિરણોથી અત્યંત પ્રકાશ આપે છે અને તમામ જગતમાં વ્યાપી રહેલા અંધકારનો નાશ કરે છે. ૧૫. ઋષિઓ તે સૂર્યની સ્તુતિ કરે છે ગંધર્વો તેની આગળ ગાયન કરે છે, અપ્સરાઓ નૃત્ય કરે છે, રાક્ષસો તેની પાછળ ચાલે છે, સર્પો તેનો રથ વહન કરે છે, યક્ષ રથની રાશ ગ્રહણ કરે છે અને વાલખિલ્ય તેની આજુબાજુ વિંટાયલા રહે છે. ૧૬. ૧૭. સૂર્યમાં શક્તિ સ્વરુપ ધારણ કરનાર શ્રી વિષ્ણુ ઉદય અને અસ્ત કદી પણ થતા નથી. ઉદય અસ્ત પામનાર તો આ સાત અધિકારી ઓજ છે. અને તે વર્ગ શ્રીવિષ્ણુથી જુદો છે. ૧૮. જે પ્રમાણે સ્થંભમાં બેસાડેલું દર્પણ હમેશાં સ્થિર છે અને તેની પાસે આવનાર પ્રત્યેક મનુષ્યને તેમાં ઉત્પન્ન થનાર પ્રતિબિંબ રુપે સંયોગ થાય છે તે પ્રમાણે શ્રીવિષ્ણુની શક્તિ સૂર્ય મંડળમાંથી કદી પણ નષ્ટ થતી નથી પરંતુ મહિને મહિને પ્રાપ્ત થનાર જે જે સૂર્ય છે તેમાં તેમાં તે નિવાસ કરે છે. ૧૯. ૨૦. હે મૈત્રેય! દિવસ અને રાત્રિ એ બંનેમાં કારણભૂત થનાર પ્રભુ સૂર્ય પિતૃ, દેવ અને મનુષ્ય એઓને સદા તૃપ્ત કરી આકાશમાં ભ્રમણ

કરે છે. ૨૧, સૂર્યના સુષુમ્ન નામના કિરણથી તૃપ્તી પ્રાપ્ત કરી આકાશમાં અમૃતમય થયેલા ચંદ્રનું (અમૃતનું) દેવતાઓ કૃષ્ણ પક્ષમાં પ્રાશન કરે છે. ૨૨. હે મૈત્રેય! તેઓના પ્રાશન કરવાથી બાકી રહેલા કૃષ્ણ પક્ષના અંતની બે કલાવાળા ચંદ્રને પિતૃઓ પ્રાશન કરે છે. ૨૩. એ પ્રકારે સૂર્યથી ચંદ્રની પાછી અભિવૃદ્ધિ થાય છે. સૂર્ય પોતાના કિરણોથી પૃથ્વિમાંનો તમામ રસ આકર્ષણ કરી મણિઓના પોષણમાં આવશ્યક ધાન્યને પોષવાને માટે વૃષ્ટિરુપિ રસથી ભગવાન્ સૂર્ય તમામ પ્રાણિઓને આનંદમય કરી દે છે. એ પ્રમાણે પિતૃ, દેવ અને મનુષ્ય આદિ પ્રાણિઓને સૂર્ય તૃપ્ત કરે છે. ૨૫. હે મૈત્રેય! સૂર્ય દેવાદિકોમાં જે તૃપ્તિ કરે છે તે દેવોમાં પંદર દવસ, પિતૃઓમાં એક માસ અને મનુષ્યોમાં પ્રતિદિન તૃપ્તિ આપે છે. ૨૬.

पक्षतृप्तिं तु देवानां पितृणां चैकमासिकीम् ॥
शश्वत्तृप्तिं च मर्त्यानां मैत्रेयार्कः प्रयच्छति ॥ २६ ॥
ઇતિશ્રી વિષ્ણુ પુરાણે દ્વિતીય અંશે એકાદશો અધ્યાય સંપુર્ણ.

અધ્યાય ૧૨ મો.

पराशर उवाच—रथस्त्रिचक्रः सोमस्य कुंदाभास्तस्य वाजिनाः ॥
वामदक्षिणतो युक्ता दश तेन चरत्यसौ ॥ १ ॥

પરાશર કહેછે—હે મૈત્રેય! ચંદ્રનો રથ ત્રણ પૈડાનો છે, તેને ડાબી અને જમણી બાજુ મળી દશ ઘોડાઓ જોડેલા છે, તેની કાંતિ કુંદના ફુલ પ્રમાણે સફેત છે. ૧. તે ચંદ્ર વેગવાળા ધ્રુવરુપ આધારથી આકર્ષાઇ નાગવીથિના આશ્રયવાળા અશ્વિની આદિ નક્ષત્રોમાં પ્રયાણ કરે છે, તેના કિરણોની વૃદ્ધિ અને ક્ષયનો ક્રમ સૂર્યના કિરણો પ્રમાણે છે. ૨ હે મુનીશ્રેષ્ટ! સૂર્યના ઘોડા પ્રમાણે ચંદ્રમાના ઘોડા પણ જળમાંથી ઉત્પન્ન થયા છે, અને એ ઘોડાઓને એકવાર રથમાં જોડયા પછી એક કલ્પ સુધી તે વહન કર્યા કરે છે. ૩. હે મૈત્રેય! દેવતાઓથી પાન કરાએલા એક કળાવાળા ક્ષીણ ચંદ્રને તે કાંતિમાન્ સૂર્ય પોતાના એક કીરણથી વૃદ્ધિ કરેછે. ૪. ગુપ્ત પણે પૃથ્વી ઉપરથી જળ આકર્ષણ કરનાર સૂર્ય દેવતાઓએ જે ક્રમથી તેનું પ્રાશન કર્યું છે તે ક્રમથી દિવસે દિવસે ચંદ્રની વૃદ્ધિ કરે છે. એ પ્રમાણે અર્ધા માસમાં એકઠું કરેલું અમૃત ચંદ્રમાંથી દેવતાઓ પી જાય છે કારણ કે દેવતાઓજ તે અમૃતનું ભક્ષણ કરનારા છે. ૬. ચંદ્રમાંના અમૃતનું પ્રાશન કરનાર તે દેવતાઓની

* આ બારમા અધ્યાયમાં ચંદ્રમા આદિ ગ્રહોની સ્થિતિ કહેવામાં આવશે.

સંખ્યા તેત્રીશ હજાર તેત્રીશસો ને તેત્રીશની છે. તેઓ સઘળા ચંદ્રનું પાન કરવામાં લીન રહે છે. ૭. બે કળા અવશિષ્ટ જે તિથિમાં ચંદ્ર સુર્યના મંડળમાં પ્રવેશ કરી તેના અમા નામના કીરણમાં પ્રવેશ કરે છે તેથી તે તિથિને અમાવાસ્યા કહેવામાં આવે છે. ૮. તે દિવસે ચંદ્રમાં અહોરાત્ર જળમાં નિવાસ કરે છે; ત્યારબાદ લતાઓમાં નિવાસ કરે છે. ત્યાર પછી સુર્યમાં ગમન કરે છે. ૯. જયારે ચંદ્ર લતામાં નિવાસ કરે છે તે વખતે જે કોઈ લતા (વેલી) નું છેદન કરે છે અથવા એકાદ પાંદડું તોડે છે તેને બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. ૧૦. છેવટે જે કળારૂપ ચંદ્રનો ભાગ કંઈક અવશેષ રહેલો હોય છે તેના પૃષ્ઠ ભાગનું અપરાન્હ કાળમાં પિતૃલોક પાન કરવાને માટે સેવન કરે છે. ત્યાર પછી બે કળા અવશિષ્ટ ચંદ્રની જે પંદરમી કળા છે એજ અમૃત રૂપ કળાનું પિતૃ લોક પાન કરે છે. ૧૧. ૧૨. એ પ્રમાણે અમાવાસ્યાને દિવસે ચંદ્રના કીરણમાંથી નીકળેલું સુખ કારક અમૃત પ્રાશન કરવાથી તમામ પિતૃઓ એક માસસુધી તૃપ્તિ મેળવે છે. ૧૩. તે પિતૃઓ સૌમ્ય, બર્હિષદ, અગ્નિષ્વાત્તા, એવા ત્રણ પ્રકારના છે એવી રીતે ચંદ્રમા પોતાના અમૃતમય શીતળ જળ રુપ પરમાણુથી શુકલપક્ષમાં દેવતાઓને તથા કૃષ્ણપક્ષમાં પિતૃઓને, લતા વગેરે ઔષધીઓને ઉત્પાદન કરવા માટે પ્રકાશ આપી, મનુષ્યોને આનંદ આપી, પશુઓ આદિ સર્વને તૃપ્તિ આપે છે. ૧૪. ૧૫. બુધનો રથ જળ અને અગ્નિ દ્રવ્યથી ઉત્પન્ન થયો છે અને તેને વાયુના વેગ સરખા પીંગળ વર્ણના આઠ ઘોડાઓ જોડેલા છે. ૧૬. શુક્રનો રથ શ્રેષ્ટ પ્રકારના આવરણથી, (શત્રુના પ્રહારમાંથી રથનું રક્ષણ કરવા માટે રથને ફરતું લોઢા વગેરેનું આવરણ) સુંદર કણા (ગાડાનાં પૈડાંને સરખી રીતે ચલાવનાર આંક) જેમાં બેસાડેલા છે એવા લાકડાંથી તથા સારથીને બેસવાના ઉત્તમ પ્રકારના સ્થાનથી, પતાકાઓથી, પૃથ્વીથકો ઉત્પન્ન થયેલા ઘોડાથી જોડાયેલો અને મોટો છે. ૧૭. મંગળનો રથ સોનાનો, આઠ ખુણાવાળો, સારો શોભાય માન, તથા અગ્નિથી ઉત્પન્ન થએલા અને માણેકના સરખી કાંતિવાળા ઘોડાઓથી યુક્ત છે. ૧૮. બૃહસ્પતિ, સફેદ આઠ ઘોડાથી જોડાએલા સુવર્ણ મય રથ ઉપર બેસે છે અને દરેક રાશીમાં એક એક વરશ સુધી રહેછે. ૧૯. મદોન્મત્ત હાથી પ્રમાણે મંદ મંદ ગમન કરનાર શની, આકાશમાંથી નીર્માણ થયેલા ચિત્ર વિચિત્ર અશ્વોથી જોડાએલા રથ ઉપર બેસી ગમન કરે છે. ૨૦. હે મૈત્રેય ! રાહુનો રથ ધુમ્રવર્ણનો છે, તેને ભમરાના રંગવાળા કાળા આઠ ઘોડા જોડેલા છે એ ઘોડાઓને એક વાર રથમાં જોડયા પછી હંમેશા ખેંચ્યા કરે છે. ૨૧. એ રાહુગ્રહ ચંદ્રપર્વમાં (પૂર્ણિમાને દિવસે) સૂર્ય પાસેથી નીકળી ચંદ્રની સામે ગમન કરેછે અને સૂર્ય પર્વમાં (અમાવાસ્યાને દિવસે) ચંદ્ર પાસેથી નીકળી સૂર્ય સનમુખ આવે છે. ૨૨ ધૂમ્ર વર્ણના, વાયુના સરખા વેગવાળા, લાખના જેવા મુખવાળા, આઠ ઘોડાઓ કેતુના રથને ખેંચે છે.

૨૩. હે મહાભાગ ! મેં તને નવ ગ્રહના નવ રથનું વર્ણન કહી સંભળાવ્યું. એ નવ ગ્રહોના રથ વાયુરુપ દોરડા થકી ધ્રુવની સાથે બંધાએલાં છે. ૨૪. હે મૈત્રેય ! ગ્રહ, અને નક્ષત્ર મંડળ વાયુરુપ દોરડા થકી ધ્રુવને વિષે બંધાયેલાં છે તે અત્યંત વેગથી પોતપોતાના યોગ્ય પ્રકારની ગતીના અનુસારે ભ્રમણ કર્યા કરે છે. ૨૫. આકાશમાં જેટલા તારાઓ છે તેટલા વાયુરુપ દોરડા છે; એ વાયુરુપ દોરડાથી બંધાયેલા સઘળા ગ્રહ આદિ ભ્રમણ કરે છે અને ધ્રુવને ભ્રમણ કરાવે છે. જે પ્રમાણે ધાંચી ઘાણી ફેરવતી વખતે પોતે ફરતા ફરતા તેલ ચક્રને ફેરવે છે તે પ્રમાણે સઘળું જ્યોતિશ્ચક્રગણ પોતે ફરે છે અને ધ્રુવને ફેરવે છે ૨૭. જે માર્ગ વાયુચક્રની પ્રેરણાથી અલાત ચક્રની રીતથી જ્યોતિષ ચક્રને ખેંચીને ચાલે છે; તે વાયુ પોતાને વિષે નક્ષત્રાદિકને ધારણ કરે છે; માટેજ તેને પ્રવાહ એવું નામ આપવામાં આવ્યું છે. ૨૮. હે મૈત્રેય ! જેમાં ધ્રુવ નિવાસ કરે છે એવા શિશુમાર ચક્રવિષે આગળ તને કહી ગયો છું છતાં તેનો પ્રકાર તથા આકૃતિ ફરીથી કહું છું તે શ્રવણ કર. ૨૯. એ શિશુમાર ચક્રને રાત્રીએ જે કોઇ જુએ છે તેના આખા દિવસના કરેલા પાપનો નાશ થાય છે. અને એમાં જેટલા તારાઓ દેખાય છે એટલા વર્ષ અથવા એથી અધિક વર્ષ સુધી પુન્ય ભોગવે છે. ૩૦. ઉત્તાનપાદ શિશુમારની ઉતરના કપોળ ભાગ ઉપર છે; યજ્ઞ તેના નીચેના કપોળ ઉપર છે; તેના મસ્તક ઉપર ધર્મ વાસ કરે છે; તેના વક્ષઃ સ્થળમાં સ્વયંનારાયણ નિવાસ કરી રહ્યા છે; એના બે ચરણમાં અશ્વિનીકુમાર રહ્યા છે; વરુણ તથા સૂર્ય તેના પાછળના ઉરુભાગ ઉપર રહ્યા છે; સંવત્સર તેના શિશ્ન અને મિત્ર તેની ગુદા-સ્થાન ઉપર રહ્યા છે. ૩૧. ૩૩. એ શિશુમારના પુંછડા ઉપર અગ્નિ, મહેંદ્ર, કશ્યપ અને ધ્રુવ, એ ચાર છે. એનો કદાપિ અસ્ત થતો નથી. ૩૪. હે મૈત્રેય ! એ પ્રમાણે તારી પાસે આ પૃથ્વી, તારા, દ્વીપ, સમુદ્ર, પર્વત, વર્ષ અને નદીઓ વગેરેનું વર્ણન અને તેમાં નિવાસ કરનાર લોકોના સ્વરુપ પણ મેં તને કહી સંભળાવ્યા. ફરીથી એનું વર્ણન સંક્ષેપમાં કહું છું તે શ્રવણ કર.૩૫.૩૬. હે મૈત્રેય ! બ્રહ્માંડના અંતર્ભાગમાં શ્રીવિષ્ણુ સ્વરુપ જે જળ છે તેનાથી પર્વત, સમુદ્ર આદિથી યુકત આ પદ્માકાર પૃથ્વી ઉત્પન્ન થઇ છે ૩૭.ગ્રહ નક્ષત્રાદિ તારાઓ, સમસ્ત ભૂવન, સંપૂર્ણ વન, પર્વત, દિશા, સમુદ્ર અને નદીઓ એ તમામ શ્રી વિષ્ણુનું સ્વરુપ છે. હે મૈત્રેય ! વિશેષ શું કહું? જગત્માં જાણ્યા, અજાણ્યા જેટલા પદાર્થ છે એ સર્વ શ્રી વિષ્ણુનુંજ સ્વરુપ છે. ૩૮.અનન્યમૂર્તિ શ્રી વિષ્ણુ ભગવાન્ જ્ઞાન સ્વરુપ છે, એ જડ નથી; એટલા માટે જગ-ત્માં જે કંઈ પૃથ્વી આદિ અનેક પ્રકારના પદાર્થ ભેદ છે એ કેવળ વિષ્ણુની જ્ઞાન રૂપ કલ્પના શકતિ છે, કર્મોનો નાશ થયા પછી જે અશેષ સર્વવ્યાપક જ્ઞાન રુપ વિષ્ણુ પો-તાના રુપમાં સ્થિતિ કરેછે તેમ સંકલ્પરુપ વૃક્ષના સ્વરૂપ અનેક પ્રકારની વસ્તુના સમૂ-હમાં અનેક ભેદથી માલમ પડતા નથી. સર્વ એક સનાતન વિષ્ણુમાં એકાકાર છે. જે

પહેલા નહોતું તે ભવિષ્યમાં પણ નહિં રહે, કેવળ વર્ત્તમાનમાં જે આપણે જોઇએ છીયે એ (ઘટાદિ) પદાર્થ કદાપિ યથાર્થ નથી. કારણ કે એક પદર્થ એકજ રૂપથી રહે છે; પરંતુ યથાર્થ રીતીથી પદાર્થના રૂપનું લક્ષ રહેતું નથી. ફરીવાર જે ઘટાદિ પદાર્થનું બીજા રુપથી પરિણામ થાય છે ત્યારે તેનું કચા પ્રકારનું યથાર્થ રૂપ કહેશે? કચા પ્રકારથી એમાં વાસ્તવિક રુપ રહે છે? પદાર્થોના ભેદ એટલે અજ્ઞાનથી નીર્માણ થયેલી કલ્પનાના ફળ છે. જે વખતે જ્ઞાનને પ્રતિબંધ કરનાર કર્મનો ક્ષય થઇ તમામ પદાર્થ કેવળ આત્મ સ્વરુપજ છે. એવું તમામ દોષોને નિરસ કરનાર જ્ઞાન ઉત્પન્ન થાય છે તે વખતે આ ભેદ નષ્ટ થઇ જાય છે. ૩૯. ૪૦. (વસ્તુના ભેદ કાલ્પનીક છે અર્થાત્ તેમાં સત્ય હોય તેનું સ્વરૂપતો નિરંતર એકજ પ્રકારનુ હોય તથા તેને આદિ, મધ્ય, અને અંત ઇત્યાદિ સંજ્ઞા પણ નહોય તો જેને આદિ વિગેરે છે તે નાશવંતજ ગણાય છે અર્થાત્ તે અસત્યજ છે. પદાર્થો પણ આજ પ્રકારે છે.) આ બ્રહ્માંડમાં આદિ, મધ્ય અને અંતથી શૂન્ય તથા સર્વકાળ એકજ પ્રકારના રૂપથી યુકત એવો કોઇ પણ પદાર્થ છે? કોઇ નથી. તેમ હે મૈત્રેય! જે પદાર્થ એકવાર રુપાંતર પામે છે તે પદાર્થ ફરીથી પૂર્વ પદાર્થ હોતો નથી (અર્થાત્ તે નાશવંત છે) તો તે રૂપાંતર પામનાર આદ્યંતવાળા પદાર્થમાં ફરીથી પૂર્વ પદાર્થમાં સત્યત્વ કયાંથી હોઇ શકે? ૪૧. ઉદાહરણ તરીકે પૃથ્વી ઘટ નામથી પ્રસિદ્ધ છે, એઘડાના કટકા થાય અને કટકાનું ચુર્ણ થઈ જાય છે તે વખતે તેને આપણે શું કહીશું? મટોડી કહીશું? ઘડો કહીશું? કે ઘડાના કટકા કહીશું? મનુષ્યગણ કર્મનાવશથી આત્મજ્ઞાનને ભુલી જઇ એ વસ્તુઓનું કેવે પ્રકારે ઘટાદી રુપથી નિર્દેશ કરે છે. મૂઢલોકો શું કહેશે કે એ ઘટાદીઓના યથાર્થ સ્વરુપ કયાં સત્ય છે? વસ્તુતઃ એમાં પૃથ્વી શીવાય બીજું કંઈજ નથી. હે મૈત્રેય! કોઈ પણ ઠેકાણે જ્ઞાન વગર બીજો કોઇ પણ પદાર્થ વિદ્યમાન નથી. તે જ્ઞાન પણ એકજ છે છતાં પોતપોતાના કર્માનુસાર જેની બુદ્ધિ જુદા જુદા પ્રકારની થઈ છે તે લોકો જ્ઞાનના પણ અનેક ભેદ સમજે છે. ખરૂં જોતાંતો જ્ઞાનના બીલકુલ ભેદ નથી. વિશુદ્ધ શોક રહિત પ્રકૃતિ સંજ્ઞક વિમુકત જ્ઞાન પરમ પુરુષ સનાતન વાસુદેવથી જુદું નથી કારણકે વિષ્ણુ વગર બીજી કોઇ વસ્તુજ નથી. એ મેં તારી પાસે પરમાર્થ જ્ઞાન કહી સંભળાવ્યું. જ્ઞાન એજ સત્ય છે, એના શીવાય સર્વ અસત્યછે. જે સઘળો ત્રણ ભૂવનનો વિષય તને કહ્યો છે. એ તમામ વ્યવહારીક માત્ર છે. ખરૂંતો એજ છે કે આ તમામ જગત્ સનાતન એક જ્ઞાન સ્વરુપ ભગવાનના સંકલ્પ માત્રથી ઉત્પન્ન થયું છે. એમાં પરમાર્થ સત્તા કંઈ નથી, એ કેવળ જ્ઞાન માર્ગની કથા છે. એને છોડીને તારી સમીપ કર્મ માર્ગને અનુસાર યજ્ઞ, પશુ, અગ્નિ, ઋત્વિક્, ચંદ્રમા, દેવ, અને સ્વર્ગરુપ ફળની ઇચ્છા, એ સઘળા વિષયો પણ કહ્યા છે. એ માર્ગને અનુસાર કર્મ કરવાથી ભૂઆદિલોકોના ભોગ એ તેનું ફળ છે ૪૨.૪૬. તારી

પાસે આ ત્રણ લોકની જેટલા પ્રકારની કથા કહી છે. તે જીવગણ કર્મને વશ થઇ અનેક યોનીમાં જન્મ પામી ભ્રમણ કર્યા કરે છે. એ પ્રમાણે નિશ્ચય જાણીને એવું કૃત્ય કરવું જોઇએ કે જેના યોગથી અવિનાશી પરિપૂર્ણ અને સર્વદા એક રૂપ હોનાર શ્રી વિષ્ણુમાંજ પોતાનો પ્રવેશ થઇ જાય. ૪૭.

यच्चैतद्भुवनगतं मया तवोक्तं सर्वत्र व्रजति हि कर्मवश्य एकः॥
श्रुत्वैतद्ध्रुवमचलं सदैकरूपं तत्कुर्याद्विशति हि येन वासुदेवम् ४१

ઇતિશ્રી વિષ્ણુપુરાણે દ્વીતીય અંશે દ્વાદશો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૧૩ મો.

मैत्रेय उवाच॥ भगवन्सम्यगाख्यातं यत्पृष्टोऽसि मयाऽखिलम् ॥
भूसमुद्रादिसरितां संस्थानं ग्रहसंस्थितिः ॥ १ ॥

મૈત્રેય કહેછે—હે ભગવન્! આપને મેં જે વિષયનો પ્રશ્ન કર્યો હતો તે સર્વ મને ઉત્કૃષ્ટ પ્રકારે કહી સંભળાવ્યું. આપે મને પૃથ્વી, સમુદ્ર, નદી આદિના સંસ્થાન અને ગ્રહાદિના નિવાસ સ્થાન વિગેરેનું ઉત્તમ પ્રકારે કથન કર્યું. ? આ ત્રણલોક વિષ્ણુના આશ્રયથીજ રહ્યા છે, તે તથા એ પ્રસંગમાં પરમાર્થ ભૂત જ્ઞાન જેમાં પ્રધાન છે તેનું પણ આપે સંપૂર્ણ રીતીએ વર્ણન કર્યું છે. ૨. પ્રથમ આપ કહી ગયાછો કે હું તને ભરતરાજાનું આખ્યાન કહીશ, માટે હવે આપ ભરત રાજાનું ચરીત્ર મને શ્રવણ કરાવો. ૩. એ ભરતરાજા શાલગ્રામ નામના સ્થાનમાં યોગ યુક્ત થઇ એકાગ્ર અંતઃકરણ વડે ભગવાન વાસુદેવનું ધ્યાન કરતાં કરતાં કાળવ્યતિત કરતા હતા, એમ મેં સાંભળ્યું છે. ૪. ભરત રાજાનો પુણ્ય દેશમાં નિવાસ અને અહર્નીશ પરમાત્માના ધ્યાનમાં નિમગ્ન હતા છતાં તેની મુકતી ન થઇ એનું શું કારણ? ફરીથી તેને કયા યોગથી બ્રાહ્મણનો જન્મ લેવો પડયો? તેમજ હે મુનિ શ્રેષ્ટ! એ મહાત્મા ભરતે બ્રાહ્મણ થયા પછી કયા કર્મો કર્યા હતાં? એ તમામ આપ મારી પાસે કહેવાને યોગ્ય છો.. ૫. ૬.

પરાશર કહેછે—હે મૈત્રેય! એ ભરત નામના મહાભાગ્યશાળી રાજાએ ભગવાનમાં પોતાનું ચિત્ત જોડીને શાલગ્રામ નામના સ્થાનમાં ઘણા સમયસુધી નિવાસ કર્યો. ૭. એ મહાગુણવાન રાજાએ અહિંસા આદિ યોગના અંગથી પ્રાણાયામ વડે પરમ શ્રેષ્ટ લાભ સંપાદન કર્યો હતો. ૮. એ સર્વદા "હે યજ્ઞેશ! હે અચ્યુત! હે

---

* આ તેરમા અધ્યાયમાં જડ સ્વરૂપ ધારણ કરનાર ભરતરાજાનું આખ્યાન કહેવામાં આવશે કે જેમાં જ્ઞાન તાદ્રશ છે.

ગોવિંદ ! હે માધવ ! હે અનંત હે કેશવ ! હે કૃષ્ણ ! હે વિષ્ણો ! હેહૃષિકેશ !" ઇત્યાદિ શ્રીવિષ્ણુના નામનુંજ ઉચ્ચારણ કરતા હતા. ૯. હે મૈત્રેય ! એ ભરતરાજા સ્વપ્નમાં પણ શ્રીવિષ્ણુ શીવાય બીજું વચન બોલતા ન હોતા. કેવળ આગળ કહેલા ભગવાનના નામના અર્થનુંજ ચિંતન કરતા હતા; તેને બીજી કોઇ પ્રકારની ચીંતા નહોતિ, તે તમામ પ્રકારની આસક્તિથી રહિત યોગનીષ્ઠ તપસ્વી ભરત દેવકાર્યને માટે સમિધ, પુષ્પ, અને દર્ભ આદિ લાવતા, એ શિવાય તે બીજાં કોઈપણ કર્મો કરતા ન હોતા. ૧૦–૧૧. એક દિવસ ભરતરાજા સ્નાનકરવાને માટે નદીઉપર ગયા, ત્યાં યથાવિધિ સ્નાન કર્યા પછી સંધ્યાવંદન આદિ આવશ્યક કર્મકરવાને નદી કીનારે બેઠા હતા. ૧૨. એટલામાં પ્રસવકાળ જેનો સમીપ આવ્યોછે એવી એક હરિણી જળ પાન કરવાને માટે એ સ્થાનપર આવી જળપાન કરવા લાગી. ૧૩. તે જળ પીવાનો આરંભ કરે છે એટલામાં સર્વ પ્રાણિઓને ભય ઉત્પન્ન કરનાર એક મહાન્ સિંહનો શબ્દ સંભળાયો. એ શબ્દના ભયથી હરિણીએ એકદમ એક તટ ઉપરથી બીજા તટ ઉપર જવાને કુદકા માર્યો. એ તટ ઘણો ઉંચો હોવાથી તેનો ગર્ભપાત થઈ નદીમાં પડયો. અને એ મૃગનું બચ્ચું નદીના વેગથી તણાઇ જળના કલ્લોલથી આમતેમ ભમવા લાગ્યું. રાજા એપ્રમાણે જોઇ એ મૃગબાળકને તેમાંથી બહાર કાઢી તટ ઉપર લાવ્યા. હે મૈત્રેય ! ગર્ભપાતની પીડા તથા ઘણા ઉંચા તટ ઉપરથી કુદકા મારવાથી તે હરિણી જમીન પર પડી તત્કાળ મરણ પામી. ૧૪. ૧૭. ત્યાર પછી તપસ્વી ભરત તે હરણીને મરણ પામેલી જોઈ મૃગબાળકને લઇ પોતાના આશ્રમે આવ્યા અને પ્રતિદિન એ મૃગના બાળકનુ પોષણ કરવા લાગ્યા. તેનાથી પોષણ પામેલું એ મૃગબાળક દિવસે દિવસે મોટું થવા લાગ્યુ. એ મૃગબાળક આશ્રમની ચોતરફ અરણ્યમાં તૃણ ભક્ષણ કરી કોઈક વખત દૂર જાય અને કદાપિ વાઘનો ભય લાગેતો પોતાના આશ્રમમાં પાછું દોડી આવતુ હતું. ૧૮. ૨૦. કોઇક વખત એ મૃગબાળ સવારમાં આશ્રમમાંથી નીકળી સાયંકાળે પાછું આવી આશ્રમમાં પેસી જતું, કોઇ વખત ભરત રાજાની પર્ણશાળા આગળજ પ્રર્યા કરે. હે મૈત્રેય ! કોઇ વખત આઘે જનાર અને કોઇ વખત પાસે રહેનાર એ મૃગના બાળક ઉપર ભરતજીનું મન આસકત થયું, અને બીજી સઘળી ચીંતા ભુલી ગયા. ૨૧. ૨૨. જેણે પોતાનું રાજ્ય, પુત્ર અને બાંધવોને તજી દીધા છે છતાં એ રાજા આ હરિણબાળક ઉપર મમતા કરવા લાગ્યા. ૨૩. એ મૃગબાળક પર્ણકુટીમાંથી નીકળી બહાર ગયું હોય અને એને આવતાં જરા વાર લાગી હોય તો ભરતજી આ પ્રમાણે ચિંતા કરતા. અહો! આ બાળકને નાહાર તો ભક્ષણ નહિં કરી ગયા હોય? અથવા વ્યાઘ્રે કે સિંહેતો એના ઉપર ઝડપ નહિં મારી હોય? એમ ચિંતા કરતાં કરતાં પ્રરીથી આ પ્રમાણે કહેવા માંડે છે કે આહા ! એ હરિણ કુમારની ખરીના આઘાતથી ખડબચડી થઇ ગયેલી આ પૃથ્વી કેવી આનંદ આપેછે?

એ મારી પ્રીતીને માટેજ જન્મ્યો છે. હા ! આ વખતે એ મારો મૃગબાળક ક્યાં હશે ? પોતાના શીંગડાના અગ્રભાગથી મારા બાહુને ખંજવાળનાર એ હરિણબાળક અરણ્યમાંથી સુખ રૂપે આવી મને ક્યારે સુખ આપશે ? ૨૪. ૨૬. તેના ઝીણા નવા ફુટેલા દાંતવડે કાપવાથી જેની શીખા છિન્ન ભિન્ન થઇ ગઇ છે એવા દર્ભ અને કાશ, શીખા વગરના સામ ગાયન કરનાર બ્રહ્મચારિઓ સરખા સુશોભિત દેખાય છે. ૨૭. એ પ્રમાણે મૃગ ઘણીવાર સુધી બહાર ગયો હોય તે વખતે ભરતજી પૂર્વ પ્રમાણે ચિંતા કર્યા કરે છે. અને ફરીથી મૃગ પાસે આવે ત્યારે તેનું શરીર આનંદથી પ્રફુલ્લીત થાય છે. ૨૮. ભરતરાજા રાજયોપભોગ, ઐશ્વર્ય અને પોતાના આપ્ત જનનો ત્યાગ કર્યા છતાં એનું અંતઃકરણ કેવળ મૃગમય બની જવાના કારણથી સમાધીથી ભ્રષ્ટ થયું હતું. ૨૯. ભરતરાજાનુ અંતઃકરણ આગળ જેવું સ્થિર હતું તેવું મૃગના ચંચળ પણાથી અતીશય ચંચળ બની ગયું હતું, અને એ મૃગનું બચ્ચું દૂર ગયું હોય ત્યારે ભરતજીનું ચિત્ત પણ તેની સાથે દૂરગામી થવા લાગ્યું ૩૦. એ પ્રકારે ભરત રાજાનું ચિત્ત તે હરિણ બાળકમાં ઘણા સ્થિર ભાવથી આસકત થયું. એમ કરતાં કેટલોક સમય વિત્યા પછી ભરત રાજાએ પોતાના પુત્ર સરખા એ મૃગબાળકની આંખમાંથી આંસુ વહેતા જોતાં જોતાં પ્રાણ ત્યાગ કર્યો. ૩૧. હે મૈત્રેય ! રાજાએ પ્રાણ છોડવાનાં સમય ઉપર પ્રીતિ પૂર્વક એ હરિણ બાળકને જોયો હતો અને એનીજ ચિંતામાં મગ્ન રહિને બીજા કોઈનું ધ્યાન કર્યું નહિ. ૩૨. ત્યારપછી એ ભરતરાજાએ મૃત્યુ કાળમાં એ પ્રકારે મૃગ બાળકનું ધ્યાન કરવાથી કાંળજર નામના પર્વત ઉપર જંબુ માર્ગના અરણ્યમાં મૃગના રૂપથી જન્મ્યા, પરંતુ પૂર્વ જન્મનું તેને સંપૂર્ણ જ્ઞાન હતું. તેને ગત જન્મનું સ્મરણ હોવાથી આકુળ વ્યાકુળ થઈ પોતાની માતાનો ત્યાગ કરી ફરીથી શાલગ્રામ વનમાં આવ્યા. ૩૩. ૩૪. ત્યાં આગળ સુકા પાંદડાં અને ઘાસ ખાઇ આત્મપોષણ કરી મૃગજન્મ પામવાના હેતુ રૂપ પોતાના કર્મોનો ક્ષય કર્યો. કર્મના ક્ષયને અંતે કાળક્રમથી એ મૃગશરીરનો ત્યાગ કરી, સદા ચારમાં તત્પર યોગવડે પવિત્ર એવા શ્રેષ્ટ બ્રાહ્મણના કુળમાં જન્મ્યા. ત્યાં પણ એને પૂર્વ જન્મનું સ્મરણ હતું. ૩૫. ૩૬. હે મૈત્રેય ! એ જન્મમાં સઘળા પ્રકારના જ્ઞાન સંપન્ન થયા, તથા સર્વ શાસ્ત્રના અર્થ સારી રીતે સમજી આત્માને પ્રકૃતિથી પર જોવા લાગ્યા. ૩૭. હે મહામુનિ ! તેને (ભરતજીને) આત્મ જ્ઞાન થયેલું હોવાથી એ મહા બુદ્ધિમાન્ બ્રાહ્મણ દેવાદિ તમામ પ્રાણિઓને એક સરખી દ્રષ્ટિથી જોતા હતા. તેને ઉપનયન સંસ્કાર કર્યા પછી ગુરુએ ભણાવેલા વેદ વાકયને પણ શીખતા નહોતા, કોઈ કર્મમાં પણ દ્રષ્ટિ ન રાખી અને કોઈ શાસ્ત્રનું અધ્યયન પણ કર્યું નહિં. ૩૮. ૩૯. તેને ઘણિ વખત કહેવામાં આવતું છતાં તેઓ જડની પેઠે ગમે તે અસ્પષ્ટ તથા અલ્પવાકય બોલતા, એ વાકય વ્યાકરણ આદિથી દોષવાળું હોય, અથવા કોઇ વખત ગ્રામ્ય શબ્દથી યુકત પણ

હોય. ૪૦ હમ્મેશ એનું શરીર મલિન, મેલા વસ્ત્રોવાળું અને દાંત પણ મલીનજ હતા; એટલા માટે નગરવાસિ લોકો સર્વદા એનું અપમાન કરતા હતા. ૫૧. હે મૈત્રેય ! લોકમાં મળનારું સન્માન યોગ સિદ્ધિમાં વિઘ્ન કરનાર છે, એટલા માટે યોગીલોક જે અપમાન પામે તોજ તેને યોગસિદ્ધિ પ્રાપ્ત થાય છે. માટે "મનું આદિ સજ્જન પુરૂષોએ કહેલા ધર્મનો બાધ ન આણતાં જે કાર્યથી લોકો અપમાન કરે અને સંગ ન કરે, એ પ્રકારે યોગીઓએ સન્માર્ગે આચરણ કરવું જરૂરનું છે." હિરણ્યગર્ભનું આ સાર યુક્ત વચન સ્મરણ કરી એ મહાજ્ઞાની બ્રાહ્મણ લોકોની સમીપ હમ્મેશ પોતાને આ જડ મૂર્ખ અને ઉન્મત્ત છે એમ દેખાડવા લાગ્યા. ૪૨. ૪૪. યાવક, (કળથી) વડા, ભાજી, શાક, જંગલીફળ, કણ આદિ જે કંઈ સન્મુખ મળે તે જમતા; "કોઇપણ પ્રકારે સમયતો વિતડવો જોઇએ;" એ પ્રકારે ભાવના રાખી ઈચ્છા પૂર્વક આહાર કરતા. ૪૫. ત્યારપછી એના પિતા મરણ પામવાથી તેને ભાઈ, ભાઇના પુત્રો અને બાંધવલોકો નઠારું અન્ન જમાડી કૃષિ કર્મ (ખેતી) વગેરે જડું કામ કરાવવા લાગ્યા. તે બળદ પ્રમાણે મજબૂત સ્થૂળ શરીરવાળા, જડ પ્રમાણે કામકરનાર એ બ્રાહ્મણ પાસે લોકો કેવળ જમવાનુંજ આપી પોતાને જે કંઈ કામ કરાવવું હોય તે તેનિ પાસે કરાવતા હતા. ૪૬. ૪૭. એ પ્રમાણે સંસ્કારથી હીન, માત્ર આકાર તથા આચારથીજ બ્રાહ્મણ પ્રમાણે દેખાનારા અથવા એ બ્રાહ્મણનો વ્યવહાર કરનાર છે એમ જોઇ આ વિનામૂલ્ય વેઠ કરવાને યોગ્ય છે, એમ સૌવીર દેશના રાજાના સારથીના મનમાં આવ્યું. ૪૮. હે મૈત્રેય ! એક સમયે સૌવીર દેશના રાજાએ પાલખીમાં બેસી ઈક્ષુમતીના તીર ઉપર કપિલ મુનિના આશ્રમમાં જવાની ઈચ્છા કરી. ૪૯. " દુઃખથી પરિપૂર્ણ આ સંસારમાં મનુષ્યોને માટે શું શ્રેયસ્કર છે?" આ પ્રશ્ન પુછવાને માટે તે મોક્ષ ધર્મ જાણનાર કપિલ મુનિના આશ્રમમાં જતો હતો. ૫૦. ત્યાર પછી પૂર્વોક્ત સારથીના વચનાનુ સાર વગર મૂલ્યે પાલખી ઉપાડનારાઓની સાથે તે જડ બ્રાહ્મણરુપ ભરત પણ રાજની પાલખી ઉંચકી ચાલવા લાગ્યા. ૫૧. એ જાતિસ્મર (પૂર્વ જન્મનું જેને જ્ઞાન છે) સર્વ પ્રકારના જ્ઞાનવાન્ બ્રાહ્મણને વગર મૂલ્યે પકડી જવાથી તે કેવળ પૂર્વ જન્મના કરેલાં પાપોનો નાશ કરવા માટે પાલખી ઉંચકીને ચાલવા લાગ્યા. ૫૨. ત્યારપછી બુદ્ધિમાનોમાં શ્રેષ્ટ એ બ્રાહ્મણ શાસ્ત્રમાં કહેવાપ્રમાણે ચાર હાથ માર્ગને તપાસી ઉભા રહેતા રહેતા જડની ગતીથી ચાલવા લાગ્યા અને તેની સાથેના બીજા માણસો ત્વરાથી ચાલતા હતા; તેથી એ સૌવીરરાજની પાલખી ઉંચીનીચી થવાલાગી. આ પ્રકારે પાલખીની વીષમગતી જોઇને રાજા બોલ્યા—" અરે ! ઓ પાલખીવાળાઓ ! આ શું ? તમે સરખી રીતે ચાલો." એમ કહ્યું. ૫૩. ૫૪. તોપણ પાલખી આગળ જેમ થતી હતી તેમજ થવા લાગી. તે જોઇ ફરીથી રાજા હસીને બોલ્યા,

"અરે! તમે લોક આ શું કરો છો? શું આ પ્રકારે વિષમગતીથી ચાલો છો?" આ પ્રકારનું રાજાનું વચન સાંભળી બીજા પાલખી ઉંચકનારાઓ તે બ્રાહ્મણને દેખાડીને બોલ્યા. મહારાજ! અમે તો બરાબર ચાલીએ છીયે પણ આ અમણા પકડી આણેલો મનુષ્ય ઠીક રીતે ચાલતોનથી અને ધીમે ધીમે ચાલે છે માટે એનાથી પાલખીની વિષમગતી થાય છે. ૫૫. ૫૬.

રાજા કહેછે—અરે! તું મારી પાલખી લઇ થોડે દુર આવ્યો એટલામાં થાકી ગયો? શું આ શ્રમ તારાથી સહન થતો નથી? શરીરતો રુષ્ટપુષ્ટ છે. ૫૭.

બ્રાહ્મણ કહેછે—હે રાજન્! હું શરીરે જાડો નથી, મેં તમારી પાલખી ઉંચકી નથી, તેમ હું થાક્યો નથી અને મને કંઇ કષ્ટ પણ નથી. ૫૮.

રાજા કહેછે—શું આશ્ચર્ય છે! પ્રત્યક્ષ તને સ્થૂળ (જાડો) દેખું છું, આ સમયે પાલખી પણ તારી ખાંધ ઉપર છે અને દેહધારીઓને બોજો ઉપાડવાથી અવશ્ય શ્રમ (થાક) લાગે છે, એમ છતાં તું સઘળી વાત અવળી કેમ બોલે છે? ૫૯.

બ્રાહ્મણ કહેછે—હે રાજન! તમે મારામાં એવું શું પ્રત્યક્ષ દીઠું? તે મને પ્રથમ કહો; ત્યાર પછી બળવાન નિર્બળ આદિ વિશેષણની વાર્તા કહેજો. ૬૦. આપે પ્રથમ કહ્યું કે "તું પાલખી લઇને ચાલે છે? અને એ પાલખી તારી ઉપર છે?" એ તમામ અસત્ય છે, એ વિષયમાં હું તમને કહું છું તેનું શ્રવણ કરો. ૬૧. હે રાજા! મારા બે પગ પૃથ્વી ઉપર છે, એ બે પગ ઉપર બે જાંગ, બે જાંગ ઉપર ઉદર, ઉદર ઉપર ક્રમથી વક્ષઃ સ્થળ, (છાતી) બે હાથ તથા બે સ્કંધ છે, એ સ્કંધ ઉપર પાલખી છે. તો આપ મારી ઉપર ભાર છે એમ શા માટે કહો છો? અર્થાત્ એ ભાર મને નથી પણ દેહને છે. ૬૨. ૬૩. એ પ્રમાણે જોવા માત્ર શરીરજ પાલખીમાં છે, તો આપે એમ કહ્યું કે "હું પાલખીમાં છું; તું પૃથ્વી ઉપર છે" એ આપનું બોલવું શું અસત્ય નથી? ૬૪. હે રાજન્! તમે, હું તથા સર્વ પ્રાણી માત્ર પંચ મહાભૂતથી ઉત્પન થયા છીયે અને એ પૃથ્વી આદિ પંચમહાભૂત પણ સત્વાદિ ત્રિગુણ પ્રવાહમાં પડીને કાળ સાગરમાં વહ્યા કરે છે. ૬૫. હે પૃથ્વીપતિ! એ સત્વાદિ ત્રણ ગુણ કર્મને આધિન છે અને એ કર્મ અવિદ્યાથી યુક્ત થઈ સર્વ પ્રાણી માત્રમાં વર્તમાન છે. ૬૬. હે રાજા! આત્મા—એક, વિશુદ્ધ, નાશરહિત, શાંત, નિષ્કામ, નિર્ગુણ અને પ્રકૃતિથી પર છે. એ તમામ જંતુઓમાં એકજ રૂપથી રહે છે, તેની વૃદ્ધિ પણ નથી અને ક્ષય પણ નથી. ૬૭. હે રાજન્! જ્યારે આત્માને ક્ષય અને વૃદ્ધિ નથી ત્યારે આપે "તું જાડો છે" એમ મને કઈ યુક્તિબળથી કહ્યું? અનુક્રમથી પૃથ્વી, પગ, સાથળ, કમ્મર, અને ઉદર એઓની ઉપર સ્કંધ અને એ સ્કંધ ઉપર પાલખી છે. (અર્થાત્ દેહાદિથી ભીન્ન આત્મા ઉપર નથી) તો એ પાલખીથી મને ભાર માલમ પડયો હોય તો તમને એ ભાર કેમ નહિં માલમ પડયો? કેમકે આ પાલ-

ખીનો ભાર આપણે બન્ને આત્મસ્વરૂપ હોવાથી બન્નેને સરખોજ પડવો જોઈએ. હે મહારાજ! આપે જે યુક્તિને અનુસરી મારી ઉપર પાલખીના ભારનો વિચાર કર્યો એ યુક્તિ બળથી બીજા પ્રાણીઓની ઉપર કેવળ પાલખીનોજ ભાર છે શું? પર્વત, વૃક્ષ, ઘર, અથવા પૃથ્વીના ભારનો વિચાર કેમ નથી કરતા? ૬૮. ૭૦. હે મહારાજ! પ્રાકૃત ભાર કરનારી વસ્તુઓની સાથે જો આત્માને સંપૂર્ણ જુદાઇ રહી, તો મને કષ્ટ સહન કરવું તે કયે પ્રકારે સંભવે છે? હે રાજા! જે વસ્તુઓથી પાલખી બની છે, એજ વસ્તુઓથી આ શરીરાદિ ઉત્પન્ન થયાં છે; માટે પાલખીમાં ને દેહમાં કંઈ ભેદ નથી નામ માત્ર જુદાં છે. આત્મા શરીરથી ભિન્ન હોવાથી પાલખીનો ભાર આત્માને નથી અને એની ઉપર મને તથા સર્વ પ્રાણીને મમતા છે. ૭૨.

પરાશર૦—આ પ્રમાણે બોલી તે પાલખી ઉંચકનાર બ્રાહ્મણ મૌન રહ્યા તે વખતે એ રાજા પાલખીમાંથી એકદમ નીચે ઉતરી તેના ચરણમાં પડયા. ૭૩.

રાજા૦—હે બ્રહ્મન્! આપ પાલખી મુકી દો અને મારી ઉપર પ્રસન્ન થાઓ. આવી રીતે ગુપ્ત વેષ ધરનાર આપ કોણ છો? આપ જે હો તે, આપની જાતી, આપનું આગમન જે નિમિત્તે થયું હોય તેનું કારણ વગેરે સર્વ પ્રકાશ કરો કારણકે તમારી શુશ્રુષા કરવાને માટે એ સઘળું સાંભળવાની મને ઘણી ઉત્કંઠા થઈ છે. ૭૫.

બ્રાહ્મણ૦—હે રાજા! સાંભળો, "હું કોણ છું" એ તમને કહેવું અશક્ય છે, કારણકે મારું સર્વત્ર ગમન ઉપભોગને માટે થયા કરે છે. ૭૬ ધર્મ અને અધર્મથી ઉત્પન્ન થનાર દેહાદિકના ઉત્પાદક સુખ તથા દુઃખરૂપ ઉપભોગ ભોગવવાને માટે જીવ દેહાદિ સ્વરૂપ ગ્રહણ કરે છે. ૭૭. હે ભૂપાલ! ધર્મ તથા અધર્મ, સર્વ જીવોની સઘળી અવસ્થાના વિષયમાં કારણ છે તો તમે એને છોડીને બીજા કારણોની વાત શા માટે પુછોછો? ૭૮.

રાજા૦—ધર્મ અને અધર્મ પ્રત્યેક કાર્યોમાં કારણ છે એમાં તો સંશય નથી તથા ઉપભોગને માટે દેહનો દેહાંતર થાય છે, એ પણ નિશ્ચય છે; પરંતુ આપે પ્રથમ કહ્યું છે કે "હું કોણ છું" એ તમને કહેવું અશક્ય છે પણ મને એજ સાંભળવાની ઇચ્છા થાય છે. ૭૯. ૮૦. હે બ્રહ્મન્! જે હંમેશ સ્થિર છે, "હું આ છું" એમ બોલવાને શું આપ સમર્થ નથી? "હું આ છું" એ શબ્દોથી તેનું વર્ણન શું નહિં થઈ શકે? હે દ્વિજ! 'હું' શબ્દનો આત્માને ઉદ્દેશીને પ્રયોગ કરવાથી કંઇ દોષ નહિં થાય. ૮૧.

બ્રાહ્મણ૦—હે રાજન! તમે કહો છો કે 'હું' શબ્દનો આત્મામાં પ્રયોગ કરવાથી કંઇ દોષ નથી; એ સત્ય છે પરંતુ 'હું' શબ્દથી પ્રાયસઃ આત્માથી ભિન્ન આત્મજ્ઞાન હોય છે. એ 'હું' શબ્દનો આત્મ ઉદ્દેશથી પ્રયોગ કરવો એ ભ્રાંતિ મૂલક થયા કરે છે. ૮૨. હે રાજન્! જ્યાંહા 'હું' શબ્દ કહ્યા કરે છે તેમજ દાંત, ઓઠ,

તાળવું આદિ પણ એ શબ્દનો યથારૂચી પ્રમાણે ઉચ્ચાર કર્યા કરે છે ૮૩. પરંતુ જીવ્હા આદિ 'હું' શબ્દને પ્રતિપાદન કરનાર નથી, એ કેવળ 'હું' શબ્દના ઉચ્ચારણનું કારણ માત્ર છે. તો શું વાક્ ઈંદ્રિ ઉપર બતાવેલા કારણદ્વારા 'હું' શબ્દનો ઉચ્ચાર કરી તેનું પ્રતિપાદન કરે છે? એમ પણ કહેવાશે નહિં, કેમકે એમ થવાથી "હું વાક્ય નથી" એ પ્રકારે પ્રયોગ થતો નથી. હાથ અને પગ આદિ સ્વરૂપ આત્માથી જુદા છે, તો એ 'હું' સંજ્ઞા આ શરીરમાં કોને આપવી? અર્થાત્ દેહાદિકમાં તો કોઇને 'હું' સંજ્ઞા ઘટી શકે એમ નથી. હે નૃપસત્તમ! મારાથી ભિન્ન બીજો કોઈ સજાતીય પુરૂષ છે. તે વખતે આમ બોલાય છે કે 'આ હું અને આ બીજો" એમ કહેવાશે કારણકે બીજાથી આપણે જુદા છીયે. એમ બતાવવાને માટેજ આપણે 'હું' શબ્દનો પ્રયોગ કરીએ છીએ, પણ એ એક પુરૂષ (આત્મા) જગત્માં તમામ પ્રાણી માત્રમાં એકજ ભાવથી છે તો "તું કોણ અને હું કોણ" એ સઘળા વચનો નિષ્ફળ છે. (આત્માને 'હું અને તું' એવા ભેદ નથી તો તેને હું એમ કહેવું શું ભ્રાંતિ નથી?) ૮૪. ૮૭. હે રાજન્! તમે રાજા, તમારી પાલખી, આ પાલખી ઉંચકનાર લોકો તથા તમારા સેવક આદિ જે કંઈ છે તે પરમાર્થમાં સત્ય નથી, કારણ કે રાજા વિગેરે નામ માત્રજ છે. જુદા જુદા નામ થયા પણ તેના શરીરમાંના મહાભૂત કંઇ જુદા નથી એ સઘળાં એકજ દ્રવ્યના બની અનેક નામો (રાજા આદિ) ધારણ કરે છે. જુવો વૃક્ષથી કાષ્ટ ઉત્પન્ન થયું, એ કાષ્ટથી પાલખી બની, એમાં તમે બેઠા છો; તો કહો જોઈએ એને પાલખી કહેશો કે કાષ્ટ કહેશો? ૮૮. ૮૯. હે રાજા! તમે આ પાલખીમાં બેઠા છો તેથી લોકો તમને એમ નહિં કહેશે કે રાજા ઝાડ ઉપર અથવા કાષ્ટ ઉપર બેઠા છે, એ તો એમજ કહેશે કે રાજા પાલખીમાં બેઠા છે. ૯૦. તેમ આ પાલખી કંઇ લાકડાથી જુદી નથી એ તો ઉત્તમ પ્રકારની કારીગિરિવડે લાકડાનીજ બની છે. હે નૃપ શ્રેષ્ઠ! પાલખી કાષ્ટથી ભિન્ન છે એમ જો આપ કહેશો તો એ લાકડાંને ભાંગી નાખી પાલખીને જુવો એ પાલખી દેખાય છે કે કાષ્ટ? (મારેજ કહું છું કે વૃક્ષ, લાકડું અને પાલખી એ એક વસ્તુના જુદાં જુદાં નામો છે અને એ નામોને લીધે વસ્તુનું અભિન્નત્વ માનવું એ અજ્ઞાન કહેવાય છે.) ૯૧. એવી રીતે આ તમારી છત્રીમાં રહેલા શળીઆઓને જુદા કરવાથી જોશો તો માલમ પડશે કે છત્રી કયાં ગઇ? એ પ્રકારે તમારી અને મારી દેહમાં વિચાર કરો. જુવો હાથ અથવા પગ તમે અને હું નથી. એમ કાષ્ટ આદિમાં શિબિકા વ્યવહારના ન્યાયથી પુરૂષ, સ્ત્રી, ગાય, બકરી, ઘોડા, હાથી, સિંહ, વૃક્ષ, આદિ વ્યવહાર કર્મ પ્રમાણે ઉત્પન્ન થયા છે એમ સમજો. ૯૨.૯૩. હે રાજન્! આત્મા—દેવ, મનુષ્ય, પશુ, તથા વૃક્ષાદિ નથી પરંતુ કેવળ કર્મના ભેદવડે એના શરીર આદિ ભેદ થયા કરે છે. અર્થાત્ દેવાદિરૂપ શરીરનો જુદા જુદા આકારો છે. ૯૪. આત્મા તો કેવળ એકજ રૂપથી

સ્થિત છે. લોકોમાં ધન, રાજા, રાજાઓના યોદ્ધા અને બીજા કોઇ જે વ્યવહાર ચલાવે છે તે સર્વએ પ્રકારે સત્ય નથી, પણ કેવળ કલ્પના માત્ર છે. ૯૫. હે રાજા! જે પદાર્થનો કોઇ પણ વખત સંજ્ઞાન્તર નથી; એજ સત્ય વસ્તુ છે, એ આત્મ પદાર્થ કેવો છે તે તમને કેવી રીતે સમજાવું? ૯૬. હે મહારાજા! તમે સર્વ લોકોના રાજા છો, પરી તમે તમારા પિતાના પુત્ર, શત્રુના શત્રુ, સ્ત્રીના સ્વામી અને તમારા પુત્રના પિતા છો, હવે અમે તમને શું કહીયે? ('આ શરીરમાં 'હું છું' એમ જે તમે કહેતા હો તો આ શરીમાં તમે ક્યાં છો? દેખાડો જોઉં.) મારી સમીપ તમે છો? તમારા મસ્તક, ઉદર આદિ છે? તમે શું ચરણ આદિ સ્વરૂપ છો? કે એ ચરણ આદિ તમારા છે? હે પૃથ્વીનાથ! આ ઠેકાણે શું કહેવું ઉચિત છે? તમે સઘળા અવયવોમાં પ્રથક્ ભાવથી સ્થિત છો? હે રાજા! હું કોણ છું? એ વિષયમાં તમે સૂક્ષ્મ દ્રષ્ટિથી વિચાર કરો. આત્મ તત્વ એ પ્રકારે વ્યવસ્થિત (વ્યવસ્થા કરેલું) છે, એટલા માટે બીજાથી જુદું કરીને ઉચ્ચાર કરવા લાયક 'હું એ છું' એ શબ્દ કહેવા હું અશક્ય છું. ૯૭. ૧૦૦.

एवं व्यवस्थिते तत्वे मयाह मिति भाषितुम् ॥
पृथक्करणं निष्पाद्यं शक्यते नृपते कथम् ॥ १०० ॥

ઇતિશ્રી વિષ્ણુ પુરાણે દ્વિતીય અંશે ત્રયોદશો અધ્યાય સંપુર્ણ.

* અધ્યાય ૧૪ મો.

पराशर उवाच ॥ निशम्यतस्येति वचः परमार्थ समन्वितम् ॥
प्रश्रयावनतो भूत्वातमाह नृपतिर्द्विज ॥ १ ॥

પરાશર કહેછે—હે મૈત્રેય! તે સૌવીર રાજાએ એ બ્રાહ્મણનું આ પ્રકારનું પરમાર્થ યુક્ત વચન સાંભળી વિનય પૂર્વક તેને આ પ્રમાણે કહેવા લાગ્યો. ૧.

રાજા૦—હે ભગવન્! આપે જે મારી પાસે પરમાર્થમય વચન કહ્યાં, તે સાંભળી મારા અંતઃકરણની વૃત્તિઓ ભ્રમણ કરવા લાગી છે. ૨. તમામ પ્રાણીમાત્રમાં જે એક પરમ વિજ્ઞાનમય આત્મા છે એ આત્મા નિર્મળ તથા પ્રકૃતિથી પર છે. એ આપે સારી રીતે સમજાવ્યું. ૩ "મેં પાલખી ધારણ કરી નથી. શિબિકા મારી ઉપર નથી, એ શિબિકા જે શરીરની ઉપર છે તે મારાથી ભિન્ન છે. ૪. સાત્વાદિ ગુણની પ્રવૃત્તિવડે જંતુગણની પ્રવૃત્તિ થાય છે, તથા સત્વાદિ ગુણો કર્મની પ્રેરણાથી પ્રવૃત્ત થયા છે તો મારે એઓની સાથે શું સંબંધ છે." એ સઘળી

* આ ચૌદમા અધ્યાયમાં પરમાર્થ વિવેકમાં તથા શ્રેયમાં સંશય ઉત્પન્ન થવાથી તે સંબંધી રાજાએ વારંવાર પુછવાથી પરમાર્થના લક્ષણ વર્ણન યથાર્થ રીતે કરવામાં આવશે.

વાર્તા આપે કહી એ શું ? ૫. હે પરમાર્થજ્ઞ ! એ આપની વાતો સાંભળી પરમાર્થ જીજ્ઞાસુ મારું મન ઘણું વિહ્વળ થયું છે. ૬. હે દ્વિજ ! " આ સંસારમાં શું શ્રેયસ્કર છે ? " એવો પ્રશ્ન હું મહાભાગ્યશાળી કપિલ મુનિ પાસે જઇને પુછું, એમ મારા મનમાં આગળ આવ્યું હતું. ૭. હું ત્યાં જતો હતો એટલામાં આપે જે મારી સાથે ભાષણ કર્યું તે સાંભળી પરમાર્થ જાણવાને માટે મારૂં મન આપની પાસે પ્રાર્થના કરે છે ૮. સર્વ ભૂતમય ભગવાન વિષ્ણુના અંશથી કપિલ મુનિએ જગત્નો મોહ નાશ કરવાને માટે પૃથ્વી ઉપર અવતાર ધારણ કર્યો છે. ૯. હે દ્વિજ ! હું નિશ્ચય કહું છું કે આપ જે વચનો બોલ્યા તેથી જાણે કપિલ મુનિજ મારૂં કલ્યાણ કરવાને માટે પ્રત્યક્ષ થયા છે. નિશ્ચય આપ કપિલ મહર્ષિ છો, હું આપને પ્રણામ કરું છું.૧૦. હે દ્વિજ ! શ્રેયસ્કર હોય તે મને કહો; કારણ કે આપ સંપૂર્ણ જ્ઞાન તરંગના આશ્રયભૂત સમુદ્ર સ્વરૂપ છો. ૧૧.

બ્રાહ્મણ૦—હે ભૂપતિ ! ફરીથી તું શ્રેય વિષયનો પ્રશ્ન કેમ કરે છે ? શું તારે પરમાર્થ વિષયની ઇચ્છા નથી ? હે રાજા ! કલ્યાણકારક જે જે વસ્તુઓ છે તે તમામ પરમાર્થથી ભિન્ન છે. ૧૨. જે મનુષ્યો દેવતાઓનું આરાધન કરી ધન, સંપત્તિ, પુત્ર અને રાજ્યાદિની ઇચ્છા કરે છે; કારણ કે તેઓને ધન આદિજ શ્રેયઃ (કલ્યાણ)કારક છે. ૧૩. સંકલ્પ રહિત સ્વર્ગરૂપી ફળ આપનાર યજ્ઞ આદિકર્મો પણ મુખ્યત્વે કરીને કલ્યાણકારક છે. અને કોઇ સંકલ્પ પૂર્વક યજ્ઞાદિ કરી તેનું સ્વર્ગાદિ ફળ મેળવે છે તેને પણ કલ્યાણકારી કહે છે. કોઈ યોગયુક્ત થઇને આત્માનું ધ્યાન કરેછે તેને માટે આત્મજ્ઞાન શ્રેયસ્કર છે; પરંતુ ધ્યાન કરનારનો પરમાત્મા સાથે સંયોગ થાય તે પરમ કલ્યાણકારક ગણાય છે. એપ્રકારે એવા સેંકડો તથા હજારો અનેક પ્રકારના શ્રેયસ્કર માર્ગ વિદ્યમાન્ છે, હવે પરમાર્થ કોને કહે છે ? એ મારી પાસેથી શ્રવણ કરો. ૧૪. ૧૫. ૧૬. ધનને પરમાર્થ છે એમ કહીયે તો લોકો ઇચ્છેલા કાર્યની પ્રાપ્તિને માટે ધનનો વ્યય શામાટે કરે છે ? એટલા માટે ધન પરમાર્થરૂપ નથી, ૧૭. હે નરનાથ ! જો પુત્રને પરમાર્થ કહીયે તો તેના પિતા પણ પરમાર્થ છે; કેમકે પોતાના પિતાનો એ પુત્રછે, એ પ્રકારે ફરી તેના પિતા પણ પરમાર્થ કહેવાય. તે વખતે પરમાર્થ પણ એક સાધારણ વસ્તુ થઇ જશે. તેથી પુત્રાદિ પણ પરમાર્થ નથી. આ ચરાચર જગત્માં એ પ્રમાણે પુત્રાદિને પણ પરમાર્થ રૂપ કહ્યા નથી. કેમકે પુત્રરૂપ કાર્ય જો પોતાના પિતારૂપ કારણનો પરમાર્થ હોય તો જગત્માં અનંત પુત્ર રૂપ કાર્ય અનંત પિતાના પરમાર્થ રૂપથી વિદ્યમાન્ હોય છે; એટલા માટે પુત્ર પણ પરમાર્થ નથી. ૧૮. ૧૯. રાજ્યાદિની પ્રાપ્તિને પણ અનેક ઠેકાણે પરમાર્થરૂપ કહી ગયાછે તેથી જો રાજ્યને પરમાર્થ કહેશો તો તે પણ કહી શકાશે નહિં, કેમકે રાજ્યાદિની ઉત્પત્તિ અને નાશ થાય છે. તેથી એ પણ પર-

માર્થ નહિં કહેવાય. ૨૦. ઋક્, યજુ, સામવેદથી સંપાદન કરેલાં યજ્ઞાદિ કર્મો જે તમારા મતથી પરમાર્થરુપ દેખાતાં હોય તો તે વિષયમાં હું તમને કહું છું તે શ્રવણ કરો. ૨૧. હે નૃપ ! પ્રત્યક્ષ દેખાય છે કે મૃત્તિકાઆદિ કારણોથી જે ઘટાદિ રુપ કાર્યો કરવામાં આવેછે એ જયારે કારણરૂપ થઈ જાય છે એટલે તે મૃત્તિકામય બની જાય છે. એ પ્રકારે સમિધ, ઘૃત, દર્ભ, ઇત્યાદિ નાશવંત દ્રવ્યથી નિર્માણ થયેલાં જે સ્વર્ગાદિ કાર્ય એ નાશવંત હોય એમાં શું આશ્ચર્ય ? એ સ્વર્ગાદિ ફળ નાશવંત છે કારણ કે એની સઘળી વસ્તુઓ પણ નાશવંત છે; એટલા માટે સ્વર્ગાદિ ફળ પણ પરમાર્થ કહેવાશે નહિં; કેમકે પંડીત લોકો અવિનાશી વસ્તુનોજ પરમાર્થ રૂપે સ્વીકાર કરેછે. ૨૨. ૨૪. હવે જે ફળ વગરના કર્મો તમારા મતથી પરમાર્થરુપે હોય તો તે પણ અસંભવિતછે; કારણકે એવા કર્મતો મુકિત (મોક્ષ) રૂપ ફળના સાધનછે, એટલા માટે એ કર્મ પણ ફળ વગરના ન થયા. ૨૫ હે રાજન્ ! આપ એમ કહેશો કે દેહાદિથી ભિન્ન આત્માનો વિચાર કરીને તેનું ધ્યાન ધરવું એ પરમાર્થ છે; પરંતુ એ પણ પરમાર્થ નહિં કહેવાય; કેમકે એવું ધ્યાન બીજાં સાથે ભેદ ઉત્પન્ન કરનારું છે અર્થાત ભેદયુકત છે; અને પરમાર્થ ભેદવાળો નથી. તેથી ધ્યાનને પણ પરમાર્થ કહી શકાય નહિં. ૨૬. હવે જો ઉપાસના દ્વારા જીવાત્મા અને પરમાત્માના અભેદ સ્વરુપ યોગને પરમાર્થ સ્વરુપ કહીયે તો તે પણ નથી; કેમકે પૂર્વ વાક્ય મિથ્યાભૂત છે અન્ય વસ્તુ બીજી વસ્તુની સાથે મળી એક થતી નથી; એટલા માટે જીવાત્મા જે પરમાત્માથી ભિન્ન છે તો એ બન્નેની એકતા અસંભવિત છે. એ સઘળા વિષય જે તમારી પાસે કહ્યા છે એ તમામ કલ્યાણકારક છે પણ પરમાર્થ નથી. હે રાજા ! હવે પરમાર્થ શુ છે ? એ તમને સંક્ષેપમાં કહું છું શ્રવણ કરો. ૨૭. ૨૮. આત્મા—એકરુપ, અદ્વિતીય, સર્વમાં સમાન, શુદ્ધ, નિર્ગુણ અને માયાથી પરછે; જન્મ, વૃદ્ધિ તથા ક્ષયથી રહિત, અવિનાશી, પરમજ્ઞાન સ્વરુપ અને સર્વ વ્યાપક છે ૨૯. એનો અવિદ્યા, પ્રપંચ, નામ, જાતિ વિગેરેની સાથે પૂર્વે કદી સંબધ થયો ન હતો; હમણા સંબંધ નથી; અને આગળ સંબંધ થશે પણ નહિ, કારણકે આત્મા સત્ય છે અને નામ આદિ મિથ્યા છે. એ આત્મદેહમાં તથા પરદેહમાં અવિચ્છિન્ન ભાવથી વિદ્યમાન્ છે. એ પ્રકારે જે વિશેષરુપનું જ્ઞાન છે તેને પરમાર્થ કહેછે. હે રાજન્ ! જે દ્વૈતવાદિ લોકો (આત્મા અને જીવ જુદા જુદા છે એમ માનનારા) એનું રહસ્ય ખરૂં સમજયા હોય એમ લાગતું નથી. ૩૧. અભિન્ન તથા વ્યાપક એક વાયુ જેમ વાંસના છીદ્રમાં સંચરનાર છીદ્રાદિ ભેદવડે ષડ્જ, ઋષભ, ગાંધાર, વિગેરે જુદી જુદી સંજ્ઞાઓ પ્રાપ્ત કરે છે પરંતુ વસ્તુતઃ વાયુ એકજ છે એ પ્રકારે પરમાત્માપણ જુદા જુદા દેહાદિની ઉપાધીવાળા હોવા છતાં એક અને સર્વ વ્યાપક ભાવથી રહેલા છે. એ આત્માનો ભેદ કલ્પિત છે; એ કેવળ આત્મભિન્ન દેહાદિકની કર્મનિ પ્રવૃત્તિવડે

ઉત્પન્ન થાય છે. ફરીથી દેહાદિ ભેદનો નાશ થાય છે તે વખતે એ આત્મા અનેક રુપથી રહેતો નથી કારણકે એ માયામય આવરણથી રહ્યો છે અને તે વખતે માયાનું આવરણ હોતું નથી. ૩૩.

एकत्वं रुपभेदश्च बाह्यकर्म प्रवृत्तिजः ॥
देवादि भेद मध्यास्ते नास्त्येवा वरणोहिसः ॥ ३३ ॥
ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે દ્વિતીય અંશે ચતુર્દશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૧૫ મો.

पराशर उवाच ॥ इत्युक्ते मौनिनंभूय श्चिंतयानं महीपतिम् ॥
प्रत्युवाचाथ विप्रोऽसावद्वैतांतर्गतां कथाम् ॥ १ ॥

પરાશર કહેછે—હે મૈત્રેય ! આટલી કથા કહ્યાપછી રાજામૌન્ય ધારણકરી ચિંતા કરતો હતો તે જોઈ બ્રાહ્મણ ફરીથી અદ્વૈતવાદ સંબંધિ કથા કહેવા લાગ્યા. ૧.

બ્રાહ્મણ૦—હે નૃપશ્રેષ્ઠ ! પૂર્વે નિદાઘ નામના બ્રાહ્મણને જ્ઞાનોપદેશ કરવાને માટે ઋભુ નામના ઋષિએ જે કથા કહીહતી એ કથા તમે મારાથી શ્રવણકરો. ૨ પિતામહ બ્રહ્માને ઋભુ નામના એક પુત્ર ઉત્પન્ન થયા. હે ભૂપતિ ! તે ઋભુને સ્વાભાવિક સર્વ તત્વોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થયું હતું. તેને આગળ પુલસ્ત્યનો પુત્ર નિદાઘ એ નામનો શિષ્ય થયો. તેઓએ તે શિષ્યને ઘણા આનંદપૂર્વક સર્વ પ્રકારનું જ્ઞાન આપ્યું. ૩. ૪. હે નરપતિ ! નિદાઘ સઘળા વિષયોમાં જ્ઞાનવાન છે છતાં તેને હજીસુધિ અદ્વૈતવાસના થઇ નથી; એમ ઋભુ ઋષિએ જાણ્યું. ૫. હે રાજા ! હેવિકા નામની નદીના તીર ઉપર પુલસ્ત્ય ઋષિએ વસાવેલું, અતીશય સમૃદ્ધિવાળું રમણીય અને મનોહર વીરનગર નામે એક પુર (શહેર) હતું ૬. એ નગરની ચારે તરફ પ્રસ્તું ઉપવન હતું. એ મનોહર નગરના પૂર્વ ભાગમાં યોગજ્ઞ ઋભુ ઋષિના શિષ્ય નિદાઘ પહેલા રહેતા હતા. ૭. તેને જ્ઞાનોપદેશ કર્યાને દેવતાના એક હજાર વર્ષ વિત્યા પછી એક દીવસ તે ઋભુ પોતાનોશિષ્ય નિદાઘ કેવે પ્રકારે નિવાસ કરે છે એમ જોવાને માટે અતિથી રુપે વીરનગરમાં આવ્યા. ૮. એ વખતે નિદાઘ વૈશ્વદેવ કર્મ સમાપ્ત કરી પોતાના દ્વાર આગળ અતિથીની વાટ જોતા ઉભા એટલામાં આમને (ઋભુને) જોયા. નિદાઘે તેમને પોતાના ઘરમાં લાવી સન્માનપૂર્વક જળ આપ્યું. ૯. ઋભુ હાથ, પગ, ધોઇને આસન ઉપર બેઠા; તે વખતે

* આ પંદરમા અધ્યાયમાં શ્રુતિના પ્રમાણવડે ભ્રમિત રાજાને નિદાઘ નામના બ્રાહ્મણનું આખ્યાન કહેવાથી તે રાજાની બુદ્ધિપાછી નીર્મળ થશે એ કથા કહેવાશે.

દ્વિજશ્રેષ્ઠ નિદાઘે આદરપૂર્વક તેમને કહ્યું કે " મહારાજ ! આપ ભોજન કરવા ઉઠો." આ પ્રમાણે સાંભળી ઋભુ બોલ્યા. હે દ્વિજશ્રેષ્ઠ ! તમારા ઘરમાં જે ભોજન કરવાનું અન્ન છે, તેનું વર્ણન કરો. કારણકે મને કદન્ન (અભક્ષ્ય અન્ન) ઉપર બિલકુલ પ્રીતિ નથી. ૧૧.

નિદાઘ૦–હે દ્વિજવર્ય ! સેકેલા યવનોલોટ, ભાત, યાવક, વડાં અને કંદ મૂળ વિગેરે મારા ઘરમાં છે, એઓમાંથી આપને જે ભાવે તે યથેચ્છ ભોજન કરો. ૧૨.

ઋભુ૦–હે વિપ્ર ! તમે જે જે અન્નનું નામ લીધું છે તે સર્વ કદન્ન છે. ભોજન કરવાને યોગ્ય નથી. પરંતુ તમે મને મિષ્ટાન્ન, માલપુડા, ખીર, અને જેમાં દહીંઓદન આદિ પદાર્થ હોય એવું સ્વાદિષ્ટ અન્ન જમાડો. ૧૩. આવું વચન સાંભળી નિદાઘે પોતાની સ્ત્રીને બોલાવી કહ્યું. હે શાલિની ! આપણા ઘરમાં જે ઉત્તમ પ્રકારનું સ્વયંપાકનું સાહિત્ય હોય તે એમને બનાવીને જલ્દી આપો.

બ્રાહ્મણ–હે રાજન્ ! નિદાઘે એ પ્રકારે પોતાની સ્ત્રીને કહ્યું કે તુરત તે સ્ત્રીએ સ્વપતિની આજ્ઞાનુસાર તે ઋભુને જેવું જોઈએ તેવું અન્ન બનાવી આપ્યું. હે નૃપ ! ત્યાર પછી એ મહામુનિ પોતાની ઇચ્છા પ્રમાણે જમ્યા. પછી નિદાઘ વિનય પૂર્વક તેને કહેવા લાગ્યો. ૧૫. ૧૬.

નિદાઘ૦– હે દ્વિજ ! આ જમવાથી આપને પરમ તૃપ્તિ તો થઈ? આપને સંતોષ થયો ? અને આપનું અંતઃકરણ સ્વસ્થ થયું ? હે વિપ્ર ! આપ ક્યાં નિવાસ કરો છો ? આપને ક્યે ઠેકાણે જવાની ઇચ્છા છે ? અહિં ક્યાંથી આવ્યા છો ? તે કૃપા કરી મને કહી સંભળાવો. ૧૭. ૧૮.

ઋભુ૦–હે બ્રાહ્મણ ! જેને ક્ષુધા લાગી હોય તેને અન્ન ભક્ષણ કરવાથી તૃપ્તિ થાય છે પણ મને તો ક્ષુધાએ લાગી નથી, અને તેની નિવૃત્તિને માટે તૃપ્તિ પણ થઈ નથી. તો શા માટે એ વિષયમાં તમે પ્રશ્ન કરો છો ? ૧૯. જઠરાગ્નિમાં પૃથ્વીના અન્નરૂપ અંશ ઓછો થાય છે એટલે ક્ષુધા ઉત્પન્ન થાય છે અને જળનો અંશ ઓછો થવાથી તૃષા લાગે છે. ૨૦. ભુખ અને તરસ એ બે દેહના ધર્મ છે, મારા નથી; એટલા માટે મને ક્ષુધા ન લાગવાથી સર્વદા તૃપ્ત છું. હે બ્રાહ્મણ ! ચિત્તના ધર્મ સ્વસ્થતા અને સંતોષ એ બે મનમાં રહે છે; માટે એ વાત મનને પુછો. પુરૂષની (આત્માની) સાથે એનો કંઈ પણ સંબંધ નથી ૨૧. ૨૨. વળી આપે પુછ્યું કે " આપ ક્યાં રહો છો ? આપને ક્યાં જવાની ઈચ્છા છે ? અને અહિં ક્યાંથી આવ્યા છો ? એ ત્રણ સવાલના ઉત્તર કહું છું તે શ્રવણ કરો. ૨૩. આત્મા આકાશની પેઠે સર્વત્ર વ્યાપક છે તો એને ઉદ્દેશીને "કયાંથી આવ્યા, ક્યાં જવાના છો, ક્યાં રહો છો, ઇત્યાદિ વાક્યો કેમ સંભવે ? ૨૪. હું કોઈ પણ સ્થળમાં જાઉં અથવા કોઇ પણ ઠેકાણેથી આગમન કરૂંછું; કેવળ એકજ નિર્માણ કરેલાં સ્થળમાં મારી સ્થિતિ

નથી. જેને "એક ઠેકાણે રહે છે" એમ જે તમે સમજો છો પણ યથાર્થમાં એમ નથી. જેવી રીતે "હું તમને" જોઉં છું અને તમે મને જેવો જુઓ છો તેમ યથાર્થમાં તમે અને હું તેવા નથી. ૨૫. આ અન્ન મિષ્ટ નથી એમ જે આગળ મેં તમને કહ્યું હતું તે માત્ર તમારી પરીક્ષા જોવાને માટેજ કહ્યું હતું. હવે મિષ્ટ અને અમિષ્ટને માટે કહું છું તે એક ચિત્તે શ્રવણ કરો. ૨૬. હે દ્વિજવર્ય! ભોજન કરનારાને સ્વાદિષ્ટ અને અસ્વાદિષ્ટ અન્નમાં કંઈ ક્ષય તથા વૃદ્ધિ થતી નથી; પરંતુ તમારા મધુર રસ પણ અસ્વાદિષ્ટ હોય છે એ ઉદ્વેગનુંજ કારણ છે, જુવો કેવું આશ્ચર્ય છે કે કાળવશથી નઠારૂં અન્ન પણ મધુર લાગે છે અને સમય ક્રમથી મિષ્ટાન્ન હોય છે તે પણ મનુષ્યને ઉદ્વેગનું કારણ થઇ પડે છે. કહો જોઇએ એવું કહ્યું અન્ન છે કે પ્રથમ મધ્યમ અને અંતમાં પણ રૂચીકારક હોય? (અર્થાત્ કોઇ નથી) ૨૭. ૨૮. જેમ માટીના ઘર માટીથી લીપે તો ટકઉ બને છે તેમ પૃથ્વીરૂપ શરીર પૃથ્વીના પરમાણુઓ (અન્ન)થી લિપ્ત થઇ સ્થિર (ટકઉ) થાય છે. જવ, ઘઉં, મગ આદિ તથા ઘી, તેલ, દુધ, દહીં, ગોળ અને ફળ આદિ એ સઘળા પૃથ્વીના પરમાણુંઓ છે. ૨૯. ૩૦. એ તમામનો વિચાર કરી એમાં સમતા ધારણ કરો; કેમકે એ સમાન જ્ઞાન એજ મુક્તિના હેતુ ભૂત છે. ૩૧.

બ્રાહ્મણ૦—હે નૃપ! એ પ્રમાણે તે ઋભુ મુનિનું પરમાર્થ દ્રષ્ટિવાળુ ભાષણ સાંભળી મહા ભાગ્યશાળી નિદાઘ તેમને નમસ્કાર કરી કહેવા લાગ્યા. ૩૨. હે દ્વિજ! મારી ઉપર પ્રસન્ન થાઓ, મારૂં કલ્યાણ કરવાને માટે આપ અહિં પધાર્યા છો એમાં જરા સંશય નથી. આપ કોણ છો? આપનું આ ઉત્તમ ભાષણ સાંભળી મારું અજ્ઞાન નાશ પામ્યું છે. ૩૩.

ઋભુ૦—હે દ્વિજ! હું તારો ગુરુ ઋભુ છું. તને જ્ઞાન આપવાને માટે અહિં આવ્યો છું અને તને આ પરમાર્થ જ્ઞાન પણ કહી સંભળાવ્યું. આ અખિલ જગત્ને એક અને વાસુદેવાખ્ય પરમાત્માનું સ્વરૂપ જાણવું, એમાં અભેદ દ્રષ્ટિ રાખવી. ૩૪.૩૫.

બ્રાહ્મણ૦—ત્યારપછી નિદાઘે "બહુ સારૂ એમ કરીશ" એમ બોલી સાષ્ટાંગ નમસ્કાર કરી ભક્તિયુક્ત અંતઃકરણથી તેમનું પૂજન કર્યું; અને એ ઋભુ નામના મુનિ પોતાની ઇચ્છાનુસાર ત્યાંથી ચાલતા થયા. ૩૬.

ब्राह्मण उवाच ॥ तथेत्युक्ता निदाघेन प्रणिपातपुरःसरम् ॥
पूजितपरयाभक्त्या इच्छातः प्रययावृभुः ॥ ३६ ॥

ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે દ્વિતીય અંશે પંચદશો અધ્યાય સંપુર્ણ.

* અધ્યાય ૧૬ મો.

ब्राह्मण उवाच ॥ ऋभुर्वर्षसहस्रे तु समतीते नरेश्वर ॥
निदाघज्ञानदानाय तदेव नगरं ययौ ॥ १ ॥

બ્રાહ્મણ૦—હે નરેશ્વર! ફરીથી એક હજાર વર્ષ વિત્યા પછી ઋભુમુનિ નિદાઘને જ્ઞાન દેવાને માટે એ નગરમાં આવ્યા. ૧. એ સમયે તે નગરનો રાજા મોટી સેનાની સાથે તે નગરમાં પ્રવેશ કરતો હતો, તેથી ત્યાં કિંચિત્ માત્ર પણ જગ્યા ખાલી ન હોવાથી નિદાઘ તમામ મનુષ્યોના અંદર ગયા પછી જવાની ઈચ્છાથી ત્યાં ઉભો હતો તેને ઋભુમુનિએ જોયો. તે નિદાઘ લોકોનો સંસર્ગ છોડીને એકલો અરણ્યમાંથી સમીધ તથા દર્ભ લઈ આવી ભૂખથી આકૂળ થઈ આવે છે. એમ ઋભુએ જોઇને તેને અભિવાદન કરી આ પ્રમાણે કહેવા લાગ્યા. હે દ્વિજ! શું તમે આ એકાંતમાં (નિર્જનમાં) નિવાસ કરો છો? ૨. ૪.

નિદાઘ૦—હે વિપ્ર! આ રાજા નગરમાં પ્રવેશ કરતો હોવાથી લોકોની ઘણી ભીડ થઈ છે માટે હું અહિં ઉભો છું. ૫.

ઋભુ૦—હે દ્વિજવર્ય! તમને ખબર હશે એમ ધારી પુછું છું કે, આમાં રાજા કોણ છે અને બીજા સાધારણ લોકો કોણ છે એ મને કહેશો.? ૬

નિદાઘ૦—આ પર્વતના શીખર સરખા ઉંચા મદોન્મત્ત ગજેંદ્રની ઉપર જે બેઠા છે, તે રાજા અને એ શીવાયના જે બીજા છે તે તમામ લોકો છે. ૭.

ઋભુ૦—તમે મને હાથી અને રાજા એવા બે પ્રાણીઓને એકી વખતે બતાવ્યા, પરંતુ એ બેમાંથી રાજાને ઓળખવાને માટે જુદું બતાવ્યું નહિં. હે મહા ભાગ્યશાળી! તેથી કંઈક વિશેષ રીતે કહો કે એ બેમાં રાજા કોણ? અને હાથી કોણ? એ જાણવાની મને ઇચ્છા છે. ૮૯.

નિદાઘ૦—હે બ્રહ્મન્! જે નીચે છે તે હાથી અને જે ઉપર બેઠો છે તે રાજા છે. વાહ્ય અને વાહકની પણ જેને સમજણ નથી એવો તું કોણ છે? ૧૦.

ઋભુ૦—હે બ્રહ્મન્! જેવી રીતે હું સમજી શકું તેવી રીતે મને સમજાવો કે નીચું કોને કહેવાય અને ઉપર કોને કહેવાય? ૧૧.

બ્રાહ્મણ૦—ઋભુ એ પ્રમાણે બોલતા હતા એટલામાં નિદાઘ તેની ઉપર ચઢી બેઠો અને બોલ્યો કે મને જે તમે પુછ્યું હતું તેનો ઉત્તર સાંભળો. ૧૨. હમણાં જે હું ઉપર છું તે રાજા જાણો અને મારી નીચે તમે છો તેને હાથી જાણો; હવે સમજ્યા? હે બ્રહ્મન! તમને સમજાવવાને માટે મેં આમ કર્યું છે. ૧૩.

---

*, એક વખત સાંભળ્યાથી અદ્વૈત જ્ઞાન થવું કઠણ છે એમ જાણી ઋભુમુનિ ફરીથી નિદાઘને ઉપદેશ દેવાને આવ્યા એ કથા આ સોળમાં અધ્યાયમાં કહેવાશે.

ઋભુ૦—હે દ્વિજવર્ય! તમે જો રાજા સરખા અને હું હાથી સરખો છું તો તમે મને એમ બતાવો કે આપ કોણ છો અને હું કોણ છું? ૧૪.

બ્રાહ્મણ૦—આવી રીતે ઋભુએ કહ્યું કે તરત નિદાઘ નીચે ઉતરી તેમના ચરણ પકડી બોલ્યા કે આપ નિશ્ચય મારા આચાર્ય ગુરૂ ઋભુ છો; કારણકે જેવું મારા ગુરુનું અંતઃકરણ અદ્વૈત સંસ્કારથી સંસ્કૃત થયું છે તેવું બીજા કોઇનું નથી; એટલા માટે હું તમને મારા ગુરુ ઋભુ મુનિજ માનું છું. ૧૫. ૧૬.

ઋભુ૦—હે નિદાઘ! આગળ હું તારી સેવાથી ઘણો સંતુષ્ટ થયો છું તેથી તને ઉપદેશ આપવાને માટે આવ્યો છું, ખરેખર હું તારો ગુરુ ઋભુ છું. ૧૭. હે મહા પ્રાજ્ઞ! હું તને સંક્ષેપમાં ઉપદેશ આપું છું કે "સર્વ વસ્તુમાં અભેદ દ્રષ્ટિ રાખવી એજ પરમાર્થ અને સારભૂત છે." ૧૮.

બ્રાહ્મણ૦—હે રાજન્! એ પ્રમાણે નિદાઘની સાથે ભાષણ કરી તેના ગુરૂ ઋભુ ત્યાંથી ચાલી નિકળ્યા અને નિદાઘ પણ તેના ઉપદેશથી અદ્વૈતનિષ્ઠ થયો. ૧૯. હે પૃથ્વીનાથ! હે ધર્મજ્ઞ! જે પ્રમાણે એ બ્રહ્મપરાયણ નિદાઘ બ્રાહ્મણે સર્વ પ્રાણી માત્રને આત્માથી અભેદ જોઇ મોક્ષ પદ પામ્યો છે, તે પ્રમાણે તું પણ આત્મા, રિપુ અને બંધુ વર્ગમાં સમાન દ્રષ્ટિ રાખી સર્વમાં રહેલા આત્માના સ્વરૂપને પ્રાપ્ત કરી મોક્ષ પદ પામ. ૨૦. ૨૧. જેમ આકાશ એક છે પણ કોઇ વખત લીલું, કોઇ વખત સપેત, વિગેરે જુદા જુદા પ્રકારે દેખાય છે તેમ આત્મા પણ એકજ છે છતાં અજ્ઞાનથી જુદે જુદે પ્રકારે દેખાય છે. ૨૨. હે રાજા! એ અચ્યુત સ્વરૂપ આત્મા એક છે. જગત્માં જે કંઇ છે તે આત્માથી ભિન્ન નથી. તું અને હું એ પણ આત્મસ્વરૂપ છીયે, જે કંઇ પદાર્થ છે તે પણ આત્મસ્વરૂપ છે; માટે હું અને તું એવા ભેદરૂપી અજ્ઞાનનો ત્યાગ કર. ૨૩.

પરાશર૦—હે મૈત્રેય! જ્યારે એ બ્રાહ્મણે (જડભરતે) રાજ્યશ્રેષ્ઠ સૌવીર રાજાને એ પ્રકારે જ્ઞાનોપદેશ કર્યો કે તરત તે રાજાને પરમાર્થ જ્ઞાન પ્રાપ્ત થયું અને હું, તું, વિગેરે જે ભેદ હતો તેનો ત્યાગ કર્યો. તેમજ એ બ્રાહ્મણે પણ પૂર્વ જન્મના સ્મરણથી જ્ઞાન સંપાદન કરી એજ જન્મમાં મોક્ષપદ પામ્યા. એ પ્રકારે આ ભરત રાજાનું સંક્ષેપ વૃત્તાંત જે કોઈ ભક્તિપૂર્વક વાંચશે અથવા સાંભળશે, તેની પવિત્ર બુદ્ધિ થશે, તેને કદી આત્મ મોહરૂપ અજ્ઞાન રહેશે નહી અને આ સંસારમાં મોક્ષપદ મેળવવાને તે યોગ્ય થશે.

ઇતિ ભરતનરેંદ્રવૃત્તસારં કથયતિ યશ્ચ શૃણોતિ ભક્તિયુક્તઃ ॥
સ વિમલમતિરેતિ નાત્મમોહં ભવતિ ચ સંસરણેષુ મુક્તિયોગ્યઃ ॥૨૫॥

ઇતિ શ્રીવિષ્ણુપુરાણે દ્વિતીય અંશે ષોડશો અધ્યાય સંપુર્ણ.

અંશ બીજો સમાપ્ત.

ॐ श्री विष्णवे नमः ॥

श्रीविष्णुपुराणनुं गुजराती भाषांतर.

अंश त्रीजो.

* अध्याय १ लो.

मैत्रेय उवाच ॥ कथिता गुरुणा सम्यक् भूसमुद्रादिसंस्थितिः ॥
सूर्यादीनां च संस्थानं ज्योतिषामपि विस्तरात् ॥१॥

मैत्रेय कहे छे.—आप मारा गुरुस्वरूप होवाथी मारी आगळ पृथ्वी समुद्र विगेरेनी स्थिति, सूर्य, चंद्र आदि ग्रहो तथा तारामंडलनुं संस्थान विस्तार पूर्वक कह्युं छे. १. देव आदि तथा ऋषिओनी सृष्टि, चारे वर्णनो उद्भव, अने पशु पक्षि आदि प्राणीओनी उत्पत्ति, आपे सर्वोत्तम प्रकारे कही छे. २. तेमज ध्रुव अने प्रह्लादनुं चरित्र आपे घणीज सारी रीते विस्तार पूर्वक कह्युं. हवे, हे गुरु ! तमाम मन्वंतर अने ईंद्र देवादिकना अधिपतिओनुं विवरण अनुक्रमे विस्तारथी सांभळवानी मारी इच्छा छे. ३. ४.

पराशर कहेछे.—हे मैत्रेय ! आगळ वराहकल्पमां थई गयेला अने हवे पछी थनारा मन्वंतरो हुं तने क्रमप्रमाणे सारीरीते कहुंछुं. ५. हे मैत्रेय ! शरुआतमां स्वायंभुव नामना मनु हता, अने तेनी पछी स्वारोचिषमनु, औत्तमिमनु, रैवतमनु अने चाक्षुषमनु, एवा छ मनुओ आगळ थई गयाछे. हमणां जे मनुनो वखत चाले छे, ते श्री सूर्यनो पुत्र वैवस्वत नामनो सातमो मनु कहेवाय छे. ६. ७. एओमांथी कल्पनी शरुआतमां जे स्वायंभुव नामनो पहेलो मनु थयो तेनो अधिकार तथा ते वखते देव अने ऋषिओ थया हता, ते पण क्रम प्रमाणे में तने निवेदन कर्या छे. ८. एनी पछी स्वारोचिषमनुना मन्वंतरना अधिपतिओ जेवां के देव, ऋषि अने तेना पुत्रोनुं उतम प्रकारे वर्णन करुंछुं. ९. हे मैत्रेय ! ते स्वारोचिष मन्वंतरमां पारावत अने तुषित नामना देव अने विपश्चित् नामनो बळवान् ईंद्र थयो छे. १०. तेमज ते मन्वंतरमां ऊर्जस्वल, प्राण, दत्त, अग्नि, रुषभ, निश्चर, अने ऊर्वरीवान् ए सात ऋषिओ थइ गया छे. ११. हे मैत्रेय ! स्वारोचिषना

* पहेला अध्यायमां भगवानना अवतारोनुं अने सात मन्वंतरनुं वर्णन करवामां आवशे.

પુત્રોના નામ ચૈત્ર અને કિંપુરુષ વિગેરે હતાં. એ પ્રમાણે તને બીજો મન્વંતર કહ્યો. હવે ત્રીજા ઔત્તમીય મન્વંરની કથા શ્રવણ કર. ૧૨ હે મૈત્રેય! આ ત્રીજા મન્વંત રમાં ઔત્તમીય નામનો મનુ હતો. તે વખતે સુશાંતિ નામનો ઈંદ્ર દેવતાઓનો અધિપતિ થયો હતો. ૧૩. તે વખતે સુધામ, સત્ય, શિવ, પ્રતર્દન, અને વશવર્તી એઓ બાર બારનો એક, એમ પાંચ દેવતાઓનાં ગણ (સમૂહ) હતા ૧૪. વશિષ્ઠ મુનિના સાત પુત્રો એ મન્વંતરમાં સપ્તર્ષિ થયા હતા, તે ઔત્તમિય મનુના પુત્રોના નામ અજ, પરશુ, દિવ્ય ઇત્યાદિ હતાં. ૧૫. તામસ નામના મન્વં-તરમાં સુરૂપ, હરિ, સત્ય અને સુધિ એ દેવતાઓ થયા હતા જે દરેકના સત્તાવીશ ગણો છે. ૧૬. તે વખતે સો યજ્ઞ કરનાર શિખી નામનો ઈંદ્ર થયો હતો. તે મન્વંતરમાં થયેલા સપ્તર્ષિઓના નામ શ્રવણ કર. ૧૭. જ્યો-તિર્ધામા, પૃથુ, કાવ્ય, ચૈત્ર, અગ્નિ, વનક, અને પીવર એઓ સઘળા તે મન્વંત-રમાં સપ્તર્ષિઓ કહેવાયા, તે તામસ મનુના ખ્યાતિ, શતહય, જાનુજંધ વિગેરે અત્યંત બલિષ્ઠ પુત્રો તે વખતે રાજ્યના અધિપતિ થયા હતા. ૧૮. ૧૯. હે મૈત્રેય! પાંચમા મન્વંતરમાં રૈવત નામનો મનુ થયો હતો, તેના વખતમાં વિભુ નામનો ઈંદ્ર હતો. હવે દેવતાઓના નામો મારાથી તું શ્રવણ કર. ૨૦. અમિતાભ, ભૂતરજ, વૈકુંઠ અને સુમેધસ્ આ ચાર દેવગણમાંના દરેકના ચૌદ ચૌદ દેવતાઓ છે. ૨૧. હે મૈત્રેય! હિરણ્યરોમા. વેદશ્રી, ઉર્ધ્વબાહુ, વેદબાહુ, સુધામા, પર્જન્ય અને મહામુનિ એ સઘળા તે મન્વંતરમાં સપ્તર્ષિ હતા. તે મનુના પુત્રો બલબંધુ, સંભાવ્ય અને સત્યક વગેરે હતાં. ૨૨. ૨૩. હે મુનિવર! એ અત્યંત પરાક્રમી તે મનુના પુત્રો તે વેળા રાજ્ય પદ ભોગવતા હતા. સ્વારોચિષ, ઔત્તમિ, તામસ અને રૈવત એ ચાર મનુ રાજર્ષિ પ્રિયવ્રતના વંશમાં ઉત્પન્ન થયા હતા. તે રાજર્ષિ પ્રિયવ્રતે તપવડે શ્રી વિષ્ણુનું આરાધન કરીને, ૨૪. ૨૫. તેની પ્રસન્નતાથી પોતાના વંશમાં આ મન્વંતરના અધિપતિઓને પ્રાપ્ત કીધાં. હે મૈત્રેય! છઠ્ઠા મન્વંતરમાં ચાક્ષુષ નામનો મનુ થયો હતો. ૨૬. તે મન્વંતરમાં મનોજવ નામનો ઈંદ્ર થયો અને આદ્ય, પ્રસૂત, ભવ્ય, પૃથુગ અને લેખ વિગેરે દેવતાઓ થયા હતા. ૨૭. એ દરેક ગણના આઠ આઠ દેવતાઓ છે. તે સમયે સુમેધા, વિરાજ, હવિષ્માન્, ઉત્તમ, મધુ, અતિનામ અને સહિષ્ણુ એઓ સપ્તર્ષિ તરિકે ગણાતા હતા. ઉરુ, પુરુ, શત-દ્યુમ્ન, આદિ મહાબળવાન્ તે ચાક્ષુષ મનુના પુત્રો તે વખતે પૃથ્વીનું પાલન કરતા હતા. હે વિપ્ર! હમણા સાતમો મનુ ચાલે છે, એ સૂર્યનો પુત્ર મહા તેજસ્વી શ્રાદ્ધદેવ નામનો ચાલતા મન્વંતરમાં મનુ કહેવાય છે. ૨૮. ૩૦. હે મહામુનિ! આ મન્વં-તરમાં આદિત્ય વસુ, રૂદ્ર વિગેરે દેવ, અને પુરંદર નામનો ઈંદ્ર છે. વશિષ્ઠ, કશ્યપ, અત્રિ, જમદગ્નિ ગૌતમ, વિશ્વામિત્ર અને ભરદ્વાજ, ૩૧. ૩૨. એ સાત સપ્તર્ષિઓ

ગણાય છે. ઇક્ષ્વાકુ, નાભાગ ધૃષ્ટ, શર્યાતિ, સુપ્રસિદ્ધ વસુમાન, એ સઘળા ધર્મ નિષ્ઠ રાજાઓ તે વૈવસ્વત મનુના નવ પુત્ર કહેવાય છે. ૩૩. ૩૪. હે મૈત્રેય ! સત્વ ગુણ પ્રચુર અને જગતની સ્થિતિ કરનાર વિષ્ણુની અદ્વિતીય શકિત તમામ મન્વંતરોમાં દેવોના રૂપથી અધિષ્ઠાન કરે છે. ૩૫. પ્રથમ સ્વાયંભુવ મન્વંતરમાં આકૂતિના ગર્ભમાં શ્રીવિષ્ણુના અંશથી માનસદેવ યજ્ઞની ઉત્પત્તિ થઈ. ૩૬. સ્વારોચિષ મન્વંતરમાં ઉપર કહેલા અજીત (કોઈથી ન જીતાય એવા) માનસદેવ, તુષિતા નામની સ્ત્રીના ગર્ભમાં તુષિતગણો સાથે જન્મ્યા. ૩૭. તે ફરીથી ઔત્તમ મન્વંતરમાં એ તુષિતગણ સુરોત્તમ સપ્તગણની સાથે સત્યાના ગર્ભથી ઉત્પન્ન થઇ સત્યનામથી પ્રસિદ્ધ થયા. ૩૮, ફરીથી તામસ મન્વંતરમાં હર્યાનામની સ્ત્રીને વિષે સપ્ત હરિગણ દેવતાઓની સાથે શ્રીહરિ એ નામ ગ્રહણ કરીને ઉપન્ન થયા. ૩૯. રૈવત મન્વંતરમાં સંભૂતિ નામની સ્ત્રીને વિષે માનસ્ નામના દેવતાઓની સાથે તેઓના રૂપથીજ તે દેવશ્રેષ્ઠ હરિ જન્મ પામ્યા. ૪૦. ચાક્ષુષ મન્વંતરમાં પુરુષોત્તમ શ્રી વૈકુંઠ પરમાત્મા વૈકુંઠ નામના દેવતાઓની સાથે વિકુંઠા નામનીસ્ત્રીને વિષે ઉપન્ન થયા. ૪૧. હે મૈત્રેય ! વૈવસ્વત મન્વંતર સંપ્રાપ્ત થવાથી પરમાત્મા શ્રી વિષ્ણુ કશ્યપથી અદિતિના ગર્ભમાં વામન રૂપે અવતર્યા. ૪૨. એ શ્રી હરિએ પોતાના પરાક્રમથી ત્રણ પગલાં વડે આ લોક જીતી લઈ નિષ્કંટક ત્રૈલોક્ય પુરંદર (ઇંદ્ર) ને આપ્યું. ૪૩. હે વિપ્ર ! એ પ્રમાણે સાત મન્વંતમાં શ્રી હરિએ સાત મૂર્તિ ધારણકરી પ્રજાની રક્ષા કરી હતી. ૪૪. એજ મહાત્મા નારાયણની શકિતથી આ વિશ્વ ઉપન્ન થયું. અને તેજ શકિત આ સઘળી સૃષ્ટિમાં પ્રવેશિત છે. માટેજ તેને " શ્રી વિષ્ણુ " એવું નામ આપવામાં આવ્યું છે કેમકે વિષ્ણુ શબ્દમાંના વિશ્ ધાતુનો અર્થ (પ્રવેશ કરવું) એવો થાય છે. ૪૫. તમામ દેવતાઓ, મનુઓ, સપ્તર્ષિઓ, મનુના સઘળા પુત્રો, દેવતાઓના રાજા ઇંદ્ર, વિગેરે સર્વ શ્રી વિષ્ણુની પ્રસિદ્ધ વિભૂતિ છે. ૪૬.

सर्वे च देवा मनवः समस्ताः सप्तर्षयो ये मनुसूनवश्च ॥
ईंद्रश्च यो यश्चिदशेशभूतो विष्णोरशेषास्तु विभूतयस्ताः ॥४६॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે તૃતીય અંશે પ્રથમો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૨ જો.

मैत्रेय उवाच ॥ प्रोक्तान्येतानि भवता सप्तमन्वंतराणि वै ॥
भविष्याण्यपि विप्रर्षे ममाख्यातुं त्वमर्हसि ॥ १ ॥

મૈત્રેય પ્રશ્ન કરેછે—હે વિપ્રર્ષિ ! તમે થઇ ગયેલા સાત મન્વંતરોનું વર્ણન કરી ગયા હવે પછી થનારા સાંત મન્વંતરોનું વર્ણન કરો. ૧.

પરાશર કહેછે—હે મૈત્રેય ! વિશ્વકર્માની સંજ્ઞા નામની એક પુત્રિને સૂર્યએ પત્નિરુપે ગ્રહણ કરી. પછી તે કન્યાને વિષે સૂર્યથકી મનુ, યમ અને યમી એ નામના ત્રણ પુત્રો ઉત્પન્ન થયા. ૨. કેટલાએક દિવસો વિત્યાબાદ તે સંજ્ઞાથી પતિનું તેજ સહેવાયું નહિ તેથી પોતા જેવી એક છાયા નામની કન્યાને પોંતાના સ્વામિની સેવામાં નિયુક્ત કરી, તપ કરવાને માટે વનમાં ચાલી ગઇ. ૩. સૂર્યએ તે છાયા નામની કન્યાને સંજ્ઞા માનીને તેનાજ ગર્ભમાંથી શનૈશ્વર, સાવર્ણિ મનુ, એ બે પુત્ર અને તપતી નામની એક કન્યા ઉત્પન્ન કરી. ૪. એવી રીતે કેટલોક કાળ વિત્યા પછી એક વખતે છાયાએ કોપ કરી કોઇ કારણથી યમને શાપ આપ્યો. તે વખતે યમ અને સૂર્યએ જાણ્યું કે આ સ્ત્રી સંજ્ઞા એટલે યમનીમાતા નથી પણ કોઈ બીજીજ સ્ત્રી હોવી જોઈએ. ૫. એવીરીતે છાયાએ પોતાનો જાતિ સ્વભાવ દેખડાવ્યા પછી સૂર્યએ સમાધિ દૃષ્ટિથી જાણ્યું કે સંજ્ઞા ઘોડીનું (અશ્વાનું) રુપ ધારણ કરી જંગલમાં તપશ્ચર્યા કરી રહી છે, માટે પોતે પણ ઘોડાનું સ્વરુપ ધારણ કરી તે ઘોડી રૂપે નિવાસ કરનારી સંજ્ઞાને વિષે ત્રણ પુત્રો ઉત્પન્ન કીધાં. તેમાંના બેપુત્ર અશ્વિનિકુમાર નામથી પ્રસિદ્ધ છે. અને ત્રીજો પુત્ર રેતસ્ (વીર્ય) ના અવસાન કાળમાં જન્મેલો હોવાથી તેનું નામ રેવંત એ પ્રમાણે રાખવામાં આવ્યું છે. ૬. ૭. ત્યાર પછી ભગવાન્ સૂર્યએ સંજ્ઞાને પોતાના સ્થાનમાં આણી અને તેને સુખી કરવા માટે વિશ્વકર્મા સૂર્યના તેજને શાંત કરવા તત્પર થયા. ૮. સૂર્યને ભ્રમી યંત્ર ઉપર ચઢાવી તેનું તેજ ઉખેડવા લાગ્યા પરંતુ વિશ્વકર્મા તેના તેજનો આઠમો ભાગ પણ ઉખેડી શક્યા નહિં. કારણ કે તે પોતે અવિનાશી હતા. ૯. હે મુનિ શ્રેષ્ઠ ! એ વિશ્વકર્માએ સૂર્યથી જે કંઈ કાઢેલું જાજવલ્ય માન વૈષ્ણવ તેજ પૃથ્વી ઉપર પડયું તે પડેલાં વિષ્ણુતેજથી વિશ્વકર્માએ સુદર્શન ચક્ર, રુદ્રનું ત્રિશૂલ, કુબેરની શિબિકા કાર્તિકસ્વામિની શક્તિ, તથા બીજા કેટલાંક દેવતાઓના શસ્ત્રો વિગેરે આયુધો બનાવ્યાં. ૧૧. ૧૨. હવે છાયાના ગર્ભથી ઉત્પન્ન થયેલો સૂર્યનો બીજો પુત્ર

* આ બીજા અધ્યાયમાં સૂર્યના પુત્ર સાવર્ણ મનુનો ઇતિહાસ કહ્યા પછી સાત મન્વંતરોનું વર્ણન કરવામાં આવશે.

મનુ નામે પ્રસિદ્ધ છે. તે પોતાના મોટા ભાઇના જેવો સમાન વર્ણ વાળો હોવા થી સાવર્ણિ નામથી વિખ્યાત્ થયો. ૧૩. હે મહાભાગ ! સાંપ્રત કાળના મન્વંતર પછી જે મન્વંતર થશે તે તેનોજ છે. માટે હવે પછી થનારા મન્વંતરોનુ વર્ણન કરું છું તે તું મારાથી શ્રવણ કર. ૧૪. હે મૈત્રેય ! આ સાતમોમન્વંતર પુરો થયા પછી એ સાવર્ણિ આવતા મન્વતરમાં મનુ થશે. તેના અધિકારમાં સુતપ. અમિતાભ, અને મુખ્ય એએો સધળા દેવતાઓ થશે. ૧૫. આ દરેક ગણમાં એકવીસ એકવીસ દેવતાઓ છે. હે મુનિવર ! એ વખતે જે સપ્તર્ષિઓ થશે તેના નામ તું શ્રવણકર. ૧૬. દીપ્તિમાન્, ગાલવ, રામ (પરશુરામ), કૃપ, દ્રોણપુત્ર અશ્વત્થામા, મારો પુત્ર વ્યાસ, અને ઋષ્ય શ્રંગ એ સાત, તે વખતના સપ્તર્ષિઓ થશે. ૧૭. પાતાલમાં વાસ કરનાર પાપ રહિત, વિરોચનનો પુત્ર બલિરાજા વિષ્ણુની પ્રસન્નતાથી ઈંદ્રપદ ભોગશે. ૧૮. તે મન્વતરમાં વિરજા, ઉર્વરીવાન્, અને નિર્મોહા વિગેરે સાવર્ણિમનુના પુત્રો પૃથ્વીનું પાલન કરનાર રાજાઓ થશે. ૧૯. હે મૈત્રેય ! નવમો દક્ષસાવર્ણ નામનો મનુ થશે. પાર, મરીચિ ગર્ભ, અને નિર્મોહ આદિ ત્રણ દેવતાઓ થશે અને તે દરેકમાં બાર બાર દેવતાઓ છે. હે દ્વિજ ! તે તખતે મહા પરાક્રમી અદ્‌ભૂત નામનો ઇંદ્ર થશે. ૨૦. ૨૧. એમાં સવન, ધુતિમાન્, ભવ્ય, વસુ, મેધાધૃતિ જ્યોતિષ્માન્ અને સત્ય એ સધળા સપ્તર્ષિઓ થશે. ૨૨. ધૃતકેતુ, દીપ્તકેતુ, પંચહસ્ત, નિરામય; અને પૃથુશ્રવા વિગેરે દક્ષ સાવર્ણના પુત્રોના નામ છે. ૨૩. હે મુનિ ! દશમો બ્રહ્મ સાવર્ણિ નામનો મનુ થશે. તે મનુના સમયમાં સુધામા અને વિરૂદ્ધ નામના દેવતાઓના ગણ થશે. જે દરેકની એક સો ની સંખ્યા છે. તે વખતે તેઓનો મહા બળવાન્ શાંતિ નામનો ઇંદ્ર થશે. હવે તેના વખતમાં જેઓ સપ્તર્ષિઓ થશે તેના નામ તું સાંભળ. ૨૫. હવિષ્માન્, સુકૃતિ, સત્ય, અપાંમૂર્તિ, નાભાગ, અપ્રતિમૌજા, અને સત્યકેતુ એ સધળા સપ્તર્ષિઓ કહેવાશે. તથા સુક્ષેત્ર, ઉત્તમૌજા અને હરિષેણ આદિ દશ પુત્રો પૃથ્વીનું પાલન કરશે. ૨૬. તે પછી અગીયારમો મનુ ધર્મ સાવર્ણિ થશે. તે વખતે વિહંગમ, કામગમ, અને નિર્માણરતિ વિગેરે દેવતાઓમાં શ્રેષ્ઠતા ભોગવશે. તે પ્રત્યેકની સંખ્યા ત્રીશ ત્રીશની છે, અને તે સધળાનો વૃષ નામનો ઇંદ્ર થશે. ૨૭. ૨૮. એ મન્વંતરમાં નિશ્ચર, અગ્નિતેજ, વપુષ્માન્, વિષ્ણુ, આરૂણિ હવિષ્માન્ અને અનઘ, એ સધળા સપ્તર્ષિઓ કહેવાશે. ૩૦. સર્વગ, સર્વધર્મ અને દેવાનિક વિગેરે મનુના પુત્રો પૃથ્વીનું પાલન કરેશે. ત્યારપછી બારમો રૂદ્રસાવર્ણ નામનો મનુ થશે. તેમાં ઋતુધામા નામનો ઇંદ્ર થશે. તે વખતમાં થનારા દેવતાઓના નામો શ્રવણ કર. ૩૨. હે દ્વિજ ! હરિત, લોહિત, સુમનસ્, સુકર્મા અને તારા એ પાંચ દેવતાઓના ગણ તે વખતના દેવતા થશે. જે દરેકની સંખ્યા દશ દશની છે. ૩૩. તપસ્વી, સુતપા, તમોમૂર્તિ, તપોરતિ, તપોધૃતિ, ધુતિ

અને તપોધન એ સાત સપ્તર્ષિઓના નામથી પ્રસિદ્ધ થશે.૩૪. દેવવાન્, ઉપદેવ અને દેવશ્રેષ્ઠાદિ મનુના મહા પરાક્રમી પુત્રો તે મન્વંતરમાં પૃથ્વીનું રાજ્ય ભોગવશે. ૩૫. હે મુનિ ! ત્યાર પછી તેરમો રૌચ્ય નામનો મનુ થશે. અને તેમાં સુત્રામા સુકર્મા સુધર્મા વિગેરે દેવતાઓ થશે. જે દરેક ગણના તેત્રીશ દેવતાઓ છે. તે મન્વંતરમાં દેવતાઓનો દિવસ્પતિ નામનો ઈંદ્ર થશે. ૩૬. ૩૭. એમાં નિર્મોહ, તત્વદર્શી, નિષ્પ્રકંપ, નિરુત્સુક, ધૃતિમાન્, અવ્યય અને સુતપા, એ નામના સાત સપ્ત ઋષી થશે. હવે મનુ પુત્રના નામ શ્રવણ કર. ચિત્રસેન અને વિચિત્ર આદિ તેના પુત્રો પૃથ્વીપતિ થશે. ૩૯. હે મૈત્રેય ! જે ચૌદમો મનુ થશે તેનું નામ ભૌત્ય છે. એ મન્વંતરમાં શુચિ નામનો ઈંદ્ર થશે. તે વખતના પાંચ દેવગણોના નામ સાંભળો. ૪૦ ચાક્ષુષ, પવિત્ર, કનિષ્ઠ, ભાજીર અને વાચોવૃદ્ધ, એ દેવતાઓ થશે. એ મન્વંતરમાં જે સપ્તઋષિઓ થશે તેના નામ; અગ્નીધ્રાહુ, શુચિ, શુક્ર, માગધ, આગ્નિધ્ર, યુકત અને અજીત છે. ૪૧. ૪૨. હે મુનિશ્રેષ્ઠ ! એ મન્વંતરમાં ઉરુ, ગભીર, બુધ્ન આદિ મનુના પુત્રો પૃથ્વીનું પાલન કરશે. ૪૩. હે મૈત્રેય ! કૃત આદિ ચાર યુગના અંતમાં જ્યારે વેદનો ઉચ્છેદ થાય છે તે વખતે સપ્તઋષિઓ સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર આવી ફરીથી વેદને પૂવર્ત્તિત કરે છે. ૪૪. હે વિપ્ર ! ધર્મશાસ્ત્ર (સ્મૃતિ) કરનાર મનુ દરેક યુગમાં ઉત્પન્ન થાય છે. એક મન્વંતર પુરો થાય ત્યાં સુધી દેવતાઓ યજ્ઞભુક્ થાય છે. અને મનુના પુત્રો તથા તેના વંશના રાજાઓ એક મન્વંતર સુધી પૃથ્વીનું પાલનકર્યા કરે છે. ૪૫. ૪૬. મનુ, સપ્તઋષિ, મનુપુત્ર, ભૂપતિ, ઈંદ્ર, અને દેવગણ એ દરેક મન્વંતરમાં ઉત્પન્ન થયા કરે છે. આ પ્રકારે ચૌદ મનુ પુરા થાય એટલે એક હજાર યુગનો એક કલ્પ સમાપ્ત થાય છે. (એને બ્રહ્માનો દિવસ કહે છે.) ૪૭. ૪૮. હે સાધુવર્ય ! જેટલો દિવસ તેટલીજ રાત્રી કહેવાય છે. એ રાત્રીને વખતે બ્રહ્મરુપ હરિ મહા જળમાં શેષ શય્યા ઉપર શયન કરે છે. ૪૯. હે વિપ્ર ! આદિ નારાયણ ભગવાન સર્વ પ્રાણિમાત્રના આધાર ભૂત જનાર્દન કલ્પના અંતમાં સર્વ ત્રૈલોક્યનો ગ્રાસ કરી પોતાની માયામાં નિવાસ કરે છે. ૫૦. ત્યાર પછી દરેક કલ્પના આરંભમાં જાગ્રત થએલા એ સર્વસ્વરુપ ભગવાન રજોગુણનો સ્વિકાર કરી આગળ જેવી હતી તે પ્રમાણે ફરીથી સૃષ્ટિ ઉત્પન્ન કરેછે. ૫૧. હે દ્વિજવર્ય ! મનુ, તેના પુત્રો, રાજાઓ, ઈંદ્ર, દેવગણ, અને સપ્તર્ષિઓ એ સઘળા આ જગત્નું પાલન કરનાર શ્રી વિષ્ણુના સાત્વિક અંશ છે. ૫૨. હે મૈત્રેય ! જગત્નું રક્ષણ કરવાને માટે વિષ્ણુ ચારે યુગમાં જે પ્રકારે યુગને અનુસરી વ્યવસ્થા કરે છે તે તું શ્રવણકર. ૫૩. સર્વ પ્રાણિઓનું કલ્યાણ કરવામાં કુશળ એવા શ્રી વિષ્ણુ સત્યયુગમાં (સાંખ્ય શાસ્ત્ર પ્રવર્ત્તક) શ્રી કપિલ આદિ મહા મુનિઓના સ્વરુપ ધારણ કરી તમામ પ્રાણિઓને શ્રેષ્ટ જ્ઞાન આપે છે. ૫૪. ત્રેતાયુગમાં એ પ્રભુ ચક્રવર્ત્તિ સ્વરુપ

ધારણ કરી દુષ્ટોનો નિગ્રહ કરી ત્રણ લોકનું પાલન કરે છે. ૫૫. દ્વાપર યુગમાં વેદવ્યાસનું સ્વરુપ ધારણ કરી આગળ જે એક વેદ હતો તેના ચાર વિભાગ કરી તેની સેંકડો શાખાઓમાં વિસ્તાર કરી ફરીથી તેના અનેક અંશોમાં વિભાગ કર્યા છે. ૫૬. એ હરિ એપ્રકારે વેદવ્યાસ રુપથી વેદના વિભાગ કર્યાપછી કલિયુગના અંતમાં કલ્કિ રુપ ધારણ કરી દુરાચારી લોકોને સન્માર્ગમાં લાવવાનો પ્રયત્ન કરેછે. ૫૭. અનંત સ્વરુપ શ્રી વિષ્ણુ એપ્રકારે આ અખિલ જગત્ની સૃષ્ટિ ઉત્પન્ન કરેછે, પાલન કરેછે અને અંતકાળમાં નાશ કરે છે. એ વિષ્ણુથી ભિન્ન કંઈ પણ નથી. ૫૮. હે વિપ્ર ! આ લોકમાં અથવા પરલોકમાં ભૂત, ભવિષ્ય, અને વર્તમાન જેટલા પદાર્થો છે; એ સઘળા મહાત્મા વિષ્ણુથીજ ઉત્પન્ન થયા છે એ કથામેં તને કહીછે. મેં તને તમામ મન્વંતરો અને તેના અધિપતિઓનું વૃત્તાંત કહ્યું. હવે એ વગર બીજું તારે શું સાંભળવાની ઈચ્છા છે ? ૬૦.

मन्वंतराण्यशेषाणि कथितानि मया तव ॥
मन्वंतराधिपाश्चैव किमन्यत्कथयामि ते ॥ ६० ॥

ઇતિ શ્રી વિષ્ણુપુરાણે તૃતીય અંશે દ્વિતીયો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૩ જો.

मैत्रेय उवाच ॥ ज्ञातमेतन्मया त्वतो यथा पूर्वमिदं जगत् ॥
विष्णुर्विष्णौविष्णुतश्च न परं विद्यते ततः ॥ १ ॥

મૈત્રેય કહે છે—આ જગત્ પૂર્વ પ્રમાણે વિષ્ણુ સ્વરુપ છે, વિષ્ણુમા રહ્યું છે અને વિષ્ણુ શિવાય બીજુ કંઇ નથી. એ જ્ઞાન મને તમારાથી થયું છે. ૧. હવે પરમાત્મા શ્રીવિષ્ણુએ વેદવ્યાસનું સ્વરુપ ધારણ કરી દરેક યુગોમાં વેદનો કેવી રીતે વિસ્તાર કર્યો ? અને કયા યુગમાં કોણ વ્યાસ થયા ? તેમજ હે મહામુનિ ! વેદની શાખાના ભેદ કેવીરીતે કર્યા ? તે પણ મને કહિ સંભળાવો. ૨. ૩.

પરાશર કહેછે—હે મૈત્રેય ! વેદ રૂપ વૃક્ષની શાખાના હજારો પ્રકારના ભેદ હોવાથી તેને વિસ્તાર પૂર્વક કહેવું અશક્ય છે. માટે હું તને સંક્ષેપમાં કહું છું તે શ્રવણ કર. ૪. હે મહામુની ! જગત્નું કલ્યાણ કરનાર શ્રીવિષ્ણુ દરેક દ્વાપર યુગમાં વેદવ્યાસનું સ્વરુપ ધારણ કરી એક વેદના અનેક વિભાગ મનુષ્યોના બળ, તેજ, પરાક્રમ, અલ્પતા, અને શક્તિનું અવલોકન કરી સર્વ પ્રાણિઓનું કલ્યાણ

* આ ત્રીજા અધ્યાયમાં મૈત્રેય મુનિના પ્રશ્નાનુસાર સ્થિતિ હેતુના પ્રસંગ વડે વેદના વિસ્તારનું પ્રપંચ સહિત વર્ણન કરવામાં આવશે.

કરવાને માટે વેદના વિભાગ કર્યા કરે છે. એ વિષ્ણુ જે મૂર્ત્તિવડે વેદના વિભાગ કરે છે એ મૂર્ત્તિના નામનેજ વેદવ્યાસ કહે છે. ૫. ૭. હે મુનિ! જે જે મન્વંતરમાં જે જે વેદવ્યાસ થઇને જે જે પ્રકારે વેદની શાખાના ભેદ કર્યા છે તે મારાથકી શ્રવણ કર. ૮. આ વૈવસ્વત મન્વંતરમાં સઘળા દ્વાપરયુગોમાં મહર્ષિઓએ વારંવાર અર્થાત્ અઠાવીશ વખત વેદોના વિભાગ કર્યા છે. ૯. હે સજ્જનશ્રેષ્ઠ! દરેક દ્વાપરયુગમાં વેદના ચાર ભાગમાં વિભાગ કરી જે અઠાવીશ વેદવ્યાસ થઇ ગયા છે તેના નામ સાંભળ. ૧૦. આ મન્વંતરના પ્રથમ દ્વાપરયુગમાં ભગવાન સ્વયંભૂએ પોતે વેદનો ચાર ભાગમાં વિભાગ કર્યો; અર્થાત્ બ્રહ્મા એજ વેદવ્યાસ કહેવાયા. બીજા દ્વાપરમાં પ્રજાપતિ મનુ વેદવ્યાસ થયા, ત્રીજામાં ઉશના, ચોથામાં બૃહસ્પતિ, પાચમામાં સૂર્ય, છઠ્ઠામાં મૃત્યુ, સાતમામાં ઈંદ્ર, આઠમામાં વસિષ્ઠ, નવમામાં સારસ્વત, દશમામાં ત્રિધામાં, અગીયારમામાં ત્રિવૃષા, બારમાં યુગમાં ભરદ્વાજ, તેરમા યુગમાં અંતરિક્ષ, ચૌદમામાં વપ્રી, પંદરમામાં ત્રય્યારુણ, સોળમામાં ધનંજય, સત્તરમામાં કૃતંજય, અઢારમા યુગમાં ઋણંજય, ઓગણીશમા યુગમાં ભરદ્વાજ, વીશમા યુગમાં ગૌતમ, એકવીશમા યુગમાં ગૌતમથી શ્રેષ્ઠ હર્યાત્મા, બાવીશમા યુગમાં રાજશ્રવાના કુળમાં ઉત્પન્ન થએલા વેન, તેવીસમા યુગમાં સોમશુષ્મારના ગોત્રવાળા તૃણબિંદુ, ચોવીસમા યુગમાં ભાર્ગવકુલોત્પન્ન ઋક્ષ જે વાલ્મીક નામથી પ્રસિદ્ધ છે; પચ્ચીશમા યુગમાં મારા પિતા શક્તિ, છવીશમા યુગમાં હું, (પરાશર) સત્તાવીશમા યુગમાં જાતુકર્ણ, અને અઠાવીસમા દ્વાપરયુગમાં કૃષ્ણદ્વૈપાયન વેદવ્યાસ; એ અઠાવીશ પુરાતન વેદવ્યાસ છે. એઓએ પ્રત્યેક દ્વાપરાયુગના આરંભમાં એક વેદના ચાર ભાગમાં વિભાગ કર્યા. હવે મારા પુત્ર કૃષ્ણદ્વૈપાયન નામના વેદવ્યાસનો અધિકાર પુરો થયા પછી આવતા દ્વાપરયુગમાં દ્રોણ પુત્ર અશ્વત્થામા વેદવ્યાસ થશે. ૧૧. ૨૦. ૐ એ એકાક્ષર બ્રહ્મરૂપથીજ વ્યવસ્થિત છે. એ ૐકાર વેદના મૂળ કારણરુપ અને અપરિચ્છિન્ન (સિમાવગરનું) પુરાતન છે; માટેજ એને બ્રહ્મ કહે છે. ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોક—એ પ્રણવરુપ બ્રહ્મમાં અહર્નીશ નિવાસ કરે છે. એ પ્રણવ ઋક્, યજુઃ, સામ અને અથર્વ વેદ સ્વરુપ છે; એટલા માટે પ્રણવ સ્વરુપ બ્રહ્મને નમસ્કાર છે. જે જગત્ની સૃષ્ટિ અને પ્રલયના કારણભૂત તથા મહત્થી મહત્ અને પરમગુહ્ય એ પ્રણવ સ્વરુપ પરબ્રહ્મને નમસ્કાર કરું છું. ૨૧. ૨૩ એ આદિ, અંતરહિત, અપાર, તમામ જગત્ને મોહકારક તમોગુણ આધાર, સત્પ્રકાશ (સત્વગુણ) અને પ્રવૃત્તિ (રજોગુણ) દ્વારા પુરુષગણોના ભોગ તથા મોક્ષરુપ પુરુષાર્થમાં કારણભૂત છે. ૨૪. એ સાંખ્યશાસ્ત્રોક્ત પચ્ચીશ તત્વોને જાણનાર પુરુષોનું ગંતવ્યસ્થાન તથા મન અને બાહ્ય ઈંદ્રિયોનો નિગ્રહ કરનાર પુરુષની ગતી છે; એટલા માટે એ વિવેક જ્ઞાનના હેતુભૂત કહેવાય છે. એ બાહ્ય ઈંદ્રિઓથી અપ્રાપ્ય તથા વિનાશ રહિત છે. એ સૃષ્ટિ

કાર્યમાં પ્રવૃત થાય છે છતાં પરિણામ રહિત નિત્યબ્રહ્મ કહેવાય છે. એજ વિશ્વના આશ્રય તથા કારણભૂત છે; એજ સ્વયં ઉત્પન્ન છે; અર્થાત્ બીજું કોઇપણ એને ઉત્પત્તિનું કારણ નથી. એ અત્યંત નિભૃત પ્રદેશમાં વિદ્યમાન છે. એ વિભાગ રહિત, દિપ્તિશાલી ક્ષય રહિત અને અનેક સ્વરુપી છે; એ પરબ્રહ્મને હમ્મેશાં નમસ્કાર છે. ૨૫. ૨૬. પરમાત્મા પરબ્રહ્મ સ્વરુપ શ્રી વાસુદેવની જે ૐકાર મૂર્તિ રુપ બ્રહ્મ છે તે બ્રહ્મને નિત્ય પ્રણામ છે. એ પ્રણવ રુપ બ્રહ્મ અભિન્ન થઇને પણ ત્રણ ગુણોના વિભાગ વડે ત્રણ પ્રકારના માનવામાં આવ્યા છે. ૨૮. એ પ્રભુ અભિન્ન ભાવથી સર્વ પ્રાણિ માત્રમાં નિવાસ કરે છે તોપણ જુદી જુદી બુધ્ધિથી જુદા જુદા રુપથી માલમ પડે છે. ૨૯. એ પ્રણવ સ્વરુપ પરમાત્મા ઋગવેદ, યજુર્વેદ, સામવેદ સ્વરુપ અને શાખા આદિ ભેદથી અનેક ભાગમાં વેંચાયા કરે છે. એજ વેદોની શાખા કરનારા, એજ સઘળી શાખા સ્વરુપ, એજ જ્ઞાન સ્વરુપ ભગવાન અને અનંત છે. ૩૦. ૩૧.

स भिद्यते वेदमयः स वेदं करोति भेदैर्बहुभिः सशाखम् ॥
शाखाप्रणेता स समस्तशाखा ज्ञानस्वरूपो भगवाननंतः ॥३१॥

ઇતિ શ્રી વિષ્ણુપુરાણે તૃતીય અંશે તૃતીયો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૪ થો.

पराशर उवाच ॥ आद्यो वेदश्चतुष्पादः शतसाहस्रसम्मितः ॥
ततो दशगुणः कृत्स्नो यज्ञोऽयं सर्वकामधुक् ॥ १ ॥

પરાશર કહેછે—ઇશ્વરથી પ્રગટ થયેલા ઋક્, યજુઃ આદિ ભેદ યુકત વેદના એક લાખ શ્લોકનો વિસ્તાર છે. એ ચાર ચરણથી યુક્ત આદ્ય વેદથી દરેક પ્રકારના મનોરથ પૂર્ણ કરનાર અગ્નિહોત્ર આદિ દશ યજ્ઞ ઉત્પન્ન થયા છે. ૧. ત્યારપછી અઠ્ઠાવીશમા દ્વાપર યુગમાં એચતુષ્પાદ વેદને એકત્ર જોઈ મારા પુત્ર બુધ્ધિમાન કૃષ્ણદ્વૈપાયન વેદવ્યાસે પ્રથમ પ્રમાણે તેના ફરીથી ચાર વિભાગ કર્યા. ૨. એ પ્રકારે બીજા વેદવ્યાસોએ તથા મેં પણ પૂર્વ કાળમાં વેદના વિભાગ કર્યા હતા. હે દ્વિજવર્ય ! હમણા જેવા કૃષ્ણદ્વૈપાયને વેદના વિભાગ કર્યા છે તેમ દરેક ચોકડીમાં વેદની શાખાઓના ભેદ થયા છે એમ જાણવું. ૩. ૪. હે મૈત્રેય ! કૃષ્ણદ્વૈપાયન વ્યાસને સાક્ષાત નારાયણ પ્રભુ સમજવા; કારણકે નારાયણ શીવાય બીજો કોઇ પુરુષ મહાભારતની રચના કરવામાં સમર્થ છે ? અર્થાત્ કોઈ નથી. ૫. હે મૈત્રેય !

* આ ચોથા આધ્યાયમાં અઠ્ઠાવિશમા દ્વાપરનો પ્રસંગ ચાલતો હોવાથી કૃષ્ણ દ્વૈપાયને વેદના યથાર્થ વિભાગ કર્યા એ કથા કહેવામાં આવશે.

દ્વાપરયુગમાં મારા પુત્ર વેદવ્યાસે જે પ્રકારે વેદના વિભાગ કર્યા છે, તે તને યોગ્ય રીતે કહું છું સાંભળ. ૯. બ્રહ્માએ વેદવ્યાસને વેદના વિભાગ કરવાની આજ્ઞાકરી તે વખતે તેમણે વેદના વિભાગ કરવાનો આરંભ કરવા અગઉ વેદમાં પારાંગત એવા ચાર શીષ્યો કર્યા. ૭. એ મહામુનિ વેદવ્યાસે ઋગ્ વેદનું અધ્યયન કરવામાં પૈલ નામના શિષ્યની યોજના કરી, યજુર્વેદમાં વૈશંપાયનની, સામવેદમાં જૈમિનિની અને અથર્વ વેદનું અધ્યયન કરવામાં સુમંતુ નામના શિષ્યની યોજના કરી, અને એ ચારે વેદવ્યાસના શિષ્ય થયા ૮. ૯. ત્યારપછી એ વેદવ્યાસે સૂતજાતી મહામુનિ રોમહર્ષણને ઈતિહાસ અને પુરાણનું પઠન કરવાને માટે પોતે શિષ્ય રુપથી ગ્રહણ કર્યો. ૧૦. પૂર્વે વેદ એક હતો, વેદવ્યાસે એ યજુઃ પ્રધાન વેદનો ચાર ભાગમાં વિભાગ કર્યો. તેનાથી ચાતુર્હોત્ર થયા. (અધ્વર્યુ, હોતા, આગ્નિધ્ર, અને બ્રહ્મા) એનાથી યજ્ઞાનુષ્ઠાનની વ્યવસ્થા કરી, એ ચાર ઋત્વિજોના ચાર કર્મો જુદાં જુદાં થયાં, ત્યારપછી તેઓને તદનુસાર યજ્ઞ કરવાની પ્રવૃત્તિ થઇ. ૧૧. એ વેદવ્યાસે વેદના યજુસ્ સંજ્ઞક મંત્રથી અધ્વર્યુનું, ઋક્ સંજ્ઞક મંત્રથી હોતાનું, સામ સંજ્ઞક મંત્રથી આગ્નિધ્રનું અને અથર્વ સંજ્ઞક મંત્રથી બ્રહ્માનું કર્મ વેહેંચી આપ્યું. ૧૨. ત્યારપછી એ કૃષ્ણ દ્વૈપાયન ઋષિએ ઋક્ મંત્રો જુદા કાઢી સંપૂર્ણ ઋગ્વેદ સંહિતા, યજુસ્ મંત્રો જુદા કાઢી યજુર્વેદ સંહિતા અને સામ સંજ્ઞક મંત્રો જુદા કાઢી સામવેદ સંહિતા રચી. ૧૩. હે મૈત્રેય! શ્રી વેદવ્યાસે રાજાઓના કર્મો અને યથારીતથી બ્રહ્મત્વની વ્યવસ્થા અથર્વ વેદમાં કરી છે. ૧૪ એ પ્રમાણે જ્યારે વેદવ્યાસે વેદરુપ મહાવૃક્ષના ચાર વિભાગ કર્યા તે વખતે એ સર્વ વેદ વૃક્ષરુપ ધારણ કરી એક મહાઅરણ્ય સરખા વિસ્તાર પામ્યા. ૧૫. હે વિપ્ર! વેદ વ્યાસના પ્રથમ શિષ્ય પૈલમુનિએ ઋગ્વેદ સ્વરુપ સંહિતાના બે ભાગકરી ઇંદ્રપ્રમતિ અને બાષ્કલ એ નામના પોતાના બે શિષ્યને આપિ. ૧૬. હે દ્વિજ! એ મહામુનિ બાષ્કલેપણ ઋગ્વેદ સંહિતાની પ્રથમ શાખાના ચાર વિભાગ કરી પોતાના બૌધ્ય આદિ ચાર શિષ્યોને અધ્યયન કરાવ્યું. ૧૭. હે મુનિ! બૌધ્ય, અગ્નિમાઠર, યાજ્ઞવલ્કય અને પરાશર એ ચાર શિષ્યોએ તેની પ્રતિશાખાઓ કરી. ૧૮. હે મૈત્રેય! પૈલનો બીજો શિષ્ય ઇંદ્રપ્રમતિ જે સંહિતા ભણ્યો તેનો એક અંશ પોતાના પુત્ર મહાત્મા માંડુકેયને શીખવ્યો. ત્યારપછી એ સંહિતા ઇંદ્રપ્રમતિના શિષ્ય, શિષ્યના શિષ્ય અને પુત્રાદિમાં શાખાક્રમથી વિસ્તાર પામી. એ પ્રમાણે શિષ્ય પ્રશિષ્યમાં વેદમિત્ર નામના શાકલ્યએ પણ તે સંહિતાનું અધ્યયન કર્યું. ૧૯–૨૦. ત્યારપછી તેઓએ એ શાખાથી પાંચ સંહિતા બનાવી પોતાના પાંચ શિષ્યોને ભણાવી. તેનાં નામ મુદ્ગલ, ગોખલ, વાત્સ્ય, શાલીય તથા શિશિર હતાં. ૨૧–૨૨. ઇંદ્રપ્રમતિના બીજા શિષ્ય શાકપૂર્ણિએ અધ્યયન કરેલિ તે ઋક્ સંહિતાના વિભાગ કરી ત્રણ સંહિતા

અને નિરુક્ત નામનો ચોથો ગ્રંથ બનાવ્યો; ૨૩. ક્રૌંચ, વૈતાલકિ અને મહા બુદ્ધિશાલિ બલાક એ ત્રણ મહર્ષિઓએ ઉક્ત ત્રણ સંહિતાનો અભ્યાસ કર્યો. જેઓએ નિરૂક્ત ગ્રંથનો અભ્યાસ કર્યો તે નિરુક્તકાર નામથી પ્રસિદ્ધ થયા. ૨૪. હે દ્વિજ! એ નિરુક્તકૃત વેદ અને વેદાંગના જાણનારા હતા. એ પ્રમાણે વેદ વૃક્ષની પ્રતિ શાખાથી સઘળી અનુશાખાઓ ઉત્પન્ન થઇ. બાષ્કલિએ પણ પ્રરીથી ત્રણ સંહિતાઓ બનાવી અને તે પોતાના શિષ્ય કાલાયનિ, ગાર્ગ્ય અને કથાજ્વ એઓને ભણાવી. એ પ્રકારે અનેક મહર્ષિઓ દ્વારા વેદની સઘળી સંહિતાઓ પ્રવર્ત્ત થઇ છે. ૨૫–૨૬.

शिष्याः कालायनिर्गार्ग्यस्तृतीयश्च कथाजवः ॥
इत्येते बह्वृचाः प्रोक्ताः संहिता यैः प्रवर्तिताः ॥ २६ ॥

ઇતિ શ્રી વિષ્ણુપુરાણે તૃતીય અંશે ચતુર્થો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૫ મો.

पराशर उवाच ॥ यजुर्वेदतरोः शाखाः सप्तविंशन्महामतिः ॥
वैशंपायननामाऽसौ व्यासशिष्यश्चकार वै ॥ १ ॥

પરાશર૦—વ્યાસના શિષ્ય મહાબુદ્ધિશાળી વૈશંપાયને યજુર્વેદની સત્તાવીશ શાખા કરીને પોતાના શિષ્યોને આપી અને શિષ્યોએ તે ક્રમથી ગ્રહણ કરી. બ્રહ્મરાતના પુત્ર પરમ ધર્મજ્ઞ યાજ્ઞવલ્કય નામના શિષ્ય હમ્મેશ ગુરુ સેવા કરતા હતા. ૧. ૨. હે બ્રહ્મન્! પૂર્વકાળમાં એક વખત સઘળા ઋષિઓએ એકઠા થઇ આ પ્રકારે નિયમ કર્યો કે "આજે જે ઋષી મહામેરૂ સ્થિત સમાજમાં નહિં આવે તે સાત દિવસમાં બ્રહ્મહત્યાના પાપથી યુક્ત થશે." સર્વ ઋષિયોએ તે નિયમનું પાલન કર્યું. ૩. ૪. પરંતુ એક વૈશંપાયન ઋષિએજ તે નિયમનું ઉલ્લંઘન કર્યું. તેથી તે ઋષિઓના શાપના નિયમ પ્રમાણે તેના પગના સ્પર્શ માત્રથી પોતાની બેહેનના પુત્ર (ભાણેજ)ની હત્યા થઈ. ૫. ત્યાર પછી તે પોતાના શિષ્યોને બોલાવી કહેવા લાગ્યા. હે શિષ્યગણ!. તમે સઘળા મારે માટે બ્રહ્મહત્યાના પાપને નાશ કરનાર વૃતનું અનુષ્ઠાન કરો, એ કાર્યમાં તમારે જરા પણ વિચાર કરવો નહિં. એ વાત સાંભળી યાજ્ઞવલ્કય બોલ્યા, હે ભગવન્! આ સઘળા બ્રાહ્મણ વિશેષ તેજસ્વી નથી માટે એઓને વૃથા ક્લેશ શા માટે આપવો જોઇએ? હું એકજ એ વૃતાચરણ કરીશ. ૬. ૭. યાજ્ઞવલ્કયનું આ પ્રકારે ભાષણ સાંભળી મહાબુદ્ધિશાળી વૈશંપાયન ઋષિ અતિશય ક્રોધપૂર્વક

---

* આ પાંચમા અધ્યાયમાં સમાસથી યજુર્વેદની શાખાઓનું વર્ણન અને ઇતિહાસ સહિત તૈતરીય શાખાને સમજાવવામાં આવશે.

બોલ્યા. હે બ્રાહ્મણનું અપમાન કરનાર! તું મારી પાસેથી જે કંઇ ભણ્યો છે તેનો ત્યાગ કર. તું શિષ્ય થઇને આ શ્રેષ્ઠ બ્રાહ્મણોને નિસ્તેજ કહે છે? મારે તારા સરખા આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર શિષ્યની કંઇ જરૂર નથી. ૮. ૯. પછી યાજ્ઞવલ્કય; ગુરૂ પ્રત્યે બોલ્યા, હે દ્વિજ! હું આપને વિષે ગુરૂભક્તિને લીધેજ આ પ્રમાણે બોલ્યો છું તે આપને ગમ્યું નહિં; તો મારે પણ આપના સરખા ગુરુનું પ્રયોજન નથી. આપની પાસે હું જે ભણ્યો છું તે ગ્રહણ કરો. ૧૦.

પરાશર૦—હે મૈત્રેય! મહર્ષિ યાજ્ઞવલ્કય એ પ્રમાણે બોલી એકદમ ઋષિરાકતની સાથે સાકાર યજુર્વેદનું વમન કરી પાછો આપી દીધો અને પોતે પોતાની ઇચ્છા પ્રમાણે ત્યાંથી ચાલી નિકળ્યા. ૧૧. ત્યારપછી બ્રાહ્મણોએ તિતિર પક્ષીનું સ્વરૂપ ધારણ કરી યાજ્ઞવલ્કયએ વમન કરેલા યજુર્વેદનુ ભક્ષણ કરી ગયા. એટલા માટે એ યજુર્વેદની તૈત્તિરીય શાખા એ નામથી પ્રખ્યાત છે. ૧૨. હે મુનિશ્રેષ્ઠ! જેઓએ ગુરુની આજ્ઞા માનીને બ્રહ્મહત્યાના પાપને નાશ કરનાર વૃત કર્યું હતું તેની અવલંબીત શાખા ચરકાધ્વર્યુ એ નામથી પ્રખ્યાત થઇ. ૧૩. હે મૈત્રેય! પછી યાજ્ઞવલ્કય યજુર્વેદ ભણવાની અભિલાષાથી પ્રાણાયામ પરાયણ થઇ સૂર્યની ઉપાસના કરી સ્તુતિ કરવા લાગ્યા. ૧૪.

યાજ્ઞવલ્કય૦—મોક્ષના દ્વારરૂપ, શુભ તેજથી યુક્ત સવિતાને નમસ્કાર કરૂં છું. વેદ જેનું તેજ સ્વરુપ છે એવા ઋક્, યજુઃ સામમય સવિતાને નમસ્કાર કરૂં છું. ૧૫. જે અગ્નિ અને સોમસ્વરૂપ છે; જે જગત્‌ના કારણભૂત છે. જેસુષુમ્ન નામના મોટા તેજને ધારણ કરનાર છે એવા યજ્ઞમૂર્તિ સૂર્યને નમસ્કાર કરૂં છું. ૧૬. જે કલા, કાષ્ઠા, નિમેષ આદિકાળના ભેદનું જ્ઞાન આપવામાં કારણભૂત છે. તે ધ્યાન કરવા યોગ્ય વિષ્ણુ સ્વરુપ પરબ્રહ્મ સ્વરુપ દિવાકરને પ્રણામ કરું છું. જે પોતાના કિરણોથી ચંદ્રમાની વૃદ્ધિ કરી સુધારુપ અમૃતથી પિતરોને તથા દેવગણોને તૃપ્ત કરેછે એવા પરિતૃપ્તાત્મા સૂર્યને નમન કરૂં છું. ૧૭. ૧૮. જે યોગ્ય સમયમાં ટાઢ, ગરમી અને વર્ષાદ કરેછે તથા સર્વનો સંહાર કર્યા કરે છે એ ત્રિકાળ સ્વરુપ વિધાતા સૂર્યને નમસ્કાર કરૂં છું. ૧૯. જે એકલાજ તમામ જગત્‌ના અંધકારને નાશ કરેછે, જે સત્વગુણના આધારભૂત અને જગત્‌ના અધિપતિ છે એ સૂર્ય દેવને પ્રણામ કરુંછું. ૨૦ જેના ઉદય વગર લોકો કર્માનુષ્ઠાન કરી શકતા નથી, જેના વગર જળ પણ પવિત્રતાનું કારણ ભૂત થતું નથી એવા સૂર્યદેવને નમન કરુંછું. જેના કિરણોના સ્પર્શથી મનુષ્યો ક્રિયા કર્મ કરવાને તત્પર થાય છે એવા પવિત્રતાના કારણભૂત શુદ્ધ સ્વભાવવાળા દિવાકરને નમસ્કાર કરુંછું. સવિતાને નમસ્કાર, સૂર્યને નમસ્કાર, ભાસ્કરને નમસ્કાર, વિવસ્વાનને નમસ્કાર અને દેવતાઓના આદિભૂત આદિત્યને નમસ્કાર કરુછું. ૨૧. ૨૩. જેનાનેત્ર તમામ ભૂવનોનું અવલોકન કરે છે, જેનો

રથ હીરણ્યમય છે, અમૃતનો આહાર કરનાર અશ્વો જેને વહન કરે છે એવા શ્રી સૂર્ય નારાયણને હું નમસ્કાર કરું છું. ૨૪

પરાશર કહેછે—યાજ્ઞવાલ્કય મુનિએ એપ્રમાણે સ્તુતિ કરવાથી સૂર્ય અશ્વનું રૂપ ધારણ કરી તેની પાસે આવી તેને કહ્યું કે " તમારે જે ઈચ્છા હોય તે વરદાન માંગો." ૨૫. એ સાંભળી યાજ્ઞવાલ્કય મુનિ સૂર્યને પ્રણામ કરી બોલ્યા કે હે ભગવાન્ ! મારા ગુરૂપણ ન જાણતા હોય એવો યજુર્વેદ મને આપો. ૨૬.

પરાશર કહેછે—જ્યારે યાજ્ઞવલ્કયએ આ પ્રમાણે વરદાન માગ્યું તે વખતે સૂર્ય ભગવાને તેને આયાતયામ નામનો યજુર્વેદ આપ્યો. કે જેનું જ્ઞાન યાજ્ઞવલ્કયના ગુરુ વૈશંપાયનને પણ નહોતું. ૨૭. હે દ્વિજશ્રેષ્ઠ ! જે બ્રાહ્મણોઆ આયાતયામ નામના યજુર્વેદનું અધ્યયન કરે છે તે વાજીરુપ સૂર્ય પ્રોક્ત સંહિતાનું અધ્યયન કરનારા હોવાથી તે વાજસનેય એશબ્દથી પ્રસિદ્ધ થાય છે; કારણકે એ વેદ આપતી વખતે સૂર્યએ વાજી (ઘોડા) નું રુપ લીધું હતું. ૨૮. હે મહાભાગ ! એ વાજસનેય યજુર્વેદની કાણ્વ આદિ જુદિ જુદિ પંદર શાખાછે. યાજ્ઞવલ્કયમહર્ષિજ એ શાખાના પ્રવર્ત્તક છે. ૨૯.

शाखाभेदास्तु तेषां वै दशपंच च वाजिनाम् ॥
कण्वाद्यास्तु महाभाग याज्ञवल्क्यप्रवर्तिताः ॥ २९ ॥

ઇતિ શ્રી વિષ્ણુપુરાણે તૃતીય અંશે પંચમો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૬ ઠ્ઠો.

पराशर उवाच॥ सामवेदतरोः शाखा व्यासशिष्यः स जैमिनिः॥
क्रमेण येन मैत्रेय बिभेद शृणु तन्मम ॥ १ ॥

પરાશર કહેછે—હે મૈત્રેય ! વ્યાસના શિષ્ય જૈમિનિએ જે પ્રકારે સામવેદ રુપી વૃક્ષની શાખાઓના વિભાગ કર્યો છે એ મારાથી શ્રવણ કર. ૧ જૈમિનિને સુમંતુ નામનો પુત્ર અને સુકર્મા નામનો પૌત્ર હતો, એ બન્ને મહામુનિઓએ જૈમિનિ પાસે સામવેદની એક એક સંહિતાનું અધ્યયન કર્યું. ૨. સુમંતુ અને તેના પુત્ર સુકર્માએ બેસંહિતાના હજાર ભેદ કર્યા છે. ત્યાર પછી સુમંતુના પુત્ર સુકર્માના બે શિષ્ય મહાબુદ્ધિશાળી કૌશલ્ય હિરણ્યનાભ, અને પૌષ્યંજીએ તે સહસ્ત્ર પ્રકારની સંહિતાનું અધ્યયન કર્યું. હિરણ્યનાભના પંદર શિષ્ય હતા તેઓને તેણે પંદર

* આ છઠ્ઠા અધ્યાયમાં સામવેદની, અને અથર્વવેદની શાખા તથા પુરાણ આદિના ભણનારનું નીરૂપણ કરવામાં આવશે.

સંહિતા ભણાવી. તેઓ ઉદીચ્ય સામગ એ નામથી પ્રખ્યાત છે. ૩ હિરણ્યનાભ પાસે બીજા તેટલાજ બ્રાહ્મણો સંહિતા શખ્યા છે તેને પંડિત લોકો પ્રાચ્ય સામગ કહે છે. ૪. લોકાક્ષિ, કુથુમિ, કુસીદી અને લાંગલીએ પૈષ્યંજીના શિષ્ય છે એનાથી જુદી જુદી અનેક સંહિતાઓ થઇ છે. ૫. હિરણ્યનાભના એક મહા બુદ્ધિશાળી કૃતિ નામના શિષ્યએ પોતાના ચોવીશ શિષ્યોને ચોવીશ સંહિતાઓ ભણાવી. ૬. કૃતિએ આમ જુદી જુદી શાખાઓ કરી સામ વેદનો વિસ્તાર કર્યો. હવે અથર્વ વેદની સંહિતાનો વિસ્તાર કહું છું. ૮. વેદ વ્યાસનો અત્યંત તેજસ્વી સુમંતુ શિષ્યે પોતાના કબંધ નામનાશિષ્યને અથર્વ વેદ શીખવ્યો, કબંધે તેના બે ભાગ કરી પોતાના શિષ્ય દેવદર્શ અને પથ્ય એ બેને ભણાવ્યા. હે મુનિવર્ય ! મૌદ્ગ, બ્રહ્મબલી, શૌલ્કાયની અને પિપ્પલાદ એ દેવદર્શના શિષ્ય છે. ૯. ૧૧. પથ્યના ત્રણ શિષ્ય જાજલી, કુમુદાદિ અને શૌનક નામના છે. તેમાંથી શૌનકે પોતે ભણેલી સંહિતાના બે વિભાગ કરી એક બભ્રુને અને બીજી સૈંધવાયનને આપી. સૈંધવાન તથા મુંજ કેશ (બભ્રુ) ના શિષ્યોએ તે સંહિતાના પાછા બે બે વિભાગ કર્યા. અથર્વેદની સંહિતાના નક્ષત્રકલ્પ, વેદકલ્પ, સંહિતા-કલ્પ, આંગિરસકલ્પ અને શાંતિકલ્પ; એવા પાંચ ભેદ છે એ સર્વમાં વિકલ્પક ભેદ સર્વોત્તમ ગણાય છે. ત્યાર પછી પુરાણના અર્થ જાણનાર વેદવ્યાસ ભગવાને આખ્યાન, ઉપાખ્યાન, ગાથા અને કલ્પશુદ્ધિએ સહિત પુરાણ સંહિતા રચી. ૧૨. ૧૫. વેદ વ્યાસના સૂત જાતીય રોમહર્ષણ નામના વિખ્યાત શિષ્ય હતા તેને શ્રી વેદવ્યાસે પુરાણ સંહિતા ભણાવી. એ રોમહર્ષણના છ શિષ્ય; સુમતિ, અગ્નિવર્ચા, મિત્રયુ શાંતપાયન, અકૃતવ્રણ, (કાશ્યપ) અને સાવર્ણિ એ નામના હતા. ૧૬. ૧૭. કાશ્યપ, (અકૃતવ્રણ,) સાવર્ણિ અને શાંતપાયન, એ ત્રણ શિષ્યોએ રોમ હર્ષણ પાસે ભણી ત્રણ સંહિતાઓ બનાવી અને ચોથી સંહિતા રોમ હર્ષણની હતી. હે મુનિ ! એ ચાર સંહિતાઓનો સાર ગ્રહણ કરી મેં આ "**શ્રી-વિષ્ણુ પુરાણ**" સંહિતા રચી છે. ૧૮. સઘળા પુરાણમાં "બ્રહ્મ પુરાણ" ને આદિ પુરાણ કહે છે. સઘળા પુરાણ જાણનારાઓ કહે છે કે બધા મળીને અઢાર પુરાણો છે. તેના નામ સાંભળ. ૧૯. પ્રથમ બ્રહ્મપુરાણ, બીજું પદ્મપુરાણ, ત્રીજું વિષ્ણુ-પુરાણ, ચોથું શિવ પુરાણ, પાંચમું ભાગવત પુરાણ, છઠ્ઠું નારદીય પુરાણ, સાતમું માર્કંડેય પુરાણ, આઠમું અગ્નિ પુરાણ, નવમું ભવિષ્ય પુરાણ, દશમું બ્રહ્મ વૈવર્ત્ત પુરાણ, અગીયારમું લિંગ પુરાણ, બારમું વરાહ પુરાણ, તેરમું સ્કંદપુરાણ, ચૌદમું વામનપુરાણ, પંદરમું કૂર્મ પુરાણ, સોલમું મત્સ્યપુરાણ, સત્તરમું ગરૂડપુરાણ, અને અઢારમું બ્રહ્માંડપુરાણ છે. એ સઘળા પુરાણોમાં સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વંતર અને વંશાનું ચરિત, એ પાંચ વિષયનું વર્ણન કરવામાં આવે છે. ૨૦. ૨૩. હે મૈત્રેય ! આ જે તારી પાસે પુરાણ કહું છું તેનું નામ વિષ્ણુપુરાણ છે અને તે પદ્મપુરાણ

પછી રચાયેલું છે. ૨૪. હે સાધુવર્ય ! આ શ્રીવિષ્ણુપુરાણમાં સૃષ્ટિ, વંશ, પ્રલય તથા મન્વંતર વિગેરેનું યથાસ્થિત વર્ણન અને એ સઘળા વિષ્ણુ સ્વરૂપ છે તે તથા વિષ્ણુ ભગવાનના મહાત્મ્યનું ઇડે પ્રકારે વર્ણન કરેલું છે. ૨૫. ચારવેદ, વેદાંગ, (શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂકત, જ્યોતિષ અને છંદ) મિમાંસા, ન્યાય, પુરાણ, અને ધર્મશાસ્ત્ર, એ ચૌદ વિદ્યા કહેવાય છે. ૨૬. તેમાં આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વવેદ, (સંગીત વિદ્યા) એ ત્રણ અને ચોથું અર્થ શાસ્ત્ર (નીતિશાસ્ત્ર) એ ચાર વિદ્યા મળીને અઢાર વિદ્યા કહેવાય છે. ૨૭. ઋષિઓની પ્રધાનતા ત્રણ પ્રકારની છે. પ્રથમ બ્રહ્મર્ષિ, બીજા દેવર્ષિ અને ત્રીજા રાજર્ષિ, એ ત્રણ પ્રકારના છે. ૨૮. હે મૈત્રેય ! તારી પાસે વેદની શાખા, સંખ્યા, શાખાના ભેદ, શાખાના કર્ત્તા અને શાખાઓના ભેદનું કારણ એ સઘળું કહી સંભળાવ્યું. ૨૯. પ્રત્યેક મન્વતરોમાં એ સરખાજ વેદની શાખાના ભેદ થાય છે. કલ્પના આરંભમાં અર્થાત્ સૃષ્ટિના પૂર્વકાળમાં પ્રજાપતિ બ્રહ્માએ જે "પ્રાજાપત્યશ્રુતિ" નો પ્રકાશ કર્યો છે એ નિત્ય કહેવાય છે. અને આ સઘળી શાખા તે તેનાજ ભેદ છે. હે મૈત્રેય ! તેં મને વેદ સંબંધી જે પ્રશ્ન પુછ્યો હતો એ સર્વ મેં તને કહ્યું. હવે બીજું તારે શું સાંભળવાની ઈચ્છા છે ? ૩૦-૩૧.

एतत्तवोदितं सर्वं यत्पृष्टोहमिह त्वया ॥
मैत्रेय वेदसंबद्धं किमन्यत्कथयामि ते ॥ ३१ ॥
इतिश्री विष्णु पुराणे तृतीय अंशे षष्ठो अध्याय संपूर्ण.

---

* અધ્યાય ૭ મો.

मैत्रेय उवाच—यथावत्कथितं सर्वं यत्पृष्टोऽसि मया द्विज ॥
श्रोतुमिच्छाम्यहंत्वेकं तद्भवान्प्रब्रवीतु मे ॥ १ ॥

મૈત્રેય પ્રશ્ન કરેછે—હે દ્વિજ ! મેં જે આપને પુછ્યું હતું તે બરાબર રીતે મને કહી સંભળાવ્યું. હવે મારે એક વિષય જાણવાની ઈચ્છા છે. તે યથાર્થ રીતે આપ કહેવાને યોગ્ય છો. ૧. હે મહામુનિ ! સાત દ્વીપ, પૃથ્વીના અંતર્ભાગમાં હોનાર સાત પાતાળ, સાત લોક આદિ, બ્રહ્માંડના અંતર્ભાગમાં વસેલા સર્વ સ્થાન સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મથી સૂક્ષ્મ, સ્થૂળ, સ્થૂળથી સ્થૂળ, પ્રાણિઓથી વ્યાપ્ત છે. ૨-૩. હે મુનિશ્રેષ્ટ! એક આંગળનો આઠમો ભાગ પણ એવો નથી કે જેમાં કર્મરૂપી બંધનથી બંધા-

* આ સાતમા અધ્યાયમાં ઇતહાસ સાથે તાંત્રીક ધર્મનું નરૂપણ તથા પ્રસંગવશાત્ યંમગીતા અને ભગવદ્ધર્મની સંગતીથી પ્રાણિઓની સદ્ગતી વિગેરે બાબતો કહેવાશે.

યેલા પ્રાણિઓ ન હોય? ૪. હે ભગવન્! સઘળા પ્રાણિમાત્ર આયુષ્ય પુરૂં થયા પછી યમને આધિન થાય છે; પછી યમની આજ્ઞાવડે અનેક પ્રકારની યાતનાઓ ભોગવે છે. ૫. એ યાતનાઓ ભોગવ્યા પછી દેવાદિના શરીર ગ્રહણ કરે છે. એવો શાસ્ત્રનો નિશ્ચય છે. ૬. માટે મનુષ્યો કેવા કર્મ કરે તો તેને યમને આધિન ન થવું પડે? હું એ કર્મ જાણવાની ઇચ્છા કરું છું. તેવાં પવિત્ર કર્મો કયાં છે કે જે કર્મોનું આચરણ કરવાથી યમનો ભય દૂર થાય? એ આપ કહો. ૭.

પરાશર કહેછે—હે મૈત્રેય! પાંડુ પુત્ર મહાત્મા નકુલે ભીષ્મપિતામહની પાસે એ વિષયનો પ્રશ્ન કર્યો હતો તેના ઉત્તરમાં ભીષ્મએ જે કહ્યું હતું તે તું મારાથી શ્રવણકર. ૮.

ભીષ્મ કહેછે—હે વત્સ! પૂર્વે મારા મિત્ર કાલિંગક નામના બ્રાહ્મણે મારી પાસે આવી કહ્યું કે મેં કોઇ જાતિસ્મર (પૂર્વ જન્મની જાતને જાણનાર) ઋષિને પ્રશ્ન પુછ્યો હતો તેના જવાબમાં તેણે એવું કહ્યું હતું કે "હમણા એમજ છે અને ભવિષ્ય કાળમાં એમજ થશે." હે વત્સ નકુળ! એ જ્ઞાની પુરુષે જેવું કહ્યું હતું તેવુંજ થયું. ૯ ૧૦ મેં શ્રદ્ધાયુકત અંતઃકરણથી ફરીથી તે કાલિંગક બ્રાહ્મણને પુછ્યું હતું તે વખતે તેણે જે જે કથા કહી હતી તે સઘળી સત્ય હોય એમ લાગે છે. ૧૧ આ વખતે તે જે મને પુછ્યું છે તેજ પ્રશ્ન મેં એ કાલિંગક બ્રાહ્મણને પુછ્યો હતો. તે વખતે તેણે એ જાતિસ્મર બ્રાહ્મણનું સ્મરણ કરી મને કહેવા લાગ્યો ૧૨. હે ભીષ્મ! તે જાતિસ્મર બ્રાહ્મણે યમ અને યમના દુતમાં પરસ્પર જે અત્યંત ગુપ્ત સંવાદ થયો હતો તે તેણે મને કહ્યો છે અને તે હું તમને કહું છું. ૧૩

કાલિંગ કહે છે—યમરાજાએ પોતાના દુતોનાં હાથમાં પાશ જોઇ તે દુતોના કાનમાં કહ્યું; કે મધુસૂદનના શરણમાં ગયેલા લોકોનો ત્યાગ કરજો, કારણકે વૈષ્ણવો શિવાયના સર્વ જીવોનો હું પ્રભુ છું. અર્થાત્ વિષ્ણુના ભકત ઉપર મારો જરા પણ અધિકાર નથી. ૧૪ દેવતાઓથી પૂજાએલા બ્રહ્માએ લોકોના પાપ પુણ્યનો વિચાર કરવાને માટે "યમ" એ નામથી મને નિયુકત કર્યો છે, હું ગુરુસ્વરૂપ હરિને આધિન છું; સ્વતંત્ર નથી, કારણકે એ શ્રીહરિ મને પણ શિક્ષા કરવાને સમર્થ છે. ૧૫. જે પ્રમાણે સુવર્ણ; વસ્તુતઃ એકજ છે છતાં કડાં, કુંડળ, મુકુટ, આદિ અલંકાર ભેદથી અનેક રૂપથી દેખાય છે, તે પ્રમાણે શ્રીવિષ્ણુ એકજ છે છતાં દેવ, માનવ, પશુ આદિ અનેક પ્રકારના કામનારૂપ ભેદથી ઘણા પ્રકારના દેખાય છે. ૧૬. જેમ વાયુવડે પૃથ્વીના કણ અને જળબિંદુ આકાશ તરફ ઉંચે ઉડે છે અને વાયુના ગયા પછી તે પૃથ્વીના કણ પૃથ્વી ઉપર તથા જળબિંદુ પાછા જળમાં પડે છે; તેમ સત્વાદિ ગુણના ક્ષોભથી ઉત્પન્ન થયેલા દેવ, અસુર, મનુષ્ય, પશુ, આદિ પણ પ્રલયકાળમાં એ સર્વ ગુણવાળા પ્રભુ સનાતન વિષ્ણુમાં લીન પામે છે. ૧૭. દેવતાઓ

જેના ચરણ કમળનું પૂજન કરે છે, એ હરિને જે લોકો "આ સર્વના આત્મા છે" એમ સમજી નમસ્કાર કરે છે, એવા પાપરહિત પુરુષોનો ઘૃતની આહૂતિયુક્ત અગ્નિની પેઠે સ્પર્શ કરશો નહિં. ૧૮. આ પ્રમાણે યમરાજાનું વચન સાંભળી જેણે પોતાના હાથમાં પાશ ગ્રહણ કર્યો છે એવા તે દૂતો યમરાજાને આપ્રકારે કહેવા લાગ્યા. હે વિભુ! સર્વનું પાલન કરનાર શ્રીપ્રભુના ભક્તો કેવા હોય છે? તે મને કહો. ૧૯.

યમ કહેછે—જે પોતાના બ્રાહ્મણાદિ વર્ણના ધર્મથી ચળાયમાન થતા નથી બ્રહ્મચર્યાદિ નિયમોનું દૃઢ પ્રકારે પાલન કરે છે, જેઓ પોતા । મિત્ર; શત્રુ આદિમાં સમાન દ્રષ્ટિ રાખે છે, જીવહિંસા કરતા નથી, જેનું અંતઃકરણ રાગદ્વેષાદિથી રહિત અને નિર્મળ છે એવા પુરુષને વિષ્ણુના ભક્ત જાણવા. ૨૦. જેનું પવિત્ર અંતઃકરણ કલિયુગના દોષોથી મલિન થયું નથી, જે મોહરહિત હૃદયથી અહર્નિશ જનાર્દનનું ધ્યાન કરે છે, તેનેજ હરિના ભક્ત જાણવા.. ૨૧. જે નિર્જન સ્થાનમાં પડેલા પરદ્રવ્યને તૃણ સમાન સમજી તેની ઇચ્છા કરતા નથી, જે સંસારની તમામ ઉપાધિરુપ ચિંતાનો ત્યાગ કરી કેવળ ભગવાનનુંજ સ્મરણ કરે છે, એવા પુરુષને વિષ્ણુ ભક્ત સમજવા. ૨૨. સ્ફાટિકમણી સરખા નિર્મળ વિષ્ણુ ક્યાં? અને માત્સર્યાદિ દોષથી દૂષિત હૃદયવાળા મનુષ્યો ક્યાં? એ બેમાં અત્યંત અંતર છે, કારણકે ચંદ્રના કિરણોમાં અગ્નિના પ્રકાશની ઉગ્રતા કદાપી આવી શકનાર નથી અર્થાત્ રાગદ્વેષાદિથી યુક્ત મનુષ્યો કદાપિ હરિનું ધ્યાન પોતાના હૃદયમાં કરી શકનાર નથી, તેથી તેઓ વિષ્ણુના ભક્ત પણ કહેવાતા નથી. ૨૩. જે પુરુષ શુદ્ધ અંતઃકરણવાળા મત્સરરહિત, શાંત પ્રકૃતિવાળા, પવિત્ર આચરણવાળા, સર્વ પ્રાણિમાત્રને મિત્ર સમાન જાણનાર, પ્રીય તથા હિતકર ભાષણ કરનાર, નિરઅભિમાની અથવા માયારહિત અને અસત્યતાનો જેણે સમૂળગો નાશ કર્યો છે તેનાજ હૃદયમાં વાસુદેવ ભગવાન નિવાસ કરે છે. ૨૪. એ સનાતન વિષ્ણુ જેના હૃદયમાં નિવાસ કરે છે તે સર્વનો પ્રિય થઇ પડે છે. રમણીય નૂતનવૃક્ષ જોવાથીજ મનુષ્ય સમજી શકે છે કે આની અંદર શ્રેષ્ઠ પૃથ્વીનો રસ રહેલો છે. ૨૫. હે દૂત! યમ તથા નિયમથી જેના તમામ પાપ નષ્ટ થઇ ગયાં છે, જેનું હૃદય સર્વદા પરમાત્મામાંજ આસક્ત છે અને મદ, મત્સર, તથા અહંકાર જેનામાંથી નાશ પામ્યા છે એવા મનુષ્યોને જોઇનેજ દૂર નાશી જવું. ૨૬. શંખ, ચક્ર, ગદા આદિ આયુધને ધારણ કરનાર, અનાદિ અને અવિનાશી ભગવાન જો હૃદયમાં નિવાસ કરે તો સર્વ પાપને નાશ કરનાર શ્રીહરિના યોગથી તમામ પાતકો નષ્ટ થઈ જાય છે. કેમકે સૂર્યોદય થયા પછી અંધકાર ક્યાંથી રહી શકે? ૨૭. જે પરદ્રવ્યનું હરણ કરનાર પ્રાણિઓનો નાશ કરનાર અસત્ય, (જુઠું) બોલનાર, નિષ્ઠુર ભાષણ કરનાર, જેનું મન નિર્મળ નથી અને અમંગળ કાર્યોમાં જેનું ચિત્ત આસક્ત છે, એવા મલિન પુરૂષના હૃદયમાં ભગવાન કદી નિવાસ કરતા નથી. ૨૮. જે મનુષ્ય પારકું ઐશ્વર્ય (વૈભવ) સહન કરી

શકતો નથી, જેની બુદ્ધિ દુષ્ટ છે, જે સાધુ પુરુષોનિ નિંદા કરનાર છે, જે અસાધુ કોઈ યજ્ઞ આદિક્રિયા નહિં કરતાં સુપાત્રને દાન પણ કરતો નથી એવા અધમ પુરૂષના હૃદયમાં શ્રીહરિ નિવાસ કરતા નથી. ૨૯. જે પુરૂષ પ્રિયમિત્ર, બાંધવ, સ્ત્રી પુત્ર, કન્યા, માતાપિતા અને સેવક વર્ગની પાસે ઠગબાજી કરી દ્રવ્ય વિગેરેની ઈચ્છા કરે છે એવા દુષ્ટસ્વભાવવાળા પુરૂષ વિષ્ણુના ભકત કહેવાતા નથી. ૩૦. જે મનુષ્યનું ચિત્ત નિંદિત કાર્યમાં પ્રવૃત્ત થાય છે તથા દુષ્કર્મોમાં આસકત રહે છે, ઘણા સમયસુધી અત્યંત નીચ સંસર્ગમાં મત્ત રહે છે અને જે પુરૂષ હમ્મેશ પાપકર્મો કરવાનોજ યત્ન કર્યા કરે છે એવા નરપશુ મનુષ્યો વાસુદેવ ભગવાનના ભકત કહેવાતા નથી. ૩૧ ભગવાન વાસુદેવ પરમ પુરૂષ પરમેશ્વર એકજ છે અર્થાત્ એના સરખો બીજો કોઈ નથી, આ અખિલજગત્ અને હું પણ વાસુદેવથી ભિન્ન નથી. જેની એ અનંત દેવમાં અંતઃકરણથી બુદ્ધિ હોય એવા પુરૂષનો દૂરથીજ ત્યાગ કરવો. ૩૨. "હે કમળનયન! હે વાસુદેવ! હે વિષ્ણુ! હે ધરણીધર! હે અચ્યુત! હે શંખચક્રધારી! આપ મારૂંરક્ષણ કરો" જે લોકો આ પ્રકારના વચન વારંવાર બોલ્યા કરે છે તેવા પાપહીન પુરૂષોથી તમારે દૂરજ રહેવું. ૩૩. જે શ્રેષ્ઠ પુરૂષોના અંતકરણમાં એ અવ્યય શ્રીહરિ નિવાસ કરેછે તે પુરૂષની જેટલીદ્રષ્ટિ દૂર જાય તેટલા માર્ગમાં શ્રીવિષ્ણુચક્રના પ્રભાવથી તમારા લોકોનું તથા મારૂં બળ પરાક્રમ નષ્ટ થઈ જાય છે; એટલા માટે હું તથા તમેલોકો એવા પુણ્યાત્માની પાસે કદી જઇ શકતા નથી, એવા મનુષ્યોતો વૈકુંઠધામમાં નિવાસ કરવાનેજ યોગ્ય છે. ૩૪.

કાલિંગ કહેછે—હે કુરૂશ્રેષ્ઠ! એ પ્રમાણે સૂર્યદેવના પુત્ર ધર્મરાજાએ પોતાના દુતોને આજ્ઞા આપી હતિ. તે કથા જાતિસ્મર બ્રાહ્મણે મને કહી અને મેં આપને કહી છે. ૩૫

ભીષ્મ કહેછે—હે નકુળ! એ મહાત્મા કાલિંગ બ્રાહ્મણે કલિંગ દેશમાંથી આવી પ્રસન્ન થઇ તે યમ અને તેના દૂતના સંવાદ રૂપ વૃતાંત મને કહ્યું હતું. હે તાત! એ સઘળું જેવું હતું તેવું મેં તને કહી સંભળાવ્યુ. આ સંસાર સાગરમાંથી તારનાર શ્રીવિષ્ણુ શિવાય બીજો કોઇ નથી ૩૬. ૩૭. જેનું હૃદયકમળ શ્રીવિષ્ણુનોજ આશ્રય કરી રહ્યું છે તેને યમનો, યમકિંકરનો, યમદંડનો, યમપાશનો અને યમયાતનાનો બીલકુલ ભય નથી. ૩૮.

પરાશર કહેછે—આ તારા પ્રશ્ન પ્રસંગમાં ભીષ્મદ્વારા કહેલી યમગીતા તારી પાસે કહી સંભળાવી હવેતું બીજું શું સાંભળવાની ઈચ્છા કરે છે? ૩૯.

पराशर उवाच ॥ एतन्मुने तवाख्यातं गीतं वैवस्वतेन यत् ॥
त्वत्प्रश्नानुगतं सम्यक्किमन्यच्छ्रोतुमिच्छसि ॥३९॥

ઇતિ શ્રી વિષ્ણુ પુરાણે તૃતીય અંશે સપ્તમો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૮ મો.

मैत्रेय उवाच ॥ भगवन्भगवान्देवः संसारविजिगीषुभिः ॥
ममाख्याहि जगन्नाथो विष्णुराराध्यते यथा ॥१॥

મૈત્રેય કહેછે—હે ભગવન્! સંસારમાંથી મુકત થવાની ઈચ્છા કરનાર પુરૂષે જગન્નાથ વિષ્ણુની આરાધના કેવેપ્રકારે કરવી? તે મને કહી સંભળાવો. ૧. હે મહામુનિ! શ્રીવિષ્ણુ ભગવાનની આરધના કરનાર મનુષ્યને શું ફળ મળે છે? એ પણ આપનીપાસે સાંભળવાની ઈચ્છા કરૂં છું. ૨.

પરાશર કહેછે૦—હે મૈત્રેય! તું જે પ્રકારે પ્રશ્ન કરે છે એવોજ પ્રશ્ન મહાત્મા સગરે ઔર્વને પુછયો હતો તે ઔર્વએ જે પ્રત્યુત્તર આપ્યો હતો તે તને કહું છું શ્રવણ કર. ૩. હે મુનિસત્તમ! એક દિવસ સગરરાજાએ ભૃગુવંશમાં ઉત્પન્ન થયેલા ઔર્વને પ્રણામકરી પ્રશ્નકર્યો કે કયા ઉપાય વડે શ્રીવિષ્ણુની આરાધના થઇ શકે? ૪. અને મનુષ્યોને વિષ્ણુની આરાધના કરવાથી શું ફળ પ્રાપ્ત થાય છે? હે મૈત્રેય! આ પ્રકારના પ્રશ્ન પુછવાથી ઔર્વ મુનિએ જે ઉત્તર આપ્યો તે તું શ્રવણ કર.૫.

ઔર્વ કહેછે—શ્રીવિષ્ણુની આરાધના કરવાથી મનુષ્યને આ પૃથ્વી ઉપરના કોઇપણ પદાર્થની ઈચ્છા હોય તે પૂર્ણ થાય છે તથા બ્રાહ્મલોક આદિની પ્રાપ્તિ થાય છે અને તમામને વંદનકરવા યોગ્ય સર્વશ્રેષ્ઠ નિર્વાણ મોક્ષપદને પ્રાપ્ત કરે છે.૬. હે રાજેંદ્ર! મનુષ્યો જે જે ફલમાં થોડી અથવા અધિક ઇચ્છા કરે છે એ દરેક ઇચ્છા અચ્યુતની આરાધના કરવાથી નીશ્ચય પરિપૂર્ણ થાયછે. ૭. હે ભૂપતિ! "કયા ઉપાયવડે શ્રીવિષ્ણુની આરાધના થઈ શકે?" એવો જે તમે પ્રશ્ન કર્યો છે એ સંબંધમાં હું તમને કહું છું તે શ્રવણકરો. ૮. પોતાના બ્રાહ્મણ ક્ષત્રિઆદિ વર્ણના ધર્મ પ્રમાણે શાસ્ત્રમાં કહેલાં અનુષ્ઠાન કરવાથી પુરૂષ વિષ્ણુની આરાધના કરવામાં સમર્થ થાય છે. કારણ કે પોત પોતાના વર્ણ સમ્મત આચારના અનુષ્ઠાન શિવાય બીજો કોઇ પણ માર્ગ વિષ્ણુને પ્રસન્ન કરવાનો નથી. ૯. હે નૃપ! વિધિ પૂર્વક યજ્ઞન કરવાથીજ શ્રીવિષ્ણુની પૂજા પરિપૂર્ણ થાય છે, વિધિપૂર્વક જપ કરવાથીજ વિષ્ણુના જપ થાય છે અને કોઈ પણ પ્રાણિની હિંસા કરવાથી શ્રીવિષ્ણુનીજ હિંસા થાય છે, કારણ કે એ વિષ્ણુ સર્વ ભૂતમય છે. ૧૦. એટલા માટે સદાચારમાં યુક્ત થઇ પોત પોતાના વર્ણને ઉચિત ધર્માનુષ્ઠાન કરવાથી ભગવાન જનાર્દનની આરાધના પરિપૂર્ણ થાય છે. ૧૧. હે રાજન્! બ્રાહ્મણ, ક્ષાત્ર, વૈશ્ય અને શૂદ્ર, એ પોતપોતાના

આ આઠમા અધ્યાયમાં ધર્મ પ્રસંગથી શ્રીવિષ્ણુની આરાધનાનો ઉપાય અને સગર તથા ઔર્વનો સંવાદ વિગેરે કથા કહેવામાં આવશે.

ધર્મમાં તત્પર રહે છે તેનેજ શ્રીવિષ્ણુની આરાધના કહે છે, અન્યથા તેમ થઇ શકે નહિં. ૧૨. જે મનુષ્ય સામે અથવા પછાડી પારકીનીંદા, મિથ્યા ભાષણ, શઠ આચરણ અથવા બીજાને ખેદથાય એવાંવચનો બોલતોનથી તેનેજ શ્રીવિષ્ણુ પ્રસન્ન થાય છે.૧૩. હે રાજા! જે મનુષ્ય પારકી સ્ત્રી, પારકું દ્રવ્ય અને પરહિંસા કરવામાં પોતાની બુદ્ધિ લગાડતો નથી એજ મનુષ્ય શ્રીવિષ્ણુ ભગવાનને પ્રસન્ન કરી શકે છે. ૧૪. જે મનુષ્ય કોઈપણ જીવનો નાશ કરતો નથી એજ શ્રીવિષ્ણુને પ્રસન્ન કરી શકે છે. જે મનુષ્ય સર્વ પ્રાણિ માત્રના કલ્યાણની ઈચ્છા કરે છે તે શ્રીવિષ્ણુને પ્રસન્ન કરે છે. ૧૫. હે રાજા! જે મનુષ્ય દેવ, બ્રાહ્મણ અને ગુરૂની સેવામાં નિરંતર ઉદ્યોગી રહે તેની ઉપર ભગવાન સંતુષ્ટ થાય છે. ૧૬. જે પ્રમાણે પોતાનું તથા પોતાના પુત્રનું કલ્યાણ ઇચ્છે તેમ સર્વ પ્રાણિમાત્રનું શુભ ઈચ્છે તેની ઉપર અનાયાસે શ્રીવિષ્ણુ પ્રસન્ન થાય છે. ૧૭. હે રાજન્! જેનું મન અથવા હૃદય રાગ દ્વેષાદિથી દોષવાળું નથી તેવા શુદ્ધ અંતઃકરણવાળા મનુષ્ય ઉપર વિષ્ણુ પ્રસન્ન થાય છે. ૧૮. હે નૃપ! શાસ્ત્રમાં જે વર્ણાશ્રમના ધર્મ કહ્યા છે તેમાં જે મનુષ્ય પ્રવૃત્ત થાય એજ શ્રીવિષ્ણુની આરાધના કરી શકે છે. ૧૯.

સગર કહેછે—હે દ્વિજશ્રેષ્ઠ! હમણા હું સર્વ આશ્રમના ધર્મ અને સર્વ વર્ણના ધર્મ શ્રવણ કરવાની ઇચ્છા કરૂંછું; માટે તે આપ કથન કરો. ૨૦.

ઔર્વ કહેછે—હું તને બ્રાહ્મણ ક્ષત્રિ, વૈશ્ય અને શૂદ્રના ધર્મનું યોગ્ય પ્રકારે વર્ણન કરૂંછું તેનું એકાગ્ર ચિત્તથી શ્રવણ કર. ૨૧. બ્રાહ્મણોનું કર્ત્તવ્ય કર્મ એ છે કે હમ્મેશ દાન કરવું, યજ્ઞથી દેવતાઓની આરાધના કરવી, વેદના અધ્યયનમાં તત્પર રહેવું, પ્રતિદિન સ્નાન તર્પણ આદિ ક્રિયાઓમાં પ્રીતિ રાખવી અને અગ્નિનું પરિગ્રહણ કરવું. ૨૨. બ્રાહ્મણે પોતાની ઉપજીવીકાને માટે યજ્ઞ કરાવવા અને બીજાઓને વિદ્યા શીખવવી. વિશેષ પ્રયોજન હોય તોજ ન્યાય પ્રમાણે ગુરૂદક્ષિણાના સમયે પ્રતિગ્રહ કરવો. ૨૩. બ્રાહ્મણોએ સર્વ પ્રાણિમાત્રના કલ્યાણની ઇચ્છા કરવી, કદાપી કોઇનું અનીષ્ટ કરવું નહિં; કારણકે સર્વ પ્રાણિમાત્રમાં મિત્રતા રાખવી એજ બ્રાહ્મણનો પરમ ધર્મ છે. ૨૪. હે રાજન્! બ્રાહ્મણે પારકા રત્નાદિને પથ્થર સમાન સમજવા, ઋતુકાળમાં પોતાની પત્નિગમન કરવું એ પણ બ્રાહ્મણનો પરમ શ્રેષ્ઠ ધર્મ છે. ૨૫. ક્ષત્રિએ ઇચ્છાપૂર્વક બ્રાહ્મણોને દાન આપવાં, નાના પ્રકારના યજ્ઞોવડે વિષ્ણુની આરાધના કરવી, વિદ્યા શીખવી. ૨૬. અને શસ્ત્ર ધારણ કરી યુદ્ધ કરવું તથા પૃથ્વીનું રક્ષણ કરવું એજ ક્ષત્રિની જીવીકા છે, તેમાં પૃથ્વીનું રૂડે પ્રકારે પાલન કરવું એ મુખ્ય ધર્મ છે, પૃથ્વીનું રક્ષણ કરવાથીજ ક્ષત્રિ કૃતકૃત્ય થાય છે કેમકે પૃથ્વીનું પાલન કરવાથી યજ્ઞઆદિ કર્મોમાંથી રાજાને પુણ્યનો છઠ્ઠો ભાગ મળે છે. ૨૭. ૨૮. દુષ્ટોને શિક્ષા કરવાથી અને શિષ્ટ પુરૂષોનું પાલન કરવાથી રાજાને અભિષ્ટ લોકની

પ્રાપ્તિ થાય છે. હે ભૂપતિ! વર્ણની મર્યાદા કાયમ રાખવામાં રાજાજ કારણભૂત છે. ૨૯. હે નરનાથ! લોકપિતામહ બ્રહ્માએ વૈશ્યને પશુનું પાલન, વ્યાપાર અને ખેતી. (કૃષિકર્મ) વિગેરે ઉપજીવીકાના સાધનો કરી આપ્યાં છે. ૩૦. ભણવું, યજ્ઞ કરવા, તથા દાન આપવા, એ ત્રણ વૈશ્યોના શ્રેષ્ઠ ધર્મ છે. એ શિવાય નિત્ય નૈમિત્તિક કર્મ કરવા પણ વૈશ્યને ઉચિત છે. ૩૧. શૂદ્રએ બ્રાહ્મણ, ક્ષત્રિ અને વૈશ્યની સેવા કરી તેઓને આધિન થઈ પોતાની ઉપજીવિકા ચલાવવી, જો પૂર્વોક્ત કર્મથી આત્મપોષણ ન થાય તો ક્રય વિક્રય કરી અથવા શિલ્પાદિ કર્મ કરી મેળવેલા દ્રવ્યથી પોતાનું પોષણ કરવું. એ શિવાય શૂદ્ર લોકોએ દ્વિજ સેવાથી સંપાદન કરેલા દ્રવ્યથી વૈશ્વદેવ નામના યજ્ઞ કરવા. દાન આદિ સત્કર્મમાં પ્રવૃત્ત રહેવું, તથા યોગ્ય પ્રકારે શ્રાદ્ધાદિ કર્મ કરવાં. ૩૩. હે ભૂપતિ! સર્વ વર્ણોએ પોતાના સેવક વર્ગનું પોષણ કરવાને માટે દ્રવ્ય ઉપાર્જન કરવું તથા ઋતુકાળમાં પોતાની સ્ત્રી સાથે ગમન કરવું યોગ્યછે. ૩૪. તમામ પ્રાણિઓ ઉપર દયા રાખવી, શિતોષ્ણાદિ દ્વંદ્વ સહન કરવાં, અભિમાનનો ત્યાગ કરવો, સત્ય ભાષણ કરવું, બાહારની તથા અંતરની શુદ્ધિ રાખવી, પોતાના શરીરને કષ્ટ થાય એવું કાર્ય કદિ ન કરવું, માંગલીક આચરણ રાખવું, પ્રીય ભાષણ બોલવું, સર્વની સાથે મીત્રતા રાખવી, કોઈપણ ચીજમાં સ્પૃહા ન કરવી, કૃપણતાને તજવી, અને કોઈના ગુણમાં દોષ દ્રષ્ટિ ન કરવી, એ સર્વ વર્ણોના ગુણ તથા સાધારણ ધર્મ કહેવાયછે. ૩૫. ૩૬. હવે બ્રાહ્મણ આદિ ચાર વર્ણોના આપધ્ધર્મ અર્થાત્ પોતપોતાના કર્મની વૃત્તિવડે આજીવિકા ન ચાલે તો કઈ વૃત્તિથી પોતાની આજીવિકા ચલાવવી? એ શ્રવણ કરો. ૩૭. આપત્કાળમાં બ્રાહ્મણે ક્ષત્રિના શસ્ત્ર ધારણ આદિ કર્મથી પોતાની જીવિકા ચલાવવી, એ ન થાય તો વૈશ્યકર્મ પશુપાલન, કૃષિ, વ્યાપારઆદિથી જીવિકા ચલાવવી. ક્ષત્રિએ આપત્કાળમાં વૈશ્ય વૃત્તિથી પોતાની આજીવિકા ચલાવવી; પરંતુ બ્રાહ્મણ અને ક્ષત્રિએ કદી શૂદ્રવૃત્તિ દાસત્વનો અંગીકાર ન કરવો. ૩૮. હે રાજન્! જ્યારે કોઇપણ પ્રકારે પોતાના કર્મો ન કરી શકાય ત્યારેજ બ્રાહ્મણ અને ક્ષત્રિએ બીજાં કર્મો કરવાં, પરંતુ શૂદ્રનું કાર્યતો કદાપિ કરવું નહિં. બને ત્યાં સુધી આપત્તિકાળમાં પણ પોતાના કર્મો કરવાં એજ ઉચિત છે. જેમાં ચારે વર્ણોની વૃત્તિ પરસ્પર ભેળસેળ ન થાય એવો યત્ન કરવો. અર્થાત્ નીચ કર્મ કદિ કરવાં નહિં. હે રાજન્! એ પ્રમાણે મેં તમારી પાસે ચારે વર્ણોના ધર્મ કહ્યા હવે ચાર આશ્રમોના ધર્મ કહું છું તે તમે શ્રવણ કરો. ૩૯. ૪૦.

इत्येते कथिता राजन्वर्णधर्मा मया तव ॥
धर्ममाश्रमिणां सम्यग्ब्रुवतो मे निशामय ॥ ४० ॥

ઇતિ શ્રી વિષ્ણુપુરાણે તૃતીય અંશે અષ્ટમો અધ્યાય સંપુર્ણ.

* અધ્યાય ૯ મો.

और्व उवाच—बालः कृतोपनयनो वेदाहरणतत्परः ॥
गुरुगेहे वसेद्भूप ब्रह्मचारी समाहितः ॥ १ ॥

ઔર્વ કહેછે—હે રાજા! બાળકે ઉપનયન સંસ્કાર થયા પછી બ્રહ્મચર્યવૃત ધારણ કરી એકાગ્ર અંતઃકરણથી વેદાધ્યયન કરવામાં તત્પર રહી ગુરુને ત્યાં નિવાસ કરવો. ૧. અને ત્યાં શૌચાદિથી પવિત્ર થઇ સદાચારથી યુક્ત થઈ ગુરૂની સેવા કરવી તથા બ્રહ્મચર્યને યોગ્ય એવા વૃતનું આચરણ કરી બુદ્ધિ સ્થિર રાખી વેદનું અધ્યયન કરવામાં તત્પર રહેવું. ૨. હે રાજન્! પ્રાતઃકાળમાં અને સાયંકાળમાં સૂર્યની તથા અગ્નિની ઉપાસના કરવી. ગુરુને નમસ્કાર કરવા. ૩. ગુરુ ઉભા હોય તે વખતે પોતે ઉભા રહેવું, ગુરુ ચાલે તે વખતે ચાલવું અને ગુરૂ બેસે તે વખતે તેનાથી નીચે આસને બેસવું; કદી "પ્રતિકૂળ આચરણ કરવું નહિં. ગુરુ આજ્ઞા કરે કે તરત તેમની સન્મુખ બેસી એકાગ્ર ચિત્તથી વેદનું અધ્યયન કરવું. ત્યારપછી ગુરુની આજ્ઞાનુસાર ભિક્ષામાં મળેલા અન્નનું ભક્ષણ કરવું. ૪. ૫. ગુરુએ પ્રથમ સ્નાન કર્યા પછી તે જળમાં પોતે સ્નાન કરવું. અને પ્રતિદિન પ્રાતઃકાળમાં કુશ, જળ તથા પુષ્પ આદિ જોઇતા પદાર્થ ગુરુને લાવી આપવા. આળસ તથા પ્રમાદનો ત્યાગ કરવો. ૬. શિષ્યે એપ્રકારે પોતાને યોગ્ય વેદપાઠનું અધ્યયન સમાપ્ત કરી ગુરુને દક્ષણા આપી ગુરુની આજ્ઞા લઇ ગ્રહસ્થાશ્રમનો સ્વીકાર કરવો. ૭. હે રાજન્! ત્યારપછી શાસ્ત્રાનુસાર વિધિપૂર્વક યોગ્ય કન્યા સાથે લગ્ન કરવાં અને શાસ્ત્રોક્ત કર્મોથી દ્રવ્ય ઉપાર્જન કરી પોતાની શક્તિ પ્રમાણે ગ્રહસ્થાશ્રમના સર્વ કાર્ય કર્યા કરવાં. ૮. શ્રાદ્ધાદિથી પિતૃઓને, યજ્ઞથી દેવતાઓને, અન્નથી અતિથીઓને, બ્રહ્મયજ્ઞથી ઋષિઓને, સંતાનોત્પત્તિથી પ્રજાપતિ (બ્રહ્મા)ને, બલિદાનથી ભૂતોને અને સત્યવાકયથી તમામ લોકને સંતુષ્ટ કરનાર ગ્રહસ્થ પોતાના સત્કર્મથી ઉપાર્જન કરેલા સ્વર્ગાદિ લોકમાં જાય છે. ૯. ૧૦. જે સઘળા સન્યાસિઓ તથા બ્રહ્મચારીઓ ભિક્ષાવડે જીવનયાત્રા નિભાવે છે તેને ગ્રહસ્થ લોકોનોજ આશ્રય છે; એટલા માટે ગ્રહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે. ૧૧. હે પ્રભુ! બ્રાહ્મણો વેદ સંગ્રહ કરવાને માટે અથવા તિર્થસ્નાન કરવાને માટે તથા પૃથ્વીનું દર્શન કરવાને માટે પૃથ્વી ઉપર ફર્યા કરે છે. તેમની પાસે ભોજનની સામગ્રી તથા ઘર આદિ નથી, એ લોક ભ્રમણક્રમથી જે જગ્યાએ સંધ્યાકાળ થાય છે ત્યાં નિવાસ કરે છે, એ તમામના આશ્રયભૂત ગ્રહસ્થ છે એ ગ્રહસ્થાશ્રમીઓ કાળજી પૂર્વક તેમનું અન્નદાન વિગેરેથી પોષણ કરનારા છે. ૧૨. ૧૩. હે રાજન્! જ્યારે અતિથી ગ્રહસ્થને

* આ નવમા અધ્યાયમાં બ્રહ્મચર્યાદિ આશ્રમ ધર્મનું વર્ણન કરવામાં આવશે.

ત્યાં આવે તે વખતે તેમની સાથે મધુર ભાષણ કરી કુશળ પ્રશ્ન પુછી યોગ્ય પ્રકારે ભોજન, આસન અને શૈયા આદિથી તેમનો સત્કાર કરવો. જેને ઘેરથી અતિથિ નિરાશ થઇને જાય છે તે પુરુષ અતિથિના પાપને ગ્રહણ કરે છે અને અતિથિ એ ગ્રહસ્થનું સંચિત પુણ્યકર્મ લઇ જાય છે. ૧૪. ૧૫. અતિથિના વિષયમાં અવજ્ઞા, અહંકાર દાંભિકપણું, પરિતાપ, બીજાને વિઘ્ન કરવું અને કઠોર ભાષણ વિગેરે બાબતો ગ્રહસ્થાશ્રમીત ઉચિત નથી. ૧૬. જે ગ્રહસ્થાશ્રમી મનુષ્ય આ ઉત્કૃષ્ટ નિયમોનું સર્વોત્તમ પ્રકારે આચરણ કરે છે તેઓ સંસારના સર્વ પ્રકારના બંધનથી મુકત થઇ અત્યંત ઉત્તમ એવા સ્વર્ગાદિ લોક પ્રત્યે પ્રયાણ કરે છે. ૧૭. હે રાજન્! એ પ્રકારે ગ્રહસ્થ પુરુષે ગ્રહસ્થાશ્રમને અનુસરનારાં કાર્યો કરી પોતાની સ્ત્રીને પુત્રની પાસે અથવા પોતાની સાથે રાખી વનમાં પ્રયાણ કરવું ૧૮. હે દ્વિજ! ત્યારપછી વનમાં નિવાસ કરી જટા, દાઢી, કેશ આદિ ધારણ કરી; ફળ, મૂળ, તથા વૃક્ષના પાંતરાં ખાઈ પૃથ્વી ઉપર શયન કરવું અને મુનિવૃત ધારણ કરી સર્વ પ્રકારના અતિથિઓનો સત્કાર કરવો. ૧૯. કૃષ્ણાજીન, ઉન અને દર્ભના વસ્ત્રનું પરિધાન કરે તથા ત્રણકાળ સ્નાન કરી ત્રીકાળ સંધ્યા કરવી, તેમજ દેવતાનું પૂજન, હોમ, અતિથિનિ પૂજા, ભિક્ષુકોને દાન અને દેવતાઓને બલિદાન આપવું એ પણ વનવાસિઓનું કર્ત્તવ્ય કર્મ છે. ૨૦. ૨૧. હે રાજન્! આ વાનપ્રસ્થાશ્રમમાં રહેનારા પુરુષે વનના ફળમાંથી નીકળતા તેલવડે અંગમર્દન કરવું અને ટાઢ તડકા સહન કરી તપશ્ચર્યા કરવી. ૨૨. જે પુરુષ એકાગ્રચિત્તથી વાનપ્રસ્થ આશ્રમમાં મુનિઓના નિયમનું આચરણ રાખે છે તે અગ્નિ પ્રમાણે પોતાના દોષોને બાળી નાંખી છેવટે બ્રહ્મલોકમાં ગમન કરે છે. ૨૩. હે નૃપ! જ્ઞાની લોકો ચોથા આશ્રમને ભિક્ષુ (સંન્યાસ) આશ્રમ કહે છે, એ ચતુર્થાશ્રમના લક્ષણ કહું છું સાંભળો. ૨૪. હે નરનાથ! ત્રીજા આશ્રમના અંતમાં સ્ત્રી, પુત્ર અને સર્વ વસ્તુઓમાંથી સ્નેહનો ત્યાગ કરી મત્સર તજી દઇ મોક્ષના સાધનભૂત ચતુર્થાશ્રમનો સ્વીકાર કરવો. ૨૫. હે પૃથ્વીનાથ! સંન્યાસીએ ધર્મ અર્થ અને કામરૂપ ત્રિવર્ગ સાધન યજ્ઞાદિક ઉદ્યોગનો ત્યાગ કરવો, મિત્ર, શત્રુ તથા નાના મોટા સર્વ પ્રાણિમાત્રમાં સમાન મિત્રતા રાખવી. ૨૬. મન, વાણિ અને કર્મથી મનુષ્ય, પશુ, પક્ષી, જરાયુજ, અંડજ આદિ કોઈપણ જીવનું અનિષ્ટ આચરણ ન કરવું, સર્વ પ્રકારની આસક્તિનો ત્યાગ કરવો સર્વદા યોગમાં પ્રીતિવાળા થવું, સર્વ સંગનો પરિત્યાગ કરવો, પોતાના અંતઃકરણમાં પ્રેમ અને દ્વેષ ઉત્પન્ન થવા ન પામે એવી રીતે ગામમાં એક દિવસ અને શેહેરમાં પાંચ દિવસ સુધી નિવાસ કરવો, એનાથી વધુ સમય રહેવું નહિં. ૨૭. ૨૮. જે વખતે ગ્રહસ્થોને રાંધવાનો અગ્નિ શાંત થાય તથા સર્વ લોકને જમવાનો સમય થાય તે વખતે ભિક્ષા માગવાને માટે ઉંચ વર્ણના ઘર આગળ જવું. સંન્યાસીએ

કામ, ક્રોધ, લોભ મોહ અને અહંકાર આદિ દોષોનો ત્યાગ કરી મમતા રહિત થવું. જે મુનિ સર્વ જીવોને અભયદાન આપીને ફરે છે તેને સર્વ જીવોથી પણ ભય થતો નથી. ૨૯. સન્યાસિએ પૂર્વાશ્રમમાં હોમ આપેલો અગ્નિ પોતાના શરીરમાં છે એમ સમજી ભિક્ષાન્નરૂપ હોમદ્રવ્યથી પોતાના મુખમાં આહૂતિ આપવી. (આ અન્ન શરીરમાંનો અગ્નિ ભક્ષણ કરે છે હું ભક્ષણ કરતો નથી) પરબ્રહ્મ સાથે અનુસંધાન કરી શરીર સંબંધી અગ્નિમાં આહૂતિ આપવાથી અગ્નિહોત્રીને મળનાર બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે. ૩૦. બ્રહ્મ વગર સર્વ મિથ્યા છે અને સંપૂર્ણ જગત્ કલ્પનાથી નિર્માણ થયું છે અર્થાત્ બ્રહ્મની શક્તિથી રચાયેલું છે એમ જાણીને તથા પવિત્રતાથી રહીને જે બ્રાહ્મણ યથોક્તવિધિથી ચતુર્થાશ્રમ ધર્મનું આચરણ કરે છે તે જેમ બળતણ વગરનો અગ્નિ પોતાની મેળે શાંત થઈ જાય છે તેમ તે જ્યોતિઃસ્વરૂપ પરબ્રહ્મ લોકમાં પ્રયાણ કરે છે અર્થાત્ તેમાંજ તે લીન થાય છે. ૩૧.

मोक्षाश्रमं यश्चरते यथोक्तं शुचिः स्वसंकल्पितबुद्धियुक्तः ॥
अनिंधनं ज्योतिरिव प्रशांतं स ब्रह्मलोकं जयति द्विजातिः ॥३१॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે તૃતીય અંશે નવમો અધ્યાય સંપૂર્ણ.

*અધ્યાય ૧૦ મો.

सगर उवाच ॥ कथितं चतुराश्रम्यं चातुर्वर्ण्य क्रिया तथा ॥
पुंसां क्रियामहं श्रोतुमिच्छामि द्विजसत्तम ॥ १ ॥

સગર કહેછે—હે દ્વિજશ્રેષ્ઠ! આપે ચારે આશ્રમના અને ચારેવર્ણના કર્મ કહ્યાં, હવે હું આપનીપાસે મનુષ્યોનિ જાતકર્મ આદિ ક્રિયાઓ સાંભળવાની ઈચ્છા કરું છું. હે ભૃગુશ્રેષ્ઠ! હું જાણું છું કે આપ તત્વજ્ઞ છો, એટલા માટે આપ મનુષ્યોના નિત્ય નૈમિત્તિક તથા કામ્ય કર્મોનુ ફરે પ્રકારે કથન કરો. ૨.

ઔર્વ કહેછે—હે નૃપ! આપે જે નિત્ય નૈમિત્તિક ક્રિયાઓના વિષયમાં પ્રશ્ન કર્યો તે હું તમને કહું છું એકાગ્ર ચિત્તથી શ્રવણ કરો. ૩. પુત્રનો જન્મ થયાપછી જાતકર્મ આદિ સંસ્કાર પિતાએ કરવો અને અભ્યુદયિક શ્રાદ્ધ કરવું ૪. અભ્યુદયિક શ્રાદ્ધમાં યુગ્મ (બેકી) બ્રાહ્મણોને પૂર્વાભિમુખે બેસાડી પોતાના કુળના વ્યવહાર પ્રમાણે દેવપક્ષ અને પિતૃપક્ષના શ્રાદ્ધાદિ કર્મ કરવાં. ૫. હે રાજન્! દહિં, યવ અને બોર મિશ્રિત પિંડ બનાવી દેવતીર્થથી (આંગળીના અગ્ર-

* આ દશમા અધ્યાયમાં પુરૂષના સોળ સંસ્કારવડે વર્ણાશ્રમમાં પ્રવેશ તે દ્વિજાતીજ થાય છે એ કથા કહેવામાં આવશે.

ભાગને દેવ તીર્થ કહે છે.) નાંદિ મુખપિતરોને પિંડદાન કરવું, અથવા પ્રજાપતિ તીર્થથી (કનિષ્ઠ આંગળીના મૂળને પ્રજાપતિ તીર્થ કહે છે) સંપૂર્ણ શાસ્ત્રોક્ત ઉપચારથી વસ્તુઓનું દાન કરવું. ૬. હે ભૂપતિ! અન્ય શ્રાદ્ધ વખતે જે અપસવ્ય કરવામાં આવે છે તે તમામ ઉપચારો વૃદ્ધિ શ્રાદ્ધ કરતી વખતે સવ્યથીજ કરવા યોગ્ય છે. ૭. ત્યાર પછી પુત્ર ઉત્પન્ન થયાને દશ દિવસ ગયા પછી પિતાએ પુત્રનું નામ પાડવું, તે નામ પુરૂષ વાચક તથા પ્રથમ દેવનું નામ અને છેવટે પોતાના વર્ણ પ્રમાણે શર્મા, વર્મા, આદિથી યુકત હોવું જોઈએ. ૮. બ્રાહ્મણના નામના છેવટમાં શર્મા, ક્ષત્રિને વર્મા વૈશ્યને ગુપ્ત, અને શૂદ્રને દાસ આદિ સંયુકત કરવું યોગ્ય છે. ૯. પુત્રનું નામ અર્થ વગરનું, લજ્જા ઉત્પન્ન કરનાર, અપશબ્દથી યુકત, અમંગળ તથા બિભત્સ પ્રકારનું નિંદિત નામ ગ્રહણ કરવું નહિં, તથા નામના અક્ષર બેકી લેવા એજ ઉચિત છે. ૧૦. પિતાએ પુત્રનું નામ બહુ મોટું નહી, બહુનાનું નહિં, તથા ઘણા જોડાક્ષરોવાળું નહીં, તેમજ સુખથી બોલવાને યોગ્ય મધુર અક્ષરવાળું રાખવું. ૧૧. ત્યાર પછી બાળકને નામ કરણ સંસ્કારથી આરંભ કરી ઉપનયન સંસ્કાર સુધીના તમામ સંસ્કારો કર્યા પછી ગયા અધ્યાયમાં કહેલી વિધી પ્રમાણે ગુરૂને ઘેર મોકલી વેદાધ્યાયન કરાવવું. ૧૨. હે ભૂપાલ! વિદ્યા ભણ્યા પછી ગુરૂદક્ષણા આપી ગ્રહસ્થાશ્રમની ઇચ્છા હોય તો યોગ્ય કન્યા સાથે વિવાહ કરવો અથવા ગ્રહસ્થાશ્રમની ઇચ્છા ન હોય તો સંકલ્પ પૂર્વક બ્રહ્મચર્ય વૃત પાળીને આયુષ્ય વ્યતિત કરવું. અથવા ગુરૂની તથા ગુરૂપુત્ર આદિની સેવા કરવી. અથવા વાનપ્રસ્થાશ્રમનો સ્વિકાર કરવો. કીંવા ઇચ્છા હોય તો સંન્યાસ ગ્રહણ કરવો, અર્થાત્ પૂર્વનો જેવો સંકલ્પ હોય તે પ્રમાણે કરી પૃથ્વી પર્યટન કરવું. ૧૩. ૧૫. જો ગ્રહસ્થાશ્રમમાં પ્રવેશ કરે તો તેની સાથે જેનું વય પોતાના કરતાં એક તૃતીયાંશ ઓછું હોય એવી કન્યા સાથે લગ્ન કરવું. ૧૬. ઘણા વાળ વાળી, અથવા અલ્પ કેશવાળી, ઘણીકાળી, પીળાવર્ણવાળી, પોતાના શરીરમાંના એકાદ વધારે અવયવવાળી અથવા ઓછા અવયવવાળી (ખોડવાળી) અપવિત્ર, જન્મથી રોગી, નીચ કુળમાં ઉત્પન્ન થયેલી, દુષ્ટા, કટુ ભાષણ કરનારી, માતાપિતાને ક્રમથી ચાલ્યો આવનાર કોઢ વિગેરે રોગવાળી, દાઢી મુછથી યુકત, પુરૂષ સ્વરૂપવાળી, ધોળા ધાંટાવાળી. અથવા અત્યંત ઝીણું બોલનારી, તીવ્ર વચન બોલનારી, કાકસ્વરા, (કાગડા જેવા સ્વરવાળી) પાંપણ વગરની, વૃત્તનયના, અથવા મોટા નેત્રવાળી કન્યા સાથે કદી વિવાહ ન કરવો. ૧૭. ૧૯. જેની બે જાંગ ઉપર ઘણાવાળ હોય, જેનો ઢુંટણનો ભાગ ઉંચો હોય, હાસ્ય કરતી વખતે જેના ગાલમાં ખાડા પડતા હોય, એવી સ્ત્રી સાથે વિવાહ કરવો નહી. ૨૦. જેના શરીરનો આકાર કોમલ ન હોય, જેના નખ પીળા હોય, જેના નેત્ર લાલ હોય, એવી કન્યાસાથે કાર્ય વિશારદ પ્રાજ્ઞ પુરુષે વિવાહ કરવો નહી. ૨૧. જાડા હાથ પગવાળી, ઠીંગણી, ઘણીઉંચી, જેની બે ભ્રકુટી પરસ્પર

જોડાયલી હોય, દાંતમાં છીદ્રવાળી, જેના દાંત ઓઠની બહાર આવી ગયા છે, એવી કન્યા સાથે વિદ્વાન પુરુષે વિવાહ કરવો યોગ્ય નથી. વિકરાળ મુખવાળી, માતૃ પક્ષમાં પાંચમી અને પિતૃપક્ષમાં સાતમી પેઢીસુધી સગાની કન્યાસાથે વિવાહ કરવો યોગ્ય નથી. હેરાજન્ ! વિવાહની ઈચ્છા રાખનાર પુરૂષે શાસ્ત્રની રીતિથી પોતાના વર્ણની યોગ્ય કન્યાસાથે વિધિ પ્રમાણે વિવાહ કરવો. ૨૨.૨૩. બ્રાહ્મ, દૈવ, આર્ષ પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ, રાક્ષસ, અને સર્વથી અધમ પૈશાચ, એ આઠ પ્રકારના વિવાહના ભેદ છે. એ આઠ પ્રકારના વિવાહમાંથી જે વર્ણને જે વિવાહ કરવો યોગ્ય હોય તે ધર્મને અનુસરીને કરવાનો મહર્ષિએ કહ્યો હોય તે વર્ણએ તે વિધિ પ્રમાણે વિવાહ કરવો. પરંતુ આઠમો પૈશાચ વિવાહ કરવો ઉચિત નથી. ૨૪. ૨૫. એ પ્રકારે સ્ત્રી મેળવી તેની સાથે ગ્રહસ્થાશ્રમના ધર્મનું આચરણ કરવું શાસ્ત્રવિધિથી વિવાહિતા સ્ત્રી મહા ફળદાયક કહેવાય છે. ૨૬.

सधर्मचारिणां प्राप्य गार्हस्थ्यं सहितस्तया ॥
समुद्वहेद्ददात्येषा सम्यगूढा महाफलम् ॥ २६ ॥

ઇતિ શ્રીવિષ્ણુપુરાણે તૃતીય અંશે દશમો અધ્યાય સંપુર્ણ.

* અધ્યાય ૧૧ મો.

सागर उवाच—ग्रहस्थस्य सदाचारं श्रोतुमिच्छाम्यहं मुने ॥
लोकादस्मात्परस्माच्च यमातिष्ठन्न हीयते ॥ १ ॥

સગર કહેછે—હે મુનિ ! જે સદાચાર કરવાથી ગ્રહસ્થ પુરુષ આ લોક અને પરલોકમાંથી ભ્રષ્ટ થતો નથી તે ગ્રહસ્થાશ્રમના સદાચાર સાંભળવાની ઇચ્છા કરું છું. ૧.

ઔર કહેછે—હે ભૂપાલ ! સદાચારનું લક્ષણ કહું છું તે શ્રવણ કરો. સદાચારથી યુક્ત પુરૂષને આ લોક તથા પરલોક બેઉની પ્રાપ્તિ થાય છે. ૨. **'सत'** શબ્દનો અર્થ સાધુ થાય છે. જેના રાગ, દ્વેષ, લોભ આદિ દોષ નષ્ટપ્રાય થઈ ગયાં છે તેને સાધુ કહેવામાં આવે છે. એ સાધુઓના આચારનેજ **' सदाचार '** કહે છે. ૩. હેમહીપતિ ! સત્પઋષિગણ, મનુ અને દક્ષ આદિ પ્રજાપતિઓ એ સદાચારના વકતા અને કર્તા છે. ૪. હે નૃપ! બુદ્ધિમાન્ પુરૂષે બ્રાહ્મ મુહુર્ત્તમાં જાગ્રત થઈ સ્વસ્થ અંતઃકરણમાં ધર્મ સંબંધી, ધર્મને વીરોધ ન આવે એવી રીતે અર્થને, અને ધર્મ તથા અર્થને બાધ ન આવે એવી રીતે કામ સંબંધી વિચાર કરવા. ધર્મ અર્થ અને કામ એ ત્રણમાં દ્રષ્ટ અથવા અદ્રષ્ટ રૂપથી હાની ન થાય; એટલા માટે એ ત્રીવર્ગના વિષયમાં સમાન દ્રષ્ટિ રાખવી એજ શ્રેષ્ઠ છે. ૫. ૬. હે નૃપ ! જે યોગથી ધર્મમાં બાધ આવે એવા

* ગર્ભાધાનાદ્વેસંસ્કાર કહ્યા પછી આ અગીયારમા અધ્યાયમાં હારને સંતોષ કરવાને માટે સદાચારનું વર્ણન કરવામાં આવશે.

અર્થનો અને કામનો ત્યાગ કરવો. તેમજ જે ધર્મ દુઃખકર અને લોક વિરૂદ્ધ હોય એવા ધર્મનો પણ ત્યાગ કરવો. ૭ હે નરનાથ ! પ્રાતઃકાળમાં ઉઠીને ગામના નૈરૂત્ય ખૂણામાં બાણ જેટલે આઘે દ્રષ્ટિ જાય તેટલી જગ્યાનું અતિ ક્રમણ કરી પોતાને રહેવાના ઠેકાણાથી દૂર મળમૂત્રનો ત્યાગ કરવો. પરંતુ જે સ્થાનમાં મનુષ્યો જા આવ કરતા હોય એવી જગ્યાએ મળમૂત્રનો ત્યાગ ન કરવો. બહાર જવાનું અશક્ય હોય તો પોતાનાં ઘરથી થોડે દૂર મળમૂત્રનો ત્યાગ કરવો. ઘરના આંગણામાં પગ ધોવાનું પાણિ તથા એઠું ઉચ્છિષ્ટ જળ કદી પણ નાખવું નહિં. ૮. ૯. પોતાની, ઘરની તથા વૃક્ષની છાયામાં, તેમજ ગાય, સૂર્ય, અગ્નિ, વાયુ, ગુરુ, અને બ્રાહ્મણ એઓની સામે પંડિત મનુષ્યે પિશાબ કરવો નહિં. ૧૦. હે પુરુષશ્રેષ્ઠ ! હળથી ખેડેલી પૃથ્વીમાં, ધાન્ય વાળા ખેતરમાં, ગૌશાળામાં, લોક સમૂહમાં, રાજ્ય માર્ગ ઉપર, નદી આદિ તીર્થોમાં, જળમાં, તટ ઉપર અથવા સ્મશાનમાં મળમૂત્રનો ત્યાગ કરવો નહિં. ૧૧. હે રાજન્ ! જો કંઇ સંકટ ન હોય તો જ્ઞાની મનુષ્યે દિવસે ઉત્તર તરફ તથા રાત્રીએ દક્ષણ તરફ મુખ રાખી પૃથ્વી ઉપર ઘાસ પાથરી વસ્ત્રથી માથું ઢાંકી મળમૂત્રનો ત્યાગ કરવો. તે ઠેકાણે વધારે વાર બેસી રહેવું નહિં તેમજ કંઈપણ બોલવું નહિં. ૧૩. ૧૪. ત્યારપછી રાફડામાંની, ઉંદરે ખોદેલી, જળમાંની, પ્રથમ શૌચ-વિધિથી અવશેષ રહેલી, ઘરમાં લીપેલી, જીવજંતુ પડયા હોય એવી, હળથી ઉખડેલી મૃત્તિકાનો ત્યાગ કરવો. એ શિવાયની મૃત્તિકાથી હાથપગ ધોવા, કારણકે ઉપર જણાવેલી તમામ મૃત્તિકા શૌચાદિ સાધનમાં ઉક્ત નથી. ૧૫. ૧૬. લીંગને એકવાર, ગુદાને ત્રણવાર, ડાબા હાથને દશવાર, પ્રરીથી બે હાથને સાતવાર મૃત્તિકા લગાડવાથી પવિત્ર થાય છે. ૧૭. એ પ્રમાણે મૃત્તિકા લગાડી ફરીથી મૃત્તિકા લેવી અને તે પોતાના પગ ઉપર લગાડી તે સ્વચ્છ કરવા ત્યારપછી પગ ધોવા, અને સ્વચ્છ દુર્ગંધ વગરનું ફીણ તથા પરપોટા વગરનું નિર્મળ જળ લઇ આચમન કરવું. પછી ત્રણ વખત જળનું આચમન લઇ બેવાર માર્જન કરવું. ૧૮. ૧૯. ત્યારપછી મસ્તક, સઘળી કર્ણઆદિ ઈંદ્રિઓ, બ્રહ્મરંધ્ર, બેહાથ, નાભિ અને હૃદય આદિ સ્થાનોને અનુક્રમથી જળનો સ્પર્શ કરવો. ૨૦. એ પ્રકારે પવિત્ર થઇ આચમન કરી કેશ સાફ કરવા. પછી દર્પણમાં જોઇ નેત્રમાં અંજન કરવું અને દુર્વાઆદિ માંગલીક વસ્તુનો સ્પર્શ કરવો. ૨૧. હે ભૂપતિ! એ કાર્યો થઈ રહ્યા પછી ગ્રહસ્થની જીવીકાને માટે પોતાની જાતિધર્મને અનુસાર દ્રવ્યનું ઉપાર્જન કરવું તથા શ્રદ્ધાપૂર્વક યજ્ઞ પણ કરવા. ૨૨. અગ્નિષ્ટોમાદિ સામસંસ્થા, અગ્ન્યાધેયાદિ હવિઃ સંસ્થા, અષ્ટકાદિ પાકસંસ્થા, એ સઘળા ધર્મકર્મ ધનથીજ થાય છે, એટલા માટે મનુષ્યે દ્રવ્ય ઉપાર્જન કરવામાં અવશ્ય પ્રયત્ન કરવો. ૨૩. ત્યારપછી નિત્ય કર્મ કરવાને માટે નદી, નદ, (ઘરો), તળાવ, દેવખાત, (મનુષ્યની ક્રીયા વગર નીપજેલું તળાવ) અને પર્વતના ઝરણામાંથી

નીકળતા જળમાં સ્નાન કરવાનું શ્રેષ્ઠ કહેલું છે. એના અભાવથી કુવામાંથી જળ બહાર કાઢી પૃથ્વી ઉપર અથવા એ કુવાનું જળ ઘરમાં લાવી સ્નાન કરવું. ૨૪.૨૫. પછી શુદ્ધ વસ્ત્ર ધારણ કરી એકાગ્રચિત્તથી યથાયોગ્ય તીર્થથી દેવ, ઋષિ અને પિતૃનું તર્પણ કરવું. ૨૬. દેવતાઓની તથા ઋષિઓની પ્રીતિને માટે ત્રણવાર અને પ્રજાપતિની પ્રીતિને માટે એકવાર શાસ્ત્રને અનુસરીને જળપ્રદાન કરવું. ૨૭. હે પૃથ્વીનાથ! પિતૃની તૃપ્તિને માટે ત્રણવાર જળ આપવું, પિતામહ, પ્રપિતામહ, માતામહ, પ્રમાતામહ, વૃદ્ધ પ્રમાતામહ, એઓને પિતૃતીર્થથી જળ આપવું. હવે એક બીજું કામ્ય તર્પણ કરવાનું કહું છું તે સાંભળો. ૨૮. ૨૯. પોતાની માતા, પ્રમાતા, વૃદ્ધ માતા, ગુરુ, ગુરુ પત્નિ, માતુલાદિ, મિત્ર, સ્નેહિ અને રાજા, એઓને જળપ્રદાન કરવું. એ પ્રકારે મંત્ર પાઠ કરીને ઇચ્છાપૂર્વક બંધુઓને પણ જળપ્રદાન કરવું. ૩૦. ત્યારપછી સર્વ જીવોના ઉપકારને માટે દેવાદિ તર્પણ કરવું. તેમાં આ પ્રમાણે બોલવું. દેવ, અસુર, યક્ષ, નાગ, ગંધર્વ, રાક્ષસ, પિશાચ, ગુહ્યક, સિદ્ધ, કૂષ્માંડ, વૃક્ષ, પક્ષી, જળજંતુ, પૃથ્વીના કીટાદિ અને પવન આહારી તમામ પ્રાણિગણ મારી આપેલી આ જળની અંજળીથી તૃપ્ત થજો. ૩૧. ૩૩. જે પ્રાણિ નાના પ્રકારના નર્કોમાં યાતના ભોગવે છે તેની તૃપ્તિને માટે હું આ જળ પ્રદાન કરું છું. ૩૪. જે મારા બાંધવો છે અને જે મારા બાંધવો નથી અથવા જે લોક મારા અન્ય જન્મમાં બાંધવો છે, તથા જે લોકો મારાથી જળ પીવાની ઇચ્છા કરે છે, એ સઘળા મારા આપેલા જળથી તૃપ્તિ પામો. ૩૫. હે નૃપ! કામ્યજળ પ્રદાન કર્યા પછી મેં જે જળપ્રદાનની કથા કહી તે જળપ્રદાન કરવાથી તમામ લોક પ્રસન્ન થાય છે. ૩૬. હે પાપરહિત! આ પ્રમાણે જળપ્રદાન કરનાર જગત્ને તૃપ્ત કરવાથી પરમ પુણ્ય પ્રાપ્ત કરે છે. પૂર્વોક્ત વ્યક્તિઓના ઉદ્દેશથી કામ્યોદક જળ આપ્યા પછી શુદ્ધિપૂર્વક આચમન કરી સૂર્યને "**नमोविवस्वते**" ઈત્યાદિમંત્ર ભણીને અંજળી આપવી. ૩૭. વેદના યોગથી પ્રકાશમાન, વિષ્ણુતેજ સ્વરુપ, જગત્ના ઉત્પાદક, કર્મનાપ્રવર્તક અને પવિત્ર જે સવિતા સૂર્યનારાયણ તેને નમસ્કાર કરુછું. (એ મંત્રથી જળની અંજળી આપવી.) ૩૮. ત્યારપછી જળનો અભિષેક તથા પુષ્પ ધુપ, દીપ આદિ નિવેદન કરી ગૃહદેવતાનું તથા ઈષ્ટ દેવનું પૂજન કરવું. ૩૯. ત્યારપછી પ્રોક્ષણ પૂર્વક અગ્નિ હોત્ર કરી પ્રથમ બ્રહ્માને, પછી પ્રજાપતિને, યત્ન પૂર્વક આહુતિ આપવી, ત્યારપછી ગ્રહદેવતાને, કશ્યપને અને અનુમતિને અનુક્રમથી આહૂતિ આપવી. પછી તેમાંથી અવશેષ રહેલા હોમ દ્રવ્યને તળાવની સમીપ જઇ જળને તથા મેઘને ઉદ્દેશીને આહૂતિ અપર્ણ કરવી. ૪૦. ૪૧. હે પુરૂશ્રેષ્ઠ! દ્વારના બે દેવતા ધાતા અને વિધાતાને ઉદ્દેશીને તથા મધ્યસ્થાનમાં બ્રહ્માને આહૂતિ આપવી. હવે દિક્પાળોની પૂજનો વિધિ કહુંછું તે શ્રવણકરો. ૪૨. ઘરના પૂર્વમાં ઈંદ્ર, દક્ષિણે યમરાજા,

પશ્ચિમે વરુણ અને ઉત્તરમાં ચંદ્રમાને હોમથી શેષ રહેલું બલિદાન આપવું. ૪૩. પૂર્વ તથા ઉત્તર દિશામાં ધન્વંતરીને તથા વૈશ્વદેવને બલિ પ્રદાન કરવું. હે રાજન્! વાવ્ય ખૂણામાં વાયુને, તથા સઘળી દિશાઓમાં તેતે દિશાઓના નામથી (અગ્નિ ખૂણામાં અગ્નિને, નૈરૂત્યમાં નિરૂતાધિપતિને, અને ઇશાનમાં મહારુદ્રને) બલિદાન આપવું. ત્યાર પછી મધ્યમાગમાં બ્રહ્માને અને અંતરિક્ષમાં સૂર્યને બલિદાન આપવું. ૪૪. ૪૫. ત્યાર પછી ઉત્તરે વિશ્વદેવગણ, વિશ્વભૂતગણ, રાજાઓ, પિતૃઓ અને યક્ષ્માઓને ઉદ્દેશીને બલિદાન આપવું. ૪૬. ત્યારપછી જ્ઞાનિ પુરુષે પોતાની ઈચ્છા પ્રમાણે બાંજું અન્ન લઈ એકાગ્ર ચિત્તથી તમામ પ્રાણીઓને બલિદાન આપવું- ૪૭. એ બલિ આપતી વખતે આ મંત્રનો ઉચ્ચાર કરવો દેવ, મનુષ્ય, પશુ, પક્ષી, સિદ્ધ, યક્ષ, સર્પ, દૈત્ય પ્રેત, પિશાચ, દરેક વૃક્ષો, પિપિલિકા, (કીડી) કીટક, પતંગ, વિગેરે કર્મ બંધનથી બંધાયેલા જે કોઇ મારા અન્નની ઇચ્છા કરતા હોય તે ઓને હું જે આ અન્ન આપું છું તેનાથી સઘળા તૃપ્ત થઇ સુખી થજો. ૪૮. ૪૯. જેને માતા, પિતા તથા બંધુઓ નથી, તથા જેને પાક બનાવવાનું તથા અન્નનું સાધન નથી તેની તૃપ્તિને માટે પૃથ્વીમાં અન્નપ્રદાન કર્યું છે તેથી એ લોકો તે અન્નથી તૃપ્ત થઇ હર્ષ પામજો. ૫૦ સર્વ પ્રાણિમાત્ર, હું તથા આ અન્ન એ સર્વ શ્રીવિષ્ણુ સ્વરુપ છે, કેમકે વિષ્ણુ શિવાય બીજું કંઈ નથી, માટે સર્વ પ્રાણિ મારાથી જુદા નથી, હું સંપૂર્ણ જીવ સ્વરુપછું. એટલા માટે મેં સર્વ પ્રાણિઓનિ તૃપ્તિને માટે અન્ન પ્રદાન કર્યું છે. ૫૧. આ વિશ્વમાં ચૌદ પ્રકારના પ્રાણિઓના મધ્યમાં અવાંતર પ્રાણિઓનિ તૃપ્તિને માટે હું અન્ન પ્રદાન કરૂંછું; તેથી તેઓ આનંદ પામો. ૫૨. ગ્રહસ્થે આ પ્રમાણે બોલી પ્રાણિઓની સહાયને માટે શ્રદ્ધા પૂર્વક પૃથ્વી ઉપર અન્ન સમર્પણ કરવું. કારણકે ગ્રહસ્થાશ્રમી સર્વના આશ્રયભૂત છે. ૫૩. ત્યારપછી શ્વાન, ચાંડાળ પક્ષી, (કાગડા) પતિત અથવા અપાત્ર મનુષ્યોની તૃપ્તિને માટે પૃથ્વી ઉપર અન્ન પ્રદાન કરવું. ૫૪. પછી ગોદોહન કાળ સુધી અતિથિની વાટ જોતાં પોતાના દ્વારમાં ઉભા રહેવું. અથવા ઇચ્છાનુસાર એક ઘટીકા સુધી ઉભા રહેવું. ૫૫. જો અતિથી મળેતો તેનો સત્કાર કરવો તથા પાદ પ્રક્ષાલન વિગેરે કરી સન્માન કરવું. તેને શ્રદ્ધા પૂર્વક અન્નદાન આપી. પ્રિય પ્રશ્નના પ્રિય ઉત્તર આપી તેને પ્રસન્ન કરવો. અને તે જવાને તૈયાર થાય ત્યારે તેને થોડે સુધી વળાવી તેને સંતોષ પમાડવો. ૫૬. ૫૭. જેના કુળની તથા નામની ખબર નથી, જે અન્ય દેશથી આવ્યા હોય એવા અતિથિની પૂજા કરવી; પરંતુ એકગામના અતિથિનો હમ્મેશ સત્કાર કરવો નહિં ૫૮. જેની સાથે કંઈપણ સંબંધ ન હોય, જેની પાસે દ્રવ્ય તથા પાંથેય વસ્તુ નથી, એવા ભોજનની ઇચ્છાવાળા અતિથિનો સત્કાર કર્યા વગર ગૃહસ્થ જો એકલોજ ભોજન કરે, તો તે નરક ગામી થાય છે. ૫૯. માટે ગૃહસ્થ પુરૂષે અ-

તિથિને ગોત્ર, શાખા, કુળ, વિદ્યા આદિ વિષય પુછી તેને વિષ્ણુ સ્વરુપ સમજી ઉત્તમ પ્રકારે સત્કાર કરવો. ૬૦. ત્યાર પછી પિતૃઓની તૃપ્તિને માટે પંચમહાયજ્ઞ કરવા અને પોતાના દેશનો જેના કુળની તથા આચારની ખબર હોય એવા એક બ્રાહ્મણને પિતૃના ઉદ્દેશથી જમાડવો. ૬૧. હેરાજન્! 'હુંત૦' એ મંત્રવડે જુદું રાખેલું અન્ન તેને અભિમંત્રિત કરી હુંતકાર પૂર્વક વેદ જાણનાર બ્રાહ્મણને તે અન્ન અર્પણ કરવું. ગ્રહસ્થ પુરૂષે એમ ત્રણ પ્રકારની ભીક્ષા આપી જો પોતે ઐશ્વર્ય સંપન્ન હોય તો સ્વશ્રદ્ધાનુસાર સંન્યાસિને અને બ્રહ્મચારીને અન્ન પ્રદાન કરવું. ૬૨. ૬૩. હમણા કહેલા ત્રણ પ્રકારના અતિથી અને આગળનો એક એવાચાર અતિથિઓનો સત્કાર કરનાર ગ્રહસ્થ નૃયજ્ઞરુપ ઋણથી મુક્ત થાય છે. ૬૪. જેને ઘેરથી અતિથિ નિરાશ થઇને પાછો જાય છે તે ગ્રહસ્વામી અતિથિના સઘળા પાપોને ગ્રહણ કરે છે અને અતિથિ તેના સંચિત પુણ્ય કર્મ હરણ કરી ચાલ્યો જાય છે. માટે અતિથિને કદી નિરાશ જવા દેવો નહિં. ૬૫. હેનરનાથ! ધાતા, પ્રજાપ્રતિ, ઇંદ્ર, અગ્નિ, સૂર્ય, વસુગણ અને અર્યમા આદિ દેવતાઓ અતિથિના શરીરમાં પ્રવેશ કરી ભોજન કરે છે. ૬૬. એટલા માટે મનુષ્યે અતિથિનો સત્કાર કરવામાં ચત્નશીળ થવું. અતિથિવગર એકલો ભોજન કરનાર પુરૂષ કેવળ પાપનુંજ ભોજન કર છે. ૬૭. અતિથિને ભોજન કરાવ્યા પછી ગ્રહસ્થે સુવાસિની ગર્ભિણીસ્ત્રી, દુઃખી, બાલક અને વૃદ્ધ આદિને ઉત્તમ પ્રકારના અન્નથી ભોજન કરાવી પછી પોતે ભોજન કરવું. ૬૮. એ સઘળાઓને ભોજન કરાવ્યા વગર ગ્રહસ્થ પુરુષ જો પ્રથમ ભોજન કરે છે તે આ લોકમાં પાપનો ભોગી થઇ અંતેનર્કમાં જાય છે, અને ત્યાં કફ ભક્ષણ કરનાર થાય છે. ૬૯. જે મનુષ્ય સ્નાનકર્યા વગર ભોજન કરે છે; તે મળ ભક્ષણ કરનાર થાય છે. ગાયત્રિ આદિનો જપ કર્યાવગર ભોજન કરનાર રુધિર તથા પરુનું ભક્ષણ કરનાર થાય છે. વૈશ્વ દેવાદિ સંસ્કારથી રહિત અન્નનું ભક્ષણ કરનાર મૂત્રપાન કરનારો થાય છે. જે પુરુષ બાળક તથા વૃદ્ધને ભોજન કરાવ્યા વગર જમે છે તે વિષ્ટા ખાનાર થાય છે. ૭૦–૭૧. હેરાજેંદ્ર! જે પ્રકારે ગ્રહસ્થોને ભોજન કરવાનું યોગ્ય હોય; જેવા ભોજન કરવાથી પાપ ન થાય, તે મારાથી સાંભળો. ૭૨. આગળ કહેનારી વિધિને અનુસરી ભોજન કરવાથી આ લોકમાં અધિક આરોગ્યતા, બળનીવૃદ્ધિ અનિષ્ટની શાંતિ અને શત્રુ પક્ષનો નાશ થાય છે. ૭૩. ગ્રહસ્થ પુરૂષે સ્નાન કર્યા પછી દેવ, ઋષિ અને પિતૃઓનુ તર્પણકરી જપ હોમ આદિ કર્યા પછી પવિત્ર ધૌતવસ્ત્ર ધારણકરી, બીજું એક ઉપવસ્ત્ર ખાંધ ઉપરનાંખી, હાથ, પગ અને મુખની શુદ્ધિ કરી, શ્રેષ્ટ રત્નયુકત વીંટી હાથમાં પહેરી અતિથી, બ્રાહ્મણ ગુરુ તથા આશ્રિત પુરૂષોને ભોજન કરાવી, પવીત્ર સુગંધી વસ્તુ અને ઉત્તમ પ્રકારની માળા ધારણકરી પ્રીતિયુકત પ્રસન્ન મુખથી પૂર્વ અથવા ઉત્ત-

રાખિ મુખે બેસી એકાગ્ર મનથી ભોજન કરવું. ૭૪–૭૬. ભોજન કરવાનું અન્ન ઉત્તમ પ્રકારનું, પથ્ય અને પ્રોક્ષણાદિકથી પ્રોક્ષણ થયેલું હોવું જોઇએ. જે અન્ન નીચ પુરૂષ દ્વારા આવ્યું હોય, કદર્ય, (કંજુસથી આણેલું) તથા પ્રોક્ષણ કર્યા વગરનું હોય તે જમવું નહિં. ૭૭ હે નૃપ ! ગ્રહસ્થે શિષ્ટને તથા ક્ષુધિતને અન્નદાન કરી શાંતતાથી, ક્રોધનો ત્યાગ કરી. મોટાં અને પવિત્ર પાત્રમાં ભોજન કરવું. ૭૮. કાષ્ટના ત્રણ બાજઠ ઉપર રહેલા પાત્રમાં, અયોગ્યસ્થાનમાં, ઘણા માણસની ભીડમાં અને અકાળે (સંધ્યાકાળ આદિ સમયે) ભોજન કરવું નહિ. અન્નનો અગ્રભાગ અગ્નિમાં નાખ્યા વગર પણ ભોજન કરવું ઉચિત નથી. ૭૯. હે રાજન્ ! ઉત્તમ પ્રકારના અન્નને મંત્રથી અભિમંત્રિત કરવું. વાસી અન્ન ખાવું નહિં. ફળ, માંસ અને શાક સુકાયલાં અભોજ્ય છે, અપક્વ ફળનું ચાટણ, તથા ગોળમાં બનાવેલી વાસી ચીજો, જેમાંથી સાર કાઢી લીધો હોય તેવા પદાર્થો વિગેરે ભોજનમાં ઉપયોગી નથી. ૮૦–૮૧. હે રાજન્ ! વિવેકી પુરૂષે મધુ, ભાત, દહીં, ઘી, દુધ, આદિ પદાર્થો શિવાય અન્યપદાર્થો શેષ ભાગ કાઢયા વગર ભક્ષણ ન કરવા. અન્ન તરફ લક્ષ રાખી એકાગ્ર મનથી ભોજન કરવું. પ્રથમ મધુર, મધ્યમાં ખારૂં; ખાટું અને છેવટે તીખું; કડવું એવા રસનું ભક્ષણ કરવું. ૮૨–૮૩. જે પુરુષ પ્રથમ દ્રવ પદાર્થ મધ્યમાં કઠણ પદાર્થ અને છેવટે પાછો દ્રવ પદાર્થ જમે છે તેનું બળ તથા આરોગ્ય નાશ પામતું નથી. ૮૪. એ પ્રમાણે અનિંદક અન્ન પ્રાણઆદિ પંચ વાયુની તૃપ્તિને માટે ભોજન કરતી વખતે મહા મૌન્ય (હુંકારઆદિ પણ ન કરવા) ધારણકરી પ્રથમ પાંચ ગ્રાસ ખાવા. ભોજન કરતી વખતે બીલકુલ બોલવું નહિં તેમજ અન્નની નીંદા ન કરતાં તેની સ્તુતિ કરવી. ૮૫. એ પ્રકારે ભોજન કર્યા પછી આચમન કરી પૂર્વ અથવા ઉત્તરાભિમુખ બેસી વિધિપૂર્વક કોણી સુધી બંને હાથ ધોઇ ફરી આચમન કરવું. ૮૬. પછી આસન ઉપર સ્વસ્થ બેસી અંતઃકરણને શાંતકરી ઇષ્ટદેવનું સ્મરણ કરવું; અને આ મંત્ર બોલવો કે વાયુથી પ્રેરણા કરાયલો અગ્નિ ઉદર રુપ આકાશે સ્થાન આપેલા અન્નને પાચન કરી શરીરમાનાં પાર્થિવ ધાતુનું પોષણ કરી મને સુખ આપો. ૮૭. ૮૮. આ અન્નથી મારા શરીરમાં રહેલા પૃથ્વી, જળ, તેજ, વાયુ આદિની શક્તિ વૃધ્ધિ પામો અને એ અન્ન પાચન થઈ એ ધાતુ ચતુષ્ટય રૂપથી પરિણામને પામી મને અકુંઠીત સુખ આપો. ૮૯. એ અન્ન પ્રાણ, અપાન, ઉદાન, સમાન અને વ્યાન એ પંચ પ્રાણોને પુષ્ટિરુપ થઇ મને વ્યાધાત રહિત સુખ આપો. ૯૦. મેં જે ભોજન કર્યું છે તે અગસ્તિ, અગ્નિ અને વડવાનલ, દ્વારા પરિપૂર્ણ રિતે જીર્ણ થાઓ અને મને સંપૂર્ણ સુખી તથા રોગ રહિત કરો. ૯૧. અદ્વિતીય શ્રીવિષ્ણુ ભગવાનને સર્વ ઈંદ્રિઓ, દેહ અને આત્માથી શ્રેષ્ઠ જાણી હું તેની ઉપાસના કરું છું એ મારી સત્ય ઉપાસનાના બળથી મેં ભક્ષણ કરેલા અનેક

પ્રકારના અન્નને પાચનકરી મને આરોગ્યતા તથા સુખ આપજો. ૯૨. વિષ્ણુભોક્તા છે, અન્ન વિષ્ણુનું પરિણામ છે, એવી ભાવનામય સત્ય ઉપાસનાના યોગથી મારું જમેલું અન્ન પાચન થાઓ. ૯૩. એ પ્રમાણે બોલી ઉદર ઉપર હાથ ફેરવી આળસનો ત્યાગ કરી થોડા પરિશ્રમથી સિદ્ધથાય તેવા કાર્યોમાં પ્રવૃત્તથવું. અને અવશેષ રહેલો દિવસ સન્માર્ગને બાધ ન આવે એમ સત્ શાસ્ત્ર આદિના વિનોદથી વ્યત્તિત કરવો. ત્યાર પછી સંધ્યાકાળ સમયે એકાગ્ર અંતઃકરણથી સંધ્યોપાસનામાં તત્પર થવું. ૯૪. ૯૫. હે નૃપ! નક્ષત્ર હોય તે વખતે પ્રાતઃસંધ્યા અને સૂર્ય અર્ધ અસ્ત થયો હોય તે વખતે સાયંસંધ્યા કરવી. સંધ્યોપાસના કરતી વખતે વિધિ પૂર્વક શાસ્ત્રાનુસાર આચમન વિગેરે કરવાં. ૯૬. હે રાજન્! વૃદ્ધાશૌચ, મૃતાશૌચ, બેશુદ્ધપણું, રોગ, અને ભય આદિ વગર હમ્મેશ સંધ્યોપાસનાદિ કર્મ કરવાં. ૯૭. જે પુરૂષ રોગાદિ વગર સૂર્યના ઉદય વખતે અને અસ્ત વખતે શયન કરે છે તે મહા પાતકી થાય છે. ૯૮. હે પૃથ્વીનાથ! એટલા માટે ગ્રહસ્થે સૂર્યોદય પહેલાં ઉઠી સંધ્યાવંદન કરવું અને સૂર્ય અસ્ત થતી વખતે સંધ્યાકાળમાં પણ નિંદ્રાનો ત્યાગ કરી સંધ્યોપાસના કરવી. ૯૯. હે નૃપ! જે દુષ્ટ પુરૂષ પ્રાતઃસંધ્યા અને સાયંસંધ્યા કરતો નથી તે અંધતામિસ્ત્ર નામના નરકમાં જાય છે. ૧૦૦. હે રાજન્! સંધ્યાસમયે ગ્રહસ્થ પત્નિએ તૈયાર કરેલા અન્નને લઇ વૈશ્વ દેવને માટે મંત્ર વગર બલીદાન આપવા. અને તે સમયે પણ ચાંડાળ આદિને અન્નદાન આપવું. જો સાયંકાળમાં અતિથિ આવ્યો હોય તો તેને પણ પોતાની શકિત પ્રમાણે અન્નદાન આપી સત્કાર કરવો યોગ્ય છે. ૧. ૨. અતિથિને પ્રથમ પાદ પ્રક્ષાલનને માટે જળ આપી તથા આસન વિગેરે આપી નમ્રતાપૂર્વક કુશળ સમાચાર પુછી અન્નદાન, શૈયાદાન આદિથી તેનો યોગ્ય સત્કાર કરવો. ૩. હે રાજન્! દિવસે અતિથિ વિમુખ થઇ પાછો જવાથી જે પાપ લાગે છે તેના કરતાં સંધ્યાકાળે પાછો જવાથી આઠગણું પાપ વધારે લાગે છે. ૪. હે રાજેંદ્ર! એટલા માટે સૂર્યાસ્ત પછી આવેલા અતિથિની આદરપૂર્વક પૂજા કરવી. રાત્રીએ અતિથિનો સત્કાર કરવાથી સઘળા દેવતાઓનું પૂજન કર્યા બરાબર ફળ થાય છે માટે અન્ન, શાક, જળ આદિ આપી તથા સૂવાને માટે શૈયા, બીછાનું અથવા જગ્યા વિગેરે આપી અતિથીને પ્રસન્ન કરવો. ૫. ૬. હે રાજન? ત્યાર પછી ગૃહસ્થ પુરૂષે હાથ પગ ધોઇ સાયંકાળનું ભોજન કરવું. તદનંત છીદ્રરહિત, ભાંગ્યા વગરનો હાથીદાંતના તથા તેનાઅભાવથી લાકડાના પલંગ ઉપર શયન કરવાને માટે જવું. ૭. એ સુવાનો પલંગ, બહુ મોટો, તુટેલો, વાંકા ચુંકા, મેલો, માકડ ચાંચડ આદિથી યુક્ત, ટુંકો, વગેરે દોષવાળો ન હોવો જોઇએ; પરંતુ સ્વચ્છ અને દરેક રીતે યોગ્ય એવી શૈયા ઉપર શયન કરવું. સુતી વખતે પૂર્વમાં અથવા દક્ષણમાં માથું રાખવું યોગ્ય છે પણ પશ્ચિમમાં અને ઉત્તરમાં મસ્તક રાખી સુવાથી

રોગ ઉત્પન્ન થાય છે. ૮. ૯. હે પૃથ્વીનાથ! ઋતુકાળમાં, પુરૂષનક્ષત્રમાં, શુભકાળમાં અને ઉત્તરોતર શુભ એવી યુગ્મરાત્રીમાં પોતાની સ્ત્રી સાથે ગમન કરવું યોગ્ય છે. ૧૦. ઋતુસ્નાન ન કર્યું હોય, રોગી, રજસ્વળા, અકામા, ક્રોધી, અનુચિત, ગર્ભિણી, પ્રતિકૂળ રહેનારી, બીજાની ઈચ્છા કરનારી, રતિની ઇચ્છાવગરની, પરસ્ત્રી, ક્ષુધાથી પીડાતી, અતિશય ભોજન કરનારી અને જેણે ઘણું ભોજન કર્યું હોય એવી સ્ત્રી સાથે ગમન કરવું નહીં. ૧૧. ૧૨. ગ્રહસ્થપુરૂષે સ્નાન કરી માળા તથા સુગંધી વસ્તુ ધારણ કરી પ્રસન્ન મનવાળા, સકામ અને પ્રીતિયુક્ત થઇ સ્વ સ્ત્રી સાથે ગમન કરવું. ભુખ્યા અથવા ચિંતાતુર હોય તે વખતે સ્ત્રીગમન કરવું યોગ્ય નથી. ૧૩. હે રાજેંદ્ર! ચતુર્દશી, અષ્ટમી, અમાવાશ્યા, પૌર્ણિમા અને જે દિવસે સંક્રાંતિ બદલાતી હોય તે દિવસ અથવા શાસ્ત્રમાં કહ્યા હોય તે પર્વના દિવસો કહેવાય છે. ૧૪. જે પુરૂષ એ પર્વ દિવસોમાં તેલ લગાડે છે, માંસ ખાય છે અને સ્ત્રી ગમન કરે છે તે વિણ્મૂત્ર નામના નર્કમાં જાય છે. ૧૫. જ્ઞાની પુરૂષે એ પર્વના દિવસોમાં જીતેંદ્રિય થઇ સત્શાસ્ત્રની ચર્ચા, દેવપૂજા, યજ્ઞ, ધ્યાન અને જપ કરવા. ૧૬. પશુયોની, અયોની, બ્રાહ્મણ અથવા ગુરૂના સ્થાનમાં, દેવાલયમાં તથા વાજીકરણાદિ ઔષધ લઇને મૈથુન કરવું નહીં. ૧૭. હે મહીપતિ! ગામના મોટા વૃક્ષની નીચે, આંગણામાં, નદીના તટ ઉપર, ચકલા ઉપર, તીર્થ, ગૌશાળા, સ્મશાન, જળ, ઉપવન, ઉપર કહેલા પર્વ દિવસોમાં, સૂર્યોદય તથા સૂર્યાસ્તની સંધિમાં અને મળમૂત્રના વેગને અટકાવી જ્ઞાની પુરૂષે સ્ત્રીસંભોગ કરવો યોગ્ય નથી. ૧૮. ૧૯. પર્વના દિવસોમાં સ્ત્રીગમન કરવાથી ધનહાની થાય છે. દિવસે સ્ત્રીગમન કરવાથી મોટું પાપ થાય છે. પૃથ્વી ઉપર સ્ત્રીગમન કરવાથી કીર્તિ નાશ પામે છે અને જળાશયમાં સ્ત્રી ગમન કરવાથી પોતાનું અકલ્યાણ થાય છે. વાણી તથા મનથી પણ કદી પરસ્ત્રી સંબંધી વીચાર કરવો નહીં કારણ કે પરસ્ત્રી ગમનથી અન્ય જન્મમાં જેના શરીરમાં બીલકુલ હાડકાં નથી એવા અસ્થિવિહીન પ્રાણી થાય છે. ૧૨૦. ૧૨૧. પરસ્ત્રીનું સેવન કરનાર મનુષ્યનું આયુષ્ય ક્ષીણ થાય છે મરણ પામ્યા પછી નરકમાં જાય છે અને દરેક જન્મમાં થોડું થોડું આયુષ્ય ભોગવી દુઃખી થયા કરે છે, અર્થાત્ પરસ્ત્રીની ઇચ્છાવાળા મનુષ્યો આલોક અને પરલોક બન્નેમાં દુઃખ પામે છે. એપ્રમાણે જાણી જ્ઞાની પુરૂષે સઘળો વિચાર કરી પૂર્વે કહેલા દોષોથી રહિત સકામા એવી પોતાની સ્ત્રી સાથે ઋતુકાળમાં અથવા અન્ય સમય ઇચ્છાનુસાર ગમન કરવું. ૧૨૨. ૧૨૩.

इति मत्वा स्वदारेषु ऋतुमत्सु नरो व्रजेत् ॥
यथोक्तदोषहीनेषु सकामेष्वनृतावपि ॥ १२३ ॥

ઇતિ શ્રી વિષ્ણુપુરાણે તૃતીય અંશે એકાદશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૧૨ મો.

ઔર્વ ઉવાચ ॥ દેવગોબ્રાહ્મણાન્સિદ્ધ વૃદ્ધાચાર્યાસ્તથાર્ચયેત્ ॥
દ્વિકાલં ચ નમેત્સંધ્યામગ્નીનુપચરેત્તથા ॥ ૧ ॥

ઔર્વ કહેછે—ગ્રહસ્થે પ્રતિદિન દેવ, ગાય, બ્રાહ્મણ, સિદ્ધ પુરુષ, વૃદ્ધ, અને ગુરૂ વિગેરેનું પૂજન કરવું. તથા પ્રાતઃકાળમાં અને સાયંકાળમાં સંધ્યાવંદન કરવું. અને અગ્નિની સેવા કરવી. ૧. નિરંતર ગૃહસ્થે સાવધાન થઇને સ્વચ્છ બે વસ્ત્ર દુવ્વાદિ પવિત્ર ઔષધિ, અને સારા રત્નમય આભૂષણ પ્રયત્ન પૂર્વક ધારણ કરવાં. ૨. કેશને તેલથી સ્નીગ્ધ તથા સ્વચ્છ રાખવા, સુગંધયુકત મનોહર પોષાક અને સુંદર શ્વેત પુષ્પ ધારણ કરવાં ૩. કીંચિત્ માત્ર પણ પરદ્રવ્ય હરણ કરવું નહીં. જરાપણ અપ્રિય વચન તથા મિથ્યા પ્રિય વચન બોલવું નહીં. તેમજ પારકો દોષ કાઢવો નહિં. ૪. હે પુરુષેશ્વર! બીજાની સંપત્તિ જોઈ તેમાં લોભ ન કરવો તથા કોઇની સાથે શત્રુતા પણ કરવી નહીં. નીંદિતવાહન ઉપર બેસવું નહીં. નદીના તટની છાયાનો આશ્રય ન લેવો. ૫. પંડિતનો દ્વેષિ, મહાપાતકી, ઉન્મત્ત, ઘણા શત્રુથી યુકત નઠારા દેશમાં રહેનાર મનુષ્ય, વેશ્યા, વેશ્યાનું પોષણ કરનાર, હલકો, (થોડા લાભથી ગર્વ કરનાર) ખોટું બોલનાર, અતીશય ખર્ચ કરનાર, પારકી નિંદા કરનાર અને શઠની સાથે સૂજ્ઞ મનુષ્યે મૈત્રી કરવી નહીં, તથા તેઓના માર્ગનું પણ ગ્રહણ કરવું નહિં. ૬. ૭. હે રાજન્! જોરથી પાણી વહેતું હોય એવી નદી આદિમાં પોતે પ્રથમ પ્રવેશ કરવો નહિં. બળતા ઘરમાં ન જવું, વૃક્ષની ઉપર ન ચઢવું, દાંત સાથે દાંત ઘસવા નહીં, વારંવાર નાક ખંજવાળવું નહીં, મોં પહોળું કરી બગાસું ન ખાવું, મોં ઢાંકયા વગર ખાંસી ખાવી નહિં, શ્વાસોશ્વાસનો અવરોધ ન કરવો, ઉંચે સ્વરે હસવું નહીં, જોરથી અધોવાયુને છોડવો નહિં, નખથી વાદ્ય ન કરવું તથા હાથથી અને દાંતથી નખને તોડવા નહીં, નખથી પૃથ્વી ઉપર રેખા ન કરવી, મુછના વાળ મોંમા ન જવા દેવા, માટીના ઢેફાં ભાંગી બેસવું નહીં. હે પ્રભુ! અપવિત્ર થઈને સૂર્યાદિ જયોતિ પદાર્થ તથા બ્રાહ્મણાદિ શિષ્ટ પુરુષોના દર્શન કરવાં નહીં. ૮. ૧૧. નગ્ન સ્ત્રી, તથા ઉદય, અસ્ત થતા સૂર્યનું અવલોકન કરવું નહીં, પ્રેત જોઇને તથા તેની ગંધ જોઈ તેની નિંદા ન કરવી; કારણકે પ્રેતગંધ સોમનો અંશ છે. ૧૨. રાત્રીએ એકલો, આંગણું, વૃક્ષ, સ્મશાન, ઉપવન અને દુષ્ટ સ્ત્રીના સંબંધનો નિરંતર ત્યાગ કરવો. તેમજ સૂજ્ઞ જનોએ પૂજ્ય પુરુષ, દેવતા, ધ્વજા, અને તેજસ્વી પદાર્થની છાયાનું ઉલ્લંઘન કરવું નહીં, સૂના ઘરમાં ન રહેવુ તથા એકલાએ નિર્જન

* બ્રાહ્મ મૂહુર્ત્તથી આરંભ કરી મધ્યરાત્રી પર્યંત સદાચારનું વર્ણન કર્યું. હવે આ બારમા અધ્યાયમાં ત્રીવર્ગ પરાયણ ગ્રહસ્થાશ્રમીઓના સદ્ધર્મનું વર્ણન કરવામાં આવશે.

અરણ્યમાં જવું નહીં, કેશ, હાડકાં, કાંટા, અપવિત્ર પદાર્થ, અગ્નિ, ભસ્મ, છીંલ અને નહાવાના જળથી ભીંજએલી પૃથ્વી એઓનો દૂરથી ત્યાગ કરવો. અનાર્ય માણસને ભરોસે રહેવું નહિં, કુટીલનો સંગ ન કરવો, હિંસક પ્રાણિઓ તથા વિષવાળા જંતુઓ પાસે જવું નહિં અથવા ઘણીવાર ત્યાં ઉભા ન રહેવું, ઘણું સુવું નહીં, ઘણું જાગવું નહીં, તથા વારંવાર નહાવું નહીં, ઘણીવાર સુધી શૈયામાં પડી ન રહેવું, ઘણીવાર બેસી ન રહેવું, ઘણીવાર સુધી ઉભા ન રહેવું, અતીશય સ્ત્રી સંભોગ કરવો નહીં, અને ઘણો પરિશ્રમ કરવો નહીં. ૧૩. ૧૭. હે રાજેંદ્ર! બુદ્ધિમાન પુરુષે દાંતવાળા તથા શીંગડાવાળા જનવરો પાસે જવું નહિં, સામો પવન, તથા સામો તડકો એઓનો પરિત્યાગ કરવો, ૧૮. નગ્ન થઇ સ્નાન ન કરવું, નગ્ન સુવું નહિં, કાછડી છુટી મુકી આચમન કરવું નહિં. હોમ, દેવ પૂજા આદિ કાર્ય, આચમન, પુણ્યાહવાચન અને જપ વિગેરે એક વસ્ત્ર ધારણ કરી કરવું યોગ્ય નથી, કુટીલ મનુષ્યોની સાથે કદી એકઠા રહેવું નહીં. અર્ધક્ષણ પણ સાધુનો સત્સંગ અતિ ઉત્તમ છે, જ્ઞાની પુરૂષે ઉત્તમ વા અધમ મનુષ્યો સાથે વિરોધ ન કરવો. વિવાહ અને વિવાદ પોતાના બરોબરીયા સાથે કરવો યોગ્ય છે. ૧૯. ૨૨. યોગ્યતો એજ છે કે જ્ઞાની પુરુષે કોઈની સાથે કજીયો કરવો નહીં, વગર કામની શત્રુતા ન કરવી, થોડી હાની થઈ હોય તે પણ સહન કરવી, પરંતુ કોઈની સાથે શત્રુતા કરી દ્રવ્ય લાભ મેળવવો ઉચિત નથી. જે વસ્ત્ર પહેરી સ્નાન કર્યું હોય તે વસ્ત્રથી, હાથથી, તથા સ્નાન કર્યા પછી પેહેરવાના વસ્ત્રથી શરીર લુછવું નહીં, કેશ ઝાટકવા નહીં, ઉભા ઉભા આચમન કરવું નહી. ૨૩. ૨૪. પગ ઉપર પગ ચઢાવી બેસવું નહીં. પૂજ્ય પુરુષની પાસે પગ પહોળા કરી બેસવું નહિં વીનય સંપન્ન પુરુષે ગુરુજનની સમીપ વીરાસન (ભીંત વીગેરે અઘેલી બેસવું તે) કરી બેસવું નહી. ૨૫. દેવાલય, આંગણું, માંગલીક પદાર્થ અને પૂજ્ય વ્યક્તિને ડાબી બાજુ રાખી જવું નહીં. એ શિવાયની વસ્તુઓને તથા વ્યક્તિઓને જમણી બાજુ રાખી ન જવું. ૨૬. વિદ્વાન પુરૂષે ચંદ્ર, અગ્નિ, સૂર્ય, જળ, વાયુ, અને પૂજ્ય પુરુષ, એઓની સામે થુંકવું નહીં તથા મુત્રવિષ્ટાનો પરિત્યાગ ન કરવો, ઉભા રહી પિશાબ ન કરવો, માર્ગમાં પીશાબ ન કરવો, કફ, વિષ્ટા, મૂત્ર અને રુધિર વગેરેને ઓળંગવાં નહીં. જમતી વખતે, દેવ પૂજા કરતી વખતે, માંગલીક કાર્યમાં, જપ તથા હોમ કરતી વખતે અને શિષ્ટ પુરુષોની પાસે નાકમાંથી શ્લેષ્મ કાઢવું નહીં અને છીંક પણ ખાવી નહીં. સ્ત્રીનું અપમાન ન કરવું તેમજ સ્ત્રીનો વિશ્વાસ પણ કદી કરવો નહીં. સ્ત્રીની ઇર્ષા તથા તેની સાથે અસહનશીળપણે વરતવું નહીં તેમજ સ્ત્રીને મોટો અધિકાર પણ સોંપવો નહીં, સ્ત્રી વિદ્વાન હોય છતાં તેને સ્વતંત્રતાથી વરતવા દેવી નહીં. ૨૭. ૩૦. હે રાજા! સદાચાર સંપન્ન પુરુષે માંગલીકવસ્તુ, પુષ્પ, રત્ન, ઘી, અને વડીલ પુરૂષોને નમસ્કાર

કર્યા વગર બહાર જવું નહીં. દેવનાચૌરાને નમસ્કાર કરવા, યથા સમયમાં વખતોવખત હોમ કરવા. ગરીબ લોકોનો ઉદ્ધાર કરવો, વિદ્વાન પુરૂષનું સન્માન કરવું, સાધુ તથા બહુશ્રુતનો સહવાસ કરવો. જે મનુષ્ય દેવઋષિનું પૂજન, પિતૃઓનું શ્રાદ્ધ તર્પણ અને અતિથિયોનો સત્કાર કરે છે તે ઉત્તમલોકમાં ગમન કરે છે; અર્થાત્ તેને સ્વર્ગાદિલોકની પ્રાપ્તિ થાય છે. ૩૧. ૩૩. હે નૃપ! જે પુરૂષ જીતેંદ્રિય થઇ સમયાનુસાર સત્ય, પ્રિય અને કલ્યાણકારક વચન બોલે છે તે અંતકાળમાં આનંદજનક શ્રેષ્ઠ લોકમાં જાય છે. ૩૪. જે બુદ્ધિમાન્, શરમાળ, સહનશીળ, આસ્તિક અને વિનયવાળો હોય છે; તે વિદ્યાવૃદ્ધ ને યોગ્ય એવા ઉત્તમ લોકમાં જાય છે. ૩૫. સૂર્યગ્રહણ તથા ચંદ્રગ્રહણના સમયમાં પર્વનાદિવસોમાં, આશૌચ વખતે, અકાળમાં અને મેઘગર્જના વખતે વિદ્યાભ્યાસ કરવો નહીં. ૩૬. જે સત્પુરૂષ મત્સર રહિત, ક્રોધિના ક્રોપને શાંત કરનાર, સર્વ સાથે બંધુભાવ રાખનાર, અને ભય પામેલાને ધીરજ આપે છે તેને માટે સ્વર્ગની પ્રાપ્તિ સામાન્ય ગણાય છે. ૩૭. શરીરનું રક્ષણ કરવાની ઇચ્છાવાળા મનુષ્યે મેઘ તથા તડકામાં છત્રી ધારણ કરવી, રાત્રીએ ચાલતી વખતે તથા અરણ્યમાં જતી વખતે હાથમાં લાકડી લેવી, હમ્મેશ પગમાં ઉપાન અથવા પાદુકા પહેરવી, ચાલતી વખતે આડું, અવળું, ઉપર તથા ઘણે દૂર દ્રષ્ટિ ન રાખવી પરંતુ પોતાની સન્મુખ ચાર હાથ પર્યંત પૃથ્વીનું અવલોકન કરી ચાલવું. ૩૮. ૩૯. જે પુરુષ જીતેંદ્રિય થઈ ઉપર વર્ણવેલા સંપૂર્ણ દોષો તથા બીજા દોષોને નષ્ટપ્રાય કરી દે છે તેને ધર્મ, અર્થ કામની જરાપણ હાની થતી નથી. ૪૦. પાપીઓની સાથે પાપ વ્યવહાર ન કરતાં તથા દુષ્ટોએ નિષ્ઠુર વચન કહ્યાં હોય છતાં પણ જ્ઞાની પુરુષે તેની સાથે મિત્રતા રાખી પ્રિય ભાષણ બોલવું. જે સર્વ પ્રાણિમાત્રને બંધુસમાન ગણી તેઓના દુઃખથી જેનું ચિત્ત દયાર્દ્ર થાય છે તેના હાથમાં મુક્તિ સ્થિત છે એમ જાણવું. ૪૧. જે પુરુષ હમ્મેશ સદાચાર યુક્ત, વૈરાગ્ય સંપન્ન, રાગરહિત તથા કામ. ક્રોધ, લોભ આદિનો જેણે પરાજય કર્યો છે તેના પ્રભાવથીજ આ પૃથ્વી સ્થિર રહે છે. માટે સૂજ્ઞજનોએ સર્વ સમયમાં સત્ય વચન બોલવું. સત્યજ સર્વને પ્રસન્ન કરે છે. કદાપિ સત્ય બોલતાં કોઇને દુઃખ થતું હોય ત્યાં મૌન ધારણ કરવું. ૪૨. ૪૩. જ્યાં પ્રિયવચન હિતકર અને યુક્તિવાળું ન હોય ત્યાં પ્રિય વચન બોલવું નહીં અને જે પ્રિયવચન અત્યંત અપ્રિય હોય છતાં તે હિતકારક હોય તો તે વચન બોલવું શ્રેષ્ઠ છે. જે કાર્ય આ લોક અને પરલોકના પ્રાણિઓને માટે કલ્યાણ કારી હોય તે બુદ્ધિમાન પુરુષે મન, વાણી અને શરીરથી અવશ્ય કરવું ૪૪. ૪૫.

प्राणिनामुपकाराय यदेदिहपरत्र च ॥
कर्मणा मनसा वाचा तदेव मतिमान्भजेत् ॥ ४५ ॥

ઇતિ શ્રી વિષ્ણુપુરાણે તૃતીય અંશે દ્વાદશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૧૩ મો.

और्व उवाच ॥ सचैलस्य पितुः स्नानं जाते पुत्रे विधीयते ॥
जातकर्म यथा कुर्याच्छ्राद्धमभ्युदये च यत् ॥ १ ॥

ઔર્વ કહે છે—પુત્રનો જન્મ થાય તેજ વખતે પિતાએ સચૈલ સ્નાન કરવું, પછી પુત્રનો જાતકર્મ સંસ્કાર અને અભ્યુદયિક શ્રાદ્ધ કરવું. ૧. (તેનો પ્રકાર) એકાગ્ર અંતઃકરણવાળા થઈને દેવસ્થાનમાં અથવા પિતૃસ્થાનમાં યુગ્મ યુગ્મ બ્રાહ્મણનું સ્થાપન કરી તેનું સવ્ય માર્ગે પૂજન કરી ભોજન કરાવવું. ૨. હે રાજન્! પૂર્વ તરફ તથા ઉત્તર તરફ મુખ રાખી દહીં, ભાત અને ખીરથી મિશ્રિત કરેલા પિંડ દેવતીર્થ અથવા પ્રજાપતિતીર્થ દ્વારા અર્પણ કરવા. ૩. હે રાજા! એ નાંદીમુખ નામનું શ્રાદ્ધ કહેવાય છે, તેનાથી પિતૃલોક તૃપ્ત થાય છે. એટલા માટે સર્વ પુરુષોએ સઘળા વૃદ્ધિકાર્યમાં એ નાંદીમુખ શ્રાદ્ધ કરવું યોગ્ય છે. ૪. કન્યાનો વિવાહ, પુત્રનો વિવાહ, નૂતન ગૃહ પ્રવેશ, બાળકના નામ કરણ સંસ્કાર; ચૂડાકર્મ, સીમંતોન્નયન અને પુત્ર મુખ દર્શન આદિ સમયે તથા બીજા અભ્યુદય વખતે ગૃહસ્થે એકાગ્ર ચિત્તથી નાંદીમુખ પિતરોની પૂજા કરવી. ૫. ૬. હે ભૂપાલ! પ્રથમ પ્રાચીન મતને અનુસરી સંક્ષેપમાં પિતૃપૂજનો વિધિ તને કહી સંભળાવ્યો; હવે પ્રેત કર્મનો વિધિ કહું છું તે શ્રવણ કર. ૭. મરણ પામ્યા પછી મૃતશરીરને મંગળસ્નાન કરાવી માળાથી અલંકૃત કરી ગામની બહાર અગ્નિદાહ કર્યા પછી વસ્ત્રસહિત જલાશયમાં સ્નાન કરવું. પછી "**यत्रतत्रस्थितायएतत्०**" એ મંત્રનો ઉચ્ચાર કરી બાંધવોએ જલાંજલી આપવી, અને દાહકર્મ સંપૂર્ણ થયા પછી ગાયોની સાથે સંધ્યાકાળે નક્ષત્ર આદિનું દર્શનકરી ગામમાં પ્રવેશ કરવો. પછી પ્રેતકાર્યો કરવાં, પ્રેતકાર્યો કરવાના દિવસોમાં તૃણની શૈયા ઉપર શયન કરવું, જ્યાં સુધી આ શૌચ પોતે ત્યાંસુધી હમ્મેશાં મૃત મનુષ્યને ઉદ્દેશી પૃથ્વી ઉપર એક એક પીંડ આપવો. હે રાજન્! આશૌચવાળા મનુષ્યે (જેને માંસ ભક્ષણ કરવાની આજ્ઞા હોય તેણે) માંસરહિત એકવાર જમવું. ૮. ૧૧. આશૌચ કાળમાં સપિંડ† સ્વજનોને ભોજન કરાવવું; કેમકે બંધુવર્ગએ ભોજન કરવાથી મરણ પામેલા પુરુષની તૃપ્તિ થયા કરે છે. ૧૨. આશૌચના પહેલા, ત્રીજા સાતમા અને નવમાં દિવસોમાં ગામની બહાર સ્નાન કરી પૂર્વના વસ્ત્રનો ત્યાગ કરી પ્રેતને ઉદ્દેશીને તિલોદક આપવું. તેમજ પ્રેતના

* આ તેરમા અધ્યાયમાં નિમંત્રણસહિત શ્રાદ્ધોનું વર્ણન તેમજ પ્રેતક્રિયામાં યોગ્ય અધિકારીઓનું વર્ણન કરવામાં આવશે.

† મૂળ પુરૂષથી સાત પેઢી સુધીનાને સપીંડ કહે છે.

બંધુવર્ગોએ પણ પૃથ્વીમાં જળપ્રદાન કરવું. ૧૩. હે નૃપ ! આશૌચને ચોથે દિવસે પ્રેતની ભસ્મ તથા હાડકાનો સંચય કરવો, ત્યારપછી સપિંડ બાંધવોનો સ્પર્શ કરવો. ૧૪. અને તે દીવસથી જે સમાનોદક* હોય તે સર્વ કર્મ કરવામાં, માળા ધારણ કરવામાં તથા વિલાસાદિ કાર્યમાં યોગ્ય થાય છે. ૧૫. રાખ તથા અસ્થિ સંચય કર્યા પછી શૈયા તથા આસનનો સ્વીકાર થઈ શકે છે, માત્ર સ્ત્રીસંગ થતો નથી. ૧૬. દાંત ઉગ્યા ન હોય તે બાળક, પરદેશમાં હોનાર, પતિત અને સંન્યાસિ વિગેરે મરણ પામે, અથવા જળ, અગ્નિ તથા ગળે ફાંસો વગેરેથી પ્રાણત્યાગ કરેતો તેના બાંધવો તત્કાળ આશૌચથી શુદ્ધ થાય છે. ૧૭. મરણ પામનાર પુરુષના સપિંડ કુળનું અન્ન દશ દિવસ સુધી લેવું નહિં. આશૌચ કાળમાં દાન પ્રતિગ્રહ, યજ્ઞ અને અધ્યયન આદિ કર્મ કરવાં નહિં. બ્રાહ્મણને દશ દિવસ સુધી સૂતક રહેછે. ક્ષત્રિને બાર દિવસ વૈશ્યને પંદર દિવસ અને શૂદ્રને એકમાસ પર્યંત આશૌચ રહે છે. ૧૮ ૧૯. આશૌચ ઉતર્યા પછી પહેલે દિવસે બ્રાહ્મણ ભોજન કરાવવું તેની સંખ્યા વિષમ (એકી) હોવી જોઈએ. એ બ્રાહ્મણોના ઉચ્છિષ્ટની સમિપમાં દર્ભ ઉપર મરણ પામનાર પુરુષને ઉદ્દેશીને પિંડદાન કરવું. ૨૦. આશૌચ ઉતર્યા નિમિત્ત બ્રાહ્મણ ભોજન થયા પછી, બ્રાહ્મણે જળનો સ્પર્શ કરવો, ક્ષત્રિએ શસ્ત્રનો, વૈશ્યે ચાબકનો અને શુદ્રે લાકડીનો સ્પર્શ કરવો. તેથી તેઓ પવિત્ર થાય છે. ૨૧. ત્યારપછી મરનારના કુટુંબીઓએ બ્રાહ્મણાદિ વર્ણના પોત પોતાના ધર્મનું આચરણ કરી સ્વધર્મનુસાર સત્યમાર્ગે દ્રવ્ય સંપાદન કરી પોતાની આજીવિકા ચલાવવી. ૨૨. પછી દરેક મહિને મરનારની મરણતિથિમાં એકોદ્દિષ્ટ શ્રાદ્ધ કરવું. એ માસિક શ્રાદ્ધમાં અગ્નૌકરણ આવાહનાદિ કર્મ તથા વૈશ્વ દેવ વિગેરે ક્રિયા કરવી નહિં. માસિક શ્રાદ્ધમાં એક પવિત્રું અને એક અર્ઘ્ય આપવું. પછી બ્રાહ્મણ ભોજન કરાવી પ્રેતને પિંડદાન આપવું. ૨૩. ૨૪. પછી તે શ્રાદ્ધમાં યજમાને બ્રાહ્મણને "अभिरम्यताम्" એવો પ્રશ્ન કરવો પછી બ્રાહ્મણે "अभिरताःस्मः" એમ ઉત્તર આપવો. તેમજ "अमुकस्य अक्षय्य मिदमुत्तिष्ठताम्" એમ યજમાને બોલ્યા પછી ફરીથી બ્રાહ્મણે "अभिरताःस्मः" એ પ્રમાણે બોલવું. ૨૫. એવી રીતે એક વર્ષ પર્યંત એકોદ્દિષ્ટ શ્રાદ્ધ કરવું યોગ્ય છે. હે રાજન્ ! એક વર્ષના સમાપ્તિ કાળમાં સપિંડકરણ કરવું, તેનો વિધિ કહું છું તે સાંભળો. ૨૬. હે પાર્થિવ ! એ સપિંડીકરણ પણ એકોદ્દિષ્ટ શ્રાદ્ધના ક્રમથી કરવું; પરંતુ તેમાં તલ, ગંધ અને જળથી યુકત ચાર પાત્ર સ્થાપન કરવાં. એ ચાર પાત્રોમાં એક પાત્ર પ્રેતનું (મરણ પામનારનું) અને ત્રણ પાત્ર પિતૃઓના જાણવાં. ત્યારપછી પ્રેત પાત્રનું જળ પ્રથમથી પિતૃઓના ત્રણ પાત્રમાં સિંચન કરવું. ૨૭. ૨૮. હે પૃથ્વીનાથ !

* સાત પેઢી ઉપરના પુરૂષને સમાનોદક કહે છે.

એમ કરવાથી પ્રેત પિતૃત્વને પામેછે, એ પ્રમાણે પ્રેત પિતૃભાવ પામ્યા પછી સ્વધાકાર આદિ શ્રાધ્ધની સર્વ વિધિથી પિતૃઓનું અર્ચન કરવું. પિતૃઓમાં મરનાર પ્રથમ હોવો જોઇએ. ૨૯. હે નૃપ! મરનારના પુત્ર, પોત્ર, પ્રપૌત્ર, ભાઇ, ભાઇના પુત્ર અથવા કોઇ સપિંડનો પુત્ર સપિંડિકરણના અધિકારી છે. ૩૦. જો તેનો અભાવ હોયતો સમાનોદકની સંતતી, તે ન હોયતો માતા મહના સપિંડ અથવા સમાનોદકની સંતતી, સપિંડિકરણના અધિકારી છે. ૩૧. જેઓને પિતૃ કૂળ અને માતૃ કૂળમાં કોઇ ન હોય તો તેની સ્ત્રીઓએ તે ક્રીયા કરવી. એવી સ્ત્રીયો પણ ન હોય તો સમાન પ્રવરવાળા અથવા સહાધ્યાયી આદિ પ્રેત કૃત્ય કરી શકે છે. ૩૨. જે મનુષ્ય યાત્રાના સમૂહમાં મરણ પામે તો તેની ક્રીયા તે મેળામાનો કોઈ પણ મનુષ્ય કરી શકે છે. જેને બંધુ અથવા ઉત્તરાધિકારી (વાલિવારસ) કોઇ ન હોય તો તેની ક્રીયા રાજાએ કરવી. ૩૩. હે રાજા! પૂર્વ, મધ્ય અને ઉત્તર એવી ત્રણ પ્રકારની ક્રીયાઓ છે, એ ત્રણે ક્રીયાઓના ભેદ કહુંછું તે સાંભળો. ૩૪. અગ્નિ સંસ્કારથી તે જળ શસ્ત્ર આદિના સ્પર્શ સુધિની ક્રીયાને પૂર્વ ક્રીયા કહે છે, દશમાસે કરવામાં આવતી એકોદ્દિષ્ટ ક્રીયાને મધ્ય ક્રીયા કહે છે અને મરનારને પિતૃત્વ પ્રાપ્ત થવાની એટલે સપિંડિ કરણ કર્યા પછી પિતૃઓને ઉદ્દેશીને જે ક્રીયા કરવામાં આવે છે તેને ઉત્તર ક્રીયા કહે છે. ૩૫. ૩૬. પિતા, માતા, સપિંડ, સમાનોદક વિગેરે મનુષ્યો, સહાધ્યાયી, બંધુ, રાજા, મરનારનું ધનગ્રહણ કરનાર અન્ય કોઇ પૂર્વ ક્રીયા કરી શકે છે પરંતુ ઉત્તર ક્રીયા તો પુત્રપૌત્રાદિકાએજ કરવી જોઇએ. પુત્રાદિકના અભાવથી પુત્રીનો પુત્ર ઉત્તર ક્રીયા કરી શકે છે. ૩૭. ૩૮. પ્રતિવર્ષે મરણતિથિમાં એકોદ્દિષ્ટ શ્રાધ્ધની વિધિ પ્રમાણે સ્ત્રી પુરૂષ સર્વની ઉત્તર ક્રીયા કરવી યોગ્ય છે. હે પૃથ્વીનાથ! જેને ઉત્તર સંજ્ઞક ક્રીયા કહે છે. તે ક્યારે ક્યારે અને કઇ વિધિથી કરવી જોઇએ તે તમને કહુંછું શ્રવણ કરો. ૩૯. ૪૦.

तस्मादुत्तरसंज्ञा या क्रिया तां शृणु पार्थिव ॥
यदा यदा च कर्त्तव्या विधिना येन चानघ ॥ ४० ॥

ઇતીશ્રી વિષ્ણુપુરાણે તૃતીય અંશે ત્રયોદશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૧૪ મો.

और्व उवाच ॥ ब्रह्मेंद्ररुद्रनासत्यसूर्याग्निवसुमारुतान् ॥
विश्वेदेवानृषिगणान्वयांसि मनुजान्पशून् ॥ १ ॥

* આ ચૌદમા અધ્યાયમાં નિત્ય તથા કામ્યાદિ ભેદથી થનારા શ્રાધ્ધ અને તેના ફળ વિગેરેનું તમામ વર્ણન કરવામાં આવશે.

ઔર્વ કહેછે—શ્રદ્ધાપૂર્વક શ્રાદ્ધ કરવાથી બ્રહ્મા, ઈંદ્ર, રુદ્ર, અશ્વિનીકુમાર, સૂર્ય, અગ્નિ, વસુ, વાયુ, વિશ્વદેવ, ઋષિ, પક્ષી, મનુષ્ય, પશુ, સર્પ, પિતર અને બીજા સર્વ ભૂતગણ તૃપ્તિ પામે છે. ૧. ૨. હે રાજન્! દરેક માસમાં અમાવાસ્યાને દિવસે તથા અષ્ટકાને દિવસે શ્રાદ્ધ કરવું. (એ નિત્ય શ્રાદ્ધ કહેવાય છે.) હવે કામ્ય શ્રાદ્ધ કરવાનો કાળ કહું છું તે શ્રવણ કરો. ૩. જ્યારે દ્રવ્ય, યોગ્ય વસ્તુ અને શ્રેષ્ઠ બ્રાહ્મણ પ્રાપ્ત થાય તે વખતે એ શ્રાદ્ધ કરવું. તેમજ ઉત્તરાયન તથા દક્ષિણાયનનો શેષ સમય, (કર્ક, મકર) વિષુવ (મેવ, તુલા) સંક્રાંતિ, વ્યતિપાત, સૂર્ય; ચંદ્રના ગ્રહણ વખતે, પ્રત્યેક સંક્રાંતિને દિવસે, ગ્રહનક્ષત્ર આદિની પિડા થાય તે વખતે, દુષ્ટ સ્વપ્ન થયું હોય તે સમયે, નૂતન ગૃહ પ્રવેશ કરતી વખતે અને નવીન ધાન્યની પ્રાપ્તિ થઈ હોય તે વખતે કામ્ય શ્રાદ્ધ કરવું આવશ્યક છે. ૪. ૬. જ્યારે અમાવાસ્યાને દિવસે અનુરાધા, વિશાખા અને સ્વાતી નક્ષત્રનો યોગ હોય તે વખતે શ્રાદ્ધ કરવાથી પિતૃલોક આઠ વર્ષ સુધી તૃપ્ત રહે છે. ૭. તેમજ અમાસને દિવસે આરુદ્રા પુનર્વસુ અને પુષ્ય નક્ષત્ર હોય તે દિવસે શ્રાદ્ધ કરવાથી પિતૃલોક બાર વર્ષ સુધી તૃપ્ત રહે છે. ૮. જે લોકો દેવતાઓની અને પિતૃઓની તૃપ્તિની ઇચ્છા કરે છે તેને માટે જ્યેષ્ઠા, પૂર્વાભાદ્રપદ અને શત્તારિકાયુક્ત અમાસ અત્યંત દુર્લભ છે, અર્થાત્ એ અમાવાસ્યાને દિવસે શ્રાદ્ધ કરવાથી દેવતાઓ અને પિતૃગણ અતીશય તૃપ્તિ પામે છે. ૯. હે પૃથ્વીનાથ! ઉપર કહેલા નવ નક્ષત્રોથી યુક્ત અમાસને દિવસે શ્રાદ્ધ કરવાથી પિતૃલોક અત્યંત તૃપ્ત થાય છે. એ શિવાય અન્ય દિવસોમાં પણ શ્રાદ્ધ કરવાથી પિતૃલોક તૃપ્ત થાય છે તે કથા મારાથી શ્રવણ કરો. ૧૦. પિતૃભક્ત શ્રદ્ધાવાન્ મહાત્મા પુરૂરવારાજાએ એ વિષયનો પ્રશ્ન નમ્રવાણીથી સનત્કુમારને પુછવાથી તેણે કહ્યું કે વૈશાખ શુદ્ધ ત્રીજ, કાર્તિક શુદ્ધ નોમ, ભાદરવા વદ તેરશ અને માઘ વદ અમાસ, એ ચાર તિથિઓના નામ યુગાદ્યા છે. એ ચાર તિથિઓમાં શ્રાદ્ધ કરવાથી અનંતફળ મળે છે. એમ પ્રાચીન મુનિઓએ કહ્યું છે. સૂર્ય, ચંદ્રના ગ્રહણ સમયે, ત્રણ અષ્ટકામાં, ઉત્તરાયન તથા દક્ષિણાયનના આરંભમાં, જે પુરૂષ એકાગ્ર ચિત્ત રાખી પવિત્રપણે પિતૃઓને તલ સહિત જળ અર્પણ કરે છે તેને એક હજાર વર્ષ સુધીનું શ્રાદ્ધ કરવા જેટલું ફળ મળે છે. એમ પિતૃલોક કહે છે. ૧૧. ૧૪. માઘ વદ અમાસ શતતારકા નક્ષત્ર યુક્ત હોય તે તિથિ પિતૃને માટે શ્રાદ્ધ કરવામાં અત્યંત શ્રેષ્ઠ છે. હે નૃપ! અલ્પ પુણ્યવાળા મનુષ્યોને આવો યોગ્ય મળતો નથી. ૧૫. હે ભૂપતિ! એ માઘ વદ અમાસ જો ધનીષ્ઠા નક્ષત્રના યોગવાળી હોય તે દિવસે સતકૂળમાં ઉત્પન્ન થયેલો મનુષ્ય પિતૃઓને ઉદ્દેશીને શ્રાદ્ધ કરી અન્નદાન આપેતો તેનાથી પિતૃઓ દશ હજાર વર્ષ સુધી તૃપ્ત રહે છે. ૧૬. માઘ વદ અમાસને દિવસે પૂર્વાભાદ્રપદ નક્ષત્ર હોય તે દિવસે શ્રાદ્ધ કરવાથી પિતૃલોક એક યુગ

સુધી તૃપ્ત થઈ શયન કરે છે. ૧૭. ગંગા, શતદ્રુ, વિપાશા, સરસ્વતી અને નૈમારણ્યની ગોમતી વગેરે નદીઓમાં સ્નાન કરી આદરપૂર્વક પિતૃઓનું પૂજન કરવાથી મનુષ્યના સઘળા પાપ નાશ પામે છે. ૧૮. "ભાદરવા માસના કૃષ્ણપક્ષમાં મઘા નક્ષત્રમાં કરાયલા શ્રાદ્ધથી તૃપ્ત થયા પછી માઘ કૃષ્ણપક્ષના છેવટના ભાગમાં પુત્રાદિકોએ આપેલા પવિત્ર જળથી અમે તૃપ્ત છીયે." એમ પિતૃઓ બોલે છે. ૧૯. હે રાજા! શ્રાદ્ધ કરતી વખતે પવિત્ર અંતઃકરણ, શુદ્ધ દ્રવ્ય, ઉત્તમ સમય, નિર્દોષ વિધિ સત્પાત્ર બ્રાહ્મણ અને પરમ ભક્તિ, મનુષ્યોને અભિષ્ટ ફળ આપનારી છે એ વિષયમાં પિતૃઓ જે શ્લોક બોલે છે તે મારાથી શ્રવણ કરો. અને તે શ્લોક સાંભળી તમે પણ પોતે આદરયુક્ત મનથી વ્યવહાર કરો. ૨૦. ૨૧. "તે શ્લોક" એવો કોણ બુદ્ધિમાન્ પુરુષ અમારા કુળમાં ઉત્પન્ન થઈ કૃપણતા ન કરતાં પિંડદાન કરે? જો વૈભવવાળો હોય તો અમને ઉદ્દેશીને બ્રાહ્મણોને રત્ન, વસ્ત્રો, ભૂમિ, વાહન, મોટામોટા ભોગ્ય પદાર્થ અને દ્રવ્યનું દાન આપે. એવું ઐશ્વર્ય ન હોયતો ભક્તિપૂર્વક વિનયવાળા થઈને પોતાના સામર્થ્ય પ્રમાણે બ્રાહ્મણોને અન્નથી ભોજન કરાવવું. જો ભોજન કરાવવાની શકિત ન હોય તો શ્રેષ્ઠ બ્રાહ્મણને કિંચિત્ આમાન્ન (કાચું અન્ન) અથવા અલ્પ દક્ષણા આપવી. ૨૨. ૨૫. તેમ કરવાની શકિત ન હોય તો હાથના અગ્ર ભાગમાં કંઈક તલ લઈ કોઈ શ્રેષ્ઠ બ્રાહ્મણને પ્રણામકરી અર્પણ કરવા, અથવા વિનયવાળો થઇ અમારે નિમિત્ત તલ મિશ્રિત સાત આઠ જળાંજલી આપવી. જો એ પણ ન બની શકે તો કોઈ ઠેકાણેથી ઘાસ લાવી શ્રદ્ધા પૂર્વક એક દિવસ ગાયને ખવાડવું. જો તે પણ ન બને તો વનમાં જઈ સૂર્યાદિ લોકપાલની સન્મુખ પોતાની કાખ બતાવિ એટલે ઉંચા હાથે નમસ્કાર કરી મોટા સ્વરથી આ પ્રમાણે બોલવું. કે " મારી પાસે સંપતિ, દ્રવ્ય અથવા શ્રાદ્ધ કરવા યોગ્ય કંઈ પણ ચીજ નથી માટે હું પિતૃઓને નમસ્કાર કરૂંછું અને આ મારા હાથ મેં આકાશ તરફ લંબાવ્યા છે એ મારી ભક્તિથી પિતૃઓ તૃપ્ત થજો " ૨૬. ૩૦.

ઔર્વ કહેછે—હે રાજન્! ધન હોય અથવા ન હોય એ બન્ને અવસ્થામાં જે પ્રકારે શ્રાદ્ધ થાય છે તે પ્રકાર પિતૃઓએજ કહયો છે, એ વિધિને અનુસરી જે મનુષ્ય કાર્ય કરે છે તેને શ્રાદ્ધ કરવા જેટલુંજ ફળ મળે છે. ૩૧.

ઔર્વ ઉવાચ ॥ ઇત્યેતત્પિતૃભિર્ગીતં ભાવાભાવપ્રયોજનમ્ ॥
યઃ કરોતિ કૃતં તેન શ્રાદ્ધં ભવતિ પાર્થિવ ॥ ૩૧

ઇતિશ્રી વિષ્ણુપુરાણે તૃતીય અંશે ચતુર્દશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૧૫ મો.

और्व उवाच ॥ ब्राम्हणान्भोजयेच्छ्राद्धे यद्गुणांस्तान्निबोध मे ॥
त्रिणाचिकेतस्त्रिमधुस्त्रिसुपर्णः षडङ्ग वित् ॥ १ ॥

ઔર્વ કહેછે—શ્રાદ્ધના સમયમાં જેવા ગુણવાળા બ્રાહ્મણો ભોજનને માટે જોઇએ તે કહું છું સાંભળો. ત્રિણાચિકેત, (યજુર્વેદનો એક ભાગ.) ત્રિમધુ, (ઋગ્વેદનો એક ભાગ,) ત્રિસુપર્ણ (ઋગવેદ અને યજુર્વેદનો એક ભાગ) એ વેદના ભાગનું અધ્યયન કરનાર, છઅંગ સહિત વેદ જાણનાર, વેદમાં કહેવા પ્રમાણેનું આચરણ કરનાર, યોગાભ્યાસી જયેષ્ઠ સામગ નામના સામવેદનું ગાયન કરનાર, ઋત્વિજ, મરનારની બેહેનનો પુત્ર તથા પુત્રીનોપુત્ર, જમઈ, શ્વશુર, મામા, તપસ્વી, પાંચઅગ્નિ (ગાર્હપત્ય, આહવનીય, દક્ષિણ. સભ્ય અને અવસથ્ય) ની ઉપાસના કરનાર, શિષ્ય, આત્મજનનો પુત્ર અને પિતૃમાતૃ ભક્ત, એ બ્રાહ્મણોને પિતૃઓની તૃપ્તિને માટે શ્રાદ્ધમાં ભોજન કરવા યોજના કરવી. શ્રાદ્ધના સમયમાં આગળ કહેલા બ્રાહ્મણો ન મળે તો તેની પછીના બ્રાહ્મણોને ભોજન કરાવવું. ૧. ૪. મિત્રનો દ્રોહ કરનાર, નઠારા નખવાળો, નપુંસક, કાળા દાંતવાળો, કુમારીકાને દૂષણકરનાર, અગ્નિ તથા વેદનો ત્યાગ કરનાર, સોમવલ્લીને વેચનાર, લોકો જેને મહા પાતકી કહે છે એવાને, ચોર, પાછળ નિંદા કરનાર, ચાડીકરનાર, ગામનો ઉપાધ્યાય, દ્રવ્ય લઇને વિદ્યા શીખવનાર, દ્રવ્ય આપી વિદ્યા શીખનાર, વિધવા સાથે વિવાહ કરનાર, માબાપનો ત્યાગ કરનાર, શૂદ્ર સ્ત્રીના બાળકનું પાલન કરનાર, શુદ્રની સ્ત્રીમાં આસકત અને કેવળ દ્રવ્યનીજ ઇચ્છાથી ત્રણ વર્ષથી અધિક કાળ પર્યંત દેવની પૂજા કરનાર, એવા બ્રાહ્મણો શ્રાદ્ધમાં આમંત્રણ કરવાને યોગ્ય નથી. ૫.૮. શ્રાદ્ધ કરનાર મનુષ્યે શ્રાદ્ધને આગલે દિવસે શ્રેષ્ઠ શ્રોત્રિય આદિ બ્રાહ્મણને "આપ દેવ પક્ષના બ્રાહ્મણ અથવા આપ પિતૃ પક્ષના બ્રાહ્મણ છો." એમ નિમંત્રણ કરી કહેવું. ૯. તે દિવસે શ્રાદ્ધ કરનાર તથા બ્રાહ્મણ એ બન્ને જણાએ ક્રોધ, પરસ્પર કલેશ. સ્ત્રી સંભોગ અને અતિ પરિશ્રમ વિગેરે કર્મ કરવાં નહિં; કારણ કે એ મહા પાપ છે. શ્રાદ્ધને આગલે દિવસે શ્રાદ્ધમાં નોતરાયલા બ્રાહ્મણ તથા નોતરું દેનાર બીજે દિવસે શ્રાદ્ધમાં ભોજન કરી અથવા કરાવી મૈથુન કરે છે તે મૈથુન કરનાર પોતાના પિતૃઓને વિર્યના કુંડમાં ડુબાવે છે. ૧૦—૧૧. એટલા કારણ માટે શ્રાદ્ધને આગલે દિવસે બ્રાહ્મણોને નિમંત્રણ કરવાનું કહ્યું છે. જો વગર નોતરેલો સંન્યાસી પોતાના

* આ પંદરમા અધ્યાયમાં શ્રાદ્ધના બ્રાહ્મણની વિધિ અને તે કેવા જોઇએ અને કેવા ન જોઇએ તે કથા કહેવામાં આવશે.

દ્વાર ઉપર આવી પહોંચે તો તેને પણ શ્રાદ્ધમાં બ્રાહ્મણોની સાથે યોજના કરી ભોજન કરાવવું. ૧૨. બ્રાહ્મણ ઘેર આવે તે વખતે તેને પગ ધોવાને જળ આપી તેનું પૂજન કરવું. પછી બ્રાહ્મણને આચમન કરાવી હાથે દર્ભની પવિત્રી (વીંટી) પહેરાવી નિર્માણ કરેલા આસન ઉપર બેસાડવા. ૧૩. શ્રાદ્ધ કરનારે પોતાની શક્તિપ્રમાણે પિતૃપક્ષમાં એકી અને દેવપક્ષમાં યુગ્મ (બેકી) બ્રાહ્મણની યોજના કરવી. ૧૪. એજ પ્રકારે ભક્તિપૂર્વક વિશ્વદેવના પૂજનથી યુક્ત માતામહ શ્રાદ્ધ કરવું અથવા પિતૃશ્રાદ્ધમાં વિશ્વદેવને યુક્ત વિધિથી શાસ્ત્રપ્રમાણે કરવું. ૧૫. પિતૃગણ અથવા માતામહના શ્રાદ્ધમાં દેવપક્ષના બ્રાહ્મણોને પૂર્વાભિમુખે બેસાડી ભોજન કરાવવું અને પિતૃપક્ષના બ્રાહ્મણોને ઉત્તરાભિ મુખે બેસાડી ભોજન કરાવવું. ૧૬. હે નૃપ ! કોઈ મહર્ષિ કહે છે કે પિતામહ વર્ગનું અને માતામહ વર્ગનું શ્રાદ્ધ જુદું કરવું. કોઇ એમ કહે છે કે એ બન્ને એકઠાં અથવા એકજ પાકથી કરવાં. (એ વિષયમાં આચાર્યની આજ્ઞાપ્રમાણે કરવું યોગ્ય છે.) ૧૭. બુદ્ધિમાન પુરૂષે પ્રથમ બ્રાહ્મણને આસનને માટે દર્ભ આપી તેનું વિધિપ્રમાણે પૂજન કરી તેની આજ્ઞા લઇ દેવતાનું આવાહન કરવું. ૧૮. શ્રાદ્ધવિધિ જાણનાર પુરૂષે યવસહિત જળથી દેવતાઓને વિધિ પૂર્વક જળ આપી પૂજન કરવું અને સવ્યથી માળા સુગંધ, ધુપ, દીપ વગેરેનું દાન કરી તેની આજ્ઞાલઇ પિતૃ પક્ષના બ્રાહ્મણોને અર્ઘ્યાદિ સર્વ ઉપચાર અપસવ્યથી કરવા ત્યાર પછી તે બ્રાહ્મણોની આજ્ઞા લઈ બે ભાગમાં દર્ભ મૂકી જ્ઞાની પુરૂષે પિતૃઓનું આવાહન કરવું હે રાજન્ ! ફરી અપસવ્ય કરી તલયુક્ત જળથી અર્ઘ્ય આપવું. ૧૯. ૨૧. હે નૃપ ! એ વખતે અન્નની ઈચ્છાવાળો કોઇ અતિથિ આવે તો બ્રાહ્મણોની આજ્ઞા લઇ તેની યથેષ્ટ પૂજા કરવી. ૨૨. કારણકે મનુષ્ય ઉપર ઉપકાર કરવાને માટે જેનું સ્વરૂપ જાણવામાં અશક્ય છે એવા યોગી પુરૂષો નાના પ્રકારના સ્વરૂપ ધારણ કરી પૃથ્વી ઉપર ભ્રમણ કર્યા કરે છે. એટલા માટે જ્ઞાની પુરૂષે શ્રાદ્ધ કરતી વખતે આવેલા અતિથીની પૂજા કરવી, અતિથિ અપૂજ રહેવાથી શ્રાદ્ધનું ફળ નષ્ટ થાય છે. ૨૩. ૨૪. હે પુરૂષ શ્રેષ્ઠ ! બ્રાહ્મણોની આજ્ઞાથી મિઠાવગરનું શાકભાજી શીવાય બીજાં અન્નથી ત્રણ વખત અગ્નિમાં આહૂતિ આપવી. ૨૫. હે નૃપ ! પ્રથમ " **अग्नयेकव्यवाहनायस्वाहा** " બીજી "**सोमाय पितृमतेस्वाहा** " ત્રીજી " **वैवस्वताय स्वाहा** " એ પ્રમાણે મંત્ર બોલી ત્રણ આહૂતિઓ આપવી. ત્યાર પછી હોમ કરતાં બાકી રહેલું અન્ન બ્રાહ્મણના પાત્ર ઉપર થોડું થોડું વેંહેંચવું. ૨૬. ૨૭. પછી અતીશય મિષ્ટ પદાર્થ જે બ્રાહ્મણોને ઘણા પ્રિય હોય તે અને સારાસંસ્કારવાળું અન્ન બ્રાહ્મણોને આપી અતી નમ્રતા પૂર્વક કહેવું કે " આપ ઇચ્છાપ્રમાણે ભોજન કરો." ૨૮. બ્રાહ્મણોએ પણ અન્ન તરફ લક્ષરાખી મૌન ધારણ કરી પ્રસન્ન વદનથી સુખશાંતિથી ઇચ્છા પૂર્વક ભોજન કરવું. શ્રાદ્ધ

કરનારે ક્રોધનો ત્યાગ કરી ઉતાવળ ન કરતાં ભક્તિપૂર્વક અન્ન પીરસવું. ૨૯. ત્યાર પછી રક્ષોઘ્ન૦ મંત્ર ભણી પૃથ્વી ઉપર તલ નાખવા, અને તે બ્રાહ્મણોમાં આ આપણા પિતૃઓછે એવી ભાવના લાવવી. ૩૦ મારા પિતા, પિતામહ અને પ્રપિતામહ આ બ્રાહ્મણના શરીરમાં નિવાસકરી તૃપ્ત થાઓ, અગ્નિમાં કરાયલા હોમથી જેના શરીરનું પોષણ થયું છે તે મારા પિતા, પિતામહ અને પ્રપિતામહ તૃપ્ત થાઓ. ૩૧. ૩૨. મારા પિતા, પિતામહ અને પ્રપિતામહ આ પૃથ્વી ઉપર આપેલા પિંડદાનના યોગથી તૃપ્ત થજો. ૩૩. તેમજ આ ઠેકાણે મેં જે ભક્તિપૂર્વક અર્પણ કર્યું છે તે યોગથી મારાપિતા, પિતામહ અને પ્રપિતામહ તૃપ્ત થજો. ૩૪. મારા માતામહ, પ્રમાતામહ અને વૃદ્ધ પ્રમાતામહ તથા વિશ્વેદેવા સર્વોત્તમ પ્રકારે તૃપ્ત થજો અને તમામ રાક્ષસોનો નાશ થજો. ૩૫. સઘળા હવ્ય કવ્યના ભોક્તા, યજ્ઞના અધિપતિ, ઐશ્વર્ય સંપન્ન અને અવિનાશી શ્રીહરિ અહિં સ્થિત છે, તેના સાનિધ્ય પણાથી સઘળા રાક્ષસો તથા દૈત્યગણનો નાશ થઈ જાઓ. ૩૬. આમંત્રોનો ભક્તિ પૂર્વક પાઠકરી બ્રાહ્મણ ભોજનકરી તૃપ્ત થયા પછી હે રાજા! પૃથ્વી ઉપર વિકરનો પિંડ આપવો. પછી બ્રાહ્મણોને આચમન કરવા માટે એક એકવાર જળ આપવું. ૩૭ એપ્રમાણે બ્રાહ્મણોને તૃપ્ત કર્યા પછી તેની આજ્ઞાલઇ એકાગ્રમનથી તિલયુક્ત અન્નથી સર્વોત્તમ રીતે પિંડદાન કરવું. ૩૮. પછી પિતૃતિર્થથી માતા-મહાદિને તલયુક્ત જલાંજલિ આપી પિંડદાન આપવું. જળના કાંઠાઉપર સારી જગ્યામાં દક્ષિણ તરફ અગ્રભાગ કરેલા દર્ભ ઉપર મુકેલા પિંડને ગંધ, પુષ્પ, ધૂપ આદિપૂજન કરવાની સામગ્રી જે હોય છે ઉત્તર તરફથી આરંભ કરી દક્ષિણ બાજુ સુધી આપવી. હવે બ્રાહ્મણનું ઉચ્છિષ્ટ હોય ત્યાં એક પિતાને એક પિતામહને અને એક પ્રપિતામહને પિંડ અર્પણ કરવો. પછી પોતાના હાથે વળગેલા અન્નને દર્ભના મૂળસાથે ધરી તેથી લેપભોજી પિતૃઓને તૃપ્ત કરવા. ૩૯. ૪૨. તેજપ્રમાણે ગંધપુષ્પાદિથી યુક્ત પિંડવડે માતામહ વિગેરેની પુજાકરી બ્રાહ્મણોને આચમન આપવું. હે નરેશ્વર! ત્યારપછી પોતાનું અંતઃકરણ કર્મમાં તન્મયકરી ભક્તિ પૂર્વક "સુસ્વધા" એવા આશીર્વાદ ગ્રહણકરી પિતૃસંબંધી બ્રાહ્મણોને પોતાની શક્તિ-પ્રમાણે દક્ષણા આપવી. ૪૩. ૪૪. દક્ષણા આપી વૈશ્વદેવિક બ્રહ્મણોની પાસે કહેવું કે "આ દક્ષણા આપવાથી વૈશ્વ દેવગણ મારાઉપર પ્રસન્ન થાઓ." એમ બોલવું. અને વૈશ્વ દેવના સ્થાનમાં બેઠેલા બ્રાહ્મણો પાસે તેનો ઉત્તર ગ્રહણ કરવો. ૪૫. હે મહામતિ! બ્રાહ્મણોએ "તથાસ્તુ" એમ કહેવું. પછી બ્રાહ્મણોના આશિર્વાદને માટે પ્રાર્થના કરવી. (આશિર્વાદ ગ્રહણ કર્યા પછી) પ્રથમ પિતૃસંબંધિ બ્રાહ્મ-ણોનું અને પછી દેવસંબંધિ બ્રાહ્મણોનું વિસર્જન કરવું. ૪૬. એપ્રમાણે ભોજન, પોતાની શક્તિઅનુસાર દ્રવ્યદાન, અને વિસર્જન, એ દેવયુક્ત ક્રમ માતામહના

શ્રાદ્ધમાં પણ ઉપયુક્ત છે. ૪૭. ઉભયના શ્રાદ્ધમાં પ્રથમ દૈવપક્ષીય બ્રાહ્મણોનુંજ પાદપ્રક્ષાલન આદિકરવું; પરંતુ પિતૃપક્ષના તથા માતામહના સ્થાનમાં હોનાર બ્રાહ્મણનું વિસર્જન કરવું. ૪૮. ત્યારપછી પ્રીતિ અને સન્માન પૂર્વક પૂજન કરેલા બ્રાહ્મણોની વિદાયગિરી કરવી. તેઓને વિદાય કરતી વખતે પોતાના દ્વારસુધી વળાવવા જવું પછી તેની આજ્ઞા લઇ પાછા આવવું. ૪૯. ત્યારપછી જ્ઞાનિ પુરુષે વૈશ્વદેવ-આદિ નિત્યકર્મ કરવાં અને પોતાના બાંધવો, પૂજ્ય માણસો અને સેવક આદિ સહિત યથેષ્ટ ભોજન કરવું. ૫૦. વિદ્વાન પુરૂષે એ પ્રકારે પિતાનું તથા માતામહનું શ્રાદ્ધ કરવું, એ શ્રાદ્ધથી પિતામહાદિની તૃપ્તિ થઇ એટલે તે તમામ મનોરથ પૂર્ણ કરે છે. ૫૧. હેરાજા ! શ્રાદ્ધમાં ભાણેજ, કામળો, દર્ભ અથવા તલ એ પવિત્ર છે, તેમજ રૂપાનુંદાન, રૂપાનું દર્શન અથવા રૂપાની કથા સાંભળવી એ અત્યંત શ્રેષ્ઠ ગણાય છે ૫૨. હેરાજેંદ્ર ! શ્રાદ્ધકરનારે ક્રોધ, માર્ગ ક્રમણ અને ઉતાવળનો ત્યાગ કરવો, તેમજ શ્રાદ્ધમાં ભોજન કરનારે પણ ઉપર કહેલાં ત્રણ કાર્યનો ત્યાગ કરવો. ૫૩ હે મહારાજ ! જે પુરૂષે શ્રાદ્ધ કર્યું હોય તેના પિતૃઓ સહિત વિશ્વદેવગણ તથા માતામહગણ એ સર્વ કુળને જોઇ તૃપ્ત થાય છે. ૫૪. હે ભૂપતિ! પિતૃઓને ચંદ્રનો આધાર; છે અને ચંદ્રને યોગનો આધાર છે; એટલા માટે શ્રાદ્ધ વખતે શ્રેષ્ઠ યોગીયોની યોજનાકરવી ઉચિત છે. ૫૫. હેરાજન્ ! એકહજાર બ્રાહ્મણોના અગ્ર ભાગમાં જો એકપણ યોગી હોય તો તે ભોજન કરનાર તમામ બ્રાહ્મણોનો તથા યજમાનનો ઉદ્ધાર કરે છે. ૫૬.

सहस्त्रस्यापि विप्राणां योगी चेत्पुरतः स्थितः ॥
सर्वान्भोक्तृंस्तारयति यजमानं तथा नृप ॥ ५६ ॥

ઇતિ શ્રીવિષ્ણુપુરાણે તૃતીય અંશે પંચદશો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૧૬ મો.

और्व उवाच ॥ हाविष्यमत्स्यमांसैस्तु शकुनस्य च ॥
सौकरच्छागलैणेयरोरवैर्गवयेन च ॥१॥

ઔર્વ કહેછે—શ્રાદ્ધને દિવસે બ્રાહ્મણોને હવિષ્યાન્નનું ભોજન કરવવાથી

* આ સોળમા અધ્યાયમાં શ્રાદ્ધમાં ઉપયોગી દ્રવ્ય અને નીરૂપયોગી દ્રવ્યનું કથન કરવામાં આવશે.

પિતૃલોક એકમાસ સુધી તૃપ્ત રહે છે.* શ્રાદ્ધમાં મત્સ્યના માંસનો ઉપયોગ કરવાથી પિતૃલોક બે માસ સુધી તૃપ્ત રહે છે, શશલાના માંસથી ત્રણમાસ, પક્ષીના માંસથી ચારમાસ, રાની કુકકરના માંસથી પાંચ માસ, બકરીના માંસથી છ માસ, હરણના માંસથી સાતમાસ, રૂરૂના માંસથી આઠમાસ, ગવયના માંસથી નવમાસ, મેઢાના માંસથી દશમાસ અને ગાયના દુધથી અગીયાર માસ સુધી પિતૃલોક તૃપ્ત રહે છે. તથા પાણી પિતી વખતે જેને કાને પાણી અડકે છે એવા વૃદ્ધ સફેત પાતળા બોકડાના માંસથી પિતૃઓને કાયમ તૃપ્તિ રહે છે. ૧. ૨. હે રાજન્! ગેંડાનુ માંસ, કૃષ્ણમાજી અને મધ એ વસ્તુઓ શ્રાદ્ધકર્મમાં અત્યંત શ્રેષ્ઠ અને પિતૃઓને તૃપ્ત કરનારાં છે. ૩. હે પૃથ્વીપતિ! જે પુરૂષ ગયામાં જઈને શ્રાદ્ધ કરે છે તેનો જન્મ સફળ થાયછે એને તેનાથી પિતૃઓ તુષ્ટ રહે છે. ૪. હે પુરૂષશ્રેષ્ઠ! દેવધાન્ય, નીવારધાન્ય સફેત તથા કાળા બે પ્રકારના શ્યામક (સામો) અને આગળ કહેવાતી વનમાની મુખ્ય મુખ્ય ઔષધીઓ શ્રાદ્ધમાં યોગ્ય ગણાય છે. ૫. (તેના નામ) યવ, કાંગ, મગ, ધઉં, બોત, તલ, શીંગ કોવિદાર વૃક્ષની શીંગ અને સરસવ એ ઔષધીઓ શ્રાદ્ધમાં ઉત્તમ છે. ૬. હે રાજ! જે ધાન્યનું અગ્રિયણ (નવીન ધાન્ય આવે તે વખતે કરવાની ક્રીયા) કર્યુ નથી તે ધાન્ય, ચોળા, ચણા અને મસૂર એ ચીજનો ત્યાગ કરવો. ૭. તેમજ, તુંબડાં, ગાજર, કાંદા, લસણ, ગોળભૂળા, આમલી, ગાંધારક, કરંભ નામનું એક જાતનું શાક, ખારવાળી જમીનમાં થયેલા પદાર્થ, વૃક્ષરસ, પદાર્થમાં ન મેળવેલું પ્રત્યક્ષ લવણ, અને જેની સારાપદાર્થમાં ગણના થતી નથી તેવા પદાર્થ શ્રાદ્ધમાં વર્જ્ય કરવાં. ૮. ૯. હે રાજન્! રાત્રે આણેલું જળ, નઠારા કુવાનું જળ જેમાં એક ગાય પણ તૃપ્ત ન પામે એવું દુર્ગંધીવાળું જળ તથા ફીણવાળું પાણી શ્રાદ્ધમાં નીરૂપયોગી ગણાય છે. ૧૦. ઘોડા વગેરે એક ખરીવાળા જનાવરનું દુધ તેમજ ઉંટ, બકરી, હરણી અને ભેંસનું દુધ શ્રાદ્ધમાં વર્જીત છે. ૧૧. હે રાજ! નપુંસક, મોટામનુષ્યોએ ત્યાગ કરેલો, ચંડાળ પાખંડી, ઉન્મત્ત થયેલો, રોગી, કુબડો કુકડો, કાકીડો, નગ્નપુરૂષ, વાનર, ગામનો ડુક્કર, રજ, સ્વળાસ્ત્રી, જનના શૌચ તથા મૃતાશૌચવાળો મનુષ્ય, અને પ્રેતવાહક (જેણે મુડદું ઉંચકયું હોય તે) એવો જે શ્રાદ્ધ કરતાં જુએ તો તે શ્રાદ્ધમાં પિતૃઓ તથા દેવતાઓ ભોજન કરતાં નથી. ૧૨. ૧૩. એટલા માટે શ્રાદ્ધ કરનાર પુરુષે સાવચેત રહી ચારે બાજુથી આચ્છાદિત કરેલા સ્થાનમાં સદાચાર યુક્ત પુરૂષોની સન્મુખ શ્રદ્ધા પૂર્વક શ્રાદ્ધ કરવું. તેમજ શ્રાદ્ધ કરવાની પૃથ્વી ઉપર તલ નાંખી રાક્ષસોનું

* પરાશર સ્મૃતીમાં કહ્યું છે કે—પ્રાણીનો વધ કરી તેના માંસથી પિતૃઓને તૃપ્ત કરશે તે મહા પાતકી ગણાશે. શ્રાદ્ધમાં માંસનો ઉપયોગ કરવાનો ચાલ પૂર્વના યુગમાં હશે પરંતુ કલીયુગમાં પરાશરેજ તેનો સખત નિષેધ કર્યો છે, માટે ઉપરનો વિધિ કળીયુગમાં નથી.

નિવારણ કરવું. ૧૪. હે રાજન્! પિતૃઓને આપવાનું અન્ન દુર્ગંધવાળું, કેશવાળું, કિડાવાળું, કાંજી મિશ્રીત (સત્વ કાઢેલું) અને વાસિ ન હોવું જોઇએ. ૧૫. શ્રદ્ધા યુકત થઇ નામ, ગોત્રનો ઉચ્ચાર કરી પોતાના પિતૃઓને આપેલું અન્ન પિતૃઓ જેવો આહાર કરવાને યોગ્ય થઈ નિવાસ કરે છે તેના યોગ્ય આહાર રૂપ થઇ તેને પોંચે છે. ૧૬. હે રાજા! પૂર્વે કલાપ નામના ગામના ઉપવનમાં મનુના પુત્ર ઈક્ષ્વાકુને પિતૃઓએ આ પ્રમાણે પિતૃગીતા કહેલી છે. ૧૭. કે "અમારા વંશમાં એવો કોણ સન્માર્ગાનું ગામી પુરુષ થશે કે જે ગયામાં જઈને આદરપૂર્વક અમને ઉદ્દેશીને પિંડદાન કરે? તેમજ અમારા કુલમાં એવો કોણ પુત્ર જન્મે કે જે અમને ઉદ્દેશીને વૃષાઋતુમાં ભાદ્રપદ માસમાં મધાયુકત ત્રયોદશીને દિવસે મધ અને ઘૃત યુકત પાયસ અર્પણ કરે? તથા ગૌરીકન્યા (આઠવર્ષની) ના વિવાહ; વૃષોત્સર્ગ પ્રસંગે નીલ નામના વાછરડાનો વિવાહ અથવા શાસ્ત્રોકત દક્ષણા યુકત અશ્વમેધ યજ્ઞ કરી અમને સંતુષ્ટ કરે?" ૧૮. ૨૦.

गौरीं वाऽप्युद्वहेद्भार्यां नीलं वा वृषमुत्सृजेत् ॥
यजेत वाऽश्वमेधेन विधिवद्दक्षिणावता ॥ २० ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે તૃતીય અંશે ષોડશો અધ્યાય સંપૂર્ણ.

---

*અધ્યાય ૧૭ મો.

पराशर उवाच ॥ इत्याह भगवानौर्वः सगराय महात्मने ॥
सदाचारान्पुरा सम्यङ्मैत्रेय परिपृच्छते ॥१॥

પરાશર કહેછે—હે મૈત્રેય! આગળ સદાચારના વિષયમાં મહાત્મા સગર રાજાએ જે પ્રશ્ન કર્યો હતો તે વિષયમાં ભગવાન્ ઔર્વએ સંપૂર્ણ કથા કહી સંભળાવી છે. ૧. હેદ્વિજ! તે કથા મેં તને સંપૂર્ણ રીતે કહી. કોઈ પણ મનુષ્યે સદાચારનું ઉલ્લંઘન કરવું નહીં કારણ કે સદાચારનું ઉલ્લંઘન કરવાથી તેનું કલ્યાણ કદાપિ થતું નથી. ૨.

મૈત્રેય કહેછે—હે ભગવાન્! નપુંસક, અપવિદ્ધ (ત્યાગ કરેલ) અને રજસ્વળાદિ કોણ કહેવાય છે તે હું જાણું છું; પરંતુ નગ્ન કોને કહે છે તે જાણવાની મને ઇચ્છા છે. ૩. નગ્ન કોને કહે છે? કેવાં આચરણ કરવાથી મનુષ્ય નગ્ન કહેવાય

---

*આ સત્તરમા અધ્યાયમાં દેવતાઓએ સ્તુતિ કરવાથી શ્રીવિષ્ણુ પ્રસન્ન થશે, અને દૈત્યોને મોહ પમાડવાને માટે એક માયામોહ નામના પુરૂષને પ્રગટ કરશે એ કથા કહેવાશે.

છે ? નગ્નનું કેવું સ્વરૂપ છે ? એ પ્રકારે નગ્ન મનુષ્યોના લક્ષણ સાંભળવાની મારી ઇચ્છા છે. ૪

પરાશર કહેછે—ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એ ત્રણવેદ બ્રાહ્મણાદિવર્ણને (વસ્ત્ર પ્રમાણે) આચ્છાદિત છે તેનો જે મનુષ્ય મોહવશથી ત્યાગ કરે છે તે પાતકી પુરૂષને નગ્ન કહેછે. ૫. હે મૈત્રેય ! જે અર્થે ત્રણવેદ સર્વ વર્ણને આચ્છાદિત છે તેટલા માટે તે ત્રણવેદનો ત્યાગ કરનાર મનુષ્ય નગ્ન કહેવાય એમાં જરા પણ સંશય નથી. ૬. હે મૈત્રેય ! નગ્ન સંબંધી વિષયમાં તેં જે મને પ્રશ્ન કર્યો તે વિષયમાં પૂર્વે મારા પિતામહ ધર્મજ્ઞ વસિષ્ઠ મુનિએ મહાત્મા ભિષ્મને જે કંઈ કહ્યું હતું તે મેં સાંભળ્યું છે, એ કથાનક હું તને કહું છું તે તું શ્રવણકર. ૭–૮. હે મૈત્રેય ! પૂર્વે દેવ તથા દૈત્યનું મોટું યુદ્ધ દેવતાના એક વર્ષ સુધી થયું હતું; તેમાં. હ્રાદ આદિ દૈત્યોએ દેવને પરાજીત કર્યા. ૯. ત્યારપછી દેવતાઓ ક્ષીર સમુદ્રના ઉત્તર કીનારા ઉપર જઈ શ્રીવિષ્ણુની આરાધના કરીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. ૧૦

દેવ કહેછે—અમે જગત્ના ઇશ્વર શ્રીવિષ્ણુની આરાધના કરાવા માટે જે વાણીનો ઉચ્ચાર કરીયે છીયે તેનાથી આદિભૂત ભગવાન શ્રીવિષ્ણુ પ્રસન્ન થજો. ૧૧. જે મહાત્મા શ્રીવિષ્ણુથી આ તમામ પ્રાણિઓ ઉત્પન્ન થયા છે અને જેમાં લય પામેછે તેની સ્તુતિ કરવામાં કોણ સમર્થ છે ? અર્થાત્ કોઇ નહીં. ૧૨. હે પ્રભુ ! યથાર્થ જોતાં તમારી સ્તુતિ કરવાનો વિષય અમારી વાણી અને મનથી અગોચરછે; છતાં અમે શત્રુથી પરાભવ પામવાને લીધે અમારૂં પરાક્રમ નષ્ટ થયું છે માટે અમે કલ્યાણની ઇચ્છાથી તમારૂં સ્તવન કરીયે છીયે. ૧૩. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, (મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત) પ્રકૃતિ થકી પરપુરૂષ તમે છો. ૧૪. હે ભૂતાત્મન્ ! તૃણથી બ્રહ્મા સુધીના સર્વ મૂર્ત અને સમૂર્ત્ત સ્વરૂપ જે કંઈ છે તે સર્વ સ્થાન અને કાળના ભેદ કરનાર તમેજ છો. ૧૫. હે ઈશ્વર ! સૃષ્ટિના આરંભમાં તમારી નાભિકમળથી જે પ્રથમ મૂર્તિ ઉત્પન્ન થઇ તે સૃષ્ટિના સહાય ભૂત બ્રહ્મ દેવ રૂપ આપના સ્વરૂપને નમસ્કાર કરીયે છીયે. ૧૬. ઇંદ્ર, સૂર્ય, રુદ્ર, વસુ, અગ્નિ, મરુત્, સોમ, આદિ ભેદથી યુકત જે સ્વરુપ વાળા અમે છીયે, એ સર્વ તમારા દેવ સ્વરૂપને અમે નમસ્કાર કરીયે છીયે. ૧૭. હે ગોવિંદ ! તમારી દંભ પૂર્ણ, જ્ઞાન શુન્ય, સહિષ્ણુતા અને નિગ્રહથી ઈંદ્રિય રહિત જે મૂર્તિ છે તે દૈત્ય રૂપ મૂર્તિને અમે પ્રણામ કરીયે છીયે. ૧૮. જેનામાં સત્વ ગુણ ઓછો હોવાથી જેના હૃદયની-નાડી અત્યંત જ્ઞાન વાહકનથી, જે શબ્દાદી વિષયમાં આસકત છે, એવા આપના યક્ષ સ્વરૂપ ને નમસ્કાર છે. ૧૯. હે પુરૂષોત્તમ ! ક્રૂરતા અને માયાનિ અદ્વિતીય, ઘોર તમોમય નામની જે મૂર્ત્તિ વિખ્યાત છે, એવા આપના નિશાચર સ્વરૂપને

નમસ્કાર છે. ૨૦. હે જનાર્દન! સ્વર્ગ પ્રાપ્તિમાં યોગ્ય ધર્મનિષ્ઠ પુરૂષોના યજ્ઞાદિ ધર્મના જે સ્વર્ગાદિ ફળ છે તેના સાધન ભૂત તમારા પુણ્ય સ્વરૂપને નમસ્કાર છે. ૨૧. હે સિદ્ધાત્મક! જે લોકો અગ્નિ જળ આદિમાં ચાલે છે પરંતુ કશામાં લેપાતા નથી. જે સર્વદા પ્રસન્ન મનવાળા છે, એવા સિદ્ધસ્વરુપ આપને નમસ્કાર છે. ૨૨. હે હરિ! જે ક્રૂર છે, ઉપભોગથી જેની તૃપ્તિ થતી નથી, જે અક્ષમાનું સર્વસ્વ છે એવા બે જીભવાળા સર્પગણ રૂપ આપના સ્વરૂપને નમસ્કાર છે. ૨૩. હે વિષ્ણુ! જે જ્ઞાનમય, શાંત, દોષહીન, અને પાપશૂન્ય, એવા તમારા ઋષિ સ્વરૂપને નમસ્કાર છે. ૨૪. હે કમળનેત્ર! જે પ્રતિબંધ રહિત અને પ્રલયકાળમાં સર્વ પ્રાણિ માત્રનું ભક્ષણ કરે છે, એવા કાળ સ્વરૂપ આપને નમસ્કાર છે. ૨૫. દેવ, મનુષ્યઆદિ સઘળા પ્રાણીઓને નિઃશેષ રુપથી ભક્ષણ કરી કલ્પના અંતમાં નૃત્ય કરે છે, એવા આપના રૂદ્રસ્વરુપને નમસ્કાર છે. ૨૬. હે જનાર્દન! જે રજોગુણની પ્રવૃત્તિથી કર્મ કરનારા છે એવા આપના મનુષ્ય સ્વરૂપને નમસ્કાર છે. ૨૭. હે સર્વાત્મન્! અઠાવીસ પ્રકારના વધોપેત તમોમય અને ઉન્માર્ગગામી આપના પશૂ સ્વરુપને નમસ્કાર છે. ૨૮. જે સ્વરુપ યજ્ઞના અંગભૂત થઇ જગત્માં મળનાર સત્ફળના સાધનભૂત છે એવા આપના વૃક્ષાદિ સ્વરૂપને નમસ્કાર છે. ૨૯. હે ભગવન્! સર્વના આદિ ભૂત એવા તિર્યક્, મનુષ્ય, દેવ, આકાશ, અને શબ્દાદિ સર્વ તમારું સ્વરૂપ છે, એવા સર્વ સ્વરૂપી આપને નમસ્કાર છે. ૩૦. હે પરમાત્મન્! જે પ્રકૃતિ, મહત્તત્વ, અહંકાર આદિ પ્રપંચમય અશેષ જગત્થી ભિન્ન શ્રેષ્ઠ, નિરુપમ અને પ્રધાનાદિ કારણના કારણભૂત, જેના સમાન બીજા કોઈનું સ્વરુપ નથી એવા આપના આદ્ય સ્વરુપને નમસ્કાર છે. ૩૧. હે ભગવન્! જે શ્વેત, કૃષ્ણ, મોટું, નાનું, જાડું, પાતળું, વગેરે ભેદથી રહિત, જેને કોઈપણ વિશેષણ લાગુ પડતું નથી, તથા શુધ્ધથી શુધ્ધ મહર્ષિલોક જે મૂર્ત્તિના દર્શન કર્યા કરે છે તે મૂર્ત્તિને અમે પ્રણામ કરીયે છીયે. ૩૨. જે જન્મ તથા નાશ રહિત છે, જે અમારા તથા અન્ય સર્વના શરીરમાં અને તમામ પદાર્થમાં નિવાસ કરી રહ્યા છે. જેનાથી કોઇપણ વસ્તુ ભિન્ન નથી, એવા તમારા બ્રહ્મસ્વરુપને નમસ્કાર છે. ૩૩. આ વિશ્વ જે સનાતન જન્મ રહિત પરબ્રહ્મ સ્વરૂપ પરમાત્માનું શરીર છે. પરમપદ જેનો આત્મા છે જે નિત્ય, નિર્મળ અખિલ જગત્ના કારણભૂત એવા વાસુદેવને અમે નમસ્કાર કરીયે છીયે. ૩૪.

પરાશર કહેછે—હે મૈત્રેય! આ પ્રમાણે સ્તોત્ર સમાપ્ત થયા પછી દેવતાઓને શંખ ચક્ર ગદા ધારણ કરનાર ગરુડારુઢ શ્રીહરિના દર્શન થયાં. ૩૫. એ પરમાત્મા શ્રીવિષ્ણુને જોતાંજ સઘળા દેવતાઓ સાષ્ટાંગ નમસ્કાર કરી તેને કહેવા લાગ્યા. હે દેવ! અમારી ઉપર પ્રસન્ન થાઓ, અમે તમારે શરણે આવ્યા છીયે, દૈત્યથી અમારું રક્ષણ કરો. ૩૬. હે પરમેશ્વર! હ્લાદ આદિ દૈત્યોએ બ્રહ્માની આ-

જ્ઞાનું ઉલ્લંધન કરી અમારી પાસેથી ત્રૈલોક્ય અને અમારો યજ્ઞનો ભાગ હરણ કર્યો છે. ૩૭. હે ભગવન્! આપ સર્વાત્મક હોવાથી અમે તથા એ દૈત્યલોકો તમારા અંશ છે તો પણ અમને અવિદ્યાના ભેદથી તમામ જગત જુદું જુદું દેખાય છે. ૩૮. એ અમારા શત્રુઓ પોતપોતાના ધર્મ પ્રમાણે ઇષ્ટદેવમાં આસક્ત થઈ વેદ માર્ગને અનુસરી તપશ્ચર્યામાં સંપન્ન છે એટલા માટે અમે તેઓનો નાશ કરવાને સમર્થ નથી. ૩૯. હે અમેયાત્મન્! જે પ્રકારે અમે તે અસુરોનો નાશ કરવામાં સમર્થ થઇએ એવો ઉપાય બતાવવમાં આપજ યોગ્ય છો. ૪૦.

પરાશર કહેછે— આ પ્રકારે દેવતાઓનું ભાષણ સાંભળી શ્રીવિષ્ણુએ પોતાના શરીરથી માયામોહ નામનો એક પુરૂષ ઉત્પન્ન કરી દેવતાઓને આપી કહેવા લાગ્યા. ૪૧.

શ્રી ભગવાન કહેછે—હે દેવતાઓ! આ માયામોહ તમામ દૈત્યોને મોહિત કરશે; જ્યારે તેઓ વેદમાર્ગથી ભ્રષ્ટ થશે, ત્યારે તમે સહજમાં એ દૈત્યોનો નાશ કરી શકશો. ૪૨. હે દેવગણ! હું જગત્નું પાલન કરવાના વિષયમાં જોડાયલો છું. જે દેવ અથવા દૈત્ય બ્રહ્માના અધિકાર વિરુધ્ધ આચરણ કરશે તે તમામનો હું વધ કરીશ. હવે તમે જાઓ, ભય ધરશો નહીં, આ માયામોહને પાછળ આવવા દો, એજ તમારો સહાયકારી થશે. ૪૩. ૪૪.

પરાશર કહેછે—એ પ્રમાણે શ્રીવિષ્ણુનું વચન સાંભળી દેવતાઓ તેમને નમસ્કાર કરી જ્યાંથી આવ્યા હતા ત્યાં ગયા. જે સ્થાનમાં મોટા મોટા અસુરલોક નિવાસ કરતાહતા ત્યાં માયામોહ પણ દેવતાઓની સાથે તે સ્થાનમાં ગયો. ૪૫.

पराशर उवाच॥ इत्युक्ताः प्रणिपत्येनं ययुर्देवा यथागतम् ॥
मायामोहोऽपि तैः सार्धं ययौ यत्र महासुराः॥ ४५ ॥
ઇતિશ્રી વિષ્ણુપુરાણે તૃતીય અંશે સપ્તદશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૧૮ મો.

पराशर उवाच ॥ तपस्यभिरतान्सोऽथ मायामोहो महासुरान् ॥४५॥
मैत्रेय ददृशे गत्वा नर्मदातीरसंश्रयान् ॥ १ ॥

પરાશર કહેછે—હે મૈત્રેય! ત્યારપછી માયામોહે અસુરના સ્થાનમાં જઇને જોયું તો એ અસુરલોકો નર્મદા તટ ઉપર તપશ્ચર્યા કરવામાં આસક્ત થયા

* આ અઢારમા અધ્યાયમાં માયામોહથી મોહ પામેલા દૈત્યોનો નાશ થશે અને નગ્નના સંસર્ગ રૂપ દોષથી શૈવ્યા તથા શતધનુની કથા કહેવામાં આવશે.

હતા. ૧. હે દ્વિજ ! તેસમયે ત્યાં જઇ માથુમુંડાવી, નગ્ન, અને હાથમાં મોર પીંછ ધારણકરી તે માયામોહ અસુર લોકોને આ પ્રકારના મધુર વચનથી કહેવા લાગ્યો. ૨.

માયામોહ કહેછે—તમે શામાટે તપશ્ચર્યા કરોછો ? એ તપશ્ચર્યાથી તમે ઐહિક અથવા પારમાર્થિક ફળની ઈચ્છા કરોછો ? એ જ હોય તે કહી સંભળાવો. ૩.

અસુરો—હે મહામતિ ! પારલૌકિક ફળની ઈચ્છા માટે અમે આ તપશ્ચર્યા કરીયે છીએ, એ વિષયમાં તમે શું કહેવાની ઈચ્છા કરોછો ? ૪.

માયામોહ—જો તમે મુક્તિની ઇચ્છા કરતાહો, તો તમે મારા વચનને અનુસરીને કર્મકરો. મુક્તિના ઉઘડેલાં દ્વારરુપ મારાં કહેવાં પ્રમાણે ધર્માનુષ્ઠાન કરો, એ ધર્માનુષ્ઠાન કરવાને તમેજ યોગ્યછો. ૫. આ મારો કહેલો ધર્મજ મુક્તિ મેળવવામાં યોગ્ય છે, એનાથી શ્રેષ્ઠબીજો કોઈ ધર્મ નથી. આ ધર્મમાં જો તમે નિષ્ઠા રાખશો તોજ તમને સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થશે. ૬. તમે સઘળા મહા બળવાનછો, માટે તમે સઘળાએ ધર્માચરણ કરવામાં યોગ્ય થાઓ. એ પ્રકારે માયામોહે અનેક પ્રકારની યુક્તિ દેખાડી તે રાક્ષસોને વેદમાર્ગથી દૂર કર્યા, તેમજ આ કર્મ ધર્મનું કારણભૂત છે; આ ધર્મમાં કારણભૂત નથી; આ સત્ય છે; આ અસત્ય છે; આનાથી મોક્ષ થાય છે; આ મોક્ષ દાયક નથી; આ અત્યંત પરમાર્થ રુપ છે; આ કાર્ય પરમાર્થ રુપ નથી; આ સત્કાર્ય છે, આ અસત્કાર્ય છે; આ વિષય આમ નથી; આ સ્પષ્ટ આ પ્રકારે છે, આ દિગંબરો (એક પ્રકારના જૈન) નો ધર્મ છે; આ બહુ વસ્ત્રધારણ કરનાર નો ધર્મ છે. ૭. ૧૦. હે દ્વિજ ! એ પ્રમાણે અનેક સંશય યુકત ભાષણ કરી તથા વૈદિક ધર્મના ફળ પણ વ્યભિચારિત (નીયમથી ન મળનાર) છે, એ પ્રકારે દેખાડી એ માયામોહે તે દૈત્યોને સ્વધર્મથી ભ્રષ્ટ કર્યા. ૧૧. માયામોહે દૈત્યોને કહ્યું હતું કે તમેલોકો આ ધર્મને અર્હત અર્થાત્ માન્ય કરો. એટલા માટે જેઓએ તે ધર્મને ગ્રહણ કર્યો તે સઘળા આર્હત નામથી પ્રસિદ્ધ થયા. ૧૨. માયામોહે એ પ્રકારે અસુરોને વેદધર્મથી વિમુખ કર્યા; અસુરો પણ માયામોહના પ્રભાવથી મૂઢ થઇ તેના વાક્યમાં તલ્લીન બનીગયા અને તેના ઉપદેશ પ્રમાણે બીજા દૈત્યો પણ તે ધર્મને ગ્રહણ કરવા લાગ્યા. ૧૩. અસુરોના દિક્ષિતો અન્ય દૈત્યોને, તે વળી ત્રીજાને, તે વળી ચોથાને ઉપદેશ કરીને થોડા દિવસમાં એ ધર્મ ગ્રહણ કરાવવા લાગ્યા અને વૈદિક ધર્મનો ત્યાગ કરતા ગયા. ૧૪. ત્યાર પછી ફરીથી રાતાં વસ્ત્ર ધારણ કરી આખમાં અંજન આંજી તે માયામોહ બીજા અસુરોની પાસે જઈ મધુર વાણીથી કહેવા લાગ્યો. ૧૫.

માયામોહ—હે અસુરગણ ! જો તમારે સ્વર્ગની અથવા મોક્ષની ઈચ્છા હોય તો યાદ રાખજો કે પશુહિંસા આદિ દુષ્ટ ધર્મથી કંઈ પણ ફળ તમે પામવાના નથી. આ સઘળા જગત્ને વિજ્ઞાન મય જાણો, મારૂં વચન રૂડે પ્રકારે સમજીલ્યો. આ

વિષયમાં જ્ઞાની લોકો શું કહેછે તે મારાથી સાંભળો. ૧૬. ૧૭. આ સર્વ જગત્ નિરાધાર તથા ભવ સંકટમાં નિરંતર ભ્રમણ કર્યા કરે છે, એ ભ્રમ જ્ઞાનગોચર અર્થાગમમાં તત્પર અને રાગાદિદોષોથી અત્યંત દૂષિત છે તેથીજ તે સંસાર રૂપ સંકટમાં ગરકાવ થઇ ગયું છે. ૧૮.

પરાશર૦—એ પ્રમાણે માયામોહે 'કહ્યું, આમ જાણો; એમ સમજો, આ લક્ષમાં રાખો,' એવાં વચનો કહીને દાનવોને પોતાના ધર્મથી ભ્રષ્ટ કર્યા. ૧૯. માયા મોહ દૈત્યોની પાસે આ પ્રકરના યુકિતવાળાં વચનો કહેવા લાગ્યો અને તે દૈત્યો તેના વચનને અનુસરી પોતાના ધર્મનો ત્યાગ કરવા લાગ્યા. ૨૦. એ ધર્મત્યાગીઓએ બીજાને કહ્યું, બીજા એ ત્રીજાને કહ્યું, એમ માયામોહના વચનનો પ્રચાર કરી વેદ અને સ્મૃતીમાં કહેલા ધર્મનો ત્યાગ કર્યો. ૨૧. હે મૈત્રેય! અત્યંત મોહ ઉત્પન્ન કરનાર એ માયા મોહે બીજાં પણ અનેક પ્રકારના પાખંડ રૂપ ધારણ કરી બીજા પણ કેટલાક અસુરોને મોહિત કર્યા. ૨૨. એ પ્રમાણે માયામોહના પ્રભાવથી અસુર લોકોએ થોડા સમયમાં વેદ માર્ગને અનુસરનારાં સઘળા કાર્ય છોડી દીધાં એટલુંજ નહિં પણ વેદ માર્ગની વાત પણ છોડી દીધી. ૨૩. હે દ્વિજ! તેમાં કેટલાક વેદની નિંદા કરવા લાગ્યા; કેટલાક દેવની, યજ્ઞ આદિ કર્મોની અને કેટલાક બ્રાહ્મણોની નિંદા કરવા લાગ્યા. ૨૪. અને કહેવા લાગ્યા કે "(સ્વર્ગની પ્રાપ્તિ માટે જ્યોતિષ્ટોમ યજ્ઞ કરવો) એ વાકય યુકિત પૂર્વક નથી, જે કાર્યથી કોઈ પ્રાણિની હિંસાયતિ હોય તે ધર્મ કદાપી યુકિત સંગત નથી. અગ્નિમાં ઘી વગેરે હોમ દ્રવ્ય બાળવાથી સ્વર્ગાદિ ફળ મળે છે, એ પણ નાના બાળકના ભાષણ જેવું છે. ૨૫. અનેક યજ્ઞો કરી દેવપણું મેળવી જે ઈંદ્રને સમી કાષ્ઠ વગેરે સમિધના લાકડાંજ ભક્ષણ કરવાના છે તો તેના કરતાં પશુઓ શ્રેષ્ઠ છે કેમકે તેઓને ઝાડનાં લીલાં પાંતરાં ખાવા મળેછે. ૨૬. યજ્ઞ સ્થાનમાં પશુને મારવાથી જો તે પશુ સ્વર્ગમાં જાયછે તો યજમાન પોતાના પિતાનો વધ કરી તેને શામાટે સ્વર્ગમાં મોકલતો નથી? (કારણ કે તેને અનાયાસે સ્વર્ગ મળેછે.) ૨૭. (શ્રાદ્ધ વિષયમાં પણ એમજ છે) શ્રાદ્ધના સમયમાં જો એક મનુષ્યને ભોજન કરાવવાથી બીજા મનુષ્યને તૃપ્તિ થતિ હોય તો પરદેશ જતી વખતે ભોજનની સામગ્રી સાથે લઈ જવાની શી જરૂરછે? (કારણ કે ઘરના મનુષ્ય શ્રદ્ધાથી ઘરમાં ભોજન કરવાથીજ પ્રવાસીની તૃપ્તિ થશે.) ૨૮. તાત્પર્ય એજકે તે યજ્ઞાદિ વિષય ઉપર લોકોની શ્રદ્ધાછે, (વસ્તુતઃ એમાં કંઈ પણ અર્થ નથી) તમે લોકો એ વિષયનો વિચાર કરી જોશો તો માલમ પડશે તેની ઉપેક્ષા કરવી એજ કલ્યાણકારી છે. મેં જે તમને કહ્યું તે તમને બધાને રૂચવું જોઇએ. ૨૯. હે અસુરગણ! પ્રમાણીક વચનો કંઈ આકાશમાંથી પડતાં નથી. તેમ યુકિત વગર અમુક વચન પ્રમાણીક છે એમ માનવું યોગ્ય નથી. જે વચન યુકિત વાળું હોય તે તમને, મને અને

બીજા આપણા જેવા હોય તે સર્વને ગ્રહણ કરવું યોગ્યછે. ૩૦. હે મૈત્રેય ! માયા મોહે એ પ્રકારે અનેક ભ્રાંતિ યુક્ત ઉપાયથી દૈત્યોને એવો તો વિકૃત ભાવનામય બનાવી દીધા કે તેઓમાંથી કોઇને પણ વેદની ઉપર પ્રીતિ રહી નહીં. ૩૧. એવી રીતે દૈત્યો કુપથગામી થવાથી દેવતા લોકો મોટો ઉદ્યોગ કરી તે દૈત્યોની સાથે યુદ્ધ કરવાને તૈયાર થયા. ૩૨. હે દ્વિજ ! ત્યાર પછી ફરીથી દેવ તથા અસુરનું યુદ્ધ થયું તેમાં દેવતાઓ એ સન્માર્ગથી ભ્રષ્ટ થયેલા અસુરોનો નાશ કર્યો. ૩૩. પ્રથમ અસુરોને સ્વધર્મ રૂપ જે કવચ હતું તેથી તેઓ રક્ષિત હતા; પરંતુ આવખતે એ સ્વધર્મ રૂપ કવચ નષ્ટ થવાથી તેનો નાશ થયો. ૩૪. હે મૈત્રેય ! તે સમયથી જે લોકો માયામોહના કહેલા ધર્મમાં પ્રવૃત્ત થયાછે તે નગ્ન કહેવાયછે; કારણ કે તેણે વેદત્રયી રૂપ આવરણનો વિના કારણ પરિત્યાગ કર્યોછે. ૩૫. હે મૈત્રેય ! બ્રહ્મચારી, ગ્રહસ્થ, વાનપ્રસ્થ, અને સંન્યાસ, એ ચાર પ્રકારના આશ્રમછે પાંચમો આશ્રમ નથી. ૩૬. હે દ્વિજ! જે પુરુષ ગ્રહસ્થાશ્રમનો ત્યાગ કરી વાનપ્રસ્થ અથવા સંન્યાસને ગ્રહણ કરતો નથી તે પાપાત્માને પણ નગ્ન જાણવો. ૩૭. જે પુરુષ સમર્થ હોય છતાં એક પણ દિવસ નિત્ય કર્મનો લોપ કરે તો જે દિવસે નિત્ય કર્મનો લોપ થાય તેજ દિવસે તે પતિત થાય છે અને આગળ કરેલાં સર્વ નિત્ય કર્મનો પણ નાશ થાય છે. ૩૮. હે મૈત્રેય! વિપત્કાળ વગર જે પુરુષ પંદર દિવસ સુધી નિત્ય કર્મ કરતો નથી તે મોટું પ્રાયશ્ચિત કરવાથી શુદ્ધ થાય છે. ૩૯. એક વર્ષ સુધી જે પુરૂષ નિત્ય કર્મ કરતો નથી તેને જોવાથી (તેના પ્રાયશ્ચિતને માટે) સાધુ પુરૂષોને સૂર્યના દર્શન કરવાં જોઇએ. ૪૦. હે મહાપ્રાજ્ઞ! એવા મનુષ્યનો સ્પર્શ થાય કે તરત સચૈલ સ્નાન કરવું. વસ્ત્રસહિત સ્નાન કરવાથી શુદ્ધ થવાય છે; પરંતુ તે પાતકીની તો શુદ્ધિજ થતી નથી ૪૧.આ પૃથ્વી ઉપર જેના ઘરમાંથી દેવ, ઋષિ, પિતૃ, અને ભૂતગણ પૂજન પામ્યા વગર નિશ્વાસ નાંખી પાછા જાય છે તેના કરતાં વિશેષ પાપી બીજો કોઇ નથી. ૪૨. જેના શરીર તથા ઘર ઉપર દેવ, પિતૃઆદિનો નિશ્વાસરુપ આઘાત થયો હોય તેના ઘર, આસન અથવા પરિવાર વગેરેનો સંસર્ગ કરવો નહિં. ૪૩. જે પુરૂષ એવા પાતકીની સાથે એક વર્ષ સુધી સંભાષણ કરે, કુશળ પ્રશ્ન કરે અને એકત્ર નિવાસ કરે તે તેના સરખો પાતકી થાય છે. ૪૪. જે પુરુષ એવા પાપીને ત્યાં ભોજન કરે એની સાથે એક આસન ઉપર બેસે અથવા તેની શૈયા ઉપર સુવે તે પણ તેના સરખો પાતકી થાય છે. ૪૫. જે મનુષ્ય દેવતાઓ, પિતૃ, ભૂતગણ અને અતિથિઓની પૂજા કર્યા વગર પોતે ભોજન કરે છે તે પાપનું જ ભોજન કરેછે અને તેમ કરનારના પાપનિ નિવૃત્તિને માટે પ્રાયશ્ચિત પણ નથી.૪૬. એ પ્રમાણે બ્રાહ્મણાદિ ચાર વર્ણ જો પોત પોતાના ધર્મથી પરાંડમુખ થાય અથવા નીચવૃત્તિનો આશ્રય કરે તો તેની નગ્ન એવી સંજ્ઞા થાય છે. ૪૭. હે મૈત્રેય! એક ઘરમાં ચાર

વર્ણનો સંસર્ગ ભેળસેળ થાય છે તે ઘરમાં સદાચાર યુકત પુરુષને પોતાના વ્યવહારમાં પીડા થાય છે.૪૮. ઋષિ, દેવ, પિતૃ, ભૂતગણ અને અતિથિ વગેરેની જે મનુષ્ય પૂજા કરતો નથી તેની સાથે ભાષણ કરનાર પુરુષ નરકમાં જાય છે. ૪૯. એટલા માટે બુદ્ધીમાન પુરુષે વેદનો ત્યાગ કરનાર નગ્ન પુરુષોની સાથે વાર્ત્તાલાપ અથવા તેનો સ્પર્શ કરવો નહીં. ૫૦. એ નગ્ન એટલા પાતકી છે કે શ્રદ્ધાવાન મનુષ્ય પ્રયત્ન પૂર્વક શ્રાદ્ધ કરતો હોય તેને જો એ નગ્ન પુરુષ જોઈ લે તો તેથી પિતૃઓની તૃપ્તિ થઇ શકતી નથી. ૫૧. આ વિષય ઉપર એક આખ્યાન મારા સાંભળવામાં આવ્યું છે. પૂર્વે આ પૃથ્વી ઉપર એક શતધનુ નામનો રાજા હતો, તેને અત્યંત ધર્મ પરાયણી શૈબ્યા નામની સ્ત્રી હતી, એ શૈબ્યા પતિવૃતા, મહા ભાગ્યશાળી, સત્યનીષ્ઠ, પવિત્રતાયુકત, દયાળુ, સર્વ લક્ષણોથી પરિપૂર્ણ અને વિનયસંપન્ન હતી. ૫૨. ૫૩. શતધનુ રાજા એ શૈબ્યાની સાથે પરમ સમાધીદ્વારા દેવેશ્વર વિભુ જનાર્દનની આરાધનામાં પ્રવૃત્ત થયો, તે પ્રતિદિન પરમાત્મામાં એકાગ્ર થઇ ભકિત પૂર્વક હોમ, જપ, દાન, ઉપવાસ પૂજા આદિથી શ્રીવિષ્ણુની આરાધના કરતો હતો. ૫૪. ૫૫. એક દિવસ એ બન્નેજણા કાર્ત્તકી પૂર્ણિમાનો ઉપવાસ કરી ગંગાજીમાં સ્નાન કરી બહાર નિકળ્યાં. ૫૬. તે વખતે સામે એક પાંખડીને જોયો. હે દ્વિજ ! એ પાખંડી, રાજાના ધનુર્વેદના મહાત્મા આચાર્યનો મિત્ર હતો. રાજાએ આચાર્યની ગૌરવતા જાળવી તેના સન્માનાર્થે એ પાંખડી જોડે કંઈક ભાષણ કર્યું; પરંતુ મુનિવૃત ધારણકરનાર નિયમનિષ્ઠ શૈબ્યા દેવીએ તેની સાથે ભાષણ કર્યું નહીં. ૫૭. ૫૮. એટલુંજ નહીં પણ પોતે ઉપોષિત છે એમ ધારી તત્કાળ તેણે સૂર્યના દર્શન કર્યાં. હે દ્વિજોત્તમ ! ત્યાર પછી એ બન્ને દંપતિ પોતાના સ્થાન ઉપર આવી યોગ્ય વિધિ પ્રમાણે શ્રી વિષ્ણુની પૂજા આદિ સર્વ કાર્ય કર્યા પછી કેટલાક દિવસ રહી તે શત્રુનો નાશ કરનાર શતધનુ રાજા મરણ પામ્યો. ૫૯. ૬૦. અને તેની પટરાણી શૈબ્યા દેવી પણ પોતાના પતિની ચિતામાં પ્રવેશ કરી પતિની પાછળ સતી થઇ. ૬૧. પછી રાજાએ ઉપવાસ કરી પાખંડીની સાથે જે વાત કરી હતી તેથી તેનો શ્વાનયોનીમાં જન્મ થયો, અર્થાત્ શ્વાન (કુતરા) નો જન્મ ધારણ કર્યો, અને તેની સ્ત્રી શૈબ્યા કાશિરાજાને ત્યાં સર્વોત્તમ પ્રકારની કન્યા રુપે જન્મી. એ કન્યા સર્વ લક્ષણ યુકત વિજ્ઞાન સંપન્ન અને પૂર્વજન્મના જ્ઞાનવાળી થઇ. ત્યારપછી લગ્ન કરવા યોગ્ય પોતાની પુત્રને જોઈ કાશિરાજ તેનેમાટે વર શોધવા લાગ્યો. પરંતુ તે કન્યાએ વર શોધવાની ના કહેવાથી તેણે તે વાત પડતી મુકી. પછી પોતાના (પૂર્વજન્મના) પતિ શ્વાનયોનિમાં જન્મી વૈદિશાનગરીમાં છે એમ જ્ઞાન દ્રષ્ટિથી જાણ્યું. ૬૨. ૬૪. ત્યારપછી તે વૈદિશ નામના નગરમાં જઈ ત્યાં મહાભાગ્યશાળી પોતાના પતિને શ્વાન રુપે જોયો. તેને જોતાંજ સત્કાર પૂર્વક

ઉત્તમ પ્રકારનું શ્રેષ્ઠ ભોજન કરાવ્યું. સ્વેચ્છાપૂર્વક મળેલા અન્નનું ભક્ષણ કરવાથી પોતાની જાતીને યોગ્ય એવા આચારથી તે શ્વાન કાશિરાજની કન્યા સાથે લાડ કરવા લાગ્યો. એ પ્રમાણેનું વર્ત્તન કરવાથી તે સુંદર કન્યાને લજ્જા ઉત્પન્ન થઇ અને નઠારી જાતીમાં ઉત્પન્ન થયેલા પોતાના પતિને નમસ્કાર કરી આ પ્રમાણે કહેવા લાગી. ૬૬. ૬૭. હે મહારાજ ! આપના ગુરુના મિત્ર સમજી જે પ્રીતિથી તથા મૃદુવાક્યથી આપે તેનીસાથે ભાષણ કર્યું હતું તે ફળથી આજ શ્વાન યોનિમાં જન્મ લઇ મારીસાથે લાડ કરોછો તેનું આપ સ્મરણ કરો. ૬૮. હે પ્રભુ ! આપે તીર્થમાં સ્નાનકરી પાખંડીને જોઇ તેની સાથે ભાષણ કરવાથીજ આ નીચ યોનીમાં જન્મ લેવો પડયો છે; તેનું કેમ આપ સ્મરણ કરતા નથી ? ૬૯.

પરાશર૦—હે મૈત્રેય ! એ પ્રમાણે કાશિરાજની પુત્રીનું વચન સાંભળી પોતાને પૂર્વ જન્મનું સ્મરણ થયું છે એવો તે શ્વાન અત્યંત ચિંતાતુર થઈ વિચાર કરવા લાગ્યો. ૭૦ પછી અંતઃકરણજેનું ખિન્ન થયું છે એવો તે શ્વાન વૈદિશ નગરીમાંથી બહાર નીકળી ઉંચા પર્વત ઉપર જઈ ત્યાંથી પૃથ્વી ઉપર પડતું મુકી પ્રાણત્યાગ કરી શિયાળનો જન્મ ધારણ કર્યો. ૭૧. ફરી બીજે વર્ષે તે સ્ત્રીએ પોતાના પતિને શિયાળ યોનિમાં જન્મેલો જાણી તેને જોવાને માટે કાળાહળ નામના પર્વત ઉપર ગઇ. ૭૨. રમણીય રાજ્ય કન્યા શિયાળના જન્મમાં રહેલા પોતાના પતિને જોઇ તેને આ પ્રમાણે કહેવા લાગી. ૭૩. હે રાજેંદ્ર ! પૂર્વ જન્મમાં આપ જ્યારે શ્વાનયોનિમાં જન્મ્યા હતા તે વખતે મેં પાખંડી સાથે ભાષણ કરવા સંબંધી જે પૂર્વ ચરિત્ર કહ્યું હતું તેનું આપને સ્મરણ છે ? ૭૪. એ પ્રમાણે ફરીથી તેણે કહ્યું તે સાંભળી ઘણા સત્યનીષ્ટએવા તેના પતિએ ત્યાં ઉપોષણ કરી એજ અરણ્યમાં પ્રાણ ત્યાગ કર્યો. ૭૫. અને ફરી તે વૃક યોનિમાં જન્મ્યો. કાશિરાજ પુત્રી પાછી તેની પાસે આવી તેને પૂર્વ જન્મના ચરિત્રનું સ્મરણ કરાવી કહેવા લાગી. ૭૬. હે મહાભાગ ! આપ વૃક નથી. પરંતુ. આપ શતધનુ રાજાછો. આપ એક વખત શ્વાન બીજી વખત શીયાળ અને હમણા વૃક થયા છો. ૭૭.

પરાશર૦—કાશિરાજની પુત્રીએ એ પ્રમાણે સ્મરણ કરાવ્યા પછી તે રાજા વૃક શરીરનો ત્યાગ કરી ગીધ યોનીમાં જન્મ્યો. ફરીથી રાજકુમારીએ તે ગીધની પાસે જઇ સર્વ વૃતાંત સ્મરણ કરાવ્યું. ૭૮. હે નરેંદ્ર ! આપ ગીધની પ્રમાણે ચેષ્ટા ન કરો, સ્મરણ કરો કે આ આપ કોણછો ? પાખંડી સાથે ભાષણ કરવાથીજ આપ ગીધ થયાછો. ૭૯. આ પ્રમાણે રાજપુત્રીનું વચન સાંભળી તેણે ગીધ શરીરનો ત્યાગ કર્યો અને ફરીથી કાગડાનો જન્મ પ્રાપ્ત કર્યો, કાશિરાજ પુત્રીએ યોગબળથી કાગરૂપે પોતાના સ્વામીને જાણી તેનીપાસે જઇ બોલી. ૮૦. હે પ્રભુ ! પૂર્વે સઘળા

રાજાઓ આપને વશ્ય થઈ બલિ (કર) પ્રદાન કરતા હતા, તે આ વખતે આપ કાગરૂપ ધારણ કરી બલી (દેવાદિકોથી અપાયલું અન્ન) ભક્ષણ કરોછો? ૮૧.

પરાશર૦—એપ્રમાણે કાક જન્મમાં પણ પૂર્વ જન્મનું વૃત્તાંત સ્મરણ કરી પ્રાણ ત્યાગ કર્યો અને મોરયોનિમાં જન્મ્યો. ૮૨. કાશિરાજ પુત્રી સ્વામીને મયૂર જન્મ પ્રાપ્ત થયો છે એમ જાણી પ્રતિક્ષણ એ મયૂરને ખાવા યોગ્ય વિવિધ પ્રકારના રમણીય પદાર્થથી ભોજન કરાવી તેની સેવા કરવા લાગી. ૮૩. ત્યારપછી જનક રાજાએ અશ્વમેધ નામનો મહાયજ્ઞ કર્યો, તેના અવભૃથ સ્નાન (યજ્ઞના છેવટમાં કરવામાં આવતું સ્નાન) માં કાશિરાજ પુત્રીએ તે મયૂરરૂપ પોતાના સ્વામીને સ્નાન કરાવ્યું અને તે રાજા કેવે પ્રકારે શ્વાન, શિયાળ આદિ યોનીમાં જન્મ્યા હતા તે સ્નાન કરતી વખતે તેનું સ્મરણ કરાવ્યું. ૮૪. ૮૫. તેને અનુક્રમથી પોતાના જન્મનું સ્મરણ થતાંજ મયૂર શરીરનો ત્યાગ કર્યો. પછી તે મહાત્મા રાજા જનકને ત્યાં પુત્રરૂપે અવતર્યો. ૮૬. ત્યાર પછી કાશિરાજની કન્યાએ પિતાને પોતાના વિવાહ કરવાને માટે કહ્યું તે વખતે એ કાશિરાજએ પોતાની પુત્રીના વિવાહને માટે સ્વયંવર રચ્યો. ૮૭. જ્યારે સ્વયંવરની સભામાં સઘળા રાજકુમારો આવ્યા તે વખતે રાજકન્યાએ જનકરાજકુમારને પોતાના સ્વામી તરિકે જ્ઞાન દ્રષ્ટિથી જોઈ તેના કંઠમાં વરમાળ આરોપણ કરી. ૮૮. જનક રાજકુમારે પણ તે કાશિ રાજની કન્યા સાથે લગ્ન કરી સ્ત્રી સહવર્ત્તમાન અનેક પ્રકારના શ્રેષ્ઠ રાજવૈભવ ભોગવવા લાગ્યો, અને પોતાના પિતા જનક રાજા સ્વર્ગવાસિ થયા પછી વિદેહ નગરીનું રાજ્ય કરવા લાગ્યો. ૮૯. તેણે વિવિધ પ્રકારના યજ્ઞો કરી યાચક લોકોને અસંખ્યરીતે ધન દાન આપ્યાં તથા સમયાનુસાર પુત્ર જન્મ્યા અને તેણે શત્રુઓની સાથે સંગ્રામ પણ કર્યા હતા. ૯૦. એપ્રમાણે નિષ્કંટક રાજ્ય ભોગવી યોગ્ય પ્રકારે પૃથ્વીનું પાલન કરી તે રાજાએ સ્વધર્મ પ્રમાણે યુદ્ધમાં પોતાના પ્રિય પ્રાણનો ત્યાગ કર્યો. ૯૧. ત્યાર પછી ચિતા ઉપર સ્થાપન કરેલા પોતાના પતિસાથે તે સુંદરી પૂર્વ પ્રમાણે આનંદથી ચિતામાં પ્રવેશ કરી સતી થઈ. ૯૨. તે રાજાએ રાજકન્યાએ સહવર્ત્તમાન ઈંદ્રલોકનું ઉલ્લંઘન કરી સર્વ પ્રકારના મનોરથને પૂર્ણ કરનાર અક્ષય્ય લોકમાં ગયા. ૯૩. હે દ્વિજોત્તમ ! એ પ્રમાણે અવભૃથ સ્નાન કરવાથી તે રાજાને પાખંડી સાથે ભાષણ કરતાં જે દોષ લાગ્યો હતો તે પાપનો ક્ષય થઇ પુણ્યની વૃદ્ધિ તથા તેની ઉત્તમપ્રકારે સિદ્ધિ પ્રાપ્તકરી તે દંપતિએ અત્યંત દુર્લભ એવા અક્ષય્ય પદની પ્રાપ્તિ કરી. ૯૪. હે દ્વિજ ! મેં તારીપાસે પાખંડી સાથે ભાષણ કરવાનો દોષ અને અશ્વમેધ યજ્ઞમાં અવભૃથ સ્નાનનું મહાત્મ્ય તને કહો સંભળાવ્યું. ૯૫. એટલા માટે પાખંડી પાપિઓની સાથે વાત ન કરવી, તેઓને અડકવું નહીં, તેમાં વિશેષે કરીને નિત્ય નૈમિત્તિક કર્મમાં અને યજ્ઞમાં દિક્ષા લિધિ હોય

તે વખતે તેનો સંસર્ગ કદાપી કરવો નહીં. ૯૬. હે મૈત્રેય ! જેના ઘરમાં એક મહિના સુધી નિત્ય કર્મનું અનુષ્ઠાન ન થયું હોય એવા પુરુષને જોવાથી બુદ્ધિમાન મનુષ્યે તરત સૂર્યના દર્શન કરવાં યોગ્ય છે. ૯૭. તેમજ પરાન્ન ભોજી (પારકા અન્નનું ભોજન કરનાર) વેદવચનનો વિરોધકરનાર, તથા જે પાપાત્માએ વેદનો પરિત્યાગ કર્યો છે એવાને જોઈને અવશ્ય સૂર્યના દર્શન કરવાં જોઇએ. ૯૮. હે મૈત્રેય ! પાખંડી, નિષિદ્ધ કર્મ કરનાર, બીડાલવૃતી, (બહારથી ધર્મનું આચરણ કરે અને અંતઃકરણમાં પાપની ઈચ્છા કરે,) શઠ, (મોઢે મિઠું બોલનાર અને પછવાડી અપ્રિય બોલનાર) હૈતુક, (જ્ઞાન અકુંઠીત થવાથી ધાર્મિક વાર્ત્તામાં પણ હેતુ વાદનો સંબંધ લાવી તે કૃત્ય અયોગ્ય છે એમ વાત કરી સંશય ઉત્પન્ન કરનાર) અને બક વૃત્તિ, (સ્વાર્થ સાધક, લુચ્ચો, ખોટા વિનયવાળો) એવા લોકોની સાથે સત્પુરૂષે વચન માત્રથી પણ તેનો સત્કાર કરવો નહીં. ૯૯. સંસર્ગની વાત તો દૂર રહી પરંતુ પાપીઓની સાથે નિવાસ અને ભાષણ કરવાથી પણ દોષ લાગે છે. માટ એવા પાપિયોનો સંગ દૂરથીજ છોડી દેવો. ૧૦૦. નગ્ન કોને કહે છે ? એ પ્રશ્ન તેં જે મારી પાસે કર્યો હતો તેનું તારીપાસે યથાર્થ રીતે વર્ણન કર્યું. એ નગ્ન લોકો જે શ્રાદ્ધ જુએ તો શ્રાદ્ધ વિનષ્ટ થાય છે, તેની સાથે વાત કરવાથી એક દિવસનું પુણ્ય નાશ પામે છે, એ પાપિઓ પાખંડી કહેવાય છે, પંડીત પુરુષે એવા નગ્ન પાપિ અને પાખંડી હોય તેવાની સાથે ભાષણ કરવું નહીં, કારણ કે તેની સાથે ભાષણ કરવાથી તે દિવસે સંપાદન કરેલું તમામ પુણ્યફળ નાશ પામે છે. ૧૦૧.૧૦૨. વૃત, અનુષ્ઠાન ન કરતાં વિનાકારણ માથે જટા વિગેરે પંચ કેશ રાખનાર, નિરર્થક મુંડન કરાવનાર, દેવ અતિથિ વગેરેનું પૂજન કર્યા વગર ભોજન કરનાર, સર્વ પ્રકારની પવિત્રતા વગરનો અને પિતૃને તર્પણ તથા પિંડદાન આદિથી જે સંતુષ્ટ કરતો નથી, એવાની સાથે ભાષણ માત્ર કરવાથી મનુષ્ય નરકમાં જાય છે. ૧૦૩. એ પ્રમાણે દેવોએ સ્તવન કરવાથી શ્રી વિષ્ણુએ માયામોહ સ્વરૂપ ધારણ કરી તપ કરવામાં આસકત થએલા દૈત્યોને મોહ ઉત્પન્ન કર્યો હતો. ૧૦૪.

इति देवैः स्तुतो विष्णुस्तपस्यभिरतांस्तदा ॥
मायामोह स्वरूपेण सुरारीनप्यमूमुहत् ॥ १०४ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે તૃતીય અંશે અષ્ટાદશો અધ્યાય સંપૂર્ણ.

ઇતિ ત્રીજો અંશ સમાપ્ત.

અગત્યની સૂચના.

પ્રીય વાંચકો ! પોતાનું ભવિષ્ય જાણવાની ઉત્કંઠા કોને ન હોય ? જો તમારે તમારૂં ભવિષ્ય જાણવું હોય તો જ્યોતિર્વિદ્ ગૌરીશંકર મંછાશંકરને જરૂર મળો. અમારે જ્યોતિષ-શાસ્ત્રના આધારથી જન્મોત્રી, ટપકા, વર્ષફળ, દશાપ્રવેશ, પ્રશ્નોત્રી વીગેરે બનાવવાનું તથા જોવાનું કામ ઘણીજ બારીકીથી કરવામાં આવે છે એ બાબતમાં વિશેષ લખવાથી આત્મશ્લાઘા કરવા જેવું છે માટે જીંદગીનું ખરૂં ભવિષ્ય જાણવું હોય તો નીચેને ઠેકાણે જરૂર મળો.

ઠે૦ દાદીશેઠ અગીયારી લેન નં. ૧૧૪–૧૧૬
શેઠ પરશોતમદાસ હરજી મુળજીના માળામાં
બીજે માળે,–મુંબઇ.

જ્યોતિર્વિદ્ ગૌરીશંકર મંછાશંકર,
સુરતવાળાનું જ્યોતિષાલય.

શ્રી યાજ્ઞિકનાથવિરચિતા

જાતકચંદ્રિકા.

મૂળ શ્લોક, અન્વય, ગુજરાતી ભાંષાતર અને સ્પષ્ટ ઉદાહરણ સાથે.

એ નામનું જ્યોતિષનું પુસ્તક મારા તરફથી બહાર પડયું છે. જ્યોતિષ શાસ્ત્રના ફળા-દેશના ઘણા ગ્રંથો બહાર પડેલા છે પણ તેનું ગણિત કેમ કરવું ? કોઇ ચોક્કસ વખત ઉપરથી કુંડળી કેવી રીતે કરવી ? યા કોઈ કુંડળી માંડેલી હોય કે જન્મોત્રી કરેલી હોય તે ખરી છે કે ખોટી ? તે તપાસવા વિગેરેનું ખરૂં જ્યોતિષશાસ્ત્રના મૂળ આધારનું કામ આ પુસ્તક સ્પષ્ટ રીતે બતાવે છે એમાં દરેક જાતનું ગણીત જેવા કે, ષડ્વર્ગ, મૈત્રી, સમક વર્ગ વગેરે તમામ ગણીત અતિ સ્પષ્ટતાથી તેના સંબંધાબંધ દાખલાઓ સાથે બતાવેલું છે. જે કોઈ માણસને સાધારણ ગુણાકાર ભાગાકાર આવડતા હોય તે પણ આ પુસ્તકથી જ્યોતિષને લગતું દરેક ગણીત કરી શકે વિદ્યાર્થી વર્ગને આ ગ્રંથ ઘણોજ ઉપયોગી થઈ પડયો છે માત્ર થોડીજ નકલ બાકી છે.

દરેકને સૂગમ પડે માટે તેની કીંમત રૂા. ૧) પોષ્ટેજ ૦)૬ ત્રણ આના.

મુંબઈ.
જોશી ગૌરીશંકર મંછાશંકર,
ઠે. દાદીશેઠ અગીયારી લેન નં. ૧૧૪–૧૧૬
શેઠ પરશોતમદાસ હરજી મુળજીના માળામાં
બીજે માળે,–મુંબઈ.

સુરત.
જોશી ગૌરીશંકર મંછાશંકર,
ઠે. મહીધરપરા દાળગીયાના મોહોલ્લામાં
તથા દરેક શેહેરના જાણીતા
બુકસેલરોને ત્યાંથી મળશે.

ॐ श्री विष्णवे नमः ॥

श्रीविष्णुपुराणनुं गुजराती भाषांतर.

अंश चोथो.

* अध्याय १ लो.

मैत्रेय उवाच ॥ भगवन्यज्ञरैःकार्यं साधुकर्मण्यवस्थितैः ॥
तन्मह्यं गुरुणा ख्यातं नित्यनैमित्तिकात्मकम् ॥१॥

मैत्रेय कहेछे—हे भगवान्! सन्मार्गनुं प्रतिपालन करनार मनुष्योने जे नित्यनैमिक कर्म करवाना उचित छे ते आपे मने सारीरीते कही संभळाव्यां १. हे गुरु! आपे ब्रह्मचर्यादि आश्रमना धर्म तथा ब्राह्मणादि वर्णना धर्म पण उत्तम प्रकारे कथन कर्या छे. हवे मारे संपूर्ण मनु वंश सांभळवानी ईच्छा छे ते आप मने कही संभळावो. २.

पराशर कहेछे—हे मैत्रेय! यज्ञकरनारा, महा पराक्रमी अने शूरवीर एवा अनेक भूपतीओथी सुशोभित ब्रह्मदेव जेनुं मूळकारण छे ते मनुना वंशनुं वर्णन करुंछुं ते तुं श्रवण कर. ३. एनी पूल श्रुतिना विषयमां एवुं कहेवाय छे के "जे मनुष्य आदिपुरुष ब्रह्माथी आरंभकरी तमाम मनुवंशनुं प्रतिदिन स्मरण करे छे तेना वंशनो कदापि नाश थतो नथी." ४. हे मैत्रेय! उपर कहेला कारणने लई संपूर्ण प्रकारना पापनो नाश करवाने माटे ए मनुवंशनुं क्रम प्रमाणे श्रवणकर. ५. ए वंशनो विस्तार आ प्रकारे छे. प्रथम सृष्टिना आरंभ काळमां ऋग्यजुःसाम स्वरूप स्वतः अनादि सर्व जगत्ना आदिभूत पर ब्रह्म मूर्ति स्वरुप परमात्मा श्रीविष्णुना मर्यादारूप ब्रह्मांडना गर्भभूत हिरण्यगर्भ भगवान ब्रह्मदेव ब्रह्मांडथी उत्पन्न थया. ६. ए ब्रह्मानां जमणा पगना अंगुंठाथी दक्ष प्रजापति उत्पन्न थया, दक्षथी अदिति नामनी कन्या थइ, अदितिना पुत्र सूर्य, सूर्यथी मनु, मनुथी इक्ष्वाकु, नृग, धृष्ट, शर्याति, नरिष्यंत, प्रांशु, नाभागनाभितानेदिष्ठ, करुष, प्रषध्र, वगेरे पुत्र उत्पन्न थया. ७. मनुए पुत्र उत्पन्न थया अगाउ पुत्रनी ईच्छाथी

* आ चोथा अंशमां मनुना वंशनुं वर्णन करवामां आवशे तेमां प्रथम अध्यायमां नेदिष्टना वंशनुं वर्णन थशे अने ए वंशमां उत्पन्न थएला रैवत राजानी पुत्री रेवती ब्रह्मानी आज्ञाथी बळ भद्रने आपशे एं कथा कहेवाशे.

મિત્રાવરૂણ નામના બે દેવતાઓની પ્રીતિને માટે યજ્ઞ કર્યો. ૮ તેમાં મનુની સ્ત્રીએ મને કન્યા થાય એવી પ્રાર્થના કરવાથી હોતાએ (હોમ કરનારે) કન્યા પ્રાપ્તિને માટે સંકલ્પ કર્યો તેથી એ વૈકલ્પિક યજ્ઞમાં (પુત્ર ન થતાં) ઇલાનામની[૧] કન્યા ઉત્પન્ન થઇ. ૯. હે મૈત્રેય ! મિત્રાવરુણની કૃપાથી એ ઇલા કન્યા હતી તે સુદ્યુમ્ન નામનો પુત્ર થયો. ફરીથી[૨] શંકરના કોપથી એ સુદ્યુમ્ન કન્યા રુપે થઇ ચંદ્ર પુત્ર બુધના આશ્રમની પાસે ભ્રમણ કરવા લાગી. ૧૦. તે વખતે તેની ઉપર બુધ આસક્ત થઇ તેનાથી પુરુરવા નામનો પુત્ર થયો. ૧૧. પુરુરવાના જન્મથયા પછી અમિત તેજસ્વી શ્રેષ્ઠ ઋષિગણે સુદ્યુમ્નને પુરૂષત્વ પ્રાપ્તિને માટે ઋક્, યજુ: સામ અને અથર્વમય, સર્વ સ્વરૂપ તથા મનોમય અથવા પરમાર્થને માટે શ્રી ભગવાન પરમેશ્વરની યથા વિધિપ્રમાણે આરાધના કરી. ૧૨ ત્યારપછી ભગવાનની કૃપાથી ઇલાનામની કન્યા ફરીથી સુદ્યુમ્ન પુરુષ રૂપે થઈ. એ સુદ્યુમ્નથી ઉત્કલ, ગય અને વિનત એ નામના ત્રણ પુત્ર થયા. તે સુદ્યુમ્ન પ્રથમ સ્ત્રી રુપે હોવાથી તેને રાજ્યનો ભાગ મળ્યો નહીં. ૧૩. પરંતુ વસિષ્ઠના કહેવાથી તેના પિતાએ તેને પ્રતિષ્ઠાન નામનું નગર આપ્યું એ નગર તેણે પુરુરવાને આપ્યું. મનુના પુત્ર પ્રષધ્રએ ગુરુની ગાયનો વધ કર્યો તેથી તે શૂદ્ર પણાને પામ્યો. ૧૪. કરુષથી કારુષ નામના મોટા બળવાન ક્ષત્રિઓ ઉત્પન્ન થયા ૧૫. નેદિષ્ઠનો પુત્ર નાભાગ વૈશ્યપણાને પામ્યો.

---

૧. મનુએ કન્યાને જોઇને ગુરૂને કહ્યું; હે વસિષ્ઠ ! આમ વિપરીત કેમ થયું ? બ્રાહ્મણનું વચન કદિ મિથ્યા થતું નથી, તમે મંત્રને જાણનાર છો, તો વિપરીત સંકલ્પ શા માટે કર્યો ? ત્યારપછી વસિષ્ઠમુનિએ તેનું વચન સાંભળી હોમ કરનારે વિપરિત કર્યું છે એમ જાણી કહેવા લાગ્યા. હે મનુ ! આમાં હોમ કરનારાના દોષથી આ વિપરીત થયું છે તો પણ તને પુત્ર થાય એમ હું મારા તેજથી કરીશ. એ પ્રમાણે કહીને વસિષ્ઠમુનિએ ઇલા નામની કન્યાને પુરૂષ કરવાને માટે આદિ પુરૂષની સ્તુતિકરી. તે વખતે પ્રસન્ન થયેલા ભગવાને ઇલા પુત્રી રૂપે હતી તેને સુદ્યુમ્ન નામનો પુત્ર કર્યો. (શ્રી૦ ભા૦)

૨. તે સુદ્યુમ્ન એક વખતે ઘોડાઉપર બેસી પ્રધાન આદિની સાથે મૃગયા રમવાને માટે વનમાં ગયો. તેણે ધનુષબાણ હાથમાંલઇ ઉત્તર દિશમાં મેરૂની નીચે વનમાં પ્રવેશ કર્યો. જ્યાં ઉમાની સાથે શિવરમણ કરે છે. સુદ્યુમ્ન જેવો એ વનમાં પ્રવેશ કરે છે કે તરત પોતે સ્ત્રી રૂપે તથા ઘોડો ઘોડી રૂપે થયો. તેમજ પ્રધાન આદિપણ સઘળા પોતાના દેહને આ પ્રમાણે વિપરીત જોઇ એક બીજા સામું જોઇ વિસ્મય પામ્યા. એ વનમાં જે પુરૂષ જાય તે સ્ત્રી રૂપે થતાં હતાં. તેનું કારણ– એક વખતે ઋષિઓ મહાદેવને જોવા માટે એ વનમાં ગયા. એ ઋષિઓને જોઇ વિવસ્ત્રા પાર્વતિએ લજ્જા પામી પોતાના સ્વામીના ઉત્સંગમાંથી ઉઠી વસ્ત્ર પહેરી દિધું. ઋષિઓએ તેને ક્રીડા કરવાનો પ્રસંગ છે એમ જાણી ત્યાં ન જતાં બદ્રિકાશ્રમમાં ગયા. તે વખતે શિવ પોતાની સ્ત્રીનું પ્રિય કરવાને માટે બોલ્યા કે આસ્થાનમાં જે પ્રવેશ કરશે તે સ્ત્રી રૂપે થશે તેદિવસથી ત્યાં કોઈ પણ પુરૂષ જતા ન હોતા. એ વાતની સુદ્યુમ્નને ખબર ન હોતી. (શ્રી૦ ભા૦)

૧૬. નાભાગને વૈશ્યત્વ પ્રાપ્ત થયા પહેલાં તેને ભલંદન નામનો પુત્ર થયો, ભલંદનથી ઉદાર કીર્તિવાળો વત્સપ્રિ, વત્સપ્રિથી પ્રાંશુ અને પ્રાંશુથી પ્રજ્ઞનિ નામનો પુત્ર થયો પ્રજ્ઞનિને ખનિત્ર, ખનિત્રને ક્ષુપ, ક્ષુપને અત્યંત બલવાન તથા પરાક્રમી વિંશ નામનો પુત્ર થયો. વિંશથી વિવિંશ, તેનાથી ખનીનેત્ર, તેનાથી અતિભૂત અને અતિભૂતથી અત્યંત બલવાન તથા પરાક્રમી કરંધમ નામનો પુત્ર થયો; એ કરંધમથી અવિક્ષિ, (અવિક્ષિત્) અવિક્ષિથી અત્યંત બલવાન મરુત્ નામનો પુત્ર થયો. ૧૭. એ મરુત્-ના સંબંધમાં અદ્યાપિ સુધી બે શ્લોક કહેવાય છે—" જે મરુત્ રાજાના યજ્ઞમાં સઘળા પદાર્થ સુવર્ણના હતા તે મરુત્ રાજાનો જે પ્રકારનો યજ્ઞ થયો હતો તેવો યજ્ઞ આ પૃથ્વી ઉપર બીજા કોણે કર્યો છે? ૧૮. એ યજ્ઞમાં સોમપાનથી ઇંદ્ર પ્રસન્ન થયો હતો અને દક્ષિણાથી બ્રાહ્મણો પ્રસન્ન થયા હતા. તથા મરુત્ નામના દેવતાઓએ અન્નાદિ પિરસવાનું કામ કર્યું અને બીજા દેવ સદસ્ય (સભ્ય) થયા હતા. " ૧૯. તે મરુત્ નામના ચક્રવર્ત્તિરાજાને નરિષ્યંત નામનો પુત્ર થયો. તેનાથી દમ, દમથી રાજ્યવર્ધન, રાજ્યવર્ધનથી સુધૃતિ, સુધૃતિથી નર અને નરથી કેવલ નામનો પુત્ર થયો. કેવલથી બંધુમાન, તેનાથી વેગવાન, તેનાથી બુધ, બુધથી તૃણબિંદુ અને તૃણબિંદુને એક બલવિલા નામની કન્યા થઇ ત્યારપછી તૃણબિંદુ અલંબુષા નામની ઉત્તમ અપ્સરા ને પરણ્યો. તેનાથી વિશાલ નામનો પુત્ર થયો, તે વિશાલે વૈશાલિ નામની એક નગરી વસાવી. વિશાલથી હેમચંદ્ર નામનો પુત્ર થયો. તેનાથી સુચંદ્ર નામનો પુત્ર ઉત્પન્ન થયો, તેનો પુત્ર ધુમ્રાશ્વ, તેનો સહદેવ, તેનો કૃશાશ્વ અને કૃશાશ્વથી સોમદત્ત નામનો પુત્ર થયો. તેણે દશ અશ્વમેધ યજ્ઞ કર્યા. સોમદત્તનો પુત્ર જનમેજય, જનમેજય નો સ્વમતિ નામનો પુત્ર થયો. એ સઘળા વિશાલવંશીય રાજા કહેવાય છે. એ વિષયમાં એક શ્લોક છે—" તૃણબિંદુની કૃપાથી સઘળા વિશાળ વંશના રાજાઓ દીર્ઘાયુષિ, મહાત્મા, વીર્યવાન અને અત્યંત ધાર્મિક થયા છે. ૨૦ શર્યાતિથી સુકન્યા નામની કન્યા થઇ, તેનો ચ્યવન ઋષિ સાથે વિવાહ કર્યો. શર્યાતિ રાજાને પરમ ધાર્મિક આનર્ત્ત નામનો પુત્ર થયો આનર્ત્તથી રેવત નામનો પુત્ર થયો. એ રેવત રાજાએ આનર્ત્ત દેશનું રુડે પ્રકારે પાલન કર્યું. તથા તેણે કુશસ્થલી નામની નગરી વસાવી. એ રેવત રાજાને રૈવત અર્થાત્ ક્કુદ્મિ નામનો અત્યંત ધાર્મિક પુત્ર થયો. એ રેવત રાજાના સો પુત્રમાં સર્વથી મોટો હતો. રૈવતથી રેવતી નામની એક કન્યા થઈ. રૈવત પોતાની કન્યાને યોગ્ય વર કોણ છે? એમ પુછવાને માટે બ્રહ્માની પાસે ગયો. તે વખતે બ્રહ્મ દેવની પાસે હાહા તથા હૂહૂ નામના બે ગંધર્વો 'આતિતાન'(અત્યંત શ્રેષ્ઠતાન) ના યોગથી સ્વર્ગ સંબંધી ગાયન કરતા હતા. તે સમયે ષડ્જ, મધ્યમ, ગાંધાર આદિ સ્વરથી પરીવર્તન યુકત મનોહર ગાયન સાંભળતાં સાંભળતાં અનેક યુગ વ્યતિત થયા. ત્યાં સુધી એ રૈવતરાજા તેનાં અતિશય મોહ પામી

ત્યાં રહ્યો; પરંતુ તેના મનમાં મેં એક મુહૂર્ત માત્ર ગીત સાંભળ્યું છે એમ થયું. ૨૧. ૨૨. એ ગાયન સમાપ્તિ થયા પછી રૈવત રાજાએ ભગવાન બ્રહ્મદેવને નમસ્કાર કરી આ મારી કન્યાને યોગ્ય વર કોણ છે? એવો પ્રશ્ન પુછયો. તે વખતે બ્રહ્માએ કહ્યું; "તારે જેવા વરની ઈચ્છા હોય એવો વર માગ." એમ સાંભલી રૈવત રાજા ફરીથી બ્રહ્માને પ્રણામ કરી પોતાની સંમતી પ્રમાણે કેટલાકના નામ લીધા પછી તેઓમાં કયા વરને મારી કન્યા આપવી યોગ્ય છે? હું કેવી રીતે કન્યાદાન કરૂં? આ પ્રશ્ન સાંભલી વિષ્ણુની નાભિકમલથી ઉત્પન્ન થયેલા ભગવાન બ્રહ્મદેવે પોતાનું મસ્તક કિંચિત્ નમ્ર કરી હસીને કહેવા લાગ્યા. ૨૩. "તેં જેના જેના મારી પાસે નામ લીધા તેના પુત્રપૌત્ર પ્રપૌત્રઆદિ સંતતી પણ હમણા પૃથ્વી ઉપર અસ્તિત્વ નથી કારણકે અહિં ગાયન સાંભલવામાં અનેક યુગ વીતિ ગયા. હમણા પૃથ્વી ઉપર વૈવસ્વત મનુના અધિકારમાં અઠાવીશમી ચોકડી ચાલે છે. અત્યારે તારા કુળમાં તું એકલોજ છે બીજા કોઇપણ વરને આ કન્યાદાન કરો. હમણા તારા મંત્રી, સેવક, સ્ત્રી, બંધુ, સૈન્ય અને કોષઆદિ સઘળા આટલા કાળમાં નાશ પામી માત્ર તેના નામજ શેષ રહ્યાં છે." ૨૪.૨૫. એપ્રમાણે સાંભલી રૈવત રાજા ભય-ભીત થઇ ભગવાન બ્રહ્મદેવને નમસ્કાર કરી ફરીથી પ્રશ્ન કર્યો. હે ભગવન્! આવી જ્યારે મારી સ્થિતી થઈ છે, ત્યારે આ મારી કન્યા કોને અર્પણ કરું? ત્યાર પછી સમ્તલોકને ઉત્પન કરનાર ભગવાન બ્રહ્માએ હાથ જોડીને સાષ્ટાંગ નમસ્કાર કરનારા રાજાને આ પ્રમાણે કહ્યું. ૨૬.

બ્રહ્મા કહેછે—જે જગત્ને ઉત્પન્ન કરનાર જન્મ રહિત સર્વના મધ્યમાં નિવાસ કરનાર એવા પરમેશ્વરના આદ્યી, મધ્ય, અંત તથા સ્વરુપનું અમને જ્ઞાન નથી જે સર્વથી પર છે, જેના સ્વભાવ અથવા બળને અમે જાણતા નથી. ૨૭. કળા મુહૂર્ત આદ્યી જેકાળ એ પણ જેની વિભૂતીના પરિણામનું કારણ નથી. જે જન્મ મરણ રહિત સર્વ સ્વરુપી નામરુપ વગરના અને સનાતન એવા જે પરમા-ત્માની મૂર્તિ * પરિણામની કારણભૂત નથી. ૨૮. જેની કૃપાથી હું (બ્રહ્મા) પ્રજાપતિ સૃષ્ટિ કરતા કહેવાઉંછું, જેના ક્રોધરૂપ રૂદ્ર આ જગતના સંહારકર્તા છે. અને સ્થિતી કાળમાં પુરુષ રૂપે ઉત્પન્ન થઈ આ જગતનું પાલન કર્ત્તા છે. ૨૯. જે મારું સ્વરૂપ ધારણ કરી વિશ્વને ઉત્પન કરે છે. જે વિશ્વનું પાલન કરતી વખતે વિષ્ણુનું સ્વરુપ ધારણ કરે છે, જે સંહાર કરતી વખતે રૂદ્રનું સ્વરુપ ધારણ કરે છે, જે શષનું સ્વરુપ ધારીને વિશ્વને ધારણ કરે છે. ૩૦. જે ઈંદ્રાદિકના સ્વરુપથી

* **जायते** જન્મ પામે છે **अस्ति** છે **वर्धते** વૃદ્ધિ પામે છે **विपरिणयते** વૃદ્ધ થાય છે **अपक्षीयत** ક્ષીણ પામે છે. અને **नश्यति** નાશ પામે છે એ જે શરીરના થનારા છ વિકાર તેને પરિણામ કહે છે.

જગતનું રક્ષણ કરે છે, ચંદ્ર સુર્યના સ્વરુપથી અંધકારનો નાશ કરેછે, પાચન ક્રીયાને માટે અગ્નિ સ્વરુપ ધારણ કરે છે, જે અવિનાશી પરમાત્મા પૃથ્વીના રૂપવડે લોકોને ધારણ કરે છે, જે વાયુના રૂપથી લોકોની ચલનાદીક વ્યાપાર તથા જલ રુપથી તૃપ્તી કરે છે. જગત્ની સ્થિતિ કરવાના વિષયમાં આસકત થયેલા પરમાત્મા આકાશ રુપ ધારણ કરી સર્વને માર્ગ આપે છે. ૩૧. ૩૨. જે અવિનાશી પરમાત્મા જગત્ને ઉપ્તન કરનાર છે. પોતે સ્વતઃ સિદ્ધ છે. જે સૃષ્ટિ કર્ત્તા રુપથી પોતે પોતાને ઉપ્તન્ન કરે છે. જે પાલન કર્ત્તા થઈ પોતાનું પાલન કરે છે, જે વિશ્વના સંહાર કરનારા થઇ પોતાનો સંહાર કરે છે જેનાથી ભિન્ન પદાર્થ કોઇપણ નથી, જે અવ્યયાત્મામાં સર્વજગત્ નિવાસ કરી રહ્યું છે, જે આ જગત્ સ્વરુપ છે અને જગત્ જેને આશ્રિત છે. હે ભૂપ ! જે સર્વના કારણ છે, જે પોતાના અંશથી પૃથ્વી ઉપર અવતરેલા છે. ૩૩. ૩૪. હે રાજા ! પૂર્વેતારી ઇંદ્રપુરી જેવી કુશ સ્થલી નગરી હતી તેવી અમણા પૃથ્વી ઉપર દ્વારકા નગરી છે. એ દ્વારકામાં વિષ્ણુ ભગવાન પોતાન અંશથી ' બલદેવ ' નામધારણ કરી નિવાસ કરે છે. ૩૫. હે નરેંદ્ર ! એ માયા મનુષ્ય ભગવાન બલદેવને ભાર્યા રુપે તારી કન્યા અર્પણ કર; કારણે તે પ્રસંશનીય છે અને તારી કન્યા સ્ત્રીયોમાં રત્ન સરખી છે માટે એ બંન્નેનો સંબંધ યોગ્ય છે. ૩૬.

પરાશર—હે મૈત્રેય ! એ પ્રમાણે બ્રહ્મદેવનું વચન સાંભળી તે રાજા પૃથ્વી ઉપર આવ્યો અને જોયું તો સર્વ મનુષ્ય નાના, અલ્પ તેજસ્વી, સાધારણ વિવેકી, બળવિચાર અને પરાક્રમ ન્યૂન એવા સર્વને જોયા. ૩૭. ત્યાર પછી કુશસ્થલી નામની પોતાની નગરીમાં આવીને જોયુંતો ત્યાં પણ આગળના કરતાં જુદી પ્રકારે જોયું. એ પ્રકારે દેશ કાળની અવસ્થા જોઇ નિરૂપમ જ્ઞાન સંપન્ન રાજાએ જેનું વક્ષઃસ્થળ સ્ફાટિકમણીના પર્વત સરખું વિશાળ છે એવા બળદેવને પોતાની કન્યા અર્પણ કરી. ૩૮. ભગવાન બલદેવે એ રેવતીને મોટા અવયવવાળી જોઈ પોતાના હળના અગ્ર ભાગથી તેને નમ્ર કરી તે વખતે એ રેવતી પણ બીજી સ્ત્રીયો જેવી થઈ. ૩૯. ત્યાર પછી રૈવતરાજાની રેવતી નામની કન્યા સાથે બલદેવે વિવાહ કર્યા. રૈવત રાજા પોતાની કન્યા અર્પણકરી તપશ્ચર્યા કરવાની ઈચ્છાથી હિમાલય પર્વત ઉપર ચાલતા થયા. ૪૦.

तां रेवतीं रैवतभूपकन्यां सीरायुधोऽसौ विधिनोपयेमे ॥
दत्त्वा च कन्यां स नृपो जगाम हिमाचलं वै तपसे धृतात्मा॥४०॥

इतिश्री विष्णुपुराणे चतुर्थ अंशे प्रथमो अध्याय समाप्त.

* અધ્યાય ૨ જો.

पराशर उवाच ॥ यावच्च ब्रह्मलोकात्ककुद्मी रैवतो नामाभ्येति तावत्पुण्यजनसंज्ञा राक्षसास्तामस्य पुरीं कुशस्थलीं जग्मुः॥१॥

પરાશર કહેછે—જે વખતે ક્કુદ્મી રૈવત રાજા બ્રહ્મલોકમાં જઇને પાછો આવ્યો તેટલા સમયમાં પુન્યજન નામના રાક્ષસે તેની કુશસ્થલી નામની નગરીનો નાશ કર્યો હતો. ૧. રૈવત રાજાના સો ભાઈ પુન્યજનના ત્રાસથી દિશાઓમાં નાશી ગયા હતા. એ સો ભાઇઓના વંશમાં ઉત્પન્ન થયેલા ક્ષત્રિઓ સર્વ દિશામાં વસ્યા. મનુ પુત્ર ધૃષ્ટના વંશમાં ઉત્પન્ન થયેલા ધાર્ષ્ટક નામથી પ્રખ્યાત થયા. નભગના પુત્ર-નાભાગ, તેનો પુત્ર અંબરીષ, અંબરીષને વિરૂપ નામનો પુત્ર થયો. વિરૂપથી પ્રષદશ્વ, તેનો રથીતર એ રથીતરના સંબંધમાં એક શ્લોક કહેવાય છે કે "રથીતરના વંશના ક્ષત્રિ કુળમાં ઉત્પન્ન થયા છે પરંતુ (રથીતરની સ્ત્રીએ અંગિરા નામના બ્રાહ્મણથી ઉત્પન્ન કર્યા છે તેથી) તેને આંગિરસ નામના બ્રાહ્મણ કહેછે. તાત્પર્ય કે ક્ષત્રિના કુળમાં બ્રાહ્મણથી ઉત્પન્ન થયા હોય તેને બ્રાહ્મણ કહેછે." ૨. મનુને છીંક આવી તે વખતે તેના નાકમાંથી ઇક્ષ્વાકુ નામનો પુત્ર ઉત્પન્ન થયો. ૩. તેને એકસો એક પુત્ર થયા તેમાં વિકુક્ષિ, નિમિ અને દંડ એ ત્રણ શ્રેષ્ઠ છે. તેમાંથી શકુનિ આદિ પચાશ પુત્ર ઉત્તરાપથ (ઉત્તર હિંદુસ્થાનના) રક્ષણ કરનારા થયા અને ઉડતાળીશ દક્ષિણ પથ (દક્ષિણ હિંદુસ્થાન) માં રાજ્ય કરનારા થયા. ૪ એક વખત ઇક્ષ્વાકુ રાજાએ અષ્ટકા શ્રાદ્ધને માટે પોતાના પુત્ર વિકુક્ષિને આજ્ઞા કરી કે 'આ શ્રાદ્ધને યોગ્ય એવું માંસ લઇ આવ' ૫ વિકુક્ષિ પોતાના પિતાની આજ્ઞા પ્રમાણે વનમાં જઇ અનેક પશુઓને મારી ઘણો થાકી ગયો. ઘણો શ્રમ કરવાથી તેને અત્યંત ક્ષુધા લાગી તેથી વિકુક્ષિએ તે મારેલાં પશુઓમાંથી એક શશલાંનું ભક્ષણ કર્યું અને બીજું અવશેષ રહેલું માંસ લાવી પિતાને અર્પણ કર્યું. ઈક્ષ્વાકુ રાજાએ પોતાના કુળના પુરોહિત વસિષ્ઠને તે માંસને પ્રોક્ષણ કરવાનું કહ્યું, તે વખતે ગુરૂ બોલ્યો 'કે આ અપવિત્ર માંસથી શું પ્રયોજન છે? તારા આ દુરાત્મા પુત્રએ આ સર્વ માંસ નષ્ટપ્રાય કર્યું છે, કારણ કે એણે આમાંથી એક સસલાનું ભક્ષણ કર્યું છે.' ગુરૂએ આ પ્રમાણે કહેવાથી વિકુક્ષિ શશાદ (સસલુ ભક્ષણ કરનાર) એ નામથી પ્રસિદ્ધ થયો અને પિતાએ તેનો ત્યાગ કર્યો. ૬. ત્યાર પછી ઈક્ષ્વાકુ મરણ પામ્યા પછી વિકુક્ષિ ધર્મ પ્રમાણે પૃથ્વીનું પાલન કરવા લાગ્યો. એ શશાદથી પરંજય નામનો પુત્ર

* આ બીજા અધ્યાયમાં ધૃષ્ટ આદિ મનુ પુત્રોના વંશના ચરિત્ર કહેવાશે તે પ્રસંગમાં સૌભરીનું આખ્યાન પણ કહેવામાં આવશે.

થયો. ૭. એ પરંજયને માટે એક એવી વાત કહેવાય છે કે પૂર્વે ત્રેતાયુગમાં દેવ અને અસુરોનું મોટું ભયંકર યુદ્ધ થયું. તેમાં અત્યંત બળવાન એવા દૈત્યો એ દેવનો પરાજય કરવાથી દેવતાઓએ શ્રીવિષ્ણુ ભગવાનની આરાધના કરી તેમને પ્રસન્ન કર્યા. આદિ તથા અંતથી રહીત સર્વજગત્‌ના આધારભૂત ભગવાન નારાયણ દેવતાઓ ઉપર પ્રસન્ન થઇ બોલ્યા. હે દેવતાઓ! તમારે શું જોઇએ છે તે મેં જાણ્યું. હવે કેવી રીતે તમારી ઈચ્છા પરિપૂર્ણ થશે તે હું તમને કહું છું, શ્રવણ કરો. ૮. શશાદ નામના રાજર્ષિનો પરંજય નામનો મહા બળવાન પુત્ર છે હું તેના શરીરમાં મારા અંશથી અવતાર લઇ સઘળા દૈત્યોનો નાશ કરીશ. એટલા માટે પરંજય આ કાર્યમાં તમને અવશ્ય ઉદ્યોગ કરે એમ તમે કરો. એ પ્રકારે દેવતાઓએ ભગવાનની વાણી સાંભળી શ્રીવિષ્ણુને નમસ્કાર કરી પરંજયની પાસે આવ્યા. ૯. અને કહેવા લાગ્યા, હે ક્ષત્રિવર્ય! અમે તમને પ્રાર્થના કરીયે છીએ કે અમે શત્રુનો વધ કરવાને માટે ઉદ્યુક્ત થયેલાને આપ સહાય કરો. એવી અમારી ઇચ્છાછે. ૧૦. માટે તમારીપાસે આવેલા અતિથિ રૂપ અમારી ઇચ્છાનો ભંગ કરશો નહીં; એ પ્રમાણે દેવતાઓએ કહ્યા પછી પરંજય બોલ્યો. તમારામાં સો યજ્ઞ કરનાર ત્રણલોકનો અધિપતિ જે ઈંદ્ર છે તેની ખાંધ ઉપર બેસી જો હું શત્રુઓથી યુદ્ધ કરૂં તો તમારી સહાય કરીશ. એ પ્રમાણે સાંભળી સઘળા દેવતાઓએ તથા ઈંદ્રએ "બહુ સારુ" એમ કહી તેને અનુમતિ આપી. ૧૧. ત્યાર પછી દેવ તથા અસુરના સંગ્રામમાં વૃષભનું રૂપ ધારણ કરનાર ઈંદ્રની ક્કૂત (સ્કંધ) ઉપર બેસી હર્ષયુક્ત ચરાચરના ગુરુ ભગવાન શ્રીવિષ્ણુના તેજ પ્રભાવથી પોષણ કરાયેલા પરંજય રાજાએ અસુરોનો નાશ કર્યો. તે રાજાએ વૃષભ રૂપી ઈંદ્રની ખાંધ ઉપર બેસી દૈત્ય સેનાનો નાશ કર્યો તેથી તે ક્કુત્સ્થ નામથી પ્રસિદ્ધ થયો. ક્કુત્સ્થને અનેના નામનો પુત્ર થયો. તેનો પૃથુ, તેનો વિશ્વગશ્વ, તેનો આર્દ્ર, તેનો પુત્ર યુવનાશ્વ, અને યુવનાશ્વને શ્રાવસ્ત નામનો પુત્ર થયો, તેણે શ્રાવસ્તી નામની નગરી વસાવી. શ્રાવસ્તનો પુત્ર બૃહદશ્વ, તથા બૃહદશ્વને કુવલયાશ્વ નામનો પુત્ર થયો. પોતાના એકવીશહજાર પુત્રોની સાથે વૈષ્ણવ તેજના પ્રભાવથી પોષણ પામેલા તે કુવલયાશ્વ રાજાએ ઉત્તંક નામના મહર્ષિને પીડા કરનાર ધુંધુ નામના દૈત્યનો નાશ કર્યો તેથી તેનું ધુંધુમાર નામ પડયું. કુવલયાશ્વના સઘળા પુત્ર ધુંધુ દૈત્યના મુખમાંથી નિકળેલા અગ્નિમાં બળીગયા ૧૨. તેમાંથી માત્ર દ્રઢાશ્વ, ચંદ્રાશ્વ અને કપિલાશ્વ એ ત્રણ પુત્ર અવશેષ રહ્યા. દ્રઢાશ્વનો પુત્ર હર્યશ્વ, તેનો પુત્ર નિકુંભ, તેનો સંહતાશ્વ, તેનો કૃશાશ્વ, તેનો પુત્ર પ્રસેનજીત, તેનો યુવનાશ્વ નામનો પુત્ર થયો, એ યુવનાશ્વ સંતાન વગરનો હોવાથી ઘણો ખેદ પામી મુનિઓના આશ્રમમાં નિવાસ કરતો હતો. કેટલોક વખત ગયા પછી મહાન્ દયાલુ ઋષિઓએ યુવનાશ્વ રાજાને પુત્ર પ્રાપ્તિને માટે યજ્ઞ કરાવ્યો.

એ યજ્ઞ મધ્યરાત્રીએ સમાપ્ત થવાથી મુનિઓ મંત્રેલા જળના કલશને વેદીના મધ્યભાગમાં મુકી સુઈ ગયા. ૧૩. તે ઋષિઓ ઉંઘી ગયા પછી યુવનાશ્વરાજાને ઘણી તરસ લાગવાથી યજ્ઞ સ્થાનમાં પ્રવેશ કર્યો, પણ મુનિને જગાડયા નહીં. ૧૪. જેનું અપરિમિત મહાત્મ્ય છે એવું મંત્રથી પવિત્ર કરેલું જળ તે રાજા પી ગયો. પછી ઋષિઓએ જાગ્રત થઇ પુછયું કે " આમંત્રથી પવિત્ર કરેલું જળ કોણે પીધું ? " કારણ કે એ જળનું પાન કરવાથી યુવનાશ્વરાજાની પત્નિને અત્યંત બળવાન તથા મહા પરાક્રમી પુત્ર થાય એમ નિશ્ચય કરી એ જળ તેને માટે રાખ્યું હતું. " એ વાત સાંભળી રાજાએ કહ્યું કે જાણ્યા વગર એ જળ મેં પીધું છે. ૧૫. તે સમયથી યુવનાશ્વના ઉદરમાં ગર્ભ રહ્યો અને પ્રતિદિન વૃદ્ધિ પામી પ્રસૂતિનો સમય પ્રાપ્ત થતાં રાજાની જમણી કુંખ ભેદી બાળક બહાર નીકળ્યું. પરંતુ (ઋષિના પ્રભાવથી) રાજાનું મરણ થયું નહીં. ૧૬. એ ગર્ભ બહાર પડયા પછી મુનિએ કહ્યું કે આ બાળક કોનું સ્તનપાન કરશે ? ૧૭. તે વખતે દેવતાના રાજા ઈંદ્રએ આવી કહ્યું 'માંધાતા' એમ બોલવાથી તેનું નામ માંધાતા પડયું, ત્યાર પછી ઈંદ્રએ તેના મુખમાં પોતાની તર્જની આપી તેનું તેણે પાન કર્યું. જે તર્જનીમાંથી અમૃત ઝરે છે તે અમૃતનું પાન કરવાથી એ બાળક એક દિવસમાં મોટો થયો એ ચક્રવર્તી માંધાતા રાજાએ સાતદ્વિપવાળી પૃથ્વીનું ઉત્તમ પ્રકારે પાલન કર્યું હતું. ૧૮. એ માંધાતાના સંબંધમાં એક શ્લોક છે "કે જ્યાંથી સૂર્ય ઉદય પામે છે અને જ્યાં અસ્ત થાય છે તેના અંતર્ગત સઘળી પૃથ્વી યુવનાશ્વવંશીય માંધાતા રાજાની કહેવાય છે. " ૧૯. માંધાતાએ શશબિંદુની કન્યા બિંદુમતી સાથે લગ્ન કર્યા, તેનાથી પુરુકુત્સ, અંબરીષ અને મુચકુંદ એ નામના ત્રણ પુત્રો તથા પચાશ કન્યા ઉત્પન્ન થઈ. એ વખતે સૌભરી નામના ઋગ્વેદી ઋષિ બારવર્ષ સુધી જળમાં નિવાસ કરી તપશ્ચર્યા કરતા હતા. ૨૦. તે જળમાં મોટા શરીરવાળો તથા અસંખ્ય સંતાનવાળો એક સંમદ નામનો મત્સ્ય રહેતો હતો. એ મત્સ્યના પુત્ર પૌત્ર, દૌહિત્ર આદિ તેની આજુ બાજુ, પીઠ ઉપર, અગ્રભાગ, વક્ષઃસ્થળ, પુંછ, અને મસ્તક ઉપર ભ્રમણ કરતાં હતાં. રાત્રદિવસ એ મત્સોની સાથે સુખાવસ્થામાં ક્રિડા કરતાં તે મત્સાધિપતિને અત્યંત સ્નેહ વૃદ્ધિંગત થઇ પોતાના પુત્રાદિ સાથે અનેક પ્રકારની રમત રમતો હતો. એ સઘળું સૌભરી મુનિ જોતા હતા. પછી જળમાં નિવાસ કરનાર સૌભરી ઋષિ પોતાના અંતઃકરણની એકાગ્ર રૂપ સમાધિનો ત્યાગ કરી તે મત્સના પુત્ર પુત્રાદિની મનોહર ક્રીડા અવલોકન કરી પોતાના મનમાં ચિંતા કરવા લાગ્યા. અહો ! આ મત્સનેજ ધન્ય છે; કારણ કે આ મત્સ આવા પ્રકારનો નિકૃષ્ટ દેહ ધારણ કરીને પણ પોતાના પુત્ર પુત્રાદિ સાથે ક્રીડા કરતાં કરતાં આરામાં અત્યંત સ્પૃહા ઉત્પન્ન કરી

રહ્યો છે. માટે હું પણ આ મત્સ પ્રમાણે મારા પુત્ર પૌત્રાદિ સાથે ક્રીડા કરીશ. એ પ્રકારે વિચાર કરી સૌભરી મુનિ જળમાંથી બહાર નિકળી કન્યા પ્રાપ્તિની ઇચ્છાથી માંધાતા રાજા પાસે ગયા. ૨૧. સૌભરી મુનિ આવ્યા છે એમ સાંભળી માંધાતા રાજાએ ઉઠી અર્ઘ આદિ ઉપચારથી ઉત્તમ પ્રકારે પૂજન કર્યા પછી મુનિ આસન ઉપર બેસી બોલ્યા. હે રાજેંદ્ર ! મારે વિવાહ કરવાની ઇચ્છા થઇ છે માટે તું તારી કન્યા મને અર્પણ કર મારી યાચનાને ભંગ કરીશ નહીં કારણ કે ક્કુત્સ્થના વંશજની પાસે પોતાના કાર્ય માટે આવેલો યાચક કદાપી વિમુખ જતો નથી. ૨૨. હે ભુપતિ ! આ પૃથ્વી ઉપર બીજા અનેક રાજાઓ છે, તેની અનેક કન્યાઓછે, પરંતુ તે શા કામની ? કેમકે યાચક લોકોના મનોરથ પૂર્ણ કરવાની જેણે દીક્ષાજ લીધેલી છે એવું એક તારૂંજ કુળ છે. ૨૩. હે રાજન્ ! તારે પચાશ કન્યાઓ છે તેમાંથી એક કન્યા મને આપ. (મારી માગણી વ્યર્થ કરીશ નહીં, કારણ હે ભૂપતિ! પ્રાર્થના ભંગની શંકાથી ઉત્પન્ન થનારા દુઃખથી હું ભયભિત થાઉંછું. ૨૪.

પરાશર૦—એ પ્રમાણે તે ઋષિનું વચન સાંભળી રાજા ને ઋષિનું વદ્ધાવસ્થાથી જર્જરીત શરીર જોઈ તથા ભગવાન સૌભરી મુનિના શાપના ભયથી તેનો નિષેધ કરવાની હિંમત ન ચાલવાથી પોતાનું મસ્તક જરા નમ્ર કરી વિચાર કરવા લાગ્યો. તે વખતે ઋષિ બોલ્યા. હે નરેંદ્ર ! તું શું ચિંતા કરે છે ? મેં તને અશક્ય કાર્ય સોંપ્યું નથી. તારી કન્યા અવશ્ય કોઇને આપવી તો પડશેજ તો પછી મારૂં કાર્ય થતું હોયતો એ કન્યા મને આપવામાં કંઇ હાની છે ? ૨૫.

પરાશર૦—સૌભરી મુનિએ આ પ્રમાણે કહ્યા પછી શાપના ભયથી તે રાજા વિનય પૂર્વક કહેવા લાગ્યો. હે ભગવાન ! મારાકુળમાં એવો નિયમ છે કે કન્યા સારા કુળમાં ઉત્પન્ન થયેલા જે વરને ચાહ્ય તેનેજ કન્યાદાન આપવું શું આપની પ્રાર્થના મારા મનોરથથી અગોચર છે ? આવી સ્થિતિમાં હું શું કરું ? એ મારાથી કંઈ સમજતું નથી એ વિષયનીજ ચિંતા કરી રહ્યો છું. એ પ્રકારે રાજાનું વચન સાંભળી મુનિ વિચાર કરવા લાગ્યા. અહો ! મારો નિષેધ કરવાનો આ એક બીજોજ ઉપાય કહ્યો. કારણ " આ વૃધ્ધ હોવાથી સાધારણ સ્ત્રીજ એને જોઈ સંમતી ન આપે તો પછી કન્યા શી રીતે હા કહેશે ! એ પ્રકારે નિશ્ચય કરી રાજાએ મને આમ કહ્યું છે. ૨૬. એમ સૌભરી મુનિએ વીચાર કરી માંધાતા રાજાને કેહેવા લાગ્યા. હે રાજા ! તમારા કુળની એવી રીત છે તો હું એમ કરવા તૈયારછું. ૨૭. મને અંતઃપુરમાં પ્રવેશ કરવાને માટે કન્યાના અંતઃ પુરના રક્ષકોને આજ્ઞા કર. ૨૮. જે કોઇ કન્યા મને વરવાની ઇચ્છા કરશે તો હું તેની સાથે લગ્ન કરીશ. અને એમ નહીં થાય તો આ વૃધ્ધાવસ્થામાં મારે એ વૃથા ઉદ્યોગથી શું પ્રયોજન છે ? એમ બોલી ઋષિ મૌન્ય રહ્યા. ત્યારપછી માંધાતારાજાએ શાપના ભયથી કન્યાના

અંતઃપુરના રક્ષક વર્ષ વરોને પ્રવેશ કરવાનિ આજ્ઞા કરી. તે વખને ભગવાન સૌભરી મુનિ અંતઃપુરમાં પ્રવેશ કરતાંજ પોતાનું સ્વરૂપ સર્વ સિધ્ધ, ગંધર્વ અને મનુષ્યોથી પણ અત્યંત મનોહર કર્યું. તે ઋષિને અંતઃપુરમાં પ્રવેશ કરાવી વર્ષ વરોએ કન્યાઓને કહ્યું તમારા પિતા મહારાજ માંધાતાએ એવી આજ્ઞા કરી છે કે ' આ બ્રહ્મર્ષિ કન્યાની ઇચ્છાવાળા થઇ મારી પાસે કન્યા માગવા માટે આવ્યા છે; મેં પણ તેની પાસે એવિજ પ્રતિજ્ઞા કરી છે કે મારી કોઇ પણ કન્યા આપને વરે તો હું એ કન્યાની ઇચ્છાથી વિરુધ્ધ આચરણ કદાપી કરીશ નહીં " એ પ્રમાણે સાંભળી જેમ યૂથપતિના મુખ્ય હાથીને અનેક હાથણીઓ જઇને મળે છે તેમ ' પ્રથમ હું વરીશ, પ્રથમ હું વરીશ, એ પ્રમાણે બોલતી બોલતી પ્રેમથી યુકત થઇ સઘળી કન્યા તે ઋષિને વરવા તૈયાર થઇ. ૨૯. એ કન્યાઓ પોત પોતામાં કહેવા લાગી. હે ભગિની વૃંદ ! તમે વૃથા ચેષ્ટા કરો છો, તમે નહીં હું એને વરીશ, બીજી બોલી, હું એને પ્રથમ વરી છું, એ તારે યોગ્ય નથી, એ પતિ બ્રહ્મદેવે મારે માટેજ નિર્માણ કર્યા છે અને મને એની પત્નિ રૂપે ઉત્પન્ન કરી છે, તમે શાંત થાઓ. ૩૦. વળી કોઈ કહેવા લાગી, જ્યારે તેણે પ્રથમ ઘરમાં પ્રવેશ કર્યો કે તરત હું વરી છું. કોઇ કહે જેવો તેણે ઘરમાં પગ મુકયો કે તરત હું વરિ છું, કોઇ કહે તમે વૃથા શા માટે બોલોછો ! ' પ્રથમ હું વરી છું, હું વરી છું ' એ પ્રમાણે વાત કરતાં રાજ કન્યાઓમાં અત્યંત વિવાદ થયો. ૩૧. જ્યારે કન્યાઓ પ્રીતિ પૂર્વક મુનિને વરી, તે વખતે કન્યાના અંતઃપુરના રક્ષકોએ વિનય પૂર્વક એ સઘળી વાત રાજાને નિવેદન કરી. ૩૨. એ સાંભળી રાજા બોલ્યા, અરે, આ શુ કહેછો ? હું શું કરું ? મેં શું કહયું છે ? એ પ્રમાણે રાજાનું અંતઃકરણ અત્યંત વ્યાકુળ થઈ પોતાની ઇચ્છા નહોતી છતાં આગળ કહેલાં વચનનો અંગીકાર કરી પોતાની કન્યાઓ સૌભરી મુનિને અર્પણ કરી. એ મહર્ષિ પણ પોતાને યોગ્ય રીતિએ વિવાહ કરી સર્વ કન્યાઓને પોતાના આશ્રમમાં લઇ ગયા. એ તપોવનમાં જઈ બીજા બ્રહ્મદેવ સરખા સર્વ શિલ્પ કળાને જાણનાર વિશ્વ કર્માને બોલાવી કહ્યું કે આ કન્યાઓનેમાટે સુંદર વિકાસ પામેલા કમળ ઉપર આરૂઢ થઇ કર્ણને મધુર લાગે એવા શબ્દ કરનારા હંસ, કારંડવ આદિ પક્ષિઓથી મનોહર દેખાનારા ઉત્તમ જળાશયયુકત ઉપવન, શોભાયમાન આંગણા, ઉત્કૃષ્ટ પ્રકારની શૈયા, આસન, અને બીજાં સર્વ પ્રકારના સાહિત્યથી પરિપૂર્ણ રમણીય જુદાં જુદાં મંદિર નિર્માણ કરો. એવી આજ્ઞા કરી. ૩૩. ત્યાર પછી અનેક પ્રકારના શિલ્પકળાના આચાર્ય વિશ્વકર્માએ તેની આજ્ઞાપ્રમાણે સઘળું તૈયાર કરી તેને બતાવ્યું ૩૪. પછી ઋષિશ્રેષ્ઠ સૌભરી મુનિની આજ્ઞાથી અવિનાશી નંદ નામના દ્રવ્ય નિધિએ તે ઘરમાં નિવાસ કર્યો. ૩૫. પછી રાજકન્યાઓ ભોજ્ય, લેહ્ય, ભક્ષ, આદિ ઉપભોગ

દ્વારા આવેલા અતિથિઓ, કુટુંબીઓ અને સેવક વર્ગને તૃપ્ત કરવા લાગી. ૩૬. એક દિવસ માંધાતા રાજા પોતાની કન્યાઓના સ્નેહથી આકર્ષાઈ "મારી પુત્રીઓ સુખી છે કે દુઃખી?" એમ જોવાની ઈચ્છાથી મહર્ષિના આશ્રમમાં ગયા. ત્યાં દેદિપ્યમાન તેજોમય સ્ફાટિક યુક્ત પ્રાસાદમાળા અને તેમાં અત્યંત મનોહર ઉપવન તથા જળાશય આદિ જોયાં. ૩૭. તેમાંથી એક ઘરમાં પ્રવેશ કરી પોતાની પુત્રીને આલીંગન કરી આસન ઉપર બેઠા અને નેત્રમા પ્રેમાશ્રુ ભરી બોલ્યા. ૩૮. હે પુત્રી! અહીં તું સુખી છે? તને કોઈ પણ પ્રકારનું દુઃખતો નથી ને? મહર્ષિતારી ઉપર પ્રીતિ રાખે છે? તું મારા ઘરનું કોઇ વખત સ્મરણ કરે છે? એપ્રકારે પોતાના પિતાના વચન સાંભળી રાજકન્યા બોલી. હે તાત! અહિં અત્યંત રમણીય મંદિર મનોહર ઉપવન, કર્ણને પ્રીય લાગે એવા મધુર વચન બોલનાર પક્ષિઓ અને પ્રફુલ્લ કમળોથી યુકત જળાશય છે. તથા ઈચ્છાનુસાર ભક્ષ્ય, ભોજય, અનુલેપન ભૂષણ વસ્ત્રાદિ ભોગ ઉપભોગ કોમળ શૈયા વગેરે ગ્રહસ્થીને યોગ્ય સર્વ સંપત્તિ છે. એમાં સંશય નથી તથાપી જન્મ ભૂમિ કોને ન સાંભરે? હે પિતા! આપની કૃપાથી અહિં દરેક રીતે સુખ છે. ૩૯. પરંતુ મને એક વાતનું દુઃખ છે તે એકે મારા પતિ મારા ઘરમાંથી બહાર જતા નથી; તે અતીશય પ્રેમ સહિત કેવળ મારી પાસેજ રહે છે, મારી બીજી બેહેનોમાંથી કોઇની પાસે જતા નથી, એટલા માટે મારી સઘળી બહેનો ઘણી દુઃખી છે, એજ માત્ર મારા દુઃખનું કારણ છે. રાજા, એક કન્યાનું ભાષણ સાંભળી બીજી કન્યાના ઘરમાં ગયા. ત્યાં પોતાની પુત્રીને પ્રેમથી આલિંગન આપી આસન ઉપર બેસી પૂર્વ પ્રમાણે પ્રશ્ન કર્યા તેણે પણ પૂર્વની કન્યા પ્રમાણે મંદિરાદિ ઉપભોગ સુખનું વર્ણન કરી 'મારા પતિ મારી પાસેજ રહે છે મારી બીજી બેહેનો પાસે જતા નથી' વગેરે કહ્યું, તે સાંભળી રાજા ક્રમ પ્રમાણે સઘળી પુત્રીઓના મંદિરમાં ગયા અને પ્રત્યેક કન્યાને પૂર્વ પ્રમાણે પ્રશ્ન કર્યા તથા તેઓએ પણ પૂર્વ પ્રમાણેજ ઉત્તર આપ્યા, તેથી રાજા આનંદયુક્ત વિસ્મિત હૃદયથી એકાંતમાં નિવાસ કરનાર ભગવાન સૌભરી મુનિની પાસે જઇ તેની પૂજા કરી બોલ્યા. ૪૦. હે ભગવન્! આપની યોગ સિદ્ધિનો મહાન્ પ્રભાવ આજે મેં જોયો. મેં કોઈ પણ પુરૂષનો આટલો બધો વિભૂતિ વિલાસ જોયો ન હોતો. મારી ખાત્રી છે કે એ આપની તપશ્ચર્યાનુંજ ફળ છે બીજું કંઈ નથી. આતો અલ્પ હશે, એનાથી કેટલુંક અધિક હશે. એ પ્રમાણે કહી ઋષિની ઉત્તમ પ્રકારે પૂજા કરી તેની સાથે કેટલોક સમય નિવાસ કરી પોતાની ઈચ્છા પ્રમાણે ઉપભોગ કરી પોતાના નગરમાં આવ્યા. ૪૧ કેટલોક કાળ ગયા પછી તે રાજકન્યાઓને સૌભરી મુનિથી દોઢસો પુત્ર થયા. પછી દિનપ્રતિદિન તે પુત્રો ઉપર સૌભરી મુનિનો પ્રેમ વધવાથી તેમનું હૃદય અતીશય મમતાવાળું થયું. ૪૨. તેના મનમાં સ્નેહ એટલો

દ્રઢ થયો કે અહર્નીશ આ પ્રમાણે ચિંતવન કરવા લાગ્યા. મારા પુત્ર મધુર ભાષણ કરી ચાલતાં શીખશે ? એ યૂવાન થશે ? શું હું એના વિવાહ જોઈશ ? શુ એને પુત્ર થશે ? અહો ! શું હું મારા પુત્રને પુત્રવાળો જોઈ શકીશ ? એ પ્રકારે સમયને અનુરૂપ મનોરથની પ્રવૃત્તિ જાણિ એક દિવસ સૌભરી મુનિ પોતાના મનને કહેવા લાગ્યા. ૪૩. અહો ! ક્યાં સુધી મારો અજ્ઞાન મોહ ફેલાઇ રહ્યો છે ? હજાર, દશ હજાર અથવા લાખ વર્ષ સુધી પણ મનોરથ પૂર્ણ થતા નથી. કારણકે એક એક મનોરથ પૂર્ણ થાય કે તરત નવા નવા મનોરથ ઉત્પન્ન થાય છે. ૪૪. આ મારા પુત્ર ચાલતા શીખ્યા, તે યૂવાન થયા, ફરી વિવાહ કરી તેને પુત્રો થયા એ તો મેં જોયું. હવે તેના પુત્ર થાય તે જોઉં એવી મારા મનમાં ઇચ્છા થઈ છે. ૪૫. ફરી જો તેના પણ સંતાન જોઉં તો વળી કોઇ અન્ય મનોરથ પેદા થશે એ મનોરથ પૂર્ણ થશે એટલે પાછો કોઈ મનોરથ ઉત્પન્ન થવામાં કોણ પ્રતિબંધ કરી શકે એમ છે ? ૪૬. અર્થાત્ મારા મનોરથનો અંત કદી આવશે નહીં એમ હું આજે સમજ્યો. જેનું ચિત્ત નાના પ્રકારના મનોરથમાં આસકત છે; તેનું મન પરમાત્માના સંગમાં કદાપી લાગતું નથી. ૪૭. અહો ! જળમાં નિવાસ કરનાર મત્સના સંગથી મારી સમાધી સહસા નષ્ટપ્રાય થઇ ગઇ. વિષયમાં આસકત થવાથી મેં સ્ત્રીઓનો સ્વીકાર કર્યો અને તેના યોગથી મારા મનમાં મોટાં મોટાં કર્મ કરવાની ઇચ્છા થઈ ૪૮. પ્રથમ દેહી મનુષ્યને જન્મ ધારણ કરવો એ દુઃખ છે, પણ આ રાજકન્યાનો સ્વીકાર કરવાથી દોઢસો (પુત્રરૂપ) દુઃખો અહિં નિર્માણ થયાં અને તેના પણ અધિક પુત્રો થઇ અત્યંત વિસ્તાર થયો છે. ૪૯. પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર અને તેની સ્ત્રીઓ વગેરેના યોગથી મમતારૂપ દુઃખ હજુ પણ વૃદ્ધિ પામશે. મમતાથી મેં જે સ્ત્રીઓનો સ્વીકાર કર્યો એજ દુઃખનું કારણ છે. ૫૦. મેં જલમાં નિવાસ કરી જે તપશ્ચર્યા કરી તેના પ્રસાદની આ સઘળી સંપત્તિ છે. મત્સના સંગથી તપશ્ચર્યામાં વિઘ્નરૂપ પુત્રાદિમાં જે મારી પ્રીતિ થઈ તેથીજ હું છેતરાયો છું. ૫૧. ખરેખર યોગીઓ ને નિઃસંગતા એજ મુક્તિના હેતુ રૂપ છે કારણકે સંગથી અનેક પ્રકારના દોષ ઉત્પન્ન થાય છે. જે પરિપૂર્ણ યોગી છે તેનો પણ વિષયના સંગથી અધઃપતન થાય છે તો જેને સ્વલ્પ સિદ્ધિ પ્રાપ્ત થઇ હોય તેનું અધઃપતન થાય તેમાં શું આશ્ચર્ય ? ૫૨. પરિવાર રૂપ મઙ્કરથી મારી બુદ્ધિ આક્રાંત થઈ છે. હવે હું દોષ રહિત થઇ જે પ્રકારે ફરી પરિવારના દુઃખથી દુઃખી ન થાઉં એ પ્રકારે આત્માનો ઉદ્ધાર કરનારાં કાર્યો કરીશ. ૫૩. હવે હું તપશ્ચર્યા કરી સર્વના ઉત્પાદક અચિંત્ય સ્વરુપી, અણુથી અણુ તથા મોટાથી મોટા, બધ્ધ તથા મુક્ત સ્વરુપવાળા સત્વસ્વરુપી, ઇશ્વરના પણ ઈશ્વર એવા શ્રીવિષ્ણુ ભગવાનની આરાધના કરીશ. ૫૪. એ અનંત જ્યોતિર્મય, સર્વસ્વરુપી, અવ્યક્ત અનંત રૂપ વિષ્ણુ ભગવવાનમાં મારું ચીત દોષ રહિત કરી સ-

વદ્દા મોક્ષને માટે અચળ ભાવથી તેમાં આસકત થઇશ. ૫૫. જે સર્વ ભૂત સ્વરુપ અચળ તથા અનંત છે, જે સર્વેશ્વર છે, જેનો આદિ મધ્ય તથા અંત નથી, જેના વગર બીજું કોઈપણ સત્ય નથી, એ ગુરુઓના પણ પરમ ગુરુ રુપ શ્રીવિષ્ણુ ભગવાનનું મેં શરણ ગ્રહણ કર્યું છે. ૫૬.

समस्तभूतादमलादनंतात्सर्वेश्वरादन्यदनादिमध्यात् ॥
यस्मान्न किंचित्तमहं गुरूणां परं गुरुं संश्रयमेमि विष्णुम् ॥५६॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ચતુર્થ અંશે દ્વિતીયો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૩ જો.

पराशर उवाच ॥ इत्यात्मानमात्मनैवाभिधायासौ सौभरि-रपहाय पुत्रगृहासनपरिबर्हादिकमशेषमर्थजातं सकलंभार्यासमवेतो वनं प्रविवेश ॥ तत्राप्यनुदिनं वैखानसनिष्पाद्यमशेषं क्रियाकलापं निष्पाद्य क्षपितसकलपापः परिपक्वमनोवृत्तिरात्मन्यग्नीनारोप्य भिक्षु-रभवत् ॥ १ ॥

પરાશર કહેછે—એ પ્રમાણે પોતે પોતાના મનથી ભાષણ કરી સૌભરીમુનિ પોતાના પુત્ર, ગૃહ, આસન અને પરિવાર આદિ સર્વ વસ્તુનો ત્યાગ કરી સઘળી સ્ત્રીઓને સાથે લઈ વનમાં પ્રવેશ કર્યો. ત્યાં પણ પ્રતિદિન વાનપ્રસ્થમા કરવાના કર્મના અનુષ્ઠાન કરી તે યોગથી સઘળા પાપનો ક્ષય કરી તેની મનોવૃત્તિ પરિપક્વ થઇ પોતાના આત્માના સર્વ કર્મ અગ્નિને અર્પણ કરી સન્યાસિ થયા. ૧. ત્યારપછી પોતાના કરેલા સર્વ કર્મ ભગવાન શ્રીવિષ્ણુને અર્પણ કરી છેવટે જન્મ વૃધ્ધિ ક્ષય આદિ વિકાર રહિત થઇ મરણાદિ ધર્મથી શૂન્ય અને ઈન્દ્રિઓને અગોચર એવા શ્રીવિષ્ણુના પરમ પદને પામ્યા. ૨. એ પ્રમાણે માંધાતા રાજાની કન્યાઓની કથા પ્રસંગમાં સૌભરિ મુનિના ચરિત્રનુ વર્ણન કર્યું. ૩. જે મનુષ્ય આ સૌભરિ મુનિનું ચરિત્ર સાંભળશે, સંભળાવશે, પાઠ કરશે, તેનું મન દુર્મતિમાં, અધર્મમાં અને અસન્માર્ગમાં પ્રવેશ કરશે નહીં; તથા અનેક પ્રકારના સંસાર સમૂહમાં તેને મમતા પ્રાપ્ત થશે નહીં. હવે માંધાતાનાવંશનું વર્ણન કરૂંછું. ૪. માંધાતાના પુત્ર અંબરીષ, તેને યુવનાશ્વનામનો પુત્ર થયો. તેનો હરિત નામનો પુત્ર થયો. તે હરિતથી અંગિરસનામના બ્રાહ્મણને હારિત એવી સંજ્ઞા

* આ ત્રીજા અધ્યાયમાં સૌભરિમુનિની સિધ્ધિની કથા, માંધાતા રાજાના વંશનું વર્ણન અને શત્રુઓનો નાશ કરનાર સગર રાજાના ચરિત્ર વગેરે કથા કહેવાશે.

પ્રાપ્ત થઈ. ૫. પૂર્વે પાતાળમાં મૈનેય નામના છ કરોડ ગંધર્વ રહેતા હતા. તેઓએ સઘળા નાગ કુળની શ્રેષ્ઠ સંપત્તિરુપ રત્ન અને આધિપત્યનુ હરણ કર્યું. ૬..તે ગંધર્વના પરાક્રમથી પરાભવ પામેલા સર્પાધિપતિ સર્વદેવના ઇશ શ્રી વિષ્ણુ પાસે જઈ સ્તવન કરવા લાગ્યા. તેની કરેલી સ્તુતિ શ્રવણ કરી નિદ્રાથી જાગ્રત થએલા જેના કમળ સરખા નેત્ર ઉઘડેલા છે એવા ભગવાનને નમસ્કાર કરી કહેવા લાગ્યા. હે ભગવન્ ! અમને આ ગંધર્વોથી ઉત્પન્ન થએલો ભય શી રીતે નાશ પામશે ? તે વખતે અનાદિ પુરુષ પરમેશ્વરે કહ્યું કે " યૌવનાશ્વના પુત્ર માંધાતાને પુરૂકુત્સ નામનો જે પુત્ર છે, તેના શરીરમાં હું પ્રવેશ કરી સઘળા દુષ્ટ ગંધર્વોનો નાશ કરીશ. " ૭. ભગવાનની વાણી સાંભળી તેમને નમસ્કાર કરી નાગગણ ફરી પાતાળમાં આવી પુરુકુત્સને બોલાવવાને માટે પોતાની બેહેન નર્મદાને મોકલી. ૮. નર્મદા પુરુકુત્સને લઈ પાતાળમાં આવી પુરુકુત્સ રાજા પાતાળમાં જઇ ભગવાનના તેજ પ્રભાવથી વૃદ્ધિંગત થઈ સર્વ દુષ્ટ ગંધર્વોનો નાશ કરી પોતાના સ્થાનમાં પાછા આવ્યા. ત્યાર પછી સર્પાધિપતિએ પ્રસન્ન થઇ નર્મદાને વરદાન આપ્યું કે જે પુરુષ નીચેના શ્લોકથી તારું નામ લેશે તેને સર્પનો ભય થશે નહીં " **नर्मदायै नमः प्रातर्नर्मदायै नमो निशि ॥ नमोऽस्तु नर्मदे तुभ्यं रक्ष मां विष सर्पतः ॥** પ્રાતઃકાળમાં નર્મદાને નમસ્કાર કરું છું, સાયંકાળે નર્મદાને નમસ્કાર કરું છું. હે નર્મદે ! તને નમસ્કાર છે, તું વિષયુક્ત સર્પથી મારું રક્ષણ કર." એ પ્રમાણે બોલી જે અંધકારમાં પ્રવેશ કરશે તેને પણ સર્પ દંશ કરશે નહીં. ૯–૧૦. તેમજ નર્મદાનું સ્મરણ કરી વિષનું ભક્ષણ કરે તો તેને તે વિષથી જરા પણ પીડા થશે નહીં. ૧૧. તેમજ નાગાધિપતિએ પુરૂકુત્સને પણ વરદાન આપ્યું કે તારા વંશનો કદાપિ નાશ થશે નહિં. ૧૨. (તે નાગાધિપતિએ પોતાની બેહેન નર્મદા પુરૂકુત્સને આપી.) પુરૂકુત્સને નર્મદાના ગર્ભથી ત્રસદસ્યુનામનો પુત્ર થયો. ત્રસદસ્યુથી સંભૂત, તેનાથી અનરણ્ય નામનો પુત્ર થયો. દિગ્ વિજય કરતી વખતે રાવણે તેનો વધ કર્યો, અનરણ્યથી પ્રષદશ્વ, તેનાથી હર્યશ્વ, તેનાથી વસુમના, તેનાથી ત્રિધન્વા, ત્રિધન્વાથી ત્રય્યારૂણ અને ત્રય્યારૂણથી સત્યવ્રત ઉત્પન્ન થયો. એ સત્યવ્રત ત્રિશંકુના નામથી પ્રસિદ્ધ થઇ* ચાંડાળપણાને પામ્યો. તેનાં સમયમાં બારવર્ષ સુધી વર્ષા દ થયો ન હોતો. તે વખતે ત્રિશંકુ રાજા વિશ્વામિત્રના કુટુંબનું પોષણ કરવા અને પોતાની ચાંડાળતા હરવાને માટે ગંગાકીનારે વડના વૃક્ષ ઉપર પ્રતિદિન મૃગમાંસ બાંધી આવતો હતો. ૧૩. ત્યાર પછી વિશ્વામિત્ર પ્રસન્ન થઇ તેને દેહ સહિત સ્વર્ગમાં મોકલ્યો. ૧૪. ત્રિશંકુથી હરિશ્ચંદ્ર નામનો પુત્ર થયો. તેનાથી રોહિતાશ્વ, તેનાથી હરિત, તેનાથી ચંચુ, ચંચુથી વિજય અને વસુદેવ,

* પરિણીયમાન બ્રાહ્મણની કન્યાનું હરણ કરવાથી તેના પિતાએ તેને ' તું ચાંડાળ થા ' એવો શ્રાપ આપ્યો હતો.

વિજયથી રૂરૂક, રૂરૂકથી વૃક અને વૃકથી બાહુ નામનો પુત્ર થયો. તે હૈહય, તાલજંધ આદિ ક્ષત્રિઓથી પરાજય પામી પોતાની ગર્ભિણી પટ્ટરાણીને સાથે લઇ વનમાં જઈ રહ્યો. ૧૫. ત્યાં રાણીનો ગર્ભ સ્તંભિત કરવાને માટે તેની શોક્ય તેને વિષ આપ્યું. એ વિષના પ્રભાવથી તે ગર્ભ રાણીના ઉદરમાં સાત વર્ષ સુધી રહ્યો અને તે બાહુરાજા વૃદ્ધ હોવાથી સમયાનુસાર ઔર્વ ઋષિના આશ્રમની પાસે મરણ પામ્યા. ૧૬. તેની રાણીએ ચિતા રચી તેમાં પોતાના સ્વામીને સુવાડી પોતે પણ સતિ થવાનો નિશ્ચય કર્યો. ત્યારપછી ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન કાળના વૃત્તાંતને જાણનાર ભગવાન ઔર્વમુનિ પોતાના આશ્રમમાંથી બહાર નીકળી તેની પાસે આવી બોલ્યા. હે સાધ્વી ! તું આ અસત્ આચરણ શા માટે કરે છે ? કારણકે તારા ગર્ભમાં અખિલ ભૂમંડળ પતિ ચક્રવર્ત્તી અતિ બળવાન પરાક્રમી શત્રુઓનો નાશ કરનાર અનેક યજ્ઞ કરનાર એવો બાળક નિવાસ કરે છે; માટે આવું સાહસ ન કર. એપ્રમાણે ઋષિનું વચન સાંભળી રાણીએ પોતાના સ્વામી જોડે સહગમન કરવાનો વિચાર છોડી દીધો. ૧૭. ત્યારપછી ઔર્વમુનિ તેને પોતાના આશ્રમે લઈ ગયા, ત્યાં કેટલોક સમય વિત્યા પછી (આગળ સપત્નિએ આપેલા વિષની સાથે અત્યંત તેજસ્વી બાળક જન્મ્યો. ઔર્વ મુનિએ તે બાળકનો જાતકર્મ આદિ સંસ્કાર કરી તેનું નામ ' સગર ' (ગર એટલે વિષ, સ એટલે સહિત) એવું પાડયું. ત્યારપછી તે બાળકને ઉપનયન સંસ્કાર થયા પછી ઔર્વ મુનિએ તેને તમામ વેદ, શાસ્ત્ર તથા ભાર્ગવાખ્ય આગ્નેય અસ્ત્ર આદિનું ઉત્તમ પ્રકારે શિક્ષણ આપ્યું. સગરની પરિપકવ બુદ્ધિ થઈ તેને સર્વ પ્રકારનું જ્ઞાન થયું તે વખતે પોતાની માતાને તેણે પુછયું. હે માતા ! આપણે આ તપોવનમાં શામાટે રહીયે છીયે ? મારા પિતા ક્યાં છે. ? અને મારાપિતા કોણ છે ? એ પ્રકારે અનેક પ્રશ્ન કર્યા પછી તે સગરની માતાએ તેને પૂર્વનું સઘળું વૃત્તાંત કહી સંભળાવ્યું. ત્યારપછી પોતાના પિતાનું રાજ્ય હૈહય તાલજંધ આદિ ક્ષત્રિઓએ હરણ કરી લીધું છે એમ જાણી ક્રોધિત થઇ હૈહય તાલજંધ આદિનો નાશ કરવાની પ્રતિજ્ઞા કરી અને તેણે બહુધા સર્વ હૈહય રાજાઓનો નાશ કર્યો. પરંતુ શક, યવન, કાંબોજ, પારદ અને પલ્હવ આદિ ક્ષત્રિગણ સગરથી પરાજય પામી તેના (સગરના) કુળગુરૂ વસિષ્ઠને શરણે ગયા. ૧૮. વસિષ્ઠએ તેને જીવન્મૃત પ્રાય સરખા કરી સગરને કહ્યું. હેવત્સ ! હેવત્સ ! આ જીવન્મૃત લોકોની પાછળ પડવાથી શું ફળ છે ? ૧૯. મેં જાણ્યું, તારી પ્રતિજ્ઞા પાલન કરવાને માટે એઓએ પોતાનો ધર્મ તથા બ્રાહ્મણના સંસર્ગનો ત્યાગ કર્યો છે તેથી એ જીવન્મૃત સરખા છે. (તેથી તેનું ક્ષત્રિયત્વ નષ્ટ થયું છે. એમાં જરાપણ સંદેહ નથી. ૨૦. સગર રાજાએ " ઠીક જેવી આપની આજ્ઞા " એમ બોલી ગુરુના વચનનો સ્વીકાર કરી તે લોકોનો જુદા પ્રકારનો વેષ કરાવ્યો.

તે આ પ્રમાણે—યવનોના મસ્તક મુંડાવ્યાં, શક લોકોને અર્ધ મુંડિત કર્યા, પારદ લોકોને લાંબા કેશ રખાવ્યા અને પલ્હવને દાઢી રખાવી. એ પ્રકારે કરી બીજા કાંબોજ આદિ ક્ષત્રિઓને અધ્યયન તથા ધર્મ ક્રીયા બંધ કરાવી. એ પ્રમાણે સ્વધર્મ ત્યાગના યોગથી તથા બ્રાહ્મણોના ત્યાગ કરવાથી તેઓ મ્લેચ્છ થયા. ત્યાર પછી સગર રાજાએ પોતાના નગરમાં આવી અપ્રતિબંધ સેનાથી યુકત થઇ સપ્ત દ્વીપ યુકત તમામ પૃથ્વી પાલન કર્યું. ૨૧.

स तथेति तद्गुरुवचनमभिनंद्य तेषां वेषान्यत्वमकारयत् ॥ यवनान्मुंडितशिरसोऽर्धमुण्डाञ्छकाल्लंबकेशान्पारदान्पल्हवांश्चश्मश्रुधरान्निःस्वाध्यायवषट्कारानेतानन्यांश्च क्षत्रियांश्चकार ते च निजधर्मपरित्यागादब्राह्मणैश्च परित्यक्ता म्लेच्छतां ययुः॥ सगरोऽपि स्वमधिष्ठानमागम्यास्खलितचक्रः सप्तद्वीपवतीमिमामुर्वीं प्रशशास २१

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ચતુર્થ અંશે તૃતીયો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૪ થો.

पराशर उवाच ॥ कश्यपदुहिता सुमतिर्विदर्भराजतनया च केशिनी द्वे भार्ये सगरस्यास्ताम् ॥ १ ॥

પરાશર કહેછે—કશ્યપની પુત્રી સુમતિ અને વિદર્ભ રાજાની પુત્રી કેશીની એ બે સગર રાજાની સ્ત્રી હતી. ૧. તેણે પુત્ર પ્રાપ્તિને માટે ઔર્વઋષિની આરાધના કરી. ઔર્વમુનિએ અંતઃકરણને એકાગ્ર કરી તે બન્ને રાણીને વરદાન આપ્યું. ૨. તમે બે રાણીઓમાંથી એકને વંશધર (વંશવાળો) એક પુત્ર થશે અને એકને સાઠ હજાર પુત્ર થશે. એ બેમાંથી જેને જે ઇચ્છા હોય તે માંગો. એવી ઔર્વ મુનિની વાણી સાંભળી કેશિનીએ એક પુત્ર માંગ્યો અને સુમતિ એ સાઠ હજાર પુત્ર માંગ્યા. ઋષિએ કહયું "તથાસ્તુ" ત્યારપછી થોડે દિવસે કેશિનીને અસમંજસ્ નામનો વંશસ્થિત પુત્ર થયો. અને બીજી રાણી સુમતિને સાઠ હજાર પુત્ર થયા. કેશિનીના પુત્ર અસમંજસથી અંશુમાન નામનો પુત્ર થયો. અસમંજસ્ બાલ્યા વસ્થાથી ઘણો દુરાચારી હતો. તેના પિતાએ વિચાર કર્યો કે બાલ્યા વસ્થા ગયાપછી યૂવાવસ્થામાં બુદ્ધિમાન થશે. ૩. પરંતુ યૂવાવસ્થા પણ વિતવા લાગી છતાં તે

* આ ચોથા અધ્યાયમાં સગર રાજાના સાઠ હજાર પુત્ર કપીલ મુનિથી બળીને ભસ્મ થશે તથા સૌદાસ્ રાજા રાક્ષસ પણાને પામશે એ કથા કહેવાશે.

તેવોજ રહ્યો. એ પ્રમાણે જોઈ સગરરાજાએ તેનો ત્યાગ કર્યો. ૪. સગરરાજાના બીજા જે સાઠ હજાર પુત્ર હતા તે પણ અસમંજસના ચરિત્રનું અનુકરણ કરવા લાગ્યા. ૫. તે અસમંજસના આચરણ પ્રમાણે ચાલનાર સગરરાજાના પુત્રો દ્વારા જગતમાં યજ્ઞાદિ સત્કાર્યોનો નાશ થયો; તેથી દેવતાઓએ સર્વ જ્ઞાન સંપન્ન, તમામ દોષથી નિર્લિપ્ત ભગવાન શ્રીવિષ્ણુના અંશભૂત કપિલ મુનિને પ્રણામ કરી સગરરાજાના પુત્રોનાં કર્મ નિવેદન કર્યાં. ૬. હે ભગવાન્! આ સઘળા સગરપુત્ર અસમંજસનું અનુકરણ કરી ચાલે છે. એ કુમાર્ગી સગરપુત્રોના રહેવાથી આ જગતની કેવી દશા થશે? હે ભગવાન્! દુઃખી જગતનું રક્ષણ કરવાને માટે આપે શરીર ધારણ કર્યું છે. ભગવાન કપિલમુનિ આટલી વાત સાભળી બોલ્યા. ૭ એ લોકો થોડાજ દિવસમાં નાશ પામશે. ૭. એવા સમયમાં સગરરાજાએ અશ્વમેધ નામનો યજ્ઞ આરંભ્યો, એ યજ્ઞમાં યજ્ઞના અશ્વ રક્ષક સગરના પુત્રો હતા. એક દિવસ તે યજ્ઞના ઘોડાનું હરણ કરી કોઈ પુરૂષ પૃથ્વીમાં પ્રવેશ કરી ગયો. ૮ સગરરાજાએ પોતાના પુત્રોને તે અશ્વ, શોધી લાવવાને માટે મોકલ્યા તે પુત્રોએ મનમાં પૂર્ણ નિશ્ચય કરી અશ્વની ખરીથી ચિન્હવાળા માર્ગમાં શોધ કરતા કરતા એક એક પુત્ર એક એક યોજન પૃથ્વીને ખોદતા પાતાળમાં ગયા. ૯. સગરપુત્રોએ પાતાળમાં ઘોડાને ફરતો જોયો અને તેની પાસે શરત્કાળમાં આકાશમાં રહેલા નિર્મળ સૂર્ય સરખા પોતાના તેજથી આગળ, પાછળ, ઉપર, નીચે વગેરે આઠે દિશામાં પ્રકાશમાન ભગવાન કપિલમુનિને જોયા. ૧૦. ત્યારપછી સગરના પુત્રોએ આયુધ ઉગામી "આ દુરાત્માજ અમને પીડા કરનાર, યજ્ઞમાં વિઘ્ન કરનાર અને અશ્વનું હરણ કરનાર છે; માટે એને મારો, મારો, એ પ્રમાણે કહી તે કપિલમુનિ તરફ દોડયા. તે વખતે ભગવાન કપિલમુનિએ તેઓની તરફ જરા દ્રષ્ટિ ફેરવી કિંચિત્ અવલોકન કરતાંજ પોતાના શરીરમાંથી ઉત્પન્ન થએલા અગ્નિવડે સગરરાજાના તમામ પુત્રો બળીને ભસ્મ થઇ ગયા. ૧૧. સગરરાજાએ અશ્વની પાછળ ગયેલા પુત્રોનો કપિલમુનિના તેજથી નાશ થયો છે. એમ જાણી અસમંજસના પુત્ર અંશુમાનને અશ્વ લેવાને માટે મોકલ્યો. ૧૨. તે અંશુમાન સગરપુત્રોએ ખોદેલા માર્ગથી કપિલમુનિની પાસે જઈ ભક્તિથી વિનયપૂર્વક તેમની સ્તુતિ કરી. તે સ્તુતિથી પ્રસન્ન થએલા કપિલમહર્ષિ બોલ્યા, હે તાત! જા, આ અશ્વ તારાપિતામહને આપ અને મારીપાસે વરદાન માગ. હે પુત્ર! તારો પૌત્ર (પુત્રનો પુત્ર) સ્વર્ગમાંથી ગંગા પૃથ્વીઉપર લાવશે. ૧૩. ત્યારપછી અંશુમાને પણ વર માગ્યો, કે 'બ્રાહ્મણના શ્રાપથી નાશ પામેલા અને સ્વર્ગ પ્રાપ્તિમાં અયોગ્ય એવા મારા કાકાઓને સ્વર્ગ મળે" એ વરદાન મને આપો. એ પ્રમાણે સાંભળી કપિલમુનિ બોલ્યા, હે પુત્ર! મેં તને પ્રથમજ કહ્યું છે કે તારો પૌત્ર સ્વર્ગમાંથી ગંગા લાવશે. એ ગંગાજળથી જ્યારે આ સર્વના અસ્થિઓનો સ્પર્શ થશે તે વખતે એ સઘળા સ્વર્ગમાં

જશે. ૧૪. કારણકે વિષ્ણુના ચરણકમળના અંગુષ્ઠથી નિકળેલા જળનું એવુંજ મહાત્મ્ય છે. કોઇ કામનાથી સ્નાન કરવામાં આવેછે, એટલુંજ નહીં પણ કોઈ ઉદ્દેશ વગર પણ જે મૃત મનુષ્યના શરીરના અસ્થિ, ચર્મ, સ્નાયુ, અથવા કોશ આદિ તેમાં નાખવાથી તે મનુષ્યનો સ્વર્ગમાં વાસ થાયછે. એટલી વાત સાંભળી અંશુમાન; ભગવાન કપિલ મુનિને નમસ્કાર કરી અશ્વ લઇ પોતાના પિતામહના યજ્ઞમાં આવ્યો. ૧૫. સગર રાજાએ તે અશ્વવડે યજ્ઞ સમાપ્ત કરી પોતાના પુત્રપ્રમાણે અંશુમાનને માનવા લાગ્યો. ૧૬. અંશુમાનથી દિલીપ, દિલીપથી ભગીરથ, એ ભગીરથ સ્વર્ગમાંથી ગંગા લાવ્યા; તેથી તે ગંગાનુ નામ ભાગીરથી પડયું. ૧૭. ભગીરથથી શ્રુત, તેના નાભાગ, તેના અંબરીષ, તેનાથી સિંધુદ્વીપ, તેનાથી અયુતાશ્વ અને તેનાથી ઋતુપર્ણ નામનો પુત્ર થયો. એ ઋતુપર્ણ નળરાજાનો મિત્ર થઇ અક્ષક્રીડાના મર્મને જાણતા હતા. ૧૮. ઋતુપર્ણથી સર્વકામ, તેનાથી સુદાસ અને સુદાસથી જેનું નામ મિત્રસહ છે એવો સૌદાસ નામનો પુત્ર થયો. ૧૯. તે સૌદાસ મૃગયા રમવાને માટે અરણ્યમાં ગયો હતો ત્યાં તેણે બે વાઘ જોયા. ૨૦. એ બે વાઘોએ સઘળું વન પશુ વગરનું કર્યું હતું. ૨૧. સૌદાસ રાજાએ તે બે વાઘમાંથી એકનો નાશ કર્યો. ૨૨. મરતી વખતે તે વાઘ અત્યંત ભયંકર આકૃતિવાળો ભયાનક મુખનો રાક્ષસ થયો. ૨૩. ત્યાર પછી બીજો વાઘ "આનું વૈર લઇશ" એ પ્રમાણે બોલી ગુપ્ત થયો. ૨૪. કેટલોક સમય ગયા પછી તે સૌદાસરાજાએ યજ્ઞનો આરંભ કર્યો. આચાર્ય વસિષ્ઠમુનિ તે યજ્ઞની સમાપ્તિ કરી બહાર નિકળ્યા હતા તે વખતે એ રાક્ષસ વસિષ્ઠનું સ્વરૂપ ધારણકરી રાજાની પાસે જઈ બોલ્યો; કે યજ્ઞની સમાપ્તિ થયાપછી મને માંસનું ભોજન કરાવવું યોગ્ય છે; માટે તે તૈયાર કરાવ; હું ક્ષણ વારમાં આવુંછું. એ પ્રમાણે કહીને રાક્ષસ રાજાની પાસેથી ચાલ્યો ગયો. ૨૫. ત્યારપછી તે રસોઇયાનો વેષ ધારણ કરી રાજાની આજ્ઞાને માન આપી તેણે એક મનુષ્યનું માંસ રાંધી રાજાને નિવેદન કર્યું. રાજાએ પણ તે માંસ એક સુવર્ણના પાત્રમાં રાખી વસિષ્ઠમુનિને આવવાની રાહ જોવા લાગ્યો. વસિષ્ઠમુનિ આવ્યા પછી રાજાએ તેને માંસ અર્પણ કર્યું. ૨૬. તે વખતે વસિષ્ઠમુનિ મનમાં ચિંતા કરવા લાગ્યા કે અહો! આ શું? આ રાજા કેવો દુષ્ટ સ્વભાવનો છે કે પોતે જાણેછે છતાં પણ મને આ માંસ આપ્યું? ઠીક છે, આ માંસ કોનુંછે? તે જોઉં, એમ વીચારકરી સમાધીથી જાણ્યું કે આમાંસ મનુષ્યનું છે એમ જાણી ક્રોધથી વસિષ્ઠમુનિએ રાજાને શ્રાપ આપ્યો, 'કે તું જાણે છે છતાં મારા સરખા તપસ્વીને આ અભોજ્ય ભોજન આપ્યું માટે તારી બુદ્ધિ મનુષ્યના માંસમાં લુબ્ધથશે અર્થાત્ તું રાક્ષસ થઇશ'. ૨૭. આપ્રમાણે સાંભળી રાજાએ કહ્યું. હે ભગવન્! આપે જે કહ્યુંહતું તે મેં કર્યું છે. એ સાંભળી, શું! શું! મેં તને કહ્યું હતું? એ પ્રમાણે કહી ફરીથી ધ્યાન પરાયણ થયા. ૨૮. ત્યારપછી સમાધી

બળથી સર્વ વિષયજ્ઞાણી વસિષ્ઠમુનિએ કૃપાકરી રાજાને કહ્યું, કે ઘણા દિવસ સુધી તારે નરમાંસ ખાવું નહીં પડે, પરંતુ બાર વર્ષ સુધી તારે નરમાંસ ખાવું પડશે. ૨૯. તે વખતે રાજાએ પણ અંજળીમાં જળલઈ વસિષ્ઠને શ્રાપ દેવાને માટે ઉદ્યુકત થયો. તે જોઈ તેની સ્ત્રી મદયંતિ એ કહ્યું. અરે! આપ આ શું કરોછો? ભગવાન વસિષ્ઠ મારા ગુરૂછે. એ આચાર્ય કુળદેવતા સ્વરૂપ હોવાથી તેને શ્રાપ દેવો યોગ્ય નથી. એમ કહી રાજાને શાંતકર્યો. અંજળીમાં રહેલું શ્રાપનુંજળ પૃથ્વીમાં અથવા આકાશમાં નાંખવાથી ધાન્યોનો તથા મેઘનો નાશ થશે એમ જાણી તે જળ રાજાએ પોતાના બે પગ ઉપર નાંખ્યું. ૩૦. એ ક્રોધાગ્નિથી પરિતપ્ત જળના સ્પર્શથી તેના બને પગની કાંતી નાશ પામી કૃષ્ણપાંડુવર્ણના સરખી થઇ. ૩૧. તેથી તેનું નામ કલ્માષપાદ પડયું. પછી રાજા વસિષ્ઠના શ્રાપથી ત્રીજે દિવસે રાક્ષસ થઇ વનમાં ફરતાં ફરતાં અનેક મનુષ્યનું ભક્ષણ કરવા લાગ્યો. ૩૨. એ રાક્ષસરૂપી રાજાએ એકવખત ઋતુકાળમાં પોતાની સ્ત્રી સાથે ગમન કરતાં એક બ્રાહ્મણને જોયો. ૩૩. અત્યંત ભયંકર જેનું સ્વરૂપ છે એવા રાક્ષસને જોઈ તે બને દંપતી (સ્ત્રી-પૂરુષ) ભયભીત થઇ ત્યાંથી નાસવા લાગ્યાં, તે બેમાંથી રાક્ષસે બ્રાહ્મણને પકડી લીધો. ૩૪. તે વખતે બ્રાહ્મણી તેને અનેક પ્રકારના નમ્ર વચનથી યાચના કરવા લાગી. હે મહારાજ! પ્રસન્નથા ઓ, આપ ઇશ્વાકુ કુળના ભૂષણ રૂપ મિત્રસહ રાજા છો, રાક્ષસ નથી. આપ સ્ત્રી સમાગમના સુખથી માહિતગારછો. મારો મનોરથ સંપૂર્ણ થયા અગઉ મારા સ્વામીને ભક્ષણ કરવા એ આપને યોગ્ય નથી. એ પ્રકારે બ્રાહ્મણીએ અનેક પ્રકારે વિલાપ કર્યો છતાં તેની વાત ન સાંભળતાં જેમ વ્યાઘ્ર પશુઓને ખાઈ જાયછે તેમ તે રાક્ષસ બ્રાહ્મણનું ભક્ષણ કરી ગયો. ૩૫. ત્યારપછી અત્યંત ક્રોધ પામી બ્રાહ્મણીએ રાજાને શ્રાપ આપ્યો. કે "મારી તૃપ્તિ થયા અગાઉ તેં મારા પતિનું ભક્ષણ કર્યું તેથી તું સ્ત્રી સંભોગમાં પ્રવૃત્ત થતાંજ તારો પ્રાણાંત થશે." બ્રાહ્મણીએ આ પ્રકારે શ્રાપ આપી અગ્નિમાં પ્રવેશ કર્યો. ૩૬. બાર વર્ષ વિત્યા પછી રાજા શ્રાપથી મુક્ત થઈ સ્ત્રી સંભોગને માટે અભિલાષિ થયો; તે વખતે તેની સ્ત્રી મદયંતિએ તે બ્રાહ્મણીના શ્રાપનું સ્મરણ કરાવ્યું. ૩૭. તે દિવસથી રાજાએ સ્ત્રી સંભોગનો પરિત્યાગ કર્યો, પછી અપુત્ર રાજાએ પુત્રની ઇચ્છાથી વસિષ્ઠની પ્રાર્થના કરી તેથી વસિષ્ઠએ મદયંતિના ઉદરમાં ગર્ભ ઉત્પન્ન કર્યો. પરંતુ જ્યારે સાતવર્ષ વિત્યા છતાં પણ ગર્ભસ્થ બાળકનો જન્મ થયો નહીં ત્યારે મદયંતીએ પથ્થરથી ગર્ભ ઉપર પ્રહાર કર્યો તેથી પુત્ર જન્મ્યો. તેનું નામ અશ્મક પડયું. અશ્મકથી મૂલક નામનો પુત્ર થયો. તે વખતે પરશુરામ પૃથ્વીને નક્ષત્રિ કરવામાં પ્રવૃત્ત થયા હતા. તે વખતે મૂલકે વસ્ત્ર રહિત સ્ત્રીઓને ઘેરી તેનું રક્ષણ કર્યું હતું. તેથી તેને નારીકવચ પણ કહેછે. મૂલકથી દશરથ નામનો પુત્ર થયો

દશરથથી ઈલવિલ, તેનાથી વિશ્વસહ અને તેનાથી ખટ્વાંગ દિલીપ નામનો પુત્ર થયો. દેવ તથા દૈત્યના યુદ્ધમાં દેવતાઓએ ખટ્વાંગ રાજાની પ્રાર્થના કરી તેથી તેણે દૈત્યોનો નાશ કર્યો. પછી સ્વર્ગવાસિ દેવતાઓ એ તેને વરદાન માગવાનું કહ્યું તે વખતે ખટ્વાંગ રાજા બોલ્યા. 'જો તમે વરદાન આપવા ચહાતા હો તો પ્રથમ એ કહો કે મારૂં આયુષ્ય કેટલું છે?' એ સાંભળી દેવતાઓ બોલ્યા કે 'એક મુહુર્ત્ત માત્ર તમારૂં આયુષ્ય છે. દેવતાઓનું આવું વચન સાંભળી ખટ્વાંગ દિલીપ શીઘ્ર ગતિવાળા દેવ રથમા બેસી ઘણી ત્વરાથી મૃત્યુ લોકમાં આવી આ પ્રકારના વચન બોલવા લાગ્યા. જે અર્થે મારો પ્રાણ બ્રાહ્મણ કરતાં મને અધિક પ્રીય નથી, મેં કદાપી સ્વધર્મનું ઉલ્લંઘન કર્યું નથી. સર્વ દેવ, મનુષ્ય, પશુ, વૃક્ષ આદિને પણ મેં શ્રી વિષ્ણુથી ભિન્ન ગણ્યાથી, તે અર્થે આજ હું અસ્ખલિત જ્ઞાનથી તે મુનિઓથી સ્મરણ કરાયલા ભગવાન શ્રી વિષ્ણુની સમીપ જાઉં, એ પ્રમાણે બોલતાં બોલતાં ખટ્વાંગ રાજાએ અશેષ ગુરૂ અનિર્દેશ્ય શરીર, સત્તા માત્ર સ્વરૂપ, પરમાત્મા ભગવાન વાસુદેવમાં પોતાના આત્માને જોડી દીધો. અર્થાત્ ભગવાન વાસુદેવમાં લીન થઈ ગયા.૩૮. એ વિષમાં પૂર્વે સપ્તઋષિએ એક શ્લોક કહ્યોછે-ખટ્વાંગ રાજાના જેવો રણા પૃથ્વીમાં બીજો કોઈ થનાર નથી (કારણ કે) ખટ્વાંગ રાજાએ પોતાનું આયૂષ્ય એક મુહુર્ત્ત માત્રછે એમ જાણી સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર આવી જ્ઞાન અને દાનથી ત્રણ લોકની પ્રાપ્તિ કરી. ૩૯. ખટ્વાંગનો પુત્ર દીર્ઘબાહુ, તેનાથી રઘુ, રઘુથી અજ, અજથી દશરથ અને દશરથથી જગતનું રક્ષણ કરવા માટે ભગવાન શ્રીવિષ્ણુના અંશરૂપ રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન એ ચાર રૂપથી ઉત્પન્ન થયા. ૪૦. શ્રીરામચંદ્રએ બાલ્યાવસ્થામાં વિશ્વામિત્રના યજ્ઞનું રક્ષણ કરવાનેમાટે જતાં માર્ગમાં તાડકાસુર નામના રાક્ષસને માર્યો હતો. ૧૧. તથા વિશ્વામીત્રના યજ્ઞમાં મારીચ નામના રાક્ષસને બાણથી ઘાયલ કરી દૂર ફેંકી સુબાહુ આદિ દૈત્યોનો નાશ કર્યો. દર્શન માત્રથી અહલ્યાના પાપ નષ્ટ કર્યા, તથા જનકરાજાને ત્યાં શંકરના ધનુષ્યને સહજમાં તોડી કેવળ પરાક્રમ એજ જેનું મૂલ્ય છે એવી અયોનિજા સિતાને પત્નિરૂપે ગ્રહણ કરી. ૪૨ ત્યારપછી સઘળા ક્ષત્રિઓનો નાશ કરનાર, હૈહય નામના ક્ષત્રિકુળનો ધૂમકેતુ પ્રમાણે નાશ કરનાર પરશુરામના વીર્ય અને બળજનિત ગર્વનો નાશ કર્યો. ૪૩. તથા પિતાના વચનથી રાજ્યની ઇચ્છાનો ત્યાગ કરી પોતાના બંધુ લક્ષ્મણ તથા પત્નિએ સહવર્તમાન વનમાં ગયા. ૪૪. તે વનમાં વિરાધ, ખર, દૂષણ, કબંધ આદિ દૈત્યોનો તથા વાલીનો વધ કરી સમુદ્રઉપર સેતુ બાંધી તમામ રાક્ષસ કુળનો નાશકરી રાવણથી હરણ કરાયેલી અને રાવણના વધથી નિષ્કલંક તથા અગ્નિમાં પ્રવેશ કરવાથી પવિત્ર થએલી તમામ દેવતાઓથી સ્તુતિ કરાયલી જનક રાજાની પુત્રી સીતાને અયોધ્યામા લાવ્યા. ૪૫. ભરતે પણ ગંધર્વ

રાજ્યની પ્રાપ્તિને માટે ઉગ્ર સંજ્ઞક ત્રણ ક્રોડ ગંધર્વોનો નાશ કર્યો. શત્રુઘ્ને પણ અતીશય બળવાન તથા પરાક્રમી મધુપુત્ર લવણ નામના રાક્ષસોના અધિપતિને મારી મથુરા નામની નગરી વસાવી. એ પ્રકારે નિરુપમ બળ તથા પરાક્રમથી તમામ દુષ્ટ લોકોનો નાશ કરી જગત્નું રક્ષણ કરી શ્રીરામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન પુનઃ સ્વર્ગમાં ગયા. તે વખતે જે લોકો ભગવાનના અંશરૂપ શ્રીરામ આદિ ઉપર પ્રેમ કરતા હતા તે પણ શ્રીરામચંદ્રમાં મન અર્પણ કરી મુક્તિ પામ્યા. ૪૬. શ્રીરામના પુત્ર કુશ તથા લવ થયા, લક્ષ્મણના અંગદ તથા ચંદ્રકેતુ, ભરતના તક્ષ તથા પુષ્કર અને શત્રુઘ્નના સૂરસેન તથા સુબાહુ પુત્ર થયા. કુશથી અતિથી તેનો નિષધ, નિષધનો નળ, તેનો નભસ, નભસથી પુંડરીક, તેનો ક્ષેમધન્વા, તેનો દેવાનીક, તેનો અહીનગુ, તેનાથી રુરુ, રુરુથી પારિયાત્ર, પારિયાત્રથી દલ, દલથી છલ, છલથી ઉકથ, ઉકથથી વજ્રનાભ, તેનાથી શંખનાભ, તેનાથી વ્યુત્થિતાશ્વ, તેનાથી વિશ્વસહ, તેના પુત્ર મહાયોગીશ્વર જૈમિનિના શિષ્ય હિરણ્યનાભ, એ હિરણ્યનાભ પાસે યાજ્ઞવલ્ક્ય યોગ શિખ્યા હતા. હિરણ્યનાભથી પુષ્પ, તેનો ધ્રુવસંધિ, તેનો સુદર્શન, તેનો અગ્નિવર્ણ, તેનો શીઘ્ર, શીઘ્રથી મરૂ નામનો પુત્ર થયો. એ મરૂ યોગાભ્યાસ કરતા કરતા અદ્યાપી સુધી કલાપ ગ્રામમાં નિવાસ કરે છે. તે આવતા યુગમાં સૂર્યવંશના ક્ષત્રિઓને ઉત્પન્ન કરશે. મરુથી પ્રસુશ્રુત, તેનો સુગંધિ, તેનો અમર્ષ, તેનો મહાસ્વાન, તેનો વિશ્રુતવાન, તેનો બૃહદ્બળ નામનો પુત્ર થયો, એ બૃહદ્બળનો ભારતના યુદ્ધમાં અર્જુનના પુત્ર અભિમન્યુએ નાશ કર્યો. એ ઈક્ષ્વાકુ વંશના મુખ્ય મુખ્ય રાજાઓના નામ તથા ચરિત્ર શ્રવણ કરનાર મનુષ્ય સઘળા પાપમાંથી મુક્ત થાય છે. ૪૭.

एते हीक्ष्वाकुभूपालाः प्राधान्येन मयोदिताः ॥
एतेषां चरितं शृण्वन्सर्वपापैः प्रमुच्यते ॥ ४७ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ચતુર્થ અંશે ચતુર્થો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૫ મો.

पराशर उवाच ॥ इक्ष्वाकुतनयो योऽसौ निमिर्नाम स तु सहस्रसंवत्सरं सत्रमारेभे वसिष्ठं च होतारं वरयामास॥१॥

પરાશર કહેછે—ઇક્ષ્વાકુ રાજાને જે નિમિ નામનો પુત્ર હતો; તેણે એક હજાર વર્ષે સમાપ્ત થાય તેવા યજ્ઞનો આરંભ કરી વસિષ્ઠ ઋષિની હોતાના સ્થાનમાં યોજના કરી. ૧. વરણ કરતી વખતે વસિષ્ઠએ કહ્યું કે 'ઈંદ્રરાજાએ પાનસો વર્ષે

* આ પાંચમા અધ્યાયમાં વસિષ્ઠ તથા નિમિ પરસ્પર શ્રાપના યોગથી પોતાના દેહનો ત્યાગ કરશે અને નિમિ રાજાના વંશનું વર્ણન કરવામાં આવશે.

સમાપ્ત થાય એવા યજ્ઞમાં આગળથીજ મારી યોજના કરી છે એટલા માટે ત્યાં સુધી મારી વાટ જો. ઈંદ્રનો યજ્ઞ સંપૂર્ણ થયા પછી હું તારો ઋત્વિક્ થઇશ, ' એ પ્રકારે સાંભળી નિમિરાજા કંઈપણ બોલ્યા નહીં. ૨. તે વખતે વસિષ્ઠ સમજ્યા કે મારી વાતનો રાજાએ સ્વીકાર કર્યો છે; એમ જાણી વસિષ્ઠએ ઈંદ્રના યજ્ઞનો આરંભ કરાવ્યો. ૩. નિમિ રાજાએ પણ તે સમયે બીજા ગૌતમ આદિ ઋષિઓને બોલાવી યજ્ઞ આરંભ કર્યો. અહીં ઈંદ્રનોયજ્ઞ સમાપ્ત થતાં નિમિ રાજાનો યજ્ઞ કરાવવો છે એમ વિચાર કરી વસિષ્ઠ શીઘ્રતાથી નિમિ રાજાના યજ્ઞ સ્થાનમાં આવ્યા અને તે યજ્ઞકર્મ ગૌતમ કરાવે છે એમ જોઈ નિંદ્રાગત નિમિ રાજાને શ્રાપ આપ્યો કે " જે પ્રકારે મારી અવજ્ઞા કરી ગૌતમને મારું કાર્ય અર્પણ કર્યું; માટે એ રાજા દેહ રહિત થશે." ૪. ત્યાર પછી રાજાએ જાગ્રત થઇને કહ્યું કે " જે કારણથી આ દુષ્ટ ગુરૂએ મને વાત કર્યા વગર તથા આ સઘળા વિષયોને જાણ્યા વગર મને શ્રાપ આપ્યો તે કારણથી તેનો પણ દેહપાત થશે." એ પ્રકારે પ્રતિ શ્રાપ આપી રાજાએ પોતાના દેહનો ત્યાગ કર્યો. ૫. એ શ્રાપના પ્રભાવથી મિત્રા વરૂણના તેજમાં વસિષ્ઠનું તેજ પ્રવેશ થયું. ત્યારપછી ઉર્વશીને જોવાથી મિત્રાવરુણનું વીર્ય સ્ખલિત થયું, તે વીર્યથી વસિષ્ઠએ બીજું શરીર ધારણ કર્યું. ૬. નિમિરાજાનું શરીર પણ અત્યંત મનોહર તેલ તથા સુગંધી પદાર્થથી લીપ્ત હોવાથી આર્દ્રતા વગેરે દોષોથી યુક્ત ન થતાં માત્ર પ્રાણોત્ક્રમણ પ્રમાણે અવિકૃત રહ્યું. ૭. યજ્ઞ સમાપ્ત થયા પછી હવિર્ભાગ ગ્રહણ કરવા માટે આવેલા દેવતાઓને ઋત્વિજોએ કહ્યું. કે " આપ યજમાનને વરદાન આપો " ત્યાર પછી દેવતાઓએ નિમિને વરદાન માગવાનું કહ્યું, તે વખતે નિમિ રાજા બોલ્યા. હે અખિલ સંસારના દુઃખનાશ કરનાર ભગવદ્ ગણ ! મને આથી વધારે બીજું દુઃખ નથી કે શરીર અને આત્માનો પરસ્પર વિયોગ થયો છે; માટે હવે હું શરીર ગ્રહણ કરવાની ઇચ્છા કરતો નથી પરંતું સર્વ લોકોના નેત્ર ઉપર નિવાસ કરવાની ઇચ્છા કરૂંછું. નિમિ રાજાનું આ પ્રમાણે વચન સાંભળી દેવતાઓએ તેની સ્થિતિ સર્વના નેત્રો ઉપર કરાવી. ૮. તે કારણથી પ્રાણીમાત્ર નેત્રને ઉઘાડવીંચ કર્યા કરે છે. તે રાજાને પુત્ર ન હોવાથી મુનિલોક અરાજકના ભયથી ડરી અરણી કાષ્ઠ (અગ્નિ ઉત્પન્ન કરવાનું કાષ્ઠ) થી તેના શરીરનું મંથન કર્યું. ૧૦. તેથી પુત્ર જન્મ્યો. તેના મૃતદેહમાંથી જન્મ થવાથી તેનું નામ જનક પાડયું. ૧૧. તેના પિતા વિદેહ (દેહરહિત) હોવાથી તે વૈદેહ નામથી પ્રસિદ્ધ થયો અને મંથન કરવાથી જન્મ થયો તેથી તેનું મિથિલ એવું નામ પડયું. તેનાથી ઉદારવસુ પુત્ર થયો, તેનો પુત્ર નંદીવર્ધન, તેનાથી સ્વઃકેતુ, તેનો દેવરાત, તેનો બૃહદ્રુકથ, તેનો મહાવીય, તેનો પુત્ર સત્યધૃતિ, તેનાથી ધૃષ્ટકેતુ નામનો પુત્ર થયો. ધૃષ્ટકેતુથી હર્યશ્વ, તેનાથી મરુ, મરુથી પ્રતિબંધક; તેનો પુત્ર કૃતરથ, તેનો કૃતિ, કૃતિનો

વિધુધ, વિધુધથી મહાધૃતિ, તેનાથી કૃતિરાત, તેનો મહારોમા, તેનો સુવર્ણરોમા, તેનો હ્રસ્વરોમા, અને તેનાથી સીરધ્વજ નામનો પુત્ર થયો. એ સીરધ્વજ રાજા પુત્ર પ્રાપ્તિને માટે યજ્ઞ કરવા પૃથ્વીને ખેડી સાફ કરતો હતો તેવખતે હળના અગ્ર ભાગથી ખોદતાં તેમાંથી સીતા નામની કન્યા ઉત્પન્ન થઈ. સીરધ્વજનો ભાઇ કુશધ્વજ સાંકાશ્ય દેશનો અધિપતી થયો. સીરધ્વજનો પુત્ર ભાનુમાન્, તેનો પુત્ર શતદ્યુમ્ન, તેનો શુચિ. શુચિનો પુત્ર ઉર્જવહ, તેનાથી સત્યધ્વજ, તેનાથી કણિ, કણિથી અંજન નામનો પુત્ર થયો. અંજનનો કૃતજીત્, તેનાથી અરિષ્ટ નિમિ, તેનાથી શ્રુતાયુ, તેનાથી સુપાર્શ્વ, તેનાથી સંજય, તેનાથી ક્ષેમારિ, તેનાથી અનેના, તેનો મીનરથ, તેનો સત્યરથ, તેનો સાત્યરથિ, તેનો ઉપગુ, તેનાથી શ્રુત, તેનાથી શાશ્વત, તેનાથી સુધન્વા, સુધન્વાથી સુભાસ, સુભાસથી સુશ્રુત, સુશ્રુતથી જય નામનો પુત્ર થયો. જયનો પુત્ર વિજય, તેનાથી ઋત, ઋતનો સુનય, તેનાથી વીતહવ્ય, તેનાથી ધૃતિ, ધૃતિથી બહુલાશ્વ અને બહુલાશ્વને કૃતિ નામનો પુત્ર થયો. એ કૃતિ થીજ જનકના વંશનો અંત થયો. ૧૨. એ પ્રમાણે એ સઘળા મૈથિલ રાજા ગણ થયા. તેમાંથી બહુધા કરીને સઘળા રાજા બ્રહ્મજ્ઞાની થયા છે. ૧૩.

इत्येते मैथिलाः प्राचुर्येण तेषामात्मविद्याश्रयिणो भूपाला भविष्यंतीति ॥ १३ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ચતુર્થ અંશે પંચમો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૬ ઠ્ઠો.

मैत्रेय उवाच ॥ सूर्यस्य भगवन्वंशः कथितो भवता मम ॥ सोमस्यवंशे त्वखिलाञ्श्रोतुमिच्छामि पार्थिवान् ॥ १ ॥

મૈત્રેય કહેછે—હે ભગવન્ ! આપે મારી પાસે સૂર્ય વંશનું વર્ણન કર્યું હવે હું ચંદ્રવંશમા ઉત્પન્ન થએલા રાજાઓના ચરિત્ર શ્રવણ કરવાની ઇચ્છા કરૂં છું. ૧. હે બ્રહ્મન્ ! જે સ્થિર કીર્તીવાળા ચંદ્રવંશીઓની સંતતીઓના નામોચ્ચાર અદ્યાપિ સુધી જગત્માં વર્ણિત છે. માટે આપ પ્રસન્ન થઈ એ રાજાઓના વૃત્તાંત મને કહો. ૨.

પરાશર કહેછે—હે મૈત્રેય ! પ્રસિદ્ધ તેજસ્વી ચંદ્રવંશમાં જે પ્રખ્યાત યશસ્વી રાજાઓ થઇ ગયા છે તે ચંદ્રવંશ મારાથી સાંભળ. ૩. આ વંશ અતી

* આ છઠ્ઠા અધ્યાયમાં સૂર્યવંશના પ્રસંગવડે ચંદ્રવંશનું વર્ણન તથા જેણે ત્રેતાઅગ્નિ નિર્માણ કર્યા એવા પુરૂરવાનું પણ વર્ણન કરવામાં આવશે.

બળવાન, પરાક્રમી, તેજસ્વી, સત્સ્વભાવ, સદાચરણ યુક્ત અને અત્યંત ગુણવાન નહુષ; યયાતિ; કાર્તવીર્યાર્જુન; આદિ રાજાઓથી અલંકૃત છે. ૪. તે હું કહું છું સાંભળ, તમામ જગત્‌ના ઉત્પાદક ભગવાન શ્રીનારાયણની નાભિ કમળથી ઉત્પન્ન થએલા બ્રહ્માના અત્રિ નામના પુત્ર થયા. અત્રિના પુત્ર ચંદ્ર થયા. ૫. તેને બ્રહ્માએ તમામ નક્ષત્ર, ઔષધિ અને દ્વિજના અધિપતિ તરીકે અભિષેક કર્યો. ૬. ચંદ્રમાએ રાજસૂય યજ્ઞ કર્યો હતો. તેના પ્રભાવથી તથા અત્યંત શ્રેષ્ઠ એવા અધિપતિના સ્થાન ઉપર આરૂઢ થવાથી તેને અહંકાર ઉત્પન્ન થયો. ૭. એ અહંકાર રૂપ દોષથી તેણે દેવતાઓના ગુરૂ બૃહસ્પતિની તારા નામની સ્ત્રીનું હરણ કર્યું. ૮. ત્યાર પછી બૃહસ્પતિની પ્રાર્થનાથી ભગવાન બ્રહ્માએ ચંદ્રમાને તારા પાછી આપવાનું કહ્યું, સઘળા દેવતાઓએ તથા ઋષિઓએ પણ અનેક પ્રકારે પ્રાર્થના કરી છતાં ચંદ્રમાએ તારા પાછી ન આપી. બૃહસ્પતિની સાથે દ્વેષ હોવાથી શુક્ર ચંદ્રમાના સહાયક થયા. ૯. જેણે અંગિરા ઋષિ પાસેથી ધનુર્વિદ્યા પ્રાપ્ત કરીછે એવા શંકરે બૃહસ્પતિનિ સહાયક કરી. ૧૦. જે પક્ષમાં શુક્ર હતા તે પક્ષના સઘળા દૈત્ય તથા દાનવોના સમૂહે મોટો યુદ્ધનો ઉદ્યોગ ચલાવ્યો અને દેવતાના સૈન્ય સાથે ઇંદ્ર બૃહસ્પતિની સહાય કરવામાં પ્રવૃત્ત થયા. ૧૧. તે વખતે બન્ને પક્ષનું મોટું યુદ્ધ થયું. એ યુદ્ધ તારાના નિમિત્તથી થયું માટે તેને તારકામય સંગ્રામ કહેછે. તેયુદ્ધમાં ઇંદ્રાદિ દેવોએ દૈત્યો ઉપર અને દૈત્યોએ દેવોના ઉપર સર્વ પ્રકારના શસ્ત્રો છોડયાં. ૧૨. એ પ્રમાણે દેવ તથા દૈત્યનો ભયંકર સંગ્રામ થવાથી ક્ષોભ પામેલું અખિલ-જગત્‌ બ્રહ્માને શરણે ગયું. ૧૩. તે વખતે ભગવાન બ્રહ્મદેવે શુક્ર, શંકર, અસુર અને દેવતાઓને યુદ્ધથી નિવારણ કરી બૃહસ્પતિને તારા અપાવી. ત્યારપછી બૃહસ્પતિ તારાને ગર્ભિણી જોઇ બોલ્યા. "મારાક્ષેત્રમાં અન્ય પુરૂષના પુત્રને ધારણ કરવો તને યોગ્ય નથી માટે તેનો ત્યાગકર" એ પ્રમાણે પોતાના સ્વામીનું વચન સાંભળી પતિવ્રતા તારાએ તે ગર્ભનો મુંજના તૃણમાં ત્યાગ કર્યો. તેનો ત્યાગ કરતાંજ તેમાંથી પોતાની કાંતિવડે દેવતાઓના તેજથી પણ અત્યંત તેજસ્વી બાળક ઉત્પન્ન થયો. તે પુત્ર અતીશય સુંદર હોવાથી બૃહસ્પતિ તથા ચંદ્રમા બન્ને તેના અભિલાષિ થયા; તે જોઇ દેવતાઓએ સંદેહવાળા થઇ તારાને પુછ્યું. 'હે અતિ સુભગે! સાચું બોલ આ કોનો પુત્રછે? ચંદ્રમાનો કે બૃહસ્પતિનો? એમ સાંભળી તારા લજ્જાથી કંઈ પણ બોલી નહીં. ૧૪. અનેક વાર પુછ્યું છતાં જ્યારે તારાએ દેવતાઓને કંઇ પણ ન કહ્યું તે વખતે કુમાર તારાને શ્રાપ દેવાને માટે ઉદ્યકત થઈ બોલ્યો. હે દુષ્ટે! મારા પિતાનું નામ શામાટે બોલતી નથી? ઉભી રહે હું તને અમણા એવી શિક્ષા કરૂં છું કે તે શિક્ષા બીજી સ્ત્રીજોઈ આ પ્રમાણે ઉત્તર આપવામાં કંઈ વિલંબ ન કરે. ૧૫. ત્યાર પછી ભગવાન બ્રહ્મદેવે તે બાળકને નિવારણ કરી

તારાને પુછ્યું. હે પુત્રિ ! બોલ આ કોનો પુત્ર છે? ચંદ્રનો કે બૃહસ્પતિનો? એ પ્રકારે પુછવાથી તારાએ લજ્જા યુકત થઇ ધીમેથી "ચંદ્રમાનો" એ પ્રમાણે બોલી. ૧૬. ત્યાર પછી ચંદ્રના ગાલ ઉપર કાંતિનો વિકાસ થઇ તેણે તે પુત્રને આલિંગન કરી કહ્યું. હે પુત્ર ! ધન્ય છે, ધન્ય છે, તું ખરેખર બુદ્ધિમાન છે, માટે તારૂં નામ બુધ પડશે. ૧૭. ત્યારપછી તે બુધથી ઈલા નામની સ્ત્રીને વિષે પુરૂરવાનો જન્મ થયો. એ વાત હું આગળ કહી ગયો છું. ૧૮. એ પુરૂરવા રાજા મહાદાન શીલ, અનેક પ્રકારના યજ્ઞ કરનાર અને અત્યંત તેજસ્વી હતા. કોઇ સમયે મિત્રા વરૂણના શ્રાપથી 'મારે મનુષ્ય લોકમાં રહેવું છે" એમ મનમાં વિચાર કરી ઉર્વશીએ મનુષ્ય લોકમાં આવી અત્યંત સત્યવાદી, તેજસ્વી પુરૂરવારાજાને જોયો. ૧૯. તેને જોતાંજ પોતાના અભિમાનનો તથા સ્વર્ગસુખની ઈચ્છાનો ત્યાગ કરી તન્મય થઈ તેની પાસે ગઈ. ૨૦. પુરૂરવા-રાજાએ પણ તે અત્યંત સુંદર, સર્વ સ્ત્રીવર્ગમાં શ્રેષ્ઠ કાંતિવાળી, સુકુમાર, સૌંદર્ય વિલાસ અને હાસ્યઆદિ ગુણવાળી જોઇ પોતાની ચિત્તવૃત્તિ તેને આધિન કરી. તે વખતે બને જણા બીજાં સઘળાં કાર્ય છોડી અન્યસ્થળે દ્રષ્ટિ ન રાખતાં પરસ્પરમાં આસકત ચિત્તવાળાં થયાં ૨૧. ૨૨. રાજા એ તેને અસંકોચ ચિત્તથી કહ્યું. ૨૩. હે સુભ્રુ ! તને જોતાંજ મને અત્યંત કામવાસના ઉત્પન્ન થઈ છે માટે તું પ્રસન્ન થઈ. મારી ઉપર પ્રેમ કર. એવી રાજાની વાણી સાંભળી ઉર્વશીએ સલજ્જ ભાવથી કહ્યું. ૨૪. જો આપ મારી પ્રતિજ્ઞા પાળશો તો એમ કરીશ. ૨૫. રાજાએ કહ્યું બોલ તારી શી પ્રતિજ્ઞા છે ? ઉર્વશી ફરીથી બોલી. ૨૬. મારી શૈયા પાસે મારા પુત્ર પ્રમાણે રહેનાર આ બે મેષ (બકરા) ને તમારે કદાપી દૂર કરવા નહીં. ૨૭. તેમજ નગ્ન અવસ્થામાં હું તમને જોઈશ નહીં. અને ઘીનો આહાર કરીશ, આ ત્રણ મારી પ્રતિજ્ઞા છે. તે વખતે રાજાએ કહ્યું 'ઠીક, એમ કરીશ,' પછી ઉર્વશીની સાથે તે રાજા કોઇ વખત અલકા નગરીમાં, ચૈત્રરથઆદિવનમાં અને સ્વચ્છ કમળ સમૂહ-વાળા સરોવરમાં ક્રીડા કરતાં કરતાં પ્રતિદિન અનેક પ્રકારના આનંદ કરતાં સાઠહજાર વર્ષ વીતિગયાં. ઉર્વશીએ રાજાની સાથે ઉપભોગ સુખમાં દિવસે દિવસે પ્રીતિ વધારી અમર લોકમાં રહેવાની સ્પૃહાનો ત્યાગ કર્યો. ઉર્વશી વગર અપ્સરા, સિદ્ધ, ગંધર્વ અને સ્વર્ગલોક રમણીય દેખાતાં નહોતાં. ૨૮. ત્યારપછી ઉર્વશી અને પુરૂરવા એ બેની થયેલી પ્રતિજ્ઞાને જાણનાર વિશ્વાવસુ ગંધર્વ બીજા ગધર્વોની સાથે રાત્રીએ પુરૂરવાના મેહેલમાં આવી તેની શૈયા પાસે રહેનાર બે મેષમાંથી એકનું હરણ કર્યું. ૨૯. આકાશમાર્ગે લઇ જતા બકરાનો શબ્દ સાંભળી ઉર્વશી બોલી 'હું અનાથછું' મારા પુત્રને કોણ ચોરી જાય છે? અમણા હું કોને શરણે જાઉં ? રાજા આ પ્રકારે સાંભળી નગ્ન અવસ્થામાં મને ઉર્વશી દેખશે એમ વિચારી તેને છોડવવા ગયો નહીં ત્યારપછી ગંધર્વો બીજા બકરાને લઈ ગયા. તે વખતે તેણે પણ આક્રશથી કરેલા

શબ્દને સાંભળી ઉર્વશી આર્ત્ત સ્વરથી બોલી, હું અનાથા, ભર્તૃહીના અને નઠારા પુરૂષનો આશ્રય કરનારીછું મારા સંતાનની કોણ રક્ષા કરે? એમ બોલી સ્તબ્ધ થઇ ગઇ. તે વખતે રાજા ક્રોધવશ થયો અને મનસાથે વિચાર કરવાલાગ્યો કે અમણા અંધકાર છે તેથી હું નગ્ન છું તે ઉર્વશી દેખશે નહીં, એમ વીચારી તરવાર લઇ 'ઉભો રહે! હે દુષ્ટ! તું હણાયો છે' એમ બોલતાં બોલતાં તેની પાછળ દોડયો. તે સમયે ગંધર્વોએ અત્યંત પ્રકાશમાન વીજળી ઉત્પન્ન કરી. તે વીજળીના તેજથી ઉર્વશીએ રાજાને વસ્ત્રરહીત જોયો અને પ્રતિજ્ઞાનો ભંગ થયો છે એમ સમજી ત્યાંથી ચાલી ગઇ. ૩૦. ત્યારપછી ગંધર્વો પણ પોતે લઈ ગયેલા બે મેષને છોડી સ્વર્ગમાં ગયા. રાજા તે બે મેષને ગ્રહણ કરી આનંદથી પોતાની શૈયાપાસે આવ્યો પરંતુ ત્યાં ઉર્વશીને જોઇ નહીં. ઉર્વશીને ન જોવાથી રાજા ગાંડાજેવો થઈ વસ્ત્ર રહીત ફરવા લાગ્યો. પછી એક દિવશ કુરૂક્ષેત્રમાં કમળ યુક્ત સરોવર ઉપર રાજાએ બીજી ચાર અપ્સરાની સાથે ઉર્વશીને જોઇ. તેને જોતાંજ ઉન્મત્ત સરખો રાજા કહેવા લાગ્યો. 'હે જાયે! મારા હૃદયમાં નિવાસ કર. હે નિર્દય! મારી વાણીમાં નિવાસ કર. એવાં અનેક પ્રકારના સૂકત ઉન્મત્ત થયેલા રાજાને બોલતો સાંભળી ઉર્વશી બોલી. મહારાજ! અવિવેકીની પેઠે ચેષ્ટા કરવાથી શું ફળછે? અમણાં હું ગર્ભવતીછું, એક વર્ષ પછી અહીં આવશો તે વખતે એક પુત્ર થશે અને એકરાત્ર હું આપની સાથે રહીશ. ઉર્વશીએ એ પ્રમાણે કહ્યા પછી રાજા આનંદ પામી પોતાના નગરમાં આવ્યો. પછી ઉર્વશીએ બીજી અપ્સરાઓને કહ્યું કે જેનીપાસે અટલા સમય સુધી નિવાસ કર્યો હતો તેજ એ પુરૂષ શ્રેષ્ઠ પુરૂરવા રાજા છે. એવું વચન સાંભળી અપ્સરાઓ બોલી. અતીશય ઉત્કૃષ્ટ એવું શું સુંદર તેનું શરીર છે? અમને પણ એની સાથે અહર્નીશ રમણ કરવાની ઇચ્છા થાય છે. ૨૯. ૩૪. એમ કરતાં વર્ષ પુરું થયા પછી રાજા ફરીથી તે સ્થાન ઉપર આવ્યો તે વખતે ઉર્વશીએ તેને આયુ નામનો પુત્ર અર્પણ કર્યો અને એકરાત રાજાની પાસે નિવાસ કરી ફરીથી તેનાથી પાંચ પુત્ર ઉત્પન્ન થાય એવો ગર્ભ ધારણ કર્યો. ૩૫. પછી ઉર્વશી રાજા સાથે બોલી. હે મહારાજ! મારી ઉપર આપનો અત્યંત પ્રેમ હોવાથી ગંધર્વ લોક પ્રસન્ન થઈ આપને વરદાન આપવાની ઇચ્છા કરે છે. માટે આપ એની પાસે વરદાન માંગો. ૩૬. તે વખતે રાજા બોલ્યા. મારા શત્રુઓ પરાજય પામેલા છે. ઈંદ્રિઓ સામર્થ્યવાન છે, બંધુવર્ગ, સૈન્ય તથા ભંડાર પરિપૂર્ણ છે, પણ ઉર્વશીની સાથે એકત્ર નિવાસ મને નથી માટે હું ઉર્વશીની સાથે રહેવાની ઇચ્છા કરૂંછું. ૩૭. રાજાની વાત સાંભળી ગંધર્વોએ તેને એક અગ્નિ સ્થાળી આપી કહ્યું. ૩૮. વેદ માર્ગને અનુસરી આ અગ્નિના ત્રણ વિભાગ કરી તેમાં ઉર્વશીની સાથે નિવાસ કરવાની ઇચ્છાથી પ્રતિદિન ઉત્તમ પ્રકારે યજ્ઞ કરશો તો તમને અવશ્ય ઇચ્છિત ફળની

પ્રાપ્તિ થશે. ૩૯. એપ્રમાણે સાંભળી રાજા અગ્નિસ્થાળી લઇ અરણ્યમાં આવી પોતાના મનમાં કહેવા લાગ્યો. અહો ! કેવી મારી મૂર્ખતા છે ? કે હું માત્ર આ અગ્નિસ્થાળી લાવ્યો પણ ઉર્વશી ન લાવ્યો ? એમ બોલી રાજા તે અગ્નિ સ્થાળીનો વનમાં ત્યાગ કરી પોતાના નગરમાં આવ્યો. ૪૦ ત્યાં રાત્રીએ શયન કરી મધ્યરાત્રી એ જાગી ફરીથી મન સાથે વીચારવા લાગ્યો; કે ઉર્વશીની સાથે એક લોકમાં નિવાસ કરવા માટે ગંધર્વોએ મને અગ્નિ સ્થાળી આપી હતી તે હું વનમાં મુકી આવ્યો તે મેં સારૂ કર્યું નહીં. તે લાવવાને માટે હું વનમાં જઊં. એમ વીચારી રાજા વનમાં ગયો; પરંતુ ત્યાં તેણે અગ્નિસ્થાલી જોઇ નહીં, પણ જ્યાં અગ્નિસ્થાળી મુકી હતી ત્યાં શમી વૃક્ષના મધ્યમાં ઉગેલા એક પીપળાના ઝાડને જોઇ વિચાર્યું કે અહીં મેં અગ્નિસ્થાળી નાખી હતી. અને તેથીજ શમીના મધ્યભાગમાં આ અશ્વત્થ (પીપળો) ઉત્પન્ન થયો છે. માટે આ અગ્નિસ્વરૂપ અશ્વત્થને ગ્રહણ કરી મારા નગરમાં જઇ ત્યાં તેની અરણી બનાવી તેનાથી ઉત્પન્ન થયેલા અગ્નિની ઉપાસના કરીશ. ૪૧. પછી રાજાએ અશ્વત્થને લઇ પોતાના નગરમાં આવી પોતાના વીચાર પ્રમાણે તેને અરણી કરી. ૪૨. ફરી એ કાષ્ઠને પોતાના હાથની આંગળીનું માપ લઇ ગાયત્રી મંત્ર બોલી. ગાયત્રી મંત્રના અક્ષરની સંખ્યા પ્રમાણે તેટલાઆંગળનું માપ લીધું. ૪૩ પછી તેણે તે અરણીનું મંથન કરી તેમાંથી ત્રણ અગ્નિ ઉત્પન્ન કરી વેદવિધીથી હોમ કરવા લાગ્યો અને તેનાથી ઉર્વશીની સાથે એકત્ર નિવાસ થાય એ ફળની ઇચ્છા કરી. ૪૪. તે અગ્નિ વડે અનેક પ્રકારના યજ્ઞ કરી તેના પ્રસાદથી ગંધર્વ લોકની પ્રાપ્તિ થઇ અને ફરીથી તેને ઉર્વશીનો વિયોગ થયો નહીં. ૪૫. પૂર્વે અગ્નિ એકજ પ્રકારનો હતો, પરંતુ આ મન્વંત રમાં ઇલા પુત્ર પુરૂરવાએ (ગાર્હપત્ય, આહ્વનીય અને દક્ષિણાગ્નિ, એ) ત્રણ પ્રકારના અગ્નિ પ્રવૃત્ત કર્યા.૪૬.

एकोऽग्निरादावभवदैलेन त्वत्र मन्वंतरे त्रेता प्रवर्तिता ॥४६॥
ઇતીશ્રી વિષ્ણુપુરાણે ચતુર્થ અંશે ષષ્ઠો અધ્યાય સંપૂર્ણ

* અધ્યાય ૭ મો.

पराशर उवाच ॥ तस्याप्यायुर्धिमानमावसु विश्वावसुशतायुः श्रुतायुः संज्ञाः षडभवन्पुत्राः ॥ १ ॥

પરાશર કહેછે—હે મૈત્રેય ! પુરુરવા રાજાને પણ આયુ, ધીમાન, અમાવસુ, વિશ્વાવસુ, શતાયુ અને શ્રુતાયુ એ નામના છ પુત્રો થયા. ૧. અમા-

* આ સાતમા અધ્યાયમાં જન્હુ રાજાના વંશનું વર્ણન તથા તેના દોહિત્ર ભૃગુકુલમાં ભગવાનનાં અંશરૂપ પરશુરામ ઉત્પન્ન થશે. એ કથા કહેવાશે.

વસુથી ભીમ નામનો પુત્ર થયો, ભીમથી કાંચન, કાંચનથી સુહોત્ર અને સુહોત્રથી જન્હુ નામનો પુત્ર થયો. એ જન્હુ રાજા પોતાના યજ્ઞ સ્થાનને ગંગાજળમાં ડુબીગયેલો જોઈ ક્રોધથી લાલ નેત્ર કરી પરમ સમાધિ બળથી યજ્ઞ પુરૂષ ભગવાન શ્રીવિષ્ણુને પોતાના આત્મામાં આરોપણ કરી તમામ ગંગાજળનું પાન કરીગયો હતો, તેસમયે દેવ તથા ઋષિઓએ તેને પ્રસન્ન કરી ગંગાનો તેની પુત્રી રૂપે સ્વીકાર કરાવ્યો. ૨. જન્હુથી સુજંતુ નામનો પુત્ર થયો, તેનાથી અજક, તેનાથી બલાકાશ્વ, તેનાથી કુશ અને કુશથી કુશાંબ, કુશનાભ, અમૂર્ત્તરય અને અમાવસુ એ ચાર પુત્ર થયા. ૩. તેઓમાંથી કુશાંબ પોતાને ઈંદ્રસરખો પુત્ર થાય એવી ઇચ્છાથી તપશ્ચર્યા કરવા લાગ્યો. તેની ભયંકર તપશ્ચર્યા જોઇ ઇંદ્રએ વિચાર કર્યો કે મારા સરખો બીજો કોઇ ન થાય એમ વીચારી પોતેજ તેનો પુત્ર થયો. ૪. તેનું મુખ્ય નામ ગાધિ અને બીજું નામ કૌશિક પડયું. ૫. ગાધિથી સત્યવતી નામની કન્યા થઈ, તે કન્યાની ભૃગુ કુળમાં ઉત્પન્ન થએલા ઋચિક માગણી કરી. ગાધિરાજા એ અત્યંત ક્રોધ પામી વૃદ્ધ બ્રાહ્મણને કન્યાદાન આપવાની ઇચ્છા ન હોવાથી એ કન્યાના મૂલ્યરૂપ ચંદ્રમા સરખા સફેત, વાયુ સરખા વેગવાળા અને શ્યામકર્ણના એકહજાર ઘોડા માંગ્યા. ૬. એ ઋષિએ પણ વરૂણ દેવની પાસે જઇ અશ્વતીર્થથી ઉત્પન્ન થયેલા એકહજાર અશ્વ લાવી રાજાને આપ્યા. ૭. ત્યારપછી ઋચિક ઋષિએ તે કન્યા સાથે વિવાહ કર્યા. એક વખતે ઋચિક મુનિએ સત્યવતીને સંતાનની ઇચ્છાથી ચરુ (યજ્ઞનો પાયસ) તૈયાર કર્યો. તે વખતે સત્યવતીએ ઋચિક મુનિને પ્રસન્ન કરી પોતાની માતાને માટે પણ એક ક્ષત્રિઓમાં શ્રેષ્ઠ પુત્ર ઉત્પન્ન થાય એવો બીજો ચરૂ તૈયાર કરો. એમ પોતાની સ્ત્રીની પ્રાર્થનાથી બીજો ચરુ તૈયાર કર્યો. બન્ને ચરુ તૈયાર થયા પછી ઋષિએ પોતાની પત્નિને તે આપી કહ્યું કે આ ચરુ તારો અને આ તારીમાતાનો છે એમ કહી વનમાં ચાલ્યા ગયા. ૮. ૯. પછી ચરુ ભક્ષણ કરતી વખતે સત્યવતીને તેની માતાએ કહયું—" હે પુત્રિ ! સર્વ કોઈ પોતાને માટે અત્યંત ગુણવાન પુત્રની ઇચ્છા કરે છે; પરંતુ કોઇ પોતાની સ્ત્રીના ભાઈના (સાળાના) ગુણનો એટલો આદર કરતા નથી. (તેથી તારા પુત્ર સરખો મારો પુત્ર ગુણ સંપન્ન થશે નહીં.) ઋષિએ મારા ચરુ કરતાં તારો ચરૂ ઉત્તમ બનાવ્યો હશે; માટે તારો ચરુ મને આપ અને મારો ચરુ તું ગ્રહણકર, એ હું યોગ્ય સમજું છું.૧૦. કારણ કે મારાપુત્રને તમામ ભૂમંડળનું પાલન કરવાનું છે. ૧૧. બ્રાહ્મણોને બળ, વીર્ય સંપત્તિથી શું પ્રયોજન સિદ્ધ કરવાનું છે ? (માટે ગુણવાન પુત્રની મારે જરૂર છે " એ પ્રમાણે માતાની વાણી સાંભળી સત્યવતીએ પોતાનો ચરુ માતાને આપ્યો અને તેનો પોતે ગ્રહણ કર્યો. ૧૨. ત્યાર પછી ઋષિ વનમાંથી આવી સત્યવતીને જોઇ બોલ્યા. ૧૩. હે મહાપાપિનિ ! તેં આ શું અકાર્ય કર્યું ? તારૂં શરીર

અતીશય રૌદ્ર (ભયંકર) દેખાય છે. હું સમજ્યો તેં તારી મતાનો ચરુ ભક્ષણ કર્યો છે. એ તેં સારૂ કર્યું નથી. ૧૪. કારણકે તારી માતાના ચરુમાં તમામ શૌર્ય, વીર્ય, બળ, સંપત્તિ આદિનો સમાવેશ કર્યો હતો અને તારા ચરુમાં તમામ શાંતિ, જ્ઞાન, તીતિક્ષા, આદિ બ્રાહ્મણના લક્ષણોનો સમાવેશ કર્યો હતો. તેં વિપરિત કાર્ય કર્યું માટે તારો પુત્ર અત્યંત ભયંકર શસ્ત્ર ધારણ કરનાર અને વધ કરવામાં તત્પર ક્ષત્રિના આચાર વાળો થશે તથા તેનો પુત્ર વૈરાગ્યની ઈચ્છા વાળો અને બ્રાહ્મણોના આચરણ વાળો થશે. એ પ્રમાણે ઋષિનું વચન સાંભળી સત્યવતી તેના બેચરણ પકડી પ્રણામ પૂર્વક કહેવા લાગી. હે ભગવાન્! મેં અજ્ઞાનથી આમ કર્યું છે, મારી ઉપર પ્રસન્ન થાઓ. મારે એવા ગુણનો પુત્ર નહીં જોઈએ, પૌત્ર ભલે થાય, સત્યવતીની એટલી પ્રાર્થના સાંભળી ઋષિએ કહ્યું. ઠીક, એમ થશે. ૧૫. ત્યાર પછી સત્યવતીને જમદગ્નિ અને તેની માતાને વિશ્વામિત્ર નામનો પુત્ર થયો. પછી સત્યવતી કૌશિકી નામની નદી થઇ. જમદગ્નિએ ઇક્ષ્વાકુ કુળમાં ઉત્પન્ન થયેલા રેણુ રાજાની પુત્રી રેણુકા સાથે વિવાહ કર્યા. તે રેણુકાના ગર્ભથી અશેષ ક્ષત્રિ કુળનો નાશ કરનાર તમામ લોકોના ગુરૂ શ્રીનારાયણના અંશથી પરશુરામ નામના પુત્ર થયા. દેવતાઓએ વિશ્વામિત્રને ભૃગુ કુળમાં ઉત્પન્ન થએલા શુનઃશેપને પુત્રરૂપે અર્પણ કર્યો, તેથી તેનું દેવરાત નામ પડયું. ૧૬ ત્યાર પછી વિશ્વામિત્રથી બીજા મધુચ્છંદ, જય, કૃતદેવ, દેવાષ્ટક, કચ્છપ અને હારીતક, એ નામના પુત્રો થયા. ૧૭. તેના યોગથી કૌશિક ગોત્રના અનેક ભેદ થયા છે. ૧૮,

तेषां च बहूनि कौशिकगोत्राणि ऋष्यंतरेषु वैवाह्यानि भवंतीति १८

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ચતુર્થ અંશે સપ્તમો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૮ મો.

पराशर उवाच॥ पुरूरवसो जेष्ठः पुत्रो यस्त्वायुर्नामा राहोर्दुहितरमुपयेमे॥ तस्यां स पंच पुत्राञ्जनयामास नहुषक्षत्रवृद्धरंभरजिसंज्ञास्तथैवानेनाः पंचमः पुत्रोऽभूत् ॥ क्षत्रवृद्धात्सुनहोत्रः पुत्रोऽभवत् ॥ काशलेशगृत्समदास्त्रयोऽस्याभवन् ॥ गृत्समदस्य शौनकश्चातुर्वर्ण्यप्रवर्तयिताऽभूत् ॥१॥

પરાશર કહેછે—પુરૂરવાના મોટા પુત્ર આયુએ રાહુની કન્યા સાથે વિવાહ

* આ આઠમા અધ્યાયમાં આયુના પાંચ પુત્રોમાંથી ક્ષત્રવૃદ્ધના વંશનું વર્ણન થશે જેમાં ધન્વંતરિ ભગવાન ઉત્પન્ન થયાછે.

કર્યો. તેનાથી પાંચ પુત્ર ઉત્પન્ન થયા. નહુષ, ક્ષત્રવૃદ્ધ, રંભ રજી તથા અનેના આદિ પાંચ પુત્રો થયા. ક્ષત્રવૃદ્ધથી સુનહોત્ર નામનો પુત્ર થયો. તેનાથી કાશ, લેશ અને ગૃત્સમદ નામના ત્રણ પુત્રો થયા. ગૃત્સમદથી ચાતુર્વર્ણ્યના પ્રવર્ત્તક શૌનક નામનો પુત્ર થયો. ૧. કાશના પુત્ર કાશિરાજ, તેનાથી દીર્ઘતમા, દીર્ઘતમાથી ધન્વંતરિ નામનો પુત્ર થયો. તે દેહમાં તથા સર્વ ઈંદ્રિઓમાં અમાનુષ હતા તેથી તે સઘળા જન્મમાં પૂર્ણ જ્ઞાની થતા હતા. ૨. તેને પૂર્વ જન્મમાં ભગવાન શ્રીવિષ્ણુએ વરદાન આપ્યું હતું, ૩. 'તું કાશિરાજના વંશમાં ઉત્પન્ન થઈ તમામ આયુર્વેદને આઠ ભાગમાં ઉત્તમ પ્રકારે કરીશ અને તને યજ્ઞમાં ભાગ મળશે.' એવું વરદાન આપ્યું હતું. ૪. તે ધન્વંતરિથી કેતુમાન નામનો પુત્ર થયો, તેનાથી અભિરથ, તેનાથી દિવોદાસ, અને દિવોદાસથી પ્રતર્દન નામનો પુત્ર થયો. તેણે ભદ્ર શ્રેણીમાં શત્રુથી પોતાના કુળનો નાશ થાય છે એમ જાણી પોતાના શત્રુઓનો નાશ કર્યો, તેથી તેનું નામ શત્રુજીત્ પડયું. ૫. તેમજ તેના પિતા દિવોદાસ તેને અત્યંત પ્રીતિથી વત્સ ! કહીને બોલાવતા હતા તેથી તેનું નામ વત્સ પડયુ હતું. ૬. અને તે સત્યનીષ્ઠ હોવાથી તેનું ઋતધ્વજ એવું નામ પડયું. ત્યારપછી તેણે કુવલય નામના અશ્વ મેળવવાથી તે કુવલયાશ્વ નામથી પણ પ્રસિદ્ધ થયો હતો. ૭. તેનાથી અલર્ક નામનો પુત્ર થયો, તેના સંબંધમાં એક શ્લોક કહેવાયછે કે 'આગળ અલર્ક શિવાય કોઈ પણ રાજાએ સાઠ હજાર અને આઠસો વર્ષ સુધી પૃથ્વીનું રાજ્ય કર્યું નથી.' એ અલર્કથી સન્નતિ નામનો પુત્ર થયો. ૮. તેનાથી સુનીથ, તેનાથી સુકેતુ, તેનાથી ધર્મ કેતુ, તેનાથી સત્ય કેતુ, તેનાથી વિભુ, તેનો સુવિભુ, તેનો સુકુમાર, તેનાથી ધૃષ્ટ કેતુ, તેનાથી વૈનહોત્ર, તેનાથી ભાર્ગ અને ભાર્ગથી ભાર્ગભૂ નામનો પુત્ર થયો. એ ભાર્ગભૂથી જીર્ણ થવા આવેલા ચાતુવર્ણની (પુનરુજ્જીવ રૂપ) પ્રવૃત્તિ થઇ. એ પ્રમાણે કાશવંશના રાજાઓનું વર્ણન કર્યું હવે રાજી વંશનું વર્ણન શ્રવણ કર. ૯.

ततः सुनीथस्तस्य सुकेतुस्ततो धर्मकेतुस्ततः सत्यकेतुस्तस्माद्विभुस्तत्तनयः सुविभुस्ततश्च सुकुमारस्तस्यापि धृष्टकेतुस्ततश्च वैनहोत्रस्ततश्च भार्गो भार्गस्य भार्गभूरतश्चातुर्वर्ण्य प्रवृत्तिरित्येते काशयो भूपतयाः कथिताः ॥ रजेस्तु संततिः श्रूयतामिति ॥९॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ચતુર્થ અંશે અષ્ટમો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૯ મો.

पराशर उवाच ॥ रजेः पुत्रशतान्यतुलवीर्यसाराण्यासन् ॥ देवासुरसंग्रामारंभे परस्परवधेप्सवो देवाश्चासुराश्च ब्रह्माणंपप्रच्छुः१

પરાશર કહેછે—રજીથી અતુલ પરાક્રમી તથા બળવાન એકસો પુત્ર થયા. એક વખતે દેવ તથા દૈત્યનું યુદ્ધ થયું તેમાં પરસ્પરનો વધ કરનારા દેવ તથા દૈત્યો એ બન્નેએ બ્રહ્માને પુછયું. ૧. હે ભગવન્ ! આ યુદ્ધમાં કયો પક્ષ જય મેળવશે ? એ સાંભળી બ્રહ્મા બોલ્યા. જેની તરફથી રજીરાજા શસ્ત્ર ધારણ કરી યુદ્ધ કરશે તે પક્ષનો જય થશે. ત્યારપછી દૈત્યોએ રજીની પાસે આવી તેની સહાય માંગી તે વખતે રજીએ કહ્યું ' જો તમે દેવતાઓને જીંતી ઇંદ્રપદ મને આપો તો હું તમારે માટે યુદ્ધ કરવા તૈયાર છું ' એ સાંભળી દૈત્ય બોલ્યા અમે એક વાત બોલ્યા પછી તેને કદાપી ફેરવતા નથી. પ્રહ્લાદ અમારા ઇંદ્ર છે તેને માટે અમે આ ઉદ્યોગ કરીયે છીયે તેથી આપના વચનનો અમે અંગીકાર કરતા નથી. એમ બોલી દૈત્ય લોકો ત્યાંથી ચાલ્યા ગયા: પછી દેવતાઓએ આવી દૈત્યોની પેઠે રાજાની પ્રાર્થના કરી રાજાએ જેમ દૈત્યોને કહ્યું હતું તેમ દેવતાઓને પણ કહ્યું તેનો દેવતાઓએ સ્વીકાર કરી કહ્યું કે આપ અમારા ઇંદ્ર થશો. એ પ્રમાણે રજીને સંમતી આપી. ૨. પછી રજીએ દેવ સૈન્યની સહાય કરી અનેક પ્રકારના મહાન્ અસ્ત્રોથી અસુરોનો વિનાશ કર્યો. જ્યારે સંપૂર્ણ રીતે શત્રુઓ નાશ પામ્યા તે વખતે ઇંદ્રએ રજીરાજાના બે ચરણ ઉપર પોતાનું મસ્તક નમાવી કહ્યું " આ ભયથી આપે મારું રક્ષણ કર્યું માટે તમે મારા પિતા થયા. અમણા આપ સઘળા લોકમાં સર્વોત્તમ થયા કારણકે ત્રણ લોકનો અધિપતિ એવો હું તે તમારો પુત્ર થયો. " તે વખતે રજીરાજા હસીને બોલ્યા. ' ઠીક એમ થાઓ ' કારણકે અનેક પ્રકારના પ્રીય વાકયવાળા નમસ્કાર જે શત્રુઓ કરે તો તેનું પણ ઉલ્લંઘન કરવું યોગ્ય નથી તો તું મિત્ર થઇ નમસ્કાર કરે છે તો તેનું ઉલ્લંઘન શી રીતે થાય ? એ પ્રમાણે કહી રાજા પોતાના નગરમાં આવ્યા. ૪ અહિં ઇંદ્ર પણ પોતાનું કાર્ય કરવા લાગ્યો. રજીરાજા સ્વર્ગવાસી થયા પછી નારદજીની પ્રેરણાથી તેના પુત્રોએ (તેના કહેવાથીજ) પોતાના પિતાએ સ્વીકારેલા પુત્ર રૂપ ઇંદ્રની પાસે રીત પ્રમાણે ત્રૈલોકયનું રાજ્ય માગ્યું ૫. પરંતુ ઇંદ્ર એ રાજ્ય આપ્યું નહીં. તે વખતે અત્યંત બળવાન રજીપુત્રોએ ઇંદ્રનો પરાજય કરી પોતે ઇંદ્રપદ ભોગવવા લાગ્યા. એમ કરતાં કેટલાક દિવસો ગયા પછી શત્રુઓએ જેનો ત્રૈલોકય

* આ નવમા અધ્યાયમાં રજી રાજાના સો પુત્રો ઇંદ્રને તેના પદથી ભ્રષ્ટ કરશે તેનું વર્ણન તથા ફરીથી ક્ષત્રવૃદ્ધના વંશનું વર્ણન કરવામાં આવશે.

યજ્ઞભાગ હરણ કર્યો છે. એવા ઇંદ્રએ એક દિવસ એકાંતમાં બૃહસ્પતિને જોઈ કહ્યું "શું આપ મોર જેવડાં ઘૃતપ્રદાન કરી મારી તૃપ્તિ કરી શકશો? ઈંદ્રએ આર્ત્તસ્વરથી જ્યારે એમ કહ્યું તે સાંભળી બૃહસ્પતિ બોલ્યા. જો તેં મને પ્રથમથી સૂચના કરી હોત તો હું તારે માટે કંઈપણ કરી શકત; હવે થોડા દિવસમાં તને તારા પદ-ઉપર બેસાડીશ. એ પ્રમાણે કહી બૃહસ્પતિએ રજીપુત્રોની બુદ્ધિમાં મોહ ઉત્પન્ન થાય અને ઈંદ્રની અભિવૃદ્ધિ થાય એટલા માટે પ્રતિદિન પારકાને પીડા કરવી એજ જેનું ફળ છે. એવો અભિચારિક યજ્ઞ કરવા માંડયો. તે યોગથી રજીપુત્રો બ્રહ્મદ્વેષી, ધર્મ-ત્યાગી અને વેદવાક્યથી પરાઙ્મુખ થયા, ત્યારપછી ઇંદ્રએ તેનો નાશ કરી બૃહ-સ્પતિ પુરોહિતની કૃપાથી તેજસ્વી થઈ સ્વર્ગનો અધિકાર પ્રાપ્ત કર્યો. આ ઈંદ્રના પોતાના ઈંદ્રપદથી થયેલો ભ્રષ્ટ અને તેની પુનઃપ્રાપ્તિનું જે મનુષ્ય શ્રવણ કરશે તે કદાપી પોતાના પદથી ભ્રષ્ટ થશે નહીં તથા તેને દુષ્ટપણું પ્રાપ્ત થશે નહીં રજીના-ભાઈ રંભને સંતતી નહોતી ક્ષત્રવૃદ્ધનો પુત્ર પ્રતિક્ષત્ર, તેનો સૃંજય, તેનો વિજય, તેનાથી યજ્ઞકૃત્, તેનાથી હર્ષવર્ધન, તેનો સહદેવ, તેનાથી અહીન, તેનાથી જયસેન, તેનાથી સંકૃતિ, અને તેનાથી ક્ષત્રધર્મા નામનો પુત્ર થયો. એ ક્ષત્રવૃદ્ધ વંશના રાજાઓનું વર્ણન કર્યું. હવે નહુષનો વંશ કહું છું. ૭. ૮.

रंभस्त्वनपत्योऽभवत्क्षत्रवृद्धसुतः प्रतिक्षत्रस्तत्पुत्रः सृंजयस्ततश्च विजयस्तस्माच्च यज्ञकृतस्य हर्षवर्धनो हर्षवर्धनसुतः सहदेवस्तस्मा दहीनस्तस्य जयत्सेनस्ततश्च संकृतिस्तत्पुत्रः क्षत्रधर्मा इत्येते क्षत्र-वृद्धस्यातो नहुषवंशं वक्ष्यामीति ॥ ८ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ચતુર્થ અંશે નવમો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૧૦ મો.

पराशर उवाच ॥ यतिययातिसंयात्ययातिवियतिकृतिसंज्ञा नहुषस्य षट्पुत्रा महाबलपराक्रमा बभूवुः यतिस्तु राज्यं नैच्छद्य-यातिस्तु भुभृदभवत् ॥ उषनसश्च दुहितरं देवयानीं शर्मिष्ठां च वार्षपर्वणीमुपयेमे ॥ १ ॥

પરાશર કહેછે—નહુષ રાજાને યતિ, યયાતિ, સંયાતિ, અયાતિ, વિયતિ, અને કૃતિ એ નામના મહાન્ બળવાન્ અને પરાક્રમી છ પુત્ર થયા. તેમાંથી યતિ

* આ દશમા અધ્યાયમાં નહુષ રાજાના પુત્ર યયાતિનો વંશ કહેવાશે જે યયાતિનું ગીત સાંભળવાથી દરેકની તૃષ્ણાનો નાશ થાય છે.

એ રાજ્યની ઇચ્છા કરી નહીં તેથી યયાતિ રાજા થયેા. તેણે શુક્રાચાર્યની પુત્રિ દેવયાની અને વૃષપર્વાનિ પુત્રિ શર્મિષ્ઠા સાથે વિવાહ કર્યા. ૧. એ યયાતિની સંતતી ના સંબંધમાં એક શ્લોક કહેવાય છે. 'દેવયાનીથી યદુ અને તુર્વસુ: એ નામના બે પુત્ર તથા વૃષપર્વાની પુત્રિ શર્મિષ્ઠાથી દ્રુહ્યુ, અનુ અને પુરૂ એ નામના ત્રણ પુત્ર થયા.' ૨. યયાતિ રાજા શુક્રના શ્રાપથી અકાળમાં (યૂવાવસ્થામાં) જ વૃદ્ધ થયા. ૩. ત્યારપછી શુક્રાચાર્યને પ્રસન્ન કરી વરદાન મેળવ્યું કે તારી વૃદ્ધાવસ્થા બીજાને આપી તેની યૂવાવસ્થાનું ગ્રહણ કરી શકીશ તેથી તેના વચનાનુસાર યયાતિ એ પેાતાની જરાવસ્થા પેાતાના જ્યેષ્ઠ પુત્ર યદુને ગ્રહણ કરવાનું કહ્યું. ૪. હે પુત્ર! તારા માતામહના શ્રાપથી મને અકાળમાં જરાવસ્થા પ્રાપ્ત થઈ છે. તે અમણા તેની કૃપાથી હું તને એક હજાર વર્ષ સુધી આપવાની ઈચ્છા કરૂંછું. હજુ સુધી વિષય ભેાગથી મારી તૃપ્તિ થઈ નથી, માટે તારી યૂવાવસ્થા લઇ વિષય ભેાગવવાની મારી ઇચ્છા છે તેા એ વિષયમાં તું મને ના કહીશ નહીં. રાજાની એટલી વ્રાત સાંભળી યદુએ વૃદ્ધાવસ્થા ગ્રહણ કરવાની ઈચ્છા કરી નહીં તે વખતે યયાતિ એ તેને શ્રાપ આપ્યેા કે તારા વંશની સંતતિ રાજ્ય ભેાગવવાને યેાગ્ય થશે નહિં. ૫. ત્યારપછી યયાતિ એ દ્રુહ્યુ, તુર્વસુ, અનુ, તેઓને જરા અવસ્થા લઇ પેાતાની યૂવાવસ્થા આપવાને કહ્યું પંરતુ તેઓએ પણ એ વાતનેા સ્વીકાર કર્યેા નહીં તેથી તેઓને પણ શ્રાપ આપ્યા. છેવટે રાજા સર્વથી નાના શર્મિષ્ઠાના પુત્ર પુરૂની પાસે જઈ પૂર્વ પ્રમાણે બેાલ્યા. તે વખતે મહા બુદ્ધિમાન પુરુએ પિતાને પ્રણામ કરી અત્યંત માન સહિત કહ્યું, કે " મારી ઉપર આપે આ મેાટેા અનુગ્રહ કર્યેા " એ પ્રકારે ઉદાર વચન બેાલી તેની વૃદ્ધાવસ્થા ગ્રહણ કરી પેાતાની યૂવાવસ્થા તેણે પિતાને અર્પણ કરી. યયાતિ રાજાને યૂવાવસ્થા પ્રાપ્ત થતાંજ ધર્મને વિરેાધ ન આવે એવી રીતે પેાતાની ઇચ્છા પ્રમાણે વારંવાર ઉત્સાહ પ્રમાણે વિષય ભેાગ ભેાગવી ઉત્કૃષ્ટ પ્રકારે પ્રજાનું પાલન કર્યું. ૬. રાજા વિશ્વાચી અપ્સરાની સાથે અનેક પ્રકારના વિષયેાપભેાગ ભેાગવતાં વિષય વાસનાનેા અંત લઈશ એવેા વિચાર કરી તેમાં અત્યંત આસક્ત થયેા. ૭. પ્રતિદિન રાજા આ પ્રકારે ઉપભેાગમાં પ્રીતિ વાળેા થઇ તેને અત્યંત રમણીય સમજવા લાગ્યેા. ૮. છેવટે એક દિવસ યયાતિ રાજા કહેવા લાગ્યેા, કે વિષયી લેાકેાની અભિલાષા વિષયમાંથી કદાપી શાંત થતી નથી. પરંતુ જેમ અગ્નિમાં ઘૃત પડવાથી અગ્નિ વૃદ્ધિ પામે છે તેમ વિષય વાસના પણ વૃદ્ધિ પામેછે. ૯. તેમજ આ પૃથ્વી ઉપર નાનાપ્રકારના ધાન્યાદિ, સુવર્ણ, પશુ, અને સ્ત્રી ઇત્યાદિ જેટલા વિષય છે તેમાંથી એકાદ વિષયની પણ અભિલાષા પૂર્ણ થતી નથી, એમ સમજી અતી તૃષ્ણાનેા પરિત્યાગ કરવેા એજ યેાગ્ય છે. ૧૦. જે વખતે મનુષ્ય સર્વ પ્રાણીમાત્રમાં સમદ્રષ્ટિ રાખી તેમાં પાપ વાસના કરતેા નથી ત્યારે તેને સર્વસ્થાન

સુખમય થાય છે. ૧૧. જેનો દુષ્ટ બુદ્ધિવાળા મનુષ્ય ત્યાગ કરી શકતા નથી, શરીર જીર્ણ થયા છતાં જે જીર્ણ થતી નથી એવી તૃષ્ણાનો ત્યાગ કરવાથી બુદ્ધિમાન પુરૂષ અત્યંત સુખી થાય છે. ૧૨. વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થવાથી કેશ તથા દાંત આદિનો ક્ષય થવા માંડેછે, પરંતુ ધનની અને જીવવાની આશાનો કદાપી નાશ થતો નથી, તે નીત્ય નવીન નવીન ભાવથી વૃદ્ધિંગત થયા કરે છે. ૧૩. એક હજાર વર્ષ પુરા થયાં છતાં મારૂં મન એકસરખું વિષયમાં આસકત છે, તો પણ હજુ સુધી પ્રતિદિન વિષયોમાં મારી તૃષ્ણા વધ્યા કરે છે. ૧૪. એટલા માટે હવે હું તૃષ્ણાનો ત્યાગ કરી મારૂં મન બ્રહ્મમાં જોડી સુખ દુઃખ આદિ દ્વંદ્વહીન થઇ મમતાનો પરિત્યાગ કરી મૃગોને સહચર કરી વનમાં નિવાસ કરીશ. ૧૫.

પરાશર૦—એ પ્રમાણે બોલી યયાતિ રાજાએ પુરૂની પાસેથી પોતાની વૃદ્ધા વસ્થા ગ્રહણકરી તેને તેની યૂવાવસ્થા અર્પણ કરી તેને રાજ્ય આપી પોતે તપશ્ચર્યા કરવાને માટે વનમાં ગયા. ૧૬. યયાતિ રાજાએ દક્ષિણ પૂર્વદિશા તુર્વસુને, પશ્ચિમદિશા દ્રુહ્યને, દક્ષણદિશા યદુને અને ઉત્તરદિશા અનુને ક્રમ પ્રમાણે આપી તેઓને ત્યાંના માંડલીક રાજા કરી સર્વ પૃથ્વીના રાજય પર પુરૂને અભિષેક કરી તે યયાતિ રાજા વનમાં ગયા. ૧૭. ૧૮.

उदीच्यां च तथैवानुं कृत्वा मंडलिनो नृपान् ॥
सर्वपृथ्वीपतिं पूरुं सोऽभिषिच्य वनं ययौ ॥ १८ ॥

ઇતિશ્રી શ્રીવિષ્ણુપુરાણે ચતુર્થ અંશે દશમો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૧૧ મો.

पराशर उवाच॥ अतःपरं ययातेः प्रथमपुत्रस्य यदोर्वंशमहं कथयामि ॥ यत्राशेषलोकनिवासिमनुष्यसिद्धगंधर्वयक्षराक्षसगुह्यकिंपुरुषाप्सरसोरगविहगदैत्यदानवदेवर्षिद्विजर्षिमुमुक्षुभिर्धर्मार्थकाममोक्षार्थिभिस्तत्फललाभाय सदाऽभिष्टुतो परिच्छेद्यमहात्म्येनांशेन भगवाननादिनिधनो विष्णुरवततार ॥ १ ॥

પરાશર કહેછે—હવે હું યયાતિના જ્યેષ્ઠ પુત્ર યદુના વંશનું વર્ણન કરૂં છું.

---

* આ અગીયાર અધ્યાયથી પાંચ અધ્યાયમાં યદુવંશનું વર્ણન કરવામાં આવશે કે જેમાં સર્વ પ્રાણિમાત્રમાં નિવાસ કરનાર ભગવાન શ્રીહરિ પોતે ઉત્પન્ન થયાછે.

કારણ કે જેમાં અશેષ લોકમાં નિવાસ કરનાર, મનુષ્ય, સિદ્ધ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, ગુહ્યક, કિંપુરૂષ, અપ્સરા, સર્પ પક્ષી, દૈત્ય, દાનવ, દેવર્ષિ, બ્રહ્મર્ષિ અને મુમુક્ષુ આદિઓ જેનું ધર્મ, અર્થ, કામ અને મોક્ષની ઇચ્છાના ફળની પ્રાપ્તિ માટે નિરંતર સ્તવન કર્યા કરેછે એવા અનાદિ નિધન ભગવાન શ્રીવિષ્ણુ આ યદુ વંશમાં અપરિચ્છેદ્ય મહાત્મ્ય પોતાના અંશથી ઉત્પન્ન થયા છે. ૧. એ વિષયમાં એક શ્લોક છે—"જેમાં (યદુવંશમાં) નિરાકાર વિષ્ણુ સંજ્ઞક પરબ્રહ્મ ઉત્પન્ન થયાછે તે યદુવંશનું શ્રવણ કરવાથી મનુષ્ય સઘળા પાપમાંથી મુક્ત થાયછે." ૨. યદુથી સહસ્રજીત, ક્રોષ્ટુ, નળ અને રઘુ એ નામના ચાર પુત્ર થયા. સહસ્રજીતનો પુત્ર શતજીત, તેનાથી હૈહય, વેણુ અને હય એ નામના ત્રણ પુત્રો થયા. હૈહયથી ધર્મ નેત્ર, તેનાથી કુંતિ, કુંતિથી સાંહજી, તેનો પુત્ર મહિષ્માન, તેનાથી ભદ્ર શ્રેણ્ય, તેનાથી દુર્દમ, તેનાથી ધનક અને ધનકથી કૃતવર્મ, કૃતાગ્નિ, કૃતવીર્ય અને કૃતૌજા એ નામના ચાર પુત્રો થયા. કૃતવીર્યથી હજાર હાથથી યુક્ત સપ્તદ્વીપનો અધિપતિ અર્જુન નામનો પુત્ર થયો. તેણે ભગવાનના અંશભૂત અત્રિ કુલોત્પન્ન શ્રીદત્તાત્રેયની આરાધના કરી તેની પાસે હજાર હાથ, અધર્મ સેવાનું નિવારણ, ધર્મથી તમામ પૃથ્વીનો જય, ધર્મથી પૃથ્વીનું પાલન, શત્રુથી કદિ પરાજય ન પામું અને સર્વ જગત્‌માં પ્રખ્યાત્ પુરૂષથી મરણ." એ પ્રકારે વર માગ્યા. દત્તાત્રેયે પણ તેને સર્વ પ્રકારના વર આપ્યા. તે વર પ્રાપ્ત કરી તેણે સપ્તદ્વીપવાળી પૃથ્વીનું ઉત્તમ પ્રકારે પાલન કર્યું અને દશહજાર યજ્ઞ કર્યા. તે વિષયમાં અદ્યાપી સૂધી એક શ્લોક કહેવાય છે 'યજ્ઞ, દાન, તપ, વિનય અને ઈંદ્રિય નિગ્રહ આદિથી બીજા રાજાઓ યુક્ત હશે છતાં તે નિશ્ચય કાર્ત્તવીર્યના સરખું ફળ મેળવશે નહીં. એના રાજ્યમાં દ્રવ્યનો નાશ કદી થયો નથી.' ૩. એ પ્રમાણે રાજા કાર્ત્તવીર્યાર્જુન અકુંઠીત આરોગ્ય, સંપત્તિ, બળ અને પરાક્રમથી યુક્ત થઈ પંચાસી હજાર વર્ષ સુધી રાજ્ય કર્યું. તે એક દિવસ નર્મદાના જળમા જઈ જળક્રીડા કરવાના પ્રસંમાં અત્યંત મદ્યપાન કરવાથી મદથી અત્યંત વ્યાકૂળ થઇ તેણે સર્વ દેવ, દૈત્ય તથા ગંધર્વના અધિપતિનો પરાજય કરી મદથી ઉન્મત્ત થયેલા અને દિગ્વીજય કરવા માટે માહિષ્મતી નગરીમાં આવેલા રાવણને પશુ પ્રમાણે બાંધી પોતાની નગરીમાં એક નિર્જન સ્થાનમાં રાખ્યો હતો. ૪. પંચાસી હજાર વર્ષ વીત્યા પછી ભગવાન શ્રીવિષ્ણુના અંશભૂત પરશુરામે તેનો સંહાર કર્યો. તેને એકસો પુત્ર હતા તેમાં પાંચ પ્રધાન હતા. તેના નામ શૂર, શૂરસેન, વૃષ્ણુ, મધુ અને જયધ્વજ, જયધ્વજથી તાલજંધ નામનો પુત્ર થયો. તાલજંધથી તાલજંધ નામના સો પુત્ર થયા. તેમાં વીતિ હોત્ર જ્યેષ્ઠ હતો અને ભરત નામનો એક મુખ્ય પુત્ર હતો, ભરતથી વૃષ અને સુજાત નામના બે પુત્ર થયા; વૃષથી મધુનામનો પુત્ર થયો. મધુથી જેના વંશનું વૃષ્ણિ એવું નામ પડયું છે તે વૃષ્ણિ જેમાં મુખ્ય છે

એવા સો પુત્ર થયા. એ કુળનું મધુ નામ પડવાનું કારણ મધુ છે. (તે કુળના આદિપુરૂષ) યદુના નામથી યાદવ એવું નામ પડયું. ૫.

तस्या वृष्णिप्रमुखं पुत्रशतमासीद्यतो वृष्णिसंज्ञामेतद्गोत्रमवाप मधुसंज्ञाहेतुश्च मधुरभवद्यादवाश्च यदुनामोपलक्षणात् ॥ ५ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ચતુર્થ અંશે એકાદશો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૧૨ મો.

पराशर उवाच ॥ क्रोष्टोश्च यदुपत्रस्यात्मजो वृजिनीवांततश्च स्वाहिस्ततो रुषद्गू रुषद्गोश्चित्ररथस्तनय : शशबिंदुश्चतुर्दश महारत्नश्चक्रवर्ती अभवत् ॥ १ ॥

પરાશર કહેછે—યદુનોપુત્ર ક્રોષ્ટુ, તેનો વૃજીનીવાન્, તેનાથી સ્વાહિ, તેનાથી રૂષદ્ગુ, રૂષદ્ગુનો ચિત્રરથ, તેનાથી શશબિંદુ, એની પાસે ચૌદ મહારત્ન હતાં. અને તે ચક્રવર્તી રાજા થયો હતો ૧. શશાબિંદુને એકલાખ સ્ત્રીહતી તેનાથી દશ લાખ પુત્ર થયા. તેઓમાં પૃથુયશા, પૃથુકર્મા, પૃથુજય, પૃથુકીર્તી, પૃથુદાન અને પૃથુશ્રવાએ છ મુખ્ય હતા. પૃથુશ્રવાનો પુત્ર તમ, તેનાથી ઉશના, તેણે સો અશ્વમેધ યજ્ઞ કર્યા હતા. તેનો પુત્ર શીતેષુ, તેનો પુત્ર રુક્મકવચ, તેનાથી પરાવૃત, અને પરાવૃતથી રુક્મેષુ પથુરૂક્મ, જ્યામધ, પાલિત અને હરિત એ નામના પાંચ પુત્રો થયા. જ્યામધાના વિષયમાં અદ્યાપિપર્યંત એક શ્લોક કહેવાય છે કે ' સ્ત્રીને આધિન એવા જે રાજા આગળ થઈ ગયા અને હવે પછી થશે; તેના મધ્યમાં શૈબ્યા નામની સ્ત્રીના પતી જ્યામધ મુખ્ય કહેવાય છે. એનીસ્ત્રી શૈબ્યા સંતતી વગરની હતી. તેને પુત્રની ઇચ્છા હતી છતાં સ્ત્રીના ભયથી બીજી સ્ત્રીસાથે વિવાહ કર્યો નહીં.' ૨. એ જ્યામધ રાજાએ એક દિવસ અનેક હાથી ઘોડાઓથી યુક્ત થઇ ભયંકર સંગ્રામમાં યુદ્ધ કરતાં તમામ શત્રુસેનાનો પરાજય કીધો. શત્રુઓ પરાજય પામી પોતાના પુત્ર, કલત્ર, બંધુ, બજનો, અને નગર છોડી નાસી ગયાં. શત્રુઓ નાસી જવાથી " હે તાત ! હે ભ્રાત ! મારી રક્ષા કરો ! " એ પ્રમાણે રૂદન કરતી એક રાજકન્યાને દીઠી.

---

* આ બારમા અધ્યાયમાં ક્રોષ્ટ નામના યદુ પુત્રના વંશનું વર્ણન કરવામાં આવશે જેમાં સ્ત્રીજીત જ્યામધ રાજાનું વર્ણન થશે.

તેના નેત્ર ત્રાશથી ચંચળ થઈ અતીશય આકુળ વ્યાકુળ થયાં હતાં. ૪. એ ઉત્તમ પ્રકારના સૌંદર્યવાળી રાજકન્યાને જોવાથી જ્યામધ રાજાનું ચિત્ત પ્રીતિથી તેની ઉપર આકર્ષિત થયું. અને મનમાં કહેવા લાગ્યો. ૫. " હું વંધ્યાપતી અને પુત્ર વગરનો છું, તેથી હમણા મને દૈવે પુત્ર ઉત્પન્ન કરવામાં કારણી ભૂત કન્યા રત્ન આપ્યું તે ઘણું સારૂં થયું હું એને રથમાં બેસાડી નગરમાં લઇ જઇ મારી સ્ત્રીની આજ્ઞાથી એની સાથે વિવાહ કરીશ. એમ વિચાર કરી તેને રથમાં બેસાડી પોતાના નગરમાં લઇ ગયો. ૬. ૭. ત્યારપછી વિજય પામેલા રાજાને જોવા શૈબ્યા દેવી પોતાના અનેક પરિજન નગરવાસીઓ અને સેવકોને સાથે લઈ નગરના દ્વાર આગળ આવી. ૮. રાજાની ડાબી બાજુએ બેઠેલી તે રાજકન્યાને જોઈ કંઈક ક્રોધ યુકત થઇ પોતાના કોમળ અધરોષ્ઠને ફરકાવી રાજાને આ પ્રમાણે કહેવા લાગી. હે અત્યંત ચપળ ચિત્તવાળા ! રથમાં આપની સાથે બેઠેલી આ કોણ છે ? એ સાંભળી રાજા અતીશય ભયભીત થઇ શું ઉત્તર આપવો એનો વિચાર ન કરતાં એ મારી પુત્ર વધુ છે; એમ કહ્યું ૯. તે સાંભળી શૈબ્યા એ રાજાને કહ્યું. મને પુત્ર થયો નથી ? તેમજ આપને બીજી સ્ત્રી પણ નથી કે તેને પુત્ર થયો હોય ? તો કયા એને પુત્ર વધુ કહોછો ? ૧૦.

પરાશર કહેછે.—એ પ્રમાણે પોતાના ઉપર ક્રોધ તથા ઇર્ષ્યાથી ક્ષોભ પામી તેણે કહેલાં વચનો સાંભળી તે રાજાની વિવેક શકિત નાશ પામવાથી પોતાનું કહેલું વચન સિદ્ધ કરવાને માટે આ પ્રકારે કહયું. ૧૧. ભવિષ્યમાં તને જે પુત્ર થશે તેની આ પત્નિ થશે. એ સાંભળી આશ્ચર્ય પામી મંદહાસ્ય કરી " ઠીક બહુસારુ " એ પ્રમાણે બોલી તેને રાજાની સાથે નગરમાં લઇ ગયા. ૧૨. તે રાજાનો અને શૈબ્યાનો પુત્ર વિષયમાં જે સંવાદ થયો તે વખતે લગ્ન, હોરા, નવમાંશ, દ્વાદશાંશ ઇત્યાદીની સર્વોત્તમ, પ્રકારની શુદ્ધિ હોવાથી (અસ્તુ નામના દેવતાએ તે વખતે **"તથાસ્તુ"** એ પ્રમાણે અનુમોદન આપવાથી) રાજ પત્નિ શૈબ્યા વૃદ્ધ હતી છતાં. પણ થોડા દિવસમાં ગર્ભવતી થઇ. ૧૩. સંપૂર્ણ દિવસે પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ "વિદર્ભ" પાડયું. ત્યાર પછી કાળ ક્રમથી આગળ આણેલી રાજકન્યા સાથે તેણે વિવાહ કીધો. ૧૪. તે વિદર્ભ થકી ક્રથ અને કશિક નામના પુત્ર થયા. ફરીથી ત્રીજો રોમપાદ નામનો પુત્ર થયો તેનાથી બભ્રુ, તેનાથી ધૃતિ નામનો પુત્ર થયો. કૈશિકને ચૈદ્દિ નામનો પુત્ર થયો. ચેદ્દિથી ચૈદ્ય નામના રાજાઓ થયા. જ્યામધની પુત્ર વધુના પુત્ર ક્રથને કુંતીનામનો પુત્ર થયો. ૧૫. કુંતિથી વૃષ્ણિ, વૃષ્ણિથી નિર્વૃતિ તેનાથી દશાર્હ, તેનાથી વ્યોમા, તેનાથી જીમૂત, તેનાથી વિકૃતિ, તેનાથી ભીમરથ, તેનાથી નવરથ, તેનાથી દશરથ, તેનાથી શકુની, તેનો કરંભી, કરંભીનો દેવરાત, તેનાથી દેવક્ષત્ર, તેનો મધુ, તેનો નવરથ, તેનો કુરૂવત્સ, તનો અનુરથ, તેનાથી પુરૂહોત્ર, તેનાથી અંશ, તેનાથી સત્વત, તે સત્વતથી સાત્વત્, એના વંશજો સાત્વત નામથી પ્રસિદ્ધ

થયા. ૧૬. એવી રીતે આ જ્યામઘ વંશને શ્રદ્ધા પૂર્વક સાંભળવાથી શ્રોતાજન પાપમાંથી મુકત થઇ જાયછે. ૧૭.

इत्येतां ज्यामघसंततीं सम्यक् श्रद्धासमन्वितः
श्रुत्वा सर्व पापैः प्रमुच्यते ॥ १७ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ચતુર્થ અંશે દ્વાદશો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૧૩ મો.

परागर उवाच ॥ भजिनभजमानदिव्यान्धकदेवावृध-
महाभोजवृष्णिसंज्ञाः सत्वतस्य पुत्रा बभूवुः ॥ १ ॥

પરાશર કહેછે—સત્વતથી ભજીન, ભજમાન. દિવ્યાંધક, દેવાવૃધ, મહાભોજ અને વૃષ્ણિ નામના સાત પુત્ર થયા. ૧. ભજમાનથી નિમિ, કૃકણ અને વૃષ્ણિ થયા. તથા તેની બીજી માતાને શતાજીત્, સહસ્રાજીત અને અયુતાજીત નામના પુત્ર થયા. ૨. દેવાવૃધને બભ્રુ નામનો પુત્ર થયેા. એના સંબધમાં એક શ્લોક કહેવાય છે. ૩. ' અમે દૂર અથવા સમીપમાં રહેનારા જે જે મનુષ્યેાને જોયા છે. તેઓમાં બભ્રુશ્રેષ્ઠ અને દેવાવૃધ દેવતાઓના સરખેા છે. ૪. બભ્રુ અને દેવાવૃધના પ્રવર્તિતમાર્ગમાં ગમન કરનારા. છ, સાઠ, સાઠ હજાર અને આઠ પુરૂષેા મોક્ષપદ પામ્યા છે. ૫. મહાભોજન મેાટા ધર્માત્માહતા. એના વંશમાં મૃતિ કાવત નામના નગરમાં વાસ કરનાર ભોજ નામના રાજાઓ થયા. ૬. વૃષ્ણિથી સુમિત્ર અને યુધાજીત્ નામના બે પુત્ર થયા, સુમિત્રથી અનમિત્ર તથા શિની નામના બે પુત્ર થયા, અનમિત્રથી નિઘ્ન, નિઘ્નથી પ્રેસન અને સત્રાજીત નામના બે પુત્ર થયા. સત્રાજીત્ સૂર્યના મિત્ર હતા. ૮. એક દિવસ સમુદ્રના કિનારા ઉપર સત્રાજીતે સૂર્યની સ્તુતિ કરિ. તેણે એકાગ્ર મને સૂર્યની સ્તુતિ કરવાથી સૂર્ય તેની પાસે આવ્યા. સૂર્યને સ્પષ્ટ મૂર્તિ ધારણ કરનારા જોઈને સત્રાજીત્ બોલ્યા. આપને આકાશમાં તપેલા અગ્નિના ગોળાસરખા જોયા છે હમણા આપ મારી પાસે આવ્યાછો પરંતુ આપની કૃપાથી કંઈ વિશેષ જોતો નથી. ૯. સત્રાજીત્ની એ પ્રમાણે વાણી સાંભળી સૂર્યએ પોતાના કંઠથી સ્યમંતક નામનો મણી ઉતારી એક સ્થાનમાં રાખ્યેા. પછી સત્રાજીતે તેને રકતનેત્ર. પીળેા વર્ણ અને ઉત્તમ ઉજ્વળ તેજ તથા ઠીંગણા શરીરવાળા જોયા. આ પ્રમાણે જોતાં સત્રાજીતે નમસ્કાર કરી સૂર્યની સ્તુતી કરી. તે વખતે ભગવાન્

* આ તેરમા અધ્યાયમાં જ્યામઘના વંશમાંના સત્વતનો વંશ અને પ્રસંગથકી સ્યમંતકના આખ્યાનનું વર્ણન કરવામાં આવશે.

સૂર્યએ તે સત્રાજીતને કહયું કે " તને જે યોગ્ય લાગે તે વર મારી પાસેથી માગ " તે વખતે તેણે તે સ્યમંતક નામનો સર્વોત્તમ મણી માગ્યો. સૂર્યએ તેને સ્યમંતક મણી આપી પોતાના સ્થાન પ્રત્યે પ્રયાણ કર્યું. ૧૦. સત્રાજીત પણ તે મણીને પોતાના કંઠમાં આરોપણ કરેલો હોવાથી તેજથી સૂર્યના જેવો તમામ દિશાઓને પ્રકાશ કરતો દ્વારકામાં પ્રવેશ કીધો. ૧૧. તેને આવતો જોઇ દ્વારકાવાસી મનુષ્યો પૃથ્વીનો ભાર હરણ કરવાને માટે પોતાના અંશથી મનુષ્યનું સ્વરુપ ધારણ કરનાર ભગવાન્ આદિ પુરૂષ શ્રીકૃષ્ણની પાસે આવ્યા અને તેને નમસ્કાર કરી આ પ્રમાણે બોલ્યા. હે ભગવાન્ ! આપના દર્શન કરવાને માટે નક્કી સૂર્યજ આવે છે. એ સાંભળી ભગવાન જરા હાસ્ય કરી બોલ્યા; એ સત્રાજીત્ યાદવ સૂર્યએ આપેલો મણી ધારણ કરી અહીં આવે છે. તમે સઘળા નિઃશંકરીતે જુવો. એ પ્રમાણે સાંભળી સઘળા લોકો પોત પોતાના સ્થાનકે ગયા. ત્યારપછી સત્રાજીતે તે મણિ પોતાના ઘરમાં રાખ્યો. ૧૩. એ સર્વોત્તમ મણીના પ્રભાવથી હમેશાં આઠભાર સુવર્ણ ઉત્પન્ન થવા લાગ્યું, અને એ મણીના પ્રભાવથી તમામ રાજયમાં, રોગાદિક, અનાવૃષ્ટિ હિંસક પ્રાણીઓ, અગ્નિ, ચોર; દુકાળ વિગેરેનો ભય દુર થયો, ૧૪. ૧૫. ભગવાન શ્રીકૃષ્ણએ તે રત્ન યાદવોના રાજા ઉગ્રસેનને ઉપભોગ કરવાને યોગ્ય છે એમ વિચારી તે મણી મેળવવાની ઈચ્છા કરી, પરંતુ તેમ કરવાથી આપણા કુળમાં કલેશ ઉત્પન્ન થશે એવાં ભયથી તે મણી લેવાને સમર્થ હોવા છતાં તે મણી ગ્રહણ કીધો નહીં. ૧૬. શ્રીકૃષ્ણને આ મણીમાં લોભ થયો છે. એવું સત્રાજીતે જાણી (મારી-પાસે શ્રીકૃષ્ણ આ મણી માગશે) અને તે મારાથી ના નહીં કહેવાય એમ મનમાં આણી પોતાના બંધુ પ્રસેનને તે મણી આપ્યો. ૧૭. તે મણી પવિત્ર પણે ધારણ કરવાથી ધણુંજ સુવર્ણ પ્રદાન કરે છે અને અપવિત્રપણે ધારણ કરનાર માણસનું મૃત્યુ થાય છે. એ પ્રસેન એકદીવસ સ્યમંતક મણીને પોતાના કંઠમાં રાખી ઘોડાઉપર બેસી વનમાં શીકાર કરવા માટે ગયો ત્યાં એક સિંહે તેને માર્યો. અશ્વ સહિત પ્રસેનને મારી સિંહ તે અમૂલ્ય મણી લઈને જેવો જાય છે એટલામાંજ ઋક્ષરાજ જાંબુવાને તેને જોતાંજ માર્યો. પછી જાંબુવાન તે મણીને લઈ પોતાની ગુફામાં આવી પોતાના સુકુમારક નામના બાળકને રમવાને માટે આપ્યો. ૧૮. મૃગયા કરવા ગયેલો પ્રસેન પાછો ન આવવાથી યાદવોમાં કર્ણોપકર્ણવાત ચાલી કે શ્રીકૃષ્ણને તે મણી લેવાની ઈચ્છા હતી પણ તેને મણી ન આપ્યો તેથી એમજ નક્કો થાય છે કે તેણેજ તે પ્રસેનને માર્યો છે. ૧૯. શ્રીકૃષ્ણ આ પ્રમાણે લોકાપવાદ સાંભળી યાદવ સેના સાથે લઈ પ્રસેનના ઘોડાની ખરી જે માર્ગ ઉપર પડી હતી તે માર્ગે ચાલ્યા. અને ત્યાં સિંહથી નાશ પામેલા અશ્વ સહિત પ્રસેનને જોયો. ત્યારપછી સિંહના પગલાંથી અંકીત માર્ગને જોઇ (પ્રસેનને સિંહેજ

મારેલો છે અને શ્રીકૃષ્ણને અને તેને કંઇ પણ સંબંધ નથી એમ તમામ લોકોની ખાત્રી થઇ) કે સિંહેજ પ્રસેનને માર્યો છે. કૃષ્ણે માર્યો નથી. ભગવાન પણ તે વખતે કલંકથી મુક્ત થઇ જે માર્ગે સિંહ ગયો હતો તે માર્ગને જોતાં ત્યાં ગયા. ૨૦. થોડે દુર રીંછથી મરેલા સિંહને જોયો. અને તે રત્ન મેળવવાની ઇચ્છાથી તે કૃષ્ણ રીંછને પગલે પગલે ગયા અને પોતાનું સઘળું યાદવનું સૈન્ય તે પર્વતની ગુફાની બહાર રાખી શ્રીકૃષ્ણ એ રીંછની ગુફામાં પ્રવેશ કીધો. અર્ધે માર્ગે જતાં "આ મણી માટે સિંહે પ્રસનને માર્યો તથા જાંબુવાને સિંહને માર્યો અર્થાત્ આ મણી જાંબુવાનનો છે. હે સુકુમારક! તું જાંબુવાનનો પુત્ર હોવાથી આ મણી તારો છે માટે રોઈશ નહીં" એ પ્રમાણે પુત્રને સમજાવતી દાસીના શબ્દ શ્રીકૃષ્ણને કાને પડયા. ૨૧. ૨૨. તે સાંભળતાંજ શ્રીકૃષ્ણ સ્યમંતક મણીનું વૃતાંત સમજી અંદર ગયા અને ત્યાં બાળકને મણીથી રમતો જોયો. દાસીના હાથમાં રહેલો તેજથી જાજ્વલ્યમાન તે મણીનું શ્રીકૃષ્ણે અવલોકન કર્યું. ૨૩. શ્રીકૃષ્ણ ત્યાં જતાંજ આ નવીન પુરૂષ કોણ છે. તેની ઈચ્છા સ્યમંતક લેવાની છે એમ જોઇ "દોડો, દોડો, એમ બુમ પાડી ૨૪. તેનો આર્તસ્વર સાંભળી જાંબુવાન ક્રોધીત થઈ ત્યાં આવી કૃષ્ણની સાથે યુદ્ધ કરવાલાગ્યા; એ બંનેને યુદ્ધ કરતાં કરતાં એકવીશ દીવસ થયા. અહીં યાદવોની સેનાએ સાત આઠ દીવસ સુધી ગુફામાંથી શ્રીકૃષ્ણને નીકળવાની રાહ જોઇ જ્યારે ભગવાન ન નિકળ્યા ત્યારે તે લોકોએ વિચાર્યું કે શ્રીકૃષ્ણ નાશ પામ્યા હશે. એમ જો ન હોય તો શત્રુને જીતવામાં એટલા બધા દીવસો કેમ વીતે? એમ સમજી તેઓએ દ્વારકામાં આવી કહયું કે શ્રીકૃષ્ણ હણાયા. ૨૫. તે સાંભળી શ્રીકૃષ્ણના બાંધવોએ તે વેળાને યોગ્ય સઘળી પ્રેત ક્રિયા કરી. ૨૬. ત્યાં બાંધવોએ સમયાનુસાર અત્યંત શ્રદ્ધાપૂર્વક આપેલું સત્પાત્ર બ્રાહ્મણોને ઉપયોગી અન્ન જલાદિકના યોગથી યુદ્ધ કરનારા શ્રીકૃષ્ણના બળ અને પ્રાણનું પોષણ થયું. ૨૭. પરંતુ અત્યંત બળવાન પુરૂષથી છીન્ન ભિન્ન થયેલા અત્યંત કઠણ પ્રહારથી પિડીત અવયવ વાળા જાંબુવાનને અહાર ન મળવાથી તેનું બળ ઘટી ગયું. તેથી ભગવાને જાંબુવાનનો પરાજય કર્યો. પછી જાંબુવાન પ્રણામ કરી બોલ્યો. હે ભગવાન્! સઘળા દેવ, અસુર, ગંધર્વો, યક્ષ, રાક્ષસો, વીગેરે તમારો પરજય કરવામાં અસકત છે તો પૃથ્વી ઉપર રહેનાર, અલ્પ પરાક્રમી માણસોની ક્રિડામાં સાધન ભૂત પશુ યોનીમાં ઉત્પન્ન થયેલાં અમારા સરખા તમારો પરાભવ કયાંથી કરી શકે? આપ અમારા સ્વામી સર્વ જગતના આધાર રૂપ ભગવાન શ્રી વિષ્ણુના અંશથી ઉત્પન્ન થયા છો. ૨૮. એ પ્રમાણે જાંબુવાનનું ભાષણ સાંભળી ભગવાને આ પૃથ્વી નો ભાર ઉતારવાને માટે પોતાના અવતારની કથા કહી સર્વ વૃતાંત નિવેદન કર્યું. ૨૯. અને પ્રીતિ પૂર્વક તેના અંગ ઉપર હાથ ફેરવી યુદ્ધથી થયેલા

શ્રમને દૂર કર્યો. ૩૦. ત્યારપછી જાંબુવાને ભગવાનને પ્રણામ કરી પ્રસન્નતાથી પોતાને ઘેર પધારેલા શ્રીકૃષ્ણને પોતાની જાંબુવંતી નામની કન્યા અર્પણ કરી. ૩૧. અને પુરી પ્રણામ કરી તેમને સ્યમંતકમણી પણ અર્પણ કર્યો. તે સમયે શ્રીકૃષ્ણે નમ્ર થયેલા તે જાંબુવાન પાસેથી સ્યમંતકમણી લેવો યોગ્ય નહોતો પરંતુ પોતાના ઉપર આવેલા દોષને ટાળવા માટે તે મણિ ગ્રહણ કર્યો. ૩૨. ત્યારપછી શ્રીકૃષ્ણ જાંબુવંતિની સાથે દ્વારકામાં પધાર્યા. કૃષ્ણને આવેલા જાણી દ્વારકા વાસી મનુષ્યોને પરમહર્ષ થયો તથા શ્રીકૃષ્ણનું અવલોકન કરતાંજ દ્વારકામાં અત્યંત વૃદ્ધ થયેલા લોકોને તત્કાળ તારુણ્ય અવસ્થા પ્રાપ્ત થઇ હોય તેવા દેખાવા લાગ્યા અને તમામ યાદવ તથા તેની સ્ત્રીયો ' ઘણું સારું થયું; ઘણું સારું થયું; ' એમ બોલતા વસુદેવને મંગળ શબ્દ કહેવા લાગ્યા. ૩૩. ત્યારપછી પોતે અનુભવેલું સર્વ વૃતાંત યાદવોની સભામાં કહી સંભળાવ્યું અને સત્રાજીતને સ્યમંકમણિ આપીને આપદામાંથી મુકત થઇ જાંબુવંતીને અંતઃપુરમાં રાખી. સત્રાજીતે પણ ' મેં કૃષ્ણને મિથ્યા કલંક લગાડયું ' એમ વીચારી ભયથી પોતાની પુત્રી સત્યભામા શ્રીકૃષ્ણને ભાર્યા રુપે અપર્ણ કરી. ૩૨. એ કન્યાને આગળ અક્રૂર, કૃતવર્મા અને શતધન્વા આદિ યાદવોએ માગી હતી તે કન્યા શ્રીકૃષ્ણને આપવાથી અમારું અપમાન થયું છે એમ સમજી શત્રાજીતની સાથે શત્રુતા કરી અક્રૂર કૃતવર્મા આદિ યાદવોએ શતધન્વાને કહ્યું કે આ સત્રાજીત ઘણો દુરાત્મા છે; કારણકે અમે તથા તમે તેને કન્યાના સંબંધમાં માગણી કરી અને તેણે અમારી તથા તમારી કંઈ પણ ગણના ન કરી પોતાની કન્યા શ્રીકૃષ્ણને આપી માટે એને મારી નાંખવો એજ યોગ્ય છે. આપ તેને મારી સ્યમંતકમણિ શામાટે લેતા નથી ? એમ કરવાથી શ્રીકૃષ્ણ તમારી સાથે શત્રુતા કરશે તો અમે તમારી સહાય કરશું. ૩૫. એ લોકોની એવી વાત સાંભળી શતધન્વા એમ બોલ્યો ' ઠીક એમ કરીશ. ' અહીં લાખા ગ્રહમાં પાંડવો બળી ગયા છે એવું વૃત્તાંત સાંભળી તથા દુર્યોધનના પ્રયત્નને શીથીલ કરવા માટે પાંડવોના કુલોચિત કર્મ કરવા સારુ શ્રીકૃષ્ણ વારણાવર્તમાં ગયા ૩૬. શ્રીકૃષ્ણ ત્યાં ગયા પછી શતધન્વા એ સત્રાજીતને નિંદ્રાવસ્થામાં મારી ઉત્તમ પ્રકારનો મણિ ગ્રહણ કર્યો. પોતાના પિતાનો વધ થવાથી ક્રોધથી પૂર્ણ થયેલી સત્યભામા સત્વર રથમાં બેસી વારણાવર્ત જઇ શ્રીકૃષ્ણને કહ્યું. "મારા પિતાએ મને આપના હાથમાં આપી તેથી શતધન્વા ક્રોધિત થઇ મારા પિતાને મારી સ્યમંતકમણિ લઈ ગયોછે. એ વિષયમાં આપ વિચાર કરી જેમ યોગ્ય લાગે તેમ કરો." ૩૭. આ પ્રમાણે સત્યભામાની વાત સાંભળી શ્રીકૃષ્ણના અંતઃકરણમાં જરા સંતોષ થયો; પરંતુ ક્રોધથી રાતાં નેત્ર કરી સત્યભામાને કહેવા લાગ્યા. "ખરેખર શતધન્વાએ મારુંજ અપમાન કર્યું છે; હું એ દુષ્ટને કદાપી ક્ષમાં કરીશ નહીં. ૩૮. મોટા વૃક્ષનું

ઉલ્લંઘન કર્યા શિવાય તેના ઉપર રહેનાર પક્ષીનો વધ થતો નથી. અર્થાત્ સત્રાજીત મારા આશ્રયભૂત હોવાથી તેનો વધ થયો એ મારૂં અપમાન થયું એમ હું સમજું છું. ૩૯. મારી પાસે આવાં શોકવાળાં વચનો શા માટે બોલે છે? શોક છોડીદે. એ પ્રમાણે કહી દ્વારકામાં આવી બળદેવને એકાંતમાં કહ્યું કે વનમાં શિકાર કરવા ગયેલા પ્રસેનને સિંહે માર્યો અને આ સ્થળે સત્રાજીતને શતધન્વાએ માર્યો એટલા માટે એના દ્રવ્યનો કોઈ અધિકારી ન હોવાથી એ સ્યમંતક મણીના માલીક આપણે બે છીયે (એની ઉપર અન્ય મનુષ્યનો હક નથી.) ૪૦. માટે ઉઠો! રથ ઉપર બેસી શતધન્વાને મારવાનો ઉદ્યોગ કરીએ. ભગવાનની વાતનો બળદેવે પણ સ્વિકાર કર્યો. અહીં શતધન્વાએ કૃષ્ણ અને બળદેવને પોતાને મારવાનો ઉદ્યોગ કરતા જોઈ કૃતવર્મા પાસે આવી તેની સહાય માગી. તે વખતે કૃતવર્મા બોલ્યો; હું કૃષ્ણ અને બળદેવની સાથે વિરોધ કરવાને સમર્થ નથી. એમ સાંભળી શતધન્વાએ અક્રૂરનિ પ્રાર્થના કરી. અક્રૂરે કહ્યું કે જેના ચરણના પ્રહારથી ત્રણે લોક કંપાયમાન થાય છે એવા ચક્રધારી કૃષ્ણ અને હલ ધારી બળદેવની સાથે યુદ્ધ કરવામાં કોઇ પણ સમર્થ નથી તો હું કયાંથી સમર્થ હોઈશકું? માટે તું બીજાને શરણેજા. ૪૧. એ સાંભળી શતધન્વા બોલ્યો, જો તમે મારૂં રક્ષણ કરવામાં પોતાને અસમર્થ સમજતા હો તો આ મણી લઇને તેનું રક્ષણ કરો. એ પ્રમાણે કહ્યા પછી અક્રુરે કહ્યું જો છેવટ સુધી આ વાત કોઇને પણી નહીં કહે તો આ મણી હું રાખું, "ઠીક" બહુસારૂ એપ્રમાણે ઉત્તર આપ્યા પછી અક્રૂરે તે મણી ગ્રહણ કર્યો. ૪૨. પછી શતધન્વા અતી વેગ વાળી, દિવસમાં સો યોજન ચાલનારી ઘોડી ઉપર બેસી નાશી ગયો. શૈબ્ય, સુગીવ, મેઘપુષ્પ અને બલાહક એ નામના ચાર ઘોડાથી જોડાયલા રથ ઉપર બળદેવ અને કૃષ્ણ બેશી તેની પાછળ ગયા. ૪૩. તે ઘોડી એક સો યોજન ગયા પછી વિષેશ આગળ ચલાવવાથી મિથિલા નગરીના વન પાસે મરણ પામી. તે વખતે શતધન્વા તે ઘોડીનો ત્યાગ કરી પગ થકી નાસવા લાગ્યો. ૪૪. તે જોઇ કૃષ્ણે બળદેવને કહ્યું કે આપણે રથમાં બેઠા છૈયે અને આ દુષ્ટ પગથી દોડે છે. માટે જ્યાં સુધી એ પગ વડે ચાલનાર અધમને મારી પાછો આવું ત્યાં સુધી આપ આ રથ ઉપર બેસી રહો આપણા ઘોડાએ આ પૃથ્વી ઉપર ઘોડીનું મૃત શરીર જોયું છે માટે આ ભૂમીનું ઉલ્લંઘન કરવું યોગ્ય નથી. ૪૫. બળદેવે કહ્યું "ઠીક બહુ સારૂં" એમ કહી તેજ ઠેકાણે રથ ઉભો રાખ્યો. ત્યારપછી શ્રી કૃષ્ણ બે ગાઉ સુધી તેની પાછળ દોડી ચક્ર વડે તેનું મસ્તક કાપી નાંખ્યું અને તેના શરીર ઉપરના તમામ વસ્ત્રો ખોળ્યાં છતાં પણ સ્યમંતક મણી તેમાંથી મળ્યો નહીં તે વખતે તે બળદેવની પાસે જઈને બોલ્યા, શતધન્વાને વૃથા માર્યો, કારણકે અખિલ સંસારના સારભૂત એ મણી

એની પાસેથી મળ્યો નહીં. એ સાંભળી ક્રોધ કરી બળદેવ બોલ્યા, ધિક્કાર છે તને તું સ્વાર્થી છે, તને દ્રવ્ય વિષયમાં અતીશય લોભ છે, તું મારો ભાઈ છે એમ સમજી આ તારો અપરાધ ક્ષમા કરૂં છું. તારી ઇચ્છામાં આવે તે માર્ગે તું ચાલ્યોજા; મારે દ્વારકાનું પણ કામ નથી અને તારા સરખા ભાઇનું પણ કામ નથી; કારણકે તું મારી પાસે ખોટા સોગન ખાય છે. એ પ્રમાણે બળદેવ શ્રીકૃષ્ણનો તિરસ્કાર કરી. કૃષ્ણ મોટા પ્રયાસે તેનો કોપ શાંત કરવા લાગ્યા છતાં રીસથી મિથિલા નગરીમાં ગયા. ૪૫. જનક તેનો સત્કાર કરી પોતાના મંદીરમાં લાવ્યા અને બળદેવ ત્યાંજ રહ્યા. એ પ્રમાણે બળદેવ પાછા આવ્યા નહીં એમ જોઈ કૃષ્ણ દ્વારકામાં આવ્યા જ્યાં સુધી જનકરાજાને ઘેર બળદેવ રહ્યા ત્યાં સુધી ધૃતરાષ્ટ્ર પુત્ર દુર્યોધન તેનીપાસે ગદાયુદ્ધ શીખ્યો. ૪૭. એ પ્રમાણે ત્રણવર્ષ વીત્યાં પછી બભ્રુ, ઉગ્રસેન આદિ યાદવો શ્રીકૃષ્ણેએ રત્ન લીધું નથી એમ જાણી મીથિલા નગરીમાં ગયા અને બળદેવને ખાત્રી આપી તેને દ્વારકામાં લઈ લાવ્યા. ૪૮. અહીં અક્રૂરેપણ ઉત્કૃષ્ટ પ્રકારના રત્નમાંથી નીકળેલા સુવર્ણનું મારે શું કરવું એમ વિચારી દરરોજ યજ્ઞ કરવા લાગ્યા. કારણ યજ્ઞની દીક્ષા લીધેલા ક્ષત્રીય અથવા વૈશ્યનો વધ કરવાથી બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. (તેથી પોતાની પાસે મણી છે એમ જો શ્રીકૃષ્ણને ખબર પડે તો પણ મને મારશે નહીં) એમ મનમાં વીચારી તેણે બાસેઠવર્ષ પુરો થાય એવી યજ્ઞની દીક્ષા લીધી. ૫૦. એ પ્રમાણે તે મણીના પ્રભાવથી દ્વારકામાં કાંઇ પણ ઉત્પાત દુકાળ વીગેરે પીડા ઉત્પન્ન થઇ નહીં. ૫૧. ત્યારપછી અક્રૂરના પક્ષના ભોજ ગણોએ સાત્વતના પ્રપૌત્ર શત્રુઘ્નનો વધ કીધો. માટે અક્રૂર.તેઓની સાથે દ્વારકા છોડી નાશી ગયા. ૫૨. તે નાશીગયા તે દીવસથી દ્વારકામાં ઉત્પાત દુષ્ટપશુથી ભય, અનાવૃષ્ટિ, અને મહામારી વીગેરે ઉપદ્રવો થવા લાગ્યા. તે વખતે યાદવો, બળદેવ ઉગ્રસેન અને શ્રીકૃષ્ણ એઓ સઘળા મળી વિચાર કરવા લાગ્યા કે આ ઉપદ્રવો શાથી થાયછે આ વિષયમાં શું વિચાર કરવો; એ પ્રમાણે ભગવાનની વાત સાંભળી અંધક નામનો એક યાદવ બોલ્યો કે અક્રૂરના પિતા શ્વફલ્ક જ્યાં જ્યાં વાસ કરતા હતા ત્યાં ત્યાં મહામારી અને અનાવૃષ્ટિ વીગેરે કાંઇ પણ થતું નહોતું. એક સમયે કાશીરાજાના રાજ્યમાં દુકાળ પડયો; તે વખતે ત્યાં શ્વફલ્કને લઇ ગયા હતા. તે ત્યાં પહોંચતાંની સાથેજ ઈંદ્રરાજાએ વરસાદ વરસાવ્યો હતો તે વખતે કાશીરાજાની સ્ત્રી ગર્ભવંતી હતી. એના ગર્ભમાં એક કન્યા હતી પ્રસવકાળ પ્રાપ્ત થયાં છતાં બારવરસ સુધી એ કન્યા ગર્ભમાંથી બહાર નીકળી નહીં; પછી એક દીવસ કાશી રાજા એ ગર્ભમાં રહેલી પુત્રીને સંબોધી કહેવા લાગ્યા. હે પુત્રી! જન્મ શા માટે લેતી નથી? હું તારૂં મુખ જોવાની ઇચ્છા કરું છું આટલા સમય સુધી તારી માતાને શામાટે દુઃખ આપેછે. રાજાની વાત સાંભળી ગર્ભમાથી કન્યા બોલી. જે દરરોજ બ્રાહ્મણને એક

ગાય આપેાતેા ત્રણ વર્ષ પછી હું બહાર નીકલીશ. કન્યાની વાત સાંભળી રાજા દરરેાજ એક એક ગાય બ્રાહ્મણને આપવા લાગ્યેા, અને ત્રણવર્ષ ગયા પછી કન્યા જન્મી, તે રાજાએ તેનું નામ ગાંદિની પાડયું. ત્યારપછી પેાતાના ઘરમાં આવેલા શ્વફલ્કની સાથે તે કન્યાનેા વિવાહ કીધેા. એ ગાંદિની પણ જીવતાં સુધી પ્રતિદિન એક એક ગાય બ્રાહ્મણને આપતી હતી. એ ગાંદિનીથી અક્રૂરનેા જન્મ થયેા છે. એ ગુણવાન્ દંપતીથી જન્મેલેા અક્રૂર પણ એવાજ છે ૫૬. હમણા એ અક્રુર અહીંથી ચાલ્યા ગયા છે, તેા દુર્ભિક્ષ અને મહામરી વિગેરે કેમ ન થાય ? માટે આ વખતે એને અહીં લાવેા. અત્યંત ગુણવાન્ અક્રૂરના અપરાધ શેાધવાનું કંઇપણ પ્રયેાજન નથી. ૫૭. યાદવેામાં વૃદ્ધ અંધકનું વચન સાંભળી અક્રૂરના અપરાધ સહન કરી તેને અભયદાન્ આપી કૃષ્ણ, ઉગ્રસેન અને બળદેવ આદિ યાદવેા તેને દ્વારકામાં લાવ્યા. તે આવતાની સાથેજ તેની પાસે રહેલા રત્નના પ્રભાવથી અનાવૃષ્ટિ વગેરે ઉપદ્રવેા શાંત થયા. તે જેઈ શ્રીકૃષ્ણ વીચાર કરવા લાગ્યા કે અક્રૂર ગાંદિની અને શ્વફલ્કથી ઉત્પન્ન થયા છે એ કારણ દુકાળ વગેરેનેા નાશ કરવામાં સાધારણ છે; પરંતુ આ મેાટા દુકાળ વીગેરે ને શાંત કરવામાં કાંઈક બીજું મેાટું સબળ કારણ હેાવું જોઇએ માટે નિશ્ચય થાય છે કે એની પાસેજ સ્યમંતકમણી છે. કારણ કે એ મણીના એવા ઘણા પ્રભાવેા મેં સાંભળ્યા છે. એ શિવાય (એની પાસે તે મણી હેાવાનું બીજું પણ કારણ છે) અક્રુરે પણ એક યજ્ઞ પછી બીજો એમ અનેક યજ્ઞા કર્યા. આગળ કંઇ એનીપાસે આટલું બધું ધન નહતું માટે નિશ્ચય એ મણિ એની પાસેજ છે. એમ વિચારી કેાઈ કારણથી પેાતાના ઘરમાં એક યાદવેાની સભા બેાલાવી. સઘળા યાદવેા બેઠા પછી ભગવાને જે કારણથી સભા બેાલાવી હતી તે કારણ સમાપ્ત કીધું અને પ્રસંગ લાવી અક્રૂરની સાથે પરિહાસ કરતાં શ્રીકૃષ્ણ તેને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૫૮. ૬૦. હે દાનાધીશ ! અમે સઘળા જાણીએ છીયેકે શતધન્વા તમામ જગતના સારભૂત સ્યમંતકમણી તમારી પાસે રાખી ગયા છે. હમણા પણ આ રાજ્યને ઉપકાર કરનારૂં તે મણી તમારી પાસેજ છે. તે આપની પાસે હશે તેમાં અમને કાંઇ હરકત નથી કારણકે અમે સઘળા એ રત્નનુ ફળ ભેાગવીએ છીએ પરંતુ બળરામને એ મણી મારી પાસે છે એવી શંકા થયા કરેછે. માટે તમે જો મારા સ્નેહી હેા તેા એકવાર એ રત્ન અહીં બતાવેા એ પ્રમાણે સાંભળી અક્રૂરની પાસેજ તે રત્ન હેાવાથી વિચાર કરવા લાગ્યા. ૬૧. હવે હું શું કરૂં ? જો ખેાટું બેાલીશ તેા એ લેાકેા મારાં વસ્ત્રમાં સંતાડેલું રત્ન ખેાળી લેશે; માટે એમ ખેાળાવવું ઠીક નહી. અક્રૂરે એવેા વિચાર કરી જગત્ના કારણ ભૂત કૃષ્ણ પ્રત્યે બેાલ્યા. હે ભગવાન્ ! આ સ્યમંતકમણી ! શતધન્વા મને આપી ગયા છે. એ શતધન્વાના મૃત્યુ થવા પછી એ મણી આપ મારી પાસેથી

માંગી લેશો એમ સમજી ઘણા કષ્ટથી આજ દીન સુધી મેં એનું રક્ષણ કીધું છે. અતી કષ્ટથી એ રત્ન ધારણ કરી શકયો છું. એને ધારણ કરવા રૂપ કલેશથી મારું મન કોઈ પણ ઉપભોગમાં આસકત થયું નથી. એ રત્ન લીધા પછી મને કીંચીત્ માત્ર પણ સુખ મળ્યું નથી. ૬૨. પછી ભગવાન સમજ્યા કે આ પુરૂષ રાજ્યમાં ઉપકારી છે અને આ અલ્પ ભારવાળા પદાર્થને પણ ધારણ કરવાને સમર્થ ન થયો? એમ વિચારી મને એણે વાત નહીં કરી હશે. ૬૩. આ સ્યમંતકમણીને આપ ગ્રહણ કરો અથવા જેને ઇચ્છા હોય તેને આપો, એમ કહી અક્રૂરે વસ્ત્રમાં વિંટાળેલી એક નાની સોનાની ડબી કાઢી તે દાબડીમાંથી સ્યમંતકમણી બહાર કાઢી યાદવની સભામાં મૂકયો. તે મણી મુકતાંજ પોતાની કાંતીથી તમામ સભા પ્રકાશિત થઇ. ૬૪. ૬૫. અક્રૂર બોલ્યા મને શતધન્વાએ મણી આપ્યો હતો તે આ છે. એ મણી ઉપર જેનો અધિકાર હોય તે લ્યો. એમ જોઈને વિસ્મય પામેલા યાદવોના મુખમાંથી "ધન્ય છે, ધન્ય છે" એવા શબ્દ નિકળ્યા તે મણી જોઇને શ્રીકૃષ્ણે કહયું કે એની ઉપર મારો અધિકાર છે; વળી તે મણીમાં બળદેવની પણ ઇચ્છા થઈ; આ મારું પિતૃધન છે એમ કહી સત્યભામાને પણ એ મણી લેવાની ઇચ્છા થઈ; બળદેવ અને સત્યભામાનો મુખ સામું જોઇ શ્રીકૃષ્ણ સંદેહમાં પડયા અને મનમાં બોલ્યા. બળભદ્રને આપીશ તો સત્યભામા કોપાયમાન થશે અને સત્યભામાને આપીશ તો બળભદ્ર કોપાયમાન થશે. ૬૬. ૬૭. એમ સમજી કૃષ્ણે યાદવોની સમક્ષ અક્રૂરને કહ્યું. મારૂં કલંક દૂર કરવાને આ મણિ યાદવો ને બતાવ્યો એ સારૂં કર્યું. આ રત્નમાં બળદેવનો તથા મારો સરખો અધિકાર છે તેમજ એ સત્યભામાનું પિતૃધન પણ છે, બીજા કોઇનો એની ઉપર અધિકાર નથી. ૬૮. આ મણી જો કે પવિત્ર પણે અને બ્રહ્મચર્ય પાળી ધારણ કરશે તો સઘળા દેશ ઉપર ઉપકાર થશે; પરંતુ જો કોઇ અપવિત્ર પણે ધારણ કરશે તો તેનો નાશ થશે. ૬૯. માટે મેં સોળ હજાર સ્ત્રીઓની સાથે વિવાહ કર્યો છે, તેથી એ સ્યમંતકમણિ ધારણ કરવાને હું સમર્થ નથી. ૭૦. તો સત્યભામા પણ એનો સ્વિકાર કેમ કરી શકે? તેમજ આર્ય બળદેવ પણ મદિરાપાન વગેરેનો સંપુર્ણ ઉપભોગ શીરીતે ત્યાગ કરી શકશે? એટલા માટે હે દાનપતિ કુર! સર્વ યાદવ, બળભદ્ર, સત્યભામા અને હું અમે સઘળા તમારી પ્રાર્થના કરીએ છૈયે કે આપજ આ મણિ ધારણ કરવામા સમર્થ છો. આ અખિલ રાજ્યમાં ઉપકાર કરનારૂં રત્ન તમારૂંજ છે. એને તમે આગળની પેઠે ધારણ કરો, ના નહીં કહેશો. એ પ્રમાણે સાંભળી દાનપતી અક્રૂર "જેવી આપની આજ્ઞા" એમ કહી એ મણિ ધારણ કર્યો. તે દિવસથી તે એ મણીને પોતાના કંઠમાં બાંધી તેની કાંતીથી સૂર્ય સરખા પ્રતાપવાન્ થઇ સર્વની સન્મુખ ફરવા લાગ્યા. ૭૧. એ પ્રમાણે ભગવાન ઉપર

આવેલા મિથ્યા અપવાદનો નાશ કરનારૂં વૃતાંત જે કોઈ મનુષ્ય સાંભળશે સ્મરણ કરશે તેની ઉપર કદાપી મિથ્યાપવાદ આવશે નહીં અને તેની ઈંદ્રિઓની શક્તિ અકુંઠિત રહી સઘળા પાપમાંથી મુક્ત થશે. ૭૨.

इत्येतां भगवतो मिथ्याभि शस्तिक्षालनां यः स्मरति नतस्य कदाचिदल्पापि मिथ्याभिशस्तिर्भवति अव्याहतेंद्रियश्चाखिल-पापमोक्षमवाप्नोति ॥ ७२ ॥

इतिश्री विष्णुपुराणे चतुर्थ अंशे त्रयोदशो अध्याय संपूर्ण.

---

* અધ્યાય ૧૪ મો.

पराशर उवाच ॥ अनमित्रस्यानुजः शिनिर्नामाभवत्तस्यापि सत्यकः सत्यकात्सात्यकिर्युयुधाननामा ततोऽप्यसंगस्तत्पुत्रश्चत्रूणि-स्तृणेर्युगंधरइति शैनेयाः ॥ १ ॥

પરાશર કહેછે—અનમિત્રને શિનિ નામનો એક ભાઇ હતો તેને સત્યક નામનો પુત્ર થયો, સત્યકથી સાત્યકિ, એને યુયુધાન પણ કહે છે. તેનાથી અસંગ, તેનો તૃણિ, તેનો યુગંધર, એઓ બધા શૈનેય કહેવાયછે ૧. અનમિત્રના વંશમાં પ્રશ્નિ થયા, તેનાથી શ્વફલ્ક, તેનો પ્રભાવ આગળ કહી ગયા છીએ, તેને ચિત્રક નામનો એક નાનો ભાઇ હતો. શ્વફલ્કથી ગાંદિનીના ગર્ભથી અક્રૂર ઉત્પન્ન થયો. એ શિવાય શ્વફલ્કને એક સુતારા નામની કન્યા અને ઉપમંગુ મૃદુર, બીસારિમેજય, ગીરિક્ષત્ર, ઉપક્ષત્ર, શત્રુઘ્ન, અરિમર્દન, ધર્મધૃક, દ્રષ્ટશર્મ, ગંધમોક્ષ, અવાહ અને પ્રતિવાહ એ નામના પુત્રો થયા. અક્રૂરથી દેવવાન્ અને ઉપદેવ નામના બે પુત્ર થયા, શ્વફલ્કના બંધુ ચિત્રકને પૃથુ, વિપૃથુ વીગેરે અનેક પુત્રો થયા. ૨. સાત્વતના પુત્ર અંધકથી કુકુર, ભજમાન શુચિકંબલ અને બર્હિષ્ટ એ નામના ચાર પુત્ર થયા. ૩. કુકુરથી ધૃષ્ટ, તેનાથી કપોતરોમા, તેનાથી વિલોમા, તેનાથી તુંબરૂનો મિત્ર ભવ થયો, એનું બીજું નામ ચંદનોદક દુંદુંભી હતું, તેનાથી અભિજીત, તેનો પુનર્વસુ, તેનો આહુક નામનો પુત્ર અને આહુકા નામની કન્યા થઈ. આહુકને દેવક અને ઉગ્રસેન નામના બે પુત્ર થયા. દેવકથી દેવવાન્, ઉપદેવ, સુદેવ અને દેવરક્ષીત એ નામના ચાર પુત્ર થયા. અને

---

* ચૌદમા અધ્યાયમાં શૈનેયઆદિ વૃષ્ણિવંશનું વર્ણન તથા શિશુપાળની મુક્તિનું વર્ણન કરવામાં આવશે.

વૃકદેવા, ઉપદેવા દેવરક્ષીતા, શ્રીદેવા, શાંતિદેવા, સહદેવા અને દેવકી આ નામની સાત પુત્રી થઇ, એ સાતે કન્યાનો વિવાહ વસુદેવની સાથે કર્યો. ઉગ્રસેનને કંસ, ન્યગ્રોધ, સુનામા, કંક, શંકુ, સ્વભૂમિ, રાષ્ટ્રપાલ, યુદ્ધપાલ, યુદ્ધમુષ્ટિ અને તુષ્ટિમાન્, એ નામના પુત્ર થયા અને કંસા, કંસવતી, સુતનુ, રાષ્ટ્રપાલી અને કંકી એ નામની કન્યાઓ ઉત્પન્ન થઈ. ૪. ૫. ભજમાનથી વિદુરથ થયો, વિદુરથથી શૂર, તેનાથી શમી, શમીથી પ્રતિક્ષત્ર, તેનાથી સ્વયંભોજ, તેનાથી હૃદિક થયો. ૬. તેનાથી કૃતવર્મા, તેનાથી શતધનુ અને દેવમિઢુષ આદિ પુત્ર થયા. ૭. દેવમીઢુષનો શૂર, તેને મારિષ નામની પત્નિ હતી. ૮. તેને વિષે વસુદેવાદી દશ પુત્ર થયા. વસુદેવ ઉત્પન્ન થતાં તેને ત્યાં ભગવાન ઉત્પન્ન થવાના છે એમ દીર્ઘદૃષ્ટિથી જોઇને દેવતાઓએ સ્વર્ગ સંબંધી આનક અને દુદુંભી વાજીંત્ર વગાડયાં હતાં. ૯. તેથી તેને આનક દુંદુભિ એવું નામ આપ્યું છે. તેને દેવભાગ, દેવશ્રવા, અનાધૃષ્ટિ, કરૂંધક, વત્સપાલક, સૃંજય, શ્યામ, શમીક અને ગંડુષ એ નામના નવ ભાઇઓ હતા તથા પૃથા, શ્રુતદેવા, શ્રુતકીર્તી, શ્રુતશ્રવા અને રાજાધિદેવી એ નામની પાંચ બહેનો હતી. વસુદેવના પીતા શૂરને કુંતીભોજ નામનો એક સંતાન વગરનો મિત્ર હતો, તેને પૃથા નામની પુત્રિ દત્તક આપી; એ પૃથાના પાંડુરાજા સાથે લગ્ન કીધાં; તેને વિષે ધર્મ, ભીમસેન, અર્જુન, એ નામના ત્રણ પુત્ર ધર્મ, વાયુ અને ઈંદ્રથી થયા, તેમજ તેને વિવાહ કર્યા અગાઉ ભગવાન સૂર્યના પૂજનથી કર્ણ નામનો પુત્ર થયો. પૃથાની માદ્રિ નામની શોક હતી તેને વિષે અશ્વિનીકુમારથી નીકુળ અને સહદેવ એ નામના બે પુત્ર થયા. વૃદ્ધશર્મા નામના પ્રસિદ્ધ કારુષ ક્ષત્રીએ શ્રુતદેવાની સાથે વિવાહ કર્યો. તેને વિષે દંતવક્ર નામનો મહા અસુર ઉત્પન્ન થયો. કૈકય રાજા શ્રુતકીર્તિને પરણ્યો તેને સંતર્દનાદી પાંચ પુત્ર થયા. અવંતીરાજા રાજાધિદેવીને પરણ્યો, તેનાથી વીંદ અને અનુવિંદ નામના બે પુત્ર થયા, ચેદીરાજા દમઘોષ શ્રુતશ્રવાને પરણ્યો તેને શિશુપાળ નામનો પુત્ર થયો, એ શિશુપાળ પૂર્વ જન્મમાં અનાચાર સંપન્ન પરાક્રમી દૈત્યાદિ પુરૂષ હિરણ્યકશિપુ હતો. ૧૧. એ હિરણ્યકશિપુ અખિલ જગત્‌ના ગુરૂ વિષ્ણુ ભગવાનને હાથે મરાયો, તે બીજે જન્મે વીર્ય શૌર્ય સંપત્તિ અને પરાક્રમ આદિ ગુણોથી પરીપૂર્ણ અને પોતાના પ્રતાપથી ત્રૈલોક્યાધિપતિને આક્રમણ કરનાર દશાનન રૂપથી ઉત્પન્ન થયો. ૧૨. એ રાવણે ઘણા કાળ સુધી અનેક પ્રકારનો ઉપભોગ કરી છેવટે ભગવાનના હાથથી મરણ પામી દમઘોષ પુત્ર શિશુપાળ રૂપે જન્મ્યો. ૧૩. એ શિશુપાળ પૃથ્વીનો ભાર નાશ કરવાને માટે અંશથી ઉત્પન્ન થયેલા ભગવાન પુંડરીકાક્ષ શ્રીકૃષ્ણની સાથે દ્વેષ કરવા લાગ્યો. તેથી ભગવાને તેને માર્યો. તેનું ભગવાનમાં એકાગ્રચિત્ત હોવાથી સાયુજ્ય મુક્તિ પામ્યો. ૧૪. જે પ્રમાણે ભગવાન પ્રસન્ન થવાથી મન

વાંચ્છિત વસ્તુ આપે છે તે પ્રમાણે અપ્રસન્ન થઈ વિનાશ કરતી વખતે પણ દિવ્ય અનુપમ સ્થાન આપેછે. ૧૫.

भगवान् हि प्रसन्नो यथाभिलषितं ददाति अप्रसन्नोपि निघ्नन् दिव्यमनुपमस्थानं प्रयच्छति ॥ १५ ॥

ઇતિ શ્રી વિષ્ણુપુરાણે ચતુર્થઅંશે ચંતુર્દશો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૧૫ મો.

मैत्रेय उवाच ॥ हिरण्यकशिपुत्वे च रावणत्वे च विष्णुना ॥ अवाप निहतो भोगानप्राप्यानमरैरपि ॥ १ ॥

મૈત્રેય કહેછે—હે ભગવાન્! પૂર્વે હિરણ્યકશિપુના તથા રાવણના જન્મમાં શ્રીવિષ્ણુએ તેનો વધ કર્યો તેથી તે દૈત્યોને દેવતાઓને પણ દુર્લભ એવું ઐશ્વર્ય પ્રાપ્ત થયું. ૧. પરંતુ ભગવાનને હાથે મરણ પામ્યા છતાં તે જન્મમાં તેઓને મુક્તિ કેમ ન મળી? અને શિશુપાળના જન્મમાં શ્રીવિષ્ણુએ વધ કરવાથી તેને સાયુજ્ય મુક્તિમળી તેનું શું કારણ? ૨ હે ધર્મજ્ઞ! એ મારે શ્રવણ કરવાની ઈચ્છાછે તે વિષયમાં હું કુતૂહળને વશ થઇ આપને પ્રશ્ન કરૂંછું તે મને કહો. ૩.

પરાશર કહેછે—હે મૈત્રેય! પ્રથમ દૈત્યેશ્વર હિરણ્યકશિપુનો વધ કરવાને માટે તમામ લોકની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરનાર ભગવાને અપૂર્વ નૃસિંહ સ્વરૂપ ધારણ કર્યું હતું. 'એ શ્રીવિષ્ણુ છે' એમ હિરણ્યકશિપુના મનમાં વિચાર આવ્યો ન હોતો. ૪. પરંતુ આ પ્રાણિ નિઃસીમ પુણ્યના યોગથી ઉત્પન્ન થયા છે, એમ સમજી રજો ગુણની પ્રેરણાથી તેની બુદ્ધિ મરણ વખતે નૃસિંહમાં એકાગ્ર કરી તેનું ધ્યાન કર્યું હતું. તેથી ભગવાન નૃસિંહના હાથથી મરણ થયા પછી રાવણનો જન્મ પામી ત્રૈલોક્યમાં સર્વથી અધિક ઐશ્વર્ય સહિત સંપત્તિ પ્રાપ્તથઇ હતી. ૫. પણ આદિ અંતરહિત પરબ્રહ્મ રૂપ ભગવાન શ્રીવિષ્ણુનો આશ્રય ન કરવાથી તેને સાયુજ્ય મુક્તિ મળી નહીં. ૬. ત્યારપછી રાવણના જન્મમાં પણ તે કામવશ થઇ તેનું ચિત્ત જનકીમાં આસક્ત થયું હતું તે વખતે દશરથના પુત્ર શ્રીરામચંદ્રનું સ્વરૂપ ધારણ કરી શ્રીવિષ્ણુએ તેને દર્શન આપ્યું. પરંતુ 'આ શ્રીરામચંદ્ર સ્વયં વિષ્ણુ છે.' એમ તેના મનમાં આવ્યું નહીં અને અંતકાળ વખતે તેની બુદ્ધિ 'આ કોઈ ઉત્તમ મનુષ્ય છે' એમ થઈ હતી. ૭. તેથી ભગવાનને હાથે મરણ પામ્યો છતાં તેની મુક્તિ થઇ નહીં. પણ ભગવાનના હાથથી મૃત્યુ થવાથી તમામ

---

* આ પંદરમા અધ્યાયમા શિશુપાળની મુક્તિની ઉત્પત્તિ કહેવાશે.

ભૂમંડળમાં પશંસનીય એવા ચેદિરાજના કુળમાં શિશુપાળ રૂપે ઉત્પન્ન થઈ અખંડ ઐશ્વર્યનો લાભ મેળવ્યો. ૮. એ શિશુપાળ રૂપથી અવતરી તે વખતે (કંસવધાદિ). અનેક કારણથી ભગવાનના અનેક નામનું તેને સ્મરણ થયું; તેમજ અનેક જન્મથી વૃદ્ધિ પામેલા દ્વેષથી તેનું અંતઃકરણ ભગવાનમાં વ્યાપ્ત થયું તેથી શિશુપાળ શ્રીકૃષ્ણની નિંદા કરતાં અને તિરસ્કાર કરતાં તેના પ્રસંગથી પૂર્વોક્ત કારણને લીધે પડેલાં નામોનો ઉચ્ચાર કરતો હતો. ૯. તથા તેના હૃદયામાં ભગવાન સાથે અત્યંત વધિગયેલા દ્વેષથી ચાલતાં ભોજન કરતાં, સ્નાનકરતાં, બેસતાં, શયન કરતાં વગેરે સઘળી અવસ્થામાં પ્રફુલ્લ કમળ સરખાં નેત્રવાળા, અત્યંત ઉજવળતેજસ્વી પીતાંબરધારી, સ્વચ્છ મોરમુકુટથી સુશોભિત, ચતુર્ભુજ, શંખ, ચક્ર, ગદા, અસિ, આદિ શસ્ત્રને ધારણ કરનાર શ્રીકૃષ્ણનું સ્વરુપ તેના અંતઃકરણથી જરાપણ દૂર થતું ન હોતું. ૧૦. નિંદા કરતી વખતે પણ તેના નામના ઉચ્ચાર, શ્રીકૃષ્ણનું ધ્યાન અને પ્રતિક્ષણ ભગવાનનેજ જોવા લાગ્યો. છેવટે મારો વધ કરવાને માટે શ્રીકૃષ્ણે મારી ઉપર ચક્ર ફેંક્યું છે અને એ ચક્રના પ્રકાશમાન કીરણ સમૂહના તેજમાં નિર્મળ પ્રકાશ માન રાગ દ્વેષાદિથી રહિત પરબ્રહ્મ વિરાજમાન છે એમ શિશુપાળે જોયું. ૧૧. એ પ્રકારે શિશુપાળને માનસિક ભાવના થઈ તે વખતે ભગવાને ચક્ર મુકીને તેનો વધ કર્યો. તે કારણથી તથા પરમાત્માના સ્મરણથી તેના સઘળા પાપ નાશ પામી શ્રી કૃષ્ણને હાથે તેનું મરણ થવાથી તે શિશુપાળ ભગવાનમાં લય પામી ગયો. એ સઘળું વત્તાંત મેં તને કહ્યું. હે મૈત્રેય! દ્વેષથી પણ જો ભગવાનના નામનું સમરણ કરે છે તો તેને દેવ, દૈત્ય આદિને દુર્લભ એવું ફળ મળે છે તો ઉત્તમ પ્રકારે ભક્તિયુક્ત થઇ ભગવાનનું સ્મરણ કરે તેને સર્વોત્તમ ફળ મળે તેમાં શું આશ્ચર્ય ? ૧૨. આનકદુંદુભી વસુદેવને પૌરવી રોહિણી, મદિરા, ભદ્રા, વૈશલી, દેવકી વગેરે ઘણી સ્ત્રીઓ હતી. ૧૩. વસુદેવને રોહિણીના ગર્ભથી બળરામ, શારણ, શઠ અને દુર્મદ આદિ પુત્ર થયા. બળભદ્રને પણ પોતાની રેવતી નામની સ્ત્રીને વિષે નિશઠ અને ઉલ્મુક નામના બે પુત્ર થયા. શારણની માર્ષ્ટિ, માર્ષ્ટિમાન, શિશુ અને સત્યધૃતિ આદિ પુત્રો થયા. ભદ્રાશ્વ, ભદ્રબાહુ, દુર્મદ અને દુર્ગમભૂત વગેરે રોહિણીના કુળમાં ઉતપન્ન થયા. ૧૪. નંદ, ઉપનંદ, કૃતક આદિ મદિરાને પુત્ર થયા તથા ઉપનિધિ, ગદ વગેરે ભદ્રાના ગર્ભથી ઉત્પન્ન થયા. વસુદેવથી વૈશળિને વિષે કૌશિક નામનો એકજ પુત્ર થયો. દેવકીના ગર્ભથી કીર્ત્તિમાન, સુષેણ, ઉદાયિ, ભદ્રસેન, ઋજુદાસ અને ભદ્રદેહ એ નામના છ પુત્ર થયા. ૧૫. પરંતુ એ સઘળાને કંસે મારી નાંખ્યા પછી ભગવાને મોકલેલા સાતમા ગર્ભને યોગ માયાએ દેવકીના ગર્ભથી આકર્ષણ કરી રોહિણીના ઉદરમાં સ્થાપન કર્યો. ૧૬. દેવકીના ગર્ભથી તેનું આકર્ષણ કર્યું માટે તેનું નામ સંકર્ષણ પડયું. ૧૭. ત્યારપછી અખિલ જગત્રૂપ મહાવૃક્ષના મૂળભૂત, ભૂત,

ભવિષ્ય અને વર્ત્તમાનકાળના તમામ દેવ, દૈત્ય, ઋષિ તથા મનુષ્યોના હૃદયથી અગોચર, આદિ મધ્યાંત રહિત, ભગવાન શ્રી વિષ્ણુએ બ્રહ્મદેવ તથા અગ્નિ આદિ દેવતાઓએ પૃથ્વીનો ભાર ઉતારવા માટે પ્રાર્થના કરવાથી દેવકીના ગર્ભમાં અવતાર ધારણ કર્યો. ૧૮. અને ભગવાનની કૃપાથી જેનાં સન્માન અને મહાત્મ્યની વૃદ્ધિ થઇ છે એવી યોગ માયાએ પણ નંદ નામના ગોપની પત્નિ યશોદાના ગર્ભમાં નિવાસ કર્યો. ૧૯. પછી શ્રીકૃષ્ણનો જન્મ થયો ત્યારથી જગત્માં અધર્મનષ્ટ થયો, સૂર્ય, ચંદ્રાદિગ્રહો શોભાયમાન થયા, હિંસ્ર જંતુનો ભય દૂર થયો અને તમામ લોક સ્વસ્થ અંતઃકરણવાળા થયા. ૨૦. ભગવાને જન્મ લઇ અખિલ જગત્ને સત્કાર્યમાં પ્રવર્ત્તિત કર્યું મૃત્યુ લોકમાં અવતરેલા ભગવાનને સોળ હજાર એકસો પત્નિ હતી. તેઓમા રૂકિમણી, સત્યભામા, જાંબુવતી, જલહાસિની આદિઅષ્ટ પટરાણી મુખ્ય હતી. આદિ મધ્યરહિત ભગવાને તે સ્ત્રીઓ થકી એક લાખ એંશી હજાર પુત્ર ઉત્પન્ન કર્યા. ૨૧. તે પુત્રોમાં પ્રદ્યુમ્ન, ચારૂદેષ્ણ, સાંબ આદિ તેર પુત્ર મુખ્ય હતા. પ્રદ્યુમ્ને (રૂકિમણીના ભાઇ) રૂકમીની પુત્રિ કુમુદ્વતી સાથે વિવાહ કર્યો. તેનાથી અનિરૂદ્ધ નામનો પુત્ર થયો. અનિરૂદ્ધે રૂકમીના પુત્રની પુત્રી સુભદ્રા સાથે વિવાહ કર્યો તેનાથી વજ્ર નામનો પુત્ર થયો. ૨૧. વજ્રનો પુત્ર પ્રતિબાહુ, તેનો સુચારૂ થયો. એ પ્રકારે અનેક સો, હજાર પુરૂષોથી સુશોભિત યદુ કુળની સંખ્યા એકસો વર્ષે પણ ગણતાં પુરી ન થાય તેટલી થઈ. એ વિષયમાં બે શ્લોક અદ્યાપી કહેવાય છે. ૨૨. "જેના ઘરમાં યાદવ કુળના કુમારોને ધનુર્વિદ્યાનું શીક્ષણ આપવામાં ત્રણ કરોડ અઠાસી હજાર શીક્ષકો આસક્ત રહેતા હતા. મહાત્મા યાદવોની ગણના કરવામાં કોણ સમર્થ છે? એ યાદવોની સંખ્યા લાખ અયુત અર્થાત્ એકસો દશ કરોડથી પણ અધિક હતી." ૨૩–૨૪ હેમૈત્રેય! પૂર્વે દેવ તથા દૈત્યના થયેલા સંગ્રામમાં દેવતાઓએ જે મહાન્ બળવાન દૈત્યોને માર્યા હતા તે આ વખતે મનુષ્યમાં જન્મ લઇ લોકોને ઉપદ્રવ કરવા માટે યદુ વંશમાં ઉત્પન્ન થયા હતા. ૨૫. તેનો નાશ કરવા માટે જેના એકસો એક કુળ છે એવા યદુ વંશમાં શ્રીકૃષ્ણએ અવતાર ધારણ કર્યો. ૨૬. એ યાદવોના કાર્ય, નિયમ અને પાલનમાં શ્રીકૃષ્ણજ તેઓના પ્રભુ હતા અર્થાત્ સઘળા યાદવો શ્રીકૃષ્ણની આજ્ઞાનું પાલન કરતા હતા. ૨૭. જે મનુષ્ય આ યદુ વીરોની ઉત્પત્તિની કથા નિરંતર શ્રવણ કરેછે તે સઘળા પાપમાંથી મુકત થઇ વિષ્ણુ લોકમાં જાયછે. ૨૮.

प्रसूतिं वृष्णिवीराणां यः शृणोति नरः सदा ॥
स सर्वपातकैर्मुक्तो विष्णुलोकं प्रपद्यते ॥ २८ ॥

ઇતીશ્રી વિષ્ણુપુરાણે ચતુર્થ અંશે પંચદશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૧૬ મો.

पराशर उवाच॥इत्येष समासतस्ते कथितस्तुर्वसोर्वंशमवधारय तम्१

પરાશર કહેછે—એ પ્રમાણે તને યદુવંશનું વર્ણન સંક્ષેપથી કહ્યું. હવે (યયાતિપુત્ર) તુર્વસુનો વંશ શ્રવણ કર. ૧. તુર્વસુનો પુત્ર વન્હિ, વન્હિનો ગોભાનુ, તેનાથી ત્રૈશાંબ, તેનાથી કરંધમ અને તેનાથી મરુત્ નામનો પુત્ર થયો, એ મરુત્ને સંતતી નહોતી તેથી તેણે પુરૂ વંશના દુષ્યંત ને પોતાના પુત્ર રૂપે માન્યો; એ પ્રમાણે યયાતિના શાપથી તેનો વંશ પૌરવ વંશમાં મળ્યો. ૨.

तुर्वसोर्वन्हिरात्मजो वन्हेर्गोभानुस्ततश्च त्रैशांबस्तस्माच्च करंधमः ॥ तस्मादपि मरुतः सोऽनपत्योऽभवत् ॥ ततश्च पौरवं दुष्यंतं पुत्रमकल्पयदेवं ययातिशापातद्वंशः पौरवं वंशमाश्रितवान् २

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ચતુર્થ અંશે ષોડશો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૧૭ મો.

पराशर उवाच ॥ द्रुह्योस्तु तनयो बभ्रुस्ततः सेतुपुत्र आरद्वान्नाम तदात्मजो गांधारस्ततो धर्मो धर्माद्धृतो धृताद्दुर्गमः ॥ ततः प्रचेताः प्रचेतसः पुत्रशतम् ॥ अधर्मबहुलानां म्लेच्छानामुदीच्यादीनामाधिपत्यमकरोत् ॥ १ ॥

પરાશર કહેછે— (શર્મિષ્ઠાના પુત્ર) દ્રુહ્યથી બભ્રુ નામનો પુત્ર થયો, તેનાથી સેતુ, સેતુથી આરદ્વાન, તેનો પુત્ર ગાંધાર, તેનાથી ધર્મ, ધર્મથીધૃત, ધૃતથી દુર્ગમ અને દુર્ગમથી પ્રચેતા, એ પ્રચેતાથી સો પુત્ર થયા તેઓ અધર્મ પ્રચુર ઉત્તર તરફના મ્લેચ્છ દેશોના અધિપતિ થયા. ૧.

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ચતુર્થ અંશે સપ્તદશો અધ્યાય સંપૂર્ણ.

---

* આ સોળમા અધ્યાયમાં યયાતિનાપુત્ર તુર્વસુના વંશનું વર્ણન કરવામાં આવશે.

* આ સત્તરમા અધ્યાયમાં યયાતિના પુત્ર દ્રુહ્યનો વંશ સંક્ષેપથી કહેવાશે.

* અધ્યાય ૧૮ મો.

पराशर उवाच ॥ ययातेश्चतुर्थस्य पुत्रस्यानोः सभानरचाक्षुषपरमेक्षसंज्ञास्त्रयः पुत्रा बभूवुः ॥ सभानरपुत्रः कालानरः कालानरात्सृंजयः सृंजयात्पुरंजयस्तस्माज्जनमेजयस्ततो महामणिस्तस्माच्च महामनास्तस्मादुशीनरतितिक्षू द्वौ पुत्रावुत्पन्नौ ॥ उशीनरस्यापिशिबिनृगनरकृमिदर्व्याख्याः पंच पुत्रा बभूवुः ॥

પરાશર કહેછે—યયાતિના ચોથા પુત્ર અનુથી સભાનર, ચાક્ષુષ અને પરમેક્ષ એ નામના ત્રણ પુત્ર થયા. સભાનરનો પુત્ર કાલાનર, કાલાનરથી સૃંજય, સૃંજયથી પુરંજય, તેનાથી મહામણિ, તેનાથી મહામના અને તેનાથી ઉશીનર તથા તિતિક્ષુ એવા બે પુત્ર થયા. ઉશીનરથી શિબિ, નૃગ, નર, કૃમિ અને દર્વી એ નામના પાંચ પુત્ર થયા. વૃષદર્ભ, સુવીર, કૈકય અને મદ્રક એ ચાર પુત્ર શિબિથી થયા. તિતિક્ષુનો પુત્ર ઉપદ્રથ. તેનો પુત્ર હેમ, તેનાથી સુતપા, સુતપાથી બલિ, એ બલિની સ્ત્રીને વિષે દીર્ઘતમા નામના ઋષિએ અંગ, બંગ, કલિંગ, સૂમહ અને પુંડ્ર એ નામના પાંચ ક્ષત્રિ પુત્ર નિર્માણ કર્યા. એ બલિના પાંચ પુત્રોના નામ ઉપરથી અંગ, બંગ આદિ પાંચ દેશોના નામ પડયાં છે. ૧. ૨. અંગનો પુત્ર દધિરથ, તેનો પુત્ર ધર્મરથ, તેનો ચિત્રરથ, તેનો દશરથ, એ દશરથને રોમપાદ પણ કહેછે. એ રોમપાદને કંઈ સંતતી નહોવાથી અજ રાજાના પુત્ર દશરથ રાજાએ પોતાની કન્યા શાંતા તેને પુત્રિ તરિકે આપી. ૩. ત્યાર પછી રોમપાદથી ચતુરંગ નામનો પુત્ર થયો. તેનાથી પૃથુલાક્ષ, તેનાથી જેણે ચંપાનામની નગરી વસાવી એવો ચંપ નામનો પુત્ર થયો. ૪. ચંપથી હર્યંગ, તેનાથી ભદ્રરથ. તેનાથી બૃહદ્રથ તથા બૃહત્કર્મા એવા બે પુત્ર થયા. બૃહત્કર્માથી બૃહદ્ભાનુ તેનાથી બૃહન્મના, તેનાથી જયદ્રથ, જયદ્રથે ક્ષત્રિથી બ્રાહ્મણીને વિષે ઉત્પન્ન થયેલા સૂત જાતિથી પોતાની સ્ત્રીને વિષે વિજય નામનો પુત્ર ઉત્પન્ન કર્યો. ૫. વિજયથી ધૃતિ, ધૃતિથી ધૃતવ્રત, તેનાથી સત્યકર્મા અને તેનાથી અધિરથ પુત્ર થયો. એ અધિરથને; કન્યા અવસ્થામાં કુંતાને ઉત્પન્ન થયેલા કર્ણને પેટિમાં મુકી ગંગામાં નાંખ્યો હતો તે મળ્યો. કર્ણનો પુત્ર બૃહત્સેન, એ અંગ નામના ક્ષત્રિ થયા. ૬. ૭. હવે પૂરુનો વંશ કહું છું તે શ્રવણ કર. ૮.

अतश्च पूरोर्वंशं श्रोतुमर्हसीति ॥ ८ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ચતુર્થ અંશે અષ્ટાદશો અધ્યાય સંપૂર્ણ.

* આ અઢારમા અધ્યાયમાં યયાતિના ચોથા પુત્ર અનુના વંશનું વર્ણન કરવામાં આવશે.

* અધ્યાય ૧૯ મો.

पराशर उवाच ॥ पूरोर्जनमेजयः पुत्रस्तस्यापि प्रचिन्वान्प्रचिन्वताः प्रवीरस्तस्मान्मनस्युर्मनस्योश्चाभयस्तस्यापि सुद्युम्नस्ततो बहुगवस्तस्य संयातिः संयातेरहंयातिस्ततो रौद्राश्वः ॥

પરાશર કહેછે—પૂરુનો પુત્ર જનમેજય, તેનાથી પ્રચિન્વાન, પ્રચિન્વાનથી પ્રવીર, તેનાથી મનસ્યુ, મનસ્યુથી અભય, તેનાથી સુદ્યુમ્ન, તેનાથી બહુગવ, તેનાથી સંયાતિ, સંયાતિથી અહંયાતિ, તેનાથી રૌદ્રાશ્વ, રૌદ્રાશ્વથી ઋતેયુ, કક્ષેયુ, સ્થંડિલેયુ, ધૃતેયુ, જલેયુ, સ્થલેયુ, સંતનેયુ, ધનેયુ અને વનેયુ એ નામના દસ પુત્ર થયા. ઋતેયુને રંતિનાર પુત્ર થયો. રંતિનારથી તંસુ, અપ્રતિરથ અને ધ્રુવ એ ત્રણ પુત્ર થયા. અપ્રતિરથથી કણ્વ, કણ્વથી મેધાતિથી, તેનાથી કણ્વાયન નામના બ્રાહ્મણ થયા. તંસુનો પુત્ર અનિલ અને અનિલથી દુષ્યંત આદિ ચાર પુત્ર થયા. દુષ્યંતથી સાર્વભૌમ ભરત થયા. એ ભરતના નામના વિષયમાં દેવતા લોક એક શ્લોક ગાયા કરે છે—" માતા (વીર્યરાખવાની) એક ચર્મની કોથળી છે (તેમાંથી ઉત્પન્ન થનારા) પુત્ર ઉપર પિતાનોજ અધિકાર છે; કારણ તે જેના (વીર્ય) થી ઉત્પન્ન થયો હોય તેનોજ કહેવાય છે; માટે હે દુષ્યંત ! તું (શકુંતલાને વિષે ઉત્પન્ન થયેલા) આ પુત્રનું ભરણ પોષણ (પાલન) કર અને શકુંતલા (નિર્દોષ હોવાથી તું તેનું અપમાન ન કર. હે નરનાથ ! ઔરસ પુત્ર પોતાના પિતાનો નરકથી ઉદ્ધાર કરેછે. (માટે પિતાએ તેનું પાલન કરવું યોગ્ય છે.) આ પુત્ર તમારોજ છે, શંકુતલાએ સત્ય કહ્યું છે. " ૧. ૨. ૩. ભરતની સ્ત્રીને નવ પુત્ર થયા, તે મારા સરખા નથી અર્થાત્ મારા નથી એમ ભરતે કહેવાથી ' રાજા અમારો ત્યાગ કરશે ' એવા ભયથી તે પુત્રોની માતાએ તેનો નાશ કર્યો ૪. ત્યારપછી પુત્રોનો જન્મ વ્યર્થ થવાથી પુત્રની ઇચ્છાવાળા ભરતે મરુત્સોમ નામનો યજ્ઞ કર્યો. તેમાં મરુદ્ગણોએ ચાંચના પ્રહારથી ગર્ભમાંથી બહાર કાઢેલા બૃહસ્પતીના વીર્યથી બૃહસ્પતીના જ્યેષ્ઠબંધુ ઉતથ્યની મમતા નામની સ્ત્રીને વિષે ઉત્પન્ન થયેલો ભરદ્વાજ નામનો પુત્ર આપ્યો. ૫. એ ભરદ્વાજના નામકરણના વિષયમાં એક શ્લોક કહેવાય છે. ૬. હે મૂઢે ! હે મમતા ! દ્વાજ (આપણ બેથી ઉત્પન્ન થએલા) આ પુત્રનું ભરણ (પોષણ) કર. એ પ્રમાણે બૃહસ્પતીનું વચન સાંભળી મમતા બોલી. હે બૃહસ્પતી ! આ દ્વાજ પુત્રનું ભરણ પોષણ આપ કરો. એમ પરસ્પર બોલી તે માતાપિતા ત્યાંથી

* આ ઓગણીશમા અધ્યાયમાં અનુક્રમથી પુરૂ વંશ કહેવાશે જેમાં દુષ્યંત તથા ભરતના ચરિત્રનું વર્ણન કરવામાં આવશે જે ભરતના નામથી ભરત ખંડ એવું નામ પડ્યું છે.

ચાલી ગયા. તેથી તેનું નામ ભરદ્વાજ પડયું. ૭. ભરતના પુત્રના જન્મ વિતથ (વ્યર્થ) થવાથી મરુદ્ગણોએ એ ભરદ્વાજને પુત્રરૂપે ભરતને આપ્યો તેથી તેનું નામ વિતથ પાડયું. ૮. વિતથને ભવન્મન્યુ નામનો પુત્ર થયો. ભવન્મન્યુથી બૃહત્ક્ષત્ર, મહાવીર્ય, નર અને ગર્ગઆદિ પુત્ર થયા. નરનો પુત્ર સંકૃતિ, સંકૃતિથી રુચિરથ તથા રંતીદેવ એ બે પુત્ર થયા. ગર્ગથી શિનિ, શિનિથી ગાર્ગ્ય અને શૈન્ય નામના ક્ષત્રોપેત બ્રાહ્મણ થયા. ૯. મહાવીર્યથી ઉરુક્ષય નામનો પુત્ર થયો. તેનાથી ત્રય્યારુણ, પુષ્કરી અને કપિએ ત્રણ પુત્ર થયા. એ ત્રણે પછીથી બ્રાહ્મણ થયા. બૃહત્ક્ષત્રથી સુહોત્ર અને સુહોક્ષત્રથી હસ્તિનર પુત્ર થયો. તેણે હસ્તિનાપૂર વસાવ્યું હસ્તિનરને અજમીઢ, દ્વિમીઢ અને પુરુમીઢ એ ત્રણ પુત્ર થયા. અજમીઢથી કણ્વ, કણ્વથી, મેધાતિથી, એ મેધાતિથીથી કાણ્વાયન બ્રાહ્મણ થયા. ૧૦ અજમીઢનો બીજો પુત્ર બૃહદ્દિષુ, તેનાથી બૃહદ્ધનુ, તેનાથી બૃહત્કર્મા, તેનો પુત્ર જયદ્રથ, તેનો વિશ્વજીત, તેનાથી સેનજીત, સેનજીતથી રુચિરાશ્વ, કાશ્ય, દૃઢધનુ અને વત્સહનુ એ ચાર પુત્ર થયા. તેમાં રુચિરાશ્વથી પૃથુસેન, તેનાથી પાર, પારનો પુત્ર નીપ, તેને સો પુત્ર થયા. તેમાં કાંપિલ્ય નગરનો અધિપતિ સમર મુખ્ય હતો. ૧૧. સમરને પાર, સમપાર અને સદશ્વ, એ ત્રણ થયા. પારનો પુત્ર પૃથુ, પૃથુનો સુકૃતિ, તેનો વિભ્રાજ વિભ્રાજથી અનુહ થયો. તેણે શુક કન્યા કીર્ત્તિ સાથે વિવાહ કર્યો. ૧૨. અનુહથી બ્રહ્મદત્ત, તેનો વિશ્વક્સેન, તેનાથી ઉદક્સેન, તેનો ભલ્લાટ, તેનો દ્વિમીઢ તેનો યવીનર, તેનો ધૃતિમાન, તેનો સત્યધૃતિ, તેનાથી દ્રઢ નેમી, તેનાથી સુમતિ, તેનાથી સન્નતિમાન્ અને તેને કૃત નામનો પુત્ર થયો. એ કૃતે હિરણ્યનાભ પાસે યોગ્યશાસ્ત્ર શીખી પ્રાચ્ય સામગની ચોવીસ સંહિતા બનાવી. ૧૩. કૃતનો પુત્ર ઉગ્રાયુધ થયો, તેણે નીપ વંશના ક્ષત્રિઓનો વાશ કર્યો. ૧૪. ઉગ્રાયુધનો પુત્ર ક્ષેમ્ય, તેનાથી સુવીર, તેનાથી નૃપંજય અને નૃપંજયને બહુરથ નામનો પુત્ર થયો. એ પ્રમાણે પૂરુવંશના રાજા થયા. અજમીઢને નીલિની નામની એક સ્ત્રી હતી. તેના ગર્ભથી નીલ નામનો પુત્ર થયો. તેનાથી શાંતિ, શાંતિથી સુશાંતિ, તેનાથી પુરુજાનું, તેનાથી ચક્ષુ, ચક્ષુથી હર્યશ્વ, હર્યશ્વથી મુદ્ગળ, સૃંજ, બૃહદ્દિષુ, પ્રવીર અને કાંપિલ્ય એવા પાંચ પુત્ર થયા. તેના પિતાએ 'આ મારા પાંચ પુત્રો મારા પાંચ દેશનું રક્ષણ કરશે' એ પ્રમાણે કહ્યું તેથી તેનું નામ 'પાંચાલ' પડયું ૧૫. મુદ્ગલથી મૌદ્ગલ્ય નામના ક્ષત્રિયત્વસંપન્ન બ્રાહ્મણ થયા. મુદ્ગલનો પુત્ર વૃદ્ધશ્વ, તેને દિવોદાસ પુત્ર તથા અહલ્યા નામની પુત્રી થઇ. અહલ્યાના ગર્ભથી ગૌતમને શતાનંદ નામનો પુત્ર થયો. શતાનંદથી ધનુર્વેદમાં પારાંગત એવો સત્યધૃતિ પુત્ર થયો. એક દિવસ અપ્સરાઓમાં શ્રેષ્ઠ ઉર્વશીને જોઈ સત્યધૃતિનું વીર્ય સ્ખલિત થઈ શરના ગુચ્છમાં પડયું. ૧૬. એ વીર્યના બે ભાગ થઈ તેમાથી એક પુત્ર અને એક કન્યા ઉત્પન્ન થઈ. તે વખતે શાંતનું

રાજા શિકાર રમવાને માટે વનમાં ગયા હતા તેણે એ પુત્ર તથા પુત્રિને કૃપા પૂર્વક ગ્રહણ કર્યાં. તેથી પુત્રનું નામ કૃપાચાર્ય અને પુત્રિનુ નામ કૃપી એવું પડયું. એ કૃપી દ્રોણાચાર્યની સ્ત્રી અને અશ્વત્થામાની માતા થઇ. દિવોદાસથી મિત્રયું, મિત્રયુથી રાજાચ્યવન. ચ્યવનથી સુદાસ, તેનાથી સૈાદાસ, તેનું બીજુ નામ સહદેવ હતું. તેનાથી સેામક, સેામકને સેા પુત્ર થયા, તેમાં જંતુ જ્યેષ્ઠ પુત્ર અને પૃષત કનીષ્ઠ પુત્ર હતેા. પૃષતથી દ્રુપદ, દ્રુપદથી દ્રષ્ટદ્યુમ્ન, દ્રષ્ટદ્યુમ્નથી ધૃષ્ટકેતુ નામનેા પુત્ર થયેા. અજમીઢને ઋક્ષનામનેા બીજો પુત્ર હતેા ઋક્ષથી સંવરણ અને સંવરણથી કુરૂ નામનેા પુત્ર થયેા. તેણે કુરુક્ષેત્ર નામનુ પેાતાને રહેવાનું ધર્મક્ષેત્ર વસાવ્યું. ૧૭. ૧૮. કુરુથી સુધનુ, જન્હુ, પરિક્ષિત વગેરે પુત્રેા થયા, સુધનુથી હેાત્ર, તેનાથી ચ્યવન, તેનાથી કૃતક; તેનાથી ઉપરીચર એ નામથી પ્રસિધ્ધ વસુ નામનેા પુત્ર થયેા. વસુથી બહદ્રથ, કુશાંબ, માવેલ્લ, મત્સ્ય અદ્રિસાત પુત્રેા થયા. બહદ્રથથી કુશાગ્ર, તેનેા પુત્ર ઋષભ, ઋષભથી પુષ્પવાન, તેનાથી સત્યધૃત, તેનાથી સુધન્વા અને સુધન્વાનેા જંતુ નામનેા પુત્ર થયેા. બૃહદ્રથને જરાસંધ નામનેા બીજો પુત્ર હતેા. તેનેા જન્મ થયેા તે વખતે તેના શરીરના બે ભાગ થયા હતા. તે બે ખંડને જરા નામની રાક્ષસીએ જોડી દીધા તેથી તેનું નામ જરાસંધ પડયું જરાસંધનેા સહદેવ; તેનેા સેામાપિ અને સેામાપિથી શ્રુતશ્રવા થયેા. એ પ્રકારે માગધ દેશના રાજાઓ થઈ ગયા છે. ૧૯.

बृहद्रथाच्चान्यः शकलद्वयजन्मा जरया संधितो जरासंधनामा तस्मात्सहदेवस्ततः सोमापिस्ततः श्रुतश्रवा इत्येते मागधा भूभृतः॥१९॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ચતુર્થ અંશે એકેાનવિંશેા અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૨૦ મેા.

पराशर उवाच ॥ परिक्षितो जनमेजयश्रुतसेनोग्रसेनभीमसेनाश्चत्वारः पुत्राः ॥१॥

પરાશર કહેછે—પરિક્ષિતથી જનમેજય, શ્રુતસેન, ઉગ્રસેન અને ભીમસેન નામના ચાર પુત્ર થયા.૧. કુરૂપુત્ર જન્હુથી સુરથ નામનેા પુત્ર થયેા. ૨. તેનેા વિદૂરથ, તેનેા સાર્વભૌમ, તેનાથી જયસેન, તેનાથી આરાવી, તેનાથી અયુતાયુ, તેનાથી અક્રોધન, અક્રોધનથી દેવાતિથી અને દેવાતિથી ઋક્ષ થયેા. ૩. ઋક્ષથી ભીમસેન,

* આ વીશમા અધ્યાયમાં પરાશર પેાતાના પુત્ર વ્યાસથકી ધૃતરાષ્ટ્ર આદિ ઉત્પન્ન થયા છે એવા કુરૂવંશનું કથન કરશે.

તેનો પુત્ર દિલીપ, દિલીપથી પ્રતીપ, પ્રતીપથી દેવાપિ, શાંતનું અને બાલ્હિક એ ત્રણ પુત્ર થયા. દેવાપિ બાલ્યાવસ્થાથી વનમાં જઇને રહ્યો. ૪. તેથી શાંતનું રાજા થયો. એ શાંતનુંના સંબંધમાં પૃથ્વી ઉપર એક શ્લોક કહેવાય છે–" શાંતનું રાજા વૃધ્ધને પોતાના હાથથી સ્પર્ષ કરે તો તેને તારુણ્ય અવસ્થા પ્રાપ્ત થતી હતી અને તેના સ્પર્ષથી જીવ ગણો ને અત્યુત્તમ શાંતિથતી હતી. " માટે તેનું તામ શાંતનુ પડયું હતું. ૫. તે શાંતનુના રાજ્યમાં બાર વર્ષ સુધી વર્ષાદ્ધ થયો નહીં, ૬. તેથી તમામ દેશનો વિનાશ થશે એમ જોઈ રાજાએ બ્રાહ્મણોને પુછ્યું કે " મારા રાજ્યમાં વર્ષાદ્ધ કેમ થતો નથી ? મારો શું અપરાધ છે ? " તે સાંભળી બ્રાહ્મણો બોલ્યા. ' આ પૃથ્વી આપના જ્યેષ્ઠ ભાઈની છે છતાં તે આપ ભોગવોછો તેથી આપ પરિવેત્તા કહેવાયા. એ દોષથી વર્ષાદ્ધ થતો નથી. ' ત્યારપછી શાંતનુ એ ફરીથી પુછ્યું. ' હવે મારે શું કરવું યોગ્ય છે ? ' તે સાંભળી બ્રાહ્મણો બોલ્યા. ' જ્યાં સુધી તમારા જ્યેષ્ઠ બંધુ દેવાપિ પતિત આદ્ધિ દોષથી યુકત ન થાય ત્યાં સુધી આ રાજ્ય તેનેજ મળવું યોગ્ય છે. એટલા માટે આ રાજ્ય તેને આપો. ' એ પ્રમાણે સાંભળી શાંતનુના મંત્રીએ અરણ્યમાં દેવાપિનીપાસે વેદવચનો અસત્ય છે એમ બોલનારાઓને મોકલ્યા. ૭. એ વેદ વિરૂદ્ધ વક્તાઓએ અતિ સરળ બુદ્ધિવાળા રાજપુત્ર દેવાપિની બુદ્ધિને વેદવિરુદ્ધ માર્ગે અનુસરનારી કરી. ૮. અહીં શાંતનુ રાજા બ્રાહ્મણોના વચનથી અત્યંત દુઃખી અને શોક યુકત થઇ બ્રાહ્મણોને આગળ કરી દેવાપિને રાજ્ય આપવાને માટે વનમાં ગયો. ત્યાં સઘળા દેવાપિના આશ્રમમાં જઇ બ્રાહ્મણોએ દેવાપિને વેદ વચન યુકત એવી વાણીથી કહ્યું, કે ' મોટા ભાઇનેજ રાજ્ય કરવું ઉચિત છે' એ પ્રમાણે વેદ વાકયને અનુસરી અનેક વચનો કહ્યાં તે વખતે દેવાપિ પણ યુકિત દૂષિત તથા વેદ વાકય વિરૂદ્ધ અનેક પ્રકારના વચનો બોલ્યો. તે સાંભળી બ્રાહ્મણોએ શાંતનુને કહ્યું. હે રાજા ! આ વિષયમાં દુઃખી થવાની કંઈ પણ જરૂર નથી, આપ પાછા ચાલો અનાવૃષ્ટિ રુપ દોષ નાશ પામ્યો, કારણ આ તમારો મોટો ભાઈ અનાદિકાળથી પૂજીત વેદ વાકયને દૂષણ આપવાથી પતિત થયો છે; માટે એ તારો જ્યેષ્ઠ બંધુ પતિત હોવાથી તને પરિવેત્તા દોષ લાગુ પડતો નથી. એ પ્રમાણે સાંભળી શાંતનુરાજા પોતાના નગરમાં આવી ફરીથી રાજ્ય કરવા લાગ્યો અને તેના જેષ્ઠ બંધુએ વેદ વચન વિરુદ્ધ ઉચ્ચાર કરવાથી દોષિત થયો હતો તેથી મેઘ રાજાએ સંપૂર્ણ ધાન્યને ઉત્પન્ન કરવા માટે જળની વૃષ્ટિ કરી. ૯. બાહ્લિકથી સોમદત્ત નામનો પુત્ર થયો. સોમદત્તથી ભૂરિ, ભૂરિશ્રવા અને શલ એ ત્રણ પુત્ર થયા. શાંતનુંને દેવનદી ગંગાના ગર્ભથી ઉદાર કીર્તિવાળો તમામ શાસ્ત્રને જાણનાર મહપરાક્રમી ભીષ્મ નામનો પુત્ર થયો. તથા સત્યવતી નામની બીજી સ્ત્રીના ગર્ભથી વિચિત્રવીર્ય અને ચિત્રાંગદ

નામના બે પુત્ર થયા; તેમાંથી ચિત્રાંગદ બાલ્યાવસ્થામાં ચિત્રાંગદ નામના ગંધર્વથી મરણ પામ્યો. વિચિત્રવીર્યએ કાશિરાજની કન્યા અંબીકા તથા અંબાલિકાની સાથે વિવાહ કર્યા; પરંતુ એ બન્નેની સાથે અત્યંત ઉપભોગ કરવાથી ક્ષીણ થઇ અકાળમાં ક્ષય રોગથી મરણ પામ્યો. ત્યારપછી સત્યવતીની આજ્ઞાથી મારા (પરાશરના) પુત્ર કૃષ્ણ દ્વૈપાયને (વ્યાસે) માતાના વચનનું ઉલ્લંઘન કરવું અયોગ્ય છે એમ વીચારી વિચિત્રવીર્યની સ્ત્રી અંબિકાને વિષે ધૃતરાષ્ટ્ર, અંબાલિકાને વિષે પાંડુ અને તેણે રાખેલી દાસીને વીષે વિદુર નામના પુત્ર ઉત્પન્ન કર્યા. ૧૦. ધૃતરાષ્ટ્ર એ ગાંધારીના ગર્ભથી દુર્યોધન, દુઃશાસન આદિ સો પુત્ર ઉત્પન્ન કર્યા, પાંડુનું પ્રજોત્પાદન સામર્થ્ય અરણ્યમાં એક હરણીના શાપથી નાશ થવાથી તેની પત્નિ પૃથાના ગર્ભથી ધર્મથી યુધિષ્ટર, વાયુથી ભીમસેન અને ઇંદ્રથી અર્જુન તેમજ તેની બીજી સ્ત્રી માદ્રિને વિષે અશ્વિનીકુમારથી નકુળ અને સહદેવ એમ મળી પાંચ પુત્ર થયા, તે પાંડવ કહેવાયા. તે પાંચ પાંડવથી દ્રૌપદીને વિષે પાંચ પુત્રો થયા. તેના નામ. યુધિષ્ટરથી પ્રતિવિંધ્ય, ભીમથી સુતસોમ, અર્જુનથી શ્રુતકીર્તિ, નકુળથી શતાનીક અને સહદેવથી શ્રુતકર્મા. પાંડવોને બીજા પણ કેટલાક પુત્રો બીજી સ્ત્રીઓમાં થયા હતા. તેના નામ યુધિષ્ટરથી યૌધેયી નામની સ્ત્રીને વિષે દેવકનામનો પુત્ર થયો, ભીમથી હિડંબાને વિષે જેની સર્વત્ર ગતી છે એવો ઘટોત્કચ પુત્ર થયો, સહદેવથી વિજયાને વિષે સુહોત્ર, નકુળથી કરેણુમતિને વિષે નિરમિત્ર, અને અર્જુનથી નાગકન્યા ઉલૂપીને વીષે ઈરાવાન તથા મણિપુરના રાજાની કન્યાને વીષે બભ્રુવાહન નામનો પુત્ર થયો. એ કન્યાને વિષે જે પુત્ર થશે તે મારોજ છે એવા ઉદ્દેશથી મણિપુરના રાજાએ પોતાની કન્યા અર્જુનને આપી હતી ૧૧. તેમજ અર્જુનથી સુભદ્રાને વિષે અભિમન્યુ નામનો પુત્ર થયો, જેણે બાલ્યાવસ્થામાં પોતાના અત્યંત બળ અને પરાક્રમ વડે શત્રુઓના યોદ્ધાઓનો પરાજય કર્યો. એ અભિમન્યુથી ઉત્તરાને વિષે પરિક્ષિત્ પુત્ર થયો. કૌરવોનો ક્ષય થતાં અશ્વત્થામાએ મુકેલા બ્રહ્માસ્ત્રથી એ પરિક્ષિત ગર્ભમાંજ દગ્ધ થયો હતો; પરંતુ સઘળા દેવ દૈત્યાદિ જેના ચરણ કમળમાં વંદન કરેછે જેણે પોતાની ઈચ્છાથીજ મનુષ્ય સ્વરૂપ ધારણ કર્યુ છે એવા ભગવાન શ્રીકૃષ્ણના પ્રભાવથી એ પુરીથી જીવતો થઈ પરિક્ષિત નામથી પ્રસીદ્ધ થયો. ૧૨. તે હમણા ઉત્તર કાળના (મોક્ષના) પુળને બાધ ન આવે એવી રીતે અખિલ ભૂમંડળનું ધર્મ પ્રમાણે પાલન કરે છે. ૧૩.

योऽयं सांप्रत मेतद्भूमंडलमखंडितायति धर्मेण पालयतीति ॥१३

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ચતુર્થ અંશે વીશમો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૨૧ મો.

पराशर उवाच ॥ अतःपरं भविष्यानहं भूपालान्कीर्तयिष्ये योऽयं सांप्रतमवनीपतिस्तस्यापि जनमेजयश्रुतसेनोग्रसेनभीमसेनाः पुत्राश्चत्वारो भविष्यंति ॥१॥

પરાશર કહેછે—અહીંથી ભવિષ્ય કાળમાં થનારા રાજાઓનું કથન કરૂંછું. હમણા જે રાજા છે તેને જન્મેજય, શ્રુતસેન, ઉગ્રસેન અને ભીમસેન એવા ચાર પુત્રો થશે. ૧ જનમેજયથી શતાનીક નામનો પુત્ર થશે. તે યાજ્ઞવલ્ક્ય પાસે વેદાધ્યયન કરી તથા કૃપાચાર્ય પાસે અસ્ત્ર વિદ્યા શીખી અંતઃકરણના તમામ વિષયમાં વૈરાગ્ય ઉત્પન્ન થવાથી શૌનકના ઉપદેશ વડે આત્મવિદ્યાના તત્વને જાણી મોક્ષ પામશે. ૨. શતાનીકથી અશ્વમેધદત્ત પુત્ર થશે. તેનાથી અધિસીમકૃષ્ણ અને તેનાથી નિચક્નુ પુત્ર થશે. તે જ્યારે ગંગાના પ્રવાહમાં હસ્તિનાપુર તણાઈ જશે તે વખતે કૌશાંબીમાં જઇને નિવાસ કરશે. તેનાથી ઉષ્ણ નામનો પુત્ર થશે. ઉષ્ણથી ચિત્રરથ, તેનાથી શુચી, શુચિથી વૃષ્ણિમાન, તેનાથી સુષેણ, તેનો સુનીથ, સુનીથથી ઋચ, ઋચથી નૃચક્ષુ, તેનાથી સુખાવલ, તેનો પરિપ્લવ, તેનો સુનય, તેનો મેધાવી, તેનો નૃપંજય, તેનો મૃદુ, તેનો તિગ્મ, તિગ્મથી બૃહદ્રથ, તેનાથી વસુદાન અને તેનાથી બીજો શતાનીક થશે. ૩. શતાનીકથી ઉદયન, તેનાથી અહીન, તેનાથી ખંડપાણિ, તેનાથી નિરમિત્ર, અને નિરમિત્રથી ક્ષેમક નામનો પુત્ર થશે. તેના વિષયમાં એક શ્લોક છે—"બ્રાહ્મણ અને ક્ષત્રિઓની ઉત્પતિના કારણભૂત એવા રાજર્ષિઓએ સત્કાર કરેલા આ (સોમ) વંશ કળિયુગમાં ક્ષેમક નામનો રાજા થઈ ગયા પછી સમાપ્ત થશે." ૪.

ब्रह्मक्षत्रस्य यो योनिर्वंशो राजर्षिसत्कृतः ॥
क्षेमकं प्राप्य राजानं स संस्थां प्राप्स्यते कलौ ॥४॥

इतिश्री विष्णुपुराणे चतुर्थ अंशे एकवीशमो अध्याय संपूर्ण.

* અધ્યાય ૨૨ મો.

पराशर उवाच ॥ अतश्चेक्ष्वाकवो भविष्याः पार्थिवाः कथ्यंते बृहद्बलस्य पुत्रो बृहत्क्षण ॥१॥

પરાશર કહેછે—હવે ઇક્ષ્વાકુ વંશના ભવિષ્યમાં થનારા રાજાઓ કહુંછું,

* આ એકવીશમા અધ્યાયમાં ભવિષ્યમાં થનારા કુરૂવંશનું વર્ણન ક્ષેમક રાજા સુધી થશે.
* બાવીશમા અધ્યાયમાં ભવિષ્યમાં થનારા સોમવંશના રાજાઓનું વર્ણન થશે.

બૃહદ્બળનો પુત્ર બૃહત્ક્ષણ થશે. ૧. તેનાથી ઉરુક્ષેપ, તેનો વત્સ, વત્સથી વત્સવ્યૂહ, તેનો પ્રતિવ્યોમ, તેનો દિવાકર અને તેનાથી સહદેવ નામનો પુત્ર થશે. ૨. સહદેવથી બૃહદશ્વ, તેનો ભાનુરથ, તેનો સુપ્રતીક, તેનો મરૂદેવ, તેનાથી સુનક્ષત્ર, તેનો કિન્નર, કિન્નરથી અંતરીક્ષ. તેનાથી સુવર્ણ, તેનાથી મિત્રજીત્, તેનો બૃહદ્રાજ, તેનો ધર્મી, ધર્મીનો કૃતંજય, કૃતંજયથી રણંજય, તેનાથી સંજય, સંજયથી શાક્ય, શાક્યથી શુદ્ધોદન, તેનાથી રાતુલ, રાતુલથી પ્રસેનજીત્, તેનો ક્ષુદ્રક, તેનો કુંડક, તેનાથી સુરથ અને સુરથનો સુમિત્ર નામનો પુત્ર થશે. ઈક્ષ્વાકુ વંશ સુમિત્ર સુધી રહેશે. એ વંશના સંબંધમાં એક શ્લોક કહેવાય છે—'આ પવિત્ર ઇક્ષ્વાકુ વંશ સુમિત્ર રાજા સુધી રહેશે, કારણ તે રાજા થઈ ગયા પછી કળીયુગમાં ઇક્ષ્વાકુ વંશની સમાપ્તિ થશે. ૩.

इक्ष्वाकूणामयं वंशः सुमित्रांतो भविष्यति ॥
यतस्तं प्राप्य राजानं स संस्थां प्राप्स्यते कलौ ॥३॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ચતુર્થ અંશે બાવીશમો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૨૩ મો.

पराशर उवाच ॥ मागधानां बार्हद्रथानां भविष्याणामनुक्रमं कथयामि ॥१॥

પરાશર કહેછે.—બૃહદ્રથના વંશમાં ભવિષ્યકાળમાં થનારા મગધ દેશના રાજાઓ અનુક્રમે કહું છું. ૧ એ વંશમાં જરાસંધ આદિ મહાબળવાન રાજાઓ થઈ ગયાછે. ૨. જરાસંધના પુત્ર સહદેવથી સોમાપિ નામનો પુત્ર થશે. તેનાથી શ્રુતવાન, તેનાથી અયુતાયુત, તેનાથી નરમિત્ર, તેનો સુક્ષેત્ર, તેનો બૃહત્કર્મા, તેનો સેનજીત્, તેનો શ્રુતંજય, તેનો વિપ્ર, તેનો શુચિ નામનો પુત્રથશે. શુચિનો પુત્ર ક્ષેમ્ય, તેનો સુવ્રત, તેનો ધર્મ, તેનો સુશ્રમ, તેનો દ્રઢસેન, તેનાથી સુમતિ, તેનાથી સુબલ અને સુબલથી સુનીત નામનો પુત્ર થશે. તેનાથી સત્યજીત્, સત્યજીતથી વિશ્વજીત અને વિશ્વજીતથી રિપુંજય નામનો પુત્ર થશે. એ બૃહદ્રથ વંશના રાજા (કલિયુગમાં) એક હજાર વર્ષ સુધી રહેશે. (પછી એ વંશ નષ્ટ થશે.) ૩.

इत्येते बार्हद्रथा भुपतयो वर्षसहस्त्रमेकं भविष्यंति ॥३॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ચતુર્થ અંશે ત્રયોવિંશો અધ્યાય સંપૂર્ણ.

* તેવીસમા અધ્યાયમાં મગધ દેશના બૃહદ્રથ રાજાઓ ભવિષ્યમાં રિપુંજય સુધી થશે તેનું વર્ણન કરવામાં આવશે.

* અધ્યાય ૨૪ મો.

पराशर उवाच ॥ योऽयं रिपुंजयो नाम बार्हद्रथोऽन्त्यस्तस्य शुनको नामामात्यो भविष्यति ॥१॥

પરાશર કહેછે.—બૃહદ્રથ વંશનો જે રિપુંજય નામનો છેલ્લો રાજા થશે, તેને એક શુનક નામનો મંત્રી થશે. ૧. તે પોતાના સ્વામી રિપુંજયને મારી પોતાના પ્રદ્યોત નામના પુત્રને રાજ્ય ઉપર અભિષેક કરશે. પ્રદ્યોતને પાલક નામનો પુત્ર થશે. તેનો વિશાખયૂપ, તેનો જનક, તેનો નંદિવર્ધન, એ પાંચ પ્રદ્યોત વંશના રાજાઓ એકસો આડત્રીશ વર્ષ સુધી પૃથ્વીનું રાજ્ય કરશે. ૨. ત્યારપછી શિશુનાગ રાજા થશે. તેનો પુત્ર કાકવર્ણ, તેનો ક્ષેમધર્મા, તેનો ક્ષત્રૌજા, તેનો બિંદુસાર, તેનાથી અજાત શત્રુ, તેનાથી દર્ભક, દર્ભકથી ઉદયન, તેનો નંદિવર્ધન અને તેનો પુત્ર મહાનંદિ, એ દશ શિશુનાગ વંશના રાજાઓ ત્રણસો બાસઠ વર્ષ સુધી પૃથ્વીનું રાજ્ય ભોગવશે. ૩. મહાનંદિથી તેની શૂદ્ર જાતની સ્ત્રીને વિષે ઉત્પન્ન થએલો નંદ નામનો પુત્ર એક લાખ કરોડ દ્રવ્યનો અધિપતિ તથા અત્યંત લોભી થઇ પરશુરામ પ્રમાણે તમામ ક્ષત્રિઓનો સંહાર કરનારો થશે. ૪. તે સમયથી પૃથ્વી ઉપર શૂદ્ર રાજા થશે. જેની આજ્ઞાનું કોઇપણ ઉલ્લંઘન ન કરે એવો તે મહા પદ્માધિપતિ નંદ રાજા એક છત્રે પૃથ્વીનું રાજ્ય કરશે. ૫. તેને શુમાલ્ય આદિ આઠ પુત્રો થશે, તે નંદ રાજા મરણ પામ્યા પછી રાજ્ય કરશે. એ મહાપદ્માધિપતિ નંદ અને તેના પુત્રો સો વર્ષ સુધી રાજ્ય કરશે. એ નંદ વંશના (નંદ અને તેના આઠ પુત્રો મળી) નવ પુરૂષોનો કૌટિલ્ય (ચાણાક્ય) નામનો બ્રાહ્મણ નાશ કરશે. ૬. પછી મૌર્યવંશના પુરૂષ પૃથ્વીનું પાલન કરશે. તેમાં પ્રથમ ચંદ્રગુપ્તને કૌટિલ્ય રાજ્યાભિષેક કરશે. ૭. ચંદ્રગુપ્તને બિંદુસાર નામનો પુત્ર થશે. તેનો અશોક વર્ધન, તેનો સુયશા, તેનો દશરથ, તેનો સંગત, તેનો શાલિશુક, તેનાથી સોમશર્મા, તેનો શતધન્વા, અને તેનાથી બૃહદ્રથ નામનો પુત્ર થશે. એ દશમૌર્ય વંશના રાજાઓ એકસો સાડત્રીશ વર્ષ સુધી રાજ્ય કરશે. ૮. ત્યારપછી બૃહદ્રથ રાજાનો સેનાપતિ પુષ્પમિત્ર પોતાના રાજાને મારી પોતે રાજ્ય કરશે. ૯. તેનો પુત્ર અગ્નિમિત્ર તેનો સુજયેષ્ઠ, તેનો વસુમિત્ર, તેનો આર્દ્રક, તેનાથી પુલિંદક, તેનો ઘોષવસુ, તેનો વજ્રમિત્ર, તેનાથી ભાગવત, ૧૦ અને ભાગવતનો પુત્ર દેવભૂતિ થશે. એ દશ શુંગસંજ્ઞક રાજાઓ એકસો બાર વર્ષ સુધી પૃથ્વીનું પાલન કરશે. ત્યારપછી આ પૃથ્વીઉપર કણ્વવંશના રાજાઓ રાજ્ય કરશે. ૧૧. શુંગવંશનો દેવભૂતિ રાજા ઘણો વ્યસની હોવાથી તેનો મંત્રી

* એવાસમા અધ્યાયમાં કલિયુગમાં થનારા ક્ષુદ્રરાજાઓનું વર્ણન તથા કલિના ધર્મ અને વૈરાગ્યને ઉત્પન્ન કરનાર પૃથ્વીની ગીતા કહેવાશે.

કણ્વવંશનો વસુદેવ તેને મારી પોતે રાજ્ય કરશે. તેનો પુત્ર ભૂમિમિત્ર, તેનો નારાયણ અને તેનો પુત્ર સુશર્મા થશે. એ કણ્વવંશના ચાર રાજાઓ પીસતાળીશ વર્ષ સુધી રાજ્ય કરશે. પછી કણ્વવંશના સુશર્મા રાજાને મારી તેનો આંધ્ર જાતીનો બળવાન શિપ્રક નામનો સેવક આ પૃથ્વીનું પાલન કરશે. પછી શિપ્રકનો ભાઈ કૃષ્ણ રાજા થશે. તેનો પુત્ર શાંતકર્ણિ, તેનો પૂર્ણોત્સંગ, તેનો શાકકર્ણિ, તેનો લંબોદર, તેનાથી દ્વિવિલક, તેનાથી મેઘસ્વાતિ, તેનાથી પટુમાન, તેનો અરિષ્ટકર્મા, તેનો હાલ, હાલનો પત્તલક, તેનો પ્રવિલ્લસેન, તેનો સુંદરશાતકર્ણિ, તેનો ચકોરશાંતકર્ણિ, ૧૨. તેનો પુત્ર શિવસ્વાતિ, તેનો ગોમતિ પુત્ર, તેનો પુલિમાન, તેનો શાતકર્ણ્યુ ઉપનામ શિવ, તેનો શિવસ્કંધ, તેનો યજ્ઞશ્રી, તેનો વિજય, વિજયનો ચંદ્રશ્રી અને ચંદ્રશ્રીનો પુલોમાર્ચિ થશે. એ આંધ્રભૃત્યજાતી ત્રીશ રાજાઓ ચારસોછપ્પન વર્ષસુધી પૃથ્વીનું પાલન કરશે. ૧૩. ત્યારપછી આભિર જાતીના સાત, ગર્દભિલ જાતીના દશ તથા શક જાતીના સોળ રાજા થશે. ત્યારપછી આઠ યવન રાજા, ચૌદ-તુષાર વંશના, તેર મુંડ વંશના અને અગીયાર મૌન વંશના રાજા થશે. એ સઘળા તેરસો નેવ્વાણુ વર્ષ સુધી પૃથ્વીનું રાજ્ય કરશે. ૧૪. ત્યારપછી પૌરવંશના અગીયાર રાજા ત્રણસો વર્ષ રાજ્ય કરશે. ૧૫. પછી તેનો વંશ નાશ પામવાથી કૈલિકિલા નામની નગરીમાં જન્મેલા યવન રાજા થશે. તેમાં વિંધ્યશક્તિ મુખ્ય થશે. ૧૬. તેનો પુત્ર પુરંજય, તેનો રામચંદ્ર, તેનો ધર્મ, ધર્મથી વીરાંગ, કૃતનંદન, સુષિનંદિ, નંદિયશા, શિશુકુ અને પ્રવીર વગેરે થશે. એ એકસો છ વર્ષ રાજ્ય કરશે. ત્યારપછી તેના તેર પુત્રો રાજા થશે, પછી બાહ્લિક વંશના ત્રણ, પછી પુષ્પમિત્ર, પટુમિત્ર અને પદ્મમિત્ર એ ત્રણ, પછી મેકલ દેશમાં ઉત્પન્ન થયેલા સાત અને નવ રાજા કોશળ પુરીમાં રાજ્ય કરશે. ત્યારપછી નિષધ દેશના નવ રાજા થશે ૧૭. ત્યારપછી મગધ નગરીમાં વિશ્વસ્ફટીક નામનો રાજા એક નવીન વર્ણ ઉત્પન્ન કરશે. અને તમામ ક્ષત્રિય જાતીને નિર્મુળ કરી કોળી, પટુ, ભીલ્લ અને બ્રાહ્મણને રાજ્ય ઉપર બેસાડશે. કાંતિપુરી એ નામની પ્રસિદ્ધ પદ્માવતી નગરીમાં નવ નાગ વંશના રાજાઓ રાજ્ય કરશે. સુહ્મા અને મગધ દેશના રાજાઓ મથુરામાં તથા ગંગા અને પ્રયાગની સમીપના દેશોમાં રાજ્ય કરશે. કોશલૌડ, તામ્રલિપ્ત અને સમુદ્ર તટપુરીનું દેવરક્ષિત રાજાઓ પાલન કરશે. કલિંગ, માહિષક, માહેંદ્ર અને ભૌમ એ રાજાઓ ગુહા નગરીનું પાલન કરશે. નૈષાદ, નૈમિશક અને કાલતોય એ દેશોનું મણિધાર વંશના રાજાઓ પાલન કરશે. સ્ત્રીયારાજ તથા મૂષિક દેશનું કનક વંશના રાજાઓ પાલન કરશે. સૌરાષ્ટ્ર, અવંતિ, શૂદ્ર, અર્બુદ, અને મરૂભૂમિ આદિ દેશમાં પતિત બ્રાહ્મણાદિ આભિર અને શૂદ્ર આદિ નીચ લોકો રાજ્ય કરશે. સિંધુતટ, દાર્વિક દેશ, ચંદ્રભાગા નદિની પાસેનો પ્રદેશ, કાર્વી અને કાસ્મિર વગેરે દેશમાં

મ્લેચ્છ લોક તથા પતિત શુદ્ર લોકો રાજ્ય કરશે. આ પૃથ્વી ઉપર સઘળા રાજાઓનું રાજ્ય સરખું થશે. એ રાજાઓ હમ્મેશ અપ્રસન્ન મનવાળા, અત્યંત ક્રોધી, સર્વ કાળ અસત્ય બોલનાર, અધર્મમાં પ્રેમ કરનાર, સ્ત્રી બાળક તથા ગાયોનો વધ કરનાર, પર દ્રવ્યનું હરણ કરનાર, અલ્પ બળવાળા, અલ્પાયુષિ, મોટી ઇચ્છા કરનાર અને કિંચિત ધર્મવાળા થશે. ૧૮. એ રાજાઓના દેશમાં રહેનારા લોકો પણ તેના સ્વભાવ પ્રમાણે વર્ત્તન કરનારા તથા રાજાના આશ્રયથી બળવાન થઇ આર્ય મ્લેચ્છ પ્રમાણે વિપરિત આચરણ કરી પોતાના અધિકાર વખતે પ્રજાનો નાશ કરશે. ૧૯. ત્યારપછી દિવસે દિવસે ધર્મનો નાશ થતાં થતાં દ્રવ્યનો નાશ થશે, અને તેથી જગતનો નાશ થશે. ૨૦ તે વખતે સંપત્તિ એજ કુલીનપણાનું સાધન, દ્રવ્ય એજ સર્વ ધર્મનું કારણ, પોતાની ઇચ્છા એજ વિવાહ સંબંધનું કારણ, તથા વ્યવહારમાં જય મેળવવા માટે અસત્ય સાધન રૂપ થશે અને સ્ત્રી ઉપભોગની કારણીભૂત થશે. ૨૧. પરંતુ કુળ આદિનો વિચાર રહેશે નહીં જેની પાસે જેટલા રત્ન અને તામ્ર હશે તે તેટલાજ પરિમાણથી પૃથ્વીનું રાજ્ય કરશે, યજ્ઞોપવિત બ્રાહ્મણત્વમાં હેતુ રુપ થશે, ચિન્હ ધારણ એજ સન્યાસ આદિ આશ્રમના કારણ ભૂત થશે અને અન્યાય એજ જીવીકાનું સાધન થશે. ૨૨. દુબળતાથી ઉપજીવીકા નહીં ચાલવાથી ભીતી દર્શક ભાષણ કરશે એજ પાંડિત્યનું કારણ થશે. ૨૩. દાન એ ધર્મનુ સાધન અને આઢ્યતાએ સજ્જનતાનું સાધન થશે. ૨૪. તે વખતે સ્નાન એ શરીરની શોભાનું કારણ અને સ્ત્રીનો સ્વીકાર (સપ્ત પદી વગેરે વિધિ ન કરતાં) કરવો એ લગ્નનું સાધન થશે. જે ઉત્તમ પ્રકારનો વેષ ધારણ કરશે તે સત્પાત્ર ગણાશે અને દૂર હોનારા જળાશય તીર્થ ગણાશે, એ પ્રકારે અનેક દોષોથી યુક્ત પૃથ્વી ઉપર સર્વ વર્ણમાં જે જે વિષેશ બળવાન હશે તે તે રાજાઓ થશે અને અત્યંત લોભી રાજાઓના કારભાર સહન નહી કરવાથી તમામ પ્રજા પ્રર્વતની ગુફાઓમાં નિવાસ કરી મધ, શાક, ફળ, મૂળ આદિનો આહાર કરી વૃક્ષની છાલની કૌપિન (લંગોટી) ધારણ કરી ટાઢ, વાયુ, વર્ષાદ, ગરમી વગેરેનું સહન કરશે, તે વખતે મનુષ્ય પુરા ત્રેવીશ વર્ષ પણ જીવી શકશે નહીં. એ કળીયુગમાં કાયમ ભય ઉત્પન્ન થવાથી લોકોનો નાશ થયા કરશે. ૧૫. અને શ્રૌતસ્માર્ત ધર્મ અત્યંત નાશ થવાથી તથા કળીયુગ બહુધા સમાપ્ત થવાથી સર્વ જગત્‌ના ઉત્પાદક, સ્થાવર જંગમના પિતા, આદ્યંત રહિત, સર્વ સ્વરુપી તથા બ્રહ્મ અને જીવરુપ ભગવાન શ્રી વિષ્ણુના અંશ રુપ અષ્ટૈશ્વર્ય સંપન્ન કલ્કી (કલંકી) રુપથી શંભલગ્રામમાં મુખ્ય વિષ્ણુયશા નામના બ્રાહ્મણને ઘેર અવતારલઇ તમામ મ્લેચ્છ*

* ગોમાંસનું ભક્ષણ કરનાર, વેદવિરૂદ્ધ બોલનાર અને સદાચારથી રહિત જે મનુષ્ય છે તેને મ્લેચ્છ કહેછે— (બૌધાયન.)

તસ્કર અને દુરાત્માઓનો નાશ કરશે. ૨૬. એ કલ્કિ રુપ. ભગવાનનું મહાત્મ્ય અને શકિત સર્વત્ર અવ્યાહત રહેશે અને તમામ જગત્ને ફરીથી પોત પોતાના ધર્મમાં સ્થાપીત કરશે પછી કળીયુગના છેવટમાં મનુષ્યના અંતઃકરણ સ્ફાટિકમણિ સરખાં શુદ્ધ થશે ૨૭. તે વખતના બીજ ભૂત મનુષ્ય વૃદ્ધ થયાં હશે છતાં તેનાં અંગમાં તે કાળના પ્રભાવથી સામર્થ્ય ઉત્પન્ન થઇ તેની સંતતિ સત્યુગને અનુસાર ધર્મ માર્ગમાં પ્રવર્તિત થશે. ૨૯. એ વિષયમાં કહેવાય છે કે "જે સમયે સૂર્ય, ચંદ્ર અને બૃહપતી એક રાશીમાં આવી પૂષ્ય નક્ષત્રમા આવશે તે વખતે કૃત યુગનો પ્રારંભ થશે." ૩૦. હે મુનિશ્રેષ્ઠ ! મેં તારી પાસે પૂર્વોકત વંશમાં આગળ થઇ ગયેલા, હમણા છે અને હવે પછી થનારા રાજાઓ તેનું વર્ણન કર્યું. ૩૧. પરિક્ષત્ના જન્મથી કે નંદરાજાને અભિષેક કર્યો ત્યાં સુધિના કાળને એક હજાર અને પંદર વર્ષ થાયછે. ૩૨ આકાશમાં સપ્ત ઋષિઓની પૂર્વ તરફ જે બે તારા ઉગેલા જણાય છે તેના મધ્ય ભાગની સમાન રેખામાં રહેનાર જે નક્ષત્ર રાત્રીએ દેખાય છે; તે નક્ષત્રમાં સપ્તર્ષિગણ મનુષ્યના સો વર્ષ સુધી નિવાસ કરેછે. ૩૩.હેદ્વિજોત્તમ ! પરિક્ષિતના સમયમાં સપ્તર્ષિમઘા નક્ષત્રમાં હતા તે વખતે બારસો વર્ષાત્મક પૂર્વ સંધ્યારૂપ કળિયુગ શરૂ થયો હતો. ૩૪. જે સમયે હમણા સ્વર્ગવાસ થયેલા ભગવાન શ્રીવિષ્ણુના અંશરૂપ શ્રીકૃષ્ણ વસુદેવના કુળમાં ઉત્પન્ન થયા તે સમયથી કલિયુગનો આરંભ થયો. ૩૫. પરંતુ તેણે જ્યાં સુધી પોતાના ચરણ કમળથી આ પૃથ્વીને સ્પર્ષ કર્યો હતો અર્થાત્ જ્યાં સુધી શ્રી કૃષ્ણ પૃથ્વી ઉપર રહ્યા ત્યાં સુધી કળિયુગ પૃથ્વી ઉપર આવી શકયો નહીં. ૩૬. ત્યાર પછી જયારે સનાતન શ્રીવિષ્ણુના અંશરૂપ શ્રીકૃષ્ણ પૃથ્વીનો ત્યાગ કરી સ્વર્ગમાં ગયા, તે વખતે કનિષ્ઠ બંધુઓની સાથે ધર્મ પુત્ર યુધિષ્ઠિર રાજાએ પોતાના રાજયનો ત્યાગ કર્યો. ૩૭. શ્રીકૃષ્ણ સ્વધામ પધાર્યા પછી વિપરિત પ્રકારના અમંગળ સૂચક લક્ષણોને જોઈ યુધિષ્ઠિરે પરિક્ષિતને રાજ્યાભિષેક કર્યો. ૩૮. જે સમયે સપ્ત-ઋષિગણ પૂર્વાષાઢા નક્ષત્રમાં જશે તે સમયે નંદરાજાના રાજ્યકાળથી કળિયુગ વૃદ્ધિ પામશે. ૩૯. જે દિવસે શ્રી કૃષ્ણ સ્વર્ગમાં ગયા તે દિવસથી કળિયુગ સરૂ થયો. તેના યુગની વર્ષસંખ્યા હું કહુંછું તે શ્રવણ કર. ૪૦. હે મૈત્રેય ! મનુષ્યના ત્રણ લાખ સાઠ હજાર વર્ષ સુધી કળિયુગ રહેશે. (આમાં સંધ્યાના તથા સંધ્યાંશના વર્ષ ઉમેર્યા નથી એમ જણાય છે.) ૪૧ એટલે દેવતાના બારસો વર્ષ થાય છે તે પૂર્ણ થયા પછી ફરીથી કૃતયુગ (સત્યયુગ) શરૂ થશે. ૪૨. હે દ્વિજશ્રેષ્ઠ ! પ્રત્યેક યુગમાં અસંખ્ય મહાત્મા બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય, શૂદ્ર વગેરે થઈ ગયા છે. ૪૩. પરંતુ પ્રત્યેક કૂળના અવાંતર કૂળના નામ અનેક હોવાથી વારંવાર તેનું તેજ કથન કરવાથી ઘણો વિસ્તાર થાય તેથી મેં તેની સંખ્યા સંપૂર્ણ કથન કરી નથી. ૪૪.

પુરૂવંશનો રાજા દેવાપિ અને ઇક્ષ્વાકુ વંશના રાજા મરૂ એ બન્ને અતીશય યોગ બળથી યુક્ત થઈ કલાપ નામના ગ્રામમાં રહ્યા છે. ૪૫. તે કૃતયુગમાં ફરીથી ક્ષત્રિવંશ પવર્ત્ત કરશે. એ બન્ને ભવિષ્ય મનુના બીજરૂપ છે. ૪૬. એ અનુક્રમથી મનુ પુત્ર ગણ કૃત, ત્રેંતા, દ્વાપર આદિ ત્રણ યુગ સૂધી અખંડ પૃથ્વીનું પાલન કર્યા કરે છે. ૪૭. જે પ્રકારે કલિયુગમાં હમણા દેવાપિ અને મરૂ બીજ રૂપથી નિવાસ કરે છે તે પ્રમાણે ક્ષત્રિયના બીજભૂત કોઇ કોઈ મહાત્મા પૃથ્વી ઉપર રહેછે (સધળા ક્ષત્રિ રહેતા નથી.) ૪૮. હેમૈત્રેય! મેં સંક્ષેપમાં આ સધળા રાજાઓના વંશનું વર્ણન કર્યું વિસ્તારપૂર્વક વર્ણન કરતાં સો જન્મે પણ પુરૂં ન થાય. ૪૯. ક્ષણિક અથવા નાશવંત શરીરથી એ સધળા તથા બીજા રાજાઓ મોહાંધ થઈ કલ્પાંત સ્થાયી પૃથ્વી ઉપર મમતા કરી ગયા છે. ૫૦. એ સધળા રાજાઓ, આ પૃથ્વી અચળ થઈ કેવી રીતે મારે આધિન તથા મારા વંશને આધિન થાય ? એ પ્રકારે ચીંતાથી આકૂળવ્યાકૂળ થઈ નાશ પામ્યા છે. ૫૧. એ પ્રમાણે પૂર્વના રાજાઓ, ચિંતા કરતા કરતા મૃત્યુના મુખમાં પડયા અને વર્ત્તમાન રાજાઓ પડે છે તથા ભવિષ્યકાળના રાજાઓ એમ ચિંતા કરતા કરતા નષ્ટ પામશે. ૫૨. હેમૈત્રેય! એ રાજાઓને પોતાનો જય થવા માટે યુદ્ધયાત્રામાં વ્યગ્ર જોઇ આ પૃથ્વી શરદ્ ઋતુમાં વિકાસ પામેલા પુષ્પોથી સુશોભિત થઈ હાસ્ય કરે છે. ૫૩. હેમૈત્રેય! આ વિષયમાં પૃથ્વીએ કહેલા અને તે પરમ ધાર્મિક જનક રાજાને અસિત મુનિએ કથન કરેલા શ્લોક કહું છું તેનું શ્રવણ કર. ૫૪.

પૃથ્વી કહેછે—આ બુદ્ધિશાળી જ્ઞાન સંપન્ન રાજાઓને પણ આ કેવો મોહ ઉત્પન્ન થયો છે? અહો! એ લોકો પાણિના ફીણ પ્રમાણે (અત્યંત ક્ષણિક) અલ્પ-સમય સુધી રહેવાના છે છતાં શા માટે પોતાના સ્થિરત્વના વિષયમાં વિશ્વાસ કરતા હશે? ૫૫. એ રાજાઓ પ્રથમ ઇંદ્રીઓનો નિગ્રહ કરી પછી પોતાના મંત્રી, સેવક તથા પુરવાસી લોકોને પોતાને આધીન કરી પૂરી શત્રુઓને જીતવાની ઇચ્છા કરે છે. ૫૬. એ ક્રમથી "હું સમુદ્રએ સહવર્ત્તમાન તમામ પૃથ્વીને જીંતિ લઉં" એવી ચિંતામાં આસક્ત થવાથી પોતાની પાસે રહેલા મૃત્યુને પણ દેખતા નથી. ૫૭. સમુદ્રથી પરિપૂરિત પૃથ્વી મંડળને આધિન કરવું તે ઈંદ્રિય નિગ્રહથી મળનાર ફળથી અત્યંત અલ્પ છે, કારણ કે ઇંદ્રિય નિગ્રહ કરવાથી મોક્ષરૂપ મહાફળ મળે છે. ૫૮. અહો! જેનો ત્યાગ કરી પિતા, પ્રપિતામહ આદિ પૂર્વજો ચાલ્યા ગયા છે પોતાના પિતા સ્વર્ગમાં જતી વખતે પૃથ્વીને સાથે લઇ ગયા નથી. તે પૃથ્વીને 'આ મારી છે' એમ સમજી તેઓ મૂર્ખપણાથી જય કરવાની ઇચ્છા કરે છે. ૫૯. મારે (પૃથ્વી) માટે પિતા, મિત્ર, બંધુ વગેરે આ પૃથ્વી ઉપર મારો અધિકાર છે એમ અજ્ઞાનથી સમજી અત્યંત મોહથી પરસ્પર યુદ્ધ કરે છે. ૬૦. આ પૃથ્વી ઉપર

જેટલા રાજા થઇ ગયા છે તે સઘળાઓને એવી બુદ્ધિ થતી હતી કે આ સઘળી પૃથ્વી મારી છે તથા આ પૃથ્વી ઉપર મારા વંશના લોકોનો સદા અધિકાર રહેશે એવી બુદ્ધિ થતી હતી ૬૧. મમતાથી જેનું ચિત્ત આવૃત્ત થઈ ગયું છે એવા એકને મૃત્યુને માર્ગે જતા જુવેછે છતાં તેના વંશના બીજા મનુષ્યો મારા વિષયની શું કામ મમતા કરતા હશે ? ૬૨. 'આ પૃથ્વી મારી છે એનો સત્વર પરિત્યાગ કરો' એમ પોતાના દૂત દ્વારા શત્રુઓને કહ્યા કરે છે એ સાંભળી મને હાસ્ય આવે છે અને તેઓને મૂઢ સમજી મને દયા પણ આવે છે. ૬૩.


પરાશર કરેછે—હેમૈત્રેય ! જે લોકો પૃથ્વીએ કહેલા આ શ્લોકો સાંભળે છે તેની મમતા તાપની પાસે રાખેલા બરફ પ્રમાણે ઓગળી જાય છે અર્થાત્ નષ્ટ પામે છે. ૬૪. એ પ્રમાણે જે વંશમાં પૃથ્વી પાલન કરવાને પ્રવૃત્ત થયેલા શ્રીવિષ્ણુના અંશભૂત રાજાઓ થઇ ગયા છે તેઓના વંશ મેં તને ઉત્તમ પ્રકારે કહી સંભળાવ્યા. ૬૫. જે મનુષ્ય આ મનુવંશને ભક્તિપૂર્વક શ્રવણ કરશે તેની બુદ્ધિ નિર્મળ થઇ તેના સંપૂર્ણ પાપ નાશ પામશે ૬૬. અત્યંત પ્રસંશનીય એવા સંપૂર્ણ સૂર્ય ચંદ્ર વંશનું શ્રવણ કરશે તે સાંભળનારની ઈંદ્રિઓની શક્તિ અકુંઠિત થઈ તેને અતુલ ધન ધાન્યની સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. ૬૭. પરમ નિષ્ઠાવાન ઈક્ષ્વાકુ, જન્હુ. માંધાતા, સગર, અવિક્ષિત, રઘુવંશના યયાતિ અને નહુષ આદિ બળવાન વીર્યશાળી અનંત ધાન્યાધિકારી રાજાઓ નાશ પામ્યા. બળવાન કાળના પ્રભાવથી તેની કથા માત્ર અવશેષ રહી છે, એ રાજાઓના ચરિત્ર સાંભળવાથી મનુષ્ય કૃત કૃત્ય થઇ ક્ષેત્ર, સ્ત્રી, ઘર અને દ્રવ્યાદિમાં મમતા રહિત થાય છે. ૬૮–૭૦ જે પુરૂષ શ્રેષ્ઠ વીરોએ ઉંચા હાથ કરી અનેક વર્ષ સુધી તપશ્ચર્યા કરી જેઓએ મોટા મોટા યજ્ઞો કર્યા છે તે અત્યંત પરાક્રમી પુરૂષોના કાળબળથી નામ માત્ર અવશેષ રહ્યાં છે. ૭૧. જેનું સૈન્ય શત્રુઓને વિચ્છિન્ન કરતું હતું, જે તમામ લોકોમાં અકુંઠિત પ્રભાવથી ફરતા હતા તે પૃથુરાજા કાળરૂપ વાયુના આઘાતથી જેમ અગ્નિમાં પડવાથી કપાસ નાશ પામે છે તેમ નાશ પામ્યા. ૭૨. જે કાર્ત્તવીર્યાર્જુને શત્રુનો નાશ કરનાર સૈન્યને સાથે લઈ સપ્તદ્વીપ વાળી પૃથ્વીને પાદાક્રાંત કરી તેનો ઉપભોગ કર્યો હતો. હમણા કથા પ્રસંગમાં તેનુ નામ ઉચ્ચારણ કરવાથી સાંભળનારને સંશય થાય છે કે એ સહસ્ત્રાર્જુન હતો કે નહીં ? ૭૩. જેણે પોતાની કીર્ત્તિથી દીશાના મુખ ઉજવળ કર્યાં છે એવો રાવણ, અવિક્ષિત અને રામચંદ્ર આદિનું ઐશ્વર્ય કાળના ભ્રુભંગ માત્રથી ક્ષણવારમાં ભસ્મ થઇ ગયું છે એટલાજ માટે સત્પુરૂષો ઐશ્વર્યને ધિક્કારે છે. ૭૪. માંધાતા નામના ચક્રવર્ત્તી રાજાની કથા માત્ર શેષ રહી ગઈ છે. એ સાંભળી કહ્યો બુદ્ધિશાળી સત્પુરૂષ મૂઢ થઈ પોતાના શરીર ઉપર મમતા કરશે ? (પૃથ્વીની વાતતો દૂર રહી.) ૭૫. ભગીરથ આદિ, સગર, કકુત્સ, રાવણ, શ્રીરામચંદ્ર, લક્ષ્મણ અને યુધિષ્ઠિર આદિ

રાજાઓ થઇ ગયા; એ સત્ય છે, ખોટું નથી; પરંતુ અમે જાણતા નથી કે હમણા એ લોકો ક્યાં છે? ૭૬. હે વિપ્રવર! અત્યંત ઉત્તમ તથા ભયંકર પરાક્રમવાળા રાજા વર્તમાન છે અને ભવીષ્યમાં થનારા રાજાઓની જે કથામેં તને કહિ છે, એ શિવાય બીજા રાજાઓ થશે અને બીજી જે કથા તને કહેવાની છે તે સર્વ પૂર્વ પ્રમાણે (નામ શેષ) રહેશે ચિરસ્થાયી કોઈ રહેવાના નથી. ૭૭. એ પ્રમાણે જાણી સૂજ્ઞ પુરુષોએ પુત્ર, સ્ત્રી, ક્ષેત્ર, દ્રવ્ય આદિ શરીરથી ભીન્ન પદાર્થની વાત તો બાજુએ રહિ પરંતુ શરીર ઉપર પણ મમતા કરવી નહીં. ૭૮.

ऐतद्विदित्वा न वरेण कार्यं ममत्वमात्मन्यपि पंडितेन ॥
तिष्ठंतु तावत्तनयात्मजायाक्षेत्रादयो ये तु शरीरतोऽन्ये ॥१८॥

ઇતિ શ્રી વિષ્ણુપુરાણે ચતુર્થ અંશે ચતુર્વિંશો અધ્યાય સંપૂર્ણ.

અંશ ચોથો સમાપ્ત.



ॐ श्री विष्णवे नमः ॥

श्रीविष्णुपुराणनुं गुजराती भाषातर.

अंश पांचमो.

* अध्याय १ लो.

मैत्रेय उवाच ॥ नृपाणां कथितः सर्वो भवता वंशविस्तरः
वंशानुचरितं चैव यथावदनुवर्णितम् ॥१॥

मैत्रेय कहेछे—हे भगवन् ! आपे मने राजाओना वंशनो विस्तार अने तेना वंशना ईत्थंभूत चरित्रनुं वर्णन कही संभळाव्युं. १. हे ब्रह्मर्षि ! हवे जे यदु कूळमां उत्पन्न थयेला श्रीविष्णुना अंशावतार (श्रीकृष्ण) ना चरित्र विस्तार पूर्वक श्रवण करवानी मारी ईच्छा छे. २. हे मुनि ! भगवान श्रीकृष्णए आ पृथ्वी उपर अंशावतार लई जे जे कर्मो कर्यां ते मने कहो. ३.

श्री पराशर कहेछे—हे मैत्रेय ! तें मने जे जगत्नुं कल्याण करनार श्रीविष्णुना अंशावतारना चरित्र संबंधी प्रश्न कर्यो ते हुं तने कहुं छुं श्रवण कर. ४. हे महामुनि ! पूर्वे देवकनी पुत्री महाभाग्य शाळी देवता सरखी देवकीनो विवाह वसुदेव साथे कर्यो. ५. ते वसुदेव अने देवकीना विवाहमां भोज वर्द्धन कंस सारथी थई ते दंपतिनो रथ हांकतो हतो. ६. ते वखते मेघ प्रमाणे गंभीर गर्जनाथी आकाश वाणीए कंसने संबोधी आदर युकत आ प्रमाणे कहुं. ७. हे मूढ ! तुं स्वामीनी साथे रथमां बेठेली जे स्त्रीनुं वहन करे छे तेनो आठमो गर्भ तने मारशे. ८.

पराशर०—ए प्रमाणे सांभळी महा बळवान कंस खड्ग लई देवकीनो वध करवाने तत्पर थयो, ते वखते वसुदेवे कहुं. ९.

वसुदेव०—हे महाभाग ! तमारे देवकीनो वध करवो नही. तेना गर्भथी जे पुत्र उत्पन्न थशे ते सघळा हुं तमने अर्पण करीश. १०.

पराशर०—हे द्विज श्रेष्ठ ! कंसे वसुदेवनुं ए प्रमाणे वचन सांभळी 'बहु सारुं' एम कही पोते देवकी करतां मोटो होवाथी तेना वधथी निवृत्त थयो. ११. ते

* आ पांचमां अंशना आडत्रीश अध्याय छे तेमां श्री कृष्णनुं कीर्त्तन थशे. आ पहेला अध्यायमां पृथ्वीनो भार उतारवाने देवताओ श्रीविष्णुनी स्तुति करशे.

વખતે પૃથ્વી ઘણા ભારથી પીડિત થઈ મેરુ પર્વત ઉપર દેવતાઓની પાસે ગઇ અને બ્રહ્મદેવ સહિત તમામ દેવતાઓને પ્રણામ કરી દીન વાણીથી ખેદ યુકત થઈ પોતાની ઉપર અત્યંત ભાર થયો છે તે સર્વ વૃત્તાંત કહેવા લાગી. ૧૨. ૧૩.

પૃથ્વી૦—જેમ અગ્નિ સુવર્ણના પિતાછે તથા સૂર્ય ગાયોના પાલક છે તેમ નારાયણ મારા તથા અખીલ લોકના પિતાછે. ૧૪. હે સુરશ્રેષ્ઠ! દક્ષ આદી પ્રજા પતિના અધિપતી તથા સર્વ પ્રાચીન પૂરુષોના પૂર્વજ જે બ્રહ્મદેવ, તેમજ કળા કાષ્ઠા, નિમેષ આદી અવ્યક્ત સ્વરૂપ ધારણ કરનાર કાળ, તથા આપણે સઘળા અને આદિત્ય, મરૂત્, સાધ્ય રૂદ્ર, અશ્વિનીકુમાર અગ્નિ પિતૃગણ એ તમામ શ્રી વિષ્ણુનાજ અંશભૂત છે. ૧૫. ૧૬. તેમજ અત્રિ આદીના ઉત્પાદક અને સર્વ સૃષ્ટી કર્તાઓ અપ્રમેય મહાત્મા ભગવાન શ્રીવિષ્ણુનુંજ સ્વરૂપ છે. ૧૭. યક્ષ, રાક્ષસ, દૈત્ય, પિશાચ, સર્પ, દાનવ, ગંધર્વ અને અપ્સરા એ સઘળા મહાત્મા શ્રવિષ્ણુનું સ્વરૂપ છે. ૧૮. ગ્રહ, નક્ષત્ર, તારાથી યુકત આકાશ, અગ્નિ, જળ, હું, (પૃથ્વી) અને તમામ જગત્ શ્રીવિષ્ણુમય છે. ૧૯. તો પણ અનેક સ્વરૂપી શ્રીવિષ્ણુના એ સઘળા સ્વરુપ સમુદ્રના તરંગ પ્રમાણે પ્રતિદિન બાધ્ય બાધક. ભાવને પામ્યા કરે છે. ૨૦. માટેજ હમણા કાલનેમિ આદિ દૈત્યો મૃત્યુ લોકમાં ઉત્પન્ન થઇ વારંવાર મનુષ્યોને પીડા કર્યા કરે છે. ૨૧. મહાસામર્થ્યવાન કાલનેમિને પૂર્વે વિષ્ણુએ માર્યો હતો તે મહાદૈત્ય હમણા ઉગ્રસેન પુત્ર કંસરુપે અવતર્યો છે. ૨૨. તથા અરિષ્ટ, ધેનુક, કેશિ, પ્રલંબ, નરક, સુંદ, બલિનો પુત્ર મહા બળવાન બાણાસુર અને બીજા મહા બળીષ્ઠ દુષ્ટ દૈત્યો રાજાઓના ઘરમાં ઉત્પન્ન થયા છે, તેને ગણવાને હું શક્તિવાન્ નથી. ૨૩–૨૪. હે દેવતાઓ! આ વખતે મહા બળવાન, અભિમાની તથા દિવ્યમૂર્ત્તિ ધારણ કરનાર દૈત્યેંદ્રોની ઘણિ અક્ષૌહિણી સૈન્યા મારી ઉપર વિરાજમાન્ છે. ૨૫. હે સુરેશ્વર! તેના અત્યંત ભારથી ઘણી પીડિત થઈ હું આપ લોકોને કહુંછું કે મારાથી હવે એ ભાર સહન થતો નથી. ૨૬. હે મહાભાગ! એટલા માટે આપ લોકો મારા ઉપરનો ભાર ઉતારો જેથી હું અત્યંત વિહ્વળ થઇ રસાતળમાં ન જાઉં. ૨૭.

પરાશર૦—એ પ્રમાણે પૃથ્વીનું ભાષણ સાંભળી સઘળા દેવતાઓને પૃથ્વીનો ભાર ઉતારવા માટે વિનંતી કરતા બ્રહ્મા બોલ્યા. ૨૮.

બ્રહ્મા૦—હે દેવતાઓ! પૃથ્વીએ જે કહ્યું તે સઘળું સત્ય છે. હું (બ્રહ્મા,) મહાદેવ અને આપ સઘળા શ્રીવિષ્ણુ સ્વરુપ છીયે. ૨૯. તેની જે સઘળી વિભૂતિ છે તે ન્યૂનાધિક ભાવથી પરસ્પર બાધ્યબાધક ભાવથી નિવાસ કરે છે. ૩૦ માટે ચાલો આપણે સઘળા ક્ષીર સમુદ્રના ઉતર કીનારા ઉપર જઈ ત્યાં શ્રીવિષ્ણુની આરાધના કરી તેમને સઘળું વૃતાંત જણાવીએ. ૩૧. કારણ કે તે સર્વ સ્વરુપી જગન્મય

ભગવાન વારંવાર જગત્ને માટે સ્વદેહ અંશથી પૃથ્વી ઉપર અવતાર લઇ ધર્મનું રક્ષણ કર્યા કરે છે. ૩૨.

પરાશર૦—એ પ્રમાણે કહીને બ્રહ્મા દેવતાઓની સાથે ક્ષીર સમુદ્રના તટ ઉપર જઈ એકાગ્ર મન કરી ગરુડધ્વજ શ્રી વિષ્ણુની સ્તુતિ કરવા લાગ્યા. ૩૩.

બ્રહ્મા૦—હે વેદથી અગોચર પ્રભુ ! પરા અને અપરા એ બે પ્રકારની વિદ્યા તમારા મૂર્ત્ત અમૂર્ત્તાત્મક સ્વરુપ છે. ૩૪. હે અત્યંત સૂક્ષ્મ ! હે અતિ સ્થૂળસ્વરુપ! હે વિશ્વસ્વરુપ! હે સર્વજ્ઞ ! પરબ્રહ્મરુપ એવા જે તમે તેના પરબ્રહ્મ અને શબ્દબ્રહ્મ એવા બે રુપ છે. ૩૫. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, શિક્ષા, કલ્પ, નિરુક્ત, છંદ, અને જ્યોતિષ આદિ પણ તમે છો, હે અધોક્ષજ! ઇતિહાસ, પુરાણ, મીમાંસા, ન્યાય અને ધર્મશાસ્ત્ર, વગેરે સર્વ તમારુંજ સ્વરૂપ છે. (કારણ કે તેમાં તમારુંજ પ્રતિપાદન કરેલું છે.) ૩૬–૩૭. હે આદિપતિ ! જીવ, પરબ્રહ્મ, સ્થૂળ, સૂક્ષ્મ, શરીર તથા તેની કારણી ભૂત પ્રકૃતિ એ સર્વના વિચાર યુક્ત, તથા તેના અધ્યાત્મા અને આત્માના સ્વરૂપ વિશિષ્ટ જે વચન છે તે તમારાથી જુદાં નથી. ૩૭. ઈંદ્રીઓથી અગોચર, વાણીથી અવિષય, તથા મનવડે ચિંતવન કરવામાં અશકય, નામરુપ આદિથી શૂન્ય, હસ્ત પાદાદિ અવયવોથી રહિત, શુદ્ધ, નિત્ય અને પરાત્પર જે બ્રહ્મ છે તે પણ આપ છો. ૩૯. હે ભગવન્? તમે કર્ણ વગરના છો છતાં બધું શ્રવણ કરો છો, નેત્રરહિત છતાં બધું જુઓ છો, હાથ પગ રહિત છતાં વેગથી ગમન કરનાર તથા વસ્તુને ગ્રહણ કરનારાછો, એક છો છતાં અનેક રૂપે બીરાજો છો, અને તમે સઘળાને જાણો છો છતાં તમને કોઈ જાણી શકતું નથી. ૪૦ હે પરમાત્મન્! જે ધીર પુરુષ પોતાના અંતઃકરણમાં અન્ય વસ્તુનું ચિંતવન ન કરતાં પરમાનંદ સ્વરુપ કેવળ આપનુંજ ધ્યાન કરે છે તે જ્ઞાનસંપન્ન પુરુષના અજ્ઞાનની નિવૃત્તિ થાય છે. ૪૧ હે ભગવાન ! તમે અખિલ જગત્ના આશ્રયભૂત તથા તમામ વિશ્વનું પાલન કર્તા હોવાથી તમારે વિષે સર્વ પ્રાણિ નિવાસ કરે છે. કારણકે પૂર્વે જે કંઈ ઉત્પન્ન થયું છે હમણા થાય છે અને ભવિષ્યમાં જે થશે તે સઘળું તમારાથીજ થાય છે, એટલા માટેજ આપ સૂક્ષ્મથી સૂક્ષ્મ તથા પ્રકૃતિથીપર અદ્વિતીય બ્રહ્મ કહેવાઓ છો. ૪૨. હે અનંત! તમે સર્વને જોનારા એક છતાં ચાર પ્રકારના (લાંકડાંમાંના, જઠરાગ્નિ, વિજળી સંબંધી તથા વડવાગ્નિ) અગ્નિ રૂપથી જગત્ને તેજ તથા ઐશ્વર્ય આપોછો. હે વિધાતા ! તમે ત્રણ પગલાં વડે ત્રણેલોકમાં વ્યાપ્તછો. ૪૩. હે ઈશ ! જે પ્રકારે અગ્નિ એક છે છતાં અનેક પ્રકારે પ્રજ્વલિત થાય છે તેમ વસ્તુતઃ આપ સર્વ વ્યાપક એક સ્વરૂપી અને વિકાર રહિત હોવા છતાં ઉપાધિવડે અનેક પ્રકારના સ્વરુપની વૃધ્ધિ કર્યા કરોછો. ૪૪. હે પરમાત્મન્ ! જે શ્રેષ્ઠ પરમપદ છે તેપણ આપજ છો. જ્ઞાની પુરુષ આપને જ્ઞાન દ્રષ્ટિથી જોયા

કરેછે. તમારાથી ભિન્ન કંઈપણ નથી. ૪૫. હે ભગવાન્ !આ જગત્માં જે કંઈ અતિત તથા ભાવિ પદાર્થ છે એ સઘળા તમારામાંજ છે. તમે વ્યકત તથા અવ્યકત સ્વરુપ વાળા છો. તમે સમષ્ટિ (વિરાટ્) તથા વ્યષ્ટિ (ભિન્ન ભિન્ન સ્વરુપને ધારણ કરનાર) રુપ સર્વજ્ઞ, સર્વદ્રષ્ટા, તથા સર્વ શકિત, જ્ઞાન બળ અને ઐશ્વર્યથી યુકત છો. ૪૬. તમારી ન્યૂનતા નથી, તેમ વૃદ્ધિપણ નથી. તથા સ્વતંત્ર એવા અનાદિ, સર્વના નિયંતા, જીતેંદ્રિય, શ્રમ, આલસ્ય, ભય, ક્રોધ અને કામ આદિ વિકાર વગરના છો. ૪૭. હે બ્રહ્માદિકના પણ આધારભૂત ભગવાન ! તમે નિર્મળ પરોપકારી આશ્રયશૂન્ય, અવિનાશી ગતિવાળા અને સૂર્યાદિકને પ્રકાશ કરનાર અક્ષય્ય તેજવાળા છો. ૪૮. હે આવરણોથી અતિત ! હે નિરાકાર! હે ભાવન ! હે મહાવિભૂતિના અધિષ્ઠાતા ! હે પુરુષોત્તમ ! તમને નમસ્કાર છે. ૪૯. હે વિશ્વવ્યાપક પરમાત્મા ! અધર્મથી, ધર્મથી અથવા ધર્મ અધર્મના મિશ્રણથી તમે શરીર ધારણ કરતા નથી પરંતુ કેવળ ધર્મનું રક્ષણ કરવાને માટેજ શરીર ધારણ કરો છો. ૫૦.

પરાશર કહેછે—એ પ્રમાણે બ્રહ્માએ અંતઃકરણ પૂર્વક કરેલી સ્તુતિ સાંભળી ભગવાન વિશ્વાત્મા, શ્રી વિષ્ણુએ બ્રહ્માને કહ્યું. ૫૧.

ભગવાન૦—હે બ્રહ્મદેવ ! આ સઘળા દેવતાઓને અને તને મારી પાસે જે ઈચ્છા હોયતે સર્વ કહો, તથા એ સઘળી અભિલાષા સિધ્ધ થઇ છે એમ સમજો. ૫૨.

પરાશર કહેછે—હે મૈત્રેય ! તે સમયે ભગવાન વિશ્વરૂપના દર્શન કરી દેવતાઓએ ભયથી મસ્તક નમ્ર કર્યાં અને બ્રહ્મા પ્રથમથી સ્તુતિ કરવા લાગ્યા. ૫૩.

બ્રહ્મ૦—હે સહસ્રબાહો ! હે અનેક મુખ તથા અનેક ચરણયુકત ! તમને નમસ્કાર છે, હે જગત્ની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરનાર અજ્ઞેય ભગવાન ! તમને અનેક વાર પ્રણામ છે. ૫૪. હે સૂક્ષ્મથી પણ અત્યંત સૂક્ષ્મ ! હે મોટા પ્રમાણવાળા ! હે ગૌરવ શાલિઓમાં અત્યંત ગૌરવયુકત ! હે પ્રકૃતિ બુધ્ધિ તથા અહંકાર નિયંતા ! હે મૂળ પુરૂષ (જીવ) થી પર ! હે ભગવન્ ! આપ પ્રસન્ન થાઓ. ૫૫. હે દેવ ! આ પૃથ્વી ઉપર ઉત્પન્ન થયેલા કેટલાક મહાઅસુરોએ પર્વત રુપ બંધન શિથિલ કરવાથી આ પૃથ્વી પોતાના ઉપરનો ભાર ઉતરાવવા માટે જગત્ના પરમ આધાર ભૂત અને અમર્યાદ સામર્થ્યવાળા એવા આપની પાસે આવી છે. ૫૬. હે સુરનાથ! હું ઈંદ્ર, યમ, વરુણ, અશ્વિનીકુમાર, રુદ્ર, વસુ, સૂર્યસહિત વાયુ, અગ્નિ, આદિ સર્વ દેવતાઓ આપની પાસે આવ્યા છે; માટે હે દેવાધિનાથ દેવતાઓને અને મારે જે કંઈ કરવું જોઈએ તે વિષયમાં અમને આજ્ઞા કરો, કારણકે અમે સઘળા નિરંતર આપનીજ આજ્ઞાનું પાલન કરનારા છીયે. ૫૭. ૫૮.

પરાશર૦—હે મૈત્રેય! એ પ્રમાણે બ્રહ્માએ સ્તુતિ કર્યા પછી ભગવાન શ્રીવિષ્ણુએ પોતાના એક શ્વેત અને એક કૃષ્ણ એવા બે કેશ કાઢી દેવતાઓને કહ્યું મારા આ બે કેશ પૃથ્વી ઉપર અવતાર લઈ પૃથ્વીના ભારરૂપ પીડા નાશ કરશે. ૫૯. ૬૦. તથા સર્વ દેવતાઓ પણ પૃથ્વી ઉપર પોતપોતાના અંશથી અવતાર લઇ ઉન્મત્ત અસુરોની સાથે યુદ્ધ કરો. ૬૧. એમ કરવાથી મારી દ્રષ્ટિપાતથી ચુર્ણ થઈ ગયેલા સઘળા દૈત્યો નાશ પામશે એમાં જરા પણ સંશય નથી. ૬૨. હે દેવતાઓ! વસુદેવની સ્ત્રી દેવસમાન દેવકીનો આ મારો કેશ આઠમો ગર્ભ થશે. ૬૩. તે ત્યાં અવતરી કંસરૂપે ઉત્પન્ન થયેલા કાળનેમિ દૈત્યનો વધ કરશે. એ પ્રમાણે કહી શ્રી વિષ્ણુ અંતર્ધાન થયા. ૬૪. ત્યારપછી દેવતાઓ શ્રીહરિને પ્રણામ કરી મેરૂ પર્વત ઉપર ગયા અને પૃથ્વી ઉપર અવતરવા લાગ્યા. ૬૫. પછી ભગવાન નારદમુનિએ દેવકીને વિષે આઠમા ગર્ભમાં શ્રીવિષ્ણુ ઉત્પન્ન થવાના છે, એમ કંસને કહ્યું ૬૬ કંસે નારદનું વચન સાંભળી ક્રોધ પામી વસુદેવ અને દેવકીને કારાગ્રહમાં કેદ કર્યા. ૬૭. હે દ્વિજ! પૂર્વે જે પ્રકારે વસુદેવે કંસને કહ્યું હતું તે પ્રકારે તેણે એક એક પુત્ર જન્મતાં કંસને અર્પણ કર્યા. ૬૮. પૂર્વે હિરણ્યકશિપુના પુત્ર કાલનેમિના છ પુત્ર (પાતાળમાં) હતા એમ મેં સાંભળ્યું છે, તેને વિષ્ણુની આજ્ઞા પ્રમાણે યોગનિદ્રાએ અનુક્રમથી દેવકીના ગર્ભમાં મુક્યા હતા. ૬૯. જે અવિદ્યામાં સર્વ જગત્ મોહ પામ્યું છે, તે વિષ્ણુની મહામાયારૂપ યોગનિદ્રાને શ્રીહરિએ કહ્યું. ૭૦.

ભગવાન—હે નિદ્રે! તું મારી આજ્ઞાથી પાતાળમાં રહેલા (કાળનેમિના) છ ગર્ભને એક પછી એક અનુક્રમથી દેવકીના ગર્ભમાં સ્થાપન કર. ૭૧. એ સઘળાનો કંસે વધ કર્યા પછી મારા અંશના અંશરૂપ શેષ તેના ઉદરમાં સાતમા ગર્ભરૂપથી ઉત્પન્ન થશે. ૭૨. તેને ગોકુળમાં વસુદેવની રોહિણી નામની બીજી સ્ત્રી છે તેના ઉદરમાં તે દેવકીના સાતમા ગર્ભને સ્થાપન કરજે. ૭૩. એટલે કંસના ભયથી તથા કારાગ્રહમાં નાંખવાથી દેવકીનો ગર્ભપાત થયો એમ લોકો કહેશે. ૭૪. એ ગર્ભનું આકર્ષણ કરવાથી તે શ્વેત પર્વતના શિખર સરખા વીર જગત્માં સંકર્ષણ નામથી પ્રખ્યાત થશે. ૭૫. ત્યાર પછી હું દેવકીના શુભ જઠરમાં ઉત્પન્ન થઇશ. અને તું તે વખતે વિલંબ ન કરતાં યશોદાના ગર્ભમાં ઉત્પન્ન થજે. ૭૬. વર્ષાકાળના શ્રાવણ માસના કૃષ્ણપક્ષની અષ્ટમીમાં મધ્યરાત્રિએ હું અવતાર લઇશ અને તું તેજ દિવસે મધ્ય રાત્રિ પછી નવમીમાં જન્મશે. ૭૭. મારી શક્તિથી પ્રેરિત થઈ વસુદેવ મને યશોદાની શૈય્યા ઉપર મુકી તને દેવકીની શૈય્યા ઉપર લાવી મુકશે. ૭૮. હે દેવી! પછી કંસ તને ગ્રહણ કરી પથ્થર ઉપર પછાડશે તે વખતે તું નીચે ન પડતાં અંતરીક્ષમાં રહેશે. ૭૯. તે વખતે સો નેત્રવાળો રૂદ્ર મારી મર્યાદાથી તને

નમસ્કાર કરી પોતાની બેહેન તરીકે માનશે. ૮૦. પછી તું શુંભ નિશુંભ આદિ હજારો દૈત્યનો વધ કરી વિંધ્ય જલંધર આદિ અનેક સ્થાનોવડે તમામ પૃથ્વીને સુશોભિત કરશે. ૮૧. હે નિદ્રે! નમ્રતા, કીર્તિ, ક્ષમા, સ્વર્ગ, પૃથ્વી, ધૈર્ય, લજ્જા, પુષ્ટિ, અને પ્રાતઃકાળની અધિષ્ઠાત્રી ઉષા નામની દેવી તે તારી વિભૂતિ કહેવાશે. ૮૨. જે મનુષ્ય પ્રાતઃકાળે અને સાયંકાળે નમ્ર થઈ આર્યા, દુર્ગા, દેવગર્ભા, અંબિકા, ભદ્રા, ભદ્રકાલી, ક્ષેમ્યા અને ક્ષેમંકરી એવા નામથી તારી સ્તુતિ કરશે તેની સર્વ ઇચ્છા મારા પ્રસાદથી પરિપૂર્ણ થશે. ૮૩. ૮૪. તથા સુરા, માંસ અને ભક્ષ, ભોજ્ય આદિ અન્નવડે તારી પૂજા કરશે તેની ઉપર તું પ્રસન્ન થઇ તેને અનેક પ્રકારના ઇચ્છિત ફળ આપીશ. ૮૫. હે ભદ્રે! તારૂં પૂજન કરનાર સર્વ લોકને તારી આપેલી સર્વ કામનાઓ મારી કૃપાથી નિશ્ચય પરિપૂર્ણ થશે. હે દેવી! મારા કહેવા પ્રમાણે હમણા તું જા. ૮૬.

ते सर्वे सर्वदा भद्रे मत्प्रसादादसंशयम्॥
असंदिग्धा भविष्यंति गच्छ देवि यथोदिता ॥८६॥
इति श्री विष्णुपुराणे पंचम अंशे प्रथमो अध्याय संपूर्ण.

---

* અધ્યાય ૨ જો.

पराशर उवाच ॥ यथोक्तं सा जगद्धात्रा देवदेवेन वै पुरा ॥
षड्गर्भगर्भविन्यासं चक्रे चान्यस्य कर्षणम् ॥१॥

પરાશર કહેછે—પૂર્વે જગત્ને ઉત્પન્ન કરનાર દેવનાદેવ શ્રી વિષ્ણુના કહેવા પ્રમાણે તે યોગ નિદ્રાએ છ ગર્ભને દેવકીના ઉદરમાં રાખી સાતમા ગર્ભનું આકર્ષણ કર્યું. ૧. તે સાતમો ગર્ભ દેવકીના ઉદરથી રોહિણીના ઉદરમાં મુકયા પછી ભગવાન શ્રી હરિ ત્રણ લોક ઉપર ઉપકાર કરવાને માટે દેવકીના ઉદરમાં પ્રગટ થયા. ૨. યોગનિદ્રા પણ તેજ દિવસે પરમેશ્વરની આજ્ઞા પ્રમાણે યશોદાના ગર્ભમાં ઉત્પન્ન થઇ. ૩. હે દ્વિજ! શ્રીવિષ્ણુ અંશ પૃથ્વી ઉપર આવવાથી આકાશમાં ગ્રહ સમૂહ ઉત્તમ પ્રકારે ફરવા લાગ્યા અને સર્વ ઋતુઓએ મંગળ રૂપ ધારણ કર્યું. ૪. (ઉદરમાં શ્રી વિષ્ણુ પ્રગટ થવાથી) અત્યંત તેજથી દેદિપ્યમાન દેવકીને જોવામાં કોઇ પણ સમર્થ ન થયા. દેવતાઓનું ધાર્યું થયું તેથી તેને જોતાંજ મનમાં હર્ષ થયો. ૫. તે સમયે દેવતાઓ પુરુષ અને સ્ત્રીઓથી અદ્રશ્ય રહી વિષ્ણુને પોતાના શરીરમાં ધારણ કરનારી દેવકીની અહર્નીશ સ્તુતિ કરવા લાગ્યા. ૬. હે દેવી! પૂર્વે

---

* બીજા અધ્યાયમાં દેવકીના ગર્ભને વિષે શ્રીવિષ્ણુ પ્રગટ થશે તે વખતે હરિના ગુણને દર્શાવનારી બ્રહ્માદિ દેવતાઓ દેવકીની સ્તુતિ કરશે.

પરબ્રહ્મના પ્રતિબિંબ રૂપને ધારણ કરનારી પરા પ્રકૃતિ તું હતી. ત્યારપછી જગદુત્પાદક પરમાત્માની વેદ ગર્ભવાણી તે પણ તુંજ હતી ૭. હે સનાતની ! તારા ગર્ભમાં ઉત્પાદ્ય પદાર્થોનું સ્વરુપ છે; તેથી તું સૃષ્ટિરૂપ અને સર્વ વિશ્વના બીજ રૂપ છે તેમજ જેને વિષે યજ્ઞ ક્રિયા પ્રતિપાદન કરેલી છે તે વેદમયી યજ્ઞ ગર્ભા પણ તુંજ છે. ૮. તું ફળગર્ભા યજ્ઞ સ્વરૂપિણી, અગ્નિગર્ભિત અરણી, દેવગર્ભા અદિતિ અને દૈત્ય ગર્ભાદિતિ છે. ૯. તું ઈંદ્રિગર્ભા પૂર્વ સંધ્યા અને જ્ઞાનગર્ભા સન્નતિ, (ગુરુસુશ્રુષા) ન્યાય ગર્ભા નીતિ શાસ્ત્ર તથા નમ્રતાને ધારણ કરનારી લજ્જાછે. ૧૦ તું ધર્મિષ્ઠ ફળ આપનારી ઇચ્છા, સંતોષ દાયક તૃપ્તિ, જ્ઞાનદાયક બુદ્ધિ તથા ધૈર્ય ધારણ કરનાર ધૃતિ છે.૧૧. હે દેવી! ગ્રહ, નક્ષત્ર, તારાને ધારણ, કરનાર સર્વ જગત્ની કારણીભૂત આકાશ રુપિણી તું છે. હે જગદ્ધાત્રી ! એ તથા બીજી અનેક પ્રકારની વિભૂતિઓ હમણા તારા ગર્ભમાં વિરાજમાન છે. ૧૨. હે કલ્યાણિ ! સમુદ્ર, પર્વત, નદીઓ, દ્વીપ, વન ધરથી શોભાયમાન ગ્રામ, નાના ગામ, નગર, ખેતીયુકત તમામ પૃથ્વી, અગ્નિ, જળ, સર્વવાયુ, ગ્રહ, નક્ષત્ર, તારા, વિચિત્ર વિમાન યુકત આકાશ, ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક જનલોક, તપલોક, બ્રહ્મલોક અને વિશેષ શું કહીયે સર્વ બ્રહ્માંડ તથા તેના અંતર્ભાગમાં રહેનારા દેવ, દૈત્ય, ગંધર્વ, ચારણ, મોટા મોટા સર્પ, યક્ષ, રાક્ષસ, પિશાચ, ગુહ્યક, મનુષ્ય, પશુ, પક્ષી અને બીજા સર્વ જીવ છે તે હે યશસ્વિની ! તારા ઉદરમાં નિવાસ કરનાર, સર્વ જીવગણોની સાથે સર્વેશ, સર્વના ઉત્પાદક તથા જેના કર્મ અને સ્વરૂપનું પ્રમાણ ન થઇ શકે એવા શ્રીવિષ્ણુ તારા ઉદરમાં નિવાસ કરી રહ્યા છે. ૧૩. ૧૮. હે દેવકી ! તું સ્વાહા, સ્વધા, વિદ્યા, સુધા, જ્યોતિ અને આકાશ રૂપિણી થઈ સર્વ લોકોનું રક્ષણ કરવા માટે પૃથ્વી ઉપર ઉત્પન્ન થઇ છે.૧૯. હે દેવી !તું પ્રસન્નથા અને જેણે સર્વ જગત્ને ધારણ કર્યું છે તે ઈશ્વરને પ્રેમ પૂર્વક ધારણ કરી સર્વ જગત્નું કલ્યાણ કર. ૨૦.

प्रसीद देवि सर्वस्य जगतः शं शुभे कुरू ॥
प्रीत्या त्वं धारयेशानं धृतं येनाखिलं जगत् ॥ २० ॥
ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમ અંશે દ્વિતીયો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૩ જો.

पराशर उवाच ॥ एवं संस्तूयमाना सा देवैर्देवमधारयत् ॥
गर्भेण पुण्डरीकाक्षं जगतां त्राणकारणम् ॥ १ ॥

* ત્રીજા અધ્યાયમાં શ્રી વિષ્ણુ પોતાની શક્તિથી અવતાર ધારણ કરશે તેને વસુદેવ મથુરાથી ગોકુળમાં મુકી આવશે એ કથા કહેવાશે.

પરાશર કહેછે—એ પ્રમાણે દેવતાઓથી સ્તુતિ કરાયલી તે દેવકી જગત્નું રક્ષણ કરનાર પુંડરીકાક્ષ શ્રીવિષ્ણુને પોતાના ગર્ભને વિષે ધારણ કરતી હતી. ૧. ત્યારપછી અખિલ જગત્ રુપ કમળનો વિકાસ કરવા માટે મહાત્મા શ્રીવિષ્ણુ રૂપ સૂર્ય દેવકી રૂપ પ્રાતઃસંધ્યાને વિષે ઉત્પન્ન થયા. ૨. જેમ ચંદ્રમાના કિરણો સર્વ લોકને આનંદ દાયક થાયછે તેમ ભગવાનનો જન્મ દિવસ સર્વ લોકને આનંદ જનક થયો હતો. ૩ શ્રી કૃષ્ણના જન્મ વખતે સાધુ પુરુષોને અત્યંત સંતોષ, પ્રચંડ વાયુમાં શાંતિ અને નદીઓને વિષે નિર્મળતા પ્રાપ્ત થઇ હતી. ૪. તે વખતે સમુદ્ર પોતાના શબ્દથી મનોહર વાદ્ય વગાડવા લાગ્યો, ગંધર્વો ગાયન કરવા લાગ્યા અને અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. ૫. આકાશમાં ગતિ કરનારા દેવતાઓએ પૃથ્વી ઉપર પુષ્પની વૃષ્ટિ કરી અને શ્રી કૃષ્ણના જન્મ સમયે અગ્નિ શાંતતાથી પ્રજ્વલિત થયા હતા. ૬. હે દ્વિજ ! સર્વના આધાર ભૂત શ્રીવિષ્ણુ એ મધ્યરાત્રિએ જન્મ ધારણ કર્યો તે વખતે મેઘ પુષ્પનો વર્ષાદ વરસાવતાં મંદ મંદ ગર્જના કરવા લાગ્યો. ૭. પ્રફુલ્લ કાંતિમાન્, નીલ કમળ સરખા ચાર હાથ વાળા અને વક્ષઃસ્થળમાં શ્રી વત્સ ચિન્હને ધારણ કરનાર શ્રીવિષ્ણુને જોઈ વસુદેવે સ્તુતિ કરી. ૮. હે દ્વિજ ! મહા બુદ્ધિશાળી વસુદેવે પવિત્ર વાકયોથી સ્તુતિ કર્યા પછી તે કંસના ભયથી ભગવાનને કહેવા લાગ્યા. ૯.

વસુદેવ૦—હે દેવ દેવેશ ! હે શંખ ચક્ર ગદા ધર ! આપને મેં જાણ્યા. હે દેવ ! આપ પ્રસન્ન થઇ આ દિવ્ય સ્વરૂપને સમેટી લ્યો. ૧૦. મારા મંદિરમાં આપ અવતર્યા છો એમ જાણી કંસ આજને આજ મને પીડા કરશે. ૧૧.

દેવકી૦— જે અનંત અને અખિલ વિશ્વરૂપ પોતાના શરીરથી સર્વ લોકોને ધારણ કરે છે; તે દેવના દેવ પોતાની માયાથી બાળરુપ ધારણ કરનાર મારી ઉપર પ્રસન્નથાઓ. ૧૨. હે સર્વાત્મન્ ! આપ આ ચતુર્ભુજ રુપ સંકેલીલ્યો, કારણ કે દૈત્યનો નાશ કરનાર એવા તમે અવતર્યા છો એમ કંસ જાણી ન શકે. ૧૩.

ભગવાન૦—હે દેવી ! તમે પૂર્વે પુત્રની ઈચ્છાથી મારી સ્તુતિ કરી હતી, એ તમારી ઈચ્છા આજ સફળ થઈ કારણ કે તમારા ઉદરથી હું ઉત્પન્ન થયો છું. ૧૪

પરાશર૦—એ પ્રમાણે કહી ભગવાન મૌન્ય રહ્યા અને વસુદેવ તે વખતે (તેમની આજ્ઞાથી) તેમને લઇ બહાર નીકળ્યા. ૧૫. વસુદેવને જતી વખતે ત્યાંના રક્ષપાળ તથા મથુરાના દ્વારપાળને યોગનિદ્રાએ મોહિત કર્યા હતા. ૧૬. તે રાત્રિએ મેઘ વરસતો હોવાથી અતીશય પડતાં જળને શેષ પોતાની ફણાથી નિવારણ કરતા વસુદેવની પાછળ ચાલતા હતા. ૧૭. વસુદેવ શ્રીકૃષ્ણને ધારણ કરી અત્યંત ક્ષીણ તથા અનેક ભમરાયુકત યમુના નદી ગંભિર ધ્વની કરતી હતી તેમાંથી પાર નીકળી ગયા. ૧૮. ત્યાં તેણે કંસને કર આપવાને માટે તેજ તટ ઉપર નંદ આદિ

ગો ૫ લોકોને જોયા. ૧૯. હે મૈત્રેય ! તે સમયે યોગનિદ્રાથી મોહિત થયેલી યશોદાને પણ જે પુત્રિ અવતરી તે યોગનિદ્રા હતી. ૨૦. ત્યારપછી અપરિમિત કાંતિવાળા વસુદેવે પોતાના બાળકને યશોદાની શૈય્યા ઉપર મુકી તેની કન્યા લઈ સત્વર મથુરામાં આવ્યા. ૨૧. પછી યશોદા જાગી નીલ કમળના પત્ર સરખા શ્યામવર્ણ પુત્ર ઉત્પન્ન થયા છે એમ જોઇ ઘણી આનંદ પામી. ૨૨. વસુદેવ કન્યાને લઇ પોતાના મંદિરમાં આવી તેને દેવકીની શૈય્યા ઉપર સુવાડી પૂર્વ પ્રમાણે રહ્યા. (પછી તે કન્યા રુદન કરવા લાગી.) ૨૩. હે દ્વિજ ! રક્ષપાલ લોકો બાળકની ધ્વની સાંભળી તત્કાળ ઉઠયા અને દેવકીને કંઈક પ્રસવ થયો છે તે વાત કંસને જઇને કહી. ૨૪. તે વખતે કંસ સત્વર ત્યાં આવ્યો અને દેવકી ગદ્ ગદ્ સ્વરથી ' છોડી દે, મુકી દે ' એમ કહ્યું છતાં તે કન્યાને છીનવી લઇ પથ્થર ઉપર ફેંકી; તેને ફેંકતાજ તે આકાશમાં જઇ આયુધ સહિત આઠ ભુજા યુક્ત મહત્ સ્વરુપ ધારણ કરી શ્યામ વર્ણવાળી દેવી ઉચ્ચ હાસ્ય કરી કંસને કહેવાલાગી ' હે કંસ ? મને ફેંકીને તેં શું કર્યું ? જે તારો વધ કરનાર છે તેનો જન્મ થઇ ચુકયો છે. ૨૫. ૨૭. જે દેવતાઓના સર્વસ્વ ભૂત પરમ પુરૂષે પૂર્વ જન્મમાં (કાલનેમિ) પણ તારો વધ કર્યો હતો, તેનો વિચાર કરી તારે જે પોતાનું હિત કરવું હોય તે કર. ' ૨૮. એ પ્રમાણે કહી દિવ્યમાળા, સુગંધિ ચંદન અને આભૂષણોથી યુક્ત આકાશમાં રહેનારા સિદ્ધ પુરુષોથી સ્તવન કરાયલી તે દેવી કંસ જુએ છે એટલામાં તેની સમક્ષ અદ્રશ્ય થઈ ગઇ. ૨૯.

इत्युक्त्वा प्रययौ देवी दिव्य स्रग्गंधभूषणा ॥
पश्यतो भोजराजस्य स्तुता सिद्धैर्विहायसि ॥ २९ ॥
ઇતિ શ્રી વિષ્ણુપુરાણે પંચમ અંશે તૃતીયો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૪ થો.

पराशर उवाच ॥ कंसस्ततोद्विग्नमनाः प्राह सर्वान्महासुरान् ॥
प्रलंबकेशिप्रमुखानाहूयासुरपुंगवान् ॥१॥

પરાશર કહેછે—ત્યારપછી કંસ આકૂળ વ્યાકૂળ ચિત્તથી પ્રલંબ કેશિ આદિ સઘળા પ્રધાન મહા અસુરોને બોલાવી કહેવા લાગ્યો. ૧.

કંસ૦—હે મહાબાહુ પ્રલંબ ! હે કેશિ ! હે ધેનુક ! હે પૂતના ! અરિષ્ટ આદિ બીજા અસુરોની સાથે તમે મારું ભાષણ સાંભળો. ૨. હેવીર પુરુષો ! મારા પરાક્રમથી

* ચોથા અધ્યાયમાં યોગનિદ્રાનું વચન સાંભળી દુષ્ટ બુદ્ધિવાળો કંસ પોતાની સ્તુતિ કરતાં પ્રલંબ આદિ દૈત્યોને બાળકોનો નાશ કરવાની આજ્ઞા આપશે.

પીડા પામેલા દુષ્ટ દેવતાઓએ મારોવધ કરવાને માટે પ્રયત્ન કર્યો છે; પરંતુ હું તેઓને જરા પણ ગણતો નથી. ૩ કારણ કે અલ્પ બળવાળો ઇંદ્ર મને શું કરશે? તપસ્વી મહાદેવથી શું થશે? છીદ્ર શોધનાર દૈત્યનો નાશ કરનાર વિષ્ણુમાં શું સામર્થ્ય છે? અને વસુ સહિત સૂર્ય, હીનપરાક્રમી અગ્નિ તથા મારા બાહુ બળથી પરાજય પામેલા દેવતાઓથી શું થવાનું છે? ૪–૫. જ્યારે ઇંદ્રે (ક્રોધ પામી) મારા રાજ્યમાં વૃષ્ટિ નહોતી કરી તે વખતે મારા બાણોની ચોટથી ઇંદ્ર નાશી ગયો હતો તે શું તમે જોયું નહોતું? અને મેં મારા બાણથી વાદળોને ભેદિ જેટલો જોઈએ તેટલો વરસાદ વરસાવ્યો હતો. ૬–૭. આ પૃથ્વી ઉપર મારા શ્વસુર જરાસંધ શિવાય બીજા રાજાઓએ મારા બાહુ બળથી ભયભીત થઈ મારી પાસે શું તેઓએ મસ્તક નથી નમાવ્યાં? (તો દેવતાઓને નમ્રે કરવામાં શું વિલંબ છે?) ૮. હે દૈત્ય શ્રેષ્ઠ! હું દેવતાઓની પણ અવજ્ઞા કરું છું. હે વીર પુરુષો! એ લોકો મને મારવાને માટે જે યત્ન કરે છે તે જોઇ મને હસવું આવે છે. ૯. તથાપિ હે દૈત્યનાયકો! તે દુર્જન તથા દુરાત્મા દેવતાઓના અપકારને માટે મારે વિશેષ પ્રયત્ન કરવો ઉચિત છે. ૧૦. માટે આ પૃથ્વી ઉપર દેવતાઓનો અપકાર કરવા માટે જે કોઇ દાનશીળ તથા યજ્ઞ કરનાર હોય તે સર્વનો વધ કરવો ૧૧. તેમજ પૂર્વ જન્મમાં મને મારનાર ફરીથી ઉત્પન્ન થયો છે (તેનાથી મારું મૃત્યુ થવાનું છે) એમ દેવકીના ગર્ભથી ઉત્પન્ન થયેલી કન્યાએ મને કહ્યું છે. ૧૨. એટલા માટે આ પૃથ્વી ઉપર જન્મેલા બાળકો ઉપર વિશેષ દૃષ્ટિ રાખવી. જે બાળકોમાં વિશેષ બળ દેખાય તેનો યત્ન પૂર્વક નાશ કરવો. ૧૩. એ પ્રમાણે કંસ અસુરોને આજ્ઞા કરી પોતાના ઘરમાં જઇ વસુદેવ અને દેવકીને બંધનથી મુક્ત કરી કહેવા લાગ્યો. ૧૪.

કંસ૦—મેં તમારા બાળકોનો વૃથાનાશ કર્યો; મારો નાશ કરવાને માટે કોઈ બીજોજ બાળક ઉત્પન્ન થયો છે. ૧૫. હશે! એ વિષયમાં આપે પશ્ચાત્તાપ કરવો નહીં કારણ કે તમારા બાળકોના પ્રારબ્ધમાં એ પ્રકારેજ મૃત્યુનિર્માણ થયું હશે. જુઓ, આયુષ્યપૂર્ણ થયા પછી કોણ મરતું નથી? ૧૬. હે દ્વિજ શ્રેષ્ઠ! એ પ્રકારે કંસે વસુદેવ, દેવકીને આશ્વાસન કરી બંધનથી મુક્ત કરી (શત્રુ ઉત્પન્ન થવાથી) શંકાયુક્ત ચિત્તથી ફરી પોતાના ઘરમાં ગયો. ૧૭.

इत्याश्वास्य विमुक्तौ च कंसस्तौ परिशङ्कितः ॥
अंतर्गृहं द्विजश्रेष्ठ प्रविवेश पुनः स्वकम् ॥१७॥


ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમઅંશે ચતુર્થો અધ્યાય સંપૂર્ણ.

Krishna Showing His Godly form.



वसुदेव अने देवकीने कारागृहमां चतुर्भुजस्वरूपदर्शन.

Vasudeo Carring Krishna to Vrija.




कृष्णसह वसुदेव वृजगमन.

Uplifting of the Mountain Govardhan.



गोवर्धनोद्धारण.

Subduing Serpent Kaliya.



कालियदमन.

* અધ્યાય ૫ મો.

पराशर उवाच ॥ विमुक्तो वसुदेवोऽपि नंदस्य शकटं गतः ॥
प्रहृष्टं दृष्टवान्नंदं पुत्रो जातो ममेति वै ॥१॥

પરાશર કહેછે.—વસુદેવ પણ બંધનથી મુક્ત થઈ નંદના શકટ (ગાડા) પાસે ગયા. ત્યાં નંદને પોતાને ઘેર પુત્ર જન્મવાથી તેને આનંદયુક્ત જોયા. ૧. વસુદેવે પણ આદરપૂર્વક નંદને કહ્યું કે 'વૃદ્ધાવસ્થામાં આપને ત્યાં પુત્ર અવતર્યો તે અત્યંત શ્રેષ્ઠ ભાગ્યની વાત છે. ૨. આપે રાજાને વાર્ષિક કર સઘળો આપ્યો છે. માટે હવે તમારે અહીં વિશેષ વખત રહેવું નહીં. ૩. કારણકે જે કાર્યને માટે તમે અહીં આવ્યા હતા તે કાર્ય સંપૂર્ણ થયું છે તો અત્રે વિશેષ રહેવાનું શું પ્રયોજન છે? માટે હે નંદ! આપ સત્વર ગોકુળમાં જાઓ. ૪. રોહિણીના ઉદરથી જન્મેલો મારો પુત્ર જે ત્યાં છે તેનું તમે પોતાના પુત્ર પ્રમાણે રક્ષણ કરજો. ૫. વસુદેવનું એ પ્રકારે વચન સાંભળી રાજાને કર આપી ગાડામાં દ્રવ્ય પાત્ર મુકી બળવાન નંદ ગોપગણ સહિત ગોકુળમાં ગયા. ૬. તે ગોકુળમાં રહેતા હતા તે વખતે એક દિવસ રાત્રિએ બાળકનો નાશ કરનારી પૂતના ત્યાં આવી અને સુતેલા કૃષ્ણને પાસામાં લઇ પોતાનું સ્તન પાન કરાવવા લાગી. તે પૂતના રાત્રિએ જે જે બાળકને સ્તનપાન કરાવતી હતી તે તે બાળક ક્ષણવારમાં નાશ પામતા હતા. ૮. પરંતુ શ્રીકૃષ્ણ ક્રોધિત થઇ પોતાના હાથથી તેના સ્તનને ખુબ દબાવી તેના પ્રાણ સહિત પાન કરી ગયા. ૯. પછી જેના સ્નાયૂના બંધન તુટી ગયાં છે એવી પૂતના અત્યંત ભયંકર ચીસ પાડી પ્રાણ વગરની થઈ પૃથ્વી ઉપર પડી. ૧૦. તેનો ભયંકર શબ્દ સાંભળી વૃજવાસિ ભયભિત થઈ જાગી ઉઠ્યા અને પૂતનાનું સ્તન પાન કરતા કૃષ્ણને તથા મરણ પામેલી પૂતનાને જોઈ. ૧૧. હે દ્વિજ શ્રેષ્ઠ! તે વખતે ભય પામેલી યશોદાએ શ્રીકૃષ્ણને લઇ તેની ઉપર હાથથી ગોપુચ્છ ફેરવી બાળકને લાગનારી (નજર વગેરે) દોષ દૂર કર્યા. ૧૨. તથા નંદગોપે પણ ગોમય (ગાયનું છાણ) લઈ શ્રીકૃષ્ણના મસ્તકપર મૂકી આ પ્રમાણે બોલવા લાગ્યા. ૧૩.

नंदगोप०—જેની નાભિકમળથી અખિલ વિશ્વ ઉત્પન્ન થયું છે તે સર્વ પ્રાણિ માત્રની ઉત્પત્તિમા કારણીભૂત શ્રીહરિ તારૂં રક્ષણ કરો. ૧૪. જેના દાંતના અગ્રભાગ ઉપર પૃથ્વી રહી જગતને ધારણ કરે છે તે વરાહરુપ શ્રી વિષ્ણુ તારૂં રક્ષણ કરો. ૧૫. જેણે નખથી શત્રુનું વક્ષઃસ્થળ ભેદી નાંખ્યું છે તે શ્રીનૃસિંહરુપ

* પાંચમા અધ્યાયમાં શ્રીકૃષ્ણને સ્તનપાન કરાવવાથી પૂતના પંચતત્વને પામશે અને ગોપુચ્છ વગેરે ફેરવી નંદ ગોપ શ્રીકૃષ્ણની રક્ષા કરશે.

કેશવ તારૂં રક્ષણ કરો. ૧૬. જેણે ક્ષણવારમાં પોતાના ચરણથી ત્રણ લોકને આક્રમણ કર્યું છે તે દેદિપ્યમાન આયુધવાળા વામનરૂપ ત્રિવિક્રમ નિરંતર તારી રક્ષા કરો. ૧૭. ગોવિંદ તારા મસ્તકનું રક્ષણ કરો; કેશવ તારા કંઠનું, શ્રીવિષ્ણુ તારા ઉદર સહિત ગુહ્ય ભાગનું અને જનાર્દન તારી જાંગનુ તથા પગનું રક્ષણ કરો. ૧૮. અવ્યય તથા અકુંઠિત ઐશ્વર્યવાળા શ્રીનારાયણ તારા મુખ, બાહુ, હાથના કાંડા, મન અને સર્વ ઈંદ્રિયોનું રક્ષણ કરો. ૧૯. પોતાના હાથને વિષે ધારણ કરેલા શંખ, ચક્ર, ગદા, અને ધનુષ્યના શબ્દથી પિશાચ, કૂષ્માંડ, રાક્ષસ આદિ જે તારા શત્રુ હોય તે તમામ નાશ પામો. ૨૦. વૈકુંઠ ભગવાન સર્વ દિશાઓમાં; મધુસૂદન વિદિશાઓમાં, હૃષીકેશ આકાશમાં તથા મહીધર પૃથ્વી ઉપર તારૂં રક્ષણ કરો. ૨૧. એ પ્રકારે સ્વસ્ત્યયન (કલ્યાણકારક કર્મ) કરી નંદ ગોપે તે બાળકને ગાડાની નીચે પારણામાં સુવાડયા. ૨૨. પછી ગોપગણ મરણ પામેલી પૂતનાના મોટા શરીરને જોઇને અત્યંત ભયભિત થઈ વિસ્મય પામ્યા. ૨૩.

ते च गोपा महद्दृष्टवा पूतनायाः कलेवरम् ॥
मृतायाः परमं त्रासं विस्मयं च तदा ययुः ॥ २३ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમ અંશે પંચમો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૬ ઠો.

पराशर उवाच ॥ कदाचिच्छकटस्याधः शयानो मधुसूदनः ॥
चिक्षेप चरणावूर्ध्वं स्तन्यार्थी प्ररुरोद च ॥१॥

પરાશર કહેછે.—કોઈક સમયે શકટની નીચે સુતેલા શ્રી કૃષ્ણ સ્તનપાન કરવાની ઇચ્છાથી બે પગ ઉંચા નીચા કરતા હતા. ૧. (તે કોઇએ સાંભળ્યું નહીં) તેના ચરણ પ્રહારથી શકટમાં રાખેલા ઘટાદિ સામાન ભાંગી ગાડુ ઉંધુ પડી ગયું. ૨, હે દ્વિજ ! તે વખતે ગોપ અને ગોપીઓ હાહાકાર કરતા તે ઠેકાણે આવી જોયું તો બાળક ઉંચુ મોં રાખી સુતેલા છે. ૩. ત્યાં તે લોકો વારંવાર પુછવા લાગ્યા કે 'કોણે આ ગાડું ઉંધું વાળ્યું ? શી રીતે આમ થયું ? તે સાંભળી ત્યાં રમનારા બાળકો બોલ્યા કે 'રૂદન કરતાં કરતાં આ બાળકે પગ ઉંચો કરી શકટ ઉંધુ વાળ્યું એમ અમે જોયું છે, આ કામ બીજા કોઈનું નથી.' ૪. ૫. એ સાંભળી સઘળા ગોપ લોકો અત્યંત વિસ્મય પામ્યા અને નંદ ગોપે હરીને બાળકને

* છઠ્ઠા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ ગાડાને તથા યમળાર્જુનને પાડશે અને વૃંદાવનમાં વર્ષાઋતુનું વર્ણન કરવામાં આવશે.

લઈ લીધા. ૬. પછી યશોદાએ ભાંગી ગયેલા પાત્રના કટકાને ગાડામાં મુકી બાળકનું તથા ગાડાનું દહીં, ફળ, ફુલ, અક્ષત વગેરેથી પૂજન કર્યું. ૭. તે સમયે વસુદેવે મોકલેલા ગર્ગાચાર્ય ત્યાં આવી ગોપને ખબર ન પડે એમ શ્રીકૃષ્ણના તથા બળરામના નામ કરણ સંસ્કાર કર્યા. ૮. નામ કરણ સંસ્કાર કરતી વખતે બુદ્ધિમાન્ ગર્ગમુનિએ તે બે બાળકોમાં જયેષ્ઠનું રામ અને કનિષ્ઠનું કૃષ્ણ નામ પાડયું. ૯. ત્યાર પછી થોડા સમયમાં એ બન્ને બાળક ધુટણીએ આમ તેમ ચાલવા લાગ્યા. ૧૦. જયારે રામ અને કૃષ્ણ પોતાના શરીર ઉપર ગાયનું છાણ અને રાખ લીપી આમ તેમ ધુમતા હતા તે વખતે યશોદા અને રોહિણી કોઈ પણ તેને નિવારણ કરી શકતી નહોતિ. ૧૧. એ બાળકો કોઈ વખત ગાયોના તથા કોઇ વખત વાછરડાંઓના પુંછડા પકડી રમત કરતા હતા તેનું નીવારણ કરવા તેની માતાઓ સમર્થ ન થઇ. ૧૨. એ પ્રમાણે જયારે એકત્ર વિહારી અત્યંત ચપળ તે બન્ને બાળકોનું નિવારણ કરવામાં યશોદા સમર્થ ન થયાં. ૧૩. તે વખતે તેની કેડે દામ્નુ બાંધી એક ખાંડણીયા સાથે બાંધ્યા પછી જરા ક્રોધ પૂર્વક કલેશ રહિત કર્મ કરનાર શ્રી કૃષ્ણને કહેવા લાગ્યા. ૧૪. હે અત્યંત ચંચળ ચેષ્ટાવાળા ! હવે જો તારામાં શકિત હોયતો જા. એ પ્રમાણે યશોદા કહી ઘરના કામમાં લાગ્યાં. ૧૫. પછી યશોદા પોતાના કાર્યમાં આસકત થયાછે એમ જોઇ શ્રીકૃષ્ણ ખાંડણીયાને ખેંચતા ખેંચતા યમળાર્જુન નામના વૃક્ષના વચમાંથી નીકળ્યા. ૧૬. તે ખાંડણીઓ ખેંચતા વૃક્ષના મધ્યમાં આડો પડી અટકયો, તેને આચકો લાગવાથી ઉંચા મોટી શાખાવાળા તે યમળાર્જુન વૃક્ષ ભાંગી ગયા. ૧૭. તે પડતાં વૃક્ષનો ભયંકર શબ્દ સાંભળી ભયભિત થયેલા વૃજવાસિ લોકો ત્યાં દોડી આવ્યા. ૧૮. અને વૃક્ષની સ્કંધ તથા શાખા ભાંગી પૃથ્વી ઉપર પડેલા યમળાર્જુન વૃક્ષના મધ્યમાં નવીન આવેલા થોડા થોડા દાંતની કળીથી શોભાયમાન, હાસ્ય કરતા અને ઉદર ઉપર દામ્નાથી બાંધેલા બાળક (શ્રી કૃષ્ણ) ને જોયા તે દિવસથી ઉદરને વિષે દામ્નાએ બાંધેલા હોવાથી તેનું નામ દામોદર પડયું. ૧૯. ૨૦. ત્યારપછી નંદ ગોપ આદિ સઘળા વૃદ્ધ ગોપ એકઠા મળી ખીન્ન તથા ભયભીત થઇ મોટા મોટા ઉત્પાત સંબંધી વિચાર કરવા લાગ્યા. આપણે આ ઠેકાણે રહેવું નહીં જોઇએ, ચાલો બીજા એકાદ મહાવનમાં જઇને રહીએ, કારણ કે આ ઠેકાણે આપણો નાશ કરનાર ઘણા ઉત્પાતો થયા છે. ૨૧. ૨૨. જેમકે પૂતનાનો નાશ, ગાડાનું ઉંધુ વળવું અને વાવા ઝોડા શીવાય બે વૃક્ષોનું નીચે પડવું, ઇત્યાદિ ઘણા ઉત્પાત થયા છે. ૨૩. માટે જ્યાં સુધી બીજા મહા ઉત્પાતથી વ્રજ નાશ પામ્યું નથી ત્યાં સુધીમાં આપણે સઘળા અહીંથી થોડે દૂર વૃંદાવનમાં જઈ રહીએ, વિલંબ કરવો યોગ્ય નથી. ૨૪. એ પ્રમાણે વૃંદાવનમાં જવાનો નિશ્ચય કરી વ્રજવાસિ મનુષ્ય પોત પોતાના પરિવારને કહેવા લાગ્યા કે સત્વર ચાલો વિલંબ નહીં

કરો. ૨૫. ત્યારપછી વ્રજના મનુષ્યો શકટ, ગોધન, ગાયના વાછરડાંઓ તથા બાળકોને લઇ ક્ષણ વારમાં ચાલી નીકળ્યા. ૨૬. હે દ્વિજ! તે સમયે ગોપગણો એ ત્યાગ કરેલી વ્રજ ભૂમિ ક્ષણ માત્રમાં કાગ તથા કાગસ્ત્રીઓ આદિથી પરિપૂર્ણ થઇ ગઈ. ૨૭. હે દ્વિજોત્તમ! નિર્મળ કર્મવાળા શ્રીકૃષ્ણે પ્રસન્ન ચિત્તથી ગાયોની વૃદ્ધિ કરવાની ઇચ્છા કરી કે તત્કાળ તે જગ્યાએ રૂક્ષ ગ્રીષ્મકાળ હતો છતાં વૃષા ઋતુ પ્રમાણે નવીન ઘાસ ઉત્પન્ન થયું. ૨૮. ૨૯. પછી સઘળા વ્રજવાસિઓએ અર્ધ ચંદ્રાકાર પ્રમાણે ગાડાઓને ગોઠવી તેમાં નિવાસ કરવા લાગ્યા. ૩૦. તે વૃંદાવનમાં બળરામ તથા શ્રીકૃષ્ણ ગાયોના વત્સના પાલક થયા અને ત્યાં રહી બાળલીલા કરતાં કરતાં વાછરડાંઓના મધ્ય ભાગમાં ફરવા લાગ્યા. ૩૧. તે મહા બળવાન રામ, કૃષ્ણ મસ્તક ઉપર મોર પીંછ તથા કર્ણ ઉપર કુસુમ ધારણ કરી વેણુ તથા પાંતરાંના વાજીંત્ર વગાડતા કાર્તિકસ્વામિ સમાન બાળક હાસ્ય કરતાં અને બાળક્રીડા કરતાં મહાવનમાં ફરતા હતા. ૩૨. ૩૩. કોઈક વખત બે ભાઇઓ પરસ્પર હાસ્ય કરતા બીજા ગોપબાળકોની સાથે ક્રીડા કરતા વત્સોને ચરાવતા હતા. ૩૪. એ પ્રમાણે કાળક્રમથી જગત્નું રક્ષણ કરનાર અને મહાવનમાં વાછરડાંઓનું પાલન કરનાર તે રામ, કૃષ્ણ સાત વર્ષના થયા. ૩૫. તે સમયે આકાશ વાદળોથી યુકત થઇ સઘળી દિશામાં વર્ષા ઋતુનો આરંભ થયો. ૩૬. તેથી પૃથ્વી નવું ઘાસ ઉગવાથી મરકતમણિ સમાન અને ઈંદ્ર ગોપ નામના કીડાથી વ્યાપ્ત થઇ પદ્મરાગમણિ સરખી સુશોભિત દેખાવા લાગી. ૩૭. વૃષાઋતુમાં જેમ નવું ધન આવવાથી વિનયરહિત માણસ છલકઈ જાય છે તેમ નવા મેઘના જળથી નદીઓ પોતાની સીમાનું ઉલ્લંઘન કરી વહેવા લાગી. ૩૮. જે પ્રકારે મુર્ખ લોકોની ઉદ્ધતાઈથી સદ્વચનની શોભા રહેતી નથી તેમ વાદળોથી ઢંકાયેલો નિર્મળ ચંદ્રમા પણ શોભારહિત થયો. ૩૯. જે પ્રમાણે અવિવેકી રાજાએ સ્વીકારેલા ગુણહીન મનુષ્યને ઉત્તમ અધિકાર પ્રાપ્ત થાય છે તે પ્રમાણે નિર્ગુણ (દોરી વગરનું) ઈંદ્ર ધનુષ્યને પણ આકાશમાં ઉચ્ચપદ મળ્યું છે. ૪૦ કપટી મનુષ્યના અંતઃકરણમાં કુલીન મનુષ્યની નિષ્કપટ ચેષ્ટા પ્રમાણે મેઘના પ્રષ્ઠ ભાગમાં શ્વેત બગલાની પંક્તિ શોભવા લાગી. ૪૧, દુર્જનોએ સત્પુરૂષોની કરેલી મિત્રતા પ્રમાણે અત્યંત ચંચળ વિજળી આકાશમાં સ્થિર રહેતી નથી. ૪૨. પોતાના વચન વિરૂદ્ધ કૃત્ય કરનાર (જુઠું બોલનાર) દુષ્ટ પુરૂષના વચન પ્રમાણે સઘળા માર્ગ નવીન ઘાસથી આચ્છાદિત થવાથી અસ્પષ્ટ દેખાવા લાગ્યા. ૪૩. તે સમયે મોર અને ભમરાઓથી સુશોભિત મહાવનમાં રામ અને કૃષ્ણ પૂર્ણ આનંદથી ગોપાલોની સાથે ફરતા હતા. ૪૪. કોઈ વખતે ગોપગણો સાથે નૃત્ય કરતા ગાયન કરતા અને અતિશય શીતળ વૃક્ષ, લતા આદિની છાયામાં ફરતા હતા. ૪૫. કોઈ વખત કદંબના પુષ્પની માળા તથા વિવિધ પ્રકારની વનની ધાતુઓથી ચિત્રવિચિત્ર વેશ

કરી મોર પીંછથી વિભૂષિત થઈ શોભાયમાન દેખાતા હતા. ૪૬. વળી કોઇ વખત નિંદ્રા લેવાની ઈચ્છાથી પાંતરાની શૈય્યા ઉપર શયન કરતા તથા મેઘગર્જના વખતે હાહાકાર શબ્દ કરતા. ૪૭. કોઈ કોઇ વખત બીજા ગોપનું ગાયન સાંભળી તેની પ્રશંસા કરતા, કદી મોરનો શબ્દ સાંભળી તેની પાછળ ગોપની વેણુ વગાડતા હતા. ૪૮. ઇત્યાદિ અનેક પ્રકારની ઉત્તમ પ્રીતિયુકત બન્ને બાળકો ક્રીડા કરતા કરતા તે વૃંદાવનમાં આનંદથી ફરતા હતા. ૪૯. અને સાયંકાળે ગોપ સમૂહ તથા ગાયોની સાથે ગોપવેશ ધારી રામ, કૃષ્ણ પાછા આવતા હતા. ૫૦. તે મહા બળવાન યથા સમયમાં વ્રજમાં આવી પોતાની ઉમ્મરના ગોપ બાળકોની સાથે મળી દેવ સરખી ક્રીડા કરતા હતા. ૫૧.

विकाले च यथा जोषं व्रजमेत्य महाबलौ ॥
गोपैः समाजैः सहितौ चिक्रीडातेऽमराविव ॥५१॥

ઇતિ શ્રી વિષ્ણુપુરાણે પંચમ અંશે ષષ્ઠો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૭ મો.

पराशर उवाच ॥ एकदा तु विना रामं कृष्णो वृंदावनं ययौ ॥
विचचार वृतो गोपैर्वन्यपुष्पस्रगुज्ज्वलः ॥१॥

પરાશર કહેછે—એક સમયે બળરામ વગર શ્રીકૃષ્ણ એકલા વૃંદાવનમાં ગયા અને વનના ફુલની માળાથી વિભૂષિત થઇ ગોપગણોની સાથે ફરવા લાગ્યા. ૧. પછી ચંચળ તરંગથી શોભાયમાન યમુના તટ ઉપર જઈ તીર ઉપર લાગેલા ફીણથી ચારે તરફથી હાસ્ય કરતી હોય નહીં શું ? એવી યમુનામાં કાળી નાગના વિષ રૂપ અગ્નિથી દૂષિત ભયંકર ધરો જોયો. ૨. ૩. એ ધરાની વિષાગ્નિથી તટ ઉપરના મોટાં મોટાં વૃક્ષો બળી ગયાં હતાં અને વાયુના આઘાતથી ઉડેલા જળના સ્પર્ષ વડે પક્ષીઓ પણ બળી જતાં હતાં. જાણે મૃત્યુનું બીજું મુખ છે એવા અત્યંત ભયંકર ધરાને જોઇ ભગવાન શ્રીકૃષ્ણ મનમાં વીચાર કરવા લાગ્યા. ૪. ૫. મારા સેવક ગરૂડથી પરાજય પામી સમુદ્રને છોડી નાશી આવેલો દુષ્ટ કાલીનાગ આ ધરામાં રહે છે. ૬. તેથી સમુદ્ર ગામિની યમુના નદી દૂષિત થઇ છે. ગાયો અને ગોપ લોકો અત્યંત તૃષાતુર હોવા છતાં એનું જળપાન કરી શકતા નથી. ૭. માટે હું આ સર્પરાજનો નિગ્રહ કરીશ, જેથી વ્રજવાસી નિર્ભય થઇ આ જળનો સુખથી ઉપભોગ કરી શકે. ૮. કુમાર્ગ ગામિ દુરાત્માઓને દંડ કરવાના ઉદ્દેશથીજ મેં

* સાતમા અધ્યાયમા માયામનુષ્ય શ્રી કૃષ્ણ યમુનાના ધરામાં રહેનારા કાલીયનાગનું દમન કરી તેને સમુદ્રમાં મોકલશે એ કથા કહેવાશે.

મૃત્યુલોકમાં અવતાર ધારણ કર્યો છે. ૯. માટે આ સમીપ રહેનારા મોટા કદંબ વૃક્ષ ઉપર ચઢી હું આ નાગના ધરામાં કુદકો મારૂં, ૧૦.

પરાશર૦—એ પ્રમાણે વીચાર કરી વસ્ત્રથી કમ્મર બાંધી શ્રીકૃષ્ણ વેગથી સર્પના ધરામાં કુદી પડયા. ૧૧. જે વખતે શ્રીકૃષ્ણે તેમાં ભૂસ્કો માર્યો તે વખતે તે ધરાનું જળ ખળભળી તટ ઉપરના વૃક્ષ ઉપર તેનાં જળબીંદુ જઇ પડયાં અને દુષ્ટ વિષ જવાળાથી યુક્ત જળ મિશ્રિત વાયુ લાગવાથી તે વૃક્ષો દિગંત વ્યાપ્ત હતાં છતાં ક્ષણવારમાં બળીને ભસ્મ થઇ ગયાં. ૧૨. ૧૩. તે સમયે શ્રીકૃષ્ણે નાગના ધરામાં જઇ બાહુ પર તાલ મારી (ખંભ વગાડયો) તે શબ્દને સાંભળી બીજા વિષ ધરોની સાથે લાલ નેત્ર કરી કાળીનાગ પ્રણાથી ભયંકર વિષ જવાળથી ફુંફાડા મારતો સત્વર ત્યાં આવ્યો. ૧૪.૧૫. તથા તેની સાથે કંપાયમાન શરીરના હાલવા ચાલવાથી ચંચળ થયેલા કુંડળોથી કાંતિયુકત અને સુશોભિત મનોહર હારથી દેદિપ્યમાન સેંકડો નાગ સ્ત્રીઓ પણ ત્યાં આવી. ૧૬. ત્યારપછી સર્વ સર્પ સહિત કાળીનાગ શ્રીકૃષ્ણના શરીરને વિંટલઈ વળ્યો, અને વિષથી મલિન થયેલા મુખથી તેને દંશ કરવા લાગ્યો. ૧૭. ગોપ લોકો કાળીનાગના ધરામાં પડેલા અને સર્પોથી બંધાયલા કૃષ્ણને જોઇ વ્રજમાં આવી કૃષ્ણની અભિલાષાવાળા અને શોક યુક્ત થઈ આક્રોશ કરી કહેવા લાગ્યા. ૧૮. શ્રીકૃષ્ણ કાળી નાગના ધરામાં બુડી મૂર્છિત થઇને પડયા છે તથા સર્પરાજ કાળી તેને દંશ કરી રહ્યો છે. ૧૯. આ પ્રમાણે વજ્રપાત સરખી વાણી સાંભળી સઘળા ગોપ અને યશોદા આદિ ગોપીઓ સત્વર ધરા પાસે જવા નીકળ્યાં અને હા કૃષ્ણ ! હા કૃષ્ણ ! હે કૃષ્ણ આપ કયાંછો ? ઇત્યાદિ શબ્દ બોલતી રુદન કરતી કરતી ગોપીઓ ત્યાં પોહોંચી તેમજ શ્રીકૃષ્ણના દર્શનના અભિલાષિ નંદ, તથા અન્ય ગોપ, આશ્ચર્યકારક પરાક્રમવાળા બળરામની સાથે યમુના તટ ઉપર ગયા. ૨૦–૨૨ ત્યાં તેઓએ સર્પથી વેષ્ટિત તથા સર્પપ્રણાથી ઢંકાયેલા શ્રીકૃષ્ણને જોયા. ૨૩. હે મુનિસત્તમ ! તે સમયે નંદગોપ અને મહા ભાગ્યશાળી યશોદા કૃષ્ણના મુખ સામુ જોતાં મૂર્છીત થયાં. ૨૪. અન્યગોપીઓ શોકથી આકૂળ વ્યાકૂળ થઇ રુદન કરતી કરતી પ્રીતપૂર્વક કૃષ્ણને જોઇ ભયથી અધિરી બની ગદ્‌ગદ વાણિથી તેને કહેવા લાગી. ૨૫ આપણે સઘળા યશોદા સહિત આ કાલી નાગના ધરામાં પડીએ હવે આપણને વ્રજમાં જવાનું કંઇ પણ પ્રયોજન નથી. ૨૬. કારણ જેમ સૂર્ય વગર દિવસની, ચંદ્ર વગર રાત્રીની, વૃષભ વગર ગાયની શોભા નિષ્ફળ છે તેમ શ્રીકૃષ્ણ વગરનું ગોકુળ નકામું છે. તેનું રક્ષણ કરનાર કોઇ ન હોવાથી ત્યાં રહેવું યોગ્ય નથી માટે જળ વગરના સરોવર જેવા કૃષ્ણ વગરના ગોકુળમાં અમે જવાના નથી. ૨૭–૨૮. જે ઠેકાણે નીલકમલના પત્ર સરખા કાંતિમાન્ શ્રી કૃષ્ણ નથી તે મર્ત્ય લોકમાં રહેવાનો પ્રેમ શું આશ્ચર્યકારક નથી ? ૨૯. અહો !

જેના નેત્ર પ્રફુલ્લ કમળદળ સમાન ઉજ્વળ કાંતિમાન છે એવા શ્રીકૃષ્ણને જોયા વગર આપણે સઘળા ગોકુળમાં શી રીતે રહી શકીશું ? ૩૦ જેણે અત્યંત મધુર વચનથી આપણાં અંતઃકરણ રુપ દ્રવ્ય ચોરી લીધું છે તે પુંડરીકાક્ષ શ્રીકૃષ્ણ શિવાય અમે ગોકુળમાં જવાના નથી. ૩૧. જુઓ, શ્રીકૃષ્ણ સર્પથી વેષ્ટીત છે છતાં તેનું મુખ કમળ કેવું શોભાયમાન દેખાય છે ? ૩૨. એ પ્રમાણે ગોપીઓના વચન સાંભળી તથા ભયથી વ્યાકૂળ થયેલા પુત્રના મુખ સામે દ્રષ્ટિ રાખી વિહ્વળ થયેલા નંદ અને અત્યંત દિન મૂર્ચ્છાંગત થયેલી યશોદાને જોઇ કમળનયન બળરામ શ્રીકૃષ્ણને ઉદ્દેશી તેના મહાત્મ્યનું સ્મરણ કરાવતા કહેવા લાગ્યા. ૩૩. ૩૪. હે દેવાધિદેવ ! શું તમે પોતાને અનંત સમજતા નથી ? નિરર્થક શું કામ મનુષ્યભાવ દેખાડી રહ્યા છો ? ૩૨. આપ જગતના આધાર, પ્રાણિ માત્રના આશ્રયભૂત, ત્રૈલોક્યના કર્ત્તા, પાલક અને સંહારક થઇ વેદત્રય સ્વરુપી છો. ૩૬. હે અચિંત્ય સ્વરુપ ! ઈંદ્ર, રૂદ્ર, આશ્વિનીકુમાર વસુ, આદિત્ય, અગ્નિ, મરુત્, અને તમામ યોગિગણ આદિ સઘળા તમારું ધ્યાન કર્યા છે. ૩૭. હે જગન્નાથ ! પૃથ્વીનો ભાર ઉતારવાની ઇચ્છાથી હમણા આપના અંશભૂત હું તમારા જ્યેષ્ઠ બંધુ તરીકે આ જગતમાં મનુષ્યરુપે અવતર્યોછું. ૩૮. હે ભગવાન તમે મનુષ્ય લીલા કરી રહ્યાછો, તેથી ગોપરુપે જન્મેલા સઘળા દેવતાઓ તમારી લીલાનું અનુકરણ કરે છે. ૩૯. તમારી સાથે ક્રીડા કરવા દેવાંગનાઓને ગોપીરુપે પ્રથમ અવતાર ધારણ કરાવી પોતે નિત્ય હોવા છતાં આ ગોકુળમાં અવતાર ધારણ કર્યો છે. ૪૦. હે શ્રીકૃષ્ણ ! ગોકુળમાં અવતાર લેવાથી ગોપ ગોપી એ આપણાં બાંધવ છે, માટે એ બાંધવોને કલેશયુક્ત જોઇ આપ શા માટે તેની ઉપેક્ષા કરોછો ? ૪૧. આપે મનુષ્યભાવ પ્રગટ કર્યો તથા બાળચેષ્ટા પણ દેખાડી છે, હવે એ દાઢ રૂપ આયુધવાળા દુષ્ટ કાળી નાગનું દમન કરો. ૪૨.

પરાશર કહેછે—એ પ્રમાણે બળરામે સ્મરણ કરાવ્યા પછી શ્રીકૃષ્ણે મંદહાસ્ય કરી હાથથી હાથ ઉપર તાલ મારી સર્પના બંધનથી પોતાનું શરીર મુક્ત કર્યું. ૪૩. પછી બે હાથથી કાલીનાગની મધ્ય ફણા નમાવી તેની ઉપર આરોહણ થઈ તેની નમ્ર ફણા ઉપર વિશાળ પરાક્રમવાળા શ્રીકૃષ્ણ નૃત્ય કરવા લાગ્યા. ૪૪. શ્રીકૃષ્ણના પ્રચંડ ચરણના પ્રહારથી તેની ફણામાં ઘા પડયા અને જે જે ફણા ઉંચી કરવાની ચેષ્ટા કરે તે તે ફણાને શ્રીકૃષ્ણ પોતાના ચરણથી નીચે નમાવતા હતા. ૪૫. શ્રીકૃષ્ણ કાળી નાગના મસ્તક ઉપર નૃત્ય કરતા હતા તે વખતે સર્પને મૂર્છા પ્રાપ્ત થઇ અને શ્રીકૃષ્ણના ભયંકર ચરણના પ્રહારથી તેના મસ્તકમાંથી લોહી નીકળ્યું. ૪૬. તે કાળી નાગનું મસ્તક અને કંઠ અત્યંત વક્ર થવાથી તેની જીભ બહાર નીકળી તેમાંથી રુધિર નીકળતું જોઈ તેની સ્ત્રી કૃષ્ણને શરણે આવી કહેવા લાગી. ૪૭.

નાગપત્નીઓ—હે દેવાધિદેવ ! હે સર્વેશ્વર ! હે સર્વોત્તમ ! અમે તમને

જાણ્યા, આપ દેવના દેવ જે પરબ્રહ્મ તેના અંશ રૂપ પરમેશ્વરછો. ૪૮. હે ભગવન્ ! જે સ્વેચ્છાથી નીર્માણ હોનારા પ્રભુનું સ્તવન કરવાને દેવતાઓ પણ સમર્થ નથી તો આપના સ્વરૂપનું વર્ણન કરવાને અમે સ્ત્રી જાતિ શી રીતે શક્તિમાન્ થઇ એ ? પૃથ્વી, આકાશ, જળ, અગ્નિ, વાયુ, અખિલ બ્રહ્માંડ જેના અંશના પણ અંશ રૂપ છે એવા આપનું સ્તવન અમે શી રીતે કરીએ ? ૫૦. નીરંતર યોગાભ્યાસ કરનારા યોગીજન પણ સૂક્ષ્મથી સૂક્ષ્મ, અને સ્થૂળથી સ્થૂળ એવા આપના જે સ્વરૂપને જાણી શકતા નથી તે પરબ્રહ્મ સ્વરૂપને અમે નમસ્કાર કરીએ છીએ. ૫૧. બ્રહ્મા જેના જન્મના હેતુ નથી, અનંત જેના નાશના નિમિત્ત રૂપ નથી, અને બીજા કોઇ પણ જેની સ્થિતિ કર્તા નથી, તેને અહર્નીશ પ્રણામ કરીએ છીએ. ૫૨. હે ભગવાન ! આપના અંતઃકરણમાં આ કાળીનાગનું દમન કરવાને માટે જરા પણ ક્રોધ નથી એમાં કેવળ જગતનું રક્ષણ કરવાનોજ હેતુ છે. એટલા માટે અમારી પ્રાર્થના સાંભળો. ૫૩. કારણ કે સજ્જન પુરુષો સ્ત્રી, મૂર્ખ, અને દિન પ્રાણિઓ ઉપર દયા કરે છે. હે દયાવાળા ! આપ આ દિન કાળીનાગને ક્ષમા કરો, ૫૪. આપ અખિલ જગત્ના આધાર ભૂત છો અને આ સર્પ અલ્પ બળવાળો છે તેથી જો આપ તેને ચરણથી દબાવશો તો હવે એક ક્ષણમાં પ્રાણ ત્યાગ કરશે. ૫૫. ક્યાં આ અલ્પ બળવાળો સર્પ અને ક્યાં આ સમસ્ત જગત્ના આધાર ભૂત આપ ? હે અવિનાશિ ! સમાનમાં પ્રીતિ, અને શ્રેષ્ઠમાં શત્રુતા દેખાય છે. ૫૬. હે જગત્સ્વામી ! માટે આ દુઃખ પામનાર સર્પ ઉપર પ્રસન્ન થાઓ વિલંબ ન કરો. નાગ પ્રાણ ત્યાગ કરવાની તૈયારીમાં છે તેથી અમને પતિ રૂપ ભિક્ષા આપો. ૫૭.

પરાશર કહેછે—એ પ્રમાણે નાગ પત્નીઓએ સ્તુતિ કર્યા પછી નાગરાજ પીડિત હોવા છતાં જરા સાવધ થઈ, હે દેવાધિદેવ ! આપ મારી ઉપર પ્રસન્ન થાઓ, એમ ધીમે ધીમે બોલ્યો. અને ફરી સ્તુતિ કરવા લાગ્યો. ૫૮. હે નાથ ! અહર્નીશ આઠ પ્રકારનું ઐશ્વર્ય જેને વિષે સ્વાભાવિક સિધ્ધ છે. છે. એવા આપની સ્તુતિ હું શી રીતે કરી શકું ? ૫૯ હે પરમાત્મા ! ઇંદ્રિઓથીપર અને પ્રકૃતિથીપર જે પરબ્રહ્મ તે આપજ છો એવા સર્વોત્કૃષ્ટ થઇ આપનાથી પ્રધાન પુરુષની ઉત્પત્તિ થાય છે, માટે આપની સ્તુતિ હું શી રીતે કરી શકું ? ૬૦. જેનાથી બ્રહ્મ, રુદ્ર, ચંદ્ર, ઇંદ્ર, અશ્વિનીકુમાર તથા આદિત્યગણ સહિત વસુગણ ઉત્પન્ન થાય છે. તેનુ હું શું સ્તવન કરું ? ૬૧. જેના અવયવના સૂક્ષ્માંશને વિષે તમામ જગત્ની કલ્પના કરી છે. તેની હું શી રીતે સ્તુતિ કરી શકું ? ૬૨. સ્થૂળ સૂક્ષ્મ દેહાભિમાની બ્રહ્માદિ દેવને પણે જેનું વાસ્તવિક જ્ઞાન નથી, તેની હું શું સ્તુતિ કરું ? ૬૩. જે નંદન વનમાં ઉત્પન્ન થયેલા દિવ્ય પુષ્પ અને અનુલેપન (ચંદન) વડે બ્રહ્માદિ દેવતાઓ જેનું પૂજન કરે છે, તેનું પૂજન હું શી રીતે કરી શકું ? ૬૪. ઇંદ્ર જેના પરમતત્વને ન જાણી અવતારની પૂજા કરે છે, હું તેનું અર્ચન શી રીતે કરું ?

૬૫. યોગિ લોકો વિષયથી સર્વ ઈંદ્રિઓને ખેંચી ધ્યાન વડે જેની પૂજા કરે છે તેનું પૂજન હું શી રીતે કરી શકું? ૬૬. હે નાથ! યોગિ પુરુષ આપના સ્વરુપને ધ્યાન વડે અંતઃકરણમાં કલ્પના કરી પોતે ભાવરુપ પુષ્પથી પૂજન કરે છે, તેની પૂજા હું શી રીતે કરું? ૬૭. હે દેવેશ! આ સ્થિતિમાં મારામાં તમારું પૂજન તથા સ્તવન કરવાની શક્તિ નથી, તેથી આપ કૃપાપૂર્વક પ્રસન્ન થઇ મારી ઉપર અનુગ્રહ કરો. ૬૮. હે કેશવ! હું જે જાતિમાં ઉત્પન્ન થયોછું તે સર્પની જાતિ સ્વભાવથીજ ક્રૂર છે, માટે હે અચ્યુત! મારો કંઈ પણ અપરાધ નથી. ૬૯. જેમ આપ પ્રથમ જગત્‌ને ઉત્પન્ન કરી પછી તેનો સંહાર કરોછો તેમ તે જગત્‌ નિર્માણ કરતી વખતે પ્રાણિની જાતિ, રુપ, સ્વભાવ આદિ સર્વ તમે ઉત્પન્ન કરોછો. ૭૦. હે ઇશ્વર! એટલા માટે આપે મને જે પ્રકારે જે જાતિમાં ઉત્પન્ન કર્યો છે અને જેવા સ્વભાવથી સંયુક્ત કર્યો છે એવાજ સ્વભાવનું હું આચરણ કરુંછું. ૭૧. હે દેવના દેવ! જો હું અન્યથા આચરણ કરતો હોઉં તો તમારા વચનાનુસાર મને અવશ્ય દંડ કરવો યોગ્ય છે. ૭૨. હે જગત્‌ સ્વામિન્‌! તોપણ આપે જે મને દંડ કર્યો તે મેં સહન કર્યો, કારણ કે આપના તરફથી મળેલો દંડ જેટલો મને શ્રેષ્ઠ લાગે છે તેટલો બીજા પાસેથી મળેલો વર મને શ્રેષ્ઠ લાગતો નથી. ૭૩. હે અચ્યુત! આપે મને દંડ કરવાથી હું પરાક્રમહીન થયોછું અને મારું વિષ પણ નાશ પામ્યું છે. હવે મને આપ જીવતદાન આપો અને આજ્ઞા કરો કે હું શું કાર્ય કરું. ૭૪.

ભગવાન૦—હે સર્પ! તારે કદાપી આ યમુનામાં રહેવું નહીં, તું તારા સેવકોને તથા કુટુંબને લઈ સમુદ્રજળમાં નિવાસ કર. ૭૫. હે કાલીય! તારા મસ્તક ઉપર મારા પગનું ચિન્હ જોઇ સર્પશત્રુ ગરુડ તને તે સમુદ્રમાં પ્રહાર કરશે નહીં. ૭૬.

પરાશર૦—એ પ્રમાણે કહી ભગવાન શ્રીકૃષ્ણે તેને છોડી દીધો. તે પણ શ્રીકૃષ્ણને પ્રણામ કરી સર્વના દેખતાં પોતાના સેવક, પુત્ર, બાંધવ અને સ્ત્રીઓ વગેરેને સાથે લઇ તે ધરાનો ત્યાગ કરી સમુદ્રમાં જઈ રહ્યો. ૭૭–૭૮. કાલી નાગના ગયા પછી જેમ મરણ પામેલા ફરી આવ્યા હોય? તેમ ધરામાંથી બહાર નીકળેલા શ્રીકૃષ્ણને ગોપ લોકોએ આલિંગન કરી તેનું મસ્તક સુંઘતી વખતે પોતાના હર્ષાશ્રુવડે તેની ઉપર અભિષેક કર્યો. ૭૯. તથા અન્ય ગોપ લોકોએ નદીનું જળ શુદ્ધ થયું છે એમ જોઈ હર્ષિત થઇ વિસ્મય ચિત્તથી ક્લેશ રહિત કર્મ કરનાર શ્રીકૃષ્ણની સ્તુતિ કરી. ૮૦. ત્યારપછી શ્રીકૃષ્ણના ચરિત્રનું ગાયન કરતી ગોપીઓ, તેની સ્તુતિ કરતા ગોપ લોકો, બળરામ, નંદ અને યશોદા વગેરે એ સહવર્ત્તમાન મનોહર આચરણવાળા ગોપ લોકોથી પ્રશંસા પામેલા શ્રીકૃષ્ણ ગોકુળમાં ગયા. ૮૧.–૮૨.

संस्तूयमानो गोपालैः कृष्णो व्रजमुपागतम् ॥८२॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમઅંશે સપ્તમો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૮ મો.

पराशर उवाच ॥ गाः पालयंतौ च पुनः सहितौ बलकेशवौ ॥
भ्रममाणौ वने तत्र रम्यं तालवनं गतौ ॥१॥

પરાશર કહેછે—ફરીથી બળરામ અને શ્રીકૃષ્ણ બન્ને મળી ગાયેાને ચરાવતા ફરતા ફરતા તે અરણ્યમાં રમણીય તાલ વનમાં ગયા. ૧. તે તાલવનમાં મનુષ્યનું તથા ગાયેાનું માંસ ભક્ષણ કરનાર ગર્દભની આકૃતિવાળેા ધેનુક નામનેા અસુર નિરંતર રહેતેા હતેા. ૨. પાકેલાં ફળની સમૃદ્ધિવાળાં એ વનને જોઇ ફળ લેવાની ઈચ્છાથી લુબ્ધ થઇ ગેાપ લેાક કહેવા લાગ્યા. ૩. હે રામ ! હે કૃષ્ણ ! આ સ્થાન ધેનુક નામના રાક્ષસે રક્ષિત કરેલું હેાવાથી પાકેલાં ફળ પરિપૂર્ણ છે, જુવેા, એની સુગંધી સઘળી દિશાઓમાં પસરી રહી છે. એ ફળ ખાવાની અમને ઇચ્છા છે. જો આપની મરજી હેાય તેા તે નીચે પાડેા. ૪–૫. એ પ્રમાણે ગેાપ બાળકેાની વાણિ સાંભળી રામ અને કૃષ્ણે તે તાલફળ પૃથ્વી ઉપર પાડયાં. એ પડતાં ફળનેા શબ્દ સાંભળી દુષ્ટ, દુર્જય દૈત્ય ધેનુકાસુર ક્રોધપૂર્વક તે ઠેકાણે આવ્યેા. ૬–૭. અને તે બળવાન દૈત્ય વેગથી દેાડતેા આવી પેાતાના પાછલા બે પગેાથી બળભદ્રને પ્રહાર કરવા લાગ્યેા. બળરામ પણ તેના બે પગ પકડી આકાશમાં ભુમ ફેરવી તેના પ્રાણ ગયા પછી તેને તાલવૃક્ષ ઉપર ફેંકયેા. ૮–૯. જે વખતે એ ધેનુકાસુર તાલવૃક્ષના અગ્ર ભાગથી પૃથ્વી ઉપર પડયેા ; તે વખતે તેના ધક્કાથી જેમ મહાવાયુના જોરથી મેઘ નીચે પડે છે તેમ ઘણા તાલફળ પૃથ્વી ઉપર પડયાં ૧૦. એ વૃત્તાંત સાંભળી તેની જાતના બીજા ગર્દભરૂપ ધારણ કરનારા દૈત્યેા તે ઠેકાણે આવ્યા હતા તેને પણ કૃષ્ણ અને બળરામે સહજવારમાં તાલવૃક્ષના અગ્ર ભાગ ઉપર ફેંકી દીધા. ૧૧. હે મૈત્રેય ! તે ગર્દભરૂપ દૈત્યેાના શરીરથી અને પાકેલા તાલના ફળથી એક ક્ષણવારમાં અલંકૃત થયેલી પૃથ્વી શેાભવા લાગી. ૧૨. હે દ્વિજ ! એ તાલવનમાં ગાયેાએ પ્રથમ કેાઈ દિવસ નહેાતું ખાધું એવું નવીન ઘાસ સ્વેચ્છાપૂર્વક ખાવા લાગી. ૧૩.

ततो गावो निराबाधास्तस्मिंस्तालवने द्विज ॥
नवशष्पं सुखं चेरुर्यन्न भुक्तमभूत्पुरा ॥१३॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમઅંશે અષ્ટમેા અધ્યાય સંપૂર્ણ.

---

* કાલી નાગને સમુદ્રમાં મેાકલ્યા પછી આઠમા અધ્યાયમાં શ્રીકૃષ્ણના મેાટાભાઇ બળરામે ધેનુકાસુરને આકાશમાં ફેરવી મારી નાંખી ગેાકુળને સુખી કર્યું એ કથા કહેવાશે.

* અધ્યાય ૯ મો.

पराशर उवाच ॥ तस्मिन्रासभदैतेये सानुगे विनिपातिते ॥
सेव्यं गोगोपगोपीनां रम्यं तालवनं बभौ ॥१॥

પરાશર કહેછે—પોતાના અનુચરો સહિત ગર્દભરૂપ ધેનુકાસરનો નાશ થતાં ગાય, ગોપ, ગોપી વગેરેને સેવવા યોગ્ય તે રમણીય તાલવન શોભવા લાગ્યું. ૧. તે ધેનુકાસુરનો નાશ કર્યા પછી વસુદેવ પુત્ર રામ અને કૃષ્ણ બન્ને આનંદ પામી બાળક્રીડા કરતા, ગાયન કરતા, બેસવા યોગ્ય વૃક્ષને શોધતા, વૃક્ષના ફુલ તોડતા, ગાયો ચારતા અને ગાયોના નામ લઇ તેને હાક મારતા મારતા ભાંડીરક નામના વનમાં આવ્યા. (ભાંડીર નામનો વડ ત્યાં હોવાથી તેનું નામ ભાંડીરવન પડયું હતું.) ૨–૩. તેના સ્કંધ ઉપર ગાયોને બાંધવાની રસીઓ ઝુલી રહી હતી, અને બન્ને જણા વનમાળાથી વિભૂષિત હતા. નવીન શીંગડાં ફુટતી વખતે બાળવૃષભ જેમ શોભે છે તેમ એ બન્ને મહાત્માઓ શોભાતા હતા. ૪. સુવર્ણ તથા અંજન વર્ણ સરખા વસ્ત્રને ધારણ કરનાર એ બન્ને રામ અને કૃષ્ણ ઈંદ્ર ધનુષ્ય સહિત જાણે સફેત અને કાળાં વાદળ હોય નહીં શું ? એવા તે વૃંદાવનમાં શોભતા હતા. ૫. તે સર્વ લોકપાલના નાથ છે છતા એ બે જણા પૃથ્વી ઉપર આવી પરસ્પર લૌકીક ક્રીડા કરતા કરતા વનમાં ફરતા હતા. ૬. મનુષ્ય ધર્મ પ્રમાણે રમણ કરતા જાણે પોતે મનુષ્યજ હોય નહી શું ? એમ માની મનુષ્યને યોગ્ય એવી ક્રીડા કરતા વનમાં રામ અને કૃષ્ણ ફરવા લાગ્યા. ૭. એ બન્ને મહા બળવાન રપ દોલિકા, બાહુ યુદ્ધ, અને પથ્થરના કટકા ફેંકવા આદિ અનેક પ્રકારની કસરત કરતા હતા. ૮. તે સમયે પ્રલંબ નામનો એક અસુર તેઓને લઇ જવાની ઈચ્છાથી ગોપનું રૂપ ધારણ કરી તે જગ્યાએ આવ્યો. ૯. અને તે દાનવ શ્રેષ્ઠ પ્રલંબાસુર મનુષ્યનો દ્વેષ કરનારો હતો છતાં મનુષ્યનું સ્વરૂપ ધારણ કરી નિઃશંક ચિત્તથી રમતા બાળકોના મધ્યમાં આવ્યો. ૧૦. એ બન્નેના છીદ્ર શોધવાની ઈચ્છા કરનાર તે અસુર શ્રીકૃષ્ણનો પરાજય કરવો અશકય છે એણ સમજી કંઇક છળ કરી બળરામનો વધ કરવાનો વિચાર કર્યો. ૧૧. ત્યારપછી સઘળા ગોપબાળક મળી બંએ જણ સાથે કુદકા મારવાની હરિણ ક્રીડન નામની રમત રમવા લાગ્યા. ૧૨. (તેમાં જે જીતે તે હારેલાની સ્કંધ ઉપર બેસી ભાંડીર નામના વૃક્ષ સુધી લઈ જાય એવો ઠરાવ કર્યો હતો.) તે સમયે શ્રીદામાની સાથે શ્રી કૃષ્ણ, (ગોપવેષ ધારણ કરનાર) પ્રલંબાસુરની સાથે બળરામ

* આ નવમા અધ્યાયમાં કાળી નાગનું દમન કરનાર, શ્રીકૃષ્ણે બળરામની સ્તુતિ કરવાથી તે પ્રલંબાસુર દૈત્યને મારશે એકથા કહેવાશે.

અને બીજા ગોપ ગણો સાથે અન્ય ગોપ ગણ એમ બબે જણાઓએ એક સાથે કુદકા મારવાનો આરંભ કર્યો; તેમાં શ્રીકૃષ્ણે શ્રીદામાને, બળરામે પ્રલંબને તથા કૃષ્ણ પક્ષના ઇતર ગોપ બાળકોએ પોતાના સામા પક્ષના ગોપ બાળકોને પરાજય કર્યા. ૧૩. ૧૪. એ પરાજય પામેલા બાળકો જીતેલાને પોતાની સ્કંધ ઉપર બેસાડી ભાંડીર વૃક્ષ સુધી લઈ જઈ પાછા આવ્યા. ૧૫. પરંતુ બળરામને પોતાની સ્કંધ ઉપર બેસાડી ચંદ્ર યુકત વાદળ સરખો દેખાનાર તે પ્રલંબાસુર જરાપણ ન અટકતાં સત્વર ચાલવા મંડયો. એ દાનવ રોહિણીના પુત્ર બળરામનો ભાર સહન નહીં કરવાથી વર્ષા કાળમાં જેમ વાદળ વૃદ્ધિ પામે છે તેમ પોતાનું શરીર વૃદ્ધિંગત કર્યું. ૧૭. પછી બળેલા પર્વત સરખી માળા તથા વિચિત્ર આભૂષણ ધારી, માથે મુગટ, ભયંકર ગાડાના પીંડા જેવી આંખો અને ચરણ પ્રહારથી પૃથ્વીને કંપાવતા એ અસુરને જોઇ તથા પોતાને હરણ કરી જતો જોઇ બળરામ શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા. ૧૮. ૧૯. હે કૃષ્ણ! હે કૃષ્ણ! જુવો આ કપટ વેષ ધારી ગોપ રૂપી પર્વતના સરખા દેહવાળો કોઇ દૈત્ય મારું હરણ કરી જાયછે. ૨૦. હે મધુસૂદન! માટે હમણા હું શું કરું તે મને કહો કારણ કે આ દુરાત્મા અધમ દાનવ અત્યંત વેગથી ચાલ્યો જાય છે. ૨૧.

પરાશર૦—તે સમયે બળરામના બળ, વીર્યનું પ્રમાણ જાણનાર મહાત્મા શ્રીકૃષ્ણે કિંચિત્ હાસ્ય કરી બળરામને કહ્યું. ૨૨. હે સર્વાત્મન્! આપ સર્વ પ્રકારના ગુહ્ય પદાર્થોથી પણ ગુહ્યાત્મા થઈ આ પ્રકારે સ્પષ્ટ મનુષ્ય ભાવનું કેમ અવલંબન કરો છો? ૨૩. આપ પોતાના આત્માનું સ્મરણ કરો, આપ અશેષ જગત્નું કારણ તથા કારણથી પણ પૂર્વ છો અને પ્રલય કાળમાં માત્ર આપ એકજ અવશેષ રહોછો. ૩૪, શું તમે નથી જાણતા? કે આપ તથા હું બન્ને જણા એક અને જગત્ના કારણી ભૂત થઇ પૃથ્વીનો ભાર ઉતારવા માટે મૃત્યુ લોકમાં અવતર્યા છીયે. ૨૫. હે અનંત! આકાશ આપનું મસ્તક, જળ આપનું શરીર, પૃથ્વી આપના બે ચરણ, અગ્ની આપનું મુખ, ચંદ્રમાં, મન અને વાયુ એ આપના શ્વાસોશ્વાસ છે. હે અવિનાશી! ચાર દીશા આપની ચાર ભુજા છે. ૨૬. હે ભગવાન! આપના સહસ્ર મુખ, હાથ, પગ તથા શરીર પણ સહસ્ર છે. આપ સહસ્ર બ્રહ્માની ઉત્પત્તિના કારણી ભૂત, સર્વના આદિ ભૂત એવા આપની મુનિ લોક અનેક પ્રકારે સ્તુતિ કર્યા કરેછે. ૨૭. આપના દિવ્ય સ્વરૂપનું જ્ઞાન અન્ય પુરૂષને નથી સર્વ દેવતાઓ આપની અવતારીક મૂર્ત્તિનું પૂજન કરે છે, શું આપ નથી જાણતા, કે સર્વ જગત્ અંતકાળમાં આપને વિષેજ લય પામે છે? ૨૮, હે અનંત મૂર્ત્તિ! આપે ધારણ કરવાથી આ પૃથ્વી સર્વ પ્રાણિ માત્રને ધારણ કરવામાં સમર્થ થઇ છે. હે અજ! આપ નિમેષ આદિકાળ સ્વરૂપછો તેથી કૃત, ત્રેતા આદિયુગ ભેદથી જગત્ને ગ્રાસ કરો

છો. ૨૯. જેમ વડવાનળ અગ્નિદ્વારા શોષાયલું જળ બરફરૂપે આકાશમાં જઇ હિમાલય ઉપર પડે છે અને ત્યાં સૂર્યના કિરણના યોગથી ફરી જળરૂપ થાય છે તેમ પ્રલયકાળમાં આપને વિષે લય પામેલું આ જગત્ દરેક કલ્પના આરંભમાં આપ જ્યારે ફરીથી સૃષ્ટિ કરવામાં ઉદ્યુક્ત થાઓછો તે વખતે ફરી આપ જગત્-રૂપે ઉત્પન્ન થાઓછો. ૩૦–૩૧. હે વિશ્વાત્મન્! તમે અને હું બન્ને જણા જગત્નું એકીભૂતકારણ થઇ કેવળ જગત્નું કલ્યાણ કરવાને માટેજ જુદા જુદા રૂપથી નિવાસ કરીએ છીએ. ૩૨. હે અમેયાત્મન્! એટલા માટે આપ પોતાના આત્માનું સ્મરણ કરો અને બાંધવોના કલ્યાણને માટે મનુષ્યભાવથી આ દૈત્યનો નાશ કરો. ૩૩.

પરાશર—હે વિપ્ર! એ પ્રમાણે મહાત્મા શ્રીકૃષ્ણે બળદેવને યથાર્થ અવસ્થાનું સ્મરણ કરાવ્યા પછી મહા બળવાન્ બળદેવ કિંચિત્ હાસ્ય કરી પ્રલંબાસુરને પીડા કરવા લાગ્યા. ૩૪. ક્રોધથી લાલ નેત્ર કરી બળભદ્રએ તેના મસ્તક ઉપર મુષ્ટિનો પ્રહાર કર્યો અને તે પ્રહારથી તેના નેત્ર બહા નિકળી માથું ભાંગી જવાથી મુખમાંથી રુધિરનું વમન કરતો એ પ્રલંબાસુર મરણ પામી પૃથ્વી ઉપર પડયો. ૩૫–૩૬. ત્યાર પછી અદ્ભૂતકર્મ કરનાર બળરામે મારેલા પ્રલંબાસુરને જોઇ સઘળા ગોપગણો તેની પ્રશંસા કરી 'ઘણું સારુ કર્યું! બહુ સારું કર્યું!' એમ કહેવા લાગ્યા. ૩૭. એ પ્રમાણે પ્રલંબાસુરનો વધ કર્યા પછી ગોપબાળકોથી સ્તુતિ કરાયલા બળદેવ શ્રીકૃષ્ણ સહિત ફરીથી ગોકુળમાં આવ્યા. ૩૮.

संस्तूयमानो रामस्तु गोपैर्दैत्ये निपातिते ॥
प्रलंबे सह कृष्णेन पुनर्गोकुलमाययौ ॥३८॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમઅંશે નવમો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૧૦ મો.

पराशर उवाच ॥ तयोर्विहरतोरेवं रामकेशवयोर्व्रजे ॥
प्रावृड्व्यतीता विकसत्सरोजा चाभवच्छरत् ॥१॥

પરાશર કહેછે—એ પ્રમાણે વ્રજમાં રામ તથા કૃષ્ણ વિહાર કરતા હતા. એવામાં વર્ષાકાળ સમાપ્ત થઇ વિકાસ પામનાર કમળયુક્ત શરદ્કાલ પ્રાપ્ત થયો. ૧. તે સમયે જેમ સ્ત્રી પુત્રાદિ મમતાથી ગ્રહસ્થને પરિતાપ થાય છે તેમ કાદવયુક્ત જળમાં માછલાંઓ સંતાપ પામવા લાગ્યાં. ૨. જેમ સંસારને અસાર જાણી અહંકા-

---

* દશમા અધ્યાયમાં શરદૃઋતુમાં થતા ઇંદ્રના યજ્ઞનો નિષેધ કરી શ્રીકૃષ્ણ ગોવર્ધન પૂજા કરાવશે તથા પોતે પોતાનું પૂજન કરશે એ કથા કહેવાશે.

રનો ત્યાગ કરી યોગીઓ સ્વસ્થ બેસે છે તેમ મયુરગણ પણ મદનો ત્યાગ કરી મૌન ધારણ કરી રહ્યા. ૩ જેમ જ્ઞાની પુરૂષ સઘળી મમતાનો ત્યાગ કરી ઘર છોડી વનમાં ચાલ્યા જાય છે તેમ શ્વેત વાદળો જળરૂપ સર્વસ્વને મુકી દઇ નિર્મળ થઇ આકાશનો ત્યાગ કરે છે. ૪. અનેક વિષયમાં મમતા કરવાથી જેમ પ્રાણિઓનું અંતઃકરણ ક્ષીણ થઈ જાય છે તેમ સરદ્‌કાળના સુર્યના કીરણોથી તળાવ આદિનું જળક્ષીણ થઇ જાય છે. ૫. નિષ્પાપ પુરુષના મનને જેમ આત્મજ્ઞાનનો સંબંધ થાય છે તેમ શરદ્‌કાળમાં જળને અને કમળને પરસ્પર સંબંધ થાય છે. ૬. સત્કૂળમાં જન્મેલો યોગી સાધુ પુરુષોના સમૂહમાં શોભે છે તેમ તારાઓથી યુકત નિર્મળ આકાશમાં પૂર્ણ ચંદ્રમા શોભે છે. ૭. જેમ જ્ઞાની પુરુષ સ્ત્રી પુત્રાદિની મમતાનો ત્યાગ કરે છે; તેમ તળાવ આદિજળાશયોએ ધીમે ધિમે તટનો ત્યાગ કરવા માંડયો. ૮. જેમ અવિદ્યાદિ વિઘ્નથી ફસાયલો અપૂર્ણ યોગી અનેક પ્રકારના કલેશ ભોગવે છે; તેમ પૂર્વે ત્યાગ કરેલા જળાશયોમાં હંસ આવી કલેશ ભોગવે છે. ૯. ધીમે ધીમે મહાયોગ પ્રાપ્ત કરનારા નિર્મળ યોગીઓનાં અંતઃકરણ નિશ્ચળ થાય છે; તેમ નિશ્ચળાંબુસમુદ્ર સ્તબ્ધ થઈ અત્યંત શાંત થાય છે. ૧૦. જેમ સર્વગામી વિષ્ણુને જાણવાથી મન પ્રસન્ન થાય છે; તેમ તે સમયે નદી આદિ જળાશયોના જળ અત્યંત સ્વચ્છ થાય છે. ૧૧. યોગરૂપ અગ્નિમાં કલેશોને દગ્ધ કરનાર યોગીના અંતઃકરણ પ્રમાણે શરદ્‌કાળમાં વાદળો વગરનું આકાશ નિર્મળ દેખાય છે. ૧૨. અલંકારથી ઉત્પન્ન થયેલા દુઃખનો મહાવિવેક નાશ કરે છે; તેમ સૂર્યથી થનારા તાપને ચંદ્રમા શાંત કરે છે. ૧૩. જેમ પ્રત્યાહાર યોગ ચિત્ત વિગેરે ઈંદ્રિઓને વિષયમાંથી ખેંચી સંયમમાં રાખે છે તેમ શરદ્‌ઋતુ આકાશમાંથી મેઘને, પૃથ્વીના કાદવને અને જળના મેલને દૂર કરે છે. ૧૪. જેમ પૂરક, રેચક, કુંભક, દ્વારા અભ્યાસ કરનારાઓને પ્રાણાયામ સિદ્ધ થાય છે તેમ સરોવર પ્રતિદિન (કોઈક વખત વિશેષ પાણી થાય કોઈક વખત થોડા પાણી થાય અને કોઇક વખત પાણી સ્તબ્ધ થઇ જાય) એમ પૂરક, રેચક, કુંભક કરી જાણે પ્રાણાયામનો અભ્યાસ કરતા હોય? એમ દેખાય છે. ૧૫. એ પ્રકારે આકાશ અને નક્ષત્રોને નિર્મળ કરનાર શરત્‌કાળમાં વ્રજવાસી લોકોને ઈંદ્રનો મહોત્સવ કરવાનો પ્રયત્ન કરતા શ્રીકૃષ્ણએ જોયા. ૧૬. એ સઘળા ગોપલોકોને ઉત્સવ કરવામાં ઉત્સાહવાળા જોઇ મહાજ્ઞાની શ્રીકૃષ્ણ કૌતુકથી ગોપ વૃદ્ધને પુછવા લાગ્યા. ૧૭. અહો! જેના યોગથી તમને આટલો બધો આનંદ થયો છે એવો ઈંદ્ર મહોત્સવ એટલે શું? તે સાંભળી નંદગોપ કૃષ્ણને આદર પૂર્વક કહેવા લાગ્યા. ૧૮. દેવના રાજા ઈંદ્ર મેઘના તથા જળના અધિપતિ થઈ તેની પ્રેરણાથી મેઘજળ રૂપ વરસાદ વરસાવે છે. ૧૯. એ વૃષ્ટિના યોગથી અન્ન ઉત્પન્ન થાય છે તે અન્ન આપણું અને સર્વ પ્રાણિઓનું જીવન છે તથા તે દેવતાઓની પણ તૃપ્તિ

કર્યા કરે છે. ૨૦. આ સવત્સા ગાયો તે વૃષ્ટિથી ઉત્પન્ન થયેલા ઘાસથી સંતોષ અને ઋષ્ટપુષ્ટ થઈ દુધ આપે છે. ૨૧. જ્યાં મેઘની વૃષ્ટિ થાય છે ત્યાં ધાન્ય અને તૃણ ઉત્પન્ન થઈ કોઇ પણ ભુખ્યું હોય એમ દ્રષ્ટિગોચર થતું નથી. ૨૨. સૂર્ય પોતાના કિરણોથી પૃથ્વીનું જળપાન કરી તે જળ ઈંદ્ર મેઘ દ્વારા પૃથ્વીના લોકોનું કલ્યાણ કરવા માટે વરસાવે છે. ૨૩. માટેજ વર્ષાકાળ ગયા પછી અમે તથા અન્ય જન અથવા રાજાઓ હર્ષથી યજ્ઞવડે ઈંદ્રની પૂજા કરે છે. ૨૪.

પરાશર૦—એ પ્રમાણે નંદગોપનું ભાષણ સાંભળી ઈંદ્રને ક્રોધ કરવાને માટે શ્રીકૃષ્ણ ઈંદ્ર પૂજાના વિષયમાં કહેવા લાગ્યા. ૨૫. હે પિતા! આપણે ખેતી તથા વાણિજ્ય (વ્યાપાર) કરનાર નથી પરંતુ વનમાં ફરનારા છીયે. માટે ગાયોજ આપણું દૈવત છે. ૨૬. આન્વિક્ષિકી, (તર્કશાસ્ત્ર) ત્રયી, (અંગ સહિત ત્રણ વેદ) વાર્તા અને દંડ નીતિ (રાજનીતિ) એ પ્રકારની વિદ્યા છે, તેમાંથી વાર્તા એટલે શું? એ હું તમને કહું છું તે તમે સાંભળો. ૨૭. હે મહાભાગ! આ વાર્તારૂપ એક વિદ્યાના કૃષિ, (ખેતી) વાણિજ્ય (વ્યાપાર) અને પશુપાલન એ ત્રણ ઉપજીવિકના સાધન છે. ૨૮. ખેતી કરનારાઓને ખેતી, વૈશ્ય લોકોને વ્યાપાર અને ગાયોનું પ્રતિપાલન કરવું એ આપણી ઉપજીવિકાનું શ્રેષ્ઠ સાધન છે. એ પ્રમાણે વાર્તા વિદ્યાના ત્રણ ભેદ કહ્યા. ૨૯. જેનું જે વિદ્યાથી પ્રતિપાલન થાય છે તેને તે વિદ્યા મહત્ દૈવતરૂપ છે. તેઓએ તેનીજ પૂજા કરવી, કારણકે તેને તેજ સહાયકારક છે. ૩૦. હે પિતા! જો પુરુષ એક વિદ્યાના ફળનો ઉપભોગ કરી બીજી વિદ્યાના અધિષ્ઠાતાની પૂજા કરે તો તેનું આ લોકમાં અને પરલોકમાં કદાપી કલ્યાણ થતું નથી. ૩૧. ગામની સીમા ખેતી, ખેતીની સીમા વન અને વનની સીમા પર્વત છે. એ પર્વત આપણી પરમ ગતી-રૂપ છે. ૩૨. આપણે ગામમાં રહેનારા લોકો પ્રમાણે બારણા બંધ કરી ઘરમાં અથવા ક્ષેત્રમાં રહેનાર નથી, પણ જેમ શકટ આદિ સમુદાય એકઠો કરી ફરનાર વણિક જન જેવા છે તેમ આપણે પર્વત પાસે વાસ કરનાર સ્વેચ્છાચારી અને સુખી છીયે. ૩૩. મેં એવું સાંભળ્યું છે કે સર્વ કામનાને પરિપૂર્ણ કરનાર પર્વત નાના પ્રકારના રૂપ ધારણકરી વનમાં પોતાના ટેકરાની આજુ બાજુ સ્વેચ્છાથી ફરે છે અને પાસે રહેનાર લોકો જે વખતે તે પર્વતના દેવતાઓનો કંઈ અપરાધ કરે તે વખતે તે પર્વતદેવ સિંહ આદિનું રૂપ ધારણ કરી તે અપરાધિનો નાશ કરે છે. ૩૪. ૩૫. એટલા માટે પર્વતની તથા ગાયની પૂજનો મહોત્સવ કરો, આપણે ઈંદ્રનો યજ્ઞ કરવાથી શું ફળ છે? કેમ કે ગાય અને પર્વત એજ આપણા દેવતા છે. ૩૬. બ્રાહ્મણ મંત્ર રૂપ યજ્ઞ કરે, કૃષિલોક હલ યજ્ઞ કરે અને આપણા સરખા ગોપ લોકો ગીરીયજ્ઞ તથા ગોયજ્ઞ કરીયે. ૩૭. માટે આપણે સઘળા વિવિધ પ્રકારના ઉપહાર લઇ ગોવર્ધન પર્વતને તે સમર્પણ કરી વિધિ પૂર્વક પૂજા કરીએ. ૩૮. એ વિષયમાં જરા પણ વીચાર ન

કરતાં સમસ્ત વ્રજનું દુધ એકત્ર કરી તેનાથી બ્રાહ્મણોને તથા બીજા યાચકોને ભોજન કરાવીએ. ૩૯. ગોવર્ધનની પૂજા રૂપ યજ્ઞ અને બ્રાહ્મણ ભોજન થયા પછી શરદ્ઋતુના કુલથી વિભૂષિત કરી ગાયોને યથેચ્છ ફેરવીએ. ૪૦. હે ગોપગણો! મારો એવો મત છે, જો આપ લોકો મારી વાત પ્રેમથી માનશો તો તેથી પર્વતને ગાયોને તથા મને ઘણો આનંદ થશે. ૪૧.

પરાશર૦—હે મૈત્રેય! એ પ્રકારે નંદાદિ ગોપો એ શ્રીકૃષ્ણનું વચન સાંભળી ઘણું સારૂં, ઘણું સારૂં, એમ બોલી આનંદથી પૂર્ણ મનવાળા થઈ પશંસા કરવા લાગ્યા. ૪૨. અને પુરીથી નંદગોપ બોલ્યા. હે વત્સ! તેં જે અમને કહ્યું એ તારો મત ઉત્તમ છે, અમે એમજ કરશું ગીરીયજ્ઞમાંજ પ્રવૃત થઇએ. ૪૩. એ પ્રમાણે કહી વ્રજવાસી લોકોએ કૃષ્ણના કહેવા પ્રમાણે ગિરિયજ્ઞ આરંભ કર્યો. તથા દુધ, દહીં વગેરે પદાર્થોથી પર્વતને બલીદાન આપી સેંકડો બ્રાહ્મણો તથા હજારો અભ્યાગતોને ભોજન કરાવ્યું. એમ પૂજન કર્યા પછી ગાયો સહિત પર્વતની પ્રદક્ષણા કરી. ૪૪. ૪૫. તથા મેઘ સરખી ગર્જના કરનાર વૃષભોએ પણ ગોવર્ધનની પ્રદક્ષણા કરી. પછી શ્રીકૃષ્ણ 'હું મૂર્ત્તિમાન પર્વત છું' એમ પર્વતના શિખર ઉપર વિચિત્ર સ્વરુપ ધારણ કરી બોલ્યા. તથા હે દ્વિજ! ગોપ લોકોએ આપેલું અન્ન ભોજન કરવા લાગ્યા. શ્રીકૃષ્ણ પોતાના મૂળ સ્વરુપથી ગોપાલોની સાથે પોતાના બીજા રૂપની શીખર ઉપર જઇ પૂજા કરી. ૪૬. ૪૭. ત્યારપછી ગોપ લોકોને વરદાન આપી પર્વત દેવ અંતર્ધાન થયા અને ગોપ લોકો ગિરિમહોત્સવ સમાપ્ત કરી પુરી ગોકુળમાં આવ્યા. ૪૮.

अंतर्धानं गते तस्मिन्गोपा लब्ध्वा ततो वरान् ॥
कृत्वा गिरिमहं गोष्ठं निजमभ्याययुः पुनः ॥४८॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમ અંશે દશમો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૧૧ મો.

पराशर उवाच ॥ महे प्रतिहते शक्रो मैत्रेयातिरुषान्वितः
सांवर्तकं नाम गणं तोयदानामथाब्रवीत् ॥१॥

પરાશર કહેછે—હે મૈત્રેય! પોતાના યજ્ઞનો પ્રતિબંધ થવાથી અત્યંત ક્રોધ પામેલો ઇંદ્ર સાંવર્તક નામના મેઘ ગણોને બોલાવી તેને કહેવા લાગ્યો. ૧ હે

*અગીયારમા અધ્યાયમાં પોતાના યજ્ઞનો ભંગ કરવાથી ક્રોધ પામેલો ઇંદ્ર વ્રજનો નાશ કરવા માંટે અત્યંત વરસાદ વર્ષાવશે તેથી શ્રીકૃષ્ણ ગોવર્ધન ધારણ કરી ગોકુળનું રક્ષણ કરશે.

મેઘગણો ! મારૂં વચન સાંભળો, હું તમને જે આજ્ઞા કરું તેનો વીચાર કર્યા વગર શીઘ્રતાથી મારા કહેવા પ્રમાણે કરો. અત્યંત દુષ્ટ બુદ્ધિવાળા નંદ ગોપે બીજા ગોપની સહાયથી તથા કૃષ્ણના બળથી અહંકાર યુકત થઈ મારા ઉત્સવનો ભંગ કર્યો. ૨.૩. માટે તેની ઉપજીવીકાનું મુખ્ય સાધન અથવા તેના ગોપ પણાનું જે કારણ ગાયો તેને મારા કહેવા પ્રમાણે વૃષ્ટિ તથા વાયુથી પીડા કરો. ૪. કારણકે તેઓના કારણથી મારો ઉત્સવ ભંગ થયો છે. હું પણ પર્વતના શીખર સરખા ઐરાવત હાથી ઉપર બેસી વાયુ તથા જળની વૃષ્ટિ સમયે તમને સહાય કરીશ. ૫.

પરાશર કહેછે—હે મૈત્રેય ! એ પ્રમાણે ઈંદ્રરાજાની આજ્ઞા થતાં મેઘગણ ગાયોનો નાશ કરવા માટે ભયંકર વાયુની સાથે વૃષ્ટિ કરવા લાગ્યા. ૬. હે મહામુનિ ! એક ક્ષણવારમાં વાદળોમાંથી પડતી એક સરખી જળ ધારાથી પૃથ્વી આકાશ તથા દિશાઓ એકાકાર થઇ ગયાં. ૭ વિજળીના આઘાતથી અને મેઘગર્જનાથી દશે દિશા પરિપૂર્ણ થઈ મુશાળધાર વરસાદ વરસવા લાગ્યો. ૮. નિરંતર જળ વરસવાથી સર્વ કોકાણે અંધકાર થઇ ગયો અને ઉપર નીચે આજુ બાજુ સર્વ કેવળ જળમય થઇ ગયું. ૯. ગાયો વરસાદ સહિત અત્યંત કઠોર વા વાઝોડાંના યોગથી કંપાય થઈ કેડ, જાંગ, ગર્દન, કાન, પુચ્છ અને પગ આદિ ભગ્ન થઈ ગત પ્રાણ થવા-લાગી. ૧૦. હે મુનિ ! બીજી કેટલીક ગાયો પોતાના વાછરડાંઓને પોતાની કુંખમાં રાખી ઉભી રહી તથા કેટલીક ગાયો જળના પુરમાં વાછરડાંઓ તણઈ જવાથી વત્સ વગરની થઇ ગઇ. ૧૧. દિન થયેલા કેટલાક વાછરડાંઓની ગર્દન વાયુથી કંપાયમાન થઇ તથા તેઓ દુઃખી થઈ પોતાના કોમળ શબ્દથી હે કૃષ્ણ રક્ષણ કરો ! હે કૃષ્ણ રક્ષણ કરો ! એમ પોકારવા લાગ્યા. ૧૨. હે મૈત્રેય ! ત્યારપછી ગોપ, ગાય, ગોપીથી યુકત ગોકુળને અત્યંત વ્યાકૂળ જોઇ શ્રી કૃષ્ણે વીચાર કર્યો. ૧૩. કે યજ્ઞનો ભંગ થવાથી શત્રુ થઇ ઈંદ્રજ આ પ્રમાણે કૃત્ય કરેછે માટે આ વખતે મારે આ ગોકુળનું રક્ષણ કરવું જોઇએ. ૧૪. હું ધૈર્યતા પૂર્વક આ શિલામય ગોવર્ધન પર્વતને ઉખેડી ગોકુળની ઉપર મોટાં છત્ર પ્રમાણે ધારણ કરૂં. ૧૫.

પરાશર કહેછે—એ પ્રકારે વીચાર કરી શ્રીકૃષ્ણે લીલા માત્રથી ગોવર્ધન પર્વતને ઉખેડી એક હાથ ઉપર ધારણ કર્યો. ૧૬. પર્વતને ઉખેડી જગત્‌ના નાથ શ્રીકૃષ્ણે ગોપોને કહ્યું, તમે સઘળા સત્વર આ પર્વતની નીચે આવો હું વરસાદ નિવારણ કરું છું, તમે બધા નિર્ભય થઇ આની નીચે રહો પર્વતને પડવાનો ભય મનમાં ન લાવશો. ૧૭. ૧૮. એવી રીતે શ્રીકૃષ્ણની વાણી સાંભળી ગોપ તથા ગોપીઓ ગાડામાં પોતાનો સર્વ સામાન રાખી ગાયોની સાથે વૃષ્ટિથી પીડા પામેલા સઘળા પર્વતની નીચે આવ્યા. ૧૯. આનંદ તથા વિસ્મયથી વ્રજવાસી લોકોએ અવલોકન કરેલા શ્રીકૃષ્ણે પણ અત્યંત નિશ્ચળ ભાવથી પૂર્વતને ધારણ કર્યો. ૨૧.

પ્રેમથી જેના નેત્ર વિકાસ પામ્યાં છે એવા હર્ષ પામેલા ગોપ તથા ગોપીજનોથી સ્તવન કરાયલા શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વત ધારણ કર્યો. ૨૧. હે વિપ્ર! ગોપાલનો નાશ કરવાની ઈચ્છાથી મહા મેઘોએ ઈંદ્રની પ્રેરણાથી સાતદીવસ સુધી નંદના ગોકુળમાં વરસાદ વરસાવ્યો હતો. ૨૨. પરંતુ શ્રીકૃષ્ણે પર્વતને ધારણ કરી જે વખતે ગોકુળનું રક્ષણ કર્યું તે વખતે મિથ્યા પ્રતિજ્ઞાવાળા ઈંદ્રએ મેઘને નિવારણ કર્યા. ૨૩. તે સમયે આકાશ વાદળ રહિત થયું તથા ઈંદ્રનું વચન મિથ્યા જવાથી સઘળા ગોકુળવાસી પર્વત નીચેથી બહાર નીકળી ફરી પોતાને સ્થાનકે ગયા અને વ્રજવાસીઓએ વિસ્મય મુખથી અવલોકન કરેલા શ્રીકૃષ્ણે તે મહાન્ ગોવર્ધન પર્વતને ફરીથી યથા સ્થાનમાં મુક્યો. ૨૪. ૨૫.

मुमोच कृष्णोऽपि तदा गोवर्धनमहागिरिम् ।।
स्वस्थाने विस्मितमुखैर्दृष्टस्तैस्तु व्रजौकसैः ॥२५॥

इतिश्री विष्णुपुराणे पंचम अंशे एकादशो अध्याय संपूर्ण.

* અધ્યાય ૧૨ મો.

पराशर उवाच ।। धृते गोवर्धने शैले परित्राते च गोकुले ।।
रोचयामास कृष्णस्य दर्शनं पाकशासनः ॥१॥

પરાશર કહેછે—શ્રીકૃષ્ણએ ગોવર્ધન પર્વત ધારણ કરી ગોકુળનું રક્ષણ કરવાથી ઈંદ્રને તેના દર્શન કરવાની ઇચ્છા થઇ. શત્રુઓનો પરાજય કરનાર દેવરાજ ઈંદ્ર ઐરાવત હાથી ઉપર બેસી ગોવર્ધન પર્વત ઉપર આવ્યો; ત્યાં જગત્નું રક્ષણ કરનાર ગોપાળનો વેષ ધારણ કરી ગોપબાળોથી વેષ્ટીત થઇ પર્વત ઉપર ગાયોને ચરાવતા શ્રીકૃષ્ણને જોયા. ૧. ૨. ૩. હે દ્વિજ! તે પ્રમાણે પક્ષિરાજ ગરૂડ અદ્રશ્ય રહી શ્રીકૃષ્ણના મસ્તક ઉપર પોતાની પાંખથી છાયા કરી રહ્યો છે. ૪. તે સમયે ઈંદ્ર ઐરાવત હાથી ઉપરથી નીચે ઉતરી પ્રીતિથી વિકાસ પામેલા નેત્રવાળો ઈંદ્ર એકાંતમાં મંદહાસ્ય કરી શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો. ૫. હે કૃષ્ણ! હે કૃષ્ણ! હું જે કારણ માટે આપની પાસે આવ્યો છું તે સાંભળો. હે મહાભાગ! આપની પાસે આવ્યો તે વિષયમાં આપ અન્ય વીચાર ન કરશો. ૬. પૃથ્વીનો ભાર ઉતારવાને માટે આપ ભૂમિ ઉપર અવતરેલા પરમેશ્વર છો. ૭. મારા યજ્ઞનો ભંગ થવાથી વિરોધી થઈ ગોકુળનો નાશ કરવા માટે મેં મહામેઘ ગણોને મોકલી અયોગ્ય કાર્ય કર્યું હતું; પરંતુ આપે ગોવર્ધન પર્વત ધારણ કરી ગાયોનું રક્ષણ કર્યું એ આપનુ મહાન્ આશ્ચર્યકારક પરાક્રમ જોઇ મને સંતોષ થયો છે. ૮. ૯. હે શ્રીકૃષ્ણ! હું સમજું

* બારમા અધ્યાયમાં ગાય સહિત ઇંદ્ર ગોકુળમાં આવી શ્રીકૃષ્ણ ઉપર અભિષેક કરશે અને તે ગાયોનું રક્ષણ કર્તા હોવાથી તેનું ગોવિંદ નામ ધારણ કરશે.

છું કે જે હાથે આપે ગોવર્ધન પર્વત ધારણ કર્યો તેથી દેવતાઓનું કાર્ય પણ થયું છે. ૧૦. હે કૃષ્ણ! આપે ગાયોનું રક્ષણ કર્યું તેથી હમણા હું તેની પ્રેરણાથી આપની પાસે આવ્યો છું અને તે ગાયોના વચનને અનુસરી આપને ઉપેંદ્ર પદ ઉપર અભિષેક કરૂંછું હમણા આપ ગાયોના ઈંદ્રછો તેથી આપનું નામ 'ગોવિંદ' પડશે. ૧૧. ૧૨.

પરાશર૦—ત્યારપછી પોતાના વાહન ઐરાવત હાથી ઉપરથી ઘંટ લઈ તેમાં પવિત્ર જળભરી ઈંદ્રએ શ્રીકૃષ્ણ ઉપર અભિષેક કર્યો. ૧૩. શ્રીકૃષ્ણને અભિષેક કરતી વખતે ગાયોના આંચળમાંથી નીકળતી દુધની ધારાઓથી પૃથ્વી ક્ષણ માત્રમાં ભીનિ થઇ ગઇ. ૧૪. એ પ્રકારે ગાયોના કહેવા પ્રમાણે કૃષ્ણની ઉપર અભિષેક કરી ફરીથી ઈંદ્ર વિનયપૂર્વક બોલ્યો. ૧૫. હે મહાભાગ્યશાળી! ગાયોના કહેવા પ્રમાણે મેં આ કાર્ય કરી તેનું વચન પૂર્ણ કર્યું. હવે પૃથ્વીનો ભાર ઉતારવાની ઇચ્છા સંબંધી હું જે કહુંછું તે આપ શ્રવણ કરો. ૧૬. હે પુરૂષશ્રેષ્ઠ! પૃથ્વીનો ભાર ઉતારવાને માટે મારા અંશથી પૃથાના ગર્ભથી અર્જુન ઉત્પન્ન થયો છે તેનું આપ સર્વદા રક્ષણ કરજો. ૧૭. હે મધુસૂદન! તે વીર અર્જુન આપને પૃથ્વીનો ભાર નાશ કરવામાં સહાય કરશે. માટે આપ પોતાના પ્રાણ પ્રમાણે તેનું રક્ષણ કરજો. ૧૮.

ભગવાન૦—ભરત વંશમાં તારા અંશથી અર્જુન ઉત્પન્ન થયો છે તે હું જાણુંછું. હું જ્યાં સુધી આ પૃથ્વી ઉપર રહીશ ત્યાં સુધી તેનું રક્ષણ કરીશ. ૧૯. હે શત્રુનાશક ઈંદ્ર! હું જ્યાં સુધી આ પૃથ્વી ઉપર છું ત્યાં સુધી યુદ્ધમાં કોઈ પણ અર્જુનનો પરાજય કરી શકશે નહીં. ૨૦. હે ઈંદ્ર! કંસ, અરિષ્ટાસુર, કુવળયાપીડ, કેશી તથા નરકાસુર આદિ મહાબાહુ અસુરોનો નાશ કર્યા પછી એક મહા ભયંકર યુદ્ધ થશે. હે સહસ્રાક્ષ! તારે નિશ્ચય જાણવું કે એ યુદ્ધમાં પૃથ્વીનો ભારનાશ થશે. ૨૧. ૨૨. હવે તું તારે સ્થાનકે જા તારા પુત્ર સંબંધી તું જરા પણ ચિંતા કરીશ નહીં. કારણકે મારી સામે અર્જુનના કોઇ પણ શત્રુનું સામર્થ્ય ચાલશે નહીં. ૨૩. અર્જુનને માટે હું યુધિષ્ઠિર આદિ પાંડવોનું ભારત યુદ્ધમાં રક્ષણ કરી તેના શરીર ઉપર શસ્ત્રપ્રહાર ન થવા દેતાં તે યુદ્ધ સમાપ્ત થયા પછી તેને કુંતિને સ્વાધિન કરીશ. ૨૪.

પરાશર૦—એ પ્રમાણે શ્રીકૃષ્ણે કહ્યા પછી તેને આલિંગન કરી દેવરાજ ઈંદ્ર ઐરાવત ઉપર બેસી સ્વર્ગમાં ગયો. ૨૫. અને શ્રીકૃષ્ણ પણ ગોપાલ તથા ગાયોની સાથે ગોપીઓને અવલોકનથી પવિત્ર કરતા ફરીથી વ્રજમાં આવ્યા. ૨૬.

कृष्णोऽपि सहितो गोभिर्गोपालैश्च पुनर्व्रजम् ॥
आजगाम स गोपीनां दृष्टिपूतेन वर्त्मना ॥२६॥

ઇતિ શ્રી વિષ્ણુપુરાણે પંચમ અંશે દ્વાદશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૧૩ મો.

पराशर उवाच ॥ गते शक्रे तु गोपालाः कृष्णमक्लिष्टकारिणम् ॥
उचुःप्रीत्या धृतं दृष्ट्वा तेन गोवर्द्धनाचलम् ॥१॥

પરાશર કહેછે—ઇંદ્ર ગયા પછી કલેશ રહિત કર્મ કરનાર શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વત ધારણ કર્યો એમ જોઈ ગોપલોકો પ્રસન્ન થઇ બોલ્યા. ૧. હે મહા ભાગ્યશાળી! આપે ગોવર્ધન પર્વત ધારણ કરવાના કર્મથી અમારું તથા ગાયોનું મોટા ભયથી રક્ષણ કર્યું. ૨. આપની આ અતુલનીય બાલક્રીડા તથા નિંદિત ગોપકુળમાં જન્મ અને આવાં અમાનુષ્ય દિવ્ય કર્મ એ સઘળું શું છે? તે સર્વ અમને કહી સંભળાવો. ૩. આ જળમાં કાળી નાગનું દમન કર્યું, પ્રલંબા સુરનો નાશ કર્યો તથા ગોવર્ધન પર્વતને ઉંચકર્યો, એ સઘળાં વિચિત્ર કર્મો જોઈ અમારા મનમાં શંકા થયા કરે છે. ૪. હે અતુલ પરાક્રમવાળા શ્રીકૃષ્ણ! અમે આપના ચરણના સમ લઈને કહીયે છીયે કે આપના આવા પરાક્રમ જોઈ આપ મનુષ્ય નથી એમ અમને લાગે છે. ૫. હે કેશવ! સ્ત્રીઓ તથા બાળકોથી યુકત ગોકુળને વિષે આપની અત્યંત પ્રીતિ છે અને દેવતાઓથી પણ ન થઈ શકે એવા આપના કૃત્ય છે. ૬. હે અતિ બળવાન કૃષ્ણ! એવી આપની બાળક્રીડા, આપના પરાક્રમ અને અમારા સરખા નીચ કુળમાં જન્મ, એ વિષયનો જ્યારે અમે વિચાર કરીયે છીયે ત્યારે અમારા મનમાં શંકા થાય છે કે આપ દેવછો? દાનવછો? યક્ષછો? ગંધર્વ છો? કે અમારા વીચાર પ્રમાણે અમારા બાંધવ છો? તે અમને કહો. હે કૃષ્ણ! તમને નમસ્કાર કરીએ છીયે. ૭. ૮. એ પ્રમાણે ગોપલોકોનું ભાષણ સાંભળી હે મહામુનિ! શ્રીકૃષ્ણ ક્ષણવાર મૌન્ય રહી પછી પ્રણયકોપ પૂર્વક કહેવા લાગ્યા. ૯. હે ગોપગણો! જો તમને મારી સાથે એવા સંબંધથી લજ્જા આવતી ન હોય અને જો હું વખાણ કરવા યોગ્ય હોઉં તો પછી તમારે મારા વિષયમાં વિચાર કરવાનું શું પ્રયોજન છે? જો તમારે મારી ઉપર પ્રીતિ હોય અને હું જો વખાણવા યોગ્ય હોઉં તો તમે મને પોતાના બંધુ જેવો સમજો. ૧૦—૧૧. હું દેવ, ગંધર્વ, યક્ષ અથવા દાનવ નથી હું તમારા બાંધવ રુપથીજ જન્મ્યોછું. માટે તમારે મારે વિષે અન્યથા કલ્પના કરવી નહીં. ૧૨.

પરાશર૦—હે મહાભાગ! એ પ્રકારે પ્રણયકોપ યુકત શ્રીકૃષ્ણનું વચન સાંભળી ગોપગણો મૌન્ય ધારણ કરી વ્રજમાં ગયા. ૧૩. ત્યારપછી શ્રીકૃષ્ણ નિર્મળ આકાશમાં શરદ્ ઋતુના ચંદ્રનો પ્રકાશ, દિશાઓમાં સુગંધ કરનાર પ્રફુલ્લ-

* તેરમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ રાસ લીલાની ઇચ્છાથી વૃંદાવનમાં ગોપીઓને બોલાવી રાસ ક્રીડા કરશે.

ચંદ્ર વિકાસિત કમળ અને ભમરાઓએ ગુંજારવ કરેલાં મનોહર વનને જોઈ ગોપીઓની સાથે ક્રીડા કરવાની ઇચ્છા કરી. ૧૪–૧૫. તે સમયે બળરામ સહિત શ્રીકૃષ્ણ અતિ મધુર પદ યુકત તથા સ્ત્રીઓને અત્યંત પ્રીય સ્વચ્છ મધુર ષડ્જ આદિ સ્વરવાળું અને અનેક પ્રકારનું સુંદર ગાયન કરવા લાગ્યા. ૧૬. તે ગાયનની મનોહર ધ્વની સાંભળી ગોપીઓ પોતાના ઘરનો ત્યાગ કરી સત્વર શ્રીકૃષ્ણ પાસે આવી. ૧૭. ત્યાં આવેલી ગોપીઓમાં કોઇક ગોપી તે ગીતના લય (તાન) ને અનુસરી ગાવા લાગી, કોઇ તેમાં વિરામ આપી અંતઃકરણમાં શ્રીકૃષ્ણનું સ્મરણ કરવા લાગી. ૧૮. કોઈ ગોપી હે કૃષ્ણ! હે કૃષ્ણ! એમ પોકારતી (એમ બોલવું યોગ્ય ન હોવાથી) લજ્જા પામતી અને કોઈ પ્રેમાંધ ગોપી લજ્જાનો ત્યાગ કરી તેના પાસામાં બેઠી. ૧૯. કોઈ ગોપી ઘરમાંથી બહાર નિકળતાં વડીલ જનોને જોઈ પાછી ઘરમાં આવી આંખ બંધ કરી શ્રીકૃષ્ણમાં તલ્લિન થઇ તેનું ધ્યાન કરવા લાગી. ૨૦. શ્રીકૃષ્ણના ધ્યાનથી પ્રગટ થયેલા આનંદથી તેના પૂણ્ય સમૂહનો લય થયો અને શ્રીકૃષ્ણની પ્રાપ્તિ ન થવાથી તેને થનારા અત્યંત દુઃખના કારણથી તેના પાપ સમૂહનો નાશ થયો તેથી શ્વાસોશ્વાસનો નિરોધ કરી સર્વ જગત્ને ઉત્પન્ન કરનાર પરબ્રહ્મ સ્વરુપ શ્રીકૃષ્ણનું ધ્યાન કરતાં કરતાં તે ગોપ કન્યા મુકત થઇ ગઇ. ૨૧–૨૨. ગોપીઓથી વીંટલાયલા તથા રાસલીલાનો આરંભ કરવામાં પ્રેમથી ઉત્સુક થયેલા શ્રીકૃષ્ણે શરદ્ ઋતુના ચંદ્રથી મનોહર રાત્રિને ઘણું માન આપ્યું ૨૩. ત્યારપછી શ્રીકૃષ્ણ અન્ય સ્થળે જવાથી ગોપીઓ પણ તેના કરેલાં કર્મનું અનુકરણ કરી ટોળેટોળાં મળી વૃંદ્રાવનમાં ફરવા લાગી. ૨૪. તે સમયે શ્રીકૃષ્ણમાં અત્યંત આસક્ત થયેલી કોઈ ગોપી બોલી. હું કૃષ્ણછું, મારી મનોહર ગતિ જુઓ. બીજી બોલી હું કૃષ્ણછું; ઉત્તમ પ્રકારનું મારૂં ગાયન સાંભળો. ૨૫. ત્રીજી ગોપી તન્મય ભાવથી તાળી વગાડી બોલી હું કૃષ્ણછું. હે દુષ્ટ કાલિય? ઉભો રહે, ઉભો રહે હમણા તને દંડ કરૂં છું. એ પ્રકારે કૃષ્ણ લીલાનું અનુકરણ ઉત્તમ પ્રકારે કરવા લાગી. ૨૬. વળી અન્ય ગોપી બોલી. હે ગોપગણો! તમે નિર્ભય રહો. તમારે વૃષ્ટિ વગેરેનો ભય જરા પણ રાખવો નહીં કારણ કે મેં ગોવર્ધન પર્વત ધારણ કર્યો છે તેની નીચે સુખરુપે નિવાસ કરો. ૨૭. શ્રીકૃષ્ણની લીલાનું અનુકરણ કરી વળી કોઇ ગોપી બોલી. હે બંધુગણો! મેં ધેનુકાસુરને મારી ફેંકી દીધો છે હવે તમે અને ગાયો તમારી ઇચ્છા પ્રમાણે ફરો. ૨૮. એવી અનેક પ્રકારની કૃષ્ણલીલાનું અનુકરણ કરી વ્યગ્ર થયેલી ગોપીઓ રણણીય વૃંદાવનમાં સુખરુપે ફરવા લાગી. ૨૯. કોઈ ગોપી સર્વાંગે રોમાંચિત થઇ આમતેમ પૃથ્વીને જોઇ બોલી. હે સખી! જુઓ, જુઓ. લીલાથી ગમન કરનાર શ્રીકૃષ્ણના ધ્વજ, વજ, અંકુશ અને કમળના આકારથી શોભાયમાન માર્ગમાં પડેલા આચરણકમળ છે. ૩૦–૩૧. વળી શ્રીકૃષ્ણની સાથે

કોઇ બીજી પણ સ્ત્રી ગઈ છે, જુઓ, મદથી આળસ યુકત તે પુણ્યવંતી સ્ત્રી તેની સાથે ચાલેલી હોવાથી તેની પાસે નાના નાના પદચિન્હ જણાય છે. ૩૨. હે સખી! આ ઠેકાણે મહાત્મા શ્રીકૃષ્ણે ઉભા રહીને પુષ્પ તોડેલાં છે કારણ કે અહીં તેના કાંતિમાન્ ચરણના અગ્ર ભાગના ચિન્હ જણાય છે ૩૩. આ ઠેકાણે શ્રીકૃષ્ણે બેસી કુલ વડે તે સ્ત્રીને અલંકૃત કરી છે નિશ્ચય પૂર્વ જન્મમાં તે ભાગ્યવતી સ્ત્રીએ સુંદર પુષ્પોથી સર્વાત્મા શ્રીવિષ્ણુની પૂજા કરી હશે. ૩૪. જુઓ, પુષ્પથી સન્માન કરવાથી તે મદવાળી સ્ત્રીનો ત્યાગ કરી નંદપુત્ર અહીંથી ચાલ્યા ગયા છે. ૩૫. હે સખી! આ સ્થાનમાં શ્રીકૃષ્ણના પાદચિન્હની પાછળ એક બીજી સ્ત્રીના પગલાં દેખાયછે, એ જોવાથી માલમ પડે છે કે તે સ્ત્રી નિતંબભારથી મંદગતીવાળી હોવા છતાં ચાલવાના માર્ગમાં શિઘ્રતાથી ચાલેલી છે; કારણ કે તેના પગની નીચે ખોલ પડેલી માલમ પડે છે. ૩૬. હે સખી! આ ઠેકાણેથી શ્રીકૃષ્ણ તેનો હાથ પકડીને ચાલ્યા હશે કારણ કે અહીં તે નારીના પગના ચિન્હ સ્પષ્ટ અન્યાન્ય ભાવથી જણાય છે. ૩૭. અહો! તે ધૂર્ત્ત એ સ્ત્રીના હાથનો સ્પર્ષ કરીનેજ તેનો ત્યાગ કરેલો હોવો જોઈએ, કારણ નિરાશાથી મંદગતિવાળી તે સ્ત્રીના પગલાં આ ઠેકાણેથી પાછાં ફરેલાં દેખાય છે. ૩૮. આ જગ્યાએથી શ્રી કૃષ્ણ 'તું અહીં બેસ હું પાછો સત્વર તારી પાસે આવું છું' એમ કહી શીઘ્રતાથી ચાલ્યા ગયા હશે. કેમકે શ્રીકૃષ્ણના શીઘ્રગતીવાળાં પગલાં અહીં દેખાય છે. ૩૯. અહીંથી શ્રીકૃષ્ણના પાદ ચિન્હ દેખાતાં નથી માટે પાછાં ચાલો કારણ કે અહીં ચંદ્રમાના કીરણ નહીં પડવાથી અંધકાર છે. ૪૦. એ પ્રમાણે ગોપીકાઓ પરસ્પર બોલી શ્રીકૃષ્ણના દર્શનથી નિરાશ પામી યમુનાના તટ ઉપર આવી તેના ચરિત્રનું ગાયન કરવા લાગી. ૪૧. ત્યારપછી ક્લેશરહિત કર્મ કરનાર ત્રણ લોકનું રક્ષણ કરનાર શ્રીકૃષ્ણને તે ઠેકાણે આવતા જોયા. તેથી સર્વ ગોપીકાઓના મુખ વિકાસ પામેલા કમળ સરખાં થયાં.૪૨.તે સમયે શ્રીકૃષ્ણને જોતાંજ એક ગોપો પરમ હર્ષ પામી પ્રેમપૂર્વક 'કૃષ્ણ, કૃષ્ણ, કૃષ્ણ,' એ પ્રમાણે બોલવા લાગી પણ તેના મુખમાંથી બીજું વચનજ નીકળ્યું નહીં. ૪૩. કોઈ ગોપી ભ્રકુટી વક્ર કરી કપાળની કરચોલી કરી શ્રીકૃષ્ણને જોઇ પોતાના નીલ કમળ સરખા નેત્ર રુપ ભમરાથી તેના મુખ કમળના રસનું પાન કરવા લાગી. ૪૪. કોઇ ગોપી શ્રીકૃષ્ણનું અવલોકન કરી નેત્રરૂપ દ્વાર વડે તેના સ્વરુપને પોતાના અંતઃકરણમાં પ્રવેશ કરાવી ધ્યાન કરવા લાગી તેથી તે યોગા રૂઢ યોગી સરખી દેખાતી હતી. ૪૫. ત્યારપછી શ્રીકૃષ્ણે કોઇનું મધુર વચનથી, કોઈનું દ્રષ્ટિથી અને કોઇનું હસ્ત સ્પર્શથી સાંત્વન કર્યું. ૪૬. પછી ઉદાર ચરિત્રવાળા શ્રીકૃષ્ણ પ્રસન્ન મનવાળી ગોપીઓની સાથે રાસમંડળ કરી ક્રીડા કરવામાં પ્રવૃત્ત થયા. ૪૭. પરંતુ તે સમયે ગોપીઓના મન શ્રીકૃષ્ણના સામિપ્ય ભાગમાં સ્થિત હોવાથી રાસોચિત મંડળ

યોગ્ય રીતે થયું નહીં. ૪૮. તે વખતે શ્રીકૃષ્ણે એક એક ગોપીનો હાથ પકડી તેના હસ્ત સ્પર્શથી અનંદ યુકત થઇ રાસ ક્રીડા સંબંધી મંડળ કરી પરવા લાગ્યા. ૪૯. એ રાસલીલા ચળાયમાન ગોપીઓના કંણના શબ્દ તથા શરદ ઋતુના વર્ણન રૂપ કાવ્ય મિશ્રિત ગાયનથી આરંભ થઇ તેમાં શ્રીકૃષ્ણે શરદ ઋતુના ચંદ્રની ચાંદણી તથા કમળ યુકત સરોવરને ઉદેશીને ગાયન કર્યું; પરંતુ ગોપીઓએ તો વારંવાર એક શ્રીકૃષ્ણના નામનુંજ ગાયન કર્યું હતું. ૫૦ ૫૧. કોઈ ગોપી પરિભ્રમણ કરવાથી થાકી જઇ તેણે ચળાયમાન કંકણના શબ્દ યુકત પોતાના હાથ શ્રીકૃષ્ણના ખભા ઉપર નાંખ્યા. ૫૨. ગાયનની પ્રશંસાનું બહાનું કાઢી કોઇ ચતુર ગોપીએ પોતાના હાથ પ્રસારી મધુસૂદનને આલિંગન દઇ ચુંબન કર્યું. ૫૩. શ્રીકૃષ્ણની ભુજાનો ગોપીના ગાલને સ્પર્શ થતાં તેની ભુજારુપ મેઘથી પરસેવારૂપ વરસાદ થઈ રોમાંચરુપ ધાન્યાંકૂર ઉત્પન્ન થયાં. અર્થાત્ ભગવાનના હાથના પરસેવાથી ગોપીકાના કપોળ ભાગ ઉપર રોમાંચ ઉત્પન્ન થયાં. ૫૪. જે ઉચ્ચસ્વરથી શ્રીકૃષ્ણ, રાસક્રીડા સંબંધી ગાયન કરતા હતા તે સમયે તેનાથી બમણા સ્વરથી, 'બહુ સારૂ, કૃષ્ણ, કૃષ્ણ, એ પ્રમાણે ગોપીકાઓ ગાયન કરવા લાગી. ૫૫. કૃષ્ણ ચાલે તેની પાછળ ગોપીઓ પણ ચાલે અને શ્રીકૃષ્ણ પાછા ફરે તે વખતે ગોપીઓ પણ તની સન્મુખ પાછી ફરે. એમ ઉલટ પાલટ ગમન કરી તે ગોપસ્ત્રીઓ શ્રીકૃષ્ણનું સેવન કરવામાં આસકત થઇ ગઈ. ૫૬. શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે એવી રીતે ક્રીડા કરી કે એક ક્ષણમાત્રના વિહારને પણ તે લોકો કૃષ્ણસાથે કરોડ વર્ષસુધી રહ્યાંહોય એમ સમજ્યાં. ૫૭. પિતા, ભ્રાતા, તથા પતિ વગેરેએ નિવારણ કરી છતાં તે રતિપ્રિયા ગોપીઓ રાત્રિએ શ્રીકૃષ્ણની સાથે રમણ કરતી હતી. ૫૮. તથા એ અશુભ વિનાશી અમેયાત્મા શ્રીકૃષ્ણ પણ પોતાના કિશોર વયને અનુસરી રાત્રિને વિષે તેનીસાથે રમણ કરતા હતા. ૫૯. (શ્રીકૃષ્ણ ગોપીઓને વિષે આસકત થયા તેમાં કંઇ વિ ષ નથી) કારણ કે તે પરમેશ્વર ગોપીઓને વિષે તેના પતિને વિષે અને સર્વ પ્રાણિમાત્રમાં જીવરૂપથી વાયુ પ્રમાણે વ્યાપિ રહ્યા છે. ૬૦. જેમ સર્વ પ્રાણિમાં આકાશ, અગ્નિ, પૃથ્વી, જળ અને વાયુ વ્યાપક ભાવથી નિવાસ કરી રહ્યા છે તેમ એ પરમાત્મા પણ સઘળા પદાર્થમાં વ્યાપિ રહ્યા છે. ૬૧.

યથા સમસ્ત ભૂતેષુ નભોઽગ્નિઃ પૃથિવી જલમ્ ॥
વાયુશ્ચાત્મા તથૈવાસૌ વ્યાપ્ય સર્વમવસ્થિતઃ ॥૬૧॥

ઇતિ શ્રી વિષ્ણુપુરાણે પંચમ અંશે ત્રયોદશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૧૪ મો.

पराशर उवाच ॥ प्रदोषार्धे कदाचित्तु रासासक्ते जनार्दने ॥
त्रासयन्समदो गोष्ठमरिष्टः समुपाविशत् ॥१॥

પરાશર કહે છે—એક દિવસ સંધ્યા વખતે જનાર્દન રાસ ક્રીડામાં આસકત થયા હતા, તે સમયે મહા મદોન્મત્ત વૃષભની આકૃતીવાળો અરિષ્ટ નામનો અસુર ગાયોને ભયભિત કરતો ત્યાં આવ્યો. ૧. તે જળયુકત મેઘસમાન કાંતિવાળો, તીક્ષ્ણ શીંગડાવાળો, પ્રચંડ સૂર્ય સરખા દેદિપ્યમાન નેત્રવાળો, પોતાની ખરીથી પૃથ્વીને ખોદતો, પોતાની જીભથી ઓઠને ચાટતો, વેગથી પુચ્છને ઉંચુ કરનાર, અત્યંત કઠણ સ્કંધયુકત, અતીશય ઋષ્ટ પુષ્ટ તથા વિશાલ શરીરથી શોભાયમાન ઘણો ઉંચો હોવાથી અન્યને આક્રમણ કરવાને અશકય, પૃષ્ટ ભાગમાં વિષ્ટા તથા મૂત્રથી ખરડાએલો, ગાયોને આકૂળ વ્યાકૂળ કરનાર, ઘણો લાંબી ડોકવાળો, પ્રમાણ બહાર મુખની આકૃતિવાળો, મુખમાં વૃક્ષના આઘાતથી થયેલા ચિન્હવાળો, ગાયોના ગર્ભપાત કરનાર અને તપશ્ચીઓને વિનષ્ટ કરનાર તે મહાઅસુર વનમાં ફરતો હતો. તે વૃષભ રૂપધારી ભયંકર દૈત્ય સર્વને પીડા કરતો કરતો ગોકુળમાં આવ્યો. તેને જોઈ ગોપ તથા ગોપીઓ ભયભિત થઇ હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! એ પ્રકારે પોકાર કરવા લાગ્યા. તે સાંભળી શ્રીકૃષ્ણે તાળી વગાડી સિંહ નાદ કર્યો. ૨–૭. અરિષ્ટાસુર તે શબ્દ સાંભળી શ્રીકૃષ્ણની સન્મુખ આવ્યો અને પોતાના તીક્ષ્ણ શીંગડાં આગળ કરી તેના પેટતરફ દ્રષ્ટિ રાખી તે દુષ્ટ દૈત્ય શ્રીકૃષ્ણ તરફ દોડયો. મહાબળવાન કૃષ્ણ તે દૈત્યને પોતાની સન્મુખ આવતો જોઇ પોતાના સ્થાનથી જરા પણ ચળાયમાન ન થતાં તેની અવજ્ઞા કરતાં મંદહાસ્ય કરવા લાગ્યા. પછી તે સમીપ આવતાંજ જેમ મધ્યર જીવજંતુને પકડે છે તેમ શ્રીકૃષ્ણે અરિષ્ટાસુરને પકડી લીધો.૮–૧૦. તેના શીંગડાં પકડવાથી નિર્બળ થયેલા દૈત્યના પેટ ઉપર પોતાના ઘુંટણનો પ્રહાર કર્યો એ પ્રમાણે દૈત્યનો ગર્વનાશ કરી જેમ ભીના વસ્ત્રને નીચોવે તેમ શ્રીકૃષ્ણે તેના કંઠને મચરડી એક શીંગડું ખેંચી કાઢી એજ શીંગડાથી તેને માર્યો. તે સમયે એ મહાઅસુર મોંમાથી રૂધિરનું વમન કરતો મરણ પામી પૃથ્વી ઉપર પડયો. જેમ જંભ દૈત્યને માર્યા પછી દેવતાઓ એ ઇંદ્રની સ્તુતિ કરીહતી તે પ્રમાણે અરીષ્ટાસુરને માર્યા પછી ગોપગણોએ જનાર્દન શ્રીકૃષ્ણની સ્તુતિકરી. ૧૧ ૧૪.

जम्भे हते सहस्राक्षं पुरा देवगणा यथा ॥ १४ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમઅંશે ચતુર્દશો અધ્યાય સંપૂર્ણ.

* ચૌદમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ વૃષભની આકૃતિવાળા અરિષ્ટાસુરને મારશે.

* અધ્યાય ૧૫ મો.

पराशर उवाच ॥ ककुद्मि निहते दैत्ये धेनुके विनिपातिते ॥
प्रलंबे निधनं नीते धृते गोवर्धनाचले ॥ १ ॥

પરાશર કહે છે—ક્કુદ્મિ (અરિષ્ટાસુર) નો વધ, ધેનુકાસુરનો નાશ, પ્રલંબાસુરનો ક્ષય, ગોવર્ધન પર્વતનું ધારણ, કાળી નાગનું દમન, મહાવિશાળ યમળાર્જુન નામના ઉંચા બે વૃક્ષોને ઉખેડી નીચે નાંખવા, પૂતનાનું હનન અને ગાડાંને ઉંધુ વાળવું વગેરે શ્રીકૃષ્ણના કર્મ તથા યશોદા અને દેવકીના ગર્ભની અદલાબદલી આદિ સઘળી કથા જે પ્રમાણે થઈ હતી તે સર્વ નારદજીએ કંસને કહી સંભળાવી. ૧. ૩. તે દુર્બુદ્ધિ કંસ દેવર્ષિ નારદમુનિના મુખથી સઘળું વૃત્તાંત સાંભળી વસુદેવઉપર ક્રોધિત થયો અને યાદવોની સભામાં વસુદેવનો તીરસ્કાર કરી તેની નિંદા કરી. હવે પોતે એ સંબંધમાં શું કરવુ ? તે કર્તવ્ય વિષયનો વિચાર કરવા લાગ્યો.૪. ૫. એ રામ તથા કૃષ્ણ બન્ને બાળકો જ્યાં સુધી પરિપૂર્ણ રીતે બળવાન થયા નથી ત્યાં સુધિમાં એટલે અલ્પ વયમાંજ તેઓનો વધ કરવો ઉચિત છે; કારણકે તેને દુર્જય તારૂણ્ય અવસ્થા પ્રાપ્ત થશે; તે વખતે એનો વધ નહીં કરી શકાય. ૬. માટે આ ઠેકાણે મહા પરાક્રમી ચાણુર અને અતિ બળવાન મુષ્ટિકની સાથે તે બન્નેને મલ્લ યુદ્ધ કરાવી હું તેનો નાશ કરાવીશ. ૭. ધનુષ્ય યજ્ઞના ઉત્સવને બહાને તે બન્નેને અહીં બોલાવી જે જે પ્રકારે તેનો નાશ થાય તેવા તેવા હું પ્રયત્ન કરીશ. ૮. હમણા હું યાદવશ્રેષ્ઠ શ્વફલ્કના પુત્ર અક્રૂરને તેઓને બોલાવવાને માટે વ્રજમાં મોકલું અને વૃંદાવનમાં ફરનાર કેશી નામના ભયંકર દૈત્યને આજ્ઞાન કરું કે તે વ્રજમાં જઇને બન્ને બાળકોને મારી નાખે. કારણ કે તે કેશી પણ મહા બળવાન છે. ૯. ૧૦. (તેનાથી બચી કદાપી તે અહીં આવશે તો) મારી પાસે જે કુવળયાપીડ નામનો હાથી છે તે મારી આજ્ઞાથી અહીં આવેલા વસુદેવના પુત્ર બળરામને તથા કૃષ્ણને મારી નાંખશે. ૧૧.

પરાશર૦—એ પ્રમાણે વિચાર કરી બળરામને અને શ્રીકૃષ્ણને મારવાનો નિશ્ચય કરી દુરાત્મા કંસે અક્રૂરને બોલાવી કહ્યું. ૧૨. હે દાનપતિ ! મારી પ્રસન્નતાને માટે હું કહું તે પ્રમાણે તમે કરો. તમે રથમાં બેસી નંદના ગોકુળમાં જાઓ. ત્યાં મારા નાશને માટે વિષ્ણુના અંશથી ઉત્પન્ન થયેલા વસુદેવના બે પુત્ર મોટા થાય છે. અહીં આવતી ચતુર્દશીને દિવસે ધનુષ્ય યજ્ઞનો ઉત્સવ થવાનો છે માટે તમે ગોકુ-

* પંદરમા અધ્યાયમાં દેવર્ષિ નારદથી શ્રીકૃષ્ણ વસુદેવના પુત્ર છે એમ જાણી કંસ તેને બોલાવવા અક્રૂરને ગોકુળમાં મોકળશે એ કથા કહેવાશે.

ળમાં જઇ તેને મલ્લયુદ્ધ કરવાને માટે અહીં લઇ આવો. ૧૩–૧૫. મલ્લયુદ્ધમાં નિપૂણ ચાણૂર તથા મુષ્ટિક એ નામના મારા બે મલ્લ છે તેની સાથે એ બે જણાનું બાહુ યુદ્ધ થશે તે સઘળા લોક દેખશે. ૧૬. અથવા મહાવતે છોડેલો કુવળયાપીડ નામનો મારો મોટો હાથી તે બાળક સરખા દુષ્ટ વસુદેવના પુત્રને મારી નાંખશે. ૧૭. એ બાળકોને માર્યા પછી દુષ્ટ બુદ્ધિવાળા મારા પિતા ઉગ્રસેનને, દુષ્ટ નંદ ગોપને અને દુરાત્મા વસુદેવને મારી નાંખીશ. ૧૮. ત્યારપછી મારા વધની ઇચ્છા કરનાર ગોપગણોને મારિ તેની ગાયો તથા સઘળી સંપત્તિ હરી લઇશ. ૧૯. હે દાનપતિ! તમારા શિવાય બીજા સઘળા યાદવો મારા દ્વેષદર્શિ છે માટે અનુક્રમથી હું એનો પણ વધ કરવાનો યત્ન કરીશ. ૨૦. પછી યાદવ સઘળા નાશ થવાથી નિષ્કંટક રાજ્ય મને મળશે તે તમારી સાથે મળીને હું કરીશ. પરંતુ એ બધું કરવું તમારા હાથમાં છે. હે વીર! મારી પ્રસન્નતાને માટે ગોકુળમાં જાઓ. ૨૧. અને ત્યાં જઇ તેની સાથે એવું મધુર ભાષણ કરો કે તે સાંભળી ગોપ લોકો પણ ભેંસનું ઘી તથા દહીં વગેરે ઉપહાર સહિત ધનુષ્ય યજ્ઞમાં આવે. ૨૨.

પરાશર૦—હે દ્વિજ! એ પ્રમાણે કંસની આજ્ઞા થવાથી મહા વિષ્ણુભક્ત અક્રૂર 'હું કાલે શ્રી કૃષ્ણનું અવલોકન કરીશ' એમ સમજી અત્યંત આનંદયુક્ત થઈ સત્વર જવાને આતુર થયા. ૨૩. પછી 'ઠીક બહુ સારુ' એમ રાજાને કહી સુંદર રથમાં બેસી કૃષ્ણપ્રિય અક્રૂર મથુરા નગરીથી નિકળ્યા. ૨૪.

तथेत्युक्त्वा च राजानं रथमारुह्य शोभनम् ॥
निश्चक्राम तदा पुर्या मथुराया मधुप्रियः ॥२४॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમ અંશે પંચદશો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૬ મો.

पराशर उवाच ॥ केशी चापि बलोदग्रः कंसदूतप्रचोदितः ॥
कृष्णस्य निधनाकांक्षी वृंदावनमुपागमत् ॥१॥

પરાશર કહેછે—કંસના દૂતના કહેવાથી કેશી નામનો દૈત્ય શ્રીકૃષ્ણનો વધ કરવાની ઇચ્છાથી વૃંદાવનમાં આવ્યો. ૧. તે પોતાની ખુરીથી પૃથ્વીને ખોદતો માથાના વાળને કંપાવતો અને પોતાની ગતિથી સૂર્ય ચંદ્રના માર્ગનું ઉલ્લંઘન કરતો તે દૈત્ય ગોપ લોકોને ઉપદ્રવ કરવા લાગ્યો. ૨. એ અશ્વવરુપ ધારણ કરનાર દૈત્યનો ખુંખારો સાંભળી ભયભિત થઇ ગોપ તથા ગોપીઓ શ્રીકૃષ્ણને શરણે ગયા.

* સોળમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ઘોડાનું રૂપ ધારણ કરનાર કેશી દૈત્યને મારશે તથા ભવિષ્યમાં થનારા યુદ્ધનું નારદજી વર્ણન કરશે.

૩. તે સમયે 'રક્ષણ કરો, રક્ષણ કરો' એવા તેના શબ્દ સાંભળી શ્રીકૃષ્ણ મેઘ સરખી ગંભીર ગર્જના કરી બોલ્યા. ૪. હે ગોપગણો! તમે કેશી દૈત્યથી બ્હીશો નહીં, તમે ગોપ જાતિમાં જન્મ લઇ એનાથી ભય પામી વીર પુરૂષોને યોગ્ય એવા પરાક્રમનો શું તમે લોપ કરો છો? એ અલ્પ બળથી ખોંખારો કરનાર અને વિચિત્ર ગતિવાળા દુષ્ટ અશ્વથી શું થવાનું છે? દૈત્યલોકો પણ બળ પૂર્વક આવી આવાલોકો ઉપર ચઢાઇ કરે છે. ૫. ૬. (એમ કહી અશ્વ પ્રત્યે બોલ્યા.) 'અરે! હે દુષ્ટ! અહીં આવ, હું કૃષ્ણ છું. જે પ્રકારે મહાદેવે દક્ષના યજ્ઞમાં પૂષાના દાંત ઉખેડયા હતા તે પ્રકારે હું તારા સઘળા દાંત તોડી નાંખીશ.' ૭. એમ કહી ખંભ અપ્રાળી શ્રીકૃષ્ણ કેશી દૈત્યની સામે આવ્યા તે વખતે એ દૈત્ય પણ મુખ પહોળું કરી કૃષ્ણ ઉપર દોડી આવ્યો. ૮. દોડતા આવતા દુષ્ટ અશ્વના મુખમાં શ્રીકૃષ્ણે પોતાના હાથ ખોશી દીધા. પછી કૃષ્ણના હાથ કેશીના મુખમાં પ્રવેશ થતાં તેના આઘાતથી તે દૈત્યના સઘળા દાંત જેમ શ્વેત વાદળના કટકા નીચે પડે તેમ પડી ગયા. ૯. ૧૦. હે મૈત્રેય! જેમ શરીરમાં ઉત્પન્ન થયેલા વ્યાધિની ઉપેક્ષા કરવાથી તે વૃદ્ધિપામી નાશનું કારણ ભૂત થાય છે તેમ કેશીના શરીરમાં ગયેલા શ્રીકૃષ્ણના હાથ વધવા લાગ્યા. ૧૧. તેથી તેના શરીરની સઘળી નાડીઓ ઢીલી થઇ મોંમાથી પ્રીણ સાથે રૂધિરનું વમન કરતાં કરતાં નેત્ર બહાર નીકળી ગયાં ૧૨. તથા શરીરે અત્યંત પરસેવો થઈ વીષ્ટા અને મૂત્રનો ત્યાગ કરતો ચેષ્ટા રહીત થઈ પૃથ્વી ઉપર પડયો. ૧૩. તે અત્યંત ભયંકર દૈત્યના જેમ વજ્રપાતથી વૃક્ષના બે કટકા થઈ જાય છે તેમ શ્રીકૃષ્ણના હાથના રપર્ષથી બે કટકા થઈ ગયા. ૧૪. તેના એક એક ભાગમાં બે પગ, અર્ધ પુચ્છ, અર્ધ પૃષ્ઠભાગ, એક કાન, એક આંખ અને એક નાસિકાથી યુક્ત એવા તે કેશી દૈત્યના શરીરના ભાગની એક જાતની શોભા થઇ હતી. ૧૫. એ પ્રમાણે કેશી દૈત્યનો વધ કર્યા છતાં જેના શરીરને કિંચિત્ માત્ર પણ પરિશ્રમ થયો નથી એવા શ્રીકૃષ્ણ આનંદયુક્ત ગોપગણોની સાથે તે ઠેકાણે સ્વસ્થપણે હાસ્ય કરતા ઉભા રહ્યા હતા. ૧૬. ત્યારપછી કેશી દૈત્યનો વધ કરવાથી વિસ્મય પામેલા ગોપ તથા ગોપીઓએ પ્રેમપૂર્વક ઉત્તમ પ્રકારે શ્રીકૃષ્ણની સ્તુતિ કરી. ૧૭. કેશી હણાયો છે એમ જોઈ મેઘ મંડળમાં ગુપ્ત રહેલા નારદમુનિ એ અતીશય આનંદ યુક્ત અંતઃકરણથી શ્રીકૃષ્ણને કહ્યું. ૧૮. ધન્ય છે, ધન્ય છે, હે જગન્નાથ! હે અચ્યુત! ધન્ય છે, આપના પરાક્રમને; કારણ કે દેવતાઓને દુઃખ દેનાર આ કેશી દૈત્યનો કેવળ લીલા માત્રથી વધ કર્યો? ૧૯. હું યુદ્ધ જોવામાં અત્યંત પ્રીતિવાળો થઈ મનુષ્ય અને અશ્વનું પૂર્વે કોઈ દિવસ ન થયેલું એવું આ મહાયુદ્ધ જોવાને માટે સ્વર્ગથી અહીં આવ્યો. ૨૦. હે મધુસૂદન! આપે આ અવતારમાં જે જે ઉત્તમ કાર્યો કર્યાં છે તેથી મારાં આ વિસ્મિત અંતઃકરણમાં અત્યંત સંતોષ થયો

છે. ૨૧. આ અશ્વ જ્યારે ગર્દનના કેશને કંપાયમાન કરી પોતાની અશ્વ જાતિનો શબ્દ કરતો આકાશ તરફ જોતો હતો તે વખતે દેવતા સહિત ઈંદ્ર પણ ભયભિત થતો હતો. ૨૨. હે જનાર્દન ! આપે આ દુષ્ટ કેશી દૈત્યને માર્યો તેથી આપ કેશવ નામથી પ્રખ્યાત થશો. ૨૩. હે કેશી નિષૂદન ! આપનું કલ્યાણ થાઓ, હવે હું જઉં છું. પરમ દિવસે કંસની સાથે આપને યુદ્ધ થશે તે વખતે હું ફરી મળીશ. ૨૪. હે પૃથ્વીધર ! સેવકો સહિત ઉગ્રસેનના પુત્ર કંસને માર્યા પછી આપ પૃથ્વીનો ભાર ઉતારશો. ૨૫. હે જનાર્દન! પૃથ્વીનો ભાર નાશ કરતી વખતે આપની ઇચ્છાનુસાર રાજાઓના અનેક પ્રકારના યુદ્ધ હું જોઇશ હમણા હું જઉંછું. હે ગોવિંદ ! આપે દેવતાઓનું મહત્ કાર્ય સંપૂર્ણ કરી મને પણ આનંદિત કર્યો છે, આપનું કલ્યાણ થાઓ; હું જઉંછું. ૨૬. ૨૭.

પરાશર કહેછે—(એ પ્રમાણે કહી) નારદમુનિ ગયા પછી ગોપીઓએ અનિમિષદ્રષ્ટિથી અવલોકન કરેલા શ્રીકૃષ્ણ ગોપ સહિત ગોકુળમાં આવ્યા.૨૮.

पराशर उवाच । नारदे तु गते कृष्णः सह गोपैरविस्मितः ॥
विवेश गोकुलं गोपी नेत्रपानैकभाजनम् ॥२८॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમઅંશે ષોડશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૧૭ મો.

पराशर उवाच ॥ अक्रूरोऽपि विनिष्क्रम्य स्यंदनेनाशुगामिना ॥
कृष्णसंदर्शनायोत्कः प्रययौ नंदगोकुलम् ॥ १ ॥

પરાશર કહેછે—હે મૈત્રેય ! શ્રીકૃષ્ણના દર્શનની ઇચ્છાવાળા અક્રૂર શિઘ્રગામી રથમાં બેસી મથુરાથી નીકળી નંદના ગોકુળ તરફ ચાલ્યા. ૧. તે માર્ગમાં જતા જતા પોતાના મનસાથે વિચાર કરવા લાગ્યા, "કે મારા જેવો ધન્ય ભાગ્યવાળો બીજો કોઇ નથી કારણકે અંશથી ઉત્પન્ન થયેલા ચક્રધારી શ્રીવિષ્ણુના મુખનું દર્શન કરીશ ! ૨. આજ મારો જન્મ સફળ થયો, આજે પ્રભાતમાં મને મંગળ સૂચક દર્શન થયાં હશે જેથી પ્રફૂલ્લ કમળપત્ર સરખા નેત્રવાળા શ્રીકૃષ્ણના દર્શન કરીશ ! આજ મારાં નેત્ર સફળ થયાં તેમ વાણી પણ સફળ થઈ કારણ કે આજ નેત્ર વડે શ્રીકૃષ્ણનું અવલોકન કરીશ અને તેની સાથે વાણીથી ભાષણ કરીશ ! ૩. ૪. જેનું અંતઃકરણપૂર્વક સ્મરણ

* સત્તરમા અધ્યાયમાં અક્રૂર વ્રજમાં જતા માર્ગમાં નાના પ્રકારના વીચાર કરતા કરતા ગોકુળમાં જઈ રામ તથા કૃષ્ણનું અવલોકન કરશે એ કથા કહેવાશે.

કરવાથી મનુષ્યના પાપ નષ્ટ થઇ જાય છે તે શ્રીવિષ્ણુના કમળ સરખા નેત્ર યુકત મુખનું દર્શન કરીશ ! ૫. જેનાથી ચાર વેદ અને વેદાંગ પ્રગટ થયા છે તે દેતાઓના પરમ આધારભૂત શ્રીકૃષ્ણના મુખકમળનું હું અવલોકન કરીશ ! ૬. યજ્ઞકરનાર મનુષ્ય યજ્ઞમાં જે યજ્ઞ પુરૂષ પરમાત્માનું આરાધન કરે છે તે સર્વના આધારભૂત જગન્નાથ શ્રીકૃષ્ણના દર્શન કરીશ ! ૭. ઈંદ્રએ સો યજ્ઞ કરી જે પરમાત્માની આરાધના કરી દેવેંદ્રપદ પ્રાપ્ત કર્યું છે તે આદ્યંત રહિત શ્રીવિષ્ણુના હું દર્શન કરીશ ! ૮. બ્રહ્મા, ઈંદ્ર, રૂદ્ર, અશ્વિનીકુમાર, વસુ, આદિત્ય અને મરૂદ્ગણ વગેરે દેવતાઓ પણ જેના સ્વરુપને જાણતા નથી તે હરિ આજ મારા અંગને સ્પર્ષ કરશે ! ૯. જે સર્વવ્યાપક, સર્વસ્વરૂપી, સર્વાત્મક, સર્વજ્ઞ અને અવ્યય રૂપથી સર્વ પ્રાણિમાત્રમાં નિવાસ કરે છે તે પરમાત્મા શ્રીકૃષ્ણ આજ મારી સાથે વાર્તાલાપ કરશે ! ૧૦. મત્સ્ય, કૂર્મ વરાહ, નૃસિંહ અને હયગ્રિવ આદિ રુપથી અવતાર લઈ જેણે જગત્નું રક્ષણ કર્યું છે તે આજ મારી સાથે ભાષણ કરશે !૧૧. પોતાની ઇચ્છાથી શરીર ધારણ કરનાર અવિનાશિ જગત્ના સ્વામી હોવા છતાં પોતાના માનસિક કાર્ય કરવાને માટે હમણા મનુષ્યાવતાર ધારણ કર્યો છે; જેણે અનંત રૂપથી પોતાના મસ્તક ઉપર એક પુષ્પની પાંખડી પ્રમાણે પૃથ્વીને ધારણ કરી છે એ પૃથ્વીના કાર્ય માટે ઉત્પન્ન થયેલા ભગવાન આજ મને 'અક્રૂર' કહીને બોલાવશે ! ૧૨. ૧૩. પિતા, પુત્ર, ભાઈ, સુહૃદ્, માતા અને બંધુવર્ગ આદિ બુદ્ધિરુપી જેની માયાનો કોઇપણ ત્યાગ કરવાને સમર્થ નથી, તે ભગવાનને નમસ્કાર કરૂંછું ૧૪. હૃદયમાં જેનો પ્રવેશ થતાંજ યોગી લોકો વિશાળ અજ્ઞાન રુપ માયાને તરી જાય છે એ જ્ઞાનરુપ પરમાત્માને નમસ્કાર કરૂંછું. ૧૫. જેને યજ્ઞકરનાર યજ્ઞપુરૂષ કહેછે, ભગવદ્ભકત વાસુદેવ કહેછે અને વેદાંતિ લોકો વિષ્ણુ કહે છે તેને હું નમ્ર થઇ પ્રમાણ કરૂંછું. ૧૬. જે વિશ્વને ઉત્પન્ન કરનાર જગદાધાર સત્યરૂપ શ્રીવિષ્ણુને વિષે આ અસત્ય જગત્ નિવાસ કરી રહ્યું છે તે સત્યરુપ પરમાત્મા મારી ઉપર પ્રસન્ન થાઓ. ૧૭. જેનું સ્મરણ કરવાથી મનુષ્ય સર્વ કલ્યાણનું આશ્રયસ્થાન થાય છે તે જન્મ રહિત અને નિત્ય પરમાત્માને હું શરણે જઉંછું." ૧૮.

પરાશર૦—એ પ્રકારે ભક્તિપૂર્વક શ્રીવિષ્ણુનું ચિંત્વન કરતા કરતા અક્રૂર સૂર્યાસ્તની અગાઉ ગોકુળમાં પોંહોચ્યા. ૧૯. ત્યારપછી ગાયને દોહોવાના સ્થાનમાં જઇ અક્રૂરે વાછરડાંઓના મધ્ય ભાગમાં રહેલા કમળપત્રની કાંતિ સરખા શ્રીકૃષ્ણને જોયા. ૨૦. વળી કેવા જોયા કે પ્રફુલ્લ કમળ સરખા નેત્ર, શ્રીવત્સ-ચિન્હથી અંકિત વક્ષઃસ્થળ, દીર્ઘબાહુ, વિશાળ છાતી, ઉચ્ચ નાસિકા, વિલાસ યુકત હાસ્ય કરતું મુખકમળ, ઉંચા તથા લાલ નખથી યુકત, પૃથ્વી ઉપર વિરાજ-

માન, પીતાંબરધારી, વનના પુષ્પથી વિભૂષિત, કાનમાં શ્વેત કમળની કલગી ધારણ કરનાર અને ચંદ્રમંડળ યુકત નીલ પર્વત સરખા કાંતિમાન્ શ્રીકૃષ્ણ; તથા તેની પાછળ હંસ, કુંદ પુષ્પ અથવા ચંદ્ર સરખા શ્વેત, નીલાંબરધારી, કમળ નયન, ઉચ્ચ વિશાળ બાહુવાળા, વિકાસિત મુખ કમળથી શોભાયમાન સપેત કમળની માળા ધારણ કરનાર, કૈલાસ પર્વત સરખા યદુનંદન બળભદ્રને જોયા. ૨૧. ૨૫. હે મહા-મુનિ! કૃષ્ણ તથા બળભદ્રને જોઇ મહાજ્ઞાની અક્રૂરનું મુખ પ્રસન્ન થઇ શરીરે રોમાંચ ઉત્પન્ન થયાં. ૨૬. પછી અક્રૂર મનમાં બોલ્યા, એજ પરમધામ, એજ સર્વોત્કૃષ્ટ તેજ, એજ પરમપદ અને એજ બે સ્વરુપ ધારણ કરી રહેનારા ભગવાન શ્રીવિષ્ણુના અંશભૂત છે. ૨૭. આ જગદુત્પાદક પરમાત્માનું અવલોકન કરવાથી આજ મારાં નેત્રદ્વય જેમ અત્યંત સફળ થયાં તેમ ભગવાન પ્રસન્ન થઇ પોતાના અંગસ્પર્શથી મારા શરીરને સફળ કરશે? ૨૮. જેની આંગળીના સ્પર્શથી જીવગણ પાપથી છુટી નાશ તથા દોષરહિત કૈવલ્ય સિદ્ધિને પ્રાપ્ત કરે છે; તે શ્રીમાન્ અનંત મૂર્ત્તિ ભગવાન મારા પૃષ્ટ ભાગને પોતાના કર કમળનો સ્પર્શ કરશે? ૨૯. વિજળી, અગ્નિ અને સૂર્યની કિરણમાળા સરખા દેદિપ્યમાન ચક્રને ફેંકી જે ભગવાને દૈત્યાધિપતિઓની સેનાનો નાશ કરી દૈત્યની સ્ત્રીઓના નેત્રનું અંજન હરણ કર્યું છે. ૩૦. તથા બળી રાજાએ જેના હાથમાં દાન જળ આપવાથી જો કે તે પાતાળમાં ગયો છતાં તે નિર્ભય થઈ ઉત્તમ પ્રકારના ભોગ, દેવત્વ અને એક મન્વંતર સુધિના ઇંદ્રપદની પ્રાપ્તિ મેળવી છે. ૩૧. (તેજ આ ભગવાન) જો કે હું કોઇ પણ પ્રકારના દોષથી દુષિત થયો નથી છતાં એક કંસનો અંગિકાર કરવાથી દોષવાન્ થયો છું તો ભગવાન મને કંસનો દૂત જાણી મૌન રહી મારી અવજ્ઞા કરી મને નિરાશ તો નહીં કરે? ધિક્કાર છે મારા જન્મને કે હું સજ્જન પુરૂષોથી બહિષ્કૃત થયો. ૩૨. (એવી શંકા લાવવાનું કંઈ કારણ નથી, કેમ કે) જે જ્ઞાન સ્વરૂપ, નિર્મળ, સત્વગુણમય, નિર્દોષ, નિરંતર પ્રકાશમાન, અને સર્વના અંતઃકરણમાં નિવાસ કરનારા છે, તે ભગવાન સર્વ પુરુષોના હૃદયાંતર્ગત ભાવને શું નથી જાણતા? અર્થાત્ સર્વ જાણે છે. ૩૩. એટલા માટે સર્વ ઇશ્વરના ઇશ્વર, આદિ મધ્યાંત રહિત પુરુષોત્તમ શ્રીવિષ્ણુના અંશાવતાર આ શ્રીકૃષ્ણ પાસે ભક્તિપૂર્વક નમ્ર થઇને જાઉં, એ કદાપિ મારી અવજ્ઞા નહીં કરે. ૩૪.

तस्माद्दहं भक्तिविनम्रचेता व्रजामि सर्वेश्वरमीश्वराणाम् ॥
अंशावतारं पुरुषोत्तमस्य अनादिमध्यांतमयस्य विष्णोः ॥३४॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમ અંશે સપ્તદશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૧૮ મો.

पराशर उवाच ॥ चिंतयन्नेव गोविंदमुपगम्य स यादवः ॥
अक्रूरोऽस्मीति चरणौ ननाम शिरसा हरेः ॥१॥

પરાશર૦—એ પ્રમાણે વિચાર કરતા કરતા તે યદુવંશીય અક્રૂર શ્રીકૃષ્ણની પાસે જઇ 'હું અક્રૂર છું' એમ બોલી તેણે શ્રીકૃષ્ણના ચરણમાં પ્રણામ કર્યા. ૧. તે સમયે શ્રીકૃષ્ણે પણ ધ્વજ વજ્ર કમળ આદિ ચિન્હથી અંકિત પોતાના હાથથી તેને સ્પર્ષ કરી પ્રીતિપૂર્વક હાથ પહોળા કરી સ્નેહથી ગાઢ આલિંગન કર્યું. ૨. તેણે વિધિપૂર્વક નમન કર્યા પછી રામ તથા કૃષ્ણ બન્ને જણ આનંદ પામી અક્રૂરને લઈ પોતાના મંદિરમાં ગયા. ૩. ત્યાં તેની સાથે યોગ્ય સંભાષણ કરી ભોજન આદિ કર્યા પછી તે બન્નેની પાસે અક્રૂરે સઘળું વૃત્તાંત યથાર્થ રીતે કહેવાનો આરંભ કર્યો. ૪. દુષ્ટ કંસે કરેલો વસુદેવનો તિરસ્કાર, દેવકીનો તિરસ્કાર અને ઉગ્રસેનની સાથે દુરાત્મા કંસનું વર્ત્તન તથા જે કારણથી પોતાને (અક્રૂરને) વૃંદાવનમાં મોકલ્યા છે એ સઘળું વૃત્તાંત બહુ માનપૂર્વક અક્રૂરે નિવેદન કર્યું ૫–૬. એ તમામ વૃતાંત સાંભળી શ્રીકૃષ્ણ બોલ્યા. હે અક્રૂર! હું એ તમામ વિષય જાણું છું. હે મહાભાગ! એ વિષયમાં જે ઉપાયથી કાર્ય થશે તેમ હું કરીશ. મેં કંસનો વધ કર્યો એમજ સમજો. આ મારું વચન મિથ્યા છે એમ મનમાં આણશો નહીં. ૭–૮. હું તથા બળરામ કાલે તમારી સાથે મથુરા આવશું તથા અમારી સાથે વૃદ્ધ ગોપ પણ ઘણું ધન લઈ આવશે. ૯. હે વીર! તમે ચિંતા ન કરો, સુખેથી રાત્રિ નિર્ગમન કરો, હું ત્રણ દિવસની અંદર કંસનો તેના અનુચર સહિત નાશ કરીશ. ૧૦.

પરાશર૦—ત્યારપછી સઘળા ગોપગણોને મથુરા જવાની આજ્ઞા કરી અક્રૂરે, શ્રીકૃષ્ણ તથા બાળરામ સાથે નંદ ગોપના ઘરમાં જઇને શયન કર્યું. ૧૧. પછી અક્રૂર નિર્મળ પ્રાતઃકાળમાં અત્યંત કાંતિમાન્ શ્રીકૃષ્ણ તથા બળરામની સાથે મથુરા જવાને તૈયાર થયા. ૧૨. શ્રીકૃષ્ણને મથુરામાં જતા જોઈ ગોપીઓ જેના હાથમાંનું કંકણ ઢીલાં થઇ ગયાં છે એવી કૃશ થઇ પીડા પામી નેત્રમાં આંસુ ભરતી શ્વાસોશ્વાસ લેતી પરસ્પર કહેવા લાગી. ૧૩. આ શ્રીકૃષ્ણ મથુરા ગયા પછી ફરીથી શું કરવા ગોકુળમાં આવે? કારણ કે ત્યાં ગયા પછી તે નગરવાસી સ્ત્રીઓના મધુર ભાષણરૂપ મધનું પાન કરી તેના કાન તૃપ્ત થશે. ૧૪. નાગરીક સ્ત્રીઓના વિલાસયુકત વાક્યોમાં આસકત થયા પછી શ્રીકૃષ્ણનું મન ફરીથી આપણે ગામમાં રહેનારી

* અઢારમા અધ્યાયમાં અક્રૂરની સાથે રામ, કૃષ્ણનું મથુરા જવું, ગોપીઓનો વિલાપ અને અક્રૂરની સ્તુતિ વગેરેનું વર્ણન કરવામાં આવશે.

ગોપીઓમાં અનુરાગી થશે? ૧૫. અત્યંત દુષ્ટ વિધાતા પણ નિર્દય થઈ સર્વ ગોકુળના કેવળ સારભૂત શ્રીકૃષ્ણનું હરણ કરી ગોપ સ્ત્રીઓની ઉપર વજ્રનો પ્રહાર કરે છે? ૧૬. તે મથુરાનગરીમાં રહેનારી સ્ત્રીઓના હાવભાવ, પૂર્ણ મંદહાસ્ય, મધુર ભાષણ, વિલાસ યુક્તગમન અને કટાક્ષરૂપ અવલોકન એ આપણા કરતાં અત્યંત ઉત્તમ છે. ૧૭. તેથી આ ગામમાં નિવાસ કરનારા શ્રીકૃષ્ણ એક વખત તેના વિલાસરૂપ બંધનથી બંધઈ ગયા એટલે પછી આપણી પાસે શું કામ આવશે? ૧૮. અત્યંત ક્રૂર તથા નિષ્ઠુર હૃદયના અક્રૂરથી ઠગાયલા શ્રીકૃષ્ણ રથમાં બેસીને મથુરામાં જાય છે. ૧૯. નૃશંસ (ઘાતકી) અક્રૂર શું પ્રીતિવાળા લોકોના હૃદયના ભાવને નથી જાણતા? કે જે અમારા નેત્રના આનંદદાયક શ્રીકૃષ્ણને અહીંથી અન્ય રથળે લઈ જાય છે? ૨૦. તેમજ આ અત્યંત નિર્દય કૃષ્ણ પણ બળરામની સાથે રથમાં બેસીને જાય છે આપણે એને રોકવાનો સત્વર યત્ન કરીયે. ૨૧. હે સખી! આ તું શું કહે છે? વડીલ જનોની સામે આપણને એમ કરવું ઉચિત નથી. (બીજી બોલી) જે મનુષ્ય વિરહાગ્નિથી બળતા હોય તેને વડીલજન શું કરશે? આપણને કેવું દુઃખ છે? જુઓ તો ખરાં કે આ નંદ આદિ ગોપ પણ મથુરા જવાને તૈયાર થયા છે પરંતુ કોઇ પણ શ્રીકૃષ્ણને મથુરાથી પાછા લાવવાનો પ્રયત્ન કરતા નથી. ૨૩. ખરેખર મથુરામાં રહેનારી સ્ત્રીઓને આજની રાત્રિ સુપ્રભાતમય થઇ છે; કારણ કે તે પોતાના નેત્રરૂપ ભમરાથી શ્રીકૃષ્ણના મુખકમળનું દર્શન કરશે. ૨૪. જે કૃષ્ણની સાથે જાય છે તેઓને પણ ધન્ય છે કેમકે તે માર્ગમાં શ્રીકૃષ્ણને જોતાં જોતાં રોમાંચ યુક્ત થશે ૨૫. આજે શ્રીકૃષ્ણના અવયવનું દર્શન કરનાર મથુરાવાસી લોકોના નેત્રને અત્યંત આહ્લાદ થશે. ૨૬. તે મથુરાની ભાગ્યશાળી સ્ત્રીઓએ કોણ જાણે આજ કેવાંક સુસ્વપ્ન જોયાં હશે કે જે પોતાના સુંદર નયનથી અપ્રતિબંધપણે શ્રીકૃષ્ણનું અવલોકન કરશે. ૨૭. અરે! નિર્દય વિધાતાએ પ્રથમ મહાનિધિ (કૃષ્ણરૂપ દ્રવ્યનો ભંડાર) દેખાડી પછી તેનાં નેત્ર કાઢી લીધા પ્રમાણે આપણને થયું છે. ૨૮. શ્રીકૃષ્ણ અહીંથી જતા હોવાથી તેનો પ્રેમ અમારે વિષે શિથિલ થયો છે તે જોઇ અમારા હાથના કંકણ પણ ઢીલાં થઇ ગયાં છે. ૨૯. અહો! વેગથી ઘોડા હાંકનાર આ અક્રૂરનું અંતઃકરણ નિશ્ચય નિર્દય હોવું જોઇએ; કારણ કે આ પ્રકારે દુઃખિત સ્ત્રીઓની દશા જોઈ કોને દયા ન આવે? ૩૦. જુઓ, જુઓ, આ શ્રીકૃષ્ણના રથના ચક્રથી ઉડતી ધૂળ આકાશમાં દેખાય છે? તેથી શ્રીકૃષ્ણના દર્શન થતાં નથી; ચાલો હવે ધૂળ પણ દેખાતી નથી. ૩૧. એ પ્રમાણે (પરસ્પર બોલી) ગોપી જનોએ અત્યંત પ્રેમપૂર્વક અવલોકન કરેલા બળરામ સહિત શ્રીકૃષ્ણે વ્રજ ભૂમિનો ત્યાગ કર્યો. ૩૨. અત્યંત વેગવાન ઘોડા યુક્ત રથમાં બેઠેલા અક્રૂર, બળરામ અને શ્રીકૃષ્ણ સહિત મધ્યાન્હ વખતે યમુના તટ ઉપર પહોંચ્યા. ૩૩. પછી અક્રૂરે શ્રીકૃષ્ણને કહ્યું. આપ અહિં બેસો, હું યમુનાના જળમાં

સ્નાન કરી નિત્ય કર્મ કરી હમણા આવું છું. ૩૪. ભગવાને કહ્યું 'બહુ સારૂં' પછી મહાજ્ઞાની અક્રૂર યમુનાના જળમાં પ્રવેશ કરી સ્નાન તથા આચમન કરી પરબ્રહ્મનું ધ્યાન કરવા લાગ્યા, ૩૫. તે સમયે સહસ્ત્ર ફણાથી સુસોભિત કુંદમાળા સરખા શ્વેત વર્ણવાળા વાસુકી આદિ મહા સર્પોથી ઘેરાયેલા, ગંધર્વોથી સ્તુતિ કરાયલા, પગ સુધી લટકતી સુગંધ યુકત પુષ્પ માળાથી વિભૂષિત, નીલાંબરધારી, મનોહર કર્ણમાં પુષ્પ ધારણ કરનાર, મદ યુકત અને રમણીય એવા બળરામને યમુનાના મહા જલના અંતર્ભાગમાં નિવાસ કરતા જોયા. ૩૬. ૩૮. તથા તેના ઉત્સંગમાં મેઘ સરખા શ્યામ વર્ણવાળા, રકત તથા વિશાળ નેત્રવાળા, ચતુર્ભુજ, સુંદર શરીરવાળા વજ આદિ આયુધોથી સુશોભિત, પીતાંબરધારી, ચિત્ર વિચિત્ર પુષ્પ માળાથી અલંકૃત હોવાથી ઇંદ્રના ધનુષ્ય તથા વિદ્યુત પંકિતવાળા રંગબેરંગી વાદળ સરખા શોભાયમાન, શ્રીવત્સાંકિત વક્ષઃસ્થળ, સુંદર આભૂષણ અને ઉજ્વળ મુકટથી કાંતિમાન, વિકાસિત શ્વેત કમળના કર્ણમાં આભૂષણ ધારણ કરનાર અને યોગ સિદ્ધથી પાપ રહિત નાસાગ્ર ભાગ ઉપર દ્રષ્ટિ રાખી સનંદનાદિ મુનિઓ જેનું ધ્યાન કરેછે એવા શ્રીકૃષ્ણને જોયા. ૩૯. ૪૨. તે સમયે બળરામને તથા શ્રીકૃષ્ણને એવી અવસ્થામાં ઓળખી વિસ્મય પામી વિચાર કરવા લાગ્યા કે એ બે જણા રથમાંથી અહીં સત્વર શી રીતે આવ્યા ? ૪૩. એમ વિચાર કરી અક્રૂર જેવા બોલવા જાય છે એટલામાં જનાર્દને તેની વાણિને સ્તંભિત કરી. પછી અક્રૂર જળમાંથી બહાર નીકળી ફરીથી રથની પાસે આવ્યા તો ત્યાં પણ મનુષ્ય શરીર ધારણ કરનાર બળરામ તથા શ્રીકૃષ્ણને પૂર્વ પ્રમાણે રથમાં બેઠેલા જોયા. ૪૪. ૪૫. ત્યારપછી ફરીથી અક્રૂરે જળમાં ડુબકી મારી જોયું તો ત્યાં પણ ગંધર્વ, મુનિ, સિદ્ધ, અને મહા સર્પોથી સ્તવન કરાયલા તે ઉભયને જોયા. ૪૬. આ સર્વ પ્રકાર જાણી અક્રૂર સર્વ વિજ્ઞાનમય ઇશ્વર શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા. ૪૭. જેનો મહિમાં અચિંત્ય હોવા છતાં જે તન્માત્ર રૂપ, વિશ્વવ્યાપક, અનેક રૂપી અને એકરૂપી કહેવાય છે તે પરમાત્માને અનેકવાર પ્રણામ કરૂંછું. ૪૮. હે સત્ય સ્વરૂપી અચિંત્ય ! સત્વ સ્વરુપ ધારણ કરનાર હોમ દ્રવ્ય રુપ, જેનો અન્ત કોઇ પણ જાણતું નથી તથા જે પ્રકૃતિથી પરછે એવા હે પ્રભુ ! આપને નમસ્કાર કરૂં છું. ૪૯. હે ભગવાન ! તમે વસ્તુતઃ એકજછો છતાં પંચમહાભૂત, ઈંદ્રિઓ, પ્રકૃતિ, જીવ અને પરમાત્મા એ પાંચ સ્વરુપથી યુકત છો. ૫૦. હે સર્વ સ્વરૂપ ! હે સર્વાત્મન્ ! હે અવિનાશી ! હે ઈશ્વર ! હું આપના બ્રહ્મા, વિષ્ણુ, શિવ આદિ સ્વરૂપની કલ્પના કરી તમારૂં સ્તવન કરૂંછું. હે ભગવાન ! આપ પ્રસન્ન થાઓ. ૫૧. જેના સ્વરૂપ, જેના અવતારનું કારણ અને જેના નામ એ શબ્દથી કહેવાને અશકય છે એવા પરમેશ્વરને હુ નમસ્કાર કરૂં છું. ૫૨. હે જન્મ રહિત !

ઉત્પન્ન કરતાં કરતાં તેને તેની ઈચ્છા પ્રમાણે પુષ્પ આપ્યાં. ૨૨. એમ બોલી વારંવાર પ્રણામ કરી એ માળીએ તે બન્ને પુરૂષ શ્રેષ્ઠને અત્યંત સુગંધ યુકત ઉત્તમોત્તમ પુષ્પ આપ્યાં. ૨૩. ત્યારપછી શ્રીકૃષ્ણએ પ્રસન્ન થઈ માળીને વરદાન આપ્યું. "હે ભાગ્યશાળી! મારા વક્ષઃસ્થળમાં નિવાસ કરનારી લક્ષ્મી તારો કદાપી ત્યાગ કરશે નહીં. ૨૪. તારા બળની તથા ધનની હાની થશે નહીં, જ્યાં સુધી સૂર્ય ચંદ્ર રહેશે ત્યાં સુધી તારા કુળનો નાશ થશે નહીં. ૨૫. તું આ જન્મમાં વિપુલ ભોગ ભોગવી અંતે મારી કૃપાથી માઙું સ્મરણ કરી દિવ્ય લોકમાં જઈશ. ૨૬. હે ભદ્ર! તારું મન અહર્નીશ ધર્મ ના આસકત રહેશે, તારા વંશમાં જે ઉત્પન્ન થશે તે દીર્ઘાયુષી થશે. ૨૭. હે મહાભાગ! જ્યાં સુધી સૂર્ય છે ત્યાં સુધી તારા વંશમાં ઉત્પન્ન થયેલા પુરૂષને કોઈપણ જાતની પીડા થશે નહીં." ૨૮.

પરાશર૦—હે મુનિશ્રેષ્ઠ! એ પ્રમાણે વરદાન આપી તે માળીથી પૂજન કરાયલા શ્રીકૃષ્ણ બળરામ સહિત તેના ઘરમાંથી બહાર નીકળ્યા. ૨૯.

पराशर उवाच ॥ इत्युक्त्वा तद्गृहात्कृष्णो बलदेवसहायवान् ॥
निर्जगाम मुनिश्रेष्ठ मालाकारेण पूजितः ॥२९॥

इतिश्री विष्णुपुराणे पंचमअंशे એકોનવિંશતિ તમો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૨૦ મો.

पराशर उवाच ॥ राजमार्ग ततः कृष्णः सानुलेपन भाजनाम् ॥
ददर्श कुब्जामायांतीं नवयौवनगोचराम् ॥ १ ॥

પરાશર૦— ત્યારપછી શ્રીકૃષ્ણે હાથમાં ચંદનનું પાત્ર લઇ માત્ર યૈાવન અવસ્થાવાળી એક કુબ્જા (કુબડી) સ્ત્રીને રાજ માર્ગમાંથી આવતી જોઈ. ૧. તેને જોતાં શ્રીકૃષ્ણ વિનોદથી બોલ્યા. હે કમળ લોચનિ! તું સત્ય બોલ, આ ચંદન તું કોને માટે લઇ જાય છે? ૨. એવું કૃષ્ણનું પ્રીતિયુકત વચન સાંભળી કુબ્જા હરિદર્શનમાં આસકત થયેલી તથા જાણે શ્રીકૃષ્ણની દ્રષ્ટિએ બળાત્કાર કર્યો હોય નહીં શું? એમ મધુર ભાવથી બોલી. "હે કાંત! શું આપ જાણતા નથી? હું નૈકવક્રા નામથી પ્રખ્યાત છું, અનુલેપન તૈયાર કરવાના કાર્યમાં કંસે મારી યોજના કરી છે, અન્ય કોઇ અનુલેપન ઘસી આપે તો તે કંસને પ્રીય નથી લાગતું માઙું ઘસેલું ચંદનજ પોતાના શરીરઉપર લગાડવું પ્રસન્ન કરે છે, મારી ઉપર તેની ઘણી કૃપા છે." ૩. ૪. ૫.

---

* વીશમા અધ્યાયમાં શ્રી કૃષ્ણને કુબ્જા ચંદન અર્પણ કરશે તથા ધનુષભંગ, હાથી, ચાણૂર આદિમલ્લ તથા કંસનો વધ અને પિતા પુત્રનો મેલાપ વગેરે કથા કહેવાશે.

શ્રીકૃષ્ણ૦—હે ચિરાનને ! આ રાજાને યોગ્ય સુગંધી અનુલેપન અમારા શરીર ઉપર લગાડવાને યોગ્ય છે માટે એ અમને આપ. ૬.

પરાશર૦—શ્રીકૃષ્ણની વાણિ સાંભળી કુબ્જાએ આદરપૂર્વક તેને ' ઠીક આપ લ્યો ' એમ કહી બન્નેના શરીર ઉપર લગાડવા યોગ્ય તે અનુલેપન શ્રીકૃષ્ણને અર્પણ કર્યું. ૭. તેઓએ યોગ્ય રીતીએ ચંદન લગાડવાથી તે પુરૂષશ્રેષ્ઠ ઈંદ્ર-ધનુષ્ય યુક્ત શ્વેત વર્ણના તથા કૃષ્ણ વર્ણના વાદળ શોભે તેમ શોભવા લાગ્યા. ૮. ત્યારપછી વક્ર મનુષ્યને સરળ કરવાની ક્રીયા જાણનાર શ્રીકૃષ્ણે પોતાના હાથની મધ્યમાં તથા તર્જની આંગળી તેની હડપચીની નીચે રાખી પોતાના બે પગથી તેના બે પગ દબાવી ઉંચી કરી; તેથી તેનું શરીર સરળ થઇ સઘળી રૂપવતી સ્ત્રીઓમાં અત્યંત શ્રેષ્ઠ થઈ. ૯. ૧૦. ત્યારપછી તેણે પ્રેમ ગર્ભિત ભાવથી ભગવાનના વસ્ત્રનું આકર્ષણ કરી વિલાસની ઇચ્છાવાળી કુબ્જા મંદહાસ્ય કરી બોલી. ' આપ મારે ઘેર પધારો ' તે સાંભળી ભગવાન હાસ્ય કરી ' હું તારે ઘેર આવીશ ' એમ કહી તેને વિદાય કરી અને બળરામના મુખ સામું જોઇ મોટેથી હાસ્ય કરવા લાગ્યા ૧૧. ૧૨. કુબ્જા ગયાપછી ચંદનાર્ચિત, નીલાંબર, પીતાંબરધારી ચિત્ર વિચિત્ર માળાઓથી શોભાયમાન, રામ, કૃષ્ણ ધનુષ શાળામાં ગયા. ૧૩. ત્યાં ગયા પછી રક્ષકોને ' આયોગવ નામનું ધનુષ ક્યાં છે ? ' એમ પ્રશ્ન કર્યો. પછી રક્ષકોએ ધનુષ દેખાડયું તે જોઇ શ્રીકૃષ્ણ ધનુષ પાસે જઇ બળપૂર્વક તે ઉઠાવી તેને સજ્ય કરવાનો આરંભ કર્યો. ૧૪. તેને બળાત્કારથી સજ્ય કરતાં તે ધનુષ વચમાંથી ભાંગી મોટો કડાકો થયો તેથી સર્વ દિશાઓ ગાજી રહી. ૧૫. પછી ધનુષ ભાંગ-નાંખવાથી રક્ષકોએ આવી તેને ઘેરી લીધા તે સમયે બન્ને વીર પુરૂષોએ રક્ષકોને મારી તે ધનુષ શાળામાંથી બહાર નીકળ્યા. ૧૬. અહીં કંસે અક્રૂરને આવવાની તથા શ્રીકૃષ્ણે ધનુષ ભાંગવાની વાત સાંભળી તરત ચાણૂર તથા મુષ્ટિક નામના બે મલ્લોને બોલાવી તેને આ પ્રમાણે કહ્યું. ૧૭.

કંસ૦—હે મલ્લો ! ગોકુળથી ગોપના બે બાળકો આવ્યા છે તેને તમે બન્ને મળી મારી સામે મલ્લયુદ્ધમાં મારી નાખો, કારણ કે તે મારા પ્રાણનો નાશ કરનારા છે. ૧૮. હે મહાબળવાન ! જો તમે મલ્લયુદ્ધમાં તેનો નાશ કરી મને સંતોષ કરશો તો હું તમારો મનોરથ પૂર્ણ કરીશ, એ તમે સત્ય માનજો. ૧૯. મારૂં અહિત કરનાર એ બાળકોનો ન્યાયથી અથવા અન્યાયથી કોઇ પણ રીતે વધ કરો. એનો વધ કરવાથી અમારા રાજ્ય ઉપર તમારો પણ સરખો અધિકાર રહેશે. ૨૦. એવી રીતે તેણે મલ્લને આજ્ઞા કર્યા પછી હાથીના માવતને મોટેથી બૂમ મારી કહ્યું. હે માવત ! તું મલ્લ સમાજના દ્વારપાસે કુવળયાપીડ હાથીને ઉભો રાખ અને એ બે બાળકો મલ્લયુદ્ધ કરવાને માટે રંગદ્વાર (અખાડા) પાસે આવે કે તરત તેનો હાથી

પાસે નાશ કરાવજે. ૨૧. ૨૨. એ પ્રમાણે તેને આજ્ઞા કર્યા પછી (મલ્લયુદ્ધ જોવાને માટે રાજા વગેરેને બેસવા) સઘળાં તૈયાર કરેલા મંચને જોઈ આસન્ન મરણ (મૃત્યુપાસે આવેલુ.) કંસ સૂર્યોદયની રાહ જોવા લાગ્યો. ૨૩. સૂર્યોદય થયા પછી નગરવાસી સાધારણ મંચ ઉપર બેઠા અને રાજ્યમંચ ઉપર પોતાના ભ્રાતૃવર્ગ સહિત રાજાઓ આવીને બેઠા. ૨૪ કંસે રંગના મધ્ય ભાગની પાસે યુદ્ધના યોગ્યાયોગ્ય પરીક્ષક પુરૂષોની યોજના કરી પોતે એક ઉંચા મંચ ઉપર બેઠો. ૨૫. તે ઠેકાણે અંતઃપુરની સ્ત્રીઓના મંચની જુદી યોજના કરી હતી તથા વારાંગનાઓની અને નગરવાસી ઓને માટે પણ જુદા જુદા મંચની યોજના કરી હતી. ૨૬. તેમજ નંદઆદિ ગોપગણ પણ જુદા મંચ ઉપર બેઠા, વસુદેવ, અક્રૂર આદિ આગળના મંચ ઉપર બેઠા અને નગરવાસી સ્ત્રીઓના મધ્યભાગમાં પુત્રના કલ્યાણની ઇચ્છા કરનારી દેવકી હું ' મૃત્યુ કાળમાં પણ પુત્રનુ મનોહર મુખ જોઈશ ' એવી આશાથી બેઠી હતી. ૨૭. ૨૮. ત્યારપછી ચારે તરફ અનેક પ્રકારના વાજીંત્ર વાગવા લાગ્યા. ચાણુર કુદકા મારતો હતો, મુષ્ટિક ગર્વથી ખંભ વગાડતો હતો હતો અને સઘળા લોકો હાહાકાર કરતા હતા. તે સમયે માવતે પોતાના અંગ ઉપર કુળયાપીડ હાથી, ને મોકલ્યો છે એમ જોઇ તેનો વધ કરી તે હાથીના મદજળથી તથા રુધિરથી અંકિત શરીરવાળા અને ગજદંતરુપ આયુધ ધારણ કરનારા બળભદ્ર અને શ્રીકૃષ્ણ ગર્વથી લીલાપૂર્વક જેતા જેતા જેમ મૃગના ટોળામાં સિંહ પ્રવેશ કરે ? તેમ તે અત્યંત બળવાન રંગભૂમિમાં આવ્યા. ૨૯. ૩૧. તે સમયે તેને જોઇ વિસ્મય પામવાથી તે રંગભૂમિના મંચ ઉપર 'આ શ્રીકૃષ્ણ છે, આ બળરામ છે.' એવા શબ્દ સઘળા લોકોના મુખમાંથી નીકળતા ત્યાં હાહાકાર થઈ રહ્યો. ૩૨. (તેઓ પરસ્પર બોલવા લાગ્યા.) જેણે પૂતના નામની ભયંકર રાક્ષસીનો વધ કર્યો, જેણે શકટને ઉંધુ વાળ્યું તથા જેણે વિશાળ યમળાર્જુન વૃક્ષને ભાંગી નાખ્યા તેજ આ શ્રીકૃષ્ણ છે. જેણે બાલ્યાવસ્થામાં કાળીનાગ ઉપર આરોહણ કરી નૃત્ય કર્યું હતું તથા જેણે સાત દિવસ સુધી ગોવર્ધન પર્વત ધારણ કર્યો હતો તેજ એ શ્રીકૃષ્ણ છે. ૩૩. ૩૪. જે મહાત્માએ અરિષ્ટાસુર, ધેનુકાસુર તથા કેશી આદિ દુષ્ટ રાક્ષસોનો લીલા માત્રમાં વધ કર્યો છે તેના દર્શન કરો. ૩૫. તથા સ્ત્રીઓના અંતઃકરણને તથા નેત્રને આનંદ કરનારા તેના જ્યેષ્ઠ બંધુ મહા વીર્યવાન બળરામ તેની આગળ આગળ લીલાથી ગમન કરે છે. ૩૬. પુરાણને જાણનાર જ્ઞાની પુરુષ કહ્યા કરે છે કે 'ગોપાલ' થઈ દુઃખમાં ડુબેલા યદુવંશનો ઉદ્ધાર કરશે. ૩૭. એજ ગોપાળ સર્વ ભૂતમય તથા સર્વ સ્વરૂપી વીષ્ણુના અંશથી ભૂમિનો ભાર ઉતારવા માટે નિસંશયપણે પૃથ્વી ઉપર અવતર્યા છે. ૩૮. એ પ્રમાણે નગરવાસી લોકો શ્રીકૃષ્ણ અને બળરામના યશનું વર્ણન કરતા હતા. તે સમયે દેવકીના સ્તનમાંથી દુધની ધારા

છુટી અને તેનું હૃદય ઘણું પરીતાપ પામવા લાગ્યું. ૩૯. જેમ એકાદ મહોત્સવ જોવાથી મનુષ્યને આનંદ થાય તેમ વસુદેવ પણ પુત્રના મુખનું અવલોકન કરી પોતે વૃદ્ધાવસ્થાનો ત્યાગ કરી યૌવન અવસ્થા પામ્યા. ૪૦ રાજાના અંતઃપુરની સ્ત્રીઓ તથા નગરવાસી સ્ત્રીયો પણ પોતાના નેત્રને વીસ્તારી શ્રીકૃષ્ણને એકસરખી જોવા લાગી. ૪૧. (તેને જોઈ પરસ્પર બોલવા લાગી) હે સખી! હાથીની સાથે યુદ્ધ કરવાથી થયલા પરીશ્રમવડે જેના મુખ ઉપર પરસેવાના બીંદુ આવી ગયાં છે એવું સૂર્ય સરખા નેત્રવાળું શ્રીકૃષ્ણનું મુખ તો જુઓ? ૪૨. હે સખી! શરદઋતુના ખીલેલા કમળના અહંકારને દુર કરનાર શ્રીવિષ્ણુનું મુખ જોઇ નેત્રને સફળ કરો. ૪૩. હે ભામિની! શ્રીવત્સના ચિન્હથી અંકિત આ બાળકનું અત્યંત તેજસ્વી વક્ષઃસ્થળ અને શત્રુનો વિધ્વંશ કરનારા બે હાથ તો જુઓ? કેવા સુંદર દેખાય છે. ૪૪. હે સખી! આ આપણી સન્મુખ આવેલા નિલાંબરધારી બળભદ્રને તમે કેમ નથી જોતાં? આહા! શું એનું ચંદ્રમા તથા શ્વેત કમળના સરખુ મુખ શોભી રહ્યું છે? ૪૫. હે સખી! જુઓ, મુષ્ટિક અને ચાણુર બળભદ્ર તરફ જોઇ આ અજ્ઞાન છે એમ સમજી મનમાં બબડે છે (પણ તેનાથી કંઇ ન થતાં) જો તો ખરી! બળરામ કેવા હાસ્ય કરે છે. ૪૬. હે સખી! જુઓ જુઓ ચાણુર યુદ્ધ કરવાને માટે શ્રીકૃષ્ણની સામે આવે છે. અહો! શું યોગ્યાયોગ્યનો વીચાર કરનાર કોઇ વૃદ્ધ પુરુષ અહીં નથી? કયાં આ સકુમાર શ્રીકૃષ્ણ અને કયાં આ વજસમાન વિશાળ શરીરવાળા મલ્લ? શું એ બેનું પરસ્પર યુદ્ધ ઉચીત છે? ૪૭. ૪૮. આ મલ્લયુદ્ધમાં બે બાળકો અત્યંત સુકુમાર છે અને ચાણુરાદિ દૈત્ય અત્યંત ભયંકર છે. ૪૯. આહા! આ યુદ્ધ જોનારા પણ યુદ્ધ પદ્ધતિનું ઉલ્લંઘન કરે છે કારણકે એ લોકો મધ્યસ્થ હોવા છતાં બાળકનું અને બળવાન્ મલ્લનું પરસ્પર યુદ્ધ જોયા કરે છે. ૫૦.

પરાશર૦—એ પ્રમાણે મથુરા નગરીની સ્ત્રીયો પરસ્પર વાતો કરતી હતી તે સમયે સ્ત્રીની ભૃગુટીને ચંચળ કરનાર શ્રીકૃષ્ણ મનુષ્યના મધ્યમાં કમ્મર બાંધી પોતાના ચરણના પ્રહારથી પૃથ્વિને ચળાયમાન્ કરતા નૃત્ય કરવા લાગ્યા ૫૧. તેમજ બળરામે પણ ખંભ વગાડી મનોહર ભાવથી નૃત્ય કર્યું પરંતુ એ બન્નેના ચરણના પ્રહારથી પૃથ્વી ચળાયમાન ન થઈ એ એક મહત્ આશ્ચર્ય જેવું છે. ૫૨. પછી અમીત પરાક્રમી શ્રીકૃષ્ણ સાથે ચાણુર અને મલ્લયુદ્ધમાં પ્રવીણ મુષ્ટિકની સાથે બળભદ્ર મલ્લયુદ્ધ કરવા લાગ્યા. ૫૩. તે સમયે શ્રીકૃષ્ણ ચાણુર ઉપર એકદમ ધસી તેને દૂર ફેંકી પોતાને પકડયા હતા છતાં તેના હાથમાંથી પોતે છુટી તેની ઉપર મુષ્ટિના પ્રહાર કરી યુદ્ધ કરતા હતા. ૫૪. તેઓ પરસ્પર એક બીજાને પગથી ફેંકતા, મુષ્ટિપાત્ કરતા, વજ સદ્રશ હાથેળીના પ્રહાર કરતા, એમ અનેક પ્રકારે અત્યંત ભયંકર યુદ્ધ કરવા લાગ્યા. જો કે તેના યુદ્ધમાં શસ્ત્ર નહોતાં છતાં તેઓનું અત્યંત ભયં-

ક્રર અને કઠોર યુદ્ધ થતું હતું. એ પોતપોતાની શક્તિ પ્રમાણે થનારું યુદ્ધ સમાજોત્સવ સ્થાનમાં એકબીજાના પ્રાણને નાશ કરનારૂં હતું. ચાણુર જેમ જેમ શ્રીકૃષ્ણની સાથે યુદ્ધ કરવા લાગ્યો તેમ તેમ ઉત્તરોતર તેનું બળ અત્યંત ક્ષીણ થતું ગયું. જગદ્રાત્મક શ્રીકૃષ્ણ પોતે આટલો પરીશ્રમ કર્યો છતાં તેનો પરાજય ન થયો તેથી ક્રોધ પામી મસ્તક હલાવી ચાણુર સાથે કેવળ લીલામાત્રથી યુદ્ધ કરવા લાગ્યા. ૫૫–૫૭. તે સમયે ચાણુરનું બળ નષ્ટ થયું છે અને શ્રીકૃષ્ણનું બળ વૃદ્ધી પામ્યું છે એમ જોઇ કંસે વાજીંત્ર બંધ કરાવ્યાં. ૫૮. એ વાજીંત્ર બંધ થયા પછી આકાશમાં આવેલા દેવતાઓ અનેક પ્રકારના વાજીંત્રો વગાડવા લાગ્યા. તે સમયે અદ્રશ્ય રહેનાર આનંદ પામેલા દેવતાઓ હર્ષ પુર્વક બોલ્યા. હે ગોવિંદ ! આપનો જય થાઓ. હે કેશવ ! આ ચાણુર દૈત્યનો વધ કરો. ૫૯–૬૦. પછી મધુસૂદને પૂર્વોક્ત રીતે ઘણીવાર સુધી ચાણુરની સાથે ક્રીડા કરી તેનો વધ કરવાની ઈચ્છા કરી તેને ઉઠાવી એક સો વખત મસ્કત ઉપર ફેરવી પ્રાણ વગરનો કરી પૃથ્વીપર ફેંકી દીધો. ૬૧–૬૨. તે ચાણુરને પૃથ્વી ઉપર ફેંકયો તે સમયે તેના સેંકડો કટકા થઈ તેમાંથી રૂધીર નીકળ્યું તે રુધીરથી પૃથ્વી કાદવવાળી થઇ ગઇ. ૬૩. અહીં શ્રીકૃષ્ણે જે પ્રકારે ચાણુરની સાથે યુદ્ધ કર્યું તેમ મહા બળવાન્ બળરામે પણ મુષ્ટિક દૈત્યની સાથે યુદ્ધ કર્યું ૬૪. તેણે પણ તેના મસ્તક ઉપર મુષ્ટિનો પ્રહાર અને વક્ષઃસ્થળમાં જાનુનો પ્રહાર કરી ગતપ્રાણ કરી પૃથ્વિપર પાડી ચુરો કરી દીધો ૬૫. ત્યારપછી મહા બળવાન્ શ્રીકૃષ્ણે તોશલ નામના મલ્લના નાયકને પોતાના ડાબા હાથની મુષ્ટિનો પ્રહાર કરી પૃથ્વિપર પાડયો. એ પ્રમાણે મહા બળવાન ચાણુર મુષ્ટિક અને તોશલ વિગેરે મલ્લનો નાશ થવા પછી બીજા મલ્લો હતા તે નાસી ગયા. ૬૭. પછી શ્રીકૃષ્ણ અને બળરામ પોતાની સરખી વયના ગોપ બાળકોને પાસે બોલાવી રંગભૂમિમાં પ્રસન્નતા પૂર્વક નૃત્ય કરવા લાગ્યા. તે સમયે કંસ અત્યંત લાલનેત્ર કરી ક્રોધ પુર્વક મોટા સ્વરથી પોતાના અનુચરોને કહે લાગ્યો. કે આ સભામંડળમાંથી તે બન્ને ગોપ બાળકોને બળાત્કારથી બહાર કાઢો. ૬૮. ૬૯. લોખંડની સાંકળથી આ પાપી નંદને બાંધો અને વૃદ્ધને કરવાને અયોગ્ય એવી શીક્ષા કરી વસુદેવનો વધ કરો તથા કૃષ્ણની સાથે જેટલા ગોપ બાળકો મારી સામે નૃત્ય કરે છે તેની ગાયો અને જે કંઈ દ્રવ્ય હોય એ સઘળું હરી લ્યો. ' ૭૦ ૭૧. જે વખતે કંસે એવી આજ્ઞા કરી તે વખતે મધુસૂદન શ્રીકૃષ્ણે હાસ્ય કરી કુદકો મારી મંચ ઉપર જઇ વેગથી કંસને પકડયો અને તેના કેશ ઝાલી ચલાયમાન્ મુગટ વાળા કંસને પૃથ્વી ઉપર નાખી તેની ઉપર પોતે પડયા. ૭૨. ૭૩. સર્વ જગત્ના આધારભૂત ગૌરવ યુકત શ્રીકૃષ્ણ કંસના શરીર ઉપર પડયા, તેથી તેના પ્રાણ નીકળી ગયા.૭૪. પછી મહાબળવાન શ્રીકૃષ્ણ મરણ પામેલા કંસના કેશ પકડી તેના

શરીરને રંગભૂમિના મધ્યભાગમાં ઘસડી લાવ્યા. ૭૫. જેમ મોટા જળના વેગથી પૃથ્વી ઉપર ખાડો પડે છે તેમ શ્રીકૃષ્ણે ઘસડી લાવેલા કંસનું શરીર અત્યંત પ્રચંડ હોવાથી તે સ્થાનમાં ખાડો પડયો. ૭૬. એ પ્રકારે કંસને પકડીને શ્રીકૃષ્ણ ઘસડતા હતા તે સમયે તેનો ભાઈ સુનામા ક્રોધથી ત્યાં દોડી આવ્યો. તેને બળભદ્રે લીલા માત્રથી ગતઃપ્રાણ કર્યો. ૭૭. પછી અવજ્ઞાથી મથુરેશ્વર કંસનો વધ થવાથી તે યુદ્ધશાળામાં આવેલા લોકોમાં હાહાકાર થઇ રહ્યો ૭૮. અહીં મહા બળવાન શ્રીકૃષ્ણે બળદેવ સહિત શીઘ્રતા પૂર્વક વસુદેવ તથા દેવકીના પગ પકડી પ્રણામ કર્યા. ૭૯. તે સમયે વસુદેવ અને દેવકીએ તેને ઉઠાડી આગળ શ્રીકૃષ્ણે પોતાના જન્મ વખતે જે ભાષણ કર્યું હતું તેનું સ્મરણ કરી તે બન્ને નમ્ર થઈ સ્થિત થઈ ગયાં. ૮૦.

વસુદેવ૦—હે દિનાનાથ! દેવતાઓને વરદાન આપનાર હે પ્રભુ! પ્રસન્ન થાઓ, હે કૃષ્ણ! જેમ આપે અમારી ઉપર પ્રસન્ન થઈ અમારો ઉદ્ધાર કર્યો તેમ ક્લેશ પામનારા યાદવોની ઉપર પણ પ્રસન્ન થાઓ. ૮૧. મેં પૂર્વ જન્મમાં આપનું આરાધન કરવાથી આપે દુષ્ટોનો નાશ કરવા માટે અમારે ત્યાં અવતાર લઈ અમારૂં કુળ પવિત્ર કર્યું છે.૮૨. હે સર્વાત્મક! તમે સર્વ પ્રાણી માત્રને વિષે જીવરૂપે રહેછો, તમો સર્વ પ્રાણિનો સંહાર કરોછો તથા તમારાથીજ ભૂત ભવિષ્ય નિર્માણ થાયછે. ૮૩. હે સર્વ દેવમય અચ્યુત! સર્વ યજ્ઞોમાં તમારીજ પુજા થાય છે. હે પરમેશ્વર! તમે યજ્ઞ; યજ્ઞના કર્તા અને યજ્ઞના અધિપતિ છો! ૮૪. હે શ્રીકૃષ્ણ! પુત્ર પ્રેમથી તમારેવિષે મારા તથા દેવકીના અંતઃકરણમાં (આ મારો પુત્ર છે એવી) જે ભ્રાંતિ થઈ તે અત્યંત હાસ્યકારક છે ૮૫. કારણકે કયાં સર્વ પ્રાણીના કર્તા અનાદિ નિધન આપ? અને કયાં આપને પુત્ર કહી બોલાવનાર મનુષ્ય રૂપ અમે? ૮૬. હે જગન્નાથ? આ અખિલ જગત્ જેનાથી ઉત્પન્ન થયું છે, તે અમારાથી ઉત્પન્ન થયા એ બોલવું તે અજ્ઞાન શિવાય બીજું કંઈ કારણ છે? ૮૭. જેને વિષે આ ચરાચર જગત્ સ્થિર પણે રહ્યું છે તે મનુષ્યના ઉદરમાં (ગર્ભાશયમાં) શયન કરી મનુષ્યથી કેમ ઉત્પન્ન થઇ શકે? ૮૮. હે પરમેશ્વર! પ્રસન્નથાઓ તમે અંશાવતાર ધારણ કરી જગત્નું પાલન કરોછો મારા પુત્રછો એમ નથી, કારણ કે અખિલ બ્રહ્માંડ સ્વરુપ પણ આપજ છો. હે જગદીશ! હે પરમેશ્વર! અમને શામાટે મોહ પિડીત કરોછો? હે ભયનાશક ભગવાન! 'તમે મારા પુત્રછો' એમ માયા ભાવથી વિમૂઢ દ્રષ્ટિવાળો થઇ કંસથી અત્યંત ભયપામી હું તમને ગોકુળમાં મુકી આવ્યો હતો, ત્યાં તમે મોટા થયા અને તમારે વીષે મારી મમતા દ્રઢ થઇ. ૮૯. ૯૦. હે ઇશ! રૂદ્ર, મરૂત્, અશ્વિનીકુમાર, ઇન્દ્ર, આદિ પણ જે કાર્ય કરવાને અશકય છે તે કાર્ય આપ પૂર્ણ કરો છો એમ મેં પ્રત્યક્ષ જોયું, તેથી હે પરમાત્મા. તમે શ્રીવિષ્ણુ

જગત્ ઉપર ઉપકાર કરવાને માટેજ આ ઠેકાણે ઉત્પન્ન થયાછો એ હું સારી રીતે સમજુંછું તથા મારો મોહ નાશ પામ્યો છે. ૯૧.

कर्माणि रुद्रमरुदश्विशतक्रतूनां साध्यानि यानि न भवंति निरीक्ष्य तानि ॥ त्वं विष्णुरीश जगतामुपकारहेतोः प्राप्तोऽसि नः परिगतं विगतो हि मोहः ॥ ९१ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમઅંશે વિંશતિતમો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૨૧ મો.

पराशर उवाच ॥ तौ समुत्पन्नविज्ञानौ भगवत्कर्मदर्शनात् ॥
देवकीवसुदेवौ तु दृष्ट्वा मायां पुनर्हरिः ॥
यदुवंशस्य मोहाय वितनान स वैष्णवीम् ॥१॥

પરાશર કહેછે—ભગવાનના અત્યંત આશ્ચર્યકારક કર્મ જોવાથી વસુદેવ તથા દેવકીને આત્મજ્ઞાન થયું છે એમ જોઈ શ્રી હરિએ ફરીથી યદુવંશને મોહિત કરવાને માટે પોતાની વૈષ્ણવી માયાનો વિસ્તાર કર્યો. ૧. પછી શ્રીકૃષ્ણ બોલ્યા. હે પિતા ! હે માતા ! હું અને બળરામ બન્ને જણા આપના દર્શનને માટે ઘણા કાળથી ઉત્કંઠીત હતા; પરંતુ કંસના ભયથી અમે આટલા દિવસ સુધી આપના દર્શન કરવા આવ્યા નહીં. ૨. હે તાત ! માતાપિતાની સેવા કર્યા વગર સાધુ પુરુષોનો જે કાળવ્યતિત થાય છે તેટલો આયુષ્યનો અંશ વ્યર્થ ગણાય છે. ૩. હે પિતા ! ગુરૂ, દેવ, બ્રાહ્મણ અને માતા પિતા વગેરેની સેવા કરનાર દેહધારી પુરુષનો જન્મ સફળ ગણાય છે. ૪. છતાં કંસના બળ તથા પ્રતાપથી ડરી તેમજ પરાધિન હોવાથી અમે જે આટલા દિવસનું ઉલ્લંઘન કરી આપના દર્શન કરવા ન આવ્યા તેની આપ ક્ષમા કરો. ૫.

પરાશર કહેછે—એ પ્રમાણે ભાષણ કરી તે બન્ને જણાએ માતા પિતાને તથા અન્ય વૃદ્ધ યાદવોને અનુક્રમથી પ્રણામ કરી યથા યોગ્ય પૂજન કરી પુરવાસી મનુષ્યનું પણ સન્માન કર્યું. ૬. પછી કંસની સ્ત્રીઓ તથા તેની માતા મરણ પામેલા કંસની પાસે આવી દુઃખથી આકુળવ્યાકુળ થઈ શોકથી વિલાપ કરવા લાગી. ૭. તેનું શ્રીકૃષ્ણે પશ્ચાતાપ તથા અસ્વસ્થચિત્તવાળા થઈ નેત્રમાં આંસુ ભરી સાંત્વન

* એકવીશમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ઉગ્રસેનને રાજ્યાભિષેક કરી સ્વર્ગમાંથી સુધર્મા સભા લાવશે અને સાંદીપનિની પાસે વિદ્યા ભણી ગુરૂ દક્ષિણામાં તેનો મરણ પામેલો પુત્ર આણી આપશે એ કથા કહેવાશે.

કર્યું. ૮. ત્યારપછી ઉગ્રસેનને બંધનથી મુકત કરી તેના પુત્રનો વધ કરવાથી તેનેજ તેના રાજ્યઉપર અભિષેક કર્યો. ૯. શ્રીકૃષ્ણે રાજ્યાભિષેક કરેલા યાદવશ્રેષ્ઠ ઉગ્રસેને પોતાના પુત્રનું તથા ત્યાં જે મરણ પામેલા અન્ય મનુષ્યોના પ્રેતકાર્ય કર્યાં. ૧૦. મરણ પામેલાઓની ઔર્ધ્વદેહિક ક્રીયા થયા પછી સિંહાસન ઉપર બેઠેલા ઉગ્રસેનને શ્રીકૃષ્ણે આ પ્રમાણે કહ્યું. 'હે વિભો ! આપને જે કંઈ કાર્ય હોય તે કાર્યને માટે મને નિઃશંકપણે આજ્ઞા કરો. ૧૧. જો કે આ યદુવંશ યયાતિના શ્રાપથી રાજ્ય પ્રાપ્તિને માટે અયોગ્ય છે છતાં હમણા હુ આપનો સેવક હોવાથી દેવતાઓ પણ આપની આજ્ઞાનું પાલન કરશે તો અન્ય રાજાઓની શી વાત ? ૧૨. એ પ્રમાણે કહી કાર્ય કારણથી મનુષ્ય સ્વરૂપ ધારણ કરનારા શ્રીકૃષ્ણે વાયુનું સ્મરણ કર્યું. વાયુનું સ્મરણ કરતાંજ તે ત્યાં આવ્યો તે સમયે ભગવાને તેને કહ્યું. ૧૩. હે વાયુ ! તું ઇંદ્રરાજાની પાસે જઇને કહે કે તું ગર્વ ન કરતાં સુધર્મા સભા ઉગ્રસેનને અર્પણ કર. ૧૪. કારણ, સુધર્મા સભા એ એક રત્ન છે તે આ રાજાનેજ યોગ્ય છે. એ સભાને વિષે યાદવો બેસવાને લાયક છે. એમ શ્રીકૃષ્ણે કહ્યું છે. ૧૫.

પરાશર૦—એ પ્રકારે સાંભળી વાયુએ ઇંદ્રની પાસે જઈ કૃષ્ણની સઘળી વાત કહી સંભળાવી તથા ઇંદ્રએ પણ સુધર્મા નામની સભા વાયુને આપી. ૧૬. પછી વાયુએ આણેલી સર્વ પ્રકારના રત્નોથી સુશોભિત તે દિવ્ય સભાનો ગોવિંદના બાહુના આશ્રયથી શ્રેષ્ઠ યાદવ લોકો ઉપભોગ કરવા લાગ્યા. ૧૭. પોતે સર્વ જ્ઞાનમય તથા અખિલ શાસ્ત્રના જ્ઞાન સંપન્ન હોવા છતાં તે યાદવશ્રેષ્ઠવીર શ્રીકૃષ્ણ તથા બળરામ ગુરૂ પાસે ભણ્યા વગર શાસ્ત્રનું જ્ઞાન થતું નથી એમ લોકોને બતાવવા માટે અથવા મનુષ્ય લોકમાં ગુરૂદ્વારા વિદ્યા સંપાદન કરવાની રીત પ્રમાણે કાશ્ય (કાશિમાં જન્મેલા) અને અવંતિમાં નિવાસ કરનાર સાંદીપનિ પાસે શસ્ત્ર વિદ્યા શીખવાને માટે ગયા. ૧૯. ત્યાં તેના શિષ્ય થઇ ગુરૂ સેવામાં તત્પર રહી તે બન્ને વીર પુરુષોએ ગુરૂ સાથે શિષ્યોએ કેવા આચરણથી વરતવું તે પોતાના આચરણથી બતાવી આપ્યું. ૨૦. હે દ્વિજ ! તેણે ચોસેઠ દિવસમાં રહસ્ય તથા પ્રયોગ સાથે સંપૂર્ણ ધનુર્વેદનું અધ્યયન કર્યું એ મહત્ આશ્ચર્યકારક છે. ૨૧. આ પ્રકારે તેનું અમાનુષપણું અને કોઈથી ન થઈ શકે એવું કાર્ય જોઇ સાંદીપનિ એ મનમાં વિચાર કર્યો કે નિશ્ચય આ સૂર્ય, ચંદ્ર મારે ઘેર પધાર્યા છે. ૨૨. ગુરુના ઉપદેશ માત્રથી તે બન્ને જણાએ સર્વ પ્રકારની શસ્ત્ર વિદ્યા શિખ્યા પછી સાંદીપનિને કહ્યું. હે મહારાજ ! આપને ગુરુ દક્ષિણામાં જે ઇચ્છા હોય તે માંગો. ' ૨૩. (તે સાંભળી) મહાબુદ્ધિશાળી સાંદીપનિએ આના કૃત્ય ઇંદ્રિઓથી અગોચર છે એમ જાણી તેની પાસે પ્રભાસ ક્ષેત્રના લવણ સમુદ્રમાં મરણ પામેલો પોતાનો પુત્ર માંગ્યો. ૨૪. તે સમયે તે બન્ને જણાએ શસ્ત્ર લઇ સમુદ્રતટ ઉપર ગયા. પછી

સમુદ્ર પોતાનું સ્વરૂપ ધારણ કરી હાથમાં અર્ઘ્ય પાત્ર લઇ તેની પાસે આવી બોલ્યો. "મેં સાંદીપનિના પુત્રનું હરણ કર્યું નથી; પરંતુ હે શત્રુનો નાશ કરનારા! શંખનું રૂપ ધારણ કરનાર પંચજન નામના દૈત્યે તે બાળકનું હરણ કર્યું છે. એ દૈત્ય મારા જળમાંજ નિવાસ કરે છે.' ૨૫. ૨૬. એમ સમુદ્રનું વચન સાંભળી શ્રીકૃષ્ણે સમુદ્રમાં પ્રવેશ કરી તે દુષ્ટ સ્વભાવવાળા દૈત્યને મારી તેના અસ્થિથી ઉત્પન્ન થયેલો શંખ ગ્રહણ કર્યો. ૨૭. તે શંખના શબ્દથી દૈત્યના બળનો નાશ થાય છે; દેવતાઓના તેજની વૃદ્ધિ થાય છે અને અધર્મનો નાશ થાય છે. ૨૮. શ્રીકૃષ્ણ તથા બળરામ યમપુરીમાં જઈ તે પાંચજન્યના શબ્દથી સૂર્ય પુત્ર યમનો પરાભવ કરી યાતના ભોગવતા તે બાળકને લઇ તેનું પૂર્વ પ્રમાણે શરીર કરી તેના પિતા સાંદીપનિને અર્પણ કર્યો. ૨૯. ૩૦. ત્યાર પછી શ્રીકૃષ્ણ અને બળરામ ઉગ્રસેનથી રક્ષણ કરાયલી મથુરા નગરીમાં આવ્યા, તે સમયે તેમને જોઈ મથુરાનગરીના સ્ત્રીપુરૂષો પ્રસન્ન થયાં. ૩૧.

मथुरां च तत प्राप्तावुग्रसेनेन पालिताम् ॥
प्रहृष्टपुरुषस्त्रीकामुभौ रामजनार्दनौ ॥३१॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમ અંશે એકવિંશો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૨૨ મો.

पराशर उवाच ॥ जरासंधसुते कंस उपयेमे महाबलः ॥
अस्तिं प्राप्तिं च मैत्रेय तयो र्भर्तृहणं परम् ॥१॥

પરાશર કહેછે—હે મૈત્રેય! અત્યંત બળવાન્ કંસે જરાસંધની અસ્તિ અને પ્રાપ્તિ નામની બે પુત્રિ સાથે વિવાહ કર્યા હતા; તેથી તેના સ્વામીનો નાશ કરનાર શ્રીકૃષ્ણનો યાદવ સહિત નાશ કરવાની ઈચ્છાથી મગધ દેશના અધિપતિ મહાબળવાન જરાસંધે મોટું સૈન્ય લઇ ક્રોધથી મથુરા નગરીને ઘેરી લીધી. ૧. ૨. તેવીસ અક્ષૌહિણી સૈન્ય સહિત આવેલા મગધેશ્વર જરાસંધે મથુરા નગરીને ઘેરી હતી તે સમયે મહા બળીષ્ઠ બળરામ તથા શ્રીકૃષ્ણ પોતાની સાથે થોડું ક સૈન્ય લઈ મથુરામાંથી બહાર નીકળી તેના બળવાન સૈન્ય સાથે યુદ્ધ કરવા લાગ્યા. ૩. ૪. હે મુનિસત્તમ! ત્યારપછી મહાબળવાન શ્રીકૃષ્ણ તથા બળરામે પોતાના પ્રાચીન આયુધો ગ્રહણ કરવાની મનમાં ઈચ્છા કરી તે સમયે હે વિપ્ર! આકાશમાંથી શાર્ઙ્ગ ધનુષ્ય, ખડ્ગ, અક્ષય બાણવાળા બે ભાથા અને કૌમોદકી ગદા વગેરે આયુધ

* આવીશમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ તથા બળરામ પોતાના ચક્રાદિ શસ્ત્રવડે જરાસંધનો અઠ્ઠાવીસ વખત યુદ્ધમાં પરાજય કરશે એ કથા કહેવાશે

શ્રીકૃષ્ણની પાસે પડયાં. ૫. ૬. હે દ્વિજ ! તે પ્રમાણે બળરામે મનમાં સંકલ્પ કરતાંજ આકાશમાંથી અત્યંત ઉજ્વળ હળ તથા સૌનંદ નામનું મુશળ તેની પાસે આવ્યું. ૭. ત્યારપછી સૈન્ય સહિત જરાસંધનો યુદ્ધમાં પરાજય કરી તે વીર બળરામ અને શ્રીકૃષ્ણ બન્ને મથુરામાં ગયા. ૮. હે મહામુનિ ! તે દુષ્ટ આચરણવાળો જરાસંધ પરાજય પામી જીવતો ગયો છતાં શ્રીકૃષ્ણે મારો પરાજય કર્યો છે એમ પોતે સમજ્યો નહીં. ૯. હે દ્વિજોત્તમ ! તે જરાસંધ બીજીવાર બળવાન સૈન્ય લઇ યુદ્ધ કરવા માટે આવ્યો તે વખતે પણ શ્રીકૃષ્ણ તથા બળરામે તેનો પરાજય કરવાથી નાસી ગયો. ૧૦. એ પ્રમાણે દુર્મદ મગધરાજા જરાસંધે શ્રીકૃષ્ણ આદિ યાદવો સાથે અઢાર વખત યુદ્ધ કર્યું હતું. ૧૧. પરંતુ દરેક યુદ્ધમાં થોડા સૈન્યવાળા યાદવો એ મોટા સૈન્યવાળા જરાસંધનો પરાજય કરવાથી તે નાસી જતો હતો. ૧૨. અનેકવાર યુદ્ધ થયા છતાં તે યુદ્ધમાં યાદવના સૈન્યનો પરાજય થયો નહીં એ કેવળ શ્રીવિષ્ણુના અંશભૂત શ્રીકૃષ્ણના સાનિધ્યપણાનુંજ મહાત્મ્ય છે. ૧૩. અનેક પ્રકારના શસ્ત્રો શત્રુ ઉપર મૂકયા હતાં તે પણ મનુષ્ય સ્વરૂપ ધારણ કરવાથી તેના સ્વભાવ પ્રમાણે વર્તન કરનાર જગત્પતિ શ્રીકૃષ્ણની લીલાજ છે. ૧૪. જે સંકલ્પ માત્રથી જગત્ની ઉત્પત્તિ અને સંહાર કરે છે તેને શત્રુ પક્ષનો ક્ષય કરવાને માટે શું પ્રયોજન છે. ? ૧૫. તોપણ એ ભગવાન મનુષ્યના ધર્મને અનુસરી બળવાનની સાથે મિત્રતા અને હીનબળીઓની સાથે યુદ્ધ કરે છે. એ શ્રીકૃષ્ણ કોઇક પ્રસંગે સામ, દાન અને ભેદ વગેરે પ્રદર્શિત કરી કોઇ પ્રસંગે દંડ પણ કરે છે અને કોઈક વખત પલાયન પણ કરી જાય છે. એ પ્રકારે દેહધારી મનુષ્યની ચેષ્ટાને અનુસરી જગત્પતિ શ્રીકૃષ્ણ પોતાની ઈચ્છા પ્રમાણે અનેક લીલાઓ કરતા હતા. ૧૬. ૧૮.

मनुष्यदेहिनां चेष्टामित्येवमनुवर्ततः ॥
लीला जगत्पतेस्तस्य छंदतः संप्रवर्तते ॥१८॥
इति श्री विष्णुपुराणे पंचम अंशे द्वाविंशो अध्याय संपूर्ण.

* અધ્યાય ૨૩ મો.

पराशर उवाच ॥ गर्ग गोष्ठे स्थितं श्यालः षंढ इत्युक्तवान्द्विज ॥
यदूनां सन्निधौ सर्वे जहसुर्यादवास्ततः ॥१॥

પરાશર૦—હે મૈત્રેય ! એક સમયે ગોકુળમાં યાદવોની સમીપ ગર્ગાચાર્યને

* તેવીશમાં અધ્યાયમાં મુચુકુંદ રાજાની દ્રષ્ટિ માત્રથી કાળવનનો નાશ થશે. તથા તે શ્રીકૃષ્ણની સ્તુતિ કરશે અને શ્રીકૃષ્ણ સમુદ્રમાં દ્વારકા નગરી નિર્માણ કરશે વગેરે કથા કહેવાશે.

તેના શાળાએ 'નપુંસક' કહીને હાંસિ કરી હતી. તે સમયે સઘળા યાદવોએ હાસ્ય કરી તેની મશ્કરી કરી; તેથી અત્યંત ક્રોધ પામી તે ગર્ગાચાર્ય દક્ષણ સમુદ્રના તટ ઉપર જઇ યાદવોને ભયદાયક પુત્ર ઉત્પન્ન કરવાની ઇચ્છાથી તપશ્ચર્યા કરવા લાગ્યા. ૧. ૨. એ ગર્ગ લોઢાનું ચૂર્ણ ભક્ષણ કરી મહાદેવની આરાધના કરતા હતા. એમ તપ કરતાં કરતાં બાર વર્ષ થયાં તે સમયે મહાદેવે પ્રસન્ન થઇ તેને ઇચ્છિત વરદાન આપ્યું. ૩. ગર્ગને વરદાન મળ્યું છે એમ જાણી પુત્ર વગરના યવનરાજા તેનું ઘણું સન્માન કરી પોતાને ઘેર લઇ ગયા, પછી ગર્ગના સમાગમથી યવનરાજાની સ્ત્રીને વિષે ભમરા સરખા કાળા વર્ણવાળો એક પુત્ર જન્મ્યો. ૪. એ વજ્ર સરખી કઠણ છાતીવાળા કાળયવન નામના પુત્રને પોતાના રાજ્ય ઉપર અભિષેક કરી યવનરાજા વનમાં ગયા. ૫. પછી અત્યંત બળથી મદોન્મત્ત થયેલા કાળયવને નારદજીને પુછ્યું કે 'આ પૃથ્વી ઉપર બળવાન રાજા કોણ છે? તેના ઉત્તરમાં નારદજીએ કહ્યું 'યાદવ' છે. ૬ નારદની વાત સાંભળી, કાળયવન યાદવો સાથે યુદ્ધ કરવાને માટે હજારો હાથી, ઘોડા, રથ તથા કોટ્યાન કોટી મ્લેચ્છને સાથે લઇ ચાલ્યો. તે દરરોજ વિશ્રાંતિ લીધા વગર ચાલતો હતો માર્ગમાં હાથી ઘોડા વગેરે થાકી જતા તો બીજાની ઉપર બેસી શીઘ્રતાથી ક્રોધપૂર્વક તે કાળયવન મથુરામાં આવ્યો. ૭. ૮. અહીં એક તરફથી કાળયવન આવ્યો છે અને બીજી તરફથી જરાસંધ (એક બે દિવસમાં) આવશે. તેથી શ્રીકૃષ્ણ વીચાર કરવા લાગ્યા કે આ વખતે જો પ્રથમ કાળયવન સાથે યુદ્ધ કરશું તો તે યાદવના બળનો ક્ષય કરશે તેથી નિશ્ચય યાદવો જરાસંધથી પરાજય પામશે. ૯. બીજી તરફ જોતાં જો પ્રથમ જરાસંધની સાથે યુદ્ધ કરશું તો જરાસંધ યાદવના બળનો ક્ષય કરશે તેથી કાળયવન એનો નાશ કરશે. અર્થાત્ યાદવો ઉપર બે બાજુથી વિપત્તિ આવી છે. ૧૦. માટે હમણા હું શત્રુઓથી ન જીંતી શકાય એવો દુર્ગ (કીલ્લો) તૈયાર કરૂં; કે જે કીલ્લામાં રહીને મોટા યાદવો તો શું પરંતુ સ્ત્રીઓ પણ યુદ્ધ કરી શકે? ૧૧. તથા હું મદજનીત પદાર્થનું સેવન કરી મદવાળો થયો હોઉં, કીંવા ગાફેલ હોંઉં, ઉંઘી ગયો હોઉં અથવા કોઇ અન્ય દેશાંતર ગયો હોઉં, પરંતુ યાદવથી અધિક બળવાન્ શત્રુઓ તેનો પરાજય ન કરી શકે એવો દુર્ગ બનાવું. ૧૨. શ્રીકૃષ્ણે એ પ્રકારે વિચાર કરી સમુદ્ર પાસે બાર યોજન પૃથ્વી માગી તેમાં દ્વારકા નામની નગરી વસાવી. ૧૩. એ દ્વારકા મોટા મોટા બગીચા, વિશાળ તટથી સુશોભિત સેંકડો તળાવ, પ્રાકાર (કોટ) થી વીંટાયલા સુંદર ઘર આદિથી શોભાયમાન ઇંદ્રની અમરાવતી નગરી સરખી સુશોભિત થઇ. ૧૪. કાલયવન સમીપ આવવાથી મથુરાવાસી લોકોને દ્વારકામાં પોંચાડી પોતે પ્રરીથી ત્યાં આવ્યા. ૧૫. અને જે ઠેકાણે કાળયવન સૈન્ય સહિત પડયો હતો ત્યાંથી આયુધ વગરના શ્રીકૃષ્ણને મથુરાનગરીમાંથી પલાયન કરતા કાળયવને

જોયા. ૧૬. નારદે કહેલા લક્ષણ યુકત આ શ્રીકૃષ્ણ છે એમ જાણી જે વાસુદેવ મહા યોગીઓના અંતકરણથી પણ પ્રાપ્ત થતા નથી તેની પાછળ કાળયવન પોતાના આયુધ સરખા હાથ ઉંચા કરી દોડયો. ૧૭. તેને પોતાની પાછળ આવતો જોઈ જે ઠેકાણે અત્યંત સામર્થ્યવાન્ મહા પરાક્રમી મુચુકુંદરાજા સુતા હતા તે ગુફામાં શ્રીકૃષ્ણ દોડતા દોડતા ધુસી ગયા. ૧૮. તે કાળયવન પણ તેની પાછળ ગયો અને શૈય્યા ઉપર સુતેલા મુચુકુંદરાજાને જોઈ તેનેજ શ્રીકૃષ્ણ સમજી તે દુષ્ટબુદ્ધિવાળા કાળયવને લાત મારી. ૧૯. હે મૈત્રેય ! તેથી તે રાજાની નિદ્રા ભંગ થઈ તેની દ્રષ્ટિમાત્રથી ઉત્પન્ન થયેલા ક્રોધરૂપ અગ્નિથી તે કાળયવન બળીને ભસ્મ થઇ ગયો. ૨૦ પૂર્વે એ મુચુકુંદ રાજાએ દેવ તથા અસુરના મોટા યુદ્ધમાં જઇ મહા બળવાન્ અસુરોનો નાશ કર્યા પછી તે રાજા નિદ્રાથી ઘણા વ્યાકૂળ થઈ દેવતાઓ પાસે ' ઘણા કાળ સુધી મને નિંદ્રા પ્રાપ્ત થાય ' એવું વરદાન માગ્યું હતું. ૨૧. તે સમયે દેવતાઓએ કહ્યું હતું કે તમે ઉંધી ગયા પછી જે પુરુષ તમને જગાડશે તે તમારા શરીરમાંથી ઉત્પન્ન થયેલા અગ્નિવડે બળીને ભસ્મ થઇ જશે. ' ૨૨. (એ પ્રમાણે વર મલ્યા પછી મુચુકુંદરાજા પૂર્વોકત ગુફામાં આવી સૂતા હતા.) એ પ્રકારે તેણે દુષ્ટ કાળયવનનો નાશ કર્યા પછી શ્રીકૃષ્ણને જોઈ પુછયું ' આપ કોણ છો ? તે વખતે ભગવાન બોલ્યા. ' હું ચંદ્રવંશમાં ઉત્પન્ન થયેલા યદુવંશમાં જન્મેલા વસુદેવનો પુત્ર છું. ' તે સમયે મુચુકુંદને વૃદ્ધ ગર્ગમુનિએ એ વિષયમાં જે કહ્યું હતું તેનું સ્મરણ થયું. ૨૩. ૨૪. ત્યારપછી તે ગર્ગમુનિના વચનને યાદ કરી સર્વ ભૂતેશ્વર હરિને પ્રણામ કરી બોલ્યા ' આપને મેં જાણ્યા, આપ શ્રીવિષ્ણુના અંશ અને પરમેશ્વર છો. ૨૫. ' કારણ પૂર્વે ગર્ગમુનિએ મને કહ્યું હતું, કે અઠ્ઠાવિશમાં દ્વાપર યુગના અંતમાં યદુવંશમાં શ્રીકૃષ્ણનો અવતાર થશે. આપ મનુષ્ય લોક ઉપર ઉપકાર કરવાને માટે નિઃસંશય આ ઠેકાણે ઉત્પન્ન થયાછો. કારણ આ આપનું મહત્તેજ મારાથી સહન થતું નથી. ૨૬. ૨૭. હે ભગવન્ ! આપની વાણિ સજળ મેઘની સરખી ગંભિર છે અને આપના ચરણના ભારથી પૃથ્વી નમ્ર થઇ છે. દેવ તથા દૈત્યના મહાન્યુદ્ધમાં મોટાવીર દૈત્ય સૈન્યના યોદ્ધાઓ મારૂં તેજ સહન કરી શકયા ન હોતા; તે આજ હું આપનું તેજ સહન કરી શકતો નથી. ૨૮. ૨૯. આપ સંસારરૂપ ક્ષેત્રમાં પતિત પ્રાણિઓનું રક્ષણ કરનારાછો. માટે હે શરણે આવેલાની પીડાનો નાશકરનાર ! આપ પ્રસન્ન થઇ મારા દુઃખનો નાશ કરો. ૩૦. આપ સમુદ્ર, પર્વત, વન, નદી, પૃથ્વી, આકાશ, વાયુ, જળ, અગ્નિ અને મન સ્વરૂપછો. ૩૧. તથા બુદ્ધિ, પ્રકૃતિ અને પ્રાણના અધિપતિ થઈ જન્મ રુપ ભેદથી રહિત અને વ્યાપકથી પણ પર જે તત્વ છે તે પણ આપજછો. ૩૨. તેમજ શબ્દાદિ વિષય વગરના, આદિ, અંત, વૃદ્ધિ, ક્ષય મરિમાણ વર્જીત પરબ્રહ્મ

સ્વરુપછો. ૩૩. તમારાથી દેવ, પિતર, યક્ષ, ગંધર્વ, કિન્નર, અપ્સરા, સિદ્ધ, મનુષ્ય, પશુ, પક્ષી, મૃગ, સર્પ અને વૃક્ષ વગેરે તમામ તમારાથી ઉત્પન્ન થયું છે. હે ઇશ્વર ! વિશેષ શું કહું ભૂત કાળમાં જે થઇ ગયેલા વર્તમાન કાળમાં જે થાય છે અને ભવિષ્ય કાળમાં જે થનારા સ્થાવર જંગમાત્મક સર્વ પદાર્થ તે તમામ આપનાથીજ થાય છે. ૩૪. ૩૫. હે જગત્કર્ત્તા ! મૂર્ત્ત, અમૂર્ત્ત સ્થૂળ, સૂક્ષ્મ અને સ્થિર અસ્થિર આદિ જે કંઈ પદાર્થ છે એ સઘળા આપનાથી જુદાં નથી. ૩૬. હે ભગવન્ ! નિરંતર ત્રિવિધ તાપથી પિડીત થઇ આ સંસાર ચક્રમાં ભ્રમણ કરૂંછું. પરંતુ કોઇપણ ઠેકાણે મને શાંતિ મળી નહીં. ૩૭. હે નાથ ! મેં મૃગજળ સરખા ક્ષણિક સુખરુપ દુઃખને સુખમાની તેનો અંગિકાર કર્યો પણ તેનાથી હું સુખ ન પામતા સંતાપજ પામ્યો છું. હે વિભો! રાજ્ય, પૃથ્વી, સૈન્ય, ખજાનો, મિત્ર, સંતાન સ્ત્રી, સેવક અને શબ્દાદિ વિષય એ તમામ મેં સુખબુદ્ધિથી ગ્રહણ કર્યું. પરંતુ એ તમામ પરિણામે મને દુઃખરુપજ થયું. ૩૯. ૪૦. હે નાથ ! જે દેવતાઓએ દેવલોક પ્રાપ્ત કર્યું છતાં તેને પોતાના દુઃખનું નિવારણ કરવા માટે મારી સહાય માગવી પડી, (એ સઘળો વિચાર કરતાં) અચળ સુખ ક્યાં છે ? ૪૧. હે પરમેશ્વર ! સર્વ જગત્નીં ઉત્પત્તિના કારણભૂત આપની ઉપાસના કર્યા વગર શાશ્વત સુખની પ્રાપ્તિ શી રીતે થઇ શકે ? અર્થાત્ જે નિશ્ચળ મનથી આપની ઉપાસના કરે છે તેજ અચળ સુખને પ્રાપ્ત કરે છે. ૪૨. જેનું અંતઃકરણ આપની માયાથી મોહિત થયું છે તે મનુષ્ય જન્મ, મૃત્યુ, જરા, આદિકલેશને પામી અંતે યમદૂતોના મુખ જુએ છે. ૪૩. આપના સ્વરૂપને નહીં જાણનાર મનુષ્ય નરકમાં જઇ પોતાના કર્મના ફળરુપ અત્યંત દારુણ દુઃખ ભોગવે છે. ૪૪. હે પરમેશ્વર ! હું આપની માયાથી મોહિત થઈ અત્યંત વિષય, મમતા અને ગર્વરુપ મોટા ખાડામાં પડી ડુબકા માર્યા કરું છું. ૪૫. માટે હું આ સંસારરુપ ભ્રમમાં શોકથી સંતપ્ત ચિત્તવાળો થઇ મોક્ષની ઇચ્છાથી જેનાથી અધિક બીજું કંઈ નથી તથા પરિપક્વ યોગીઓના આશ્રયભૂત અનંત, ઈશ, આદ્ય અને અનાદિપ્રકાશ, એવા આપના શરણમાં આવ્યો છું. ૪૬.

सोऽहं त्वां शरणमपारमीशमाद्यं संप्राप्तः परमपरं यतो न किंचित्।।
संसारभ्रमपरितापतप्तचेता निर्वाणे परिणतधाम्नि साभिलाषः।।४६।।


इतिश्री विष्णुपुराणे पंचम अंशे त्रयोविंशो अध्याय संपूर्ण.

Defeat of Jarasandh.



जरासंध परिहार.

Killing Kansa.



कंसवध.

* અધ્યાય ૨૪ મો.

પરાશર ઉવાચ ॥ ઇત્થં સ્તુતસ્તદા તેન મુચુકુંદેન ધીમતા ॥
પ્રાહેશઃ સર્વભૂતાનામનાદિર્ભગવાન્હરિઃ ॥૧॥

પરાશર કહેછે—એ પ્રકારે બુદ્ધિમાન્ મુચુકુંદરાજાએ સ્તુતિ કરી તે વખતે સર્વ પ્રાણિમાત્રના ઇશ અનાદિ ભગવાન શ્રીહરિ બોલ્યા. ૧. હે નરેશ્વર ! મારી કૃપાથી તમે અકુંઠીત ઐશ્વર્યવાળા થઇ તમારી ઇચ્છા પ્રમાણે દિવ્યલોક પામશો. ૨. અને દિવ્યલોકના સર્વ ઉપભોગ ભોગવી તમે પૃથ્વી ઉપર કોઈ ઉત્તમકુળમાં પૂર્વજન્મના જ્ઞાનવાળા થઇ જન્મ પામી અંતે મારા અનુગ્રહથી તમને મોક્ષની પ્રાપ્તિ થશે. ૩.

પરાશર૦—એ પ્રમાણે શ્રીકૃષ્ણની વાણિ સાંભળી તે રાજા જગદીશ અચ્યુતને નમસ્કાર કરી ગુફામાંથી બહાર નીકલ્યા, તે વખતે તેણે મનુષ્યોને પોતાના કરતાં ઘણા નાના જોયા. તે ઉપરથી કળીયુગ પ્રાપ્ત થયો છે એમ જાણી તે મુચુકુંદ રાજા તપશ્ચર્યા કરવાને માટે ગંધમાદન પર્વત ઉપર બદ્રિકાશ્રમમાં ગયા. ૫, અહિં શ્રીકૃષ્ણ પણ ઉક્ત ઉપાયથી શત્રુનો નાશ કરી મથુરામાં આવ્યા અને હાથિ, ઘોડા, રથ આદિથી યુક્ત કાળયવનની સેન્યાનો નાશ કરી તેના વાહન તથા દ્રવ્યનું હરણ કરી તે સઘળી સંપત્તિ દ્વારકામાં લાવી ઉગ્રસેન રાજાને સમર્પણ કરી. એ પ્રકારે યાદવોને શત્રુ તરફથી થનારા પરાભવનો ભય દુર થયો. હે મૈત્રેય ! યુદ્ધ સમાપ્ત થયા પછી સ્વજનને જોવાને માટે બળરામ નંદના ગોકુળમાં ગયા. ૮. ત્યાં બળરામની સાથે ગોપ તથા ગોપીઓ પૂર્વ પ્રમાણે ભાષણ કરવા લાગ્યાં. તેમજ શત્રુનો નાશ કરનાર બળરામે પણ તેની સાથે પ્રેમથી બહુમાનપૂર્વક ભાષણ કર્યું. તથા કોઇએ બળરામને આલિંગન કર્યું, તથા બળરામે પણ કોઈને આલિંગન કર્યું અને કેટલાક ગોપ તથા ગોપીઓની સાથે હાસ્ય કરવા લાગ્યા. ૯. ૧૦. એ ગોપ લોકોએ બળરામની સાથે પ્રીય ભાષણ કર્યું પરંતુ પ્રેમથી કોપ પામેલી કેટલીક ગોપીઓ ઇર્ષ્યાયુક્ત વચનથી તેની સાથે બોલી. ૧૧. કેટલીક ગોપીઓ પુછવા લાગી. જેનું મન ચંચળ પ્રેમના કટકારુપછે તે હમણા મથુરા નગરીની સ્ત્રીઓના વલ્લભ શ્રીકૃષ્ણ સુખી છે ? ૧૧. ક્ષણિક મીત્રતા કરનારા શ્રીકૃષ્ણ અમારી મશ્કરી કરતા પુરવાસી સ્ત્રીઓના સૌભાગ્યની માન વૃદ્ધિ શું નથી કરતા ? ૧૩. પૂર્વે તેના ગાયનને અનુસરી અમે કરેલા મધુર ગાયનનું શ્રીકૃષ્ણ સ્મરણ કરે છે ? તે એક વખત પણ પોતાની માતાના દર્શન કરવા અહીં નહીં આવે ? કોઇક બોલી, એની વાત કરવાથી

---

* ચોવીશમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ મુચુકુંદરાજાને વરદાન આપશે, મ્લેચ્છ સૈન્યનું ધન હરણ કરશે અને બળરામ ગોકુળમાં જશે ત્યાં ગોપીઓનો વિરહનું વર્ણન થશે.

શું ફળ છે? કંઈ બીજી વાત કરો? કારણકે આપણા વગર એને ચાલે છે તો તેના વગર આપણને ચાલશે. ૧૪. ૧૫. શું આપણે તેને માટે પિતા, માતા, ભાઇ, પતિ, તથા બાંધવોનો ત્યાગ નહોતો કર્યો? પણ તેથી શું. હે સખી! તે કરેલા ઉપકારને નહીં જાણનાર લોકોની ધ્વજારુપ છે. ૧૬. (શોકથી વ્યાકૂળ થયેલી ગોપી બળભદ્રનેજ કૃષ્ણ સમજી તેને) હે કૃષ્ણ! આપ સત્ય બોલજો. શ્રીકૃષ્ણ અહીં આવવાના સંબંધમાં કંઈ કહે છે કે નહીં? હે દામોદર! શ્રીકૃષ્ણનું મન નગરવાસિ સ્ત્રીઓમાં આસક્ત થવાથી હવે તેની અમારી ઉપર પ્રીતિ નથી, માટે અમને તેના દર્શન થવા કઠણ છે. એમ અમને જણાય છે. ૧૭–૧૮.

પરાશર૦—ગોપીઓએ બળરામને એ પ્રકારે એક વખત કૃષ્ણ અને એક વખત દામોદર એમ સંબોધન કર્યું હતું તેનું સ્મરણ થવાથી અને શ્રીકૃષ્ણે તેના ચિત્તનું હરણ કરવાથી તે ગોપી હાસ્ય કરવા લાગી. ૧૯. પછી સાન્ત્વના યુક્ત મનોહર ગર્વહીન અને પ્રેમગર્ભિત શ્રીકૃષ્ણના સંદેશાથી બળરામે ગોપીઓને ધીરજ આપી. ૨૦. બળરામ પૂર્વ પ્રમાણે ગોપલોકોની સાથે પરિહાસ, અનેક પ્રકારની મનોહર વાર્તા કરવામાં અને તેની સાથે વ્રજભૂમિમાં અનેક લીલા કરવામાં પ્રવૃત્ત થયા. ૨૧.

गोपैश्च पूर्ववद्रामः परिहासमनोहराः ॥
कथाश्चकार रेमेच सह तैर्व्रजभूमिषु ॥२१॥
इतिश्री विष्णुपुराणे पंचमअंशे चतुर्विंशो अध्याय संपूर्ण.

* અધ્યાય ૨૫ મો.

पराशर उवाच ॥ वने विहरतस्तस्य सह गोपैर्महात्मनः ॥
मानुषच्छद्मरूपस्य शेषस्य धरणीभृतः ॥१॥

પરાશર કહેછે—ધરણીધર પૃથ્વીનો ભાર ઉતારવાને માટે ઉત્પન્ન થયેલા માયા મનુષ્ય રુપી શેષાવતાર મહાત્મા બળરામ ને ગોપગણોની સાથે વનમાં વિહાર કરતા જોઈ તેના ઉપભોગને માટે વરુણદેવે વારૂણી (મદિરા) ને કહ્યું. ૧. ૨. હે શુભે (મદિરા)! તું મહાબળશાળી મહાત્મા બળદેવને સર્વદા પ્રીતિપાત્ર છે, માટે તેને ઉપભોગને સારૂ તું આનંદથી જા. ૩. એ પ્રકારે વરૂણનું વચન સાંભળી વારૂણી-એ વૃંદાવનમાં આવી કદંબવૃક્ષના પોલાણમાં નિવાસ કર્યો. ૪. પછી બળરામ વનમાં ફરતા હતા તેને ઉત્તમ મધની સુગંધ આવી તેથી તેને પૂર્વની મદ્યપાન કરવાની ઈચ્છા જાગ્રત થઇ. ૫. હે મૈત્રેય! પછી એકા એક કદંબના વૃક્ષમાંથી પડતી

* પચ્ચીસમા અધ્યાયમાં વારૂણિ મદિરાનું પાન કરવાથી મદોન્મત્ત થયેલા બળરામ હળથી યમુના નદીનું આકર્ષણ કરશે તથા રેવતી સાથે વિવાહ કરશે એ કથા કહેવાશે.

મદિરાની ધારાને જોઈ હલધારી બળદેવને અત્યંત આનંદ થયો. ૬. અને ગાયન તથા વાદ્યમાં નિપૂણજનોએ ઉત્તમ પ્રકારનું ગાયન કરવાથી આનંદ પામેલા બળરામ ગોપ તથા ગોપીઓ સાથે તે ઠેકાણે આવી મદિરાપાન કર્યું. એ મદિરાપાનથી અત્યંત મદવાળા મોતીના દાણા જેવા પરસેવાના કણથી સુશોભિત તથા વ્યાકૂળ થયેલા બળરામે યમુના નદીને કહ્યું. હે યમુના ! તું અહીં આવ; મને સ્નાન કરવાની ઈચ્છા છે. ૭. ૮. તે સમયે આ મદોન્મત્ત અવસ્થાના વચન છે એમ સમજી તેની અવગણના કરી યમુનાનદી ત્યાં આવી નહીં, તેથી ક્રોધપામી બળરામે હાથમાં હળ લીધું. ૯. પછી તે હળ નદીના તટ ઉપર ભેરવી ' હે દુષ્ટા ! નહીં આવી ? જોઉંછું, હવે તું પોતાની ઇચ્છા પ્રમાણે કેવી રીતે જાય છે ? ' એ પ્રમાણે બોલી મદથી વિહ્વળ થયેલા બળરામે હળથી તેનું આકર્ષણ કર્યું. ૧૦. પછી આકર્ષણ થયેલી યમુનાએ તત્કાળ પોતાના માર્ગનો ત્યાગ કરી જે ઠેકાણે બળરામ બેઠા હતા તે ઠેકાણેથી વનને પોતાના જળથી વ્યાપ્ત કરી વહેવા લાગી. ૧૧. અને ભયથી જેનાં નેત્ર વ્યાકૂળ થઇ ગયાં છે એવી યમુનાએ બીજું શરીર ધારણ કરી બળરામને કહ્યું. હે મુસલાયુધ ! મારી ઉપર પ્રસન્ન થાઓ અને મને છોડી દો. ૧૨. તે સાંભળી બળરામ બોલ્યા. હે નદી ! તેં મારા શૌર્ય તથા બળની અવજ્ઞા કરી માટે આ લાંગુલના પ્રવાહથી તારા સહસ્ત્ર પ્રવાહ કરીશ. ૧૩.

પરાશર૦—એ પ્રકારે જ્યારે બળરામે કહ્યું તે વખતે અત્યંત ભય પામેલી યમુના એ તેને તે સ્થાનમાં સ્નાન કરાવી પ્રસન્ન કર્યા. પછી બળરામે તેને છોડી દીધી. ૧૪. તેણે સ્નાન કર્યા પછી કર્ણમાં ધારણ કરવાનું સુશોભિત કમળ અને એક કુંડળ લઈ લક્ષ્મી તે ઠેકાણે આવી અને તેણે વરૂણે મોકલેલા તે બે પદાર્થ, અમ્લાન કમળની માળા અને સમુદ્ર સરખા નીલ વર્ણના બે વસ્ત્ર તેને અર્પણ કર્યાં. ૧૫. ૧૬. તે સમયે કાનમાં કલગી તથા મનોહર કુંડળથી શોભાયમાન, નીલાંબરધારી તથા માલા ધારણ કરનાર, તે બળરામ કાંતિયુક્ત થઈ અત્યંત સુશોભિત થયા. ૧૭. એ પ્રકારે વિભૂષિત થઈ બળરામ વ્રજભૂમિમાં બે મહીના સુધી રહી અનેક પ્રકારની લીલા કરી ફરી મથુરા નગરીમાં આવ્યા. ૧૮. બળરામે રૈવત રાજાની પુત્રિ રેવતી સાથે વિવાહ કર્યા, તેના ગર્ભથી નિશઠ અને ઉલ્મુકનામના બે પુત્ર થયા. ૧૯.

रेवतीं नाम तनयां रैवतस्य महीपतेः ॥
उपयेमे बलस्तस्यां जज्ञाते निशठोल्मुकौ ॥१९॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમ અંશે પંચવિંશતિ તમો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૨૬ મો.

पराशर उवाच ॥ भीष्मकः कुण्डिने राजा विदर्भविषयेऽभवत् ॥
रुक्मी तस्याभवत्पुत्रो रुक्मिणी च वरांगना ॥१॥

પરાશર કહે છે—વિદર્ભ દેશના કુંડિનપુર નામના નગરમાં ભીષ્મક નામનો રાજા હતો. તેને રુક્મી નામનો પુત્ર અને રુક્મિણી નામની એક સર્વોત્કૃષ્ટ રૂપવતી કન્યા હતી. ૧. તે રુક્મિણીને વિષે શ્રીકૃષ્ણની અને શ્રીકૃષ્ણને વિષે મનોહર હાસ્ય કરનારી રુક્મિણીની ઇચ્છા થઇ, તેથી શ્રીકૃષ્ણે તેનું પાણિ ગ્રહણ કરવાની માગણી કરી; પરંતુ રુક્મીએ દ્વેશથી તેને આપી નહીં. પણ ઉગ્ર પરાક્રમી ભીષ્મક રાજાએ રુક્મીના મતને અનુસરી જરાસંધના કહેવા પ્રમાણે રુક્મિણી શિશુપાળને આપવાનો નિશ્ચય કર્યો. ૨. ૩. પછી શિશુપાળનું હિત કરનાર જરાસંધ આદિ રાજાઓ તે વિવાહમાં ભીષ્મકના નગરમાં આવ્યા તથા શ્રીકૃષ્ણ પણ બળદેવ આદિ યાદવો સાથે વિવાહ જવાને માટે ભીષ્મક રાજાના કુંડિનપુરમાં આવ્યા. ૪.૫. ત્યારપછી વિવાહને આગલે દિવસે શ્રીકૃષ્ણે શત્રુઓનો પરાભવ કરવાનો ભાર બળદેવ આદિ યાદવોને સોંપી (ગોત્ર દેવ્યા અંબિકાનું દેવીનું પૂજન કરવા ગયેલી) રુક્મિણીનું હરણ કર્યું. ૬. તે વખતે પૈાંડ્રક, દંતવક્ર, શિશુપાળ, વિદૂરથ, જરાસંધ અને શાલ્વઆદિ રાજાઓએ ક્રોધ પામી શ્રીકૃષ્ણનો નાશ કરવાને માટે અત્યંત ઉદ્યોગ કર્યો. ૭. ૮. તે સમયે રુક્મીએ પ્રતિજ્ઞા કરી કે ' હું યુદ્ધમાં શ્રીકૃષ્ણને માર્યા વગર કુંડીન પુરમાં પ્રવેશ કરીશ નહીં. ' એ પ્રમાણે બોલી રુક્મી શ્રીકૃષ્ણને મારવાની ઇચ્છાથી તેની પાછળ ગયો. ૯. પણ ચક્રધારી શ્રીકૃષ્ણે હાથી, ઘોડા, રથ અને પાયદળ સહિત તેની ચતુરંગિણી સેનાનો નાશ કરી તેનો પરાજય કરી તેને (રુક્મિણીનો ભાઇ જાણી નાશ ન કરતાં મૂર્ચ્છાંગત કરી) પૃથ્વી ઉપર પાડયો. ૧૦. † એ પ્રકારે રુક્મીનો સંપૂર્ણ રીતે પરાભવ કરી, આણેલી રુક્મિણી સાથે શ્રીકૃષ્ણે રાક્ષસ વિધિથી વિવાહ કર્યા. ૧૧. પછી તે રુક્મિણીના ગર્ભથી મદનના અંશભૂત મહા પરાક્રમી

---

* છવીસમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ રુક્મિણીનું હરણ કરશે અને તેને પ્રદ્યુમ્ન નામનો પુત્ર થશે તેને શંબરાસુર હરણ કરી જશે એ કથા કહેવાશે.

† ત્યારપછી જ્યારે ભગવાને યુદ્ધ દુર્મદ રુક્મીને મારવાની ઇચ્છા કરી તે વખતે રુક્મિણીએ શ્રીકૃષ્ણને પ્રણામ કરી આ પ્રમાણે કહ્યું. ૧. હે બ્રહ્મન્ ! આપ મારા ભાઇને મારશો નહીં. આપ ક્રોધના વેગને રોકી મને ભાઈ રૂપ ભિક્ષા આપો. રુક્મિણીનું એવું વચન સાંભળી કલેશ રહિત કર્મ કરનાર શ્રીકૃષ્ણે તેને છોડી દીધો. ૨. પછી પોતાની પ્રતિજ્ઞા સફળ ન થવાથી રુક્મી કુંડિનપુરમાં ન જતાં બીજું ભોજકટ નામની નગરી વસાવી ત્યાંજ નિવાસ કર્યો. ૩. (આ ત્રણ શ્લોક ક્ષેપક છે.)

પ્રદ્યુમ્ન નામનો પુત્ર થયો. તેનો જન્મ થતાં (દશ દિવસની અંદર) શંબરાસુરે તેનું હરણ કર્યું અને પ્રદ્યુમ્ને પણ કાળક્રમથી શંબરાસુરનો વધ કર્યો. ૧૨.

तस्माज्जज्ञे च प्रद्युम्नो मदनांशः स वीर्यवान् ॥
जहार शंबरोऽयं वै यो जघान च शंबरम् ॥१२॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમ અંશે ષડ્વિંશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૨૭ મો.

मैत्रेय उवाच ॥ शंबरेण हृतो वीरः प्रद्युम्नः स कथं मुने ॥
शंबरश्च महावीर्यो पद्युम्नेन कथं हतः ॥१॥

મૈત્રેય કહેછે—હે મુનિ ! તે વીર પ્રદ્યુમ્નનું હરણ શંબરાસુરે શા માટે કર્યું ? તથા પ્રદ્યુમ્ને પણ પરાક્રમી શંબરાસુરને કેવે પ્રકારે માર્યો ? ૧.

પરાશર કહેછે—હે મુનિ મૈત્રેય ! પ્રદ્યુમ્ન જન્મ્યા પછી છઠ્ઠે દિવસે 'આ મારો વધ કરનાર છે, 'એમ જાણી તેનું સૂતિકા ઘરમાંથી હરણ કરી કાળ જેવો શંબરાસુર લઇ ગયો. ૨. અને તેને મોટા મધ્યરમચ્છવાળા વિશાળ લેહેરોથી પડતા ભમરાઓથી પરિપૂર્ણ અત્યંત ભયંકર ક્ષાર સમુદ્રમાં ફેંકી દીધો. ૩. તે સમુદ્રમાં નાંખેલા બાળકને એક માછલી ગળી ગઇ ; પરંતુ તે માછલીના ઉદરમાં જઠરાગ્નિ પ્રદિપ્ત હતો છતાં પ્રદ્યુમ્નનો નાશ થયો નહીં. ૪. હે દ્વિજ ! એક દિવસ માછલીનાં પકડનારાઓએ બીજા માછલાંઓની સાથે તે મચ્છીનો પણ વધ કરી અસુરશ્રેષ્ઠ શંબરાસુરને આપી. ૫. શંબરાસુરને (ઘેર) માયાવતી નામની (કોઈ) સ્ત્રી (છળથી પકડી આણેલી) હતી. તે માયાવતી શંબરના ઘરમાં સઘળા રસોઇ કરનાર ઉપર આધિપત્ય કરતી હતી. એ પવિત્ર સ્ત્રી તેની ખરી સ્ત્રી નહોતી. ૬. ત્યારપછી તેણે મચ્છીમારો દ્વારા આવેલી માછલીનું ઉદર ચીરતાં તેમાંથી અત્યંત સુંદર તથા દગ્ધ થયેલા કામદેવ રૂપ-વૃક્ષના પ્રથમાંકુર સરખા એક બાળકને જોયો. ૭. તેને જોઈ, અરે ! આ કોણ છે ? કેવે પ્રકારે આ બાળક માછલીમા ઉદરમાં આવ્યો ? એમ આશ્ચર્ય પામી માયાવતી વીચાર કરતી હતી તેટલામાં નારદ મુનિ તેની પાસે આવી બોલ્યા. ' આ બાળક તમામ જગત્‌ની ઉત્પતિ તથા સંહાર કરનાર શ્રીકૃષ્ણનો પુત્ર છે, અને સૂતિકાગ્રહથી શંબાસુરે હરણ કરી સમુદ્રમાં નાંખી દીધો ત્યાં માછલી ગળી ગઈ. તે હમણા તારા

* સત્તાવિશમાં અધ્યાયમાં મત્સના ઉદરથી મળેલા કામરૂપ પ્રદ્યુમ્નને જોઇ રતિરૂપ માયાવતી મોહ પામશે અને તે મોટો થયા પછી માયાવી દૈત્યનો વધ કરી પોતાના નગરમાં આવશે એ કથા કહેવાશે.

હાથમાં આવ્યો છે માટે હે સુભ્રુ ! તુ વિશ્વાસપૂર્વક પુરૂષમાં રત્ન સરખા આ બાળકનું પાલન કર.' ૮–૧૦.

પરાશર૦—એ પ્રકારે નારદનું વચન સાંભળી બાળકના સુંદર રુપમાં મોહ પામી માયાવતી તેનું બાલ્યાવસ્થાથીજ પ્રેમથી પાલન કરવા લાગી. ૧૧. હે મહામુનિ ! તે જ્યારે યૈાવન અવસ્થાથી અત્યંત સુશેાભિત થયેા તે વખતે તે ગજગામિની તેને વિષે વિષયની અભિલાષાવાળી થઈ. ૧૨. અને પેાતાનું અંતઃકરણ તથા દ્રષ્ટિને પ્રદ્યુમ્નમાં આસકત કરી તે માયાવતીએ તેને અનુરાગ પૂર્વક પેાતાની માયાવિ વિદ્યા શીખવી. ૧૩. ત્યારપછી શ્રીકૃષ્ણ પુત્ર પ્રદ્યુમ્ને કમળના સરખા નેત્રવાળી માયાવતીને રતિપ્રસંગમાં સજ્જ થયેલી જોઇ તેને કહ્યું—તું મારીસાથે માતૃભાવનેા ત્યાગ કરી અન્ય પ્રકારનું વર્તન શામાટે કરેછે ? ૧૪. તે સાંભળી માયાવતી બેાલી. તમે મારા પુત્ર નથી પણ શ્રીકૃષ્ણના પુત્ર છેા. આ કાળસરખા શંબરાસુરે તમારું હરણ કરી સમુદ્રમાં ફેંકી દીધા હતા. મને તમે માછલીના ઉદરમાંથી મળ્યા છેા. ૧૫. હેકાંત ! તમારી અત્યંત પ્રીતિવાળી માતા તેા અદ્યાપી સુધી મારેા પુત્ર નાશ પામ્યેા છે એમ સમજી રુદન કરતી હશે. ૧૬.

પરાશર૦— એ પ્રકારે માયાવતીની વાત સાંભળી મહાબળવાન્ પ્રદ્યુમ્નનું મન ક્રેાધથી આકૂળ થઇ તેણે શંબરાસુરને યુદ્ધ કરવામાટે બેાલાવ્યેા. ૧૭. ત્યારપછી પ્રદ્યુમ્નએ શંબરાસુરની તમામ સેનાનેા નાશ કરી તેણે કરેલી સાત માયાનું અતિક્રમણ કરી પેાતેજ તેની ઉપર આઠમી માયાનેા પ્રયેાગ કર્યેા. ૧૮. અને પેાતે કરેલી આઠમી માયાના પ્રભાવથી કાળસરખા શંબરાસુરને મારી પ્રદ્યુમ્ન માયાવતીની સાથે આકાશ માર્ગથી પેાતાના પિતાના નગરમાં આવ્યેા. ૧૯. પછી માયાવતીની સાથે પ્રદ્યુમ્નને અંતઃપુરમાં આવેલા જોઇ કૃષ્ણનીસ્ત્રીઓ 'આ શ્રીકૃષ્ણ છે' એમ સમજવા લાગી. ૨૦. તેને જોઇ આનંદ પામેલી સાધ્વી રુક્મિણી નેત્રમાં આંસુ ભરી સ્નેહપૂર્વક વિચાર કરવા લાગી. ' તારુણ્ય અવસ્થામાં પ્રવેશ થયેલેા જે સ્ત્રીનેા આ પુત્ર હશે તે ખરેખર ભાગ્યશાળી હશે. મારેા પુત્ર પ્રદ્યુમ્ન જે જીવતેા હેાત તેા તે પણ આના જેટલેાજ હેાત. (એમ વિચાર કરી તે બેાલી.) હે વત્સ ! કઈ ભાગ્યશાળી માતાના ગર્ભથી તું જન્મ્યેા છે ? ૨૧–૨૨. હે બાળક ! તારી ઉપર મારેા જેવેા સ્નેહ થયેા છે તથા જેવું તારું સ્વરુપ છે તેથી નિશ્ચય થાય છે કે તું શ્રીકૃષ્ણનેાજ પુત્ર હશે. ૨૩.

પરાશર૦—તે સમયે શ્રીકૃષ્ણ સહિત નારદમુનિ ત્યાં આવી અંતઃપુરમાં રહેલાં રુક્મિણી દેવીને આનંદ થાય તે પ્રકારે બેાલ્યા. ૨૪. હે સુભ્રુ ! જેણે તારા બાળકનું સૂતિકા ગ્રહમાંથી હરણ કર્યું હતું તે શંબરાસુરને મારી આ તારેા પુત્ર પ્રદ્યુમ્ન અહીં આવ્યેા છે. ૨૫. એની સાથે જે સ્ત્રી છે તે તારા પુત્રની પતિવ્રતા સ્ત્રી માયાવતી છે, એ શંબરાસુરની સ્ત્રી નથી. એનું કારણ કહું છું તે સાંભળ. ૨૬.

પૂર્વે કામદેવ ભસ્મ થયા પછી તેની ઉત્પત્તિ માટે અત્યંત આસક્ત તે રૂપવતી સ્ત્રીએ માયિક સ્વરૂપ લઈ શંબરાસુરને મોહિત કર્યો અને વિહાર આદિ ઉપભોગને વિષે એ મદિરેક્ષણારતિ શંબરાસુરને માયામયરુપ ભય દેખાડતી હતી. ૨૭–૨૮. હે દેવી! તે મદન તમારા પુત્ર રૂપે ઉત્પન્ન થયો અને આ માયાવતી તેની સ્ત્રી રતિ છે. એ વિષયમાં તારે જરા પણ સંદેહ કરવો નહીં. હે કલ્યાણિ! એ તારી પુત્ર વધૂ છે. ૨૯. એ પ્રમાણે નારદે કહ્યા પછી રુક્મિણીને અને શ્રીકૃષ્ણને આનંદ થયો તેમજ નગરવાસી તમામ લોકો પણ હર્ષ પામી 'ઘણુંસારુ, બહુસારુ,' એ પ્રમાણે બોલવા લાગ્યા. ૩૦. એ પ્રમાણે નષ્ટ થયેલો પુત્ર ઘણે વખતે રુક્મિણીને મળ્યો તે જોઈ દ્વારકાવાસી સઘળા લોક આશ્ચર્ય પામ્યા. ૩૧.

चिरनष्टेन पुत्रेण संगतां प्रेक्ष्य रुक्मिणीम् ॥
अवाप विस्मयं सर्वो द्वारवत्यां जनस्तदा ॥३१॥

इतिश्री विष्णुपुराणे पंचम अंशे सप्तदविंशो अध्याय संपूर्ण.

---

* અધ્યાય ૨૮ મો.

पराशर उवाच ॥ सुदेष्णं चारुदेष्णं च चारुदेहं च वीर्यवान् ॥
सुषेणं चारुगुप्तं च भद्रचारुं तथाऽपरम् ॥१॥

પરાશર૨૦—રુક્મિણીને બીજા સુદેષ્ણ, વીર્યવાન ચારુદેહ, સુષેણ, ચારૂગુપ્ત, ભદ્રચારૂ, ચારૂવિંદ, સુચારુ અને મહા બળવાન્ શ્રેષ્ઠ ચારુ નામના પુત્ર અને ચારૂ મતી નામની કન્યા થઇ. ૧. ૨. રુક્મિણી શિવાય શ્રીકૃષ્ણને બીજી કાલિંદી, મિત્રવિંદા, સત્યા, નાગ્નજીતિ, કામરુપિણી રોહિણિ, દેવી જાંબુવતી, શીળ એજ જેનુ ભૂષણ છે એવી ભદ્ર દેશના રાજાની કન્યા સુશીલા, સત્રાજીત્ની પુત્રિ સત્યભામા તથા સુંદર હાસ્ય કરનારી લક્ષ્મણા વગેરે સાત પટરાણી હતી. એ શિવાય શ્રી કૃષ્ણને અન્ય પણ સોળહજાર સ્ત્રીઓ હતી. ૩. ૫, મહાબળવાન પ્રદ્યુમ્નએ રુક્મિણીના ભાઈ રુક્મીનિ ઉત્તમ કન્યાનો સ્વયંવરમાં અંગીકાર કર્યો અને તેણે પણ શ્રીકૃષ્ણ પુત્ર પ્રદ્યુમ્નનો સ્વીકાર કર્યો, ૬. પછી તેના ગર્ભથી મહા બળવાન્ પરાક્રમી અનિરૂદ્ધ નામનો પુત્ર થયો. એ પુત્ર રણભૂમિમાં પ્રતિબંધ રહિત, શત્રુઓના બળ તથા વીર્યને નષ્ટ કરતો હતો. ૭. શ્રીકૃષ્ણે રુકમીના પુત્રની પુત્રિ સાથે અનિરુદ્ધના વિવાહ કરવાના વિચારથી તેની માગણી કરી. રુક્મી શ્રીકૃષ્ણની

* અઠ્ઠાવિશમા આધ્યાયમાં શ્રીકૃષ્ણની બીજી સ્ત્રીઓની સંતતિનું વર્ણન તથા પ્રદ્યુમ્નના પુત્ર અનિરૂદ્ધના વિવાહમાં બળરામ રૂકમીનો વધ કરશે એ કથા કહેવાશે.

સ્પર્ધા કરતો હતો છતાં તેણે પોતાના પુત્રની પુત્રિ અનિરૂદ્ધને આપી. ૮. હે દ્વિજ! એ અનિરુદ્ધના વિવાહમાં બળરામ આદિ યાદવો શ્રીકૃષ્ણની સાથે રુક્મીના નગરમાં આવ્યા. ૯. અનિરૂદ્ધના વિવાહ થયા પછી કલિંગરાજ આદિ રાજાઓએ રુક્મીને કહ્યું. ૧૦. આ મહાતેજસ્વી બળરામ દ્યૂત રમવામાં અજાણ્યો છે તોપણ તેને જુગાર રમવાનું ઘણું વ્યસન છે; માટે આપણે દ્યૂત રમી તેને કેમ ન જીંતીએ? ૧૧.

પરાશર કહેછે—ત્યારપછી બળવાન્ રુક્મીએ તે રાજાઓને 'ઠીક બહુ સારુ' એમ કહી સભાસ્થાનમાં બળભદ્રની સાથે દ્યૂત રમવાનો આરંભ કર્યો. ૧૨. તેમાં પ્રથમ રુક્મીએ એક હજાર સુવર્ણ મ્હોર હોડમાં મુકી બળદેવને પરાજીત કર્યા તથા બીજી વખત એક હજાર સુવર્ણ મ્હોર મુકી તે પણ જીંતી લીધી તે સમયે ત્રીજીવાર બળરામે દશ હજાર સુવર્ણ મ્હોર મુકી રમવા માંડયું; પરંતુ દ્યૂત જાણનારાઓમાં શ્રેષ્ઠ રુક્મીએ તે પણ જીંતી લીધી. ૧૩. ૧૪. હે દ્વિજ! તે સમયે કલિંગ દેશનો અધિપતિ દાંત કાઢી ખડ ખડ હસ્યો અને મદોન્મત્ત થયેલો મૂર્ખ રુક્મી બોલ્યો. આ બળરામ હું દ્યૂતવિદ્યા જાણું છું એમ વૃથા ગર્વથી અંધ થઇ દ્યૂત જાણનારાઓનો અનાદર કર્યો. કોઇપણ ઠેકાણે પરાજય ન પામેલા બળદેવનો મેં દ્યૂતમાં પરાજય કર્યો. ૧૫. ૧૬. એ પ્રકારે દાંત કાઢી હાસ્ય કરતા કલિંગ રાજાને તથા દુષ્ટ ભાષણ કરતા રુક્મીને જોઇ બળરામ અત્યંત ક્રોધિત થયા. ૧૭. પછી કોપ પામેલા બળરામે એક કરોડ સુવર્ણ મ્હોરની હોડ મુકી. તે જીંતવાની ઇચ્છાથી રુક્મીએ પાસા નાંખ્યા; પરંતુ તે રુક્મી ન જીંતતા બળરામ જીંત્યા અને હું જીંત્યોછું એમ મોટેથી બોલ્યા. તે સાંભળી રુક્મી બોલ્યો. હે બળરામ! તમે અસત્ય ન બોલો, હું જીંત્યો છું; આપે જે હોડ મુકી હતી તે મેં માન્ય કરી નહોતી એમ છતાં આ વખતે જો તમારો જય થયો તો મારો જય કેમ નહીં થયો હોય? એમ ઉંચે સ્વરે બોલ્યો. ૧૮. ૨૦. તે સમયે મહાત્મા બળરામને ક્રોધ ઉત્પન્ન કરવા માટે ગંભિર આકાશ વાણિ થઇ. કે 'ધર્મપૂર્વક બળદેવ જીંત્યા છે, રુક્મી અસત્ય બોલેછે. કારણ કે સંમતિ આપ્યા વગર પણ જો કંઇ કાર્ય કરે તો તે વચનનો તેણે સ્વીકાર કર્યો એમજ મનાય છે. ૨૧. ૨૨. (માટે બળરામે કરેલી હોડનો રુક્મીએ સ્વીકાર કર્યો છે એમ માનવું.) એ પ્રમાણે આકાશ વાણિ થતાં મહાબળવાન્ બળભદ્ર ક્રોધથી નેત્ર રક્ત કરી ઉઠીને અષ્ટાપદ (શેત્રંજ દ્યુત રમવાના પટ) થી રુક્મીનો વધ કર્યો અને ભયથી ઉંચા નીચા થતા કલિંગરાજને પકડી ક્રોધ પામેલા બળરામે તેના દાંત તોડી નાખ્યા; કારણ કે તે દાંત કાઢીને હસ્યો હતો. ૨૩. ૨૪. પછી બળરામે એક મોટો રુપાનો સ્તંભ ઉખેડી શત્રુ પક્ષના જે અન્યરાજાઓ હતા તેનો પણ નાશ કર્યો. ૨૫. હે દ્વિજ! એ પ્રકારે બળરામને ક્રોધિત જોઇ સઘળા રાજાઓ હાહાકાર કરતા ત્યાંથી ચાલ્યા ગયા. ૨૬. હે મૈત્રેય! બળરામે રુક્મીને માર્યો, એમ સાંભળી રુક્મિ-



रुक्मिणीहरण.



बाणासुरबाहुछेदन.

ણીના તથા બળરામના ભયથી શ્રીકૃષ્ણ કંઈ પણ બોલ્યા નહીં. ૨૭. હે દ્વિજોત્તમ ! પછી વિવાહ કરેલા અનિરુદ્ધને લઇ શ્રીકૃષ્ણ દ્વારકાને વિષે યાદવના સમૂહમાં આવ્યા. ૩૮.

ततोऽनिरुद्धमादाय कृतोद्वाहं द्विजोत्तम ॥
द्वारकामाजगामाथ यदुचक्रे स केशवः ॥२८॥
ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમઅંશે અષ્ટાવિંશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૨૯ મો.

पराशर उवाच ॥ द्वारवत्यां ततः शौरिं शक्र स्त्रिभुवनेश्वरः ॥
आजगामाथ मैत्रेय मत्तैरावतपृष्ठगः ॥१॥

પરાશર કહેછે૦—હે મૈત્રેય ! ત્યારપછી ત્રિલોકેશ્વર ઇંદ્ર મદોન્મત્ત ઐરાવત હાથીઉપર બેસી દ્વારકામાં શ્રીકૃષ્ણની પાસે આવ્યા અને શ્રીકૃષ્ણને મળી તેને નરકાસુર નામના દૈત્યના દુષ્ટ આચરણની કથા નિવેદ કરી બોલ્યા. ૧. ૨. હે મધુસૂદન ! આપ દેવતાઓના નાથ થઇ હમણા મનુષ્ય સ્વરુપ ધારણ કરી અમારાં તમામ દુઃખનો નાશ કર્યો છે. ૩. જેવાં કે તપસ્વીઓનો નાશ કરનાર અરિષ્ટાસુર, ધેનુકાસુર તથા કેશી આદિ દૈત્યોનો નાશ કર્યો. ૪. તેમજ કંસ, કુવળયાપીડ, અને બાળઘાતિની પૂતના આદિ મહા અસુરોનો સંહાર કર્યો એ શિવાય બીજા પણ કેટલાક જગત્ને ઉપદ્રવ કરનારાનો આપે વધ કર્યો છે. ૫. આપના બાહુદંડ તથા સદ્બુદ્ધિવડે ત્રણે લોકોનું દુર્જન પુરુષોથી રક્ષણ કર્યું છે. માટે યજ્ઞ કરનારા લોકોએ કરેલા યજ્ઞનો અંશ દેવતાઓને મળવાથી તે તૃપ્ત થાય છે. ૬. હે જનાર્દન ! હું હમણા જે કાર્યને માટે અહીં આવ્યો છું તે સાંભળી આપ તેનો ઉપાય કરવાને યોગ્ય છો. ૭. હે શત્રુનો નાશ કરનાર ! પ્રાગ્જ્યોતિષપુરનો અધિપતિ પૃથ્વી પુત્ર નરકાસુર સર્વ પ્રાણિઓને અત્યંત ઉપદ્રવ કરી રહ્યો છે. ૮. હે જનાર્દન ! એ નરકાસુરે દેવ, સિદ્ધ, અસુર અને રાજાઓની કન્યાઓનું હરણ કરી પોતાના ઘરમાં ગોંધી રાખી છે. ૯. વરુણનું જળસ્રાવ કરનારૂ જે છત્ર હતું તે તથા મણિપર્વત નામના મેરૂના શિખરનું પણ તેણે હરણ કર્યું છે. ૧૦. હે કૃષ્ણ ! તે દૈત્યે નિરંતર અમૃતસ્રાવ કરનારા રત્ન નિર્મિત બે દિવ્ય કુંડળ અદિતિ પાસેથી હરણ કર્યાં છે હવે તે ઐરાવત હાથીની ઇચ્છા કરે છે. ૧૧. હે ગોવિંદ! એ સઘળી નરકાસુરની અનિતીનું મેં આપની પાસે વર્ણન કર્યું. હવે એ વિષયમાં આપને જે કંઈ કરવું હોય તેનો વિચાર કરો. ૧૨.

* એગણત્રીશમા અધ્યાયમાં ઇંદ્રના કહેવાથી શ્રીકૃષ્ણ નરકાસુરને મારશે અને તેના ઘરમાંથી રત્નઆદિ દ્રવ્ય તથા કન્યાઓનું હરણ કરી દ્વારકામાં મોકલેશે.

પરાશર૦—એ પ્રકારે ઈંદ્રનું ભાષણ સાંભળી ભગવાન શ્રીકૃષ્ણ મંદ હાસ્ય કરી ઇંદ્રનો હાથ પકડી શ્રેષ્ઠ આસનેથી ઉઠયા. ૧૩. અને મનમાં ગરૂડનું ચિંત્વન કર્યું કે તત્કાળ આવેલા ગરૂડ ઉપર સત્યભામા સહીત આરોહણ થઇ પ્રાગ્જ્યોતિષપુરમાં ગયા. ૧૪. ત્યાર પછી દ્વારકા નગરીના લોકોના દેખતાં ઈંદ્ર પણ ઐરાવત હાથી ઉપર બેસી સ્વર્ગમાં ગયા. ૧૫. હે મૈત્રેય ! પ્રાગ્જ્યોતિષપુરનો ભૂભાગ ચારે બાજુથી સરખો એક સો યોજનના વિસ્તાર વાળો મુરૂ દૈત્યે રચેલ ક્ષુરા- (અસ્ત્રો) ગ્રભાગ જેવી તીક્ષ્ણ ધારવાળા કોટથી ઘેરાયલો હતો. ૧૬. તે કોટને હરિએ સુદર્શન ચક્ર મુકી તોડી નાંખ્યો, પછી યુધ્ધમાં સન્મુખ આવેલા મુરૂ દૈત્યનો નાશ કર્યો. ૧૭. તથા મુરૂના સાત હજાર પુત્રોને ચક્રની ધારથી ઉત્પન્ન થયેલા અગ્નિએ પતંગ પ્રમાણે બાળી નાખ્યા. ૧૮. હે દ્વિજ ! જ્ઞાન સંપન્ન શ્રીહરિ એ પ્રકારે મુરૂ, હયગ્રીવ તથા પંચજન અસુરોનો સંહાર કરી શીઘ્રતાપૂર્વક પ્રાગ્જ્યોતિષ પુરમાં ગયા. ૧૯. તે પુરમાં મહાસૈન્યવાળા નરકાસુર સાથે શ્રીકૃષ્ણે ભયંકર યુદ્ધ કર્યું. તેમાં શ્રીકૃષ્ણે હજારો દૈત્યોનો નાશ કર્યો. ૨૦. પછી શસ્ત્રાસ્ત્રનો વરસાદ વરસાવતા તે ભૂમિપુત્ર નરકાસુરના મહાબળવાન્ શ્રીકૃષ્ણે સુદર્શનચક્રથી બે કટકા કર્યા. ૨૧. નરકાસુરને માર્યા પછી પૃથ્વીએ અદિતિના કુંડળ લઈ શ્રીકૃષ્ણ પાસે આવીને કહ્યું. ૨૨. હે નાથ ! આપે જે વખતે વરાહ સ્વરુપ ધારણ કરી મારો ઉદ્ધાર કર્યો હતો તે વખતે આપના અંગસ્પર્શથી મારે વિષે આ નરક નામનો પુત્ર થયો. ૨૩. આ પુત્ર તમે મને આપ્યો અને તમેજ તેનો નાશ કર્યો. હશે ! આપ આ બે કુંડળ ગ્રહણ કરો અને તેના પુત્રનું રક્ષણ કરો. ૨૪. હે પ્રભુ! આપ ભગવાનછો; આપ પ્રસન્ન થઈ મારો ભાર ઉતારવાને માટે પોતાના અંશથી મૃત્યુલોકમાં ઉત્પન્ન થયાછો. ૨૫. હે અચ્યુત ! આપ સર્વ જગત્ને ઉત્પન્ન કરનાર, પાલન કરનાર અને નાશ કરનારછો, આપ સર્વના કારણરુપ તથા અવિનાશીછો. આપ જગદ્રુપ હોવાથી આપની હું કેવી રીતે સ્તુતિ કરી શકું ? ૨૬. હે ભગવન્ ! જ્યારે આપ વ્યાપક તથા વ્યાપ્ય, ક્રિયા, કર્તા, કાર્ય અને સર્વ પ્રાણિમાત્રના આત્મા સ્વરુપછો ત્યારે હું કેવે પ્રકારે આપનું સ્તવન કરૂં ? ૨૭. જ્યારે આપ અવ્યય પરમાત્મા તથા ભૂતાત્માછો. ત્યારે આપની સ્તુતિજ થઈ શકતી નથી. કારણકે આપના કયા સ્વરૂપની હું સ્તુતિ કરવામાં પ્રવૃત્ત થાઉં. ૨૮. હે સર્વ ભૂતાત્મન્ ! આપ પ્રસન્ન થાઓ અને નરકાસુરે કરેલા અપરાધની ક્ષમા કરી તેના દોષની નિવૃત્તિ કરો તથા તેના સંતાનનું પાલન કરો. ૨૯.

પરાશર૦—હે મુનિશ્રેષ્ઠ ! પછી કૃષ્ણે પૃથ્વીને કહ્યું ' ઠીક બહુ સારુ ' એમ કહી ભૂતભાવન ભગવાને નરકાસુરના ઘરમાંથી રત્ન ગ્રહણ કર્યા. ૩૦. હે મહા પ્રાજ્ઞ ! પછી અતુલ પરાક્રમી શ્રીકૃષ્ણ કન્યાના અંતઃ પુરમાં ગયા ત્યાં સોળ-

હજાર એકસો કન્યાઓને જોઈ. ૩૧. તથા ચાર દાંતવાળા છ હજાર હાથી અને કાંબોજ દેશના એકવીસ લાખ ઘોડા જોયા. ૩૨. પછી તે કન્યાઓ, હાથી તથા ઘોડા ને નરકાસુરના સેવકદ્વારા દ્વારકામાં પોંચાડયા. ૩૩. વરુણનું છત્ર, તથા મણિપર્વતને પક્ષિનાયક ગરુડ ઉપર ચઢાવી સત્યભામા સહિત પોતે પણ તેની ઉપર વિરાજમાન થઈ અદિતિના કુંડળ આપવાને માટે સ્વર્ગમાં ગયા. ૩૩. ૩૫.

आरुह्य च स्वयं कृष्णः सत्यभामासहायवान् ॥
अदित्याः कुंडले दातुं जगाम त्रिदशालयम् ॥३५॥
इतिश्री विष्णुपुराणे पंचम अंशे ऊनत्रिंशो अध्याय संपुर्ण.

અધ્યાય ૩૦ મો.

पराशर उवाच ॥ गरुडो वारुणं छत्रं तथैव मणिपर्वतम् ॥
सभार्यं च हृषीकेशं लीलयैव वहन्ययौ ॥१॥

પરાશર કહેછે—ગરુડ વરુણનું છત્ર, મણિપર્વત તથા સત્યભામા સહિત શ્રીકૃષ્ણને પોતાની સ્કંધ ઉપર બેસાડી લીલા માત્રથીજ સ્વર્ગમાં ગયો. ૧. પછી સ્વર્ગ દ્વારમાં જઈ શ્રીકૃષ્ણે શંખ વગાડયો. તે શંખનો શબ્દ સાંભળી દેવતાઓ અર્ઘ્ય પાત્રગ્રહણ કરી જનાર્દનની પાસે આવ્યા. ૨. દેવતાઓ એ પૂજન કર્યા પછી દેવ માતા અદિતિના મેઘ શીખરાકાર ઘરમાં જઇ તેના દર્શન કર્યા. ૩. ભગવાન જનાર્દને ઈંદ્રની સાથે તેને પ્રણામકરી ઉત્તમ પ્રકારના બે કુંડળો આપી નરકાસુર વધનું વર્ણન કર્યું. ૪. તે સમયે જગન્માતા અદિતિએ જગદ્ધાતા શ્રીકૃષ્ણને વિષે એકાગ્રચિત્ત કરી પ્રેમપૂર્વક તેનું સ્તવન કર્યું. ૫. અદિતિ કહેછે—' હે પુંડરીકાક્ષ! હે ભક્તોના ભયનાશ કરનાર ! હે સનાતનાત્મન્ ! હે સર્વાત્મન્ ! હે ભૂતાત્મન્ ! હે ભૂતભાવન ! તમને નમસ્કાર છે. ૬. હે ગુણાત્મક ! હે ત્રિગુણાતીત ! હે દ્વંદ્વરહિત ! હે શુદ્ધ સત્વ અને સર્વના હૃદયમાં નિવાસ કરનારા હે ભગવન્ ! તમે મન, બુદ્ધિ અને ઈંદ્રિયોના કર્ત્તા છો. ૭. હે શ્વેત આદિ રંગ તથા હ્રસ્વ દીર્ઘાદિ આકાર વગેરે સર્વ પ્રકારની કલ્પનાથી રહિત ! હે જન્માદિ સંગ રહિત ! હે સ્વપ્નાદિ અવસ્થાથી વર્જીત ! તમને નમસ્કાર છે. ૭, હે અચ્યુત ! સંધ્યાકાળ, રાત્રિ, દિવસ ભૂમિ, આકાશ, વાયુ, જળ, અગ્નિ, મન, બુદ્ધિ, અહંકાર અને સર્વ પ્રાણિમાત્રના આદિભૂત તમેછો. ૮–૯. હે ઈશ્વર ! હે

* ત્રીશમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ અદિતિને કુંડળ આપશે તથા આદિતિ સ્તુતિ કરશે અને સત્યભામાના કહેવાથી ભગવાન ઇંદ્રનો પરાજય કરી પરિજાતનું હરણ કરશે.

દક્ષાદિ જગત્ને ઉત્પન્ન કરનારના અધિપતિ ! તમે બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ સ્વરૂપ વડે જગત્ની ઉત્પત્તિ, સ્થિતિ તથા નાશ કરેછો. ૧૦. તથા દેવ દૈત્ય, યક્ષ, રાક્ષસ, સિદ્ધ, પન્નગ, કૂષ્માંડ, પિશાચ, ગંધર્વ મનુષ્ય, પશુ, પક્ષી, મૃગ, પતંગ, વૃક્ષ, ગૂલ્મ, લતા, અન્યવેલી, દરેક જાતના ઘાસ, સ્થૂળ, મધ્યમ, સૂક્ષ્મ, સ્થૂળતર, સૂક્ષ્મતર આદિ જેટલા પ્રકારના દેહના ભેદ છે તથા જેટલા પ્રકારના પરમાણુ રુપદેહાશ્રી તજીવ છે તે તમામ તમેજછો. ૧૧–૧૩. પરમાત્મ સ્વરૂપને નહીં જાણનાર મૂઢ લોકોને મોહ કરનારી તમારી માયા અનાત્મ પદાર્થમાં આત્મબુદ્ધિ કરાવે છે. ૧૪. હે દેવ ! આ જગત્માં હું અને મારું એવા પ્રકારની જે મનુષ્યને બુદ્ધિ થાય છે તે સંસારની માતારુપ તમારી માયાનુંજ કાર્ય છે. ૧૫. હે નરનાથ ! જે સ્વધર્મ પરાયણ મનુષ્ય તમારી આરાધના કરે છે તે તમારી તમામ માયાથી તરી મોક્ષ મેળવવાને યોગ્ય થાય છે. ૧૬. બ્રહ્માદિ સઘળા દેવગણ, મનુષ્ય, તથા પશુઓ તમામ વિષ્ણુની માયારુપ ભ્રમમાં પડે છે તથા મોહરૂપ ઘોરઅંધકારથી ઢંકાઈ જાય છે એ પણ તમારી માયાનોજ પ્રભાવ છે. હે ભગવાન ! જે માયાના પ્રભાવથી જીવગણ જન્મકાળમાં તથા મરણકાળમાં પણ તમારી આરાધના કરિ કામ સમૂહરુપ અનેક મનોરથ પૂર્ણ કરવાની ઇચ્છા કરે છે. પરંતુ મોક્ષની ઇચ્છા કરતા નથી. મેં પણ પુત્રની ઈચ્છાથી તથા પુત્રના કલ્યાણની ઈચ્છાથી શત્રુ પક્ષનો નાશ કરવા માટે તમારી આરાધના કરી હતી; કીંતુ મોક્ષની ઇચ્છાથી કરી નહોતી. એ પણ તમારી માયાનોજ વિલાસ છે. ૧૮–૧૯. પુણ્યહીન મનુષ્યોને કલ્પવૃક્ષની પાસે જઇને પણ લંગોટી તથા વસ્ત્ર મેળવવાની ઇચ્છા છે એ તેના પોતાના દોષનો અપરાધ કહેવાય છે પણ કલ્પવૃક્ષનો તે અપરાધ ગણાતો નથી તેમ જે પુણ્યહીન લોક છે તે તમારી પાસે વિષયાભિલાસ પૂર્ણ કરવાની પ્રાર્થના કરે છે તે તેના કર્મથી ઉત્પન્ન થએલા અપરાધ શિવાય બીજું શું છે ? ૨૦ માટે હે અખિલ જગત્ને આપની માયાવડે મોહિત કરનાર ! હે અવિનાશી ! હે ભૂતેશ ! પ્રસન્ન થાઓ, અને ' હું વિદ્વાન છું ' એવા મારા અજ્ઞાનનો નાશ કરો. ૨૧. હે ચક્રધર ! હે શાર્ંગ ધારણ કરનાર ! તમને નમસ્કાર કરું છું. હે શંખ, ગદાને ધારણ કરનાર વિષ્ણુ ! આપને પ્રણામ છે. ૨૨. હે પરમેશ્વર ! હું આ તમારા સ્થૂળ ચિન્હવાળા સ્વરૂપને જોઉં છું, પરંતુ આપના પરમરૂપને જાણતી નથી. આપ મારી ઉપર પ્રસન્ન થાઓ. ૨૩.

પરાશર૦— એ પ્રમાણે અદિતિએ સ્તુતિ કર્યા પછી શ્રીકૃષ્ણે મંદ હાસ્ય કરી તે દેવમાતાને કહ્યું. હે દેવી ! તું મારી માતા છે, માટે મારીઉપર પ્રસન્ન થઈ મને વરદાન આપ. ૨૪.

અદિતિ૦—હે પુરુષવ્યાઘ્ર ! જેવી તમારી ઇચ્છા, બહુ સારુ, એમ થશે. તમને મૃત્યુલોકમાં દેવ તથા અસુર કોઈપણ જીતી શકશે નહીં. ૨૫. ત્યારપછી શ્રી

કૃષ્ણની પાછળ ઈંદ્રાણીની સાથે સત્યભામા એ આવી વારંવાર નમસ્કાર કરી 'પ્રસન્ન થાઓ' એમ અદિતિને કહ્યું. ૨૬.

અદિતિ૦—હે સુભ્રુ ! મારી પ્રસન્નતાથી તને વૃદ્ધાવસ્થા તથા કુરુપ પણું પ્રાપ્ત થશે નહીં, તેમજ હે નિર્દોષ શરીરવાળી ! તારા સઘળા મનોરથ પૂર્ણ થશે. ૨૭.

પરાશર૦—ત્યારપછી અદિતિની આજ્ઞાનુસાર દેવરાજ ઈંદ્રએ બહુમાન પુરસ્સર વિધિપૂર્વક શ્રીકૃષ્ણની પૂજા કરી. ૨૮. હે સાધુ શ્રેષ્ઠ ! પછી શ્રીકૃષ્ણ સત્યભામા સહિત દેવતાઓના નંદન આદિ મનોહર વન જોવાને માટે ગયા. ૨૯. તે વનમાં ઇંદ્રાણીને આનંદ કરનાર, રક્ત વર્ણનુ નવીન પત્રથી શોભાયમાન, સુંદર મંજરી (માજર) યુકત, અત્યંત સુગંધથી પરીપૂર્ણ, અમૃત મંથન કરતી વખતે ઉત્પન્ન થયેલું અને સુંદર ત્વચામય રૂપવાળું પરિજાત નામનું વૃક્ષ તે કેશી દૈત્યનો નાશ કરનાર જગન્નાથ શ્રીકૃષ્ણે જોયું. ૩૦. ૩૧. હે દ્વિજોત્તમ ! એ વૃક્ષને જોઈ સત્યભામા એ શ્રીકૃષ્ણને કહ્યું. આપ આ દેવવૃક્ષને દ્વારકામાં શા માટે લઈ જતા નથી ? ૩૨ 'સત્યભામા મને અત્યંત પ્રીય છે' એ વચન જો આપનું સત્ય હોય તો મારા ઘરના બગીચા માટે આ વૃક્ષ આપ લઈ લ્યો. ૩૩. હે શ્રીકૃષ્ણ ! આપે મને અનેકવાર મધુર વચન કહ્યાં છે કે હે સત્યે ! જેટલી તું મને પ્રિય છે તેટલી રુક્મિણી તથા જાંબુવતિ આદિ મને પ્રિય નથી. ૩૪. હે કૃષ્ણ ! એ આપના વચન કેવળ પ્રલોભન કરવાને માટે ન હોય અને જો તે સત્યજ હોય તો આ પારિજાત વૃક્ષથી મારા ઘરને વિભૂષિત કરો. ૩૫. કારણ કે આ પારિજાત વૃક્ષની મંજરીને હું મારા કેશ કલાપમાં ધારણ કરી મારી સપત્નિઓ (શોક) ના મધ્યમાં શોભાયમાન થાઉં એવી મારી ઇચ્છા છે. ૩૬.

પરાશર૦—એ પ્રમાણે સત્યભામાનું વચન સાંભળી શ્રીકૃષ્ણે કિંચિત્ હાસ્ય કરી તે પારિજાત વૃક્ષને ઉઠાવી ગરુડ ઉપર મુક્યું. તે વખતે તે વનના રક્ષકો બોલ્યા. ૩૭. હે ગોવિંદ ! આ પારિજાત વૃક્ષ દેવરાજ ઈંદ્રની પટરાણી શચીનું છે માટે એ વૃક્ષ આપને લઈ જવું યોગ્ય નથી. ૩૮. કારણ, દેવતાઓએ જ્યારે અમૃત મંથન કર્યું હતું તે વખતે આ વૃક્ષને ઈંદ્રાણીના આભૂષણને માટે નિર્માણ કર્યું હતું તેને લઈ આપ કુશળ પૂર્વક જઇ નહીં શકો. ૩૯. જે ઈંદ્ર શચીના મુખસામું એક સરખી રીતે જોઈ તેના મુખની ઇચ્છા કરનાર છે તે શચીએ પ્રીતિથી સ્વીકારેલા આ વૃક્ષની તમે ઇચ્છા કરો છો તે કેવળ મૂઢપણુંજ છે, કારણ આ વૃક્ષને લઈ જવાને કોણ શક્તિમાન્ છે ? ૪૦. હે કૃષ્ણ ! દેવેંદ્ર અવશ્ય આપના આ કાર્યનો પ્રતિકાર (વૈરનો બદલો) કરશે અને વજ્રધારી ઈંદ્રની પાછળ સઘળા દેવતાઓ પણ ચઢી આવશે. ૪૧. હે અચ્યુત ! એટલા માટે આપ દેવતા સાથે વૃથા વિરોધ ન કરો, કેમ કે જે કાર્ય પરિણામે વિષ સરખું છે તે કાર્યની જ્ઞાની

લોકો કદી પ્રશંસા કરતા નથી. ૪૨. એ પ્રકારે વનરક્ષકોનું વચન સાંભળી સત્યભામા અત્યંત ક્રોધ પામી બોલી. અરે! પારિજાતને ને શચીને શું સંબંધ છે? અને દેવતાઓનો રાજા ઈંદ્ર પણ કોણ છે? ૪૩. જ્યારે આ વૃક્ષ અમૃત મંથન કરતી વખતે ઉત્પન્ન થયું છે ત્યારે એની ઉપર સર્વનો સઘળો અધિકાર છે; તો પછી એકલો ઇંદ્રજ કેમ એ ગ્રહણ કરી શકે? ૪૪. હે વનરક્ષકો! જેમ સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા અમૃત, ચંદ્ર તથા લક્ષ્મી વગેરે ઉપર સર્વ લોકોની સત્તા છે તેમ આ પારિજાત વૃક્ષ ઉપર પણ સર્વની સરખી સત્તા છે. ૪૫. હમણા પોતાના સ્વામીના બાહુબળથી અત્યંત ગર્વિત થયેલી ઈંદ્રાણી જેમ આ વૃક્ષ લઈ જવાનો પ્રતિબંધ કરે છે તેમ તમે લોકો તેને જઇ કહો કે હરિપ્રીયા સત્યભામા પોતાના સ્વામીના બળથી પારિજાત વૃક્ષ હરણ કરી જાય છે. તમને ક્ષમા કરવાની આવશ્યકતા નથી. ૪૬. તમે સત્વર જઇને મારું વચન ઈંદ્રાણીને વિદિત કરો સત્યભામા અત્યંત ગર્વ પૂર્વક કહે છે કે તું જો તારા પતિને પ્રીય હોય અને સ્વામી તારે આધિન હોય, તો મારા સ્વામી જે વૃક્ષનું હરણ કરે છે તેનું નિવારણ કરાવ. ૪૭–૪૮. હું તારા પતિ ઈંદ્રને જાણું છું, એ ત્રણ લોકનો અધિપતિ છે એ પણ હું જાણું છું, પરંતુ હું મનુષ્ય સ્ત્રી થઇને પણ તારું આ પારિજાત વૃક્ષ હરણ કરી જાઉં છું. ૪૯.

પરાશર૦—એ પ્રમાણે સત્યભામાંએ કહેલાં વચન રક્ષક લોકોએ ઈંદ્રાણીને કહ્યાં તથા ઈંદ્રાણીએ પણ પોતાના દેવાધિનાથ ઈંદ્રને પારિજાત વૃક્ષનું હરણ કરવા દેવાના સંબંધમાં ઉત્સાહિત કર્યા. ૫૦ હે દ્વિજ! ત્યાર પછી ઈંદ્ર સંપૂર્ણ દેવ સૈન્યને સાથે લઈ પારિજાત વૃક્ષ પાછું લાવવાને માટે શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરવા ચાલ્યો. ૫૧. ઈંદ્ર હાથમાં વજ લઇ તથા સર્વ દેવ સૈન્ય હાથમાં પરિઘ, ખડ્ગ, ગદા, શૂળ, આદિ લઇ તૈયાર થયા. ૫૨. પછી દેવ સૈન્ય સહિત; ઈંદ્રને ઐરાવત હાથી ઉપર બેસી યુદ્ધ કરવાને માટે આવતો જોઇ શ્રીકૃષ્ણે શંખ વગાડ્યો. તે શંખના શબ્દથી તમામ દિશાઓ ગજાવી ધનુષ્ય ઉપર બાણ ચઢાવી હજારો બાણ મુક્યા. ૫૩–૫૪, ભગવાનના બાણોથી આકાશ તથા સર્વ દીશાઓ આચ્છાદિત થયેલી જોઈ દેવતાઓ પણ અનેક પ્રકારના શાસ્ત્રાસ્ત્ર મુકવા લાગ્યા. પરંતુ જગદીશ્વર શ્રીકૃષ્ણે કેવળ લીલા માત્રથી દેવતાઓના શસ્ત્રોના હજારો કટકા કરી દીધા. ૫૫–૫૬. તે સમયે ગરૂડે શલિલરાજ વરણના પાશને ચાંચના પ્રહારથી નાના સર્પ જેવડા કટકા કરી નાંખ્યા. ૫૮. દેવકી પુત્ર શ્રીકૃષ્ણે યમરાજના દંડને પોતાની ગદાના પ્રહારથી કટકેકટકા કરી પૃથ્વી ઉપર નાખી દીધા. ૫૮. તથા હરિએ ચક્રથી કુબેરની શિબિકાના તલ તલ જેવા ઝીણા કટકા કરી પોતાની દ્રષ્ટિથી સૂર્યના તેજને નષ્ટ કરી દીધું. ૫૯. અગ્નિને હજારો બાણથી છીન્નભિન્ન કરવાથી વસુગણો દશે દિશામાં ભાગી ગયા. ભગવાનના ચક્રથી શૂલાગ્રભાગ વિચ્છિન્ન થવાથી રુદ્રગણ પૃથ્વી ઉપર પડ્યા. ૬૦.

સાધ્યગણ, મરુદ્ગણ, વિશ્વદેવ અને ગંધર્વ આદિ શ્રીકૃષ્ણના બાણથી જેમ સીમલાનું રુ આકાશમાં ઉડે તેમ તેઓ આકાશમાં ભમવા લાગ્યા. ૬૧. તેમજ ગરૂડ પોતાના મુખથી ભક્ષણ કરતો, પાંખથી તાડન કરતો અને નખથી વિદારણ કરી દેવ સૈન્યનો નાશ કરતો હતો. ૬૨. શ્રીકૃષ્ણ તથા ઈંદ્ર બન્ને જણા જેમ મેઘની જળધારાનો વરસાદ થાય છે તેમ પરસ્પર હજારો બાણોનો વરસાદ વરસાવતા હતા. ૬૩. એ યુદ્ધમાં ગરૂડે ઐરાવત સાથે અને એકલા શ્રીકૃષ્ણે ઈંદ્રાદિ સઘળા દેવતાઓ સાથે મહાન યુદ્ધ કર્યું. ૬૪. પછી અનેક પ્રકારના શસ્ત્રાસ્ત્ર છિન્નભિન્ન થઇ જવાથી ઈંદ્રએ પોતાના હાથમાં વજ્ર અને શ્રીકૃષ્ણે પોતાના હાથમાં ચક્ર ધારણ કર્યું. ૬૫. હે દ્વિજોત્તમ! દેવરાજ ઈંદ્રને વજ્ર અને શ્રીકૃષ્ણને સુદર્શન ચક્ર ધારણ કરેલા જોઇ ત્રણ લોકમાં હાહાકાર થઇ રહ્યો. ૬૬. તે સમયે ઈંદ્રે ફેંકેલા વજ્રને શ્રીકૃષ્ણે પકડી પોતે ચક્રને ન ફેંકતાં તેને ' ઉભો રહે, ઉભો રહે ' એમ કહ્યું. ૬૭. ભગવાને વજ્ર નષ્ટ કરવાથી અને ગરૂડે તેના વાહનનો ક્ષય કરવાથી ઈંદ્ર નાસવા લાગ્યો, તે જોઈ સત્યભામા બોલી. ૬૮.

સત્યભામા૦—હે ત્રિલોકેશ્વર! આમ નાસી જવું ઈંદ્રાણીના પતિને યોગ્ય નથી, તમે શામાટે ભાગો છો. હમણા ઈંદ્રાણી પારિજાતની માળાથી વિભૂષિત થઈ સત્વર તમારી પાસે આવશે. ૬૯. પ્રથમ પારિજાતની માળાથી શોભાયમાન શચીને જોતાં આપને આનંદ થતો તે હમણા પારિજાત માળાથી રહિત શચીને જોઇ આપને દેવરાજ્યમાં શી રીતે સુખ થશે? ૭૦. હે ઈંદ્ર! નાસવાની કંઈ જરૂર નથી, લજ્જાયમાન ન થાઓ, લઈ જાઓ આ પારિજાત વૃક્ષ જેથી દેવતાની વ્યથા નાશ પામે. ૭૧. પરાક્રમી પતિના ગર્વથી અભિમાની શચીએ હું ઘેર આવી તે વખતે મારૂં બહુ માનપૂર્વક આતિથ્ય કર્યું નહોતું, તેથી સ્ત્રી સ્વભાવ પ્રમાણે મારૂં મન અલ્પ હોવાથી મેં મારા પતિના ગુણાનુવાદ ગાઇ તેને ઉત્તેજીત કરી આપની સાથે વિગ્રહ કરાવ્યો. ૭૨–૭૩. હે ઈંદ્ર! આ પરદ્રવ્ય રૂપ પારિજાત વૃક્ષનું હરણ કરી મારે શું કામ છે? શચી પોતાને અત્યંત રૂપવતિ સમજી પતિના ગર્વથી અહંકારી થઇ હતી. કઇ સ્ત્રી પોતાના પતિની ગૌરવતાથી ગર્વિત થતિ નથી? ૭૪.

પરાશર૦—હે દ્વિજ! એ પ્રમાણે સત્યભામાનું વચન સાંભળી દેવેંદ્ર પાછા ફરી નિર્મળ ભાવથી બોલ્યા. હે કોપને! હું તારો મિત્ર છું માટે મને ખેદ થાય એવાં તારાં વચન પુરાં કર. ૭૫. જે તમામ પ્રાણિની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરનાર વિશ્વરૂપ પરમાત્માથી હું પરાજય પામ્યો તેમાં મને જરાપણ લજ્જા નથી. ૭૬. હે દેવી! આદિ મધ્ય રહિત જે પરમાત્માને વિષે આ તમામ જગત્ રહ્યું છે. જેનાથી આ જગત્ ઉત્પન્ન થયું અને પ્રલય પછી જેનાથી પાછું આ જગત્ ઉત્પન્ન થશે. એ વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ અને નાશ કરનાર ભગવાનથી હું પરાજય પામ્યો તેમાં મને શાની લજ્જા હોય? ૭૭. જે તમામ ભૂવનોની ઉત્પત્તિના સ્થાન ભૂત થઈ જેની સ્વલ્પ પરમાણુથી પણ સૂક્ષ્મ મૂર્ત્તિ કેવા પ્રકારની છે તેનું જ્ઞાન સર્વજ્ઞ એવા બ્રહ્માને

પણ નથી, તે જન્મ રહિત, શાશ્વત અને જગત્ ઉપર ઉપકાર કરવાને માટે પોતાની ઇચ્છા થીજ મનુષ્ય સ્વરૂપ ધારણ કરનાર સ્વતઃ સિદ્ધ ઇશ્વરનો પરાજય કરવાને કોણ સમર્થ છે? ૭૮.

सकलभुवनसूतिर्मूर्तिरल्पाऽणुसूक्ष्मा विदितसकलवेद्यैर्ज्ञायते यस्य नाद्यैः ॥ तमजमकृतमीशं शाश्वतं स्वेच्छयैनं जगदुपकृतिमर्त्यं को विजेतुं समर्थः ॥ ७८ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમ અંશે ત્રિંશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૩૧ મો.

पराशर उवाच ॥ संस्तुतो भगवानित्थं देवराजेन केशवः ॥ प्रहस्य भावगंभिरमुवाचेदं द्विजोत्तम ॥ १ ॥

પરાશર કહેછે—હે મૈત્રેય! એ પ્રકારે દેવેંદ્રની સ્તુતિ સાંભળી શ્રીકૃષ્ણ હાસ્ય કરી સાભિપ્રાય ગંભિર ભાવથી બોલ્યા. હે જગત્ પતિ! આપ દેવના અધિપતિ ઈંદ્રછો અને હું મનુષ્ય છું માટે મેં જે અપરાધ કર્યો હોય તેની ક્ષમા કરો. ૧–૨. તમે આ પારિજાત વૃક્ષને લઇ તેના યોગ્ય સ્થાનમાં મુકો. હે ઇંદ્ર! એ મેં સત્યભામાના કહેવાથી કીધું હતું, તથા તમે જે આ વજ્ર મારી ઉપર મુક્યા પછી નષ્ટ થઈ નીચે પડયું છે તે પણ લઈ જાઓ. કારણ કે હે ઇંદ્ર! આ શત્રુનો નાશ કરનાર શસ્ત્ર આપનેજ યોગ્ય છે. ૩–૪.

ઈંદ્ર૦—હે ઈશ! હું મનુષ્ય છું એમ બોલી મને શું કામ મોહિત કરોછો? મને આપનું જેટલું સ્વરૂપ દેખાય છે તેટલાનુંજ જ્ઞાન છે; પરંતુ આપના સૂક્ષ્મસ્વરૂપનું જ્ઞાન નથી. ૫. હે દૈત્યનો નાશ કરનાર! આપ જે હો તે હો; પરંતુ જગત્નું રક્ષણ કરવામાં પ્રવૃત્ત થઇ જગત્ના કંટકરુપ દુષ્ટોનો સંહાર કરોછો. ૬. હે શ્રીકૃષ્ણ! આ પરિજાત વૃક્ષને આપ દ્વારકામાં લઈ જાઓ. આપે પૃથ્વીનો ત્યાગ કર્યા પછી તે ત્યાં રહેશે નહીં પાછું ઈંદ્રલોકમાં આવશે. ૭.

પરાશર૦—ત્યાર પછી ઇંદ્રને 'ઠીક બહુ સારુ' એમ કહી તે ઠેકાણે આવેલા સિદ્ધ, ગંધર્વ અને ઋષિ લોકોથી સ્તવન કરાયલા શ્રીકૃષ્ણ પૃથ્વી ઉપર આવ્યા. ૮. હે દ્વિજ! પછી શ્રીકૃષ્ણે દ્વારકાની પાસે આવી શંખનાદ કરી દ્વારકાવાસી જનોને હર્ષિત કર્યા. ૯. અને સત્યભામા સહિત શ્રીકૃષ્ણ ગરુડ ઉપરથી નીચે ઉતરી અંતઃપુર પાસે બાગમાં પરિજાત વૃક્ષને સ્થાપન કર્યું ૧૦. એ પારિજાત વૃક્ષની નીચે જવાથી સર્વ મનુષ્યને પૂર્વ જન્મનું સ્મરણ થતું હતું અને તેના પુષ્પની સુવા-

* એકત્રિશમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ સ્વર્ગમાંથી પારિજાત વૃક્ષને દ્વારકામાં લાવશે અને સોળ હજાર સ્ત્રીઓ સાથે વિવાહ કરશે એ કથા કહેવાશે.

સથી ત્રણ યોજન સુધી પૃથ્વી સુવાસિત થતી હતી. ૧૧. પછી યાદવ લોકો તે પારિજાત વૃક્ષને પોતાનું મુખ દેખાડતાં પોતે પોતાના શરીરને દેવ માનવા લાગ્યા. ૧૨. પછી શ્રીકૃષ્ણે સેવકોદ્વારા મોકલાવેલી નરકાસુરની રાજ્યલક્ષ્મિ તથા હાથી, ઘોડા અને સ્ત્રી વગેરેનો સ્વીકાર કર્યો. ૧૩. તથા શુભ સમય પ્રાપ્ત થતાં નરકાસુરને ત્યાંથી આણેલી સઘળી સ્ત્રીઓ સાથે શ્રીકૃષ્ણે વિવાહ કર્યા. ૧૪. હે મહાપ્રાજ્ઞ! તે સમયે શ્રીકૃષ્ણે એકજ વખતે જુદા જુદા ઘરમાં રહેલી તે કન્યાના ધર્મ પ્રમાણે પાણિ ગ્રહણ કર્યા. ૧૫. સોળ હજાર એકસો કન્યાઓની સાથે વિવાહ કરતી વખતે શ્રીકૃષ્ણે તેટલીજ સંખ્યાનાં પોતાના સ્વરુપ ધારણ કર્યાં હતાં. ૧૬. હે મૈત્રેય! તે દરેક કન્યાઓ પોતે શ્રીકૃષ્ણે મારી સાથેજ પાણિ ગ્રહણ કર્યુ છે એમ સમજવા લાગી. ૧૭. હે વિપ્ર! તે વિશ્વરુપ ધારણ કરનાર જગત્પતિ શ્રીકૃષ્ણ રાત્રિએ અનેક સ્વરુપ ધારણ કરી દરેક સ્ત્રીઓને ત્યાં નિવાસ કરતા હતા. ૧૮.

निशासु जगतः स्रष्टा तासां गेहेषु केशवः ॥
उवास विप्र सर्वासां विश्वरूप धरो हरिः ॥ १८ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમ અંશે એકત્રિંશો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૩૨ મો.

पराशर उवाच ॥ प्रद्युम्नाद्या हरेः पुत्रा रुक्मिण्यां कथितास्तव ॥
भानुं भैमरिकं चैव सत्यभामा व्यजायत ॥ १ ॥

પરાશર કહે છે—શ્રીકૃષ્ણના રુક્મિણીનેવિષે પ્રદ્યુમ્ન આદિ પુત્ર થયા તે મેં તને કહ્યા છે. સત્યભામાના ભાનુ તથા ભૈમરિક નામના બે પુત્ર થયા. ૧. શ્રીકૃષ્ણની રોહિણી નામની સ્ત્રીને વિષે દ્વિમિમંત તથા પ્રપક્ષ આદિ અને જાંબવતીને વિષે સાંબ આદિ પરાક્રમી પુત્રો થયા. ૨. નાગ્નજીતીને વિષે મહા બળવાન્ ભદ્રવિંદ આદિ, શૈબ્યાને વિષે સંગ્રામજીત્ આદિ, માદ્રિને વિષે વૃક આદિ, લક્ષ્મણાને વિષે ગાત્રવાન્ આદિ અને કાલિંદિને વિષે શ્રુત આદિ પુત્રો થયા. ૩. ૪. શ્રીકૃષ્ણની અન્ય સ્ત્રીઓને વિષે એક લાખ ને એંશી હજાર પુત્રો થયા. એ સઘળામાં રુક્મિણીનો પુત્ર પ્રદ્યુમ્ન મોટો હતો. પ્રદ્યુમ્નથી અનિરૂદ્ધ અને અનિરુદ્ધનો પુત્ર વજ્ર થયો. ૫. હે દ્વિજોત્તમ! મહા બળવાન અનિરુદ્ધે બલી રાજાના પુત્ર બાણાસુરની પુત્રિ ઉષા (ઓખા) સાથે વિવાહ કર્યા. તે વિવાહ માટે શ્રીકૃષ્ણ તથા મહાદેવ એ બન્નેને પરસ્પર ભયં-

---

* બત્રિશમા અધ્યાયમાં શ્રીકૃષ્ણની અન્ય સ્ત્રીઓના વંશનું વર્ણન તથા અનિરૂદ્ધ અને ઉષાના વિવાહની કથા કહેવાશે.

ફરી યુદ્ધ થયું હતું તેમાં હરિએ બાણાસુરના હજાર હાથ છેદી નાખ્યા હતા. ૭. ૮.

મૈત્રેય૦—હે બ્રહ્મન્ ! ઉષાને માટે મહાદેવને અને શ્રીકૃષ્ણને યુદ્ધ શા માટે કરવું પડયું ? તથા શ્રી હરિએ બાણાસુરના હાથ શા માટે છેદન કર્યા ? ૯. આપ એ કથા મારી પાસે કહો. ભગવાનની લીલા શ્રવણ કરવાની મને ઇચ્છા છે. ૧૦.

પરાશર૦—હે મૈત્રેય ! બાણાસુરની પુત્રિ ઉષાએ મહાદેવ અને પાર્વતીને ક્રીડાકરતાં જોઈ તેપ્રકારે પોતાને પણ પતિસાથે ક્રીડા કરવાની ઇચ્છા થઇ. તે જાણી સર્વના મનની વાત જાણનાર પાર્વતીએ ઉષાને કહ્યું, કે તું ચિંતા ન કર, કારણ કે તું પણ તારા પતિ સાથે એજ પ્રકારે ક્રીડા કરીશ. ૧૧. ૧૨. એમ પાર્વતીની વાણિ સાંભળી ઉષા પોતાના મન સાથે વિચાર કરવા લાગી, કે ' મારા પતિ કોણ થશે ? અને તે ક્યારે થશે ? તે વખતે પાર્વતીએ ફરીથી તેને કહ્યું. હે રાજપુત્રી ! વૈશાખ માસની શુકલ દ્વાદશીની રાત્રિએ સ્વપ્નમાં જે પુરુષ તારો પરાજય કરશે તે તારો પતિ થશે ૧૩. ૧૪.

પરાશર૦—ત્યાર પછી પાર્વતીના વચનાનુસાર વૈશાખ શુદ દ્વાદશીની રાત્રિએ ઉષાએ સ્વપ્ન જોયું તેમાં એક પુરુષે બળપૂર્વક તેનો પરાજય કર્યો અને ઉષાપણ તે પુરૂષ ઉપર આસકત થઇ. ૧૫. પછી સ્વપ્નના અંતમાં જાગ્રત થઇ સ્વપ્નમાં જોયેલા પુરૂષને ન જોવાથી અત્યંત ઉત્કંઠિત થઈ નિર્લજ્જ ભાવથી સખીને જાણ કરવા માટે હે નાથ ! તમે કયાં ગયા ? એમ બોલી. ૧૬. બાણાસુરના કુભાંડ નામના પ્રધાનની પુત્રી ચિત્રલેખા ઉષાની સખી હતી. તે ચિત્રલેખાએ ઉષાને કહ્યું. હે રાજપુત્રિ ! તું કોની સાથે વાત કરે છે ? ૧૭. પરંતુ લજ્જાથી વ્યાકૂળ થયેલી તે રાજપુત્રિએ તેને કંઈપણ ન કહ્યું. તે વખતે તેણે સોગન આદિથી ઉષાને વિશ્વાસ ઉત્પન્ન કરી તેની પાસેથી સઘળું વૃત્તાંત જાણી લીધું. ૧૮. ચિત્રલેખાને સ્વપ્નનું સઘળું વૃત્તાંત કહ્યા પછી ફરીથી પાર્વતીના વરદાનની વાત કહીને ઉષા બોલી. હે સખી ! પાર્વતીના વચન પ્રમાણે એજ મારો પતિ છે તો તેને મેળવવા માટે સત્વર ઉપાય કર. ૧૯.

પરાશર૦—એ પ્રકારે ઉષાએ કહ્યા પછી ચિત્રલેખાએ ચિત્રપટ ઉપર મુખ્ય મુખ્ય દેવ, અસુર, ગંધર્વ તથા મનુષ્યના ચિત્ર કાઢી તેને બતાવ્યાં. ૨૦. પરંતુ તેણે તે ચિત્રો જોઇ દેવ, ગંધર્વ તથા અસુરોનો ત્યાગ કરી મનુષ્ય લોક ઉપર દ્રષ્ટિ દ્રઢ કરી. તેમાં પણ વૃષ્ણિ કુળના યાદવમાં શ્રીકૃષ્ણ તથા બળરામને જોતાંજ તે સુંદરી જડજેવી થઇ ગઇ. ૨૧. હે દ્વિજ ! પછી પ્રદ્યુમ્નની છબી જોઇ ઉષાએ બીજી તરફ દ્રષ્ટિ કરી તેવખતે પ્રદ્યુમ્ન પુત્ર અનિરૂદ્ધની મનોહર છબી જોઈ કે તરત તેની દ્રષ્ટિ અત્યંત વિકાસ પામી તે એવી તો ગદ્‌ગદ થઇ ગઇ કે તેની લજ્જા પણ કોણ જાણે કયાં એ જતી રહી. ૨૨. ૨૩. પછી ઉષા ' તે એજ છે,

તે એજ છે મ્હારા,' એમ અર્ધ વચન બોલ્યા પછી ચિત્રલેખા પોતાની સખીને ધીરજ આપી યોગબળથી અનિરુદ્ધને લાવવા માટે દ્વારકા ગઇ. ૨૪.

सोऽयं सोऽयं ममेत्युक्ते तया सा योगगामिनी ॥
ययौ द्वारवतीमूषां समाश्वास्य ततः सखीम् २ ४ ॥
ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમઅંશે દ્વાત્રિંશોઅધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૩૩ મો.

पराशर उवाच ॥ बाणोऽपि प्रणिपत्याग्रे मैत्रेयाह त्रिलोचनम् ॥
देवबाहुसहस्रेण निर्विण्णोऽहं विना रणम् ॥१॥

પરાશર કહેછે—હે મૈત્રેય! પૂર્વે એક સમય બાણાસુરે મહાદેવને નમસ્કાર કરી કહ્યું કે હે દેવ! યુદ્ધ કર્યા વગર હું આ હજાર હાથ લઈ ઘણો દુઃખી થયો છું. ૧. શું કદી મારા હાથને સફળ કરનાર સંગ્રામ નહીં થાય? કારણ, યુદ્ધ શિવાય મારા આ બીજા રૂપ બાહુઓનો શું ઉપયોગ? ૨.

શંકર—હે બાણ! જ્યારે તારી મયૂરધ્વજા ભાંગી પડશે ત્યારે માંસ ભક્ષક જંતુઓને આનંદ આપનાર ભયંકર યુદ્ધની તને પ્રાપ્તિ થશે. ૩.

પરાશર૦—એ પ્રમાણે મહાદેવનું વચન સાંભળી તેને નમસ્કાર કરી આનંદ પામી પોતાને ઘેર આવ્યો. તે સમયે મયૂર ધ્વજાને ભાંગેલી જોઇ તે ભાંગ્યા પહેલાં જે હર્ષ નહોતો તેના કરતાં ઘણો હર્ષ બાણાસુરને થયો. ૪. અહીં યોગ વિદ્યાના બળથી ચિત્રલેખા નામની શ્રેષ્ઠ અપ્સરા (ઉષાની સખી) અનિરુદ્ધને ઉષાની પાસે લાવી હતી. ૫. પછી કન્યાના અંતઃપુરમાં ઉષાની સાથે અનિરુદ્ધને ક્રીડા કરતા જોઇ રક્ષકોએ દૈત્યરાજ બાણાસુરની પાસે જઈ સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. ૬. તે સાંભળી બાણાસુરે રાક્ષસ સૈન્યને યુદ્ધ કરવાની આજ્ઞા આપી, તે આવેલા સૈન્યનો શત્રુનાશક અનિરુદ્ધે લોહમય પરિઘના પ્રહારથી નાશ કર્યો. ૭. તે સૈન્યનો વધ થયા પછી અનિરુદ્ધને મારવાની ઈચ્છાથી બાણાસુર રથમાં બેસી પોતાની શક્તિ પ્રમાણે યુદ્ધ કરતો હતો છતાં જ્યારે અનિરુદ્ધે પોતાના પરાક્રમથી તેનો પરાજય કર્યો તે વખતે તેણે પોતાના પ્રધાનના કહેવાથી તે અનિરુદ્ધ સાથે અનેક પ્રકારની માયાથી યુદ્ધ કરવા લાગ્યો અને તેને સર્પાસ્ત્રથી બાંધી લીધો. ૮.૯. અહીં દ્વારકામાં પણ ' અનિરુદ્ધ ક્યાં છે? ' એમ યાદવો અરસપરસ બોલતા હતા એટલામાં નારદ-

* તેત્રિશમા અધ્યાયમાં બાણાસુર નિમિત્ત મહાદેવ અને શ્રીકૃષ્ણનું ભયંકર યુદ્ધથશે તેમાં બાણાસુરના હજાર હાથનું છેદન થશે એ કથા કહેવાશે.

મુનિ ત્યાં આવી બોલ્યા. ' બાણાસુરે અનિરુદ્ધને બાંધ્યો છે. ૧૦. તથા તેને યોગ વિદ્યામાં ચતુર ચિત્રલેખા શોણિત પુરમાં લઈ ગઇ છે.' એમ સાંભળી યાદવો જે સંદેહમાં પડયા હતા કે ' પારિજાતનું હરણ કરવાથી દેવતાઓએ અનિરુદ્ધનું હરણ કર્યું હશે ' તે સંશય નાશ પામ્યો. ૧૧. પછી સ્મરણ કરતાંજ આવેલા ગરુડ ઉપર બેસી બળદેવ તથા પ્રદ્યુમ્નની સાથે શ્રીકૃષ્ણ બાણાસુરના નગરમાં ગયા. ૧૨. નગરમાં પ્રવેશ કરતાં પહેલાં મહાત્મા શ્રીકૃષ્ણને ગણોની સાથે યુદ્ધ થયું, શ્રીહરિ તેનો નાશ કરી બાણાસુરના નગર પાસે આવ્યા. ૧૩. તે સમયે બાણાસુરનું રક્ષણ કરવા માટે મહાદેવે ઉત્પન્ન કરેલા ત્રિપાદ તથા ત્રિશિરા નામના જ્વરોએ શ્રીકૃષ્ણ સાથે મહાન્ યુદ્ધ કર્યું. ૧૪. એ જ્વરોના આયુધરુપ ભસ્મના સ્પર્શથી બળરામને સંતાપ થયો પણ શ્રીકૃષ્ણના અંગસ્પર્શથી નેત્રવીંચિ બળરામ શાંતિ પામ્યા. ૧૫. ત્યારપછી શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરતાં તે જ્વરનો શ્રીકૃષ્ણના શરીરમાંથી ઉત્પન્ન થયેલા વૈષ્ણવ જ્વરે પરાજય કર્યો. ૧૬. પછી શ્રીકૃષ્ણના બાહુના પ્રહારથી અત્યંત પીડા પામી વિહ્વળ થયેલા શૈવ જ્વરને જોઈ બ્રહ્મદેવે કૃષ્ણને કહ્યું. 'આપ એને ક્ષમા કરો.' ૧૭. પછી ' મેં તેને ક્ષમા કરી છે ' એમ બોલી ભગવાને વૈષ્ણવ જ્વરને પોતાના શરીરમાં સમાવી દીધો. ૧૮. તે સમયે શૈવજ્વર બોલ્યો ' મારે આપની સાથે જે યુદ્ધ થયુ છે. તેનું જે કોઈ મનુષ્ય સ્મરણ કરશે તેનો જ્વર નાશ પમાશે ' એમ કહી ત્યાંથી ચાલ્યો ગયો. ૧૯. ત્યારપછી શ્રીકૃષ્ણે પાંચ અગ્નિઓનો પરાજયકરી લીલા માત્રથી દાનવોની સેનાનો પણ નાશ કર્યો. ૨૦. તે જોઇ બલી પુત્ર બાણાસુર દૈત્ય સૈન્ય, મહાદેવ, તથા કાર્તિક સ્વામીને સાથે લઈ કૃષ્ણ સાથે યુદ્ધ કરવા લાગ્યો. ૨૧. તે સમયે હરિનું તથા હરનું પરસ્પર અત્યંત દારૂણ યુદ્ધ થયું. એ યુદ્ધમાં શસ્ત્રના કિરણોથી તાપ પામી તમામ લોક અતીશય વ્યાકૂળ થયા હતા. ૨૨. એ મહા યુદ્ધ થવાથી દેવતાઓ વિચાર કરવા લાગ્યા કે આજે સર્વ જગત્નો પ્રલય થશે કે શું ? ૨૩. પછી હરિએ જંભણાસ્ત્ર નામનું બાણ મુક્યું તેથી મહાદેવ બગાંસા ખાવા લાગ્યા તે જોઇ પ્રથમ ગણ તથા દૈત્ય લોકો યુદ્ધમાંથી નાસી ગયા. ૨૪. મહાદેવ જંભણાસ્ત્રને વશ થવાથી તે રથમાં બેઠા પરંતુ મહા બળવાન શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરવામાં સમર્થ થયા નહીં ૨૫. કાર્ત્તિક સ્વામીના વાહન મયૂરને ગરુડે પાંખથી પિડીત કર્યો તથા પોતે પણ પ્રદ્યુમ્નના શસ્ત્રથી પીડા પામી શ્રીકૃષ્ણના હુંકાર માત્રથી શક્તિહીન થવાથી પાછા ચાલ્યા ગયા. ૨૬. એ પ્રમાણે મહાદેવને આળસ યુકત, દૈત્ય સૈન્યનો નાશ, કાર્ત્તિકસ્વામીનો પરાજય અને પ્રમથગણોને નાસી જતા જોઇ બાણાસુર નંદિકેશ્વરથી જોડેલા મોટા રથઉપર બેસી કૃષ્ણ, બળરામ તથા પ્રદ્યુમ્ન ની સાથે યુદ્ધ કરવા માટે આવ્યો. ૨૭. ૨૮. તે સમયે મહા બળવાન્ બળરામે પોતાના બાણોથી બાણાસુરની સેનાનો પરાજય કર્યો. તેથી જે વીર પુરુષો ધર્મને

અનુસરી પલાયન કરતા હોતા તે પણ નાસવા લાગ્યા. ૨૯. તે બાણાસુરે જોયું કે બળરામ હળ, મુશળથી અને શ્રીકૃષ્ણ બાણથી દૈત્ય સૈન્યનો નાશ કરે છે. ૩૦. તે સમયે બાણાસુર કૃષ્ણની સાથે યુદ્ધકરવા લાગ્યો. એ બન્ને જણા એક બીજા ઉપર કવચને ભેદી નાખનારાં પ્રદિપ્ત બાણો છોડતા હતા. ૩૧. પછી શ્રીકૃષ્ણે ધીમે ધીમે બાણાસુરે મુકેલા બાણોને છેદી નાખ્યાં, તે વખતે બાણાસુરે શ્રીકૃષ્ણને પણ વીંધી નાખ્યા. ૩૨. હે બ્રહ્મન્ ! એ પ્રકારે પરસ્પર જીતવાની ઇચ્છાથી તે બન્ને જણા અત્યંત અસહનીય શસ્ત્રાસ્ત્રનો વરસાદ વરસાવવા લાગ્યા. એમ અનેક બાણ છીન્ન થઇ તથા કેટલાક શસ્ત્રાસ્ત્રને નીષ્ફળ થયેલાં જોઇ શ્રીકૃષ્ણે બાણાસુરનો વધ કરવાની ઇચ્છા કરી. ૩૩. ૩૪. પછી દૈત્યનો નાશ કરનાર શ્રીહરિએ હજારો સૂર્ય સમાન કાંતિમાન્ સુદર્શન ગ્રહણ કર્યું. ૩૫. બાણાસુરનો નાશ કરવા તૈયાર થયેલા શ્રીકૃષ્ણને જોઈ દૈત્ય કુળની માયાવિદ્યા કોટવી નગ્ન અવસ્થામાં આવી હરિની સામે ઉભી રહી. ૩૬. ભગવાને તે નગ્ન સ્ત્રીને સામે ઉભેલી જોઈ પોતાના નેત્ર મીંચીદીધાં; પરંતુ શત્રુની ભુજા કાપી નાખવામાટે બાણાસુરના ઉદ્દેશથી સુદર્શનચક્ર મુકયું. શત્રુઓએ મુકેલાં શસ્ત્રાસ્ત્રનો નાશ કરી તે સુદર્શન ચક્રે એક પછી એક એમ બાણાસુરના હાથ કાપી નાંખ્યા. ૩૭. ૩૮. બાણાસુરના હાથ કાપ્યા પછી સુદર્શનચક્ર પોતાની પાસે આવેલું જોઇ શ્રીકૃષ્ણે તેનો નાશ કરવા માટે ફરીથી ચક્ર મુકવાની ઇચ્છા કરી. તે સમયે મહાદેવ કૃષ્ણના મનની વાત જાણી તથા બાણાસુરના હાથ કપઇ તેમાંથી રૂધિર નિકળતું જોઈ શ્રીકૃષ્ણની પાસે જઈ બોલ્યા. ૩૯. ૪૦.

મહાદેવ૦—હે કૃષ્ણ ! હે શ્રીકૃષ્ણ ! હે જગન્નાથ ! આપ પુરૂષોત્તમ, પરેશ પરમાનંદ સ્વરૂપ, આદ્યંત રહિત, સર્વથી શ્રેષ્ઠ શ્રીવિષ્ણુછો એવા હું આપને જાણુછું. ૪૧. દેવ, પશુ, પક્ષી તથા મનુષ્ય વગેરેમાં આપનો અવતાર કેવળ લીલા માત્ર છે. એ અવતારના કરેલાં કૃત્ય તે તમને ઓળખવાનું સાધન છે. ૪૨. હે પ્રભુ ! આપ પ્રસન્ન થાઓ, મેં પ્રથમ આ બાણાસુરને અભય દાન આપ્યું છે માટે મારાં પૂર્વોક્ત વચનને મિથ્યા કરશો નહીં. ૪૩. હે અવિનાશી ! આપનો અપરાધ કરનાર આ દૈત્ય મારા આશ્રયથી વૃદ્ધિ પામ્યો છે, એને મેં વરદાન આપ્યું છે માટે હું (તેનાવતિની) આપની ક્ષમા માગું છું. ૪૪

પરાશર૦—મહાદેવનું વચન સાંભળી દૈત્ય ઉપરથી ક્રોધનો ત્યાગકરી પ્રસન્ન વદનથી શ્રીકૃષ્ણે ઉમાપતિને કહ્યું. ૪૫.

ભગવાન૦—હે શંકર ! જ્યારે આપે એને વરદાન આપ્યું છે ત્યારે એ જીવતોજ રહેશે, આપના વચનને માન આપી હું મારૂં ચક્ર પાછું ખેંચી લઉંછું. ૪૬. જેને આપે અભય આપ્યું તેને મેંજ આપ્યુંછે. હે શંકર ! આપ મારાથી ભિન્ન નથી જે હું છું તેજ તમે છો, એમ સમજો. આ દેવ, અસુર તથા મનુષ્યથી પરિપૂર્ણ

આ જગત્ પણ મારૂંજ સ્વરુપ છે પરંતુ જેનું અંતઃકરણ અવિદ્યાથી મોહિત થઈ ગયું છે તેનેજ એ સઘળું જુદું જુદું દેખાય છે. ૪૮.

પરાશર૦—એ પ્રમાણે ભાષણ કરી શ્રીકૃષ્ણ જે ઠેકાણે અનિરુદ્ધ હતો ત્યાં ગયા તે સમયે ગરુડને આવવાના વેગથી શુષ્ક થઈ ગયેલા અનિરુદ્ધને બંધન કરનારા સર્પો નાશ પામ્યા. પછી અનિરૂદ્ધને તેની પત્નિ ઉષા સહિત ગરુડઉપર બેસાડી બળરામ, શ્રીકૃષ્ણ તથા પ્રદ્યુમ્ન દ્વારકામાં આવ્યા. ૪૯. ૫૦.

ततोऽनिरुद्धमारोप्य सपत्नीकं गरुत्मति ॥
आजग्मुर्द्वारकां राम कार्ष्णिदामोदराः पुरीम् ॥ ५० ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમ અંશે ત્રયસ્ત્રિંશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૩૪ મો.

मैत्रेय उवाच ॥ चक्रे कर्म महच्छौरिर्बिभ्रत्सन्मानुषीं तनुम् ॥
जिगाय शक्रं सर्वं च सर्वं दैवांश्च लीलया ॥ १ ॥

મૈત્રેય કહે છે—શ્રીકૃષ્ણે મનુષ્ય સ્વરૂપ ધારણ કરી મોટાં મોટાં કર્મો કર્યાં. ઈંદ્રનો પરાજય કર્યો તથા શંકરનો અને સર્વ દેવતાઓનો પણ લીલા માત્ર થી પરાભવ કર્યો. ૧. એ સર્વ કથા મેં આપની પાસે સાંભળી. હવે એ શિવાય બીજાં જે કંઇ ભગવાને દિવ્ય ચેષ્ટા તથા કર્મ કર્યાં હોય તે કથન કરો. કારણકે તે સાંભળવાની મને ઘણી ઇચ્છા થાય છે, ૨.

પરાશર કહેછે—હે વિપ્રર્ષિ! શ્રીકૃષ્ણે મનુષ્યાવતાર ધારણ કરી જેવી રીતે વારાણસીપુરી બાળી નાંખી એ કથા કહુંછું તે આદરપૂર્વક શ્રવણ કર. ૩. પૂર્વે પૌંડ્ર દેશમાં ઉત્પન્ન થયેલો પૌંડ્રક રાજા હતો તેને અજ્ઞાનથી મોહ પામી લોકોએ કહ્યું કે 'આપ વાસુદેવ રુપથી આ જગત્માં ઉત્પન્ન થયાછો' એ પ્રકારે સાંભળી તે પૌંડ્રક રાજા લોકોમાં વાસુદેવ નામથી પ્રસિદ્ધ થયો. ૪. તે પોતાને 'હું પૃથ્વી ઉપર શ્રીવિષ્ણુરૂપે અવતર્યોછું' એમ માનવા લાગ્યો. તેથી તેને હું મનુષ્યછું એવી સ્મૃતિ નષ્ટ થઈ તેણે શ્રીવિષ્ણુના સઘળા ચિન્હ ધારણ કર્યાં. ૫. અને મહાત્મા શ્રીકૃષ્ણને દૂતોદ્વારા સંદેશો મોકલ્યો કે 'હે મૂઢ! તું મારા ચક્રાદિ ચિન્હ તથા મારાં નામનો ત્યાગ કરી પોતાના જીવનની રક્ષા માટે મારી પાસે આવી મને પ્રણામ કર.' ૬–૭. દૂતે જઇને એ સર્વ વાત શ્રીકૃષ્ણની પાસે જઇને કહી તે સાંભળી શ્રીકૃષ્ણે હાસ્ય કરી દૂતને કહ્યું. હે દૂત! તું તારા સ્વામીને જઈને કહે કે 'તારા વચનનો

* ચૌત્રસભા અધ્યાયમાં પૌંડ્રકનો તથા કાશિરાજનો શ્રીકૃષ્ણ નાશ કરશે અને સુદર્શન ચક્રથી કાશિને બાળી મુકશે. એ કથા કહેવાશે.

આશય હું સમજ્યોછું તારે જે કરવું હોય તે કર.' ૯. હું મારા ચિન્હ ધારણ કરીને તારા નગરમાં આવીશ અને તે ચિન્હ નિઃસંશય તારી ઉપર છોડીશ ૧૦. જ્યારે તેં મને આજ્ઞા કરી છે કે 'તું અહીં આવ' તો હું વિલંબ ન કરતાં અવશ્ય કાલ તારી આજ્ઞાનું પાલન કરીશ. ૧૧. વળી હું તારી પાસે આવી એવું કરીશ કે જેથી ફરીને મારે તારા તરફથી કોઈ પણ પ્રકારના ભયનો સંભવજ રહે નહીં. ૧૨.

પરાશર૦—એ પ્રકારે ભગવાનનું વચન સાંભળી દૂત ત્યાંથી વિદાય થયો. પછી શ્રીકૃષ્ણે ગરુડને બોલાવી તેની ઉપર બેસી સત્વર પૌંડ્રકના નગર તરફ ગયા. ૧૩. અહીં શ્રીકૃષ્ણનો યુદ્ધ કરવાનો ઉદ્યોગ સાંભળી કાશીરાજ સર્વ સૈન્ય સાથે લઇ પૌંડ્રકને સહાય કરવાને આવ્યો. ૧૪. અને મિથ્યા વાસુદેવ પોતાનું સૈન્ય કાશી-રાજના સૈન્ય સાથે એકઠું કરી શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરવા બહાર નીકળ્યો. ૧૫. શ્રીકૃષ્ણ ભગવાને તેને ઉત્તમ પ્રકારના રથ ઉપર બેસી હાથમાં શંખ, ચક્ર, ગદા, ખડ્ગ અને કમળ, તથા કંઠમાં માળા ધારણ કરી અને જેણે શાર્ઙ્ગ ધનુષ ગ્રહણ કર્યું છે એવો આઘેથી જોયો તેમજ તેણે ધ્વજને વિષે ગરુડની યોજના કરી પોતાના વક્ષઃ-સ્થળમાં શ્રીવત્સનું ચિન્હ ધારણ કરેલું છે એમ પણ શ્રીકૃષ્ણે જોયું. ૧૬—૧૭. એ પ્રકારે કિરીટ કુંડળ તથા પીતાંબર ધારી પૌંડ્રકને જોઈ શ્રીકૃષ્ણે સાભિપ્રાય અને ગંભિર હાસ્ય કર્યું. ૧૮. હે દ્વિજ! પછી તરવાર, બે તરફ ધારવાળું ખડ્ગ, ગદા, શૂળ, શક્તિ અને ધનુષ્ય વગેરે આયુધવાળી હાથી, ઘોડા, રથ આદિથી યુકત બળ-વાન્ સૈન્યા સાથે શ્રીકૃષ્ણ યુદ્ધ કરવા લાગ્યા. ૧૯. એક ક્ષણવારમાં શાર્ઙ્ગ ધનુષ્યમાંથી છુટેલા શત્રુને નાશ કરનાર બાણથી, ગદાથી અને ચક્રથી પૌંડ્રકની સૈન્યાનું મર્દન કરવા લાગ્યા. ૨૦. એવી રીતે કાશિરાજની સૈન્યાનો પણ નાશ કરી શ્રીકૃષ્ણે પોતાના ચિન્હ ધારણ કરનાર પૌંડ્રકને કહ્યું. ૨૧.

ભગવાન૦—હે પૌંડ્રક! તેં દૂતજોડે મને જે ચિન્હનો પરિત્યાગ કરવાનું કહ્યું હતું તે હું તારે માટે કરૂંછું. ૨૨. મેં આ ચક્રનો પરિત્યાગ કર્યો, આ ગદા તારે માટે છોડી અને મેં મારા ગરુડને પણ આજ્ઞા કરી છે તેને તારી ધ્વજા ઉપર બેસવા દે. ૨૩.

પરાશર૦—એ પ્રમાણે બોલી શ્રીકૃષ્ણે મુકેલા ચક્રએ તથા ગદાએ તેનો નાશ કર્યો અને ગરૂડે તેના ગરુડાભિમાની વાહનનો નાશ કર્યો. ૨૪. પછી સર્વ લોકોને હાહાકાર કરતા જોઇ બળવાન્ કાશિરાજએ પોતાના મિત્રના ઋણમાંથી મુકત થવા માટે શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કર્યું. ૨૫. તે સમયે શ્રીકૃષ્ણે શાર્ઙ્ગ ધનુષ્યમાંથી છોડેલા બાણવડે તેનું મસ્તક કપાઇ કાશિપુરીમાં જઈને પડયું તે જોઇ સર્વલોક વિસ્મય પામ્યા. ૨૬. એ પ્રમાણે પૌંડ્રકનો અને સૈન્ય સહિત કાશિરાજનો વધ કરી શ્રીકૃષ્ણ પુનઃ સ્વર્ગસમાન દ્વારકામાં આવ્યા. ૨૭. અહીં કાશિરાજનું મસ્તક

નગરમાં પડેલું જોઈ સર્વલોક વિસ્મય પામી ' અરે! આશું ? આ કૃત્ય કોણે કર્યું. ? એમ પરસ્પર બોલવા લાગ્યા. ૨૮. પછી પોતાના પિતાનો શ્રીકૃષ્ણે વધ કર્યો છે એમ જાણી કાશિરાજના પુત્રે પોતાના પુરોહિતને સાથે લઈ મહાદેવની આરાધના કરી તેને પ્રસન્ન કર્યા. ૨૯. અવિમુક્ત નામના મહાક્ષેત્રમાં કાશિરાજના પુત્રની આરાધનાથી પ્રસન્ન થઇ મહાદેવ બોલ્યા ' હે પુત્ર! વરમાગ ' ૩૦ તે વખતે તેણે વર માગ્યો કે હે ભગવન્! મારા પિતાનો નાશ કરનાર શ્રીકૃષ્ણનો નાશ કરવા માટે આપની કૃપાથી કૃત્યા ઉત્પન્ન થાય.' ૩૧.

પરાશર૦—તે સાંભળી મહેશ્વર ' તથાસ્તુ' એમ બોલ્યા પછી તેની અગ્નિશાળાના દક્ષિણાગ્નિમાંથી એક મહાન્ કૃત્યા ઉત્પન્ન થઇ. ૩૨. મહાજ્વાળાથી વ્યાપ્ત અને દેદિપ્યમાન કેશવાળી અત્યંત ક્રોધ પામેલી તે કૃત્યા ' કૃષ્ણ, કૃષ્ણ' એમ બોલતી બોલતી દ્વારકામાં ગઈ. ૩૩. હે મુનિ! એ વિકરાળ કૃત્યાને જોઇ સર્વલોક ભયભિત થઇ જગત્નું રક્ષણ કરનાર શ્રીકૃષ્ણને શરણે ગયા. ૩૪. તે સમયે શ્રીકૃષ્ણ પાસાંની રમત રમતા હતા. તેણે જાણ્યું કે આ કૃત્યા કાશિરાજના પુત્રે મહાદેવની આરાધના કરી ઉત્પન્ન કરી છે પછી શ્રીકૃષ્ણે 'આ અગ્નિજ્વાળા રુપી જટાથી વ્યાપ્ત ભયંકર કૃત્યાનો નાશ કર' એમ બોલી પોતાનું સુદર્શન ચક્ર મુક્યું. ૩૫. ૩૬. તે સમયે અગ્નિસમાન બહાર નીકળતી જ્વાળા પ્રમાણે તે અત્યંત ભયંકર ચક્ર શ્રીકૃષ્ણની આજ્ઞાથી તે કૃત્યાની પાછળ પડયું. ૩૭. પછી તે સુદર્શન ચક્રના પ્રતાપથી પરાભવ પામી અત્યંત વેગવાળી માહેશ્વરની કૃત્યા નાસવા લાગી તથા સુદર્શન ચક્ર પણ તેની પાછળ પડયું. ૩૮. હે મુનિશ્રેષ્ઠ! એ પ્રકારે વિષ્ણુના ચક્રથી પરાભવ પામેલી તે કૃત્યા ભાગતી ભાગતી શીઘ્રતાથી કાશિપુરીમાં પેસી ગઈ. ૩૯. પછી કાશિરાજનું સૈન્ય અને મહાન્ પ્રમથ સૈન્યા અનેક પ્રકારના શસ્ત્રાસ્ત્ર લઇ તે સુદર્શન ચક્રની સામે આવ્યા પરંતુ તે શસ્ત્રાસ્ત્ર ચલાવવામાં ચતુર સૈન્યાને પોતાના તેજથી દગ્ધ કરી તે સુદર્શન ચક્રએ કૃત્યા સહિત તમામ પુરવાસી, હાથી, ઘોડા, મનુષ્ય, તથા કોષ, ધાન્યના ભંડાર વગેરેથી પરિપૂર્ણ દેવતાઓ પણ દ્રષ્ટિ કરવાને અશકય એવી કાશિપુરીને તે નગરમાંના ઘર, તટ અને આંગણા સહિત પોતાની જ્વાળાથી વ્યાપ્ત કરી બાળીને ભસ્મ કરી દીધા. ૪૦–૪૩. પછી જેનો ક્રોધ શાંત થયો નથી તથા અતીશય ક્ષુદ્ર કૃત્ય કરવાથી જેને મહત્કાર્ય કરવાની ઇચ્છા અવશેષ રહેલી છે એવું સ્ફુરાયમાન કાંતિયુક્ત સુદર્શન ફરીથી શ્રીવિષ્ણુના હાથમાં આવી ઉપસ્થિત થયું. ૪૪.

अक्षीणामर्षम त्यल्पसाध्यसाधन सस्पृहम् ॥
तच्चक्रं प्रस्फुरद्दिप्ति विष्णोरभ्याययौ करम् ॥४४॥

इतिश्री विष्णुपुराणे पंचमअंशे चतुस्त्रिंशेा अध्याय संपूर्ण.

* અધ્યાય ૩૫ મો.

मैत्रेय उवाच ॥ भूय एवाहमिच्छामि बलभद्रस्य धीमतः ॥
श्रोतुं पराक्रमं ब्रह्मंस्तन्ममाख्यातुमर्हसि ॥१॥

મૈત્રેય કહેછે—હે બ્રહ્મન્! હું ફરીથી બુદ્ધિશાળી બળભદ્રના ચરિત્ર સાંભળવાની ઈચ્છા કરું છું તે મને આપ કહી સંભળાવો. ૧. હે ભગવાન! બળરામે જે યમુના આકર્ષણાદિ કર્મ કર્યાં તે મેં શ્રવણ કર્યાં છે હવે હે મહાભાગ! બળરામે એ શિવાય અન્યકાર્ય જે કર્યાં હોય તેનું આપ વર્ણન કરો. ૨.

પરાશર કહેછે—હે મૈત્રેય! અનંત, અજ્ઞેય, પૃથ્વીધારી શેષાવતાર બળરામે જે કર્મ કર્યાં છે તે હું તને કહું છું શ્રવણ કર. ૩. જાંબુવતીના પુત્ર બળવાન્ સાંબએ સ્વયંવર સંધીનો યોગ જોઇ દુર્યોધનની કન્યાનું બળપૂર્વક હરણ કર્યું. ૪. તેથી ક્રોધ પામી કર્ણ, દુર્યોધન, ભિષ્મ, દ્રોણ આદિ મહાબીરોએ તેનો યુદ્ધમાં પરાજય કરી બાંધી લીધો. ૫. હે મૈત્રેય! એ વાત સાંભળી સઘળા યાદવો દુર્યોધન ઉપર ક્રોધપામી તેનો નાશ કરવા માટે મોટો ઉદ્યોગ કરવા લાગ્યા. ૬. તે સમયે તેનું નિવારણ કરી મદથી ચંચળ નેત્રવાળા બળરામ મધુર શબ્દથી બોલ્યા. 'કૌરવ લોકો મારા કહેવાથી સાંબને છોડી દેશે માટે હું એકલોજ તેની પાસે જઉછું.' ૭. એ પ્રમાણે કહી બળરામ હસ્તિનાપુરમાં જઇ નગરમાં પ્રવેશ ન કરતાં તે નગરની બહાર ઉપવનમાં રહ્યા. ૮. પછી બળરામ આવ્યા છે એમ જાણી દુર્યોધન આદિએ તેને સન્માન કરવા માટે ગાય અને અર્ઘાદક અર્પણ કર્યું. ૯. તે સર્વનું યથાવિધિ ગ્રહણ કરી બળરામે કૌરવને કહ્યું કે 'સાંબને સત્વર છોડી દો' એવી તમને ઉગ્રસેન રાજા આજ્ઞા કરે છે. ૧૦. હે દ્વિજ! ભિષ્મ, દ્રોણ, કર્ણ અને દુર્યોધન વગેરે બળરામના આવાં વચન સાંભળી અત્યંત ક્રોધિત થયા. ૧૧. અને તે તથા બાહ્લીક આદિ કૌરવો અત્યંત ક્રોધપામી 'એ (ઉગ્રસેન) યદુવંશમાં ઉત્પન્ન થવાથી રાજ્યના અધિકારી નથી' એમ વિચારી તેણે બળરામને કહ્યું. ૧૨. 'હે બળરામ! આપ આ શું બોલો છો? કુરૂ કુળના પુરૂષોને કોણ યાદવ આજ્ઞા કરનાર છે? ૧૩. જ્યારે ઉગ્રસેન કૌરવને આજ્ઞા કરશે ત્યારે પછી રાજાને યોગ્ય શોભાયમાન શ્વેત છત્રનો અમારે ત્યાગ કરવો પડશે. માટે હે બળરામ! આપ અહીંથી ચાલ્યા જાઓ, અમે તમારી અથવા ઉગ્રસેનની આજ્ઞાથી સાંબને છોડવાના નથી, કારણ કે તે અન્યાયના કૃત્ય કરનાર છે. ૧૪. ૧૫. અમે પૂજ્ય હોવાથી કુકુર તથા અંધકુળમાં ઉત્પન્ન

* પાંત્રિશમા અધ્યાયમાં જાંબુવતીના પુત્ર સાંબએ સ્વયંવરમાંથી દુર્યોધનની કન્યાનું હરણ કરવાથી કૌરવો દ્વારાગ્રહમાં નાખશે, તેને બળરામ છોડાવશે અને ક્રોધથી હસ્તિનાપુરનું આકર્ષણ કરશે. એ કથા કહેવાશે.

થયેલા યાદવો અમને આગળ પ્રણામ કરતા હતા. હમણા અમે તેને અમારા બરોબરીઆ કર્યાછે તેથી ભલે તે પ્રણામ ન કરે તેમાં કંઈ હરકત નથી પણ જેમ સેવકોને તેના સ્વામી આજ્ઞા કરેછે તેમ અમને એ આજ્ઞા કરનાર કોણ. ? ૧૬. એમાં આપણેાજ દોષ છે કારણ કે આપણે એમને વશ્યથઈ નીતિ તરફ લક્ષ ન દેતાં એ લોકોને આસન ભોજન આદિ કાર્યમાં આપણી બરોબર કરવાથી તે અત્યારે ગર્વિષ્ઠ થઇ ગયા છે. ૧૭. હે બળભદ્ર ! અમે જે આપને અર્ઘ્ય પ્રદાન કર્યું છે તે કેવળ પ્રેમથીજ છે તે કંઈ અમારે આપના કુળને આપવુંજ જોઇએ એમધારી આપ્યું નથી. ૧૮.

પરાશર૦—એ પ્રકારે કૌરવ લોકો ભાષણ કરી 'અમે કદાપી કૃષ્ણના પુત્રને છોડવાના નથી' એમ નિશ્ચય કરી હસ્તીનાપુરમાં ગયા. ૧૯ પછી અત્યંત મદવાળા થઈ તે લોકો એ કરેલા તિરસ્કારથી અત્યંત ક્રોધ પામેલા બળરામે પોતાના પગનો પૃથ્વીઉપર પ્રહાર કર્યો. ૨૦. એ મહાત્માના ચરણના પ્રહારથી પૃથ્વી કંપાયમાન થઇ અને જેનો શબ્દ દશેદિશાઓમાં પરિપૂર્ણ રીતે સંભળાય એવી રીતે બળરામે તાલવગાડી. ૨૧. પછી વક્ર ભૃકુટી કરી ક્રોધથી રકતનેત્ર કરી બળરામ બોલ્યા. અહો ! આ દુરાત્મા કૌરવોનો ગર્વ તો જુઓ ? ૨૨. કૌરવોનું પૃથ્વીપતિત્વ આગળથી છે અને અમારૂ પૃથ્વીપતિત્વ કાળ પરત્વે આધુનિક છે. માટેજ એ લોકો ઉગ્રસેનની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે. ૨૩. પરંતુ તેઓને જ્ઞાન નથી કે શચીપતિ ઈંદ્ર પણ દેવતાઓની સાથે ધર્મજ્ઞાનથી ઉગ્રસેનની આજ્ઞા માન્ય કરે છે (ઉગ્રસેન કંઈ સામાન્ય મનુષ્ય નથી) કારણ કે તે ઇંદ્રની સુધર્મા સભામાં નિરંતર બેસે છે. ૨૪. ધિક્કાર છે આ મનુષ્યના (સેંકડો રાજાએ ભોગવી ત્યાગ કરવાથી) ઉચ્છિષ્ટ સરખા રાજ્યાસનની પ્રાપ્તિના સંતોષને ? અહો ! જે ઉગ્રસેનના સેવકોની સ્ત્રીઓપણ પારિજાત વૃક્ષના પુષ્પ તથા મંજરી ધારણ કરે છે. તે ઉગ્રસેન શું રાજા નથી ? ઠીક છે ઉગ્રસેન સઘળા રાજાઓના નાયક થઇને નિવાસ કરે એમજ કરૂંછું. ૨૫. ૨૬. આજ હું આ પૃથ્વીને કૌરવ વગરની કરી દ્વારકામાં જઈશ. કર્ણ, દુર્યોધન, દ્રોણ, શિષ્મ, બાહ્લીક, દુઃશાસન, ભૂરિ, ભૂરિશ્રવા, સોમદત્ત, શલ, ભીમ, અર્જુન, યુધિષ્ઠિર, નકુળ, સહદેવ, અને બીજા કૌરવોનો તથા તેના હાથી, ઘોડા, રથસહિત નાશ કરી પરાક્રમી સાંબને તેની પત્નિસહિત સાથે લઇ દ્વારકામાં જઈ ઉગ્રસેન આદિ બાંધવોને જોઈશ. અથવા ઈંદ્રએ પૃથ્વીનો ભાર ઉતારવાનું મને કહ્યું છે તેમ હું કૌરવોના હસ્તિનાપુરને સઘળા કૌરવોસહિત ઉખેડીને ભાગિરથી ગંગામાં ફેંકી દઇશ. ૨૭. ૩૧.

પરાશર૦—એ પ્રકારે ક્રોધથી રાતાંનેત્ર કરી બળરામ આકર્ષણ કરવા માટે હળનું માથું નીચું કરી તેને નગરના કોટમાં ભેરવી આકર્ષણ કરવા લાગ્યા. ૩૨. તે સમયે હસ્તિનાપુર એકદમ હાલવા લાગ્યું, તે જોઇ સઘળા કૌરવો ક્ષોભપામી આક્રોશ કરી બળરામને કહેવા લાગ્યા. ૩૩. હે રામ! હે બળરામ ! હે મહાબાહો!

આપ ક્ષમા કરો, ક્ષમા કરો, હે મુસલાયુધ ! આપ ક્રોધને શાંત કરી પ્રસન્ન થાઓ. ૩૪. હે બળદેવ ! અમે સાંબને તેની પત્નિસહિત આપની પાસે લાવીએ છીએ, અમે આપના પ્રભાવને ન જાણી અપરાધ કર્યો છે. માટે આપ ક્ષમા કરો. ૩૫.

પરાશર૦—હે મૈત્રેય ! ત્યારપછી કૌરવો એ પત્નિ સહિત સાંબને લઈ નગરમાંથી બહાર આવી બળરામની પાસે લાવ્યા. ૩૬. તે સમયે ભિષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, આદિ નમસ્કાર કરી તેમની સાથે પ્રીય વચન બોલવા લાગ્યા. પછી બળવાનમાં શ્રેષ્ઠ બળભદ્રે તેઓને કહ્યું ' મેં તમને ક્ષમા કરી છે. ' ૩૭. હે દ્વિજ ! બળરામે ખેંચવાથી હસ્તિનાપુર હજુ સુધી વાંકા આકારનું દેખાય છે એ બળરામના બળ તથા શૌર્યને સૂચવનારો પ્રભાવ છે. ૩૮. ત્યારપછી કૌરવોએ બળભદ્ર સહિત સાંબને રથમાં બેસાડી તેને તેની પત્નિ તથા વિવાહ સમયે આપવાનું દ્રવ્ય આદિ અર્પણકરી દ્વારકામાં વિદાય કર્યા. ૩૯.

ततस्ते कौरवाः सांबं संस्थाप्य हलिना सह ॥
प्रेषयामासुरुद्वाह धनभार्यासमन्वितम् ॥ ३९ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમ અંશે પંચત્રિંશો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૩૬ મો.

पराशर उवाच ॥ मैत्रेय श्रूयतां तस्य बलस्य बलशालिनः ॥
कृतं यदन्यत्तेनाभूत्तदपि श्रूयतां त्वया ॥ १ ॥

પરાશર કહેછે—હે મૈત્રેય ! બળશાળિ બળદેવે અન્ય જે કાર્ય કર્યા છે તે તું શ્રવણ કર. ૧. આગળ દેવતાઓનો શત્રુ દૈત્ય પતિ નરકાસુરનો મહા બળવાન્ એક દ્વિવિદ નામનો વાનર મિત્ર હતો. ૨. એ દ્વિવિદ વાનર દેવતાઓ સાથે દ્વેષ કરતો હતો. તે કહેતો હતો કે કૃષ્ણએ બળાભિમાની નરકાસુરનો વધ કર્યો માટે હું યજ્ઞનો નાશ અને મૃત્યુ લોકનો સંહાર કરી દેવતાઓએ શ્રીકૃષ્ણ પાસે તે કૃત્ય કરાવવાથી હું તેનો બદલો લઈશ. ૩. ૪. એ પ્રકારે વિચાર કરી અજ્ઞાનથી મોહ પામેલા તે વાનરે યજ્ઞનો વિધ્વંસ સાધુની મર્યાદાનો ભંગ અને પ્રાણિનો ક્ષય કરવાનો આરંભ કર્યો. ૫. તે ચપળ વાનરે અનેક દેશ, નગર અને ગામ બાળવા માંડયા, કોઇ ગામની ઉપર મોટા પર્વત મુકી તેને ચુર્ણ કરવા માંડયા, તથા પર્વતને ઉપાડી સમુદ્રમાં નાખતો અને સમુદ્રના મધ્યમાં જઈ સમુદ્રને ડહોળી નાખતો હતો. ૬. ૭. હે મૈત્રેય ! સમુદ્રના જળને ક્ષોભિત કરવાથી તે મર્યાદા મુકી અત્યંત વેગથી

* છત્રિશમા અધ્યાયમાં બળરામ મુષ્ટિના પ્રહારથી દ્વિવિદ વાનરનો નાશ કરશે.

તીર ઉપરના નગર, ગામ વગેરેને તેમાં ડુબાવી દેતો હતો. ૮. તથા તે સ્વેચ્છા પ્રમાણે રૂપ ધરનાર વાનર પોતાની ઈચ્છા પ્રમાણે રૂપ ધારણ કરી ગામને લુંટિલેતો તથા તેમાં કુદકા મારી ગામને ભાંગી નાખતો હતો. ૯. હે મૈત્રેય ! એ પ્રકારે તે દુષ્ટ વાનરે ત્રાસ આપવાથી સર્વ જગત્ અધ્યયન અને હવન આદિથી રહિત થઇ અતીશય દુઃખી થયું. ૧૦. પછી એક દિવસ બળરામ મહા ભાગ્યશાળી રેવતી તથા અન્ય શ્રેષ્ઠ સ્ત્રીઓની સાથે રૈવર્તક પર્વતના ઉપવનમાં મદ્યપાન કરતા હતા. ૧૧. અને વિલાસવતિ સ્ત્રીઓના મધ્યમાં સંગીત સેવિત યદુશ્રેષ્ઠ બળભદ્ર જેમ મંદર પર્વત ઉપર કુબેર રમણ કરે છે તેમ રમણ કરતા હતા. ૧૨. તે સમયે દ્વિવિદ વાનર ત્યાં આવી બળરામનું હળ તથા મુસળ લઇ તેની સામે અનેક પ્રકારની ચેષ્ટા કરવા લાગ્યો. ૧૩. એ દુષ્ટ વાનર સ્ત્રીઓની સન્મુખ હાસ્ય કરી મદ્યથી ભરેલાં પાત્રોને પગથી ફેંકી દેવા લાગ્યો. ૧૪. તે જોઇ બળદ્રે અત્યંત ક્રોધ પામી તેનો તિરસ્કાર કર્યો છતાં તે વાનર તેની અવજ્ઞા કરી તેની સામે વાનર જાતીના કીલકીલ શબ્દ કરવા લાગ્યો. ૧૫. તે વખતે બળરામે ક્રોધથી ઉઠી હાથમાં મુસળ લીધું તથા તે વાનરે પણ હાથમાં એક ભયંકર પર્વત સરખો પથ્થર લીધો. ૧૬. અને બળરામ ઉપર ફેંક્યો. બળદ્રેવે મુસળના પ્રહારથી તે પથ્થરના હજારો કટકા કરી નાંખ્યા. ૧૭. પછી વાનરે તે મુસળનું ઉલ્લંધન કરી વેગપૂર્વક આવી. બળરામની છાતીમાં ક્રોધથી મુષ્ટિનો પ્રહાર કર્યો. ૧૮. તેથી બળરામે અત્યંત ક્રોધ કરી તેના માથા ઉપર મુષ્ટિનો પ્રહાર કર્યો. તે પ્રહારથી દ્વિવિદ વાનર રૂધિરનું વમન કરી પ્રાણરહિત થઇ પૃથ્વી ઉપર પડ્યો. ૧૯. હે મૈત્રેય ! એ વાનરનું શરીર પૃથ્વી ઉપર પડ્યું તે વખતે તેના આઘાતથી પર્વતના શિખરના જેમ ઇંદ્રના વજ્રથી કટકા થાય તેમ હજારો કટકા થઇ ગયા. ૨૦. એ પ્રકારે દ્વિવિદ વાનરનો નાશ થયા પછી દેવતાઓએ બળરામ ઉપર પુષ્પની વૃષ્ટિ કરી તેની પાસે આવી બોલ્યા. 'આપને ધન્ય છે, આપે આ મહત્ કાર્ય કર્યું છે.' દૈત્ય પક્ષને સહાય કરનાર આ દુષ્ટ વાનરે જગત્ને નષ્ટપ્રાય કર્યું હતું. પણ હે વીર ! અમારાં અહોભાગ્ય કે આપના હાથથી એનો નાશ થયો. એમ બળરામની પ્રશંસા કરી. ૨૧–૨૨.

પરાશર૦—હે મૈત્રેય ! એ પ્રમાણે ધરણીધર શેષાવતાર મહા બુદ્ધિમાન્ બળદ્રેવે કરેલાં આશ્ચર્યકારક અપરિમિત અનેક કર્મો છે. ૨૩.

पराशर उवाच ॥ एवंविधान्यनेकानि बलदेवस्य धीमतः ॥
कर्माण्यपरिमेयाणि शेषस्य धरणीभृतः ॥२३॥

इतिश्री विष्णुपुराणे पंचम अंशे षड्त्रिंशो अध्याय संपूर्ण.

* અધ્યાય ૩૭ મો.

पराशर उवाच ॥ एवं दैत्यवधं कृष्णो बलदेवसहायवान् ॥
चक्रे दुष्टक्षितीशानां तथैव जगतः कृते ॥ १ ॥

પરાશર કહેછે—એ પ્રકારે બળદેવની સ્હાયતાથી શ્રીકૃષ્ણે જગત્નું કલ્યાણ કરવા માટે દૈત્યોનો તથા દુષ્ટ રાજાઓનો નાશ કર્યો. ૧. ૨. તથા ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનની સ્હાયકરી અનેક અક્ષૌહિણી સૈન્યાનો નાશ કરી પૃથ્વીનો ભાર ઉતાર્યો. પછી બ્રાહ્મણના શ્રાપના મિષથી પોતાના કુળનો પણ સંહાર કર્યો. ૨. ૩. એ સર્વ કાર્ય કરી પોતાની ઇચ્છાથી અવતાર ધારણ કરનારા શ્રીકૃષ્ણ દ્વારકાનો તથા મનુષ્ય સ્વરુપનો ત્યાગ કરી પોતાના વિષ્ણુમય સ્થાનમાં ગયા. ૪.

મૈત્રેય કહેછે—તે શ્રીકૃષ્ણે બ્રાહ્મણના શ્રાપના મિષથી કેવે પ્રકારે પોતાના કુળનો સંહાર કરાવ્યો? તથા મનુષ્ય દેહનો કેવે પ્રકારે ત્યાગ કર્યો? તે મને કહો. પ.

પરાશર૦—એક સમયે પિંડારક નામના મહાતીર્થમાં યાદવ કુમારોએ વિશ્વામિત્ર, કણ્વ તથા નારદ આદિ મહામુનિઓને જોયા. ૬. તે સમયે તારુણ્ય અવસ્થાથી ઉન્મત થયેલા તથા ભવિષ્યમાં થનારા (યાદવા સ્થળી રુપ) કાર્યથી પ્રેરાયેલા તે યદુ પુત્રોએ જાંબુવતીના પુત્ર સાંબને સ્ત્રીનો વેષ ધારણ કરાવી વિનયથી તે મહા મુનિઓની પાસે જઈ પ્રણામ કરી કહ્યું. હે મહામુનિ! 'પુત્રની ઇચ્છાવાળી આ બભ્રુની સ્ત્રીને શું સંતાન આવશે?' ૭. ૮.

પરાશર૦—તે દિવ્યજ્ઞાન સંપન્ન મુનિને યદુ કુમારોએ એવીરીતે છેતરવાથી તે ક્રોધ પામી બોલ્યા. 'એનાથી તમામ યાદવ કુળનો નાશ થાય એવું મુસળ ઉત્પન્ન થશે.' એ પ્રકારે શ્રાપ યુકત મુનિનું વચન સાંભળી તે યાદવ કુમારોએ ઉગ્રસેન રાજાને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. પછી સાંબના ઉદરથી મુસળ ઉત્પન્ન થયું. ૯. ૧૦. ઉગ્રસેને તે લોહમય મુસળનું ચૂર્ણ કરાવી સમુદ્રમાં ફેંકી દીધું. તેનાથી એરકા (ત્રણધારવાળું ઘાસ) તૃણ ઉત્પન્ન થયું. ૧૧. હે દ્વિજ! યાદવોએ તે લોહમય મુસલનું સંપૂર્ણ રિતે ચુર્ણ કર્યું, પરંતુ તોમરના આકારના એક કટકાનું તે ચુર્ણ કરી શકયા નહીં તેથી તેને સમુદ્રના મધ્યમાં ફેંકી દીધો. સમુદ્રના મધ્યમા નાખેલા તે કટકાને એક માછલી ગળી ગઈ. માછલીને મચ્છીમારોએ પકડી તેને કાપવાથી તેના ઉદરમાંથી તે મુસળનો કટકો નીકળ્યો તે કટકો જરા નામનો વ્યાધ (પારધી) લઈ ગયો. (તે પારધીએ બાણ કર્યું તેના અગ્રભાગમાં એ મુસલનો કટકો નાંખ્યો.) ૧૨–૧૩. એ મુસલ સંબંધી સર્વ

* સાડત્રિશમા અધ્યાયમાં બ્રાહ્મણના શ્રાપથી પોતાના કુળનો સંહાર કરાવી શ્રીકૃષ્ણ બળરામ સહિત સ્વધામ પધારશે એ કથા કહેવાશે.

વૃત્તાંત શ્રીકૃષ્ણ જાણતા હતા છતાં વિધાતાની ઇચ્છાને અન્યથા કરવાની મરજી તેણે કરી નહીં. ૧૪. પછી દેવતાઓએ મોકલેલા દૂતે આવી શ્રીકૃષ્ણને એકાંતમાં જોઇ પ્રણામ કરી કહ્યું. હે ભગવાન આપને કંઇ વાત કહેવાને માટે દેવતાઓએ મને આપની પાસે મોકલ્યો છે. ૧૫. હે પ્રભુ! વસુ, અશ્વિનીકુમાર, મરુત્, આદિત્ય, રુદ્ર અને સાધ્ય આદિ દેવતાઓ સહિત ઈંદ્રએ આપને જે વિજ્ઞાપના કરી છે તે આપ શ્રવણ કરો. ૧૬. "આપ દેવતાઓએ પ્રાર્થના કરવાથી પૃથ્વીનો ભાર ઉતારવાને માટે આ ઠેકાણે અવતાર લઇ સવાસો વર્ષ સુધી નિવાસ કર્યો. ૧૭. એટલામાં આપે દુષ્ટ દૈત્યોનો નાશ કરી ભૂમિનો ભાર ઉતાર્યો છે હવે દેવાધિનાથ આપને સ્વર્ગમાં પધારવાની ઇચ્છા કરે છે. ૧૮. હે જગન્નાથ! આપને અવતાર ધારણ કરવાને સો કરતાં અધિક વર્ષ થઇ ગયાં છે. માટે હવે જો આપની ઇચ્છા હોય તો આપ સ્વર્ગમાં પધારો. ૧૯. એ પ્રકારે દેવતાઓના રાજાએ આપને વિજ્ઞાપના કરી છે. હમણા જો આપને અહીં રહેવાની મરજી હોય તો અહીં રહો. સેવકોનું એ કર્ત્તવ્ય છે કે યથા સમયમાં પ્રભુની પાસે કર્તવ્ય કર્મનું સ્મરણ કરાવવું." ૨૦.

ભગવાન૦—હે દૂત! તેં જે કહ્યું એ સઘળું હું જાણું છું. મેં પોતે યાદવકુળનો નાશ કરવાનો આરંભ કર્યો છે. ૨૧. યાદવોનો સંહાર ન થવાથી અદ્યાપી સુધી પૃથ્વીનો ભાર નષ્ટ થયો નથી. માટે સાત દિવસની અંદર તેનો સંહાર કરી પૃથ્વીનો ભાર ઉતારીશ. ૨૨. દ્વારકા નગરી વસાવવાને માટે મેં સમુદ્ર પાસેથી જે પૃથ્વી લીધી છે તે સમુદ્રને અર્પણ કરી તથા યાદવોનો સંહાર કરી હું દેવલોકમાં જઇશ. ૨૩. બળદેવ સહિત મનુષ્ય શરીરનો ત્યાગ કરી હું સ્વર્ગમાં આવ્યોછું એમ ઈંદ્રે તથા દેવતાઓએ સમજવું. ૨૪. પૃથ્વીના ભારરુપ જરાસંધ આદિવીર પુરૂષોનો મેં વધ કર્યો એ ખરૂં છે પરંતુ યાદવકુમાર પણ તેનાથી કંઈ કમી નથી. ૨૫. માટે પૃથ્વીના ભારના નાશરૂપ આ મહાન્ કાર્ય કર્યા પછી હું દેવલોકનુ રક્ષણ કરવા માટે સ્વર્ગમાં આવીશ. એ પ્રકારે તું દેવતાઓને જઇને કહે. ૨૬.

પરાશર૦—હે મૈત્રેય! એ પ્રમાણે શ્રીકૃષ્ણનું વચન સાંભળી દેવદૂત તેમને પ્રણામ કરી દેવગતીથી ઇંદ્રની પાસે ગયો. ૨૭ અહીં ભગવાન પણ દ્વારકાના નાશને સૂચવનારાં અનેક પ્રકારના દિવ્ય (આકાશમાં ગ્રહયુદ્ધ વગેરે) ભૌમ (ધરતીકંપ આદિ) અને અંતરિક્ષ (દિશાઓમાં અગ્નિભય આદિ) ઉત્પાતો અહર્નીશ જોવા લાગ્યા. ૨૮. એ સર્વ ઉત્પાતોને જોઇ શ્રીકૃષ્ણે યાદવોને કહ્યું. હે યાદવો! આ અત્યંત ભયંકર મોટા મોટા ઉત્પાતો થાય છે તે જુઓ, હમણા આપણે એની શાંતિ કરવા માટે પ્રભાસક્ષેત્રમાં જઈએ, માટે સત્વર ચાલો, વિલંબ ન કરો. ૨૯.

પરાશર૦—એમ શ્રીકૃષ્ણનું વચન સાંભળી મહાન્ ભગવદ્ભક્ત ઉદ્ધવ શ્રીકૃષ્ણને પ્રણામ કરી બોલ્યા. હે ભગવન્! હમણા મારે જે કરવાનું હોય તે વિષયમાં

મને આજ્ઞા કરો. ૩૦ મને તો એમ સમજાય છે કે આપ સર્વ કુળનો સંહાર કરશો. હે કૃષ્ણ! આ કુળને નાશસૂચક ચિન્હ હું જોઉંછું. ૩૧.

ભગવાન૦—હે ઉદ્ધવ! તમે મારી કૃપાથી દિવ્યગતિનો આશ્રય કરી ગંધમાદન પર્વત ઉપર પવિત્ર બદ્રિકાશ્રમમાં જાઓ. એ તીર્થ નરનારાયણનું સ્થાન છે તેમની સ્થિતિથી આ પૃથ્વી પવિત્ર થઈ છે. તમે તે ઠેકાણે જઈ મારે વિષે અંતઃકરણ આરોપણ કરી તપ કરો એટલે મારા પ્રસાદથી તમારી મોક્ષ પ્રાપ્તિ થશે. ૩૨–૩૩. હું આ યદુકુળનો સંહાર કરી સ્વર્ગમાં જઇશ. મેં દ્વારકાનો ત્યાગ કર્યા પછી સમુદ્ર તેને ડુબાવી દેશે. ૩૪.

પરાશર૦—એ પ્રમાણે શ્રીકૃષ્ણનું વચન સાંભળી તેને પ્રણામ કરી ઉદ્ધવ નરનારાયણના સ્થાનરૂપ બદ્રિકાશ્રમમાં ગયા. ૩૫. હે દ્વિજ! ત્યારપછી સઘળા યાદવો બળરામ તથા શ્રીકૃષ્ણ સહિત શીઘ્રગામી રથમાં બેસી પ્રભાસક્ષેત્રમાં ગયા. ૩૬. ત્યાં ગયા પછી કુકુર અંધક આદિ યાદવોએ નિયમપૂર્વક સ્નાન કરી શ્રીકૃષ્ણની આજ્ઞાનુસાર મદ્યપાન કર્યું ૩૭. મદ્યપાન કરવાથી તે યાદવોમાં પરસ્પર સ્પર્ધા થઇ અને દુર્ભાષણરુપ લાકડાથી કલેશરૂપ અગ્નિ ઉત્પન્ન થયો. ૩૮. તે સમયે દૈવે જાણે તેની ઉપર બળાત્કાર કર્યો હોય નહીં શું તેમ પરસ્પર શસ્ત્રના પ્રહાર કરવા લાગ્યા. અને તે શસ્ત્ર પુરાં થયાં પછી સમીપ ઉગેલું એરકા નામનું તૃણ લઈ યુદ્ધ કરવા લાગ્યા. ૩૯. એ દારુણ યુદ્ધમાં એરકા નામનું તૃણ વજ્ર સમાન દેખાવા લાગ્યું અને તે એરકારૂપ તૃણના પરસ્પર પ્રહાર કરવા લાગ્યા. ૪૦. હે મૈત્રેય! પ્રદ્યુમ્ન. સાંબ, કૃતવર્મા, સાત્યકિ, અનિરુદ્ધ, પૃથુ, વિપૃથ, ચારૂવર્મા, ચારુક, તથા અક્રૂર આદિ યાદવો તથા અન્ય યાદવોપણ પરસ્પર એરકારુપ વજ્રના પ્રહાર કરતા હતા. ૪૧. ૪૨. તે સમયે શ્રીકૃષ્ણે તે યાદવોનો નિષેધ કર્યો પરંતુ શ્રીકૃષ્ણ અમારી સહાય કરવા આવ્યા છે એમ સમજી તે ફરીથી એક બીજા ઉપર પ્રહાર કરવા લાગ્યા. ૪૩. તે વખતે કૃષ્ણ પણ ક્રોધ પામી તેનો વધ કરવા માટે એક મુઠી એરકા ગ્રહણ કરી, એમુઠી એરકા લોહમય મુસળ રૂપ થઇ અને તેથી પોતાનો વધ કરવાને તૈયાર થયેલા તે આતતાયિ યાદવોનો વધ કર્યો. તેમજ અન્ય યાદવોએ પણ એક બીજાનો નાશ કર્યો. ૪૪.૪૫. હે દ્વિજોત્તમ! ત્યારપછી શ્રીકૃષ્ણના દારૂક નામના સારથીના જોત જોતામાં શ્રીકૃષ્ણના વિજય રથને અશ્વ સમુદ્રમાં ખેંચી ગયા. ૪૬. તથા શંખ, ચક્ર, ગદા, શાર્ઙ્ગ ધનુષ્ય, બે ભાથા અને ખડ્ગ, આદિ આયુધ ભગવાનની પ્રદક્ષણા કરી સૂર્ય માર્ગથી વૈકુંઠમાં ગયાં. ૪૭. હે મહામુનિ! એક ક્ષણવારમાં શ્રીકૃષ્ણ તથા દારૂક શિવાય સઘળા યાદવો નષ્ટ થઇ ગયા. ૪૮. ત્યારપછી તે દારુક અને શ્રીકૃષ્ણ બન્ને જણ ફરતા હતા એવામાં તેણે એક વૃક્ષના મૂળ પાસે બેઠેલા બળરામને અને તેના મુખમાંથી નીકળતા મહા સર્પને જોયા. ૪૯. એ મોટા શરીરવાળા શેષ તેના મુખમાંથી નીકલી સિદ્ધ તથા સર્પગણોથી

સ્તવન કરાયેલા તે સમુદ્રમાં પ્રવેશ કરતા હતા ૫૦. તે સમયે સમુદ્ર અર્ઘ્ય પાત્ર લઇ સન્મુખ આવી તે નાગાધિરાજની પૂજા કરી પછી તે મહા ભુજંગ તેના જળમાં પ્રવેશ કરી ગયા. ૫૧. એ પ્રમાણે બળરામ સ્વધામ પધાર્યા છે એમ જોઈ શ્રીકૃષ્ણે દારૂકને કહ્યું. તું દ્વારકામાં જઈ, બળરામનું નિર્યાણ અને સઘળા યાદવોનો નાશ, એ વૃત્તાંત વસુદેવને અને ઉગ્રસેનને કહેજે, હું પણ હમણા સમાધિ ચઢાવી મારા શરીરનો ત્યાગ કરીશ. ૫૨. ૫૩. વળી તું દ્વારકાના લોકોને તથા આહુકને કહેજે કે આ સઘળી દ્વારકા નગરી સમુદ્રમાં બુડી જશે. માટે તમે રથ તૈયાર કરી અર્જુનને આવવાની રાહ જુઓ. ૫૪. એ પાંડુપુત્ર અર્જુન દ્વારકામાં આવી તે બહાર નીકળે કે તરત તમે દ્વારકામાં ન રહેતાં તે કુંતિપુત્ર જ્યાં જાય ત્યાં ચાલ્યાજજો. ૫૫. હે દારુક ! તું અર્જુનની પાસે જઈને કહે જે કે ' મારા પરિવારનું તું તારી શક્તિ પ્રમાણે પાલન કરજે. ' ૫૬. એ પ્રમાણે દરેક જણને કહી તું અર્જુનની સાથે તે સર્વ લોકોને લઇ દ્વારકામાંથી બહાર નીકળી જજે પછી વજ્રને યદુવંશના રાજ્ય ઉપર અભિષેક કરજે. ૫૭.

પરાશર૦—એ પ્રમાણે શ્રીકૃષ્ણની વાણિ સાંભળી દારૂક વારંવાર પ્રણામ કરી અનેક પ્રદક્ષણા કરી ત્યાંથી ચાલ્યો અને દ્વારકામાં જઇ શ્રીકૃષ્ણના કહેવા પ્રમાણે સર્વ તેણે કર્યું. ૫૮. મહાજ્ઞાની દારૂક અર્જુનને દ્વારકામાં લાવ્યો અને વજ્રને રાજ્યાભિષેક કર્યો અહીં પ્રાણીમાત્રને વિષે શ્રીકૃષ્ણ પણ હું વાસુદેવ રુપ પરબ્રહ્મછું એમ ભાવના કરી સર્વ નિવાસ કરનાર આત્મસ્વરુપનું ચિંતવન કર્યું ૫૯–૬૦. હે મુનિશ્રેષ્ઠ ! પૂર્વે દુર્વાસા મુનિએ જે વચન કહ્યું હતું તેને માન આપવાને માટે પોતાની જાનુ ઉપર ચરણ રાખી ભગવાને સમાધી ચઢાવી હતી. તે સમયે જરા નામનો પારધી ત્યાં આવ્યો. એ પારધીના હાથમાં જે બાણ હતું તેનો અગ્રભાગ યદુકુળ નાશક મુસળના કટકાનો બનાવેલો, હતો. ૬૧–૬૨. હે દ્વિજોત્તમ ! તે પારધી મૃગાકાર શ્રીકૃષ્ણના ચરણને જોઇ દૂરથી ઉક્ત બાણથી વેધ કર્યો પછી વ્યાધે તે ઠેકાણે આવી જોયું તો એક ચતુર્ભુજ ધારી પુરુષ નિવાસ કરી રહ્યા છે તે જોઇ તેને પ્રણામ કરી બોલ્યો ' મેં મૃગજાણી આ કૃત્ય કર્યું છે માટે ક્ષમા કરો. હું આ પાપથીજ દગ્ધ થઈ ગયો છું માટે આપ મને ફરીથી આપના ક્રોધાગ્નિથી ભસ્મ કરશો નહીં. મારી ઉપર પ્રસન્ન થાઓ એમ વારંવાર તે પારધી કહેવા લાગ્યો. ૬૪–૬૫.

પરાશર૦—ત્યારપછી તે પારધી પ્રત્યે ભગવાન બોલ્યા. તારે જરાપણ ભય રાખવો નહીં. હે વ્યાધ ! તું મારી કૃપાથી સ્વર્ગ પ્રત્યે દેવતાઓના સ્થાનમાંજા. ૬૬.

પરાશર૦—ભગવાન એ પ્રમાણે ભાષણ કરતા હતા એટલામાં વિમાન આવ્યું તેમાં બેસીને પારધી સ્વર્ગમાં ગયો. ૬૭. એ પારધી સ્વર્ગમાં ગયા પછી શ્રીકૃષ્ણ બ્રહ્મસ્વરૂપ, અવિનાશી, અચિંત્ય, શ્રીવિષ્ણુમય, જન્મ, જરા અને નાશ

રહિત અજ્ઞેય પરમાત્મા પરબ્રહ્મને વિષે પોતાનો આત્માલીન કરી મનુષ્ય શરીરનો ત્યાગ કર્યો અને ત્રિગુણાત્મક સંસારનું અતિક્રમણ કર્યું. ૬૮-૬૯.

अजन्मन्यजरेऽनाशिन्यप्रमेयेऽखिलात्मनि ॥
तत्याज़ मानुषं देहमतीत्य विविधां गतिम् ॥६९॥
ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમઅંશે સપ્તત્રિંશો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૩૮ મો.

पराशर उवाच ॥ अर्जुनोऽपि तदन्विष्य कृष्णरामकलेवरम् ॥
संस्कारं लंभयामास तथाऽन्येषामनुक्रमात् ॥१॥

પરાશર કહેછે—અર્જુને પ્રભાસ ક્ષેત્રમાં આવી શ્રીકૃષ્ણ બળરામના શરીર શોધી તથા અન્ય યાદવોના મૃત શરીર શોધી તેના સંસ્કાર કર્યા. ૧. મેં આગળ તને શ્રીકૃષ્ણની રૂકિમણી આદિ અષ્ટ પટરાણીનું કથન કર્યું હતું તે શ્રીકૃષ્ણના શરીરને આલિંગન કરી તેનીસાથે તેણે અગ્નિમાં પ્રવેશ કર્યો. ૨. હે મૈત્રેય! રેવતીએ પણ બળરામના શરીરની સાથે હર્ષ પૂર્વક અગ્નિમાં પ્રવેશ કર્યો. ૩. એ સર્વ વૃત્તાંત સાંભળી ઉગ્રસેન, વસુદેવ, દેવકી અને રોહિણી તેઓએ પણ અગ્નિમાં પ્રવેશ કર્યો ૪. પછી તે સઘળાની યથા શાસ્ત્ર પ્રમાણે પ્રેત ક્રીયા કરી શ્રીકૃષ્ણના વચનાનુસાર સઘળા લોક અને વજ્ર યાદવને લઇ અર્જુન ત્યાંથી નીકળ્યા. ૫. તથા દ્વારકામાંથી નીકળેલી શ્રીકૃષ્ણની અન્યાન્ય સ્ત્રીઓને, વજ્રને તથા અન્ય સાધારણ લોકોને લઈ તેનું રક્ષણ કરતા કરતા અર્જુન ધીમે ધીમે જતા હતા. ૬ હે મૈત્રેય! શ્રીકૃષ્ણે મૃત્યુલોકનો ત્યાગ કર્યા પછી સુધર્માસભા અને પારિજાતવૃક્ષ સ્વર્ગમાં ગયા. ૭. જે દિવસે શ્રીકૃષ્ણ પૃથ્વીનો ત્યાગ કરી સ્વર્ગલોકમાં ગયા તે દિવસે મલિન શરીરનો બળવાન્ કલિયુગ પૃથ્વી ઉપર ઉત્પન્ન થયો છે. ૮. ત્યારપછી સમુદ્રએ શ્રીકૃષ્ણના મંદિરનો ત્યાગ કરી તમામ દ્વારકા નગરીને જળમાં ડુબાવી દીધી. ૯. હે બ્રહ્મન્! અદ્યાપિ સુધી મહાસમુદ્ર શ્રીકૃષ્ણના મંદિરને જળમાં ડુબાવી દેવા સમર્થ થયો નથી. કારણકે એ મંદિરમાં નિરંતર ભગવાન શ્રીકૃષ્ણ નિવાસ કરેછે. ૧૦. તે અત્યંત પવિત્ર સર્વ પાપને નાશ કરનાર અને શ્રીકૃષ્ણના ક્રીડાસ્થાનરૂપ એ મંદિરનું અવલોકન કરનાર મનુષ્ય તમામ પાપથી છુટી મોક્ષ પામે છે. ૧૦. હે

---

* આઠત્રિશમા અધ્યાયમાં અર્જુનનો પરાજય કરી ચોર લોકો ભગવાનની સ્ત્રીઓનું હરણ કરી જશે તેથી પશ્ચત્તાપ પામતા અર્જુનને વ્યાસ શાંતિ આપશે અને પરિક્ષિતને રાજ્યાભિષેક કરી પાંડવો વનમાં જશે એ કથા કહેવાશે.

મુનિસત્તમ ! અર્જુને ઘણા ધન ધાન્ય યુકત પંચનદ નામના દેશમાં એ સર્વ દ્વારકાવાસી લોકોને નિવાસ કરાવ્યો. ૧૨. પછી ધનુષ્ય ધારી અર્જુન એકલો જેના સ્વામી નાશ પામ્યા છે એવી સ્ત્રીઓને સાથે લઇ જાય છે એમ જોઈ ચોરલોકોના મનમાં લોભ ઉત્પન્ન થયો. ૧૩. તે લોભથી જેનું અંતઃકરણ દુષ્ટ થયું છે એવા તે પાપકર્મ કરનાર દુર્મદ ગોપાળ એકઠા થઈ પરસ્પર કહેવા લાગ્યા ' આ ધનુષ્ય ધારણ કરનાર અર્જુન એકલો છે છતાં પતિહીન સ્ત્રીઓને લઈ આપણું અતિક્રમણ કરીને જાય છે માટે આપણા બળને ધિક્કારછે. ૧૪. ૧૫. ભિષ્મ, દ્રોણ, જયદ્રથ, તથા કર્ણ આદિનો વધ કરી આ અર્જુન અભિમાની થઇ ગયો છે પરંતુ એ ગ્રામવાસીઓના બળને હજુ સુધી જાણતો નથી. ૧૬. મોટી મોટી લાકડીઓ લ્યો અરે! સત્વર આવો, આ અત્યંત દુષ્ટ અર્જુન આપણે બધાને તૃણસમાન તુચ્છગણે છે. માટે આપણી આ ઉન્નત ભુજાનું શું પ્રયોજન છે ? ૧૭.

પરાશર૦—એ પ્રમાણે બોલી પરદ્રવ્યનું હરણ કરનારા તે ચોર લોકો મોટી લાકડીઓ રુપ આયુધ લઇને સ્વામી વગરની સ્ત્રીઓની પાછળ દોડયા. ૧૮. તે સમયે અર્જુને પાછા ફરી હાસ્ય કરતાં કરતાં તે ભિલ્લ લોકોને કહ્યું. ' અરે હે અધર્મિઓ ! જો તમારે મરવાની ઇચ્છા ન હોય તો આ કાર્યથી નિવૃત્ત થઈ પાછા જાઓ. ' ૧૯. એ પ્રમાણે અર્જુને કહ્યું છતાં તેના વચનનું અપમાન કરી હે મૈત્રેય! સઘળું દ્રવ્ય અને શ્રીકૃષ્ણની સ્ત્રીઓનું હરણ કરી તે ચોરલોકો લઇ ગયા ૨૦. તે સમયે મહા પરાક્રમી અર્જુન યુદ્ધ ક્ષેત્રમાં કદાપી ક્ષીણ ન પામે એવું ગાંડીવ નામનું દ્રિવ્ય ધનુષ્ય સજ્જ કરવા લાગ્યા, પરંતુ તેનું આકર્ષણ કરવામાં સમર્થ થયો નહીં. ૨૧. પછી મહાકષ્ટથી ધનુષ્ય સજ્જ કર્યું પણ તે પાછું શિથિલ થઇ ગયું. તેમજ અર્જુને મંત્રનું ચિંત્વન કર્યું છતાં શસ્ત્રના પ્રયોગનું તે સ્મરણ કરી શકયો નહીં ૨૨. અર્જુને ફરીથી ક્રોધ પામી તસ્કરો ઉપર બાણ મુક્યું, પરંતુ એ બાણથી માત્ર તેના શરીરની ચામડીજ ભેદાઇ પણ તેના મર્મસ્થાનને તે બાણ સ્પર્શ કરી શક્યું નહીં. ૨૩. એ પ્રકારે ગોપાલની સાથે ચાલેલા યુદ્ધમાં પૂર્વે અગ્નિએ જે અક્ષય બાણ આપ્યું હતું તે પણ ક્ષીણ થઇ ગયું. ૨૪. તે જોઇ અર્જુન મનમાં વિચાર કરવા લાગ્યા. ' મેં જે શસ્ત્રથી સર્વ રાજાઓનો પરાજય કર્યો હતો તે નિઃસંશય શ્રીકૃષ્ણના બળથીજ થયો છે. ' ૨૫. પછી અર્જુનની સામે એ સઘળા તસ્કર લોકો તે ઉત્તમ સ્ત્રીઓનું હરણ કરવા લાગ્યા. કોઇક સ્ત્રીઓ તો પોતાની ઇચ્છાથીજ તેની સાથે ગઈ. ૨૬. હે મુનિ ! બાણ ક્ષીણ થઈ જવાથી અર્જુને ધનુષ્યના અગ્રભાગથી તે તસ્કરોઉપર પ્રહાર કર્યા, પરંતુ એ લોકોએ તેની અવજ્ઞા કરી હાસ્ય કર્યું. ૨૭. હે મુનિસત્તમ ! અર્જુનની સમક્ષ તે ચોર લોકોએ વૃષ્ણિ. અંધક આદિ યાદવની ઉત્તમ સ્ત્રીઓનું હરણ કર્યું ૨૮. તે સમયે અર્જુન અત્યંત દુઃખાતુર થઇ. હા !

કષ્ટ! ભગવાને મારો ત્યાગ કર્યો! હાય! એ પ્રકારે બોલી રુદન કરવા લાગ્યા. ૨૯. જેમ વેદવર્જીત બ્રાહ્મણને આપેલું દાન વ્યર્થ જાય છે તેમ મારાં એજ ધનુષ્ય, એજ બાણ, એજ શસ્ત્ર, એજ રથ, અને એજ અશ્વ આજે એકદમ વ્યર્થ થઇ ગયાં. ૩૦. અહો! નિશ્ચય દૈવજ અતિશય બળવાન છે? કારણકે મને મહાત્મા શ્રીકૃષ્ણનો વિયોગ થવાથી આ સામર્થ્ય વગરના નીચ તસ્કરોનો આજ જય થયો.? ૩૧. એજ મારી બે ભુજા, એજ મારી મુષ્ટિ, એજ આસ્થાન (યુદ્ધ સમયે ઉભા રહેવાની રીત) અને એજ હું અર્જુન છું છતાં પુણ્ય (શ્રીકૃષ્ણ) વગર આ સઘળું નિઃસાર થઇ ગયું છે. ૩૨. મારું અર્જુનત્વ અને ભીમનું ભીમત્વ વાસુદેવની કૃપાથીજ હતું. જો એમ ન હોય તો હું આ નીચ ગોપાળોથી કેમ પરાજીત થયો? ૩૩.

પરાશર૦—એ પ્રમાણે બોલતાં બોલતાં અર્જુન મથુરા નગરીમાં આવ્યા અને ત્યાં યાદવ પુત્ર વજ્રને રાજ્ય ઉપર બેસાડયો. ૩૪. પછી અર્જુને અરણ્યમાં નિવાસ કરનાર વ્યાસને જોઈ તેની પાસેજઈ તેમને નમસ્કાર કર્યો. ૩૫. વ્યાસમુનિ પોતાના ચરણમાં નમસ્કાર કરતા અર્જુનની સામુ ઘણીવાર જોયા પછી બોલ્યા. હે અર્જુન! તું આ પ્રકારે અત્યંત નિઃસ્તેજ કેમથઈ ગયોછે? ૩૬. શું તેં રજસ્વલાનો સમાગમ કર્યોછે? કિંવા તેં બ્રહ્મહત્યા કરી છે? અથવા કોઈ મહાન આશાનો ભંગ થવાથી આમ દુઃખી થયો છે? ૩૭. કારણ કે તારી કાંતિ નષ્ટ થઈ છે. સંતાનના વિવાહની ઇચ્છાવાળા લોકોએ તારી પાસે પ્રાર્થના કરવાથી તેને તેં નિરાશ કર્યા છે? અથવા અગમ્યા સ્ત્રી સાથે ગમન કરવાથી તું નિસ્તેજ થયો છે? ૩૮. અથવા બ્રાહ્મણને ન આપ્યાં તેં એકલાએજ મિષ્ટાન્નભોજન કર્યું છે? હે અર્જુન! તેં દીન મનુષ્ય પાસેથી દ્રવ્ય હરણ કર્યું છે? ૩૯. હે અર્જુન! શું તે સુપડાના વાનું સેવન કર્યું છે? કિંવા તને કોઈની દ્રષ્ટિ લાગી છે? અથવા તારાં નેત્ર શું દૂષિત થયાં છે, એ શિવાય તું આમનિઃસ્તેજ કેમ થયો? ૪૦. શું તને નખના જળનો સ્પર્શ થયો? અથવા ઘડાથી ઉછળેલું જળ તારી ઉપર પડયું? અથવા કોઈ બળ વગરના પુરૂષે તારો પરાજય કર્યો? એમ ન હોય તો તારી કાંતિ આટલી મલિન કેમ થઇ ગઇ? ૪૧.

પરાશર૦—એ પ્રકારે વ્યાસે કહ્યા પછી અર્જુને લાંબોનિઃશ્વાસ મુકી 'સાંભળો ભગવન્' એમ બોલી વેદવ્યાસને પોતાના પરાજયનું સંપૂર્ણ વૃતાંત કહી સંભળાવ્યું. ૪૨.

અર્જુન૦—હે મુનિ! મારૂ જે બળ 'જેતેજ' જે પરાક્રમ અને જે કાંતિરૂપ શ્રીકૃષ્ણ હતા તે મારો ત્યાગ કરી ચાલ્યા ગયા. ૪૩. જે શ્રીકૃષ્ણ મારી સાથે અત્યંત આદરથી હાસ્યપૂર્વક ભાષણ કરતા હતા તે શ્રીકૃષ્ણ વગર આજ હું તૃણથી પણ હલકો થઇ ગયોછું ૪૪. જે મારાં શસ્ત્ર, બાણ, ગાંડીવ ધનુષ્ય અને મારું જે મૂર્ત્તિમંત બળ હતું તે પુરુષોત્તમ ચાલ્યા ગયા. ૪૫. જેની દ્રષ્ટિથી લક્ષ્મિ, વિજય,

સંપત્તિ અને ઉન્નતિ મારો ત્યાગ કરતા હોતાં તે ભગવાન મારો ત્યાગ કરી ગયા. ૪૬. ભિષ્મ, દ્રોણ, કર્ણ, અને દુર્યોધન આદિ જેના પ્રભાવથી દગ્ધ થયા હતા તે શ્રીકૃષ્ણે પૃથ્વીનો ત્યાગ કર્યો ૪૭. હે તાત! એ શ્રીકૃષ્ણના વિયોગથી કેવળ હું જ નિસ્તેજ થયોછું એમ નથી પરંતુ આ પૃથ્વી પણ મને નિસ્તેજ તારુણ્ય રહિત અને શોભા વગરની દેખાય છે. ૪૮. જેના પ્રભાવથી ભિષ્માદિ પતંગીયા અગ્નિરુપ મારી ઉપર પડીને નષ્ટ થયા, તે શ્રીકૃષ્ણના વિયોગથી આજ સાધારણ ગોપાલોએ મારો પરાજય કર્યો. ૪૯. જેની કૃપાથી ગાંડીવ ધનુષ્યની ત્રણ લોકમાં ખ્યાતિ થઇ હતી તે શ્રીકૃષ્ણ વગર આજ હું નીચ તસ્કરોની લાકડીઓથી પરાજય પામ્યો. ૫૦. હે મહામુનિ! હું રક્ષક થઇ ભગવાનની જે સ્ત્રીઓને લઇને આવતો હતો તે સ્ત્રીઓનું કેવળ લાકડીરૂપ આયુધ ધારણ કરનારા તસ્કરોએ મારો પ્રયત્ન નિષ્ફળ કરી હરણ કર્યું. ૫૧. હે વ્યાસ! આજ તસ્કરોએ લાકડીરુપ શસ્ત્રથી મારા બળનો પરાભવ કરી શ્રીકૃષ્ણના અંતઃપુરની સ્ત્રીઓને હું લાવતો હતો તેનું હરણ કર્યું. ૫૨. હે પિતામહ! હું નિસ્તેજ થયોછું તેમાં કાંઇ આશ્ચર્ય નથી પણ હજુસુધી હું જીવતો છું એજ આશ્ચર્ય છે કારણ કે મને નીચથી થયેલા અપમાનનુ કલંક લાગ્યું છતાં મને લજ્જા આવતી નથી? ૫૩.

વ્યાસ કહે છે—હે અર્જુન! એટલા માટે તારે લજ્જા પામવાનું કંઇ કારણ નથી તેમ તારે શોક કરવો એ પણ યોગ્ય નથી. સર્વ પ્રાણિમાત્રને વિષે કાળની એવીજ ગતી છે એ તારે નિશ્ચય જાણવું. ૫૪. હે પાંડુપુત્ર! કાળ એજ મનુષ્યની ઉન્નતિ અને અવનતિનું કારણ છે. હે અર્જુન! સર્વ કાળનું મુળ છે એમ સમજી તું ધીરજ રાખ. ૫૫. નદી, સમુદ્ર, પર્વત, પૃથ્વી, દેવ, મનુષ્ય, પશુ, પક્ષી, વૃક્ષ અને સર્પઆદિ જે કંઇ છે એ સર્વ કાળેજ નિર્માણ કર્યું છે અને કાળે કરી સર્વનો નાશ થવાનો છે માટે આ તમામ કાળાત્મક છે એમ જાણી તું શાંતિનો સ્વીકાર કર. ૫૬–૫૭. હે ધનંજય! તેં શ્રીકૃષ્ણના મહાત્મ્યનું વર્ણન કર્યું તે સત્ય છે એ ભગવાને પૃથ્વીના ભારનો નાશ કરવા માટે અવતાર લીધો હતો. ૫૮. પૂર્વે પૃથ્વી ભારથી અત્યંત પીડા પામી દેવ સભામાં ગઇ હતી. તેણે પ્રાર્થના કરવાથી પોતાની ઇચ્છા પ્રમાણે સ્વરુપ ધારણ કરનાર શ્રીવિષ્ણુએ અવતાર ધારણ કર્યો હતો. ૫૯. હે પાર્થ! એ કાર્ય પૂર્ણ થયું. તેણે સર્વ રાજાઓનો નાશ કર્યો અને વૃષ્ણિ તથા અંધક આદિ યાદવકુળનો સંહાર કર્યો. ૬૦. એ શ્રીકૃષ્ણને આ પૃથ્વી ઉપર બીજું કંઇ પણ કાર્ય બાકી રહ્યું ન હોતું તેથી પોતાનું કાર્ય પરિપૂર્ણ થતાં તે ભગવાન પોતાની ઇચ્છાથી સ્વધામ પધાર્યા. ૬૧. એ દેવાધિદેવ સૃષ્ટિ કાળમાં જગત્ને ઉત્પન્ન કરે છે, સ્થિતિ કાળમાં પાલન કરે છે અને હમણા જેમ યદુકુળનો સંહાર કર્યો તેમ તે અંતકાળે નાશ કરે છે. એ પરમાત્મા સર્વ કાર્ય કરવામાં સમર્થ છે. ૬૨. હે અર્જુન! તું પરાભવ પામ્યો તેથી ચિંતા કરીશ નહીં. કારણ

કે પુરુષના અભ્યુદય વખતે તેને હાથે અનેક પરાક્રમ થયા કરે છે. ૬૩. તેં એકલા એજ ભિષ્મ, દ્રોણ, કર્ણ આદિ રાજાઓનો નાશ કર્યો છે, પરંતુ હે અર્જુન! કાળના યોગે તેનો તારે હાથે પરાજય થવાનો હતો. શું એ તારા કરતા બળહીન હતા? અર્થાત્ કાળે કરીને જય તથા પરાજય થાય છે. ૬૪. તે શ્રીકૃષ્ણના પ્રભાવથી જેમ તારે હાથે ભિષ્માદિકનો પરાભવ થયો તેમ છેવટે તારોપણ તસ્કરોથી પરાભવ થયો. ૬૫. એ જગત્પતિ દેવ અન્ય શરીરમાં પ્રવેશ કરી જગત્ની સ્થિતિ કરે છે અને અંતકાળમાં એજ પ્રભુ સર્વ પ્રાણિનો વિનાશ કરે છે. ૬૬. હે કૌંતેય! તારા ભાગ્યોદય વખતે તે શ્રીકૃષ્ણ તને સહાય થયા હતા. હમણા તારા ભાગ્યની સમાપ્તિ વખતે તે શ્રીકૃષ્ણે તારા શત્રુ ઉપર કૃપાદ્રષ્ટિ કરી. ૬૭. તું ભિષ્મપિતા સહવર્તમાન કૌરવોનો વધ કરીશ, એ કોણ સત્ય માનશે? અને તસ્કરોથી તારો પરાભવ થયો એ વાત ઉપર પણ કોણ વિશ્વાસ કરશે? ૬૮. માટે હે પાર્થ! તેં જે કૌરવોનો નાશ કર્યો અને ગોપાલોએ તારો પરાજય કર્યો એ સર્વ સર્વાત્મક શ્રીકૃષ્ણની લીલાજ છે એમ તું જાણ. ૬૯. હે અર્જુન! તસ્કર લોકો જે સ્ત્રીઓનું હરણ કરી ગયા તેને માટે તું શોક ન કર. એનું વિશેષ વૃત્તાંત કહું છું તે સાંભળી તું શોકનો ત્યાગ કર. ૭૦. હે પાર્થ! પૂર્વે અષ્ટાવક્ર નામના મુનિ સનાતન બ્રહ્મનું ધ્યાન કરતા કરતા ઘણા વર્ષ સુધી જળમાં નિવાસ કરીને રહ્યા હતા. ૭૧. તે સમયે દેવતાઓએ અનેક અસુરોને જીતવાથી મેરુ પર્વત ઉપર મહોત્સવ કર્યો. હે અર્જુન! એ મહોત્સવમાં જતાં જતાં દેવ સ્ત્રીઓએ તેને જોયા. તેમા રંભા, તિલોત્તમા આદિ સેંકડો અથવા હજારો અપ્સરાઓએ તે મહાત્માની સ્તુતિ અને પ્રશંસા કરી. ૭૩. પછી વિનયવાળી અપ્સરાઓએ સ્તુતિ કરવામાં તત્પર થઈ કંઠ સુધી જળમાં રહેલા જટાધારી મુનિને પ્રણામ કર્યા ૭૪. હે કૌરવશ્રેષ્ઠ! એ બ્રાહ્મણશ્રેષ્ઠ અષ્ટાવક્ર મુનિ જે જે પ્રકારે પ્રસન્ન થાય તે તે પ્રકારે તે સ્ત્રીઓએ તેની સ્તુતિ કરી. (એ સ્તુતિથી પ્રસન્ન થઇ મુનિ બોલ્યા.) ૭૫.

અષ્ટાવક્ર૦—હે મહાભાગ્યશાળી સ્ત્રીઓ! હું તમારી ઉપર પ્રસન્ન થયો છું, માટે તમારે જે ઇચ્છા હોય તે વરદાન માગો, તમારું માગેલું વરદાન અત્યંત દુર્લભ હશે તોપણ હું તમને આપીશ. ૭૬. તે સાંભળી રંભા, તિલોત્તમા આદિ વેદ પ્રસિદ્ધ અપ્સરાઓ બોલી. હે દ્વિજ! જ્યારે આપ પ્રસન્ન થયા ત્યારે અમારે હવે મેળવવાનું બાકી શું રહ્યું, અર્થાત્ સર્વ વસ્તુ અમને મળી છે. ૭૭. પરંતુ બીજી અપ્સરાઓ બોલી. હે વિપ્રેંદ્ર! જો આપ પ્રસન્ન થયા હો તો અમને એ વરદાન આપો કે અમારા પતિ શ્રીવિષ્ણુ થાય. ૭૮.

વ્યાસ કહેછે—'એમ થશે' એ પ્રકારે વરદાન આપી મુનિ જળમાંથી બહાર નીકલ્યા. અને સ્ત્રીઓએ તે ઋષિ આઠ ઠેકાણેથી વક્ર હોવાથી તેને વિરૂપ

જોયા. ૭૯. હે કુરુનંદન ! તેને વિરુપ જોઇ હસવું વારી રાખ્યું છતાં હાસ્ય પ્રગટ થયું. તેને હાસ્ય કરતી જોઇ મુનિએ ક્રોધથી તેને શ્રાપ આપ્યો. ૮૦.

અષ્ટાવક્ર૦—મારું સ્વરુપ વિરુપ જોઈ તમે હાસ્યકરી મારું અપમાન કર્યું માટે હું તમને શ્રાપ દઉંછું. ૮૧. 'મારા પ્રસાદથી તમને શ્રીવિષ્ણુ પતિ પ્રાપ્ત તો થશે; પરંતુ ત્યાર પછી તમે સર્વ મારા શ્રાપથી તસ્કરના હાથમાં જશો.' ૮૨.

વ્યાસ કહેછે—એ પ્રકારે મુનિનું વચન સાંભળી અપ્સરાઓએ ફરીથી તેને પ્રસન્ન કર્યા. તેથી મુનિએ કહ્યું. 'ફરીથી તમે સ્વર્ગમાં જશો' ૮૩. એ પ્રમાણે અષ્ટાવક્ર મુનિના શ્રાપથી તે અપ્સરાઓને શ્રીકૃષ્ણ પતિ મળવા છતાં તે તસ્કરના હાથમાં ગઇ. ૮૪. હે અર્જુન ! એટલા માટે આ વિષયમાં તારે જરાપણ શોક કરવો નહીં. કારણ કે અખિલ નાથે પોતેજ એ કુળનો સંહાર કર્યો છે. ૮૫. તે તારોપણ વિનાશ કાળ પાસે આવવાથી તારું સામર્થ્ય, તેજ, પરાક્રમ અને મહાત્મ્ય એ સર્વનો ઉપસંહાર કર્યો છે. ૮૬. ઉત્પન્ન થનારનું અવશ્ય મરણ થવાનુ છે, ઉન્નતિ પછી પતન થાય છે, અને સંયોગ પછી નિશ્ચય વિયોગ થવાનો છે તથા સંગ્રહ પછી ક્ષય પણ જરૂર થાય છે જ્ઞાની લોકો એ પ્રમાણે જાણી તેનો હર્ષ તથા શોક જરાપણ કરતા નથી એ જ્ઞાનીઓના વ્યવહારનું શિક્ષણ લઈ સાધારણ લોક પણ સમય પરત્વે આવેલા હર્ષનો તથા શોકનો પરિત્યાગ કરી શકે છે. ૮૭. ૮૮ હે નરશ્રેષ્ઠ ! એટલા માટે તું પણ એ પ્રકારે જાણી સર્વનો ત્યાગ કરી પોતાના બંધુ સહિત તપશ્ચર્યા કરવાને માટે વનમાં જવાનો વિચાર કર. ૮૯. હમણા જઈને ધર્મરાજાને મારા કહેલા સઘળા વચન કહી પરમદિવસે પોતાના બંધુસહિત વીર પુરુષને યોગ્ય એવા માર્ગ પ્રત્યેગમન કર. ૯૦.

પરાશર૦—એ પ્રમાણે વ્યાસે કહ્યા પછી અર્જુન ધર્મ, ભીમ, નકુળ અને સહદેવ એ ચારભાઇને મળી તેને વ્યાસના કહેલાં વચન કહ્યાં અને જે જે જોયું હતું તથાઅનુભવેલું હતું તે સર્વ કહી સંભળાવ્યું.૯૧. પછી અર્જુનના મુખથી વ્યાસના વચન સાંભળી તે સઘળા પાંડવો પરિક્ષિતને રાજ્ય ઉપર બેસાડી વનમાં ગયા. ૯૨. હે મૈત્રેય ! એ પ્રકારે યદુવંશમાં જન્મ લઈ વાસુદેવે જે કાર્યો કર્યા હતાં તે સર્વ કથા વિસ્તારપૂર્વક મેં તને કહી સંભળાવી. ૯૩.

इत्येतत्तव मैत्रेय विस्तरेण मयोदितम् ॥
जातस्य यद्यदोर्वंशे वासुदेवस्य चेष्टितम् ।

ઇતિશ્રી વિષ્ણુપુરાણે પંચમઅંશે અષ્ટત્રિંશો અધ્યાય સંપૂર્ણ.

ઇતિ પાંચમો અંશ સમાપ્ત.

ॐ श्रीविष्णवे नमः ॥

श्रीविष्णुपुराणनुं गुजराती भाषांतर.

अंश छट्ठो.

* अध्याय १ लो.

मैत्रेय उवाच ॥ व्याख्याता भवता सर्गवंशमन्वंतरस्थितिः ॥
वंशानुचरितं चैव विस्तरेण महामुने ॥१॥

મૈત્રેય કહેછે—હે મહામુનિ! આપે જગત્‌ની ઉત્પત્તિ, વંશ, મન્વંતરની સ્થિતિ અને વંશના ચરિત્રનું વિસ્તાર પૂર્વક કથન કર્યું. ૧. હે મહામુનિ! હવે જે પ્રકારે પ્રાણિમાત્રનો ઉપસંહાર થાય છે તે અત્યંતિક, પ્રાકૃત, અને બ્રહ્માદિનાં દ્વિવસને અંતે થનાર મહા પ્રલયના સ્વરૂપ આપની પાસે સાંભળવાની ઈચ્છા કરૂંછું ૨.

પરાશર કહે છે—હે મૈત્રેય! કલ્પને અંતે મહા પ્રલયમાં અને પ્રાકૃત પ્રલયમાં જે પ્રકારે પ્રાણીનો સંહાર થાય છે તે પ્રલયના સ્વરૂપનું વર્ણન મારા થકી શ્રવણ કર. ૩. હે દ્વિજશ્રેષ્ઠ! જ્યારે મનુષ્યોનો એક માસ થાય ત્યારે પિતૃઓનો એક અહોરાત્ર (રાત્રી-દિવસ) થાય છે. અને મનુષ્યનું એક વર્ષ થાય, ત્યારે દેવતાઓનો એક અહોરાત્ર થાય છે. મનુષ્યના આઠ હજાર યુગ થાય, તે વખતે બ્રહ્માનો એક અહો રાત્ર થાય છે. ૪. સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, અને કલિયુગ, મનુષ્યોના એ ચાર યુગ પુરા થાય, ત્યારે દેવતાઓના બાર હજાર વર્ષ થાય છે. ૫. હે મૈત્રેય! સૃષ્ટિના આરંભ કાળનો સત્યયુગ, અને સર્વથી છેલ્લો કલિયુગ એ બે શિવાય બીજા યુગોનું સરખું સ્વરુપ છે; કેમ કે પ્રથમ સત્યયુગમાં બ્રહ્મ પ્રાણીમાત્રની સૃષ્ટિ ઉત્પન્ન કરે છે અને છેવટના કલિયુગમાં તમામ સૃષ્ટિનો નાશ કરે છે. ૬. ૭.

મૈત્રેય કહેછે—હે ભગવાન! કળીયુગમાં ચતુષ્પાદ ધર્મ નષ્ટપ્રાય થઇ જાય છે, તે કલિયુગના સ્વરુપનું વિસ્તારપૂર્વક વર્ણન કરો. ૮.

પરાશર કહેછે—હે મૈત્રેય! તું જે મને કલિકાળના સ્વરૂપ વિષયમાં પ્રશ્ન કરે છે તે હું તને સંપૂર્ણ પ્રકારે કહુંછું શ્રવણ કર. ૯. કલિયુગમાં મનુષ્યોના વર્ણ, તથા આશ્રમોના આચાર રૂપ સર્વ પ્રવૃત્તિ નષ્ટપ્રાય થઇ જશે, અને એ પ્રવૃત્તિથી

---

* આ છઠ્ઠા અંશમાં કલીયુગમાં વિરાગને માટે મુક્તિનું સાધન કહેવાશે તેમાં પહેલા અધ્યાયમાં કલિયુગમાં મનુષ્યની સ્થિતિનું વર્ણન કરવામાં આવશે.

ઋગ્, યજુ, સામ, આદિ વેદમાં કહેલી ક્રીયા ફળ આપનારી થશે નહિં. ૧૦ કલિયુગમાં ધર્મ પ્રમાણે વિવાહ નહિ થાય, તથા ગુરૂ અને શીષ્યની મર્યાદા રહેશે નહિં, તેમજ સ્ત્રી, પુરૂષનો વ્યવહાર ક્રમથી ચાલશે નહિં અને હોમ આદિ ક્રિયા, તથા દેવપૂજન યથાવિધિ થશે નહીં. ૧૧. કલિયુગમાં ગમે તેવા કુળમાં ઉત્પન્ન થયો હશે છતાં જે બળવાન્ હશે તે રાજા થશે, તથા સર્વ વર્ણની કન્યા સાથે વિવાહ કરવાનું યોગ્ય ગણાશે. ૧૨. બ્રાહ્મણો ગમે તેવા નિંદિત ઉપાયથી નિષિદ્ધ દ્રવ્ય ગ્રહણ કરી પોતે મહા દિક્ષિત કહેવડાવશે. પાપિષ્ઠલોક કેવળ મનુષ્યોને સંતુષ્ટ કરવાને માટે ગમે તેવાં પ્રાયશ્ચિતો કરશે, ૧૩. હે મૈત્રેય! કલિકાળમાં જે મનુષ્યના મુખનું વચન હશે તે પણ શાસ્ત્રોક્ત કહેવાશે. પોતપોતાના અભિપ્રાય પ્રમાણે (શાસ્ત્રને બાજુએ મુકી) સર્વ લોકો પોતાની મરજીમાં આવે એવા કલ્પિત દેવની ઉપાસના કરશે તથા કલ્પીત આશ્રમો ગ્રહણ કરશે. ૧૪. ઉપવાસ, કષ્ટસાધ્યવૃત, તથા જેમાં દ્રવ્યનો વ્યય થાય એવા ધર્મ, શાસ્ત્રની વીધિ વગર પોતાના મનની ઇચ્છા પ્રમાણે કરશે અને પોતાનું જે કરેલું તે યોગ્ય કર્યું છે એમ કહેશે તથા કહેવડાવશે. ૧૫. કળિયુગમાં મનુષ્ય થોડા ધનવાળો હશે છતાં અત્યંત ગર્વીષ્ટ થશે અને સ્ત્રીઓ પણ કેવળ પોતાના કેશની સુંદરતાથીજ મદવાળી થશે. પણ રત્નાદિ અલંકારથી નહીં. ૧૬, કારણકે તે સમયમાં સુવર્ણ. મણિ, રત્ન, તથા સુંદર વસ્ત્રનો ક્ષય થવાથી સ્ત્રીયો પોતાના કેશ યા પટીયાંવડે અલંકૃત થશે, ધનહીન પતિનો ત્યાગ કરશે અને જે દ્રવ્યવાન હશે તે કળિયુગમાં સ્ત્રીનો સ્વામી થશે. ૧૭–૧૮. મનુષ્યને જે અધિક ધન આપશે તે તેનો પ્રભુ કહેવાશે અને અન્નદાતા સ્વામિ પણ એજ કહેવાશે. પ્રભૂત્વના વિષયમાં અમુક સારા કુળમાં ઉત્પન્ન થયો છે એમ શીષ્ટ પુરૂષોનો આદર નહિ થાય. અર્થાત્ શૂદ્ર દ્રવ્યવાન હશે અને બ્રાહ્મણને દ્રવ્ય આપશે તો તે બ્રાહ્મણનો પણ અન્નદાતા કહેવાશે કારણ દ્રવ્યના યોગથી થયેલો સંબંધ એજ તે વખતે તેનું કારણ થશે પણ કુળ તેનું કારણ થઇ શકશે નહિ. ૧૯. કળિયુગમાં મનુષ્યો ધર્મના વિષયમાં દ્રવ્યનો ખર્ચ કરશે નહીં પણ સારા સારા ઘર, મેહેલ, વિગેરેમાં દ્રવ્યનો અંત લાવશે. મનુષ્યોની બુદ્ધિ આત્મજ્ઞાન સંબંધી ચીંતવન ન કરતાં કેવળ નિરંતર ધન ઉપાર્જન કરવામાંજ લુબ્ધ રહેશે અને છેવટે એ બુદ્ધિનો અંત આવશે, પરંતુ ધનવડે અતિથી આદિનો સત્કાર ન કરતાં માત્ર પોતાના ઉપભોગને માટે તમામ દ્રવ્યનો અપવ્યય કરશે. ૨૦. કળિયુગમાં સ્ત્રીઓ અનેક પ્રકારના સૌંદર્યથી મોહ પામી સ્વેચ્છાચારિણી થઇ પુંશ્ચલી કર્મ કરનારી થશે. અને પુરૂષો અન્યાય માર્ગે ધન સંપાદન કરવાના અભિલાષી થશે. ૨૧. મનુષ્યોની કાર્યપ્રસંગે તેના સુહૃદ્વર્ગ તથા મિત્રએ પ્રાર્થના કરી હોય છતાં તે વખતે પોતાને કીંચીત્ હાની થતી હોય તેને પણ તે સાહન કરશે નહિં. ૨૨. અન્ય લોકો એવું સમજશે કે ' બ્રાહ્મણોમાં ને આપણામાં

કંઈ અંતર નથી ' અર્થાત્ બ્રાહ્મણોનું ગૌરવ રહેશે નહિં, તેમજ ગાય દુધ આપશે. ત્યાં સુધિ તેની ઉપર પ્રીતિ કરશે પણ તેમાં પૂજ્યભાવ નહિં રાખે. ૨૩. પ્રજા અનાવૃષ્ટિ (દુકાળ)થી ક્ષુધાવડે પીડિત થઇ આમ તેમ દ્રષ્ટિ કરતા આકાશ સામું જોયા કરશે. ૨૪. તે સમયે મનુષ્યો અનાવૃષ્ટીથી દુઃખ પામી, કંદ, મૂળ, ફળ, અને પત્ર, આદિનું ભક્ષણ કરી તપસ્વીઓની પેઠે કલેશ સહન કરતા આત્મઘાત કરશે. ૨૫. તથા વારંવાર દુકાળ પડવાથી લોકો ધન વગરના તથા સુખ, હર્ષ (આનંદ)થી રહિત થઇને તેઓ અસમર્થ થઇ કલેશ ભોગવશે. ૨૬. કળિયુગમાં માણસો સ્નાન કર્યા વગર ભોજન કરશે, અગ્ની, દેવ, તથા અતિથી વગેરેનું પુજન કરશે નહિં, અને તર્પણ આદિથી પિતરોને સંતુષ્ટ પણ નહિ કરે અર્થાત્ શ્રાદ્ધાદિ ક્રિયાનો લોપ થશે. ૨૭. મનુષ્યો અત્યંત લોભીષ્ટ થશે, તથા સર્વના શરીર ક્રમથી ક્ષીણ થશે, સ્ત્રીયો અતિશય ભોજન કરનારી ઘણી પ્રજાવાલી તથા ભાગ્ય વગરની થશે. ૨૮. તથા સ્ત્રીયો પોતાના બે હાથ વડે માંથુ ખંજવાળતી તથા પોતાના વડીલોની અને સ્વામીની આજ્ઞાનો ભંગ કરશે. ૨૯. તથા નિચવૃત્તિવાળી થઈ માત્ર પોતાનુંજ પોષણ કરવામાં આસક્ત રહેશે. તથા શરિરાદિના સૌભાગ્ય સંસ્કાર વગરની હમ્મેશ કઠોર વચન બોલનારી અને જુઠું બોલનારી થશે. ૩૦. કુળવાન સ્ત્રીયો દુષ્ટ સ્વભાવવાળી થઈ નઠારી ચેષ્ટાવાળા પુરુષોની ઇચ્છા કરશે અને નીરંતર અનાચાર (વ્યભિચાર)માં આસક્ત રહેશે. ૩૧. કલિયુગમાં બ્રાહ્મણના પુત્રો આચારથી હીન થઇ બ્રહ્મચર્યાદિ નિયમોનુ ઉલ્લંઘન કરી વેદાધ્યયન કરશે તથા ગ્રહસ્થો હોમ કરશે નહિં તેમ યોગ્યદાન પણ આપશે નહિં.આર્થાત્ કીર્ત્તિદાન કરશે. ૩૨. વનવાસિ, (વાનપ્રસ્થ આશ્રમવાળા) ભિક્ષુક, (સન્યાસિ) લોકો ગ્રામમાંથી અન્નનો સ્વીકાર કરિ ઘર આદિમાં આસક્ત રહી મિત્રાદિકોની સાથે સ્નેહ રૂપ સુતરથી બંધાઇ જશે. અર્થાત્ બહાર લોકોમાં એમ જણાવશે કે ભાઇ હું તો વાનપ્રસ્થી છું, સન્યાસિ છું. મારે વળી જંજાળ કેવી વગેરે કહેશે પરંતુ અંતઃકરણથી તે પ્રમાણે ચાલશે નહિં. ૩૩. કલિયુગમાં રાજાઓ ન્યાય પ્રમાણે પ્રજાનું પાલન કરશે નહિં. અને ' કર ' ના મિષથી જોર જુલમથી પ્રજાનું દ્રવ્ય હરણ કરશે. ૩૪. જેની જેની પાસે હાથી, ઘોડા, રથ, વગેરે હશે; તે લોકો રાજા કહેવાશે અને જે નિર્બળ હશે તેઓ દાસત્વ ગ્રહણ કરી પોતાનું ગુજરાન ચલાવશે. ૩૫. વૈશ્યલોક ખેતી, વેપાર, આદિ પોતાના કર્ત્તવ્ય કર્મ છોડી શૂદ્ર વૃત્તિ શિલ્પાદિકર્મ કરી પોતાનો નિર્વાહ ચલાવશે. ૩૬. તથા અધમ શૂદ્રાદિક તપસ્વી સન્યાસીનો વેશ લઇ ભીક્ષા વૃત્તિથી પોતાની આ જીવીકા ચલાવશે. અને બ્રાહ્મણાદિ વર્ણ સંસ્કાર વગરના થઇ પાખંડ વૃત્તિનો આશ્રય કરી પોતાની આજીવીકા ચલાવશે. ૩૭. કલિયુગમાં સર્વલોક આધિ, વ્યાધી, દુકાળ, તથા રાજાના કર થકી અત્યંત પીડા પામી જે દેશમાં ઘઉં અને ચોખા પાકતા હશે એવા દેશમાં

જઇ નિવાસ કરશે. ૩૮. ત્યારપછી વૈદિક કર્મોનો નાશ થવાથી લોકો પાખંડી જેવા થઇ જશે. અને જેમ જેમ અધર્મની વૃદ્ધિ થતી જશે તેમ તેમ મનુષ્યો અલ્પાયુષી થશે. ૩૯. મનુષ્યો શાસ્ત્રમાં કહેલાં તપ ન કરતાં અન્ય પ્રકારના તપ કરવા માંડશે, એ કારણથી અને અધર્મી રાજાના દોષથી બાળકોનું મૃત્યુ થશે તથા અકાળ મૃત્યુ થશે. ૪૦. કલિયુગમાં આઠ, નવ, દસ, વર્ષની ઉમ્મર વાળા પુરુષથી પાંચ, છ, સાત વર્ષની કન્યા ગર્ભ ધારણ કરશે. અર્થાત્ સંતાનની પ્રાપ્તિ કરશે. ૪૧. તે સમયે મનુષ્ય બારવર્ષની ઉમરે વૃદ્ધ થશે વીશ વર્ષનું પર આયુષ્ય કહેવાશે. ૪૨. કલિયુગમાં મનુષ્યો અલ્પ બુદ્ધિવાળા થઇ ખોટા યજ્ઞોપવિત ધારણ કરશે. તેઓની ઇંદ્રિયોનિ વૃત્તિ નઠારે માર્ગે દોરાશે તથા અંતઃકરણ પણ ઘણું અપવિત્ર થશે, તેમજ એ લોક થોડા કાળમાં જયાં ત્યાં નાશ પામી જશે. ૪૩. હે મૈત્રેય ! જેમ જેમ પાખંડી લોકની વૃદ્ધિ થતિ જાય છે તેમ તેમ કલિનિ વૃદ્ધિ થઇ જાય છે એમ જ્ઞાની પુરુષોએ અનુમાન કરવું. ૪૪. હે મૈત્રેય ! જયારે વેદ માર્ગે અનુસરનાર સજ્જન પુરૂષોની હાની થશે તે વખતે કલિયુગની વૃદ્ધિ થઇ છે એમ જ્ઞાની પુરુષોએ અનુમાન કરવું. ૪૫. ધાર્મીક લોકોનો ઉદ્યોગ જે વખતે ક્ષીણ થવા માંડે તે વખતે હે મૈત્રેય ! કલિયુગનું પ્રાબલ્ય વધ્યું છે એમ સૂજ્ઞ જનોએ જાણવું. ૪૬. જે સમયે મનુષ્ય યજ્ઞ પુરુષ પુરુષોત્તમ શ્રીવિષ્ણુની પૂજા નહિં કરે તે સમયે કલિયુગ અતી પ્રબળ થયો છે એમ સમજવું. ૪૭. હે દ્વિજોત્તમ ! જે વખતે મનુષ્યોની વેદ વચન ઉપર પ્રીતિ રહેશે નહિં અને પાખંડીયોના ઉપદેશમાં વિશ્વાસ રાખશે તે વખતે કલિયુગની વૃદ્ધિ થઇછે એમ જ્ઞાની પુરુષો એ જાણવું. ૪૮. હે મૈત્રેય ! કલિયુગમાં મનુષ્યો પાખંડી લોકોના ઉપદેશમાં મોહ પામી સર્વના સૃષ્ટા (ઉત્પન્ન કરનાર) જગત્પતિ ઐશ્વર્ય સંપન્ન શ્રીવિષ્ણુનું પૂજન કરશે નહિં. ૪૯. તેમજ પાખંડીયોના ઉપદેશથી જેની બુદ્ધિ નાશ પામી છે એવા મનુષ્યો " વેદથી શું થવાનું છે ? બ્રાહ્મણોમાં શું સામર્થ્ય છે ? દેવની પુજા કરવાથી શું થાય છે ! પાણીથી સ્નાન કરવાથી શું પવિત્ર થવાયછે ? " ઇત્યાદિ અનેક પ્રકારના મિથ્યા વચનો બોલશે. ૫૦. હે દ્વિજ ! કલિયુગમાં વરસાદ થોડો થશે, ધાન્ય થોડું પાકશે, અને ફળ ઝીણા ઝીણા લાગશે તથા ઘણાં થોડાં ફળ પાકશે. ૫૧. કલિયુગમાં વસ્ત્ર ઘણુ કરીને શણના ઝીણાં સુતરના થશે, વૃક્ષો શમી વૃક્ષ જેવાં થશે, અને તમામ વર્ણ શૂદ્ર પ્રાય થઇ જશે. ૫૨. ધાન્યના કણ ક્રમથી નાનાં થઇ જશે, ગાયનું દુધ બકરીના દુધ જેટલું થઇ જશે, અને શરીરે સુગંધી મર્દન ' સુંગધી વાળા ' નું થશે. ૫૩. હે મુનિસત્તમ ! કલિયુગમાં સાસુ, સસરા, ઘરમાં પ્રધાનપદ ઉપર વડીલની જગ્યાએ રહેશે, શાળાઓ ભાઈ જેવા ગણાશે અને જેની સ્ત્રી સુંદર સ્વરૂપવાળી હશે તેના જ બુદ્ધિથી ઘણા મિત્રો થશે. ૫૪. તથા

મનુષ્યો સસરાના અનુયાયી થઇ આ પ્રકારે બોલશે કે ' કોણ કોના માતા પિતા છે ? એ સર્વ પોત પોતાના કર્માનુસાર ઉત્પન્ન થયા છે. ' જાણે પોતે સર્વજ્ઞ હોય એવી-રીતે બોલશે. ૫૫. થોડી બુદ્ધિવાળા મનુષ્યો, વાણી, મન, અને શરીરના દોષોથી વ્યાકૂળ થઇ વારંવાર પાપ કર્યા કરશે. ૫૬. સત્યહીન, અપવીત્ર, અને લક્ષ્મી વગરના મનુષ્યને માટે જે જે દુઃખના વિષયો છે તે સઘળા તેને પ્રાપ્ત થશે. ૫૭. તે વખતે સઘળા દેશ, વેદાધ્યયન, તથા વષટ્કાર, પિતૃકર્મ, અને દેવકર્મથી રહિત થઈ જવાથી મનુષ્યો કિકટ આદિ દેશમાં જઇને નીવાસ કરશે. ૫૮. કલિયુગમાં એ સઘળા મોટા દોષો છે પરંતુ એમાં એક શ્રેષ્ઠ ગુણ એવો છે કે સત્યયુગમાં અતિ ભયંકર તપશ્ચર્યા કરવાથી જે ફળ પ્રાપ્ત થતું હતું તે ફળ કલિયુગમાં થોડા પરિ-શ્રમથી પરમાત્માના નામનું કીર્તન કરવાથી મનુષ્યને પ્રાપ્ત થાય છે. આ એમાં મોટો ગુણ હોવાથી સઘળા તેના દોષો ઢંકાઇ જાય છે. ૫૯.

तदाल्पेनैव यत्नेन पुण्यस्कंधमनुत्तमम् ॥
करोति यं कृतयुगे क्रियते तपसा हिसः ॥ ५९ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ષષ્ઠાંશે પ્રથમો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૨ જો.

पराशर उवाच ॥ व्यासः प्राह महाबुद्धिर्यदत्रैव हि वस्तुनि ॥
तच्छ्रूयतां महाभाग गदतो मम तत्वतः ॥ १ ॥

પરાશર કહેછે—હે મૈત્રેય ! મહાબુદ્ધિશાળી વેદવ્યાસે આ વિષયમાં જે કંઈ કહ્યું છે. તે સર્વ તત્વ મ્હારા થકી તું શ્રવણ કર. ૧. એક વખત મુનિયોનાં મધ્યમાં એવો પ્રશ્ન થયો હાતો કે ' કયા યુગમાં થોડો ધર્મ કરવાથી મોટું ફળ મળે છે ? ' એ વિષય પર મુનિયોમાં ભારે વાદવિવાદ થયો હતો. ૨. હે મુનિશ્રેષ્ઠ ! ત્યારપછી એ સઘળા મુનિઓ પોતાનો સંદેહ ટાળવાને માટે મહામુનિ વેદવ્યાસની પાસે ગયા ૩. તે વખતે મુનિયોમાં શ્રેષ્ઠ બુદ્ધિમાન્ વેદવ્યાસ ગંગાના પવિત્ર જળમાં અર્ધ સ્નાન કરેલું છે એમ સઘળા મુનિઓએ જોયું. ૪. અને તેના સ્નાનની સમાપ્તિની વાટ જોતા એ સઘળા મુનીઓ તે મહાનદિના કીનારા ઉપર વૃક્ષોના મૂળ આગળ બેઠા. ૫. ત્યારપછી મારા પુત્ર વેદવ્યાસ ભાગીરથી ગંગામાં બુડકી મારી સ્નાન કરી ઉપર આવ્યા અને સઘળા મુનિઓ સાંભળે એમ ' કલિયુગ શ્રેષ્ઠ, કલિયુગ શ્રેષ્ઠ ' એ પ્રકારે બોલ્યા. ૬. પછી ફરીથી જળમાં બુડકી મારી ઉપર

* બીજા અધ્યાયમાં વેદવ્યાસ; મુનિઓને સ્ત્રી તથા શુદ્રોની શ્રેષ્ઠપણાનું કારણ કહેશે.

આવી બોલ્યા. 'હે શૂદ્ર તને ધન્ય છે.' પ્રરીથી જળમાં સ્નાન કરી બોલ્યા, 'હે સ્ત્રીઓ તમને ધન્ય છે. તમારાથી અધીક આ જગત્માં બીજું કોણ છે ? ૭.' એમ બોલી યથાવિધિ સ્નાન સંધ્યાદિ કર્મ કરીને મારો પુત્ર વ્યાસ આવે છે એટલામાં તે ઋષિઓ તેની પાસે ગયા. ૯. પછી નમસ્કાર કરી પોતાના આસને બેઠેલા તે ઋષિઓને સત્યવતીના પુત્ર પુછવા લાગ્યા, હે ઋષિઓ! આપનું અહિં શા કારણથી આવવું થયું છે ? ૧૦. તે સાંભળી ઋષિઓ બોલ્યા, હે ભગવાન ! આપની પાસે અમારો સંશય દૂર કરવાને આવ્યા છીએ, તે પ્રશ્ન હાલ રહેવાદો; પરંતુ આપે જે કહ્યું તે સંબંધી ખુલાસો કરો. ૧૧. કારણ કે કલિયુગશ્રેષ્ઠ, સ્ત્રીશ્રેષ્ઠ અને શૂદ્રશ્રેષ્ઠ, તેઓ સર્વને ધન્યવાદ ઘટે છે. એમ હે ભગવાન ! આપે વારંવાર કહ્યું તેનું કારણશું ? એ અમને સાંભળવાની ઇચ્છા છે. માટે હે મુનિવર ! તે ગુપ્ત ન હોય તો કૃપા કરી અમને કહી સંભળાવો. ૧૨. ૧૩. એ પ્રમાણે ઋષિઓના પ્રશ્ન પુછયા પછી વ્યાસજી હસતાં હસતાં બોલ્યા. હે શ્રેષ્ઠ ઋષિઓ ! મેં જે સાધુ, સાધુ, એમ ઉચ્ચાર કીધો તેનું કારણ સાંભળો. ૧૪. હે ઋષિયો ! મનુષ્યને તપશ્ચર્યા, બ્રહ્મચર્ય અને જપાદિકનું ફલ કૃતયુગમાં દશવર્ષે મળતું, ત્રેતાયુગમાં એક વર્ષે, દ્વાપરમાં એક માસમાં મળતું હતું તે ફળ કલિયુગમાં એક રાત્રિદિવસમાં મળે છે. માટે કલિયુગ સારો છે. ૧૫. ૧૬. કૃતયુગમાં અત્યંત કલેશથી શ્રીકૃષ્ણનું ધ્યાન કરવાથી, ત્રેતાયુગમાં યજ્ઞ કરવાથી અને દ્વાપરમાં પૂજન કરવાથી, જે ફળ મળે છે તે કલિયુગમાં શ્રીકૃષ્ણનું નામ સ્મરણ કરવાથીજ પ્રાપ્ત થાય છે. ૧૭. હે ધર્મને જાણનારા ઋષિઓ ! આ કલિયુગમાં થોડા પ્રયત્નથી મનુષ્યને હાથે અતીશય ધર્મ થાય છે માટે પ્રસન્ન થઇ કલિયુગને શ્રેષ્ઠ કહ્યો છે. ૧૮. બ્રાહ્મણોએ બ્રહ્મચર્યાદિ વૃતનું આચરણ કરી વેદાધ્યયન કરવું. અને ધર્મથી પ્રાપ્ત થયેલા ધન વડે વિધિ પ્રમાણે યજ્ઞો કરવા ૧૯. શ્રીકૃષ્ણના ભજનથી રહીત કથા, શ્રીકૃષ્ણને અર્પણ કર્યા વિનાનું ભોજન, અને તીર્થાટન વિનાનું પર્યટન, એ સર્વ બ્રાહ્મણોના પતનનું કારણ છે. માટે તેઓએ હમેશાં વૃતમાં તત્પર રહેવું જોઇએ. ૨૦ તે ઓએ કોઈપણ અયોગ્ય કામ કરવું નહિ તેમ કરવાથી દુષિત થાય છે. તથા હે ઋષિઓ ! ખાવા પીવાના પદાર્થો પણ પોતાની ઇચ્છા પ્રમાણે લેવાને મનાઇ છે. ૨૧. તેઓને દરેક કામમાં પરતંત્ર પણાથી તથા શાસ્ત્રાનુ ગામી થઈ ચાલવું, એ કરતાં પણ અધિકકલેશ સહન કરી અધિક ધર્મ કરવાથી અંતકાળમાં તેની સદ્ગતિ થાય છે. પરતુ શૂદ્રને એકલો પાક યજ્ઞનો અધિકાર હોવાથી કેવલ બ્રાહ્મણ આદિની શુશ્રુષાથીજ પોતાના ઈષ્ટલોકને પામે છે. માટેજ તે શૂદ્રને ઘણો ધન્યવાદ ઘટે છે. ૨૩. હે મુનિવર! શૂદ્રને ઇષ્ટલોક મેળવવા માટે તેને ભક્ષ્યાભક્ષ્ય અથવા પેયાપેય વિષયમાં કોઈપણ નિયમ પાળવાનો નથી માટે તેને ઘણો ધન્યવાદ છે એમ મેં કહ્યું છે. ૨૪. પુરુષે ધર્મમાં વિરોધ આવવા ન દેતાં સંપાદન

કરેલું દ્રવ્ય સત્પાત્રને અર્પણ કરવું અને યજ્ઞો કરવા. ૨૫. એ દ્રવ્ય પેદા કરવામાં, તેનું રક્ષણ કરવામાં તથા તેને સત્પાત્રને અર્પણ કરવામાં પુરુષોને મહા કલેશ સહન કરવો પડે છે, એ સર્વ કલેશ તથા બીજા અનેક પ્રકારના દુઃખોને સહન કરી ધર્મનું રક્ષણ કરે તો તે પુરૂષ અનુક્રમથી પ્રાજાપત્યાદિ લોકમાં જવાને સમર્થ થાય છે. ૨૬. ૨૭. હે દ્વિજ શ્રેષ્ઠો ! પરંતુ સ્ત્રીઓ મન વાણી અને કર્મથી પતિની સેવા કરી તે લોકને પામે છે. પુરુષો અત્યંત કષ્ટ ભોગવીને જે લોકમાં જાય છે તે લોકમાં સ્ત્રીઓ કલેશ ન ભોગવતાં જાય છે એ કારણથી આપલોકોએ મારા મુખથી સ્ત્રી શ્રેષ્ઠ છે' એમ સાંભળ્યું છે. ૨૮. ૨૯. આ મેં તમને કહ્યું હવે આપલોકો જે કારણ માટે મારીપાસે આવ્યાછો તે મને પુછો હું તમને તેના ઉત્તર સંપૂર્ણ રીતે કહીશ. ૩૦.

પરાશર૦—એ પ્રમાણે વ્યાસે કહ્યા પછી તે ઋષિઓ બોલ્યા, હે મહારાજ! અમે તમને જે પ્રશ્ન પુછવાના હતા તેનો ઉત્તર તમે બીજા પ્રશ્નના પ્રસંગથી યથા યોગ્ય કહ્યો છે. ૩૧. તે સાંભળીને વ્યાસ મુનિ હસતાં હસતાં વિસ્મય થી વિકાસ પામેલા નેત્રવાળા તપસ્વી મુનિઓ પ્રત્યે બોલ્યા. ૩૨. મેં દિવ્ય દૃષ્ટિથી તમારો પ્રશ્ન જાણી આપની પાસે કલિયુગ ઉત્કૃષ્ટ, કલિયુગ ઉત્કૃષ્ટ, એ પ્રમાણે હું બોલ્યો. ૩૩. કલિયુગમાં સદ્‌વૃત્તિરુપ જલથી સર્વ દોષોનું ક્ષાલન કરી થોડાજ પ્રયત્ન વડે મનુષ્યો ધર્મ સાધ્ય કરી શકે છે. ૩૪. હે મુનિ શ્રેષ્ઠો ! શૂદ્રોને દ્વિજની સેવા કરવાથી અને સ્ત્રીઓને કેવલ પતિસેવા કરવાથી અનાયાસે ધર્મની પ્રાપ્તિ થાય છે. ૩૫. માટેજ સ્ત્રીઓને તથા શુદ્રને અત્યંત ધન્ય છે એમ મારો મત છે. કારણ કૃતાદિ યુગમાં દ્વિજ જાતીને ધર્મ પ્રાપ્ત કરવાને માટે કલેશ ભોગવો પડે છે. પણ સ્ત્રીયોને અને શુદ્રોને તે કષ્ટ ભોગવવું પડતું નથી. ૩૬. હે ધર્મજ્ઞ ઋષિઓ ! તમે મને પ્રશ્ન કર્યા શિવાય પણ તમારી ઈચ્છાનુસાર વિષયનું વર્ણન કર્યુ એ વગર બીજું શું કહું તે મને કહો. ૩૭.

પરાશર૦—એ પ્રમાણે વ્યાસ મુનિએ કહ્યા પછી તે ઋષિઓ વ્યાસનું પૂજન કરી તેની વારંવાર પ્રશંસા કરી તેના વચનથી પોતાના સંશયનો નાશ કરી જ્યાંથી આવ્યા હતા ત્યાં ચાલ્યા ગયા. ૩૮ હે મહાભાગ ! મેં તને આ રહસ્ય કહી સંભળાવ્યું આ કલિયુગ બહુ દોષવાળો છે. પણ તેમાં એક મોટો ગુણ છે. ૩૯. આ યુગમાં શ્રીકૃષ્ણના નામનું કીર્તન કરવાથી માણસો સંસાર રુપી બંધનમાંથી મુક્ત થઈ મોક્ષ પામે છે. હવે તેં જે મને જગત્‌નો પ્રાકૃતિક, નૈમિત્તિક અને આત્યંતિક પ્રલય સંબંધી પુછ્યું તે હું તને કહું છું તે સાવધાન થઈને સાંભળ. ૪૦. ૪૧.

यच्चाहं भवता पृष्टो जगतामुपसंहृतिम् ॥
प्राकृतामंतरालां च तामप्येष वदामिते ॥ ४१ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ષષ્ટાંશે દ્વિતીયો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૩ જો.

पराशर उवाच ॥ सर्वेषामेव भूतानां त्रिविधः प्रतिसंचरः ॥
॥ नैमित्तिकः प्राकृतिकस्तथैवात्यंतिको मतः ॥ १ ॥

પરાશર કહેછે—હે મૈત્રેય ! સઘળા પ્રાણીનો ત્રણ પ્રકારનો પ્રલય છે. એક નૈમિત્તિક, બીજો પ્રાકૃતિક અને ત્રીજો આત્યંતિક, તેમાં કલ્પને અંતે થનાર બ્રાહ્મ પ્રલયને નૈમિત્તિક પ્રલય, મોક્ષ રૂપ પ્રલયને આત્યંતિક પ્રલય અને બે પરાર્ધ વર્ષે થનાર પ્રલયને પ્રાકૃત પ્રલય કહે છે. ૧. ૨.

મૈત્રેય—હે ભગવન્ ! જે સંખ્યા એવડી કહેલી હોવાથી તેના ઉપર પ્રાકૃત પ્રલયના વર્ષનું જ્ઞાન થાય છે તે પરાર્ધ સંખ્યા કઈ ? એમને યથાર્થરીતે કહો. ૩.

પરાશર—હે મૈત્રેય ! સંખ્યા માંના એક સ્થાનથી બીજા સ્થાનની સંખ્યાને દશે ગુણવા. એમ બાર વખત કરવાથી પરાર્ધ સંખ્યા આવે છે. ૪. એવા બે પરાર્ધ વર્ષે પ્રાકૃત પ્રલય થાય છે. તે વખતે અહંકાર પર્યંતના તમામ સ્થૂળ, સુક્ષ્મ તત્ત્વો પોતપોતાના કારણમાં લીન થાય છે. ૫. મનુષ્યોના એક નિમેષનું પ્રમાણ એક માત્રા જેટલું છે. એવી પંદર નિમેષની એક કાષ્ઠા, ત્રીશ કાષ્ઠાની એક કળા, પંદર કળાની એક ઘટીકા થાય છે. તે ઘટિકાનું પાત્ર તાંબાનું સાડા બારપલ (પાંચ ગુંજનો એક માસો, સોળ માસાનો એક કર્ષ અને ચાર કર્ષનો એક પલ.) વજનનું હોય છે. ૬—૭. ચાર માસા સોનાની ચાર આંગળ લાંબી એક શલાકા કરીને તેનાથી તે પાત્રને છિદ્ર કરેલું હોય છે. તે પાત્રને જળની ઉપર રાખવાથી તે પાત્ર ભરાતા જેટલો વખત જાય તેને ઘટીકા કહે છે. અને તે પાત્રમાંના જલનું પ્રમાણ માગધ-પરિમાણથી એક પ્રસ્થ (એક શેર) જેટલું હોય છે. ૮. હે મૈત્રેય ! બે ઘટિકાનું એક મુહૂર્ત, ત્રીસ મુહૂર્તની એક અહોરાત્ર, ત્રીસ અહોરાત્રીનો એક માસ, બાર માસનું એક વર્ષ એટલે સ્વર્ગની એક અહોરાત્રી, અને મનુષ્યના ત્રણસોસાઠ વર્ષે દેવતાનો એક દિવસ થાય. છે ૯—૧૦. એવા દેવતાના બાર હજાર વર્ષે એક ચતુર્યુગ, (ચોકડી) અને એવા એક હજાર ચતુર્યુગે બ્રહ્માનો એક દિવસ થાય છે. ૧૧. એનેજ કલ્પ કહે છે. હે મુનિવર ! તેમાં ચૌદ મનુ થઈ જાય છે. હે મૈત્રેય ! તેના અંતમાં બ્રાહ્મ નામનો નૈમિત્તિક પ્રલય થાય છે. ૧૨. તે પ્રલયનું ઉગ્ર સ્વરૂપ તને કહું છું તે શ્રવણ કર. ત્યાર પછી તને પ્રાકૃતિક પ્રલયનું સ્વરૂપ કેવું છે તે કહી સંભળાવીશ. ૧૩. હજાર ચોકડી ગયા પછી પૃથ્વી ઘણું કરીને ક્ષીણ થઈ જાય છે. તેમાં ૧૦૦ વર્ષ

* આ ત્રીજા અધ્યાયમાં દ્વિપરાર્ધના અંતસુધીનો કાળ અને વૈરાગ્ય ઉત્પન્ન કરનાર નૈમિત્તિક પ્રલયનું વર્ણન કરવામાં આવશે.

સુધી બીલકુલ વરસાદનો છાંટો પણ પડતો નથી. ૧૪. તે સમયે અલ્પ બળવાળા પાર્થિવ પ્રાણીઓ અન્ન ન મળવાથી પીડા પામી નાશ પામે છે. ૧૫. પછી તે અવિનાશી ભગવાન્ શ્રીવિષ્ણુ તમામ લોકોને પોતાનામાં લીન કરવાને માટે રુદ્રસ્વરુપ ધારણ કરી તેનો સંહાર કરવાનો પ્રયત્ન કરે છે. ૧૬. પછી તે રુદ્રસ્વરુપ શ્રીવિષ્ણુ સૂર્યના સાત કીરણમાં નિવાસ કરી તમામ જળને શોષી લે છે. તમામ પ્રાણી અને પૃથ્વીના જલનુ પાન કરી એ મહાપુરુષ પૃથ્વી જલનું શોષણ કરતા કરતા નદી, સમુદ્ર, પર્વતના ઝરણા અને પાતાળના જળનું પણ શોષણ કરી લે છે. પછી જલ ભક્ષણ કરી પુષ્ટ થયેલા તે સાત કિરણો સાત સૂર્યરુપથી પ્રકાશિત થાય છે. ૧૭—૨૦. હે મૈત્રેય! ઉપર પ્રદિપ્ત થનારા સાતે સૂર્ય નીચેના પાતાલ સહિત સર્વ ત્રૈલોક્યને દગ્ધ કરી નાંખે છે. ૨૧. હે મૈત્રેય! જાજવલ્યમાન તે સાત સૂર્ય વડે ભસ્મ થયેલા ત્રૈલોક્યના સમુદ્રો નદીઓ પર્વતો અને ભોગવવા લાયક તળાવો વિગેરેમાંથી સ્નિગ્ધતા નાશ પામે છે. ૨૨. હે મૈત્રેય! ત્રિલોકમાંના તમામ વૃક્ષો તથા પાંણી નાશ પામે છે તે વખતે આ પૃથ્વી કાચબાની પીઠના આકાર જેવી દેખાય છે. ૨૩. ફરી સર્વનો સંહાર કરવાને માટે શ્રીવિષ્ણુ કાલાગ્નિ રુદ્રનું રુપ ધારણ કરી શેષ નાગના શ્વાસથી ઉત્પન્ન થયેલા અગ્નિથી નીચેના પાતાલને પણ દગ્ધ કરે છે. ૨૪. તમામ પાતાલને દગ્ધ કરી તે મહાન્ અગ્નિ પૃથ્વી ઉપર આવી સર્વ ભૂતલને ગલી જાય છે. ૨૫. પછી તે ભયંકર અગ્નિ ભુવર્લોક અને સ્વર્લોકને ભસ્મ કરી જવાલાનીમાલા પ્રમાણે ગોળ કુંડાળું પરવા માંડે છે. ૨૬. તે વખતે સર્વ ચરાચર પ્રાણીઓનો ક્ષય થઈ જવાલાની માલાથી વ્યાપ્ત ત્રૈલોક્ય જેમ પુરી વગેરે તળવાનું વાસણ હોય, તેવું દેખાય છે. ૨૭. હે મુનિવર! તે સમયે એ બન્ને લોકમાં નિવાસ કરનાર મહાત્મા મન્વાદિકો પ્રચંડ અગ્નિના તાપથી પીડા પામી મહર્લોકમાં જાય છે. ૨૮. હે મહાભાગ! ત્યાં પણ તાપ લાગવાથી તેની તેવી દશા થયેલી હોવાથી પર લોકમાં જવાની ઈચ્છાવલા જનલોકમાં જાય છે. ૨૯. તે રુદ્ર સ્વરુપ શ્રીવિષ્ણુ સર્વ લોકને દગ્ધ કર્યા પછી પોતાના મુખના નિઃશ્વાસથી મેઘો ઉત્પન્ન કરે છે. ૩૦. એ હાથીના ટોળા સરખાવી જલી અને ભયંકર ગર્જના કરનારા સંવર્તક નામના મેઘગણો આકાશને વ્યાપ્ત કરે છે. ૩૧. તેમાં કોઇક મેઘ નીલપથ્થર સરખા કાળા, કોઇક કમળ સરખા, કોઇક ધુમ્ર વર્ણવાળા, કોઇ પીત વર્ણવાળા, કોઈ ધુમ્રના જેવા રંગવાળા, કોઇક રક્ત વર્ણના, કોઇક વૈદૂર્ય રત્નના જેવી કાંતિવાળા, કોઇ ઇન્દ્રનીલ મણિના જેવા વર્ણવાળા, કોઈક શંખકુંદપુષ્પ અને જાઇનાપુષ્પ જેવા, કેટલાક મલિન વર્ણના, કોઈક ઇન્દ્ર ગોપની કાંતિવાળા, કેટલાક મનઃશિલના રંગવાળા કેટલાક ચાષ પક્ષિની પાંખના રંગ જેવા, કેટલાક પર્વત જેવા, કેટલાક તંબુ જેવા અને કેટલાક લોંકડી જેવા મોટા મેઘો વિકટ શબ્દ કરતા કરતા આકાશને વ્યાપ્ત કરી

કઠોર જળધારા વરસાવે છે. ૩૨–૩૬. હે વિપ્ર ! એ પ્રમાણે વરસાદ વરસાવી તે મહામેઘો ત્રણ લોકમાં પ્રસરેલા અત્યંત ભયાનક અગ્નિને તમામ ઠેકાણેથી શાંત કરી દેછે. ૩૭. અગ્નિનો નાશ થયા પછી તે મેઘો સો વર્ષથી પણ અધિક વર્ષ સુધી વરસાદ વરસાવી જગત્ને જળમય કરે છે. ૩૮. હે મૈત્રેય ! શકટની ધરી સરખી મોટી જળધારાથી તમામ ભૂર્લોકને જળમય કરી ઉર્ધ્વ ભાગમાં રહેલા ભુવર્લોક અને સ્વર્લોકને પણ જળમાં ડુબાવી દેછે. એમ તે મહામેઘો ત્રિલોકમાં અંધકાર કરી સ્થાવર જંગમ પ્રાણીનો નાશ કરી સો થી અધિક વર્ષ સુધી વર્ષાદ વરસાવે છે. ૩૯–૪૦.

अंधकारी कृते लोके नष्टे स्थावर जंगमे ॥
वर्षंति ते महामेघा वर्षाणामाधिकं शतम् ॥ ४० ॥
इतिश्री विष्णुपुराणे षष्टांशे तृतीयो अध्याय संपूर्ण.

અધ્યાય ૪ થો.

पराशर उवाच ॥ सप्तर्षिस्थानमाक्रम्य स्थितेंभसि महामुने ॥
एकार्णवं भवत्येत त्रैलोक्यमखिलं ततः ॥१॥

પરાશર૦—હે મુનિવર ! તે જળે સપ્તર્ષિઓના સ્થાનને પણ આક્રમણ કરેલું હોવાથી આ તમામ ત્રૈલોક્યનો એકજ સમુદ્ર થઇ જાય છે. ૧. હે મૈત્રેય ! શ્રીવિષ્ણુના મુખના નીઃશ્વાસથી વાયુ ઉત્પન્ન થઇ મેઘોનો નાશ કરવા માટે સો વર્ષ સુધી વાય છે. ૨. પછી સર્વ ભૂતમય, અચિંત્ય, સર્વૈશ્વર્યાદિ સંપન્ન, ભૂત ભાવન, અનાદિ અને વિશ્વના આદિભૂત, બ્રહ્મરુપ ધારણ કરનાર, સૃષ્ટિને ઉત્પન્ન કર્તા; જનલોકમાં નિવાસ કરનાર સનકાદિ મુનિઓથી સેવન કરાયેલા, બ્રહ્મલોકમાં નિવાસ કરનાર મુમુક્ષુ જનોથી ચિંતવન કરાયેલા ભગવાન્ શ્રીવિષ્ણુ તમામ વાયુને પ્રાશન કરી પોતાની માયારુપી યોગ નિદ્રાનો આશ્રય કરીશેષશય્યા ઉપર વાસુદેવ નામના આત્માનું ચિંતવન કરતા કરતા શયન કરી જાય છે. ૩. ૬. આ પ્રલયને નૈમિત્તિક પ્રલય કહે છે. કેમકે બ્રહ્મરુપ ધારણ કરીને શ્રીવિષ્ણુએ શયન કરવું એ નિમિત્ત (કારણ) છે. ૭. જે સમયે એ સર્વાત્મા જાગૃત થાય છે, તે સમયે જગત્ની સૃષ્ટિનો આરંભ થાય છે. અને જે સમયે શ્રીવિષ્ણુ માયામય શય્યા ઉપર શયન કરે છે તે સમયે તમામ જગત્નો લય થાય છે. ૮. હજાર ચતુર્યુગ પુરા થાય ત્યારે બ્રહ્માનો એક દિવસ પુરો થાય છે અને આ લોકનો જળમાં લય થયા પછી

* ચોથા અધ્યાયમાં તમામ પદાર્થ પ્રકૃતિમાં લય થશે અને જીવ બ્રહ્મને વિશે લય થઈ તેમજ શયન કરશે વગેરે બાબતો કહેવામાં આવશે.



विश्वरूपदर्शन.

તેટલીજ પ્રમાણની રાત્રિ ગણાય છે. ૯. પછી રાત્રિને અંતે જાગૃત થઈ બ્રહ્મરૂપ ધારણ કરનાર અવિનાશી શ્રીવિષ્ણુ ફરીથી સૃષ્ટિનો આરંભ કરે છે. એ મેં તને કહી સંભળાવ્યું. એ પ્રમાણે નૈમિત્તિક પ્રલય થઇ વારંવાર સૃષ્ટિ ઉત્પન્ન થયા કરે છે. એ નૈમિત્તિક પ્રલય મેં તને કહ્યો. હવે પ્રાકૃત પ્રલય કહું છું તે સાંભળ ૧૦. ૧૧. પૂર્વોક્ત રીતે અનાવૃષ્ટિ અને અગ્નિના સંપર્કથી પાતાળ આદિ સર્વલોકનો નાશ કરી મહત્તત્વ આદિથી પૃથ્વી પર્યંતના વિકારોને નાશ કરવાને માટે ભગવાનની ઈચ્છાથી પ્રલયકાળ થયા પછી પ્રથમ જળ સમૂહ પૃથ્વીના ગંધરૂપ ગુણનો ગ્રાસ કરે છે. જ્યારે પૃથ્વી માંથી સંપૂર્ણ ગંધને જળ આકર્ષણ કરે છે તે વખતે પૃથ્વીનો નાશ થાય છે આ પ્રમાણે પૃથ્વીનું આરંભક દ્રવ્ય ગંધતન્માત્ર નષ્ટ થઇ જવાથી આ પૃથ્વી જળરુપ થઇ જાય છે રસથી જળ ઉત્પન્ન થયું છે માટે જળને રસાત્મક જાણવું. તે સમયે જળ સમૂહ વૃદ્ધિ પામી અત્યંત વેગથી ભયંકર શબ્દ કરતા કરતા સર્વ ભૂવનોને ડુબાવીને વહન છે. ૧૨. ૧૬. પછી જલનો ગુણ રસતન્માત્રને તેજ આકર્ષણ કરીલે છે, તેથી રસતન્માત્રનો ક્ષય થઈ જલ પોતાના સ્વરૂપથી નષ્ટપ્રાય થઇ જાય છે. ૧૭. તેજથી રસતન્માત્રનું આકર્ષણ થયા પછી જલનું તેજ થઈજાય છે. અને તે જલ અગ્નિરૂપ થઇ ચોતરફ તેજથી વ્યાપ્ત થઇગયેલું હોય છે. તે અગ્નિની જ્વાલાથી વ્યાપ્ત થઇ જાય છે. ૧૯. નીચે ઉપર વગેરે તમામ બાજુ અગ્નિથી ભસ્મ થઇ જાય છે તે સમયે વાયુ સંપૂર્ણ તેજના આધારભૂત સૂર્યનો ગ્રાસ કરે છે. ૨૦ તેજ સમૂહ નષ્ટ થયા પછી સંપૂર્ણ જગત્ વાયુમય થઈ જાય છે. તથા જેમાંથી રૂપતન્માત્ર ખેંચી લીધું છે એવો તે અગ્નિ શાંત થઇ જાય છે અને તે વાયુ પ્રચંડ વાયુ સ્વરૂપ થઇને જોરથી વહેવા માંડે છે તે વખતે તેજ વાયુમાં લીન થઇ જાય છે અને લોક પ્રકાશ રહિત થાય છે. એટલે વાયુ પોતાની ઉત્પત્તિનું અને લયનું સ્થાન જે આકાશ તેનો આશ્રય કરીને નીચે ઉપર અને આડી અવળી તમામ બાજુ પ્રત્યેક દિશાઓમાં અંધકાર કરી વહન કરે છે. ૨૧. ૨૩. ક્રમથી વાયુના ગુણ સ્પર્શતન્માત્રને આકાશ ગળી જાય છે. ત્યારે વાયુ નષ્ટ થાય છે અને કેવલ અનાવૃત્ત આકાશ રહે છે. તે રુપ રસ ગંધ અને સ્પર્શ એઓથી રહિત હોવાથી મૂર્તિમાન્ નથી તોપણ સર્વના આધાર ભૂત થઈને અત્યંત મહાન્ આકાશ શોભા આપે છે. ૨૪. ૨૫. તે સમયે એકલા શબ્દ સંપૂર્ણ આકાશમાં વ્યાપ્ત થઇ નિવાસ કરે છે ત્યારપછી અહંકાર તત્વ આકાશના ગુણશબ્દ અને ભૌતિક ઈંદ્રિય સમૂહને ગળી જાય છે ભૂત અને ઈંદ્રિઓનો અહંકારમાં લય થઇ ગયેલો હોવાથી તે અભિમાનાત્મક અહંકારને તે વખતે તામસ એવું નામ આપવામાં આવે છે. ૨૬–૨૭. બુદ્ધિરુપી મહત્તત્વ અહંકારને ગળી જાય છે. આ મહત્તત્વ જગત્ના આદિ ભાગમાં છે અને પૃથ્વી તેના અંત્ય ભાગમાં છે. અર્થાત્ મહત્તત્વથી આરંભ થઇ પૃથ્વીપર્યંત જગત્નો વિસ્તાર છે. ૨૮. હે મહાજ્ઞાનસંપન્ન! એ પ્રમાણે મહત્તત્વાદિ જે સાત પ્રકૃતિ છે તે સર્વ

પ્રલયકાળમાં અનુક્રમે પોતપોતાના કારણમાં લીન થઇ જાય છે. ૨૯. જેણે સપ્તદ્વીપ અને સપ્ત સમુદ્ર પર્યંત તથા સાત લોક અને પર્વતથી યુક્ત એવું આ વિશ્વ આવૃત કીધું છે તે પૃથ્વીરૂપી બ્રહ્માંડ જળમાં લીન થઈ જાય છે. ૩૦. પછી જળરુપી આવરણ ઉત્પન્ન થાય છે તેને તેજગળી જાય છે તે તેજવાયુમાં લય થઇ જાય છે અને વાયુ-આકાશમાં લય પામે છે. આકાશને અહંકાર ગળી જાય છે. અને તેને મહત્તત્વ ગળી જાય છે. હે દ્વિજ! એ સર્વની સાથે મહત્તત્વને પ્રકૃતિ ગળી જાય છે. ૩૧–૩૨. હે મુનિશ્રેષ્ઠ! સત્વ, રજ અને તમો ગુણની સામ્યરુપ તથા તમામ જગત્ની જે કારણીભૂત તેને પ્રકૃતિ કહે છે. હેતુ, પ્રધાન, કારણ અને પર એસર્વ પ્રકૃતિનાં નામ છે. પ્રકૃતિનાં વ્યક્ત અને અવ્યક્ત એવાં બે સ્વરુપ છે. તેમાં હે મૈત્રેય! વ્યક્ત પ્રકૃતિ તે અવ્યક્ત પ્રકૃતિમાં લય પામે છે. પ્રકૃતિથી પર પુરૂષ એક શુદ્ધ, અક્ષય, નીત્ય વ્યાપક છે તે સર્વ સ્વરુપી પરમાત્માનો અંશ છે. સર્વ પ્રાણીના ઈશ્વર અને કેવળ સત્તાસ્વરુપી, જ્ઞેયાત્મક અને અજ્ઞાનાત્મક છે જીવથી પણ પર જે પરમાત્મા તેમાં નામ, જાતિ, વર્ગરેની કલ્પના થઈ શકતી નથી; યોગી લોક જેમાં લીન થવાથી તેનો પુનર્જન્મ થતો નથી. તે પરમાત્માજ બ્રહ્મરૂપ છે. એજ પરમતેજ, ઇશ્વર, અને વિષ્ણુ છે. આ તમામ વિશ્વ પણ એજ છે. ૩૩–૩૭. મેં જે તને વ્યક્ત અને અવ્યક્ત પ્રકૃતિ તથા પરમાત્માના અંશરુપ જે પુરુષનું વર્ણન કર્યું તે બંને પરમાત્માને વિશે લીન થઈ જાય છે. ૩૮. સર્વના આધારભૂત એ પરમાત્માનેજ વેદ અને વેદાંત આદિ શાસ્ત્રોમાં વિષ્ણુ કહીને વર્ણવેલા છે. તે પરમાત્માજ સર્વના આધારભૂત પરમેશ્વર છે. તેનેજ વેદમાં અને વેદાંતમાં વિષ્ણુ કહે છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ એવા બે પ્રકારના વૈદિક કર્મ છે, સર્વ મનુષ્ય એ બે પ્રકારના કર્મથી તે સર્વ સ્વરૂપી પરમાત્માની પૂજા કરે છે. ૩૯–૪૦. કેમકે પ્રવૃત્તિ માર્ગમાં પુરૂષ, ઋક્, યજુ અને સામવેદ વડે યજ્ઞના અધિપતિ યજ્ઞ પુરૂષ પુરૂષોત્તમનું આરાધન કરે છે અને નિવૃત્તિ માર્ગમાં યોગીઓ જ્ઞાન યોગથી મોક્ષરૂપ ફલ આપનાર જ્ઞાનાત્મક અને જ્ઞાનમૂર્તિ શ્રીવિષ્ણુનું અર્ચન કરે છે. ૪૧–૪૨. હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત, એવા શબ્દથી જે પુરૂષનો ઉચ્ચાર થાય છે અથવા જે વાણીથી પણ અગોચર છે, તે સર્વ અવિનાશી વિષ્ણુનુંજ સ્વરૂપ છે. નાના પ્રકારના સ્વરૂપને ધારણ કરનાર તે અવિનાશી શ્રીવિષ્ણુજ વ્યક્ત, અવ્યક્ત, પુરુષ અને પરમાત્મા છે. હે મૈત્રેય! તે અબાધિત સ્વરુપ અને વ્યાપક એવા પરમાત્માને વિષે વ્યક્ત અને અવ્યક્ત એ રૂપથી હોનારી પ્રકૃતિ અને પુરૂષનો લય થાય છે. મેં તને આગળ દ્વિપરાર્ધાત્મક કાળ કહ્યો હતો; તે શ્રીવિષ્ણુનો એક દિવસ કહેવાય છે. હે મુને! વ્યક્ત એ પ્રકૃતિમાં લય પામી પ્રકૃતિ અને પુરૂષનો પરમાત્મામાં લય થયા પછી તે દિવસના પ્રમાણ જેટલીજ રાત્રિ થાય છે. ૪૩–૪૭. હે દ્વિજ! જો કે એ નિત્ય પરમાત્માને રાત્રિ તથા દિવસ કાંઈ પણ નથી છતાં સર્વથી એ પરમાત્માની શ્રેષ્ઠતા દેખાડવા માટે આ પરિમાણથી તેની જે દિવસ તથા રાત્રિની

કલ્પનાકરી છે તે માત્ર ઔપચારિક રીતીથી કહ્યું છે. ૪૮. હે મૈત્રેય! એ પ્રમાણે તને પ્રાકૃત પ્રલય કહી સંભળાવ્યો. હવે તું અત્યંતિક પ્રલય મારાથકી શ્રવણ કર. ૪૯.

इत्येष तव मैत्रेय कथितः प्राकृतो लयः ॥
आत्यंतिकमतो ब्रह्मन्निबोध प्रतिसंचरम् ॥४९॥
ઇતિશ્રી વિષ્ણુપુરાણે ષષ્ટઅંશે ચતુર્થો અધ્યાય સંપૂર્ણ.

---

* અધ્યાય ૫ મો.

पराशर–आध्यात्मिकादि मैत्रेय ज्ञात्वा तापत्रयं बुधः ॥
उत्पन्नज्ञानवैराग्यः प्राप्नोत्यात्यंतिकं लयम् ॥१॥

પરાશર૦—હે મૈત્રેય! જ્ઞાનીપુરૂષ અધ્યાત્મિકાદિ ત્રણ તાપને જાણી વૈરાગ્ય અને આત્મજ્ઞાનથી આત્યંતિક લયને પામે છે. ૧. અધ્યાત્મિક દુઃખ બે પ્રકારનું છે. એક શારીરિક અને બીજું માનસિક, શારિરિક દુઃખના પણ અનેક પ્રકારના ભેદ છે તે તું શ્રવણ કર. ૨. શિરોરોગ, પીનસ, જવર, શૂલ, ભગંદર, ગુલ્મ, મૂલવ્યાધી, શ્વાસ, સોજો, ઓકારી, નેત્રરોગ, કુષ્ઠ અને જળંદર આદિ અંગરોગ શારીરિક દુઃખના ભેદછે. હવે માનસિક રોગ કહું છું તે શ્રવણ કર. ૩. ૪. હે દ્વિજશ્રેષ્ઠ! કામ ક્રોધ, ભય, દ્વેષ, લોભ, મોહ, ખેદ, શોક, અસૂયા, (ગુણને દોષ સમજવો) અપમાન, ઈર્ષ્યા અને માત્સર્ય વિગેરેથી ઉત્પન્ન થયેલા માનસ દુઃખો પણ અનેક પ્રકારના છે. એ પ્રમાણે અધ્યાત્મિક દુઃખના ભેદ અનેક છે ૫. ૬. મૃગ, પક્ષિ, મનુષ્ય, પીશાચ, સર્પ, રાક્ષસ, અને નાગ આદિ પ્રાણિઓથી મનુષ્યને જે દુઃખ થાય છે તે આધિભોતિક કહેવાય છે. ૭. હે દ્વિજશ્રેષ્ઠ! શીત, ઉષ્ણ, વાયુ, વૃષ્ટિ, જલ અને વીજળી, વગેરેથી જે દુઃખ થાય છે તે આધિદૈવિક કહેવાય છે. ૮. હે દ્વિજ! એ શિવાય ગર્ભવાસ, જન્મ, વૃદ્ધાવસ્થા, વ્યાધિ, મરણ અને નરક આદિથી ઉત્પન્ન થનારા દુઃખના પણ હજારો ભેદ છે. ૯. અતિશય મળથી ઢંકાયેલા ગર્ભના મધ્યમાં સુકુમાર શરીરયુક્ત પ્રાણિ ગર્ભાવરણથી વીંટલાઇ જેની પીઠ, ગરદન, એને અસ્થિ સમૂહ વાંકો વળી ગયો છે એવી અવસ્થામાં રહીને માતાએ ભક્ષણ કરેલા અત્યંત ખાટા, કડવા, તીખા, ઉના, ખારા, વગેરે અતીશય દુઃખદાયક પદાર્થથી અતીશય વેદના પામી ધીમે ધીમે વૃદ્ધિંગત થાય છે. ૧૦.૧૧. એ પ્રાણિ પોતાના હાથપગલાંબા ટુંકા કરવામાં અસમર્થ હોવાથી મળ મૂત્રના ગારામાં શયન કરી ચેતના હોવા છતાં શ્વાસો શ્વાસ વગરનો થઇ ગયેલા સો જન્મનું

* પાંચમા અધ્યાયમાં સંસારના અધ્યાત્માદિ ત્રિવિધ દુઃખોનું વર્ણન કરવામાં આવશે.

સ્મરણ કરતાં કરતાં પોતાના કર્મના દોષથી અત્યંત કષ્ટથી ગર્ભવાસમાં નિવાસ કરે છે. પછી જન્મ વખતે એનું મુખ મળ, મૂત્ર, રકત અને શુક્રથી લિપ્ત થયેલું મલીન હોય છે તથા ગર્ભ સંકોચક પ્રાજાપત્ય વાયુ એના અસ્થિ બંધને પીડા આપે છે. અને બલવાન પ્રસૂતિ કારક વાયુએ એને અધોમુખ કરવાથી વ્યાકુલ થઈ માતાના ઉદરમાંથી કષ્ટ પૂર્વક બહાર પડે છે. ૧૪. ૧૫ હે મુનિશ્રેષ્ઠ ! જન્મતી વખતે જીવને મૂચ્છર્ા આવેછે. પછી બહારના વાયુના સ્પર્શથી તેને અત્યંત મોહ થાય છે. તેથી તેનું પૂર્વજન્મનું જ્ઞાન નષ્ટ થાય છે. એમ દુર્ગંધમય છિદ્રમાંથી કીટક પ્રમાણે પૃથ્વી ઉપર પડયા પછી તેના અંગમાં કાંટાથી છિન્ન થયેલા અંગની પીડા જેવી, અથવા કરવતથી કપાયાથી થતી પીડા જેવી તે પીડાપામે છે. ૧૬. ૧૭. તેને પોતાનું અંગ ખંજવાળવાની શકિત અને આમ તેમ ફરવાની શકિત હોતી નથી. તેને સ્નાન પાન અને ભોજનની પ્રાપ્તિ બીજાના આધીનમાં હોય છે. એ જીવ અસ્વચ્છ અથવા મલાદિ અપવિત્ર પદાર્થથી યુકત પાથરણા ઉપર પડી રહે છે. સુક્ષ્મ કીટકો અને ડાંસ વિગેરે ડંશ કરે છતાં તેનું નિવારણ કરવાનું સામર્થ્ય હોતું નથી. ૧૮. ૧૯. એ પ્રકારે જન્મના અને બાલ્યાવસ્થાના આધિભૌતિક આદિ અનેક પ્રકારના દુઃખ એ જીવ ભોગવ્યા કરે છે. ૨૦. મનુષ્ય અજ્ઞાન રૂપી અંધકારથી મૂઢ થવાથી અને અંતઃકરણમાં મોહ ઉત્પન્ન થવાથી એ જાણતો નથી કે હું કયાંથી આવ્યોછું, હું કોણછું અને કયાં જવાનોછું, મારૂં શરીર શાનું છે, હું કયા બંધનથી આ સંસાર રૂપ કારાગૃહમાં બંધાએલોછું. એમાં કંઈપણ કારણ છે કે વિનાકારણથીજ દુઃખ ભોગવું છું, આ લોકોમાં આપણે શું કરવાનું છે શું નથી કરવાનું, શું બોલવાનું છે, શું નથી બોલવાનું, ધર્મ શું, અધર્મ શું, કયા કાર્યના શું દોષ છે અને શું ગુણ છે વગેરે તેને જ્ઞાન હોતું નથી. ૨૧. ૨૩. એ પ્રમાણે મોહ યુકત અનેક ભાવનાઓમાં પડી કેવળ શિશ્નોદર પરાયણ થઈ પશુ તુલ્ય મૂઢ મનુષ્યો અજ્ઞાનજન્ય અનેક પ્રકારના મહાદુઃખ ભોગવ્યા કરે છે. ૨૪. હે દ્વિજ ! તમોગુણનો સ્વભાવ હોવાથી અને પ્રકૃત્તિ સમૂહ કાર્યનો આરંભ કરનારી હોવાથી આજ્ઞાની મનુષ્ય કર્તવ્ય કર્મનો લોપ પોતાને હાથેજ કરે છે. ૨૫. કર્મનો લોપ થવાથી નરકની પ્રાપ્તિ થાય છે. એમ મહર્ષિઓ એ કહ્યું છે. માટેજ અજ્ઞાની મનુષ્યને આલોકમાં અને પરલોકમાં બહુ દુઃખ થાય છે. ૨૬. ક્રમથી મનુષ્યનો દેહ વૃદ્ધ થવાથી શરીરના સર્વ અવયવો શીથીલ થઇ દાંત પડવા માંડે છે. શરીરની ફરચલી થઈ ચામડી અને શીરા ઢીલી થઈ જાય છે. ૨૭. નેત્રની જોવાની શકતિ નષ્ટ થઈ નેત્રમાની કીકી આકાશમાં મગ્ન થાયછે. નાસિકાના છિદ્રમાંથી કેશ બહાર પડે છે અને શરીરે હમ્મેશાં કંપ થાયછે. શરીરમાં તમામ હાડકાંઓજ નજરે પડે છે. જઠરાગ્નિ મંદ પડવાથી આહાર ઓછો થાય છે. તેથી શરયની ચેષ્ટા દિવસે દિવસે ઓછી થતી જાય છે. ૨૮. ૨૯. તે સમયે કામ કરવું, ઉઠવું, સુવું, વિગેરે વ્યાપાર

આંધળાની પેઠે મોટા કષ્ટથી બને છે. મુખમાંથી તથા નાકમાંથી લાળ પડવાથી શરીર મલીન દેખાય છે. ૩૦. તમામ ઈંદ્રિયો પરાધિન થવાથી મનુષ્ય મરણોન્મુખ થાય છે તે વખતે તેને તત્કાળ કરેલા કૃત્યનું સ્મરણ રહેતું નથી. એક વાકય બોલવામાં પણ તેને ઘણો શ્રમ વેઠવો પડે છે. શ્વાસ અને કાસની પીડાથી રાત્રીએ જાગરણ કરવું પડે છે. વૃદ્ધ માણસને સુવામાં અને ઉઠવામાં બીજાનો આશ્રય લેવો પડે છે. પોતાના સેવક પુત્ર, સ્ત્રી, તેનું અતીશય અપમાન કરે છે તે તેને ખમવું પડે છે. ૩૧. ૩૩. તે સમયે તેની તમામ પવિત્રતા નષ્ટ થઇ કેવળ આહાર વિહારનીજ ઇચ્છા ઉત્પન્ન થવાથી તેનો પરિવાર હાસ્ય કરે છે. સઘળા બંધુઓ તેનાથી કંટાળે છે. એ વખતે તેને યુવાવસ્થામાં કરેલા કર્મનું સ્મરણ થવાથી તે જાણે જન્માંતરમાં કર્યા હોય, તેમ તેને લાગે છે અને તેથી અતી દુઃખ પામી વારંવાર નિસસા નાંખે છે. હે મૈત્રેય ! એ પ્રમાણે વૃદ્ધાવસ્થાનાં અને બીજાં અનેક પ્રકારના દુઃખો ભોગવ્યા પછી મરણ સમયે જે દુઃખ થાય છે. તે તું શ્રવણ કર. ૩૪. ૩૬. મરણ વખતે મનુષ્યના હાથ, પગ, ઢીલા પડી શરીર કંપાયમાન થાય છે. તે વારંવાર મૂર્છીત થાય છે. થોડી થોડી વારે શુદ્ધિ પણ આવે છે. તે સમયે એ શોક કરે છે કે હું નહીં હોવાથી આ મારા દ્રવ્ય, ધાન્ય, પુત્ર સ્ત્રી, સેવક, અને ઘર વગેરેનું શું થશે ? એવી મમતાથી વ્યાકૂળ થાય છે. ૩૭. ૩૮. જાણે યમના ભયંકર બાણ ન હોય, એમ ચર્મ ભેદક મોટા મોટા રોગો કરવત પ્રમાણે એના દેહના બંધનો તોડી નાંખે છે. ૩૯. નેત્રો આમ તેમ ફરે છે. હાથ પગ વારંવાર અફાલ્યા કરે છે, તાળવું ઓઠ કંઠ સુકાવા માંડે છે. અને એમાં ઘુર્ઘુર ધ્વનિ થાય છે. ૪૦. કફઆદિ દોષથી કંઠ રૂંધાયછે તથા ઉર્ધ્વશ્વાસથી અત્યંત પીડાપામી ક્ષુધા અને તૃષ્ણાથી વ્યાકુલ થઇ જાય છે. ત્યારપછી તે યમ કિંકરોની પીડાથી તથા ઘણા કષ્ટથી મરણ પામી નરક યાતના ભોગવવાને માટે અન્ય દેહધારણ કરે છે. ઉપર કહેલાં અને બીજા કેટલાંક દુઃખ મરણ વખતે માણસને ઉત્પન્ન થાય છે. મરણ પામ્યા પછી મનુષ્યને નરકમાં કયાં દુઃખો ભોગવાં પડે છે તે તું શ્રવણ કર. ૪૧. ૪૩. પ્રથમ યમના કિંકર પાશથી બાંધી દંડથી માર મારેછે, પછી યમનું ભયંકર દર્શન, ભયંકર માર્ગનું અવલોકન, તપ્ત રેતી, અગ્નિ, યંત્રો અને શસ્ત્રોવાળી અત્યંત ભયાનક નરકમાં થનારી દુઃસહ યાતના તે મનુષ્યને પ્રાપ્ત થાયછે. ૪૪.૪૫. નરકમાં નરકવાસી પ્રાણીઓને કરવતથી કાપતાં, મૂષામાં (કઢામાં) ઘાલી તાપ દેતાં, કુવાડાથી કાપતાં, પૃથ્વીમાં પુરતી વખતે, શૂળી ઉપર ચઢાવતી વખતે વાઘના મુખમાં આપતી વખતે, ગીધો પાસે ભક્ષણ કરાવતી વખતે, હાથિના પગ નીચે કચરાવતાં, તેલની કઢાઈમાં નાંખી તળતાં, ખારરૂપ કાદવમાં નાખતાં, ઉંચા પ્રદેશ ઉપરથી નીચે ફેંકી દેતાં અને ફેંકવાના યંત્રમાં મુકી ઘણે દૂર ફેંકતી વખતે પ્રાણીઓને જે સઘળી યાતનાઓ ભોગવી પડે છે તેની ગણત્રી થઇ શકતી નથી. ૪૬.–૪૮.

હે દ્વિજશ્રેષ્ઠ ! કેવળ નરકમાંજ દુઃખ છે એમ નથી પરંતુ સ્વર્ગવાસીઓને પણ પુણ્યનો ક્ષય થતાં સ્વર્ગથી ભ્રષ્ટ થવું પડે છે. એ ભયથી સ્વર્ગમાં પણ પ્રાણિઓને સુખ નથી. ૫૦. ત્યારપછી જીવ ફરીથી ગર્ભમાં પ્રવેશ કરી જન્મ પામે છે અને એ પ્રકારે મૃત્યુના મુખમાં પડયા કરે છે કોઈક ગર્ભમાંજ નાશ પામે છે, કોઈક જન્મથતાં, કોઇ બાળપણમાં, કોઈ તરુણાવસ્થામાં, કોઇ પ્રૌઢ અવસ્થામાં અને કોઇ વૃદ્ધાવસ્થામાં નિશ્ચય મૃત્યુના મુખમાં પડે છે, તથા જેમ રુથી કપાસનું બીજ વ્યાપ્ત છે તેમ જીવ પણ નાના પ્રકારના દુઃખથી પરિપૂર્ણ છે ૫૧–૫૩. દ્રવ્યનો નાશ, દ્રવ્યના ઉપાર્જન અને પાલનમાં તેમજ ઇષ્ટ વસ્તુની વિપત્તિથી મનુષ્યને અનેક પ્રકારના દુઃખો થાય છે. ૫૪. હે મૈત્રેય ! જે જે પદાર્થ મનુષ્યને પ્રીતિકારક હોય છે તે તે પદાર્થ પરિણામે દુઃખનું કારણ થઈ પડે છે. ૫૫. સ્ત્રી, પુત્ર, સેવક, મિત્ર, સંપત્તિ, ઘર, ક્ષેત્ર, અને દ્રવ્ય વગેરેથી મનુષ્યને જેટલું અધિક દુઃખ થાય છે તેટલું તેને સુખરુપ થતું નથી. ૫૬. એ સઘળા સંસારના દુઃખરુપ સૂર્યના તાપથી જેના અંતઃકરણને અતિતાપ થયો છે તેને મોક્ષરુપ વૃક્ષની છાયા શિવાય બીજે કોઇપણ ઠેકાણે સુખ મળશે નહીં. ૫૭. જ્ઞાની પુરુષ વારંવાર કહે છે કે ગર્ભવાસ, જન્મ, અને વૃદ્ધાવસ્થામાં ઉત્પન્ન થનારા ત્રણ પ્રકારના દુઃખને માટે ભગવદ્ પ્રાપ્તિએજ પરમ ઔષધ કહેવાય છે; માટે સૂજ્ઞ પુરૂષોએ અત્યંત ઉત્કૃષ્ટ, આહ્લાદ અને સુખરુપ ભગવદ્પ્રાપ્તિમાંજ પ્રયત્ન કરવો. ૫૮–૫૯. હે મુનિવર ! જ્ઞાન અને કર્મ એ બે પ્રકારના ભગવદ્પ્રાપ્તિના સાધન છે. તેમાં જ્ઞાનના બે ભેદ છે, એક આગમજન્ય અને બીજું વિવેકજન્ય છે. વેદાંત વાકયના શ્રવણથી થનારું (**सत्यं ज्ञानमनंतं ब्रह्म** ઈત્યાદિ) જ્ઞાન આગમનજન્ય છે અને (પરબ્રહ્મ દેહાદિથી ભિન્ન છે. એમ ચિત્તની વૃત્તિ થઇ તેમાંથી પ્રગટ થનારું જ્ઞાન) પરબ્રહ્મ એ વિવેકજન્ય જ્ઞાન કહેવાય છે. ૬૦–૬૧ જેમ દિવો ગાઢ અંધકારનો નાશ કરવામાં સમર્થ છે તેમ શાસ્ત્રદ્વારા શબ્દને જાણવાથી ઘણું કરીને અજ્ઞાનનો નાશ થાય છે પરંતુ વિવેકદ્વારા પરબ્રહ્મને જાણવાથી સંપૂર્ણ અજ્ઞાનનો નાશ થાય છે. ઇંદ્રિયજન્ય જ્ઞાન દિવા જેવું છે અને વિવેકજન્ય જ્ઞાન સૂર્ય જેવું છે. હે મુનિ ! એ વિષયમાં મનુએ વેદના તાત્પર્યને અનુસરી જે કહ્યું છે તે તું શ્રવણકર. ૬૨–૬૩. શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ એ બન્ને બ્રહ્મનું જ્ઞાન થવું જોઇએ. પ્રથમ શબ્દબ્રહ્મને જાણ્યા પછી પરબ્રહ્મને જાણી શકાય છે. કર્મ અને જ્ઞાન રુપ બે વિદ્યા અથર્વવેદમાં કહી છે. પરાવિદ્યાથી અક્ષર બ્રહ્મની પ્રાપ્તિ થાય છે ઋગ્વેદ આદિમય અપરાવિદ્યા કહેવાય છે. ૬૪–૬૫. અવ્યકત, અક્ષય, અચિંત્ય, અજન્મ, અવિનાશી, અરુપ, હાથ પગ આદિ અવયવો રહિત, વિભુ, સર્વ ઠેકાણે નિવાસ કરનાર, પ્રાણિમાત્રના કારણ ભૂત, અકારણ, વ્યાપક, અવ્યાપક, સર્વસ્વરૂપ પરબ્રહ્મને મુનિ લોકો જ્ઞાનચક્ષુથી જોયા કરે છે. ૬૬–૬૭. એજ પરબ્રહ્મ, એજ પરમતેજ, એજ મુમુક્ષુલોકોનો ધ્યેય અને એજ શ્રુતિએ કહેલું સૂક્ષ્મ વિષ્ણુપદ કહે-

વાય છે. પરમાત્માની એ મૂર્ત્તિ પણ ભગવત્શબ્દ વાચક છે અને એ ભગવત્ પણ તે આદિ તથા અક્ષર પરમાત્માના વાચક છે. ૬૮–૬૯. એ પ્રમાણે યથાર્થ સ્વરૂપથી સમાધિગત તત્વજ્ઞ મુનિઓને જે જ્ઞાન થાય છે એજ પરમવેદમય જ્ઞાન છે. હે દ્વિજ! જો કે એ પરબ્રહ્મશબ્દ અગોચર છે તોપણ ઉપાસનાને માટે તેને ભગવત્ શબ્દ દ્વારાવર્ણિત કર્યો છે પણ તે વસ્તુતઃઔપચારિક છે. ૭૦–૭૧. હે મૈત્રેય! ભગવત્ શબ્દ શુદ્ધ, અચિંત્ય, ઐશ્વર્યથી સંપન્ન અને સર્વ કારણના કારણરૂપ પરબ્રહ્મનો વાચક છે. હે મુનિ! ભગવત્ શબ્દમાના 'ભ' અક્ષરનો સર્વનું પોષણ કરનાર અને સર્વને ધારણ કરનાર એવા બે અર્થ છે. તથા 'ગ' અક્ષરના જ્ઞાન અને કર્મનું ફળ આપનારા, કારણમાં કાર્યનો લય કરનારા, અને સૃષ્ટિકર્તા એવા અર્થ છે. તેમજ સંપૂર્ણ ઐશ્વર્ય, વીર્ય, કીર્તિ, લક્ષ્મી, જ્ઞાન, અને વૈરાગ્ય એ છએને ભગ એ પ્રમાણે કહે છે. ૭૨–૭૪. એ સર્વાત્મકને વિષે તમામ પ્રાણીઓ અને તે સર્વ પ્રાણીઓમાં નિવાસ કરે છે, માટેજ તે અવિનાશી પરમાત્માનો 'વ' અક્ષર અર્થ છે. આ પ્રમાણે ભગવાન એવો મહા શબ્દ કે જેને વાસુદેવ કહે છે તે પરબ્રહ્મનો વાચક સમજવો એ બીજે ઠેકાણે લાગતો નથી. ૭૫–૭૬. એ પરબ્રહ્મમાંજ ભગવત્ શબ્દની સાર્થકતા છે અન્યત્ર યોજના કરવાથી એ નિરર્થક થાય છે. ૭૭. પ્રાણીઓની ઉત્પત્તિ, તેનો પ્રલય, પરલોકમાંથી ભૂલોકપર આવવું, પરલોકમાં જવાનો પ્રકાર, વિદ્યા અવિદ્યાનું જ્ઞાન, તેને ભગવાન કહેવામાં આવે છે. તેમજ અવિદ્યાદિ હેય પદાર્થ અને ગુણથી રહીત જે જ્ઞાન શક્તિ, બળ ઐશ્વર્ય, તેજ એ ભગવાન શબ્દનો મુખ્ય અર્થ છે. તે પરમાત્માને વિશે તમામ પ્રાણીઓ અને તે સર્વાત્મક તમામ પ્રાણીઓમાં નિવાસ કરે છે માટેજ તેને વાસુદેવ કહે છે. ૭૮. ૮૦. પૂર્વે ખાંડિક્યજનકે પુછવાથી કેશિધ્વજે અનંત વાસુદેવના નામની પારમાર્થિક વ્યાખ્યા આ પ્રકારે કહી હતી તે પરમાત્મા પ્રાણી માત્રમાં અને પ્રાણીમાત્ર તે પરમાત્મામાં વાસ કરે છે. તેમજ તે પ્રભુ જગત્ના આધાર અને ઉત્પાદક છે. માટેજ તેને વાસુદેવ કહેવામાં આવે છે. ૮૧. ૮૨ હે મૈત્રેય! તે સર્વ આવરણનું અતિક્રમણ કરનાર સર્વાત્મા સર્વ પ્રાણીની પ્રધાન આદિ આઠ પ્રકારની પ્રકૃતિ, તેના મહાભૂતાદિ વિકાર સત્વાદિ ગુણ અને ક્લેશ રુપ દોષનું અતિક્રમણ કરીને રહ્યા છે. આ વિશ્વમાં જે સર્વ પદાર્થ છે તે સર્વમાં એ વ્યાપ્ત છે. ૮૩. સર્વના કલ્યાણ કારક ગુણના સ્વરૂપવાળા તે પરમાત્માએ પોતાની શક્તિના લેશથી તમામ પ્રાણી માત્રને વ્યાપ્તકરી દીધા છે. તેમજ તે ઇશ્વરજ પોતાની ઇચ્છાથી પોતાને જે ઇષ્ટ હોય તેવા પ્રકારના દેહને ધારણ કરી તમામ જગત્નું કલ્યાણ કરે છે. તે પરમાત્મા તેજ, બલ, અને ઐશ્વર્યના કેવળ મહાન્ અંતઃપુર, અને વીર્ય શક્તિ વિગેરે ગુણોના ભંડાર છે તે તમામપરથી પણ પર છે તે પર અને અપરના અધિપતિમાં કોઇ પણ પ્રકારનો ક્લેશ નથી. ૮૪–૮૫. તેજ ઈશ્વર વ્યષ્ટિ (એક વ્યક્ત) રૂપ અને સમષ્ટિ (વ્યક્તિત સમુદાય) રુપ છે તેનું સ્વરુપ અવ્યક્ત, પ્રકટ, સર્વેશ્વર સર્વને જાણનાર, સર્વ

શકિત સંપન્ન, સર્વત્રગામી, અને પરમેશ્વર રૂપી છે. ૮૬. દોષ રહીત, શુદ્ધ, પર, નિર્મલ, અદ્વિતીય તત્વોનું જેના યોગથી જ્ઞાન થાય છે અથવા જેના યોગથી તેનો સાક્ષાત્કાર અથવા પ્રાપ્તિ થાય છે તેજ જ્ઞાન રુપ પરાવિદ્યા કહેવાય છે અને તેનાથી વિપરિત જ્ઞાનને અપરા વિદ્યા કહેવામાં આવે છે. ૮૭.

संज्ञायते येन तदस्तदोषं शुद्धं परं निर्मलमेकरूपम् ॥
संदृश्यते वाऽप्यवगम्यते वा तज्ज्ञानमज्ञानमतोऽन्यरूपम् ॥८७॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ષષ્ટાંશે પ્રંચમો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૬ ઠ્ઠો.

पराशर उवाच ॥ स्वाध्याय संयमाभ्यां स दृश्यते पुरुषोत्तमः ॥
सत्प्राप्तिकारणं ब्रह्म तदेतदिति पठ्यते ॥ १ ॥

પરાશર કહેછે—સ્વાધ્યાય અને સંયમથી પરબ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે અર્થાત્ એ બંને તેની પ્રાપ્તિનું કારણ હોવાથી તેને બ્રહ્મ કહે છે. ૧. સ્વાધ્યાયથી યોગાભ્યાસ કરવો અને યોગાભ્યાસથી સ્વાધ્યાય કરવો, કેમ કે સ્વાધ્યાય અને યોગ એ બંનેની સમૃદ્ધિથી પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે સ્વાધ્યાય અને યોગ એ બંને પરમાત્માનું દર્શન કરવાને માત્ર નેત્રરુપ છે. પ્રાણીઓને આ ચર્મ ચક્ષુથી પરબ્રહ્મનું અવલોકન થવું અશકય છે. ૨–૩.

મૈત્રેય—ભગવાન્! યોગનું જ્ઞાન થવાથી સર્વના આધારભૂત પરમેશ્વરનું દર્શન થાય એવો યોગ જાણવાની મારી ઇચ્છા છે. તે આપ કથન કરો. ૪.

પરાશર—હે મુનિવર! પૂર્વે કેશિધ્વજે ખાંડિકયજનકને જે યોગ કહી સંભળાવ્યો છે તે તું મારાથી શ્રવણ કર. ૫.

મૈત્રેય— હે ભગવન્! ખાંડિકય અને કેશિધ્વજ એ કોણ હતા તથા એ બંનેમાં યોગ સંબંધી સંવાદ કેવી રીતે થયો? તેમને કહો. ૬.

પરાશર—પૂર્વે ધર્મ ધ્વજ નામના એક જનક રાજા હતા. તેને મિતધ્વજ અને ઋતુધ્વજ નામના બે પુત્ર હતા. તેમાં નિરંતર પરબ્રહ્મમાં આસકત ઋતુધ્વજ મહાજ્ઞાની હતો. ૭. હે દ્વિજ! તેમાંથી ઋતુધ્વજને કેશિવધ્વજ નામનો પુત્ર હતો અને મિતધ્વજને ખાંડિકયજનક નામનો પુત્ર હતો. ૮. આ પૃથ્વી ઉપર ખાંડિકય કર્મ માર્ગમાં અતીશય કુશલ હતો અને કેશિધ્વજ આત્મ-વિદ્યામાં કુશલ હતો. તે બનેમાં એક બીજાને પરાજય કરવાની ઇચ્છા ઉત્પન્ન

* છઠ્ઠા અધ્યાયમાં યોગાભ્યાસની ઇચ્છાવાળા ખાંડિકયજનકની કથાનો આરંભ થશે.

થઇ. ત્યારપછી કેશિધ્વજે ખાંડિક્યને તેના રાજ્ય ઉપરથી ભ્રષ્ટ કર્યો. ૧૦. તેણે રાજ્યમાંથી બાહાર કાઢી મુક્યા પછી તે ખાંડિક્ય પોતાના પુરોહિત, મંત્રી, થોડું સૈન્ય, તથા થોડા પરિવાર સાથે વિકટ અરણ્યમાં ગયો. આ તરફ કેશિધ્વજે જ્ઞાનનિષ્ઠ થઇ અવિદ્યા રૂપ મૃત્યુથી છુટવા માટે બ્રહ્મવિદ્યાનો આશ્રય કરી ઘણા યજ્ઞો કર્યા ૧૨. હે યોગજ્ઞ ! એક દિવસ તે યજ્ઞ કરતો હતો તે વખતે નિર્જન અરણ્યમાં એક ભયંકર વાઘે તેની ગાયનો નાશ કર્યો. એ વાત જાણી તે રાજાએ આ ગૌહત્યાના વિષયમાં મારે પ્રાયશ્ચિત કરવું જોઇએ કે કેમ? એમ પુરોહિતને પ્રશ્ન કર્યો. તે સાંભળી પુરોહિત બોલ્યા. અમે જાણતા નથી તું કશેરુને પુછીજો. પછી તેણે કશેરુને પુછ્યું ; તે વખતે તેણે કેશિધ્વજને કહ્યું. હે રાજેન્દ્ર ! હું જાણતો નથી આપ ભાર્ગવશુનકને પુછો. પછી શુનકને પ્રશ્ન પુછવાથી તેણે જે ઉત્તર આપ્યો તે તું શ્રવણ કર. ૧૩–૧૬. શુનક બોલ્યા. હે રાજન્ ! હું કશેરુ કે આ પૃથ્વી ઉપર બીજા કોઈ પણ આ વિષય જાણતા નથી પણ તેં જેનો પરાજય કર્યો છે તે ખાંડિક્યનેજ ફક્ત એ વિષયનું જ્ઞાન છે. ૧૭ આ પ્રમાણે સાંભળી કેશિધ્વજ બોલ્યા. હે મુનિ ! હું પ્રાયશ્ચિત્ત પુછવાને માટે શત્રુની પાસે જઉં છું. જો એ મને મારશે તો યજ્ઞનું ફળ હું પામીશ અને જો એને પુછવાથી શાસ્ત્રાનુસાર પ્રાયશ્ચિત્તનો તે વિધિ કહેશે તો મારો યજ્ઞ પરિપૂર્ણ થશે. ૧૮–૧૯.

પરાશર૦—એ પ્રમાણે કહી કૃષ્ણાજીન ધારણ કરી તે રાજા રથ ઉપર બેસી તે મહાજ્ઞાની ખાંડિક્ય રહેતા હતા તે વનમાં ગયા. ૨૦. અહીં પોતાના શત્રુને આવતો જોઇ ક્રોધથી રક્તનેત્ર કરી ખાંડિક્ય ધનુષ્ય સજ્જ કરીને બોલ્યા. ૨૧.

ખાંડિક્ય૦—તું કૃષ્ણાજીન રુપ કવચ ધારણ કરી મારો વધ કરશે કેમ? તું તારા મનમાં એમ સમજતો હોઇશ કે મેં મૃગચર્મ ધારણ કર્યું એટલે મારી ઉપર ખાંડિક્ય શસ્ત્ર પ્રહાર કરશે નહિં એમ જો તું માનતો હોય તો તે વ્યર્થ છે. હે મૂર્ખ ! જે વખતે તું અને હું બન્ને જણા જે હરણોને બાણથી મારતા હતા તે હરણોની પીઠ ઉપર શું મૃગચર્મ ન હોતું? એટલે શું તેને નહોતા માર્યા? ૨૨–૨૩. માટે હવે હું તને મારીશ. મારા હાથથી તું જીવતો જવાનો નથી. કેમ કે તું દુષ્ટ, મારું રાજ્ય હરણ કરનાર અને મારોવધ કરવાને ઉદ્યુક્ત થયેલો મારો શત્રુ છે. ૨૪.

કેશિધ્વજ૦—હે ખાંડિક્ય ! હું તને કંઇક શંકા પુછવા માટે તારી પાસે આવ્યો છું પણ તારો વધ કરવાને આવ્યો નથી માટે તું ક્રોધનો અથવા બાણનો એ બેમાંથી તને જે ઠીક લાગે તેનો ત્યાગ કર. ૨૫.

પરાશર૦—તેણે એ પ્રમાણે કહ્યા પછી તે મહાજ્ઞાની ખાંડિક્ય પોતાના પુરોહિત અને મંત્રીઓની સાથે વિચાર કરવા લાગ્યા. મંત્રીઓ બોલ્યા–કે હમણા આ શત્રુ આપણા તાબામાં આવ્યો છે માટે એનો વધ કરવો એજ યોગ્ય છે. કેમ કે એનો વધ કરવાથી તમામ પૃથ્વી આપણા હાથમાં આવશે. એ સાંભળી ખાંડિક્ય

બોલ્યા. એ ખરું છે; તેનો વધ કરવાથી તમામ પૃથ્વી મારા તાબામાં આવશે પણ હું એનો વધ કરીશ તો એ પરલોકને પ્રાપ્ત કરશે અને મારે ભાગે આ સર્વ પૃથ્વીજ રહેશે પણ જો હું એનો વધ ન કરું તો મને પરલોક પ્રાપ્ત થશે અને તેને તેટલી પૃથ્વીજ મળશે પરંતુ મારા સમજવા પ્રમાણે પરલોક કરતાં આ પૃથ્વી અધિક નથી પરલોકની પ્રાપ્તિ અનંત કાળ માટે છે અને પૃથ્વીનો જય થોડા દિવસને માટે છે. તેથી હું એને મારીશ નહીં પણ જો એ પુછશે તેનો યથાર્થ ઉત્તર આપીશ. ૨૬–૩૦.

પરાશર૦—ત્યારપછી ખાંડિક્ય જનક પોતાના શત્રુપાસે જઈને બોલ્યા. જે તારે પુછવું હોય તે પુછ તેનો ઉત્તર હું તને યથાર્થ આપીશ. ૩૧. હે દ્વિજ! તે સમયે એ કેશિધ્વજરાજાએ જે પ્રકારે પોતાની ધર્મ ધેનુનો વધ થયો હતો તેની સઘળી કથા કહી તેનું પ્રાયશ્ચિત્ત પુછયું. ૩૨. હે મૈત્રેય! તે વખતે ખાંડિક્ય જનકે ગોવધનું પ્રાયશ્ચિત્ત કેશિધ્વજને યથાશાસ્ત્ર કથન કર્યું હતું તે સમજી મહાત્મા ખાંડિક્યએ આજ્ઞા આપ્યા પછી કેશિધ્વજે પોતાની યજ્ઞભૂમીમાં આવી ક્રમ પ્રમાણે સર્વ કર્મ કરી યજ્ઞ સમાપ્ત કર્યા. યજ્ઞ સમાપ્ત થયા પછી છેવટે અવભૃથ સ્નાન કરી કૃતકૃત્ય થઇ તે રાજા વિચાર કરવા લાગ્યો કે મેં સઘળા ઋત્વિજોની વિધિપૂર્વક પૂજા અને સદક્ષિણાદિ યોગ્ય રીતે સંભાવના કરી યાચકજનોને પણ અભિષ્ટ વસ્તુનું દાન આપ્યું છે. ૩૩. ૩૬. આ લોકમાં જે કાંઇ કરવાનું હતું તે તમામ મેં પરિપૂર્ણ કર્યું છતાં મારું અંતઃકરણ અપ્રસન્ન કેમ છે? ૩૭. એમ વિચાર કરેછે એટલામાં મેં હજુ સુધી ખાંડિક્યને ગુરુદક્ષિણા આપી નથી એમ સ્મરણ થયું. હે મૈત્રેય! પછી એ રાજા રથમાં બેસી ખાંડિક્યની પાસે ગયા. ૩૮–૩૯. આ પ્રરીથી આવે છે એમ જોઇ ખાંડિક્યએ તેનો વધ કરવાના નિશ્ચયથી શસ્ત્ર લીધાં તે સમયે કેશિધ્વજે કહ્યું ૪૦.

કેશિધ્વજ૦—હે ખાંડિક્ય! ક્રોધનકર? હું તારો અપકાર કરવા આવ્યો નથી પણ ગુરુદક્ષિણા આપવા આવ્યો છું. તારા ઉપદેશથી મેં યજ્ઞ યોગ્ય રીતે સમાપ્ત કર્યો છે; માટે જો તારી ઈચ્છા હોય તે ગુરુ દક્ષિણા મારી પાસે માગીલે. ૪૧. ૪૨.

પરાશર૦—તે સાંભળી ખાંડિક્ય એ મંત્રીઓને બોલાવી તેઓની સાથે વિચાર કરવા લાગ્યા કે એ ગુરુના ઉપકારનો બદલો વાળવાની ઈચ્છા કરે છે માટે આપણે તેની પાસે શું માગીએ? ૪૩. તે વખતે તેના મંત્રી બોલ્યા. આપ રાજ્ય માગો કારણકે આપણા સૈનિકોને શ્રમ આપ્યા શિવાય રાજ્ય માગવું એ ચતુર પુરુષને યોગ્ય છે. એ સાંભળી હાસ્ય કરી મહાજ્ઞાની ખાંડિક્ય બોલ્યા–પૃથ્વીનું રાજ્ય થોડી વખતજ ટકનારું છે તો તે મારાસરખા પુરુષે શા માટે માગવું? ૪૪. ૪૫. તમે આ પ્રમાણે કહ્યું તે ઠીક છે કેમ કે તમે અર્થ સંપાદન કરવાના કાર્યમાંજ મારા મંત્રી છો પરંતુ પરમાર્થ શું? અને તે કેમ સિદ્ધ થાય છે? તેનું તમને વિશેષ રૂપથી જ્ઞાન નથી ૪૬. એ પ્રમાણે મંત્રિઓને કહી ખાંડિક્ય કેશિધ્વજ રાજા પાસે આવી બોલ્યા તું મને ગુરૂ દક્ષણા અવશ્ય આપવાનો છે? ૪૭.

પરાશર૦—કેશિધ્વજે કહ્યું નિશ્ચય ગુરુ દક્ષિણા આપીશ. પછી તેની પ્રત્યે ખાંડિકય બોલ્યા તું અધ્યાત્મિક જ્ઞાનનું ખરું રહસ્ય જાણવામાં પંડિત છે જો તું ગુરૂદક્ષણા આપવાની ઇચ્છા ધરાવતો હોય તો કયું કર્મ કરવાથી તમામ કલેશ શાંત થાય છે તેમને કથન કર. (હું એજ તારી પાસે માંગુછુ.)૪૮. ૪૯.

यदि चेद्दियते मह्यं भवता गुरुनिष्क्रयः ॥
तत्क्लेशप्रशमायालं यत्कर्म तदुदीरय ॥ ४९ ॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ષષ્ઠઅંશે ષષ્ઠો અધ્યાય સંપૂર્ણ

* અધ્યાય ૭ મો.

केशिध्वज उवाच ॥ न प्रार्थितं त्वया कस्मान्मद्राज्यमपकंटकम् ।
राज्यलाभाद्विना नान्यत्क्षत्रियाणामतिप्रियम् ॥ १॥

કેશિધ્વજ કહેછે—મારું નિષ્કંટક રાજ્ય શા માટે તેં માગ્યું નહી? કારણ કે ક્ષત્રીઓને રાજ્યલાભ વિના અતીશય પ્રિય બીજું કાંઈ પણ નથી. ૧.

ખાંડિકય૦—હે કેશિધ્વજ! મૂર્ખ લોકો જે રાજયને માટે લોભ કરે છે તે રાજય મેં શા માટે ન માગ્યું તેનું કારણ શ્રવણ કર. ૨. પ્રજાનું પાલન કરવું અને પોતાના શત્રુનો ધર્મયુદ્ધથી વધ કરવો એ ક્ષત્રિઓનો ધર્મ છે. ૩. તેં મારું રાજય હરિ લીધું પણ તેમાં મને અપાલનનો દોષ લાગશે નહિ; પરંતુ રાજય લઇને જો ન્યાય પૂર્વક પાલન ન કર્યું હોય તો પાપના ભોગી થવું પડે છે માટેજ મેં તે પ્રજાપાલનાદિ અવિઘાનો ત્યાગ કર્યો છે. ૪. રાજયની જે ઇચ્છા કરવી તે કેવળ રાજયકુલોચિત છત્ર ચામરાદિના ઉપભોગને માટેજ છે. (અર્થાત્ પ્રજાપાલનાદિક મોક્ષને માટે નથી તો તે મારે લઇને શું કરવું?) બીજાની ઇચ્છા કેવળ લોભાદિ દોષનું મૂળરુપ હોવાથી તે બીલકુલ ધર્મને અનુસરીને નથી તેમ યાચનાકરવી એ ક્ષત્રીઓનો ધર્મ નથી એવો સત્પુરુષોનો મત છે. માટેજ મેં અવિઘામાં અંતર્ગત રાજયની યાચના કરી નહિં. ૫–૬. હે કેશિધ્વજ! જે અહંકારરુપ મદ્યપાનનું અતીશય પાન કરવાથી મદોન્મત્ત થયેલા છે અને જેનું અંતઃકરણ મમતાથી આકર્ષણ કરાયેલું છે તેવા અજ્ઞાનીઓજ રાજ્યની ઈચ્છા કરે છે પરંતુ મારા સરખા પુરુષ ઇચ્છા કરતા નથી. ૭.

પરાશર૦—તેણે આ પ્રમાણે ભાષણ કરવાથી આનંદપૂર્વક "બહુ સારું બહુ સારું" એ પ્રમાણે બોલી રાજા કેશિધ્વજે ખાંડિકય જનકને પ્રેમથી કહ્યું—હે ખાંડિકયજનક! મારું વચન શ્રવણ કર. કર્મરુપ અવિઘાના યોગથી મૃત્યુને તરી

* સાતમા અધ્યાયમાં ખાંડિકય જનકને કેશિધ્વજ અધ્યાત્મ વિદ્યાનું જ્ઞાન આપશે.

જવું અને ભોગ ભોગવીને પુણ્યનો ક્ષય કરવો એ ઇચ્છાથીજ મેં રાજ્ય અને અનેક પ્રકારના યજ્ઞો કર્યા છે. (કારણ કે પાપ અને પુણ્ય એ બંનેનો ક્ષય થયા વિના મોક્ષ પ્રાપ્તિ થતી નથી.) ૮–૯. હે કુલનંદન! પ્રારબ્ધ યોગથી તારા અંતઃકરણમાં વિવેક કરવાનું સામર્થ્ય આવ્યું એ બહુ સારું થયું. હવે આપ થોડું અવિદ્યાનું સ્વરુપ સાંભળો. ૧૦. જે આત્મા નથી તેમાં આત્મબુદ્ધિ અને જે પોતાનું નથી તેમાં સ્વબુદ્ધિ થવી એ અવિદ્યારૂપ વૃક્ષોના બીજ છે. ૧૧. મોહરૂપ અંધકારથી આવૃત્ત થયેલો જીવ પંચભૂતાત્મક દેહથી જુદો છે છતાં તે દેહ હું જછું એમ માને છે. જ્યારે આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીથી આત્મા ભિન્ન છે ત્યારે કયો બુદ્ધિમાન પુરૂષ શરીરને આત્મા સમજશે? તેમજ ગૃહ, ક્ષેત્ર, વિગેરેનો ઉપભોગ શરીરે કરવાનો છે અર્થાત્ ગૃહાદિકનો સંબંધ શરીરસાથે છે પરંતુ શરીર કાંઇ આત્મા નથી તેથી તે ઘર વગેરે મારાં છે એમ કયા વિદ્વાન પુરૂષને લાગશે? ૧૩. ૧૪. જ્યારે શરીર પણ આપણું નથી ત્યારે શરીરથી ઉત્પન્ન થયેલાં પુત્ર પૌત્રાદિને વિષે કયો બુદ્ધિશાળી પુરુષ મોહ પામશે?? ૧૫. દરેક મનુષ્ય દેહના ઉપભોગને માટે સર્વ કર્મ કરે છે. જ્યારે દેહ આત્માથી ભિન્ન છે ત્યારે તેમાં આત્મબુદ્ધિ કરવાથી જીવને સંસારમાં બંધાવુ પડે છે. ૧૬. જેમ મૃત્તિકાથી બનાવેલું ઘર મૃત્તિકા અને જળવડે લીંપવાથી રક્ષિત થાય છે તેમ આ પાર્થિવ દેહ પણ પાર્થિવ અન્ન અને જળથી રક્ષિત થાય છે. ૧૭. જ્યારે પંચભૂતાત્મક દેહનું પંચ મહાભૂતાત્મક ભોગથીજ પોષણ થાય છે ત્યારે એમાં પુરુષને અભિમાન કરવું નિરર્થક છે. ૧૮. જીવ અનેક સહસ્ત્ર જન્મ પર્યંત સંસાર માર્ગમાં ઘુમવાથી વાસના રુપ ધુળથી આચ્છાદિત થઇ મોહ રુપ પરિશ્રમને પામે છે. ૧૯. એ ધુળ જ્યારે જ્ઞાન રુપ ઉષ્ણ જળથી ધોઇ નાંખે છે ત્યારે સંસાર માર્ગમાં પ્રવાસ કરનાર તે જીવનો મોહરુપ શ્રમ દૂર થાય છે. ૨૦. એ મોહરૂપ શ્રમ દુર થયો એટલે પુરુષનું અંતઃકરણ સ્વસ્થ થઇ જેનાથી અધિક કોઇ નથી અને જે બાધા રહિત છે એવા સર્વોત્કૃષ્ટ સુખની તેને પ્રાપ્તિ થાય છે. સુખમય, જ્ઞાનમય અને નિર્મળ આત્મા સર્વદા મુક્તિ રુપથી નિવાસ કરે છે. દુઃખ, અજ્ઞાન અને મળ એ પ્રકૃતિના ધર્મ છે. આત્માના નથી. (ત્યારે આત્માને 'હું કરું છું' એ અહંકાર કયાંથી થાય છે? એમ જોતું કહેતો હોય તો તેનો ઉત્તર સાંભળ.) હે ભજનશીલ! જેમ પાણિથી ભરેલા વાસણને અગ્નિ ઉપર મુકવાથી જળને અગ્નિનો સ્પર્શ થતો નથી છતાં વાસણના સંસર્ગથી જળ ઉષ્ણતા ને પામે છે તેમ પ્રકૃતિના સંસર્ગથી અવિનાશી આત્મા અભિમાન આદિથી દૂષિત થઇ પ્રકૃતિના ધર્મથી યુક્ત થાય છે. ૨૧. ૨૪. એ પ્રમાણે આ અવિદ્યાનું બીજ મેં તને કહ્યું. કલેશ સમૂહનો ક્ષય કરવાને માટે યોગ શિવાય બીજો કોઇ પણ ઉપાય નથી. ૨૫.

ખાંડિકય૦—હે યોગજ્ઞવર્ય મહાભાગ! જો એમજ છે તો તમે મને યોગનું સ્વરુપ કહો કારણ કે આ વિશાળ નિમિ વંશમાં યોગનું રહસ્ય તમેજ જાણો છો. ૨૬.

કેશિધ્વજ૦—હે ખાંડિક્ય ! જે યોગનો આશ્રય કરી યોગી પુરૂષ પરબ્રહ્મમાં લીન થઈ ફરીથી સંસારમાં આવતો નથી તે યોગનું સ્વરુપ હું તને કહું છું તે તું શ્રવણ કર. ૨૭. મન એજ મનુષ્યને બંધ અને મોક્ષનું કારણ છે. જ્યારે મન વિષયમાં આસક્ત થાય છે ત્યારે તે મનુષ્યને બંધન કરનારું થાય છે અને એ મન વિષયથી નિવૃત્તિ પામે છે ત્યારે તે મોક્ષમાં કારણી ભૂત થાય છે. ૨૮. માટે વિવેક જ્ઞાનમાં આસક્ત થયેલા યોગીએ મનને વિષયમાંથી ખેંચી લઇ યુક્તિને માટે બ્રહ્મસ્વરુપ પરમેશ્વરનું ધ્યાન કરવું. ૨ . હે મુનિ ! જેમ લોહચુંબક લોખંડને પોતાના તરફ આકર્ષણ કરે છે તેમ બ્રહ્મ પણ યોગીને આત્મભાવથી પોતાના સ્વરુમાં લીન કરે છે. ૩૦. એ પ્રમાણે યમ નિયમાદિ પાંચ વિષયની પોતાના પ્રયત્ન વડે આધિન થનારી સત્વગુણમય મનોવૃત્તિનો પર બ્રહ્મમાં સંયોગ કરવો તેને યોગ કહે છે. ૩૧. એવી રીતે જે અત્યંત વિશિષ્ટ પ્રકારના ધર્મોપલક્ષણથી યુક્ત છે તે પુરુષને યોગી અને મુમુક્ષુ કહે છે. ૩૨. જ્યારે યોગી પ્રથમ યોગાભ્યાસ કરવાનો આરંભ કરે છે ત્યારે તેને યુંજમાન કહે છે અને ક્રમથી બ્રહ્મ સાક્ષાત્કાર થાયછે ત્યારે તેને વિનિષ્પન્ન સમાધિ એવું નામ આપે છે.૩૩. આગળ કહેલા પ્રથમ પ્રકારના યુંજમાન યોગીનું મન અભ્યાસ કરતાં કરતાં અંતરાયરુપ દોષથી દૂષિત નં થાય તો તેનાં અભ્યાસના બળથી જન્માંતરમાં તેને મોક્ષપ્રાપ્તિ થાય છે અને વિનિષ્પન્ન સમાધિ વાળા યોગી એજ જન્મમાં મોક્ષ પામે છે; કારણ કે તેના કર્મો યોગ રુપ અગ્નિથી શિઘ્ર દગ્ધ થઈ જાય છે. ૩૪. ૩૫. પોતાના મનને પરબ્રહ્મમાં જોડી દેવા માટે યોગ પ્રાપ્ત કરી યોગીએ નિષ્કામ થઈ બ્રહ્મચર્ય, અહિંસા, સત્ય, અસ્તેય (ચોરી ન કરવી) અને અપરિગ્રહ (દાન ન લેવું) આદિ (યમ) નું પાલન કરવું. ૩૬. અને મનનો નિગ્રહ કરી સ્વાધ્યાય, શૌચ, સંતોષ અને તપનું આચરણ કરવું તથા પરબ્રહ્મના ધ્યાનમાં નિરંતર મનને જોડી રાખવું. એમાં પ્રથમ પાંચને યમ અને બીજા પાંચને નિયમ કહે છે. એ યમ નિયમનું સકામ બુદ્ધિથી આચરણ કરવામાં આવે તો તે સર્વોત્તમ ફળ આપે છે અને નિષ્કામ બુદ્ધિથી આચરણ કરવામાં આવે તો તે મોક્ષ દાયક છે. ૩૭. ૩૮. ભદ્રાસન આદિ એકાદ આસનનો આશ્રય કરવાથી વિશેષ ફળ મળે છે તથા નિષ્કામ ભાવથી સેવન કરી ગુણવાન્ યોગી પુરૂષ યમ, નિયમ યુકત થઈ એકાગ્ર ચિત્તથી યોગાભ્યાસ કરે અને એ અભ્યાસના બળથી પ્રાણ વાયુને વશ કરે તેને પ્રાણાયામ કહે છે. એના સબીજ અને અબીજ એવા બે પ્રકારના ભેદ છે. ૩૯. ૪૦. પ્રાણ અને અપાન એ બન્ને વાયુની ગતીનો પરસ્પરના યોગથી જે નિરોધ થાય છે તે વખતે એ બન્નેના સંયમ હેતુથી કુંભક નામનો ત્રીજો પ્રાણાયામ થાય છે. ૪૧. જ્યારે યોગી પ્રથમ સબીજ પ્રાણાયામનો અભ્યાસ કરે છે તે વખતે પરમાત્માનુ સ્થૂળ રુપ તેના ચિત્તનું આશ્રય સ્થાન થાય છે. ૪૨. યોગ જાણનાર પુરૂષે ક્રમથી પ્રત્યાહાર પરાયણ થઈ શબ્દાદિ વિષયોમાં અનુરક્ત ઈંદ્રિઓને

પાછી ખેંચી બીજે ઠેકાણે આસકત ન થવા દેતાં ચિત્તનેજ અનુસરે એમ કરવું. ૪૩. તેથી ચંચળ સ્વભાવવાળી ઈંદ્રિઓ પોતાને આધિન થાય છે. ઈંદ્રિઓ વશ કર્યા શિવાય યોગી યોગ સાધવામાં સમર્થ થતો નથી ૪૪. એમ પ્રાણાયામથી વાયુને અને પ્રત્યાહારથી ઈંદ્રિઓને વશ કરી શુભ આશ્રયમાં ચિત્તને સ્થિર કરવું. ૪૫.

ખાંડિકય૦—હે મહાભાગ ! જેના આશ્રયથી ચિત્ત, દોષના કારણનો નાશ કરે છે તે ચિત્તને શુભ આશ્રય કોનો છે ? તેમને કહી સંભળાવો. ૪૬.

કેશિધ્વજ૦—હે રાજન્ ! બ્રહ્મ એજ ચિત્તનો શુભ આશ્રય છે અને તે સ્વાભાવિક મૂર્ત્ત અને અમૂર્ત્ત એવા બે પ્રકારનો છે. જેને પર અને અપર પણ કહે છે. ૪૭. આ જગત્માં ત્રણ પ્રકારની ભાવના થયા કરે છે તે ત્રણ ભાવના કઇ તે તું શ્રવણ કર. એક બ્રહ્મ સંજ્ઞક, બીજી કર્મ સંજ્ઞક અને ત્રીજી બ્રહ્મ, કર્મ ઉભયાત્મક ભાવના છે. ૪૮. એમાંથી એક કર્મ સ્વરુપાત્મક, બીજી બ્રહ્મ સ્વરુપાત્મક અને ત્રીજી ઉભયાત્મક છે. એવી રીતે એ સ્વરુપ ભાવના ત્રણ પ્રકારની છે. ૪૯. સનંદનાદિ યોગી બ્રહ્મ ભાવનાથી યુકત છે અને દેવ અને બીજા સ્થાવર જંગમ કર્મ ભાવનાથી યુકત છે. જેને આત્મ સ્વરુપનું જ્ઞાન છે તેને સૃષ્ટયાદિ કર્મો છે. તે બ્રહ્માદિકને વિષે બ્રહ્માત્મક અને કર્માત્મક એવી બે પ્રકારની ભાવના છે. જેને જેવો બોધ અને અધિકાર છે તેને તેવીજ ભાવના થયા કરે છે. ૫૦. હે રાજન્ ! ભેદ જ્ઞાનના હેતુ રુપ કર્મ સમૂહ પરિપૂર્ણ રીતે ક્ષીણ થાય છે તે વખતે જીવને વિશ્વમાં અને પરમાત્મામાં ભેદ જ્ઞાન થાય છે. જે જ્ઞાનમાં સર્વ ભેદહીન થઇ જાય છે, જે સત્તામાત્ર, વચનથી અગોચર અને કેવળ આત્માજ જાણી શકે છે (અર્થાત્ અનુભવથીજ જાણી શકાય છે) એ જ્ઞાનનેજ બ્રહ્મજ્ઞાન કહે છે. જન્મ રહિત અને અવિનાશી પરમાત્મા શ્રીવિષ્ણુ સ્વરૂપ છે. પ્રથમ યોગાભ્યાસ કરનાર પુરૂષ એ પરમરૂપનું ધ્યાન કરવામાં સમર્થ થતો નથી માટે પરમાત્માના વિશ્વાત્મક સ્થૂળ સ્વરૂપનું ધ્યાન કરેછે. ૫૧. ૫૫. બ્રહ્મા, ઇંદ્ર, પ્રજાપતિ, મરુત્, રૂદ્ર, વસુ, આદિત્ય, તારા, ગ્રહ ગંધર્વ, યક્ષ, અને દૈત્ય. તથા સર્વ દેવ જાતિ, મનુષ્ય, પશુ, પક્ષી, પર્વત, સમુદ્ર, નદી, વૃક્ષ, આદિ અશેષભૂત, તેનાં કારણ સમૂહ, પ્રકૃતિથી પૃથ્વીપર્યંતના તમામ તત્વો, એકપાદ, દ્વિપાદ, અનેકપાદ, પાદરહિત, ચૈતન્ય અને અચૈતન્ય સ્વરુપ, એ સર્વ ભાવત્રયરૂપ શ્રીવિષ્ણુનુંજ મૂર્તિસ્વરૂપ છે. ૫૬—૫૯. આ સઘળું ચરાચર વિશ્વ શ્રીવિષ્ણુનું વિશ્વ સંજ્ઞક સ્વરૂપ છે તે પરબ્રહ્મસ્વરુપ શ્રીવિષ્ણુની શકિતથી યુકત છે. ૬૦. શ્રીવિષ્ણુની પરા વિષ્ણુશકિત, અપરા ક્ષેત્રજ્ઞ શકિત અને જેને અવિદ્યા તથા કર્મ કહે છે તે ત્રીજી શકિત છે એ પ્રમાણે વિષ્ણુની ત્રણ શકિત છે. ૬૧. જેનાથી આવૃત્ત થઇ સર્વ વ્યાપી ક્ષેત્રજ્ઞ શકિત નિરંતર સર્વ પ્રકારના સંસારના દુઃખ ભોગવ્યા કરે છે. ૬૨. હે રાજન્ ! અવિદ્યા રુપ શકિતથી આવૃત્ત થવાથી ક્ષેત્રજ્ઞ શકિત તમામ પ્રાણિઓમાં વધારે ઓછા પ્રમાણથી

દૃષ્ટિ ગોચર થાય છે. ૬૩. એ શક્તિ અચેતન પદાર્થમાં થોડી, સ્થાવરમાં તેથી વિશેષ, તથા સર્પ, પક્ષી, મૃગ, પશુ, મનુષ્ય, નાગ, ગંધર્વ યક્ષ, દેવતા, ઈંદ્ર, પ્રજાપતિ અને હિરણ્યગર્ભ (બ્રહ્મા) વગેરેમાં અનુક્રમે એકના કરતાં બીજામાં વિશેષ એમ ક્ષેત્રજ્ઞ શક્તિ અધિક પ્રકાશમાન્ છે. હે રાજન્! ઉપર બતાવેલા તમામ અશેષ રૂપ પરમાત્માનું જ સ્વરૂપ છે, જેમ આકાશ સર્વત્ર વ્યાપક છે તેમ પરબ્રહ્મની શક્તિ પણ સર્વત્ર વ્યાપક છે. ૬૪–૬૭. હે મહાપ્રાજ્ઞ! હવે યોગી લોક જે પ્રકારે શ્રીવિષ્ણુનું ધ્યાન કરે છે એવા બીજા રૂપનું વર્ણન કરૂં છું તે સાંભળો જેને જ્ઞાનીઓ સત્ અને અમૂર્ત્ત કહે છે જેમાં પૂર્વે કહેલી સર્વ શક્તિ નિવાસ કરે છે તે વિશ્વના ઉત્પાદક શ્રીવિષ્ણુનું સર્વોત્કૃષ્ટ સ્વરૂપ જાણો. એ શિવાય બીજા પણ તેના અનેક સ્વરૂપ છે. ૬૮–૬૯. હે નરનાથ! જે પોતાની લીલાથી દેવ, પશુ, પક્ષી, મનુષ્ય, વગેરે સર્વ પ્રકારની પરમાત્માની શક્તિયુક્ત સ્વરૂપો ધારણ કરે છે એ તેનું કૃત્ય કેવળ જગતનું રક્ષણ કરવાને માટેજ છે તેની અવ્યાહત ચેષ્ટા કર્માધિન નથી. ૭૦. ૭૧. હે રાજન્! પોતાની શુદ્ધિ થવામાટે યોગાભ્યાસ કરનાર પુરુષો વિશ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરે છે. જેમ વાયુથી વૃદ્ધિ પામેલા પ્રદિપ્ત અગ્નિથી ઘાસ બળીને ભસ્મ થાય છે તેમ અંતઃકરણમાં નિવાસ કરનાર પરમાત્મા પણ યોગીઓના તમામ પાપ બાળી નાંખેછે. ૭૨. ૭૩. એટલા માટે સર્વ શક્તિના આધાર રૂપ પરમાત્માને વિષે ચિત્ત જોડવું, તેનેજ શુદ્ધ ધારણા કહે છે. ૭૪. હે રાજા! પૂર્વોક્ત ત્રણ પ્રકારની ભાવનાનું અતિક્રમણ કરનાર અને ચિત્ત તથા સર્વગત જીવોના શુભ આધાર ભૂત એ પરમાત્માજ યોગીઓને મોક્ષ પ્રાપ્તિમાં કારણ રૂપ છે. ૭૫. હે પુરુષશ્રેષ્ઠ! અન્ય જે દેવાદિક આધાર છે તે સર્વ કર્મનું ઉત્પત્તિ સ્થાન હોવાથી અશુદ્ધ છે. ભગવાનનું આ મૂર્ત્ત અર્થાત્ અવતારિક સ્વરૂપ ચિત્તને અન્ય વિષયોમાંથી નિસ્પૃહ કરે છે કારણ કે ચિત્ત તે રૂપમાં ધારણ થાય છે માટેજ એનું નામ ધારણા છે. ૭૬. ૭૭. હે નરાધિપ! એ અનાધાર વિષ્ણુમાં ચિત્ત ધારણ નહીં કરી શકાય, કોઇનો પણ આશ્રય લીધા શિવાય ધારણા સિદ્ધ થઈ શકિત નથી તેને માટે તેના મૂર્ત્ત રૂપનું ધ્યાન કરવું યોગ્ય છે તે રૂપ મારાથી શ્રવણકર. ૭૮. જેનું પ્રસન્ન મુખ, કમળ નયન, સુશોભિત કપોળ, ઉજ્વળ વિશાળ લલાટ, શોભાયમાન કર્ણમાં કુંડળધારી, શંખસમાન કંઠ, શ્રીવત્સ ચિન્હ યુક્ત વિશાળ વક્ષઃસ્થળ, ત્રીવળી ગંભિર ઉન્નતનાભિયુક્ત ઉદરથી સુશોભિત, જાંગ સુધી લાંબા ચાર અથવા આઠ હાથ, ઉરુ, જાંગ, જેના સમભાવમાં સ્થિત છે, પાદપદ્મ અને કરકમળ સ્થિર છે, નિર્મળ પીતાંબર ધારી, સુંદર કીરીટ, કડાં વગેરે સર્વોત્તમ પ્રકારના આભૂષણોથી યુક્ત, દેદિપ્યમાન કોતિવાળા તથા રાર્ઙ્ગ ધનુષ, ચક્ર, ગદા, અક્ષ અને વલયયુક્ત શ્રીવિષ્ણુની પવિત્ર મૂર્ત્તિમાં એકાગ્ર મન કરી તન્મય થઇ જ્યાં સુધી એ સ્વરૂપમાં ધારણા દૃઢ થાય ત્યાં સુધી યોગીએ ધ્યાન કરવું. ૭૯. ૮૪. જે વખતે બેઠલામાં ઉભા રહેવામાં અને

સ્વેચ્છાથી બીજાં કાર્ય કરવામાં ચિત્ત તે સ્વરૂપ ઉપરથી ચળે નહિ ત્યારેજ તે ધારણા સિદ્ધ થઈ છે એમ સમજવું. ૮૫. પછી જ્ઞાન સંપન્ન યોગીએ શંખ, ગદા, ચક્ર, અને શાર્ઙ્ગ ધનુષથી રહિત અક્ષસૂત્ર યુકત ભગવાનની અત્યંત શાંત મૂર્ત્તિનું ધ્યાન કરવું. એ મૂર્ત્તિમાં ધારણા દ્રઢ થયા પછી કીરીટ, કેયૂર વિગેરે ભૂષણોથી રહિત ભગવાનનાં સ્વરૂપનું ધ્યાન કરવું. ૮૬. ૮૭. તે ધારણા સિદ્ધ થયા પછી જ્ઞાન સંપન્ન યોગીએ તેના એક એક અવયવોનું ધ્યાન કરવું. તેમાં ધારણા પરિપકવ થઇ જાય પછી અવયવોમાં સૂક્ષ્મ ધારણા કરી ભગવાનમાં ચિત્ત સ્થિર કરવામાં તત્પર રહેવું. ૮૮. હે રાજા! ધારણામાં રૂપનોજ સાક્ષાત્કાર થાય છે અને જેમાં બીજા વિષયનો સંપર્ક નથી એવો જે અવિછિન્ન જ્ઞાન પ્રવાહ છે તેને ધ્યાન કહે છે. એ ધ્યાન યમ આદિ છ પ્રકારના અંગથી સિદ્ધ થાય છે. ધ્યેય પદાર્થના સઘળા કાલ્પનિક અંશોનો ત્યાગ કરી મનથી જે સ્વરુપ માત્રનું જ્ઞાન થાય છે તેને સમાધિ કહે છે એ સમાધિ ધ્યાનથી સિદ્ધ થાય છે. ૮૯. ૯૦. હે રાજા! સમાધિના ઉત્તર કાળમાં ભગવત્ સ્વરૂપનું દર્શન કરનાર શુભ વિજ્ઞાન પરબ્રહ્મ રુપ પ્રાપ્ય વિષયને પામી પૂર્વોકત ત્રિવિધ ભાવના રહિત થઈ આત્મા નિવૃત્તિ પામે છે. મુકિતના વિષયમાં જીવ કારણનો અધિષ્ઠાતા અને જ્ઞાન કારણ ભૂત છે. એ બન્નેથી મુકિત રૂપ કાર્ય પરિપૂર્ણ થાયછે. જીવ મુકત થયા પછી કૃતકૃત્ય થઈ સંસારના આવાગમનથી નિવૃત્ત થાય છે. ૯૧. ૯૨. એ પ્રમાણે પરમાત્માની ભાવનામાં નિમગ્ન થયેલો જીવ પરમાત્માથી અભિન્ન થાય છે (એટલે ફરીથી તેમાં ભેદ ઉત્પન્ન થતોજ નથી.) જીવની પરમાત્માથી ભિન્નતા અજ્ઞાનથી થયેલી છે અર્થાત્ જીવ અને બ્રહ્મમાં કંઇપણ ભેદ નથી. તે ભેદ જનક અજ્ઞાન નષ્ટ થયું એટલે મૂળથીજ ન હોનારા જીવ અને બ્રહ્મમાં ભેદ કોણ ઉત્પન્ન કરી શકનાર છે? ૯૩. ૯૪. હે ખાંડિકય! જે તેં મને પુછયું તે મેં તને સંક્ષેપથી અને વિસ્તારથી યોગનું વર્ણન કર્યું; હવે બીજું શું તને કહું? ૯૫.

ખાંડિકય૦—તમે મને મહાયોગનું ખરું રહસ્ય કહ્યું તેથી મારૂં તમામ કાર્ય આપે કર્યું; કારણ કે તમારા ઉપદેશથી મારા ચિત્તના તમામ મળ નષ્ટ થઇ ગયા છે. જેને હું 'મારું' કહું છું તે સર્વ મિથ્યા છે. હે નરનાથ! અજ્ઞાની પુરુષ એવી રીતે કહી શકતો નથી. ૯૫. ૯૭. 'હું' અને 'મારૂં' એ સર્વ અવિદ્યા છે અને એનાથી વ્યવહાર થયા કરે છે. પરમાર્થમાં એમ બોલી શકાય નહીં; કારણ કે તે વાણીથી અગોચર છે. ૯૮. હે કેશિધ્વજ! આપે જે મને અવિનાશી મુકિતપ્રદ યોગ કહ્યો તેથી આપનો મારી ઉપર ઉપકાર થયો. હવે આપના કલ્યાણને માટે આપ પ્રસ્થાન કરો. ૯૯.

પરાશર૦—હે બ્રહ્મન્! એ પ્રમાણે બોલી ખાંડિકયએ યોગ્ય પ્રકાર પૂજન કર્યા પછી તે કેશિધ્વજરાજા પોતાના નગર સમીપ આવ્યા. ૧૦૦. પછી ખાંડિકય પણ પોતાના પુત્રને રાજ્યાભિષેક કરી શ્રીવિષ્ણુમાં અંતઃકરણ જોડી

યોગની સિદ્ધિને માટે અરણ્યમાં ગયા ૧૦૧. અને ત્યાં એકાંતમાં રહી યમ નિયમાદિકનું આચરણ કરી પવિત્ર થયેલા તે રાજા વિષ્ણુસંજ્ઞક બ્રહ્મમાં લીન થઇ ગયા. ૧૦૨. આ તરફ કેશિધ્વજે પણ મોક્ષ પ્રાપ્તિને માટે કર્મનો ક્ષય કરવામાં તત્પર રહી વિષયોનો ઉપભોગ કીધો અને ફલની ઇચ્છા રહીત કર્મો કર્યાં. હે દ્વિજ! એ પ્રમાણે પવિત્ર વિષયોનો ઉપભોગ લીધા પછી પ્રારબ્ધ કર્મનો ક્ષય કરી તે કેશિધ્વજને દુઃખની અત્યંત નિવૃત્તિજ જેનું ફલ છે એવી સિદ્ધિ પ્રાપ્ત થઈ. ૧૦૩–૧૦૪.

स कल्याणोपभोगैश्च क्षीणपापोऽमलस्ततः ॥
अवाप सिद्धिमत्यंत तापक्षयफलां द्विज ॥१०४॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ષષ્ઠઅંશે સપ્તમો અધ્યાય સંપૂર્ણ.

* અધ્યાય ૮ મો.

पराशर उवाच ॥ इत्येषः कथितः सम्यक्तृतीयः प्रतिसंचरः ॥
आत्यंतिको विमुक्तिर्या लयो ब्रह्मणि शाश्वते ॥१॥

પરાશર૦—હે મૈત્રેય! એ પ્રમાણે શાશ્વત પરબ્રહ્મને વિશે લીન થવા રૂપ ત્રીજો આત્યંતિક પ્રલય મેં તને સર્વોત્તમ પ્રકારે કહી સંભળાવ્યો એનેજ મોક્ષ કહે છે. તથા મેં તને સર્ગ, પ્રતિસર્ગ, રાજવંશ, મન્વંતર અને તેનાં ચરિત્ર પણ કહ્યાં. ૧–૨. એ પ્રમાણે પાપનો નાશ કરનાર, સર્વ શાસ્ત્રથી શ્રેષ્ઠ અને પુરૂષાર્થનું ઉત્પાદક એવું આ અવિનાશી વિષ્ણુપુરાણ યથાવત્ મેં તને કહી સંભળાવ્યું. હવે બીજું તારે શું સાંભળવાની ઇચ્છા છે? ૩–૪.

મૈત્રેય૦—હે મુનિ! મેં જે આપને પુછયું તે સઘળું આપે કહ્યું અને તે મેં ભક્તિ પૂર્વક સાંભળ્યું. હવે મારે કંઈ પણ પુછવાની ઇચ્છા નથી. ૫. મારો તમામ સંદેહ નષ્ટ થયો અને આપની કૃપાથી મારૂં અંતઃકરણ પવિત્ર થયું છે. મને સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું જ્ઞાન થયું તેમજ હે ગુરુ! આપે મને (પરબ્રહ્મ, ઇશ્વર તેનો અવતાર અને જગત્ એ) ચાર સમુદાય, ત્રણ પ્રકારની સૃષ્ટિ અને ત્રણ પ્રકારની સ્વરૂપ ભાવના એ પણ પૂર્ણ રીતે સમજાવ્યું. ૬–૭. હે ગુરુ! આપની કૃપાથી હું સમજ્યો કે આ તમામ જગત્ વિશ્વવ્યાપક પરમાત્માથી ભિન્ન નથી. માટે હવે મારે કંઇપણ જાણવાનું નથી. ૮. મુનિશ્રેષ્ઠ! આપના પ્રસાદથી મારો સંદેહ નષ્ટ થયો અને હું પણ કૃતાર્થ થયો; કારણ કે મને વર્ણધર્માદિ ધર્મનું સર્વ જ્ઞાન થયું. ૯. પ્રવૃત્ત અને નિવૃત્ત ભેદથી સર્વ કર્મો પણ મારાથી સમજાયાં. હવે મારે બીજું કંઇ પુછવાનું રહ્યું નથી, આપ મારા ઉપર પ્રસન્ન થાઓ, એવી મારી પ્રાર્થના છે. ૧૦. હે ગુરૂ! આ સંપૂર્ણ વિષ્ણુપુરાણ કહેવામાં મેં જે આપને શ્રમ આપ્યો તેની

* આઠમા અધ્યાયમાં પુરાણ શ્રવણ ફળ અને હરિની સ્તુતિ વગેરે કહેવાશે.

આપ ક્ષમા કરો કારણ સજ્જનોને પુત્ર અને શિષ્યમાં કાંઇપણ ભેદ હોતો નથી.૧૧.

પરાશર૦—આ વેદ તુલ્ય પુરાણ તને કહી સંભળાવ્યું, તે સાંભળનાર પુરુષના તમામ પ્રકારના દોષોથી થતાં પાપો નાશ પામે છે. ૧૨. એમાં મેં તને સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વંતર અને રાજાઓના ચરિત્રનું ઉત્તમ પ્રકારે વિસ્તારથી વર્ણન કર્યું છે. એમાં દેવ, દૈત્ય, ગંધર્વ, સર્પ, રાક્ષસ, યક્ષ, વિદ્યાધર, સિદ્ધ, અપ્સરા, અને જેને પરમાત્માની પ્રાપ્તિ થઈ છે એવા તપ કરવામાં આસક્ત ઋષિઓનું તથા મનુષ્યોનું વર્ણન કર્યું છે. તથા ચાર વર્ણો અને તેમાં ઉત્પન્ન થયેલા શુદ્ધ ચરિત્રવાળા પુરુષોનું કથન કર્યું છે. ૧૩–૧૫. તથા પૃથ્વી ઉપરના પવિત્રદેશ, પવિત્રનદી, સમુદ્ર, પવિત્રપર્વતો, જ્ઞાનીલોકોનાં ચરિત્રો, વર્ણધર્મ, અને જેનું શ્રવણ કરવાથી માણસ તત્કાલ સર્વ પાપથી મુકત થાય છે એવી વેદશાખા વિગેરે કહી સંભળાવ્યાં છે.૧૬. ૧૭. જેમાં અવિનાશી જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશના કારણભૂત, સર્વ સ્વરૂપી અને સર્વાત્મા શ્રીવિષ્ણુ વર્ણવેલા છે. જેમ સિંહના ભયથી નાહાર માણસને તજી નાસી જાય છે તેમ સરળતાથી જેના નામનો ઉચ્ચાર કરવાથી મનુષ્ય તમામ પાપમાંથી છુટિ જાય છે. ૧૮. ૧૯. હે મૈત્રેય! જેમ અગ્નિ ધાતુના મળનો નાશ કરે છે તેમ ભક્તિ પૂર્વક કરેલું ઈશ્વરનું કીર્તન પાપનો નાશ કરે છે. ૨૦. જેનું એકવાર સ્મરણ કરવાથી મનુષ્યની નરક રૂપ પીડા અને કલિયુગ જન્ય મોટાં પાપો તત્કાલ નષ્ટ થાય છે. બ્રહ્મા, દેવેન્દ્ર, રુદ્ર, આદિત્ય, અશ્વિનીકુમાર, વાયુ, કીંનર, વસુ, સાધ્ય, વિશ્વદેવ વિગેરે દેવો, યક્ષ, રાક્ષસ સમુદાય, સિદ્ધ, દૈત્ય, ગંધર્વ, દાનવ, અપ્સરા, તારા, નક્ષત્રો, સર્વ ગ્રહ, સપ્તર્ષિ, સ્થાનો, સ્થાનાધિપતિ, બ્રાહ્મણાદિક મનુષ્યો, પશુ, હરિણ, સર્પ, પક્ષિ, પિશાચ, વૃક્ષ, વન, પર્વત, સમુદ્ર, નદી, પાતલ, પૃથ્વી વગેરે લોકો અને શબ્દાદિક વિષય સહિત સર્વ બ્રહ્માંડ જે મેરુસરખા પરમાણુના એક અંશરુપ છે તે સર્વ વ્યાપો, સર્વજ્ઞ, સર્વસ્વરુપી, રુપરહિત, પાપ નાશક શ્રીવિષ્ણુનું આ પુરાણમાં વર્ણન કરેલું છે. ૨૧. ૨૭. હે મુનિવર! અશ્વમેધ યજ્ઞમાં અવભૃથ સ્નાન કરવાથી જે ફળ થાય છે તે સર્વે ફળ આ પુરાણનું શ્રવણ કરવાથી થાય છે. ૨૮. પ્રયાગ, પુષ્કર, કુરુક્ષેત્ર, અર્બુદ, આદિ તીર્થોમાં ઉપવાસ કરવાથી જે ફળથાય છે તે ફળ આ પુરાણનું એકવાર શ્રવણ કરવાથી થાય છે. ૨૯. હે મૈત્રેય! એક વર્ષ સુધી અગ્નિહોત્ર હોમ કરવાથી જે મહા ફળ મળે છે તે આ વિષ્ણુપુરાણ માત્ર એકજવાર સાંભળવાથી મળે છે. ૩૦. મનુષ્ય જીતેંયિદ્ર થઇ જયેષ્ઠ માસની શુદ બારસને દિવસે સ્નાન કરી મથુરામાં શ્રીહરિનું દર્શન કરવાથી જે મોક્ષ ગતિને પામે છે તે ગતિ શ્રીવિષ્ણુમાં મન જોડી શ્રીવિષ્ણુપુરાણ સાંભળવાથી મળે છે. ૩૧. ૩૨. હે મુનિ! જેઠ શુદ બારસે ઉપવાસ કરી યમુના જળમાં સ્નાન કરી પવિત્ર થઇ ઇંદ્રિય નિગ્રહકરી એકાગ્ર અંતઃકરણથી શ્રીવિષ્ણુની પૂજા કરનારને અખંડ અશ્વમેધનું ફળ મળે છે. ૩૩. ૩૪. એ કર્મથી પોતાનાવંશજોએ ઉદ્ધાર કરેલા ઉન્નતશીલ પુરૂષોનું ઐશ્વર્ય જોઈ અન્ય પિતૃલોક આ પ્રમાણે કહે છે કે " અમારા કુળમાં

એવો કોણ ઉત્પન્ન થાય કે જે જેઠ શુદ બારસને દિવસે મથુરા ક્ષેત્રમાં યમુના જળમાં સ્નાન કરી તથા ઉપોષણ કરી શ્રીવિષ્ણુની પૂજા કરે ? જેથી અમે પણ અમારા વંશજો એ ઉદ્ધાર કરવાથી એ પ્રકારની આત્યંતિક સંપત્તિને પામીએ." ૩૫. ૩૭. જેઠ માસની શુદ બારસે જેના વંશજ શ્રીવિષ્ણુનું પૂજન કરી યમુનામાં સ્નાન કરી પિંડદાન કરે છે તેને ધન્ય છે. ૩૮. એ પ્રકારે એકાગ્ર મનથી વિષ્ણુની પૂજા કરી યમુનામાં સ્નાન કરી પિતરોને પિંડદાન આપી તેનો ઉદ્ધાર કરવાથી મનુષ્યને જે ફળ મળે છે તે ફળ ભક્તિથી શ્રીવિષ્ણુપુરાણનો એક અધ્યાય સાંભળવાથીજ મળે છે. ૩૯. ૪૦. આ પુરાણ સંસારથી ભયભીત થયેલા મનુષ્યને રક્ષણ મેળવવાનો સર્વોત્તમ ઉપાય છે. તથા આના શ્રવણ માત્રથી મનુષ્યના દુઃસ્વપ્નને દૂર કરી સઘળા દુઃખનો નાશ થાય છે. ૪૧. આ પરમાત્માએ કહેલું વિષ્ણુપુરાણ પૂર્વે બ્રહ્મા એ ઋભુને કહ્યું હતું, ઋભુએ પ્રિયવ્રતને, તેણે ભાગુરીને કહ્યું. ૪૨. ભાગુરીએ સ્તંભમિત્રને, તેણે દધીચિને, દધીચિએ સારસ્વતને, સારસ્વતે ભૃગુને, ભૃગુએ પુરૂકુત્સને, તેણે નર્મદાને, નર્મદાએ ધૃતરાષ્ટ્ર અને આપૂરણ એ બે નાગને કહ્યું. તેણે વાસુકીને, વાસુકીએ વત્સને, વત્સએ અશ્વતરને, તેણે કંબલને અને કુંબલે એલાપત્રને કહ્યું હતું. ત્યારપછી વેદશિરા મુનિને પાતાળમાંથી આ સંપૂર્ણ વિષ્ણુપુરાણ પ્રાપ્ત થયું. પછી તેણે પ્રમિતિને આપ્યું, પ્રમિતીએ જ્ઞાન સંપન્ન જાતૂકર્ણ્યને આપ્યું, અને જાતૂકર્ણ્યએ અન્યાન્ય પુન્યશીલ મહાત્માઓની પાસે આ પુરાણ કહ્યું હતું, તેમજ વસિષ્ઠમુનિના વરદાનથી મને પણ એનું સ્મરણ થયું. ૪૩. ૪૮. હે મૈત્રેય ! મે તને યથાવત કહ્યું અને તું પણ કલિયુગના છેવટમાં આ પુરાણશિનીકને કહીશ. ૪૯. હે દ્વિજ ! જે મનુષ્ય આ પરમગુહ્ય અને કલિયુગથી થનારા પાપને નાશ કરનાર પુરાણનું શ્રવણ કરે છે તે સર્વ પાપથી મુક્ત થાય છે. ૫૦. જે મનુષ્ય પ્રતિદિન શ્રીવિષ્ણુપુરાણ સાંભળે છે તેને સર્વ દેવ, પિતૃ, મનુષ્ય આદિની સ્તુતિ કરવા જેટલું પુન્ય મળે છે. ૫૧. કપિલાગાયનું દાન કરવાથી જે અત્યંત પુન્ય મળે છે તે આ પુરાણના દશ અધ્યાય સાંભળવાથી મળે છે. ૫૨. સર્વ સ્વરૂપ, સર્વમય, સર્વ જગત્ના આધારભૂત, જીવના આશ્રય રુપ, જ્ઞાનરુપ, જ્ઞેયાત્મક, અનંત, આદ્યંત રહિત, અને સર્વ દેવતાઓનું કલ્યાણ કરનાર શ્રીવિષ્ણુનું જે મનુષ્ય એકાગ્ર મનથી ચિંતવન કરી સંપૂર્ણ આ પુરાણ શ્રવણ કરશે તેને અશ્વમેધ યજ્ઞનું સંપૂર્ણ ફળ નિઃસંશય મળશે ૫૩. જે પુરાણના આરંભમાં મધ્યમાં અને છેવટે સ્થાવર જંગમના પિતા, બ્રહ્મજ્ઞાન સ્વરૂપ, જગત્ની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરવામાં સમર્થ શ્રીવિષ્ણુનું વર્ણન કર્યું છે તે આ અત્યંત પવિત્ર શ્રીવિષ્ણુપુરાણનું ભક્તિપૂર્વક શ્રવણ અથવા પાઠ કરવાથી મનુષ્યને જે ફળ મળે છે તે ફળ સર્વ ભૂવનમાં બીજા કશાથી મલતું નથી; માટે અવશ્ય મોક્ષ રુપ ફળ આપનાર આ પુરાણનું શ્રવણ કરવું ૫૪. જેનેવિષે બુદ્ધિ સ્થિત કરવાથી નરકમાં જવું પડતું નથી, ધ્યાન કરવાથી સ્વર્ગ પ્રાપ્તિ પેઠે બોધ થાય છે, જેને વિષે આત્મા અને મન સમર્પણ કરવાથી બ્રહ્મલોક પણ અત્યંત ક્ષુદ્રજણાય છે અને જે નિર્મળ ચિત્તવાળા

મનુષ્યોના અંતઃકરણમાં નિવાસકરી તેને મુક્તિ આપે છે, એવા શ્રીવિષ્ણુના નામનું કીર્ત્તન કરનાર મનુષ્યના પાપનાશ પામે એમાં શું આશ્ચર્ય ? ૫૫. યજ્ઞ કરનાર કર્મનીષ્ઠ લોક યજ્ઞ કરી જેની નિરંતર પૂજા કરે છે, જ્ઞાનીઓ કાર્ય, કારણથી પર બ્રહ્મરુપનું ધ્યાન કરેછે તથા જેની પ્રાપ્તિ થવાથી મનુષ્ય જન્મ; મરણ; ક્ષીણ; વૃધ્ધિ પામતો નથી, પુત્રાદિ કાર્ય રૂપ પિત્રાદિ કારણ રૂપ થતો નથી અને માયા બંધનથી બંધાતો નથી, (અર્થાત્ મોક્ષ પામે છે.) એ શ્રીવિષ્ણુના ચરિત્ર શિવાય મનુષ્ય બીજા કોનું ચરિત્ર શ્રવણ કરશે ? ૫૬. જે સ્વાહા તથા સ્વધા રૂપસંજ્ઞાવાળા આદ્યંત રહિત ભગવાન પિતૃરૂપે કવ્ય અને દેવ રુપે યથાશાસ્ત્ર અર્પેલા હવનના હવ્યને ગ્રહણ કરે છે, જે મુનીઓને માનનીય છે, જે સર્વ શક્તિના આશ્રયભૂત, બ્રહ્મના પરિચ્છેદ કરવામાં પ્રમાણિક લોકોના પ્રમાણ સમર્થ થતાં નથી, તે શ્રીવિષ્ણુ કર્ણમાર્ગથી પ્રવેશ થઈ સર્વ પાપનો નાશ કરેછે. ૫૭. જેની ઉત્પત્તિ, વૃધ્ધિ, પરિમાણ અને વિનાશ નથી; તે પરબ્રહ્મસ્વરૂપ આદિ પુરૂષ અને સ્તુત્ય પરમેશને હું નમસ્કાર કરું છું. ૫૮. જે એક હોવા છતાં પોતાના ગુણના પરિણામથી અનેકમૂર્ત્તિ ધારણ કરે છે જે શુધ્ધ હોવા છતાં અનેક પ્રકારના શરીરના ભેદથી અશુધ્ધની ભ્રાંતિરુપ છે, જે જ્ઞાન શુંકત અને મહદાદિ સર્વ તત્વનો વિસ્તાર કરનાર છે તે અવિનાશી પુરુષને હું પ્રણામ કરૂંછું. ૫૯. જે ત્રિગુણાત્મક હોવાથી સત્વાદિગુણના જ્ઞાનરૂપ, કાર્યમાં પ્રવૃતિ, નિવારણ, ધર્મમાં પરિપૂર્ણ પુરુષને, ઈષ્ટવસ્તુ આપવામાં ચતુર, અવ્યકત, સંસારોત્પતિના કારણ ભૂત અને સ્વતઃસિધ્ધ પરમાત્માને હું નિરંતર વંદન કરું છું. ૬૦. પૃથ્વી, અપ, તેજ, વાયુ અને આકાશ આદિપંચ મહાભૂતમાં સૃષ્ટિ રુપે નિવાસ કરનાર, ભોગ્ય એવા શબ્દાદિ વિષયની પ્રાપ્તિમાં સમર્થ સર્વ ઈંદ્રિયદ્વારા જીવને સહાય કરનાર અને છેવટે સૂક્ષ્મને વિષે લય પામનાર વ્યકત રુપ પરમાત્માને હું નમસ્કાર કરું છું. ૬૧. એ પ્રકારે જે જન્મ રહિત સનાતનની પ્રકૃતિ અને પરમાત્મામય અનેક સ્વરૂપ છે. તે ભગવાન શ્રીવિષ્ણુ સર્વ જીવોને જન્મ, જરાદિ રહિત સિધ્ધિ (મોક્ષ) આપો. ૬૨.

इति विविधमजस्य यस्यरूपं प्रकृतिपरात्ममयं सनातनस्य ॥
प्रदिशतु भगवानशेषपुंसां हरिरपजन्मजरादिकां स सिद्धिम् ॥६२॥

ઇતિશ્રી વિષ્ણુપુરાણે ષષ્ઠાંશે અષ્ટમો અધ્યાય સંપૂર્ણ.

અંશ છઠ્ઠો સમાપ્ત.

॥ સમાપ્તોઽયં ગ્રંથઃ ॥